ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# पूर्ण अपूर्ण

काजल ओझा वैद्य

https://telegram.me/booksmag

VISIT…

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# पूर्ण अपूर्ण

काजल ओझा वैद्य

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# પૂર્ણ-અપૂર્ણ

કાજલ ઓઝા વૈદ્ય

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# અર્પણ

પ્રિય મિત્ર **અમિત વ્યાસ ...**
અને,
બીજા અનેક ટ્રાન્સસેક્સ્યુઅલ મિત્રોને.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

रोज सवेरे दिन का निकलना, शाम में ढलना जारी है,
जाने कब से रूहों का ये जिस्म बदलना जारी है ।

बरसों से जिस बात का होना बिलकुल तय सा लगता था,
एक न एक बहाने से उस बात का टलना जारी है।

– राजेश रेड्डी

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# પ્રસ્તાવના

'ઓળખાણ પડે છે?' અમદાવાદ શહેરના મુખ્ય રસ્તા ઉપર એક વેલબિલ્ટ, હૅન્ડસમ દેખાતો છોકરો મને પૂછે છે. હું નવાઈથી એની સામે જોઈ રહું છું.

'હું અમિત છું.'

મને કોઈ રીતે યાદ નથી આવતું કે હું એને ક્યાંય પણ મળી હોઉં.

એ આત્મીયતાથી નજીક આવે છે, મારો હાથ પકડે છે અને પછી પોતાનું ભૂતકાળનું નામ કહે છે!

'હું મીતા છું... મીતા વ્યાસ...'

હવે એના પૌરુષી દાઢીવાળા ચહેરા પર એક નમણો ચહેરો ગોઠવાય છે. તપીને ટેન થઈ ગયેલી એની ત્વચા પર એક કોમળ ગુલાબી ત્વચા ધરાવતી છોકરી પથરાઈ જાય છે... હું રસ્તાની વચ્ચે એને ભેટી પડું છું.

આ મારી બાળપણની બહેનપણી છે, જે ટ્રાન્સસેક્સ્યુઅલ સર્જરી કરાવીને હવે પુરુષ બની ગઈ છે.

એ પછીનો સમય અમારી દિલોજાન દોસ્તીનો સમય છે. ખાસ્સા સમય સુધી અમે એકબીજાને મળતાં રહીએ છીએ, વાતો કરતાં રહીએ છીએ, ફિલ્મો જોઈએ છીએ...

*

એક દિવસ મેં એને પૂછ્યું, 'હું તારી નવલકથા લખું?'

'જરૂર.'

'તારે મને વિગતો આપવી પડશે. તેં જ્યાં સર્જરી કરાવી એ ડૉક્ટર પાસે લઈ જવી પડશે. તારા જેવા બીજા મિત્રોને મળવું પણ મને ગમશે.'

એ મને ટ્રાન્સસેક્સ્યુઅલ ક્લબમાં લઈ ગયો. 'લેસ્બિયન', 'ગે' અને 'ટ્રાન્સસેક્સ્યુઅલ' વચ્ચેનો તાત્ત્વિક ભેદ એ મને ગંભીરતાથી સમજાવ્યું. એના જેવા કેટલાય મિત્રોને હું મળી. જેમણે એની સર્જરી કરી એ ડૉક્ટર બિલવાની અને એના સાઇકિયાટ્રિસ્ટને મળી.

ટ્રાન્સસેક્સ્યુઅલ ઓપરેશનની આખી વિધિ જાણી. સાઇકિયાટ્રિસ્ટને મળવું પડે, એ સર્ટિફાય કરે તો જ ઓપરેશન થઈ શકે. એ પછી કેટલા સ્ટેજમાં અને કઈ રીતે ઓપરેશન થઈ શકે એના લાઇવ ડેમોન્સ્ટ્રેશન, વીડિયો અને ફોટા જોયા.

ભરતભાઈને વાત કરી ત્યારે એ ખૂબ જ ખુશ થઈ ગયા.

એક જ પાત્રની વિગતો સત્યઘટના પર આધારિત... બાકીની કથા મેં ગૂંથી કાઢી.

આજે પૂર્ણ-અપૂર્ણ... પૂર્ણતાની મંઝિલે પહોંચી છે ત્યારે મારા 'ચિત્રલેખા'ના સુજ્ઞ વાચકોને મારે એક વાત કહેવી છે. આ વિષય બીજે ક્યાંય પણ લખાયો હોત તો એને આવો પ્રતિસાદ ન મળ્યો હોત એની મને ખબર છે. શ્રી હરકિસન મહેતાએ કુશળ માળીની જેમ તૈયાર કરેલા વાચકવર્ગને શ્રી ભરત ઘેલાણીએ એ જ રીતે જાળવ્યો છે. આ એવો વાચકવર્ગ છે, જે નવા વિષયને ભ્રમરો સંકોચ્યા વગર, આંખો ઝીણી કર્યા વગર તદ્દન સહજતાથી સ્વીકારી શકે છે.

આ જ વાત આપણા સમાજે શીખવાની છે! એક વ્યક્તિ પોતે નિર્ણય નથી કરી શકતી કે એણે ક્યાં જન્મ લેવો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જોઈએ, એણે શું બનીને અવતરવું જોઈએ... જેમ માણસથી ભૂલ થાય એમ ક્યારેક સર્જનહાર પણ ગૂંચવાઈ જતો હશે. પુરુષની પૂરેપૂરી માનસિકતા ધરાવતું સ્ત્રીનું શરીર કે સ્ત્રીની સંપૂર્ણ માનસિકતા અને નજાકત ધરાવતું પુરુષનું શરીર બહુ નવાઈની વાત નથી. આપણા સમાજનો, આપણી દુનિયાનો અને આપણે જ્યાં શ્વાસ લઈએ છીએ એ જ જગતનો હિસ્સો છે, આવા લોકો.

એમની તરફ કુતૂહલ, તિરસ્કાર કે હાસ્યાસ્પદ રીતે જોવાને બદલે એમને સમજવા કે ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ. ખાસ કરીને એવાં માતાપિતા જેમને પોતાનાં સંતાનમાં ક્યાંક અસ્વાભાવિકતા લાગતી હોય એમણે પહેલા સાઇકોલોજિસ્ટની મદદ લેવી જોઈએ.

દવાઓ વગર ફક્ત મનોચિકિત્સા કરનાર સાઇકોલોજિસ્ટ કદાચ એનાલિસીસ કરવામાં સાઇકિયાટ્રિસ્ટ કરતા વધુ સક્ષમ પુરવાર થાય છે. સાઇકોલોજિસ્ટને જો એવું લાગે કે ઊછરી રહેલું બાળક અસ્વાભાવિક રીતે વર્તે છે તો એ વિશે માતાપિતાએ સજાગ થઈને તરત જ પગલાં લેવાં જરૂરી છે. નેટ પર દેખાતી ગઝલ નામની યુવતી કે ઇમોશનલ અત્યાચારમાં ચમકેલી મોડેલ નીકી ચાવલાની કથાઓ આપણા સુધી પહોંચી છે.

રાજકોટમાં ટ્રાન્સસેક્સ્યુઅલ ઓપરેશન કરાવીને એકબીજા સાથે રહેતી સખીઓ વિશે આપણને જાણ છે, તેમ છતાં માતાપિતા તરીકે આપણે આવી પરિસ્થિતિને સજાગતાથી જોતા નથી... વ્યક્તિ તરીકે આપણે આવા લોકોને સહજતાથી સ્વીકારતા નથી. સમય બદલાયો છે, સમાજ અને માનસિકતાએ પણ બદલાવું પડશે.

પીંજરામાં પુરાયેલા પંખીની જેમ તરફડતાં, નહીં જોઈતા શરીરમાં પુરાયેલા આત્માને મુક્ત કરી એને ઇચ્છા મુજબના શરીરમાં જીવવાનો અધિકાર હોવો જોઈએ. આપણે સહુ સ્વતંત્રતાની વાત કરીએ છીએ ત્યારે, ટૅક્નોલોજીની વાત કરીએ છીએ ત્યારે, ફ્યુચરીસ્ટીક વિચારો કરીએ છીએ ત્યારે 'સામાજિક સ્વાસ્થ્ય'નો વિચાર કરવો પડશે. વ્યક્તિનું માનસિક સ્વાસ્થ્ય જો અકબંધ હશે તો જ સમાજ સ્વસ્થ રહી શકશે. આવા ટ્રાન્સસેક્સ્યુઅલ વ્યકિતઓને થર્ડ સેક્સ ગણી હીજડા કે છક્કાના સંબોધન કરનાર વ્યક્તિઓએ ખરેખર પોતાનું જ્ઞાન વધારવાની જરૂર છે. અણસમજમાં આવા લોકો સજાતીય સંબંધો બાંધી બેસે ત્યારે એમના તરફ ઘૃણાથી જોવાને બદલે એમને સહાનુભૂતિથી સમજીને તબીબી સહાય મળી રહે એવો પ્રયાસ સમાજના સ્વાસ્થ્ય માટે ઉપકારક નીવડી શકે.

પચીસ વર્ષ પહેલાં ચાલી ગયેલા પતિને શોધતાં વસુમા હોય, કે બાયપોલર મુડસ્વીંગની શિકાર મોસમ... ટ્રાન્સસેક્સ્યુઅલ કેસર સુધી મેં 'ચિત્રલેખા'ના મારા વાચકોને સમયથી પહેલાં લખાયેલા વિષયો આપવાનો પ્રયાસ કર્યો છે. આ માટે મારે 'ચિત્રલેખા'નો આભાર પણ માનવો રહ્યો, કારણ કે એક પારિવારિક મૅગેઝિન હોવા છતાં પ્રયોગશીલતાથી ડર્યા વગર સતત નવું પીરસવાનો એમનો આગ્રહ રહ્યો છે.

આ કથા પૂરી થાય છે ત્યારે એક લેખક તરીકે મને પણ સંતોષ છે. લાગણીઓના તાણાવાણા ગૂંથતાં હું અજાણતાં જ એવા વિષયને સ્પર્શી શકી છું, જે મારી ભાષા માટે નવા દરવાજા ખોલશે.

'ગુજરાતીમાં કશું નવું લખાતું નથી, રીસર્ચ થતું નથી.'નાં મહેણાંને હું ટાળી શકી એનો મને આનંદ છે.

કાજલ ઓઝા વૈદ્ય

308, સુપર પ્લાઝા,
'સંદેશ' પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ
Email Kaajalozavaidya@gmail.com
Website: kaajalozavaidya.com

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# પૂર્ણ-અપૂર્ણ
# (પૂર્વાર્ધ)




https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 1

શ્રી દેવરાજસિંહ ઝાલા અને શ્રીમતી શ્રદ્ધાદેવી ઝાલાની સુપુત્રી સૌ.કાં. કેસરનાં લગ્ન...

બેલાર્ડ પિયરના બિઝનેસ હાઉસ 'દેવ કોર્પોરેશન'ના અગિયારમા માળે એક વિશાળ ચેમ્બરમાં બે હાથની વચ્ચે રહેલી એક કંકોતરીનાં પાનાં આંગળીઓ એક પછી એક ઉથલાવી રહી હતી.

સંગીતસંધ્યા, કોકટેઇલ એન્ડ ડિનર, ગરબા, મહેંદી, અંતાક્ષરી...

સાત દિવસના કાર્યક્રમ સાત કાર્ડમાં છપાયા હતા. કંકોતરીના કાગળ અને એનું છપાઈકામ જોતાં સ્પષ્ટપણે સમજાતું હતું કે એક કંકોતરીની કિંમત પંદરસો રૂપિયાથી ઓછી નહીં જ હોય. ખાદી સિલ્કના હેન્ડમેડ પેપર પર એમ્બોઝ કરેલા કલાત્મક અક્ષરો આકર્ષક રીતે ગોઠવાયા હતા.

કંકોતરીની સાથે દરેક અવસરને અનુરૂપ જાણીતા ચિત્રકારોનાં ગણપતિનાં ચિત્ર હતાં. રેશમી દોરી અને અસલ જરીનાં ફૂમતાં એ કંકોતરી કાયમ માટે સાચવી રાખવી ગમે એવી કલેક્ટર્સ આઇટેમ હતી.

'ના, આ તો નહીં ચાલે.'

દેવરાજસિંહ ઝાલાએ અબનૂસના લાકડામાંથી બનાવેલા વિશાળ ટેબલ પર કંકોતરી પછાડી.

'પણ સર...'

સામે હાથ બાંધીને ઊભેલા એના કર્મચારી મનોજ ચાવલાએ ખૂબ ધીમા અને બની શકે તેટલા સંયત અવાજે કહ્યું:

'પાંચ હજાર પીસ છપાઈને આવી ગયા છે.'

'સો વ્હોટ? ફેંકી દો દરિયામાં... બાળી નાખો. આઈ ડોન્ટ કેર.'

દેવરાજસિંહ ઝાલાના ચહેરા પર એક રેખા પણ બદલાઈ નહીં:

'મારી એકની એક દીકરીનાં લગ્ન છે. નાનકડી ભૂલ પણ હું નહીં ચલાવી લઉં.'

'બહુ માઇલ્ડ કલર ડિફરન્સ છે, સર... એટલા માટે થઈને...'

મનોજે ડરતાં ડરતાં ધીમેથી પોતાની વાત કહેવાનો પ્રયત્ન કર્યો:

'ઓરિજિનલ ચિત્રોની સાઇઝ ઘટે એટલે નાનકડો કલર ડિફરન્સ તો આવે.'

'નાનકડી તો નાનકડી... ભૂલ છે ને?'

મનોજ એ પ્રભાવશાળી માણસની સામે જોઈ રહ્યો.

કેવી રીતે સમજાવવું આને કે મૂળ ચિત્ર અને પ્રિન્ટિંગમાં ફેર તો રહેવાનો જ... પણ એ કશું બોલ્યો નહીં.

મનોજ મૌન રહ્યો એટલે દેવરાજસિંહ ઝાલા સહેજ ઉશ્કેરાયા:

'મારી દીકરી કોની સાથે પરણે છે, ખબર છે? નિખિલ શ્રોફના દીકરા સાથે! મારી એકની એક દીકરી, એમના એકના એક દીકરા સાથે...'

આટલું કહી દેવરાજસિંહે આંગળી અને અંગૂઠો એકઠો કરી જાણે કેરમના સ્ટ્રાઇકરને ધકેલતા હોય એમ કંકોતરીને આગળ ધકેલી. કંકોતરી સરકીને ટેબલ પરથી નીચે પડી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અપ્રૂવ કરી છે એ જ કંકોતરી જોઈએ મને, સમજ્યા?’

મનોજે નીચા નમીને કંકોતરી ઉપાડી લીધી. ચૂપચાપ કંકોતરી લઈને એ બહાર નીકળી ગયો. આમ પણ દેવરાજસિંહ ઝાલાની સામે કશું બોલવાની કે દલીલ કરવાની કોઈની હિંમત જ નહોતી.

આ પહેલાં કેટરર, ડેકોરેટર અને વેડિંગના થીમ ઓર્ગેનાઇઝર્સના અનેક પ્લાન્સ—અનેક ડિઝાઇન્સને એમણે વારંવાર નકાર્યાં હતાં. છેલ્લા ત્રણ મહિનાથી આ લગ્નની તૈયારી ચાલતી હતી. દેવ કોર્પોરેશનના સ્ટાફમાંથી અડધોઅડધ સ્ટાફ આ લગ્નની પાછળ ગાંડો ગાંડો થઈ ગયો હતો.

વિશ્વભરમાંથી ઉત્તમ ડેકોરેટર, સ્પેશિયલ લાઇટ ઇફેક્ટ્સના ડિઝાઇનર્સ ઉપરાંત કેટરર્સનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. મુલાકાતો ગોઠવાઈ હતી. જાતજાતના ને ભાતભાતના વિચારો પર કેટલીયે ચર્ચાવિચારણા થઈ હતી.

એમ છતાં આ છેલ્લા ત્રણ મહિનામાં કેટલીયે વખત પ્લાન ગોઠવાયા અને કેટલીય વાર સાવ પલટાઈ ગયા. લગ્નનું સ્થળ ક્યાં રાખવું ત્યાંથી શરૂ કરીને કયું કામ કોને સોંપવું એની ચર્ચાઓ તો ચાલતી જ રહી, પરંતુ એક વાર કામ સોંપી દીધા પછી પણ દેવરાજસિંહ જંપીને બેસતા નહીં...

આમ દેવ કોર્પોરેશનના મોટામાં મોટા આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટને પણ બે કે ત્રણ મુલાકાતમાં અંતિમ આકાર મળી જતો. દેવરાજસિંહ ઝાલાની નિર્ણયશક્તિ માટે એના સ્ટાફમાં અનહદ માન હતું. એ કોઈ પણ ડીલ ચપટી વગાડતાં ફાઇનલ કરી નાખતા. જો એક વાર સ્ટાફના માણસને કામ સોંપે તો એના પર આંખ મીંચીને વિશ્વાસ કરતા. ભાગ્યે જ સવાલ-જવાબ કરવાનો વારો આવે એવો એમનો સ્વભાવ હતો.

...પણ આ વખતે એમણે દીકરીના મૅરેજ પ્લાનમાં સતત ફેરબદલ કરીને કામ કરનારાઓને પણ અકળાવી મૂક્યા હતા, કારણ હતું...

કેસર...

દેવરાજસિંહના દિલનો ટુકડો હતી કેસર... પણ લોકો અને સગાંવહાલાં અંદરોઅંદર વાતો કરતાં કે કેસર એક નંબરની લાડકી, મોઢે ચડાવેલી, જિદ્દી અને તોછડી હતી. જોકે દેવરાજસિંહને મોઢે આ વાત કહેવાની કોઈને હિંમત નહોતી. મિત્ર-સ્વજનોમાં ‘દેવુભા’ તરીકે ઓળખાતા દેવરાજસિંહ ઝાલા અસલ રાજપૂતી લોહી હતા. એમને રાજપૂત હોવાનું ગૌરવ હતું. એમના ઘરમાં રાજપૂતી સંસ્કાર અને મલાજાનું પૂરેપૂરું માન રાખવામાં આવતું.

સામાન્ય રીતે રાજપૂત કુટુંબોમાં દીકરીને થોડી દબાવીને, થોડી સખ્તાઈથી ઉછેરવામાં આવે. પરણીને જાય ત્યારે સામેના કુટુંબમાં ગોઠવાઈ જવામાં એને તકલીફ ન પડે એવાં તમામ શિક્ષણ અને સંસ્કાર દીકરીને સાવ નાનપણથી જ આપવામાં આવે. રાજપૂતી સમાજમાં દીકરી માટે ‘પારકી થાપણ’, ‘સાપનો ભારો’ વગેરે વગેરે સ્વાભાવિક રીતે વપરાતા શબ્દો હતા.

આમ છતાં કેસરને ખૂબ લાડકોડમાં ઉછેરવામાં આવી હતી.

જ્યોતિષીઓનું પણ કહેવું હતું કે કેસરનાં પગલાં આ ઘર માટે શુકનિયાળ હતાં. દેવુભાના ઘરમાં એ સાક્ષાત્ લક્ષ્મી થઈને અવતરી હતી.

દેવુભાનો દીકરો અભિમન્યુ જન્મ્યો ત્યારે દેવ કોર્પોરેશન એક મધ્યમ પ્રકારની, ઠીક ઠીક નફો કરતી ઇન્ડસ્ટ્રીથી વધારે કશું નહોતું, પરંતુ કેસરના જન્મ પછી દેવ કોર્પોરેશન આકાશને આંબવા માંડ્યું. અવિરત પ્રગતિ સાધતું દેવ કોર્પોરેશન અચાનક જ મોટી કોર્પોરેટ કંપનીમાં ગણાવા લાગ્યું. બિઝનેસ પર બિઝનેસ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઉમેરાવા લાગ્યા–વધવા લાગ્યા.

રાજપૂત ખાનદાનની દીકરી હોવા છતાં દેવુભાએ લગભગ એને દીકરાની જેમ જ ઊછરવા દીધી હતી. ક્યારેક અભિમન્યુને ઓછું આવી જાય એટલી હદે કેસરનાં લાડકોડ પૂરાં કરવામાં આવતાં. કેસરનાં હોઠો પરથી હજુ શબ્દો સરે એ પહેલાં એની ઇચ્છા પૂરી થઈ જતી.

આવી કેસર આજે માતા શ્રદ્ધાબહેન સાથે લગ્નના શોપિંગ પર આવી હતી.

'હું તમને કેટલી વાર કહું? મને કંઈ રસ જ નથી. તમારે જે લેવું હોય તે લઈ લો... ને મારી જાન છોડો.' કેસરે છણકો કર્યો.

'એમ નહીં દીકરા, તારે પહેરવાનું છે. તું પસંદ કરે તો સમજ પડે.' શ્રદ્ધાએ સમજાવટથી કામ લેવાનું ચાલુ રાખ્યું.

'હું નથી પહેરવાની. મને આ બધું નથી ગમતું.'

કેસરે ફરી છણકો કર્યો. ટાઇટ જીન્સ અને ચોકડીવાળું શર્ટ પહેરીને બેઠેલી કેસર છેલ્લા એક કલાકથી ત્રિભોવન ભીમજીના શો-રૂમમાં સૌનો સમય બગાડી રહી હતી.

દેવરાજસિંહ ઝાલાની લાડકી દીકરી કેસર પોતાનાં લગ્ન માટે ખરીદી કરવા આવી હતી એ વાત શો-રૂમ માટે મોટા ગૌરવની વાત હતી. સ્ટાફના ચાર માણસો એની તહેનાતમાં હતા. વ્હાઇટ ગોલ્ડ, પ્લેટિનમ, જડાઉ, મીનાકારી, વિલંદી અને ફિનિશ્ડ ઇ-સર્ટિફિકેટના ડાયમંડ્સના દાગીના એની સામે ખડકી દેવામાં આવ્યા હતા. એક પછી એક માણસ ગળામાં પહેરીને, કાનમાં લટકાવીને કેસરને દાગીના બતાવી રહ્યા હતા, પણ હજી સુધી કેસરે કોઈ વસ્તુ પર હાથ નહોતો મૂક્યો. સ્ટાફના માણસો પણ કંટાળ્યા હતા. એની મા શ્રદ્ધાબહેનની ધીરજ પણ ધીમેધીમે ખૂટવા લાગી હતી:

'પણ બેટા, તારે જોઈએ છે શું?'

'મુક્તિ!' કેસર ઊભી થઈ ગઈ:

'તમને જે ગમે એ લઈ લો. મને આ બધામાં કોઈ ઇન્ટરેસ્ટ નથી. કંટાળો આવે છે મને ખરીદી કરવામાં.'

જીન્સના ફ્રન્ટ પોકેટમાં હાથ નાખીને એ ઊભી રહી. આમતેમ નિહાળતી—એકદમ અલ્હડ, બિન્દાસ...

શો-રૂમના માલિક છેલ્લા એક કલાકથી આ તાલ જોતા હતા. આખરે એ ઊભા થઈને નજીક આવ્યા:

'બેટા, તમને શું ગમે છે? તમે કહો તે બતાવીએ.'

ઝવેરીભાઈએ કેસરને ધ્યાનથી જોઈ.

કાનમાં એક-એક સોલીટેરના ટોપ્સ સિવાય એના શરીર પર કોઈ દાગીનો નહોતો. મુંબઈની લોકલ ટ્રેનમાં પ્રવાસ કરતી હોય તો કેસરને જોઈને કોઈ કહી ના શકે કે એ દેવરાજસિંહ ઝાલાની દીકરી હશે! બીજા બિઝનેસમેન–ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ્સ, ફિલ્મસ્ટાર્સની દીકરીઓ અહીં ખરીદી કરવા આવતી. એમની પસંદ-નાપસંદ, નાઝ-નખરાં અને લાડ જોઈ ચૂકેલા ઝવેરીભાઈ આ છોકરીને જોઈને ખરેખર નવાઈ પામી ગયા.

'મને તો કંઈ નથી ગમતું.'

'જુઓને, ક્યારની સમજાવું છું.' શ્રદ્ધાએ મદદની આશાએ ફરિયાદ કરી.

'આજના જમાનાનાં છોકરાંઓ છે...' ઝવેરીભાઈ હસ્યા:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એમને જે ગમે એ જ કરે!’

‘પણ, એમ કઈ રીતે ચાલે? લગ્ન લઈને બેઠાં છીએ. સત્તર કામ હોય. ગઈ કાલે ટ્રોઝોં માટે ત્રણ ડિઝાઇનર આવ્યા ત્યારે બેડરૂમનું બારણું બંધ કરીને ઊંઘી ગઈ તે ઊઠી જ નહીં.’

‘કેમ, બેટા?’ ઝવેરીભાઈએ શ્રદ્ધાબહેનને સારું લાગે એટલા ખાતર કેસરની સામે જોઈને અમસ્તી જ ટકોર કરી.

કેસરે જવાબમાં ખભા ઉલાળ્યા:

‘હું જાઉં છું. તમને જે ગમે તે લઈ લેજો.’

આટલું માને કહીને કેસર સાચે જ જવા લાગી:

‘અંકલ એમને બેસ્ટ બતાવજો, હોં.’

શો-રૂમનો ગ્લાસ ડોર ખોલીને એ બહાર નીકળી ગઈ અને શ્રદ્ધાબહેન લગભગ ડઘાયેલી હાલતમાં એને જોતાં રહ્યાં.

*

શ્રદ્ધાબહેનને ક્યારેક ચિંતા થતી. દેવરાજસિંહ જે રીતે કેસરને ધાર્યું કરવા દેતા હતા એ રીતે કેસર એના સંસારમાં ગોઠવાઈ નહીં શકે એવો ભય એમને સતત સતાવતો.

‘તમે ખોટું કરો છો.’ દેવુભાનાં પત્ની શ્રદ્ધાબહેન એમને ટોકતાં:

‘પરણીને પારકે ઘરે જવાની છે. તમે તો જાણો છો, તમારી જ્ઞાતિમાં...’

‘હું એને રાજપૂત ઘરમાં નહીં પરણાવું.’

દેવુભાએ નિર્ણય કરી લીધો હતો:

‘તું ક્યાં રાજપૂત છે?’

શ્રદ્ધાબહેન રાજપૂત નહોતાં. એ જૈન વેપારીનાં દીકરી હતાં. દેવુભાના સસરા મણિલાલ સંઘવી જૈન જ્ઞાતિમાં એમની સખાવત અને ભલમનસાઈ માટે જાણીતા હતા. મણિલાલ શેઠ પત્નીના અકાળ અવસાન પછી ધર્મમાં ઓતપ્રોત થઈ ગયેલા. પોતાની દીકરી શ્રદ્ધાને એકલા હાથે ઉછેરી હતી. જ્ઞાતિના કેટલાય છોકરાઓ એમના ખર્ચે ભણતા–મુંબઈ આવીને ધંધો શરૂ કરતા અને ગરીબ ઘરની દીકરીઓ એમના કરિયાવરથી સાસરે પહોંચી હતી.

‘તારા બાપુજીને પહેલી વાર મળ્યો ત્યારે દેવરાજ નહોતો... દેવો હતો હું... ટિકિટોનાં કાળાંબજાર કરતો. મરાઠા મંદિર, ઇમ્પિરિયલ, લેમિંગ્ટન, નોવેલ્ટી, મીનરવા જેવા થિયેટર્સમાં બ્લેક માર્કેટનો બાદશાહ હતો હું...ને તોય તારા ભગવાન જેવા બાપુજીએ મને આ રાજપાટ સોંપી દીધાં...’

દેવુભા જ્યારે પણ મણિલાલ શેઠની વાત કરતા ત્યારે એ ગળગળા થઈ જતા.

‘મારા બાપુજીને સાચા માણસની સમજ હતી.’

શ્રદ્ધાબહેન હંમેશાં દેવુભાને આ ઉપકારની લાગણીમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરતાં રહેતાં:

‘તમે મારા બાપુજીના હજારો રૂપિયા ચોરાતા બચાવ્યા...જીવના જોખમે.’

એક દિવસ ક્રોફર્ડ માર્કેટમાં ઇધરઉધર કરીને ટાઇમપાસ કરી રહેલા દેવાએ મણિલાલ શેઠના હાથમાંથી ખેંચાતું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ચામડાનું પાકીટ જોયું, 'ભૂખ્યો મરીશ તોય ચોરી નહીં કરું' એ સિદ્ધાંત પર જીવતા દેવાએ ચોરની પાછળ દોડીને મણિલાલને એમનું નોટોથી છલોછલ ભરેલું પાકીટ પાછું લાવી આપ્યું. મણિલાલ સંઘવી એને પોતાને ઘરે લઈ આવ્યા. ચોપાટી પર વિલ્સન કોલેજની બિલકુલ સામેની તરફ બધા રૂમોમાંથી દરિયો દેખાય એવો છ બેડરૂમનો ફ્લેટ જોઈને દેવો લગભગ ડઘાઈ ગયો.

મણિલાલ શેઠે એની વિગતો પૂછી. કાળાંબજારના અને પોતાનાં બીજાં કામોની પ્રામાણિકપણે કબૂલાત કરતા દેવામાં એમને હીર દેખાયું. એમણે પોતાની ઓફિસમાં એને કામ આપ્યું. 'દેવા'માંથી પાછો 'દેવરાજ' બનાવ્યો...

દેવુભા હજીયે ભૂતકાળમાં જ પ્રવાસ કરી રહ્યા હતા:

'સુરેન્દ્રનગરથી વગર ટિકિટે મુંબઈ પહોંચ્યો ત્યારે પંદર વર્ષનો હતો હું... ફૂટપાથ પર સૂવા માટે ભાડું ચૂકવવું પડે એવી મને અહીંયાં આવીને પહેલી વાર ખબર પડી... મરાઠામંદિર થિયેટરના ફૂટપાથ પર ભૂખ્યો-તરસ્યો હું બેભાન થઈ ગયો ત્યારે મને લાગ્યું કે જિંદગી અહીં પૂરી થઈ જશે.' એમની આંખો ભીની થઈ ગઈ:

'પણ તારા બાપુજીએ ભણાવીને એમ.એ. પાસ કરાવ્યું... અહીં સુધી પહોંચાડ્યો... એ દેવપુરુષનો તો જેટલો આભાર માનું એટલો ઓછો છે.'

'તમારામાં લાયકાત જોઈ'તી એમણે... ને તમે સાબિત કરી બતાવ્યું.'

શ્રદ્ધાબહેનની આંખો પતિ માટેના સન્માનથી ઊભરાતી હતી.

'જેલમાં જઈ આવેલા રખડુ છોકરાને ઘરમાં રાખ્યો એટલું જ નહીં, દીકરી પરણાવી...'

પોતાના બેડરૂમમાં ઝૂલતા મણિલાલ સંઘવીના વિશાળ પોટ્રેઇટ સામે ઊભેલા દેવરાજસિંહનું પ્રતિબિંબ એની ફ્રેમના કાચમાં ઝળકતું હતું. સામે ફ્રેમમાં મઢાયેલા મણિલાલ સંઘવી જાણે દીકરીની વાતને ટેકો આપતા હોય એમ દેવુભા સામે જોઈને સંતોષનું સ્મિત કરી રહ્યા હતા.

દેવરાજસિંહ ઝાલા આજે તો બેલાર્ડ પિયર પર આવેલા દેવ કોર્પોરેશનના બિલ્ડિંગમાં અગિયારમા માળે બેસતા થઈ ગયા હતા, પરંતુ મણિલાલ સંઘવીનું ઋણ એ ભૂલી શક્યા નહોતા.

પોતાની દીકરીની કંકોતરીમાંય નિમંત્રક તરીકે સ્વર્ગવાસી શેઠ મણિલાલ સંઘવીનું નામ લખવાનું એ ચૂક્યા નહોતા.

જોકે એ નામ હવે એમની જિંદગીનો હિસ્સો બની ચૂક્યું હતું, કારણ કે મણિલાલ સંઘવી ફક્ત એમના સાહેબ કે શેઠ નહોતા રહ્યા. સમય જતાં એ દેવરાજસિંહના સસરા પણ બન્યા હતા. પોતાની દીકરી શ્રદ્ધા સાથે દેવરાજનાં લગ્ન કરાવી એને પોતાનો બધો ધંધો સોંપીને પાલિતાણા વસી ગયા હતા. દેવરાજના નસીબ આડેનું પાંદડું આમ એક ફૂંક મારતાં ઊડી ગયું હતું.

આજે દેવરાજસિંહ ઝાલા દેશના ટોપટેનમાં પોતાનું નામ નોંધાવી ચૂક્યા હતા. દુનિયાભરમાં એમનો વેપાર ચાલતો. ચા, લોખંડ, કપડું, કમ્પ્યૂટર, સ્પેરપાર્ટ્સનું ઉત્પાદન એમની કંપની 'દેવ કોર્પોરેશન'માં થતું. 'દેવ કોર્પોરેશન'ને એક્સપોર્ટ અને ક્વોલિટી માટે અનેક એવોર્ડ મળ્યા હતા. છેલ્લા થોડા વખતમાં એમણે જમીનો અને કન્સ્ટ્રક્શનમાં પણ ઝંપલાવ્યું હતું. જૂહુ વિસ્તારમાં દરિયાકિનારે આવેલો બંગલો ખરીદીને ત્યાં લક્ઝરી એપાર્ટમેન્ટ પ્લાન કર્યા હતા. આ નવા ધંધામાં એમના ભાગીદાર એવા નિખિલ શ્રોફના દીકરા સોમલ શ્રોફ સાથે દેવરાજસિંહની દીકરીનાં લગ્ન નક્કી થયાં હતાં, પણ...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પણ આજે કંકોતરી છપાઈને આવી કે દેવરાજસિંહે એને નાનકડી ક્ષતિને કારણે ફગાવી દીધી હતી.

આ વારંવારના ફેરફાર અને દેવરાજસિંહની ચીકાશનું એક બીજું પણ કારણ હતું. દેવુભા અબજોપતિ તો બની ગયા હતા, પણ હાઈ સોસાયટીમાં હાઈપ્રોફાઇલ ગણાતા લોકોએ એમને હજી પણ પોતાના અંગત વર્તુળમાં સ્વીકાર્યા નહોતા.

આ એવા લોકો હતા, જે ગર્ભશ્રીમંત હતા. ત્રણ-ત્રણ પેઢીથી જેમની પાસે બિઝનેસ અને પૈસા હતા. આવાં કુટુંબોએ ક્યારેય દેવરાજસિંહને પોતાની પાર્ટીમાં નિમંત્રણ આપવાલાયક કે પોતાની સાથે ભળવાલાયક ગણ્યા નહીં.

આટલું બધું કમાયા પછી, આટલી પ્રસિદ્ધિ મેળવ્યા પછી પણ દેવુભાની અંદર આ અભાવ કણાની જેમ ખૂંચ્યા કરતો. પ્રસિદ્ધિ અને નામના મેળવવા માટે એ કંઈ પણ કરી છૂટવા તૈયાર હતા. પોતાના ઇન્ટરવ્યૂઝ ગોઠવાય, પોતાના વિશેના નાના નાના સમાચાર અહીં-તહીં છપાતા રહે એ માટે દેવુભા સતત ઉત્સુક અને સજાગ રહેતા, પરંતુ એમને નહીં સ્વીકારતા લોકો દેવુભાને 'બાઇટ બેગર'–સમાચારના ભિખારી કે 'પબ્લિસિટી ક્રેઝી' કહીને એમની મજાક ઉડાવતા.

જોકે જેવા એમની દીકરી કેસરનાં લગ્નના સમાચાર પ્રસર્યા કે તરત જ દેવ કોર્પોરેશનના ટેલિફોન રણકવા માંડ્યા હતા. કંપનીના ઉચ્ચ અધિકારીઓથી શરૂ કરીને નાનામાં નાના કર્મચારી સુધી સહુને આ લગ્નમાં આમંત્રણ મેળવવા માટે ફોન આવવા માંડ્યા હતા...

સાત દિવસના આ મહાઉત્સવ દરમિયાન ટેલિવિઝન કવરેજ માટે ચૅનલ્સ અંદરોઅંદર હોડ બકી રહી હતી.

*

જે બપોરે દેવુભાએ દીકરી કેસરની કંકોતરી અમથા એવા કારણસર નકારી હતી એ જ સાંજે વિલિંગ્ડન ક્લબના બારમાં નિખિલ શ્રોફની આસપાસ બેઠેલું ટોળું એમની વાહ વાહ કરવામાં વ્યસ્ત હતું. પોતાની પ્રશંસા સાંભળીને વ્હીસ્કીના બે પેગમાં નિખિલને ચાર પેગનો નશો ચડી જતો.

નિખિલ શ્રોફ ગર્ભશ્રીમંત હતા. મોઢામાં ચાંદીની ચમચી સાથે જન્મેલા મુંબઈના કેટલાક જૂના શ્રીમંતોમાંના એક હતા. સાઉથ આફ્રિકા અને લંડનમાં પણ એમનો વેપાર ફેલાયેલો હતો. એમની કન્સ્ટ્રક્શન કંપની ખાડીના દેશોમાં પણ કાર્યરત હતી.

દેશના એક અગ્રગણ્ય રાજકારણી સાથે સાંઠગાંઠ કરીને અબજો રૂપિયાની જમીનો એમણે પાણીના મૂલે મેળવી હતી. હોટેલ, અપાર્ટમેન્ટ, હૉસ્પિટલ અને મુંબઈના એક જાણીતા ઓડિટોરિયમ સભાગૃહનું કામ પણ એમની કન્સ્ટ્રક્શન કંપનીને સોંપવામાં આવ્યું હતું.

કન્સ્ટ્રક્શનની દુનિયામાં નિખિલ શ્રોફની કંપનીનું નામ આદરથી લેવાતું. કામ લેવા માટે નિખિલ શ્રોફ કોઈ પણ છક્કા-પંજા કરે, લાંચ આપવાથી શરૂ કરીને ધાકધમકી સુધી પહોંચી શકે. દસ જાતની ચાલ ચાલે, પણ એક વાર કામ મળે પછી નિખિલ શ્રોફની કંપનીમાં ક્યારેય ક્વોલિટીમાં સમાધાન કરવામાં આવતું નહોતું. એમણે બાંધેલા મુંબઈ શહેરના તમામ બિલ્ડિંગ પ્રીમિયમ ભાવે વેચાતાં. દુનિયાભરમાં એમની કન્સ્ટ્રક્શન કંપનીની વિશ્વસનીયતા વખણાતી.

એમનો એકનો એક દીકરો સોમલ સ્વિત્ઝર્લેન્ડમાં આર્કિટેક્ચર ભણીને હમણાં જ મુંબઈ પાછો ફર્યો હતો.

મુંબઈ મિરર... બોમ્બે ટાઇમ્સ... મિડ ડે, મિન્ટ અને ડીએનએ જેવાં અખબારમાંથી માંડીને સોસાયટી, પીપલ, ધ મૅન જેવાં મૅગેઝિન્સમાં સોમલના ઇન્ટરવ્યૂ, ફોટા પ્રગટ થતા હતા. દિલધડક હેન્ડસમ કહી શકાય એવો આ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

છોકરો પોતાના દેખાવ વિશે ખૂબ સભાન હતો. પહોળા ખભા, પાતળી કમર, ફ્લેટ હિપ્સ, એક દિવસની વધેલી દાઢી, નમણું નાક અને કાતિલ આંખો સાથે મુંબઈનાં અખબારોએ એને 'મોસ્ટ એલિજેબલ બેચલર'નું ટાઇટલ આપી દીધું હતું.

નિખિલ શ્રોફનું કુટુંબ દેવરાજસિંહના કુટુંબ કરતા સાવ અલગ તરી આવે એવું હતું. ક્લબ કલ્ચર, વિદેશપ્રવાસો, પાર્ટી, ગોલ્ફ અને સ્પા, જિમ, યોગ આ ઘરની જીવનશૈલીનો એક ભાગ હતાં. પેજ થ્રી પર અવારનવાર દેખાતાં રહેવું એમની રોજિંદી જિંદગી હતી. પેરિસ સુધી સુટ સીવડાવવા જવાના નિખિલ શ્રોફના શોખ વિશે મુંબઈના શ્રીમંતોમાં લોકવાયકાઓ કહેવાતી. નિખિલ શ્રોફની પાર્ટી બેજોડ ગણાતી. એમની લાઇફસ્ટાઇલ વિશે વિદેશની ટેલિવિઝન ચેનલ્સમાં અવારનવાર ચર્ચા થતી.

એમનાં પત્ની શ્વેતા શ્રોફ મિસ એશિયા રહી ચૂક્યાં હતાં. લગ્ન પછી પણ એમણે મોડલિંગ છોડ્યું નહોતું. એમના પુત્ર સોમલના જનમ પછી એમણે મોડલિંગ છોડી દીધું, પણ 29 વર્ષના સોમલની મા શ્વેતા જો એની બાજુમાં ઊભી હોય તો એની મોટીબહેન જ લાગે!

આવા હાઈફાઈ પરિવારમાં સત્યનારાયણની કથા અને નવચંડી યજ્ઞો પણ થતા! નિખિલ અને શ્વેતા રોજ સવારે પોતાના બંગલામાં આવેલી કોર્ટ પર સ્કવોશ કે ટેનિસ રમતાં. સ્ટીમ અને સોનાબાથમાં પોતપોતાના દિવસના કાર્યક્રમો નક્કી કરવામાં આવતા. દુનિયાના કોઈ પણ ભાગમાં હોય, પણ શ્વેતા શ્રોફ સોમવારનો ઉપવાસ કોઈ દિવસ ન તોડે એ નક્કી.

આવી પરસ્પર વિરોધી સંસ્કૃતિ અને માન્યતાઓ ધરાવતા પરિવારમાં એકની એક પુત્રવધૂ લાવવાની હોય ત્યારે સ્વાભાવિકપણે જ એ વિશે ઘણા ગળણે ગાળીને પાણી પીવામાં આવે.

એવામાં દેવ કોર્પોરેશનના લક્ઝરી એપાર્ટમેન્ટના ખાતમુહૂર્તમાં એમણે કેસરને જોઈ.

ઊંચી, પાતળી, નમણી કેસર કોઈને પણ ગમી જાય એવી હતી. આટલા મોટા ઉદ્યોગપતિની દીકરી જાતે કાર ડ્રાઇવ કરીને આવી હતી. લિનનનું શર્ટ અને બ્રાન્ડેડ જીન્સમાં મેકઅપ વગર પણ કેસર ફિલ્મની અભિનેત્રી જેવી દેખાતી હતી.

એની અલ્લડતા સોમલને સ્પર્શી ગઈ. બે-ત્રણ-વાર એણે કેસર સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો, પણ કેસર એને ઓળખતી જ ન હોય એમ એકથી બીજી અને બીજીથી ત્રીજી જગ્યાએ સરકતી રહી.

સામાન્ય રીતે સોમલ શ્રોફ હાજર હોય ત્યાં છોકરીઓ એની આસપાસ વીંટળાતી રહેતી. એનો દેખાવ, એના બાપના રૂપિયા અને સોમલની સ્ટાઇલ બધાં માટે આકર્ષણનું કેન્દ્ર બની જતી. જ્યારે કેસર... પોતાને ટાળતી કે નકારતી છોકરી સોમલે એની 29 વર્ષની જિંદગીમાં પહેલી વાર જોઈ. આવી છોકરીને જોઈને, એની અલ્લડતા અને આત્મવિશ્વાસ જોઈને પહેલી નજરે જ સોમલ એના પ્રેમમાં પડી ગયો.

ઘરે પહોંચતાંની સાથે જ સોમલે પપ્પા નિખિલ શ્રોફને વાત કરી.

નિખિલ શ્રોફ પહોંચેલો, પૈસાવાળો અને ખુરાંટ માણસ હતો. એને ઊંડે ઊંડે એવી ઇચ્છા હતી કે સોમલનાં લગ્ન કોઈ એવી છોકરી સાથે થાય, જેનાથી શ્રોફકુટુંબની શાનમાં વધારો થાય. નિખિલને વહેલામોડા ચૂંટણી રાજકારણમાં પણ ઝંપલાવવાની ઇચ્છાય હતી. મંત્રી બનવાના અભરખા એના મનમાં ક્યારના આળસ મરડતા હતા.

એણે સોમલને સમજાવી જોયો. પોતાના ઇરાદાઓ વિશે મન ખોલીને વાત કરી. સોમલ નવી પેઢીનો છોકરો હતો. એને માટે લગ્ન અને બિઝનેસ બે સાવ જુદાં, એકબીજાથી તદ્દન ભિન્ન હતાં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું મારી જિંદગી વિશે વાત કરું છું, પપ્પા! આ કોઈ બિઝનેસ ડીલ નથી કે તમે ફાયદા-નુકસાનનો વિચાર કરો.’

‘જો બેટા, હું તો આ બધું તારા માટે કરું છું.’

‘મારા માટે?’ સોમલે સીધું જ કહી નાખ્યું:

‘ઓકે. જો તમે મારા માટે જ કરતા હો તો દેવરાજસિંહ ઝાલાને ઘેર માગું કરો.’

‘વિચારી જો. એ લોકો અને આપણી વચ્ચે ઘણો ફરક છે.’

‘તમે ઇચ્છો છો ને, કે હું લગ્ન કરું... તો પછી મારી ફાઇનલ પસંદગી કેસર જ છે!’

નિખિલ મુસ્તાક હતો કે એ કોઈ પણ ઘરમાં જઈને ઊભા રહેશે અને જો કુંવારી દીકરી હશે, તો સોમલ માટે ના પાડવાની કોઈની હિંમત નથી.

એમણે દેવરાજસિંહ ઝાલાને વાત કરી.

લક્ષ્મી ચાંદલો કરવા આવી હતી. પાર્ટનરમાંથી વેવાઈ બનવા નિખિલ શ્રોફે સામેથી ઓફર કરી હતી. દેશનાં અને વિદેશનાં મોટાં મોટાં બિઝનેસ હાઉસ અને રાજા-મહારાજાઓને ત્યાંથી જેના દીકરા માટે માગાં આવતાં હતાં એવો માણસ એની દીકરીને સામેથી માગતો હતો.

દેવરાજસિંહ ઝાલાએ આવા માણસનો વિચાર બદલાય એ પહેલાં ‘હા’ પાડી દીધી. ઘેર આવીને શ્રદ્ધાને કહ્યું ત્યારે એમને લાગ્યું કે આ સમાચાર સાંભળીને એક દીકરીની માને થવો જોઈતો આનંદ શ્રદ્ધાના ચહેરા પર દેખાતો નહોતો.

‘શું વાત છે?’

‘એને પૂછ્યા વગર હા પાડીને તમે બરાબર નથી કર્યું.’

‘એમાં એને શું પૂછવાનું? એનું નામ શું પાડવું એ પૂછ્યું હતું એને? કઈ સ્કૂલમાં મૂકવી એ એને પૂછ્યું હતું? તો પછી? આપણે એના માટે બેસ્ટ જ પસંદ કરીએ...’

‘તમે સમજતા નથી.’

‘તો સમજાવો...’

‘કેસરને લગ્ન જ નથી કરવાં.’

‘એવું તો બધી છોકરીઓ કહે... બાપુનું ઘર છોડીને જવું કોને ગમે?’ દેવુભાએ હસીને મજાક કરી:

‘બધા કંઈ તમારા જેવા નસીબદાર નથી હોતાં કે ઘેર બેઠા મારા જેવો છોકરો મળે અને એ પણ ઘરજમાઈ થઈને રહે!’

‘આ મજાક નથી. કેસર વારંવાર લગ્ન કરવાની ના પાડ્યા કરે છે. તમે એક વાર એની સાથે વાત કરી લો તો સારું.’

‘કોઈના પ્રેમમાં છે?’

‘એવું લાગતું તો નથી.’

‘તમે જરા પટાવીને પૂછી જોજો. મેં તો નિખિલભાઈને હા પાડી દીધી છે. હવે આ છોકરી નાક કપાવશે કે શું?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દેવરાજસિંહ હવે થોડા ગંભીર થઈ ગયા.

‘જુઓ, બાળપણથી જિદ્દી છે એ. સમજી-વિચારીને, ધીમે રહીને વાત કરજો. ક્યાંક મગજ ફરી જશે તો...’

‘જિદ્દી છે એટલે શું?’ દેવરાજસિંહનો અવાજ ઊંચો થઈ ગયો:

‘આ છોકરીની જાત છે. કંઈ ઘરમાં બેસાડી રાખું? એની ઉંમરે તમે સાવજની મા બની ગયાં હતાં.’

દેવરાજસિંહ પોતાના દીકરા અભિમન્યુને લાડમાં ‘સાવજ’ કહેતા. આ નામ મૂળ દેવરાજસિંહના પિતા ગુલાબસિંહજીએ પાડેલું. એ લાડમાં કહેતા:

‘આ તો ઝાલા ખાનદાનનો સાવજ છે...’

અભિમન્યુ પછી બે વર્ષે કેસર જન્મી. અભિમન્યુ કરતાં નાની, પણ રાજપૂત રિવાજ મુજબ ઘરમાં કુંવારી બહેન હોય ત્યાં સુધી વહુ ના લવાય એટલે દેવરાજસિંહે પહેલાં કેસરનાં લગ્નની વાત કરવા માંડી હતી.

જોકે આજે જ્યારે ખરેખર કેસરનાં લગ્નનો નિર્ણય લેવાની ઘડી આવી ત્યારે શ્રદ્ધાબહેને કહેલી વાત દેવરાજસિંહને ભીતર સુધી હચમચાવી ગઈ.

એ રાત્રે દેવરાજસિંહ ઊંઘી શક્યા નહીં.

કેસર બાળપણથી જ જુદી હતી એ વાત સાચી. બીજી છોકરીઓ ઢીંગલા-ઢીંગલી રમતી ત્યારે કેસર પોતાના ભાઈની સાથે ક્રિકેટ અને ફૂટબોલ...

એની ઉંમરની છોકરીઓ નવરાત્રીમાં ચણિયાચોળી પહેરીને ગરબે ઘૂમતી ત્યારે કેસર સ્ટેજ પર ચડીને ઓરકેસ્ટ્રામાં ડ્રમસેટ વગાડવાની જીદ કરતી. એ જ રીતે ભાઈના મિત્રો જ એના મિત્રો હતા.

બાળપણથી જ એને જીન્સ અને શર્ટ પહેરવાં ગમતાં. ફ્રોક, સલવાર કમીઝ, ચણિયાચોળી જેવાં કપડાં પહેરવાનો એને ભારે કંટાળો આવતો. તહેવાર કે લગ્નોમાં એની મા પરાણે આવું બધું પહેરાવે ત્યારે કચકચ કર્યા પછી પહેરી તો લેતી, પણ ક્યારે ઘરે જઈને કપડાં બદલી નાખું એ એના મનમાં સતત ઘુમરાયા કરતું.

દેવરાજસિંહને રહી રહીને કેસરનું બાળપણ યાદ આવતું રહ્યું. એના કોઈ શોખ છોકરીઓ જેવા નહોતા. ફાસ્ટ ડ્રાઇવિંગ, ટ્રેકિંગ, રિવર રાફ્ટિંગ જેવા ખતરનાક શોખ આ છોકરીને બાળપણથી હતા. દેવરાજસિંહે દીકરી માટેના પ્રેમ અને લાડને કારણે એના દરેક શોખ પોષ્યા હતા.

ઘણું વિચાર્યા પછી એમને શ્રદ્ધાબહેનની વાત સાચી લાગી. આ મગજની ફરેલ છોકરી સાથે શાંતિથી વાત કર્યા વિના એના જીવન વિશે કોઈ પણ નિર્ણય લેવો એટલે મુસીબતને આમંત્રણ આપવું.

બીજી સવારે એમણે કેસર સાથે વાત કરી લેવાના નિર્ણય સાથે એના બેડરૂમનો દરવાજો ખોલ્યો.

કેસરનો બેડરૂમ ત્રણ ભાગમાં વહેંચાયેલો હતો. પહેલો ભાગ નાનકડા બેડરૂમ જેવો હતો જ્યાં ટેલિવિઝન, ડીવીડી, મ્યુઝિક સિસ્ટમ વગેરેની સાથે સાથે નાનકડો સ્ટડી કોર્નર પણ હતો. પછી બે પગથિયાં ચડીને એક નાનકડો પેસેજ આવતો, જેની બંને તરફ બે ઓરડા જેવા મોટા વિભાગો હતા. એક, એનો બેડરૂમ કમ ડ્રેસિંગ રૂમ અને બીજું, એનું અંગત જિમ.

સવારના સાડા છ વાગ્યાથી કેસર એના જિમમાં કસરત કરતી. વિદેશથી મગાવેલાં અતિ આધુનિક જિમનાં સાધનો કેસરને માટે એના વહાલસોયાં સાથીઓ હતાં.

એ ટ્રેડમિલ પર વોક કરી રહી હતી. એણે એના ખભાથી સહેજ લાંબા વાળને બટરફ્લાય ક્લિપ ભરાવીને ઊંચા બાંધ્યા હતા. કસરતને કારણે એમાંથી નીકળેલી લટો એના ચહેરાની બંને બાજુ ફરફર કરી રહી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ચપોચપ બેસતા ટ્રેકસુટમાંથી એના શરીરના કમનીય વળાંકો સ્પષ્ટ થતા હતા. એની ચુસ્ત કાયાના ગોરા બેદાગ ચહેરા પર પરસેવાનાં બુંદ એવાં લાગતાં હતાં જાણે ફૂલની પાંખડીઓ પર ઝાકળ જામી ગઈ હોય...

પિતાને જિમમાં પ્રવેશતા જોઈ એણે ટ્રેડમિલની ઝડપ ઘટાડી. આગળ પડેલો ટર્કીશ નૅપ્કિન લઈ એણે પરસેવો લૂછ્યો. પછી પિતા સામે જોઈને સ્મિત કર્યું:

'વેલકમ, બાપુ.'

રાજપૂતી રિવાજ મુજબ કેસર પોતાના પિતાને 'બાપુ' અને માતાને 'મા' કહીને સંબોધતી:

'હું તો રોજ કહું છું કે જિમમાં આવો, પણ તમે...'

'હું અગત્યની વાત કરવા આવ્યો છું.'

'માએ કહ્યું મને.'

કેસરના ચહેરા પર સ્મિત અકબંધ હતું. એકસરખા ગોઠવાયેલા સફેદ દાંત એનો ચહેરો ખૂબ વહાલસોયો લાગતો હતો:

'પેલા છોકરા વિશેને?'

આટલું સાંભળતાં જ દેવુભાને હાશકારો થયો. શ્રદ્ધાએ એમનું અડધું કામ કરી નાખ્યું હતું. નવેસરથી વાત માંડવાની મહેનતમાંથી એ બચી ગયા હતા.

'તો... શું વિચાર્યું તેં?'

'હું મળીશ છોકરાને. જેની સાથે જિંદગી જીવવાની છે એને મળ્યા વિના કેવી રીતે નક્કી કરું, બાપુ?'

'ને, મળ્યા પછી ન ગમે તો?'

'તો ના પાડીશ... સિમ્પલ!'

'કેસર, બહુ મોટા માણસો છે. મારાથી જબાન અપાઈ ગઈ છે. મને કોણ જાણે કેમ એવો વિશ્વાસ હતો કે તું મારો બોલ નહીં ઉથાપે.'

દેવુભાનું ગળું ભરાઈ આવ્યું:

'સંબંધ બગડી જશે, દીકરા.'

'બાપુ, હું તમારી લાગણી સમજું છું, પણ...'

હવે ટ્રેડમિલ સાવ બંધ થઈ ગયું હતું. કેસર નીચે ઊતરી દેવુભાની થોડી સમીપ ગઈ:

'પણ બાપુ, તમે પણ મારી વાત સમજવાનો પ્રયત્ન કરો.'

'બેટા, હું તારી વાત સમજું છું, પણ નિખિલ શ્રોફ નહીં સમજે. એક વાર હા પાડ્યા પછી ના પાડવા માટે કોઈ કારણ તો આપવું પડે ને?'

'કારણ તો હું શોધી કાઢીશ, બાપુ.'

કેસર હસી પડી:

'જો ના પાડવી હશે તો... તો છોકરા અને, એના બાપ પાસે જ ના પડાવીશ, બસ?"

'બેટા!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દેવુભાએ કેસરના માથે હાથ ફેરવ્યોઃ

‘જબરદસ્તી નહીં કરું તારા પર... પણ એક વાત ધ્યાનમાં રાખજે. મારો ધંધો, મારી આબરૂ ને મારી જબાનની કિંમત બધુંય તારા હાથમાં છે.’

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 2

‘કેસર તમારા દીકરાને મળવા માગે છે.’

દેવુભાએ સહેજ અચકાતા અવાજે નિખિલ શ્રોફને કહ્યું.

‘એ તો બહુ સારું કહેવાય.’

નિખિલ શ્રોફના અવાજમાં એકદમ સ્વાભાવિકતા હતી:

‘અમારા સોમલને એવી જ છોકરી જોઈએ છે, જે મા-બાપને કીધે નહીં, બિઝનેસ ખાતર પણ નહીં, પરંતુ પોતાની ઇચ્છાથી નિર્ણય કરે.’

નિખિલ શ્રોફના હોઠ પર સ્મિત રમ્યું:

‘મને લાગે છે આ જોડી જામી જશે.’

‘ઈશ્વર કરે ને એવું જ થાય.’

દેવુભાએ લગભગ સ્વગત કહ્યું, પણ એ બરાબર જાણતા હતા કે અત્યારે નિખિલ શ્રોફ જેટલી સ્વાભાવિકતા અને સલૂકાઈ દેખાડી રહ્યા છે એટલી એના સ્વભાવમાં છે નહીં. નિખિલ શ્રોફ ખૂબ ડંખીલો અને કાબો માણસ હતો. જ્યાં સુધી સારું ચાલે ત્યાં સુધી બહુ સારું, પણ જેની સાથે બગડી જાય એને બરબાદ કરી નાખ્યાના દાખલા મુંબઈ શહેરમાં મોજૂદ હતા.

કેસર અને સોમલની મુલાકાત હેમખેમ પૂરી થાય ને એમની મોઢે ચડાવેલી લાડકી દીકરી સોમલ સાથે પરણવા તૈયાર થાય તો બહુચરાજીને પચીસ હજારની સાડી ચડાવવાની બાધા લઈ લીધી એમણે...

*

અરીસામાં જોઈ રહેલી કેસરે ચપટી વગાડીને અરીસામાં દેખાતા પોતાના જ પ્રતિબિંબને ચૅલેન્જ આપી:

‘આ પાંચમો છોકરો છે... કોઈ પણ રીતે ના પડાવવાની છે, દોસ્ત! ઓલ ધ બેસ્ટ!’

કેસરે ફોન ઉપાડીને વિદ્યાનો નંબર ડાયલ કર્યો.

વિદ્યા કેસરની ખાસ સહેલી હતી. બંને સ્કૂલથી સાથે ભણ્યાં હતાં. પોતાની જિંદગીના તમામ નિર્ણયો બંને જણા એકબીજાને પૂછ્યા વિના કરતાં નહીં. વર્ષમાં એક વાર બંને સાથે બહારગામ જતાં. શોપિંગ, ખાવુંપીવું, રખડવું... બધે કેસર માટે વિદ્યાનો સાથ અનિવાર્ય હતો.

આ દોસ્તી એટલી ગાઢ હતી કે જ્યારે વિદ્યા પ્રેમમાં પડી અને એણે લગ્ન કરવાનું નક્કી કર્યું ત્યારે કેસરને ડિપ્રેશનનો અટેક આવ્યો હતો. બે-ચાર દિવસ એ સૂનમૂન થઈ ગઈ હતી. કેસરને સમજાવીને વિદ્યાના એન્ગેજમેન્ટના દિવસે પાર્ટીમાં લઈ જતાં શ્રદ્ધાબહેનના નાકે દમ આવ્યો હતો.

‘એ વિદ્યા... આજે ફરી એક વાર બકરો હાથમાં આવ્યો છે. હલાલ કરવાનો છે.’

કેસરે ખડખડાટ હસતાં ફોન પર વિદ્યાને કહ્યું.

‘શું કામ કરે છે આવું?’ વિદ્યાના અવાજમાં ગભરામણ સ્પષ્ટ સંભળાતી હતી:

‘હમણાં જ તારા બાપુનો ફોન હતો. એમણે મને એવું કહેવા જ ફોન કર્યો હતો કે મારે તને સમજાવવી.’

‘તો સમજાવને!’ કેસર હસવા લાગી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જો કેસર, વહેલાંમોડાં તારે લગ્ન તો કરવાં જ પડશે.’

‘એવું કોણે કહ્યું?’

‘મૂરખ, દરેક છોકરીએ લગ્ન કરવાં પડે. તારાં મા-બાપ તને ગમે એટલાં લાડ કરતાં હોય, પણ એમના ઘરે તો નહીં રાખે, એટલું યાદ રાખજે.’

‘મને કોઈ પરણવા જ તૈયાર નહીં થાય તો શું કરશે?’

કેસર હજીયે આખી વાતને મજાકની જેમ લઈ રહી હતી.

‘કેસર...’ વિદ્યાના અવાજમાં ગંભીરતા હતી:

‘તું તારા ભાઈ અભિમન્યુને ઓળખે છે ને? એ તને શાંતિથી રહેવા દેશે, એમ માને છે તું? એ તો રાહ જુએ છે કે તું પરણીને જાય.’

‘હું એને ક્યાં નડું છું?’

‘તું સમજતી નથી. તું અહીંયાં રહે તો આ કરોડોની સંપત્તિમાં ભાગ પડે. અભિમન્યુને તારી બુદ્ધિનો, તારી આવડતનો, તારી હોશિયારીનો ડર લાગે છે, ખબર તો છે તને.’

‘જો યાર, અભિને તો હું સમજાવી દઈશ, પણ આજે આ છોકરાનું શું કરવું તે કહે મને.’

‘કંઈ નથી કરવું. હા પાડી દે ચૂપચાપ.’

વિદ્યાના આજમાં મીઠી ઈર્ષ્યા છલકાઈ:

‘કેટલો દેખાવડો છે! અને પૈસાવાળો પણ... નિખિલ શ્રોફના ઘરની વહુ બનવા આ દેશની કોઈ પણ છોકરી તૈયાર થઈ જાય, અને એક તું છે...’

‘અરે યાર, મને નામ આપ એવી એકાદ છોકરીનું. હું સોમલને તાત્કાલિક એનો ફોન નંબર આપી દઉં.’

આટલું કહીને એણે ચીડ સાથે પૂછ્યું ‘કોણ જાણે મારામાં શું જોઈ ગયો છે?’

‘હું તને સાચી સલાહ આપું છું. આ છોકરાને તું ના નહીં પાડતી.’

‘હું ના નહીં પાડું, બસ? એની જ પાસે ના પડાવીશ. તું તારે જોયા કર.’

કેસરે આડીઅવળી વાતો કરી ફોન મૂકી દીધો.

‘બેટા, આજે સાંજે કેસર સાથે ન્યૂ ઓબેરોયના કોફીશોપમાં મિટિંગ છે, યાદ છે ને તને?’

સ્વિમિંગ પુલ પાસે બ્રેકફાસ્ટ કરી રહેલાં મા-દીકરો ફોરેન મૅગેઝિનમાં છપાયેલા કોઈ ફોટોગ્રાફ જેવા દેખાતાં હતાં! સોમલે ડોકું ધુણાવીને ‘હા’ પાડી. શ્વેતાએ ધીમેથી આગળ કહ્યું:

‘સાંભળ્યું છે કે આ છોકરીએ કે. કે. પટેલના દીકરાને પણ આ છોકરીએ ના પાડી હતી.’

‘તો?’ સોમલે આરામથી ઓરેન્જ જ્યુસનો ગ્લાસ મોઢે માંડ્યો.

‘એટલે...’

શ્વેતા ખૂલીને બોલી શકી નહીં. એ સોમલને સમજાવવા માગતી હતી. કદાચ આ છોકરી એને પણ ‘ના’ પાડે તો બહુ દુઃખી થવાની જરૂર નથી. એણે સોમલ સામે ધ્યાનથી જોયું. ઊંચો, દેખાવડો, દિલધડક હેન્ડસમ, મોડર્ન વિચારો ધરાવતો, સમજદાર...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કોઈ શું કામ આને ના પાડે?’ એને મનોમન પોતાના દીકરા પર ગર્વ થઈ આવ્યોઃ

‘ઓલ ધ બેસ્ટ.’ એણે હાથ લંબાવીને સોમલનો ગાલ પસવાર્યોઃ

‘આઈ એમ શ્યોર, આ છોકરી આપણા ઘરની વહુ બનશે.’

‘બનવું જ પડશે. મેં એક વાર નક્કી કરી લીધું પછી એની પાસે બહુ ચોઇસ નથી, મોમ. એણે નિખિલ શ્રોફના દીકરા સાથે ડીલ કરવાનું છે. એક વાર એ મને મળશે પછી...’

સોમલના અવાજમાં જાણે નિખિલ શ્રોફ જ બોલતો હતો. પેઢી-દરપેઢી ઊતરી આવેલો એ અહમ્ સોમલના અવાજમાં પણ શ્વેતાને સંભળાયો.

પહેલી વાર મિસ ઇન્ડિયા સ્પર્ધામાં એક જજ તરીકે આવેલા નિખિલે એને જોઈ હતી. એ દિવસથી શરૂ કરીને શ્વેતા મિસ એશિયા બની ત્યાં સુધી નિખિલે પોતાનું ફોલો-અપ છોડ્યું નહીં. નિખિલને મળવાની પણ ‘ના’ પાડતી શ્વેતાને ફૂલ, ભેટો, કેક્સ અને કાર્ડ મોકલીને નિખિલે પોતાના પ્રેમમાં પાડી હતી અને અંતે લગ્ન કરવા રાજી કરી લીધી હતી.

શ્વેતાએ બજારમાંથી કેસર વિશે જે માહિતી ભેગી કરી હતી એમાંથી એને એક વાત સમજાઈ હતી કે છોકરી સીધી છે. લફરાંબાજી, પાર્ટી, ડ્રગ્સ કે શરાબ જેવી બાબતોમાં અટવાયેલી નથી. સાદી છે અને ઘરેલુ ઉછેર પામીને સંસ્કારી રીતે ઊછરી છે, એટલે શ્વેતાએ મનોમન શંકર ભગવાનનું નામ લીધું.

એનો દીકરો માંડ માંડ કોઈ છોકરી માટે રાજી થયો હતો. હવે આ છોકરી ‘હા’ પાડે એટલે બસ. એ ઊભી થઈને જવા લાગીઃ

‘બરાબર સાડા પાંચે ઓબેરોય પહોંચી જજે.’

‘હું એને પીકઅપ કરીશ. ફોન કરીને કહી દેજે.’

‘ના.’ શ્વેતાએ દૃઢતાથી કહ્યુંઃ

‘એણે ચોખ્ખી ના પાડી છે. એ જાતે જ પોતાની ગાડી લઈને આવશે.’

પરદેશ રહેલા સોમલને ડ્રાઇવર સાથે આવતી ફેશનેબલ કન્યાઓ કરતાં જાતે ગાડી ચલાવીને આવવાનું પસંદ કરનારી આ છોકરીમાં એક બીજી વિશેષતા દેખાઈ ગઈ.

‘નાઇસ.’ એણે ખભા ઉલાળ્યા.

*

‘શા માટે તમે કહો તે પહેરીને જવું જોઈએ મારે?’ કેસર ગુસ્સામાં પોતાના ડ્રેસિંગ રૂમમાં આંટા મારતી હતીઃ

‘એ મને જોવા માગે છે કે મારાં કપડાંને?’

‘તો પણ થોડાં સારાં ઇન્ડિયન કપડાં પહેરીને જાય તો કંઈ પ્રોબ્લેમ છે?’

શ્રદ્ધાબહેન હળવેથી ઊભાં થયાં અને લંગડાતા પગે કેસર પાસે આવ્યાં. શ્રદ્ધાબહેનના પગે જન્મથી ખોડ હતી.

મણિલાલ શેઠે જ્યારે દેવરાજને પોતાની દીકરી સાથે લગ્ન કરવાનું કહ્યું ત્યારે બહુ સ્પષ્ટતાથી પૂછ્યું હતુંઃ

‘તને એની ખોડ સામે વાંધો હોય તો મારા ઉપકારોને માથે ચડાવીને શ્રદ્ધા સાથે લગ્ન કરવાની જરૂર નથી.’

‘ના શેઠ, એવું નથી. તમને તો જમાઈ મળી જ રહેશે, પણ મને તમારા જેવા સસરા અને શ્રદ્ધા જેવી પત્ની નહીં મળે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દેવરાજસિંહે ત્યારે ખુમારીથી જવાબ આપ્યો હતો.

જીવનભર દેવરાજસિંહે ક્યારેય શ્રદ્ધાની એ ખોડને એમની વચ્ચે આવવા દીધી નહોતી, પરંતુ દેવરાજસિંહ જેવા દેખાવડા અને પ્રભાવશાળી પતિને પામીને શ્રદ્ધાના મનમાં આખી જિંદગી એક લઘુતાગ્રંથિ જીવ્યા કરી હતી.

દેવરાજસિંહે ક્યારેય શ્રદ્ધાબહેનને એવું લાગવા દીધું નહોતું તેમ છતાં કોણ જાણે કેમ, શ્રદ્ધાબહેનને એવું લાગ્યા કરતું કે એ દેવરાજસિંહને લાયક નથી અથવા એ દેવરાજસિંહની પસંદગીની પત્ની નથી. પિતાના ઉપકારોને કારણે દેવરાજસિંહે નાછૂટકે એમની સાથે લગ્ન કર્યાં છે.

એ પછી નાનામાં નાની બાબતની જવાબદારી અને અપરાધભાવ પોતાના માથે લઈ લેવો એવો શ્રદ્ધાબહેનનો સ્વભાવ થઈ ગયો હતો.

ખાસ કરીને અભિમન્યુની બાબતમાં. પહેલું સંતાન થઈને અવતરેલો અભિમન્યુ માનાં લાડકોડથી પૂરેપૂરો બગડી ગયો હતો. એની ભૂલો દેવુભાથી છુપાવવી, એને જ્યારે જોઈએ અને જેટલા જોઈએ તેટલા પૈસા આપતા રહેવું, એટલું જ નહીં, એનું ગમે તેવું ગંદું, તોછડું વર્તન સહન કરીને પણ એને 'ભાઈ-ભાઈ' કરીને લાડ કર્યાં કરવાં.

અભિમન્યુ ચિક્કાર પૈસા ઉડાવતો. દારૂ, સિગારેટ, જુગાર... કોઈ બાબત એણે બાકી નહોતી રાખી. શ્રદ્ધાબહેનના કાને આવી વાતો નહોતી આવતી એમ નહીં, પણ આ વાતો દેવુભાના કાન સુધી ન પહોંચે એ માટે શ્રદ્ધાબહેન સતત સજાગ રહેતાં.

એક વાર શરાબ પીને ડ્રાઇવિંગ કરતાં પકડાયેલા અભિમન્યુને છોડાવવા માટે એમણે પોલીસને લાંચના પૈસા તો આપ્યા જ, પણ આ હકીકત છુપાવવા માટે દેવ કોર્પો.ના એક માણસને પણ પચ્ચીસ હજાર રૂપિયા આપતાં એ અચકાયાં નહોતાં.

જોકે આવી વાતો બહુ લાંબો સમય ઢાંકી શકાતી નથી. મીડિયાની શ્વાનવૃત્તિએ આવા નાના-મોટા પ્રસંગો સૂંઘીને ઉછાળવા માંડ્યા હતા. સાથે સાથે બજારમાં ફરતી વાતો ધીમે ધીમે દેવુભાના ધ્યાનમાં આવી ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું... હવે અભિમન્યુ હાથથી નીકળી ચૂક્યો હતો.

આજે પરિસ્થિતિ એ હતી કે અભિમન્યુ કોઈનાય કહ્યામાં નહોતો. દેવરાજસિંહને કેસર માટે થોડું વધારે વહાલ હતું. એના એક કારણમાં અભિમન્યુનું ગેરવર્તન પણ જવાબદાર હતું.

બાપ-દીકરાને અવારનવાર દલીલબાજી થઈ જતી. સામાન્ય રીતે કોઈની સલાહ કે સાચી વાત પણ ન સાંભળનારા દેવુભા અભિમન્યુના ઊંચા અવાજે કહેવાયેલાં તોછડાં વાક્યો સાંભળીને ચૂપ થઈ જતા.

પહેલાં પિતાથી ડરતો, છુપાઈને મા પાસેથી પૈસા લેતો અભિમન્યુ હવે નફ્ફટ થઈ ગયો હતો. હવે તો એ પિતાની સામે જ પૈસા માગતો. દેવરાજસિંહ એને ટોકતા તો અભિમન્યુ રોકડું પરખાવતોઃ

'બધું મારું જ છે. મને નહીં આપો તો કોને આપશો?'

દેવરાજસિંહ સમસમીને ચૂપ તો રહી જતા, પણ ક્યારેક મનોમન ઈશ્વરને પૂછી બેસતાઃ

'બે દીકરા આપ્યા હોત તો તારા ભંડારમાં શું ખૂટી જાત? આ એકનો એક છે એમાં આટલી દાદાગીરી કરે છે... જાણે છે કે મારી પાછળ આગ મૂકનાર કોઈ નથી.'

દેવરાજસિંહ ખાનદાન માણસ હતા. એ ક્યારેય શ્રદ્ધાબહેનને અભિમન્યુના વર્તન માટે જવાબદાર ઠેરવતા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નહીં, પરંતુ શ્રદ્ધાબહેન મનોમન જાણતાં હતાં કે આ બધું એમના લીધે થયું હતું, એટલે જ્યારે જ્યારે અભિમન્યુ પિતાનું અપમાન કરતો, ગમે તેમ બોલતો ત્યારે દરેક વખતે શ્રદ્ધાબહેન જાતને આરોપીના પીંજરામાં ઊભી કરી દેતાં.

બીજી તરફ કેસર જિદ્દી હતી. લાડકી, તોછડી અને મોંએ ચડાવેલી હતી, પણ માતાપિતાનું સન્માન એણે ક્યારેય ઘટવા દીધું નહોતું. દેવરાજસિંહનો પડ્યો બોલ ઝીલી લેતી. એમને ખૂબ ચાહતી. ક્યારેક શ્રદ્ધાબહેનને લાડથી સમજાવતી તો ક્યારેક પિતાનો પક્ષ લઈ અભિમન્યુ સાથે ઝઘડતી પણ ખરી.

'તું ચૂપ રહે. બે-ચાર વર્ષ આ ઘરમાં રહેવું છે તો ચૂપચાપ શાંતિથી રહે.' અભિમન્યુ એને ઉતારી પાડતો.

'હું અહીંથી ક્યારેય નથી જવાની.'

'જવું તો પડશે જ. વાજતેગાજતે લાત મારીને કાઢીશું, અહીંથી. ત્યાં સુધી મજા કરી લે.'

અભિમન્યુ એવી એક પણ તક છોડતો નહીં, જેમાં એ કેસરને એવું યાદ કરાવી શકે કે આ ઘર પર, આ ઘરની સંપત્તિ પર એનો કોઈ અધિકાર નથી.

'હું તમારા બિઝનેસમાં ન જોડાઈ શકું?'

કેસરે એકાદ વાર દેવરાજસિંહને પૂછવાનો પ્રયત્ન કર્યો હતો:

'તમારી મદદ કરીશ. તમારો ભાર ઉપાડી લઈશ.'

'તું દીકરો હોત તો મારે કોઈ ચિંતા જ નહોતી બેટા, પણ તું તો પારકી થાપણ. કેટલો સમય મદદ કરીશ મારી? એક દિવસ તો જઈશ ને? પછી તારા સાસરાવાળા કદાચ તને ન આવવા દે તો હું વધારે પાંગળો થઈ જાઉં...' દેવુભાની આંખો ભરાઈ આવતી.

'પણ બાપુ, હું જાઉં જ નહીં તો? તમારી પાસે ન રહી શકું આખી જિંદગી?'

'મારી દીકરી!' દેવુભા લાડથી સમજાવતા:

'કન્યાદાનનું પુણ્ય મારા ભગવાને આપ્યું છે મને. એ શું કામ જવા દઉં? કુંવારી દીકરીને ઘરમાં બેસાડી સમાજમાં થૂ થૂ કરાવું?'

બાપુ આમ કહેતા પછી કેસર પાસે દલીલો નહોતી રહેતી, પણ એ હંમેશાં મનોમન ઇચ્છતી કે ક્યારેક એના પિતા એની વાત સમજે. લગ્ન વિશે એનો અણગમો, લગ્નજીવન સાથે જોડાયેલી બીજી બધી બાબતો વિશે એની અંદર ઊપજતો તિરસ્કાર અને આ ઘર છોડીને જવાની આખી વાત સાથે એના મનમાંથી નીકળતી ચોખ્ખી ના...

*

ભરબપોરે અભિમન્યુ એના બે મિત્રો સાથે બેસીને મઢ આઇલેન્ડના એક બંગલામાં શરાબ પી રહ્યો હતો.

આ બંગલો એના દોસ્ત સુધીરનો હતો. સુધીર પણ એક બિલ્ડર હતો. નિખિલ શ્રોફ જેટલો મોટો કે પહોંચેલો નહીં, પણ એની રીતે નાનકડો ધંધો કરી લેતો. એની ઇચ્છા કેટલાય સમયથી અભિમન્યુ સાથે પાર્ટનરશિપ કરવાની હતી, પરંતુ અભિમન્યુ જ પોતાના બિઝનેસમાં પૂરો રસ નહોતો લેતો. સુધીર એને વારંવાર સમજાવતો, પિતાના ધંધામાં રસ લેવા માટે. પરંતુ અભિમન્યુ એની વાત કાને ધરતો નહોતો.

અભિમન્યુએ બે-ચાર વાર કોશિશ કરેલી ઓફિસ જવાની, કામમાં રસ લેવાની... પરંતુ દેવરાજસિંહ ઝાલાના સ્વભાવ સાથે અભિમન્યુનો મેળ પડે એમ નહોતો. હજી આજે સવારે જ બાપ-દીકરાને કચકચ થઈ ગઈ હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અભિમન્યુ એ જ વાતે અકળાયેલો હતો.

'દેવલો સાલો... સમજે છે શું એના મનમાં?'

દારૂ અભિમન્યુની જીભેથી સગા બાપને ગાળ ભાંડતો હતોઃ

'પાંચ-દસ હજાર રૂપિયા માટે કરગરવું પડે છે મારે, ને પોતે...'

એણે લગભગ અડધા ગ્લાસ જેટલો બાકી પેગ એક ઘૂંટમાં ગટગટાવ્યોઃ

'દાન કરે છે, સખાવતો કરે છે, સમૂહલગ્નો કરાવે છે... આ પૈસા એના નથી. મારા નાનાજીના છે.'

'પ્રેમથી કામ લે.' સુધીર ઉંમરમાં થોડો મોટો હતો. પ્રમાણમાં સમજદાર અને થોડો લુચ્ચો પણ ખરો.

'આમ ઝઘડવાથી તો બધુંય જશે તારા હાથમાંથી.'

'જશે એટલે? એના બાપનો માલ છે?'

અભિમન્યુની આંખો લાલઘૂમ થઈ ગઈ હતી. જીભ લસરવા લાગી હતીઃ

'એના સગા બાપને અહીં નથી રાખતો... કોઈ સાથે ફાવતું નથી. ન બાપ સાથે ન દીકરા સાથે...'

અભિમન્યુની વાત સાવ ખોટી નહોતી. દેવરાજસિંહને પોતાના પિતા ગુલાબસિંહ સાથે બહુ મનમેળ નહોતો. જ્યારે દેવરાજસિંહ પંદર વર્ષના હતા ત્યારે એમણે કહેલી વાત હજુ સુધી દેવરાજસિંહ ભૂલી શક્યા નહોતાઃ 'મને હવે તારો ખર્ચ નહીં પોસાય. તારી વ્યવસ્થા કરી લે.'

વર્ષો પહેલાં ગુલાબસિંહે એમને આ કહેલું.

દેવરાજસિંહને ત્રણ ભાઈઓ ને બે બહેનો હતાં. આવડા મોટા પરિવારને એક આવકમાંથી ખવડાવવું અસંભવ હતું. ગુલાબસિંહે સૌથી મોટા દીકરા દેવરાજને કમાવા માટે ફરજ પાડી ત્યારે એ માંડ એસ.એસ.સી.માં હતો. ભણવાનું છોડવું પડ્યું, મુંબઈમાં ખત્તા ખાવા પડ્યા... જેલમાં જવું પડ્યું. એ દરેક વાત માટે દેવરાજસિંહ પોતાના પિતાને જવાબદાર ગણતા રહ્યા. એટલે જ બાપ-દીકરો ક્યારેય સુખથી એકબીજાની સાથે રહી શક્યા નહીં.

લગ્ન પછી બધું બરાબર ગોઠવાઈ ગયું ત્યારે દેવરાજસિંહે આગ્રહ કરીને પિતાને મુંબઈ લાવવાનો, પોતાની સાથે રાખવાનો પ્રયત્ન કરી જોયેલો, પરંતુ ગુલાબસિંહનો તીખો સ્વભાવ, કડવી ભાષા અને પોતે ઘરમાંથી કાઢી મૂક્યા છતાં દીકરાએ કરેલી પ્રગતિ જોઈને આનંદ થવાને બદલે થતી રહેલી છાની ઈર્ષ્યાએ ક્યારેય બંનેને સુખથી સાથે જીવવા દીધા નહીં.

દેવરાજસિંહનો શ્રદ્ધા સાથેનાં લગ્નનો નિર્ણય પણ ગુલાબસિંહને ગળે નહોતો ઊતર્યો. એક તો છોકરી રાજપૂત નહીં, બીજી બાબત એના પગે ખોડ અને ત્રીજી બાબત ઘરજમાઈ થઈને રહેવાનું... એ અવારનવાર દેવરાજસિંહને આ વિશે મહેણાં મારતા.

અભિમન્યુ સાતેક વર્ષનો થયો ત્યાં સુધી જેમ તેમ ગાડું ગબડતું રહ્યું. બાળક અભિમન્યુના મનમાં દાદાજીનાં એ મહેણાં ખૂબ ઊંડાં ઊતરી ગયાં. વળી, પોતાને દાદાજી 'સાવજ... સાવજ' કરીને સંબોધતા, આટલાં બધાં લાડ અને વહાલ કરતા દાદાજીને બાપુ સરખી રીતે નહોતા રાખતા એવી લાગણી ધીમે ધીમે એના મનમાં ઘર કરતી ગઈ. આખો ભૂતકાળ એ જાણતો નહોતો, પણ એણે નજર સામે જે જોયું એનાથી એ ચોક્કસ એટલું સમજી શક્યો કે એના પિતાએ પોતાના પિતા સાથે સારું વર્તન નથી કર્યું.

થોડાં વરસ મુંબઈ રહીને એમણે સુરેન્દ્રનગર પાછા જવાની ઇચ્છા વ્યક્ત કરી. દેવરાજસિંહે એમને રોક્યા પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નહીં. આજે પણ એ નિયમિત રીતે પૈસા મોકલાવી દેતા, પરંતુ પોતે ક્યારેય સુરેન્દ્રનગર ગયા નહીં કે ન પરિવારમાંથી કોઈને જવા દીધા. ભાઈ-બહેનોને ત્યાં પ્રસંગો આવ્યા, એ દરેક વખતે એમણે પૈસા મોકલવામાં કરકસર ના કરી, પણ હાજરી ન જ આપી...

આ બધાને કારણે પિતા માટે એક પ્રકારનો તિરસ્કાર અભિમન્યુના મનમાં ઊછરતો રહ્યો. આજે પણ એ જ્યારે જ્યારે શરાબ પીતો ત્યારે ત્યારે એના મનમાં સુષુપ્ત આ બધી બાબતો ઊછળી આવતી.

'એણે એના બાપનું માન નથી રાખ્યું, તો પછી હું મારા બાપનું માન રાખું એવી આશા એ કઈ રીતે રાખી શકે?' અભિમન્યુ ગુસ્સામાં બોલી રહ્યો હતો:

'એક વાર આ કેસર પરણીને જાયને પછી હું એને સીધો કરીશ. એને બચાવનારું કોઈ નહીં રહે આ ઘરમાં... એક એક રૂપિયા માટે તરસતો કરી ના દઉં તો મારું નામ અભિમન્યુસિંહ ઝાલા નહીં.'

એની સાથે બેઠેલા સુધીર અને મનહર એની અંદર ઊકળતો આ પિતા પ્રત્યેનો તિરસ્કાર જોઈને દરેક વખતે ડઘાઈ જતા. આજે પણ એ જ બન્યું.

'જો અભિ, ગમે તેમ તોય એ તારો બાપ છે. પ્રેમથી પટાવીને મિલકત લખાવી લે. એક વાર તને બેદખલ કરી દેશે તો તું તરસી જઈશ એક એક રૂપિયા માટે...' સુધીર વ્યવહારુ માણસ હતો.

'કોર્ટમાં જઈશ, વડીલોપાર્જિત મિલકત છે... હિન્દુ અનડિવાઇડેડ ફેમિલી... બધું મને જ આપવું પડશે. હું એકનો એક દીકરો છું એમનો!'

તો બીજી તરફ દેવરાજસિંહ ઝાલા મનોમન ગૂંચવણો ઉકેલવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. એક વાર કેસર પરણીને જાય તો અભિમન્યુને પાઠ ભણાવવા એ પણ પોતાની રીતે તલપાપડ હતા. બસ, એક વાર દીકરી કેસર પોતાને ઘેર જાય તો અભિમન્યુને લાત મારીને કાઢી મૂકતાં પણ હું નહીં અચકાઉં એવું એમણે જાતને કહી રાખ્યું હતું.

આમ જાણે-અજાણે આખાય ઘરના દરેક માણસના કેટલાય મનસૂબા એક કેસર નામની 20 વર્ષની છોકરીનાં લગ્નની આસપાસ ગોઠવાતા જતા હતા.

*

કેસર પોતાના ખાલી કરેલા વોર્ડરોબ સામે બંને હાથ કમર પર મૂકીને ઊભી હતી.

સિલ્ક-શિફોનનાં સલવાર-કમીઝ, ઘરારા અને બીજાં ઘણાંય કપડાં હતાં એની પાસે, પણ એણે પેપેનું ટાઇટ જીન્સ અને એના પર સેન્ટ માઇકલનું સ્માર્ટ ટોપ કાઢ્યાં હતાં...

શ્રદ્ધાબહેન એને સમજાવી રહ્યાં હતાં, પણ કેસર સાંભળવા તૈયાર નહોતી.

એણે જીદમાં પગ પછાડ્યા: 'ના, હું આ જ પહેરીને જવાની છું. જબરદસ્તી કરશો તો ફોન કરીને કહી દઈશ કે નથી આવતી.'

'તને હાથ જોડું બેટા, તું તો જાણે છે તારા બાપુનો ગુસ્સો... સરખાં કપડાં પહેરીને જાને...તને વાંધો શો છે?' શ્રદ્ધાબહેન લગભગ કરગરી રહ્યાં હતાં.

કેસરને અચાનક ખ્યાલ આવ્યો કે ઘરમાં કોઈ એની માની લાગણી સમજતું નહોતું. પોતે પણ નહીં... દેવરાજસિંહ એમની દુનિયામાં વ્યસ્ત રહેતા. સવારે આઠ-સાડા આઠે નીકળી જતા, તે ક્યારેક રાત્રે નવ વાગે તો ક્યારેક મોડી રાત્રે પાછા ફરતા. બંને વચ્ચે ભાગ્યે જ વાત થતી. ભાઈ માનું અપમાન કરવાની એક પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તક ચૂકતો નહીં અને પોતે પણ પોતાની જીદમાં માની લાગણી સમજવા તૈયાર નહોતી.

કેસરને માની દયા આવી ગઈ.

'સારું!' એણે પાસે ઊભેલી માના ગાલ પર હાથ મૂક્યો:

'મા, તું કહે તે પહેરીને જાઉં, બસ?'

'મારી ડાહી દીકરી...'

શ્રદ્ધાબહેને કેસરનાં કપડાંના ઢગલામાંથી એક આછા ગુલાબી રંગનો શિફોનનો કૂરતો અને ચૂડીદાર શોધી કાઢ્યાં. જરીનું કામ કરેલા આછા ગુલાબી દુપટ્ટા સાથેનું આ સલવાર-કમીઝ એક ડિઝાઇનર કલેક્શનમાંથી ખરીદ્યું હતું, પણ આજ સુધી કેસરે એને પહેરવાની દરકાર કરી નહોતી.

'આ???' કેસરે નાકનું ટીચકું ચડાવ્યું.

'તેં જ કહ્યું હતું કે હું કહીશ તે તું પહેરીશ.'

'ઓઓઓકે!'

કેસર પગ પછાડતી નહાવા જતી રહી.

*

ન્યૂ ઓબેરોયની કોફીશોપમાં કાચની વિશાળ બારી પાસે બેસીને દરિયો જોઈ રહેલો સોમલ મનોમન જાણે વીતેલાં વર્ષોની એક સફર કરી રહ્યો હતો.

કેસરને સાડા પાંચે મળવાનું હતું, પણ એ સાડા ચારનો અહીં આવીને ગોઠવાઈ ગયો હતો, એની ફેવરિટ બારી પાસે. કાચની આ બારી પાસેનું ટુ-સીટર ટેબલ એની ફેવરિટ જગ્યા હતી. એ ઘણી વાર અહીં આવીને એકલો બેસતો. ડ્રોઇંગ કરવા કે બીજાં ઘણાં કામો અહીં બેસીને પતાવવાં એને ગમતાં. પિતાની વિશાળ ઓફિસમાં એની ચેમ્બર હતી. ડ્રોઇંગ કરવાની વધુ સવલતો અને આસિસ્ટન્ટ્સ હતા, પણ તોય કોફીશોપનું આ ટેબલ એને વારંવાર અહીં ખેંચી લાવતું. આજે કેસરને મળવા માટે પણ એણે આ જ જગ્યા પસંદ કરી હતી.

જિંદગીનાં પાંચ જ વર્ષો પહેલાં–એ સ્વિત્ઝર્લેન્ડ ગયો તે પહેલાં એણે આ જ જગ્યાએ એની સ્કૂલની ગર્લફ્રેન્ડ સાથે બ્રેક-ઓફ કર્યું હતું...

બાર વર્ષનો પ્રેમસંબંધ...

આરોહી લગ્ન માટે જીદ કરતી હતી. એનો આગ્રહ હતો કે સોમલ જાય એ પહેલાં બંનેએ લગ્ન કરી લેવાં જોઈએ... સોમલ એ માટે તૈયાર નહોતો. ખાસ્સા ઝઘડા અને કકળાટ પછી આખરે બંને જણાએ બ્રેક-ઓફ કર્યું, જવાની આગલી સાંજે.

એ પછીનાં પાંચ વર્ષ સોમલની જિંદગીમાં સ્ત્રી કે છોકરી નામના પ્રાણી વિના વીત્યાં હતાં. એણે નક્કી કર્યું હતું કે હવે એ માત્ર કારકિર્દીનો વિચાર કરશે. એના માસ્ટર્સના કોર્સ દરમિયાન એને ગોલ્ડમેડલ મળ્યો હતો. એના દેખાવ અને લાઇફસ્ટાઇલને કારણે મીણબત્તી પર જેમ જીવડાં આવીને બળી મરે એમ છોકરીઓ એના પ્રેમમાં ઘાયલ થતી રહી, પણ સોમલે જાણે હૃદયના દરવાજા બંધ કરી દીધા હતા. મન અને શરીર બેઉની જરૂરિયાતોને જાણે ઠંડીગાર પાડી દીધી હતી.

મુંબઈ આવ્યા પછી પણ એક આખું વર્ષ છોકરીઓ જોવામાં વીત્યું. કોઈ વાર છોકરીને ઘરે, કોઈ વાર નિખિલ શ્રોફના ઘરે, કોઈ વાર ક્લબમાં તો કોઈ વાર કોઈક રેસ્ટોરાંમાં મિટિંગ્સ થતી રહી... પણ અહીં ફેવરિટ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જગ્યાએ લાવી શકાય એવી છોકરી એને મળી નહીં. દરેક વખતે છોકરીને મળ્યા પછી પોતાની અંદર કશુંક સળવળે, કશુંક જાગે એની સોમલ રાહ જોતો રહ્યો...

પણ એવું કશું જ, ક્યારેય બન્યું નહીં.

હા, કેસરને પહેલી વાર નવા એપાર્ટમેન્ટના ખાતમુહૂર્તમાં જોઈ ત્યારે સોમલની અંદર થીજી ગયેલી લાગણીઓમાં પહેલી વાર સળવળાટ થયો. એણે જેવી પત્નીની કલ્પના કરી હતી, કેસર લગભગ એ જ–એવી જ છોકરી હતી.

આજે કેસર આવે એના એક કલાક પહેલાં અહીં બેસીને સોમલ નક્કી કરી લેવા માગતો હતો કે એ કેસરને શું કહેશે... કઈ રીતે કહેશે...

જિંદગીમાં માંડ ક્યાંક ઠરવાનું મન થયું હતું એને. એ કોઈ પણ રીતે કેસરને ગુમાવવા તૈયાર નહોતો. કાચની બારીની પેલે પાર સામે ઊછળતા દરિયાની જેમ જ એના મનમાં પણ વિચારોનાં મોજાં ઊછળતાં હતાં. મરીન ડ્રાઇવના દરિયાની પાળી પર અથડાતાં મોજાંની જેમ એના વિચારો પણ અથડાઈને ફીણ ફીણ થઈ જતા હતા. એક કલાક ક્યાં પૂરો થઈ ગયો એને પોતાને પણ સમજાયું નહીં.

'હેલો...'

એણે સામે જોયું તો કેસર ઊભી હતી...

ગુલાબ રંગના શિફોનના સલવાર-કમીઝ એની ત્વચા સાથે જાણે ભળી જતાં હતાં. એના એકસરખા ગોઠવાયેલા સફેદ દાંત ચમકી રહ્યા હતા. ગળામાં અને કાનમાં પહેરેલા પિન્ક પર્લ્સ થોડા થોડા ચમકતા હતા,

...

'બેસું?' એણે પૂછ્યું.

'ઓ, પ્લીઝ...'

'આપણે થોડી સીધી વાત કરી લઈએ.

'હજી સોમલ એને કંઈ ખાવાપીવાનું પૂછે તે પહેલાં જ સામેની ચેરમાં ગોઠવાઈ જઈને કેસરે એકશ્વાસે પોતાની વાત કહેવા માંડીઃ

'હું કંઈ બહુ સારી પત્ની નહીં બની શકું. મને રાંધતાં નથી આવડતું. ઘર મૅનેજ કરતાં સહેજ પણ નથી આવડતું. અત્યંત અવ્યવસ્થિત અન-ઓર્ગેનાઇઝડ છું હું. આળસુ, જિદ્દી, તોછડી, ઝઘડાળુ...'

'શું પીશો?'

સોમલે એને વચ્ચે જ અટકાવી. સોમલના ચહેરા પર અજબ જેવું સ્મિત હતું. કોઈ નાનું બાળક સિન્ડ્રેલાની વાર્તા કહેતું હોય, એને સાંભળતી વખતે એક ટીચર કે વડીલના ચહેરા પર આવે એવું સ્નેહાળ સ્મિત.

'કોક વિથ લોટ ઓફ આઇસ...' કેસરે પાછી પોતાની વાત કહેવા માંડીઃ

'હા, તો મારામાં સહેજ પણ સમજદારી નથી. મારે મિત્રો નથી. ભાઈ સાથે ફાવતું નથી. ડાન્સ કરતાં આવડતું નથી, ક્લબ જતી નથી. સોશિયલ સર્કલમાં કઈ રીતે વર્તવું એ હું ક્યારેય શીખી શકી નહીં અને હા, ઇંગ્લિશ બહુ સારું નથી બોલતી.'

એ શ્વાસ લેવા થોભી એ વખતે સોમલે વેઇટરને બોલાવીને ઓર્ડર આપ્યો. પછી ફરીથી કેસરના ચહેરા પર નજર ઠેરવી. ભવાં ઉલાળીને એવા જ સ્મિત સાથે કહ્યુંઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બોલો, હું સાંભળું છું.’

‘ટૂંકમાં... તમે મારા વિશે કશું જાણતા જ નથી.’

‘જાણવા માગું છું. એટલે તો આપણે મળ્યાં છીએ.’

સોમલ હજુ પણ શાંત અને સ્વસ્થ હતો. એના ચહેરા પરનું સ્મિત એને વધારે હેન્ડસમ, વધારે કાતિલ બનાવતું હતું. એનું સ્મિત કહી રહ્યું હતું કે એ કેસરની એક પણ વાત માનતો નથી. એની આંખોમાં તોફાન હતું, હવે એ તોફાનમાં કેસર માટેનું આકર્ષણ ભળતું જતું હતું.

‘આનાથી વધારે શું જાણશો?’

નિર્દોષ ચહેરા સાથે કેસર આગળ બોલતી રહી:

‘જાણીને પસ્તાશો. એના કરતાં કોઈ સારી, સ્માર્ટ છોકરી શોધો.’

‘પતી ગયું?’

સોમલે સંયત અવાજે પૂછ્યું. એ જ વખતે વેઇટર છેક ટોપ સુધી ભરેલા આઇસ ક્યુબવાળો ગ્લાસ અને કોકની બોટલ લઈને આવી પહોંચ્યો. એણે સોમલની તરફ આઇસ ટી અને આઇસ ક્યુબવાળો ગ્લાસ કેસર સામે ગોઠવ્યો. એમાં કોક રેડ્યું. બરફની વચ્ચે થઈને નીચે સુધી પહોંચતી કોકોકોલાની ધારાઓને સોમલ જોતો રહ્યો:

‘આ કોક જુઓ છો? આટલા બધા બરફની વચ્ચે પણ એ પોતાનો રસ્તો કરી લે છે.’

‘તો?’

બેફિકર કેસરે સરી પડતા દુપટ્ટાને સરખો કરવાની ફિકર કર્યા વિના પૂછ્યું.

‘હું પણ તમારી આ બધી ગરબડની વચ્ચેથી રસ્તો કરી લઈશ.’

‘એટલે તમે મારી સાથે હજી પરણવા જ માગો છો?’

‘હા.’

સોમલે ટેબલ પર મુકાયેલા કેસરના હાથ પર પોતાની હથેળી ગોઠવી:

‘હું તમારી જ સાથે પરણવા માગું છું અને મને ખાતરી છે કે હું તમારી સાથે જ પરણીશ.’

આ છોકરાનો આત્મવિશ્વાસ જોઈને કેસર ડઘાઈ ગઈ:

‘દુ:ખી થશો.’

‘સુખી કરીશ! પછી તો વાંધો નથી ને?’

સ્મિત ત્યાં જ, એમ જ અકબંધ હતું.

‘પણ તમને શું ફાયદો થશે?’

‘હવે તો તમારો ફાયદો એ જ મારો ફાયદો...’

‘મારે લગ્ન જ નથી કરવાં.

કેસરે હથિયાર નાખી દેતાં સત્ય જણાવ્યું.

‘જુઓ, તમારાં માતા-પિતા તમને પરણાવ્યા વિના છોડશે નહીં. એટલે જો મરવાનું જ હોય તો સોમલ નામનું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સ્મશાન શ્રેષ્ઠ છે એમ માનીને કરી નાખો કંકુના.'

કેસર નવાઈથી એની સામે જોતી રહી. આ માણસ કોઈ રીતે સમજે એમ નહોતો એટલું એ પોતે સમજી ગઈ.

હજી આગળ કંઈ વાત થાય કે કેસર કશું કહી શકે એ પહેલાં સોમલે પોતાનો સેલ ઉપાડ્યો અને એક સ્પીડ નંબર ડાયલ કર્યોઃ

'મોમ... કેસરે હા પાડી છે.'

'વ્હોટ?' શ્વેતાનો અવાજ ઉશ્કેરાટ અને આનંદમાં ભીંજાઈ ગયો.

'તું એનાં મમ્મી-પપ્પાને ફોન કરીને વાત કરી લે. નેક્સ્ટ મન્થનું મુહૂર્ત કઢાવ. અમારે બંનેએ જલદી પરણી જવું છે.' એણે ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો.

કેસર પહોળી આંખે એની સામે જોઈ રહી હતીઃ

'અરે, મેં હા નથી પાડી...'

'હવે તો મારો નિર્ણય એ જ તમારો નિર્ણય...'

જાળમાં ફસાયેલી માછલીની જેમ કેસર તરફડી રહી હતી. જાળ પાણીમાં હતી ત્યાં સુધી તો ઠીક છે, જે મિનિટે જાળ પાણીની બહાર નીકળે એ મિનિટે માછલીનું મૃત્યુ નક્કી હતું.

એણે મનોમન ગાંઠ વાળી લીધીઃ

બહુ દાદાગીરી કરશેને તો આપઘાત કરીશ.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 3

અરે, પણ મેં લગ્નની હા નથી પાડી!

સામે બેઠેલા સોમલે જ્યારે એની મોમને ફોન કરીને કહી દીધું કે કેસર મૅરેજ માટે તૈયાર છે ત્યારે ક્ષણભર અવાક બની ગયેલી કેસર આવું બોલી ઊઠી હતી...

'મેં એવું કંઈ નક્કી નથી કર્યું. તમે તમારાં મમ્મીને ફોન કરીને ભૂલ કરી છે, કારણ કે હું બાપુને જઈને કહેવાની છું કે...'

'ત્યાં સુધીમાં તો મારી મોમ તારા ડૅડને ફોન કરી દેશે!'

'આ તો જબરદસ્તી છે.'

'છે... સીધી રીતે ના માને એના પર જબરદસ્તી કરવી પડે. મારું નામ સોમલ શ્રોફ છે. આજ સુધી મને ના પાડવાની, મારા ચાર્મને નકારવાની કોઈ છોકરીની તાકાત નથી.'

'યાર, તમારું મગજ ખરાબ થઈ ગયું છે...!'

રાબેતા મુજબની પોતાની અલ્લડ સ્ટાઇલમાં આટલું સોમલને સીધેસીધું સંભળાવી દીધા પછી કેસરને ભાન થયું એટલે એણે પોતાની જબાન સંભાળી:

'સોરી, આઈ મીન... હું તમને ક્યારની સમજાવું છું કે મારે લગ્ન જ નથી કરવાં, ત્યાં તમે...'

'સ્વીટહાર્ટ, મારે એટલું જ જાણવું હતું કે તું કોઈ બીજાના પ્રેમમાં નથી ને? મારે કોઈની જિંદગી બગાડીને મારી નથી સુધારવી. ધેટ્સ ઇટ... બાકી જો તું કોઈના પ્રેમમાં ન હોય તો મારા પ્રેમમાં પાડતાં મને વાર નહીં લાગે. ડોન્ટ વરી, ધીરેધીરે પ્રેમ તો થઈ જશે તને.'

કેસર પહોળી આંખે આ માણસના અહમ્ને જોઈ રહી.

'સોમલ, તમે પ્લીઝ, મને સમજવાનો પ્રયત્ન કરો. મારી બીજી જવાબદારી છે. અત્યારે લગ્ન મારા માટે અગત્યનાં નથી.'

'તારી ઉંમરે દરેક છોકરીને આવું જ થાય. મારાથી આઠ વર્ષ નાની છે તું! સમજી શકું છું કે હજી લગ્નનો વિચાર પણ નહીં હોય તારા મનમાં, પણ મોટી ઉંમરે સમાધાન કરીને નહીં ગમતા છોકરા સાથે લગ્ન કરવાં એના કરતાં બેસ્ટ લાઇફ પાર્ટનર મળે છે તો ખોટું શું છે?'

'બેસ્ટ કે ખરાબ, મારે લગ્ન જ નથી કરવાં એ વાત તમે સમજતા કેમ નથી?'

કેસરના અવાજમાં હવે અકળામણ હતી.

'અરે, પણ તું કેમ નથી સમજતી કે મારે લગ્ન કરવાં છે, હું લગ્ન કરીશ અને તારી જ સાથે કરીશ. હવે આમાં ખુદ ઈશ્વર પણ કોઈ ફેરફાર નહીં કરી શકે.'

કેસરને ઇચ્છા થઈ કે સોમલને એક તમાચો ફટકારીને ચાલતી પકડે, પણ સવારે બાપુએ કહેલું એ વાક્ય રહી રહીને એના મનમાં ઘુમરાતું હતું:

મારો ધંધો, મારી આબરૂ ને મારી જબાનની કિંમત બધુંય તારા હાથમાં છે.

એ વખતે બાપુની આંખોમાં જે વિનંતી હતી એને કેસર ભૂલી શકતી નહોતી. નિખિલ શ્રોફના સ્વભાવ અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કિન્નાખોરીથી કેસર પણ પરિચિત તો હતી. બિઝનેસ વર્તુળોમાં થતી વાતચીત અને મીડિયામાં આવતા સમાચાર એના કાને પણ પડ્યા જ હતા. પિતાના કરોડો રૂપિયા જુહૂના અપાર્ટમેન્ટ પ્રોજેક્ટમાં દાવ પર લાગ્યા હતા. આવા સમયમાં સોમલનું અપમાન કરીને એ મોટો હોબાળો કરવા માગતી નહોતી. એ સોમલની સામે જોઈ રહી હતીઃ

આ ચક્રમને કઈ રીતે સીધો કરવો.

બરાબર એ જ વખતે ત્યાં ટાઇમ્સ ઓફ ઇન્ડિયાનો એક પ્રેસ ફોટોગ્રાફર ન્યૂ ઓબેરોયમાં દાખલ થયો. કેસર અને સોમલને સાથે બેઠેલાં જોઈ એ નજીક આવ્યો. સોમલ એને નામથી ઓળખતો હતો, બંનેએ હાથ મિલાવ્યા.

ફોટોગ્રાફર ત્યાં ઊભો રહી સોમલ સાથે વાત કરી રહ્યો હતો. એની નજર અચાનક કેસર પર પડી. એણે ધ્યાનથી કેસરને જોઈ.

‘આ મારી ફિયાન્સે છે. દેવરાજસિંહ ઝાલાની દીકરી... કેસર.’

સોમલે વગર પૂછ્યે માહિતી આપી. કેસરનું મગજ ફાટફાટ થવા માંડ્યું.

‘કોન્ગ્રેચ્યુલેશન્સ, મૅડમ.’ પેલાએ હાથ લંબાવ્યો. કેસરે બે હાથ જોડ્યા. પેલાએ સોમલને પૂછ્યુંઃ

‘મેં આઈ ટેઇક વન સ્નેપ... ?’

‘શ્યોર.’ સોમલે સ્મિત કર્યું. કેસર હજુ કંઈ સમજે-બોલે-ના પાડે એ પહેલાં તો પેલાએ ફ્લેશના અજવાળામાં બંનેને રંગી નાખ્યાં. કેસર અકળાઈને ઊભી થઈ ગઈ. સોમલ પણ ઊભો થયો. નજીક આવીને કેસરના ખભે હાથ મૂક્યોઃ

‘ઇટ્સ ઓ.કે. સ્વીટહાર્ટ.’

કેસરે ઘણો પ્રયત્ન કર્યો કે સોમલની પકડમાંથી એનો ખભો છોડાવે, પણ પેલાએ ચીલઝડપે પાંચ-છ વાર ક્લિક કરી નાખ્યું.

‘થેન્ક્સ!’ સોમલે હાથ મિલાવી ફોટોગ્રાફરનો આભાર માન્યો.

‘આ અમારા બંનેની ફર્સ્ટ ‘ટુ-ગેધર’ ફોટોસેશન છે. મને આની કોપી મળશેને?’

‘શ્યોર, સર.’ ફોટોગ્રાફરે સોમલનો આભાર માની નીકળી ગયો.

હવે કેસરના ક્રોધની સીમા ના રહી.

‘શું કરો છો તમે?’

‘બધું પાકું કરું છું. એવી પરિસ્થિતિ ઊભી કરવા માગું છું કે તારી પાસે પાછા જવાની જગ્યા જ ના રહે.’

‘હું આપઘાત કરીશ, પણ તમારી સાથે લગ્ન નહીં કરું એટલું યાદ રાખજો.’

એટલું કહીને પગ પછાડીને રોષભેર કેસર ત્યાંથી નીકળી ગઈ. સોમલ હસતો રહ્યો.

આ તરફ, દેવરાજસિંહ ઝાલાની ખુશીનો પાર નહોતો. એમણે આખા સ્ટાફ માટે આઇસ્ક્રીમ મંગાવ્યો. બીજા જ અઠવાડિયે બહુચરાજી જઈને સાડી ચડાવવાનું પ્લાનિંગ કરી નાખ્યું.

શ્રદ્ધાબહેને પતિ સાથે વાત પૂરી કરીને દીકરાને ફોન જોડ્યો, અભિમન્યુનો અવાજ લથડતો હતોઃ

‘બોલ મધર ઇન્ડિયા.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અભિ... આપણી કેસરે લગ્ન માટે હા પાડી દીધી.’

‘બહુ સરસ! હવે બને એટલી વહેલી વિદાય કરો એટલે છાતી પરથી ભાર જાય.’

‘આવું શું બોલતો હોઈશ? બહેન છે તારી...’

‘દુશ્મન છે દુશ્મન! સગા ભાઈની લાગણી સમજતી નથી. પેલા ખડુસ બુઢ્ઢાનો પક્ષ લઈ મારી સાથે ઝઘડે છે ત્યારે ભૂલી જાય છે કે એ તો ઊપડી જશે વહેલોમોડો. હું જ છું ઝાલા કુટુંબનો વારસદાર... જો મારી સાથે સારો સંબંધ રાખશે તો જ આ ઘર એને માટે ખુલ્લું રહેશે.’

‘હવે આવું બધું તારા બાપુ સામે ના બોલીશ.’

શ્રદ્ધાબહેનને થોડું ટેન્શન થઈ ગયું:

‘સાંજે નિખિલ શ્રોફના ઘરે ડિનર માટે જવાનું છે. વહેલો આવજે, અને પ્લીઝ, શાંતિ રાખજે.’

ઘરમાં સારા પ્રસંગની તૈયારી થતી હોય એની શરૂઆત બાપ-દીકરાના ઝઘડાથી ન થાય તો સારું.

એમણે ફોન મૂક્યો. ઘરમંદિર પાસે જઈને હાથ જોડ્યા:

‘હે પ્રભુ! આ છોકરી હેમખેમ–હસતીહસતી એના ઘેર પહોંચી જાય પછી મારી આંખ બંધ થઈ જાય તોય મને વાંધો નથી.’

*

સોમલે માને ફોન કર્યો, શ્વેતાએ નિખિલને, નિખિલે દેવુભાને અને દેવુભાએ શ્રદ્ધાને... સૌ ખુશખુશાલ હતાં. સાથે ડિનર કરવાનું નક્કી કરીને નિખિલે ફોન મૂક્યો ત્યારે એના મનમાં સહેજ કચવાટ હતો, પણ દીકરાની ખુશી એને માટે પોતાની મહત્ત્વાકાંક્ષા કરતાં સો ટકા અગત્યની હતી.

‘સની બોય...’

એણે ખુશીથી છલકાતા અવાજે સોમલને ફોન લગાવ્યો:

‘આખરે ઊડતું પંખી પાડ્યું, એમ ને?’

‘પંખી પડ્યું એ વાત સાચી, પણ હજી તરફડે છે. ઊડવા માગે છે...’

‘એનો વાંધો નહીં. સ્ત્રીઓ તો આખી જિંદગી તરફડ્યા જ કરે. લગ્ન નામના પાંજરાની સલામતી જોઈએ તોય રોજ પાંજરું તોડીને ઊડી જવાનાં સપનાં પણ જોયાં જ કરે.

સોમલ હસ્યો: ‘આમ પણ શરણે આવી જાય, હથિયાર નાખી દે, દાસી બની જાય એવી સ્ત્રીમાં મને બહુ રસ નથી પડતો. શિકાર કરીને ખાવાની જે મજા છે...’

નિખિલ શ્રોફ પણ જોરથી હસ્યો:

‘તું બિલકુલ મારો દીકરો છે, નખશિખ...’

એ પછીના થોડા કલાકો સોમલે ઉત્તેજનામાં અને કેસરે ઉદ્વેગમાં ગાળ્યા.

ન્યૂ ઓબેરોયથી નીકળીને સોમલ સીધો ઘરે ગયો. થોડી વાર સ્ક્વોશ રમી, સ્ટીમ લીધી. પછી બાથટબમાં લવેન્ડર ઓઇલનાં થોડાં ટીપાં નાખી હૂંફાળાં પાણીમાં લંબાવ્યું. કેની-જીનું સેક્સોફોન મ્યુઝિક સિસ્ટમ પર રોમૅન્ટિક સૂર છેડી રહ્યું હતું. સોમલ આંખો મીંચીને કેસરના વિચારોમાં ખોવાઈ ગયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આ તરફ કેસર, ઓબેરોયથી નીકળીને સીધી વિદ્યા પાસે ગઈ. ધડાધડ બધી વાત કહી નાખીને પછી એણે બળાપો કાઢ્યોઃ

'પેલો સા... કંઈ સાંભળવા જ તૈયાર નથી.'

'હાઉ રોમેન્ટિક! કાશ, નીલાંગ આવો હોત...'

'તારે જોઈએ છે? હું આપી દેવા તૈયાર છું. મફતના ભાવે.'

'પણ એને તો તું જ જોઈએ છે.'

વિદ્યાએ મજાક કરી. કેસર ઊભી થઈને વિદ્યાને વળગી પડી. એના સ્વરમાં આકુળતા હતીઃ

'પ્લીઝ, મને આમાંથી બચાવ. મારે લગ્ન જ નથી કરવાં.'

'કેસર, હવે તો શરણાઈ વાગવા માંડી. અક્કલ વગરની વાતો બંધ કર.'

'કોઈ મને સીરિયસલી લેતું જ નથી.'

કેસરે ઊંડો શ્વાસ લઈને વિદ્યાની આંખોમાં જોયુંઃ

'એણે મારો હાથ પકડ્યો ને તો મને કંઈક થઈ ગયું.'

'મૂર્ખી, એને જ પ્રેમ કહેવાય. કોઈ અડે ને કંઈ કંઈ થઈ જાય...'

વિદ્યાએ આંખો બંધ કરીઃ

'તને ખબર છે? પહેલી વાર નીલાંગે મને કિસ કરી ત્યારે મને લાગેલું કે હું બેભાન થઈ જઈશ. આખા શરીરમાં લોહી ગરમ ગરમ થઈ ગયેલું. વીજળીનો ખુલ્લો વાયર હાથમાં આવી જાય એવું કશુંક... હું ગાડીની સીટ પર માથું ઢાળીને કેટલીયે વાર સુધી આંખ બંધ કરીને પડી રહેલી.'

'આ વાત તેં મને પાંચમી વાર કહી.'

કેસરના અવાજમાં ચીડ અને કંટાળો હતાં... કદાચ થોડી ઈર્ષ્યા પણ. વિદ્યા વારંવાર નીલાંગની વાતો કરે કે એની સાથેના અંગત પ્રસંગો કેસરને કહ્યા કરે ત્યારે કેસરને લાગતું કે એની એકમાત્ર સહેલી હવે બીજાની થઈ રહી છે. વિદ્યાની આવી વાતો એને સાંભળવી બહુ ગમતી નહીં.

'તું પણ કહીશ, પાંચ નહીં, પચીસ વાર...'

'એક પણ વાર નહીં કહું. કિસ કરવા જ નહીં દઉં. છી!'

કેસરે ખભા ઉલાળ્યા. પિન્ક રંગના સલવાર-કમીઝ અને પિન્ક પર્સ સાથે એ બાર્બી ડોલ જેવી દેખાતી હતી.

'કેટલી સુંદર છે તું!'

વિદ્યાએ અહોભાવથી કહ્યુંઃ

'આમ ને આમ તો જિંદગી પૂરી થઈ જશે. છેક સ્કૂલથી તું આવી જ છે... કમ ઓન, કેસર! હવે તો બદલાવું જ પડશે.'

સ્કૂલમાં બીજી છોકરીઓ જ્યારે છોકરાઓની વાતો કરે કે એમની તરફ જોયા કરે એવા સમયે કેસર છોકરાઓ સાથે ધિંગામસ્તી કરતી. જે છોકરાઓ સાથે વાત કરવા માટે છોકરીઓ જાતજાતનાં બહાનાં કાઢતી એ છોકરાઓને કેસર ધબ્બા મારીને વાતો કરતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જ્યારે કોઈ છોકરો એના તરફ આગળ વધે, એને પોતાના આકર્ષણની વાત કહેવાનો પ્રયત્ન કરે ત્યારે કેસર એની મજાક ઉડાવતી, અપમાન કરતી અને પછી એનાથી દૂર ભાગતી.

વિદ્યા આ વાત ખૂબ સારી રીતે જાણતી હતી, પણ એને લાગતું હતું કે સમય જતાં કેસર પણ બદલાશે.

આજે કેસર જે રીતે વર્તી રહી હતી એ જોતાં વિદ્યાને લાગ્યું કે કેસર હજી પણ સ્કૂલમાં ભણતી એ જ નાનકડી બાળકી હતી. એને સ્ત્રીના શરીર વિશે, પ્રેમ વિશે કોઈ સમજ હજી સુધી આવી જ નહોતી કે શું?

'જોજે, એવું ગાંડપણ કરતી...'

વિદ્યાએ બંને હાથે એનો ચહેરો પકડ્યો. એની આંખોમાં જોયું:

'આમ જોશે તને. ધીમેથી નજીક લાવશે. હોઠ પર હોઠ મૂકશે...'

વિદ્યા કહી રહી હતી ત્યારે એ ધીમે ધીમે નજીક આવતી જતી હતી. એના હોઠ કેસરના હોઠથી એકાદ આંગળ દૂર રહી ગયા હતા. વિદ્યાના શ્વાસ કેસર અનુભવી શકતી હતી. વિદ્યાની આંગળીઓ કેસરના ગાલને સ્પર્શી રહી હતી... કેસર જાણે થોડીક ક્ષણો માટે પોતાનો અણગમો ભૂલીને એ પળના નશામાં ડૂબી ગઈ. કેસરના આખાય શરીરમાં એક ક્ષણ માટે હળવો રોમાંચ થયો. પછી એણે ઝાટકો મારીને જાતને છોડાવી લીધી.

'તું આવી બધી વાતો નહીં કર. મને નથી ગમતું. પુરુષ અડે, કિસ કરે, મારા શરીરના અમુક ભાગોને સ્પર્શે...'

કેસરના ચહેરા પર ભયાનક અણગમો તરવરી રહ્યો:

'મારાથી સહન જ નહીં થાય. એટલે જ મારે લગ્ન નથી કરવાં.'

'આ વાત તેં શ્રદ્ધામાસીને કહી છે?' વિદ્યા અચાનક ગંભીર થઈ ગઈ.

'કેવી રીતે કહું? આવી વાત તે કંઈ મા-બાપ સાથે થાય?'

'કેમ ના થાય? તું મન ખોલીને એમને કહીશ જ નહીં તો એ તારી વાત સમજી નહીં શકે.'

વિદ્યાએ વધુ ગંભીરતાથી કેસરને કહ્યું:

'તારે કોઈ ડૉક્ટરને બતાવવું જોઈએ.'

'વ્હોટ, ડોકટરને?'

'હા, મગજના ડૉક્ટરને, મનના ડૉક્ટરને...'

વિદ્યા બે વર્ષ મોટી હતી. કેસરના જ ક્લાસમાં ભણતી હતી, કારણ કે એક વર્ષ માંદગીમાં અને એક વર્ષ નાપાસ થવાને કારણે એ પોતાની ઉંમરની છોકરીઓ કરતાં બે વર્ષ પાછળ હતી:

'તારી ઉંમરની છોકરીને સોમલ જેવા છોકરાને જોઈને કંઈ થાય જ નહીં તો એનો અર્થ છે કે જરૂર કંઈ પ્રોબ્લેમ છે.'

'પ્રોબ્લેમ... વ્હોટ પ્રોબ્લેમ?'

કેસર ભણેલીગણેલી હતી. સજાતીય-વિજાતીય સંબંધો કે શરીરની ખૂબ-ખામી વિશે ન સમજી શકે એટલી અણસમજુ કે નાદાન નહોતી જ

'વિદ્યુ, તને સાચું કહું? હું જેટલી વાર આવો કંઈ વિચાર કરવાનો પ્રયત્ન કરું છું એટલી વાર આઠમા ધોરણનો આપણો ક્લાસ ટીચર...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આટલું બોલતાં બોલતાં તો કેસરનો ચહેરો ગુસ્સામાં તમતમી ગયો, એના શ્વાસ તેજ ચાલવા માંડ્યા, આંખો ફરી ગઈઃ

'મને એ મયંક જોશી યાદ આવે છે, ત્યારે મને આ શરીર... મારા છોકરી હોવા પર નફરત થઈ જાય છે.'

'ભૂલી જા એ વાત, કેટલાં વરસ થયાં?'

'હું મરીશ ત્યાં સુધી નહીં ભૂલી શકું. ગંદો, સાલ્લો!'

એણે વિદ્યાને હાથ પકડીને હચમચાવી નાખીઃ

'તેં કેમ મને એનું ખૂન ના કરવા દીધું? આજે પણ રાત્રે ઊંઘમાં હું એનું ગળું દબાવતી હોઉં એવાં સપનાં આવે છે મને...'

'કેસર!' વિદ્યાએ ધીમે ધીમે એની પીઠ પર, એના ખભા પર હાથ ફેરવવા માંડ્યોઃ

'તેં માર્યોને એને? કેટલો બધો માર્યો હતો... ખો ભૂલી ગયો હશે...'

'તો પણ...' કેસરના દાંત ભીંસાઈ ગયાઃ

'મારે તો એને મારી જ નાખવો હતો.'

કેસરનું આખું શરીર ધ્રૂજતું હતું.

'અહીં...'

એણે પોતાના સ્તનયુગ્મ પર હાથ મૂક્યોઃ

'અહીં હાથ ફેરવતો હતો મને. આખા શરીર પર...'

કેસર એટલા બધા આવેશમાં હતી કે એણે ભીંતમાં મુક્કા મારવા માંડ્યાઃ

'આજે પણ એનો વિચાર આવે છે ને તો હું મારી જાતને કન્ટ્રોલ નથી કરી શકતી.'

'એનું હવે શું છે? પ્લીઝ, ભૂલી જા...'

'નથી ભૂલી શકતી, પુરુષના વિચાર સાથે એ મયંક જોડાઈ ગયો છે. નફરત થઈ ગઈ છે મને આ શરીરથી... પુરુષના સ્પર્શથી...'

કેસર ધ્રૂસકાં ભરવા માંડી. બંને હાથે ચહેરો ઢાંકી દીધો. દીવાલના ટેકે નીચે બેસી ગઈ. કોઈ અંગત સ્વજનનું મૃત્યુ થયું હોય ત્યારે માણસ પોક મૂકીને રડે એમ રડવા માંડી. ક્ષણભર પહેલાંનો આવેશ ઓગળીને પીડા બની ગયો.

એ ક્યાંય સુધી રડતી રહી. વિદ્યા ધીમે ધીમે એના ખભા પર, એની પીઠ પર હાથ ફેરવતી રહી...

આખરે થાકીને કેસર એના ખોળામાં જ માથું મૂકીને આડી પડી ગઈ. વિદ્યા હળવે હળવે એના વાળમાં હાથ ફેરવતી રહી. એક ગંભીર મૌનનું વજન બંનેના ખભે હતું. આ મૌન તોડવાની પહેલ કોણ કરે એ બેમાંથી કોઈને નહોતું સમજાતું.

મયંક જોશી–એમના આઠમા ધોરણના વર્ગશિક્ષકે ગણિતના એક્સ્ટ્રા ક્લાસના નામે કેસરને રવિવારે સ્કૂલમાં બોલાવી હતી. વિદ્યા વગર ક્યાંય નહીં જનારી કેસર સ્કૂલમાં પહોંચી ત્યારે વિદ્યા નહોતી પહોંચી હજી. મયંકને ખબર નહોતી કે કેસરે એની સહેલીને પણ બોલાવી છે...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તેર વર્ષની નાનકડી કેસરના શરીર સાથે મયંકે છૂટ લેવા માંડી ત્યારે એણે ચીસ પાડવાનો પ્રયત્ન કર્યો, પણ એના મોઢા પર હાથ દબાવીને મયંક સરના હાથ એના શરીર પર ઝડપથી ફરવા માંડ્યા.

હેબતાઈ ગયેલી કેસર કશું કરે તે પહેલાં મયંકે અચાનક વિદ્યાને જોઈ. એનો ઉન્માદ ઓસરી ગયો. મયંક જેવો સહેજ ડર્યો કે કેસર તૂટી પડી પેલા પર! પોતાનો કંપાસ બોક્સ એના માથામાં માર્યા પછી લાતો-મુક્કા અને ડસ્ટરથી માર્યો. પકડાઈ ગયેલા મયંકે માર ખાઈ લીધો. એણે કેસરને છોડી તો દીધી, પણ સાથે સાથે ધમકી આપીઃ

'જો મારી વાત કોઈને કરી છે તો સ્કૂલમાંથી કઢાવીશ. તારા પપ્પાને બોલાવીને કહીશ કે તું છોકરા સાથે ક્લાસરૂમમાં એકલી પકડાઈ હતી...'

નાનકડી ગભરુ છોકરી ઘરમાં કોઈને કશું કહી શકી નહીં. પંદર વર્ષની વિદ્યાએ એને સધિયારો અને આશ્વાસન તો આપ્યાં, પણ આવી પરિસ્થિતિ સામે લડવાની નૈતિક હિંમત આપી શકી નહીં.

એ દિવસથી આજ સુધી કેસરના મન પર આ ઘટનાના કાળા ઓળા સમય સમયાંતરે મંડરાતા રહેતા...

આજે ફરી એક વાર તિરસ્કારનાં, ઘૃણાનાં અને એ શરમજનક ઘટનાનાં વાદળ ઘેરાયાં હતાં. જ્યારે જ્યારે કેસર કોઈ છોકરો જોવા જતી ત્યારે ત્યારે સામે બેઠેલા છોકરામાં એને મયંકનો પડછાયો દેખાતો અને એક યા બીજા બહાને એ લગ્ન નકારીને ભાગી છૂટતી.

કેસર એની સહેલીના ખોળામાં માથું મૂકીને સૂતી હતી ત્યારે એના સેલફોનની રિંગથી ચોંકી ઊઠીઃ

'હા મા...'

'બેટા, આપણે સાંજે નિખિલ શ્રોફને ત્યાં ડિનર માટે જવાનું છે. તું અને સોમલ સીધાં આવશો કે...'

શ્રદ્ધાબહેન માનતાં હતાં કે કેસર હજી સોમલની સાથે જ છે.

'સોમલ તો ક્યારનો ગયો. હું વિદ્યાના ઘરે છું.'

'તો પછી ઘરે આવ બેટા, સરખી તૈયાર થઈને...' શ્રદ્ધાબહેને અચકાતાં અચકાતાં કહી તો નાખ્યુંઃ

'આપણે પહેલી વાર તારા સાસરે જવાનું છે. સરખાં કપડાં-દાગીના પહેરીને...'

ઘડીભર પહેલાંનો ક્રોધ ફરી ઊછળી આવ્યોઃ

'કેવું સાસરું ને કેવી વાત? આ શું લઈ મંડ્યાં છો બધાં... મેં સોમલને હા પાડી જ નથી.'

'શું વાત કરે છે?'

શ્રદ્ધાબહેનનો અવાજ ધ્રૂજી ગયો. દેવરાજસિંહ ઝાલા તો મુહૂર્ત જોવડાવવા પહોંચી ગયા હતા. એમની ઇચ્છા હતી કે આજે જ લગ્નની તારીખ ફાઇનલ કરી નાખવામાં આવે તો તૈયારી કરવામાં સરળતા રહે. કેસરની વાત સાંભળીને શ્રદ્ધાબહેનના પગ નીચેથી જમીન સરકવા માંડીઃ

'તો પછી આ બધું...? મારા પર તો તારા બાપુનો જ ફોન આવ્યો હતો.'

'મૂરખ છે સોમલ, બધું એણે જ સળગાવ્યું છે. મારી પૂરી વાત સાંભળ્યા વિના એની માને ફોન કરી દીધો.'

'હશે બેટા, જે થવાનું હતું તે થઈ ગયું. એ છોકરો કે એ લોકો ખોટાં નથી. ઈશ્વરની આ જ ઇચ્છા હશે એમ માની લે.'

'તેલ પીવા ગયો તમારો ઈશ્વર ને પેટ્રોલ પીવા ગઈ એની ઇચ્છા. હું આની સાથે લગ્ન નહીં કરું એટલે નહીં જ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરું... સમજે છે શું એના મનમાં?'

'બેટા, સહેજ તો સમજ. આટલું બધું થયા પછી કયા મોઢે ના પાડીશું? શું કહીશું? ગેરસમજ થઈ હતી એવું થોડું કહેવાય?'

'કહી દો કે કેસર મરી ગઈ... એણે આપઘાત કર્યો.

કેસરે ફોન કટ કરીને પછાડ્યો. મા-દીકરીનો સંવાદ સાંભળી રહેલી વિદ્યાએ ફરીથી કેસરને સમજાવવા માંડી. બીજી તરફ, કેસરની વાત સાંભળીને શ્રદ્ધાબહેનને છાતીમાં દુખાવો અને ગભરામણ થવા માંડી.

*

નિખિલ શ્રોફના બંગલામાં ચહલપહલ હતી. શ્વેતાએ નોકરોની ફોજને કામે લગાડી હતી. ડાઇનિંગ રૂમની સજાવટ નવેસરથી કરવામાં આવી રહી હતી. ટેબલની ગોઠવણ બદલવામાં આવી હતી. ડાઇનિંગ ટેબલ ઉપરના વિશાળ એન્ટિક ઝૂમ્મરને બે ફૂટ જેટલું નીચે ઉતારવામાં આવ્યું હતું. જૂનાં–પેઢી દરપેઢી ચાલી આવતાં ચાંદીનાં વાસણો અને ડિનર સેટ બહાર કઢાવીને પોલિશ કરાઈ રહ્યાં હતાં.

લાંબુ-ચૌડું વાનગીઓનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. સ્વરોસ્કીના ક્રિસ્ટલ ગ્લાસ અને ડ્રિન્ક માટેની ચાંદીની ટ્રોલી તૈયાર કરાઈ હતી.

મહેમાનોના સ્વાગત માટેની બધી તૈયારી બરાબર ચેક કરીને શ્વેતા શ્રોફ પોતાના રૂમમાં જઈ રહી હતી ત્યારે એણે સોમલના રૂમનો દરવાજો થોડોક ખુલ્લો જોયો.

બાથરોબ પહેરીને ઊભેલો સોમલ એના રૂમની એક તરફની વિશાળ ગ્લાસની બારીમાંથી દરિયો જોઈ રહ્યો હતો... એના હાથમાં ગરમ કોફીનો કપ હતો. ભીના વાળ એના ચહેરા પર ઝળૂંબતા હતા. ટરકોઈશ બ્લૂ રંગના એના ટૂંકા બાથરોબની પીઠ પર વિશાળ ડ્રેગોન ચીતરેલો હતો... બાથરોબમાં સોમલના પહોળા ખભા થોડા વધુ પહોળા લાગતા હતા. કોઈ ફૂટબોલ ખેલાડી જેવા એના કસાયેલા પગ અને ઘૂંટણ ગ્રીક શિલ્પ જેવા સપ્રમાણ દેખાતા હતા.

'કોનો વિચાર કરે છે?'

શ્વેતાએ એના રૂમમાં જઈને દીકરાને ચોંકાવ્યો. સામાન્ય રીતે એમના ઘરમાં દરવાજો નોક કરીને દાખલ થવાની પ્રથા હતી. ગર્ભશ્રીમંતાઈના સંસ્કારોને કારણે ભાગ્યે જ કોઈ એકબીજાના રૂમમાં આવી રીતે દાખલ થતું. ડાઇનિંગ ટેબલ પર, સ્વિમિંગ પુલ પાસે, ડ્રોઇંગ કે લિવિંગ રૂમમાં 'વાત' કરવાની પ્રથા હતી આ ઘરમાં!

'મોમ!'

સોમલના ચહેરા પર સ્મિત આવી ગયું. એ હસતો ત્યારે વધુ હૅન્ડસમ દેખાતો, કારણ કે એના હોઠ જ નહીં, એનો આખો ચહેરો, એની આંખો પણ એના સ્મિત સાથે હસી ઊઠતી:

'હું તમારો જ વિચાર કરતો હતો.'

'જુઠ્ઠો...' માએ નજીક આવીને દીકરાના ભીના વાળમાં હાથ ફેરવ્યો.

'ખરેખર! હું હમણાં તમને મળવાનો જ હતો.'

સોમલે સહેજ નીચા નમીને બંને હાથે શ્વેતાના ખભા પકડ્યા:

'તમે કેસરને શું આપવાનાં છો આજે?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘છેને! બિલકુલ તારા બાપનો દીકરો છે.’ શ્વેતાએ દીકરાની આંખોમાં જોયું:

‘સાવ મતલબી!’

‘આજે ડૅડ પણ આવું જ બોલ્યા.’ સોમલ હસી પડ્યો:

‘લગ્નના ત્રણ દાયકા પછી પણ તમારા વિચારો સેઇમ છે... મેઇડ ફોર ઇચ અધર!’

‘દાદીનો હાર અને કુંડળનો સેટ આપવાનો વિચાર કર્યો છે.’ શ્વેતાએ દીકરાના ગાલ પર હાથ ફેરવ્યો:

‘મેં તારા ડૅડીને હા પાડી એ પછી પહેલી વાર દાદીને મળવા આવી ત્યારે એમણે મને આપેલો તે...’

‘મારે જોવો છે, પ્લીઝ!’

શ્વેતાએ આંખો ઝીણી કરી:

‘શાના માટે?’

‘એમ જ.’

સોમલના ચહેરા પર ફરી એક વાર શરમાળ સ્મિત આવ્યું.

‘અરે વાહ! હજી તો એણે હા પાડી છે અને તું તો જાણે...’ શ્વેતાએ બંને હાથે સોમલનાં ઓવારણાં લીધાં:

‘ઈશ્વર તમારી જોડી સલામત રાખે.’

દીકરાને આશ્લેષમાં લઈને એની પીઠ પર હાથ ફેરવતાં શ્વેતાની આંખો ભરાઈ આવી. એ આરોહી વિશે જાણતી હતી. સોમલની જિંદગીમાં આરોહીનું શું મહત્ત્વ હતું, સોમલ એને કેટલી ચાહતો હતો એ બાબતની રજેરજ વિગતો શ્વેતાને ખબર હતી.

સ્વિત્ઝર્લેન્ડ ગયા પછી સોમલે જે રીતે પોતાનું મન છોકરીઓમાંથી ખેંચી લીધું હતું એ જોતાં શ્વેતાને દીકરાની ચિંતા થવા લાગી હતી. ભારત પાછા ફર્યા પછી પણ એણે લગભગ એક વરસ સુધી કોઈ નિર્ણય ના લીધો ત્યારે ઓગણત્રીસ વરસનો દીકરો જો નહીં પરણે તો શું થશે? એવા વિચારે ક્યારેક શ્વેતાની ઊંઘ ઊડી જતી.

શ્રોફ ખાનદાનમાં દબાણ કરવાનો રિવાજ નહોતો. વ્યક્તિ સ્વાતંત્ર્યનું પૂરું સન્માન કરવામાં આવતું એટલે સોમલને કોઈએ સહેજ પણ દબાણ નહોતું કર્યું, પણ એક મા તરીકે એનાં લગ્ન થઈ જવાં જોઈએ એવી શ્વેતાની ઝંખના પણ હતી અને પ્રાર્થના પણ...

*

વિદ્યાને ઘેરથી સમજાવી-પટાવી, સોગંદ આપીને કેસરને પાછી તો બોલાવી, તૈયાર પણ કરી... શ્રદ્ધાબહેને લગભગ પગે પડવાનું બાકી રાખ્યું હતું. એ સિવાયની તમામ સમજાવટ, ધમકી, આંસુ અને વિનંતીઓનાં હથિયારો એમણે વાપરી નાખ્યાં હતાં.

દેવુભાની મર્સિડીઝમાં જ્યારે કેસર અને દેવુભા ગોઠવાતાં હતાં ત્યારે પતિના ચહેરા પર આ બધાથી અજાણ ઉત્સાહ અને ગર્વનો છલકાતો રંગ જોઈને શ્રદ્ધાબહેનને પહેલી વાર એમ લાગ્યું કે એમણે દેવુભાની જિંદગીમાં એક સુખનો અવસર લાવીને પોતાની ફરજ પૂરી કરી હતી.

અભિમન્યુ અને શ્રદ્ધાબહેન પાછળ બીજી ગાડીમાં નિખિલ શ્રોફના બંગલે જવા નીકળ્યાં ત્યારે શ્રદ્ધાબહેને ગાડીમાં બેસતાં જ અભિમન્યુની સામે અકળામણથી જોયું:

‘તું પીને આવ્યો છે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ત્યાં જઈને પીવું એના કરતાં...’ એ નફ્ફટાઈથી હસ્યો.

‘સાવજ, તારી બહેનના સાસરે જઈએ છીએ, પહેલી વાર. ત્યાં જઈને કોઈ તાયફો નહીં કરતો. તને હાથ જોડું છું. આજનો દિવસ સાચવી લેજે. તારા બાપુને ગુસ્સો આવે એવું કશુંય...’

અભિએ માની વાત વચ્ચે જ કાપી નાખીઃ

‘એમને તો મને જોઈને જ ગુસ્સો આવે છે. તું કહે તો અહીં જ ઊતરી જાઉં.’

શ્રદ્ધાબહેનને લાગ્યું કે આગળ વાત કરવાનો કોઈ અર્થ જ નથી એટલે મોઢું ફેરવી તેઓ પોતાની ડાબી તરફ બારીની બહાર જોવા માંડ્યાં.

બંને કાર નિખિલ શ્રોફના બંગલે પહોંચી ત્યારે ગુલાબજળ છાંટીને એમનું સ્વાગત કરવામાં આવ્યું. શ્વેતા શ્રોફે આગળ વધીને કેસરનાં ઓવારણાં લીધાં. શ્રદ્ધાબહેને લગભગ ડોળા કાઢીને એને પગે લાગવાનો ઇશારો કર્યો ત્યારે કેસર કમને સહેજ ઝૂકી.

નિખિલ શ્રોફ અને દેવરાજસિંહ ઝાલા એકબીજાને ગળે મળ્યા.

નિખિલ શ્રોફના વિશાળ ખાનદાની દીવાનખાનામાં જ્યારે સૌ દાખલ થયાં ત્યારે નહીં ધારેલો વૈભવ જોઈને ઝાલા ખાનદાનનાં સૌની જીભ લગભગ સિવાઈ ગઈ હતી.

ચાંદીના હાથાવાળા વિશાળ સોફાસેટ, અસલ પર્શિયન કાર્પેટ્સ, પોર્સલિન અને આરસપહાણનાં સુંદર શિલ્પો... ડ્રોઇંગરૂમમાં ઊડતો ફુવારો અને એમાંથી રેલાતી લવેન્ડરની ખુશબૂ... ત્રણ-ત્રણ ફૂટની મોટી સુગંધિત કેન્ડલ્સ અને ડ્રોઇંગરૂમમાં ગોઠવાયેલા પિત્તળનાં કૂંડાંઓમાં રાત્રે મહેકે તેવાં ફૂલોના છોડ...

બંને ઘરના મોભી એવા દેવુભા તથા નિખિલ શ્રોફ વચ્ચે ડ્રિંક અને ડિનર દરમિયાન ફક્ત બિઝનેસ ચર્ચાતો રહ્યો. રાજકારણ અને એની સાથે જોડાયેલા પૈસા વાતોનો મુખ્ય વિષય હતા. જ્યારે બે ભાવિ વેવાણ શ્રદ્ધાબહેન અને શ્વેતા સાડીઓ, ડાયમંડ્સ અને બીજી વાતોમાં ખોવાયેલાં રહ્યાં. એ બધાં વચ્ચે કેસર ભયાનક રીતે બોર થતી હતી.

સોમલે એની સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો, પણ કેસર ટૂંકા જવાબો આપતી સોમલને ટાળવાનો પ્રયત્ન કરતી રહી. એકાદ વાર બધાંની નજર ચુકાવીને સોમલે એનો હાથ પકડવાનો પ્રયત્ન કર્યો ત્યારે પણ કેસર હાથ છોડાવીને સહેજ દૂર સરકી ગઈ.

દેવરાજસિંહની ચાલાક નજરથી આ છાનું ન રહી શક્યું, પરંતુ એમને લાગ્યું કે કેસર એમના સંસ્કાર અને રાજપૂતી મલાજાને કારણે આ રીતે વર્તે છે. એમને કશું અજુગતું લાગવાને બદલે પોતાના ઉછેર પર ગર્વ થયો.

અભિમન્યુ સતત પી રહ્યો હતો. નિખિલ શ્રોફની નજર અભિમન્યુ પર હતી, પરંતુ એમણે એવો દેખાવ ચાલુ રાખ્યો કે પોતે કશું જાણતા જ નથી.

‘સોમલ બેટા, ઉપર જઈને કેસરને તારો રૂમ બતાવ, એણે જ્યાં રહેવાનું છે એ ઘર બતાવ...’

‘જી, ડૅડ.’

સોમલ ઊભો થયો. ફેબ ઇન્ડિયાનો સિલ્કનો કૂર્તો અને જીન્સમાં એ ખૂબ હૅન્ડસમ દેખાતો હતો. એણે કેસરની સામે જોયું. કેસર બેસી જ રહી. દેવરાજસિંહ અને શ્રદ્ધાબહેને એકબીજાની સામે જોયું.

‘બેટા, સોમલ સાથે જા.’

શ્રદ્ધાબહેને બની શકે એટલા નરમ છતાં આદેશાત્મક અવાજે કહ્યું. કેસર હજુય નીચી નજરે બેસી રહી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બેટા, તમારે જવું હોય તો જાવ...’

દેવરાજસિંહે જરા વધુ આદેશાત્મક રીતે આંખથી ઇશારો કરીને ઊભા થવાનું કહ્યું.

‘ઊભી થા... સમજ નથી પડતી?’

પીધેલા અભિમન્યુએ તદ્દન તોછડાઈથી કહ્યું. સહુએ એની તરફ જરા નવાઈથી અને જરા હાસ્યાસ્પદ રીતે જોયું.

વધુ તાયફો ન થાય એટલા માટે કેસર ઊભી તો થઈ ગઈ, પરંતુ એના આખાય વર્તન અને ચાલમાંથી સ્પષ્ટ ના વંચાતી હતી. સોમલ એને લઈને પહેલાં ઉપરની તરફ ગયો.

બંને જણા ત્યાંથી ચાલ્યાં ગયાં પછી શ્વેતાએ સીધું જ દેવરાજસિંહની આંખમાં જોઈને પૂછ્યું:

‘કેસરને કંઈ પ્રોબ્લેમ છે?’

‘થોડી નાની છે...’ શ્રદ્ધાબહેને જવાબ આપી દીધો:

‘નાદાન છે. લાડમાં ઊછરી છે ને...’

‘એ સિવાય તો કંઈ પ્રોબ્લેમ નથી ને?’

નિખિલ શ્રોફે સીધું દેવરાજસિંહને જ પૂછી લીધું.

હવે દેવરાજસિંહને જવાબ આપ્યા વિના છૂટકો નહોતો:

‘ના... ના... એવું કશું નથી.’

‘એને લગ્ન જ નથી કરવાં.’

પીધેલો અભિમન્યુ અચાનક વચ્ચે બોલી ઊઠ્યો. સૌ થોડાં ડઘાયાં. વાતાવરણ ભારે થઈ ગયું.

‘ઓહ! એવું તો શ્વેતા પણ કહેતી હતી.’

નિખિલ શ્રોફે વાતને હળવી બનાવી દીધી. એ ખડખડાટ હસી પડ્યો. તકનો લાભ લઈને દેવરાજસિંહ પણ હસી પડ્યા. હાલ પૂરતી તો વાત વિખરાઈ ગઈ, પણ કેસરના વર્તનને કારણે શ્વેતાના મનમાં શંકાનું એક નાનકડું બીજ તો રોપાઈ જ ગયું.

*

સોમલના બેડરૂમમાં દાખલ થયા પછી એણે સોફ્ટબોર્ડ પર લગાડેલા મિત્રોના ફોટોગ્રાફ્સ, સ્વિત્ઝર્લેન્ડની સ્મૃતિઓ બતાવવા માંડી. ત્યાં લગાડેલો આરોહીનો નાનકડો ફોટોગ્રાફ બતાવીને એ પોતાના ભૂતકાળ વિશે વાત કરવા માગતો હતો. કેસર બેધ્યાનપણે એ ફોટા જોઈ રહી હતી. કાચની બારીમાંથી દેખાતો દરિયો જોઈને એ બારી પાસે ગઈ. એનાથી કહ્યા વિના ન રહેવાયું:

‘સરસ જગ્યા છે.’

‘મને પણ દરિયો ખૂબ ગમે છે. આપણે હનીમૂન માટે હવાઈ જઈશું...’

કેસર હવે સોમલ તરફ ફરી:

‘હનીમૂન થવાનું જ નથી. હું કોઈ પણ રીતે આ લગ્ન માટે હા પાડવાની જ નથી!’

‘નહીં, એવું નહીં થાય.’ સોમલે એની આંખમાં આંખ પરોવી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આ લગ્ન થશે... જરૂર થશે.’

સોમલ એની નજીક સરક્યો.

‘મારી લાશ જોડે પરણજે.’

કેસરે નજીક આવી ગયેલા સોમલને એક ધક્કો માર્યોઃ

‘તારાથી થાય તે કરી લે. હું આ લગ્ન નહીં કરું!’

સોમલ એક ક્ષણ માટે એની સામે જોઈ રહ્યો. પછી ઝડપથી એની નજીક ગયો. એણે બંને ખભેથી પકડીને કેસરને કાચની બારી સાથે જડી દીધી. કેસર કશું સમજે તે પહેલાં સોમલે એને બાહુપાશમાં જકડીને એના હોઠ પર હોઠ મૂકીને એને એક પ્રગાઢ ચુંબન કરવા માંડ્યું. તરફડિયાં મારતી, છટપટતી કેસર કશું સમજી શકે–કરી શકે એ પહેલાં સોમલે એને એવી આશ્લેષમાં ભીંસી નાખી હતી કે...

કેસરનો શ્વાસ રૂંધાવા માંડ્યો, ડૂમો ભરાવા માંડ્યો. એણે સોમલના બાહુપાશમાંથી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. હતું એટલું બળ ભેગું કરીને એણે સોમલને ધક્કો માર્યો. સોમલ લગભગ ત્રણ ફૂટ દૂર હડસેલાઈ ગયો.

સોમલે જોયું કે એના બાહુપાશમાંથી છૂટ્યા પછી પણ કેસરના શ્વાસ રૂંધાતા હતા. શ્વાસ લેવા માટે જાણે હવાતિયાં મારતી હતી. એનું મોં ખુલ્લું હતું. આંખો ચકળવકળ થતી હતી. મુઠ્ઠીઓ ભીંસાઈ ગઈ હતી. આંખોમાંથી આંસુ તગતગતાં હતાં અને મોઢામાંથી લાળ...

સોમલ કશું કરે કે સમજે તે પહેલાં કેસર ફસડાઈ પડી. એ તરફડવા લાગી...

બેબાકળા બની ગયેલા સોમલનો અવાજ જાણે ફાટી ગયોઃ

‘મોમ... ડેડ...!’

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 4

'મોમ... ડેડ...'

કેસરને લઈને પોતાનો બેડરૂમ બતાવવા સોમલ આવ્યો ત્યારે આવેશમાં આવીને એણે જે રીતે કેસરને પ્રગાઢ ચુંબન કરવાનો પ્રાયસ કર્યો એથી કેસર એવી બઘવાઈ ગઈ હતી કે હતું એટલું જોર કરીને સોમલને દૂર હડસેલી દીધો પછી અચાનક બનેલી ઘટનાથી કેસર જાણે સ્તબ્ધ થઈ ગઈ હોય તેમ એના શ્વાસ અચાનક રૂંધાવા લાગ્યા.

ઊંડા ઊંડા શ્વાસ ખેંચવા છતાં એ શ્વાસ લેવા માટે તરફડતી હતી–હવાતિયાં મારતી હતી. એનું મોઢું ખુલ્લું હતું. આંખો ચકળવકળ... મુઠ્ઠીઓ ભીંસાઈ ગઈ હતી. આંખમાં આંસુ તગતગી ગયાં અને મોઢામાં લાળ...

સોમલ કશું કરે કે સમજે એ પહેલાં કેસર ફ્લોર પર ફસડાઈ પડી.

એની આ હાલત જોઈને સોમલે ગભરાઈને બૂમ મારીઃ

'મોમ... ડેડ!'

ફ્લોર પર પડેલી કેસરનું આખું શરીર તંગ થઈ ગયું. હવે દાંત ભીંસીને એ જાણે તરફડતી હતી...

આજ પહેલાં એને ક્યારેય કોઈએય આવી હાલતમાં નહોતી જોઈ. કેસર છેલ્લાં ડચકાં ખાઈ રહી હતી.

'કેસર... કેસર શું થાય છે તને? આઇ એમ સોરી, કેસર!'

સોમલે એને હચમચાવી. કેસરની આંખો જોશભેર ભીડેલી હતી. હોઠના ખૂણેથી ફીણ નીકળી રહ્યું હતું.

પાસે પડેલી પાણીની જાર લઈને એના પર પાણી છાંટ્યું. કેસરનાં કપડાં, વાળ સહિત બધું તરબતર થઈ ગયું, પણ એણે આંખો ના ખોલી. એનું શરીર હજી પણ ખેંચાતું હતું...

સોમલની બૂમ સાંભળીને સોમલના બેડરૂમમાં ધસી આવેલાં નિખિલ, શ્વેતા, દેવરાજસિંહ અને શ્રદ્ધાબહેન આ દૃશ્ય જોઈને ડઘાઈ ગયાં. દાંત પીસીને એ અમળાઈ રહી હતી. કેસરના ભીંસાતા દાંત જોઈને શ્રદ્ધાબહેને પોતાનો ચાવીનો ઝૂડો કાઢ્યો. એમાંથી એક મોટી ચાવી કાઢી. એના ભીંસાતા દાંત વચ્ચે બળપૂર્વક ખોસી કે તરત જ કેસરનું શરીર ઢીલું પડવા માંડ્યું.

થોડાં ડચકાં ખાઈ એનું શરીર જાણે ગાભાનું કે રબરનું બન્યું હોય એમ તદ્દન ઢીલું થઈ ગયું. શ્રદ્ધાબહેને નિરાંતનો શ્વાસ લીધો. એ ઊભાં થયાં.

સોમલ અપરાધભાવે અદબ વાળીને ઊભો હતો.

નિખિલ શ્રોફ અને દેવરાજસિંહ આ જોઈને સખત ડરી ગયા હતા. દેવરાજસિંહ માટે પણ કેસરની આવી હાલત તદ્દન નવી હતી. એમને પણ નહોતું સમજાતું કે હવે શું કરવું?

બેભાન કેસરને બે હાથે ઊંચકીને સોમલે પલંગ પર સુવડાવી. સહુ અવાચક હતાં.

થોડીક ક્ષણોના મૌન પછી શ્વેતાએ પતિ સામે જોયુંઃ

'ડૉક્ટરને ફોન કરી દો.'

એણે શ્રદ્ધાબહેન સામે સૂચક જોયુંઃ

'આ... એપિલેપ્સી... આ ફીટ...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્વેતાની આંખોમાં સવાલ હતો.

'આજે પહેલી વાર...' શ્રદ્ધાબહેને ગુનેગારની જેમ કહ્યું:

'...આવું થયું!'

શ્વેતા એમના પુત્ર સોમલ તરફ ફર્યાં. સોમલને સીધેસીધું પૂછી લીધું:

'શું થયું હતું, સોમલ? તેં કંઈ કહ્યું... તેં કંઈ કર્યું?'

'ના, મોમ...' સોમલ થોથવાયો. પછી એને લાગ્યું કે સ્પષ્ટતા કર્યા વિના નહીં ચાલે:

'આઈ મીન... મેં... એને કિસ કરવાની કોશિશ...'

'ઓહ!'

બધાં જ જુદી જુદી દિશામાં જોવા માંડ્યાં. સહુ માટે આ ક્ષોભજનક પરિસ્થિતિ હતી.

'તારે એવી ઉતાવળ નહોતી કરવી જોઈતી.'

શ્વેતાએ જરાય સંકોચાયા વિના શાંતિથી અને સંયમથી કહ્યું:

'એ ઘણી નાની છે. ડરી ગઈ હશે કદાચ.'

આટલું કહીને ધીમેથી શ્રદ્ધાબહેન પાસે જઈને એણે એમના ખભે હાથ મૂક્યો:

'ઇટ'સ ઓ.કે.! ડરવાની જરૂર નથી. આવું થાય.'

શ્રદ્ધાબહેનનો સ્વર સહેજ કંપી ઊઠ્યો:

'તમે ગેરસમજ નહીં કરતાં, પણ આજ પહેલાં ક્યારેય આવું કશું જ નથી બન્યું. મારી દીકરી...'

'ઇટ'સ ઓ.કે... હમણાં થોડી વારમાં ડૉક્ટર આવતા જ હશે. તમે ચિંતા ન કરો.'

દેવરાજસિંહે અચકાતાં-સંકોચાતાં કહ્યું.

'ના, વાંક મારો હતો. મેં એને સમજવાનો પ્રયત્ન કર્યા વિના... મારી નજીક આવવાનો સમય આપ્યા વિના જ...'

સોમલ ઊંધો ફરી ગયો:

'આઇ એમ સોરી.'

'તેમ છતાં... તમે જો ઇચ્છો તો...'

દેવરાજસિંહનું ગળું રૂંધાવા લાગ્યું હતું. શ્રદ્ધાબહેનની આંખમાં પણ પાણી આવી ગયાં.

'કેમ?' શ્વેતાના અવાજમાં ધાર નીકળી આવી:

'ધારો કે આવું કશું લગ્ન પછી થયું હોત તો અમે પાછી મૂકી જાત કેસરને તમારે ઘરે?'

દેવરાજસિંહ સજલ નેત્રે બંને હાથ જોડી નિખિલ શ્રોફ સમક્ષ લગભગ ઝૂકી ગયા.

'તમારા જેવા માણસો મેળવીને અમે ધન્ય થઈ ગયાં. અમારી દીકરીનું તો નસીબ ખૂલી ગયું.'

નિખિલે બંને ખભેથી પકડીને એમને ઊભા કર્યા:

'અરે, આ શું કરો છો?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થોડી મિનિટ પછી કેસરે આંખો ખોલી ત્યારે સૌ એની આસપાસ હતાં.

એના પલંગની બાજુમાં ખુરશી પર બેઠેલા સોમલે કોઈનીય લાજ-શરમ રાખ્યા વગર એનો હાથ પોતાના હાથમાં લીધોઃ

'આઈ એમ સોરી, કેસર.'

શ્વેતાએ પાણીનો ગ્લાસ આપ્યો. શ્રદ્ધાબહેને એના માથા પર હાથ ફેરવીને કહ્યુંઃ

'તું બહુ નસીબદાર છે છોકરી, જ્યોતિષકાકાએ સાચું જ કહ્યું હતું–તું જ્યાં જશે ત્યાં ફૂલે પૂજાઈશ. પહેલાં બાપને ઘેર લાડકોડ માણી લીધાં. હવે સાસરુંય એવું મળ્યું છે કે તારી આંખમાંથી આંસુનું એક ટીપું નહીં પડવા દે...'

કેસરને કહેવું હતુંઃ મારે આ લગ્ન નથી કરવાં, પણ મા અને બાપુ બંનેની આંખોમાં જે સંતોષ અને સુખ જોયાં એ પછી એનાથી કશું જ બોલી શકાયું નહીં.

ડૉક્ટર આવીને ચાલી ગયા પછી ઘણી વારે સૌ નીચે ઊતર્યાં ત્યારે અભિમન્યુ સોફામાં જ નસકોરાં બોલાવતો ઢળી ગયો હતો. એને ઉઠાડવાના, જગાડવાના ઘણા પ્રયત્નો કર્યા પછી આખરે ડ્રાઇવર અને વોચમૅનને બોલાવી શ્રદ્ધાબહેનની ગાડીની પાછલી સીટમાં એને સુવડાવીને સહુ રવાના થયાં ત્યારે બંને સંતાનોનાં વર્તન બદલ દેવરાજસિંહ શરમ અનુભવતા હતા. શ્રદ્ધાબહેન અપરાધભાવથી કોકડું થઈ ગયાં હતાં. આજે ને આજે લગ્નની તારીખ ફાઇનલ કરવાના દેવરાજસિંહના મનસૂબા પર પાણી ફરી વળ્યું હતું. એમના ચહેરા પર જે કંઈ બન્યું એ અંગેના અણગમાની સાથેસાથે માનહાનિનો અફસોસ પણ હતો.

પિતા સાથે કારમાં બેઠેલી કેસર ફફડતી હતી કે દેવરાજસિંહ હમણાં કોઈ વાત કાઢશે, પરંતુ ઘર સુધી દેવરાજસિંહ એક અક્ષર ના બોલ્યા. ગાડીમાંથી ઊતરતી વખતે કેસરે હાથ લંબાવી પિતાની હથેળીને અછડતો સ્પર્શ કર્યોઃ

'મારી ભૂલ થઈ ગઈ બાપુ, મેં જાણીજોઈને કશું નથી કર્યું.'

કેસરની હથેળી નીચેથી પોતાનો હાથ સરકાવીને દેવરાજસિંહે બે હાથ જોડ્યાઃ

'બેટા, તને હાથ જોડું છું. આટલાં સારાં લોકો અને આવું ખાનદાન ઈશ્વરે સ્વયં તારી ઝોળીમાં નાખ્યું છે. ચાંદલો કરવા આવેલી લક્ષ્મીને નહીં હડસેલતી.'

આછા અજવાસમાં કેસર જોઈ શકી કે પિતાની આંખોમાં આંસુ તગતગતાં હતાં.

ડૂસકું દબાવીને કેસર ઘરમાં ચાલી ગઈ.

પિતાના સુખ માટે એ બધું જ કરવા તૈયાર હતી, પરંતુ આખી રાત જાગ્યા પછી એને એવું પણ સમજાયું કે ભાવિ સસરા નિખિલ શ્રોફને ત્યાં જ સાંજે જે કંઈ થયું એ એના હાથમાં જ નહોતું. આ જ પરિસ્થિતિ જો વારંવાર સર્જાતી રહે તો એક પુરુષ તરીકે સોમલ પણ કેટલો સમજદાર અને સહનશીલ રહી શકે એ પ્રશ્ન અગત્યનો હતો.

કેસરે ખૂબ શાંતિથી વિચાર્યુંઃ સવાર પડતાં જ એ માતાપિતા સાથે મન ખોલીને વાત કરી લેશે. વાંધો સોમલ સામે નહીં, પણ લગ્ન સામે છે એ વાતની સ્પષ્ટતા કરીને હવે આ પ્રકરણ પર કાયમ માટે પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ એવું એણે નક્કી કરી લીધું.

સવારે હજી તો આંખ ખૂલે એ પહેલાં એનો સેલ રણક્યો. કોનો ફોન છે એ જોયા વિના એણે ફોન ઊંચક્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કેસર!’

‘હા...’ એ સોમલનો અવાજ ઓળખી ગઈ.

‘હું સાચા હૃદયથી તારી માફી માગું છું. મારો ઇરાદો તને નુકસાન પહોંચાડવાનો કે તકલીફ આપવાનો નહોતો. હું તો બસ...’

‘સમજી શકું છું. હું તમને દોષ નથી દેતી, પણ મારી જિંદગીમાં એવું કશુંક બન્યું છે, જેને લીધે...’

‘હું પણ તને મારી જિંદગીની વાત કરવા માગતો હતો. એટલે જ તને મારા રૂમમાં ઉપર લઈ ગયો હતો... કોણ જાણે કેમ... પણ હવેથી હું સંયમ રાખીશ. તું મનથી તૈયાર ન થાય ત્યાં સુધી...’

બંને વચ્ચે થોડીક ક્ષણોનું મૌન ઝળૂંબ્યા કર્યું. પછી સોમલે કહી જ નાખ્યું:

‘હું રાહ જોઈશ. તારા પર જબરદસ્તી કે અત્યાચાર નહીં કરું. આઈ પ્રોમિસ.’

‘હું પછી ફોન કરું?’

શું જવાબ આપવો એ કેસરને સૂઝ્યું નહીં એટલે એણે વાત ટૂંકાવી.

*

સામાન્ય રીતે કેસરનું મોઢું જોયા વિના દેવરાજસિંહ ઓફિસ જવા નીકળતા નહીં. દેવરાજસિંહ ડાઇનિંગ ટેબલ પર ગોઠવાય કે શ્રદ્ધાબહેન કેસરને જગાડવા આવતાં, પણ આજે મા આવી નહીં. ગઈ કાલની ઘટનાને કારણે સહુનો મૂડ ખરાબ હશે એમ માનીને એ નીચે ઊતરી ત્યારે ડાઇનિંગ ટેબલ પર બેઠેલા દેવરાજસિંહનો મૂડ સાવ બદલાયેલો હતો. શ્રદ્ધાબહેન પણ ખૂબ જ સારા મૂડમાં હતાં.

‘અરે આવ બેટા, હવે તબિયત કેવી છે?’

દેવરાજસિંહે હાથ લંબાવ્યો. કેસરે નજીક આવીને પિતાનો હાથ પકડ્યો એટલે દેવરાજસિંહે ખેંચીને એને ખોળામાં બેસાડી. નાનપણથી આ રોજનો નિયમ હતો. કેસર નીચે ઊતરે એટલે બ્રેકફાસ્ટ કરતા દેવરાજસિંહ આવડી મોટી દીકરીને ખોળામાં ખેંચી લેતા. એમની પ્લેટમાંથી એકાદ વાનગીનો ટુકડો એના મોઢામાં મૂકે. થોડું વહાલ કરે. પછી કેસર પોતાની સીટ પર બેસે.

આજે પણ નિત્યક્રમ બદલાયો નહીં એનાથી કેસરને ઘણું સારું લાગ્યું. ગઈ કાલે રાત્રે પિતાની વહેતી આંખમાં જોયેલાં આંસુથી એ વિચલિત થઈ ગઈ હતી. એને પિતા માટે ખૂબ જ પ્રેમ હતો. પિતાને સહેજ પણ ઉદાસ કે દુ:ખી જોતી તો કેસરનું કાળજું કપાઈ જતું. અભિમન્યુ સાથે પણ આ જ કારણસર એ વારંવાર ઝઘડી પડતી.

અભિમન્યુ હજી પણ ઊંઘતો જ હશે એવું એણે ધારી લીધું. પિતા સાથે વાત કરવાની આ જ તક હતી. એ વાત શરૂ કરે તે પહેલાં દેવરાજસિંહે એના હાથમાં ટાઇમ્સ ઓફ ઇન્ડિયા મૂકી દીધું.

ટાઇમ્સમાં કેસર અને સોમલની તસવીર હતી. સાથે જ એમના એન્ગેજમેન્ટના સમાચાર પણ!

‘આ ફરક હોય છે મોટા લોકો સાથે સંબંધ જોડવામાં.’ દેવરાજસિંહના અવાજમાં ગર્વ અને સંતોષ છલકાતા હતા:

‘આપણે ગમે તેટલો પ્રયત્ન કરીએ, પણ આપણા સમાચારમાં કોઈને રસ ન પડે. નિખિલ શ્રોફના દીકરાની વાત આવે તો લોકો સામેથી...’ એમણે કેસરના ગાલ પર હાથ મૂક્યો:

‘બેટા મારા, તારાં પગલાંથી આ ઘરમાં શ્રી આવી, સંપત્તિ આવી, સુખ આવ્યું... બેટા, સાચું કહું? તું તો મારી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બધી ઇચ્છા પૂરી કરવા જ આવી છે!'

શ્રદ્ધાબહેન વારંવાર એકની એક જ વાત ફરી ફરીને કહેતાં રહ્યાંઃ

'કેટલાં સારાં લોકો... બેટા, સાચું કહું? બીજું કોઈ હોય તો આવું થયા પછી સંબંધ તોડવાની વાત કરે. તારા બાપુએ સામેથી કહ્યું તેમ છતાં એ લોકોએ કેટલી ભલમનસાઈ બતાવી!'

એ પછીની વાતો કેસરના કાને પડી જ નહીં. પતિ-પત્ની બંને જણાં શ્રોફપરિવારનાં વખાણ કરી રહ્યાં હતાં અને કેસર ધીમે ધીમે પોતાની ચારે તરફ ભરડો લઈ રહેલી પરિસ્થિતિમાં વધુ ને વધુ ગૂંગળાતી જતી હતી.

*

'હું શું કરું વિદ્યા?'

વિદ્યાની કારની આગલી સીટ પર કેસર અકળાયેલી–ગૂંચવાયેલી બેઠી હતી. વિદ્યાની બાજુની સીટ પર જીન્સ પહેરીને બેઠેલી કેસરે એક પગ ઊંચો લીધો હતો. બીજો પગ વાળીને પલાંઠીની જેમ ગોઠવ્યો હતો. હાથ લંબાવીને ઘૂંટણ પર ટેકવ્યો હતો. એ હંમેશાં આમ જ બેસતી–અલ્લડ...

'કંઈ નહીં! હવે કરવા જેવું કંઈ રહ્યું પણ નથી. ચૂપચાપ પરણી જા.'

'એ વખતે મને થયું કે હું મરી જઈશ...'

'એમ એકાદ કિસમાં કોઈ મરી નથી જતું...આ બધા તારા મનના વહેમ છે.'

'હું કોઈ રીતે મારા મનને–મારી જાતને લગ્ન માટે તૈયાર કરી શકતી નથી. લગ્ન પછી પણ આવું જ થશે તો...'

'નહીં થાય. તું એની સારી બાજુ જોવાનો પ્રયત્ન કર. એની સમજદારી, એની શાલીનતા...'

જાણે સોમલથી પ્રભાવિત થતી હોય તેમ વિદ્યાના અવાજમાં ભારોભાર મુગ્ધતા હતી. એણે હળવે રહીને કેસરના લંબાવેલો હાથ પોતાના હાથમાં લીધોઃ

'બધા પુરુષો એકસરખા નથી હોતા, કેસર.'

'વિદ્યા, એની સાથે હું એકલી પડી કે તરત મારી જીભ થોથવાવા માંડી, પરસેવો વળવા માંડ્યો, હાથપગ ઠંડા પડવા માંડ્યા.'

થોડી વાર વિચારીને વિદ્યાએ નિર્ણય લીધોઃ

'તું એને મયંક વિશે કહી દે.'

કેસરે ડોકું ધુણાવીને ના પાડી.

'લાવ, ફોન...'

વિદ્યાએ ડેશબોર્ડ પર પડેલો કેસરનો બ્લેકબેરી ઉઠાવ્યો. એણે સીધો સોમલનો નંબર શોધીને ડાયલ કર્યો.

'જી, મૅડમ!'

સોમલના અવાજમાં આનંદ અને આશ્ચર્ય બંને હતાંઃ

'તમને કદાચ ખબર નહીં હોય, પણ આજે પહેલી વાર તમે સામેથી ફોન કર્યો છે. બોલો, શું હુકમ છે?'

વિદ્યા સહેજ ઝંખવાઈ ગઈઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું... હું વિદ્યા છું. કેસરની ફ્રેન્ડ.’

‘ઓહ, હવે ફોન કર્યો જ છે તો તમે હુકમ કરી નાખો. કેસરના નંબર પરથી આવતા દરેક ફોન મારા માટે તો મૅડમનો આદેશ છે.’

વિદ્યાને આ છોકરીના નસીબ પર મીઠી ઈર્ષ્યા થઈ.

‘મારે તમને મળવું છે. કેસર વિશે કેટલીક અગત્યની વાત કરવી છે.’

કેસર બંને હાથ હલાવીને વિદ્યાને ના પાડી રહી હતી, પણ વિદ્યાએ એને બિલકુલ ગણકારી નહીં.:

‘બોલો, ક્યારે મળી શકાય?’

‘હમણાં...’ સોમલના ચહેરા પર સ્મિત હશે એવું એના અવાજ પરથી કલ્પી શકાતું હતું:

‘મારા માટે તો કેસરથી બીજી કોઈ અગત્યની વાત હોઈ શકે જ નહીં. ક્યાં છો તમે?’

‘અંધેરી.’

‘લોખંડવાલા-કોસ્ટા કોફી પર મળીએ?’

‘શ્યોર.’ વિદ્યાએ રિસ્ટ વોચ જોઈ:

‘પચીસ મિનિટમાં.’

‘હું સાથે નહીં આવું.’ કેસરે ફોન ઝૂંટવી લીધો.

‘પણ શા માટે? તારે તો આવવું જ પડેને?’

‘તેં એને ફોન કરતા પહેલાં મને પૂછ્યું હતું? હું નથી આવતી...’

આટલું કહી કેસરે ડેશબોર્ડ પર પડેલી પોતાની નાનકડી પર્સ ઉપાડી, વિદ્યા કશું સમજે કે બોલે એ પહેલાં કેસર ગાડીનો દરવાજો ખોલીને ઊતરી ગઈ. ગાડીની આગળ થઈને ટ્રાફિકની વચ્ચેથી સડસડાટ રસ્તો ક્રોસ કરીને સામેની બાજુ ચાલી ગઈ. વિદ્યાએ પહેલાં વિચાર્યું કે ગાડી લોક કરીને એની પાછળ દોડે, એને રોકે... પછી એણે માંડી વાળ્યું.

એને પણ લાગ્યું કે કેસરની જિંદગીના સૌથી ભયાનક પ્રસંગ વિશે વાત કરતી વખતે જો કેસર ન હોય તો પોતે વધુ આરામથી અને વિસ્તારપૂર્વક વાત કરી શકશે.

અડધા કલાક પછી વિદ્યા અને સોમલ સામસામે બેઠાં હતાં... મયંક જોશી સાથે બનેલા બનાવની રજેરજ વિગતો વિદ્યા એને કહી ચૂકી હતી. સોમલનો ચહેરો ક્રોધમાં અને ઘૃણાથી લાલ થઈ ગયો હતો. એની આંખોમાં કેસર માટેની સહાનુભૂતિ અને પ્રેમ સ્પષ્ટ ડોકાતાં હતાં.

‘સારું થયું તમે મને આ બધી વાત કરી દીધી. હવે મને કેસર સાથે કઈ રીતે વર્તવું એ સમજાઈ ગયું.’

‘મને પણ એવું જ લાગ્યું. હું એનું સુખ ઇચ્છું છું–એ રાજી રહે એમ ઇચ્છું છું. મને ખાતરી છે કે તમારા જેવા માણસ સાથે પરણીને એ ચોક્કસ સુખી થશે. કેસરને એક સમજદાર, એનું ધ્યાન રાખે એવા પરિપક્વ માણસની જરૂર છે... બાવીસ-ચોવીસ વર્ષના ઉછાંછળા છોકરા સાથે એ જીવી નહીં શકે.’

સોમલે ઊંડો શ્વાસ લીધો અને કોફીના કપમાં રહેલો છેલ્લો સિપ પૂરો કર્યો:

‘હું એનું ધ્યાન રાખીશ... એને સુખી કરવાનો પ્રયત્ન કરીશ.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એક વાત કહું?’

વિદ્યાના ચહેરા પર સહેજ લાલાશ આવી ગઈઃ

‘અત્યાર સુધી ફક્ત તમારા ફોટા જ જોયા હતા, આજે તમને મળીને લાગે છે કે તમે ફોટોગ્રાફ્સ કરતાં ઘણા વધારે હેન્ડસમ છો.’

‘થેન્ક યુ, મૅમ... પણ આ દેશમાં બે સ્ત્રીઓ સાથે લગ્ન કરવાની છૂટ નથી...’

સોમલ હસ્યો. એની આંખોમાં તોફાન હતું

‘બાકી, તમારી સહેલી સાથે તમને પણ લઈ જાત... પુસ્તકને સમજવા માટે સાથે ગાઇડ જોઈએ ને?’

એણે વિદ્યાને શરમાતી જોઈને એક વધુ સ્ટ્રોક માર્યોઃ

‘આમેય આજકાલ બાય વન ગેટ વન ફ્રીનો જમાનો છે!’

વિદ્યા હસી પડી... બંને છૂટાં પડ્યાં ત્યારે વિદ્યાના મનમાં એક પ્રકારનો ઊંડો સંતોષ હતો કે પોતાની સહેલી માટે એ કંઈ કરી શકી.

કોસ્ટા કોફીમાંથી બહાર નીકળીને સોમલ થોડી વાર પગથિયાં પર એમ જ ઊભો રહ્યો. વિદ્યાની વાત સાંભળીને એની અંદર કશુંક હચમચી ઊઠ્યું હતું. ગઈ કાલે સાંજે કેસર સાથે જે કંઈ થયું એ પછી એની અંદરના તમામ સવાલોના જવાબો એને મળી ગયા હતા. એણે વધુ દૃઢ નિર્ણય કર્યો કે એ કેસરને જરાય તકલીફ આપ્યા વિના ધીમે ધીમે આ સંબંધ માટે તૈયાર કરશે.

*

અભિમન્યુ પિતાની ચૅમ્બરમાં એક ખુરશીમાં બેઠો હતો. એની આંખો હજી ઊંઘરેટી હતી. ચહેરા ઉપર ગઈ કાલ રાતના હેન્ગઓવરની અસર હજીયે સાવ ભૂંસાઈ નહોતી,

‘શું ઇચ્છે છે?’

ચેમ્બરમાં આંટા મારતા દેવરાજસિંહે લગભગ અડધા કલાકના લેક્ચર પછી અભિમન્યુને પૂછ્યું.

‘મારે જે જોઈએ છે એ તમે નહીં આપો.’

જવાબમાં ખંધુ સ્મિત કરીને અભિમન્યુએ કહ્યું.

‘શું જોઈએ છે, બોલ.’

‘મને મારો ભાગ આપી દો... હું મારા પૈસા લઈને તમારાથી છૂટો થઈ જવા માગું છું.’

‘એક લાફો મારી દઈશ.’

આટલું કહી નાખ્યા પછી દેવરાજસિંહે જાત પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવા માંડ્યોઃ

‘તને સમજણ પડે છે કે તું શું બોલે છે? સગા બાપ પાસે ભાગ માગે છે?’

‘ભાગ તો બાપ પાસે જ મંગાયને?’

અભિમન્યુએ બંને હાથ માથાની પાછળ લઈ જઈને અંકોડો ભીડ્યો, શરીરને ઢીલું કરી ખુરશી પર સહેજ લાંબો થયોઃ

‘ખરેખર તો બધું જ મારું છે. તમારે બધું મારા નામે કરીને હરિદ્વાર કે હૃષીકેશ જતા રહેવું જોઈએ.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એક રૂપિયો પણ તારો નથી. આ બધું મેં મારી મહેનતથી ઊભું કર્યું છે.’

‘બે લાખ એકોતેર હજાર પાંચસો ને સત્તરમી વાર સાંભળું છું હું આ વાત! પણ એથી જુઠ્ઠાણું સાચું નહીં બની જાય. આ બધું મારા નાનાનું છે, મારી માનું... જેની સાથે તમે ફક્ત રૂપિયા માટે લગ્ન કર્યાં.’

અભિમન્યુ કદાચ આજે નક્કી જ કરીને આવ્યો હતો કે આજે દેવરાજસિંહને મોઢામોઢ પોતાના મનની વાત કહી દેવી.

હવે દેવરાજસિંહનું મગજ છટક્યું:

‘આ તને કોણે કહ્યું?’

‘કહેવાનું કોણ! મારી માની હાલત જોઈને સમજાય છે.’

‘સાવજ...’ દેવરાજસિંહનો અવાજ ફાટી ગયો.

‘બૂમો પાડવાની જરૂર નથી. તમે હંમેશાં તમારું ધાર્યું કર્યું છે. દાદાજી સાથે, મારી મા સાથે સતત અન્યાય કર્યો છે.’

‘તું કંઈ જાણતો નથી.’

‘એવું તમને લાગે છે કે કોઈ કશું જાણતું નથી. હું બધું જાણું છું. મારી મા પણ જાણે છે... બધા પૈસા એના હોવા છતાં એણે શા માટે તમારાથી ડરીને રહેવું પડે? શા માટે ગભરાઈ-ગભરાઈને મને પૈસા આપવા પડે? તમે જ અમારું બધું પચાવી પાડ્યું છે.’

‘આ બધું તને શ્રદ્ધાએ કહ્યું?’

દેવરાજસિંહને આઘાત લાગ્યો હતો.

‘એ શું કામ કહે? એ તો બિચારી...’

માના વિચારમાત્રથી અભિમન્યુના દાંત પીસાઈ ગયા. એણે મુઠ્ઠી વાળીને ક્રોધ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કર્યો:

‘તમે સ્વાર્થી છો. ફક્ત પોતાનો વિચાર કરી શકો છો. દરેક માણસને તમારા સ્વાર્થ ખાતર એક્સપ્લોઇટ કર્યા તમે... સંબંધોને વાપર્યા...’

‘તું જા... જા, જતો રહે અહીંથી!’ દેવરાજસિંહને થયું કે એમનો ક્રોધ હવે માઝા મૂકી દેશે. 23 વર્ષના દીકરા પર ક્યાંક હાથ ઊપડી જશે...

‘પ્લીઝ, જતો રહે અહીંથી.’

‘જુઓ, તમે જ મને બોલાવ્યો. હું મારી જાતે નથી આવ્યો.’

‘મને એમ હતું કે તને થોડો સમજાવીશ... ગઈ કાલે તું જે રીતે દારૂ પીને બેહોશ થઈ ગયો એ પછી બીજો કોઈ બાપ હોત તો તને ઘરમાંથી કાઢી મૂક્યો હોત. હું તને સમજાવું છું તો તું મને સામા જવાબો આપે છે ... મારે તારી સાથે કોઈ વાત નથી કરવી. જસ્ટ, ગેટ લોસ્ટ!’

‘આજે તો જાઉં છું, પણ આ જ ચેમ્બરમાંથી તમને ગેટ આઉટ કહીને ન કાઢું તો મારું નામ અભિમન્યુસિંહ ઝાલા નહીં.’

એણે ટેબલ પર હાથ પછાડ્યો:

‘યાદ રાખજો... આજનો દિવ’સ અને આજનો સમય!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આટલું કહીને અભિમન્યુ ઊભો થયો. દેવરાજસિંહની ચેમ્બરનો દરવાજો એણે લાત મારીને ખોલ્યો. મોટાં મોટાં પગલાં ભરતો એ ઓફિસની વચ્ચેથી જોરજોરથી બરાડા પાડતો નીકળ્યો ત્યારે દેવરાજસિંહને અફસોસ થયો કે એણે શા માટે અભિમન્યુને ઓફિસમાં બોલાવીને સમજાવવાનો પ્રયત્ન કર્યો...

*

નિખિલ શ્રોફના પર્સનલ ડાઇનિંગ રૂમમાં લંચ હમણાં જ પૂરું થયું હતું. એના વિશાળ બેડરૂમમાં એક નાનકડી બેઠક વ્યવસ્થા, એક સ્ટડી અને એક પર્સનલ ડાઇનિંગ રૂમ હતો. અંગત વાત કરવી હોય કે પતિ-પત્નીને એકલાં બ્રેકફાસ્ટ કરવો હોય ત્યારે આ ડાઇનિંગ રૂમનો ઉપયોગ કરવામાં આવતો હતો. નિખિલે જ્યારે પર્સનલ રૂમમાં લંચ લગાડવાનો ઓર્ડર આપ્યો ત્યારે જ શ્વેતાને સમજાઈ ગયું હતું કે એ ગઈ કાલ સાંજની ઘટના વિશે વાત કરવા માગે છે.

લંચ પૂરું થયું ત્યાં સુધી નિખિલ કશું જ બોલ્યો નહીં. શ્વેતા પણ એના બોલવાની રાહ જોતી રહી. સમજદાર શ્વેતાને લગ્ન કર્યાના થોડા જ મહિનાઓમાં સમજાઈ ગયું હતું કે નિખિલ શ્રોફનો અહમ્ એના અસ્તિત્વ કરતાં પાંચ ગણો મોટો હતો. ક્યારેક એનો અહંકાર એના કાબૂની બહાર નીકળી જતો શ્વેતાએ જોયો હતો.

શ્વેતા મિડલ ક્લાસની છોકરી હતી. નિખિલ સાથે લગ્ન નહોતાં થયાં ત્યાં સુધી એણે કદાચ જુદા જ પ્રકારના લગ્નજીવનની કલ્પના કરી હતી, પણ એવો મનમેળ બંને વચ્ચે શક્ય નહોતો એટલે નિખિલ સાથે લગ્ન થઈ ગયાં પછી એણે આ સંબંધ અને સંસાર નિભાવી લેવાનું નક્કી કર્યું હતું. આટલા મોટા કુટુંબમાં પરણ્યા પછી પોતાના પરિવારમાં પાછી ફરે તો પોતાના માતાપિતાને સમાજમાં નીચું જોવું પડે...

શ્વેતા જાણતી હતી કે દેવરાજસિંહના કુટુંબ સાથેના આ સંબંધથી નિખિલ બહુ ખુશ નહોતો. એમાંયે ગઈ કાલે બનેલી ઘટના પછી એના મનમાં જે કંઈ ચાલ્યું હશે એ શ્વેતા કલ્પી શકતી હતી. વાત શરૂ કરવાની એની ઇચ્છા નહોતી એટલે એ ચૂપચાપ નિખિલ વાત શરૂ કરે એની રાહ જોતી રહી.

'તને શું લાગે છે? આ છોકરી માનસિક રીતે બીમાર...'

'એવું કંઈ નથી. એની મમ્મીએ કહ્યું તો ખરું કે આવું પહેલી વાર થયું છે. રાજપૂત છે. ઘરની બહાર જ નહીં નીકળવા દીધી હોય... બોયફ્રેન્ડ્સ તો હોય જ નહીં, એમાં તમારા દીકરાએ અચાનક આક્રમણ કરી દીધું. ડરી ગઈ હશે બિચારી...'

શ્વેતાએ બની શકે એટલી સારી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'આપણે કોઈ સાઇકિયાટ્રિસ્ટને કન્સલ્ટ કરવા છે?'

'શા માટે ચોળીને ચીકણું કરો છો? ફરીથી આવું થશે તો જોયું જશે.' એણે વાત બદલવાનો પ્રયત્ન કર્યોઃ

'કેટલાં સરસ લાગે છે બંને જણાં ટાઇમ્સના ફોટામાં...' એણે છપાઈ ગયેલા સમાચારનો ઇશારો કરીને હવે લોકો પણ જાણવા લાગ્યા છે એવો આડકતરો ઇશારો પણ કર્યો.

'તું એમ કહેવા માગે છે કે એક વાર સમાચાર છપાઈ ગયા એટલે આપણે ફસાઈ ગયા?'

આ વાતની હા પાડવી એટલે નિખિલના અહંકારને સીધી ચેલેન્જ કરવી... શ્વેતા સમજતી હતી.

એ હસી પડીઃ 'આવા ફોટા તો છપાયા કરે... સમાચારને રદિયો આપતાં ક્યાં વાર! ગોસિપ ગણીને ફગાવી શકાય... આઇ નો!'

એણે ધીમેથી નિખિલના ખભે હાથ મૂક્યોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બહુ મિડલ ક્લાસ લોકો છે, ડિયર!’

નિખિલે જરા અકળામણથી કહ્યું:

‘નંદાઝ કેવાં સ્ટાઇલિશ લોકો છે! એમનો હિમાચલનો પેલેસ પણ સોમલને ગિફ્ટમાં આપવા માગતાં હતાં. ક્યાં એ ને ક્યાં આ ઝાલા...’

‘જુઓ, હવે એક વાત સમજી લોઃ આપણો સોમલ કેસરને ચાહે છે. કરોડો રૂપિયા ખર્ચતાં પણ તમારા દીકરાની ખુશી નહીં ખરીદી શકો.’

નિખિલ પાસે આ વાતની સામે કોઈ દલીલ નહોતી. એ ચૂપ થઈ ગયો, પણ અભિમન્યુનું વર્તન અને કેસરની બેહોશી એના મનમાંથી કોઈ રીતે નીકળતાં નહોતાં. પહેલાં એના મનમાં આ સંબંધ વિશે નાનકડો અણગમો હતો, પણ ગઈ કાલ સાંજની ઘટના પછી રહી રહીને એને આ સંબંધ કઈ રીતે તૂટી શકે એના જ વિચારો આવતા રહ્યા.

*

મંદિરમાં કેસર ગુપચુપ બેઠી હતી. વરલીનું આ શિવમંદિર એની પ્રિય જગ્યા હતી. સુખમાં હોય કે દુઃખમાં, એ અહીં દોડી આવતી. સારાં એવાં પગથિયાં ચઢ્યાં પછી મંદિરમાં પહોંચી શકાતું. દાખલ થતાંની સાથે મોટું ચોગાન. એની જમણી તરફ મંદિર...

ભરચક ટ્રાફિકવાળા સતત દોડતા શહેરમાં આ એક જગ્યા એવી હતી, જ્યાં ખૂબ શાંતિ હતી. કોઈ માની ના શકે કે આ મંદિર શહેરની વચ્ચોવચ વરલી જેવા ભરચક વિસ્તારમાં આવેલું હતું.

શિવમંદિરના થાંભલાને અઢેલીને કેસર ધ્રૂસકે ચઢી. એને આ લગ્ન મંજૂર નહોતાં. પરિસ્થિતિ જે રીતે ગોઠવાઈ હતી એ રીતે છૂટી શકવું એના હાથમાં નહોતું રહ્યું.

દેવરાજસિંહ ઝાલા ગઈ કાલે સાંજે જ મુહૂર્ત કઢાવી આવ્યા હતા. એમણે કેસરને કહ્યું તે મુજબ આવતા મહિનાનું મુહૂર્ત શ્રેષ્ઠ હતું. આજે દેવરાજસિંહ મુહૂર્તની વાત કરવા નિખિલ શ્રોફની ઓફિસે જવાના હતા.

અકળાયેલી-મૂંઝાયેલી કેસર ભગવાન સામે બેસીને આમાંથી ઊગરવાનો ઉપાય માગી રહી હતી, પણ સામે બિરાજેલો ભગવાન જાણે ચૂપ બેઠો હતો. કેસરને કશુંયે સૂઝતું નહોતું. એ વિદ્યાથી છૂટી પડી પછી છેલ્લા બે કલાકથી અહીં બેઠી હતી...

અચાનક એનો સેલ રણકી ઊઠ્યો. સ્ક્રીન પર સોમલ શ્રોફ નામ હતું. ફોન લેવો કે નહીં એ નક્કી કરે તે પહેલાં તો ફોન ડિસકનેક્ટ થઈ ગયો. બીજી જ સેકન્ડે ફરી રિંગ વાગી.

એ સમજી શકી કે સોમલ અને વિદ્યા હમણાં જ છૂટાં પડ્યાં હશે. બધી વાત જાણ્યા પછી હવે સોમલ એની સાથે વાત કરવા માગતો હશે.

ત્રીજી, ચોથી, પાંચમી વખત... રિંગ રણકતી રહી. કેસરે મોબાઇલ પિકઅપ ન કર્યો. આખરે રિંગ બંધ થઈ ગઈ. કેસરને હાશ થઈ.

ત્યાં મૅસેજ બીપ થયોઃ તું મને પ્રેમ નહીં કરે તો ચાલશે, પણ મારામાં વિશ્વાસ રાખજે. મારી પાસે અત્યારે એટલો અઢળક પ્રેમ છે કે આપણને બંનેને પૂરતો થઈ રહેશે...

થોડી ગળગળી થઈ ગઈ કેસરઃ

આ માણસને શું કહેવું... કેસર થોડીક ક્ષણ એનો ફોન હાથમાં પકડીને જોતી રહી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થોડી મિનિટ પછી ફરી સોમલે ફોન રણકાવ્યો. કેસરે હવે મોબાઇલ કાને લગાડ્યો. સામે છેડેથી હળવા સ્વરમાં સોમલ બોલ્યોઃ

*હાથમાં પકડ્યો તમારો હાથ તો લાગ્યું સજનવા*
*મન પ્રથમ વાર જ ઉઘાડી પોપચાં જાગ્યું સજનવા.*
*ડર નિકટતાનો જ હો તો ના જશો આઘા સજનવા*
*બર્ફના થોડા હિમાલય પર પડે ડાઘા સજનવા!*
*કેસર એને સાંભળતી રહી. કશું બોલી ન શકી.*

થોડી ક્ષણના મૌન પછી ચિંતાતુર સ્વરમાં સોમલે પૂછ્યુંઃ

‘ક્યાં છે?’

‘બહાર છું.’ એનો અવાજ સુક્કો અને આંખો ભીની હતી.

સોમલ સહેજ હસ્યોઃ

‘હું જાણું છું કે બહાર જ છે. એક જ ઘરમાં ફોન કરવા પડે એવી સ્થિતિ નથી આવી આપણી વચ્ચે.’

‘સોમલ...’

‘તું મારું નામ બોલે છે ને ત્યારે લાગે છે કે જાણે એ નામને એક અર્થ મળે છે. મારું નામ વધારે સૂરીલું, વધારે મીઠું લાગે છે.’

‘હું તમારા આટલા બધા પ્રેમને લાયક જ નથી.’

કેસરને આ માણસની લાગણી સ્પર્શતી હતી, પણ એક છોકરી તરીકે જે થવું જોઈએ એ નહોતું જ થતું એના મનમાં.

‘લેનાર લાયક છે કે નહીં એનો નિર્ણય આપનાર સિવાય કોણ કરી શકે?’

સોમલના અવાજમાં અચાનક જ એક ખાલીપો, એક નિરાશા ભળી ગયાં

‘કદાચ એટલે જ તું મને તારો પ્રેમ નથી આપતી.’

એ સહેજ અટક્યો પછી એણે વાત પૂરી કરવાનો પ્રયત્ન કર્યોઃ

‘તારી ચિંતા થઈ એટલે ફોન કર્યો હતો. વિદ્યા સાથે વાત થઈ...’

‘જી.’

બંને વચ્ચે મૌન લંબાતું રહ્યું. શું વાત કરવી એ બંનેને સમજાયું નહીં. થોડી વારે સોમલે એ વીંધી નાખતા મૌનને તોડીને કહ્યુંઃ

‘લિસન કેસર, સમસ્યા દરેકને હોય છે. એને નકારવાથી આપણે સમસ્યાના ઉકેલથી દૂર ભાગીએ છીએ. એક વાર સમસ્યાની સામે ઊભા રહી જઈએ તો એનો ઉકેલ આસપાસમાંથી જ મળી આવે છે.’

‘જી.’

‘હું તને લેવા આવું? મને ખબર છે તારી પાસે વાહન નથી.’

સોમલે નાના બાળકને પટાવતો હોય એટલા લાડથી પૂછ્યું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મને કહીશ પ્લીઝ, તું ક્યાં છે?’

‘વરલીના શિવમંદિરમાં.’

કેસરને લાગ્યું કે હવે વાત લાંબી ખેંચવાનો કોઈ અર્થ નથી.

‘તું ત્યાં જ રહેજે. હું આવું છું.’

સોમલે લાઇન કટ કરી ત્યાં સુધીમાં એણે એના મનમાં એક દૃઢ નિર્ણય કરી લીધો હતો.

કેસરનું શિવમંદિરમાં હોવું એને ઈશ્વરી સંકેત લાગ્યો. વરલી પહોંચતા સુધીમાં એણે એક દુકાન પાસે ગાડી ઊભી રાખીને સિંદૂરની ડબ્બી ખરીદી લીધી.

એણે ગાડી પાર્ક કરીને પગથિયાં ચડતાં સુધીમાં નક્કી કરી નાખ્યું:

દેવરાજસિંહ ઝાલા અને નિખિલ શ્રોફ જે મુહૂર્ત કાઢવું હોય તે ભલે કાઢે, પણ... કેસર સાથે હું હમણાં જ અહીં જ લગ્ન કરીશ!

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 5

મંદિરમાં પહોંચીને સોમલે આમતેમ જોયું. ઢળતી બપોરનો સમય હતો. મંદિરમાં ખાસ વસતી નહોતી. બે-ચાર વૃદ્ધ સ્ત્રીના અવાજ આવી રહ્યા હતા. બાકી, ચોતરફ નીરવતા હતી.

સોમલને થાંભલાને અઢેલીને બેસેલી કેસર તરત જ દેખાઈ ગઈ. એ કેસર પાસે પહોંચી ગયો:

'કેસર...'

સોમલને જોઈને સજલ નયન સાથે કેસર ઊભી થઈ ગઈ. નજીક આવીને કંઈ કહેવાનો પ્રયત્ન કરે એ પહેલા સોમલે એના હોઠ પર આંગળી મૂકી દીધી:

'કશું જ નહીં બોલતી. પહેલાં મારી વાત સાંભળી લે.'

કેસરે આંખ બંધ કરી દીધી. સોમલની આંખોમાં જોઈને એ પોતાની હિંમત ગુમાવવા નહોતી માગતી. એણે થોડીક ક્ષણ રાહ જોઈ, સોમલ કશું બોલે એની...

સોમલ કશું જ બોલ્યો નહીં. થોડીક ક્ષણોની પ્રતીક્ષા પછી એણે આંખ ખોલી ત્યારે સોમલનો હાથ એના માથા તરફ આગળ વધી રહ્યો હતો. આંગળી અને અંગૂઠાને ભેગાં કરી એણે ચપટી વાળી હતી. એ ચપટીમાં સિંદૂર હતું.

કેસર કશું સમજે-બોલે કે પ્રતિભાવ આપે એ પહેલાં સોમલે ચપટી સિંદૂર એની સેથીમાં ભરી દીધું. છેક કપાળથી શરૂ કરીને માથાના અંત ભાગ સુધી એક લાંબી રેખા ખેંચાઈ ગઈ એના માથામાં. બંને જણા શિવમંદિરના સભામંડપમાં ઊભાં હતાં.

કેસર નખશિખ ધ્રૂજી ઊઠી:

'શું કર્યું આ માણસે?'

'મને જે યોગ્ય લાગ્યું તે કર્યું.'

સોમલ જાણે કેસરના મનોમન પુછાયેલા સવાલનો જવાબ આપતો હોય એમ એની સામે જોઈને બોલી ઊઠ્યો:

'ઈશ્વરની સાક્ષીએ મેં આજે તારી સાથે લગ્ન કરી લીધાં. હવે તું મને સ્વીકારે કે નહીં. હું તો તને મારી પત્ની માનીશ!'

સોમલને કહેવા માટે ગોઠવી રાખેલી બધી જ વાત એક જ ક્ષણમાં જાણે હવા થઈને ઊડી ગઈ. ગમે એટલું નકારે, પણ શિવમંદિરમાં બનેલી આ ઘટનાને હવે કેસર નકારી શકે એમ નહોતી.

બે-ચાર ક્ષણમાં તો એના મનમાં કેટલાય વિચાર આવ્યા અને નીકળી ગયા... આ આખી ઘટના અહીં જ બની. એનો અર્થ કેસરે મનોમન એવો કાઢ્યો કે પોતે શિવને કરેલી વિનંતીનો કદાચ આ જ જવાબ છે... સોમલના આ વર્તન દ્વારા કદાચ શિવજીએ પોતાની મરજી જણાવી હતી...

હવે ધમપછાડા કરવાનો કે પોતાની વાત કહેવાનો કોઈ અર્થ જ નહોતો. કશું જ બોલ્યા વિના કેસર મંદિરના ઓટલે જઈને બેસી ગઈ. સોમલ એની બાજુમાં સાવ શાંત, સ્વસ્થપણે ગોઠવાયો. એણે કેસરનો હાથ પોતાના હાથમાં લીધો:

'હું તને વચન આપું છું... સુખમાં કે દુ:ખમાં, સફળતામાં કે નિષ્ફળતામાં, સારા સમયમાં કે ખરાબ સમયમાં હું તારો હાથ નહીં છોડું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એના હાથમાંથી પોતાનો હાથ છોડાવ્યા વિના કેસર એમ જ બેસી રહી. દૂર શૂન્યમાં તાકતી લગભગ નિષ્પ્રાણ હોય એમ.

'કશું બોલીશ નહીં?'

'શું કહું?' કેસરે હજીયે સોમલની સામે જોવાનું ટાળ્યું.

'હા...' સોમલ સહેજ હસ્યોઃ

'આમેય મેં તારા કહેવા માટે કંઈ બાકી જ ન રાખ્યું.'

આટલું કહીને એણે પોતાનો એક હાથ કેસરના ખભાની આસપાસ વીંટાળ્યોઃ

'મને લાગ્યું કે તું નિર્ણય નહીં જ કરી શકે અને જો કરીશ તો ખોટો જ નિર્ણય કરીશ, એટલે મેં આપણા બંને વતી સાચો અને સારો નિર્ણય કરી નાખ્યો.'

'જી.'

'હું તો સાચે જ આવી રીતે પરણવા માગતો હતો, મંદિરમાં... ઈશ્વરની સાક્ષીએ... હું ધામધૂમ, દેખાવ કે તમાશામાં નથી માનતો. લગ્ન બહુ અંગત બાબત છે, કેસર. આપણે લગ્નને તમાશો બનાવી દીધો છે. નાચગાન, ખાણીપીણી...'

'ઉત્સવ એ આપણા દેશની પરંપરા છે...'

'હા. ઉત્સવ સામે વિરોધ નથી, પણ જે મહત્ત્વની ક્ષણે બે વ્યક્તિની જિંદગી જોડાય છે. એવે સમયે શાંતિ અને સમજદારીપૂર્વકનો સ્વીકાર વધુ અગત્યનો છે'.

સોમલ થોડી વાર શાંત રહ્યો. કેસર સામે તાકી રહ્યોઃ

'સાથે રહેવું એટલે માત્ર એક છત નીચે શ્વાસ લેવો એ નહીં જ. સાથે રહેવું એટલે સાથે જીવવું, સાથે ધબકવું અને સાથેસાથે વિકસવું–ગ્રો થવું. એકબીજાની ઊણપ–અભાવને ઓળખવાં, એ પછી એકબીજાના પૂરક થવું.'

કેસર મનમાં કેટલીયે વાતોને ગૂંથતી, ઉકેલતી રહી... પછી ધીમેથી બોલી ઊઠીઃ

'મેં ઈશ્વરની મદદ માગી હતી... જે કંઈ થયું એમાં એની જ મરજી હશે એમ માનીને હું સ્વીકારી લઉં છું.'

આટલું સાંભળતાં જ સોમલને લાગ્યું કે જાણે એના મન પરથી એક બોજ ઊતરી ગયો.

એ પછી થોડીક ક્ષણ માટે છવાઈ ગયેલી ચુપકીદીનો કેસરે ભંગ કર્યો. કેસરે નજર ઊંચકીને સોમલ સામે જોયુંઃ

'સોમલ, એક વિનંતી કરવી છે.'

'હુકમ કર. આજ પછી તારી બધી જ ઇચ્છા પૂરી કરવી એ મારી જવાબદારી છે.'

'આજની ઘટના વિશે આપણા બે સિવાય બીજું કોઈ ન જાણે તો સારું.'

'પણ, કેમ?'

'ખબર નહીં કેમ...'

કેસરે ફરી નજર નીચે ઢાળી દીધીઃ

'મને નથી ખબર, હું આવું કેમ ઇચ્છું છું, પણ મારે આટલું જોઈએ છે, આપી શકશો?'

સોમલ એક ક્ષણ માટે એની આંખોમાં તાકી રહ્યો. પછી એણે બંને હાથે કેસરનો ચહેરો પકડ્યો, જાણે કોઈ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નાનકડા બાળકને કે ફડફડતા પંખીને પકડતો હોય એમ...

'ઓ.કે. આપણા બે સિવાય આ વાત ફક્ત ઈશ્વર જાણે છે... બસ?'

આમ તો આ ક્ષણે કેસરની અંદર તોફાન ઊમટવું જોઈતું હતું. સોમલ જેવા પુરુષના સ્પર્શથી એનું સ્ત્રીત્વ જાગવું જોઈતું હતું, પરંતુ કેસરને આ સ્પર્શથી કશું જ થયું નહીં.

એણે જાતને જગાડવાનો પ્રયાસ કર્યો, સોમલના સ્પર્શમાં એ બધું જ અનુભવવાનો પ્રયાસ કર્યો, જે એણે વિદ્યા પાસેથી સાંભળ્યું હતું... એણે ઇચ્છ્યું કે એનું લોહી ગરમ થઈ જાય. સોમલના સ્પર્શમાં ક્યાંક એવી કોઈ સંજીવની હોય જે એની અંદર મરી ગયેલી કે ઠરી ગયેલી લાગણીઓને ફરી એક વાર ધબકતી કરે.

આંખ બંધ કરીને એ ચમત્કારની પ્રતીક્ષા કરતી રહી, પરંતુ એને આવી કોઈ જ ઉષ્મા જાગી નહીં. ધારેલો કોઈ ચમત્કાર થયો નહીં.

એણે જાતને લગભગ ધક્કો મારીને ધકેલી. જે માણસે એના આટલા બધા પ્રેમમાં ડૂબી ગયો છે, જે માણસે એને માટે પોતાનાં માન-સ્વમાન કે ભવિષ્ય સુધ્ધાંની પરવા ન કરી એ માણસની નાનકડી અપેક્ષા પૂરી કરવાનો એનો ધર્મ હતો...

કેસર હવે સોમલના હોઠ પર ઝૂકી. સંપૂર્ણ કમને એ સોમલના હોઠ પર હોઠ મૂકવા જ જતી હતી કે સોમલે એનો ચહેરો પોતાના હાથમાંથી છોડી દીધોઃ

'શું કામ બળજબરી કરે છે જાત પર?'

કેસરે આંખો ખોલી નાખીઃ

'હું તને ચાહું છું અને તું મને ચાહી શકે ત્યાં સુધી તારી પ્રતીક્ષા કરવામાં મને કોઈ વાંધો જ નથી. પ્રેમ એટલે પામવું નહીં, કેસર, આપવું!'

સોમલના ચહેરા પર જે સૌમ્યતા હતી એ જોઈને કેસર જાણે પીગળી ગઈ. એણે બંને હાથે સોમલનો ચહેરો પકડીને પોતાની નજીક લીધો અને શિવમંદિરના ઓટલા પર સોમલના હોઠ પર એક હળવું ચુંબન કરી દીધું.

'સમજું છું! માટે જ મારાથી જે આપી શકાય તે આપવાનો પ્રયાસ કરું છું.'

કેસરે ચુંબન કર્યું તો ખરું, પણ એને આ ચુંબનથી ન વીજળીનો કોઈ ઝાટકો વાગ્યો કે ન એના હૃદયના ધબકારા વધી ગયા.

સોમલે એના ગાલ પર ટપલી મારીઃ

'બસ! આટલા જ કારણસર હું તને પ્રેમ કરતો થઈ ગયો.' એનું સ્મિત ખૂબ સ્નેહ અને સહાનુભૂતિથી છલકાતું હતુંઃ

'તું સતત આપવા માગે છે. તારો પોતાનો વિચાર કર્યા વિના તેં હંમેશાં સામેની વ્યક્તિનો–બીજાનો વિચાર કર્યો છે.'

'તમને...'

'તારી આંખમાં લખ્યું છે, કેસર. માણસનું ચારિત્ર્ય, એની સારાઈ એની આંખોમાંથી વાંચી શકાય છે. મેં તારા હૃદયની શુદ્ધતા અને આત્માની પવિત્રતા તારી આંખોમાં વાંચી છે.'

'સોમલ, હું સાચા હૃદયથી એક સારી પત્ની બનવાનો પ્રયત્ન તો કરીશ જ, પણ છતાંય જો...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલે એને આગળ બોલતાં અટકાવીને વહાલથી ગળે લગાડી દીધી. એક શબ્દ બોલ્યા વિના એ એની પીઠ પર હાથ ફેરવતો રહ્યો.

આટલા સમજદાર અને સ્નેહાળ માણસને મેળવીને ખરેખર તો કેસરે ધન્ય થઈ જવું જોઈતું હતું. આ ક્ષણે પોતાનું સર્વસ્વ એના ચરણમાં ન્યોછાવર કરવાની તીવ્ર ઇચ્છા એની નસનસમાં જાગવી જોઈતી હતી, પરંતુ આ પહેલા પુરુષસ્પર્શથી જે ઝણઝણાટી કે ઝંખના થવી જોઈએ એ કેસરમાં ન જ જાગી.

કેસર ઘેર પહોંચી ત્યારે સાંજ ઢળી ચૂકી હતી.

'ક્યાં હતી? કેટલા ફોન કર્યા અમે?'

'પહેલાં વિદ્યા સાથે હતી, પછી સોમલને મળી...'

આ સાંભળતાં જ શ્રદ્ધાબહેનના ચહેરા પર આનંદ છવાયો:

'જોયું? મેં નહોતું કહ્યું? એ છોકરો જુદો જ છે... એને ગઈ કાલની ઘટના પછી પણ કોઈ ફેર નથી પડ્યો.'

'સમજદાર છે.' દેવરાજસિંહ આથી વધુ કશું બોલી શક્યા નહીં.

હરખાઈ ઊઠેલાં શ્રદ્ધાબહેને વધામણી ખાધી:

'તારા બાપુ મુહૂર્ત કઢાવી આવ્યા છે. નિખિલભાઈ પણ એ જ મુહૂર્તે લગ્ન કરવા તૈયાર છે. આવતા મહિનાનું મુહૂર્ત છે. ફક્ત અઠ્ઠાવીસ દિવસ બાકી છે. આટલી બધી તૈયારી કેવી રીતે થશે?'

'થઈ જશે. બધું થઈ જશે. પૈસા ફેંકો તો આ શહેરમાં કંઈ પણ મળી જાય.' દેવરાજસિંહ પણ આનંદમાં હતા:

'મારી એકની એક દીકરીનાં લગ્ન છે. જોજોને, એવી ધામધૂમ કરીશ કે શહેર જોતું રહી જશે.'

એ પછી ખાસ્સી વાર સુધી લગ્ન વિશે જ વાતો ચાલતી રહી. ખરીદી માટે ક્યાં જવુંથી શરૂ કરીને કેટરર, ડેકોરેટર, થીમ વેડિંગ સુધીની ચર્ચાઓ કરતાં પતિ-પત્નીનો ઉત્સાહ જોઈને કેસરને રડવું આવી ગયું.

'અરે દીકરા! એક દિવસ તો તારે પોતાના ઘરે જવાનું જ હતું. સંતોષ એ વાતનો છે કે માણસો સારા છે.' શ્રદ્ધાબહેને એના માથે હાથ ફેરવ્યો.

'સારા પણ છે અને મોટા પણ...' દેવરાજસિંહ તો જાણે નિખિલના પ્રભાવમાં આવી ગયા હતા:

'મને કહે છે કે લગ્નનો અડધો ખર્ચો અમે કરવા તૈયાર છીએ.'

જોકે આ કહેતી વખતે દેવરાજસિંહના મનમાં સહેજ પણ એવો ખ્યાલ ન આવ્યો કે નિખિલે આ વાત એમને નીચા દેખાડવા કહી હતી.

નિખિલ કાબો માણસ હતો. એના દીકરાનાં લગ્નમાં ધામધૂમ થાય અને લોકો જોતા રહી જાય એવી ઇચ્છા તો એની પણ હતી, પરંતુ એ બધો તામઝામ કરવાની વાત જો એ સીધી રીતે દેવરાજસિંહને કહે તો એ પોતે નાનો બની જાય. એને બદલે એણે સ્ટાઇલમાં અડધો ખર્ચો વહેંચવાની વાત કરીને દેવરાજસિંહને ઉશ્કેર્યા. શ્રોફ ખાનદાનમાં નિખિલનાં લગ્ન પછી લગભગ ત્રણ દાયકા સુધી એવો કોઈ પ્રસંગ નહોતો આવ્યો કે જે મીડિયા અને ટેલિવિઝન ચેનલ માટે સમાચાર બની શકે. હવે આ અવસર આવ્યો ત્યારે એની બધી પ્રસિદ્ધિ દેવરાજસિંહ એકલો ખાઈ ન જાય એ માટે નિખિલ સજાગ હતો.

દેવરાજસિંહ રાતના મોડે સુધી શ્રદ્ધાબહેન સાથે લગ્નની તૈયારીઓની ચર્ચા કરતા હતા ત્યારે મોડી રાત્રે અભિમન્યુ પાછો ફર્યો. એ પણ બપોરની કડવાશ ભૂલીને માતાપિતાની સાથે બહેનનાં લગ્નની ચર્ચામાં ગૂંથાયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઘરના સૌને આટલાં ખુશ જોઈને કેસરને ધીરે ધીરે લાગવા માંડ્યું: જે થયું એ સારું જ થયું છે.

એ પછીના બધા જ દિવસો કેસરે ફક્ત માતાપિતાની આજ્ઞા માનવામાં અને પરિસ્થિતિને અનુકૂળ થઈને સમાધાન કરી લેવામાં વિતાવ્યા.

શિવમંદિરમાં લગ્ન થયાં હોવા છતાં પણ સોમલ એનાથી એક અંતર જાળવી રાખતો. એ કેસર સાથે વધુમાં વધુ સમય વિતાવવાનો પ્રયત્ન કરતો, પરંતુ એ તમામ સમય દરમિયાન જે શાલીનતાથી સોમલ પોતાની જાત પર સંયમ રાખતો એ જોતાં કેસરને ધીમે ધીમે એના માટે અપાર માનની લાગણી થવા માંડી હતી.

દેવરાજસિંહ ઝાલાએ ઘેલા થઈને લગ્નની તૈયારીઓ કરવા માંડી. સુરેન્દ્રનગરથી પિતા ગુલાબસિંહ અને ભાઈ-બહેનોને તેડાવ્યાં. સૌને અઠવાડિયાં પહેલાં આવી જવાનો આગ્રહ કર્યો...

દેશના ઉત્તમ ડેકોરેટર્સ, કેટરર્સ અને વેડિંગના એક્સપર્ટસને બુક કરવામાં આવ્યા. કેટલાય પ્લાન બન્યા અને કેન્સલ થયા. છપાઈને આવેલી પાંચ હજાર કંકોતરીઓ રિજેક્ટ થઈ... નવી છપાઈ... સૂકા મેવાના બોક્સની સાથે શહેરના, દેશ-વિદેશના તમામ સ્વજન, ઓળખીતા, સગાં, મિત્રો અને બિઝનેસમેન, વગેરેને પહોંચાડવામાં આવી.

*

હવે લગ્નને એક અઠવાડિયું બાકી હતું ત્યારે ગુલાબસિંહ એમના સૌથી નાના દીકરા વનરાજસિંહ સાથે લગ્ન માણવા આવી પહોંચ્યા. ખૂબ આગ્રહ કરવા છતાં બીજાં ભાઈ-બહેનો ન જ આવ્યાં, કારણ કે દેવરાજસિંહે એમના ઘરના પ્રસંગોમાં હાજરી નહોતી આપી. બરાબર પ્રસંગે પોતાનું મહત્ત્વ દેખાડવાની રાજપૂતોની આ ખાસ લાક્ષણિકતા અહીં પણ છૂપી ન રહી.

પિતા ગુલાબસિંહે આવતાંની સાથે બધું પોતાના હાથમાં લઈ લીધું. આ જ એમની પ્રકૃતિ હતી. નક્કી થયેલી બાબતોમાં એમણે ફેરફારો સૂચવવા માંડ્યા. લગ્નની વિધિથી શરૂ કરીને ભોજનના મેનુમાં પણ એમણે ફેરબદલનો આગ્રહ કરવા માંડ્યો.

મોટા ભાઈનો વૈભવ જોઈને ઈર્ષ્યાથી અડધા થઈ ગયેલા વનરાજસિંહે પણ પિતાને ચઢાવવા માંડ્યા:

'તમારું કોઈ મહત્ત્વ નથી... તમને કોઈ પૂછતું નથી... અહીં તો બધું દેવુભાનું ધાર્યું થાય છે... આપણને એના પૈસા દેખાડવા જ બોલાવ્યા છે...'

આવાં નાનાં-મોટાં ઊંબાડિયાં ચાંપીને એણે બાપ-દીકરા વચ્ચેના મનદુઃખને વધુ ને વધુ વકરાવ્યું.

દેવરાજસિંહે નક્કી કર્યું હતું કે દીકરીના લગ્નપ્રસંગે પધારેલા પિતાને સહેજ પણ નારાજ ન કરવા, બલકે એમનું ખૂબ માન રાખવું અને સૌ આનંદથી આ પ્રસંગ માણે એવો પ્રયાસ કરવો, પરંતુ...

એક દિવસ પિતા-પુત્રને જામી ગઈ.

'ભા, તમે દરેક વાતમાં વચ્ચે ન પડો તો સારું.'

ગુલાબસિંહ ડેકોરેટર સાથે રંગ બાબતે કંઈ માથાકૂટ કરી રહ્યા હતા ત્યારે દેવરાજસિંહે આવીને એમને ટોક્યા.

'વચ્ચે પડવુંય પડે. તને તો કંઈ સમજ નથી ને વહુને આપણા રિવાજની ખબર નથી. લગ્નમાં ભૂરો રંગ ન વપરાય. ભૂરો સાડલો વિધવા પહેરે...'

'લગ્નના થીમ મુજબ જે યોગ્ય હશે એ જ થશે.'

'થીમ ગયો ચૂલામાં... હું અપશુકનિયાળ રંગ નહીં વાપરવા દઉં.' ગુલાબસિંહે સ્વભાવ મુજબ હઠાગ્રહ શરૂ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કર્યો.

'એમાં વાંધો શું છે, દેવુભા? મોટા ભાનું મન રાખી દો તો ઘસાઈ નહીં જાવ.' વનરાજસિંહે બળતામાં ઘી હોમ્યું.

દેવરાજસિંહે ડિઝાઇનર સાથે વાતચીત કરીને બ્લુને બદલે જાંબુડી રંગથી ચલાવી લીધું તો બીજા દિવસે વળી નવો મુદ્દો ઊભો થયો. ભોજનનું મેનુ જોઈને એમણે મોં બગાડ્યું:

'આપણાં સગાં તારી વાતો કરશે... કહેશે કે, ઢગલા મોઢે રૂપિયા કમાયો, પણ ન્યાત જમાડવામાં હાથ ટૂંકો પડ્યો.'

'ભા!' દેવરાજસિંહની ધીરજ ખૂટતી જતી હતી.

'ચૂરમું અને ઘી વગર રાજપૂતની દીકરી પરણે જ નહીં... પચાસ વસ્તુનું લિસ્ટ છે, ચૂરુમું અને દાલબાટી ઉમેરાવી દે.'

'આ મેનુ સાથે એ ન જાય, ભા!'

દેવરાજસિંહે એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'અહીં તો બધું ફેશન પ્રમાણે થાય ભા, રિવાજની એમને પડી નથી. આમેય ન્યાતમાં પરણ્યા નથી એટલે સગાંવહાલાંની ચિંતા એમને શું કામ હોય? જવાબ તો તમારે આપવાનો.'

વનરાજસિંહે પિતા ગુલાબસિંહને ફરી ઉશ્કેર્યા.

દેવુભાએ સારા શબ્દોમાં ધીમે રહીને પોતાની વાત પિતાના ગળે ઉતારવાનો પ્રયાસ કરી જોયો, પણ ગુલાબસિંહ જેનું નામ! એ તો કદાચ નક્કી કરીને જ આવ્યા હતા કે દેવરાજસિંહને હેરાન-પરેશાન કરી મૂકવા. દલીલ કરતાં કરતાં એ દેવરાજસિંહને કંજૂસ, સ્વાર્થી, લોભિયો જેવા ન કહેવાના શબ્દો ભાંડવા માંડ્યા.

એ જ વખતે ત્યાં આવી પહોંચેલા અભિમન્યુએ પણ તકનો લાભ લઈને દાદાજીની હામાં હા પુરાવવા માંડી. દાદા-પૌત્રએ ભેગા મળીને દેવરાજિસંહને એટલા ઉશ્કેર્યા કે મગજ ગુમાવી એમણે પણ ન બોલવાનું બોલી નાખ્યું. આટલાં વર્ષોમાં એમણે ક્યારેય નહોતી ઉખેળી એ બધી વાતો કોણ જાણે કેમ એમના મનમાં હોઠ પર આવી ગઈ. પિતાએ જે રીતે ઘરમાંથી કાઢ્યા હતા ત્યાંથી શરૂ કરીને એમને કઈ કઈ વાતે ગુલાબસિંહ સામે વિરોધ હતો એ બધું એમનાથી બોલાઈ ગયું.

ગુલાબસિંહને સખત ખોટું લાગ્યું. એમણે તરત જ ત્યાંથી ચાલ્યા જવાનો નિર્ણય કર્યો. એ પછી દેવરાજસિંહે એમને ઘણા સમજાવ્યા, માફી માગી. શ્રદ્ધાબહેને પાલવ પાથરીને, પગે પડીને એમને રોકાવાની વિનંતી કરી. કેસરે પણ દાદાજીને રોકવાનો બનતો પ્રયાસ કરી જોયો, પરંતુ ગુલાબસિંહે પોતાનો સામાન બાંધી લીધો અને વનરાજસિંહને લઈને એ ગુસ્સામાં ત્યાંથી ચાલી ગયા.

લગ્નનો ઉત્સાહ અડધો થઈ ગયો. પિતાના ચાલ્યા જવાનું દુઃખ દેવરાજસિંહને થયું, પરંતુ એમણે મન વાળી લીધું. શ્રદ્ધાબહેનને એમના સ્વભાવ મુજબ આ અપશુકન લાગ્યાં. આ ઘટનાની અભિમન્યુ પર બહુ ઊંડી અસર થઈ. એને લાગ્યું કે પિતાએ દાદાજીનું માન ન રાખ્યું. એ દાદાજીને ખૂબ ચાહતો હતો. એણે તો એવું વિચાર્યું હતું કે કેસરના ગયા પછી એ ગમે તેમ કરીને ગુલાબસિંહને અહીં જ રોકી રાખશે. એને બદલે દાદાજી ઘરના અવસર માટે પણ ન રોકાયા. આ ઘટનાથી પિતાની વિરુદ્ધ એક વધુ તીર અભિમન્યુના ભાથામાં ઉમેરાયું.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નિખિલ શ્રોફને ઘેર લગ્નની તૈયારીઓ જોરમાં ચાલતી હતી.

એનાં મોટા ભાગનાં સગાં વિદેશ રહેતાં હતાં. સહુ આ લગ્ન માણવા આવ્યાં હતાં એટલે મેરિયટ, ઓર્કિડ, તાજ-લેન્ડ્સ એન્ડ અને સન એન્ડ સેન્ડમાં સૌના મોભા પ્રમાણે રૂમ બુક કરાયા હતા. સહુએ પોતપોતાના બ્યુટિશિયન અને ડિઝાઇનર્સ બુક કર્યા હતા. સહુ પોતપોતાની રીતે આ અવસર માણવા સજી રહ્યાં હતાં.

'આ લોકો બધું બરાબર કરે તો સારું.'

નિખિલને હજી પણ ભય હતો.

'બધું બરાબર જ થશે. બધું તમને પૂછીને તો કરે છે.'

શ્વેતા સતત એને શાંત અને સ્વસ્થ રાખવાના પ્રયાસો કરતી હતી.

'આટઆટલાં લોકો આપણે ત્યાં લગ્નમાં આવ્યાં છે. નાનકડી વાતમાં પણ જો આ લોકો મિડલ ક્લાસની જેમ વરતશેને તો આપણું નાક કપાશે. કોઈ મોઢે તો નહીં કહે, પણ વાતો કરશે કે ભલભલા સંબંધોને ના પાડીને કેવા લોકોને ત્યાંથી છોકરી લઈ આવ્યા.'

'તમે મને પરણ્યા ત્યારે મારાં આઈ-બાબા પાસે તો આટલીય સગવડ નહોતી. આપણે કઈ રીતે પરણ્યાં એ ભૂલી ગયા?'

'એ પછી મારા ડૅડની પાર્ટી હતી... આજે પણ લોકો યાદ કરે છે એ પાર્ટી. પિન્ક શૅમ્પેઇન અને બ્લૂ લેબલ પીવડાવી હતી.'

નિખિલના પિતા વિક્રમ શ્રોફ અદ્‌ભુત માણસ હતા. એમણે ક્યારેય શ્વેતાને કે એનાં માતાપિતાને ઓછું આવવા દીધું નહોતું. બલકે, જ્યારે પણ બે કુટુંબોના સ્ટેટસની વાત નીકળતી ત્યારે વિક્રમ શ્રોફ વારંવાર શ્વેતાના ઉછેર અને સંસ્કારનાં વખાણ કરીને એનાં માતાપિતાને ગૌરવનો અનુભવ કરાવતા.

એથી તદ્દન ઊલટો નિખિલ એની મા જેવો હતો. નિખિલનાં માતુશ્રી ચિત્રાંગદા શ્રોફ જ્યાં સુધી જીવ્યાં ત્યાં સુધી એમણે શ્વેતાને શાંતિથી જીવવા દીધી નહીં. શ્વેતાના મિડલ ક્લાસ બૅકગ્રાઉન્ડથી શરૂ કરીને એની પસંદગી, એના ટેસ્ટ, એનું અણઘડપણું અને સોશિયલ સર્કલમાં વર્તવાની એની અણઆવડત વિશે ટોણો મારવાનો એક પણ પ્રસંગ એ ચૂકતાં નહીં.

અત્યારે વાત નીકળી ત્યારે શ્વેતાને એ કડવો ભૂતકાળ અચાનક જ યાદ આવી ગયો. એ કશું બોલી નહીં, પણ એટલું ચોક્કસ સમજી શકી કે દેવરાજસિંહ ઝાલા જો ક્યાંય પણ ઊણા ઊતર્યા તો નિખિલ શ્રોફ આખી જિંદગી એને એ વાત માટે અપમાનિત કર્યા કરશે એ નક્કી.

શ્વેતા અંદરથી ફફડતી હતી. એ નિખિલનો સ્વભાવ જાણતી હતી. એને ક્યારેય અને કઈ વાતે ઓછું આવી જાય એ નક્કી નહોતું. એનો અહંકાર ક્યારે ઘવાઈ જતો એ કહી શકાતું નહીં... ખુદ પત્ની શ્વેતા પણ નહીં.

*

નિખિલ શ્રોફને ઘેરથી જાન ઊઘલી ત્યારે સોમલને એની ફોઈએ સાચાં મોતીથી વધાવ્યો. એના હાથમાં જે નારિયેળ મુકાયું એ સાચા હીરા જડેલું લગભગ પચાસ લાખ રૂપિયાનું શ્રીફળ હતું.

રોલ્સરોયસમાં નિખિલ શ્રોફના દીકરાની જાન જ્યારે માંડવે પહોંચી ત્યારે મંડપના દરવાજાથી છેક ચોરી સુધી ગુલાબની પાંખડીઓ બિછાવીને વરરાજા માટે ખાસ માર્ગ સજાવવામાં આવ્યો હતો. ઓર્કિડ, સફેદ અને લાલ ગુલાબોથી સજાવાયેલો મંડપ લવેન્ડરની ખુશબૂથી મહેકતો હતો. ભૂરાને બદલે જાંબુડી રંગનો ઉપયોગ કરાયો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતો, પરંતુ પર્પલ અને સફેદ ફુગ્ગા, પર્પલ અને સફેદ રિબન્સની સાથે ગોઠવાયેલા ટ્રેડિશનલ સોફા પણ પર્પલ ટેપેસ્ટ્રીથી ફરી સજાવાયા હતા...

મંડપમાં નાનાં નાનાં જળાશયોની રચના કરવામાં આવી હતી, જેમાં જાંબુડી રંગના કમળની સાથે ગળામાં જાંબુડી બો બાંધેલાં સાચા હંસ તરતા હતા...

મંડપની સજાવટ જોઈને નિખિલ શ્રોફને સાચે જ સંતોષ થયો. એણે એ વિશે દેવરાજસિંહને અભિનંદન પણ આપ્યાં.

જાન માંડવે પહોંચી એની થોડી મિનિટોમાં જ લગ્નની વિધિ શરૂ થઈ.

પાનેતરમાં વીંટળાઈને કેસર આવી. એણે પહેરેલાં ઘરેણાં, ડિઝાઇનર પાનેતર જોઈને નિખિલ શ્રોફનો પોતાના દીકરાની પસંદગી વિશેનો વિરોધ થોડો ઘણો ઓગળ્યો...

દરમિયાનમાં મંડપમાં દ્રાક્ષ, બ્લૅક બેરી, બ્લૂ બેરીનાં શરબત અને જાતજાતના કોકટેઇલ સ્નેક્સ ફરતાં રહ્યાં. વ્યવસ્થા ઉત્તમ હતી. બધું જ યોગ્ય રીતે આગળ વધી રહ્યું હતું. લગ્નવિધિમાં જવ-તલ હોમવા માટે કન્યાના ભાઈને બોલાવવામાં આવ્યો...

અભિમન્યુ માટે શોધાશોધ શરૂ થઈ. આખરે મંડપના એક ખૂણે સોફામાં નશામાં લસ્ત થઈને પડેલા અભિમન્યુને બે જણ ટેકો આપીને ચોરી સુધી લઈ આવ્યા.

નિખિલ શ્રોફે આ જોયું. અત્યારે કશું બોલવાનો અર્થ નહોતો. એ ચૂપ રહ્યા. ચોરીમાં ઊભા રહીને બહેનના હાથમાં જવ-તલ આપવાનું કહ્યું ત્યારે અભિમન્યુ અચાનક બરાડી ઊઠ્યો:

'હું આ બધું નથી કરવાનો. આ બધું નાટક છે. તમાશો છે...'

'શું કરે છે, અભિ?'

શ્રદ્ધાબહેને સમજાવટથી કામ લેવાની કોશિશ કરી:

'આટલા બધા મહેમાનોની હાજરીમાં...'

'આ જ તો સમય છે... દેવરાજસિંહ ઝાલાનું મહોરું ઉતારવાનો... બધા જાણે કે આ માણસ કેટલા પાણીમાં છે.'

દેવરાજસિંહ ચોરીમાં જ બેઠા હતા. જાત ઉપર માંડ માંડ કાબૂ રાખીને એમણે બાજુમાં પડેલી તલવાર ઉપર મુઠ્ઠી કસી લીધી.

અભિમન્યુ હજીયે ઊંચા અવાજે બરાડી રહ્યો હતો:

'મારા દાદાજીને... એના સગા બાપને ઘરમાંથી હાંકી કાઢ્યા છે એમણે... આ...'

નશામાં ડોલતા અભિમન્યુએ કેસર તરફ આંગળી ચીંધી:

'...આ પરણીને જાય એટલે મને પણ હાંકી કાઢવાના જ ફિરાકમાં છે... એક નંબરનો સ્વાર્થી અને લુચ્ચો માણસ છે આ, મારો બાપ!'

જાનમાં આવેલા સૌ આશ્ચર્યચકિત થઈને આ તાયફો જોઈ રહ્યાં. નિખિલને તો ડૂબી મરવા જેવું થયું. આસપાસ ઊભેલા સહુ સ્તબ્ધ થઈ ગયાં.

'તમે ચિંતા ના કરો, જેને કોઈ ના પહોંચે એને એનું પેટ પહોંચે... હું એને પાઠ ભણાવીશ. દેવરાજસિંહે એના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બાપને કાઢી મૂક્યો છે ને... તો એનો દીકરો આ દેવરાજસિંહને કાઢી મૂકશે...' આટલું કહીને એણે જોરથી પિતાને ગાળ દીધીઃ

'હરામખોર... બીજાના પૈસે આખી જિંદગી કાઢી નાખી... ને હવે વાહ-વાહ લૂંટે છે?'

હવે દેવરાજસિંહની ધીરજ રહે એમ નહોતી.

એ ઊભા થયા. એમણે કોઈકને બોલાવીને અભિમન્યુને ત્યાંથી લઈ જવા માટે ઇશારો કર્યો, પરંતુ નશામાં ડૂબેલો અભિમન્યુ ગાળાગાળી પર ઊતરી આવ્યો હતો.

સોમલનો ચહેરો તપીને લાલ થઈ ગયો હતો. આમ જોવા જાવ તો આ ઝાલાકુટુંબની અંગત બાબત હતી. પોતે આમાં બોલવું જોઈએ કે નહીં એની અવઢવમાં પડી ગયો.

દેવરાજસિંહના માણસો આવીને ચોરીની આસપાસ ઊભા રહી ગયા હતા. બે જણાએ જઈને અભિમન્યુને બંને તરફ બાવડેથી પકડ્યો. અભિમન્યુએ ઝટકો મારીને પોતાના હાથ છોડાવ્યાઃ

'એય... કહો તમારા માણસોને કે મને હાથ ના લગાડે. બાકી, આ ચોરી-બોરી ઉખાડીને ફેંકી દઈશ!'

દેવરાજસિંહ ગૂંચવાઈ ગયા. અભિમન્યુની ઉપર જો બળજબરી કરવામાં આવે તો એ જે બોલ્યો તે કરી શકે તેમ હતો. અહીં તાયફો થઈ જ ચૂક્યો હતો. હવે આનાથી વધારે કશું ન થાય એટલો જ પ્રયત્ન કરવાનો હતો.

ત્રસ્ત કેસરે દેવરાજસિંહ સામે જોયું. પિતા-પુત્રીની નજર મળી. દેવરાજસિંહની નજરમાં જે ક્ષોભ અને પીડા હતાં એ કેસર સહી શકી નહીં. કોઈ કશું સમજે તે પહેલાં કેસર આગળ વધીઃ

થાડ!

અભિમન્યુને એક તમાચો ચોડી દીધો હતો, કેસરે!

નવવધૂના સોળ શણગાર સજેલી નાજુક-નમણી વેલ જેવી લાગતી કેસર આમ વિફરી બેસશે એવી કોઈને કલ્પના નહોતી. એના હાથનો તમાચો એવો તો સઙ્કડ હતો કે અભિમન્યુ પોતાની જગ્યાએથી થોડો હડસેલાઈ ગયો.

'લઈ જાવ આને.'

કેસરનો સત્તાવાહી અવાજ સાંભળ્યા પછી દેવુભાએ બોલાવેલા માણસો અભિમન્યુને લગભગ ટીંગાટોળી કરીને ત્યાંથી ઊંચકી ગયા. અત્યાર સુધી દાદાગીરી કરી રહેલો અભિમન્યુ બહેનના હાથે તમાચો ખાધા પછી એવો તો ડઘાયો હતો કે વિરોધ પણ કરી શક્યો નહીં. ત્યાં હાજર ટેલિવિઝન ચૅનલના કૅમેરામૅન અને મીડિયાના ફોટોગ્રાફર્સ માટે તો આ ઘટના એક મસાલેદાર સમાચાર હતી. નિખિલ શ્રોફ માટે હવે ત્યાં ઊભા રહેવું અઘરું થઈ ગયું.

સતત દેવરાજસિંહનો પક્ષ લેતી રહેલી શ્વેતા માટે પણ ધરતી જગ્યા આપે તો સમાઈ જવા જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ.

કેસરની બાજુમાં જ વિદ્યા ઊભી હતી. એણે એના ખભે હાથ મૂક્યો. કેસરની આંખમાંથી અંગારા વરસતા હતા. ક્રોધથી એનો ચહેરો તમતમી ગયો હતો. રોષમાં એના પાતળા હોઠ ધ્રૂજતા હતા. એનું ચાલ્યું હોત તો એણે અભિમન્યુને ત્યાં જ હજુ બે-પાંચ તમાચા ઠોકી દીધા હોત... જાત ઉપર માંડ માંડ સંયમ રાખીને જાણે કશું બન્યું જ નથી એમ કેસર પોતાની જગ્યાએ પાછી ફરી. ડઘાઈ ગયેલા પંડિત સામે જોઈને એણે ઇશારો કર્યોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તમે વિધિ ચાલુ રાખો.’

પંડિતને સમજાયું નહીં કે હવે એણે શું કરવું?

બે ક્ષણ સહુ ડઘાયેલા ઊભાં હતાં એટલે કેસરે ફરી પૂછ્યું:

‘જવ-તલ હોમ્યા વગર લગ્ન નહીં થાય?’

સોમલે ફક્ત નજરથી ઇશારો કરીને પંડિતને લગ્નવિધિ શરૂ કરવાનું કહ્યું. પંડિતે લગ્નવિધિ ફરી શરૂ કરી તો ખરી, પરંતુ પહેલાં જેવો ઉત્સાહ અને આનંદ હવે નહોતા રહ્યા. ધીમે ધીમે સો સગાંઓએ ઊભાં થઈને ડિનર ટેબલ તરફ જવા માંડ્યું. જેમ તેમ ભોજન પતાવીને સહુ જાણે આ લગ્ન પૂરાં થવાની રાહ જોતાં હોય એમ પોતપોતાના ટોળામાં બેસી વાતોના ગપાટા મારવા લાગ્યા.

પોતાની બધી જ તૈયારી અને મહેનત પર એક જ મિનિટમાં અભિમન્યુએ જે રીતે પાણી ફેરવ્યું એનાથી દેવરાજસિંહ સાવ હતાશ થઈ ગયા હતા, પણ હવે કશું થઈ શકે એમ નહોતું. નિખિલ શ્રોફની સામે એમનું નાક કપાયું હતું. આવતી કાલે સવારનાં અખબારો લગ્નનો દબદબો અને ભવ્યતાની સાથે સાથે અભિમન્યુનો આ તમાશો પણ ચગાવવાનાં હતાં એ નક્કી હતું.

લગ્ન પછી કેસર જ્યારે વિદાય થઈ રહી હતી ત્યારે દેવરાજસિંહને ભેટીને પોતાના ગયા પછી આ ઘરનું શું થશે એ વિશે ખૂબ ચિંતિત હતી. શ્રદ્ધાબહેનને એણે ફેરવી ફેરવીને વારંવાર કહ્યું:

‘મા, મારી જરૂર પડે તો મને નિઃસંકોચ બોલાવી લેજો. અડધી રાતે પણ જો મારી જરૂર પડે તો હું આવીશ...’

‘મા, કેસર હવે મારી જવાબદારી છે. તમે એની ચિંતા નહીં કરતાં.’

સાસુમાના આશીર્વાદ લેતી વખતે ઝૂકીને સોમલે જે રીતે કહ્યું એ સાંભળીને શ્રદ્ધાબહેનના હૃદય પર પડેલા બધા જ જખમ જાણે રૂઝાઈ ગયા.

વિદાય સાવ સામાન્ય રીતે થઈ ગઈ. દેવરાજસિંહ ઝાલાની દીકરી જે રીતે વિદાય થવી જોઈએ એ રીતે ન થઈ એ વાતનો અફસોસ બંને પરિવારોને થયો.

આ બધું થયા છતાં કેસર એક વાર અભિમન્યુને મળવા માગતી હતી. પોતે નાની હોવા છતાં ભાઈને શિખામણના ચાર શબ્દો કહેવાની એની ઇચ્છા હતી. જતી વખતે એની નજર અભિમન્યુને શોધતી રહી, પણ એ ક્યાંય દેખાયો નહીં.

નિખિલ શ્રોફ અને શ્વેતા જેમતેમ હાથ જોડીને, કમને સ્મિત કરીને પોતાની ગાડીમાં બેસી ગયાં. દેવરાજસિંહ અને શ્રદ્ધાબહેન બનેલી ઘટનાને કારણે એ બંનેનો એમનો અણગમો અને એમનો આ પ્રતિભાવ સમજી શક્યાં...

‘નાક કપાઈ ગયું મારું. હું દેવરાજસિંહને માફ નહીં કરું.’

નિખિલ શ્રોફે ગાડી શરૂ પણ નહોતી થઈ એ પહેલાં દરવાજો બંધ થતાં જ કહ્યું.

‘એમાં એ બિચારા શું કરે?’

‘વ્હોટ? તું એનો પક્ષ લે છે? સોમલ કંઈ પણ કરે એ વિશેની જવાબદારી કોની? મારી અને તારી... આપણો ઉછેર કેવો છે એ આપણા સંતાનના વર્તનમાંથી દેખાતું હોય છે. આ તો સાલ્લાવ તદ્દન ઝૂંપડપટ્ટીના માણસોની જેમ...’

ધૂંધવાયેલા નિખિલે બ્લેઝરનાં બટન ખોલવા માંડ્યાં. એ.સી. ગાડીમાં એમને પરસેવો થતો હતો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હવે સમજાય છે? એરિસ્ટોક્રેટ અને મિડલ ક્લાસ વચ્ચેનો ફરક?’

શ્વેતાએ જવાબ ન આપ્યો. મિડલ ક્લાસનું આ મહેણું એણે પણ ઘણી વાર સાંભળ્યું હતું. દેવરાજસિંહ માટેની સહાનુભૂતિનું કારણ કદાચ આ મિડલ ક્લામનું સંબોધન પણ હતું જ!

વર-વધૂ ગાડીમાં સજાવેલી રોલ્સરોયસમાં બેસીને હોટેલ ઇન્ટરકોન્ટિનેન્ટલ તરફ જવા રવાના થયાં ત્યારે કેસરના મનમાં ત્યાં સજાવેલા ઓરડામાં હનીમૂન સ્યૂટમાં રાહ જોઈ રહેલી સમસ્યા વિશે સળવળાટ થવા માંડ્યો.

મધુરજનીની એ રાત નવદંપતીના જીવનમાં કયા નવા સવાલ સર્જવાની હતી એની બંનેમાંથી કોઈને ખબર નહોતી...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 6

સોમલ-કેસરનાં લગ્ન પત્યાં. જાને વિદાય લીધી. નવયુગલ હનીમૂન મનાવવા હોટેલ ઇન્ટરકોન્ટિનેન્ટલ તરફ જવા રવાના થઈ ગયું પછી ઘરે પહોંચ્યા ત્યાં સુધી નિખિલ શ્રોફના મગજમાંથી જે કંઈ બન્યું તે ભૂંસાતું નહોતું. આખે રસ્તે એણે એક પણ અક્ષર બોલ્યા વિના બારીની બહાર જોયા કર્યું. શ્વેતાએ આડીઅવળી વાત કરીને નિખિલને સારા મૂડમાં લાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ નિખિલે એની કોઈ વાતમાં રસ લીધો નહીં.

ડ્રાઇવરની હાજરીમાં વધુ ન બોલવું એ શ્રોફ ખાનદાનની પરંપરા હતી. શ્વેતા જાણતી હતી કે ઘરે પહોંચીને નિખિલનો આ સંયમ ઘર સુધી જ ટકવાનો હતો. આ તોફાન પહેલાંની શાંતિ હતી. એ વાત શ્વેતાને આટલાં વર્ષોના અનુભવ પછી ખબર હતી.

શ્વેતાનો ડર સાચો પડ્યો. નિખિલ શ્રોફે ઘેર પહોંચીને ખૂબ ધમાલ કરી. એણે આ લગ્ન માટે હા પડાવવા બદલ શ્વેતાને ખરી-ખોટી સંભળાવી. શ્વેતા પાસે પણ મૂંગા મોઢે સાંભળી લીધા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો.

નિખિલ શ્રોફનું મગજ છટકે પછી એ બોલવામાં ભાન રાખતો નહીં. એનો ગુસ્સો એના કાબૂમાં નહોતો અને એની જીભ એના ગુસ્સાના કાબૂમાં નહોતી...

'મને તો ખબર જ હતી કે આ હલકા અને ઓછા માણસો છે, પણ તારે માટે દીકરાનો પ્રેમ આપણા ખાનદાનની પ્રતિષ્ઠા કરતાં વધારે અગત્યનો બની ગયો. એ પણ મૂરખ છે. આવડો મોટો છોકરો આટઆટલી દુનિયા ફર્યા પછી અને આટલી બધી છોકરીઓને મળ્યા પછી આવી ફાલતુ પસંદગી કરશે એવું મેં નહોતું ધાર્યું.'

'છોકરી તો ડાહી છે.'

શ્વેતાએ પાંગળો બચાવ કરવાનો પ્રયત્ન કરી જોયો.

'હાસ્તો, માંડવામાં પાનેતર પહેરેલી છોકરી પોતાના ભાઈને તમાચો મારે એનાથી ડાહી છોકરી બીજી કઈ મળે?'

'એ બિચારી બીજું કરી પણ શું શકે?'

'એ ન કરી શકે, ચલો! પણ એનો બાપ તો કરી શકે ને? એનો બાપ બેઠો બેઠો જોતો રહ્યો અને છોકરીએ લાજશરમ નેવે મૂકીને તાયફો કર્યો.'

નિખિલે બ્લેઝર અને ટાઇ પલંગ પર ફગાવ્યાં, જૂતાં ખૂણામાં નાખીને બાથરૂમ તરફ ચાલી ગયો. જતાં જતાં એણે શ્વેતા સામે જોયું:

'એને આપણા ઘરના રીતરિવાજ સમજાવી દેજે. અહીં પુરુષોનાં કામ પુરુષ અને સ્ત્રીનાં કામ સ્ત્રીઓ કરે છે...'

'એક પ્રસંગ પરથી તમે એના વિશે...'

'પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી... એવું મારી મા કહેતી.' નિખિલે બાથરૂમનો દરવાજો પછાડ્યો.

બેડરૂમમાં ઊભેલી શ્વેતાને સાચે જ પેટમાં ફાળ પડી ગઈ. નિખિલ કોઈના પણ વિશે ઉતાવળે અભિપ્રાય બાંધી લેતો. એક વાર અભિપ્રાય બંધાય પછી જીવનભર બદલાતો નહીં. એ માણસ ગમે તેટલો અગત્યનો હોય, પણ નિખિલ એની સાથે પોતે બાંધેલા અભિપ્રાયના પૂર્વગ્રહ સાથે જ વર્તતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસર હજી તો ઘરમાં પ્રવેશે તે પહેલાં નિખિલના મનમાં એના વિશે આ પૂર્વગ્રહ બંધાવાનો શરૂ થઈ ગયો એ વાતથી શ્વેતા ખરેખર ડરી ગઈ હતી. નિખિલનું વર્તન જોઈને એણે નક્કી કરી લીધું:

આવતી કાલે છોકરાંઓ ઘરે આવે એટલે બંનેને બેસાડીને કેટલીક વાતો કહી દેવી પડશે, બાકી, જો નિખિલ અમુક રીતે વર્તવા માંડશે તો આ છોકરીનું અહીં જીવવું અઘરું થઈ પડશે.

ઊંડો નિઃશ્વાસ નાખી એણે ડ્રેસિંગ ટેબલની સામે ઊભાં રહી પોતાનાં ઇયરિંગ્સ કાઢવા માંડ્યાં. એ નેકલેસ, દાગીના ઉતારીને સાડી ઉતારવા લાગી. અંબોડાની પીનો કાઢી કમર સુધીના વાળ છુટ્ટા કરીને ઊભી રહી. એ જ વખતે નિખિલ બાથરૂમમાં બહાર નીકળ્યો. ચણિયા-ચોળીમાં છુટ્ટા વાળ સાથે ઊભેલી શ્વેતાને જોઈને એ એની નજીક આવ્યો. એના ખભા અને ગરદન વચ્ચે પોતાનો ચહેરો ગોઠવી એણે શ્વેતાના ખુલ્લા પેટ પર હાથ વીંટાળ્યા...

'તું આજે પણ એવી જ લાગે છે. કોઈ કહી શકે નહીં કે તું ઓગણત્રીસ વર્ષના છોકરાની મા છે.'

'નિખિલ...'

શ્વેતાએ પોતાના હાથ ઊંધા કરીને નિખિલના ગાલ પર મૂક્યા. પછી ધીમે રહીને નિખિલ તરફ ફરી. બંને હાથે એનો ચહેરો પકડીને થોડીક ક્ષણ એની આંખોમાં જોઈ રહી:

'દીકરો ઓગણત્રીસનો હોય કે ઓગણસિત્તેરનો... મા તો મા જ રહે છે. મારા માટે મારા દીકરાનું સુખ બહુ જ અગત્યનું છે.'

શ્વેતાની આંખ સહેજ ભીની થઈ ગઈ. કાજળ આંજેલી ધારદાર આંખોમાં મોટી મોટી પાંપણોની વચ્ચે ધસી આવેલું પાણી એને વધુ સુંદર બનાવતું હતું:

'આપણો દીકરો આ છોકરીને મેળવીને સુખી છે. બીજી બાબતોથી શો ફેર પડે છે? તમે કારણ વગર...'

શ્વેતાને હતું કે એ આ નાજુક ક્ષણે નિખિલના મનમાં કદાચ કુણી લાગણી રેડી શકાશે, પણ નિખિલે તરત જ શ્વેતાને પોતાનાથી આઘી કરી નાખી:

'જો શ્વેતા, ગઈ કાલ સુધી એ પેલા પાંચ કોડીના દેવરાજસિંહની દીકરી હતી, પણ હવે એ નિખિલ શ્રોફની પુત્રવધૂ છે... તું પણ મિડલ ક્લાસમાંથી આવી છે.'

શ્વેતાને આ તીર સીધું જ છાતીમાં ખૂંચી ગયું, પણ એ ચૂપ રહી. નિખિલને ચૂપચાપ સાંભળી લેવો, એના અહંકારને પંપાળવો એ એના ક્રોધ અને અપમાનથી બચવાની એક જ રીત હતી. હવે શ્વેતા આ શીખી ગઈ હતી. એણે નિખિલને બોલવા દીધો.

'તું ધીમે ધીમે આ ઘરમાં એડ્જસ્ટ થઈ ગઈ. આજે તું પેજ-થ્રી પર્સનાલિટી છે, કારણ કે તું મિસિસ નિખિલ શ્રોફ છે. સમજે છે ને?'

શ્વેતાએ કશું જ બોલ્યા વિના નિખિલને આલિંગન આપ્યું:

'આખી રાત આ જ વાત કરવાની છે?'

એણે ધીમેથી નિખિલના ગળા પર પોતાના હોઠ ઘસતાં પૂછ્યું.

નિખિલ માટે આજે પણ શ્વેતાનો સ્પર્શ એટલો જ તાજો અને ગમતો સ્પર્શ હતો. એની અંદરનો પુરુષ પીગળી ગયો. એણે વાત પડતી મૂકીને પોતાના હાથ શ્વેતાની ખુલ્લી કમરની આસપાસ લપેટી દીધા...

એ રાતે તો શ્વેતાએ માંડ માંડ નિખિલના રોષ પર અંકુશ મેળવી લીધો, પણ એને ખાતરી હતી કે નિખિલ આ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વિશે કેસરને મહેણું માર્યા વિના રહેશે નહીં અને માંડવામાં કેસરનો મિજાજ જોયા પછી શ્વેતાને ભય પેઠો હતો કે એ છોકરી પોતાના સ્વમાન પર નાનકડો ઘસરકોય સહન નહીં કરી શકે.

*

બધાંના ચાલ્યા ગયા પછી પણ દેવરાજસિંહ ઝાલા શાંત થઈ ગયેલા ભેંકાર માંડવામાં એકલા બેઠા હતા.

માણસો ખુરશીઓ ભેગી કરી રહ્યા હતા. એઠી પ્લેટો અને બીજી વસ્તુઓ સમેટાઈ રહી હતી. લાઇટો એક પછી એક બંધ થઈ રહી હતી. દેવરાજસિંહ જાણે ક્યાંક ખોવાઈ ગયા હોય એમ શૂન્યમાં તાકતા બેઠા હતા.

ક્યાંય સુધી એમના વિચારો તૂટવાની રાહ જોયા પછી અંતે શ્રદ્ધાબહેન એમની પાસે ગયાં:

'શું વિચારો છો?'

એમણે ધીમા અને લાગણીભર્યા અવાજે પૂછ્યું. એમને પણ રહી રહીને ડૂમો ભરાઈ આવતો હતો. કેસરનાં લગ્ન થાય, એ સારા ઘરમાં જાય એવી બંનેની ઇચ્છા હતી, પણ કેસરની આ પ્રકારની વિદાય બંને માટે એક કારમી પીડા મૂકી ગઈ હતી.

'જે થયું એ વિશે વિચારું છું... આ અભિમન્યુ...' એમની આંખો ભરાઈ આવી:

'આજ સુધી બધું ચલાવી લીધું, પણ આજે જે થયું એ પછી...' એમણે ડોકું ધુણાવ્યું:

'હવે હું એને માફ નહીં કરી શકું.'

'દીકરો છે તમારો.'

'નથી.'

દેવરાજસિંહના અવાજમાં પીડા હતી, છતાં એક દૃઢ નિર્ણયનો રણકાર આટલાં વર્ષોના અનુભવે શ્રદ્ધાબહેનને સંભળાયો. એ ભીતરથી ધ્રૂજી ઊઠ્યાં:

'મારો દીકરો આવો ન હોય...' દેવરાજસિંહથી નિઃશ્વાસ નંખાઈ ગયો:

'ક્યાં ખોટ પડી? મારાથી થાય એ બધું કર્યું છે એના માટે. લાડ, પ્રેમ, ઉત્તમ શિક્ષણ... એના મોંમાંથી નીકળે એ પહેલાં એની ઇચ્છા પૂરી કરી છે મેં. એના બદલામાં મને આ...'

દ્રવિત થઈ ગયેલા દેવરાજસિંહે શ્રદ્ધાબહેનની સામે જોયું.

'હું વાત કરીશ એની સાથે. માફી માગશે તમારી.'

'માફી?' દેવરાજસિંહ ભીની આંખે ફિક્કું હસ્યા:

'તમને ખરેખર એવું લાગે છે કે માફી માગવાથી આ ઘટનાએ કરેલો જખમ રુઝાઈ જશે? કાલ સવારનાં છાપાં આ તાયફાને મીઠું-મરચું ભભરાવીને છાપશે. નહીં જાણતા હોય એય જાણશે...' એ ઊભા થઈ ગયા:

'હવે બસ!'

'એટલે?'

'એટલે અભિમન્યુએ કાં તો શરાબ છોડવો પડશે કાં તો મારું ઘર.'

'એ શરાબ છોડી દેશે.'

શ્રદ્ધાબહેનને લાગ્યું કે એમનું હૃદય બેસી જશે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એમ જ થાય એવું હુંય ઇચ્છું છું, પણ જો એ શરાબ નહીં છોડી શકે તો એણે આ ઘર છોડીને જવું પડશે એટલું હવે નક્કી થઈ ગયું.’

દેવરાજસિંહ ત્યાંથી મંડપની બીજી તરફ ચાલી ગયા, પણ શ્રદ્ધાબહેન આવનારી આફતનાં વાદળ ઘેરાતાં જોઈ શક્યાં.

એમણે અભિમન્યુની દારૂની આદત છોડાવવાના ઘણા પ્રયત્નો કર્યા હતા. દેવરાજસિંહ પરદેશ ગયા ત્યારે અભિમન્યુને રિ-હેબિલિટેશન સેન્ટરમાં પણ દાખલ કર્યો હતો, પરંતુ પરિણામ શૂન્ય હતું. બે-ચાર દિવસ, દસ દિવસ કે મહિનો... અભિમન્યુ ફરી પાછો દારૂમાં ડૂબી જતો.

હવે જ્યારે દેવરાજસિંહે આખરી ચેતવણી ઉચ્ચારી હતી ત્યારે શ્રદ્ધાબહેને મનોમન ગાંઠ વાળી લીધી:

હું કોઈ પણ હિસાબે અભિમન્યુનો શરાબ છોડાવીશ. મારો એકનો એક દીકરો ઠોકર ખાતો ફરે એ મારાથી સહન નહીં થાય...

એમણે આંખો લૂછીને મનોમન કહ્યું:

આમ છતાં જો કંઈ નહીં થઈ શકે અને બેમાંથી એકનો જ પક્ષ લેવાનો આવશે તો હું અભિમન્યુનો અધિકાર એને અપાવીને રહીશ...

મંડપમાંથી નીકળીને અભિમન્યુ લથડિયાં ખાતો ચાલી ગયો હતો. મંડપમાંથી નીકળીને અભિમન્યુએ સુધીરને ફોન જોડ્યો. સુધીર હજુ મંડપમાં જ હતો. દેવરાજસિંહના ડરથી એ છેક છેવાડે જઈને ઊભો રહી ગયો હતો.

રિંગ વાગી કે એણે તરત જ ફોન ઉપાડ્યો:

‘ક્યાં છે તું?’

‘મંડપની બહાર. તું બહાર આવી જા...’

‘આવું.’ સુધીર ફોન મૂકીને મુખ્ય દરવાજેથી બહાર નીકળ્યો:

‘શું નાટક કરે છે? તારી સગી બહેનનાં લગ્ન છે.’

‘તો? લગ્ન ક્યાં અટકાવ્યાં? મારા બાપને પાઠ ભણાવી દીધોને મેં?’

લથડતા અવાજે અને ઝોલાં ખાતા શરીરને માંડ માંડ સંભાળીને અભિમન્યુએ હાથ લંબાવ્યો:

‘દે તાળી...’

સુધીરે નશામાં ડોલતા અભિમન્યુને પોતાના બે હાથની વચ્ચે સંભાળી લીધો. ધીમેથી એને ગાડી તરફ લઈ જવા માંડ્યો:

‘આપણે તારા બંગલે જઈએ. મારે આ નાલાયક માણસની પાર્ટીમાં નથી રહેવું.’

‘તારી બહેનની વિદાય હજુ બાકી છે.’

‘લગન મારા વિના થઈ ગયાં તો વિદાય પણ થઈ જ જશે.’ એનું મગજ ફાટફાટ થવા લાગ્યું:

‘હજાર માણસની વચ્ચે મને તમાચો ઠોકી દીધો. એને તો હું બરબાદ કરી નાખીશ. સુખેથી જીવવા નહીં દઉં. હજી ઓળખતી નથી મને કેસર!’

‘તારા ડેડ તને શોધશે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સુધીર એને કોઈ પણ રીતે સમજાવીને રોકવા માગતો હતો. આજની ઘટના પછી દેવરાજસિંહ જેવો માણસ શું કરી શકે એની સુધીરને કલ્પના હતી. મિત્ર તરીકે એ અભિમન્યુનું ભલું ઇચ્છતો હતો, પણ અભિમન્યુના લોહીમાં ઊછળતો શરાબ એને અત્યારે કોઈનુંય સાંભળવા દે એમ નહોતો.

'દેવરાજસિંહ ઝાલાને કોઈની જરૂર નથી. સગા બાપની પણ નહીં... ને સગા દીકરાની પણ નહીં.'

'તું ખોટું વિચારે છે. વાંક તારો છે. આટલો બધો દારૂ પીને તું શું કરી રહ્યો છે–શું વિચારી રહ્યો છે એનું તને ભાન નથી.'

'હજુ પીશ. મને ફાવશે એટલો પીશ.'

અભિમન્યુ મોટા મોટા અવાજે બોલવા લાગ્યો:

'એના બાપનું નથી પીતો. મારી માના બાપનું પીઉં છું. સાલો... સમજે છે શું એના મનમાં?'

એ સુધીરનો હાથ છોડાવી ફરીથી માંડવા તરફ ધસ્યો:

'આજે જ ફેંસલો કરી નાખીએ. ઇસ પાર યા ઉસ પાર... એ દેવરાજસિંહ ઝાલા...'

ઊંચા અવાજે જે રીતે અભિમન્યુ બોલતો હતો એનાથી હવે સુધીર ગભરાયો. જે કંઈ થયું હતું તે ઓછું નહોતું જ. વાત આનાથી વધારે વણસે એ પહેલાં અભિમન્યુને અહીંથી લઈ જવો જોઈએ. અભિમન્યુને એણે ગાડીની પાછલી સીટમાં નાખ્યો. પોતે આગળ બેઠો અને ગાડી સીધી મઢ આઇલૅન્ડના બંગલા તરફ હંકારી લીધી.

પાછલી સીટમાં સૂતાં સૂતાં અભિમન્યુએ ખિસ્સામાંથી સેલ કાઢીને વનરાજસિંહને ફોન લગાડ્યો:

'કાકા... અભિમન્યુ બોલું છું. મેં તમારો બદલો લઈ લીધો છે.'

'સાવજ, તું ક્યાં છે?'

વનરાજસિંહને ચિંતા થઈ. અભિમન્યુની લસરતી જીભ અને લપસી જતા શબ્દો પરથી એને સમજાયું કે અભિમન્યુ સખત નશામાં હતો. આજે કેસરનાં લગ્ન હતાં એની એને જાણ હતી એટલે અભિમન્યુએ જે રીતે ફોન કર્યો એ પછી વનરાજસિંહ સહેજ ચિંતામાં પડ્યા:

'શું કર્યું તેં, બેટા?'

'ભરબજારમાં દેવરાજસિંહ ઝાલાનાં કપડાં ઉતારી લીધાં. મહોરું ચીરી નાખ્યું એનું. વેવાઈની સામે કોડીનો કરી નાખ્યો. આ તામઝામ... લખલૂંટ ખર્ચા અને ચમકદમક ઝીરો થઈ ઝીરો.' અભિમન્યુ ખડખડાટ હસ્યો.

'એ તો સારું જ થયું. એ જ લાગના છે... હવે સાન ઠેકાણે આવશે.' વનરાજસિંહને મજા પડી ગઈ:

'પણ તું ઠીક તો છે ને?'

'હોઉ... એકદમ મજામાં. મારા દોસ્તના બંગલે જાઉં છું.' અભિમન્યુ રાજાપાઠમાં હતો:

'દેવરાજસિંહ ઝાલા બે-ચાર દહાડા ગોતશે પછી પ્રગટ થઈશ.'

'અહીં આવતો રહે. દાદાજી પણ તને બહુ યાદ કરે છે.'

'એમ!' અભિમન્યુ બેઠો થઈ ગયો:

'કેટલા વાગ્યા, સુધીર?' એણે પૂછ્યું.

'રાતના નવ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સુધીર એ નહોતો સમજી શકતો કે ફોન પર એ કોની સાથે વાત કરી રહ્યો છે.

'ગાડી સીધી સુરેન્દ્રનગર લઈ લે. મારે મારા દાદાજી પાસે જવું છે. હમણાં જ...'

'આખી રાત ગાડી ચલાવવી પડે. મારામાં તાકાત નથી. કાલે સવારે અહીંથી ફલાઇટમાં અમદાવાદ જજે. ત્યાંથી ટૅક્સી કરીને સુરેન્દ્રનગર. હમણાં ના જવાય.'

'લે... તું જ કહી દે.' એણે ફોન સુધીરને પકડાવ્યો.

વનરાજસિંહે સુધીર પાસે મંડપમાં જે કંઈ થયું એની રજેરજ માહિતી માગી. સુધીરે ટુકડે ટુકડે બધી વાત કરી. વચ્ચે વચ્ચે અભિમન્યુ મોટા અવાજે પ્રોમ્પ્ટ કરતો રહ્યો. બીજા જ દિવસે અભિમન્યુને સુરેન્દ્રનગર મોકલી આપવાનો વનરાજસિંહે આગ્રહ કર્યો. સુધીરે હમણાં તો હા-એ-હા કરીને વાત પતાવી. એણે ફોન કટ કર્યો ત્યાં સુધીમાં અભિમન્યુ પાછલી સીટમાં ઢળી પડ્યો હતો.

મઢ આઇલૅન્ડના બંગલે જઈ એણે અભિમન્યુને બેડરૂમમાં સુવડાવ્યો. એનાં કોટ-બૂટ કાઢ્યાં... એનો સેલફોન લઈ સ્વીચ-ઓફ કરી દીધો, પછી એક વાર એને વિચાર આવ્યો કે એણે દેવરાજસિંહને અભિમન્યુ અહીં છે એની જાણ કરવી જોઈએ. પછી એમના મિજાજનો વિચાર આવતા એણે માંડી વાળ્યું.

અભિમન્યુનો ફોન મૂકીને વનરાજસિંહ ઉત્સાહમાં ઊછળતો પિતા પાસે પહોંચ્યો:

'સાવજે વિજયધ્વજ ફરકાવી દીધો છે.'

'એટલે?' ગુલાબસિંહની આંખો ઝીણી થઈ.

સાચું પૂછો તો દીકરાને ત્યાંથી ઝઘડો કરીને ચાલી આવ્યા પછી એમને અફસોસ થતો હતો. ગમે તેમ તોયે એમના હૃદયમાં દાદાનું વાત્સલ્ય હતું. એમને રહી રહીને કેસરની આંખો યાદ આવતી હતી.

'સાવજે માંડવાની વચ્ચે દેવુભાને કહેવાનું બધુંય કહી દીધું.' વનરાજનો ચહેરો હસુંહસું થતો હતો:

'વેવાઈ અને મહેમાનોની સામે કોડીના કરી નાખ્યા. અભિમાન ઊતરી ગયું એમનું.'

'એમ!' ગુલાબસિંહે મૂછ પર હાથ ફેરવ્યો:

'ઠીક જ થયું. દેવુનો અહંકાર એના કરતાં મોટો થઈ ગયો હતો.' એમના અવાજમાં હળવી ચિંતા ઊતરી આવી:

'સાવજ તો ઠીક છે ને? દેવુનું ભલું પૂછવું.'

'હમણાં તો એના દોસ્તના બંગલે ગયો છે. પણ મેં એને સુરેન્દ્રનગર આવવાનું કહી દીધું છે.'

'સારું જ કર્યું. દેવલાનું મગજ ઠેકાણે ન આવે ત્યાં લગી ભલે છોકરો અહીં રહેતો...'

ગુલાબસિંહે નિરાંતનો શ્વાસ લીધો. એમને ખાતરી હતી કે જો સાવજ એક વાર સુરેન્દ્રનગર આવી જાય તો દેવુભા વિરુદ્ધ એને એવો તૈયાર કરી શકાય કે દેવરાજસિંહના ઘરમાં જ એનો સૌથી મોટો દુશ્મન ઊભો થઈ શકે.

ગુલાબસિંહ માટે એમનો દીકરો હવે દીકરો નહોતો રહ્યો. દુર્ભાગ્યે એ હવે એમને પોતાનો હરીફ લાગતો હતો. એને હરાવવો, પછાડવો, કોઈ પણ રીતે એને ખોટો પાડી પોતાના પગમાં પાડવાની ઝંખના એની અંદર દિવસોદિવસ બળવત્તર થતી જતી હતી. એમાં આ સમાચાર સાંભળ્યા પછી એ રીતસર ગેલમાં આવી ગયા. એમણે વનરાજસિંહનો ખભો થાબડ્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'બરાબરની શતરંજ બિછાવી છે તેં... ગમે તેમ કરીને એ છોકરાને આંય બોલાવી લે. પછી તો હું છું ને દેવલો છે.'

*

શ્રદ્ધાબહેન પતિની રાહ જોતાં હજી મંડપમાં જ બેઠાં હતાં.

ચારે તરફ સમેટાઈ રહેલી સજાવટને જોતાં એ કેસરને યાદ કરી રહ્યાં હતાં. દેવરાજસિંહ થોડે દૂર ગયા કે શ્રદ્ધાબહેને પોતાનો સેલફોન કાઢી અભિમન્યુનો નંબર ડાયલ કર્યો. એનો ફોન શરૂઆતમાં એન્ગેજ આવ્યો પછી ફોન સ્વીચ-ઓફ થઈ ગયો. નિરાશ થઈને એમણે સેલ પાછો પર્સમાં મૂક્યો.

એમને અભિમન્યુની ચિંતા હતીઃ પીધેલી હાલતમાં ક્યાં ગયો હશે એ છોકરો? ક્યાંક અકસ્માત ના થઈ જાય તો સારું... માનું હૃદય ફફડી રહ્યું હતું.

આવા તમામ પ્રસંગોએ કેસર એમની મદદે આવતી. કેટલીય વાર અડધી રાત્રે અભિમન્યુનાં જાણીતાં ઠેકાણાંઓ પરથી કેસર એને ગાડીમાં નાખીને ઘેર લઈ આવી હતી. ક્યારેક પાર્ટીમાં ગયો હોય એ પછી કોઈ વાર એ ચિક્કાર પીને ઢળી જતો કે ધૂમ ઢીંચીને કોઈ સાથે મારામારી પર ઊતરી આવતો ત્યારે પિતાને ખબર ન પડે એમ અડધી રાત્રે ગાડી લઈને એકલી છોકરી મુંબઈ શહેરના રસ્તાઓ પર ભટકતી... ભાઈને શોધી કાઢતી. ઊંચા-પહોળા છ ફૂટના છોકરાને પોતાની નમણી પણ કસાયેલી કાયાથી ઘસડીને ગાડીમાં નાખતી અને ઘરે લઈ આવતી.

આજે તો કેસરને પણ ફોન થઈ શકે એમ નહોતો.

અભિમન્યુની ચિંતા તો હતી જ, સાથે સાથે શ્રદ્ધાબહેનના મનમાં કેસરની ચિંતાયે ઓછી નહોતી. છેક છેલ્લી ઘડી સુધી એની ડામાડોળ મનઃસ્થિતિ એમનાથી અજાણી નહોતી.

પાનેતર પહેરીને ચુંદડી ઓઢતાં એની આંખોમાં છલકાતાં પાણીએ એના મનની વાત શ્રદ્ધાબહેન સુધી પહોંચાડી હતી. પિતાનું ઘર છોડીને કોઈ પણ દીકરી જવા ન જ ઇચ્છતી હોય એમ માનીને શ્રદ્ધાબહેને કેસરને વારંવાર સધિયારો આપ્યો હતો, સમજાવી હતી, પણ કોણ જાણે કેમ, એમના મનમાં ઊંડે ઊંડે એવું થયા જ કરતું હતું કે આ ફક્ત પિતાનું ઘર છોડીને જવાની પીડા નથી. આમાં દેખાય છે એના કરતાં કશુંક વધારે છે...

કેસરનો વિચાર આવતાં જ શ્રદ્ધાબહેનની આંખો છલકાઈ ઊઠીઃ

હે ઈશ્વર! મારી દીકરીના ભાગનાં બધાં દુઃખ મને આપી દેજે. મારી ડાહી દીકરીને કોઈ તકલીફ ન પડે એટલું કરજે મારા વહાલા...

*

સોમલ... કેસર...

આ નવયુગલ જ્યારે હોટેલ ઇન્ટરકોન્ટિનેન્ટલ તરફ જઈ રહ્યું હતું ત્યારે કેસરને એરકન્ડિશન કારમાં પરસેવો વળતો હતો. સોમલે રસ્તામાં જ એની આંગળીઓમાં આંગળીઓ પરોવી એનો હાથ પોતાના હાથમાં લીધો ત્યારે કેસરને અડધે રસ્તે ઊતરી જવાની ઇચ્છા થઈ હતી. એ કશું જ કરી શકે એમ નહોતી એ વાતની અસહાયતા એને અકળાવી રહી હતી–ડરાવી રહી હતી.

હોટેલનો હનીમૂન સ્યૂટ સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. દરેક લાઇટ ઉપર જુદા જુદા રંગના જિલેટિન પેપર હતા, જેને કારણે રૂમમાં રંગનાં વર્તુળો સર્જાતાં હતાં. બેડરૂમની ચાદર ઉપર મોગરા અને જૂઈની ગૂંથીને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બનાવેલી એક નાની ચાદર બિછાવાઈ હતી. ગુલછડીનાં ફૂલો અને ગુલાબની બાસ્કેટ્સ રૂમમાં ચારે તરફ ગોઠવાઈ હતી.

બે ગ્લાસ સાથે ચાંદીની બાસ્કેટમાં ચીલ્ડ શૅમ્પેઇન રાહ જોઈ રહ્યો હતો. ડબલ બેડની બાજુમાં બે મોટી મોટી સુગંધિત ચોરસ મીણબત્તીઓ અને લાઇટર મૂકી દેવાયાં હતાં...

ઓરડામાં દાખલ થતાં જ સોમલે દરવાજો બંધ કરીને કેસરની સામે જોયું:

'વેલ કમ ટુ માય લાઇફ મિસિસ શ્રોફ...'

એણે હાથ પહોળા કર્યા. કેસર હજી ત્યાં જ ઊભી હતી. રૂમની વચ્ચોવચ્ચ.

'કોની રાહ જુએ છે? આવ, મારી પાસે!'

સોમલ પોતાની પત્નીને બાહુપાશમાં સમાવી લેવા આતુર હતો, પણ કેસરની અંદર કંઈક એવું હતું જે એને રોકી રહ્યું હતું.

બંને જણા થોડીક ક્ષણ એમ જ, એકબીજાથી દૂર ઊભાં રહ્યાં. પછી સોમલ ધીરે ધીરે કેસર તરફ આગળ વધ્યો. સોમલને પોતાના તરફ આવતો જોઈને કેસર ધીમે ધીમે પાછા ડગલે દીવાલ તરફ જવા લાગી.

આખરે એની પીઠ દીવાલને અડી ગઈ. પાછળ જવાની જગ્યા નહોતી. સોમલ એના સુધી પહોંચી ગયો. કેસરની સામે ઊભો રહીને સોમલ ઘડીભર એને જોતો રહ્યો.

પાનેતરમાં લપેટાયેલી કેસર સાચે જ હૃદય ધબકારો ચૂકી જાય એવી સુંદર દેખાતી હતી. લગભગ કોણી સુધીની મહેંદી, ચૂડો, કાંકણ અને દાગીનાથી સજ્જ ફૂટડી કેસર ઢીંગલી જેવી લાગતી હતી. એની હેરસ્ટાઇલમાંથી બે લટો નીકળીને એના ગાલ પર ઝૂલતી હતી. કપાળ પર ચીતરેલી પિયળમાંથી કેટલાક ચાંદલા ભૂંસાયા હતા. લગ્નવિધિ વખતે વારંવાર કંકુનો ચાંદલો કરીને એનું કપાળ ઠીક ઠીક રંગાઈ ગયું હતું. સાથે થાક અને કંટાળો એના ચહેરા પર સ્પષ્ટ કળાઈ આવતો હતો.

સોમલે બંને હાથે એનો ચહેરો પોતાના હાથમાં લીધો. સહેજ નીચા વળીને એના હોઠ પર એકદમ હળવું-સ્નેહાળ ચુંબન કર્યું. પછી વહાલસોયા સ્મિત સાથે એના ચહેરા પર હાથ ફેરવ્યો:

'હું તમારો પતિ છું મિસિસ શ્રોફ, મારાથી ડરવાની જરૂર નથી.'

'ડરતી... નથી...' કેસરનો અવાજ પણ ધ્રૂજતો હતો.

'અચ્છા!'

સોમલ હસી પડ્યો. એનો આખો ચહેરો હસતો હતો. કોઈ પણ યુવાન છોકરી સ્તબ્ધ થઈ જાય એટલો દેખાવડો અને સોહામણો લાગતો હતો એ. સફેદ રંગના રો-સિલ્કના ઝભ્ભા ઉપર મોતીની માળા ગજબ દેખાતી હતી. ઝભ્ભામાં પરોવાયેલા પન્ના અને ડાયમંડના બટનની સેરમાંથી પહેલાં બે બટન ખૂલી ગયાં હતાં. સોમલની છાતીના કાળા ઘૂંઘરાળા વાળ એ બે બટનમાંથી ડોકિયાં કરતાં હતાં. એની આંખોમાં ઉન્માદ હતો.

'સોમલ...' કેસરે પોતાના ગાલ પર મુકાયેલો એનો હાથ ધીમેથી સરકાવી દીધો:

'હું... પ્લીઝ...'

'મને કોઈ ઉતાવળ નથી.'

સોમલે સહેજ સ્મિત સાથે બંને હાથ પહોળા કરી કેસરને પોતાના બાહુપાશમાં લઈ લીધી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'હું આખી જિંદગી તારી સાથે રહેવાનો છું. આજે જે કંઈ થયું એ પછી તારું મન શું અનુભવતું હશે એ સમજી શકું છું હું. આઇ લવ યુ સ્વીટ હાર્ટ...'

આટલું સાંભળતાં જ કેસરની આંખો આભારવશ થઈને ઝૂકી પડી:

'થેન્ક યુ. થેન્ક્સ અગેઇન!'

આટલું કહેતાં કહેતાં કેસરનું ગળું રૂંધાઈ ગયું. સોમલનો રો-સિલ્કનો ઝભ્ભો કેસરનાં આંસુથી ભીંજાવા લાગ્યો.

'ઓહ માય બેબી!'

સોમલે એની પીઠ પર હાથ ફેરવ્યો. કેસરનું ડૂસકું છૂટી ગયું:

'શું થાય છે?'

સોમલે ચીબુકથી પકડીને એનો ચહેરો ઊંચો કર્યો. એના ગાલ પર વહેતાં આંસુને પોતાના હોઠથી લૂછવા માંડ્યા. કોઈ પણ સામાન્ય છોકરીને ઉત્તેજિત કરી મૂકે એવી રોમૅન્ટિક ક્ષણમાં પણ કેસર કોઈ પ્રતિભાવ આપી શકી નહીં. આટલા દેખાવડા અને આટલા સમજદાર પતિને પામ્યા છતાં એને પોતાનું સર્વસ્વ સમર્પી દેવાની લાગણી કેમ ઉદ્‌ભવતી નહોતી એનામાં... આ શું થઈ રહ્યું હતું એને?

'મને ગિલ્ટી ફીલ થાય છે.' કેસરે ધીમેથી કહ્યું.

'ગિલ્ટી ફીલ કરવાને બદલે જે ફીલ કરવાનું છે એ જ ફીલ કરવાનો પ્રયત્ન કર...'

સોમલ હસી રહ્યો હતો. કેસરે એની આંખોમાં જોયું. ક્ષણભર પહેલાંનો ઉન્માદ હવે વહાલ અને સમજદારીમાં પલટાઈ ગયો હતો.

'પૅશન જ્યારે પોતાની હદમાંથી બહાર નીકળી જાય ત્યારે કમ્પેશન થઈ જાય છે, જાનુ...'

સોમલે એક હાથ એની ડોક પર લપેટ્યો અને બીજો હાથ એના ઘૂંટણ નીચે નાખીને એને બંને હાથે ઊંચકી લીધી:

'પહેલી રાત્રે પત્નીને ઊંચકીને પલંગ પર લઈ જવાનો રિવાજ છે. મને એટલું તો કરવા દઈશ ને?'

કેસર કશું જ બોલ્યા વિના પોતાના બંને હાથ સોમલના ગળામાં લપેટીને ચૂપચાપ પલંગ પર પહોંચી ગઈ.

કોઈ અત્યંત નાજુક કીમતી વસ્તુને મૂકતો હોય એમ ખૂબ નજાકતથી અને વહાલથી એણે કેસરને જુઈ અને મોગરાની ચાદર પર સુવડાવી. એની લટ સરખી કરી. પછી એની બાજુમાં સોમલ એક પડખે સૂતો. પોતાના માથા નીચે હથેળી ટેકવીને એ કેસરને જોતો રહ્યો:

'તને આજ સુધી કોઈએ કહ્યું છે કે તું ખૂબ સુંદર છે?'

કેસરે ડોકું ધુણાવીને ના પાડી.

'બેટર!' સોમલ હસી પડ્યો:

'જો કોઈએ કહ્યું હોત એ જીવતો ના રહ્યો હોત.'

કેસર એની સામે જોઈ રહી. આ માણસના મુશળધાર વરસતા વરસાદ જેવા પ્રેમ સામે પોતે ક્યાં સુધી ભયની છત્રી ધરીને કોરી ઊભી રહેશે એ એને પોતાને પણ સમજાતું નહોતું.

'તને જે ક્ષણથી જોઈ એ જ ક્ષણથી મેં નક્કી કર્યું હતું કે હવે તું મારી છે. હું તને મારા જીવનમાં લઈ આવ્યો, કાયમ માટે...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલની આંખોમાં અજબ પ્રકારની શ્રદ્ધા ઝળહળતી હતી:

'તું જ્યાં સુધી તારા મનથી મને તારું શરીર નહીં સોંપે ત્યાં સુધી હું રાહ જોવાનો પ્રયત્ન કરીશ. તું ખૂબ સુંદર છે એટલે મારો સંયમ ક્યાં સુધી ટકશે એ મને નથી ખબર... પણ બનશે ત્યાં સુધી હું તને કોઈ તકલીફ નહીં આપું, કેસર. હું તને પામવા માગું છું–પૂરેપૂરી, મન હૃદય અને આત્મા સહિત...

તારા શરીર માટે મને અદમ્ય આકર્ષણ છે. તારા નાનકડા સ્પર્શથી પણ મારી અંદરનો પુરુષ તરસથી વિહ્વળ થઈ જાય છે, પણ જ્યાં સુધી તું તારા બે હાથ ફેલાવીને મને નહીં બોલાવે ત્યાં સુધી હું મારી જાતને રોકવાનો પ્રયત્ન કરીશ. આઇ પ્રોમિસ...'

એણે હળવેથી કેસરના કપાળ પર હાથ ફેરવ્યો:

'શાંતિથી ઊંઘી જા...'

પછી એના ચહેરા પર તોફાની સ્મિત ધસી આવ્યું:

'કદાચ ઊંઘમાં એક-બે પપ્પી કરું તો ડરી નહીં જતી હોં.'

કેસર કશું જ બોલ્યા વિના ચૂપચાપ સોમલને જોતી રહી.

જિંદગી ક્યાં લઈ આવી હતી એને? આગળ શું થશે...

આવા વિચારોનું ઘમસાણ એના મનમાં ક્યાંય સુધી ચાલતું રહ્યું. ઉઘાડી આંખે છત તરફ તાકતાં તાકતાં ક્યારે એની આંખો મીંચાઈ ગઈ, ક્યારે એ ગાઢ નિદ્રામાં સરી ગઈ એની એને પોતાને પણ ખબર ના રહી...

*

શ્રદ્ધા... શ્વેતા... સોમલ...

એ રાત્રે ત્રણેએ અજંપામાં વિતાવી...

દેવરાજસિંહ ઝાલાને ત્યાં શ્રદ્ધાબહેન ઊંઘી શક્યાં નહીં. એક રાતમાં વારંવાર જાગીને એમણે અભિમન્યુને સેલ જોડવાનો પ્રયાસ કર્યા કર્યો. ફોન સ્વીચ ઓફ છે અને હવે અભિમન્યુ નહીં જાગે ત્યાં સુધી ચાલુ નહીં થાય એવું જાણવા છતાંય એ અભિમન્યુ સુધી પહોંચવા પ્રયાસ કરતાં રહ્યાં...

નિખિલ શ્રોફ થોડા પ્રેમના અને થોડા શરાબના નશામાં ઘસઘસાટ ઊંઘી ગયા પછી શ્વેતાએ પોતાનો ડ્રેસિંગ ગાઉન પહેર્યો. નીચે જઈને જાતે જ પોતાના માટે કોફી બનાવી. બેડરૂમની સ્લાઇડિંગ વિન્ડો પાસે ઊભાં રહીને અંધકારમાં ડૂબેલા દરિયાને જોતાં જોતાં બીજે દિવસે સોમલને આખી વાત કઈ રીતે કહેવી એના તાણાવાણા ગૂંથતાં રહ્યાં.

આ તરફ હનીમૂન સ્યૂટમાં બાજુમાં સૂતેલી પોતાની સ્વપ્નસુંદરીને એકીટશે નિહાળતા સોમલની આંખો પણ મીંચાઈ શકી નહીં. એણે જાત પર સંયમ રાખવાનું વચન તો આપ્યું હતું, પરંતુ કેસરની સુંદરતા, ઊંઘતી કેસરના ચહેરા પરની નિર્દોષ લાલિમા, લયબદ્ધ શ્વાસ સાથે તાલ મિલાવીને ઊંચા-નીચા થતા સ્તનયુગ્મ તથા એની કાયાના અદ્‌ભુત વળાંકોએ સોમલને આખી રાત સૂવા દીધો નહીં.

આવતી કાલે ઊગનારો સૂરજ આ ત્રણેય માટે શું શું લઈને આવશે એનો કોઈ જ અંદેશો નહોતો એ ત્રણેયને...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 7

મુંબઈ શહેરમાં સવારનો સૂરજ બ્રેકિંગ ન્યૂઝ સાથે ઊગ્યો.

દેવરાજસિંહ ઝાલાની દીકરીનાં લગ્નમાં થયેલો તાયફો આજે છાપાંઓમાં ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો. પીધેલા અભિમન્યુના ફોટા અને એણે જે કંઈ કર્યું એ આખીય ઘટનાની રજેરજ વિગતો છપાઈ હતી. એક સૌથી વધુ વંચાતા અંગ્રેજી અખબારે તો લાફો મારતી કેસરનો ફોટો પણ છાપી નાખ્યો!

આ અખબારો જોઈને દેવરાજસિંહ વ્યથિત થઈ ગયા હતા. દીકરીનાં લગ્ન માટે એમણે કરેલી તમામ તૈયારી અને મહેનત પર પાણી ફરી વળ્યું હતું. અત્યાર સુધી બાંધી રાખેલી મુઠ્ઠી હવે સગાંવહાલાંઓમાં ખૂલી ગઈ હતી.

એમનો મૂડ તો રાતથી જ ખરાબ હતો, પરંતુ અખબારો જોયા પછી એમનો મૂડ વધુ ખરાબ થઈ ગયો. ડાઇનિંગ ટેબલ પર અખબારો જોઈ રહેલા દેવરાજસિંહની સામે જવાની તો શ્રદ્ધાબહેનમાં હિંમત જ નહોતી. સામાન્ય રીતે નાસ્તો કરતા હોય ત્યારે શ્રદ્ધાબહેનને સાથે બેસવાનું કહેતા દેવરાજસિંહે આજે એમની ગેરહાજરીની નોંધ પણ નહોતી લીધી. ટેબલ પર એમની ચાના કપમાં મલાઈ વળી ગઈ હતી. પૌંઆનો બાઉલ એમ જ હતો. ખાલી પ્લેટ અને ઠંડી ચા વિશે પણ એ તદ્દન ભૂલીને અખબારોમાં ખોવાઈ ગયા હતા.

એક પછી એક અખબાર એ ફરી ફરીને ઉથલાવી રહ્યા હતા. જેટલી વખત એ અખબાર ખોલીને જોતા એટલી વખત એમનો મૂડ વધુ ખરાબ થઈ જતો. ડાઇનિંગ ટેબલની બિલકુલ સામે એલસીડી ટેલિવિઝન લાગેલું હતું. એક-બે વાર દેવરાજસિંહે એ પણ ચાલુ કરી જોયું. એમાં પણ દરેક ચેનલ પર ફરી ફરીને ગઈ કાલના ન્યૂઝ અને એની જ ક્લિપ્સ બતાવતા હતા.

દેવરાજસિંહ ખિન્ન મને એ સમાચાર જોતા રહ્યા...

એમનો સેલફોન પણ વારંવાર રણકી ઊઠતો. જુદા જુદા લોકો એમને ફોન કરતા હતા. દેવરાજસિંહ સ્ક્રીન પર નામ વાંચતા, પણ બાજુમાં જ પડેલો ફોન ઉપાડતા નહોતા. એ જાણતા હતા કે ફોન કરનારો દરેક માણસ સહાનુભૂતિનાં વસ્ત્રોમાં લપેટીને કાં તો સલાહ આપવાનો હતો અને કાં તો એમના ઘા પર મીઠું છાંટવાનો હતો. એમના ફોનની વારંવાર વાગતી રિંગ સાંભળીને શ્રદ્ધાબહેન સમજી શકતાં હતાં કે આજે દેવરાજસિંહ કોઈ સાથે વાત કરવાની મનઃસ્થિતિમાં નહોતા.

એમણે ક્યાંય સુધી ચેનલ બદલી બદલીને આ બધું જોયા પછી મનોમન કશો નિર્ધાર કર્યો હોય એમ ટેલિવિઝન ઓફ કર્યું. બધાં જ અખબારો વ્યવસ્થિત એકબીજા પર ગોઠવી દીધાં. સેલ ઉપાડીને એમણે એમના વકીલને ફોન કર્યોઃ

'નલિનભાઈ, આજે જ મળવું છે...'

'હું સમજી શકું છું.'

નલિનભાઈ છેલ્લાં પંદરેક વર્ષથી દેવરાજસિંહના લીગલ એડ્વાઇઝર કમ સોલિસિટર હતા. નલિનભાઈ હવે ફક્ત લીગલ એડ્વાઇઝર જ નહીં, પરિવારના મિત્ર જેવા હતા. એમના દરેક નિર્ણયમાં નલિનભાઈનો અભિપ્રાય ઘણો અગત્યનો રહેતો. ગઈ કાલની ઘટનાના એ પણ સાક્ષી હતા. પોતાની પ્રતિષ્ઠા અને સમાજમાં મોભો જાળવી રાખવા માટેનો દેવરાજસિંહનો મોહ નલિનભાઈ બરાબર સમજતા હતા એટલે ગઈ કાલની ઘટનાથી દેવરાજસિંહ પર શું વીતી હશે એ સમજી જ શકે એમ હતા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મારે વીલ કરવું છે, આજે જ.’

‘તમે ગુસ્સામાં છો. હું તમને એટલી સલાહ આપું છું કે ફક્ત અડતાળીસ કલાક માટે રોકાઈ જાવ. તમે જેવું કહેશો તેવું વીલ બે દિવસ પછી કરી આપીશ.’

‘ના, નલિનભાઈ, મેં એને બહુ માફ કર્યો છે. હવે નહીં.’

ગમે તેટલી સ્વસ્થતા જાળવી રાખવા છતાં દેવરાજસિંહને ડૂમો ભરાઈ ગયો.

‘હું તમારા નિર્ણયમાં તમારો સાથ આપીશ. સલાહ ફક્ત એટલી છે કે અડતાળીસ કલાક પછી નિર્ણય કરજો.’

‘નલિનભાઈ, છેલ્લાં પાંચ વર્ષથી કોઈ ફેર નથી પડ્યો. હવે અડતાળીસ કલાકમાં શો ફેર પડી જવાનો છે?’

‘જુઓ, હું આજે પણ ચમત્કારોમાં વિશ્વાસ કરું છું. ઘણી વાર આપણે ન ધાર્યું હોય એવું બની જતું હોય છે.’

દેવરાજસિંહ કશું બોલ્યા નહીં, ફક્ત હસ્યા, પણ એમના એ સ્મિતમાં ભારોભાર કડવાશ હતી એટલું નલિનભાઈ સમજી શક્યા, છતાં એમણે આગળ કહેવાનું ચાલુ રાખ્યું:

‘ગઈ કાલની ઘટના પછી કદાચ એને પણ ભાન થાય... એને પણ સમજાય એવું ન બને?’

‘એને નહીં સમજાય, નલિનભાઈ...’ દેવરાજસિંહે નિઃશ્વાસ નાખ્યો:

‘મારે આજે જ વીલ કરવું છે. અભિમન્યુ બદલાશે તો હું વીલ પણ બદલી નાખીશ, પણ આજની તારીખે તો મારે એને એક પણ રૂપિયો ન મળે એવું વીલ કરવું છે.’

‘એવું કદાચ શક્ય નહીં બને.’

નલિનભાઈએ સહેજ પણ અચકાયા વિના સત્ય કહી દીધું:

‘ઘણી બધી પ્રોપર્ટી અને કંપનીના શેર્સ ભાભીના નામે પણ છે. એ અંગેનો નિર્ણય તમે ન કરી શકો.’

દેવરાજસિંહ થોડી વાર ચૂપ રહ્યા. પછી આગળ કશુંયે કહ્યા વિના એમણે ફોન કાપી નાખ્યો. એ કોઈ પણ રીતે અભિમન્યુને પાઠ ભણાવવા માગતા હતા. ગઈ કાલની ઘટના પછી એમને સાચે જ ભય લાગતો હતો કે જો આ બધી મિલકત અભિમન્યુના હાથમાં આવી ગઈ તો એ આ બધું જ ફૂંકી મારતાં સહેજ પણ નહીં અચકાય. એ એટલું જ ઇચ્છતા હતા કે અભિમન્યુ કોઈ પણ રીતે જવાબદાર વ્યક્તિ બને... નલિનભાઈની વાત સાંભળ્યા પછી એમણે પત્નીને પણ આ વિશે સમજાવીને પોતાના નિર્ણયમાં જોડાવાની ફરજ પાડવાનું નક્કી કરી લીધું.

રસોડામાં નલિનભાઈ સાથે પતિની વાતચીત સાંભળી રહેલાં શ્રદ્ધાબહેન મનોમન ધ્રૂજી ગયાં. નલિનભાઈએ શું કહ્યું એ એમને સંભળાયું નહીં એટલે એમણે ધારી જ લીધું કે દેવરાજસિંહ આજે જ વીલ કરી નાખશે.

એમણે ફરી એક વાર અભિમન્યુનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો. હજુ સુધી અભિમન્યુનો ફોન સ્વીચ ઓફ જ હતો... એમની અકળામણનો પાર ના રહ્યો એટલે થોડું થોડું લંગડાતા પગે રસોડાની બહાર આવીને એ દેવરાજસિંહની સામે ઊભાં રહી ગયાં:

‘કહું છું...’

‘હું હમણાં તને બોલાવવાનો જ હતો. મારે તારી સાથે થોડી વાત કરવી છે.’

‘પહેલાં મારી વાત સાંભળી લો.’

એ ખૂબ રડ્યાં હશે એવું એમની આંખો પરથી દેખાતું હતું. એમની આંખોમાં ફરી પાણી ભરાવા લાગ્યાં:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘છોરુંકછોરું થાય, આપણાથી કમાવતર ન થવાય.’

દેવરાજસિંહને સમજતાં વાર ન લાગી કે એમણે ફોન પરની વાતચીત સાંભળી હતી

‘એ સિવાય બીજો રસ્તો નથી. એ હવે નહીં સુધરે.’

‘એને એક છેલ્લો ચાન્સ આપો. હું એની સાથે વાત કરીશ.’

‘અત્યાર સુધી તમે જ વાત કરતાં હતાં. હું તો ક્યારેય કશું બોલ્યો નથી...’

‘તો હવે તમે વાત કરજો, પણ ગમે તેમ કરીને એને સાચા રસ્તે લઈ આવો. આપણું સંતાન દિશા ભટકી જાય તો એને ભટકવા માટે છોડી ન દેવાય. એનો હાથ પકડીને, જરૂર પડે તો કાન મરડીને પણ એને સાચા રસ્તે લાવવાની આપણી જવાબદારી છે.’ શ્રદ્ધાબહેને થથરતા અવાજે પણ હિંમતથી કહી જ નાખ્યું:

‘તમે એનો વાંક કાઢો છો, એને બેજવાબદાર કહો છો, તો તમે શું કરો છો? એને સુધારવાને બદલે સજા કરીને તમારી જવાબદારીમાંથી છટકતાં નથી?’

‘હું ક્યારેય મારી જવાબદારીમાંથી છટક્યો નથી. બાપ તરીકેની કઈ ફરજ પૂરી નથી કરી?’

‘તમે એને સમય નથી આપ્યો... એના ઉછેરમાં તમારે જે રસ લેવો જોઈએ એ તમે નથી લીધો.’

શ્રદ્ધાબહેને ખૂબ અચકાતાં અને તૂટક તૂટક શબ્દોમાં અત્યાર સુધી મનમાં ઢબૂરી રાખેલી વાત કહી નાખી. એમની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં:

‘હજી ઘણો નાનો છે. પ્રેમથી વાળશો તો વળી જશે. આટલી મોટી સજા...’

‘શ્રદ્ધા, કોઈ મા-બાપને પોતાના સંતાનને સજા કરવી ગમતી નથી. એ મારું અભિમાન જ હશે, પણ મેં ધારી લીધેલું કે મારો દીકરો ક્યારેય અમુક ભૂલો તો નહીં જ કરે... આજે એને સજા કરવાનો નિર્ણય કરવો પડે છે એ વાત જ મારા માટે સજા જેવી છે.’

‘એક વાત પૂછું? સંતાન અપંગ હોય, ગાંડું હોય તો મા-બાપ તરછોડી દે છે? અરે, એવા સંતાનને તો મા-બાપ ઊલટું છાતીએ ચાંપીને રાખે...’

‘શ્રદ્ધા, આ સંતાન ગાંડું કે અપંગ નથી. એવું હોત તો કદાચ હું જીવ આપી દેત આ છોકરા માટે...’

દેવરાજસિંહની આંખો પણ ભરાઈ આવી. એમણે ઊભા થઈને શ્રદ્ધાબહેનની નજીક જઈ એમના ખભે હાથ મૂક્યો:

‘માણસ દીકરો શું કામ માગે છે? કહેવાય છે કે એક સુપુત્ર સાત પેઢીને તારે છે અને એક કુપુત્ર ઇકોતેરને ડુબાડે છે.’

‘આપણો સાવજ કુપુત્ર નથી. બસ, થોડી ખોટી સંગત છે. તમે એના પર ધ્યાન આપો. તમારી સાથે ઓફિસ લઈ જાવ અને ધીમેધીમે પાટે ચડાવવાનો પ્રયત્ન કરો, બધું બદલાઈ જશે.’

‘બહુ મોડું થઈ ગયું.’ દેવરાજસિંહે નિરાશામાં ડોકું ધુણાવ્યું:

‘હવે ધીમેધીમે કશું નહીં થાય. સાવજને શોક ટ્રીટમેન્ટ આપવી પડશે. એકાદ ઝટકો લાગશે તો મગજ ઠેકાણે આવી જશે. હું આજે જ પેપર્સ કરાવું છું. તમે તમારા ભાગની મિલકત...’

દેવરાજસિંહનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ શ્રદ્ધાબહેને બોલી નાખ્યું:

‘હું તમારી અર્ધાંગિની છું. સુખ-દુઃખમાં સાથે રહેવાનું, તમારી આજ્ઞા માથે ચડાવવાનું વચન આપ્યું હતું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અગ્નિની સાક્ષીએ.'

આટલું કહી શ્રદ્ધાબહેને બે હાથ જોડ્યાઃ

'પણ મને માફ કરજો, પણ આ વાતમાં હું તમારી સાથે નથી. ગમે તેવો તોય મારા શરીરનો ભાગ છે. મારા લોહી-માંસમાંથી જણ્યો છે મેં! તમારી વાત સાચી છે એવું સમજી શકું છું ને તોય સ્વીકારી નહીં શકું આજે...'

'એટલે?'

દેવરાજસિંહની આંખો ઝીણી થઈ ગઈ, ભવાં સંકોચાયાં.

'એટલે કંપનીમાં મારા પણ શૅર્સ છે. કેટલીક પ્રોપર્ટી અને આ બંગલો મારા નામે છે.'

પતિનું ખૂબ જ સન્માન કરતાં શ્રદ્ધાબહેન આથી આગળ ના બોલી શક્યાં, પણ દેવરાજસિંહ જેવા સમજદાર માણસને આથી આગળ સાંભળવાની જરૂર પણ નહોતી.

'ભલે.' દેવરાજસિંહે પત્નીના ખભે મૂકેલા હાથથી ખભો થપથપાવ્યોઃ

'હું તારા પર કોઈ દબાણ નહીં કરું. આમ પણ આ તારા પિતાની આપેલી મિલકત છે.'

એમણે નિઃશ્વાસ નાખ્યો, પત્નીની આંખોમાં જોયુંઃ

'તારે ફક્ત એક જ વાત નક્કી કરવાની છે કે આ બંગલામાં કોણ રહેશે... તારો પતિ કે તારો દીકરો?'

આટલું કહીને દેવરાજસિંહ સ્વસ્થ ચાલે ઘરમાંથી બહાર નીકળી ગયા.

શ્રદ્ધાબહેન ડાઇનિંગ રૂમ અને રસોડાની વચ્ચે એકલાં સ્તબ્ધ ઊભાં રહી ગયાં...

*

નિખિલ શ્રોફને ઘરે વળી કંઈક જુદો જ માહોલ હતો.

નિખિલ શ્રોફે આવનારા દરેક ફોનમાં દેવરાજસિંહનો દીકરો કેટલો તોછડો છે, દેવરાજસિંહના હાથમાંથી કેવો નીકળી ગયો છે, દેવરાજસિંહ કેવા હારેલા અને પિતા તરીકે નાપાસ થયેલા માણસ છે એ વિશેની લાંબી લાંબી વાતો રસપૂર્વક કરવા માંડી હતી.

આ બધું કહેતી વખતે નિખિલ શ્રોફના મનમાં એક જ વાત હતી. એ કોઈ પણ રીતે આ બધું દેવરાજસિંહ સુધી પહોંચે એવું ઇચ્છતો હતો. એ બરાબર જાણતો હતો કે ફોન કરનારા પચાસ માણસમાંથી ત્રીસથી વધુ માણસો એને અને દેવરાજસિંહને ઓળખતા હતા. નિખિલ શ્રોફ જે કંઈ બોલે તે મીઠું-મરચું ભભરાવીને આમાંના થોડાઘણા તો દેવરાજસિંહ સુધી પહોંચાડવાના જ હતા.

જે થઈ ગયું એ ભૂંસી શકાવાનું નહોતું એટલે હવે એ વાત વિશે વધુ ને વધુ લોકો સાથે ચર્ચા કરીને નિખિલ એ વાતને ફેલાવવા માગતો હતો. પોતે આ લગ્નની વિરુદ્ધમાં હતો અને દેવરાજસિંહ પોતાના સ્ટેટસના નહોતા એ વાત બીજા લોકોને જણાવીને નિખિલ દેવરાજસિંહને નીચા દેખાડવાની મજા લઈ રહ્યો હતો.

શ્વેતા આ બધું જ સાંભળી રહી. એ જાણતી હતી કે નિખિલ આ બધી વાત ઇરાદાપૂર્વક દેવરાજસિંહ સુધી પહોંચાડવા માટે જ કહી રહ્યો છે, પરંતુ એ એવું પણ સમજી શકતી હતી કે નિખિલનું એક એક વાક્ય બે કુટુંબો વચ્ચે કુહાડીનું કામ કરવાનું હતું. એવા ઘણા લોકો હતા કે જેમને દેવરાજસિંહની ઈર્ષા હતી. એ તમામ આ બે કુટુંબોની વચ્ચે સળગેલી આગમાં પેટ્રોલ છાંટવા માટે ઉત્સુક હતા.

'શા માટે બધાને કહ્યા કરો છો?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નિખિલનો એક વધુ ફોન પૂરો થયો એટલે શ્વેતાથી રહેવાયું નહીં.

'શું કામ ન કહું? એણે મારું નાક કાપ્યું છે. હું એના કાન કાપી લઈશ. નાક કાપી લઈશ અને જીભ પણ કાપી લઈશ...' નિખિલના શબ્દેશબ્દમાં કડવાશ ઊભરાતી હતી.

'એમણે કંઈ નથી કર્યું. જે કર્યું છે તે અભિમન્યુએ કર્યું છે.'

'એ બાપ છે અભિમન્યુનો... જે થયું એની જવાબદારી દેવરાજસિંહની છે. ખબર હોય કે છોકરો વંઠેલો છે તો ઘરમાં પૂરીને લગ્નમાં આવવું જોઈએને?'

'તમે શું બોલો છો?'

શ્વેતાએ નજીક જઈને નિખિલને શાંત પાડવાનો પ્રયત્ન કર્યોઃ

'આ બધા લોકો દેવરાજસિંહને તમારા નામે વધારી વધારીને વાતો કરશે.'

'હું પણ એ જ ઇચ્છું છું.' નિખિલના ચહેરા પર ખંધાઈભર્યું સ્મિત આવી ગયુંઃ

'આજ પછી દેવરાજસિંહ મારા ઘરના દરવાજે ન આવે.'

'અરે!' શ્વેતાને આઘાત લાગ્યો –

'વેવાઈ છે આપણા. એની દીકરીને મળવા તો...'

'એ બધું પૂરું થયું. જો સીધી રીતે નહીં સમજે તો મારે કેસરના મોઢે કહેવડાવી દેવું પડશે કે એ અહીંયાં ન આવે.'

'નિખિલ!'

'જો શ્વેતા, એમને તો કદી ઇજ્જત હતી જ નહીં. સસરાના પૈસા માટે લંગડી બાઈ સાથે પરણ્યો... એમના ખાનદાનના ઇતિહાસ વિશે શું જાણે છે તું? રાજપૂત તો ચોકીદાર પણ હોય...' એ હસી પડ્યોઃ

'સોમલ એની દીકરીને પ્રેમ કરતો હતો. આપણે પરણાવી આપ્યો. હવે મારે એ માણસની સાથે કોઈ સંબંધ નથી રાખવો.'

'એવું ન થાય, નિખિલ.'

'મને શીખવાડવાની જરૂર નથી. આ ઘરમાં કોણ આવશે ને કોણ નહીં આવી શકે એનો નિર્ણય હંમેશાં મેં જ કર્યો છે અને હવે પછી પણ હું જ કરીશ.'

નિખિલ પોતાનું સ્કવોશનું રેકેટ ઉપાડીને બહાર જવા લાગ્યો. શ્વેતા એની પાછળ દોડી. એનો હાથ પકડીને ઊભો રાખ્યોઃ

'નિખિલ, હજી આજે એ છોકરી આપણા ઘરમાં આવશે. હું તમને હાથ જોડું છું. પહેલા જ દિવસે કોઈ કડવી વાત નહીં કહેતા એને.'

નિખિલે થોડી રમૂજ સાથે શ્વેતા સામે જોઈ રહ્યોં

'તને બહુ સિમ્પથી છે એ છોકરી માટે! એક કામ કર.'

નિખિલે શ્વેતાના ગાલ પર આંગળી અડાડીઃ

'તું જ કહી દેજે એને.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'હું?'

'કેમ નહીં? એને સમજાવી દેજે કે આજ પછી એના બાપ માટે અને એના ભાઈ માટે આ ઘરના દરવાજા બંધ થઈ ગયા છે.'

અવાચક બની ગયેલી શ્વેતાનો જવાબ સાંભળવા પણ નિખિલ ત્યાં ઊભો ન રહ્યો.

સ્કવોશનું રૅકેટ ઉછાળતા જઈ રહેલા નિખિલને શ્વેતા જોઈ રહી. એ જાણતી હતી કે નિખિલે આજે જે કહી દીધું એમાં ઝાઝા ફેરફારને સ્થાન નહોતું. એ એક વાર બોલી નાખે પછી એ વાત એને માટે અહંકારની દીવાલ બની જતી. સામેના માણસની લાગણીઓ કે સંવેદનાઓ એ દીવાલમાં ગમે તેટલી અથડાય, સામેનો માણસ ચૂરચૂર થઈ જાય તેમ છતાં એના અહંકારમાં નાનકડી તિરાડ પણ સંભવ નહોતી.

*

ઇન્ટરકોન્ટિનેન્ટલના હનીમૂન સ્યૂટમાં કેસરની આંખો ખૂલી ત્યારે એની બિલકુલ બાજુમાં સોમલ સૂતો હતો. એક રાત જૂના એના પતિને જોતાં જ કેસરને સહેજ વહાલ આવી ગયું. સોમલ ગઈ કાલે રાત્રે જે રીતે વર્ત્યો એ વાતે કેસરના મનમાં સોમલ માટેનું સન્માન વધી ગયું હતું.

લગ્નનું પાનેતર, એના પરની ચુંદડી અને બધા જ દાગીના સહિત હેરસ્ટાઇલ પણ એમની એમ રાખીને કેસર ઘસઘસાટ ઊંઘી ગઈ હતી.

સોમલ વહેલી સવાર સુધી ઊંઘતી કેસરને એકીટશે નિહાળતો રહ્યો. પછી છેક વહેલી સવારે એની આંખ બિડાઈ હતી. કેસર પલંગમાંથી ઊભી થવા ગઈ ત્યારે એને ખ્યાલ આવ્યો કે એની ચુંદડીનો નીકળી ગયેલો છેડો સોમલના શરીર નીચે દબાયેલો હતો.

ઘસઘસાટ ઊંઘતો સોમલ એની ખલેલથી જાગી જાય એવું એ નહોતી ઇચ્છતી. એણે ચુંદડી સોમલની નીચે જ રહેવા દઈને પલંગ પાસે જ ઉતારી નાખી.

ફક્ત પાનેતર પહેરીને એ ડ્રેસિંગ રૂમ તરફ ગઈ. બધા દાગીના ઉતારીને એણે ડ્રેસિંગ ટેબલ પર ઢગલો કર્યો. હેરસ્ટાઇલની પીનો એક પછી એક કાઢી. એના કમરથી સહેજ લાંબા વાળ ખૂલી ગયા. પોતાના સામાનમાંથી હેરબ્રશ કાઢીને એણે વાળમાં ફેરવવા માંડ્યું. હેરસ્પ્રે અને બૅક કોમ્બિંગને કારણે વાળ ગૂંચવાયેલા હતા. રાતનો મેકઅપ ચહેરા પર રેલાઈ ગયો હતો.

કેસરે પાનેતર અને ચણિયાચોળી ડ્રેસિંગ રૂમમાં જ ઉતારી નાખ્યાં. ફક્ત બે વસ્ત્રોમાં જ એ પોતાની સુડોળ કાયાને અરીસામાં નીરખવા માંડી.

હું મારા શરીરને ખૂબ પ્રેમ કરું છું. આ વળાંકો અને કમનીય કાયા મારા જીવનમાં આવનારા પુરુષને પૂરેપૂરો સુખી અને સંતુષ્ટ કરવા માટે જ ઈશ્વરે આપી છે મને...

વિદ્યા ક્યારેક કેસરને કહેતીઃ

...નીલાંગ મને અડકે છે ને તો લાગે છે કે જાણે મારી પાસે જે કંઈ છે તે બધું જ એના ચરણમાં ન્યોચ્છાવર કરી દઉં. એનું એક ચુંબન મારું લોહી ગરમ કરીને મને સ્ત્રી બનાવી દેવા માટે પૂરતું છે.

કેસર અરીસામાં જાતને જોતી વિદ્યાના શબ્દો યાદ કરતી હતી. એને તો આવું કશું થતું જ નહોતું. બલકે અત્યારે એની કાયાને અરીસામાં જોઈને એને લાગતું હતું કે એ કોઈ અજાણી વ્યક્તિને જોઈ રહી છે...

પોતાનાં ઉન્નત ઉરોજ જોઈને એને ફરી એક વાર મયંક જોશીનો સ્પર્શ યાદ આવી ગયો. મયંકની હથેળી જાણે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સાપની ફેણ હોય એમ કેસરના શરીર પર ફરી હતી. એ ઘટના સહેજ યાદ આવતાં જ કેસરનું મન ધિક્કાર અને કડવાશથી ભરાઈ ગયું. અત્યારે પણ જો મયંક જોશી સામે આવે તો કેસર એને જીવતો ન છોડે એટલો ક્રોધ એની નસ નસમાં વ્યાપી ગયો.

એ વધુ સમય અરીસા સામે ઊભી રહી શકી નહીં. સીધી બાથરૂમમાં જઈને શાવર નીચે ઊભી રહી ગઈ. શરીર પર પડતા ઠંડા પાણીની શીતળતામાં ધીમેધીમે એનો ઉશ્કેરાટ શમી ગયો. એણે શૅમ્પુ કર્યું. ખાસ્સા સમય સુધી એ શાવર નીચે ઊભી રહીને ન્હાતી રહી. પોતાની જિંદગીની એક એક કડવાશ યાદ કરી કરીને એને શાવરના પાણી નીચે ધોઈ નાખવાનો પ્રયત્ન કરતી રહી.

ખાસ્સી વાર પછી જીન્સનું પેન્ટ અને સિલ્કનું શર્ટ પહેરી એ ડ્રેસિંગ રૂમમાંથી બહાર નીકળી ત્યારે સોમલ જાગી ગયો હતો. રૂમની મોટી મોટી ફ્રેન્ચ વિન્ડોઝ પર જાડા મખમલના પડદાને કારણે હજી દિવસનું અજવાળું રૂમમાં પ્રવેશ્યું નહોતું. રૂમમાં આછું અંધારું હતું. સોમલ સદ્યસ્નાતા કેસરની સામે મુગ્ધભાવે જોઈ રહ્યો.

સોમલે હાથ લંબાવી કેસરને નજીક બોલાવી. કેસર એની નજીક આવી કે સોમલે એનો હાથ પકડી પોતાની તરફ ઝટકો માર્યો. બેધ્યાન કેસર સીધી પલંગ પર પડી. એનો ચહેરો સોમલના ચહેરાની બિલકુલ ઉપર આવી ગયો. એનું અડધું શરીર સોમલના શરીરની ઉપર હતું. જ્યારે પગ પલંગથી નીચે લટકતા હતા. સોમલે બંને હાથ એની પીઠ પર લપેટી દીધા. કેસરના ભીના વાળ આગળ ઝૂકી આવ્યા હતા. એનાથી સોમલનો ચહેરો ઢંકાઈ ગયો હતો. એમાંથી આછું આછું પાણી ટપકતું હતું.

સોમલે ઊંડો શ્વાસ લીધો. એણે કેસરની આંખમાં જોયું:

'શું કામ તડપાવે છે મને?'

'હું? ક્યાં... મેં તો...'

શું કહેવું તે કેસરને સૂઝ્યું નહીં. સોમલે પોતાનો હાથ કેસરના માથા પર ગોઠવીને એનું માથું પોતાની નજીક લીધું. કેસરના હોઠ પર હોઠ મૂકીને એણે એક આછું ચુંબન કર્યું.

એના ભીના વાળમાંથી આવતી સુગંધ, એનું ડિઓડરન્ટ અને શરીરની સુગંધ પવનની લહેરખીની જેમ સોમલના શ્વાસમાં થઈને એના મનોમસ્તિષ્ક સુધી પહોંચી ગઈ. એના હાથ કેસરની પીઠ પર ફરવા માંડ્યા. કેસર પોતાની જાતને છોડાવવાનો હળવો પ્રયાસ કરી રહી હતી, પરંતુ સોમલ એનો પતિ છે અને એના શરીર પર સોમલનો અધિકાર છે એ સંસ્કાર વારે વારે એને સોમલને અટકાવવામાં નડતા હતા.

સોમલ ધીમેધીમે જાણે જાત પરનો કાબૂ ગુમાવી રહ્યો હતો. એની હથેળીઓ અને હોઠ એના પોતાના કાબૂમાંથી નીકળી ગયાં હતાં... થોડીક ક્ષણોમાં કેસરના શર્ટનાં બધાં જ બટનો ખૂલી ગયાં હતાં. સોમલના હોઠ એના ગળા પર અને ગળાથી નીચે ફરી રહ્યા હતા... કેસર રબરની ઢીંગલી હોય એમ સોમલને ધાર્યું કરવા દેતી હતી, પરંતુ એના બંને હાથ સોમલના ઓશીકાની બંને તરફ પોતાના શરીરને આધાર આપીને ગોઠવાયેલા હતા.

એ ના નહોતી પાડી શકતી, પરંતુ એના આખાય શરીરમાં ક્યાંય સ્વીકાર કે હાની એક નાનકડી નિશાની પણ સોમલ અનુભવી શક્યો નહીં.

સોમલે હળવેથી કેસરને છોડી દીધી. કેસર શિકારીના હાથમાંથી છૂટી હોય એમ તરત જ પલંગથી દૂર થઈ ગઈ અને શર્ટનાં બટન બંધ કરવા લાગી.

સોમલ એને જોતો રહ્યો. પછી ઊભો થઈને બાથરૂમમાં ગયો. જતાં જતાં એણે કેસરના માથે લગભગ પિતાના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વાત્સલ્યથી હાથ ફેરવ્યોઃ

'ટેઇક યોર ઓન ટાઇમ.'

સોમલ જેવો બાથરૂમમાં ગયો એવું કેસરને રડવું આવી ગયુંઃ

આ શું થઈ રહ્યું છે મારી સાથે? કેમ જીવીશ આ માણસ સાથે? ક્યાં સુધી એ મારી આ વિચિત્રતાને સહન કરી શકશે?

બરાબર એ જ વખતે હોટલના રૂમનો ફોન રણક્યો. કેસરે ફોન ઉપાડ્યોઃ

'હું શ્વેતા બોલું છું.'

'હા, મમ્મીજી...'

'તમે લોકો કેટલા વાગે આવવાનાં છો?'

'સોમલ હમણાં જ જાગ્યા છે. એ તૈયાર થાય કે પહોંચીએ.'

'સારું. બને એટલાં જલદી આવજો. મારે થોડી અગત્યની વાત કરવી છે.'

એમના અવાજની બેચેની કેસરથી છૂપી રહી શકી નહીંઃ

'તારા ડૅડ બહાર ગયા છે. એ આવે તે પહેલાં મારે વાત કરવી છે.'

'જી, મમ્મીજી...'

કેસરે ફોન મૂક્યો. એ ફરી એક વાર વિચારે ચડી ગઈ.

ગઈ કાલે જે કંઈ થયું એ પછી સોમલના ઘરમાં રહેવું મને અઘરું પડવાનું છે. સોમલની સાથે બેડરૂમમાં કે એ ઘરના લોકો સાથે ડ્રોઇંગરૂમમાં ક્યાંય ગોઠવાઈ નહીં શકું એ ઘરમાં...

આવા વિચાર કરતી એ શાવરનો અવાજ સાંભળતી સોફામાં જ આંખ મીંચીને જાત સાથેના સંવાદમાં પરોવાઈ ગઈ. સોમલ ક્યારે બહાર નીકળ્યો, ક્યારે તૈયાર થયો કશી જ એને ખબર ન પડી...

'મિસિસ શ્રોફ... બ્રેકફાસ્ટમાં શું લેશો?' સોમલે એને પૂછ્યું ત્યારે એની તંદ્રા તૂટી.

'તમે શું લેશો?'

'મારું ચાલે તો તને ખાઈ જાઉં.'

સોમલે મજાક કરી અને હસતો હસતો કેસરની બાજુમાં આવીને રૂમ સર્વિસનું મેનુ જોવા લાગ્યો.

*

અભિમન્યુની ઊંઘ ઊડી ત્યારે સાડા અગિયાર થયા હતા. સુધીર ક્યારનો એના જાગવાની રાહ જોઈ રહ્યો હતો. આંખ ખૂલી કે તરત અભિમન્યુએ પોતાનો મોબાઇલ હાથમાં લીધો. ફોન સ્વીચ ઓન કર્યો કે તરત જ એના ફોન પર રિંગ વાગી.

'હા, મા!'

'ક્યાં છે તું?'

શ્રદ્ધાબહેનના અવાજમાં ઉચાટ અને અકળામણ હતાં.

'સુધીરને ત્યાં, બીજે ક્યાં હોઉં?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તાત્કાલિક ઘરે આવ.’

‘અરે, મા! આકાશ તૂટી પડ્યું છે કે શું?’

રાતનો હેન્ગઓવર હજીયે એના શરીરને તોડી રહ્યો હતો. એનું માથું દુઃખતું હતું. આંખો ઝીણી થઈ ગઈ હતી.

‘આકાશ જ તૂટી પડ્યું છે. તારા બાપુ વીલ કરવાના છે.’

‘ચાલો, સારું થયું. ઈશ્વરે એમને સદ્‌બુદ્ધિ આપી.’

‘સદ્‌બુદ્ધિ નથી આપી. એ તને પોતાના ભાગમાંથી એક પૈસો પણ ન મળે એવું વીલ કરવાના છે અને મને પણ એવું જ કરવા સમજાવી રહ્યા છે.’

‘પણ, તું એવું નહીં કરે. મને ખબર છે. બુઢ્ઢાને જે કરવું હોય તે કરવા દે.’

‘પિતા છે તારા. આ ભાષામાં નહીં બોલ, અભિમન્યુ.’

‘એમણે પોતાના પિતા સાથે જે કર્યું એ જ હું એમને પાછું આપું છું, સમજી? તું ચિંતા નહીં કર. એની જોડે તો હું ફોડી લઈશ.’

એને રાતની વાત યાદ હતી.

‘હું આજે સુરેન્દ્રનગર જાઉં છું, દાદાજી પાસે.’

‘એવી ભૂલ નહીં કરતો, બેટા. તારા બાપુ ગુસ્સામાં છે. તું ત્યાં જઈશ તો વધારે...’

‘હું ઘરે આવીશ તો મને ભેટી પડશે એમ માને છે? ગુસ્સો તો એમને આવવાનો જ છે તો પછી બે દિવસ કકળાટથી દૂર રહું એ જ સારું ને?’

‘પણ બેટા, સુરેન્દ્રનગર...? તું તો જાણે છે કે એમને...’

‘નથી ગમતું.’ અભિમન્યુનો સૂર આજે જરા જુદો જ હતો. દેવરાજસિંહની જેમ જ એણે પણ કદાચ લડી લેવાનો નિર્ણય કરી લીધો હતોઃ

‘મને ખબર છે. બાળપણથી જ એમણે મને ક્યારેય સુરેન્દ્રનગર જવા નથી દીધો, પણ હવે હું નાનો નથી રહ્યો. મારે ક્યાં જવું અને કોને મળવું એનો નિર્ણય હું જાતે જ કરીશ. કહી દેજે, મા... તારા પતિ દેવરાજસિંહ ઝાલાને...’

‘બેટા, શું કામ વેર વધારે છે?’ શ્રદ્ધાબહેનનો અવાજ તરડાઈ ગયોઃ

‘ઘરે આવી જા. એમની માફી માગી લે. વાત પૂરી કર.’

‘હવે તો ખરી વાત શરૂ થઈ છે, મા. હવે દેવરાજસિંહ ઝાલા મારી માફી માગશે. મારા દાદાજીની માફી માગશે... ત્યારે હું ઘરે આવીશ.’

‘તદ્દન અક્કલ વગરની વાત કરે છે. એ શું કામ તારી માફી માગે?’ શ્રદ્ધાબહેને લગભગ કાકલૂદી કરવા માંડી.

‘બેટા, ઘરે આવી જા. એમને મળી લે. પછી સુરેન્દ્રનગર જવું હોય તોય...’

‘પછી? દેવરાજસિંહ ઝાલાની જેલમાં દાખલ થયા પછી મને પેરોલ નહીં મળે. રિમાન્ડ પર લેશે, તારા પતિદેવ...’

અભિમન્યુ હસ્યોં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું તો ચાલ્યો સુરેન્દ્રનગર... આજે સાંજ પહેલાં દાદાજી પાસે પહોંચી જઈશ.’

‘તું ખોટું કરે છે, બેટા.’

‘હવે તો યુદ્ધ શરૂ થઈ ગયું, મા. યુદ્ધમાં સાચું-ખોટું કંઈ હોય જ નહીં.

અભિમન્યુએ માને લવ યુ કહીને ફોન તો મૂકી દીધો, પણ શ્રદ્ધાબહેનના શ્વાસ અધ્ધર થઈ ગયા.

આ છોકરો જો સુરેન્દ્રનગર જઈને ગુલાબસિંહને મળે તો ગુલાબસિંહ એને વધુ ચડાવ્યા વિના રહે નહીં. દેવરાજસિંહને જો ખબર પડે કે અભિમન્યુ સુરેન્દ્રનગર ગયો છે તો બળતામાં ઘી હોમાયા વિના રહે નહીં.

અભિમન્યુને સુરેન્દ્રનગર જતાં એક જ વ્યક્તિ રોકી શકે, એ હતી કેસર. આજે એને ફોન ન કરવો જોઈએ એવી ખબર હોવા છતાં શ્રદ્ધાબહેને નાછૂટકે કેસરના સેલ પર ફોન જોડ્યો.

‘હા, મા...’

પહેલી જ રિંગે કેસરે ફોન ઉપાડ્યો. સોમલ એની બાજુમાં બ્રેકફાસ્ટ કરી રહ્યો હતો. ઓરેન્જ જ્યૂસનો ગ્લાસ હાથમાં લઈને કેસરે ધીરજથી માની બધી વાત સાંભળી. રડતાં રડતાં શ્રદ્ધાબહેને સવારથી શરૂ કરીને હમણાં સુધીની બધી કથની કહી સંભળાવી:

‘તું ચિંતા ના કર. હું આવું છું.’

‘પણ, બેટા...’

‘મેં કહ્યુંને હું આવું છું.’

એણે ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો પછી સોમલ સામે જોયું:

‘મારે ઘરે જવું પડશે.’

‘આપણે જઈશુંને... આપણા ઘરે.’

‘ના, મારે મારા ઘરે જવું પડશે.’

‘તારું ઘર? હવે મારું ઘર એ જ તારું ઘર છે.’

‘સોમલ, જે ઘરમાં હું જન્મી-ઊછરી એ જ મારું ઘર છે. જીવનભર એ જ મારું ઘર રહેવાનું...’

‘અને આપણું ઘર?’

‘હજી સુધી મને એ મારું ઘર હોય એવું લાગતું નથી.’

કેસરના ચહેરા પર એક વિચિત્ર રૂક્ષતા આવી ગઈ:

‘મને એ ઘરમાં ક્યારેય મારા ઘર જેવી લાગણી થશે કે નહીં એની મને ખબર નથી.’

આટલું કહી કંઈક વિચારમાં ડૂબી ગઈ હોય એમ એણે નિ:શ્વાસ નાખ્યો:

‘મને એ ઘર સ્વીકારશે કે નહીં એની પણ મને ખબર નથી.’

સોમલનો હાથ મોઢા તરફ જતો અટકી ગયો. ફોર્કમાં ભરાવેલો ઓમલેટનો ટુકડો એમ જ સ્થિર થઈ ગયો. એણે કેસરની સામે ધ્યાનથી જોયું:

‘એ ઘર તને તો પછી સ્વીકારશે. પહેલાં તારે એ ઘરને સ્વીકારવું પડશે. એ ઘરનાં માણસોને એમના ગુણ-અવગુણ સાથે પહેલાં તારે સ્વીકારવા પડશે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આટલા દિવસમાં પહેલી વાર સોમલનો અવાજ સહેજ તોછડો અને ઊંચો થઈ ગયોઃ

‘હું બને એટલું સમાધાન કરું છું, કેસર... પણ મારાં માતાપિતા કે મારા ખાનદાનની પ્રતિષ્ઠા સાથે કોઈ પ્રકારની ઊંચ-નીચ હું નહીં ચલાવી લઉં.’

સોમલ બ્રેકફાસ્ટ અધૂરો મૂકીને ઊભો થઈ ગયોઃ

‘આપણે મારી ઘરે જઈએ છીએ. તને ગમે કે ન ગમે, પણ અહીંથી પહેલાં આપણે મારાં મમ્મી-પપ્પા પાસે જઈશું. એ રજા આપે તો જ તું તારા પિયર જઈ શકીશ.’

સોમલે તાકીને કેસર તરફ જોયું. પછી પોતાના શબ્દો પર વધુ ભાર મૂકીને કહ્યુંઃ

‘ઇઝ ધેટ ક્લિયર?’

કેસર સામે ઊભેલા માણસને જોઈ રહીઃ

ગઈ કાલ રાતથી શરૂ કરીને હજી થોડી વાર પહેલાંનો સોમલ અને હમણાં એની સામે ઊભેલા આ સોમલમાં... આટલી જ વારમાં આટલો બધો ફરક?

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 8

આપણે મારા ઘરે જઈએ છીએ. તને ગમે કે ન ગમે, પણ અહીંથી પહેલાં મારાં મમ્મી-પપ્પા પાસે જઈશું. એ રજા આપે તો જ તું તારા પિયર જઈ શકીશ... ઇઝ ધેટ ક્લિયર?

...ઇઝ ધેટ ક્લિયર? આટલું સાંભળ્યા પછી કેસર ડઘાઈ ગઈ. સોમલનું આ નવું રૂપ કેસર માટે આઘાતજનક હતું. અત્યાર સુધી એક શાલીન, સમજદાર પુરુષની જેમ વર્તી રહેલો સોમલ અચાનક જ આવો ફૂંફાડો કેમ મારી બેઠો એ જ કેસરને સમજાયું નહીં.

આટલું સાંભળ્યા પછી કેસરમાં આગળ દલીલ કરવાની તાકાત નહોતી. કશું બોલ્યા વિના એ સોમલ સામે જોતી રહી. એની મોટી આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એણે દાંત નીચે હોઠ દબાવીને ફક્ત હામાં ડોકું ધુણાવી દીધું.

બોલી નાખ્યા પછી સોમલને કેસરની સહેજ દયા આવી. એણે આગળ વધીને કેસરના ખભે હાથ મૂક્યો:

'હવે એ ઘરને ધીમે ધીમે ભૂલવાનો પ્રયત્ન કર.'

'કઈ રીતે ભૂલું? ત્યાં જન્મી, ત્યાં મોટી થઈ...'

કેસરના અવાજમાં પીડા હતી:

'મારો ભાઈ રાતથી જતો રહ્યો છે. મારી મા એની ચિંતા કરે છે.'

'તું શું કરી શકીશ? તારો ભાઈ સુધરવાનો હોત તો અત્યાર સુધીમાં બદલાઈ ગયો હોત.'

'હું એને સુધારવા નથી માગતી. મારાં મા-બાપનો સહારો બનવા માગું છું.'

કેસરનાં ઝળઝળિયાં હવે આંસુમાં પલટાઈ ગયાં:

'હું એટલે જ લગ્ન કરવા નહોતી માગતી. મારાં મા-બાપનું કોઈ નથી... હું પણ મારા ભાઈની જેમ જ સ્વાર્થી થઈ જાઉં તો...'

'જો કેસર, આ દુનિયાની રીત છે. છોકરી એક વાર સાસરે જાય એટલે એ જ એની દુનિયા બને... ખરેખર તો ભૂલ તારી મમ્મીની કહેવાય. લગ્નના પહેલા જ દિવસે આવી રીતે તને ફોન કરીને બોલાવવી...'

'તો કોને બોલાવે, સોમલ? મને તો હતું કે તમે હવે એ ઘરના દીકરા બનશો.'

'વેલ!' સોમલે ખભા ઉલાળ્યા:

'વહુ ક્યારેય દીકરી બની શકતી નથી, જમાઈ જ્યારે દીકરો બનવા જાય ત્યારે બેઉ ઘર પસ્તાય છે. હું મારાં મા-બાપનો દીકરો છું એટલું પૂરતું છે.'

આટલું કહી સોમલ સહેજ અટક્યો, પછી કહ્યા વિના ના રહેવાયું:

'તારા પપ્પા ઘરજમાઈ છે એટલે હું પણ બનીશ એવી આશા રાખે એ ખોટું...'

કેસરને આ મહેણું તીરની જેમ ખૂંચી ગયું. એ ચૂપ રહી. હવે આગળ દલીલ કરવાનો અર્થ નહોતો. કડવાશની શરૂઆત થઈ ચૂકી હતી. સોમલે બ્રેકફાસ્ટ અધૂરો છોડી દીધો.

'તું કપડાં બદલી લે એટલે નીકળીએ.'

'કેમ? આ કપડાં...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કેસર, તું નવી પરણેલી વહુ છે. શ્રોફ ખાનદાનની પુત્રવધૂ. આજ પછી આ હંમેશાં યાદ રાખજે. જઈને ગૃહપ્રવેશના પ્રસંગને યોગ્ય કપડાં પહેરી લે.’

‘પણ હું તો આ જ લાવી છું.’

‘વ્હોટ?’ સોમલની આંખો ઝીણી થઈ ગઈ:

‘સાડી-દાગીના નથી લાવી?’

કેસરે ડોકું ધુણાવ્યું.

‘તું ઇડિયટ છે યાર, તારાં મા-બાપે કંઈ જ શીખવ્યું નથી.’

કેસર તમતમી ગઈ, પણ એણે જવાબ ન આપ્યો. સોમલે અકળામણમાં શ્વેતાને ફોન જોડ્યો:

‘ડૅડી ક્યાં છે?’

‘સ્ટીમમાં હશે.’ શ્વેતા ટેન્શનમાં હતી:

‘તમને કેટલી વાર લાગશે?’

‘કેસર તો સાવ કૅઝ્યુઅલ કપડાંમાં છે, મોમ. તું એક કામ કર, ડ્રાઇવર સાથે સારી સાડી અને દાગીના મોકલ. કેસર તૈયાર થાય તો અમે આવીએ.’

‘ડૅડી હમણાં આવતા જ હશે. એમણે થોડા લોકોને લંચ પર બોલાવ્યા છે. ગૌરીફોઈ, હૃદયકાકા અને...’

‘મને ખબર છે એટલે જ કહું છું. કેસરને આવાં કપડાંમાં જોશે તો ડૅડી...’

‘ઓ.કે. હું મૅનેજ કરું છું.’ પછી ઊંડો શ્વાસ લઈને શ્વેતાએ ઉમેર્યું:

‘ડૅડીનો મૂડ સારો નથી.’

‘મને હતું જ. ગઈ કાલના સીન પછી...’

સોમલ આગળ કશું બોલ્યો નહીં. મા-દીકરો એકબીજાને શબ્દો વગર જ સમજી લેતાં. એમની વચ્ચે ઘણી વાર વાત ન થઈ હોય તો પણ મોટા ભાગના પ્રસંગોએ એમનું વાણી અને વર્તન એકબીજાને સમજી લેવા–સાચવી લેવા માટે પૂરતાં થઈ પડતાં.

સોમલનો ફોન મૂકીને શ્વેતાએ નવપરિણીત પુત્રવધૂનો વૉર્ડરોબ ખોલ્યો. વૉર્ડરોબમાં વસ્ત્રો અને બીજી ચીજવસ્તુઓ ચાર દિવસ પહેલાં જ ગોઠવાઈ ગઈ હતી. શ્રોફ ખાનદાનની પરંપરા મુજબ વહુ પરણીને ઘરમાં આવે એટલે પહેલેથી જ જાણે એ આ જ ઘરની હોય એ રીતે એના માટે નાની-મોટી વ્યવસ્થા લગ્ન પહેલાં જ થઈ ગઈ હતી.

આ વ્યવસ્થાના ભાગરૂપે જેવું આણું પાથરવાની વિધિ પૂરી થઈ કે તરત જ કેસરનો બધો સામાન નિખિલ શ્રોફના બંગલે ટ્રાન્સફર કરી દેવાયો હતો. કેસરની હાજરીમાં શ્વેતાની બે હેલ્પરે એનો આખો વૉર્ડરોબ ગોઠવ્યો હતો.

શ્વેતાએ વૉર્ડરોબમાંથી લાલ રંગની ચોકડાવાળી પોચમપલ્લી સાડી કાઢી. લીલા રંગના પોપટ અને સફેદ રંગના મોરના વણાટવાળી આ સાડી જરીની પહોળી બૉર્ડર સાથે સુંદર દેખાતી હતી. મૅચિંગ બ્લાઉઝ, ચણિયો અને કુંદનનો સેટ, થોડો મેક-અપનો સામાન, ચાંદલાની પત્તી કાઢીને એણે બધું જ એક બૅગમાં મૂક્યું.

ડ્રાઇવરને બોલાવીને એને બૅગ સોંપી. પછી કડક સૂચના આપી કે હોટેલ ઇન્ટર કોન્ટિનેન્ટલમાં સોમલના રૂમમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પહોંચાડી તરત મહેમાનોને પીક-અપ કરવા પહોંચી જવું.

આટલું કરીને સહેજ નિરાંત અનુભવતી. શ્વેતાએ રસોડામાં ચાલતી લંચની તૈયારીમાં ધ્યાન આપવા માંડ્યું. નવવધૂના સ્વાગત માટે વિદેશથી ખાસ લગ્ન માટે આવેલાં પોતાનાં સગાંવહાલાંને નિખિલે પરંપરા મુજબ ગાર્ડનમાં લંચ માટે આમંત્રણ આપ્યું હતું.

ખરેખર તો આ લંચમાં નવવધૂનાં અંગત સ્વજનો પણ હોવાં જોઈએ. એનાં માતા-પિતા અને ભાઈને તો બોલાવવાં જ જોઈએ... એવું શ્વેતા છેક સુધી કહેતી રહી. પરંતુ નિખિલે દેવરાજસિંહને આ લંચનું નિમંત્રણ ન જ આપ્યું.

શ્વેતાને ત્યારે ખરાબ લાગ્યું હતું, પરંતુ આજે શ્વેતાને રાહત થઈઃ ઈશ્વર જે કરે તે સારા માટે... આજે આ લોકો અહીં હોત તો બિનજરૂરી કડવાશ વધી જાત. નિખિલ બોલ્યા વિના રહેત નહીં અને દેવરાજસિંહ જવાબ આપ્યા વિના રહી શકત નહીં...

થોડી વાર બાદ નિખિલ સ્ટીમમાંથી નીકળીને પોતાના રૂમમાં જતો હતો ત્યાં એણે શ્વેતાને જોઈઃ

'વાઇફ... સોમલ ક્યારે આવવાનો છે?'

'આવતો જ હશે.'

'આવે કે તરત જ બંને જણાની સાથે સ્પષ્ટ વાત કરી લેજે.'

'નિખિલ, તરત જ... કેવી રીતે?'

શ્વેતા બોલવા ગઈ, પછી એને ખ્યાલ આવ્યો કે રસોડામાં મહારાજ, બાઈ અને હેલ્પર હતાં. ઘરની વાત બહારના લોકો સામે નહીં કરવાની એ નિયમ એને યાદ આવી ગયો.

'હું મહેમાનો જશે ત્યાં સુધી રાહ જોઈશ. ત્યાં સુધીમાં જો તું વાત નહીં કરી લે તો નાછૂટકે મારે કહેવું પડશે.' નિખિલના અવાજમાં આદેશ હતોઃ

'અને હું વાત કરીશ તો મારી રીતે જ કરીશ એ તું સમજી શકે છે. આજ પછી મને આ ઘરમાં કોઈ તમાશો નહીં જોઈએ. ઇઝ ધેટ ક્લિયર?' આટલું કહીને એ સડસડાટ પોતાના ઉપરના બેડરૂમમાં જવા પગથિયાં ચડી ગયો.

રસોડાની બારસાખ વચ્ચે ઊભેલી શ્વેતા થોડી વાર એમ જ ઊભી રહી. પછી રસોડા તરફ ફરીને એણે પોતાની અકળામણ ઠાલવીઃ

'અરે, આ ચાઇનીઝનું ચોપિંગ છે? આટલું મોટું હોય? શું થઈ ગયું છે તમને?'

આ તરફ સોમલ ડ્રાઇવરની જ રાહ જોતો હતો. ડ્રાઇવર આવ્યો કે તરત ડ્રાઇવર પાસેથી બૅગ લઈને સોમલે તરત કેસરના હાથમાં પકડાવીઃ

'ઝડપથી સાડી પહેરીને તૈયાર થા.'

'મને સાડી પહેરતાં નથી આવડતી.'

સોમલ એની સામે તાકી જ રહ્યો. અત્યાર સુધી જે છોકરી એને ડ્રીમગર્લ લાગતી હતી એનાં એક એક નવાં રૂપ જેમ જેમ ખૂલતાં જતાં હતાં તેમ તેમ સોમલને પોતાના નિર્ણય વિશે સવાલો ઊભા થવા માંડ્યા.

એણે ફોન ઉપાડીને રિસેપ્શન પર લગાડ્યો. આખીય પરિસ્થિતિ સમજાવી. નિખિલ શ્રોફના દીકરાને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઓબ્લાઇઝ કરવાની તક ઝડપીને હોટેલના સ્ટાફમાંથી એક છોકરીને ઉપર મોકલવામાં આવી. એણે કેસરને સાડી પહેરાવી. ફાઇવસ્ટાર હોટેલના સ્ટાફમાં કે એરહોસ્ટેસ પહેરે એવી ટાઇટ અને પરફેક્ટ સાડીનું ડ્રેપિંગ કરીને એણે ત્રણ પીન લગાડી. કેસર મૂંઝવણમાં હતી. એને ડર હતો કે સાડી જો કમરથી ઢીલી થઈને સરકી જશે તો...

પેલી કેસરની મૂંઝવણ પારખી ગઈ. એણે કેસરને સધિયારો આપ્યોઃ

'મૅડમ, હવે કોઈ પ્રોબ્લેમ નહીં થાય. સાડી સાંજ સુધી ખસશે પણ નહીં.'

પૂરેપૂરી તૈયાર થઈને કેસર સોમલ સામે આવી ત્યારે એને જોઈને સોમલના બધા વાંધા પીગળી ગયા. ફરી એક વાર એની સુંદરતાએ સોમલને વિવશ કરી નાખ્યો. એણે આગળ આવીને બંને હાથે કેસરનો ચહેરો પોતાના હાથમાં લીધો. બે ઘાટી ભ્રમરો વચ્ચે લાલ રંગનો ચાંદલો, કાનમાં ચમકતા કુંદનનાં ઇયરિંગ, એની સુરાહીદાર ગરદન પર ગોઠવાયેલો લગભગ બે ઇંચનો મોટો ચોકર.

'બ્યૂટીફુલ! હવે તું શ્રોફ ખાનદાનની નવી પરણેલી દુલ્હન જેવી દેખાય છે.'

'સોમલ, આ દાગીના અને સાડી અગત્યનાં છે, નહીં? એનાથી જ હું શ્રોફ ખાનદાનની દુલ્હન જેવી લાગી શકું? મારો ચહેરો તો નથી બદલાયો...'

'એક વાત સમજી લે, અત્યાર સુધી તું જ્યાં હતી ત્યાં બધું ચાલતું હતું. અહીંયાં એક પ્રોટોકોલ છે, એક સિસ્ટમ છે. સમાજમાં ઊઠવા-બેસવાની એક રીત છે. અમારા ખાનદાનની પરંપરાઓ છે, રીતરિવાજ છે. તારે એ બધાં નિભાવવાં પડશે. એમાં તને પસંદગીનો અવકાશ નથી.'

આટલું કહી સોમલે ગર્વથી ઉમેર્યુંઃ 'શ્રોફ ખાનદાન સતત લોકોની નજરમાં છે. અમારી દરેક મિનિટ પર મીડિયાની નજર હોય છે. વી આર પેજ-થ્રી પીપલ...'

'ટૂંકમાં, એક પીંજરું છે. એમાં કેદ થઈને જીવવાનું...'

'એમ માને તો એમ. હવે એમાં કશું બદલાઈ નહીં શકે.'

'હું ગૂંગળાઈ જઈશ, સોમલ.' કેસરથી રહેવાયું નહીં.

'ધીરે ધીરે આ ગૂંગળામણની, અકળામણની ટેવ પડી જશે. લોકોની નજરમાં રહેવું ગમવા માંડશે તને...' એ હસ્યોઃ

'પછી પીંજરા વિના નહીં ચાલે. ખુલ્લી હવામાં શ્વાસ લેવાનું નહીં ફાવે તને, થોડા વખતમાં...'

એ કદાચ હજી લાંબુ ભાષણ આપત, પણ ત્યાં જ એનો સેલફોન રણક્યોઃ

'બસ મોમ, નીકળ્યાં.'

આટલું સાંભળતાં જ સામે છેડેથી કંઈક કહેવા માંડ્યું. સોમલના હાવભાવ બદલાતા ચાલ્યા. એનો ચહેરો તંગ થવા માંડ્યો. ભ્રમરો સંકોચાઈ. જડબાં ભીંસાવા માંડ્યા. પૂરી વાત સાંભળી લીધા પછી એણે એક જ વાક્ય કહ્યુંઃ

'હું આવું એટલે વાત કરીએ.'

એણે એક પણ અક્ષર કહ્યા વિના કેસરને ઇશારો કર્યો રૂમમાંથી બહાર નીકળવાનો. નીચે જઈને રિસેપ્શન પર રૂમનું કી-કાર્ડ પરત કર્યું. નાનકડો લગેજ ગાડીમાં મૂકવામાં આવ્યો. બંને બંગલે પહોંચ્યા ત્યાં સુધી સોમલ એક પણ અક્ષર બોલ્યો નહીં. ગાડી ગેટમાંથી અંદર દાખલ થતી હતી ત્યારે એણે કેસર સામે જોયુંઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ડૅડી જે કહે તે સાંભળી લેજે. સામે દલીલો નહીં કરતી.’

કેસરની નમણી મોટી આંખો એક ક્ષણ માટે સોમલના ચહેરા પર નોંધાઈ ને પછી ઢળી ગઈ.

સોમલ અને કેસર ઘરમાં દાખલ થયાં ત્યારે આરતી ઉતારવામાં આવી. પુત્રવધૂ અને પુત્રને પોંખીને સત્તાવાર રીતે ઘરમાં આવકારવામાં આવ્યાં. ફૂલોથી વધાવીને રો-સિલ્કના સફેદ પટ્ટા પર ચાલીને કંકુવાળા પગલે ગૃહલક્ષ્મી ઘરમાં દાખલ થઈ. સહુએ એને આશીર્વાદ આપ્યા.

શ્રોફ ખાનદાનનાં નિકટતમ સ્વજનોએ વારાફરતી વહુને ભેટો આપી... આ બધી વિધિ દરમિયાન કેસરનું હૃદય ફફડતું હતું. નિખિલ શ્રોફ શું કહેશે અથવા સોમલે શા માટે એને આવી સૂચના આપી હશે એ વિચારે એને પૂરેપૂરી પોતાની મુઠ્ઠીમાં બાંધી રાખી હતી. એ આ કશાયમાં પોતાનું મન પરોવી શકી નહોતી.

એટલું ઓછું હોય તેમ વાઇબ્રેટ મોડ પર રાખેલા પોતાના સેલફોન પર વારંવાર દેખાતી માની તસવીર અને એનો નંબર જોઈને એ વધુ અસ્વસ્થ થતી રહી. એ ફોન ઉપાડવા માગતી હતી, પરંતુ આ બધી વિધિ દરમિયાન, એક પછી એક વ્યક્તિઓની ઓળખાણ થતી હોય ત્યારે ફોન ઉપાડીને એ સોમલને વધુ નારાજ કરવા નહોતી માગતી.

આ બધુંય પતતાં દોઢ કલાક થઈ ગયો... દરમિયાનમાં શ્રદ્ધાબહેને દસેક વાર કેસર સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો.

જેવી લંચ માટે જવાની શરૂઆત થઈ કે તરત કેસર ઉપર પોતાના રૂમ તરફ જવા લાગી. સોમલે પૂછ્યું

‘ક્યાં જાય છે?’

‘અ... બાથરૂમ!... બાથરૂમમાં જવું છે.’

કશું બોલ્યા વિના સોમલ લોનમાં ગોઠવાયેલાં લંચનાં ટેબલ્સ તરફ આગળ વધી ગયો. કેસર સડસડાટ પગથિયાં ચડીને પોતાના બેડરૂમમાં દાખલ થઈ. એણે દરવાજો બંધ કર્યો. સેલફોન કાઢીને માને લગાડ્યો.

‘ક્યાં છે તું? હું ક્યારની તારી રાહ જોઉં છું.’

શ્રદ્ધાબહેનના અવાજમાં અકળામણ હતી.

‘મારાથી નીકળાયું નહીં, મા.’

‘તારા બાપુ તો વીફરી બેઠા છે. કહે છે કે અભિ ઘરમાં આવશે એ ક્ષણે હું ચાલ્યો જઈશ.’

કેસર ચૂપચાપ સાંભળતી હતી.

‘અભિ તો સુરેન્દ્રનગર જવા તૈયાર થઈ ગયો છે. હમણાં સાંજની ફલાઇટમાં અમદાવાદ જાય છે ને ત્યાંથી...’ શ્રદ્ધાબહેન રડી પડ્યાં:

‘બેટા, બાપ-દીકરો એવા તો જીદે ચડ્યા છે... તારા વિના કોઈનું નહીં માને.’

‘હું કદાચ...’ કેસરને શું કહેવું તે સમજાયું નહીં:

‘અહીં બહુ મહેમાનો છે મા, કેવી રીતે નીકળું?’

‘તું કહે તો હું વાત કરું શ્વેતાબહેન સાથે...’

કેસરને મા પર દયા આવી ગઈ. એ હજીયે અહીંની ગૂંચવાયેલી પરિસ્થિતિ વિશે તદ્દન અજાણ હતી:

‘ના ના, એમને ફોન નહીં કરતી.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સોમલને કહું?’

‘ના મા, હું કંઈક કરું છું.’

‘કેસર, હું ગભરાઈ ગઈ છું. અભિ એક વાર સુરેન્દ્રનગર ભેગો થઈ જશે તો બાપ-દીકરાને મોઢું જોવાના સંબંધ નહીં રહે. તું સમજે છે ને બેટા?’

‘હા મા.’ એ આગળ કંઈ કહે તે પહેલાં ઓરડાનો લેચ ખૂલ્યો. સોમલ દાખલ થયો. કેસર ફોન પર હતી. સોમલ એક ક્ષણ માટે થંભ્યો. પછી આગળ વધીને એણે કેસરના હાથમાંથી ફોન ઝૂંટવી લીધો.

‘હલો...’

એનો અવાજ સાંભળીને શ્રદ્ધાબહેને સમજ્યા વિના જ વાત કહેવા માંડી:

‘બેટા સોમલ, અમારા ઘરમાં પ્રોબ્લેમ થયો છે. બને તો કેસરને લઈને થોડી વાર...’

પૂરી વાત સાંભળ્યા વિના સોમલે કહી નાખ્યું:

‘તમારા ઘરનો પ્રોબ્લેમ જાતે સોલ્વ કરતાં શીખી જાવ. એમ નાની નાની વાતમાં હવે કેસરને ત્યાં બોલાવો એ નહીં ચાલે.’

‘બેટા, અમારો અભિ...’

સોમલે એમની વાત ફરીથી કાપી નાખી:

‘મને અભિમન્યુની કોઈ વાતમાં રસ નથી. આજ પછી અભિમન્યુનું નામ નહીં લેતાં મારી સામે. મારાં મમ્મી-ડૅડીને કેટલું નીચું જોવું પડ્યું. અમારાં સગાંની સામે જે થયું એ બધા માટે અભિમન્યુ જવાબદાર છે.’

સોમલે ફોન કટ કરી નાખ્યો. પછી એક ક્ષણ કેસર સામે જોઈને સેલફોન પોતાના કુર્તાના ખિસ્સામાં સરકાવી દીધો:

‘નીચે આવ. બધાં તારી રાહ જુએ છે.’

કેસર ડઘાયેલી ત્યાં ઊભી હતી. સોમલ એનો ફોન લઈને જે રીતે જતો રહ્યો એ પછી એને એટલું તો સમજાઈ જ ગયું કે આ ઘરમાં એની સ્વતંત્રતા ઘરના બીજા સભ્યોની મરજી પર આધારિત હતી.

*

અભિમન્યુએ ફોન પર અમદાવાદની ટિકિટ બુક કરી. માએ ખૂબ સમજાવવા છતાં પણ એણે સુરેન્દ્રનગર જવાનો નિર્ણય કરી જ લીધો હતો.

સુધીરે પણ એને સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ અભિમન્યુ હઠે ચડી ગયો હતો.

‘ટૂંકમાં, તું મારી સાથે આવીશ કે નહીં?’

એ ઘેર પોતાનો સામાન લેવા જવા માગતો હતો. એકલા જવાની એની હિંમત નહોતી. દેવરાજસિંહની સામે ઘરમાં દાખલ થઈને સામાન લઈને નીકળી જવા માટે એને સુધીરની મદદની જરૂર હતી.

‘તું ખોટું કરે છે.’

‘તારે આવવું છે કે નહીં?’ અભિમન્યુએ ફરી પૂછ્યું:

‘હું તો જઈશ જ. તું મારી મદદ કરીશ કે નહીં એટલું જ નક્કી કરી લે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આવીશ, પણ ગાડી લઈને બહાર ઊભો રહીશ. અંદર નહીં આવું.’

‘ઓ.કે.’

બંને ગાડી લઈને દેવરાજસિંહના બંગલે પહોંચ્યા ત્યારે પિતાની ગાડી નહોતી:

‘વેરી ગુડ! રાક્ષસ ઘરમાં નથી.’

‘ગમે ત્યારે આવી શકે. તું જલદી આવજે.’ સુધીર ફફડતો હતો.

‘અરે હા યાર, મને પણ અહીંયાં બેસી રહેવામાં રસ નથી.’

એ ગાડીનો દરવાજો પછાડીને આરામથી ચાલતો બંગલામાં દાખલ થયો.

‘બેટા...’ શ્રદ્ધાબહેને આગળ વધીને એને ભેટવાનો પ્રયત્ન કર્યો.

અભિમન્યુએ માને ખભેથી પકડીને દૂર કરી:

‘અત્યારે હિન્દી સિનેમા જેવા મેલોડ્રામેટિક સીન ના કરીશ. મને ઉતાવળ છે. તેં સામાન પૅક કર્યો છે?’

એણે ફોન કરીને શ્રદ્ધાબહેનને બૅગ તૈયાર રાખવાનું કહ્યું હતું.

‘હું તને સુરેન્દ્રનગર નહીં જવા દઉં.’

‘મધર ઇન્ડિયા, હું જવાનો જ છું. તેં સામાન પૅક કરી રાખ્યો હોત તો ટાઇમ બચી જાત. એની વે...’

એ પોતાના રૂમ તરફ જવા લાગ્યો. શ્રદ્ધાબહેને એને પકડી લીધો. અભિમન્યુએ ઝાટકો મારીને માનો હાથ છોડાવ્યો:

‘તું કારણ વગર દુઃખી થાય છે. આ દેવરાજસિંહ ઝાલાને તો હું રસ્તા પર લઈ આવીશ.’

‘જે માણસે તને જન્મ આપ્યો, ઉછેર્યો, ભણાવ્યો-ગણાવ્યો એને માટે આવું બોલે છે?’

‘હા!’ એણે નફટાઈથી કહ્યું:

‘જન્મ્યો એ બાયોલોજિકલ એક્સિડેન્ટ હતો. એ પછી ઉછેરવો, ભણાવવો, ગણાવવો એની ફરજ હતી. કોઈ ઉપકાર નથી કર્યો એણે મારા પર.’

‘અભિ બેટા, તારા બાપુની માફી માગી લે. બધું બરાબર થઈ જશે. કાલથી ઓફિસ જવા માંડ અને દારૂ છોડી દે. હું તારા પગે પડું છું.’ શ્રદ્ધાબહેન સાચે જ બે હાથ જોડીને નીચે ઝૂકી ગયાં.

સીડીના ચોથા પગથિયે ઊભેલા અભિના પગમાં હજી શ્રદ્ધાબહેન નમ્યાં હતાં કે દેવરાજસિંહની ત્રાડ સંભળાઈ:

‘બસ શ્રદ્ધા બસ, તેં તો હદ કરી નાખી.’

‘ચાઆઆઆલો!’ અભિમન્યુને હજીયે કોઈ ફરક નહોતો પડ્યો:

‘આ મારા પૂજ્ય પિતાશ્રી આવી પહોંચ્યા.’

‘તારી હિંમત કઈ રીતે થઈ આ ઘરમાં દાખલ થવાની?’

‘આ સવાલ હું પણ તમને પૂછી શકું.’

‘હું તારો બાપ છું.’

‘તો? આ ઘર મારી માનું છે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તારી મા મારી પત્ની છે.’

‘સંબંધોની ચર્ચા કરવાનો મારી પાસે ટાઇમ નથી. મારી ફલાઇટ છૂટી જશે.’

‘ક્યાં જાય છે તું?’

‘તમારે પંચાત કરવાની જરૂર નથી. મને ફાવશે ત્યાં જઈશ ને મને ફાવશે ત્યારે પાછો આવીશ.’

‘એ બધું મને નહીં ફાવે.’

‘તો તમે આ ઘર છોડીને જઈ શકો છો.’

અભિમન્યુ સડસડાટ સીડીનાં પગથિયાં ઊતર્યો. એ લગભગ દેવરાજસિંહ પર ધસી ગયો:

‘જેમ તમે તમારા બાપને કાઢી મૂક્યા એમ તમને કાઢી મૂકતાં મને એક ક્ષણ પણ નહીં લાગે. આ ઘરમાં રહેવું હશે તો હવે હું કહું એમ રહેવું પડશે. સમજી ગયા?’

આનાથી વધારે સાંભળવાની દેવરાજસિંહની તાકાત નહોતી. હવે ધારે તો પણ પોતાના રોષને એ કાબૂમાં રાખી શકે તેમ નહોતા. એમણે અભિમન્યુને એક તમાચો મારી દીધો. ભાન ભૂલી ગયેલા અભિમન્યુએ પણ કશું વિચાર્યા વિના પિતાના ગાલ પર એક તમાચો સામે ઠોકી દીધો.

ડ્રોઇંગરૂમમાં ઊભેલાં દેવરાજસિંહ અને શ્રદ્ધાબહેન સ્તબ્ધ થઈ ગયાં. શ્રદ્ધાબહેન આ પળ સહન ન કરી શક્યાં. કોઈ સ્વજનનું મૃત્યુ થયું હોય એમ એમણે મોટા અવાજે ઠૂઠવો મૂકીને રડવા માંડ્યું. રડતાં રડતાં એ જમીન પર બેસી ગયાં. એમણે કપાળ કૂટવા માંડ્યું. બાપ-દીકરા વચ્ચે સમાધાન કરાવવાની છેલ્લી તક હવે પૂરી થઈ ગઈ હતી. દેવરાજસિંહ એક ક્ષણ માટે અભિમન્યુની આંખોમાં જોઈ રહ્યા. પછી કશું જ બોલ્યા વિના એમણે ઘરના મંદિર તરફ ચાલવા માંડ્યું.

અભિમન્યુ સડસડાટ ઉપર ગયો. જેમતેમ પોતાની બૅગ ભરીને નીચે ઊતર્યો. આ તરફ નીચે દીવાનખંડમાં શ્રદ્ધાબહેન રડતાં રહ્યાં. દેવરાજસિંહ ઘરના મંદિરમાં જઈને દરવાજો બંધ કરીને બેસી ગયા.

અભિમન્યુ બૅગ લઈને નીકળતાં શ્રદ્ધાબહેન પાસે ગયો. એમને પગે લાગ્યો પણ શ્રદ્ધાબહેને કોઈ પ્રતિભાવ ન આપ્યો. એમનું રુદન ચાલુ જ રહ્યું. અભિમન્યુ એક ક્ષણ રોકાયો. પછી બહાર નીકળી ગયો...

નમતી બપોરે બનેલી આ ઘટના પછી ઘણું રડ્યા બાદ આંસુ ખૂટી ગયાં હોય એમ શ્રદ્ધાબહેન જ્યાં બેઠાં હતાં ત્યાં જ ગુમસૂમ બેસી રહ્યાં. મંદિરનો દરવાજો બંધ જ રહ્યો... અંધારું ઊતરી આવ્યું, પણ એ ઘરમાં કોઈને એક નાનકડી બત્તી કરવાનું પણ સૂઝ્યું નહીં.

*

કેસર જ્યારે નીચે ઊતરી ત્યારે સોમલની આંખો એની સામે કતરાઈને જોઈ રહી હતી. બધાં સાથે હળતાં-મળતાં-જમતાં કેસરનું હૃદય સતત મા માટે ખેંચાતું રહ્યું. એનું મન ક્યાંય લાગ્યું નહીં.

લંચ પૂરું થતાં બપોર નમી ગઈ. પહેલાં બિયરના ગ્લાસીસ, વાઇન, જિન અને વોડકા... ફ્રેશ જ્યુસીસ અને મોકટેઇલ્સ ચાલતાં રહ્યાં. પછી જાતજાતનાં સૅલડ્સ અને મેઇનકોર્સ પૂરો થતાં સાંજના ચાર વાગ્યા.

મહેમાનો વિદાય થયા ત્યાં સુધીમાં સાંજ પડી ગઈ હતી.

છેલ્લી ગાડીને વિદાય આપીને શ્વેતા ડ્રોઇંગરૂમમાં દાખલ થઈ ત્યારે નિખિલ શ્રોફ મોટા રજવાડી સોફા પર બેસીને એની રાહ જોઈ રહ્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તેં વાત કરી લીધી?’

‘કેવી રીતે? અમે એકલાં પડ્યાં જ નથી.’

‘શ્વેતા, પાંચ જ મિનિટ જોઈએ... એ પાંચ મિનિટ કેવી રીતે શોધવી એ તને નથી આવડતું એ હું માનવા તૈયાર નથી.’

‘નિખિલ, એક-બે દિવસ જવા દો. હું મારી રીતે...’

‘નો.’ નિખિલે એની વાત કાપી નાખીઃ

‘મેં કહ્યું હતું તને... લંચ પતે ત્યાં સુધીમાં તારે વાત કરી લેવાની હતી.’

‘શું ઉતાવળ છે?’ શ્વેતાનો અવાજ અકળામણમાં સહેજ મોટો થઈ ગયો.

‘ઉતાવળ છે.’ નિખિલે ઊંચા સ્વરે કહ્યુંઃ

‘એ છોકરી આ ઘરમાં પહેલી રાત ગાળે એની પહેલાં એને આ ઘરના નિયમો અને પરંપરાની સમજ હોવી જોઈએ. હું દેવરાજસિંહ ઝાલા નથી... આ ઘર મારું છે. મારા પૂર્વજોનું છે... એની મર્યાદા આ છોકરીને હમણાં જ સમજાવી દેવી પડે.’

હજી એ બોલવાનું પૂરું કરે તે પહેલાં કેસર ડ્રોઇંગરૂમમાં દાખલ થઈ. નિખિલનો ઊંચો અવાજ અને પિતાનું નામ સાંભળીને એ અટકી.

‘કેસર...’

કેસરે સસરા નિખિલ તરફ જોયું. આટલા હૅન્ડસમ માણસનો ચહેરો ક્રોધમાં આટલો કદરૂપો દેખાઈ શકે એ જોઈને કેસરને નવાઈ લાગી. સાસુમા શ્વેતાનો ચહેરો અજબ રીતે ઝંખવાયેલો હતો. હજી ઘડીભર પહેલાં હસી હસીને સૌને આગ્રહ કરતી અને સહુ ગયા ત્યાં સુધી હસી હસીને આવજો કરતી આ સ્ત્રી અચાનક ઝંખવાઈ કેમ ગઈ?

‘મારે થોડી વાત કરવી છે.’

‘જી.’ કેસરને પતિ સોમલની સૂચના યાદ આવી ગઈ. એણે આમતેમ જોયું. સોમલ દેખાયો નહીં.

‘ગઈ કાલે જે કંઈ થયું તે પછી...’ નિખિલ શ્વાસ લેવા અટક્યો કે શ્વેતાએ વાત વાળવાનો પ્રયાસ કર્યોઃ

‘જો બેટા, તું ખરાબ ના લગાડતી.’

‘ખરાબ લાગે એની મને ફિકર નથી.’

નિખિલના અવાજમાં તોછડાઈ હતીઃ

‘તું આ ઘરમાં આવી છે, કારણ કે મારો દીકરો તારા પ્રેમમાં પડ્યો. અમે સોમલને બાળપણથી કોઈ વાતની ના નથી પાડી. એણે જે માગ્યું તે રમકડું, વસ્તુઓ, ગાડીઓ અપાવી છે...’

કેસર સમજી શકતી હતી કે એના સસરા નિખિલ શું કહેવા માગતો હતો.

‘સોમલ અમારો લાડકો દીકરો છે, એકનો એક. તેમ છતાં એને એની મર્યાદા ખબર છે... મા-બાપ સાથે કેમ વર્તાય એના સંસ્કાર આપ્યા છે અમે. મારી મા કહેતી કે સોનાની કટારી ગમે તેટલી સુંદર હોય, એને ભેટમાં ખોસાય, પેટમાં નહીં...’

‘હું અભિમન્યુના વર્તનની માફી માગું છું.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરે વાત પૂરી કરવાના ઇરાદાથી કહ્યું.

'એટલાથી નહીં ચાલે.'

નિખિલના અવાજમાં એક વિચિત્ર પ્રકારની ધાર નીકળી આવી:

'સમાજમાં અને મીડિયામાં જે નીચાજોણું થયું એ પછી મને તારા કુટુંબ સાથે સંબંધ રાખવામાં રસ નથી.'

કેસર ફાટી આંખે એની સામે જોઈ રહી.

'સાંભળી લો કેસર, દેવરાજસિંહ ઝાલા અને અભિમન્યુ ઝાલા માટે હવેથી આ ઘરના દરવાજા બંધ છે.'

કેસરે દાંત નીચે હોઠ દબાવી દીધો. આંસુ રોકવાના તમામ પ્રયાસ કરવા છતાં એની આંખો છલકાઈ પડી. શ્વેતાને એની દયા આવી ગઈ. એ કેસરની નજીક ગઈ. એના ખભે હાથ મૂક્યો. કેસરે ઘવાયેલા હરણ જેવી આંખોથી એની સામે જોયું. શ્વેતાની આંખોમાં એટલી જ અસહાયતા વાંચીને એની સામે પોતાનું આવનારું ભવિષ્ય સ્પષ્ટ થવા લાગ્યું.

એક અક્ષર બોલ્યા વિના કેસરે માથું ઝુકાવ્યું, એની સજા હજી પૂરી નહોતી થઈ. નિખિલે આગળ કહ્યું:

'તારે પણ એ ઘરે જતાં પહેલાં અમારી રજા લેવી પડશે. ત્યાંથી ટેલિફોન કે બીજા સંપર્ક અમારી રજા સિવાય નહીં થઈ શકે.'

'પણ, પપ્પાજી...'

'દલીલ કરવી આ ઘરની પરંપરામાં નથી આવતું.'

'એ મારાં માતા-પિતા છે. એકલાં છે. એમને મારી જરૂર છે.'

'તો લગ્ન કરવાની જરૂર જ ક્યાં હતી, કેસર?'

'મેં ના જ પાડી હતી.'

કેસરનો અવાજ ધીમો, પણ દૃઢ હતો.

અચાનક જાણે ઠંડી ચડી ગઈ હોય એમ શ્વેતાનું આખું શરીર કંપી ઊઠ્યું.

...આ છોકરી નિખિલ શ્રોફને જવાબ આપતી હતી!

'મેં મારાં માતા-પિતાને સ્પષ્ટ કહ્યું હતું, પણ એ લોકો તમારાથી ડરતાં હતાં. મેં સોમલને પણ ના પાડી હતી પણ તમારા જિદ્દી છોકરાને રમકડું જોઈતું હતું.'

શ્વેતાના શ્વાસ લગભગ અટકી ગયા.

'હું મારી જવાબદારી સમજું છું. એટલે જ મારે...'

'હજી મોડું નથી થયું.'

નિખિલ શ્રોફનું મગજ છટક્યું હતું. આજ સુધી કોઈએ એને આવી રીતે જવાબ આપવાની હિંમત નહોતી કરી. હજી હમણાં જ ચાલી આવતી આ ટચૂકડી છોકરીની હિંમતે એને ઉશ્કેરી મૂક્યો:

'તારે કોઈ પણ એક જ ઘરની જવાબદારી નક્કી કરવી પડશે. નિખિલ શ્રોફના ઘરમાં રહેવું હશે તો દેવરાજસિંહ ઝાલાના ઘરની દિશા ભૂલી જવી પડશે અને જો એ ઘર સાથે સંબંધ નહીં તૂટે તો આ ઘરના દરવાજા તારા માટે બંધ થઈ શકે છે...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્વેતા ઝડપથી નિખિલ નજીક ગઈઃ

‘અરે, આ તમે શું બોલો છો?’

‘તમે વચ્ચે નહીં પડતાં. આ છોકરીએ સામો જવાબ આપીને એની જિંદગીની મોટામાં મોટી ભૂલ કરી છે. એ મને ઓળખતી નથી... એટલે ઓળખાણ તો આપવી પડશે.’

ઘવાયેલા સિંહની જેમ એણે ધૂંધવાઈને કેસર સામે જોયુંઃ

‘હું તને ચોવીસ કલાક આપું છું. આવતી કાલે સાંજે આપણે ડિનર ટેબલ પર ભેગાં થઈએ એ પહેલાં મને તારો નિર્ણય જણાવી દેજે. કાં તો તું કેસર શ્રોફ રહીશ અને કાં તો કેસર ઝાલા થઈને આવી હતી તે જ રસ્તે પાછી વળી જઈશ.’

દીવાનખંડમાં સન્નાટો છવાઈ ગયો.

કોઈ કંઈ બોલે તે પહેલાં નિખિલ શ્રોફ ઊભો થઈને સડસડાટ પોતાના ઉપરના બેડરૂમમાં જતો રહ્યો.

શ્વેતા સ્તબ્ધ બની ગયેલી કેસરની પાસે પહોંચી. સાસુ-વહુ એકબીજાની સામે જોઈ રહ્યાં. હવે કહેવા જેવું કંઈ જ નહોતું, પણ...

કેસરની આંખમાંથી સડસડાટ પાણી વહી રહ્યાં હતાં તેમ છતાં એના ચહેરા પર એક ખુમારી, એક દૃઢતા અને એક જીદ જોઈને શ્વેતાનું કાળજું બેસી ગયું.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 9

શ્વેતા અને કેસર વિશાળ ડ્રોઇંગરૂમમાં ઊભાં હતાં.

ભવ્ય ડ્રોઇંગરૂમના મોંઘા ફર્નિચરનો ભાગ હોય એમ બે સ્ત્રીઓ સજીધજીને પોતાની લાગણીઓ ઉપર કાબૂ રાખવાનો પ્રયાસ કરી રહી હતી.

કેસરની આંખોમાંથી પાણી વહી રહ્યાં હતાં, પણ એના ચહેરા પર એક ખુમારી, એક દૃઢતા અને એક જીદ હતી એ જોઈને શ્વેતાનું હૃદય એક ધબકારો ચૂકી ગયું હતું.

'બેટા, હવે આ ઘરના નિયમો પાળવા પડશે.'

'નિયમ પાળવાનો વાંધો નથી, મા.'

કેસરે બંને હાથે આંસુ લૂછ્યાંઃ

'પણ મને મારા મૂળથી, મારા લોહીના સંબંધથી અલગ કરવામાં આવે એ કેવો નિયમ?'

'આ ઘરના નિયમોની પાછળ કોઈ તર્ક નથી હોતો.'

'બીજાની લાગણીનો વિચાર પણ નથી હોતો?'

'અહીં ફક્ત પોતાનો વિચાર કરવામાં આવે છે. આ સોનાના પીંજરામાં એક વાર દાખલ થયા પછી તમારે ધીમેધીમે પીંજરાને અનુકૂળ થઈ જવાનું હોય છે... પીંજરાને ગમાડવા માંડ. બીજો રસ્તો નથી તારી પાસે.'

'કોણે કહ્યું? આ દુનિયામાં દરેક બાબત માટે બીજો રસ્તો હોય છે. બીજો રસ્તો નથી એમ માનીને ચીંધવામાં આવેલો રસ્તો જ સ્વીકારીને એના પર ચાલવા માંડીએ છીએ... પણ હું તો બંધ બારણું જોઈને એ બંધ જ છે એવું ધારી નહીં લેવાનું શીખી છું!'

'તારું બધું શીખેલું, જાણેલું, અનુભવેલું અહીં બદલવું પડશે.'

'તમે બદલ્યું છે એટલે તમે એવું વિચારી શકો... હું નહીં બદલું.'

'જે નમતાં નથી એ તૂટી જાય છે આ ઘરમાં.'

'તૂટવું કે નહીં એ માણસે જાતે નક્કી કરવાનું હોય છે.'

'બેટા, તારી ઉંમરે મારામાં પણ આ જ ખુમારી હતી, દુનિયાને જીતી લેવાનું આ જ જોશ...'

'મા, મને નથી ખબર કે તમારું જોશ કેમ ઠંડું પડી ગયું, પણ એક વાત કહી દઉં. મારું લોહી ગરમ છે... મારી નસોમાં આત્મસન્માન અને સચ્ચાઈ વહે છે. હું ક્યારેય કોઈનું અપમાન કરતી નથી, પરંતુ અપમાન સહન પણ નથી કરતી.'

'અપમાન! આ ઘરમાં રહેતાં રહેતાં તું ભૂલી જઈશ કે અપમાન કોને કહેવાય.'

'મા, તમારી ભૂલ થાય છે.'

કેસરની આંખોમાં એક અજબ જેવી અગ્નિશિખા હતી. શ્વેતાને લાગ્યું કે આ ઘરમાં ક્રાંતિની શરૂઆત કરવા માટે જ કદાચ આ છોકરી દાખલ થઈ હોય!

'જો બેટા, હું તને બીજું કંઈ નથી કહેતી, માત્ર એક સલાહ આપું છું, એ પણ તારે માનવી હોય તો...' ઊંડો શ્વાસ લઈને એણે કહી નાખ્યું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પુરુષના અહંકારને બને ત્યાં સુધી છંછેડવો નહીં. એ ટોપલામાં સૂતેલો નાગ છે, બેટા. એ સૂતેલો રહે ત્યાં સુધી વાંધો નથી... પણ જો ફૂંફાડો મારે કે ડંખે તો જીવ લઈ શકે.'

'મા!' શ્વેતા એની સામે જોઈ રહી.

આથમતી સાંજનો ચળાઈને આવતો તડકો કેસરના ચહેરા પર પડતો હતો. સોનેરી રંગના એ પ્રકાશમાં કેસરનો નમણો-નિર્દોષ ચહેરો એટલો બધો સુંદર દેખાતો હતો કે શ્વેતાએ હાથ લંબાવીને બંને હાથે એનો ચહેરો પકડી લીધો.

'મા, હું નાગથી નથી ડરતી... એના ઝેરથી પણ નથી ડરતી...'

કેસરના ચહેરા પર સ્મિત આવ્યું:

'તમે કદાચ સાંભળ્યું હશે કે નાગના ડંખથી બચવાની દવા પણ નાગના ઝેરમાંથી જ બને છે.'

કેસરે આસ્તેથી પોતાનો ચહેરો છોડાવ્યો:

'મા, હું જ કદાચ એ દવા હોઈ શકું આ ઘર માટે!'

શ્વેતાને કોણ જાણે કેમ એવું લાગ્યું કે આ અવાજ કેસરનો નહીં, પરંતુ ભવિષ્યમાં છુપાયેલા કોઈ સંકેતનો છે. આજ સુધી નિખિલને કોઈ ક્યારેય કશું કહી શક્યું નહોતું. નિખિલનાં માતાપિતાએ એને ખૂબ લાડથી ઉછેર્યો હતો. એણે પાણી માગ્યું તો દૂધ હાજર થયું હતું. નિખિલનાં મા ચિત્રાંગદા સતત કહ્યાં કરતાં, અમારે તો આંખનું રતન છે!

નિખિલના મિત્રો એની હામાં હા કરતા, કારણ કે એ એમની પાછળ પૈસા ઉડાડતો. શ્રોફ પરિવારનો એ નબીરો સત્તા અને પહોંચ ધરાવતો... એનાં સગાંવહાલાં એની આસપાસ વિંટળાયેલાં રહેતાં. મિનિસ્ટર્સ, ફિલ્મસ્ટાર્સ, પ્રોડ્યુસર્સ કે બિઝનેસવર્તુળના લોકો નિખિલના અહંકારને ખૂબ પંપાળતા, કારણ કે એ સહુને નિખિલ પાસેથી કંઈ ને કંઈ જોઈતું હતું. આ પરિસ્થિતિમાં નિખિલની આંખમાં આંખ નાખીને એને સચ્ચાઈ કહેવાની ક્યારેય કોઈની હિંમત જ નહોતી થઈ.

કેસરે આ ઘરમાં આવીને પહેલી વાર નિખિલની સામે દલીલ કરવાની કે એને સવાલ પૂછવાની હિંમત કરી હતી.

'હોઈ શકે!' શ્વેતાએ સ્વીકારી લીધું:

'મા, ભલે વસ્ત્રો ખેંચાય, પણ રાજ્યસભામાં ઊભા રહીને એટલું તો પૂછવું જ પડે કે મારા પતિ પહેલા મને હાર્યા કે પોતાની જાતને... આટલો સવાલ સ્ત્રીના આત્મસન્માનને શ્વાસ લેવા માટે પૂરતો થઈ પડતો હોય છે.'

'સ્ત્રીને આત્મસન્માન હોય છે એટલું પણ જો તું એમને સમજાવી શકે તો કદાચ...' એણે ફરી ઊંડો શ્વાસ લીધો:

'કરી જો પ્રયત્ન, હવે હું તને નહીં રોકું... મારું ઘવાયેલું આત્મસન્માન અને ખોવાયેલું ગૌરવ કદાચ તારા પગલે પાછું આવે પણ ખરું.'

'થેંક્યુ, મા.'

કેસર ઝૂકીને શ્વેતાના ચરણસ્પર્શ કરવા જતી હતી, પણ શ્વેતાએ એના ખભા પકડીને એને વચ્ચે જ રોકી લીધી. સાસુ-વહુ એકબીજાને ભેટી પડ્યાં. બંનેની આંખમાં પાણી આવી ગયાં.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સાંજની ફ્લાઇટમાં અમદાવાદ ઊતરેલા અભિમન્યુનું મગજ ફાટ ફાટ થતું હતું. દેવરાજસિંહ સાથેની છેલ્લી મુલાકાત પછી એણે પિતા સાથેના તમામ સંબંધો કાપી નાખવાનું નક્કી કરી લીધું હતું.

અમદાવાદ ઊતરીને એણે ટૅક્સી કરી. સીધો સુરેન્દ્રનગર જવા નીકળી ગયો. એ સુરેન્દ્રનગર પહોંચ્યો ત્યારે રાતના સાડા દસ થયા હતા. વનરાજસિંહ એની રાહ જોતા નાનકડા ટેનામેન્ટની બહાર આંટા મારતા હતા.

'આવ્યો... આવ્યો મારો સાવજ...'

'કાકાસા...' એણે આગળ વધીને વનરાજસિંહના પગે હાથ લગાડ્યો.

'દીકરા મારા, જરાય ચિંતા ના કરતો. અમે છીએ... તું અમારું લોહી છો. અમે કંઈ તને દુઃખી નહીં થવા દઈએ.'

'કાકા, એ માણસે મને તમાચો માર્યો.'

પછી ક્ષણેક થોભીને અભિમન્યુએ પોરસાઈને કહ્યું:

'મેં સામો ઠોકી દીધો... બહુ તમાચા ખાધા એના. હવે એને પણ સમજ પડવી જોઈએ કે કોઈ બરોબરિયો મળ્યો છે.'

'બહુ સારું કર્યું.'

એને વઢવા કે સાચી શિખામણ આપવાના બદલે વનરાજસિંહે એની પીઠ થાબડી:

'મોટા ભા તો એ જ લાગના છે. અમને સૌને બહુ હેરાન કર્યા છે એમણે. પોતાના પૈસાનો રુઆબ દેખાડીને કાયમ જ અમને નીચા પાડતા રહ્યા છે.'

'એ પૈસા એમના નથી.'

'એટલે તો વધારે દુઃખ થાયને બેટા. જાતે કમાયેલા પૈસા હોય પછી વટ મારે તો સત્તર વાર નીચું માથું કરીને ભાઈની ચડતીને વધાવી લઉં. પણ આ તો પારકો પૈસો.' સહેજ લુચ્ચાઈથી એણે ઉમેર્યું:

'જાત વેચીને કમાયેલો પૈસો... એને માટે અમે શું કામ નમીએ?'

'મને એક વાત કહો કાકા, તમારી પાસે કોઈ સારો વકીલ ખરો?'

'એક કહેતાં એકવીસ હાજર કરી દઉં.' વનરાજસિંહે આંખો ઝીણી કરી:

'તારે કેસ કરવો છે બાપ પર?'

'એ વિના કંઈ પૈસા નહીં આપે.'

'ઈ સાચું! એનાથી દમડીયે છૂટવાની નથી. તું તારે અહીંયા રહે બે-ચાર દિવસ. ત્યાં સુધીમાં ભેળા મળીને નક્કી કરીએ કે કેમનું કરવું છે.'

'કાકાસા, મારે તો મારો અધિકાર જોઈએ. હસીને આપે તોય ભલે કે રડીને આપે તોય ભલે.'

'ભાભી શું કહે છે?' વનરાજસિંહે જરા દાઢમાંથી પૂછ્યું.

'મા? એ બિચારી શું કહેવાની?'

'એમ નહીં બેટા, એ તારી સાથે છે કે પછી...'

'મારી જ સાથે છે કાકા, એણે તો બાપુને કહી દીધું છે કે તમારે તમારા ભાગના પૈસાનું જે કરવું હોય તે કરો,

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હું મારા ભાગના પૈસા મારા દીકરાને આપવાની છું.'

હવે વનરાજસિંહના જીવમાં જીવ આવ્યો. એને સમજાયું કે ભત્રીજો સાવ લુખ્ખો બંગાળી નહોતો. ભાભીના ભાગના પૈસા પણ કરોડોમાં ગણી શકાય એટલા જ હોય એ એને ખબર હતી.

વનરાજસિંહે ભત્રીજાને છાતીસરસો ચાંપી દીધોઃ

'તું કંઈ ચિંતા ના કરતો. બધું થઈ પડશે. ચાલ અંદર, ભા રાહ જુએ છે.'

અંદર જઈને ગુલાબસિંહને પગે લાગીને ખબરઅંતર પૂછી વાળુ કરીને આંગણામાં ઢાળેલા ખાટલામાં જ્યારે આડો પડ્યો ત્યારે અભિમન્યુને લાગ્યું કે હવે બાપ સામે લડવામાં એ એકલો નથી. એની સાથે એનું આખું કુટુંબ છે.

*

રાત્રે દસ વાગ્યા સુધી દેવરાજસિંહના ઘરમાં કોઈએ બત્તી પણ ન કરી. ઘરની શેઠાણીને આમ જમીન પર બેસીને રડતી જોયા પછી ઘરના નોકરોની પણ હિંમત નહોતી કે કંઈ રસોઈ બનાવે એવું પૂછવાની કે અજવાળું કરે કે ઘરમાં કોઈ પ્રવૃત્તિ કરે.

સ્વજનનું મૃત્યુ થયું હોય એમ આખું ઘર શોકમાં ડૂબેલું રહ્યું. રાત્રે દસ વાગ્યે શ્રદ્ધાબહેનને સમયનો ખ્યાલ આવ્યો. એ ઊભાં થયાં. મંદિર હજુયે બંધ જ હતું. મંદિરના દરવાજે જઈ એમણે એકાદ વાર બારણું ખખડાવ્યું. અંદરથી કોઈ જવાબ ના મળ્યો...

એમણે ફરી દરવાજો ખખડાવ્યો પણ અંદર સ્મશાનવત્ શાંતિ હતી. હવે એમને ગભરામણ થઈ ગઈ. દેવરાજસિંહ ઝાલાનું જે અપમાન એમના સગા દીકરાએ કર્યું હતું એ પછી એમણે કંઈ ન કરવાનું તો નહીં કર્યું હોય ને? એ વિચારમાત્ર એમને ધ્રુજાવી ગયો. ઘરના નોકરને બોલાવીને એમણે બારણાને ધક્કો મારવાનું કહ્યું.

મહેશ એમના ઘરમાં છેલ્લાં દસ વર્ષથી કામ કરતો હતો. બાર વર્ષનો હતો ત્યારે એને કામે રાખ્યો હતો. બાવીસ વર્ષના ઊંચા-તગડા મહેશે ત્રણ ડગલાં પાછળ જઈને પૂરી શક્તિથી ધક્કો માર્યો. બારણું હચમચ્યું, પણ ખૂલ્યું નહીં... આટલા જોરથી ધક્કો મારવા છતાં અંદરથી કોઈ પ્રતિભાવ ન આવ્યો એ વાતે શ્રદ્ધાબહેનનું હૃદય બેસી ગયું.

મહેશે ફરી ધક્કો માર્યો...

આ વખતે ધડાકા સાથે બારણું ખૂલી ગયું. બંને જણાએ જોયું કે દેવરાજસિંહ જમીન પર ચત્તાપાટ પડ્યા હતા. એમના બંને હાથ જમીન પર લગભગ નિશ્ચેતન અવસ્થામાં પહોળા હતા. શ્રદ્ધાબહેને જોરથી ચીસ પાડી ઊઠ્યાંઃ

'હે રામ...'

પતિની પાસે ધસી જઈને એમણે હૃદય પર હાથ મૂક્યો. બહુ જ ધીમું, પણ હૃદય ધબકતું હતું. એમણે બીજી ચીસ પાડીઃ

'મહેશ, આપણા ડૉક્ટરને ફોન કર... એમ્બ્યુલન્સને બોલાવ.'

ત્યાં સુધીમાં પાણી લઈ આવેલી બાઈ પાસેથી ગ્લાસ લઈને એમણે પતિના ચહેરા પર પાણી છાંટ્યું.

આંખો બંધ કરીને બેહોશ પડેલા દેવરાજસિંહના ચહેરા પર પાણી પડવાથી સહેજ સળવળાટ થયો. શ્રદ્ધાબહેને એમનો ચહેરો પકડીને હલાવ્યોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જાગો... આંખો ખોલો...’

વિહ્વળ થઈ ગયેલાં શ્રદ્ધાબહેનની આંખોમાંથી આંસુ વહેવા માંડ્યાં. ગભરાટમાં એમને ડૂમો ભરાઈ ગયોઃ

‘મારા કયા જનમનાં પાપ મારી સામે આવ્યાં છે, મને ખબર નથી. મારી ભૂલ થઈ ગઈ... હવે હું ક્યારેય તમારી સામે નહીં બોલું. આંખો ખોલો. હું તમારા વિના નહીં જીવી શકું...’

એ બોલતાં રહ્યાં, પણ દેવરાજસિંહે આંખો ન ખોલી.

એટલી વારમાં ફૅમિલી ડૉક્ટર દોડતા આવ્યા. એમની પાછળ એમ્બ્યુલન્સ પણ આવી પહોંચી.ગણતરીની મિનિટોમાં જ નાણાવટીના આઈસીયુમાં બેહોશ દેવરાજસિંહની ઇમરજન્સી સારવાર શરૂ થઈ ગઈ...

*

સાસુ સાથેની વાતચીત પૂરી થયા પછી ધીમા પગલે પગથિયાં ચડીને કેસર પોતાના બેડરૂમમાં પહોંચી ત્યારે સોમલ ત્યાં પણ નહોતો. એણે ધાર્યું હતું કે પિતાની સામે પોતાને એકલી છોડીને સોમલ ઉપર ચાલી ગયો હશે, પણ એની ધારણા ખોટી હતી.

એક તરફ, મહેમાનોની છેલ્લી ગાડીની વિદાય થઈ કે બીજી તરફ કંટાળેલો સોમલ સીધો સ્ક્વોશ રમવા ચાલી ગયો. એ પછી જિમમાં થઈને, સ્ટીમ લઈને એ જ્યારે બેડરૂમમાં પાછો આવ્યો ત્યારે કેસર મોટી ફ્રેન્ચ વિન્ડોઝ પાસે મુકાયેલી પથ્થરની બેઠક પર પગ વાળીને બેઠી હતી.

એણે હજી કપડાં નહોતાં બદલ્યાં. એ જ પોચમપલ્લી સાડી અને શણગારો સાથે એ ઢીંગલી જેવી લાગતી હતી.

‘કેમ હજી અહીં જ બેઠી છે?’

સોમલ નજીક આવ્યો. હજી હમણાં જ કસરત અને સ્ટીમ પત્યાં હોવાને કારણે એ તાજગીભર્યો લાગતો હતો. એના ભીના વાળ વધુ કાળા લાગતા હતા. કેટલીક લટો કપાળ પર ચોંટી ગઈ હતી.

‘એમ જ...’ કેસરે એની સામે જોયા વગર જ કહ્યું.

‘કપડાં નથી બદલવાં?’ સોમલે સ્મિત કર્યુંઃ

‘કે પછી ગઈ કાલે પાનેતર ન ઉતારવા દીધું એટલે આજે આ લાલ સાડી મારે ઉતારવાની છે.’

કેસરના ચહેરા પર કોઈ જ ભાવ બદલાયા નહીં. એ હજી બહાર અંધકારમાં ડૂબેલા દરિયાને જોઈ રહી હતી. સોમલે એનો હાથ પકડ્યો. ઘૂંટણથી પગ વાળીને બંને હાથ એની આજુબાજુ લપેટી બેઠેલી કેસર અણગમતા સ્પર્શે સહેજ સજાગ થઈ. એણે જાતને થોડી વધુ સંકોચી લીધી.

‘સ્વીટ હાર્ટ, બધી છોકરીઓ ઘર છોડીને સાસરે જાય જ છે. તું આમ મીનાકુમારીની જેમ રોજ ટ્રેજેડી ક્વીન બનીને બેસીશ તો કેમ જિવાશે? ચલ, તૈયાર થા. આપણે બહાર જઈએ. ક્યાંક કોફી પીએ અને પછી ડિસ્કોમાં...’

‘આજે નહીં.’

‘આજે કેમ નહીં?’

સોમલ ઊભો થયો. ડ્રેસિંગરૂમનું વોર્ડરોબ ખોલી સ્કાયબ્લૂ રંગનો ટર્કીશ ટોવેલ કાઢ્યો. પહેલાં વાળ લૂછ્યા, પછી ટી-શર્ટ કાઢીને ફક્ત શોર્ટસમાં કેસરની નજીક આવ્યો. એની પાછળ બેઠો અને બંને હાથ એની આસપાસ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લપેટ્યા:

'ઓહ ગોડ! તું આટલી સુંદર કેમ છે?'

કેસર હજીયે બારીની બહાર જ જોતી હતી. એના મનમાં એકસાથે અનેક વિચારોનું ધાડું આવન-જાવન કરતું હતું. સોમલના હાથ ધીમે ધીમે એના હાથ પર, ખભા પર, ગરદન પર અને પીઠ પર ફરી રહ્યા હતા. કેસરના સ્પર્શથી સોમલ ધીમે ધીમે ભાન ખોઈ રહ્યો હતો, પણ કેસર સાવ સ્થિતપ્રજ્ઞની જેમ બેઠી હતી...

'તને કંઈ જ થતું નથી, કેસર?'

સોમલે અકળાઈને પૂછી નાખ્યું. કેસરે નામાં ડોકું ધુણાવ્યું.

'મારું ચાલે તો તારા એ સાહેબનું ખૂન કરી નાખું. તારી જિંદગી તો ઠીક છે, એણે મારી જિંદગી બરબાદ કરી નાખી.'

કેસરે ચોંકીને સોમલ સામે જોયું. એને શ્વેતાના શબ્દો યાદ આવી ગયા. એણે ખૂબ જ ધીમા, પણ સ્થિર અવાજે સોમલને પૂછ્યું:

'ધારો કે હું જિંદગીભર તમારા સ્પર્શથી કશું જ ન અનુભવું તો?'

'વ્હોટ નોનસેન્સ... એવું તે કંઈ થતું હશે?'

'ધારો કે એવું થાય તો... ધારો કે હું આવી જ, બરફ જેવી, પથ્થર જેવી રહું તો?' કેસરે ક્ષણેક સોમલને તાકી ઉમેર્યું:

'...તો તમે શું કરો?'

'શું કરો એટલે? પતિ-પત્ની વચ્ચેના સંબંધો...'

'તમે મને કાઢી મૂકો?'

'જો, કેસર...'

કેસરનો અવાજ અચાનક ઊંચો થઈ ગયો:

'મને જવાબ આપો, સોમલ... ધારો કે આપણી વચ્ચે શરીરસંબંધ થાય જ નહીં તો... શું કરશો તમે? જે સુંદરતાની ચોકલેટ તમે રડી રડીને તમારાં મા-બાપ પાસે માગી છે એ ચોકલેટ કડવી નીકળશે તો?'

'કેસર...!'

'બૂમો પાડવાથી કશું જ સાબિત નહીં થાય. મેં તમને એ જ વખતે સાચું સમજાવ્યું હતું, પણ તમે તો પ્રેમમાં પડી ગયા હતા...' કેસરના અવાજમાં વ્યંગ હતો:

'હવે આ શરીર જો તમારું નહીં થઈ શકે તોય તમારો પ્રેમ ટકશે?'

'મારી ભલમનસાઈને મારી નબળાઈ સમજવાની ભૂલ નહીં કરતી, કેસર.'

કેસરને પોતાના પતિના ચહેરા પર નિખિલ શ્રોફના ચહેરાની છાયા દેખાવા લાગી:

'ઇચ્છું તો તારા શરીરને હમણાં જ પામી શકું એમ છું. ગઈ કાલે રાત્રે પણ મેં તને છોડી દીધી, કારણ કે...'

'છોડી દીધી?' કેસરે અત્યંત ઘૃણાથી પૂછ્યું:

'શું કહેવા માગો છો, સોમલ? દયા કરી મારા પર? કૃપા કરી?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તને કદાચ સાંભળવું નહીં ગમે. પણ હા, મેં તારા પર દયા જ કરી હતી તારા પર ગઈ કાલે રાત્રે...’

સોમલે ઝટકો મારીને કેસરને વાળેલા પગ સહિત પોતાની તરફ ફેરવી નાખીઃ

‘હું રોજ રાત્રે આવી દયા કરીશ એવું નહીં માનતી. જેને તું સુંદરતાની ચોકલેટ કહે છે એ મારી છે. હું ઇચ્છીશ ત્યાં સુધી જ એ ફ્રીજમાં અકબંધ રહી શકશે. બાકી રેપર ફાડીને ખાઈ જતાં મને વાર નહીં લાગે. ગોટ ઇટ?’

કેસરની સામે આંખમાં આંખ નાખીને સોમલે એવી રીતે જોયું, જાણે સિંહ પોતાના શિકારને જોતો હોય. આટલું કહીને સોમલ બાથરૂમ તરફ ચાલ્યો ગયો.

ત્યાં બેઠેલી કેસર બીજી બાજુના દરિયાને જોતી રહી... ત્યાં પણ એટલો જ ઘેરો અંધકાર હતો... ત્યાં પણ એ જ ગર્જના અને એ જ નિર્જનતા હતી... એ જ એકલતા હતી...

*

એ રાત્રે નિખિલ શ્રોફના બેડરૂમમાં એક ભયાવહ સન્નાટો હતો. શ્વેતા એમના નાનકડા સીટિંગ એરિયામાં બેસીને મોડી રાત સુધી કશું વાંચતી રહી.

ઘરના ચાર સભ્યોમાંથી કોઈ નીચે જમવા ના ગયું.

સ્ટાફમાંથી પૂછવા જવાની કોઈની હિંમત નહોતી. એમના સૌથી જૂના મહારાજે ઇન્ટરકોમ પર ફોન કરીને શ્વેતાને પૂછ્યુંઃ

‘બહેન, જમવાનું...’

‘મારે નથી જમવું. સાહેબ પણ કદાચ...’ સહેજ વિચારીને એણે કહ્યુંઃ

‘તમે સૌ તમારું પતાવી દો. સૂપ બનાવીને માઇક્રોવેવમાં મૂકી દેજો. જોઈશે તો હું ગરમ કરી આપીશ.’

નિખિલ મોડી સાંજથી ફરી વાર શરાબમાં ડૂબ્યો હતો. એના બેડરૂમમાં ગોઠવાયેલા કાચના ટુકડા અને રેલવેના સ્લીપર્સમાંથી બનાવવામાં આવેલા નાનકડા બાર પાસે ગોઠવાયેલી ઇઝી ચેરમાં બેસીને એણે ત્રીજો પેગ બનાવ્યો.

સામાન્ય રીતે શ્વેતા એને ક્યારેય ટોકતી નહીં. પરંતુ આજે એણે સવારના ગાર્ડન પાર્ટીમાં સારું એવું પીધું હતું. એટલે એનો ત્રીજો પેગ ભર્યો ત્યારે શ્વેતાએ ટકોર કરીઃ

‘મને લાગે છે આજે જરા વધારે પડતું થાય છે.’

‘વધારે પડતું થઈ ચૂક્યું છે મિસિસ શ્રોફ... ભાઈને લગ્નમંડપમાં તમાચો માર્યો ત્યાં સુધી ઠીક છે, પણ નિખિલ શ્રોફના ડ્રોઇંગરૂમમાં ઊભાં રહીને એણે નિખિલ શ્રોફને તમાચો મારવાની હિંમત કરી... ટુ મચ...’ એણે ક્રોધમાં ડોકું ધુણાવ્યું,ઃ

એ છોકરીને પાઠ ભણાવવો જ પડે. આજથી જ કહ્યામાં નહીં રહે તો...’

‘આમાં ક્યાં કહ્યામાં રહેવાની વાત આવી? એણે પોતાનો મુદ્દો તમને કહ્યો. જેટલી સ્વાભાવિકતાથી સોમલ તમને કહી શકે એટલી જ સ્વાભાવિકતાથી...’

‘શટઅપ... સોમલ અને આ ફાલતુ છોકરીની સરખામણી નહીં કરતી ક્યારેય... સોમલ મારો દીકરો છે. શ્રોફ ખાનદાનનું લોહી છે, જ્યારે આ છોકરી બહારથી આવી છે...’

‘પણ તમારા ખાનદાનનો વારસ એના પેટે જનમશે એ નહીં ભૂલતા... જેમ તમારા દીકરાના લોહીમાં હું પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

છું.'

'એમાં તો આ ફાલતુ છોકરીના ચક્કરમાં ફસાયો.'

નિખિલની આંખો લાલ હતી. એ ઊભો થઈને શ્વેતા પાસે ગયોઃ

'એનામાં જો તારું લોહી ન હોત તો એણે ચોક્કસ કોઈ બિઝનેસ ફેમિલીની, ઊંચા ખાનદાનની છોકરી પસંદ કરી હોત... ગંદુ લોહી ગંદા લોહીને ખેંચી લાવ્યું.'

'નિખિલ...' શ્વેતા સમસમીને ઊભી થઈ ગઈ.

'હું સાચું કહું છું. આવી બે બદામની છોકરીના રૂપમાં આંધળા થઈને લગન કરી લીધાં મારા છોકરાએ... એક ગ્લાસ દૂધ પીવા માટે ભેંસ ઘરમાં બાંધી. આ બેવકૂફી તારા લોહીમાંથી જ આવી છે.'

'ને તમે? ગમે ત્યાં ગ્લાસ ધરી દો છો... એને શું કહેવાય?'

'ઐયાશી.' નિખિલ હસ્યોઃ

'એ પણ આવડવી જોઈએ.' એ શ્વેતાની નજીક આવ્યોઃ

'એ પણ પોસાવી જોઈએ. ભિખારીઓને ઐયાશી આવડે પણ નહીં ને પોસાય પણ નહીં.'

આટલું કહીને એણે મોઢામાં ભરેલો સ્કોચ શ્વેતા તરફ ઉડાડ્યો. શ્વેતા ત્વરાથી પાછળ ખસી ગઈ.

'અરે, આ શું... તમે તો હવે હદ કરો છો.'

શ્વેતાએ ચહેરા પર હાથ ફેરવીને એના પર ઉડેલા સ્કોચના છાંટા લૂછ્યા. એના નાઇટ ગાઉન પણ સ્કોચથી ભીંજાયો હતો.

'હજી તેં મારી હદ જોઈ જ ક્યાં છે?'

સ્કોચના ત્રીજા પેગનો લાંબો ઘૂંટ લઈને નિખિલ હસ્યો. એણે હાથમાં પકડેલો ગ્લાસ જમીન પર છોડી દીધો. ઇટાલિયન મારબલની ફર્શ પર ટકરાઈને ક્રિસ્ટલ ગ્લાસ ચાર ટુકડામાં વહેંચાઈ ગયો. સ્કોચ જમીન પર રેલાઈ ગયો.

'આ છોકરીને ઘૂંટણિયે પાડીને માફી ના મંગાવું ત્યાં સુધી ચેન નહીં પડે મને.'

'તો તમે ભૂલો છો નિખિલ શ્રોફ.'

આજે ગંદું લોહી ને ભિખારી જેવા શબ્દો સાંભળ્યા પછી અચાનક જ શ્વેતાની જીભ ખૂલી ગઈ હતીઃ

'એ છોકરી એમ ઘૂંટણિયે પડે એવી નથી.'

'એમ?'

શ્વેતાની વધુ નજીક આવ્યો નિખિલ. એણે પોતાના બંને હાથ શ્વેતાના ખભા પર ટેકવ્યા. એનું સંતુલન ડગમગી રહ્યું હતું. એના શરીરનું મોટા ભાગનું વજન શ્વેતાના આધારે ટક્યું હતું.

'તો પછી જમીનદોસ્ત કરી નાખવી પડશે.'

નિખિલે હોઠ પર જીભ ફેરવી. એનો સોહામણો-દેખાવડો ચહેરો અત્યારે અત્યંત ક્રૂર અને બદસૂરત દેખાતો હતોઃ

'અમારે ત્યાં જે જૂના બિલ્ડિંગનું રિનોવેશન શક્ય ના હોય એ બિલ્ડિંગને પાડી નાખવામાં આવે. એની દીવાલો,

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

છત, બારી-બારણાંને ડેબ્રીઝ... ભંગારમાં ફેરવી નાખવામાં આવે ને પછી ત્યાં નવું આલિશાન મકાન ઊભું કરવામાં આવે, જે કરોડોના ભાવે વેચાય.'

શ્વેતાએ એના બંને હાથ પોતાના ખભા પરથી ખસેડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ નિખિલનું વજન એ હટાવી શકી નહીં. બંને પાછળના સોફામાં પછડાયાં. નિખિલનો ચહેરો શ્વેતાના ચહેરા પર આવી ગયો. એણે શ્વેતાને ચુંબન કરવા માંડ્યું. શ્વેતાએ જિંદગીમાં પહેલી વાર નિખિલને પોતાનાથી દૂર કરવાનો પ્રયાસ કર્યો, એના વજન અને શક્તિ સામે શ્વેતા લાચાર થઈ ગઈ. નિખિલે ત્યાં સોફામાં જ એની સાથે મનમાની કરી...

શ્વેતાની આંખોમાંથી લગાતાર આંસુ વહેતાં રહ્યાં. એ નિખિલના વજન નીચે કચડાતી રહી. ઊભા થતાં નિખિલે તુચ્છકારથી એની સામે જોયું:

'સ્ત્રીની જગ્યા હંમેશાં પુરુષની નીચે, સમજી? કે ફરી સમજાવું?' એ હસ્યો:

'મારામાં તાકાત છે ફરી સમજાવવાની...'

આટલું બોલતાં બોલતાં લથડિયાં ખાતો એ પલંગ પર જઈને પછડાયો.

બીજી મિનિટે એનાં નસકોરાં છેક સીટિંગ એરિયા સુધી સંભળાવા લાગ્યાં. અસહાય-અપમાનિત શ્વેતા ક્યાંય સુધી સ્તબ્ધ થઈને એમ જ બેસી રહી. એ એટલી બધી ડઘાઈ ગઈ હતી કે એને પોતાનાં વસ્ત્રો સરખાં કરવાની પણ સુધ નહોતી રહી...

ત્રણ દાયકાથી વધુ જેની સાથે જીવી નાખ્યા એ માણસ આવો રાક્ષસ થઈ શકે એ હજીયે શ્વેતાના માન્યામાં નહોતું આવતું.

*

નાહીને નીકળેલા સોમલે તૈયાર થઈને એક જ વાર કેસરને પૂછ્યું:

'આવવું છે મારી સાથે?'

કેસરે એની સામે જોયા વિના ડોકું ધુણાવી દીધું.

'ઓ.કે. જેમ ગમે તેમ કર.' કહીને સોમલ એની સામે જોયા વિના સડસડાટ બહાર નીકળી ગયો.

કેસર એ પછી પણ ત્યાં જ બેસી રહી.

કપડાં બદલ્યા વિના એ જ સ્થિતિમાં ઘૂંટણ વાળીને એણે કલાકો સુધી દરિયો જોયા કર્યો. વચ્ચે વચ્ચે પોતાનું બાળપણ, પિતાનો સ્નેહ, અભિમન્યુનું વર્તન અને માની અસહાયતાના વિચારો આવન-જાવન કરતા રહ્યા.

લગભગ રાત્રે સાડા અગિયાર વાગ્યે એના સેલફોન રણકી ઊઠ્યો. શ્રદ્ધાબહેનનો ફોટોગ્રાફ એના ફોનની સ્ક્રીન પર ઝબક્યો.

'બેટા...' શ્રદ્ધાબહેનનો અવાજ ઉચાટમાં ધ્રૂજતો હતો:

'તારા બાપુને હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. ભાનમાં આવતા જ નથી.'

'શું?' કેસર ઊભી થઈ ગઈ:

'કઈ હૉસ્પિટલ?'

નાણાવટી...

'શું થયું, મા?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્રદ્ધાબહેને જવાબમાં અભિમન્યુ સાથે બનેલો પ્રસંગ અને બીજી વાત ટૂંકમાં કહી નાખી.

'હું આવું છું.'

કેસરે કશું જ વિચાર્યા વિના કહી દીધું. સેલફોન કટ કરીને એણે જીન્સ અને શર્ટ પહેર્યા.

નીચે ઊતરીને જ્યાં ગાડીઓની ચાવી રહેતી હતી એમાંથી ચાંદીનો એસ લખેલી કી-ચેઈન ઉપાડી. એ જાણતી હતી કે આ ચાવી શ્વેતાની હતી. એની ગાડી એ ઓળખતી હતી.

બહાર નીકળીને એણે શ્વેતાબહેનની મર્સીડીઝને સ્ટાર્ટ કરી. ગાડીનો ઘરઘરાટ સાંભળીને સ્તબ્ધ બેઠેલી શ્વેતા અચાનક ભાનમાં આવી. થોડી વાર પહેલાં એક ગાડી એણે બહાર જતી સાંભળી હતી. આ બીજી ગાડી કંપાઉન્ડની બહાર નીકળી રહી હતી...

એ વસ્ત્રો સરખાં કરતાં નીચેની તરફ દોડી. મુખ્ય દ્વાર ખોલીને એણે વોચમૅનને પૂછ્યું:

'અભી બહાર કૌન ગયા?'

'બહુરાની...'

કેસર બહાર ગઈ? અત્યારે?

શ્વેતાના પગ નીચેની જમીન સરકી ગઈ. નિખિલ નશામાં બેહોશ હતો, પણ એને જો સવારે ખબર પડે કે કેસર રાત્રે સાડા અગિયાર વાગ્યે ગાડી ડ્રાઇવ કરીને એકલી બહાર ગઈ તો એ શું-નું શું કરી શકે એની કલ્પના શ્વેતાને થરથરાવી ગઈ.

હૉસ્પિટલમાં પહોંચેલી કેસર ઝડપથી પાર્કિંગમાં ગાડી મૂકીને માને શોધતી ઉપર પહોંચી. આઈસીયુમાં દેવરાજસિંહની ટ્રીટમેન્ટ ચાલુ હતી. શ્રદ્ધાબહેન એને જોઈને ઊભાં થઈ ગયાં. કેસરને ભેટીને રડવા લાગ્યાં. માની પીઠ પર થોડી વાર હાથ ફેરવીને કેસરે એમને ફરી કોરિડોરના સોફામાં બેસાડ્યાં. આઈસીયુ ઇનચાર્જ ડૉક્ટર પાસે પહોંચી જઈને કેસરે પૂછ્યું:

'શું થયું છે?'

'હાર્ટએટેક છે... તમારું સદ્નસીબ છે કે આટલી બધી વાર વગર સારવારે એ પડ્યા રહ્યા છતાં એમના શ્વાસ ચાલતા હતા...'

'તમને શું લાગે છે?'

'બાર કલાક ક્રિટિકલ છે.' ડૉક્ટરે કેસર તરફ જોયું:

'તમારા...'

'મારા બાપુ છે.' કહેતાં કહેતાં કેસરની આંખમાં પાણી આવી ગયાં.

આધેડ ઉંમરના ડૉક્ટરે એના ખભે હાથ મૂક્યો:

'ડોન્ટ વરી. અમે અમારા તરફથી પૂરો પ્રયત્ન કરીએ છીએ.' એમણે ધીમેથી ઉમેર્યું

'નીચે ડિપોઝિટ જમા કરાવવી પડશે.'

'જી.' કેસરે મા સામે જોયું:

'પૈસા લઈ આવું ઘેર જઈને.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ સડસડાટ નીચે ઊતરી, ગાડીમાં બેઠી ત્યારે એને ખ્યાલ આવ્યો કે એનો સેલ ગાડીમાં જ રહી ગયો હતો. એણે જોયું તો શ્વેતાના દસ મિસ્ડ કોલ હતા. એણે સામો ફોન કરવાનું ટાળ્યું: જે થાય તે સારા માટે એને વિચાર આવ્યો. એણે ગાડી ઘર તરફ પૂરપાટ દોડાવી.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 10

પૈસા લઈ આવું ઘરે જઈને...

એવું કહીને કેસર નાણાવટી હૉસ્પિટલમાંથી બહાર આવીને પોતાની ગાડીમાં બેઠી ત્યારે એને ખ્યાલ આવ્યો કે પિતાની ખબર કાઢવા એ દોડીને આઈસીયુમાં પહોંચી એમાં એનો સેલફોન ઉતાવળમાં ગાડીમાં જ રહી ગયો હતો. એ ઉપર જઈને આવી એ દરમિયાનમાં શ્વેતાના દસ મિસ્ડ કોલ એના સેલફોનમાં રજિસ્ટર થયા હતા.

જે થાય તે સારા માટે એને વિચાર આવ્યો. એણે શ્વેતાને ફોન કરવાનું ટાળ્યું અને કાર પોતાના ઘર તરફ દોડાવી...

સડસડાટ ઘેર પહોંચીને એણે બેલ મારી. મહેશે દરવાજો ખોલ્યો. કેસર દોડતી દાખલ થઈને બબ્બે પગથિયાં કૂદતી ઉપર ગઈ. માના કબાટની ચાવી એના હાથમાં હતી. એણે શ્રદ્ધાબહેનનો વોર્ડરોબ ખોલ્યો. વોર્ડરોબની ડાબી તરફ નીચે મોટી તિજોરી હતી. રોકડા, દાગીના, અગત્યના પેપર્સ એમાં રહેતા. એણે તિજોરી ખોલી. સામે સો, પાંચસો, હજારની સારી એવી થપ્પીઓ હતી. કેસરે થોડોક વિચાર કરીને હજાર-હજારની ત્રણ થપ્પી ઉઠાવી લીધી. તિજોરી બંધ કરી, ચેક કરી... પછી બહાર નીકળતાં મહેશને કહ્યું:

'બાપુની તબિયત હજી સારી નથી. મારા સાસરેથી કોઈનો ફોન આવે તો કંઈ કહેતો નહીં. કહેજે કે...' એણે થોડો વિચાર કર્યો:

'કહેજે કે સૌ ઊંઘે છે ને હું અહીં આવી જ નથી.'

કેસર નહોતી ઇચ્છતી કે પિતાની આવી તબિયતે નિખિલ શ્રોફ હૉસ્પિટલમાં આવીને નવો તાયફો ઊભો કરે. એ ઘરેથી કહ્યા વિના નીકળી હતી. કારણ કે એ વખતે નિખિલ શ્રોફ સાથે જીભાજોડી કરવાની એની માનસિક તૈયારી નહોતી. હજી સાંજે તો સસરાએ એને પિયર જવાની મનાઈ ફરમાવી હતી અને સવાર પડે એ પહેલાં તો એણે જવું જ પડે એવી કટોકટી સર્જાઈ ગઈ હતી.

*

કેસરને દસ વખત ફોન ટ્રાય કર્યા પછી શ્વેતાની અકળામણનો પાર ના રહ્યો. કેસરે ફોન ના ઉપાડ્યો એટલે એને વધારે ચિંતા થવા લાગી. નિખિલે જે કંઈ કહ્યું એ પછી કેસરનો મિજાજ જોઈને એને ભય પેઠો કે કેસર ક્યાંક ઘર છોડીને પિયર ભેગી ન થઈ ગઈ હોય.

કેસરે ધાર્યું હતું એમ જ શ્વેતાનો ફોન દેવરાજસિંહના ઘેર રણક્યો:

'હું... શ્વેતાબહેન... કેસરનાં સાસુ બોલું છું.'

'સૌ ઊંઘે છે, ઉઠાડું?'

'અ... ના.' એ સહેજ અચકાઈ. પછી એણે પૂછી નાખ્યું:

'કેસર ત્યાં આવી છે?'

'બેબીબા? ના...'

શ્વેતાનું વાક્ય પૂરું થાય એ પહેલાં મહેશનો સવાલ અને એની નાનો જવાબ વચ્ચે થોડીક ક્ષણ જ હતી. શ્વેતાનું મગજ કામે લાગી ગયું:

ઘરના સૌ ઊંઘતા હોય અને માણસ એક જ રિંગમાં ફોન ઉપાડે... એટલું જ નહીં, પોતાનો સવાલ પૂરો થાય

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ પહેલાં એ જવાબ આપવા માટે તૈયાર હોય... એ બધું એને કંઈક અજુગતું લાગ્યું. એને લાગ્યું કે કેસર ઘેર જ પહોંચી છે... હવે આ સમયે નિખિલને ઊંઘતો મૂકીને એ કેસરને લેવા જઈ શકે એમ નહોતી જ... એણે સોમલની રાહ જોવાનું નક્કી કર્યું.

આ તરફ કેસરે હૉસ્પિટલ પહોંચીને પૈસા જમા કરાવ્યા. ટ્રીટમેન્ટ તો ચાલુ જ હતી. ઉપર જઈને કેસરે ફરી ડૉક્ટરને પૂછ્યું

'શું લાગે છે?'

'ઘણો ફેર છે. એ અમારી ટ્રીટમેન્ટને રિસ્પોન્સ કરી રહ્યા છે. સવાર સુધીમાં ફેર પડશે એવું લાગે છે.'

'આપણે આવતે અઠવાડિયે બહુચરાજી જઈ આવીશું. તારા બાપુએ સાડી ચડાવવાનું નક્કી કર્યું, પણ ગયા નહીં. તારાં લગન પતી ગયાં ત્યાં સુધી હું કહેતી રહી પણ મારું સાંભળે છે કોણ?'

આવી ગંભીર પરિસ્થિતિમાં પણ કેસરને સહેજ હસવું આવી ગયું:

'મા, એટલે તું એમ કહેવા માગે છે કે બહુચરાજી માને સાડી ન ચડાવી એટલે બાપુને હાર્ટએટેક આવ્યો?'

'હાસ્તો. મા પોતાનો પરચો બતાવ્યા વિના રહે નહીં. તમે એક વાર બોલો એ કરવું જ પડે.'

'આ તે મા છે કે પઠાણ કે પોતાની સાડીની ઉઘરાણી કરે છે અને એ પણ આવી રીતે?'

'ચૂપ રહે.' શ્રદ્ધાબહેને આમતેમ જોયું.

'કેમ? મા અહીંયાં આવી પહોંચશે?'

'એ તો હાજરાહજૂર છે. કણકણમાં છે.'

'તો પછી અહીંયાં આ ક્ષણે જ સાડી ચડાવી દે ને.' કેસરે દલીલ કરી:

'હાથમાં સાડી લઈને કહેવાનું કે મા તને અર્પણ કરું છું. પછી કોઈ પણ નજીકના મંદિરમાં ચડાવી દેવાની.'

'હે ઈશ્વર! કેવી નાસ્તિક વાતો કરતાં શીખી ગઈ છે તું એક દિવસમાં.'

કેસરે નવાઈથી માની સામે જોયું. એક દિવસમાં મા એને જુદી રીતે જોવા લાગી હતી. એણે પહેલાં પણ આવી નાસ્તિક વાતો અને તાર્કિક દલીલો કરી હતી... પરંતુ આજે આ વાત સામેવાળાને ઘેર ગઈ એટલે શીખી ગઈ છે એવું શ્રદ્ધાબહેનને લાગતું હતું!

શું આ જ દીકરીનું નસીબ હોય છે? પિયરમાં રહે ત્યાં સુધી એણે સાસરામાં જઈને કઈ રીતે રહેવું એની તાલીમ મળે તેમ છતાં સાસરે જાય ત્યારે એમ જ સાંભળવું પડે છે કે પિયરમાં કંઈ શીખી નથી! પિયરવાળા સતત કહેતાં રહે છે કે સાસરે જઈને તારી જાતને એમના જેવી કરી નાખજે... સાસરે રહીને પાછી ફરે ત્યારે આવેલો બદલાવ પિયરવાળાને અનુકૂળ નથી આવતો. એટલું જ નહીં, એ લોકો એવી ફરિયાદ કરે છે, અમારે ત્યાં હતી ત્યારે આવી નહોતી.

કેસરનું મગજ ચકરાવે ચડ્યું: સ્ત્રી માટે કોઈ ઘર પોતાનું નથી હોતું? એનું અંગત વ્યક્તિત્વ કે એની પોતાની પ્રકૃતિ નામની કોઈ ચીજ જ નથી હોતી? આવા સ્ત્રીત્વને શું કરવાનું?

મોડી રાત સુધી દેવરાજસિંહ ઝાલા જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા રહ્યા. નીચે કૅન્ટિનમાં જઈને કેસર ચા લઈ આવી. માને સોગંદ આપીને પીવડાવી. મા-દીકરી બંને જણા એકબીજાને સધિયારો આપતાં, ચિંતા કરતાં આખી રાત બેસી રહ્યાં. બેમાંથી એકેય જણે અભિમન્યુને ફોન કરવાની વાત કાઢી જ નહીં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એક-બે વાર શ્રદ્ધાબહેને કેસરને કહ્યુંય ખરું:

'તારે સાસરે તો કહી દે, ચિંતા કરશે.'

'હું કહીને આવી છું મા. સવારે બાકીની વાત કરીશ.'

આટલું કહ્યા પછી કેસર જાણતી હતી કે સવારે એ ઘરમાં દાખલ થશે ત્યારે એના પર લગભગ આકાશ તૂટી પડવાનું છે.

*

શ્વેતા મોડી રાત સુધી જાગતી રહી. કેસરે ફોન ઉપાડ્યો નહીં... સોમલ ઘરમાં નહોતો અને નિખિલ નશામાં ઘસઘસાટ ઊંઘતો હતો.

'બેટા, તારે ને કેસરને કંઈ બોલવાનું થયું?' સોમલ ઘરમાં દાખલ થયો કે તરત શ્વેતાએ એને પૂછ્યું:

'કેમ?'

સોમલની ટેવ હતી કે કોઈ પણ જવાબ આપતા પહેલાં એ સામો સવાલ કરતો. સામેની વ્યક્તિ એ સવાલનો જવાબ આપે ત્યાં સુધીમાં સોમલને એટલો સમય મળી જતો કે એ પોતાનો જવાબ ગોઠવી કાઢે.

'કેસર... ઘરમાં નથી.'

'વ્હોટ?' સોમલનાં ભવાં તણાઈ ગયાં.

'બેટા, ગુસ્સે ના થઈશ.' શ્વેતા બાપ-દીકરાનો સ્વભાવ જાણતી હતી:

'પણ એ મારી ગાડી લઈને ક્યાંક બહાર ગઈ છે.'

સોમલે ખિસ્સામાંથી સેલ કાઢ્યો-

'શું કરે છે?'

'ફોન.'

'ફોન નથી ઉપાડતી.'

'એનાં મા-બાપને ત્યાં ફોન કર.'

'કર્યો...' શ્વેતાએ દીકરાની આંખમાં જોયું:

'આઈ થિન્ક, તારા ડૅડીએ સાંજે એને જે કંઈ કહ્યું એ પછી...'

'શું કહ્યું ડૅડીએ?' સોમલની આંખો ઝીણી થઈ, ચહેરો તંગ થઈ ગયો.

'તારા ડૅડી પણ છેને...' શ્વેતાએ વાત બદલવાનો પ્રયત્ન કર્યો:

'ક્યારેક વધારે પડતું કરી નાખે છે.'

'ડૅડીએ શું કહ્યું જેનાથી કેસર જતી રહી એવું તને લાગે છે?'

સોમલને પથ્થરની પાળી પર પગ વાળીને બેસી રહેલી ઉદાસ કેસર યાદ આવી. એને પોતાના સાંજના વર્તન બદલ સહેજ પસ્તાવો થયો.

'બેટા, હજી તો પરણીને ચાલી આવે છે છોકરી, પિયરની માયા તો હોય જ ને? એમાંય ભાઈ જ્યારે આવો હોય...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મા...' સોમલે એના ખભાની આસપાસ હાથ લપેટ્યોઃ

'શું થયું એ કહીશ મને?'

'બેટા, નિખિલે એને કહ્યું કે...' એ સહેજ અચકાઈઃ

'એના પિયર સાથે સંબંધ તોડી નાખવાના. એણે જવાનું નહીં અને એ લોકોએ આવવાનું નહીં.'

'રીડીક્યુલસ...' સોમલ અકળાઈ ગયોઃ

'એ છોકરી ઓલરેડી પ્રોબ્લેમમાં છે.'

સોમલે પોતાનો સેલ બાજુના સોફા પર છૂટ્ટો ફેંક્યોઃ

'મને કહ્યું હોત તો હું હેન્ડલ કરી લેત.'

જોકે સોમલે જ સવારે ઘરે આવતી વખતે એણે કેસરને ખાસ તાકીદ કરી હતી કે ડેડી જે કહે તે દલીલ કર્યા વિના સાંભળી લેવાનું, નિખિલ વાતને આટલી વધારી દેશે એવી એને કલ્પના નહોતી.

એ ચિડાઈને ઉપર જવા લાગ્યો.

'ક્યાં જાય છે?' શ્વેતાએ પૂછ્યું. પછી દોડીને સોમલ પાસે પહોંચીઃ

'તારા ડેડી હોશમાં નથી.'

આ વાક્ય પૂરું કરતાં કરતાં તો એને આખોય પ્રસંગ યાદ આવી ગયો. એક ઘૃણાનું લખલખું એના શરીરમાંથી પસાર થઈ ગયુંઃ

'તું કેસરને શોધ બેટા, ડેડી જાગશે ને કેસરને નહીં જુએ તો...' કંઈક કર બેટા.'

શ્વેતાની આંખોમાં આતંક સ્પષ્ટ દેખાતો હતો.

'કરું છું.' કહીને સોમલ ઉપર પોતાના રૂમમાં ચાલી ગયો. એણે કેસરનો સેલ ડાયલ કર્યો.

હૉસ્પિટલના આઈસીયુ બહારની કોરિડોરમાં પોતાના હાથમાં સેલફોન પકડીને કેસરે સાયલન્ટ મોડ ઉપર સોમલના ફોનની ચમકતી લાઇટ જોઈ, પણ એને ફોન ઉપાડવાનું મન જ ન થયું... એક, બે, ત્રણ, ચાર... વાર રિંગ ક્યાંય સુધી વાગતી રહી, પણ કેસરે ફોન રિસિવ જ ન કર્યો.

*

'તો પછી ક્યાં ગઈ હશે?'

દેવરાજસિંહના બંગલેથી બહાર નીકળતા સોમલનું મગજ ચકરાવે ચડી ગયું.

નોકર મહેશે એને કહ્યું કે, સાહેબ અને બહેન તો સૂતાં છે. બેબીબા અહીંયાં આવ્યાં જ નથી...

સોમલે અનેક આડાઅવળા સવાલો પૂછી જોયા, વળી માની ગાડી પણ અહીંયાં નહોતી જ... જો મા-બાપના ઘરે ન આવી હોય તો કેસર જઈ શકે એવી એક જ જગ્યા હતી, વિદ્યા!

સોમલે જોયું: રાતનો દોઢ વાગ્યો હતો. એણે વિદ્યાનો નંબર ડાયલ કર્યોઃ

'અરે, શું વાત છે? નવી નવી પરણેલી પત્નીને મૂકીને સાળીને અડધી રાતે કેમ યાદ કરી?'

ઊંઘરેટા અવાજે વિદ્યાએ મજાક કરી. આ વાક્ય પરથી જ સોમલ સમજી ગયો કે કેસર ત્યાં નહોતી.

'નવી પરણેલી પત્ની ઘર છોડીને ભાગી ગઈ છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘શું વાત કરો છો?’ વિદ્યાની ઊંઘ ઊડી ગઈ:

‘આર યુ સિરિયસ?’

‘હા વિદ્યા, કેસર કશું કહ્યા વિના મારાં મમ્મીની ગાડી લઈને ચાલી ગઈ છે.’

વિદ્યા આગળ કશું પૂછે એ જ પહેલાં જ સોમલે જણાવી દીધું:

‘દેવરાજસિંહ ઝાલાના બંગલેથી જ બોલું છું. અહીં નથી...’

‘ઓહ ગોડ!’ વિદ્યાએ ડરતાં ડરતાં પૂછી નાખ્યું:

‘તમારા બેની વચ્ચે કંઈ...’

‘ખાસ કશું નહીં. મેં હજુ સુધી એની લાગણી સમજવાનો પ્રયત્ન કર્યો છે, એની મરજીને માન આપ્યું છે...’

સોમલે પિતા સાથેની વાત કહેવાનું ટાળ્યું.

‘હું ફોન કરું છું.’

‘એ મારો અને મારી માનો ફોન નથી ઉપાડતી...’

‘મને ટ્રાય તો કરવા દો. હું તમને દસ મિનિટમાં જવાબ આપું છું.’

વિદ્યાએ ફોન ડિસકનેક્ટ કરીને અધ્ધર શ્વાસે કેસરનો નંબર ડાયલ કર્યો.

હૉસ્પિટલના કોરિડોરમાં બેઠેલી કેસરે વિદ્યાનો નંબર જોયો. પહેલાં શ્વેતા, પછી સોમલ, પછી વિદ્યા... ફોન ઉપાડવો કે નહીં એની અવઢવમાં થોડી વાર ગૂંચવાયેલી રહ્યા પછી કેસરે ફોન રિસિવ કર્યો:

‘હા વિદ્યા.’

‘ક્યાં છે તું?’

‘હૉસ્પિટલ...’

કેસર ક્યારેય જુઠ્ઠું ના બોલતી. ગમે તેવી પરિસ્થિતિમાં પણ સત્ય બોલવાનું ન છોડવું એ એનો સિદ્ધાંત હતો.

‘કઈ હૉસ્પિટલ?’

‘નાણાવટી. બાપુને હાર્ટએટેક આવ્યો છે. અભિમન્યુ સુરેન્દ્રનગર જતો રહ્યો છે. મા એકલી છે...’

‘પણ સોમલ...’

‘હું તને પછી કહીશ, હમણાં તો મા સાથે છું...’

‘પણ તું ઘરના કોઈનો ફોન કેમ નથી ઉપાડતી?’

વિદ્યા સહેજ ચિડાઈ, ‘આવી રીતે કહ્યા વિના...’

‘નિખિલ શ્રોફે મને મારાં મા-બાપુને મળવાની ના પાડી છે. એમની સાથે સંબંધ કાપી નાખવાનું કહ્યું છે. કહેવા ઊભી રહી હોત તો મારા બાપના બેસણામાંય આવવા દેત કે નહીં, મને ખબર નથી. તારે ખબર આપવા હોય તો આપી દે... હું ફોન નથી ઉપાડવાની.’

આગળ વાત કર્યા વિના કેસરે ફોન કાપી નાખ્યો. સાથે સાથે એને એક વાતની રાહત થઈ ગઈ કે હવે શ્વેતા અને સોમલ બંને સુધી હકીકત પહોંચી જશે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એમ જ થયું. વિદ્યાએ તરત જ સોમલને ફોન લગાડ્યોઃ

‘એના બાપુને હાર્ટએટેક આવ્યો છે. નાણાવટી હૉસ્પિટલમાં છે.’

‘એણે કોઈને કહ્યું નહીં?’

‘મારે પણ વાત નથી થઈ. કદાચ સિરિયસ હશે... હું ત્યાં જ જાઉં છું.’

‘હું આવું છું. તું તૈયાર થઈને નીચે ઊતર, આપણે સાથે જ જઈએ.’

સાંજે ઘરે જે કંઈ થયું એ પછી સોમલનો અહંકાર એને એકલો જતાં રોકતો હતો, પરંતુ જવું તો જોઈએ એવું એને સમજાયું. એ તૈયાર થઈને સડસડાટ નીચે ઊતર્યો. શ્વેતા હજીયે ડ્રોઇંગરૂમમાં જ બેઠી હતી.

‘કેસરના ફાધર હૉસ્પિટલમાં છે.’ સોમલ નીકળવા લાગ્યો.

‘તારા ડૅડ જાગશે તો...’

‘જો મોમ, એમની વાત એમની જગ્યાએ સાચી હશે કદાચ, પણ અત્યારે આ બધી ચર્ચા કરવાનો અર્થ નથી. એક માણસ જીવન-મરણની લડાઈ લડતો હોય ત્યારે અહંકારની લડાઈ નકામી છે.’

‘હું તો આખી વાતની જ વિરુદ્ધમાં છું. એના ભાઈએ જે કર્યું તે... એમાં છોકરીનો શો વાંક? પણ તારા ડૅડ આખી જિંદગી આ જ કરતા રહ્યા છે... એકના વાંકે બીજાને...’

શ્વેતા હજી પણ બેડરૂમમાં થયેલા ભયાનક અનુભવને યાદ કરતાં થરથરી ઊઠી.

‘હું કાલે ડૅડ સાથે પણ વાત કરીશ મોમ... નાઉ કામડાઉન... અત્યારે તો મારે જવું જોઈએ.’

સોમલ ગાડી લઈને બંગલાના ગેટની બહાર નીકળ્યો કે એનો સેલ રણક્યો.

‘બેટા, તારા ડૅડ જાગે એ પહેલાં તું આવી જજે. પ્લીઝ... એમને સમજાવવા હશે તો પહેલાં એમની શરતો માની લેવી પડશે.’

‘સારું, મોમ.’

સોમલે હાલ પૂરતી માની ચિંતા ટળે એટલા ખાતર વાત પૂરી કરી.

વિદ્યા અને સોમલ હૉસ્પિટલ પહોંચ્યાં ત્યાં સુધીમાં સોમલે એને લગભગ બધું જ કહી દીધું. નિખિલ શ્રોફ સાથે થયેલી વાતચીતને છોડીને એણે પોતાની અને કેસર વચ્ચે જે કંઈ બન્યું એ બધું જ વિદ્યાને કહ્યું.

‘તમારે ધીરજ તો રાખવી જ પડશે. મેં તો તમને પહેલાં જ કહ્યું હતું.’

‘હા, પણ...’ સોમલ હજીય અવઢવમાં હતો કે વિદ્યાને નિખિલ શ્રોફની વાત કહેવી કે નહીં.

‘જુઓ, સોમલ... ફક્ત એટલા ખાતર એ તમારો ફોન ના ઉપાડે એવું ના બને. ઘરમાં કંઈ બન્યું હશે, જેની તમને કદાચ ખબર નથી.’

વિદ્યા પોતાની બાળપણની સહેલી વિશે અમુક બાબતોમાં એકદમ દૃઢ અભિપ્રાય આપી શકે એમ હતી.

‘હું માનું છું ત્યાં સુધી લગ્ન વખતે બનેલી ઘટનાને લઈને એને તમારાં મમ્મી કે પપ્પાએ કશું કહ્યું હશે.’

આ વિદ્યાનો અભિપ્રાય હતો કે પછી કેસરે જ એને ફોન પર કહ્યું હશે... સોમલ વિચારતો રહ્યોઃ

‘વેલ, અમારા ઘરમાં જુદું વાતાવરણ છે. મારા ડૅડની મરજી વિરુદ્ધ ત્યાં કશું નહીં થઈ શકે, વિદ્યા.’

‘કેસર મુક્ત વાતાવરણમાં ઊછરી છે... દીકરી કરતાં વધારે દીકરો છે એનાં મા-બાપુનો. તમે એને અમુક રીતે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બાંધી તો નહીં જ શકો.'

'બહુ સંઘર્ષ થશે.'

'તમારે આ પરિસ્થિતિને સંભાળવી જ પડશે, સોમલ.' વિદ્યા થોડી ગંભીર થઈ ગઈ:

'હું તમને એક વાત કહી દઉં. કેસરને જેમ વધારે બાંધવાનો કે દબાવવાનો પ્રયાસ કરશો એમ એ વધારે વિદ્રોહ કરશે. બહુ સંવેદનશીલ છે, પ્રેમાળ અને લાગણીશીલ છે, પણ આ એક જ વાતમાં એ કોઈનુંય માને એવી નથી.'

સોમલના ચહેરા પર સ્મિત આવ્યું. એ ખૂબ સોહામણો લાગતો હતો પણ એની આંખોમાં ઊતરી આવેલી સખતાઈ આછા અંધારામાં પણ વિદ્યાથી છાની ના રહી શકી.

નાણાવટીના પ્રવેશદ્વાર પર પહોંચતાં સોમલે કાર પાર્ક કરી, પછી નીચે ઊતરતાં એ બોલ્યો

'અમારા ઘરમાં વિદ્રોહ નામના શબ્દ માટે કોઈ જગ્યા જ નથી. ખાસ કરીને સ્ત્રીઓ માટે...' આટલું કહી એ આગળ ચાલવા માંડ્યો.

એની પાછળ ચાલતી વિદ્યાને સાચે જ કેસરની ચિંતા થઈ ગઈ.

એની જિગરજાન બહેનપણી ખોટા ઘરમાં પહોંચી ગઈને? શું થશે હવે એનું?

વિદ્યાની આંખમાં પાણી આવી ગયાં... એ તો લગ્ન કરવાની ના જ પાડતી હતી. પોતે જ એને ધકેલી.

લગ્ન પહેલાં અને લગ્ન પછી સોમલનાં બે જુદાં રૂપ જોઈને વિદ્યાને અફસોસ થયો કે એણે શા માટે કેસરને આ લગ્ન માટે દબાણ કર્યું?

*

'તું ઘરે આવે છે?'

સોમલે આઈસીયુની કોરિડોરમાં દાખલ થઈને એના પિતાની ખબર પૂછવાને બદલે કેસરને સીધો સવાલ કર્યો. એનો અવાજ ધીમો હતો, પણ આંખોમાં વિચિત્ર પ્રકારનો આદેશ હતો.

'આ સ્થિતિમાં?'

'વેલ... હમણાં નહીં, પણ સવારે ડૅડ જાગે એ પહેલાં ઘરે આવી જજે.' એણે સાવ ધીમેથી કેસરને જ સંભળાય એવી રીતે વાત પૂરી કર્યા પછી શ્રદ્ધાબહેન પાસે જઈને ખબરઅંતર પૂછ્યા. શ્રદ્ધાબહેન માટે તો જમાઈ જાણે ભગવાનનો અવતાર હતો. એમને સોમલની બીજી બાજુ વિશે ખબર જ નહોતી...

હૉસ્પિટલ સ્ટાફની વિનંતીને કારણે થોડી વારમાં સોમલ અને વિદ્યાએ ત્યાંથી નીકળવું પડ્યું. અડધી રાત્રે આમ ઉપર જઈ શક્યાં એનું કારણ પણ સોમલની પહોંચ અને ઓળખાણ હતાં. એણે રિસેપ્શન પર પોતાની ઓળખાણ આપીને પંદર જ મિનિટમાં પાછા ફરવાનું વચન આપ્યું હતું. પાછા ફરતી વખતે સોમલ અને વિદ્યા લિફ્ટમાં દાખલ થયાં ત્યારે લિફ્ટના દરવાજા પાસે ઊભેલી કેસરને તાકીદ કરતાં સોમલે કહ્યું.

'એક વાર ડૅડ જાગી ગયા અને તું ઘરમાં નહીં હોય તો પછી...'

કેસરે જે રીતે જોયું એનાથી વિદ્યા એટલું ચોક્કસ સમજી શકી કે છેડાછેડીની ગાંઠ છૂટે એ પહેલાં તો આ દાંપત્યમાં ગાંઠ પડવાની શરૂ થઈ ચૂકી હતી.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વહેલી સવારે પંખીઓના અવાજ અને વાહનોના ઘરઘરાટથી અભિમન્યુની આંખો ખૂલી ત્યારે એ એકલો જ આંગણામાં સૂતો હતો. બાકીના ખાટલા ઉપાડી લેવાયા હતા. અભિમન્યુએ દિવસ શરૂ કર્યો ત્યારે એને સમજાયું કે જે ઘર છોડીને એ સુરેન્દ્રનગર ભાગી આવ્યો હતો એ ઘરની સવલતો વગર જીવવું એને માટે લગભગ અસંભવ બની રહે એમ હતું.

એ નાહીંધોઈને પરવાર્યો કે વનરાજસિંહે પોતાના સ્વાર્થની વાત શરૂ કરીઃ

'બેટા, મેં અહીંયાં બે-ત્રણ વકીલો સાથે વાત કરી, પણ બધા કહે છે કે દેવરાજસિંહ તો બહુ મોટો માણસ છે. એની સામે લડવાનું અહીંના વકીલોનું ગજું નથી. કાયદાની આંટીઘૂંટીની સાથે સાથે ઉપર સુધી પહોંચ પણ હોવી જોઈએ. આ વકીલો તો મુંબઈ હાઈકોર્ટમાં દલીલ કરતા ગેંગેફેંફે થઈ જાય એમ છે.'

'તો શું કરીશું?'

'સહુનું એકી અવાજે કહેવું છે કે તારે ઘેર પાછા જવું જોઈએ.'

'તમે મને કાઢી મૂકવા માગો છો, કાકા?' અભિમન્યુને લાગી આવ્યુંઃ

'હું મારી મેળે નથી આવ્યો. તમે બોલાવ્યો એટલે આવ્યો છું.'

'અરે દીકરા, તું તો નારાજ થઈ ગયો.'

ગુલાબસિંહે એને પંપાળ્યો. બાપ-દીકરાએ સાથે મળીને જ આ વ્યૂહરચના ગોઠવી હતી. એક મોઢે કડવું કહે અને બીજો ફૂંકી ફૂંકીને કરડે. દેવરાજસિંહને જે પૈસાનું અભિમાન હતું એ પૈસો જ દેવરાજસિંહના હાથમાંથી આંચકી લેવામાં આવે તો એ ઊંધે કાંધ પડે એવી બાપ-દીકરાની ગણતરી હતી.

'નારાજ ન થાઉં તો શું કરું, દાદાજી? હવે થૂંકેલું ચાટું? ઘર છોડીને નીકળી ગયો છું. હવે ત્યાં નીચે મોઢે પાછો જાઉં? એ માણસ મારા પર ચડી બેસશે. એને તો એટલું જ જોઈએ છે.'

'બેટા, મોટી છલાંગ મારવી હોય તો બે ડગલાં પાછળ જવુંય પડે.' ગુલાબસિંહે કુશળતાપૂર્વક નવો દાવ ખેલ્યો.

'એટલે?' અભિમન્યુ પૂછે એ પહેલાં વનરાજસિંહે અજાણ્યા થઈને પૂછ્યું.

'અરે બેટા, આપણે કાંઈ દેવરાજસિંહ જેવા માણસની સાથે લડવા સાવજને એકલો મોકલીશું? હુંય ભેળો જઈશ.'

'દાદાજી, તમને તો એ ઘરમાંય નહીં ઘૂસવા દે.'

'એ ઘર કંઈ એના એકલાનું નથી. તારુંય છે. એનો બાપ છું એવું ન સ્વીકારે તો કંઈ નહીં, તારા દાદા તરીકે તો આવી શકું કે નહીં?'

ગુલાબસિંહ ધીમે ધીમે એક એક ડગલું આગળ વધી રહ્યા હતા.

'હાસ્તો વળી, મારી માએ તો મને કહ્યું જ છે...'

ગુલાબસિંહે ધાર્યું હતું એમ જ, અભિમન્યુ પોરસાઈ ગયો.

'એટલે જ કહું છું બેટા, તું એ ઘર છોડી દઈશ તો માલિકીમાંથી તારું નામ જ ચેકાઈ જશે.' ગુલાબસિંહે એના ખભે હાથ પસવાર્યોઃ

'આપણે બેય જઈએ. એની છાતી પર રહીશું ને મગ દળીશું.'

'હું તમને એકલા નહીં જવા દઉં હોં ભા...' વનરાજસિંહ મૂછો આમળતો ઊભો થઈ ગયોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તમને કાંઈ થાય તો લોકો મારી હાંસી કરે.’

‘મને શું થવાનું છે? આ સાસણના સાવજ જેવો દીકરો છે ને!’

‘દેવુભાનો ભરોસો નહીં. ચાર માણહ બોલાવીને તમને ઠોકાડે તો આ કોઈને પોં’ચી નો વળે બચાડો.’

વનરાજસિંહે શતરંજની બાજીમાં અભિમન્યુનો વજીર ઉડાડ્યો. બાપ-દીકરાની આંખ મળી. હવે અભિમન્યુને કોઈ રોકી શકે એમ નહોતું. એ ઊભો થયોઃ

‘હાલો દાદાજી... આપણે આજે ને આજે મુંબઈ જઈએ છીએ. જોઉં છું કે તમને મારી હાજરીમાં કોણ આંગળી અડાડે છે?’

‘ગમે તેમ તોય તું નાનું છોરું કહેવાય બેટા, કુટુંબના મોભીને તારા ભરોસે વળાવી નો દેવાય... કાલ ઊઠીને બધા મને મૂરખ કહે.’

અભિમન્યુ આ સાંભળીને વનરાજસિંહ તરફ ફર્યોઃ

‘તમે ભરોસો રાખો કાકાસા, હું દેવરાજસિંહને એવો પાઠ ભણાવીશ કે બાકીની જિંદગી મને ગાળો દેતાં પૂરી કરશે.’

‘જો, બેટા...’

‘હવે એક અક્ષર નહીં બોલતા, નહીં તો તમને મારા સમ...’

અભિમન્યુ ધમધમ કરતો અંદરના ઓરડામાં ગયો અને સામાન ભરવા લાગ્યો. એણે પોતાના બ્લેકબેરી પર ઇન્ટરનેટમાં ટિકિટ બુક કરાવી. ડરતાં ડરતાં ક્રેડિટકાર્ડનો નંબર કી-ઇન કર્યો ત્યારે ધાર્યું હતું કે પિતાએ ક્રેડિટકાર્ડ સીલ કરાવી દીધું હશે, પણ સ્વીકારાઈ ગયું એટલે એને નવાઈ લાગી.

દાદા અને દીકરો બંને જણા અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા ત્યારે અભિમન્યુને ઘર છોડ્યાને ચોવીસ કલાકથી ઓછો સમય થયો હતો!

*

સવારે સાત વાગ્યે દેવરાજસિંહની આંખો ખૂલી ત્યારે એમને ગઈ કાલ રાતની બધી જ વાત યાદ આવી. ઘરમંદિરમાં હતા ત્યારે કેટકેટલા વિચારોએ એમના મનમાં ઘમસાણ મચાવી દીધું હતું...

પોતે ઘર છોડ્યું ત્યાંથી શરૂ કરીને પોતાનો દીકરો ઘર છોડી ગયો ત્યાં સુધી એમનું મન એક તબક્કામાંથી પસાર થઈ ગયું. એમણે જે રીતે એમના પિતા વિશે મનમાં કડવાશ લઈને ઘર છોડ્યું એ જ રીતે આજે અભિમન્યુ ઘર છોડી ગયો એ વાતે દેવરાજસિંહના મનમાં ખૂબ જ પીડા થતી રહી.

જાણે આ ઈશ્વરનો ન્યાય જ હોય એવું એમને લાગ્યું. પોતે પોતાના પિતાને વૃદ્ધાવસ્થામાં એકલા છોડી દીધા માટે જ કદાચ ઈશ્વરે એમને પાઠ ભણાવવાનું નક્કી કરીને એમના દીકરાને એમની પાસેથી છીનવી લીધો... આગલી રાતે આ અને આવા કેટલાય વિચારો એમના મનમાં આવનજાવન કરતા રહ્યા. આ વિચારો ચાલતા હતા એ દરમિયાન જ એમને પરસેવો થવા લાગ્યો. ડાબો હાથ દુઃખવાનો શરૂ થયો અને ધીમે ધીમે હાથ જાણે ખોટો પડતો હોય તેમ છાતી સુધી બધું જ દુઃખવા લાગ્યું. જાણે કચકચાવીને છાતી પર પાટો બાંધી દીધો હોય એમ શ્વાસ રૂંધાવા લાગ્યા. બસ, પછી પોતે ક્યારે બેભાન થઈ ગયા એ પણ દેવરાજસિંહને યાદ નહોતું...

આંખ ખૂલી કે તરત જ નર્સ ડ્યૂટી પરના ડૉક્ટરને ખબર આપવા બહાર બેઠેલાં મા-દીકરીને ખુશખબર આપીઃ

‘પેશન્ટને આંખ ખોલા હૈ...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસર અને શ્રદ્ધાબહેન ઝડપથી ઊઠીને અંદર ગયાં. આખી રાત શ્રદ્ધાબહેને મહામૃત્યુંજય મંત્રનો જાપ કર્યો હતો. રડી રડીને એમની આંખો સૂઝી ગઈ હતી. રૂમમાં દાખલ થતાં જ એમણે દેવરાજસિંહનો હાથ પકડી લીધોઃ

'મને માફ કરી દો. હું ક્યારેય તમારી સામે નહીં બોલું. આખી જિંદગી તમારા પગલામાં પગલું મૂક્યું છે. કોણ જાણે મને શું કમતિ સૂઝી કે...'

'ના, તું મને માફ કર... તેં તારું સર્વસ્વ મને અર્પણ કરી દીધું. સાચા અર્થમાં તન-મન અને ધન પણ...'

દેવરાજસિંહની આંખોના બંને ખૂણામાંથી આંસુ વહીં નીકળ્યાંઃ

'હું કોણ છું નક્કી કરનારો? તું સાક્ષાત ગૃહલક્ષ્મી છે મારી–અન્નપૂર્ણા. તું કહીશ એમ જ થશે. બોલાવી લે તારા દીકરાને...'

'આ તમે શું કહો છો?'

'સાચું કહું છું. આપણે બંને મળીને એને સમજાવીશું, સુધારીશું. હવે હું કડક નહીં થાઉં એની સાથે...'

આટલું બોલતાં જ દેવરાજસિંહને હાંફ ચડવા લાગી. કેસરે એમના કપાળ પર હથેળી મૂકી. દીકરીના સ્પર્શથી દેવરાજસિંહના આખાય શરીરમાં જાણે એક શાંતિ, ઠંડકની લહેર ફરી વળી. એમણે આંખો મીંચી દીધી. ઊભરાયેલાં આંસુ સરકી ગયાં.

'બાપુ, શાંત થઈ જાવ. તમે સાજા થઈ જશો પછી કહેશો એમ કરીશું. અમને સૌને તમારી જરૂર છે.'

'બેટા, મને મારી ભૂલ સમજાય છે. અભિને મેં અન્યાય કર્યો છે...'

'બાપુ!'

'હે મા, તને એક સાડી નહીં, સોનાની નથ પણ ચડાવીશ.'

શ્રદ્ધાબહેને પતિના પગ પર હાથ ફેરવ્યો. આટલાં વર્ષોમાં સંતાનોની હાજરીમાં એમણે કદી પતિનો સ્પર્શ નહોતો કર્યો. આજે લાગણીના આવેશમાં એમને કેસરની હાજરી વિસરાઈ ગઈઃ

'આપણે સૌથી પહેલાં બહુચરાજી જઈશું. સહકુટુંબ... જમાઈને પણ લઈને.'

જમાઈને લઈ જવાની વાત કરે છે...

કેસરે મનોમન વિચાર્યું

દીકરી જ પાછી ઘેર જાય તો બહુ છે...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 11

નાણાવટી હૉસ્પિટલથી પાછા ફરતી વખતે સોમલ જે રીતે ડ્રાઇવ કરતો હતો એનાથી વિદ્યાને એટલું ચોક્કસ સમજાયું કે સોમલનું મગજ ઠેકાણે નહોતું.

મોડી રાત્રે મુંબઈના રસ્તાઓ ખાલી હોય છે એ સાચું, પણ એ વખતે કારની ઝડપ મુંબઈના રસ્તા માટે વધુ પડતી હતી. એટલું જ નહીં, સામેથી આવતી એક ગાડીને લગભગ અથડાતાં બચેલા સોમલે જે રીતે ગંદી ગાળ દીધી એ સાંભળીને વિદ્યા સહેજ સંકોચાઈ ગઈ.

'જુઓ, ગુસ્સો કરવાનો અર્થ નથી.'

વિદ્યાએ ધીમેથી વાત શરૂ કરવાનો પ્રયત્ન કર્યો.

'ના... ના... ગુસ્સો શું કામ? કેસરના વર્તન માટે અમે એને ગોલ્ડ મેડલ આપવાનાં છીએ. ધી બેસ્ટ ડોટર ઇન લોનું સન્માન...'

'સોમલ, એણે તમારાથી કંઈ છુપાવ્યું નથી.'

વિદ્યાએ સખીનો પક્ષ લેવાનો પ્રયત્ન કર્યોઃ

'સમજી વિચારીને લગ્ન કર્યા પછી તમે આમ ધીરજ ગુમાવો તે બરાબર ન કહેવાય.'

'વિદ્યા, હું એનું બધું ચલાવી લઉં, પણ અમારા ખાનદાનની પ્રતિષ્ઠા સાથે કોઈ રમત કરે એ ન ચલાવી શકાય. મારા ડૅડે એને ચોખ્ખું કહ્યું હતું... તેમ છતાં...'

સ્ટ્રીટલાઇટના આછા અજવાળામાં વિદ્યા એના ભીંસાયેલાં જડબાં અને લમણાંની તણાઈ ગયેલી નસો જોઈ શકતી હતી.

'એ નાદાન છે, સોમલ!'

'હું એનો બાપ નથી... એને ઉછેરવા માટે દત્તક નથી લીધી મેં. બૈરી છે મારી... શ્રોફ ખાનદાનની પુત્રવધૂ. બાવીસ વર્ષની છોકરીએ કેમ વર્તવું એ શીખવાડવાનો સમય નથી મારી પાસે.'

'હજી તો જિંદગી શરૂ નથી થઈ... અત્યારથી તમે બંને જણા આમ કરશો તો કઈ રીતે ચાલશે? બેમાંથી એક જણે તો સમજવું જ પડશે.' વિદ્યા પણ સહેજ અકળાઈ ગઈ.

'તો એને સમજાવ.'

વિદ્યાના ઘરની ગલીમાં કારનો શાર્પ ટર્ન લઈને સોમલે એવી બ્રેક મારી કે ચીંઈઈઈઈ અવાજ સાથે રાતની નીરવ શાંતિ ચીરાઈ ગઈ,.

'લિસન... વિદ્યા, હું દિલ ફાડીને પ્રેમ કરી શકું છું. સિન્ડ્રેલાની જેમ પરીકથા જેવી જિંદગી આપીશ એને... પણ મારા કહ્યામાં રહેશે તો જ...'

જવાબમાં વિદ્યાએ કારમાંથી ઊતરતાં કહ્યુંઃ

'એ છોકરી સ્વતંત્ર મિજાજની છે. તદ્દન તમે કહો તેમ જીવે એવું કદાચ...'

'એણે એમ જ જીવવું પડશે. અમારા ઘરની બધી જ સ્ત્રીઓ એમ જ જીવી છે. ડાયમંડ્સ, પરદેશના પ્રવાસ, સોશિયલ લાઇફ, પાર્ટી, ગ્લેમર... બધું જ મળશે, પણ જો પરંપરામાં જીવશે તો જ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આટલું કહીને સોમલ થોડીક ક્ષણ વિદ્યાની આંખોમાં જોઈ રહ્યો:

'હા, જો મારી મરજી વિરુદ્ધ કે અમારી પરંપરા વિરુદ્ધ જીવવાનો પ્રયાસ સુધ્ધાં કર્યો તો એનું શું થશે એની એને કલ્પના પણ નથી.'

વિદ્યા લગભગ ડઘાયેલી હાલતમાં સોમલનો પલટાતો ચહેરો જોતી રહી. જે માણસ એને દિલ ધડકાવી શકે એટલો હૅન્ડસમ લાગ્યો હતો એ જ માણસ અત્યારે એક રાની પશુ જેવો ખૂંખાર દેખાતો હતો. એની આંખોમાં લોહી ઊતરી આવ્યું હતું:

'મારો પ્રેમ જેટલો અદભુત છે... મારો ગુસ્સો અને વેર એટલાં જ ભયાનક છે. હવા એટલી ગરમ કરી દઈશ કે શ્વાસ નહીં લઈ શકે. જમીન એટલી ગરમ કરી દઈશ કે પગ નહીં માંડી શકે... જે ઘરમાંથી પૂછ્યા વિના બહાર ગઈ છે આજે એ ઘર એને માટે કેદખાનું બની જશે. રાણી બનીને આવી છે ગઈ કાલે, જો રહેતા નહીં આવડે તો નોકરાણી બનાવીને રાખીશ!'

કારની વિન્ડોમાં ઝૂકીને વિદ્યાએ સોમલના હાથ પર હાથ મૂક્યો:

'શાંત થઈ જાવ, હું એની સાથે વાત કરીશ. તમે પણ સહેજ ધીરજ રાખજો. બધું બરાબર થઈ જશે.'

વિદ્યાને જવાબ આપ્યા વિના સોમલે કાર રિવર્સમાં લઈને સ્પીડમાં એવો ટર્ન માર્યો કે આસ્ફાલ્ટના રોડ પર ઘસાતાં ટાયરોએ જે તણખા ઉડાડ્યા એવા જ તણખા સોમલની આંખમાંથી ઊડતા વિદ્યા જોઈ શકી.

*

'સમજે છે શું એના મનમાં?'

સોમલ પગ પર પગ ચડાવીને ડ્રોઇંગરૂમમાં બેઠો હતો. એ ક્યારેય ઘરમાં કે મા સામે સિગારેટ નહોતો પીતો. આજે એણે સિગારેટ કાઢીને મોઢામાં મૂકી. વ્હાઇટ ગોલ્ડના માણેક જડેલા લાઇટરથી એણે સિગારેટ સળગાવી:

'એનો બાપ બીમાર છે એ કહીને જવું જોઈએ એણે.'

'બેટા... એને ડર હશે કે કદાચ તારા ડૅડ રોકી લે તો...'

'તો નહીં જવાનું.'

શ્વેતાનું વાક્ય પૂરું થાય એ પહેલાં સોમલે હવામાં ધુમાડો છોડ્યો:

'આવતી કાલે એણે માફી માગવી પડશે.'

'બેટા, તું અને તારા ડૅડ કારણ વગર...'

'કારણ છે મોમ.' સોમલની આંખો થોડી ઉજાગરાને કારણે અને થોડી ગુસ્સાને કારણે લાલચોળ હતી:

'તમે આમાં વચ્ચે નહીં બોલતાં હવે. આ ઘરમાં પાછાં દાખલ થતાં પહેલાં એણે સોરી કહેવું પડશે.'

'બેટા, મને લાગે છે તમે લોકો બહુ જ નાની વાતને મોટી કરી રહ્યા છો. તારા ડૅડ તો આવા જ છે, પણ તું...'

'હું પણ આવો જ છું.'

સોમલનો અવાજ ઊંચો થઈ ગયો. પછી અચાનક જ ખ્યાલ આવતા એણે જાત પર કાબૂ મેળવ્યો:

'મારાથી થઈ શકે તે બધું જ કર્યું છે એના માટે, પણ એક વાર ડૅડ ના પાડે એ પછી આ ઘરની બહાર પગ મૂકવાની હિંમત કેવી રીતે થઈ એની?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ફૂંફાડો મારતો સોમલ ઊભો થઈ ગયો. સિગારેટનો લાંબો કશ લઈને બળપૂર્વક એને એશ-ટ્રેમાં મચડી નાખી.

'હું સૂવા જાઉં છું. એ સવારે પાછી આવે ત્યારે મને જગાડજો. આ ઘરમાં દાખલ થતાં પહેલાં જો એણે સોરી નથી કહ્યું, છતાં તમે એને પ્રવેશ આપ્યો તો એને તમારી સાથે રાખજો. મારા રૂમમાં એને માટે જગ્યા નહીં રહે.'

આટલું કહીને સોમલ પોતાના બેડરૂમમાં જવાનાં પગથિયાં ચઢ્યો. એ જોઈને શ્વેતાને લાગ્યું કે એનો દીકરો નહીં... નિખિલ પગથિયાં ચડીને ઉપર જઈ રહ્યો છે.

સોમલ મોડી રાત સુધી એના બેડરૂમમાં સૂવા ગયો એના ચારેક કલાક બાદ નિખિલ શ્રોફની આંખો ખૂલી ત્યારે રૂમની ફ્રેન્ચ વિન્ડોઝ પરના પડદા ખુલ્લા હતા. સૂરજનો તડકો સીધો એના ચહેરા પર પડ્યો. એણે આંખો થોડીક ઉઘાડીને તકિયો ચહેરા પર દબાવવાનો પ્રયત્ન કર્યો, પણ એનું માથું સખત દુઃખતું હતું. રાતનો હેન્ગઓવર એના શરીરને તોડી રહ્યો હતો. થોડી વાર પડખાં બદલીને ઊંઘવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યા પછી નિખિલ ઓઢવાનું ફગાવીને પલંગમાંથી ઊભો થયો.

'માધવ... અનિલ... ક્યાં મરી ગયા સાલ્લાઓ...'

નિખિલે જોરથી બૂમ પાડી. પછી એને ખ્યાલ આવ્યો કે એના સાઉન્ડ પ્રૂફ રૂમનો દરવાજો બંધ હતો. એરકન્ડિશન કમરામાં મુંબઈ શહેરની સવારની ગરમીનો ઘામ ન પ્રવેશે, એવી જ રીતે અવાજ પણ અંદરથી બહાર ન જઈ શકે. એણે બેડસાઇડ પાસે પડેલી ઇલેકટ્રોનિક બેલ ઉઠાવીને ચીડમાં હતું તેટલું જોર લગાવીને બટન દબાવ્યું.

નીચેના સર્વિસ રૂમ અને રસોડામાં જોરથી જલતરંગ વાગી ઊઠ્યું. નોકરો હાંફળા-ફાંફળા થઈ ગયા:

શ્રોફસાહેબ જાગી ગયા.

નિખિલ જાગે કે તરત આખું ઘર એના મૂડની સાચવણીમાં લાગી જતું. પહેલા ગરમ પાણી, પછી ફ્રેશ જ્યુસ... વૈદોના ઉકાળા... વગેરે વગેરે પતે કે એનો મેસુઅર-માલિશવાળો ઉપર જતો. નિખિલની માલિશ પૂરી થાય પછી ક્યારેક એ કસરત કરતો તો ક્યારેક સ્કવોશ રમતો. ક્યારેક કશું જ કર્યા વગર નાહીને સીધો ઓફિસ જવા નીકળી જતો. એના મૂડ પર જ એના દિવસની શરૂઆતનો નિર્ણય આધાર રહેતો.

એ નીચે ઊતરે નહીં ત્યાં સુધી એ શું બ્રેકફાસ્ટ કરશે એ વિશે બધા જ અવઢવમાં રહેતા. નિખિલ માટે બે-ત્રણ વિકલ્પો તૈયાર રખાતા. ટોસ્ટ બટર અને કોર્નફ્લેક્સ જેવી ચીજો તો ખરી જ, સાથે સાથે એક-બે જાતના ગરમ બ્રેકફાસ્ટની તૈયારી પણ કરીને મહારાજ એની રાહ જોતા.

ખાવાપીવાની બાબતમાં નિખિલ વિચિત્ર હતો. એને ભાવતી વાનગીઓનું લિસ્ટ ઘણું નાનું હતું. એની રેસિપી અમુક જ પ્રકારની રહેવી જોઈએ એવો એનો આગ્રહ હતો. નિખિલનાં મા ચિત્રાંગદા શ્રોફ માનતાં રહ્યાં કે રસોઈમાં એમના જેટલી શ્રેષ્ઠ બીજી કોઈ સ્ત્રી હોઈ શકે જ નહીં. એમણે આ માન્યતાનો વારસો નિખિલને પણ આપ્યો એટલે નિખિલ માટે માના ગયા પછી બીજું કોઈ પણ જે કંઈ બનાવે તે બધામાંથી ખોડ કાઢવી જરૂરી બની ગઈ...

નિખિલનો મૂડ એક વાર ખરાબ થાય તો આખા સ્ટાફનું આવી બનતું.

જેવી ઇલેકટ્રોનિક બેલનો અવાજ રસોડામાં અને સર્વિસ રૂમમાં ગૂંજ્યો કે તરત જ નિખિલનો ખાસ માણસ માધવ સડસડાટ ઉપર પહોંચ્યો. એણે ખૂબ જ સલૂકાઈથી દરવાજો નોક કર્યો અને ધીમેથી દરવાજો ઉઘાડીને અંદર દાખલ થયો. એના હાથમાં ગરમ પાણી ભરેલો ફલાસ્ક અને કપડાની કોથળી ચડાવેલો, સ્ટરીલાઇઝ કરેલો ગ્લાસ હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ક્યાં મરી ગયા છે બધા?’ નિખિલ બંને હાથે માથું દબાવતો હતો.

‘મૅડમ નીચે છે... ભાઈ સૂતા છે, કદાચ.’

‘તારી મૅડમને કહે હમણાં ને હમણાં અહીં આવે.’

નિખિલે ફલાસ્ક અને ગ્લાસ ઉપાડ્યા ને બાથરૂમ તરફ જવા લાગ્યો:

‘અને અનિલને કહે તરત જ ઉપર આવે. મારું માથું સખત દુ:ખે છે. હેડ-મસાજ પણ કરવું છે.’

કોઈ જવાબ આપ્યા વિના ડોકું નમાવીને માધવ બહાર નીકળી ગયો. એ પગથિયાં ઊતરતો હતો કે એને સામે ઊભેલી શ્વેતા દેખાઈ. એ નાહી-ધોઈને તૈયાર હતી. એના કપાળમાં નાનકડો કંકુનો ચાંદલો દેખાતો હતો એટલે પૂજા પણ પતી ગઈ હતી.

‘મૂડ કેવો છે?’

એણે માધવને પૂછ્યું. માધવ છેલ્લા વીસ વર્ષથી આ ઘરમાં કામ કરતો હતો. નિખિલના મિજાજને પંપાળતા એ શીખી ગયો હતો.

‘નથી સારો.’ એ સહેજ ખચકાયો:

‘તમને બોલાવે છે.’

માધવ એ પણ જાણતો હતો કે નિખિલ સારા મૂડમાં ન હોય ત્યારે એ શ્વેતા સાથે કઈ રીતે વર્તતો. શ્વેતા ખૂબ લાગણીશીલ હતી. સૌનું ધ્યાન રાખતી. ઘરનો આખો સ્ટાફ શ્વેતાને ખૂબ માન આપતો.

શ્વેતા પગથિયાં ચડીને ઉપર જવા લાગી ત્યારે માધવના મનમાં એક ક્ષણ માટે એવો વિચાર આવ્યો: હવે શ્વેતાનું આવી બનશે... પણ એ આ ઘરમાં નોકર હતો. એણે કશું બોલવાનું નહોતું.

*

‘ગુડ મોર્નિંગ નિખિલ...’

શ્વેતા સ્મિત સાથે દાખલ થઈ. કેસર વિશે સવાલ પુછાશે તો શું જવાબ આપશે એ વિચારમાત્રથી શ્વેતાનો જીવ ફફડતો હતો:

‘કેવું લાગે છે?’

‘માથું દુ:ખે છે.’

નિખિલે બાથરૂમમાંથી નીકળતા જવાબ આપ્યો. પછી ફલાસ્કમાંથી ગરમ પાણી કાઢી પીવા લાગ્યો:

‘રાત્રે થોડો વધારે જ થઈ ગયો, નહીં?’

એના ચહેરા પર ખંધુ સ્મિત રમ્યું:

‘જરા વધારે... બધી વાતમાં...’

આગલી રાતે બેડરૂમમાં નિખિલે કરેલું પેલું વર્તન યાદ આવતાં જ શ્વેતાના ચહેરા પર અણગમા અને ઘૃણાના ભાવ ધસી આવ્યા. નિખિલ એની નજીક આવ્યો. એના ચહેરાને ચિબુકથી પકડીને ઊંચો કર્યો:

‘મેં ક્યાંક વાંચ્યું હતું કે કેટલીક સ્ત્રીઓને બળાત્કારમાં મજા આવતી હોય છે.’

કશું જ બોલ્યા વિના શ્વેતાએ પોતાનો ચહેરો ઝાટકા સાથે છોડાવ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘રોજ રોજ એકસરખું ગળપણ ખાવાને બદલે ક્યારેક જીભ ચચરી ઊઠે એવી તીખાશની પણ મજા છે... શું કહે છે?’ આટલું કહીને એ હસવા લાગ્યો.

એક તમાચો ઠોકી દેવાની ઇચ્છાને શ્વેતાએ મહામહેનતે દબાવી ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ કરીને પૂછ્યું:

‘બ્રેકફાસ્ટમાં શું ખાશો?’

‘મારું ચાલે તો તને ખાઈ જાઉં.’

નિખિલે એનો એક હાથ શ્વેતાની કમરમાં લપેટ્યો, એનો ઠંડો પ્રતિભાવ જોઈને નિખિલે પૂછ્યું:

‘તું ગુસ્સામાં છે...’

‘ના રે...’ હવે શ્વેતા સાવધ થઈ ગઈ:

‘તમારો મિજાજ અને ગુસ્સો મારા માટે નવા નથી. ત્રીસ વર્ષ થયાં...’

એનું ગળું સહેજ તરડાયું, આંખમાં ધસી આવતાં પાણીને એણે પરાણે રોક્યાં:

‘તમે મારી સાથે આ રીતે શા માટે વર્તો છો એ હજી મને સમજાતું નથી...’

‘લુક શ્વેતા, સવારના પહોરમાં રડવાનું શરૂ ના કરીશ. સ્ત્રીજાત જ ખરેખર વિચિત્ર હોય છે. દુઃખી થાય તોય રડે ને સુખી થાય તોય રડે.’

‘નિખિલ...’

શ્વેતા કંઈક કહેવા જતી હતી કે નિખિલે એના હોઠ પર હોઠ મૂકી દીધા. અણગમાથી શ્વેતાની અંદર એક તિરસ્કારનો સબાકો ઊઠ્યો. એણે હળવેથી નિખિલને પોતાનાથી દૂર કર્યો.

‘તારો કુંવર ઊંઘે છે... અને પુત્રવધૂ? એ જાગી કે પછી એ પણ...’

નિખિલના આ સવાલે શ્વેતાના મગજમાં એક ઝબકારો કર્યો:

‘રાત્રે બંને જણા બહાર ગયાં હતાં, મને લાગે છે વહેલી સવારે પાછાં ફર્યાં. બંને જણા ઊંઘે છે.’

‘કાલે જરા કડક રીતે કહેવાઈ ગયું.’

નિખિલ સામાન્ય રીતે આવું જ કરતો. બોલવા બેસે ત્યારે પાછું વાળીને જોતો નહીં. પછીથી એને પોતાના જ વર્તન પર અફસોસ થતો:

‘પણ જે થયું તે સારા માટે. એનેય સમજાઈ જશે કે આ ઘરમાં કેવી રીતે રહેવાનું છે.’

એ પછી નિખિલ જાતજાતની વાતો કરતો રહ્યો, પણ શ્વેતા એની વાતમાં રસ લઈ શકી નહીં. નિખિલ ઓફિસ જાય એ પહેલાં કેસર પાછી ન ફરે એટલી જ પ્રાર્થના એના મનમાં સતત ચાલતી રહી.

*

એક કપ ચા અને બે હાઈ ફાઇબર ડાઇજેસ્ટિવ બિસ્કિટ ખાઈને થોડી તાજગી અનુભવી રહેલા દેવરાજસિંહ દીકરી કેસર સાથે આડીઅવળી વાતો કરી રહ્યા હતા. ત્યાં બેસીને હનુમાન ચાલીસાનો જાપ કરતાં શ્રદ્ધાબહેને નવો પાઠ શરૂ કરતાં પહેલાં વચ્ચે કહ્યું:

‘અભિને ફોન કરવો છે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હા.’ દેવરાજસિંહના ચહેરા પર પિતૃત્વ ઝળકી ઊઠ્યું:

‘એને પાછો બોલાવી લે. ત્યાં રહેશે તો એનું મગજ ખરાબ કરી નાખશે એ લોકો. પછી તો કોઈ રીતે આપણી વાત નહીં માને.’

‘હું હમણાં ફોન કરું છું.’

શ્રદ્ધાબહેને પર્સમાંથી સેલ કાઢીને અભિમન્યુનો નંબર ડાયલ કર્યો. રિંગ વાગતી રહી, કોઈએ ફોન ઉપાડ્યો નહીં.

શ્રદ્ધાબહેને સુરેન્દ્રનગરના ઘરનો લૅન્ડલાઇન નંબર જોડ્યો.

‘હેલો...’ સામે છેડેથી વનરાજસિંહનો ઘેરો, તોછડો અવાજ સંભળાયો.

‘હું શ્રદ્ધા બોલું છું–મુંબઈથી.’

‘પાય લાગું ભાભીસા, તમે તો મુંબઈથી જ બોલતાં હો ને... દીકરાને લેવા સુરેન્દ્રનગર આવો એવાં અમારાં નસીબ ક્યાં?’ એ ખોટું ખોટું હસવા લાગ્યો.

‘અભિ છે ત્યાં?’

‘છે ને... નહાવા ગયો છે.’

અભિમન્યુ બહાર ખાટલા પર ઊંઘતો હતો, પરંતુ વનરાજસિંહે એને ફોન ના આપ્યો:

‘કંઈ કામ હતું?’

‘હા, અભિ સાથે વાત કરવી હતી.’

‘મને કહેવાય એવું નથી?’

વનરાજસિંહને સહેજ લાગી આવ્યું હોય એમ એણે કહ્યું:

‘હું તો ક્યાં ઘરનો છું? હંમેશાં મને પારકો જ ગણ્યો છે.’

‘એવું નથી ભાઈ...’ પતિની સામે ઊભેલાં શ્રદ્ધાબહેનને શું કહેવું તે સમજાયું નહીં.

‘એવું નથી તો પછી મને કેમ નથી કહેતાં?’

‘તમારા ભાઈની તબિયત સારી નથી. એમને હાર્ટએટેક આવ્યો છે.’

શ્રદ્ધાબહેનનું વાક્ય પૂરું થાય એ પહેલાં દેવરાજસિંહ બરાડ્યા:

‘એને શું કામ કહે છે તું? મડદું ભાળીને ગીધ દોડે એમ દોડી આવશે. હું મરું એ પહેલાં મારી મિલકત વહેંચી લેવા ઉતાવળા થશે આ બધા.’

‘મેં સાંભળ્યું, ભાભી.’

શ્રદ્ધાબહેન કંઈ કહે તે પહેલાં જ વનરાજે કહેવા માંડ્યું:

‘કહેજો એમને કે બધા એમના જેવા રૂપિયાના ભૂખ્યા નથી હોતા. જાત વેચીને રૂપિયા કમાયા છે... આટલો બધો અહંકાર સારો નહીં.’

‘ભાઈ, અભિમન્યુ નીકળે એટલે કહેજોને મને ફોન કરે. એના બાપુ એને મળવા માગે છે.’

‘મને નથી લાગતું એ ઘેર પાછો આવે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ભલે ભાઈ, અમે એના ફોનની રાહ જોઈએ છીએ.’

વનરાજસિંહની વાતનો કોઈ જવાબ આપ્યા વિના શ્રદ્ધાબહેને ફોન મૂકી દીધો. દલીલ લાંબી ન ચાલી શકી એ વિશે વનરાજસિંહ જરા છોભીલો પડ્યો. એનું મગજ વળી બીજી જ દિશામાં ચાલવા લાગ્યું.

વનરાજસિંહનો ફોન પૂરો થયા પછી શ્રદ્ધાબહેને દીકરી તરફ જોયું:

‘રાતની આવી છે, તું હવે તારે ઘેર જા.’

‘જાઉં છું.’

કેસરને હવે સમજાયું કે માતાપિતા ગમે એટલાં એના પર આધારિત હોય, તેમ છતાં પરણેલી દીકરીનું સાચું સરનામું એનું સાસરું છે એ વાતમાં ફેરફાર નહીં થાય.

‘જો બેટા, તારાં હમણાં જ લગ્ન થયાં છે. એ લોકોને નહીં ગમે.’ દેવરાજસિંહે ધીમેથી ઉમેર્યું

હું નિખિલ શ્રોફને ઓળખું છું. આપણે એને કોઈ કારણ નથી આપવું, જેનાથી એ નારાજ થાય.’

‘નારાજ તો એ થઈ ચૂક્યા, બાપુ.’

કેસરથી રહેવાયું નહીં. એ પિતાને આઘાત આપવા નહોતી માગતી, પણ ગઈ કાલ સાંજની વાતનો ડંખ એની અંદર એટલો ઊંડો હતો કે એ ચૂપ રહી શકી નહીં

‘એમને નારાજ થવા માટે હવે નવા કારણની જરૂર નથી.’

‘એટલે?’

દેવરાજસિંહ ઝટકો મારીને બેઠા થઈ ગયા. બાજુમાં બેઠેલાં શ્રદ્ધાબહેન પણ ઊભાં થઈ ગયાં.

‘એમણે તમને મળવાની ના પાડી. તમે મારા ઘરે આવી ન શકો, હું તમને મળી ન શકું... આવા બધા વટહુકમ બહાર પાડ્યા છે એમણે.’

‘ને છતાં તું અહીં આવી?’

દેવરાજસિંહના અવાજમાં રીતસર ધ્રુજારી હતી.

‘બેટા, તું પૂછીને આવી છે?’ શ્રદ્ધાબહેન ડરી ગયાં.

‘કોને પૂછું? એક માણસ, જેણે મને ચોખ્ખી ના પાડી એને? એ માણસને પૂછીને પાણી પીતી એની બૈરીને કે મને એકલી મૂકીને જતા રહેલા મારા વરને?’

‘તું હમણાં જ તારે ઘેર જા.’

દેવરાજસિંહ હવે આગળ કંઈ પણ સાંભળવા માગતા નહોતા:

‘તારે પૂછ્યા વિના નહોતું આવવું જોઈતું. બેટા, હવે એ લોકોને ખુશ રાખવા એ જ તારો ધર્મ છે, એમની આજ્ઞા માનવી એ તારું કર્તવ્ય છે. એમને નારાજ કરે તો અમારા સંસ્કાર લાજે.’

‘તમે જીવનમરણ વચ્ચે સંઘર્ષ કરતા હો ત્યારે પણ હું એમના મિજાજ પંપાળું? તમે સમજતા નથી બાપુ, અહંકારમાં ચૂર છે એ લોકો. સ્નેહ, જવાબદારી, લાગણી કશું જ સમજતા નથી.’ કેસરનો અવાજ ઉગ્ર થઈ ગયો.

‘જો બેટા, તું અમારા માટે કંઈ નહીં કરે તો ચાલશે, પણ તારો પત્નીધર્મ, પુત્રવધૂનો ધર્મ અને સ્ત્રીધર્મ પૂરેપૂરો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બજાવજે. અમને એમાં જ સુખ છે. મારી આંખ મીંચાય ત્યારે એટલો સંતોષ હોવો જોઈએ કે મારી દીકરી એના સાસરે સુખી છે.'

'બાપુ!' કેસર સ્તબ્ધ થઈ ગઈ. શું બોલવું એ એને સમજાયું નહીં.

'જઈને માફી માગજે.'

'શાની?'

'એમની આજ્ઞા વિના ઘરમાંથી બહાર નીકળી એ માટે.'

'પણ...'

'દલીલ નહીં કેસર, હું નથી ઇચ્છતો કે કાલે ઊઠીને દેવરાજસિંહ ઝાલાની પ્રતિષ્ઠા પર કાળી ટીલી લાગે.'

એમને ડૂમો ભરાઈ ગયો. પહાડ જેવા દેવરાજસિંહ, જેમને કેસરે ભાગ્યે જ ઢીલા થતા જોયા હતા એવા પિતાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં:

'બેટા, તારા બાપે આખી જિંદગી પોતાની પ્રતિષ્ઠા અને સ્વમાન કમાવામાં ગાળી છે. એવું કંઈ નહીં કરતી, જેનાથી મારી આખી જિંદગીની કમાણી એક પળમાં શૂન્ય થઈ જાય.'

દેવરાજસિંહે બે હાથ જોડ્યા:

'જુવાન દીકરી જો ધારે તો બાપની પ્રતિષ્ઠાને માથે મુગટ પહેરાવી શકે અને જો એક ડગલું ખોટું ચાલે તો પાઘડી ઉતારવાનો વારો આવે દીકરા... હું ઝાલા રાજપૂત છું. પાઘડી ઉતારવાને બદલે માથું કપાવાનું પસંદ કરીશ એટલું યાદ રાખજે.'

'જા બેટા, અહીંનું તો હું સંભાળી લઈશ. સાંજ સુધીમાં અભિ પણ આવી જ જશે. પછી કોઈની જરૂર નથી.'

શ્રદ્ધાબહેનની આ વાત સાંભળીને કેસરના પગ નીચેની જમીન સરકી ગઈ.

જે માણસ માટે એણે કોઈની પરવા નહોતી કરી, અધ્ધર શ્વાસે અહીંયાં દોડી આવી હતી એ માણસ, એનો સગો બાપ એને એવા લોકોને ઘૂંટણિયે પડવા માટે મજબૂર કરી રહ્યો હતો, જે લોકોએ એના પોતાના અને એના પિતાના સન્માનને ધૂળમાં રગદોળ્યું હતું...

જે દીકરાને લીધે હાર્ટએટેક આવ્યો એ દીકરો આવી પહોંચશે એવી એની માને આશા હતી... એટલું જ નહીં, એના આવ્યા પછી કોઈની જરૂર નહીં પડે એવું કહેતા પહેલાં શ્રદ્ધાબહેને એક વાર પણ એટલો વિચાર ન કર્યો કે એમની દીકરી કેસરે માના એક ફોનથી પોતાની અંગત જિંદગી દાવ પર લગાવી દીધી હતી...

કેસરે કોરી આંખે પિતા અને મા સામે એક વાર જોયું. એને લાગ્યું કે એમણે એના હૃદયને મુઠ્ઠીમાં લઈને મચડી નાખ્યું હતું.

એક અક્ષર બોલ્યા વિના એણે પોતાનો સેલફોન અને ચાવી ઉઠાવ્યાં અને રૂમની બહાર નીકળીને સડસડાટ પગથિયાં ઊતરતાં એનું હૃદય ભરાઈ આવ્યું. આંખમાંથી એક પણ આંસુ ન પડે એ રીતે ઉપલા દાંત નીચે હોઠ એટલા જોરથી દબાવ્યો કે લોહીનો ટશિયો ફૂટી નીકળ્યો.

*

બહુ મોડી રાતે પાછા ફરેલો સોમલ મોડે સુધી ઘસઘસાટ ઊંઘતો રહ્યો. નિખિલ ઓફિસ ન જાય ત્યાં સુધી સોમલ જાગે નહીં એવી પ્રાર્થના શ્વેતાના મનમાં સતત ચાલતી હતી, પણ ઉપરવાળાએ જાણે ગોટાળા કરવાનું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નક્કી જ કરી લીધું હોય એમ નિખિલ બ્રેકફાસ્ટ ટેબલ પર ગોઠવાયો ત્યારે જ સોમલ પગથિયાં ઊતરીને નીચે આવ્યો.

'ગુડમોર્નિંગ સની...'

'વેરી ગુડમોર્નિંગ ડૅડ...'

સોમલ આગળ કંઈ બોલે કે નિખિલ એને કંઈ પૂછે એ પહેલાં જ શ્વેતાએ સોમલને પૂછ્યું:

'કેસર ઊંઘે છે હજી?'

સોમલના ચહેરા પર વિચિત્ર ભાવ આવ્યા. હા પાડવી કે ના એની અસમંજસમાં એણે નવાઈથી શ્વેતા સામે જોયું. શ્વેતાએ જોરજોરથી ડોકું ધુણાવીને હા પાડવાનો ઇશારો કર્યો એટલે સોમલે કંઈ સમજ્યા વિના ડોકું ધુણાવી દીધું.

'હા.'

'રાત્રે બહુ મોડા આવ્યા તમે, નહીં?' શ્વેતાએ તદ્દન ખોટું, ફિક્કું સ્મિત કર્યું:

'મેં ગાડી પાર્ક થવાનો અવાજ સાંભળેલો.'

'હેં? હા...' સોમલ ડાઇનિંગ ટેબલ પર ગોઠવાઈ ગયો. ફ્રેશ જ્યુસના જગમાંથી એણે ગ્લાસ ભર્યો પછી નિખિલ સામે જોયું

'હું આજે ઓફિસ થોડો મોડો આવીશ, ડૅડ.'

'ન આવ...' નિખિલ હસ્યો:

'હું તારી મા સાથે પરણ્યો એ પછી એક અઠવાડિયા સુધી રૂમની બહાર જ નહોતો નીકળ્યો... એને પણ નહોતી નીકળવા દીધી.'

સોમલે મમ્મી સામે જોયું. શ્વેતાના ચહેરા પર ચિંતા સિવાય કોઈ ભાવ જ નહોતા.

કંઈ જવાબ આપ્યા વિના સોમલ જ્યુસ પીતો રહ્યો. ડાઇનિંગ ટેબલ પર એક ન સમજાય તેવી મૂંઝવણ ઘુમરાતી રહી.

બ્રેકફાસ્ટ પતાવીને નિખિલ ઓફિસ જવા માટે ગાડીમાં બેઠો ત્યારે શ્વેતાએ નિરાંતનો શ્વાસ લીધો. રોજની જેમ એ એને ફોયર સુધી વળાવીને પાછી ફરી ત્યારે સોમલ સોફામાં બેઠો હતો.

'મોમ, જુઠ્ઠું શું કામ બોલી? તને ખબર છે, મને જુઠ્ઠાણાથી સખત નફરત છે.'

'બેટા, હું ઘરમાં શાંતિ ઇચ્છું છું.'

'નહીં રહી શકે.' સોમલ હજી એમ જ પગ લંબાવીને નિરાંતે બેઠો હતો, પણ એનો અવાજ ધીમે ધીમે ઊંચો થતો જતો હતો:

'આમ જુઠ્ઠું બોલી બોલીને ક્યાં સુધી શાંતિ રાખશો? જે દિવસે ડૅડને ખબર પડશે એ દિવસે કેસરની સાથે સાથે તમારે પણ ઘર છોડવાનો વારો ના આવે એનું ધ્યાન રાખજો.'

'સોમલ, એક કુટુંબને સાથે રાખવા માટે જે કંઈ કરવું પડે તે બધું જ કરવા હું તૈયાર છું.'

'જુઠ્ઠાણાંથી સાંધેલા સંબંધો બહુ ટકતા નથી, મોમ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બાકીના સંબંધ ટકે કે નહીં એની ચિંતા છોડી દે બેટા, પણ જ્યાં સુધી તું માફ કરતાં નહીં શીખે ત્યાં સુધી તારી જિંદગીના આ સૌથી અગત્યના સંબંધને તું નહીં ટકાવી શકે.’

‘મોમ, કોઈ સંબંધ મારી જાતથી અગત્યનો નથી.’

‘તું એને ચાહે છે, પ્રેમ કરીને પરણ્યો છે...’

‘પ્રેમ!?’ સોમલ ઊભો થઈ ગયો:

‘એને જેમ ફાવે તેમ કરવા દેવું, ચૂપ રહેવું, જુઠ્ઠું બોલીને એને બચાવતા રહેવું... એને જો તું પ્રેમ કહેતી હોય તો એ મારી વ્યાખ્યામાં નથી આવતું.’

સોમલ સહેજ અટક્યો પછી પૂર્ણવિરામની જેમ કહી નાખ્યું:

‘મારો પ્રેમ એને ત્યાં સુધી જ મળી શકે, જ્યાં સુધી એ મારા પ્રેમને લાયક હોય. જો એને મારા પ્રેમની કિંમત ન હોય તો મજનુ કે દેવદાસની જેમ ફના થઈને પ્રેમ કરવામાં મને કોઈ રસ નથી.’

હજી મા-દીકરાની ચર્ચા આગળ વધે એ પહેલાં સોમલની નજર દરવાજા પર ઊભેલી કેસર સાથે ટકરાઈ:

‘ત્યાં જ અટકી જજે.’

સોમલે એટલા જોરથી કહ્યું કે શ્વેતા રીતસર ધ્રૂજી ઊઠી.

‘આઇ એમ સોરી, સોમલ.’

કોઈ કશું કહે તે પહેલાં કેસરે કહી નાખ્યું:

‘મારે આવી રીતે કોઈને પૂછ્યા વિના અડધી રાત્રે માની ગાડી લઈને નહોતું જવું જોઈતું. પણ બાપુની બીમારીના સમાચાર સાંભળ્યા પછી મારું મન કાબૂમાં રહ્યું નહીં. હું ભાન ભૂલી ગઈ.’

કેસરની આંખોમાં આંસુ ધસી ગયાં. શ્વેતા ઉતાવળે એના સુધી પહોંચી કેસરના ખભે હાથ ફેરવવા લાગી. અત્યાર સુધી ઉશ્કેરાઈને બૂમો પાડી રહેલો સોમલ પણ સહેજ ઠંડો પડી ગયો:

‘કેસર, તેં કહ્યું હોત તો તને કોઈ ના ન પાડત.’

‘હું ડરી ગઈ હતી... અભિ અહીંયાં નથી. આવા સમયે બાપુને કંઈ થઈ જાય તો?’

સોમલને સાચે જ સમજાયું નહીં કે એણે શું કરવું જોઈએ. એણે નક્કી કરી રાખેલી, ગોઠવી રાખેલી બધી જ વાક્યરચનાઓ જાણે વ્યર્થ થઈ પડી:

‘તમારા ડૅડ આવી રીતે હૉસ્પિટલમાં હોય ત્યારે તમને કોઈ ન જવા દે તો તમને કેવું થાય?’

કેસરે પાયાનો પ્રશ્ન પૂછીને મા-દીકરા બંનેને હચમચાવી નાખ્યાં.

‘હું સમજું છું બેટા.’ શ્વેતા હજીયે એની પીઠ પસવારી રહી હતી.

‘મને માફ કરી દો, સોમલ.’

કેસરે રડતાં રડતાં બંને હાથે કાન પકડ્યા. એના ચહેરા પરનું ભોળપણ, આંખોનાં પાણી અને શબ્દોની સચ્ચાઈ આગળ સોમલે કશું જ કહેવાનું રહ્યું નહીં. એણે આગળ વધીને કેસરને આલિંગનમાં લીધી. કેસર નાના બાળકની જેમ રડવા લાગી.

શ્વેતાની આંખો પણ સહેજ ભીની થઈ ગઈ. એક વાર પરણી ગયેલી સ્ત્રી કેટલી બધી મજબૂર થઈ જાય છે એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વિચારમાત્રથી એનું હૃદય વલોવાઈ ગયું. જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા બાપને મળવા જવા બદલ માફી માગવી પડે એ વિધિની કેવી વક્રતા!

‘ડૅડને આ વિશે કોઈ કશું કહેશો નહીં.’

સોમલે કહ્યું તો ખરું, પણ ઘડીભર પહેલાં પોતે માને જે બાબતે ભાષણ આપતો હતો એ વાત બદલી નાખવાનો એને અફસોસ થયો.

‘હું હવે પછી પૂછ્યા વિના નહીં જાઉં સોમલ...’

કેસરે ચહેરો સહેજ ઊંચો કરીને બંને હાથે આંસુ લૂછ્યાં:

‘પણ પ્લીઝ, તમે ડૅડીને કહેજો કે મને ત્યાં જતી રોકે નહીં. એમને નહીં ગમે તો મારા ઘરેથી કોઈ અહીંયાં નહીં આવે. આઇ પ્રોમિસ...’

સોમલ કશું બોલ્યો નહીં, પણ એણે એટલું નક્કી કરી લીધું કે એ નિખિલ સાથે સાંજે આ બાબતે વાત કરશે. સોમલના ચહેરા પર બદલાયેલા ભાવ જોઈને શ્વેતાને પણ રાહત થઈ. એણે મનોમન ઈશ્વરનો આભાર માન્યો.

આમ છતાં શ્વેતાના મનમાં ક્યાંક ને ક્યાંક એવું જરૂર લાગી રહ્યું હતું કે અત્યારે તા તોફાન શમી ગયું હતું, પરંતુ કેસરનો સ્વતંત્ર મિજાજ, સોમલનો અહંકાર અને નિખિલના પૂર્વગ્રહો એકબીજા સાથે ટકરાઈને ફરી એક વાર આ ઘરમાં અશાંતિ ઊભી કરશે...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 12

બંને હાથે આંસુ લૂછીને કેસરે ડ્રોઇંગ રૂમમાં ઊભેલાં સાસુ શ્વેતા તથા સોમલ સામે વારાફરતી એક એક નજર કરી પછી પોતાના બેડરૂમમાં જવા આગળ વધી ગઈ.

કેસર જ્યારે પોતાના રૂમમાં પહોંચી ત્યારે એને જાત પર અત્યંત તિરસ્કાર થતો હતો. બીમાર પિતાને મળવા જવા માટે માફી માગવી પડે એ વાત એને કોઈ રીતે ગળે ઊતરતી નહોતી. પોતે માફી માગી એ બદલ પણ એણે જાતને કેટલીય વાર ધિક્કારી.

આમેય એ નાણાવટી હૉસ્પિટલનાં પગથિયાં ઊતરતી હતી ત્યારે એના મનમાં એક જ વાત રહી રહીને ઘુમરાતી હતીઃ પિતાની માંદગીના સમાચાર મળતાની સાથે જ એણે લાગણી અને હિંમતથી કોઈનેય ગણકાર્યા વિના દોટ મૂકી હતી, પણ એ જ પિતાએ કોઈ ગુના વગર એને માફી માગવા મજબૂર કરી...

એનું મગજ ગુસ્સાથી ફાટફાટ થતું હતું, પણ હવે શ્રોફના એકદંડિયા મહેલમાં પાછા ફર્યા સિવાય એની પાસે બીજો કોઈ રસ્તો નહોતો.

નાણાવટીમાંથી બહાર નીકળતી વખતે એને વિદ્યા યાદ આવી. વિદ્યા એની પંચિંગ બૅગ હતી. એની સહેલી, એની સલાહકાર અને એની સહાયક પણ હતી. પહેલાં પણ જ્યારે એ અકળાઈ જતી, કંટાળી કે ચિડાઈ જતી ત્યારે હંમેશાં વિદ્યાને ઘેર ચાલી જતી. ઘણી વાર તો એવું બનતું કે બબ્બે-ત્રણ ત્રણ દિવસ એ વિદ્યાને ઘેર રહેતી. ગુસ્સો ઊતરે, મન શાંત થાય પછી પોતાને ઘેર પાછી ફરતી.

નાણાવટીના પાર્કિંગ લોટમાં પડેલી પોતાની કારમાં એ ગોઠવાઈ ત્યારે એને એને એવું જ કરવાની ઇચ્છા થઈ આવી હતી.

'વિદ્યા...' એણે ગાડીમાં બેસીને વિદ્યાને ફોન જોડ્યો.

'કેસર! કેમ છે બાપુને?'

'ઘણું સારું.' કેસરના અવાજમાં વ્યંગ આવી ગયોઃ

'આખી રાત એમની સેવા કરી ને આંખ ખૂલતાં જ શ્રોફની માફી માગવાનું કહી શકે એટલું સારું છે.'

ગુસ્સા અને અસહાયતામાં એને ડૂમો ભરાઈ ગયો હતોઃ

'શું સમજે છે એ લોકો? રાત્રે જરૂર પડી તો ફોન કર્યો ને હવે કહે છે કે અભિ આવશે તો કોઈની જરૂર નથી!'

'આ જ દુનિયા છે કેસર, સ્ત્રીની આ જ સ્થિતિ છે.'

'ભાષણ બંધ કર. હું હમણાં તારા ઘરે આવું?'

'મારા ઘરે?' વિદ્યા ગભરાઈ ગઈઃ

'પણ કેમ?'

'મારે શ્રોફના ઘરે નથી જવું.'

થોડીક ક્ષણો માટે વિદ્યા કશું જ ના બોલી. પછી ધીમેથી એણે કેસરને પૂછી નાખ્યુંઃ

'ક્યાં સુધી નહીં જાય, કેસર? અને નહીં જાય તો રહીશ ક્યાં? હવે તો એ જ તારું ઘર છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એ ઘર નથી–જેલ છે.’

‘એ તો એમ જ હોય.’ વિદ્યાએ ધીમેથી ઉમેર્યું:

‘હું ફોન મૂકું? નીલાંગ બેઠા છે. પછી વાત કરીશું.’

કેસરના જવાબની રાહ જોયા વિના એણે ફોન મૂકી દીધો. કેસર સાચે જ હતાશ–નિરાશ થઈ ગઈ.

કેસરનો ફોન વિદ્યાએ કટ કર્યો કે બાજુમાં બેઠેલા નીલાંગે પોતાની વાગ્દત્તાને પૂછી નાખ્યું:

‘કોનો ફોન હતો?’

‘કેસર...’

‘એને કેમ ઘેર નથી જવું?’

નીલાંગે બધી વાતચીત સાંભળી હતી એનો ખ્યાલ આવતાં જ વિદ્યા સાવધ થઈ ગઈ:

‘એવું નથી, એ તો હજુ સાસરું નવું નવું છે ને એટલે જરા...’

‘જો વિદ્યા, મને પહેલેથી જ કેસર બહુ નથી ગમતી. એ જે રીતે તને વારંવાર વળગે છે–જે રીતે વર્તે છે... એ બધું બરાબર નથી.’

‘નીલાંગ?’

‘મને જે લાગ્યું તે કહ્યું. આજ સુધી નથી બોલ્યો, પણ તને એક વાત કહી દઉં કે એ છોકરી મોંફાટ છે, હાથથી ગઈ છે. ઘર માંડીને રહેશે નહીં. લખી રાખજે.’

વિદ્યાએ જવાબ ન આપીને વાત બદલવાનો પ્રયાસ કર્યો, પણ નીલાંગે પોતાની વાત પૂરી કર્યે જ છૂટકો કર્યો:

‘એની સાથે સંબંધ થોડો ઓછો જ કરી નાખ, સમજી?’

વિદ્યાને એક વાર તો થયું કે નીલાંગને રોકડો જવાબ આપી દે. કેસર એની બાળપણની સહેલી હતી. સુખ-દુ:ખની સાથી હતી. વિદ્યાના બધા જ શોખ કેસરે પોતાના પોકેટમનીમાંથી પૂરા કરાવ્યા હતા. વિદ્યાનો કોલેજનો એક બોયફ્રેન્ડ જ્યારે એને છોડી ગયો ત્યારે કેસરે એને તૂટતી બચાવી હતી. આવા તો કંઈકેટલાય પ્રસંગો અને વાતો હતાં, જેને આસાનીથી ભૂંસી શકાય એમ નહોતા.

હજી થોડા સમય પહેલાં જેની સાથે સગાઈ થઈ હતી એવો એક માણસ પોતાના વર્ષો જૂના સંબંધને તોડી નાખવા માટે કહે, છતાં પોતે કશું જ ન બોલી શકે એ તે કેવી લાચારી?

નીલાંગના ગમા-અણગમા વિશે વિદ્યાને ખબર હતી એટલે માતાપિતાની હાજરીમાં વધુ દલીલબાજી કર્યા વિના એણે સ્મિત કરીને વાત સમેટી લીધી. એ એટલું જરૂર જાણતી હતી કે કેસર સાથેનો સંબંધ એમ કોઈના કહેવાથી તૂટી શકે એટલો કાચો તો નહોતો જ.

*

બાથરૂમમાં જઈને શાવર નીચે ઊભેલી કેસરે મન પર જામેલાં પડળોને ધીમે ધીમે ધોવાનો પ્રયત્ન તો કર્યો, પરંતુ ગઈ કાલ સાંજથી અત્યાર સુધી જે કંઈ બન્યું એ પછી એના મનમાં ફક્ત નિખિલ શ્રોફ પરત્વે જ નહીં, પોતાના પિતા પરત્વે પણ એક જાતના ઠંડા તિરસ્કારની લાગણી ઘર કરી ગઈ.

એ નાહીંને તૈયાર થઈ રહી હતી ત્યારે સોમલ બેડરૂમમાં પ્રવેશ્યો:

‘સ્વીટહાર્ટ, જલદી તૈયાર થઈ જા. સાડી પહેરજે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એક પણ અક્ષર બોલ્યા વિના કેસરે ડોકું નમાવ્યું.

‘આપણે ટીટવાલા ગણપતિનાં દર્શન કરવા જવાનું છે. મારી માએ બાધા લીધી હતી.’

સોમલ હસ્યો. સામાન્ય રીતે એ હસતો ત્યારે ખૂબ હેન્ડસમ દેખાતો, પણ અત્યારે એના ચહેરા પર એક વિચિત્ર પ્રકારનો અહંકાર ઝળકતો હતો. કેસરે તરત જ એના પરથી નજર હટાવી લીધી.

‘ગઈ કાલને મારો ગુસ્સો જોઈને મારી મા પણ ડરી ગઈ... એણે તો અભણ બૈરાંની જેમ બાધા લઈ લીધી, બધું બરાબર થઈ જશે તો દર્શન કરી આવવાની.’

એ સોમલ સામે જોઈ રહી: પોતાની મા માટે પણ આ કેવા શબ્દો વાપરી શકતો હતો!

‘સારું થયું તું નહોતી. બાકી કાલે તો તને મારી જ હોત.’

સ્ત્રી પર હાથ ઉપાડવાની વાત આ માણસ જે ગૌરવથી કરી રહ્યો હતો એ સાંભળતાં કેસરને એના માટે પણ ઘૃણા થઈ આવી.

‘તમે મારા પર હાથ ઉપાડ્યો હોત?’

કેસરથી પૂછ્યા વિના ના રહેવાયું.

‘જરૂર પડે તો ઉપાડવોય પડે. મારાં દાદી કહેતાં, બુધે નાર પાંસરી ને બુધે જાર બાજરી... ત્યારે નહોતું સમજાતું, પણ ધીરે ધીરે સમજાઈ ગયું કે બૈરાંને થોડા થોડા દિવસે ડોઝ તો આપવો જ પડે.’

‘સોમલ, હું માની નથી શકતી કે આ તમે બોલો છો. તે દિવસે મંદિરમાં જે સોમલ હતો... કે લગ્નની પહેલી રાતે મેં જે સોમલને જોયો એ આ નહોતો જ...’

‘આ પણ હું જ છું ને પેલો પણ હું જ છું. તું મારી સાથે સીધી રીતે વર્તીશ તો હું તને બધાં જ લાડ લડાવીશ, પણ તું સ્ત્રી છે એ કાયમ યાદ રાખજે.’

સોમલે જે રીતે કહ્યું એ સાંભળીને કેસરનાં હાડકાં સુધી એક ધ્રુજારી વ્યાપી ગઈ.

‘તને સાચવવા–સંભાળવાની જવાબદારી મારી છે, પણ કંપાઉન્ડમાં રહેવાનું... વાડ તોડીને બહાર નીકળી જઈશ તો વાઘ-વરૂ ફાડી ખાય ત્યારે બચાવવા નહીં આવું.’

આ સાંભળીને કેસરને એક પશુ હોવાની લાગણી થઈ. આ ભાષા એણે પહેલાં ક્યારેય સાંભળી નહોતી, પરંતુ એણે મનોમન નક્કી કરી લીધું કે હવે પછી આ ઘરમાં જે થાય તે કોઈ પણ પ્રકારના વિદ્રોહ કે વિરોધ વિના ચૂપચાપ સહન કરતાં જવું.

દેવરાજસિંહ ઝાલા ક્યારેક બહુ મૂડમાં આવી જતા તો ભજન લલકારતા. અત્યારે કેસરને એવા જ એક ભજનની પંક્તિ યાદ આવી ગઈ, ગુજારે જે શિરે તારે જગતનો નાથ, તે સહેજે... ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે...

સોમલ ન જુએ તેમ આંખમાંથી આંસુ લૂછીને એણે વોર્ડરોબમાંથી સાડી શોધવા માંડી. પછી અચાનક જ મનમાં ઘુમરાતા વિચારોને સંયત કરીને સોમલને બૂમ પાડી:

‘જુઓને... તમે જ સાડી પસંદ કરી આપો. તમે કહો તે પહેરી લઉં.’

‘વાઉ!’ સોમલ આનંદથી નજીક આવ્યો. એણે બંને હાથ કેસરની કમર પર લપેટીને એના ખભા પર ડોકું મૂકી વોર્ડરોબમાં સાડી શોધવા માંડી...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પોતાના શરીર પર મુકાયેલા સોમલના હાથ એને ધગધગતા અંગારા જેવા લાગતા હતા, તેમ છતાં પિતાના શબ્દોએ આપેલી પીડાને ભૂલવા માટે એણે એ અંગારાનો તાપ ક્યાંય સુધી સહ્યા કર્યો...

*

અભિમન્યુ દાદાજીને લઈને ઘેર પહોંચ્યો ત્યારે મુંબઈ શહેરમાં સ્ટ્રીટલાઇટનો પ્રકાશ રેલાવા લાગ્યો હતો.

ઘરનોકર મહેશે પિતાના હાર્ટએટેકના સમાચાર આપ્યા ત્યારે અભિમન્યુના મનમાં થોડીક ક્ષણો માટે અપરાધભાવ જાગ્યો. ગુલાબસિંહે પૌત્રનો ખભો થાબડીને એ અપરાધભાવને વિખેરી નાખ્યોઃ

'જોયું સાવજ, તારા વિના અહીંયાં અંધારું છે. હજી તો તું આમ ઘરની બહાર ગયો ને તરત તારા બાપે ખાટલો પકડી લીધો.'

'એ એને સમજાવું જોઈએને, દાદાજી.'

'સમજાશે, એનેય સમજાશે.' ગુલાબસિંહે મીઠા અવાજે ઝેર ઘોળવા માંડ્યુંઃ

'કેટલીક વાર માણસની ગેરહાજરીમાં એની કિંમત સમજાય. દેવલાનું ભેજું આમેય પહેલેથી પિત્તળ... સાદી વાત સીધી રીતે એને સમજાય જ નહીં. બે લાફા ઠોકીએ પછી જ...'

'કોણ ઠોકશે એમને લાફા?'

'એક તો તું ઠોકીને આવી ગયો હતો ને બીજો હું ઠોકીશ.' એમણે હસતાં હસતાં અભિમન્યુને માથે હાથ ફેરવ્યોઃ

'ટાઢો પડ! દેવલાના ઘરમાં કાંઈ છાંટોપાણીની વ્યવસ્થા છે કે નહીં?'

'દાદાજી, એમની પાસે હોય કે નહીં, મારી પાસે સ્ટોક છે ને! ચાલો, મારા રૂમમાં બેસીએ.'

અભિમન્યુએ વ્યવસ્થા કરવા માટે મહેશને સૂચના આપી.

'ભાઈ... ઘરમાં? સાહેબ જાણશે તો...'

'હવે આ સાવજ છે ને? એ જ તમારા બધાનો સાહેબ. એ કહે એમ જ કરવાનું.'

ગુલાબસિંહે ઘરના સ્ટાફને પણ અભિમન્યુનું મહત્ત્વ સમજાવવાની શરૂઆત કરી દીધી.

મહેશે બધું જ કહ્યા મુજબ તો કરી આપ્યું, પણ એનાથી રહેવાયું નહીં એટલે એણે શ્રદ્ધાબહેનના સેલ પર ફોન કરીને બધી માહિતી આપી. શ્રદ્ધાબહેનને ફાળ પડી ગઈ. આ પહેલાં ગુલાબસિંહ જ્યારે જ્યારે આવ્યા ત્યારે એમણે દેવરાજસિંહને ઉશ્કેરવા અને એમનું નુકસાન કરવા સિવાય બીજું કશું કર્યું જ નહોતું.

આ વખતે ગુલાબસિંહ જે રીતે આવ્યા હતા એ રીતે એ અભિમન્યુને મહોરું બનાવીને દેવરાજસિંહનો શિકાર કરવા માગતા હતા એટલું તો શ્રદ્ધાબહેનને સમજાઈ ગયું. હૉસ્પિટલના બિછાને પડેલા પતિને આ ખબર કઈ રીતે આપવી એની મનોમન ગડમથલ કરતાં એ દેવરાજસિંહ પાસે પહોંચ્યાં ત્યારે એમના ચહેરા પર જ એમની મૂંઝવણ દેવુભાને વંચાઈ ગઈઃ

'શું વાત છે?'

'અભિ ઘરે આવી ગયો છે.'

'એ તો ખુશીના સમાચાર છે. મને ખાતરી જ હતી કે એ આવી જશે. આપણું લોહીં છે. એમ કંઈ ડાંગે માર્યાં પાણી જુદાં થોડાં પડે?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સાથે બાપુજી આવ્યા છે.’

‘એનું અહીં શું કામ હતું?’

શ્રદ્ધાબહેને ધાર્યું હતું એમ જ દેવુભાનો મિજાજ પલટાઈ ગયો.

‘જુઓ, તમે ઉશ્કેરાતા નહીં. કદાચ અભિ જીદ કરતો હશે, નહીં માનતો હોય એટલે મૂકવા પણ આવ્યા હોય.’

‘તું કોને છેતરે છે? મને કે તારી જાતને? ગુલાબસિંહ મારા દીકરાને સમજાવીને પાછો મૂકવા આવે એટલો સારો માણસ ક્યારે થઈ ગયો? હું ઓળખુંને મારા બાપને!’

‘જુઓ, હવે એ આવી પહોંચ્યા છે. ગુસ્સે થઈને ગમે તેમ બોલવાને બદલે કળથી કામ લેજો. ધીમે રહીને વિદાય કરી દઈશું એમને... તમે શાંતિ રાખજો.’

‘હે રામ...’

દેવુભાએ નિઃસાસો નાખીને એ વખતે તો વાત પૂરી કરી, પણ એ જાણતા હતા કે ગુલાબસિંહ જે ક્ષણે એમની સામે આવશે એ ક્ષણે બે જણા વચ્ચે તણખા ઝર્યા વિના રહેવાના નથી.

આ તરફ, દેવરાજસિંહ ઝાલાને ઘેર શરાબની મહેફિલ શરૂ થઈ ગઈ હતી. દાદાજી અને દીકરો સામસામે બેસીને જામ ટકરાવતા હતા. મહેશે આ બધું જ શ્રદ્ધાબહેનને જણાવ્યા છતાં અત્યારે એમને કશું જ નહીં કહેવાની શ્રદ્ધાબહેનની સૂચનાનું અક્ષરશઃ પાલન થઈ રહ્યું હતું.

‘મજો પડી ગ્યો...’ ગુલાબસિંહની જીભ લસરવા લાગી હતીઃ

‘તારી પાસે તો અસલ ઇંગ્લિશ છે. અમારે ત્યાં નો મળે, હોં.’

‘હવે તો તમારે અહીં જ રહેવાનું છે. આનાથીયે સારો માલ લાવી આપીશ. તમે મજા કરો, દાદાજી. બસ, મારી સાથે રહેજો.’

‘તારા માટે તો આવ્યો છું દીકરા, હવે તો તને તારો હક અપાવીને જ આંખ મીંચીશ.’ એમણે ગળગળા થવાનો અભિનય કર્યો.

‘તમારે તો હજી ઘણું જીવવાનું છે. મારી સફળતા ને મારી આવડત જોવાની છે. દેવરાજસિંહને તો હું ઘેર બેસાડી દઈશ.’ અભિમન્યુ પણ સહેજ રાજાપાઠમાં આવી ગયો હતો.

‘બેટા, એક વાત પૂછું?’

‘પૂછોને, દાદાજી.’

‘આ દેવલા પાસે કુલ માલ કેટલો?’

‘કરોડોમાં દાદાજી... આ બંગલો, ઓફિસનું મકાન, જમીનો, બીજાં ઇન્વેસ્ટમેન્ટ્સ સાથે ઘણું...’

‘એ બધું તો ઠીક છે, રોકડ ને ઝવેરાત...’

‘એ પણ કરોડોમાં.’ અભિમન્યુએ આંખો ઝીણી કરીઃ

‘એક વાર ઇન્કમટૅક્સની રેડ પડી ત્યારે 72 કરોડ રોકડા નીકળ્યા હતા... ઘરમાંથી!’

‘આ બધું રાખે છે ક્યાં?’

‘ઉપર.’ એણે આંગળીથી ઇશારો કર્યોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘માના રૂમમાં તિજોરી છે.’

‘ને ચાવી?’

‘એ તો મા પાસે...’ અભિમન્યુએ આંખો ઝીણી કરીઃ

‘પણ એકલી ચાવીથી પતે એમ નથી. કોમ્બિનેશન લોક છે. આંકડા ઘુમાવવા પડે. તો જ ખૂલે...’

‘તે આંકડા તો તને ખબર જ હશે.’

‘તમારું ઘરડું ઘુવડ મને કહેતું હશે? ખબર હોય તો હું સફાચટ કરીને ના નીકળું?’

‘એ જાણવું પડે... સૌથી પહેલાં તારી માને વિશ્વાસમાં લે.’ ગુલાબસિંહે પહેલું પત્તું ઊતરવાની શરૂઆત કરીઃ

‘એને ગળા સુધી વિશ્વાસ થઈ જવો જોઈએ કે તું બદલાવા લાગ્યો છે.’

‘એનાથી શું થશે?’

‘અરે ગાંડા, તારી માનો વિશ્વાસ જીતી લઈશ તો બધું તારા હાથમાં જ છે.’

ગુલાબસિંહે ગ્લાસમાં પડેલા શરાબને એક ઘૂંટડે પેટમાં રેડી દીધોઃ

‘એક વાર તારી મા તારી મુઠ્ઠીમાં આવી જાય તો તારા બાપને ઘઉંમાંથી કાંકરાની જેમ કાઢતાં મને આવડે છે.’

દાદાજીની વાત પર વિચાર કરતો અભિમન્યુ ઝીણી આંખે ક્યાંય સુધી આવનારા દિવસો વિશે શતરંજ ગોઠવતો રહ્યો અને ગુલાબસિંહ પણ એના મગજમાં ચાલતી આંટીઘૂંટીને તોડ્યા વિના ચૂપચાપ બંનેના જામ ભરતા રહ્યા...

*

‘મને નથી લાગતું હવે અભિમન્યુ આવે.’

ઘણી વાર રાહ જોયા પછી મોડી રાતે દેવુભાએ આશા મૂકી દીધી. એમને આપવામાં આવેલી દવાઓએ પણ અસર કરવા માંડી હતી. ઘેરાતી આંખે એમણે સહેજ પીડા સાથે કહ્યુંઃ

‘મને તો એમ કે હાર્ટએટેકના સમાચાર સાંભળી મારો દીકરો દોડીને સીધો અહીં આવશે, પણ ભા સાથે હોય એટલે...’

‘થાક્યો હશે.’ શ્રદ્ધાબહેને પતિના કપાળ પર વહાલથી હાથ ફેરવ્યોઃ

‘કદાચ ડરતોય હોય. તમે ઉશ્કેરાવ તો તમને તકલીફ થાય એવી બીક લાગતી હોય...’

‘શ્રદ્ધા, તું ક્યાં સુધી એનો બચાવ કરીશ?’

‘બચાવ નથી કરતી. મને જે લાગે છે તે કહું છું. તમે કહો તો ફોન કરીને બોલાવું એને.’

‘હમણાં રહેવા દે. સવારે વાત.’

દેવરાજસિંહે પત્નીના સ્પર્શમાં શાતા અનુભવતાં આંખ બંધ કરી ત્યારે શ્રદ્ધાબહેનને સહેજ રાહત થઈ. એમણે પૂછતાં તો પૂછી નાખ્યું હતું, પણ જો દેવરાજસિંહ હા પાડત તો પીધેલી હાલતમાં અભિમન્યુને અહીંયાં લાવવો શક્ય નહોતો એ બાબતે એમનું હૃદય ફફડતું હતું.

રાત્રે દેવુભા ઊંઘી ગયા પછી નર્સને એમનું ધ્યાન રાખવાનું કહીને શ્રદ્ધાબહેને ઘર તરફ આવવા ટૅક્સી પકડી. ગઈ કાલના અનુભવ પછી કેસરને ફોન કરવાની એમની હિંમત ન થઈ, પરંતુ મહેશે જે કંઈ કહ્યું એ પછી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઘરમાં શું ચાલતું હશે એ વિચારે એમનું મન એટલું બધું ઊંચું થઈ ગયું કે જાતે જઈને તપાસ કરવાનું એમણે નક્કી કર્યું.

એ ઘરમાં પ્રવેશ્યાં ત્યારે દાદાજી અને પૌત્ર ડાઇનિંગ ટેબલ પર જમી રહ્યા હતા.

'આવો આવો...' ગુલાબસિંહે બુલંદ અવાજે એમને આવકાર્યાં:

'હું તમને તમારા જ ઘરમાં આવકાર આપું છું, વહુરાણી...'

'પાય લાગુ, ભા...'

શ્રદ્ધાબહેને વાંકા વળીને ચરણસ્પર્શ કર્યા. નજીક આવતાં જ એમને શરાબની તીવ્ર વાસ વિચલિત કરી ગઈ. કશું બોલ્યા વગર એમણે અભિમન્યુ તરફ જોઈને ફરિયાદ કરી:

'તારા બાપુને મળવા ના આવ્યો? કેટલી રાહ જોઈ એમણે.'

'મેં જ ના પાડી...' નશામાં ડોકું ધુણાવતાં ધુણાવતાં ગુલાબસિંહે ગૌરવથી કહ્યું:

'ત્યાં હૉસ્પિટલમાં બેયને જીભાજોડી થાય ઈ કરતાં... મેં કીધું જાવા દ્યો...'

'બાપુજી, એમને ખબર પડે કે આ ઘરમાં શરાબ...'

'એમને ક્યાંથી ખબર પડશે? અમે કહીશું નહીં ને તું કહેતી નહીં.'

અભિમન્યુએ ઊભા થઈને માની આસપાસ હાથ લપેટ્યા:

'મા, તું શું કામ ચિંતા કરે છે? આ તો દાદાજી આવ્યા એટલે જરા આમ જ... બાકી, હવે મેં નક્કી કર્યું છે કે હું શરાબ છોડી દેવાનો છું.'

'સાચું બોલે છે?'

'તારા સોગંદ.'

એણે માનો હાથ લઈ પોતાના માથે મૂક્યો અને માની પાછળ ઊભા રહી દાદાજીને આંખ મારી. ગુલાબસિંહના ચહેરા પર આછું સ્મિત ફરક્યું. એમણે ડોકું ઝુકાવીને પૌત્રની વાતમાં સંમતિ આપી.

'બેટા, તું જો શરાબ છોડી દેને તો તું જે કહીશ તે કરીશ.'

'ના મા, તું જે કહીશ તે હું કરીશ. વચન આપું છું, મા!'

ગુલાબસિંહે શીખવેલી રમત અભિમન્યુએ તરત જ રમવા માંડી એ જોઈને ગુલાબસિંહને મજા પડી ગઈ.

'વહુ, હું એને સુરેન્દ્રનગરથી સમજાવીને લાવ્યો છું. હવે એ દેવલાને મદદ કરશે. જવાબદારી ઉપાડશે ને ડાહ્યો થશે. હું બાંયધરી આપું છું.'

દાદા અને દીકરા બંનેમાં આવેલું પરિવર્તન શ્રદ્ધાબહેન માટે સુખદ આંચકો હતું. એમણે તો ધાર્યું હતું કે ઘરે જઈને અભિમન્યુને સમજાવીને દેવરાજસિંહની માફી માગવા તૈયાર કરવો પડશે, પણ અહીં તો અભિમન્યુએ જ સામેથી વાત કાઢી:

'મા, હું કાલે સવારે આવીશ... બાપુની માફી માગી લઈશ.'

'મારા દીકરા...' શ્રદ્ધાબહેન એને ભેટી પડ્યાં. એમની આંખોમાંથી આંસુ વહેવા માંડ્યાં.

'મા... સાચું કહું છું. હું બાપુને દુઃખ આપવા નહોતો માગતો, પણ...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘વહુ, બિચારો છોકરો સાચે જ સુધરવા માગે છે... રડી રડીને અડધો થઈ ગયો છે. હવે તમે જઈને હૉસ્પિટલમાં આરામ કરો, સવારે અમે આવી પહોંચીશું.’

ટૅક્સીમાં પાછાં જતાં શ્રદ્ધાબહેન એવાં ધ્રૂસકે ચઢ્યાં કે ટૅક્સીવાળાએ ટૅક્સી રોકીને એમને પૂછવું પડ્યું

‘માતાજી, કોઈ તકલીફ હૈ?’ શ્રદ્ધાબહેને ડોકું ધુણાવીને ના પાડવી પડી.

નાણાવટી હૉસ્પિટલ ઊતરીને ઉપર જતાં એમણે ટૅક્સીવાળાને 100 રૂપિયા વધારાના આપ્યાઃ

‘ખુશ રહો બેટા...’

આશીર્વાદ આપીને ઉપર જતાં એમને લાગ્યું કે આ માતાજીની જ કૃપા હતી. એમણે સહકુટુંબ દર્શન કરવા જવાનું નક્કી કર્યું એના જ ફળ રૂપે માતાએ દીકરાને સદ્‌બુદ્ધિ આપી હતી.

*

ટીટવાલાના ગણેશમંદિરથી દર્શન કરીને પગથિયાં ઊતરતાં સોમલે પત્નીના ખભાની આસપાસ હાથ લપેટ્યોઃ

‘શું માગ્યું?’

‘કંઈ નહીં.’

‘મૂરખ... દીકરો માગવો જોઈતો હતો.’

‘દીકરો?’ કેસરે નવાઈથી સોમલ સામે જોયું.

‘હાસ્તો, ટોલ એન્ડ હૅન્ડસમ... મારા જેવો. શ્રોફ ખાનદાનનો વારસ.’

‘ખાનદાનનો વારસ માત્ર દીકરો જ હોઈ શકે?’

કેસરના મનમાં ગઈ કાલ રાતથી આજ સુધીની બધી ઘટનાઓ સડસડાટ પસાર થઈ ગઈ.

બંને જણા મંદિરના પ્રાંગણમાં ઊભાં હતાં. દર્શનાર્થીઓના ઘંટારવ અને અવરજવરને કારણે વાતાવરણ એકદમ પવિત્ર લાગતું હતું. ફૂલ વેચનારા, પ્રસાદ વેચનારા આસપાસ દોડાદોડી કરતા હતા... કેસરની આંખો સહેજ ભીની થઈ. જોકે સોમલ એની સામે જોયા વિના જ હસી પડ્યો.

‘હાસ્તો! તારાં મા-બાપનો સાચો વારસ તો અભિ જ ને? તું કંઈ તારાં મા-બાપની વારસ કહેવાય?’

‘કેમ ન કહેવાઉં? હું એમનું જ લોહી છું, એમનું જ સંતાન, એમના જ સંસ્કારથી ઊછરેલી.’

ખરેખર તો અભિ કરતાં પોતે જ માતાપિતાનું ધ્યાન વધુ રાખ્યું હતું એની કેસરને સમજ હતી. પોતે ફક્ત માતાપિતાની ઇચ્છાને માન આપીને સોમલ સાથે લગ્ન કર્યાં, પોતાની ખુશી-ઇચ્છા જડતી કરીને પણ માતાપિતાને ખુશ રાખવાનો પ્રયત્ન કર્યો હતો. એ પછી પણ પોતે એમની વારસ નહીં?

આ તે કેવો ન્યાય? કેસરનું મન ભરાઈ આવ્યું.

‘સોમલ, મારે દીકરો નથી જોઈતો.’

કેસર કંઈ સમજે એ પહેલાં સોમલે એક હાથે એનું જડબું પકડી લીધુંઃ

‘શું બોલે છે? મંદિરના આંગણામાં ઊભી છે, સહેજ તો ભાન રાખ.’

‘હું સાચું કહું છું.’ કેસરની આંખમાં ઝળઝળિયાં આવી ગયાંઃ

‘જો દીકરો અભિ જેવો, તમારા જેવો કે નિખિલ પપ્પાજી જેવો હોય તો મારે નથી જોઈતો દીકરો!’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલની પકડ એના જડબા પર સખત થઈ ગઈ:

'હું તને વારંવાર માફ કરું છું. એવી હદ નહીં વટાવ કે મારી ધીરજ ખૂટી જાય.'

કેસરે ઝટકો મારીને જડબું છોડાવ્યું:

'તમારી ધીરજ ખૂટી જાય ને મારી નહીં? તમને ગુસ્સો આવે ને મને નહીં... તમને ચીડ ચડે તો તમે હાથ ઉપાડી શકો ને મને ચીડ ચડે તો હું શું કરું?'

'બેવકૂફ જેવા સવાલ નહીં પૂછ. બધી સ્ત્રીઓ જેમ જીવે છે એમ જીવ...'

આ સાંભળતાં જ કેસરની બે પાણીદાર આંખો સીધી સોમલની આંખોમાં તાકી રહી કે જાણે એણે પૂછેલા સવાલોની આગ એની આંખમાંથી નીકળીને સોમલને દઝાડી નાખી:

'આંખો નીચી રાખ.' સોમલ તાડૂક્યો.

'તમારી પાસે મારા સવાલોના જવાબો નથી.'

મંદિરના પ્રાંગણમાં ઊભેલી કેસર આરતીની જ્યોત જેવી તેજસ્વી દેખાતી હતી:

'આપણે બંને માણસ છીએ. બે હાથ, બે પગ, બે આંખો... એક મન, એક મગજ, એક હૃદય... તો પછી તમારી સાથે અને મારી સાથે બે જુદા ન્યાય કેમ?'

'ચાલ, ઘરે જઈને જવાબ આપું.'

એણે કેસરને બાવડેથી પકડીને રીતસર ઘસડવા માંડી. બંને જણા ગાડી પાસે પહોંચ્યાં. દરવાજો ખોલીને સોમલે એને પાછલી સીટમાં રીતસર ફંગોળી ને પોતે બીજી તરફનો દરવાજો ખોલીને ગોઠવાયો:

'ઘર લે લો...' એણે ડ્રાઇવરને સૂચના આપી પછી બે સીટની વચ્ચેના બોક્સમાં મૂકેલા બ્લાઇન્ડર્સ–આંખ પર પહેરવાના પટ્ટા લઈને પહેરી લીધા.

ઘર સુધી કોઈ કશું જ બોલ્યું નહીં.

ઘર આવ્યું કે સોમલ ગાડીમાંથી ઊતરી ગયો. સડસડાટ ઉપર ચાલ્યો ગયો. શ્વેતાએ પૂછેલા સવાલોના જવાબ આપ્યા વગર એ જતો રહ્યો એટલે શ્વેતાને ફાળ પડી.

'પાછું શું થયું, બેટા?'

શ્વેતાએ દાખલ થઈ રહેલી કેસરને પૂછ્યું.

'કશું નથી થયું, મા...'

કેસરે વાત ટાળવાનો પ્રયત્ન કર્યો, પણ શ્વેતાએ એટલા બધા સવાલો પૂછ્યા કે આખરે કેસરે કહી નાખ્યું:

'મેં એમને કહ્યું કે મારે દીકરો નથી જોઈતો... બસ! ચિડાઈ ગયા.'

'આવું કહેવાય, બેટા? તું હજી શ્રોફ ખાનદાનની રીતભાતો જાણતી નથી...' એણે નિ:સાસો નાખ્યો:

'પહેલે ખોળે તો દીકરો જ હોવો જોઈએ... મારાં બે અબોર્શન પછી જ સોમલ...'

'તમને નથી લાગતું કે સોમલની જગ્યાએ દીકરી હોત તો તમને વધુ વહાલ કરત–વધુ માન આપત?'

આ સવાલ શ્વેતાને રડાવવા માટે પૂરતો હતો. આંસુને રોકીને એણે હળવેથી પુત્રવધૂના ખભે હાથ મૂક્યો:

'પ્લીઝ બેટા, હવે વધુ કડવાશ ઊભી નહીં કરતી. ઉપર જઈને માફી માગી લે, એને મનાવી લે, હું તને હાથ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જોડું છું.'

'શું કામ માફી માગું? મેં મારા મનની વાત કહી, એ કંઈ ગુનો નથી...'

'મનની વાત? કોઈ પૂછે નહીં ત્યાં સુધી અભિપ્રાય પણ નહીં આપવાનો આ ઘરમાં. ચૂપ રહેવામાં...કહ્યું કરવામાં, દલીલ નહીં કરવામાં જ સુખ મળશે આ ઘરની અંદર.'

'સુખ? મોમ... અહીં આવીને મને સમજાયું કે સુખ તો બહુ સ્વાર્થી શબ્દ છે. બધાંને પોતાના સુખમાં રસ છે. ઘરનું સુખ તો અહીં ક્યારનું તરફડીને મરી ગયું છે!'

સાસુ-વહુ વાત કરી રહ્યાં હતાં ત્યારે નિખિલ શ્રોફ ટેનિસ રમીને પોતાના રૂમમાં જવા માટે પાછળના દરવાજેથી દાખલ થયો. બેમાંથી એકેયને ખબર નહોતી, પણ નિખિલ ચાલતી વાતચીત સાંભળીને ત્યાં જ અટકી ગયો.

'જો બેટા, સ્ત્રીનો જન્મ મળ્યો એટલે સમાધાન તો કરવું જ પડશે. પુરુષ સાથે સંઘર્ષ કરીશ તો તૂટી જઈશ.'

'તમે મને એવું શીખવવા માગો છો કે હું મુકાબલો કર્યા વિના જ પરાજય સ્વીકારી લઉં? સમાધાન નામનો પટ્ટો મારા ગળામાં પહેરીને આ ઘરના એક ખૂણે ગોંધાઈ જાઉં...'

'બેટા, સમાધાન નામનો પટ્ટો જો જાતે જ પહેરી લે તો એ સ્ત્રીઓને આ ઘરમાં સોનાના વાસણમાં ઇમ્પોર્ટેડ બિસ્કિટ ખવડાવવામાં આવે છે...'

શ્વેતાએ હજીય પોતાનાં આંસુ ખાળી રાખ્યાં હતાં:

'વહેલો કે મોડો એ પટ્ટો જબરદસ્તી તારા ગળામાં બંધાયા વિના નહીં રહે, દીકરા...'

'નહીં બાંધું!'

શ્વેતા એની સામે જોઈ રહી. એ છોકરીની આંખોમાં કોઈ અગ્નિશિખા જલતી હતી:

'તોડીફોડીને ફેંકી દઈશ એ પટ્ટો... જ્યાં સુધી મારા સન્માનની રેખામાં આ ઘરનાં નિયમો અને રીતભાત આવતાં હશે ત્યાં સુધી બધું જ માનીશ, પણ જો મારું અપમાન થશે તો હું...'

વાક્ય અધૂરું મૂકીને કેસરે એ પછી જે રીતે શ્વેતાની આંખોમાં જોયું એ પછી આગળના શબ્દો કહેવાની જરૂર નહોતી રહી.

નિખિલ દબાતા પગલે દાખલ થયો.

'કેસર...'

નિખિલ શ્રોફના અવાજમાં ઠંડી છરીની ધાર હતી, એને જોઈને ચોંકી ઊઠેલી શ્વેતા એક પણ અક્ષર બોલ્યા વગર કેસરનો ખભો પસવારીને આંસુ લૂછતી ઉપર ચાલી ગઈ.

'કેસર, આ ઘરનાં નિયમો કે રીતભાત એક સદી જેટલાં જૂનાં છે. એને હજુ સુધી કોઈ તોડી શક્યું નથી. આ ઘરમાં દાખલ થનારી દરેક સ્ત્રીએ ઘરનો પુરુષ કહે એમ જ જીવવું પડે છે. માન-અપમાનની અમારી પોતાની વ્યાખ્યાઓ છે—ઘરના પુરુષોએ નક્કી કરેલી. હવે પછી હું આ ઘરની પરંપરા કે રીતભાત વિશે કોઈ ઘસાતી વાત તમારા મોઢેથી સાંભળીશ તો એવી આકરી સજા થશે કે તમે કલ્પી પણ નહીં હોય!'

કેસર કશું કહે કે પ્રતિભાવ આપે તે પહેલાં નિખિલ સડસડાટ પગથિયાં ચડીને ઉપર પોતાના રૂમમાં ચાલ્યો ગયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્રોફ પરિવારના પરંપરાગત રીતે સજાવાયેલા વૈભવી દીવાનખંડની વચ્ચોવચ કેસર રાજ્યસભામાં ઊભેલી દ્રૌપદીની જેમ એકલી અસહાય, છતાં અડગ ઊભી રહી...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 13

હવે પછી હું આ ઘરની પરંપરા કે રીતભાત વિશે કોઈ ઘસાતી વાત હું તમારા મોઢેથી સાંભળીશ તો તમને આકરી સજા થશે.

શ્રોફ પરિવારના દીવાનખાનામાં ઊભેલી કેસર માટે નિખિલે જે કંઈ કહ્યું એ આઘાતજનક તો હતું જ, પરંતુ સાથે સાથે કોઈ નવી પરણેલી પુત્રવધૂ સાથે આ ભાષામાં અને આ રીતે વાત કરી શકે એ પણ નવાઈની વાત હતી.

એ ક્યાંય સુધી ડઘાયેલી છતાં દૃઢ મનોબળ સાથે ત્યાં જ ઊભી રહી:

ઉપર જવું કે ઘરની બહાર નીકળી જવું?

થોડીક વારમાં જ કેસરને સમજાયું કે આ ઘર છોડીને બહાર નીકળ્યા પછી જવા માટે એની પાસે કોઈ જગ્યા નથી. માતાપિતા એને સ્વીકારશે નહીં... એવા કોઈ મિત્રો કે સગાં નહોતાં, જેને ત્યાં જઈને રહી શકાય...

લગભગ હારેલી સ્થિતિમાં એણે ભાંગેલા ડગલે ધીમે ધીમે પગથિયાં ચડવા માંડ્યાં. એ વખતે એક જ વિચાર આવ્યો:

આ ઘરમાં મારી પાસે પોતાનો કહી શકાય એવો એક રૂમ પણ નથી. જે સ્ત્રીને કુળવધૂ, ગૃહલક્ષ્મી, દેવી કહેવાય છે એ સ્ત્રી પાસે ઘરમાં એક અલાયદો ઓરડો પણ નથી હોતો, જ્યાં જઈને એ મુક્ત મને રડી શકે!

એ જ્યારે બેડરૂમ સુધી પહોંચી ત્યારે એને વધુ નવાઈ લાગી, કારણ કે સોમલે દરવાજો અંદરથી લોક કર્યો હતો. પહેલાં એને વિચાર આવ્યો કે ડોરબેલ રણકાવીને કરીને દરવાજો ઉઘડાવે, પણ પછી મન મારીને એ બેડરૂમની બહારના નાનકડા સીટિંગ એરિયાના સોફા પર આડી પડી ગઈ.

છાતીમાં જાણે ડચૂરો બાઝ્યો હોય એમ ડૂમો ભરાયો હતો. આંસુ કપાળ સુધી છલોછલ ભરાઈ ગયાં હતાં, પણ કોણ જાણે કેમ આંખમાંથી બહાર જ નહોતાં આવતાં. એ સાવ નાની હતી ત્યારથી એને રડવું ન ગમતું... એને હંમેશાં લાગતું કે રુદન એ નબળાઈની નિશાની છે. બાળપણમાં છોકરીઓ સાથે એ ભાગ્યે જ રમતી. છોકરાઓ સાથે રમતી વખતે ઝઘડો કે મારામારી થાય તો લગભગ એમના ઝનૂન અને શક્તિથી એ પહોંચી વળતી. શારીરિક રીતે પોતે એમને ન પહોંચી વળે અને માર ખાવો પડે તો પણ ક્યારેય રડતી ઘરે આવ્યાનું કેસરને યાદ નહોતું.

અત્યારે પણ પતિના રૂમની બહાર એકલી અટૂલી—અપમાનિત સ્થિતિમાં બહાર પડી હતી ત્યારે પણ એ રડી તો ન જ શકી. એ આખી રાત કેસર સૂઈ ન શકી. પડખાં બદલતાં એણે રાત પૂરી કરી. પૂર્વનું આકાશ લાલ થઈ ગયું ત્યારે એની આંખો મીંચાઈ ગઈ. વહેલી સવારે જ્યારે શ્વેતાએ દરવાજો ખોલ્યો ત્યારે કેસરને આવી રીતે સોફામાં સૂતેલી જોઈને એને દયા આવી ગઈ.

'સોમલ... સોમલ...'

શ્વેતાએ દરવાજા પર ટકોરા માર્યા. પછી ડોરબેલ વગાડ્યો. ક્યાંય સુધી દરવાજો ન ખૂલ્યો. પછી બગાસાં ખાતાં કંટાળેલા સોમલે દરવાજો ખોલ્યો. એ ફક્ત શોર્ટસમાં ઊભો હતો. એનું કસાયેલું શરીર કોઈ ગ્રીક શિલ્પ જેવું દેખાતું હતું. એણે ખૂબ ધીમેથી દીકરાને સમજાવવાની શરૂઆત કરી:

'આ શું? કેસર બહાર સોફામાં સૂઈ ગઈ છે.'

'ખબર છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આ બરાબર નથી થતું, સોમલ.’

‘યુ સ્ટે આઉટ, મોમ.’

‘સોમલ, મારા ઘરમાં એક સ્ત્રીનું, મારી પુત્રવધૂનું આટલું બધું અપમાન...’

‘મોમ, એ જાતે જ પોતાને અહીં સુધી લઈ આવી છે. આનંદથી, માનથી રહેતાં નથી આવડતું એને તો હું શું કરું?’

‘સમજાવ. વાત કર... આ સારું નથી લાગતું બેટા... હજી તો હમણાં પરણ્યા છો તમે.’

શ્વેતાએ મા-દીકરાની મર્યાદા મૂકીને કહી જ નાખ્યું:

‘કેટલાક ઝઘડા પથારી પર એકબીજાની માફી માગ્યા વગર જ પૂરા થઈ જતા હોય છે.’

‘એને માટે પથારીમાં આવવાની તૈયારી હોવી જોઈએ.’ સોમલના અવાજમાં કડવાશ છલકાઈ:

‘બરફના ગચ્ચા સાથે કોઈ કેવી રીતે...’

‘બેટા!’

શ્વેતા આગળ કશું જ બોલી શકી નહીં, પણ એણે નક્કી કરી લીધું કે કેસર સાથે આ વિશે ખુલ્લી વાત કરી લેશે. એણે સોમલના ખભે હાથ મૂક્યો:

‘એને અંદર લઈ જા. તારા પપ્પા જાગશે તો એક નવો...’ આટલું કહીને શ્વેતા પોતાના વાળ બાંધતી નીચે પાછી ઊતરી ગઈ.

સોમલ થોડી વાર ત્યાં જ ઊભો રહ્યો. કેસર તરફનો ગુસ્સો વિસારે પાડવાનો પ્રયત્ન કરીને એ એની નજીક ગયો. ઊંઘતી કેસરના ચહેરા પર બાળસહજ ભોળપણ દેખાતું હતું. સુંદર ચહેરો, બંધ આંખો, વિખરાયેલા વાળ... સોમલે વાંકા વળીને એના હોઠ પર ચુંબન કર્યું.

કેસર જાગી ગઈ પણ એણે આંખો ખોલી નહીં. કશું જ બોલ્યા વિના એણે એ ચુંબન સહી લીધું. સોમલે એના માથા અને પગ નીચે હાથ નાખીને એને ઊંચકી લીધી, બરાબર એ જ રીતે, જે રીતે એણે એને પહેલી રાત્રે ઊંચકી હતી.

બેડરૂમના પલંગ પર જઈને એણે કેસરને નજાકતથી સુવડાવી. કેસરને સોફામાંથી પલંગ સુધી લઈ જવામાં એની સાડીનો છેડો સરકી ગયો હતો. એનું ખુલ્લું ગળું... શરીરના વળાંક અને ખુલ્લું સપાટ પેટ... સાડી લગભગ ઘૂંટણથી ઉપર સરકી ગઈ હતી.

સોમલની અંદરનો પુરુષ અચાનક જ જાગી ઊઠ્યો. સંયમના બધા જ બંધ તૂટી ગયા. એણે કેસરને બંને ખભેથી પકડીને પલંગમાં જડી દીધી. પોતાનું બધું જ વજન કેસર પર નાખીને એણે ફરી એને ચૂમવા માંડી. એના હાથ કેસરની કાયા પર ફરવા માંડ્યા.

કેસરે જાતને છોડાવવાનો પ્રયાસ કર્યો, તરફડિયાં મારી જોયાં, પણ વાસનાથી આસક્ત થયેલા પુરુષની આસુરીશક્તિનો એ સ્ત્રી સામનો ન કરી શકી. કેસરે એ પછી થાકીને આંખ મીંચીને જાતને શિથિલ કરી નાખી. જે થવાનું હતું તે આજે નહીં તો કાલે થવાનું જ છે એમ માનીને એણે સોમલને અટકાવવાનો પ્રયાસ છોડી દીધો. છેલ્લા બે દિવસથી કેસરને તરસી રહેલો સોમલ પણ આજે અટક્યો નહીં. શ્વેતાની વાત રહી રહીને એના મનમાં ઘૂંટાતી હતી:

કેટલાક ઝઘડા પથારી પર એકબીજાની માફી માગ્યા વગર જ પૂરા થઈ જતા હોય છે...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આખરે થોડી વાર બાદ હાંફતો સોમલ કેસરના શરીર પરથી પથારીમાં પટકાયો ત્યારે એની ભીતરનો પુરુષ સંતુષ્ટ હતો અને કેસર લગભગ બેહોશીની અવસ્થામાં શ્વાસ લેવા પ્રયાસ લેવા મથી રહી હતી.

કેસરનાં વસ્ત્રો બેડરૂમમાં વિખરાયેલાં પડ્યાં હતાં. ચાદરથી પણ પોતાની લગભગ નગ્ન કાયાને ઢાંકી શકે એટલીય શક્તિ એનામાં નહોતી. એ ફાટી આંખે છત તરફ જોતી હતી...

સોમલ એની તરસ છીપાવી રહ્યો હતો ત્યારે કેસર ફરી એક વાર અગાઉની જેમ ખેંચાઈ ગઈ હતી. એના ગળામાંથી ચીસ પણ નહોતી નીકળી. શ્વાસ લેવા માટે તરફડતી કેસરના દાંત ભીંસાઈ ગયા... મુઠ્ઠીઓ વળી ગઈ... આખું શરીર પરસેવે તરબતર થઈ ગયું, પરંતુ શરીરની તરસમાં બેબાકળા થઈ ગયેલા સોમલને આ કશું જ દેખાયું કે સમજાયું નહીં.

બાજુમાં ચત્તી પડેલી કેસરને ચુંબન કરવા માટે સોમલ એના શરીર પર ઝૂક્યો ત્યારે એણે જોયું કે કેસરનું શરીર જાણે આંચકી આવતી હોય તેમ તણાઈ ગયું હતું. એની આંખો ચકળવકળ થતી હતી. કપાળ પરથી પરસેવાનાં ટીપાં ઓશીકા પર ટપકતાં હતાં.

સોમલ સહેજ ડરી ગયો. ઊભા થઈને એણે નજીક પડેલો પાણીનો જગ ઉપાડી એમાંથી કેસરના ચહેરા પર પાણી છાંટ્યું. કેસરે આંખો મીંચી લીધી. એને સહેજ રાહત થઈ હોય એવું લાગ્યું. સોમલે આખો જગ એના ચહેરા પર રેડી દીધો.

કેસર ભાનમાં આવી હોય એમ એનો તંગ ચહેરો સહેજ ઢીલો પડ્યો. વંકાયેલા હોઠ સીધા થયા. એની પહોળી-વિસ્ફારિત આંખો સહેજ સંકોચાઈ. ખેંચાઈ ગયેલો ચહેરો સામાન્ય થયો... એણે બેડમાં જ બેઠાં થઈ પોતાના વસ્ત્રવિહીન શરીર પર ચાદર ખેંચી લઈને એ ઊંધું ફરી ગઈ.

'કેસર...' એણે ઊંધી ફરી ગયેલી કેસરના ખભે હાથ મૂક્યો. કેસરે ઝટકો મારીને હાથ ખસેડી નાખ્યો.

'મેં તને કહ્યું હતું કે તું એટલી સુંદર છે કે હું ક્યાં સુધી સંયમ રાખી શકીશ એની મને ખબર નથી.' એ હસ્યોઃ

'ખેર, જે થયું તે સારું જ થયું.' એણે કેસરના ખુલ્લા ખભા પર હાથ ફેરવ્યોઃ

'હવે આપણે સાચા અર્થમાં પતિ-પત્ની બની ગયાં.'

થોડીક ક્ષણ કેસર કશું બોલી નહીં. એને પારાવાર પીડા થતી હતી. શરીરની સાથે સાથે મન પણ ઉઝરડાયું હોય એમ કેટલાય સમયથી સંઘરી રાખેલાં એનાં આંસુ અચાનક જ મુશળધાર વરસાદની જેમ તૂટી પડ્યાં. કોઈ સ્વજન ગુજરી ગયું હોય એમ કેસર છૂટા મોઢે રડી પડી.

'શાના માટે રડે છે? હું પતિ છું તારો. તારા શરીર પર મારો કાયદેસર અધિકાર છે.'

'શટ અપ!'

કેસર ઝટકો મારીને બેઠી થઈ ગઈ. સરકતી ચાદરને એણે બંને હાથે પકડી લીધીઃ

'ફક્ત શરીર પરના અધિકારો સાબિત કરવાથી પતિ નથી બની જવાતું. પત્નીના મનને સમજવાની જરૂર હોય છે. એની લાગણીઓ સુધી પહોંચવું પડે છે.'

કેસરના આ રુદ્ર રૂપથી ક્ષણેક માટે સ્તબ્ધ થઈ ગયા બાદ સોમલ પણ તાડૂક્યોઃ

'ભાષણ આપવાની જરૂર નથી. તને જેમ વધારે લાડ કરતો ગયો એમ તું માથે ચડી ગઈ... છૂટ એને જ અપાય, જેને એની કિંમત હોય. તેં તો મારી લાગણીને મારી નબળાઈ સમજી લીધી. મારે પહેલા જ દિવસે આ કરી નાખવું જોઈતું હતું... હવે તારું મગજ ઠેકાણે આવી જશે!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એમ નહીં માનતા કે આજે જે થયું છે એનાથી તમે જીતી ગયા છો...’

‘તો? તું હારી ગઈ એમ માનું?’ સોમલ હસ્યોઃ

‘એક વાત સમજી લે... હવે તું ગમે તેટલા ધમપછાડા કરે, તારે આ ઘરમાં ગોઠવાઈ જવું પડશે. મારી માગણીઓથી ટેવાઈ જવું પડશે. સુખથી રહેવું હોય તો કારણ વગરના ઉધામા છોડી દે, કેસર. મનથી મારી થઈ જઈશ તો તું પણ શરીરસુખ માણી શકીશ.’

‘તમે સમજતા કેમ નથી?’ કેસરે સ્પષ્ટ કહી નાખ્યુંઃ

‘તમે મને અડકો છો ત્યારે એક અણગમો જાગે છે મારી અંદર. કંઈ અજુગતું... અણગમતું બની રહ્યાની લાગણી થાય છે.’

‘તું કહેવા શું માગે છે?’

‘ખબર નથી...’

કેસર ચાદર લપેટીને બાથરૂમમાં ચાલી ગઈ. અંદર ગયા પછી પણ એના રડવાનો અવાજ બહાર સુધી સંભળાતો રહ્યો.

બાથરૂમના મોટા અરીસામાં જાતને જોઈ રહેલી કેસરને પોતાની આ કાયા પર, એ કાયાના મદહોશ કરી મૂકતા વળાંક, આ રૂપ પર તિરસ્કાર થઈ આવ્યો. શા માટે ઈશ્વરે પોતાને આવી બનાવી? ઈશ્વર પર પણ ચીડ ચડી.

એને પોતાનું આ શરીર એટલું બધું અણગમતું અને નકામું લાગ્યું કે જાણે આ શરીરમાં એને સ્ત્રી બનાવતાં તમામ અંગને કાપીને ફગાવી દેવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. શાવર ચાલુ કરીને એ નીચે ઊભી રહી ગઈ. ત્રણ-ચાર વાર સાબુ ઘસી ઘસીને, લગાડી લગાડીને નાહ્યા છતાંય એને લાગ્યું કે એનું શરીર હજી ચોખ્ખું નથી થયું. એની આંખમાંથી વરસતાં આંસુ અને શાવરમાંથી ટપકતું પાણી એકબીજામાં ભળીને ક્યાંય સુધી વહેતાં રહ્યાં.

*

સવારે નાહી-ધોઈને અભિમન્યુ દાદાજી સાથે હોસ્પિટલ જવા નીકળ્યો ત્યારે ગુલાબસિંહે એને કડક સૂચના આપીઃ

‘દેવલો કંઈ પણ બોલે, તું ચૂપ રહેજે.’

‘જી, દાદાજી.’

‘એની માફી માગજે, એને કહેજે કે તું એના જ માટે પાછો આવ્યો છે.’

‘જી, દાદાજી.’

‘એને પૂરેપૂરો જીતી લેજે. શંકાનું એક બીજ પણ એના મનમાં બાકી ના રહેવું જોઈએ.’

‘તમે ચિંતા ના કરો, દાદાજી... હું પહોંચી વળીશ.’

‘સાવજ, આજે દેવલાને તારે એવું સમજાવી દેવાનું છે કે તારા વિના એનું કોઈ નથી.’

‘એમ જ થશે, દાદાજી.’

આટઆટલું સમજાવ્યા છતાં ગુલાબસિંહને હજીયે એમના પૌત્ર પર વિશ્વાસ નહોતો. દેવરાજસિંહના ગુસ્સાને પૂરેપૂરો પી જઈને એ પિતાને જીતી લઈ શકશે કે કેમ એ વિશે એમના મનમાં શંકા હતી, પરંતુ હોસ્પિટલમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એમના લાડકા સાવજનો અભિનય જોઈને એ પોતે જ દંગ રહી ગયા.

દાદાજી અને પૌત્ર રૂમમાં પહોંચ્યા કે તરત જ ગુલાબસિંહે ધાર્યું હતું એવું જ થયું. પિતાને જોઈને દેવરાજસિંહનું મોઢું ચડી ગયું. એમણે હાથ જોડીને નમસ્કાર કર્યા. પછી તરત પડખું ફરીને બીજી તરફ સૂઈ ગયા. દીકરાને સાદો આવકાર આપવા જેટલી પણ એમનામાં ધીરજ ના રહી.

શ્રદ્ધાબહેને ધીમેથી કહેવાનો પ્રયત્ન કરી જોયો:

'સાવજ આવ્યો છે.'

'તો શું કરું? આરતી ઉતારું?'

દેવરાજસિંહે નક્કી કર્યું હતું તેમ છતાં અભિમન્યુની સાથે પોતાના પિતાને જોઈને એમના મન પરથી કાબૂ જતો રહ્યો. આ સાંભળ્યા છતાં નારાજ થવાને બદલે અભિમન્યુ પિતાના પગમાં પડી ગયો:

'બાપુ, મને માફ કરી દો.'

'ઠીક છે!'

'ના, તમે મને માફ નહીં કરો ત્યાં સુધી હું અહીંથી ઊભો નથી થવાનો. મારી બહુ મોટી ભૂલ થઈ ગઈ છે. હું આજ પછી તમને દુઃખ થાય એવું વર્તન ક્યારેય નહીં કરું.'

દેવરાજસિંહનો સ્નેહાળ હાથ પુત્રના વાળમાં અનાયાસ ફરવા લાગ્યો:

'હું તો બહુ ગુસ્સામાં હતો, પણ મને દાદાજીએ સમજાવ્યો.'

દેવરાજસિંહનો હાથ અટકી ગયો. પિતા વિશે પોતે અત્યાર સુધી જે ધારતા હતા એના કરતાં આ કંઈ જુદી જ વાત હતી.

'દાદાજીએ મને કહ્યું કે તારા બાપે જે ભૂલ કરી છે તે તું નહીં કરતો. માતાપિતાની સેવા કરવી એ સંતાનની ફરજ છે. એમાં પણ તમારા સમાચાર સાંભળ્યા પછી તો દાદાજી સાથે આવવા તૈયાર થઈ ગયા...'

દેવરાજસિંહે પિતા સામે જોયું. હવે અભિનય કરવાનો વારો ગુલાબસિંહનો હતો. એમણે બીજી તરફ જોઈને આંખો લૂછી. દેવરાજસિંહની આંખો પણ છલકાઈ ઊઠી:

'ભા...'

'ગમે તેવો તોય તું મારો દીકરો છે. છોરુ-કછોરું થાય, અમારાથી કમાવતર કેમ થવાય?'

'મને માફ કરશો?'

'તું તારા દીકરાને માફ કરી દે તો હું મારા દીકરાને માફ કરું.'

હવે દેવરાજસિંહ જેવા ભડ રાજપૂતની આંખો પણ ચૂવા લાગી... ત્રણ પેઢીના પુરુષોને રડતા જોઈને શ્રદ્ધાબહેનની આંખો પણ ભરાઈ આવી:

'ઈશ્વરે તમારી માંદગી આશીર્વાદની જેમ મોકલી... પ્રભુ જે કરે તે સારા માટે એ આનું નામ...'

'બેટા, ઝટ સાજો થઈ જા. મારે તમને બેઉને ભેગા ઓફિસ જતા જોવા છે. બસ, પછી હું મારે ગામ... સૌને રામ રામ...'

'હું તમને ક્યાંય નહીં જવા દઉં, દાદાજી.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ભા, ગામ તો બહુ રહ્યા. હવે અમારી સાથે રહો. તમારા પૌત્રની સફળતા... એની આવડત તમારી નજરે જુઓ.’

ગુલાબસિંહ આ જ વાક્યની રાહ જોતા હતા. દાદા અને પૌત્રની નજર મળી. બંનેના હોઠને ખૂણે સ્મિત રમી ગયું એ દેવરાજસિંહની ભીની આંખો જોઈ ના શકી.

*

સોમલ તૈયાર થઈને ફોર્મલ વસ્ત્રોમાં ડાઇનિંગ ટેબલ પર પહોંચ્યો ત્યારે નિખિલે નવાઈથી એની સામે જોયું:

‘ઓફિસે આવે છે?’

‘હા.’ એણે ટેબલ પર પડેલા ઓરેન્જ જ્યુસના જગમાંથી ગ્લાસમાં જ્યુસ રેડતાં નજર મિલાવવાનું ટાળ્યું:

‘તમારા નવા પ્રોજેક્ટની ડિટેલ્સ કરવાની છે.’

‘એવી કોઈ જરૂર નથી. ઓફિસમાં ઘણા આર્કિટેક્ટ છે.’

નિખિલે હસતાં હસતાં શ્વેતા સામે આંખ મારી:

‘ભાગી છૂટવા માટે મારા કામનું બહાનું કરવાની જરૂર નથી.’

‘હું કોઈથી ભાગતો નથી, ડૅડ... મારે સાચે જ કામ છે.’

વધુ કોઈ ચર્ચા થાય તે પહેલાં સોમલ ઊભો થઈને બહાર નીકળી ગયો.

શ્વેતા અને નિખિલ બંને થોડી વાર ચૂપચાપ બ્રેકફાસ્ટ કરતાં રહ્યાં. પછી શ્વેતાએ ધીમેથી નિખિલને કહ્યું:

‘આજે તમે જરા વાત કરજો. અત્યારથી આવું કરે છે...’

‘મેં તો પહેલાં જ કહ્યું હતું કે આ છોકરી સોમલને લાયક નથી. તમે દીકરાની પસંદ પર વારી ગયાં હતાં.’

પિતા તરીકે સમજદારીથી વર્તીને સોમલને સમજાવવાની વાત કરવાને બદલે નિખિલે પત્નીને ચાબખો મારવાની તક છોડી નહીં:

‘મિડલ ક્લાસ આખરે મિડલ ક્લાસ જ રહે. હું તો કહું છું પાછી મોકલી દો.’

‘શું બોલો છો?’

‘હાસ્તો, કહો એનાં મા-બાપને કે મોટા ઘરના રીતરિવાજ શીખવીને પછી મૂકી જાય.’ પછી એણે વ્યંગમાં ઉમેર્યું:

‘આજે જ મળવાના છે દેવરાજસિંહ... અમારી જૂહુની સાઇટ પર. તું કહે તો મોઢામોઢ કહી દઉં...’

‘એમની તબિયત સારી નથી. એવું કંઈ કરતા નહીં.’

‘ભલે... જેવો તમારો હુકમ.’

નિખિલને સારા મૂડમાં જોઈને શ્વેતાએ એક નવું પત્તું ઊતરવાની હિંમત કરી:

‘આ બે જણા હનીમૂન પર જઈ આવે તો...’

‘મેં ક્યાં ના પાડી? જ્યાં જવું હોય ત્યાં જાય... નક્કી તો એમણે કરવાનું છે.’

‘તમે સોમલને વાત કરજો. હું કેસર સાથે વાત કરીશ. અહીંથી બહાર નીકળીને બે જણા સાવ એકલાં થોડો વખત...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તું કહે છે તો હું કહીશ, પણ સોમલ તૈયાર નહીં થાય.’

નિખિલ ઊભો થઈ ગયો. એણે શ્વેતા સામે જોઈને વરવું સ્મિત કર્યું:

‘માનવું હોય તો માન, તારો દીકરો ધરાઈ ગયો છે. ગિલેટ ઊતરી ગયો આ છોકરીનો.’

ટેબલ પર પડેલી વિટામિનની ગોળી મોઢામાં સરકાવી એક ગ્લાસ પાણી પી બહાર જતાં નિખિલે શ્વેતાના ગાલ પર ટપલી મારી:

‘હવે ગુંદરપટ્ટીઓ ચોટાડીને કેટલા દિવસ ટકશે આ લગન એ જ જોવાનું છે.’

*

‘બેટા, આજે જૂહુના પ્રોજેક્ટ માટે નિખિલ શ્રોફ સાથે મિટિંગ છે, તું જઈશ?’

અભિમન્યુ નવાઈથી પિતા સામે જોઈ રહ્યો. એને તો લાગતું હતું કે દેવરાજસિંહને જીતવામાં ઘણો સમય જશે. એ અભિમન્યુ પર વિશ્વાસ મૂકતાં દસ વાર વિચાર કરશે. એને બદલે એમની જિંદગીના સૌથી મહત્ત્વના પ્રોજેક્ટમાં આટલી ઝડપથી પોતાને સામેલ કરી દેશે એવી અભિમન્યુને કલ્પના પણ નહોતી.

‘ચોક્કસ, પણ...’

‘ઓફિસમાંથી તારી સાથે મનોજ આવશે. એને પ્રોજેક્ટ વિશે બધી ખબર છે. આજે ડિઝાઇનની ડિટેલ્સ ડિસ્કસ કરવાની છે.’

દેવરાજસિંહે લગભગ સ્વગત ઉમેર્યું:

એનો દીકરો જો બિઝનેસમાં રસ લઈ શકતો હોય તો મારે પણ દીકરો છે... એના દીકરા કરતાં વધુ કહ્યાગરો ને હોશિયાર.

ગુલાબસિંહે ગર્વથી પૌત્ર સામે જોયું:

‘આ જ તક છે બેટા, સારા કામમાં મુહૂર્ત શું જોવાનું? પહોંચી જા. દેવલાની ચિંતા દૂર કર, બેટા.’

અભિમન્યુએ વાંકા વળીને પિતાની ચરણરજ માથે ચડાવી:

‘હું થોડી વારમાં ઓફિસ પહોંચી જઈશ. તમે મનોજને કહી રાખજો.’ અભિમન્યુ ત્યાંથી નીકળી ગયો.

‘દેવલા, આજે જિંદગીમાં પહેલી વાર તારા કોઈ નિર્ણય પર મને ગર્વ થયો...’

‘સાચું કહું તો મને પણ સારું લાગ્યું. તમે એને જવાબદારી આપી છે તો એ જરૂર નિભાવશે.’

શ્રદ્ધાબહેનનો અવાજ પણ ગળગળો થઈ ગયો.

હોસ્પિટલમાંથી નીકળીને અભિમન્યુ ઓફિસે પહોંચ્યો. પ્રોજેક્ટની બધી વિગત સમજી શકાય એટલી સમજવાનો પ્રયત્ન કર્યો. લગભગ સાડા બારે અભિમન્યુ અને મનોજ મિટિંગમાં જવા નીકળ્યા ત્યારે અભિમન્યુના પેટમાં પતંગિયાં ઊડતાં હતાં. નિખિલ શ્રોફની સામે જે તાયફો થયો એ પછી ફરી એની સામે ઊભા રહેતાં અભિમન્યુને રીતસર ડર લાગતો હતો.

મનોજ અને અભિમન્યુ પહોંચ્યા ત્યારે નિખિલ હજુ આવ્યો નહોતો. મનોજે સાઈટ પર ફરીને પાયાનું અને પ્લીન્થનું કામ બતાવ્યું. અભિમન્યુ એ બધું જોઈ રહ્યો હતો ત્યારે જ નિખિલ શ્રોફની મર્સિડિઝ આવીને ઊભી રહી. ડ્રાઇવરે ઊતરીને દરવાજો ખોલ્યો ત્યારે નિખિલ નીચે ઊતર્યો. અભિમન્યુને જોઈને એના ચહેરા પર એક વિચિત્ર પ્રકારનું સ્મિત આવી ગયું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આ અહીંયા શું કરે છે?’ એણે મનોજને પૂછ્યું.

‘સરની તબિયત ખરાબ છે. આજથી આમણે ઓફિસ જોઇન કરી છે.’

‘તો મુહૂર્ત જ મારાથી કર્યું?’ નિખિલે કડવાશભર્યા સ્વરે વાત શરૂ કરી.

‘ભાઈ, આ રહેવા માટેનું બિલ્ડિંગ છે, ડાન્સબાર નથી બનાવવાનો.’

‘આપણે કામની વાત કરીએ?’ મનોજને બદલે અભિમન્યુએ જવાબ આપ્યો.

‘ચાર કલાકમાં તું નિખિલ શ્રોફ જોડે કામની વાત કરી શકે એટલું બધું શીખી ગયો?’

અભિમન્યુને આ સવાલ ચચરી ગયોઃ

‘કેટલાકને ચાર કલાકમાં બધું આવડી જાય ને કેટલાક ચાલીસ વર્ષ પછી પણ બેવકૂફ જ રહે.’

‘તારા બાપની વાત કરે છે?’

‘જુઓ મિસ્ટર શ્રોફ, હું તમારું માન રાખું છું...’

‘તારી પાસે કોઈ ચોઈસ નથી. તારો બાપ પણ મારું માન રાખે છે.’

‘એમણે કરી એ બધી ભૂલો હું નહીં કરું.’ અભિમન્યુથી રહેવાયું નહીં.

‘ખરી વાત છે. તારા જેવો છોકરો પેદા કરવાની ભૂલ બધાથી થોડી થાય?’

‘મિસ્ટર શ્રોફ, તમે પર્સનલ થઈ રહ્યા છો?’

‘એમ? મને તો એમ કે તેં તે દિવસે જાહેરમાં જે કર્યું એ પછી કશું પર્સનલ રહ્યું જ નથી.’

‘આપણે જૂની વાતો ભૂલીને કામની વાત કરીએ?’ અભિમન્યુની ધીરજ ખૂટવા માંડી હતી.

‘જૂની વાત કેવી રીતે ભૂલી જાઉં? હજારો માણસોની સામે તેં મારી ઇજ્જતના ધજાગરા કર્યા...’

‘ધજાગરા? ઇજ્જત હોય એના જ ધજાગરા થાય.’

અભિમન્યુએ ધીમેથી કહ્યું, પણ નિખિલના સરવા કાને સાંભળી લીધું. એનો ચહેરો ફરી ગયો. કાનની બુટ લાલ થઈ ગઈ. જડબાં ભીંસાઈ ગયાંઃ

‘શું બોલ્યો?’

મનોજે વાત પતાવવાના ઇરાદાથી કહ્યુંઃ

‘ડિઝાઇન જોઈ લઈએ, સર?’

‘ના. પહેલાં એ મારી માફી માગશે.’

‘શાના માટે?’

‘મારી ઇજ્જત નથી એવું કહેનારે કાન પકડીને મારી માફી માગવી પડે.’

‘હું એવું બોલ્યો જ નથી.’

‘હમણાં તો કહ્યું.’ એણે મનોજ સામે જોયુંઃ

‘બોલ્યો કે નહીં?’

‘સર, એવું તો એમણે કહ્યું નથી.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'શાબાશ! હું ભૂલી ગયો કે તું તો એનો કૂતરો છે. એની સામે નહીં ભસે.'

'સર પ્લીઝ...' મનોજ પણ અકળાઈ ગયો હતો. નિખિલને બધા જ ઓળખતા હતા. એની તોછડાઈ, એનો અહંકાર કોઈથી અજાણ્યાં નહોતાં, પરંતુ એની સાથે બિઝનેસ કરવામાં સૌને ફાયદો હતો એટલે એના અવગુણો બધા ચલાવી લેતા.

'અમે પ્રોજેક્ટની ડિટેલ ડિસ્કસ કરવા આવ્યા છીએ. આપણે બીજી વાત શું કામ કરીએ છીએ?' મનોજે વાત બદલવાનો પ્રયત્ન કર્યો.

'હવે મૂડ નથી.'

નિખિલે પોતાના સનગ્લાસીસ આંખ પર ચડાવી દીધા:

'માફી નહીં માગે ત્યાં સુધી આ પ્રોજેક્ટ વિશે કોઈ વાત કરવાનો મને મૂડ નહીં આવે.'

કોઈ કંઈ સમજે તે પહેલાં ગાડીમાં બેસી ગયો:

'દેવરાજસિંહ ઝાલાને કહેજે કે હું કંપનીના માલિક સાથે જ વાત કરું છું. નોકરો સાથે વાત કરવાની મને ટેવ નથી.'

એણે ગાડીનો દરવાજો બંધ કર્યો. એની ગાડી ધૂળ ઉડાડતી સડસડાટ ત્યાંથી નીકળી ગઈ.

અભિમન્યુએ નજીક પડેલા પથ્થરને લાત મારી:

'નોનસેન્સ!'

'નિખિલ શ્રોફ આ જ રીતે વાત કરે છે. એક-બે વાર સર સાથે પણ આવી જ રીતે...' મનોજ ચૂપ થઈ ગયો.

'સમજે છે શું એના મનમાં? હું એને સીધો કરી નાખીશ.'

'આ માણસ એટલી સહેલાઈથી સીધો થાય એમ નથી.'

'ભલભલાને સીધા કરી નાખ્યા છે. નિખિલ શ્રોફ ચીજ શું છે?'

અભિમન્યુ ગાડીમાં બેસી ગયો. મનોજ ગાડીમાં બેઠો તો ખરો, પણ એ જાણતો હતો કે નિખિલ શ્રોફ શું કરી શકે એમ છે. આ પ્રોજેક્ટ પર દેવરાજસિંહ ઝાલાના કરોડો રૂપિયા લાગ્યા હતા. દેવરાજસિંહે માર્કેટમાંથી પૈસા ઉઠાવ્યા હતા. નિખિલ શ્રોફ જો આ પ્રોજેક્ટને ટલ્લે ચડાવી દે તો દેવરાજસિંહ વ્યાજમાં જ તૂટી જાય એવું મનોજને સમજાતું હતું.

હવે આ વાત બીમાર દેવરાજસિંહને કઈ રીતે કહેવી એના વિચારમાં મનોજ મનોમન ગૂંચવાતો રહ્યો.

*

કિચનની વ્યવસ્થા ગોઠવીને શ્વેતા ઉપર પહોંચી ત્યારે કેસર બારી પાસે પથ્થરની બેઠક ઉપર બેસીને અપલક બારીની બહાર જોઈ રહી હતી. એના ચહેરા પર કોઈ ભાવ નહોતા. પથ્થર જેવો સપાટ ચહેરો લઈને એ કોઈ પૂતળાની જેમ બેઠી હતી.

શ્વેતા એની બાજુમાં આવીને ચૂપચાપ ગોઠવાઈ ગઈ.

થોડી વાર સુધી બંનેમાંથી કોઈ કશું બોલ્યું નહીં. પછી શ્વેતાએ એના ખભા પર હાથ મૂક્યો. કેસરનું શરીર બરફ જેવું ઠંડું હતું:

'બેટા!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્વેતાનો અવાજ જાણે કેસર સુધી પહોંચતો જ નહોતો.

‘આમ ક્યાં સુધી ચાલશે?’

કેસરે એક પણ અક્ષર બોલ્યા વિના કોરી અને ખાલી આંખે શ્વેતા સામે જોયું.

‘સોમલ દિલનો ખરાબ નથી. એ તને ચાહે છે...’

‘ખરેખર?’

કેસરના આ ચાર અક્ષરના સવાલમાં હજારો ચિનગારી ભડકતી હતી.

‘બેટા, સ્ત્રીએ અનેક રૂપ ધારણ કરવાં પડે છે. રસોડામાં મા, ઘરના કામમાં દાસી અને...’ થોડા સંકોચથી ઉમેર્યું:

‘પથારીમાં અપ્સરા થવું પડે છે.’

‘અને પુરુષ? એ ફક્ત માલિક છે? કોઈ પણ સ્થિતિમાં, કોઈ પણ પળે...’

‘પુરુષનો પ્રેમ એટલે જ માલિકી. એનો અહંકાર એની પ્રકૃતિનો ભાગ છે. પુરુષ શ્વાસ લેવાનું ભૂલી શકે, પણ અહમ્ને પંપાળવાનું ન ભૂલી શકે...’

‘એટલે સ્ત્રીએ એનો પ્રેમ પામવા, એના અહંકારને પોતાનું સ્વમાન સિંચ્યા કરવાનું?’

‘સુખી થવું હોય તો એમ કરવાનું.’

‘ને દુઃખી થવા તૈયાર હોઉં તો?’

‘પુરુષ સલામતી આપે છે. બદલામાં સ્વતંત્રતા માગી લે છે. દરેક વાતની કિંમત હોય છે, બેટા.’

‘હું જિંદગી મારી શરતોએ જીવવા માગું છું, મા... એના માટે કિંમત ચૂકવવા તૈયાર છું. મને આ લગ્ન નામની સલામતીનું પીંજરું નથી જોઈતું. મારે ખુલ્લા આકાશમાં પાંખ ફેલાવવી છે... આખું આકાશ માપી જોવું છે એક વાર.’

‘આકાશ અનંત છે, બેટા... ક્યાંયથી શરૂ નથી થતું ને ક્યાંય પૂરું નથી થતું... શું માપીશ? કઈ રીતે માપીશ?’

‘કશું જાણતી નથી...’

કેસરની આંખમાં વિચિત્ર પ્રકારનો આત્મવિશ્વાસ છલકાતો હતો:

‘બસ, એક વાત નક્કી કરી છે... હવે જે નથી કરવું એ નહીં કરું અને જે કરવું છે એ જ કરીશ.’

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 14

જૂહુની સાઇટ પરથી નિખિલ શ્રોફ ઓફિસ પહોંચ્યો ત્યાં સુધીમાં એનું મગજ ગુસ્સાથી ફાટફાટ થવા લાગ્યું...

સોમલ-કેસરનાં લગ્નના દિવસથી અભિમન્યુ પર અણગમો થઈ ગયેલો. આજના અભિમન્યુના વર્તનથી એ અણગમામાં ગુસ્સો ઉમેરાયો.

આમેય નિખિલ શ્રોફના પૂર્વગ્રહો ઝડપથી બંધાઈ જતા. એ ઓફિસ પહોંચ્યો ત્યાં સુધી એણે આ એક જ વાત ઘૂંટ્યા કરી. ઓફિસ પહોંચતાંની સાથે જ એણે દેવરાજસિંહને ફોન લગાડ્યો.

ગુલાબસિંહ ઘરે ગયા પછી પતિને જમાડીને શ્રદ્ધાબહેન હજી હમણાં જ આંખ મીંચીને આડે પડખે થયાં હતાં. અભિમન્યુની મિટિંગના હજી કોઈ સમાચાર નહોતા એટલે દેવરાજસિંહ ઉચાટમાં ઊંઘી શક્યા નહોતા.

બેડમાં પોતાની બાજુમાં પડેલા મોબાઇલની સ્ક્રીન પર નિખિલ શ્રોફનું નામ ઝબકતું જોઈને એમણે તરત ફોન ઉપાડ્યોઃ 'નમસ્તે...'

એ હજુ આગળ બોલે ત્યાં સામે છેડેથી નિખિલ શ્રોફનો કર્કશ સ્વર સંભળાયોઃ

'તમે આ શું માંડ્યું છે?'

'શું થયું?'

દેવરાજસિંહને ચિંતા થઈ. એમણે અભિમન્યુને મોકલ્યો એ વાતે નિખિલ નારાજ થયો હશે એમ માનીને એમણે ખુલાસો કરવા માંડ્યોઃ

'હું તો હોસ્પિટલમાં છું. હાર્ટએટેક...'

'હમણાં ફોન ઉપાડી શકો છો, તો એક ફોન કરીને મિટિંગ કેન્સલ પણ કરી શક્યા હોત.'

'મને થયું કે તમારો સમય બગડે...'

'મારું તો બધુંયે બગડી જ ગયું છે. જ્યારથી તમારી સાથે બિઝનેસ કરવાનો શરૂ કર્યો ત્યારથી જાણે પનોતી બેઠી છે.'

'એવું શું કામ બોલો છો?'

દેવરાજસિંહે બને એટલો સંયમ રાખીને કહ્યું.

'તે દિવસે ખાતમુહૂર્તમાં મારા દીકરાએ કેસરને જોઈ ના હોત તો આપણે બધાયે સુખી હોત. ધંધો ધંધાની જગ્યા હોત... તમારી દીકરીને અહીંયાં ધકેલીને જંપ્યા નહીં, હવે તમારા દારૂડિયા દીકરાને પણ...'

'પણ એણે શરાબ છોડી દીધો છે.' દેવરાજસિંહે સહેજ પોરસાઈને કહ્યું.

'એમ?' નિખિલે વ્યંગ કર્યોઃ

'કેટલા કલાક થયા?'

'શ્રોફસાહેબ, વાંધો શો પડ્યો એ કહો. અભિમન્યુ હજી આજથી જ કામે લાગ્યો છે. કંઈ ન સમજ્યો હોય તો...'

'જેનામાં સમજણ હોય એને સમજાય, તમારાં બેમાંથી એકેય સંતાનમાં સમજણ છે જ નહીં.'

'અભિમન્યુ નાદાન છે એ હું સ્વીકારું છું. કંઈ બોલ્યો હોય તો માફી માગું છું, પણ કેસર...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એ તો એનાથીયે વધારે નાદાન અને બેવકૂફ છે. સંસ્કારનો થોડો વારસો આપ્યો હોત તો સારું થાત. અહંકાર અને આડોડાઈનો વારસો આપ્યો છે તમે.’

‘ઘણું બોલ્યા શ્રોફસાહેબ, મારી દીકરી...’

‘હજી તો હું કંઈ બોલ્યો જ નથી. ઘરના નિયમો પાળવા નથી, રીતભાત જાણવી નથી... તમારી દીકરીને ખરેખર તો કોઈ ગામડાના રાજપૂત કુટુંબમાં પરણાવી દેવી જોઈતી હતી.’

‘તમારી વાત સાચી છે. મને પણ એવું લાગે છે કે તમારે ઘેર દીકરી આપીને ભૂલ જ થઈ ગઈ. હવે શું થઈ શકે?’

દેવરાજસિંહ શાંત રહેવાનો પ્રયત્ન કરતા હતા એ સાચું, પણ એમનું મગજ ઉશ્કેરાવા માંડ્યું હતું. એમની નસો તંગ થવા લાગી હતી. કપાળ પર પરસેવો વળવા માંડ્યો હતો. જાત પર સંયમ રાખવાના પ્રયત્નમાં એ વધુ ને વધુ ઉશ્કેરાવા માંડ્યા. એમનો અવાજ અજાણતાં જ સહેજ ઊંચો થઈ ગયો. શ્રદ્ધાબહેન જાગી ગયાં.

‘કરવું હોય તો ઘણું થઈ શકે. આવીને લઈ જાવ તમારી દીકરીને. બેઉ કુટુંબની ભૂલ સુધરી જશે.’

‘શ્રોફસાહેબ! આ શું બોલો છો?’

‘સાવ સાચું કહું છું. આજે નહીં તો કાલે, એ દિવસ આવવાનો જ છે. મને નથી લાગતું કે તમારી દીકરી અમારા ઘરમાં એડ્જસ્ટ થઈ શકે.’

નિખિલ શ્રોફે ખરેખર તો અભિમન્યુની ફરિયાદ કરવા ફોન કર્યો હતો, પણ વાતની દિશા ફંટાઈ ગઈ.

‘જુઓ, મોટા ઘરમાં રહેવું હોય તો મોટા ઘરની રીતભાત શીખવી પડે.’

દીકરીની વાત આવતાં દેવરાજસિંહ નરમઘેંસ થઈ ગયા:

‘હું વાત કરીશ એની સાથે. હું તો એક જ વાત કહું છું, આવીને લઈ જાવ. ટ્રેઇન કરીને મૂકી જજો.’

આટલું કહીને ધૂંધવાઈને નિખિલે મોબાઇલ કટ કર્યો.

વાત આગળ ચાલી હોય તો દેવરાજસિંહને કહેવું હતું કે આ કંઈ સરકસનું જાનવર નથી કે એને ટ્રેઇન કરી શકાય, પરંતુ એ ગમ ખાઈ ગયા. એમણે ફોન પાછો સાઇડ ટેબલ પર મૂક્યો ત્યાં સુધીમાં શ્રદ્ધાબહેન એમની બાજુમાં આવીને ઊભાં રહી ગયાં હતાં.

‘શું થયું?’

‘કાંઈ નહીં. આ તારી દીકરી સુખેથી મરવા પણ નહીં દે મને.’

‘એણે બિચારીએ...’

‘જરાય બિચારી નથી. આજે ને આજે એને ઘેર બોલાવ. મારે એની સાથે વાત કરવી છે.’

‘તમે...’

દેવરાજસિંહના બદલાતા તેવર જોઈને શ્રદ્ધાબહેન ડરી ગયાં હતાં. ગુસ્સામાં ક્યારે એમણે પોતાનો ડાબો હાથ પકડીને દબાવવા માંડ્યો એનો એમને પોતાનેય ખ્યાલ નહોતો રહ્યો. ઉશ્કેરાટમાં શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યા હતા. શ્રદ્ધાબહેને નજીક આવીને એમની છાતી પર હાથ ફેરવવાનો પ્રયાસ કર્યો, પરંતુ દેવરાજસિંહે એમને દૂર ધકેલી દીધાં.

‘કોણ જાણે કઈ જાતનાં છોકરાં જણ્યાં છે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બોલતાં બોલતાં તો એમની આંખો ચકળવકળ થવા લાગી. એ પલંગમાં ઢળી પડ્યા. એમને હાંફતા જોઈને શ્રદ્ધાબહેને ઇન્ટરકોમ ઉપાડી નર્સસ્ટેશનમાંથી નર્સને બોલાવી.

દોડી આવેલી નર્સે કાર્ડિયાક મસાજ શરૂ કર્યો અને શ્રદ્ધાબહેનને ખખડાવવા માંડી:

'કિતની બાર બોલા, પેશન્ટ કો ટેન્શન નહીં દેને કા... લેકિન તુમ લોગ સુનતા હીં નહીં હૈ.'

ફરજ પરના ડોક્ટર અને બીજો સ્ટાફ તરત જ કામે લાગી ગયો. દેવરાજસિંહને ફરી એન્જાઇનલ પેઇન શરૂ થયું હતું. હાર્ટએટેક પછી સ્ટેબલ થયા પહેલાં આ પ્રકારનું પેઇન ખતરનાક પુરવાર થઈ શકે એમ હતું.

*

આ તરફ દેવરાજસિંહનો ફોન ડિસકનેક્ટ કરીને નિખિલ પોતાની ચેમ્બરમાં આંટા મારવા લાગ્યો.

એક વાર વાંધો પડ્યા પછી એને દરેક વાતમાં ઊંધું જ દેખાતું. દેવરાજસિંહે આટલી નમ્રતાથી અને સંયમથી વાત કર્યા છતાં નિખિલને તો એવું જ લાગ્યું કે દેવરાજસિંહ અહંકાર અને તોછડાઈથી વર્ત્યા હતા.

'ડૅડ...'

સોમલ હાથમાં બ્લૂ પ્રિન્ટ લઈને કંઈ પૂછવા માટે ચેમ્બરમાં દાખલ થયો, પણ એણે જોયું કે નિખિલ ગુસ્સામાં આંટા મારતો હતો:

'શું થયું?'

એ જાણતો હતો કે ડૅડી જૂહુવાળી સાઇટની મિટિંગમાં ગયા હતા.

'આ બાપ-દીકરો બંને સરખા છે.' નિખિલની આંખો ગુસ્સામાં લાલ હતી:

'પાઠ તો ભણાવવો જ પડે એ બંનેને! મિટિંગમાં અભિમન્યુ આવ્યો હતો.'

સોમલને યાદ આવ્યું કે દેવરાજસિંહ તો હોસ્પિટલમાં હતા.

'એક પૈસાની આવડત નથી, પણ ભાઈ-બહેનમાં અહંકારની કોઈ હદ નથી.'

'કામ ડાઉન ડૅડ! થયું શું?'

જવાબમાં નિખિલે વધારી વધારીને આખી વાત કરી. એ સાંભળીને સોમલ ઉશ્કેરાઈ ગયો

'શું કરવું છે? હું જઈને વાત કરું?'

'આ લોકો સાથે વાત કરવાનો કોઈ અર્થ નથી. પ્રોજેક્ટ અભરાઈ પર ચડાવી દો.'

'પણ, ડૅડ...'

'જો સોમલ, હવે જ્યાં સુધી દેવરાજ ઘૂંટણિયે પડતા ન આવે ને એના અહંકારી દીકરા પાસે મારી માફી ન મંગાવે ત્યાં સુધી જૂહુના પ્રોજેક્ટમાં એક ઈંટ પણ આગળ નહીં મૂકવાની.'

નિખિલના ચહેરા પર ક્રૂર સ્મિત આવી ગયું:

'જમીન એની છે, રૂપિયા એના લાગ્યા છે! આપણી સાથે બરોબરી કરવા એણે પૈસા રોક્યા તો છે, પણ ભારે પડશે. નાક બંધ થશે તો આપોઆપ મોઢું ખૂલશે એનું.'

'આપણું નુકસાન થશે એનું શું?'

'નિખિલ શ્રોફને આવા નાના-મોટા નુકસાનની પરવા નથી. આપણે તો બીજેથી કમાઈ લઈશું, એ ક્યાં જશે?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલના ચહેરા પર થોડી અવઢવ હતી. એને ડૅડીનો વિચાર બહુ ગમ્યો નહોતો, પણ અત્યારે એમની સાથે દલીલ કરવાનો અર્થ નહોતો. એને એટલું ચોક્કસ સમજાયું કે ડૅડીએ બિઝનેસ અને અંગત સંબંધોને સેળભેળ કરી નાખ્યા હતા. કેસર પરનો ગુસ્સો અભિમન્યુ પર અને અભિમન્યુનો ગુસ્સો દેવરાજસિંહ પર ઉતારી રહ્યા હતા. આ ગૂંચવાડામાં અત્યારે વધુ બોલવા જતાં પરિસ્થિતિ વધુ વણસી જાય એને બદલે અત્યારે એણે વાતને પડતી મૂકી દીધી.

*

અહીં દેવરાજસિંહની હાલત બગડતી જતી હતી. શ્રદ્ધાબહેને નજીક પડેલો એમનો ફોન ઉપાડી અભિમન્યુને ફોન લગાડ્યો.

દેવરાજસિંહ મિટિંગ વિશે સવાલો પૂછશે એમ વિચારીને સામે પડેલો ફોન ઉપાડવાનું અભિમન્યુએ ટાળ્યું. શ્રદ્ધાબહેન વારંવાર ફોન કરતાં રહ્યાં, પણ પિતાના ડરથી અભિમન્યુએ ફોન લીધો જ નહીં.

શ્રદ્ધાબહેને ઓફિસમાં ફોન કર્યો, અભિમન્યુએ રિસેપ્શનિસ્ટને સૂચના આપી રાખી હતી કે પોતે હજી બહારથી આવ્યો જ નથી એમ જણાવી દે.

પતિની બગડતી હાલત જોઈને શ્રદ્ધાબહેન ડરી ગયાં હતાં. અભિમન્યુનો સંપર્ક થતો નહોતો એટલે એમણે ઘેર ફોન કરીને ગુલાબસિંહને બોલાવી લીધા.

નિખિલ શ્રોફનો ફોન આવ્યા પછી દેવરાજસિંહની આ હાલત થઈ એ જાણતાં જ ચાલાક ગુલાબસિંહ સમજી ગયા કે મિટિંગમાં કોઈ ગરબડ થઈ હોવી જોઈએ.

દેવરાજસિંહની ટ્રીટમેન્ટ ચાલી ત્યાં સુધી તો એ પુત્રવધૂને સધિયારો આપતા રહ્યા. લગભગ મોડી સાંજે દેવરાજસિંહની તબિયત સહેજ સામાન્ય થઈ, ઓક્સિજનના માસ્ક ખસેડીને એ શ્વાસ લઈ શકે એવી પરિસ્થિતિ થઈ ત્યારે ગુલાબસિંહે ધીમેથી શ્રદ્ધાબહેનને પૂછ્યું

‘હું જરા ઘેર જઈને તપાસ કરું. સાવજ ક્યાં છે?’

‘એને સમજાવો ભા...’ શ્રદ્ધાબહેનની આંખો ભીની થઈ ગઈ:

‘કોણ જાણે શું થયું છે આ ઘરને. દીકરીને વળાવી એ ઘડીથી સુખ પણ વિદાય થઈ ગયું એની સાથે.’

હજી સુખને જતું તેં ક્યાં જોયું છે? મારા દીકરાને ભોળવીને એના ગળે તો ભરાઈ તું... પણ મારી સાથે જે કંઈ કર્યું એ બધા પ્રસંગોનો ગણી ગણીને બદલો લઈશ. લોહીના આંસુ રડાવીશ તને, યાદ રાખજે. આવું મનોમન વિચારતા ગુલાબસિંહ પુત્રવધૂને આશ્વાસન આપીને એ ત્યાંથી નીકળ્યા ત્યારે એમના મનમાં એક ગાંઠ તો બંધાઈ જ ગઈ હતી:

જેમ મને મારા દીકરાથી દૂર કર્યો છે એમ તારા દીકરાને પણ તારાથી જોજનો દૂર ન કરી નાખું તો મારા રાજપૂતી લોહીને ફટ કહેજો...!

*

સોમલ સવારના પ્રસંગથી ઉદ્વિગ્ન હતો.

આરોહીથી છૂટા પડ્યા પછી પાંચ વર્ષ એણે સ્ત્રી કે છોકરી વિના કાઢ્યા હતા. એ સ્વિત્ઝર્લેન્ડ ગયો એ પછી ફક્ત એની કારકિર્દીમાં એણે પૂરેપૂરું ધ્યાન આપ્યું હતું.

એના દેખાવ અને લાઇફસ્ટાઇલને કારણે છોકરીઓ એના પર મરતી. એની સાથે દોસ્તી કરવા, સંબંધ બાંધવા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અનેક છોકરીઓએ પ્રયાસ કર્યા હતા, પણ સોમલે પોતાના માસ્ટર્સ કોર્સના પાંચ વર્ષ દરમિયાન હૃદયનો હવાલો મગજને સોંપી દીધો હતો!

આ બધા સમય દરમિયાન એક છોકરી સાથે એનો સંપર્ક સતત ચાલુ રહ્યો... એ હતી એની ખાસ દોસ્ત નેહા... બાળમંદિરથી શરૂ કરીને આર્કિટેક્ચરના બૅચલર કોર્સ સુધી નેહા અને સોમલ એક બેન્ચ પર બેસીને ભણ્યાં હતાં.

સ્વિત્ઝર્લેન્ડથી પાછા આવ્યા પછી સોમલ નેહાને પોતાની કંપનીમાં લઈ આવ્યો હતો. બંને જણા ખૂબ ઝઘડતાં તેમ છતાં એકબીજા વિના બિલકુલ ચાલતું નહીં. એકબીજાને કહ્યા વિના જ એકબીજાની વાત સમજી જતાં...

નેહા થોડી તોફાની હતી. એના પરિવારમાં એકની એક છોકરી હતી એટલે પ્રમાણમાં થોડી બિન્દાસ્ત હતી. વાઇન-સિગરેટ પીતી, ક્યારેક છોકરાઓ જેવી ગાળો બોલી નાખતી. દેખાવે થોડી શ્યામ, પણ અદ્‌ભુત ફિગર ધરાવતી હતી. એ જાણતી હતી કે એનું ફિગર સરસ હતું, એટલે કાયાના વળાંક વધુ મોહક દેખાય એવા ડ્રેસ પહેરવા પસંદ કરતી.

'આવાં કપડાં શું પહેરતી હોઈશ?'

સોમલ ઘણી વાર એને ટોકતો.

'તને નહીં સમજાય...' નેહા હસતીઃ

'મને બહુ ગમે છે. આ છોકરાઓ મને જે રીતે જુએ છે એનાથી મને એક જાતની મજા આવે છે!' એ સોમલને ધબ્બો મારતીઃ

'એક તું નથી જોતો મારી સામે...'

'મને તું છોકરી લાગતી જ નથી!'

સોમલ એને હંમેશાં એક જ જવાબ આપતોઃ

'તને જ્યારે જોઉં છું ત્યારે તું બહેનપણી કરતાં ભાઈબંધ વધારે લાગે છે મને.'

'રાસ્કલ... સાલ્લા!' કહીને નેહા એકાદ ટપલી મારી લેતી સોમલના ગાલ પર...

આજે પણ સોમલ ડૅડી નિખિલની કૅબિનમાંથી બહાર નીકળીને પોતાની કૅબિન તરફ જતો હતો ત્યારે નેહા સામે આવીને ઊભી રહી ગઈઃ

'હેલ્લો, ભાઈબંધ...'

બ્લૂ રંગના સ્પેગેટી ટોપ ઉપર એણે સ્કાય બ્લૂ રંગનું પારદર્શક શર્ટ પહેર્યું હતું. ટાઇટ જિન્સમાં એના લાંબા પગ અદ્‌ભુત દેખાતા હતા.

'મૂડ નો ગુડ?' એણે પૂછ્યું.

'ચાલ, એક-એક સિગરેટ ફૂંકી લઈએ?'

આમ સોમલ સ્મોકિંગ ભાગ્યે જ કરતો, પણ નેહાની સાથે ક્યારેક સિગરેટ પીવાની એને મજા આવતી. આજે પણ નેહા સાથે થોડી વાત થઈ શકશે એમ માનીને એણે હા પાડી. બંને જણા એમની ઓફિસની ટેરેસમાં આવીને ઊભાં રહ્યાં. વાદળો ઘેરાયેલાં હતાં. મુંબઈનું ચોમાસું કાળી ઓઢણી ઓઢીને આકાશમાં દોડાદોડ કરતું હતું. નેહાએ સિગારેટ કાઢી—પૅકેટ સોમલ તરફ ધર્યું. સોમલે એક સિગારેટ ખેંચી. નેહાએ પોતાના લાઇટરથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પહેલાં સોમલની અને પછી પોતાની સિગારેટ સળગાવી. એક કશ ખેંચી ધુમાડો કાઢતાં ભવાં ઉલાળ્યાં:

'કમ ઓન, શુટ... શું થયું છે?'

'તને કેવી રીતે ખબર?'

'એ છોડ... થયું શું એ કહે?'

'નેહા, કોઈ સ્ત્રીને પુરુષના સ્પર્શમાત્રથી નફરત હોય એવું બને?'

'કેસરની વાત કરે છે?'

સોમલે ડોકું ધુણાવ્યું. એક ઊંડો કશ ખેંચીને આકાશ તરફ જોવા લાગ્યો.

'હા... મારા સ્પર્શમાત્રથી ડરે છે. છળી જાય છે... આજે સવારે...' એણે ટુકડે ટુકડે આખી વાત નેહાને કહી.

'દોસ્ત, થોડી ઉતાવળ કરી નાખી.'

નેહાએ સોમલનો હાથ પકડ્યો:

'એ વધારે ડરી જશે. તારે એને થોડો વધારે સમય આપવો જોઈતો હતો.'

'ખબર છે... હું ખરાબ માણસ નથી, પણ હું સ્ટ્રેસમાં હતો. થોડો ગુસ્સામાં પણ...' સોમલે સ્વીકારી લીધું:

'હવે શું થઈ શકે?'

'આઈ થિન્ક એને ડોક્ટર પાસે લઈ જવી જોઈએ, કોઈ સારા સાઇકોલોજિસ્ટ એની મદદ કરી શકે.'

'નેહા, સાચું કહું તો મને લાગે છે કે આ લગ્નમાં જ સહેજ ઉતાવળ થઈ ગઈ. અમે બંને સાવ જુદાં છીએ. સાથે જીવવું અઘરું થઈ જશે.'

'એ છોકરીએ તને આ જ વાત કહી હતી, પણ તું માન્યો નહીં.'

'યાહ!' સોમલે ટેરેસની પાળી પર સિગારેટ બુઝાવી અને નજીકના ડસ્ટબીનમાં ફંગોળી.

'સોમલ! હું તારી દોસ્ત છું. આજે એક વાત કહીશ તને. જિંદગી જીદ પર નથી જિવાતી. ધાર્યું મેળવવાની દોડમાં અણધાર્યું કરી બેસીએ છીએ આપણે બધા... જિંદગીમાં જેનું કોઈ મહત્ત્વ નથી એવા અહમ્ને સંતોષવા માટે જિંદગી દાવ પર લગાવી દઈએ છીએ, ને પછી એ જ અહમ્ આપણને લાત મારીને ચૂર ચૂર કરી નાખે છે.'

'ભાષણ નહીં.'

'ભાષણ નથી આપતી... એક સચ્ચાઈ કહું છું.'

નેહાએ છેલ્લો કશ ખેંચીને સિગારેટ ફંગોળી દીધી,

'તને ના સાંભળવાની ટેવ જ નથી પાડી તારાં મા-બાપે... તું જ્યારે ના સાંભળે છે ને ત્યારે તારી અંદર નિખિલ શ્રોફનું લોહી ઉછાળા મારે છે.'

નેહાની આંખોમાં પારદર્શક સચ્ચાઈ હતી:

'જિંદગીનો સૌથી મહત્ત્વનો સંબંધ તેં શતરંજનાં ખાનાંઓ પર ગોઠવી દીધો. એ છોકરીએ જો તને ના ન પાડી હોત તો કદાચ તેં આ લગ્ન માટે આટલી જીદ અને આટલી ઉતાવળ ન કરી હોત... તું એનાથી માત્ર આકર્ષાયો હતો, તને પ્રેમ નહોતો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તને શું ખબર?’

એ હસી પડી.

‘તને ખબર છે?’ એણે હસતાં હસતાં નજીક જઈને સોમલની બે આંખોમાં ગંભીરતાથી જોયું:

‘તું કોઈને પ્રેમ કરી શકે એમ છે જ નહીં. તું ફક્ત તારી જાતને પ્રેમ કરે છે. એ છોકરીનો વાંક એટલો કે એણે તારી જાત વિશેના તારા ઊંચા અભિપ્રાયને હચમચાવી નાખ્યો... પાંચ વર્ષ સુધી અનેક છોકરીઓને નકાર્યા પછી આ પહેલી એવી છોકરી હતી જેણે તને ના પાડવાની હિંમત કરી... બસ, એની એટલી જ ભૂલ હતી, સોમલ!’

સોમલ એની સામે જોઈ રહ્યો.

આ છોકરી કદાચ સાચું કહેતી હતી...

*

શ્વેતાના ગયા પછી પણ કેસર ત્યાં જ—એ જ પાળી પર ખાસ્સી વાર સુધી બેસી રહી. એને ખરેખર સમજાતું નહોતું કે એણે ક્યાં ભૂલ કરી...

સવારે સોમલ સાથે જે કંઈ બન્યું એ ભયાનક અનુભવ એને રહી રહીને પીડા આપતો હતો. એને રહી રહીને પોતાના શરીર પર તિરસ્કાર આવતો હતો. એ થોડી મિનિટોનો અનુભવ જેટલી વાર એને યાદ આવતો એટલી વાર એને આપઘાતનો વિચાર આવતો હતો. આ જ ઘરમાં, આ જ રૂમમાં રહેવાનું હોય તો આ અનુભવ વારંવાર થવાનો છે એ વિચારમાત્રથી એ કમકમી ઊઠતી હતી.

આ આખીયે વાતમાં એ એવી તો ગૂંચવાઈ હતી કે જેમ વધુ સુધારવાનો પ્રયાસ કરતી હતી એમ પરિસ્થિતિ બગડતી જતી હતી. આખી બપોર એ ત્યાં જ બેસી રહી. શ્વેતા એને જમવા માટે બોલાવવા આવી, પણ કેસરે જમવાની ના પાડી દીધી. શ્વેતાએ સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ કેસરના જડ વલણને જોયા પછી એણે પ્રયત્ન છોડી દીધો... કેસર છેક સવારથી અહીં બેઠી હતી.

સાંજ પડવા આવી ત્યાં સુધી એ ઊઠી જ નહીં. લગભગ અંધારું થવા આવ્યું ત્યારે શ્વેતાએ એના રૂમમાં આવીને લાઇટ કરી:

‘હમણાં સોમલ આવશે. ઊઠીને જરા તૈયાર થઈ જા.’

કેસર કશું બોલ્યા વિના એમ જ બંને ઘૂંટણની આસપાસ હાથ લપેટીને પૂતળાની જેમ બેસી રહી. શ્વેતા એની નજીક આવી. ખભે હાથ મૂકીને કેસરને સમજાવવાનો પ્રયત્ન કર્યો:

‘સવારથી કંઈ ખાધું નથી. થોડી ફ્રેશ થઈ જા. બધાંની સાથે ડિનર કરજે. તને પણ સારું લાગશે અને ઘરમાં પણ શાંતિ થઈ જશે.’

સાંભળ્યું જ ના હોય એમ કેસર જડવત્ બેસી રહી.

શ્વેતા થોડી વાર ત્યાં ઊભી રહીને એને સમજાવવાનો પ્રયત્ન કરતી રહી, પણ કેસર ભયાનક રીતે ડઘાઈ ગઈ હતી. જેમ જેમ રાત પડતી જતી હતી એમ એને સોમલનો ડર લાગવા માંડ્યો હતો. આજે રાત્રે શું થશે એ વિચારથી જ એની અંદર કશુંક ધ્રૂજવા માંડ્યું હતું.

‘કેસર બેટા... ઊભી થઈ જા, પ્લીઝ! હું તને હાથ જોડું, બેટા.’

શ્વેતાની વારંવારની વિનંતીઓ પછી કેસર ઊભી થઈ, ચાવી દીધેલા કોઈ પૂતળાની જેમ બાથરૂમમાં પહોંચીને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એણે મોઢું ધોયું, વાળ ઓળ્યા. શ્વેતાએ વોર્ડરોબમાંથી કાઢી આપેલાં કપડાં પહેરીને એ નીચે પહોંચી ગઈ... પણ એની ભીતરનો ભય વધુ ને વધુ તીવ્રતાથી એને ડરાવતો રહ્યો.

*

નિખિલ સામાન્ય રીતે ઓફિસથી સીધો ક્લબ જતો. વિલિંગ્ડન ક્લબમાં એક-બે પેગ ડ્રિન્ક લઈને, બે-ચાર મિત્રોને મળીને એ લગભગ સાડા આઠ સુધી ઘરે પહોંચતો. સોમલ ઓફિસેથી ઘેર નિખિલથી વહેલો આવી જતો.

આજે પણ સોમલ સાત વાગ્યે ગાડીમાં ઊતર્યો. એ હજી ડ્રોઇંગરૂમમાં દાખલ થતો હતો કે એણે કેસરને ડ્રોઇંગરૂમને જોડીને એક્સ્ટેન્ડ કરાયેલા સહેજ ઊંચા વરંડામાં ખુરશી પર બેઠેલી જોઈ.

એને સવારની ઘટના યાદ આવી ગઈ. સાથે જ નેહાની વાત પણ યાદ આવી. એક વાર એને કેસર પાસે જવાનો વિચાર આવ્યો. પછી મન મારીને એ ઉપર પોતાના રૂમમાં ગયો.

શ્વેતાએ આ જોયું.

'સોમલ...' એ ઉપર સોમલના રૂમમાં પહોંચી.

'યસ, મોમ.'

'શું થયું છે, બેટા?'

એણે નજીક આવીને દીકરાના બંને ગાલ પર હાથ મૂક્યા. સોમલ મા કરતાં ખાસ્સો ઊંચો હતો.

'એ છોકરી સવારથી જમી નથી. પથ્થર જેવી થઈ ગઈ છે.'

'તો હું શું કરું, મોમ?' સોમલ સાચે જ અકળાઈ ગયો.

'તું મને કહીશ તો કદાચ હું તારી મદદ કરી શકીશ. લગ્નના અડતાળીસ કલાકમાં તો તમે બે જણા એકબીજાને ઓળખતાં ન હો એવી રીતે...' શ્વેતાની આંખો ભરાઈ આવી:

'કોણ જાણે કોની નજર લાગી ગઈ છે.'

'કોઈની નજર નથી લાગી. હું એ બધા નોનસેન્સમાં માનતો જ નથી.'

સોમલ પીઠ ફેરવીને બાથરૂમ તરફ જવા લાગ્યો કે શ્વેતાએ એનો હાથ પકડ્યો:

'તારા ડેડનો પ્રોબ્લેમ તો હું સમજી શકું છું, પણ તમારાં બે જણા વચ્ચે...'

'અમારો પ્રોબ્લેમ તને નહીં સમજાય.'

સોમલે ઝટકો મારીને હાથ છોડાવ્યો. શ્વેતાએ ફરી એનો હાથ પકડી લીધો:

'કહીશ તો સમજાશે.'

'શું કહું?' સોમલની ધીરજ ખૂટી ગઈ. એનો અવાજ ખીજને લીધે સહેજ ઊંચો થઈ ગયો:

'એને હાથ લગાડવા જાઉં તો સાપ જોયો હોય એમ છળી મરે છે. આજથી કેટલાંય વર્ષો પહેલાં કોઈકે એની સાથે કંઈક કર્યું હતું. એની સજા મને આપે છે, તારી વહુ!'

હવે સોમલથી રહેવાયું નહીં. એ બોલી ઊઠ્યો:

'મારી કાયદેસરની પત્ની સાથે મારે એક બળાત્કારીની જેમ સંબંધ બાંધવો પડે ત્યારે...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એના અવાજમાં અચાનક નિરાશા અને ઘૃણા ઊતરી આવ્યાં:

'...ત્યારે જાત પર નફરત થાય છે મને!'

'સોમલ!' શ્વેતાએ એનો હાથ પોતાના બંને હાથમાં લઈ લીધો:

'તેં મને પહેલાં કેમ કહ્યું નહીં?'

'પહેલી વાર એ આપણા ઘરે આવી ત્યારે જ મને સમજાઈ જવું જોઈતું હતું... એ બીમાર છે મોમ. શી ઇઝ સીક.'

'ઓહ ગોડ!' શ્વેતાને ધીમે ધીમે ગડ બેસવા માંડી:

'આપણે સાઇકિયાટ્રિસ્ટને કન્સલ્ટ કરવા જોઈએ.'

'એ તૈયાર નહીં થાય.' સોમલ ધૂંધવાતો હતો.

'થશે. હું સમજાવીશ એને.'

'વેલ...'

સોમલ ખભા ઉલાળીને બાથરૂમમાં ચાલી ગયો. શ્વેતા ત્યાં જ ઊભી રહી વિચારવા લાગી કે નિખિલથી છુપાવીને કેસરને આ મનઃસ્થિતિમાંથી બહાર કાઢવી કઈ રીતે...

*

ક્લબમાં ઘેરાઈને બેઠેલો નિખિલ ફરી એક વાર પોતાની પ્રશંસાના નશામાં ઝૂમતો હતો. આસપાસ બેઠેલા સૌ નિખિલની કુનેહના, એની આવડતના... એની સૂઝબૂઝનાં વખાણ કરી રહ્યા હતા. નિખિલનો એક પ્રોજેક્ટ હજી હમણાં જ પૂરો થયો હતો. એ કોમર્શિયલ કોમ્પ્લેક્સ વિશે શહેરનાં અખબારોમાં વખાણ છપાયાં હતાં. સહુ એ વિશે ચર્ચા કરી રહ્યા હતા.

'હવે તમારા જૂહુના અપાર્ટમેન્ટ્સનું પઝેશન ક્યારે આપવા વિચારો છો?'

નિખિલની દુઃખતી નસ પર જાણે એની ક્લબના ફ્રેન્ડ અરવિંદ પટેલે હાથ મૂકી દીધો. એ હજી આજે બપોરે જ મનોજને મળ્યો હતો. સાઇટ પર બનેલી ઘટના એને મનોજે કહી હતી. અરવિંદ અંદરથી નિખિલને ધિક્કારતો, પણ ઉપર ઉપરથી એનો દોસ્ત અને પ્રશંસક હોવાનો ડોળ કર્યા કરતો.

'ક્યારેય નહીં.'

'એટલે?' અરવિંદે નિખિલના ઘાને ખોતર્યો:

'તમારા વેવાઈ સાથે વાંકું પડ્યું છે કે શું?'

'વેવાઈનું નસીબ વાંકું કરી નાખીશ હું. મને ઓળખતો નથી એ માણસ.'

'અરે અરે...' અરવિંદ પટેલે ઘા પર મીઠું ભભરાવ્યું:

'હું સમજું છું કે લગ્નમાં જે કંઈ થયું એનાથી તમારી પ્રતિષ્ઠા પર બહુ મોટો ડાઘ પડ્યો, પણ તમે તો મોટા મનના છો...'

'ક્યાં સુધી મોટું મન રાખવાનું, અરવિંદભાઈ...? અમારી પણ લિમિટ હોય.'

'પણ થયું શું?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અરવિંદે ત્યાં બેઠેલા બીજા એક મળતિયાને કોણી મારીને સવાલ પૂછવા ઉશ્કેર્યો.

'થયું શું એ છોડો અને શું થવાનું છે એ સાંભળો.'

થોડા નશામાં અને થોડા ઉશ્કેરાટમાં નિખિલ બોલવા લાગ્યોઃ

'હું દેવરાજસિંહને રસ્તા પર ના લાવી દઉં તો મને યાદ કરજો. એણે નિખિલ શ્રોફને છંછેડવાની ભૂલ કરી છે. મારી સાથે જે નમતા ચાલે એને હું ન્યાલ કરી દઉં, પણ જે આડા ઊતરે એને કાયમ માટે વેતરી નાખું...'

'પણ પ્રોજેક્ટ તો પૂરો કરવો પડશે ને?' અરવિંદે વાતને વધુ ચગાવી.

'પ્રોજેક્ટ? એ તો ચડી ગયો અભરાઈએ. દેવરાજસિંહ જ્યાં સુધી આવીને એના દીકરા પાસે માફી નહીં મંગાવે ત્યાં સુધી હવે આ પ્રોજેક્ટ તો...' નિખિલે ચપટી વગાડી.

ત્યાં બેઠેલા સૌ હસ્યા. થોડે દૂર બેસીને આ વાત સાંભળતો અભિમન્યુનો ફ્રેન્ડ સુધીર ચિંતામાં પડી ગયો. નિખિલની આ વાત સાંભળીને એને ટેન્શન થઈ ગયું.

થોડી મિનિટો સુધી નિખિલ અને એના ચમચાઓ ટોળટપ્પા કરતા રહ્યા. સુધીર ત્યાંથી બહાર નીકળીને લોબીમાં આવ્યો. અભિમન્યુને ફોન જોડ્યોઃ

'અભિ... આજે નિખિલ સાથે શું થયું?'

'તને કેવી રીતે ખબર?'

'એ છોડ... હું અહીંયાં વિલિંગ્ડનમાં બેઠો છું. એ તમારો પ્રોજેક્ટ રોકવાની વાત કરે છે. વાટ લાગી જશે, હોં.'

'અરે, યાર! આજે ડેડને બદલે હું મિટિંગમાં ગયો હતો...' અભિમન્યુએ વાત અધૂરી છોડીઃ

'તું હમણાં જ ઘરે આવી જા. લોચો તો થયો જ છે.'

અભિમન્યુના બહુ જ ઓછા શુભચિંતકો હતા. સુધીર એમાંનો એક હતો.

ત્યાંથી નીકળીને એ સીધો દેવરાજસિંહને ત્યાં પહોંચ્યો. અભિમન્યુ અને ગુલાબસિંહ ટેન્શનમાં હતા. જે કંઈ બન્યું એ અભિમન્યુએ એને સમજાવ્યું. સુધીર એટલું તો સમજી જ શક્યો કે આજની ઘટનામાં અભિમન્યુનો વાંક પ્રમાણમાં ઓછો હતો.

'હવે શું કરીશું? નિખિલ તો બહુ ડંખીલો છે.'

'બાપુને તો કહેવાય એવું જ નથી.'

અભિમન્યુ પિતાની બગડેલી તબિયત વિશે જાણતો હતો.

'દેવલાને ખબર પડશે તો બનતી બાજી બગડી જશે.' ગુલાબસિંહે પોતાનો અભિપ્રાય આપ્યોઃ

'એક કામ કરો... તમે બંને નિખિલને મળીને એની માફી માગી લો.'

'જરાય નહીં.'

'જો બેટા, અત્યારે તો પથ્થર નીચે હાથ છે. કળેબળે બહાર કાઢી લે... આગળ ઉપર જોયું જશે.'

'પણ આમાં મારો વાંક જ નથી, દાદાજી.'

'ક્યારેક વગર વાંકે માફી માગી લેવામાં પણ ડહાપણ હોય છે.' ગુલાબસિંહે પૌત્રનો ખભો થાબડ્યોઃ

'સાવજ, હમણાં શિકાર કરવાનો સમય નથી!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 15

એ રાતે ડિનર પત્યું ત્યાં સુધી કેસર ચૂપચાપ હતી.

બાપ-દીકરો જુદી જુદી વાતો કરતા રહ્યા, પરંતુ આજે અભિમન્યુ સાથે જે કંઈ થયું હતું એ વિશે બેમાંથી કોઈએ એક અક્ષર સુધ્ધાં ઉચ્ચાર્યો નહીં. બંને પુરુષો એવી રીતે વર્તતા હતા જાણે કેસર ટેબલ પર હાજર નથી!

શ્વેતાએ એક-બે વાર કેસરને કોઈક વાતમાં સવાલ પૂછીને સાથે લેવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કેસર પોતે પણ જવાબ આપ્યા વિના જાણે કોઈ વિચારમાં ડૂબી ગઈ હોય એમ નીચું જોઈને ચૂપચાપ જમતી રહી.

ડિનર પૂરું થયું પછી નિખિલ રોજની જેમ બહાર લીવિંગરૂમમાં ટેલિવિઝન પર ન્યૂઝ જોવા ચાલ્યો ગયો. કેસર થોડી વાર એમ જ બેસી રહી. પછી શ્વેતાએ ધીમેથી કેસરના ખભે હાથ મૂક્યા:

'ઉપર નથી જવું, બેટા? સોમલ તો ક્યારનો ગયો.'

કેસરે સાસુ સામે એવી રીતે જોયું, જાણે કસાઈવાડે જતું વાછરડું પોતાની મા સામે જોતું હોય.

'હું સમજું છું બેટા, પણ મન મક્કમ કર. જાતને સમજાવ. પુરુષ તો ગુસ્સો કરે... મનાવી લેવાના.' આટલું કહી શ્વેતાએ સ્મિત કર્યું:

'એમ ડરવાથી, ભાગતાં રહેવાથી જિંદગી થોડી પૂરી થશે?'

'મા...' કેસરનો અવાજ રીતસર તરડાતો હતો:

'મા, તમે નહીં સમજો. હું સોમલના ગુસ્સાથી નથી ડરતી.'

શ્વેતા આ જ મુદ્દા પર પહોંચવાની રાહ જોતી હતી.

'તો પછી તારો આંખોમાં આટલો ડર કેમ છે?'

'હું... મા હું...'

આગળ કઈ રીતે કહેવું એ કેસરને સમજાયું નહીં. થોડીક ક્ષણ એની મોટી આંખો શ્વેતાના ચહેરા પર કશુંક શોધતી હોય એમ ભટકતી રહી. પછી હિંમત એકઠી કરીને એણે કહી નાખ્યું:

'તે દિવસે અમે પહેલી વાર આ ઘરમાં આવ્યાં ત્યારે સોમલે મને કિસ કરવાની કોશિશ કરી હતી, યાદ છે તમને? ત્યારે જે થયું હતું એવું...' એણે થૂંક ગળે ઉતાર્યું:

'હું એમને કશુંયે આપી શકતી નથી.'

'તને સોમલ નથી ગમતો કે પછી કોઈ બીજું...'

'ના, એવું કંઈ નથી.' કેસરની આંખો છલકાઈ પડી:

'અંદરથી એક અણગમો આવે છે. કોઈ ના પાડે છે જાણે... કશુંક ખોટું થઈ રહ્યાની લાગણી થાય છે.'

'પત્નીનું શરીર પતિના સુખ માટે હોય છે, બેટા. પતિને સંતોષ આપવો એ ધર્મ છે.'

આ કહેતાં કહેતાં શ્વેતાને એ રાત યાદ આવી ગઈ, જ્યારે નિખિલે સોફા પર...

'જાણું છું, પણ મન નથી માનતું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બેટા... સ્ત્રીના શરીરની લગામ એના મનના હાથમાં છે. તારા મનને તૈયાર કર.’

શ્વેતાએ કડવી દવા ગળે ઉતારતી હોય એમ કહી નાખ્યું:

‘શરીરસુખ નહીં આપે તો સોમલ તારો નહીં રહે, પતિને પોતાનો રાખવો હોય તો... શયનેષુ રંભા...’

આટલું કહેતાં સહેજ સંકોચ સાથે શ્વેતાનાં પોપચાં ઝૂકી ગયાં.

‘મા, લગ્ન એટલે ફક્ત શરીરસુખ માણવા માટેની સામાજિક સ્વીકૃતિ? એકબીજાને વફાદાર રહેવા માટે એ સિવાય બીજું કંઈ નથી હોતું?’

‘નથી જાણતી.’ શ્વેતા આડું જોઈ ગઈ.

નિખિલના પરદેશપ્રવાસ અને એની સ્ટેગ પાર્ટીઝ વિશે શ્વેતા અવારનવાર સાંભળી ચૂકી હતી. નિખિલ એ વાતનો ગર્વ લેતો કે પોતે પત્નીથી કંઈ જ છુપાવતો નથી! એ પોતે જ શ્વેતાને આવી નાની-મોટી ઐય્યાશી વિશે જણાવતો, સાથે ઉમેરતો પણ ખરો:

સ્વીટહાર્ટ, હરી-ફરી-ચરીને છેલ્લે તો તારી પાસે જ પાછો આવું છું ને?

શ્વેતાને ક્યારેક દાઝયાની તો ક્યારેક ચિરાયાની લાગણી થતી, પરંતુ નિખિલ સાથે દલીલ, ખાસ કરીને બુદ્ધિશાળી દલીલનો કોઈ અર્થ નહોતો એવું એ લગ્નના પહેલા નેવું દિવસમાં જ શીખી ગઈ હતી.

એણે પથ્થર જેવી થઈ ગયેલી કેસરના માથે હાથ ફેરવ્યો:

‘આપણને ગમે કે ના ગમે, મન માને કે ન માને, અણગમો હોય કે અસુખ...’ એણે ઊંડો શ્વાસ લીધો:

‘આ શરીર ધરી દેવું પડે છે, બેટા.’

‘એ મારાથી નહીં થાય.’

એટલું કહીને કેસર સફાળી ઊભી થઈ ગઈ. અત્યાર સુધી તદ્દન નિઃસહાય, ગરીબડી દેખાતી કેસરનો ચહેરો અચાનક બદલાઈ ગયો:

‘રોજ રોજ, થોડું થોડું નહીં મરાય મારાથી.’

‘તો શું કરીશ?’

‘એકસામટું મરી જઈશ.’ એની આંખોમાં ઘેલછાની ચમક હતી:

‘આપઘાત કરીશ!’

એટલું કહીને કેસર પોતાના બેડરૂમમાં જવા સડસડાટ પગથિયાં ચઢી ગઈ...

શ્વેતાની આંખ સામે જાણે આવતી કાલનાં અખબારની હેડલાઇન ઝબકવા લાગી... ટેલિવિઝનની રિપોર્ટર જાણે એની સામે માઇક ધરીને એને પૂછતી હતી:

જબ ઉન્હોને ખુદકુશી કર લી તબ આપ કહાઁ થી?

શ્વેતા ધ્રૂજી ઊઠી. શ્રોફ પરિવારની પુત્રવધૂ આપઘાત કરે તો શું થાય એની કલ્પનામાત્ર એને હચમચાવી ઊઠી.

*

પોતાના રૂમમાં જઈને કેસરે પલંગ પરથી તકિયો ઉપાડ્યો.

‘સૂઈ જા શાંતિથી. હું તને હાથ નહીં લગાડું.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલ પીઠ ફેરવીને સૂતો હતો. કેસરે તકિયો સામે સોફા પર મૂક્યો, એણે ત્યાં જ લંબાવ્યું એટલે સોમલ બેઠો થયોઃ

'જો... સવારે જે કંઈ થયું એ...'

'ભૂલ મારી જ છે. મેં લગ્ન પહેલાં જ આપઘાત કરી લીધો હોત તો...'

'મૂરખ જેવી વાત નહીં કર.'

'ખરેખર કહું છું. આ બધા જ પ્રશ્ન આપણાં લગ્નથી શરૂ થયા છે. મને ત્યારે જ વિચાર આવ્યો હતો, પણ...'

'કેસર, હું તને ડિવોર્સ આપવા તૈયાર છું.'

'એ પણ શક્ય નથી.' કેસરની આંખો ભરાઈ આવીઃ

'મારા ડિવોર્સ મારા બાપુના મૃત્યુનું કારણ બનશે.'

'તો તું કહે, હું શું કરું? હું પણ માણસ છું, યાર! તારા જેવી રૂપાળી સ્ત્રી આ રૂમમાં સૂતી હોય તો દરેક વખતે જાત પર કાબૂ રાખી શકું એટલો સંત નથી હું.'

સોમલ હવે ઉશ્કેરાઈ ગયોઃ

'તું મારી પત્ની છે, ડેમ ઇટ...! પ્રેમ કરીને પરણ્યો છું. તને અડવું, વહાલ કરવું, પ્રેમ કરવો ગમે છે મને.'

'હું ક્યાં તમારો વાંક કાઢું છું?' સોમલ પરથી નજર બીજી દિશામાં ફેરવી લીધી કેસરે.

'એમ નહીં જો મારી સામે!' સોમલ ઊંચા સ્વરે બોલવા લાગ્યોઃ

'મને અપરાધી હોવાની લાગણી થાય છે. હું રેપિસ્ટ નથી... સ્ત્રી પર બળાત્કાર કરવાની વિકૃતિ નથી મારામાં. મારી પરણેલી પત્ની પર તો નહીં જ...'

'એટલે જ કહું છું...'

કેસર ઊઠીને સોમલની પાસે આવીઃ

'હું જ નહીં હોઉં તો સમસ્યા જડમૂળમાંથી નીકળી જશે.'

'ને જિંદગીભર મારી જાતને તારો ખૂની માનીને જીવ્યા કરું હું?'

'મેં કહ્યુંને... તમે કશાય માટે જવાબદાર નથી...'

'એટલું કહેવાથી પતી નથી જતું, કેસર...'

સોમલ ઊભો થઈને બેડરૂમમાં આંટા મારવા લાગ્યોઃ

'આપણે સાથે નહીં જ જીવી શકીએ.'

'વેલ, બંને જણાએ જીવવું હશે તો આ જ રૂમમાં અને આમ જ જીવવું પડશે.' કેસરનો અવાજ ધીમો હતો, પણ એક વિચિત્ર પ્રકારની સ્વસ્થતા હતી એના અવાજમાંઃ

'નહીં તો બેમાંથી એક જણે...' સહેજ અટકીને ઉમેર્યુંઃ

'મારે જ... મરવું પડશે.'

સોમલે ગુસ્સામાં સોફાને લાત મારી. બાજુમાં પડેલું સાઇડ ટેબલ ઊછળીને પડ્યું. એના પરનો ઇટાલિયન ફલાવર વાઝ ટુકડેટુકડા થઈ ગયા... કેસર એમ જ, ત્યાં જ બેઠી રહી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ધૂંધવાયેલા સોમલે રૂમની બે-ચાર વસ્તુ આમતેમ ફંગોળવા માંડી. પોર્સલિનની મૂર્તિ, ટેબલ ક્લોક, ફોટોફ્રેમ...

કેસર શાંતિથી જોઈ રહી હતી. આખરે સોમલ ધબાકા સાથે પથારીમાં પડ્યો એટલે ઊભા થઈને એક મૅગેઝિન પર કેસરે બધા ટુકડા ભેગા કરી લીધા. પછી બાથરૂમમાંથી ભીનો નૅપ્કિન લાવીને બધું સાફ કરી નાખ્યું.

'ઉશ્કેરાવાથી કંઈ નહીં થાય. આપણે બંને એક જાળમાં ફસાયેલાં માછલાં છીએ... એક જ શરીરના બે પગ, બે હાથ કે બે આંખો છીએ...'

'શટ અપ!'

સોમલ એટલા જોરથી ચિલ્લાયો કે બાજુના રૂમમાં સૂતેલી શ્વેતા કંપી ગઈ. જ્યારે નિખિલે પત્ની સામે જોઈને સ્મિત કર્યું.

એના સ્મિતમાં ગર્વ હતો... પુત્ર પોતાની પુત્રવધૂને કાબૂમાં કરી રહ્યો છે એ વાતનો!

એ રાત કેસર અને સોમલ બંને જણાએ જાગીને કાઢી નાખી, પરંતુ એ જ રાતે શ્વેતાએ સાઇકિયાટ્રિસ્ટ ડૉ. પ્રતિમા પટેલની અપોઇન્ટમેન્ટ લેવાનું નક્કી કરી લીધું. કેસરે જે રીતે આજે આપઘાતની વાત કરી હતી એ પછી શ્વેતા કોઈ પ્રકારનું રિસ્ક લેવા તૈયાર નહોતી. શ્વેતા પોતે પ્રતિમાની પેશન્ટ હતી. નિખિલ સાથેના સંબંધોમાં જ્યારે જ્યારે શ્વેતા સહન ન થઈ શકે ત્યારે એ પ્રતિમાના સીટિંગ્સ લેતી.

ડૉ. પ્રતિમા સાથેની વાતચીતથી—કાઉન્સેલિંગથી સામાન્ય રીતે વાતનો ઉકેલ આવી જતો. શ્વેતાનો અજંપો શાંત થઈ જતો, છતાં ક્યારેક મૂડ સારો રાખવા મૂડએલેવેટર દવાઓ પણ લેવી પડી હતી.

કારકિર્દી અને માતાપિતાને છોડી અહીં ઢીંગલીની જેમ જીવતી શ્વેતા ઉપર અવારનવાર ખિન્નતા—ડિપ્રેશનના હુમલા થતા. એણે ઘરમાં કોઈનેય ક્યારેય નહોતું કહ્યું કે એ માનસિક રોગોના ડોક્ટરની સારવાર હેઠળ હતી.

નિખિલ પ્રમાણમાં જડ હતો. એ દૃઢપણે એવું માનતો કે માનસિક રોગોના ડોક્ટર પાસે એણે જ જવું પડે, જે તદ્દન ગાંડા હોય. ડિપ્રેશન કે એન્કઝાઇટી માટે આવી સારવાર લઈ શકાય એ વાત એના ગળે ઊતરે એમ નહોતી. પ્રતિમા ઇચ્છતી હતી કે જો નિખિલ એકાદ સીટિંગ માટે આવે તો શ્વેતાની સારવારમાં મદદરૂપ થઈ શકે.

શ્વેતાએ એકાદ વાર આ વિશે નિખિલને પૂછેલું પણ હતું, પરંતુ નિખિલે એની મશ્કરી કરીને એને એટલી બધી ઉતારી પાડેલી કે પોતે ટ્રીટમેન્ટ લે છે એ પણ શ્વેતાએ છુપાવવું પડેલું.

ડૉ. પ્રતિમા પટેલ ખૂબ સમજદાર ડોક્ટર હતી. સ્ત્રીની સમસ્યા ઉકેલવામાં એનામાં કોઈ અજબ જેવી છઠ્ઠી ઇન્દ્રિય કામ કરતી. ધીમે ધીમે એની અને શ્વેતા વચ્ચે એક દર્દી અને ડોક્ટરને બદલે લગભગ મિત્રો જેવા સંબંધ થઈ ગયા હતા.

શ્વેતાને એનામાં ખૂબ વિશ્વાસ હતો. એ જરૂર કેસરને ધીમે ધીમે સામાન્ય જિંદગી જીવતી કરી શકશે એવી એને ખાતરી હતી. બીજે જ દિવસે પ્રતિમાને મળવાનો નિર્ણય કર્યા પછી શ્વેતાને જાણે શાંતિ થઈ ગઈ. ધીમે ધીમે એની આંખો મીંચાઈ ગઈ.

*

સુધીર સવારથી નિખિલ શ્રોફનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતો હતો, પણ એની સેક્રેટરી દાદ દેતી નહોતી. બીજી તરફ ગુલાબસિંહ ઊંચાનીચા થતા હતા. એ વારંવાર ફોન કરીને સુધીરને પરેશાન કરી રહ્યા હતાઃ 'શું થયું, ભાઈ?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આખરે લગભગ લંચ ટાઇમ થવા આવ્યો ત્યારે એમણે ફરી એક વાર ફોન કર્યો.

‘હું ટ્રાય કરું છું, દાદાજી... પણ જ્યાં સુધી એ ફોન પર ન આવે ત્યાં સુધી...’

‘જો ભાઈ, એ ફોન પર ન આવે ત્યાં સુધી કંઈ હાથ પર હાથ ધરીને બેસી ન રહેવાય. તમે બંને સીધા પહોંચી જાવ. તમારું નામ સાંભળશે તો ના થોડો પાડશે?’ ગુલાબસિંહે તોડ કાઢ્યો.

‘એમ પહોંચી ના જવાય દાદાજી, મોટો માણસ છે.’

‘ગમે તેટલો મોટો હોય... આપણે મળવું એટલે મળવું.’

‘અરે, પણ...’

‘હું સાવજને કહું છું તૈયાર થઈને નિખિલ શ્રોફની ઓફિસે પહોંચે. તું સીધો ત્યાં પહોંચ.’

સુધીર પાસે હવે હા પાડ્યા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો.

એક કલાક પછી નિખિલ શ્રોફની ઓફિસની નીચે સુધીર એના મિત્ર અભિમન્યુની રાહ જોતો ઊભો હતો. અભિમન્યુ હાંફળોફાંફળો ગાડીમાંથી ઊતરીને દોડતો ત્યાં પહોંચ્યો.

‘કેટલી વાર લગાડી?’

‘અરે દાદાજી છોડે તો આવું ને? સલાહસૂચના...’

‘ચલ, જલદી...’ બંને સડસડાટ બિલ્ડિંગમાં દાખલ થયા, પરંતુ સુધીરના મનમાં એક ફફડાટ હતો. નિખિલને ઓળખનાર દરેક જણ જાણતો હતો કે એના વર્તન પર ક્યારેય ભરોસો ન થઈ શકે. ત્યાં પહોંચ્યા પછી શું થશે એ વિચારમાત્રથી સુધીર સાચા અર્થમાં ચિંતિત હતો.

રિસેપ્શન પરથી અંદર સંદેશો મોકલ્યા પછી અભિમન્યુ તો નિરાંતે વિઝિટરના સોફામાં ગોઠવાઈ ગયો, પણ સુધીર બેચેન થઈને આંટાફેરા મારતો રહ્યો. સુધીર માનતો હતો કે નિખિલ મળવાની સ્પષ્ટ ના પાડી દેશે ત્યાં જ ઓફિસ પ્યુને આવીને વિવેકથી કહ્યું:

સાહેબ બોલાવે છે.

અભિમન્યુએ ગર્વથી સુધીર સામે જોયું. સુધીરને પણ નવાઈ તો લાગી. બંને નિખિલની ચેમ્બર તરફ આગળ વધ્યા. પ્યુન એમને દોરીને નિખિલની ચેમ્બર સુધી લઈ ગયો. નમ્રતાપૂર્વક દરવાજો ઉઘાડી આપ્યો. બંને ચેમ્બરમાં દાખલ થયા ત્યારે નિખિલના ચહેરા પર એક વિચિત્ર પ્રકારનું સ્મિત હતું:

‘વેલકમ!’

બંનેએ નિખિલના આવા આવકારની અપેક્ષા નહોતી જ રાખી. નિખિલે બંનેને ઇશારાથી બેસવાનું કહ્યું. નિખિલના વિશાળ ગ્લાસ ટેબલની સામે બંને ગોઠવાયા.

કાળા આરસના સિંગલ પીસમાંથી કોતરેલા ચાર પાયા ઉપર સિંગલ પીસનો ટફન્ડ ગ્લાસ ગોઠવવામાં આવ્યો હતો. નિખિલની ચેર શુદ્ધ લેધરમાંથી બનાવાયેલી હેન્ડ સ્ટીચ્ડ રીક્લાયનિંગ ચેર હતી. ચેમ્બરનો વૈભવ જોતાં જ બંનેના મોઢા ઉઘાડાં રહી ગયાં. એક આખી દીવાલ ઉત્તમ કન્સ્ટ્રક્શન માટેના એવોર્ડસથી ભરાયેલી હતી. ટ્રોફી અને મઢાવેલાં સર્ટિફિકેટ પણ ત્યાં હતાં. એક દીવાલ પર કન્સ્ટ્રક્શન સાઇટ પર ખેંચાયેલી નિખિલના પિતાની મોટી તસવીર સોનાની ફ્રેમમાં મઢાયેલી હતી. નિખિલની પાછળ શ્રીનાથજીનું લાઇફ સાઇઝ પેઇન્ટિંગ હતું, જેમાં શણગાર રૂપે સાચા હીરા અને કીમતી રત્નો હતાં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થોડી વાર સુધી ચેમ્બરમાં તદ્દન સન્નાટો છવાયેલો રહ્યો. કોણ વાત શરૂ કરે એની રાહ જોતાં અભિમન્યુ-સુધીર ચૂપચાપ બેસી રહ્યા. આખરે સુધીરથી રહેવાયું નહીંઃ

'સર... અભિમન્યુ તમારી માફી માગવા આવ્યો છે.'

'માફી? શેને માટે?'

'સર, સાઇટ પર જે કંઈ થયું એમાં...'

આટલું કહેતાં અભિમન્યુની જીભ અટકી ગઈ. એનું રજપૂતી લોહી એમ સરળતાથી સોરી કહેવા દે એમ નહોતું.

'શું થયું સાઇટ પર?'

નિખિલના ચહેરા પર બિલાડી ઉંદરને રમાડે એવું ક્રૂર સ્મિત હતું.

'સર...' સુધીરને થયું કે વચ્ચે બોલ્યા વિના નહીં ચાલેઃ

'એ જે કંઈ બોલ્યો એ એની ભૂલ હતી.'

'શું બોલ્યો હતો એ? મને તો યાદ પણ નથી!'

નિખિલે ખભા ઉલાળ્યા. એ હજીયે રમત છોડવા નહોતો માગતો.

'સર, મેં તમને કહેલું કે ઇજ્જત હોય એના ધજાગરા થાય.'

અભિમન્યુને પણ લાગ્યું કે વાત ટૂંકમાં પતાવવી હોય તો ભૂલ સ્વીકારવી પડશે.

'તો?'

'એ મારી ભૂલ હતી.'

'એટલું કહેવાથી નહીં પતે, યંગ મૅન!'

નિખિલ ગ્લાસટેબલ પર હાથ પછાડીને ઊભો થઈ ગયો. માછલી કાંટામાં હવે ફસાઈ ગઈ છે એનો છલોછલ આનંદ એના ચહેરા પર છલકાતો હતોઃ

'મારા સ્ટાફની સામે મારા પગ પકડીને માફી માગવી પડશે તારે.'

'એવું તો...' સુધીર નખશિખ ધ્રૂજી ગયો.

'આઇ એમ એક્સ્ટ્રીમલી સોરી, સર... મારે તમને આવું નહોતું કહેવું જોઈતું.'

અભિમન્યુએ ફરી એક વાર પ્રયત્ન કરી જોયોઃ

'મને માફ કરી દો, સર. આપણે આગળ ઘણું કામ સાથે કરવાનું છે. તમે અનુભવી છો, સમાજમાં તમારું નામ છે. મોટા છો—મારા વડીલ સમાન છો... હું તો તમારી સામે બાળક કહેવાઉં.'

દાદાજીએ શીખવાડ્યું હતું એમાંથી યાદ હતું એ બધું એક શ્વાસે કહી નાખ્યું.

'પતી ગયું?' નિખિલે એટલી ક્રૂરતાથી ફરી કહ્યુંઃ

'બહાર જઈએ? ફોયરમાં મારા સ્ટાફની વચ્ચે પગે પડીને માફી માગવાની તૈયારી છે તારી?'

'ના, સર.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અભિમન્યુથી હવે વધુ સહન થાય એમ નહોતું:

'સોરી સર, એવું મારાથી નહીં થાય.'

'તારાથી નહીં થાય તો તારા બાપે એમ કરવું પડશે!'

આ સાંભળતા જ અભિમન્યુનો ચહેરો ફરી ગયો. અભિમન્યુની બદલાયેલી આંખો જોઈને સુધીરને ખ્યાલ આવી ગયો કે મામલો બગડ્યો છે. એણે અભિમન્યુનો હાથ પકડીને ખૂબ જોરથી દબાવ્યો.

'સર, બાપુ તો એવું ક્યારેય નહીં કરે.' અભિમન્યુએ હાથ ઝટકાથી છોડાવ્યો:

'એ જો આવું કરવા તૈયાર થાય તો પણ હું ન કરવા દઉં.'

બાપની સાથેનો અંગત વિરોધ એની જગ્યાએ, પણ પારકો માણસ એના બાપની પાઘડી ઉછાળે એ રજપૂત દીકરો સહન ન જ કરે.

'બસ, તો પછી...'

નિખિલે જેમ આંખના ઇશારાથી બેસવાનું કહ્યું હતું એવી જ રીતે ભવાં ઉલાળીને બહાર જવાનું કહી દીધું. અભિમન્યુ ઊભો થઈ ગયો, પણ સુધીર હજી બેઠો હતો:

'સર, આમાં વાત વટે ચડી જશે. બધું જ બગડી જશે.'

'બધું બગડી જ ગયું છે...' નિખિલ હસ્યા:

'તમે શું એમ માનતા હતા કે અહીંયાં આવીને ચાર વાક્ય બોલવાથી બધું સુધરી જશે? નિખિલ શ્રોફ સાથે પનારો પડ્યો છે તમારો... એમ બે શબ્દ માફીના બોલવાથી હિસાબ ચૂક્તે થઈ જશે? તમારા જેવા દેવરાજસિંહ ઝાલા નો એન્ટ્રીની ગલીમાં દાખલ થઈ ગયા છે... હવે તો દંડ ભર્યે જ છૂટકો!'

'સર, એક વાર...'

'તમે લોકો પોતાની રીતે બહાર જશો કે મારી સિક્યોરિટીને બોલાવું?'

હવે બેસી રહેવાનો કોઈ અર્થ નહોતો. સુધીર પણ ઊભો થઈ ગયો. અભિમન્યુનો ચહેરો ક્રોધમાં તપીને લાલઘૂમ થઈ ગયો હતો. સુધીર પણ આનાથી વધુ સાંભળી શકે એમ નહોતો. બંને ચેમ્બરની બહાર નીકળી રહ્યા હતા ત્યારે પાછળથી નિખિલે દીધેલી ભૂંડાબોલી ગાળ બંનેની પીઠમાં ખંજરની જેમ ભોંકાઈ ગઈ.

એ બંને બહાર નીકળ્યા કે નિખિલે તરત જ પોતાનો મોબાઇલ ઊંચકીને દેવરાજસિંહને ફોન લગાડ્યો. ખરી બપોરે દેવરાજસિંહની આંખો માંડ મીંચાઈ હતી, પરંતુ ફોનની રિંગ વાગતાં જ એમણે ચોંકીને ફોન ઉપાડ્યો.

'તમારો કુંવર મારી માફી માગવા આવ્યો હતો...'

'હા જી...' દેવરાજસિંહે માંડ માંડ જાત પર કાબૂ રાખીને એની વાત સાંભળી.

'એક વાત યાદ રાખજો, નિખિલ શ્રોફની સામે પડનારો કોઈ આજ સુધી ટકી શક્યો નથી. કન્સ્ટ્રક્શનનું બજાર આવા શહીદોના પાળિયાથી ભર્યું પડ્યું છે...'

'મેં તમારી સામે પડવાનો પ્રયત્ન કર્યો જ નથી. તમને ન ફાવતું હોય તો જૂહુનો પ્રોજેક્ટ પૂરો થાય પછી...'

'જૂહુનો પ્રોજેક્ટ તો હવે પૂરો નહીં થાય... દેવરાજસિંહ ઝાલા!'

'એટલે?' દેવરાજસિંહની આંખો પહોળી થઈ ગઈ. કપાળે પરસેવો વળવા માંડ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એટલે તમે ન સમજો એટલા નાદાન કે નાસમજ નથી. હવે તમારા રૂપિયા ફસાઈ ગયા એમાં!’

‘પણ મારો વાંક શું છે?’

‘શોધી કાઢીશું... વાંક પણ શોધી કાઢીશું.’ નિખિલ હસ્યોઃ

‘વગર વાંકે સજા નહીં કરું તમને, મિસ્ટર દેવરાજસિંહ!’

સામે છેડેથી નિખિલે ફોન તો કટ કર્યો. દેવરાજસિંહ વિસ્ફારિત આંખે હાથમાં પકડેલા સેલ સામે જોઈ રહ્યા. બાજુમાં ઊભેલાં શ્વેતાબહેને એમની પીઠ પર હાથ ફેરવવાનો પ્રયાસ કર્યો, પણ દેવરાજસિંહે એમને દૂર ધકેલ્યાંઃ

‘સાવજને આ રાક્ષસ પાસે જવાની સલાહ કોણે આપી?’

‘મને... મને નથી ખબર.’ શ્રદ્ધાબહેન થોથવાઈ ગયાં.

‘હમણાં નિખિલ જે બોલ્યો એ જો ખરેખર કરી બતાવશે તો હું રસ્તા પર આવી જઈશ... મેં ગજાબહારનો દાવ ખેલ્યો છે... મરતાં પહેલાં મરી જઈશ હું.’

‘શું થયું એ તો કહો.’

‘આ છોકરો મારો જીવ લેશે.’

ચાદર ફગાવીને ઊભા થવા જતાં દેવરાજસિંહને નબળાઈને કારણે ચક્કર આવ્યા. એ પલંગની પાસે જ ફસડાઈ પડ્યા. શ્રદ્ધાબહેને ગભરાઈને બૂમાબૂમ કરી મૂકી. બે નર્સ દોડી આવી. આવીને દેવરાજસિંહને માંડ માંડ પલંગમાં સુવડાવ્યા. દેવરાજસિંહનો શ્વાસ ફૂલી ગયો. એમની છાતી ધમણની જેમ ઊંચીનીચી થવા માંડી. પરસેવાના રેલેરેલા ઊતરવા લાગ્યા. આંખો વારંવાર પહોળી થઈ જતી હતી.

‘સાવજને... બો...લા...વ.’

એમણે માંડ માંડ સાત અક્ષર પૂરા કર્યા. શ્રદ્ધાબહેને તરત જ ફોન લગાડ્યો, પણ અભિમન્યુએ સેલફોન ઉપાડ્યો જ નહીં.

નિખિલ શ્રોફની ચેમ્બરમાંથી નીકળીને સુધીરની કારમાં બેસીને ગુસ્સામાં ગાળો બકતા અભિમન્યુએ ફોનના વાઇબ્રેશન અનુભવ્યાં, પણ એણે ખિસ્સામાં પડેલો સેલ કાઢીને જોયો નહીં.

શ્રદ્ધાબહેને વારંવાર ટ્રાય કર્યો, પણ નિખિલ શ્રોફની ચેમ્બરમાંથી બહાર નીકળતી વખતે સાંભળેલી ગંદી ગાળથી અભિમન્યુ ઉશ્કેરાયો હતોઃ

‘શું સમજે છે પોતાની જાતને નિખિલ શ્રોફ? એની તો હું... મારી પાસે માફી મગાવશે? સ્ટાફની વચ્ચે...’ અભિમન્યુ ધૂવાંપૂંવા થઈ ગયો હતોઃ

‘અરે, એક દિવસ જો એની પાસે વાંકા વળીને માફી ન મંગાવું તો હું અભિમન્યુ ઝાલા નહીં...’

છેલ્લી પંદર-વીસ મિનિટથી એનો બકવાસ સાંભળતા સુધીરે આખરે પોતાનો ગુસ્સો ઓકી કાઢ્યો.

‘તારી પાછળ મારુંય નુકસાન થઈ ગયું. નિખિલ હવે મનેય ઊભો નહીં રાખે.’

‘મને શું કહે છે? દાદાજીને કહે. મારે કંઈ એની માફી માગવા નહોતું જવું.’

‘ખરેખર યાર, આપણી બહુ મોટી ભૂલ થઈ ગઈ.’ સુધીરે સ્ટિયરિંગ વ્હીલ પર હાથ પછાડ્યા.

બંને ઘર સુધી મનોમન પસ્તાતા બેસી રહ્યા. ઘેર પહોંચીને અભિમન્યુએ દાદાજી ઉપર પોતાનો બધો ગુસ્સો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઉતાર્યોઃ

‘કૂતરાની જેમ કાઢ્યા અમને... કહે છે કે સ્ટાફની વચ્ચે પગે પડીને માફી માગો.’

ગુલાબસિંહના ચહેરા પર એક રેખા પણ બદલાઈ નહીં. જાણે કશું જ થયું ન હોય એમ એમણે સહજતાથી કહ્યું

‘એમાં શું? માગી લેવી જોઈતી હતી!’

આ સાંભળતાં જ હાથમાં રહેલા પાણીના ગ્લાસનો અભિમન્યુએ ઘા કર્યો. ગ્લાસ દીવાલ પર ટકરાઈને તૂટી ગયો. ગુલાબસિંહ એની સામે સ્થિર નજરે જોઈ રહ્યાઃ

‘દીકરા, દરેક વાતમાં આકળા નહીં થવાનું. જ્યાં ધીરજથી, ચાલાકીથી કામ લેવાનું હોય ત્યાં...’

‘શાની ચાલાકી, દાદાજી? એ તો અમને નીચા દેખાડવા સિવાય બીજું કંઈ...’

‘સાવજ બેટા, દુશ્મનના ગઢમાં જઈને ગાબડું પાડીએ તોય બસ છે. એ એક ગાબડું ગઢ જીતવાનો રસ્તો બની જાય.’

‘મને તમારી વાત સમજાતીય નથી ને ગળેય નથી ઊતરતી.’

‘ભૂલ મારી છે બેટા, મારે તારી સાથે આવવું જોઈતું હતું. કહે છે ને કે ઘરડા વિના ગાડાં ન વળે...’

સામે ચૂપચાપ બેઠેલા સુધીર સામે જોઈને ગુલાબસિંહે સ્મિત કર્યુંઃ

‘ફોન લગાડ નિખિલને. હવે હું વાત કરીશ.’

‘ખબરદાર જો એને ફોન કર્યો છે તો...’ અભિમન્યુ બરાડ્યોઃ

‘હું ઘર છોડીને જતો રહીશ.’

‘મૂર્ખા, ઘર ના છોડવું પડે એટલા માટે જ હવે મારે એને મળવું પડશે.’ ગુલાબસિંહે મૂછે તાવ દીધોઃ

‘તારા બાપને ખબર પડશેને તો પહેરેલે કપડે ઘર છોડાવશે અને નિખિલના તેવર જો આ ને આ રહ્યા તો તારા બાપે ને તારે, બેય જણાએ ઘર છોડવું પડશે!’

‘તમે એની સાથે શું વાત કરશો?’

ગુલાબસિંહની વાત સાંભળીને અભિમન્યુ સહેજ ઢીલો પડ્યો. નિખિલે જે ધમકી આપી હતી એ જો ખરેખર સાચી પડે ઘરબાર વેચવાનો વારો આવેય ખરો.

‘એ મારે તને કહેવાની જરૂર નથી, સાવજ... આ વાળ મેં તડકામાં ધોળા નથી કર્યા. આવા કંઈક નિખિલને ખિસ્સામાં લઈને ફર્યો છું.’

સુધીરે સલામતી ખાતર લૅન્ડલાઇનથી નિખિલનો ડાયરેક્ટ લૅન્ડલાઇન નંબર લગાડ્યો અને રિસીવર સીધું ગુલાબસિંહના હાથમાં પકડાવી દીધું

‘સાહેબ, નમસ્તે.’

નિખિલનો ડાયરેક્ટ નંબર સામાન્ય રીતે એ પોતે જ ઉપાડતોઃ

‘કોણ?’

‘મારું નામ ગુલાબસિંહ ઝાલા છે. દુર્ભાગ્યે દેવરાજસિંહ મારો દીકરો છે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આટલું એક જ વાક્ય નિખિલ માટે પૂરતું હતું. ગુલાબસિંહનું નામ સાંભળતાં જ એને સહેજ કુતૂહલ થયું. એણે ઊડતી ઊડતી ખબર તો સાંભળી જ હતી કે કેસરનાં લગ્ન પહેલાં બાપ-દીકરા વચ્ચે જામી ગયેલી અને એટલે જ દેવરાજસિંહનાં કુટુંબીઓ લગ્નમાં હાજર નહોતાં.

'કહો.'

નિખિલ પણ ફૂંકી ફૂંકીને ડગલાં ભરવા માંડ્યો:

'કેમ, દેવરાજસિંહનો દીકરો હારી ગયો એટલે હવે બાપ બજારમાં ઊતર્યો?'

'શ્રોફસાહેબ, મારા પૌત્ર વતી હાથ જોડીને, કાન પકડીને માફી માગું છું. તમે કહો તો નાક રગડું...'

ગુલાબસિંહની આ વાત સાંભળતાં જ અભિમન્યુના તેવર ફરી ગયા. દાદાજી જે ભાષામાં વાત કરતા હતા એ એને માટે અસહ્ય હતું:

'સાચું કહું તો હું તમારી જગ્યાએ હોઉં તો આમ જ કરું. તમે ખોટા નથી. દેવલો એ જ લાગનો છે.'

નિખિલને હવે ગુલાબસિંહની વાતમાં ધીમે ધીમે રસ પડવા માંડ્યો:

'ફોન કેમ કર્યો?'

'તમારો ઝઘડો દેવલા સાથે છે. મારા સાવજના મોઢામાંથી કોળિયો ન ઝૂંટવો.'

'હું સમજ્યો નહીં.'

'તમારે દેવરાજ સાથે જે કરવું હોય તે કરો, પણ એની કંપની કે મારા પૌત્રને નુકસાન ન થવું જોઈએ.'

'તમે મૂરખ જેવી વાત કરો છો, વડીલ. સૂકા ભેગું લીલું બળી જ જાય.'

'ને ન બળે એવો ઉપાય બતાવું તો?'

હવે ગુલાબસિંહે સમજીને એક લાંબી ચુપકીદી વિસ્તરવા દીધી. એ નિખિલને વિચારવાનો સમય આપવા માગતા હતા. નિખિલે ઝડપથી વિચારી લીધું. એને આ બુઢ્ઢાની વાતમાં ખરેખર રસ પડ્યો હતો.

'હું તમારી વાત સાંભળવા તૈયાર છું.'

ગુલાબસિંહ માટે આટલું પૂરતું હતું. એ હસી પડ્યા:

'મને ખાતરી હતી કે તમે બુદ્ધિશાળી માણસ છો. આવેલી તકને નાણ્યા વિના જવા દે એ સાચો વેપારી ન હોઈ શકે.'

'લાંબી વાત છોડો, મૂળ વાત કરો.'

'કાલે...' ગુલાબસિંહે મહોલત પાડી:

'તમારી ઓફિસે મળીએ?'

'ના. તમે હોટલ મેરિયટની બહાર ઊભા રહેજો. આપણે ગાડીમાં વાત કરીશું.'

ગુલાબસિંહ સમજી ગયા કે નિખિલ એમની સાથે ક્યાંય દેખાવા માગતો નથી. એમણે હસીને હા પાડી, ફોન મુકાઈ ગયો. સુધીર અને અભિમન્યુ બંને ગામડેથી આવેલા બુઢ્ઢા ગુલાબસિંહની કુનેહ અને આવડતને આશ્ચર્યથી જોઈ રહ્યા.

દાદાજી તથા નિખિલ શ્રોફની વાતચીત પછી સહેજ હળવા થયેલા અભિમન્યુએ પોતાનો મોબાઇલ જોયો. માના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મિસ્ડ કોલ જોઈને અભિમન્યુએ ફોન લગાડ્યોઃ

'બોલ, મા.'

'બેટા, તારા બાપુની તબિયત બહુ ખરાબ છે.' શ્રદ્ધાબહેન રડી પડ્યાંઃ

'આ શું માંડ્યું છે તમે બેય જણાએ?'

'બે જણા?'

અભિમન્યુ એમ સમજ્યો કે મા એની અને ગુલાબસિંહની વાત કરે છે.

'તું અને કેસર...'

'જો, મા...' અભિમન્યુ બચાવ કરવા ગયો.

'તારા બાપુ તને મળવા માગે છે.'

'હું ત્યાં આવીને શું કરું? તબિયત ખરાબ હોય ત્યારે દલીલ કરવાનો કોઈ અર્થ નથી.'

'મારે કંઈ નથી સાંભળવું, સાવજ. મને બધું પોસાશે, પણ હું તારા બાપુ વિના નહીં જીવી શકું. એમને આમ રિબાતાં નથી જોવાતા મારાથી.' એમનું ડૂસકું છૂટી ગયુંઃ

'હોસ્પિટલ પહોંચ, હમણાં જ.'

શ્રદ્ધાબહેને ફોન કટ કર્યો. સાવજ સમજી શક્યો કે માથી રુદન રોકી નહીં શકાયું હોય.

એણે ગુલાબસિંહ સામે જોયુંઃ

'બાપુ મને મળવા માગે છે—હમણાં જ.'

'જઈ આવ બેટા, જઈ આવ...' ગુલાબસિંહના ચહેરા પર સ્મિત રમી ગયું

'મરતા માણસની છેલ્લી ઇચ્છા તો જેલમાંય પૂરી કરે છે!'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 16

મોડી રાત સુધી કેસર સોફામાં પડખાં બદલતી રહી. માંડ માંડ ઊંઘ આવી ત્યારે શ્રોફ પરિવારના દીવાનખાનામાં ઝૂલતી સો વર્ષ જૂની ઘડિયાળમાં ચારના ડંકા પડ્યા...

સવારે કેસરની આંખ ખૂલી ત્યારે સોમલ ન્હાઈને નીકળી ગયો હતો. એ જાગીને સોફામાં બેસી રહી. એનું મગજ જાણે સુન્ન થઈ ગયેલું. થોડાક જ દિવસમાં એની જિંદગી ક્યાંની ક્યાં પહોંચી ગઈ. ક્યાં ગઈ કાલની ઊછળતી, કૂદતી, મજા કરતી બેફિકર કેસર અને ક્યાં આજની ડરેલી, દબાયેલી, નાની નાની વાતમાં સહેમી જતી કેસર...

એ સામે ડ્રેસિંગ ટેબલમાં દેખાતા અરીસામાં પોતાનો ચહેરો જોઈ રહી હતી... જાણે પોતે જ પોતાને ન ઓળખતી હોય એમ એ અજાણ્યા ચહેરામાં એ કેસરને શોધી રહી હતી. એ જ વખતે દરવાજે ટકોરા મારીને શ્વેતા અંદર દાખલ થઈ:

'જાગી ગઈ, બેટા?'

'હા.'

'જલદી ન્હાઈને તૈયાર થઈ જા. આપણે ડોક્ટરને ત્યાં જવું છે.'

'તમારી તબિયત ખરાબ છે?'

'હા.'

હમણાં જો ડોક્ટર પ્રતિમા પટેલ વિશે કહી દઈશ તો કદાચ કેસર તૈયાર ન થાય એમ માનીને શ્વેતાએ ટૂંકમાં પતાવ્યું:

'લેડી ડોક્ટર છે. તને ઇચ્છા થાય તો તું પણ વાત કરજે.'

કેસરે એમની સામે નાનકડું સ્મિત કર્યું:

'હું જાણું છું, તમે મારા માટે જ મને લઈ જાવ છો.'

'જો બેટા, આપણે નોર્મલ ન હોઈએ તો ડોક્ટર પાસે જવામાં કંઈ ખોટું નથી. એ આપણી મદદ જ કરતા હોય છે. તું તારી જિંદગી વધુ સારી રીતે જીવી શકે એ માટે...'

'હું તૈયાર થઈ જાઉં, મા.'

આટલું કહીને કેસર ઊભી થઈ ગઈ. શ્વેતાએ રાહતનો શ્વાસ લીધો.

*

ઘરેથી વહેલો નીકળેલો સોમલ ઉશ્કેરાટમાં થોડી વાર આમતેમ ફરતો રહ્યો. પછી જૂહુ ગલીમાં આવેલા નેહાના ફ્લૅટ પર પહોંચી ગયો. હમણાં જ જાગેલી નેહા એના નાનકડા એપાર્ટમેન્ટમાં હેમોક પર બેસીને ચાની ચૂસકી લઈ રહી હતી. એક હાથમાં સિગારેટ અને ચાનો મગ પકડીને એણે દરવાજો ખોલ્યો.

ટાઇટ જિન્સને કાપીને બનાવેલી શોર્ટસમાં નેહા સેક્સી દેખાતી હતી. એનું લુઝ ટી કધોણું થઈ ગયું હતું. એના સીધા કાળા વાળ ખુલ્લા અને ફેલાયેલા હતા. ચહેરો શ્યામ હતો, પણ એની ત્વચા તેલ લગાડ્યું હોય એમ ચમકતી હતી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઓહ માય ગોડ! આટલો વહેલો? નવી બૈરીએ કાઢી મૂક્યો કે શું?’

‘જો, હું જોકના મૂડમાં નથી.’

‘તો શું રોકના મૂડમાં છે?’ નેહા હસી:

‘આઇ થિંક, તું પરિસ્થિતિને જરા વધુ પડતી ગંભીરતાથી લઈ રહ્યો છે.’

‘તો શું કરું? હું પણ તારી જેમ જોક મારું?’ સોમલ ચિડાઈ ગયો:

‘ગઈ કાલે રાત્રે આપઘાત કરવાની ધમકી આપી છે એણે.’

‘પણ શું કામ જાય છે એની પાસે?’ નેહાનો અવાજ પણ ઊંચો થઈ ગયો:

‘મેં તને કહ્યું કે થોડી ધીરજ રાખ.’

‘શટઅપ... પૂરી વાત સાંભળ્યા વિના તું બોલ નહીં.’ સોમલ હેમોક પર બેસી ગયો:

‘એ આખી રાત સોફામાં સૂતી હતી. મેં એનું નામ પણ નથી લીધું.’

‘તેમ છતાં...’ નેહાની આંખો નવાઈથી પહોળી થઈ. એણે થરમોસમાં ભરેલી ગરમ ચા બીજા મગમાં કાઢીને સોમલના હાથમાં આપી:

‘પ્રોબ્લેમ શું છે એ છોકરીનો?’

‘મને જ નથી સમજાતું.’ સોમલ સાચે જ અકળાયો હતો:

‘કાં તો એ છોકરી સાચે જ કોઈ માનસિક રોગથી પીડાય છે અને કાં તો એ નાટક કરે છે.’

‘નાટક? કોઈ આવું નાટક શું કામ કરે?’

‘કમ ઓન... મારી સાથે છૂટાછેડા લેવાની બહુ જંગી રકમ મળી શકે એ છોકરીને...’

‘આર યુ ક્રેઝી?’

‘નેહા, મેં એને ગઈ કાલે ડિવોર્સની પણ ઓફર કરી... મને કહે છે કે મારા બાપુ સમાચાર સાંભળતાની સાથે જ મરી જશે.’ સોમલે હેમોકને ઝુલાવતાં પોતાનો ગુસ્સો ઠાલવ્યો:

‘એને સાથે નથી રહેવું, એને છૂટા નથી પડવું...’

‘વાત ગૂંચવાયેલી છે.’

નેહાએ બીજી સિગારેટ સળગાવી. એ વિચારમાં પડી.

‘સોમુ, મને લાગે છે આ છોકરીની પાછળ કોઈ બીજાનું ભેજું કામ કરે છે.’

‘એટલે?’

‘સોમલ, તને એવું નથી લાગતું કે એનાં મા-બાપે સમજી વિચારીને તને આ જાળમાં... તારું નામ સોમલ નિખિલ શ્રોફ છે. તારા સ્ટેટસ અને સંપત્તિ વિશે કોણ નથી જાણતું! આખી રમત ખૂબ સમજી-વિચારીને એવી રીતે ગોઠવાઈ હોય કે...’ નેહાની આંખો ઝીણી થઈ ગઈ:

‘આમાં ઘણા લોકોને એકસામટો ફાયદો થઈ શકે, સોમલ...’

‘શીટ, યાર! તને ખરેખર એવું લાગે છે કે હું ફસાઈ ગયો છું?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કંઈ સમજાતું નથી, સોમલ... પણ જો તું ફસાયો હોય તો તું ખરેખર ખરાબ રીતે ફસાયો છે. આ જાળમાંથી નીકળવાની કિંમત ફક્ત તારે જ નહીં, તારા મોમ-ડૅડે પણ ચૂકવવી પડશે.’

સોમલ સાચે જ ડરી ગયો. એણે અત્યાર સુધી આ રીતે વિચાર્યું જ નહોતું. જો ખરેખર આ કોઈએ ગોઠવેલી રમત હોય તો આખું શ્રોફ ખાનદાન આની કિંમત ચૂકવતાં ચૂકવતાં ક્યાંથી ક્યાં પહોંચી શકે એ વિચાર સોમલને ધ્રુજાવી ગયો.

નિખિલ શ્રોફ હજી તો મુસ્તાક હતા. જૂહુનો પ્રોજેક્ટ બંધ કરીને દેવરાજસિંહને પાઠ ભણાવવા જોતા નિખિલને જો એવી ખબર પડે કે કોઈકે એના આખા કુટુંબને જાળમાં ફસાવ્યું છે તો શું થાય એનો વિચાર કરતાં સોમલની આંખે અંધારાં આવી ગયાં.

‘હવે શું થઈ શકે?’

‘આમ જુઓ તો કશું નહીં. તારે બહુ જ ગણતરીપૂર્વક ફૂંકી ફૂંકીને પગલાં ભરવાં પડશે. આ છોકરી તદ્દન નિર્દોષ હોય એવું પણ બને.’

‘તું એક વાત કર, યાર...’ ગૂંચવાયેલો સોમલ ધૂંધવાઈ ઊઠ્યો.

‘આમાં એક વાત થઈ શકે એવી છે જ નહીં, સોમલ... આપણે બંને શક્યતાને સરખું મહત્ત્વ આપીને તપાસ કરવી પડશે.’

‘પણ તપાસ કરીશું કેવી રીતે?’

‘એ પણ એક સવાલ છે. કેસરની નજીક એવી કોઈ વ્યક્તિ નથી, જેને આપણે સારી રીતે ઓળખતાં હોઈએ.’

‘છે, એક છોકરી છે.’ સોમલની આંખો ચમકી ઊઠી:

‘ખરેખર તો કેસરના બાળપણના આ કિસ્સા વિશે એણે જ મને કહ્યું હતું. કેસરની બેસ્ટ ફ્રેન્ડ છે, વિદ્યા.’

‘આઇ થિંક એને જ મળવું જોઈએ.’

નેહા ત્રીજી સિગારેટ સળગાવવા જતી હતી કે સોમલે એના હાથમાંથી ઝૂંટવી લીધી:

‘જા, જલદી ન્હાઈને તૈયાર થા... હું વિદ્યાને ફોન કરીને ક્યાંક મળવા બોલાવું છું.’

*

ડૉ. પ્રતિમા પટેલનું ક્લિનિક કોઈ બિઝનેસમૅનની પર્સનલ ચૅમ્બર જેવું હતું. સોફા અને સીટિંગની વ્યવસ્થા કોઈ ઉચ્ચ મધ્યમ વર્ગના ડ્રોઇંગરૂમ જેવી હતી. પ્રતિમા એક મોટા સોફા પર બેસતી. સાઇકિયાટ્રિસ્ટને ત્યાં હોય છે એવા કોઈ કાઉચ કે તપાસ કરવા માટેની કોઈ વ્યવસ્થા એના પર્સનલ ખંડમાં નહોતી.

પ્રતિમાના સિંગલ સોફાની બાજુમાં કેસર બેઠી હતી. અહીં આવ્યા પછી શ્વેતાએ એને બધું જ સમજાવ્યું હતું. પોતે પણ પ્રતિમાની સારવાર લઈ ચૂકી છે એ વાત એણે કેસરને કહી દીધા પછી કેસર જરા હળવાશ અનુભવતી હતી.

નમણી અને દેખાવડી ડૉ. પ્રતિમાના ચહેરા પર કોઈ મમતામયી ઘરેલું સ્ત્રી જેવું માર્દવ હતું. આંખોમાં કરુણા અને સ્મિતમાં એક સ્નેહાળ સ્વજન જેવી સમજદારી હતી. એણે પહેલાં તો કેસર સાથે ઘણી બધી આડીઅવળી વાતો કરી. પછી ધીમે રહીને મૂળ વાતની શરૂઆત કરી.

કેસર ધીમેધીમે ખૂલતી ગઈ. એને સોમલ સાથેના સ્પર્શમાં એક વિચિત્ર પ્રકારની, અણગમાની, તિરસ્કારની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લાગણી થાય છે એ કહેતાં કહેતાં પ્રતિમા સાથે બાળપણના કિસ્સા સુધી પહોંચી ગઈ. લગભગ દોઢ કલાકની વાતચીત પછી પ્રતિમાએ કેસરને બહાર બેસવાનું કહ્યું.

'શું લાગે છે?' શ્વેતાના અવાજમાં ચિંતા હતી.

'આ ફ્રીજીડિટીનો કેસ નથી, શ્વેતા.' પ્રતિમા સહેજ અચકાતી હતી, 'હું સમજું છું ત્યાં સુધી વાત ઘણી જુદી અને ઊંડી છે.'

'તું કહેવા શું માગે છે?'

'મારે થોડા ટેસ્ટ કરવા પડશે. એ પહેલાં કશું પણ કહેવું અઘરું છે.'

'કશું સીરિયસ છે? એ ગાંડી છે? સ્કીઝોફ્રેનિક?'

'અરે ના.' પ્રતિમા હસી પડી:

'માનસિક રોગ એટલે માત્ર ગાંડપણ નહીં. બીજી ઘણી બધી બાબતો છે, જે આપણા મન સાથે જોડાયેલી હોય છે. મને એકાદ અઠવાડિયું આપ. હું કેસર સાથે હજી એક-બે સીટિંગ કરીશ. થોડા ટેસ્ટ કરીશ.'

પ્રતિમા અચાનક ગંભીર થઈ ગઈ:

'આઇ હોપ કે હું જે ધારું છું તે ખોટું પડે. નહીં તો પરિસ્થિતિ બહુ મુશ્કેલ થશે.'

'એવું તે શું ધારે છે તું?'

'એ વિશે આપણે હમણાં વાત નહીં કરીએ.' પ્રતિમાએ ઘડિયાળ સામે જોયું:

'તું કેસરને કાલે આ જ સમયે મોકલજે... સાથે નહીં આવતી.'

'તું પ્લીઝ, મને કહી દે. ભલે તારી શંકા ખોટી પડે, પણ મને...'

'હમણાં નહીં. ઇટ ઇઝ ટુ અર્લી.'

પ્રતિમા ઊભી થઈ ગઈ. સામેની વ્યક્તિને જવા માટેનો આ સંકેત હતો. શ્વેતા લગભગ કમને ઊભી થઈ. પ્રતિમાએ એને દરવાજા સુધી વળાવી:

'ચિંતા ના કરીશ. કેટલીક વસ્તુઓ આપણા હાથમાં નથી હોતી અને જ્યારે આપણા હાથમાં ન હોય ત્યારે એને કુદરત કે ઈશ્વર પર છોડીને એમાંથી મુક્ત થઈ જવું એ જ યોગ્ય છે.'

આટલું કહી એણે શ્વેતાનો ખભો થપથપાવ્યો:

'ટેક કેર.'

ઘર સુધી શ્વેતા ઊંડા વિચારમાં ડૂબેલી રહી. કેસર સાથે એવું શું હશે જે વાત પ્રતિમા એને કહેતાં અચકાઈ ગઈ...

*

અભિમન્યુની આંખ ખૂલી ત્યારે તો સૂરજ માથે આવી ગયો હતો. જગાડવાના કેટલાય પ્રયાસ કર્યા છતાં અભિમન્યુ કોઈ રીતે જાગતો નહોતો. એને લીધે બેચેન થઈ ગયેલા ગુલાબસિંહ તૈયાર થઈને ડ્રોઇંગરૂમમાં આંટાફેરા કરતા હતા.

અભિમન્યુ હજી સવારે જ હોસ્પિટલથી પાછો ફર્યો હતો. આખી રાત એણે પિતા પાસે વિતાવી હતી. એ ઘરેથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ગયો ત્યારે તો એના મનમાં સખત ગુસ્સો અને અકળામણ હતાં. એ હોસ્પિટલ પહોંચ્યો ત્યારે એની તૈયારી જ હતી કે પિતા કંઈ બોલે તો તૂટી પડવું, પરંતુ એ પહોંચ્યો ત્યારે પિતાની હાલત જોઈને આટલાં વર્ષોમાં પહેલી વાર એ ડરી ગયો.

મોઢા પર ઓક્સિજન માસ્ક પહેરીને ઊંડા ઊંડા શ્વાસ લેતા દેવરાજસિંહ ઝાલાની આંખો ચકળવકળ થતી હતી. એમના ચહેરા પર એમની અકળામણ અને ચિંતા સ્પષ્ટ દેખાઈ આવતી હતી. આજુબાજુમાં ઊભેલા ડોક્ટર અને નર્સ મોનિટર પર દેખાતા હૃદયના ધબકારાને જોઈને અસ્વસ્થ થઈ ગયાં હતાં. અભિમન્યુ દાખલ થયો કે તરત જ દેવરાજસિંહની બાજુમાં ઊભેલા ડોક્ટરે એને જોઈને અસ્વસ્થતાથી ડોકું ધુણાવ્યું:

'તમે લોકો પેશન્ટનું બિલકુલ ધ્યાન નથી રાખતાં. ઘેર ગયા પછી આવું કંઈ થશે તો પેશન્ટને બચાવી નહીં શકો, એટલું યાદ રાખજો.'

અભિમન્યુ એક ક્ષણ માટે પિતાની સામે જોઈ રહ્યો. હજી અડધો કલાક પહેલાં જે પિતા માટે એને તિરસ્કાર અને નફરત હતાં એની આ હાલત જોઈને અભિમન્યુના ગળે ડૂમો ભરાયો.

જેની સાથે એ સતત ઝઘડતો રહ્યો એ પિતા જ નહીં હોય તો શું થશે એ વિચાર એણે ક્યારેય કર્યો જ નહોતો. ગુસ્સામાં લાલપીળા થઈને એને ખખડાવતા પિતા કે ક્યારેક સલાહ આપતા એ પિતા એને નોર્મલ લાગતા, પણ આજે દયનીય સ્થિતિમાં પથારીમાં પડેલા પિતાની આ હાલત માટે પોતે જ જવાબદાર છે એવો વિચાર થોડીક ક્ષણ માટે એને ધ્રુજાવી ગયો.

બાજુમાં ઊભેલાં શ્રદ્ધાબહેનની આંખો રડી રડીને લાલ થઈ ગઈ હતી. એ પણ અત્યંત ડરેલાં અને પતિની આ હાલત જોઈને ચિંતાતુર બને એ સહજ હતું.

અભિમન્યુને જોતાં જ દેવરાજસિંહની આંખમાં એક જુદી જ જાતની ચમક ઉમેરાઈ. દેવરાજસિંહે હાથના ઇશારાથી અભિમન્યુને નજીક બોલાવ્યો. અભિમન્યુ ડરતો ડરતો પિતાના પલંગની પાસે પહોંચ્યો. એમણે અભિમન્યુનો હાથ પકડ્યો, પોતાના બીજા હાથે ઓક્સિજન માસ્ક હટાવીને એમણે મહામુશ્કેલીએ કહ્યું,

'કેમ... ગયો હતો?'

શ્રદ્ધાબહેને ઇશારાથી એને જવાબ આપવાની ના પાડી. ડોક્ટરે એમના હાથમાં ઓક્સિજન માસ્ક લઈને પાછું ચહેરા પર ગોઠવ્યું. દેવરાજસિંહ શ્વાસ લેવા માટે તરફડિયાં મારતા હતા. એમનો સવાલ એમની આંખોમાં વંચાતો હતો:

જવાબ આપ! એમણે ફરી માસ્ક હટાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ડોક્ટરે રોકી લીધા.

'હું તો માફી માગવા ગયો હતો બાપુ, એમણે અપમાન કર્યું. કૂતરાની જેમ કાઢ્યો મને.'

અભિમન્યુના મનમાંથી હજીયે એ વાત જતી નહોતી.

'એ તો એવો જ...'

'તમે ચિંતા ના કરો. પહેલાં સાજા થઈ જાવ.' શ્રદ્ધાબહેનની આંખો ફરી વહેવા લાગી.

'તું હવે કંઈ...'

દેવરાજસિંહે બે હાથ જોડ્યા. અભિમન્યુએ એમના હાથ પકડી લીધા:

'કંઈ નહીં કરું, બાપુ.'

જોકે એણે મનોમન ફરી એક વાર ગાંઠ વાળી કે જેણે એના પિતાની આ હાલત કરી હતી એને પોતે છોડશે તો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નહીં જ.

એ આખી રાત મા-દીકરો એકબીજાની સાથે બેસીને દેવરાજસિંહની આ હાલત જોતાં રહ્યાં. શ્રદ્ધાબહેને લગભગ આખી રાત દીકરાને જુદી જુદી રીતે સમજાવવામાં કંઈ બાકી રાખ્યું નહીં.

હજી થોડા જ દિવસ પહેલાંના અનુભવને કારણે શ્રદ્ધાબહેને આજે કેસરને ફોન કરવાનું ટાળ્યું હતું. અભિમન્યુએ પણ કેસરને જણાવવાની વાત કાઢી જ નહીં. લગ્નના મંડપમાં કેસરના હાથે તમાચો ખાધા પછી અભિમન્યુ એને વધુ ધિક્કારતો થઈ ગયો હતો. ખરેખર તો કેસર અહીંયાં નહોતી એ વાતે એ રાહત અનુભવી રહ્યો હતો.

નિખિલે કરેલા અપમાન પછી એ એક વાત સમજી ગયો હતો કે જો એને પોતાને માર્કેટમાં પોતાનું નામ ઊભું કરવું હોય તો સાવ એકલે હાથે કોઈની મદદ વગર તો નહીં જ થઈ શકે.

દેવરાજસિંહ સાજા થઈ જાય તો પોતે એનો હાથ પકડીને એક વાર સીડી ચડવા માંડે. એ સ્વતંત્ર રીતે બિઝનેસને લાયક થઈ જાય ત્યાં સુધી પિતાની મદદ અનિવાર્ય હતી એ વાત હવે અભિમન્યુને સમજાતી હતી.

એ આખી રાત અભિમન્યુ પોતાની જાતને સફળ થવાનું, મોટા માણસ થઈને બતાવવાનું, નિખિલને પાઠ ભણાવી દેવાનું વચન આપતો રહ્યો.

મોડી રાત્રે—લગભગ સવારે ડોક્ટરે કહ્યું કે દેવરાજસિંહ હવે ખતરાના સિગ્નલની બહાર છે ત્યારે એ ઘરે આવવા નીકળ્યો. એ ઘરે આવીને સૂતો ત્યારે સવારના સાડા ચાર-પાંચ થયા હતા.

એ હજી ઊંઘતો હતો, પરંતુ ગુલાબસિંહને નિખિલ સુધી પહોંચવાની ચટપટી હતી એટલે આખરે એમણે અભિમન્યુને ઢંઢોળીને જગાડી દીધો.

ઊંઘમાં ઊઠેલો અભિમન્યુ દાદાજીનો આ ઉત્સાહ સમજી શકતો નહોતો. એને ચીડ ચડતી હતી. જે નિખિલે ગઈ કાલે એની સાથે આટલું ખરાબ વર્તન કર્યું એને મળવા માટે એના જ દાદાજી આટલો ઉત્સાહ બતાવે એ વાત એને પોતાના અંગત અપમાન જેવી લાગતી હતી.

‘શું છે? મારી જાનમાં જવાનું છે?’

‘તારી જાન બચાવવા જાઉં છું, મૂર્ખા!’

‘તમે જો એમ માનતા હો કે નિખિલ તમને જોતાંની સાથે જ પીગળી જશે, તો વહેમ છે તમારો. એક નંબરનો કાબો અને લબાડ માણસ છે.’

‘હું એનાથી વધારે કાબો અને લબાડ છું અને લટકામાં હરામી પણ છું!’

‘આ તદ્દન નકામી મિટિંગ છે.’

‘એ તું મારા પર છોડ સાવજ, અત્યારે તો મને પેલી કેરિયટ હોટેલમાં પહોંચાડી દે.’

‘મેરિયટ, દાદાજી...’

‘હા! ત્યાં પહોંચાડી દે. બાકીનું હું ફોડી લઈશ.’

આંખો ચોળતા, કંટાળેલા, ઉજાગરાથી ચીડિયા થઈ ગયેલા અભિમન્યુએ મહેશને મેરિયટ ક્યાં આવી એ સમજાવીને દાદાજીને ત્યાં ઉતારવાનું કહી દીધું. પોતે પાછો ઊંઘી ગયો.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘વિદ્યા, હું સોમલ બોલું છું.’

‘હા, હા...’

‘મારે તને મળવું છે, હમણાં જ.’

વિદ્યાનો પરિવાર થોડો રૂઢિચુસ્ત હતો. એમ પૂછ્યાગાછ્યા વિના તરત જ બહાર નીકળી જવું એને માટે શક્ય નહોતું. એક કેસર જ એની એવી બહેનપણી હતી, જેના નામે એ ક્યાંય પણ જઈ શકતી એટલું જ નહીં, ગમે તેટલી મોડી પાછી ફરી શકતી.

‘હમણાં જ?’ એ ગૂંચવાઈ.

‘હા, અર્જન્ટ કામ છે.’

‘ઘરે પૂછવું પડે.’

‘કંઈ પણ કર, વિદ્યા... હું અડધા કલાક પછી ગુલમહોર રોડ પરના કોસ્ટા કોફીમાં તારી રાહ જોઉં છું.’

સામે છેડેથી જે ત્વરાથી ફોન મુકાઈ ગયો કે વિદ્યા ગૂંચવાઈ ગઈ... ગૂંચવાયેલી વિદ્યાને સમજાયું નહીં કે સોમલને એવું અર્જન્ટ શું કામ હશે...

સોમલને મળતાં પહેલાં એણે કેસરને ફોન લગાડ્યો.

ડોક્ટર પ્રતિમાના ક્લિનિકથી ઘરે જઈ રહેલી કેસરે વિદ્યાનો ફોન જોયો ખરો, પણ લીધો નહીં. શ્વેતા સાથે હતી એટલે વિદ્યા સાથે કંઈ વાત નહીં થઈ શકે એમ માનીને એણે ઘરે જઈને ફોન કરવાનું નક્કી કર્યું. ચાર-પાંચ વાર ટ્રાય કર્યા પછી વિદ્યાએ પ્રયત્ન છોડી દીધો.

દરજીને ત્યાંથી કપડાં લાવવાના બહાને વિદ્યા ઘરમાંથી બહાર નીકળીને રિક્ષામાં કોસ્ટા કોફી પહોંચી ત્યારે સોમલ એક શ્યામવર્ણી પણ નમણી-સેક્સી દેખાતી છોકરીની સાથે બેસીને સિગારેટ પી રહ્યો હતો. કોસ્ટા કોફીની બહાર બે-ચાર ટેબલ સ્મોકર્સ માટે રાખવામાં આવે છે. એમાંના એક પર બેસીને સોમલ એની રાહ જોઈ રહ્યો હતો.

વિદ્યાએ રિક્ષા છોડીને લગભગ હાંફતા સોમલની સામેની ખુરશીમાં પડતું મૂક્યું:

‘શું થયું છે? કેસર પણ ફોન લેતી નથી.’

‘હું કેસરને ડિવોર્સ આપવા માગું છું!’

‘વ્હોટ? હજી તમારાં લગ્નને અઠવાડિયું પણ પૂરું નથી થયું. આ શું ગાંડપણ છે?’

‘આ સવાલ તારે એને પૂછવો જોઈએ... લગ્ન કર્યા પછી પતિને હાથ પણ ન લગાડવા દે એવી સ્ત્રીથી તો કોર્ટ પણ તરત જ ડિવોર્સ અપાવી દે. તું મારા પક્ષમાં સાક્ષી આપીશને?’ સોમલે એની આંખમાં જોયું.

‘તમે મને આમાં નહીં નાખો.’ વિદ્યા ગૂંચવાઈ ગઈ.

‘મારા ઘરમાં આ બધું નહીં ચાલે. આવી રીતે વારંવાર બહાર ન અવાય મારાથી. નીલાંગ મને જોઈ જાય તો...’

‘જો વિદ્યા, એ સીધી રીતે ડિવોર્સના પેપર પર સહી કરશે તો ફાયદામાં રહેશે.’

‘કેમ, તું આની જોડે પરણવાનો છે?’

વિદ્યા અચાનક છંછેડાઈ ગઈ. બાળપણથી જ કેસરનું વધુ ધ્યાન રાખતી. એને દુઃખ પડે કે તકલીફ થાય એ વિદ્યાથી સહેવાતું નહીં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ના.’ એ શ્યામવર્ણી છોકરી હસી પડીઃ

‘મારું નામ નેહા છે. હું સોમલની બાળપણની મિત્ર છું.’ એણે હાથ લંબાવ્યો.

વિદ્યા શેકહેન્ડ કર્યા વગર એને જોતી રહીઃ

‘તો?’

‘તું સમજી શકે છે, આ આખી પરિસ્થિતિનો કોઈ અર્થ નથી. બંને જણા દુઃખી થાય છે.’

‘હવે બાવીસ દુઃખી થશે... કેસરના પિતાજી એને મારી નાખશે, જો ડિવોર્સનું નામ પણ સાંભળશે તો...’ વિદ્યાની આંખોમાં પાણી આવી આવ્યાં.

‘હું તમને હાથ જોડું છું સોમલ, થોડી ધીરજ રાખો. બીજો કોઈ ઉપાય વિચારો. મેં તમને પહેલાં સમજાવ્યા ત્યારે તમે...’

‘ત્યારે હું બેવકૂફ હતો. હવે અક્કલ આવી છે, તું મને કોઈ પણ રીતે ડિવોર્સ પેપર પર સહી કરાવી આપ.’

‘એ શક્ય નથી, સોમલ.’

‘હું એને 50 લાખ રૂપિયા આપવા તૈયાર છું.’ નેહાની વાત સાંભળ્યા પછી સોમલ ઉતાવળો અને બેબાકળો થઈ ગયો.

‘એનાથી વધારે પૈસા તો એના બાપુએ એના લગ્નમાં ખર્ચ્યા છે!’

‘એટલે સોદો કરવો છે એ તો નક્કી... ભાવ ઓછો પડે છે.’

‘તમે શું સમજો છો એને? એ ના પાડતી હતી ત્યારે જબરજસ્તી લગ્ન કર્યાં. હવે એ તમારી સાથે રહેવા માગે છે ત્યારે કાઢી મૂકવા માગો છો. જીવતું-જાગતું માણસ છે એ... એને પણ ઇચ્છા-અનિચ્છા, ગમા-અણગમા હોય.... તમે નચાવો એમ નહીં નાચે એ...’ વિદ્યા પણ ઉશ્કેરાઈ ગઈ.

‘હમણાં હું પૈસા ઓફર કરું છું.’ સોમલમાં શ્રોફકુટુંબનું લોહી ઉછાળા મારવા મંડી પડ્યું હતુંઃ

‘પછી લાત મારીને કાઢી મૂકીશ ત્યારે એક પૈસો નહીં આપું. છડેચોક બદનામ કરીશ એને... એની ફીજીડીટી વિશે, એની બીમારી વિશે મીડિયામાં હજાર જાતની વાતો ઊછળશે એટલું યાદ રાખજે.’

‘એનાથી તમારી બદનામી નહીં થાય?’

‘મારી બદનામી શું કામ થાય? મેં કશું કર્યું જ નથી. હું તો એની સાથે સુખેથી રહેવા માટે પરણ્યો હતો, પણ એને જ નથી રહેવું તો...’

‘તમે પૈસાવાળાઓ તમારા મનમાં સમજો છો શું?’ વિદ્યાનો આક્રોશ અચાનક ભભૂકી ઊઠ્યોઃ

‘એનો બાપ મરણપથારીએ પડ્યો છે એની તમને ચિંતા નથી. એ છોકરી બિચારી કઈ સ્થિતિમાંથી પસાર થતી હશે એનો વિચાર સુધ્ધાં તમને નથી આવતો... પહેલાં પરણવાની ઉતાવળ હતી. હવે છૂટાછેડાની ઉતાવળ છે.’

‘હા, છે.’ સોમલ હવે છેલ્લી પાટલીએ બેસી ગયોઃ

‘તું એની સાથે વાત કર. ચોવીસ કલાકમાં મને જવાબ જોઈએ. એ જો સારી રીતે રહેવા તૈયાર હોય તો હું હજી એક તક આપવા તૈયાર છું.’

‘ટૂંકમાં, જો એ એનું શરીર તમને ધરી દે તો તમે એને ઘરમાં રહેવા દેશો. કેમ?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હા, એમ જ...’

સોમલ હવે આગળ વાત કરી શકવાની સ્થિતિમાં નથી એવું નેહાને સમજાઈ ગયું. એણે ઉશ્કેરાયેલા સોમલના હાથ પર માર્દવ અને સમજદારીથી પોતાનો હાથ મૂક્યો. સોમલે એની સામે જોયું. નેહાએ ફક્ત આંખ મીંચીને એને શાંત રહેવાનો ઇશારો કર્યોઃ

‘વિદ્યા, તું જ વિચાર કર. આમ કઈ રીતે ચાલશે આ બંનેની મૅરીડલાઇફ...’

‘નહીં ચાલે, હું પણ સમજું છું. પણ આ રીતે વાત કરવાથી આનો ઉકેલ તો નહીં જ મળે.’

‘જો કેસરે આપઘાત કરવાની ધમકી આપી છે. તારી બહેનપણી આપઘાત કરે એવું તું પણ ન જ ઇચ્છે ને? તું કહે આપણે શું કરવું જોઈએ?’

‘મને કેસર સાથે વાત કરવા દો.’

વિદ્યાનું વાક્ય હજી પૂરું થાય એ પહેલા એના સેલફોન પર રિંગ વાગી. કેસરે ઘરે પહોંચતાંની સાથે જ વિદ્યાને ફોન જોડ્યો હતો, પણ હવે વિદ્યા વાત કરી શકવાની સ્થિતિમાં નહોતી! એણે થોડીક ક્ષણ ફોન સામે જોયા કર્યું. પછી ફોન કટ કર્યોઃ

‘હું કેસર સાથે શાંતિથી વાત કરીને તમને જવાબ આપીશ. મને થોડો સમય આપો.’

નેહાએ સોમલ સામે જોયું. કોઈ વાંધો નથી એવા ભાવ સાથે એણે ખભા ઉલાળ્યા.

‘ઓ.કે...’ નેહાએ સમજદારીથી વિદ્યા સામે સ્મિત કર્યુંઃ

‘હું માનું છું તું આ પરિસ્થિતિનો કોઈ એવો રસ્તો શોધી કાઢીશ જેમાં બધા શાંતિથી અને સુખથી રહી શકે.’

‘હું પ્રયત્ન જરૂર કરીશ.’

વિદ્યા ઊભી થઈ ગઈ. એને હવે કેસર સાથે વાત કરવાની તાલાવેલી લાગી હતી. એ સડસડાટ મુખ્ય રસ્તા તરફ ચાલવા લાગી. પસાર થતી રિક્ષાને હાથ કરી એમાં ગોઠવાઈ ગઈ.

સોમલ અને નેહા વચ્ચે થોડી વાર તદ્દન મૌન ક્ષણો પસાર થતી રહી. નેહાએ એક સિગારેટ સળગાવી. સિગારેટ પૂરી થઈ ત્યાં સુધી નેહા ઊંડા વિચારમાં ગરકાવ હતી.

‘હવે મને લાગે છે ત્યાં સુધી આમાં કોઈ ચાલાકી કે દાવ નથી.’

નેહાએ ટેબલ પર પડેલી એશ ટ્રેમાં સિગારેટ બુઝાવી નાખીઃ

‘તમે બધા એક વિચિત્ર પરિસ્થિતિમાં ફસાઈ ગયા છો. ફક્ત સંજોગો સિવાય આને માટે કોઈને જવાબદાર ઠેરવી શકાય એવું લાગતું તો નથી.’

‘કેમ, નેહા? મારી સાથે જ કેમ?’ સોમલનો ચહેરો સહેજ ઝાંખો પડી ગયોઃ

‘આટલાં વર્ષોના સંબંધ પછી પહેલાં આરોહી અને પાંચ વર્ષના લાંબા ગાળા પછી આવેલી કેસર... એ પણ?’

‘જે ન સમજાય કે જેના જવાબ ન મળે એને નસીબના ટાઇટલ નીચે સસ્પેન્સ એકાઉન્ટમાં નાખી દેવાનું, દોસ્ત!’ નેહાની લાંબી કાળી આંખો સહેજ તરલ થઈ આવીઃ

‘જિંદગીની ચેસમાં એક બાજુ તો સતત આપણે રમવું પડે છે, પણ સામેની બાજુએ અદૃશ્ય રહીને કોણ રમે છે એની ખબર નથી પડતી.’

‘નથી રમવી મારે આ ચેસ. હું એક સીધીસાદી, સરળ જિંદગી જીવવા માગું છું.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એવી ચોઇસ જ ક્યાં મળે છે? બિછાવેલી બાજી પર સફેદ કે કાળા મહોરાં પસંદ કરવાની પણ છૂટ ક્યાં છે આપણને?’ નેહાએ સ્મિત કરીને સોમલના ગાલ પર ટપલી મારીઃ

‘બસ! રમવું પડે છે... સામેવાળો અદૃશ્ય પાર્ટનર જીતવાનો છે એવી ખબર છે, છતાંય રમવું પડે છે. હારી જઈએ ત્યાં સુધી...’

સોમલ દૂર શૂન્યમાં જોઈ રહ્યો હતો.

એનો સેલફોન રણક્યો.

‘યસ ડેડ, બસ પહોંચું જ છું.’

*

રિક્ષામાં બેસીને વિદ્યાએ કેસરનો સેલફોન નંબર લગાડ્યોઃ

‘ક્યાં હતી તું?’

‘ડોક્ટરને ત્યાં.’

‘કેમ?’ વિદ્યાને ફાળ પડી.

‘મારાં સાસુ મને સાઇકોલોજિસ્ટ પાસે લઈ ગયાં હતાં.’

‘સારું થયું.’ વિદ્યાનો શ્વાસ હેઠો બેઠોઃ

‘સોમલે મને મળવા બોલાવી હતી.’

બે સહેલીઓ વચ્ચે ક્યારેય કશું જ છૂપું નહોતું રહી શકતું.

‘મેં તને સોમલ તરફ ન ધકેલી હોત તો કદાચ... આઇ એમ સોરી, કેસર. મારી જ ભૂલ છે.’

વિદ્યાની આંખોમાં પાણી આવી ગયાંઃ

‘તું શું કરીશ હવે? મને તારી બહુ ચિંતા થાય છે.’

કેસરનું મગજ બહેર મારી ગયું હતું. એક તરફ એની પોતાની જિંદગી હતી, તો બીજી તરફ એના પિતાની પ્રતિષ્ઠા અને એ પ્રતિષ્ઠા સાથે જોડાયેલું પિતાનું જીવન.

શ્રોફના ઘરમાં એના માટે જગ્યા નહોતી અને ઝાલાકુટુંબ એને પાછી સ્વીકારે એ વાત અશક્ય હતી...

શું કરવું?

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 17

નિખિલે ડ્રાઇવરને મેરિયટ હોટલથી થોડે દૂર ઉતારી દીધો. જાતે ગાડી લઈને એ મેરિયટ તરફ આગળ વધ્યો ત્યારે એના મનમાં ઘણા સવાલો હતા.

આ દેવરાજસિંહ ઝાલાનો બાપ શું ઇચ્છતો હશે એ એના જેવા કાબા માણસને હજી સુધી સમજાતું નહોતું એની એને પોતાને નવાઈ લાગી, પરંતુ એના મનમાં કુતૂહલ બરાબર જાગ્યું હતું.

આ બુઢ્ઢાને મળવું અનિવાર્ય હતું. મેરિયટના દ્વાર પાસે એની ગાડી પહોંચી ત્યારે ગુલાબસિંહ એની રાહ જોતા ત્યાં જ ઊભા હતા. આમતેમ જોઈને એણે ગુલાબસિંહને ગાડીમાં બેસવાનો ઇશારો કર્યો. ગુલાબસિંહ ઉત્સાહથી ગાડીમાં બેસી ગયા. એમણે પહેલાં આવી વૈભવી કાર ક્યારેય જોઈ નહોતી, એટલે નિખિલની ગાડીમાં બેઠા પછી સૌથી પહેલાં એણે ગાડીનાં વખાણ કરવા માંડ્યાં.

'સાહેબ, ગાડી જોઈને જ ખ્યાલ આવે છે કે તમે કેટલા મોટા માણસ છો. તમારી પસંદ કેટલી ઊંચી છે.'

'કામની વાત કરો.'

સામાન્ય રીતે પોતાનાં વખાણ સાંભળીને ફુલાતા નિખિલે આજે વાત ટૂંકાવી.

'હું દેવલાને બરબાદ થતો જોવા માગું છું. એ રસ્તા પર આવી જાય એવી મારી ઇચ્છા છે.'

'શું કામ? તમે તો બાપ છો એના...'

'પણ એ મને બાપ માનતો નથી. ધિક્કારે છે મને.'

'હું શું કામ તમારી વાત માની લઉં?'

'ન માનો... ગેરફાયદો તમારો જ છે.' ગુલાબસિંહ મૂછમાં હસ્યા:

'નિખિલભાઈ સાહેબ, તમારી વાત સાચી છે. હું એનો બાપ છું, પણ તમે મારી પૌત્રીનાં લગનમાં મને જોયો? એ લગનની વાત કરવા આવ્યો ત્યારે વડીલ તરીકે મને સાથે નથી લાવ્યો.'

'હા, એ તો ખરું.'

'એણે ક્યારેય મને એનો બાપ ગણ્યો જ નથી.'

'એ તો બરાબર, પણ તમે મારી શું મદદ કરી શકશો?'

'હું તમારી મદદ માગવા આવ્યો છું, સાહેબ.'

'એટલે?'

'એટલે એમ કે...'

ગુલાબસિંહ થોડીક ક્ષણ ઇરાદાપૂર્વક ચૂપ રહ્યા:

'તમે જે પ્રોજેક્ટ બંધ કરવાનું વિચાર કરો છો એ બંધ કરી દો. મને વાંધો નથી, પણ, એ પછી મારો સાવજ રઝળે નહીં એવું તમારે કંઈ કરવું પડે.'

નિખિલ હસી પડ્યો:

'ટૂંકમાં, બધું મારે કરવાનું છે, ને વાત તો તમે એવી કરો છો જાણે મારા પર ઉપકાર કરતા હો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હવે નિખિલ શ્રોફની તોછડાઈ પોત પ્રકાશીને બહાર આવી:

'જુઓ, વડીલ... તમારી ઉંમર જોતાં કંઈ કહેતો નથી, બાકી મને મૂરખ બનાવવાનો પ્રયત્ન કરે એવા માણસોને મેં જાહેરમાં તમાચા માર્યાના દાખલા છે.'

નિખિલને હતું કે આટલું સાંભળતા જ ગુલાબસિંહ ઝંખવાઈ જશે એને બદલે ગુલાબસિંહ હસી પડ્યા:

'અમારે ત્યાં સૌરાષ્ટ્રમાં એક કહેવત છે, ઉતાવળા સો બહાવરા ધીરા સો ગંભીર... નિખિલભાઈ સાહેબ, બહુ ઉતાવળ છે તમને? મારી વાત પૂરી સાંભળી નહીં તમે.'

'હવે શું સાંભળવાનું બાકી છે? મારો સમય વેડફાય છે. મને તો એમ કે શું યે વાત હશે...' નિખિલે ખભા ઉલાળ્યા.

'તમારી વાત પૂરી થઈ. હવે મારી વાત શરૂ થાય છે. કદી ઇતિહાસ ભણ્યા છો સાહેબ? આ દુનિયાનો કોઈ પણ કિલ્લો અંદરના માણસ વગર કદી ખૂલ્યો છે ખરો?'

'એટલે?' નિખિલની આંખો ઝીણી થઈ.

'હું તમારી મદદ કરીશ.' ગુલાબસિંહે લુચ્ચું સ્મિત કર્યું:

'હું દેવરાજની નસ-નસ જાણું છું. એને ક્યાંથી તોડી શકાય એ મને આવડે છે... તમે બહારથી હુમલો કરજો, હું અંદરથી દરવાજો ઉઘાડી નાખીશ!'

'પણ આટલા નાના માણસ માટે આટલું બધું કરવાની જરૂર નથી. હું એને આસાનીથી બરબાદ કરી શકું એમ છું.'

'એની બરબાદી એ મારો એકમાત્ર હેતુ નથી, નિખિલભાઈ સાહેબ! મારે સાવજને સફળ જોવો છે. દેવરાજ માટે પોતાની હાર એ એટલા મોટા દુ:ખની વાત નથી.' ગુલાબસિંહે જાણે વાત પૂરી કરી:

'પોતાની હાર સામે જો સાવજ સફળ થશે તો દેવરાજ તૂટી જશે.'

'અને, તમને શું મળશે?'

'બદલો... સંતોષ. જેણે જિંદગીભર મારું અપમાન કર્યું છે એને દુ:ખી થતો, તરફડતો, હારતો જોવો કોને ન ગમે નિખિલભાઈ સાહેબ?'

નિખિલે ગાડી ઊભી રાખી. પછી બહારની તરફ જોયું:

'ઊતરી જાવ.'

'તમે મારી વાતનો જવાબ ના આપ્યો.'

'તમે જ તો કહ્યું, ઉતાવળા સો બહાવરા... નિખિલ શ્રોફ બોલ્યો:

'તમે મને મૂરખ નથી બનાવતા. મારો ઉપયોગ નથી કરતા એટલો ભરોસો પડવા દો મને...' આટલું કહી નિખિલે દરવાજો ખોલી નાખ્યો:

'ઊતરો હવે!'

ગુલાબસિંહ નફફટની જેમ હસતાં હસતાં ઊતરી ગયા. એમણે ઊતરીને નમસ્તે કર્યું:

'મને ખાતરી છે નિખિલભાઈ સાહેબ કે તમારા જેવો વેપારી માણસ મારી ઓફરની ના નહીં પાડે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નિખિલ જવાબ આપ્યા વિના હંકારી ગયો.

ત્યાંથી નીકળ્યા પછી નિખિલનું મગજ કામે લાગ્યું:

આ બુઢ્ઢો જે કહી રહ્યો હતો એવી મદદ જો એ કરી શકે તો ફક્ત દેવરાજસિંહ જ નહીં, કેસરને પણ પાઠ ભણાવવામાં બંનેને કામે લગાડી શકાય.

બાપ-દીકરીનો અહંકાર નિખિલને ઊંડે સુધી વાગ્યો હતો. બંને જણા ઘૂંટણિયે પડતાં આવે તો મજા પડી જાય એ વિચારે નિખિલ ગેલમાં આવી ગયો...

એણે ગાડીની મ્યુઝિક સિસ્ટમ ઓન કરી.

ડ્રાઇવર ઊભો હતો ત્યાં એ પહોંચ્યો ત્યારે ડ્રાઇવર નવાઈથી એની સામે જોઈ રહ્યો. સામાન્ય રીતે નિખિલ પ્રવાસ કરતો હોય ત્યારે ગાડીમાં સંગીત વગાડવાની એ ચોખ્ખી ના પાડતો. એ ભાગ્યે જ ડ્રાઇવરને ઉતારીને આવી રીતે ગાડી લઈને ક્યાંય જતો.

એની ઐયાશી, એની શરાબ કે એની બધી જ પાર્ટીઓ વિશે એનો ડ્રાઇવર જાણતો. જે વાત નિખિલ શ્વેતાથી પણ છુપાવતો નહોતો એ ડ્રાઇવરથી છુપાવવી પડે એવું તો ન જ હોઈ શકે, પરંતુ આજે એણે ડ્રાઇવરને રસ્તા પર ઉતારી દીધો. પોતે ગાડી લઈને ગયો અને પોતે જ સંગીત વગાડીને, ગાડી ચલાવીને જે રીતે આવ્યો એ જોતાં ડ્રાઇવરને લાગ્યું કે નિખિલસાહેબ કોઈ જબરજસ્ત લફરાંમાં ફસાયો છે...

*

'સોમલને કોઈ પણ હિસાબે ડિવોર્સ જોઈએ છે, કેસર.'

'જાણું છું. એણે મને ગઈ કાલે જ કહ્યું.'

કેસરનું મગજ બહેર મારી ગયું હતું. એને પોતાનું ભવિષ્ય તદ્દન ધૂંધળું દેખાતું હતું. શ્રોફ કુટુંબના ઘરમાં એને માટે જગ્યા નહોતી અને ઝાલાકુટુંબ એને પાછી સ્વીકારે એ અસંભવ હતું...

'તું શું કરીશ હવે?'

'મને નથી ખબર, વિદ્યા.' કેસરે એના મનમાં જે હતું તે જ કહી દીધું:

'આપઘાત કરીશ, સહુ છૂટી જશે.'

'મૂરખ છે તું.' વિદ્યા ઉશ્કેરાઈ ગઈ:

'આજ સુધી તેં મને જીવવા માટે હિંમત આપી. તું જ મને કહેતી રહી કે જિંદગી એટલી સસ્તી નથી કે આમ કચરાના ડબ્બામાં ફેંકી દેવાય... અને હવે તું જ?'

'શું કરું? બીજો કોઈ રસ્તો નથી.'

'તું સાઇકોલોજિસ્ટ પાસે જઈ આવી છે ને? એ કોઈ ઉપાય શોધી કાઢશે. ત્યાં સુધી સોમલ સાથે વાત કર. એને સમજાવ. એ ખરાબ માણસ નથી.'

'મેં ક્યાં એવું કહ્યું? એ જે કંઈ ઇચ્છે છે એ એનો અધિકાર છે, પણ હું એને આપી શકું એમ નથી...' કેસરનું ગળું ભરાઈ આવ્યું:

'ફક્ત એટલું જ હોત તો કદાચ હું પહોંચી વળી હોત, પણ... એ લોકો તો...'

'કેસર, તારી દયા નથી ખાતી, પણ સાચે જ મને તારી હાલત જોઈને...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મારી દયા નહીં ખા.’ કેસરનો અવાજ ઊંચો થઈ ગયો:

‘હું સંજોગોમાં ફસાઈ છું એ વાત સાચી... પણ મારી દયા ખાવી પડે એવી સ્થિતિ નથી. હાથપગ આપ્યા છે ઈશ્વરે... મગજ સાબૂત છે. આંધળી-લૂલી-લંગડી નથી હું... પહોંચી વળીશ.’

‘એ તો હું જાણું છું. તું ક્યારેય હારી નથી.’ વિદ્યાએ ધીમેથી ઉમેર્યું:

‘મારે તને એટલું જ કહેવું છે કે હારતી નહીં.’

‘હારવું એટલે શું? આ લોકોના અહંકાર સામે ઝૂકી જવું, એમનું કહ્યું માનીને એ કહે તેમ જીવવું, મારી સાસુ જીવે છે એમ, એમના ઇશારે નાચતી ઢીંગલી બની જવું તો હારી ગઈ એમ કહેવાય. મારું મોત પણ મારી જીત હશે, એટલું યાદ રાખજે. નિખિલ હાથ ઘસતો રહી જશે, પણ મારી સામે જીતી નહીં શકે.’

‘કઈ માટીની બની છે તું!’

વિદ્યાનો અવાજ સહેજ ધ્રૂજી ગયો. એ જાણતી હતી કે કેસર જે બોલે છે તે કરી બતાવવાની તાકાત છે એનામાં.

‘મને નથી ખબર, વિદ્યા. પણ અત્યારે એક વાત નક્કી છે. હું ક્યાંય ખોટી નથી, એટલે કારણ વગર કોઈના પગમાં પડીને ભીખ તો નહીં જ માગું.’

કેસરે ફોન મૂક્યો ત્યારે વિદ્યા સાચે જ ડરી ગઈ હતી. કેસર શું કરશે એની ચિંતા એના મનમાં એવી તો ઘર કરી ગઈ કે એણે ઘણું વિચાર્યા પછી શ્રદ્ધાબહેન સાથે વાત કરવી જ પડશે...

*

સોમલ અને નેહા ઓફિસ પહોંચ્યા ત્યારે નિખિલ પણ ઓફિસ પહોંચી ગયો હતો. ગુલાબસિંહને મળ્યા પછી એને સાચે જ મજા પડી ગઈ હતી.

નેહાને લઈને સોમલ એની ચેમ્બરમાં પહોંચ્યો ત્યારે નિખિલ ખુશ થતો ઊછળી પડ્યો:

‘મારી પાસે એક જબરજસ્ત સમાચાર છે. દેવરાજસિંહ ઝાલાનો બાપ એની વિરુદ્ધમાં આપણી મદદ કરવા તૈયાર છે.’

‘ડૅડ, તમે આ બધામાં શું કામ પડો છો?’

‘તને નહીં સમજાય... મારી સામે માથું ઊંચકનારનું માથું કાપી લેવું એ નિખિલ શ્રોફની ફિતરત છે.’ એણે હસીને કહ્યું:

‘દેવરાજસિંહ અહીં... ઘૂંટણીયે પડીને માફી માગશે. એની દીકરી હાથ જોડીને આપણે ઘેર એને રહેવા દેવાની વિનંતી કરશે...’

નેહા નવાઈથી નિખિલ શ્રોફ સાથે જોઈ રહી. આટલો મોટો બિઝનેસમેન આટલી નાનકડી વાતને ખેંચીને આટલી મોટી કરી શકે છે એ જોઈને એને નવાઈ લાગી. કરોડોનો મામલો હોય કે બિઝનેસ ડીલ હોય તો બરાબર છે, પણ એક નાનકડી છોકરી અને એના મજબૂર બાપ માટે નિખિલ આવડો મોટો મુદ્દો બનાવી શકે એ નેહાની સમજ બહાર હતું.

‘ડૅડ, હું આ બધામાં નથી પડવા માગતો.’ સોમલે શાંતિથી કહી દીધું:

‘મને આ બધી નેગેટિવિટી—આવી નકારાત્મક વાતમાં રસ નથી.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અરે વાહ! તારી માએ પઢાવીને મોકલ્યો લાગે છે.’

હવે નિખિલનો ચહેરો બદલાઈ ગયો:

‘હું તને એક વાત કહી દઉં. હવે આ માત્ર જૂહુ પ્રોજેક્ટનો મુદ્દો નથી રહ્યો. નિખિલ શ્રોફની પ્રતિષ્ઠા અને માન-સન્માનનો સવાલ બની ગયો છે. તારાં લગ્નના દિવસથી જ હું બેચેન છું. જે કંઈ થયું એ પછી દેવરાજસિંહ ઝાલા પાસે માફી મગાવ્યા વગર મન ચેન નહીં પડે.’

‘જે થવાનું હતું એ થઈ ચૂક્યું છે, ડૅડ. ભૂલ મારી છે. કેસર સાથે પરણવાની ઇચ્છા મારી હતી...’ સોમલે આગળની ચર્ચા ટૂંકાવી દીધી:

‘ઈન શોર્ટ, મારે આ વેરઝેર અને ઝઘડા નથી જોઈતા, ડૅડ. હું આમાંથી બહાર રહેવા માગું છું.’

એ નિખિલની ચૅમ્બરમાંથી સડસડાટ બહાર નીકળી ગયો, પણ નેહા હજી ત્યાં જ ઊભી હતી.

નિખિલે એની સામે જોયું:

‘સમજાવી દેજે આને... હું હવે આમાં પાછળ નથી હટવાનો.’

‘સર, બહુ નાની વાત છે. આ વાતને ખેંચવાથી...’

‘વાત નાની હોય કે મોટી, નિખિલ શ્રોફની પ્રતિષ્ઠા પર નાનકડો પણ ઘસરકો પડે એ મને મંજૂર નથી. યુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે. બધા જ જાણે છે કે હું એક વાર હથિયાર ઉઠાવું પછી લોહી ચાખ્યા વિના મ્યાન નથી કરતો!’

*

વિદ્યા સાથે વાતચીત કર્યા પછી ગૂંગળાતી અને ગૂંચવાતી કેસર ક્યાંય સુધી પોતાના રૂમમાં પલંગ પર પડીને છતને તાકતી રહી.

ડૉ. પ્રતિમા પટેલે એને જે કોઈ સવાલો પૂછ્યા એનાથી એનો ભૂતકાળ જીવતો થઈ ગયો હતો. એની જિંદગીની કેટલીક વિગતો જેને એ તદ્દન ભૂલી જવા માગતી હતી એ બધી જ ફરીને એની આંખ સામે જીવતી થઈ હતી. પેલા ગંદા ટીચર મયંક જોશીનો એ લોલુપ હસતો ચહેરો એને વારંવાર પોતાની આંખ સામે દેખાતો હતો.

પોતાના શરીર પર ફરતો મયંકનો હાથ એ અત્યારે પણ અનુભવી શકતી હતી. એને ભયાનક ઊબકો આવ્યો. ઊઠીને એ બાથરૂમ તરફ દોડી.

મયંકના વિચારમાત્રથી એની અંદર હંમેશાં આવી જ ઘૃણા અને તિરસ્કારની લાગણી સળગી ઊઠતી. આજે પણ એનાં દાંત પીસાઈ ગયા, મુઠ્ઠી વળી ગઈ. મયંક નજર સામે આવે તો અત્યારે જ એનું ખૂન કરી નાખવાની ઇચ્છા થઈ આવી કેસરને.

ડૉ. પ્રતિમાએ કહ્યું હતું એમ એણે ચહેરા પર થોડું પાણી છાંટ્યું. પછી પલંગ પર સૂઈને શરીરને ઢીલું છોડી દીધું. આંખ મીંચી દીધી. ઊંડા શ્વાસ લેતાં લેતાં એણે જાતને રિલેક્સ થવાની સૂચના-ઓટોસજેશન્સ આપવા માંડ્યાં...

એ ક્યારે ઊંઘી ગઈ એની એને પોતાને પણ ખબર ના રહી. એની આંખ ખૂલી ત્યારે શ્વેતા એની સામે ઊભી હતી.

‘બેટા, સવારથી કંઈ ખાધું નથી... ચાલ, નીચે.’

‘મા, હું તમને બધાને બહુ ત્રાસ આપું છું નહીં?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'ના રે!' શ્વેતાબહેનના ચહેરા પર મમતાભર્યું સ્મિત આવી ગયું:

'આમાં તું ક્યાંય જવાબદાર નથી બેટા, એવું આજે મને સમજાયું છે. હું રાત્રે સોમલ સાથે વાત કરવાની જ છું, પણ જો મારું માને તો હું તને એક વાત કહું?'

કેસરના ચહેરા પર સંમતિ જોઈને શ્વેતાએ વાત આગળ વધારી:

'મારો દીકરો છે એટલે નથી કહેતી, પણ જ્યાં જઈશ ત્યાં સમાધાન તો કરવું જ પડશે.'

'કોશિશ તો કરું છું, પણ મારું શરીર મારા કહ્યામાં નથી.' કેસરની આંખો ભરાઈ આવી:

'હું એમને ના નથી પાડતી... પણ એમને જે જોઈએ છે તે ફક્ત શરીર નથી. એમને તો આખી કેસર જોઈએ છે. મનથી, લાગણીથી અને આત્માથી એમની થઈ જાય એવી કેસર... એ બધું ક્યાંથી લાવું હું?'

'સોમલ જ શું કામ? પુરુષમાત્રને એવી જ પત્ની જોઈએ છે બેટા, ફક્ત શરીરથી ધરાઈ જનારા પુરુષ તો આપણા જેવી સ્ત્રી સ્વીકારી પણ ન શકે, ખરું કે નહીં?'

'ખબર નથી, મા. મને કંઈ સમજાતું નથી.'

કેસરનું આખું શરીર તંગ થઈ ગયું. એણે અણગમાથી આંખો મીંચી દીધી:

'મારે આ વિશે વાત પણ નથી કરવી. કશુંક સમજી ન શકાય એવું ભયાનક બને છે મારી અંદર... હું મારી જાતને પણ સહન નથી કરી શકતી, પ્લીઝ, સ્ટોપ ધિસ!'

'સારું.'

શ્વેતાબહેને હળવેથી એના માથે હાથ ફેરવ્યો. એ ઉપરથી તો શાંત દેખાવાનો પ્રયાસ કરતાં રહ્યાં, પણ એમની અંદર ખળભળાટ મચી ગયો હતો. ડૉ. પ્રતિમાએ એમને જે કહ્યું એ પછી કેસરને શું થયું છે એ જાણવા માટે એમનું મન તલપાપડ થઈ ગયું હતું.

*

વિદ્યા ઘરે પહોંચીને રિક્ષાના પૈસા ચૂકવતી હતી એ જ વખતે બિલ્ડિંગની નીચે ઊભેલો નીલાંગ એની સામે આવી ગયો. એના ચહેરા ઉપર કોઈક વિચિત્ર ભાવ હતા.

'ક્યાં ગઈ હતી?'

'કોણ? હું?'

વિદ્યાએ આ સવાલ પૂછ્યો એની સાથે જ એના મગજમાં સડસડાટ એક વિચાર શરૂ થઈ ગયો. આવી રીતે અહીં ઊભો રહીને રાહ જોઈ રહેલો નીલાંગ જરૂર કંઈક જાણતો હશે. એની સામે સાચું બોલવું કે જૂઠું એનો નિર્ણય લેવામાં વિદ્યાને થોડીક ક્ષણ લાગી.

'તું નહીં તો કોણ? હું?'

નીલાંગ એક ડગલું નજીક આવ્યો. એણે વિદ્યાની આંખમાં જોયું:

'તને જ પૂછું છું, ક્યાં ગઈ હતી?'

'હું... હું... ટેલરને ત્યાં."

'જૂઠી. હું તારા દરજીને ત્યાં જઈને આવ્યો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બંને સાથે બહાર નીકળ્યાં હોય ત્યારે ટ્રાયલ આપવા કે કપડું પહોંચાડવા વિદ્યા ઘણી વાર નીલાંગને પોતાની સાથે લઈ ગઈ હતી. નીલાંગને દરજીની દુકાન ખબર હતી.

'આ તો નવો દરજી છે. મને કેસરે બતાવ્યો. કેસરના લગ્નના બ્લાઉઝ એણે જ સીવ્યાં છે. સારું ફિટિંગ હતું એટલે...'

નીલાંગ એની આંખોમાં જોઈ રહ્યો:

'સાચું બોલે છે?'

'જૂઠું શું કામ બોલું?' અત્યાર સુધીમાં વિદ્યાએ પોતાનો હચમચી ગયેલો આત્મવિશ્વાસ સ્થિર કરી લીધો હતો. એણે સ્મિત કર્યું:

'શું યાર, તું પણ શું નાની નાની વાતમાં શક કરે છે?'

'શક નથી કરતો... મને એ કેસર નથી ગમતી.'

'નીલાંગ...' વિદ્યાએ હસીને એના ગાલે ટપલી મારી:

'કોઈ છોકરો હોય અને તું શક કરે તો સમજી શકાય, પણ કેસર તો...'

'કેસર કોઈ પુરુષથી ઓછી નથી... એ મારી સામે એવી રીતે જુએ છે જાણે હું એની પ્રેમિકાને ભગાડી ગયો હોઉં.'

'તું ચક્રમ છે, ચલ ઉપર.'

વિદ્યાએ નીલાંગના બાવડા પર પોતાનો હાથ લપેટ્યો. એને લઈને લિફ્ટ તરફ ગઈ.

નીલાંગની વાત સાવ ખોટી નહોતી. કેસરને એ ક્યારેય ગમ્યો નહોતો. સામાન્ય રીતે બહેનપણીના વિવાહ થાય ત્યારે એની ખાસ સહેલીઓ એના થનાર પતિને મળવા ઉતાવળી હોય... એની સાથે મજાકમસ્તી કરવા, બહાર જવા સહુ થનગને... પરંતુ કેસરે એને મળવાનું ખાસ્સા સમય સુધી ટાળ્યું હતું. ક્યારેક વિદ્યા અને નીલાંગ પોતાની સાથે આવવાનો આગ્રહ કરતાં તો કેસર ટાળી જતી.

એ હંમેશાં વિદ્યાને કહ્યા કરતી: 'આ નીલાંગ સાથે પરણવાનો આઇડિયા છોડી દે. એ તારે લાયક જ નથી.'

'મને બહુ ગમે છે, હું ચાહું છું એને.'

જ્યારે જ્યારે વિદ્યા આવું કહેતી ત્યારે કેસરની આંખમાં ઈર્ષ્યાની નાનકડી ચિનગારી વિદ્યાએ હંમેશાં જોઈ હતી.

કેસર લાગણીવશ થઈને કહેતી: 'આ પુરુષોએ પોતાના મિત્રો નથી છોડવા પડતા. એમનાં લગ્ન થાય તો પણ એમના મિત્રો તો એટલા જ અગત્યના રહે છે. તો પછી આપણે સ્ત્રીઓ માટે આવું કેમ?'

નીલાંગ સાથે વિવાહ થયા એ પછી શરૂઆતના દિવસોમાં કેસરે એક યા બીજા બહાને ખૂબ ઝઘડા કર્યા હતા. બાળપણની આ બંને સહેલીઓ વચ્ચે ક્યારેય નહોતાં થયાં એવાં મનદુઃખ વિદ્યાની સગાઈ થઈ ત્યારે થયાં. કેસર સાથે બહાર જવાનું નક્કી કર્યું હોય અને નીલાંગનો ફોન આવે તો કેસર ખૂબ ગુસ્સો કરતી. વિદ્યાએ જો કાર્યક્રમ કૅન્સલ કરવો પડે તો કેસર દિવસો સુધી રિસાઈ જતી. નીલાંગે આપેલી ભેટ કેસરને ક્યારેય ગમતી નહીં...

નીલાંગે જ્યારે કહ્યું કે એને કેસર નથી ગમતી ત્યારે વિદ્યાને આ બધું યાદ આવી ગયું. કેસર પણ નીલાંગ વિશે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સતત આવો જ અણગમો વ્યક્ત કર્યા કરતી. વિદ્યા એમ માનતી હતી કે કેસર પાસે બીજી કોઈ સહેલી નથી એટલે એને એકલા પડવાનો ભય લાગે છે, તો બીજી તરફ નીલાંગ પોતાને ખૂબ ચાહે છે માટે એ આવો પઝેસિવ છે. બંને વચ્ચે સમતુલા જાળવતાં ક્યારેક વિદ્યા થાકી જતી. કેસરને તો એ સમજાવી લેતી. સાચું જ કહેતી, પણ નીલાંગની સામે સાચું બોલીને કારણ વગરનો ક્લેશ ઊભો કરવા કરતાં જુદું બોલીને વાત વાળી લેવી પડતી.

જોકે એમ કરવા જતાં બે-ચાર વાર એ આવી રીતે પકડાઈ હતી. દરેક વખતે નવું બહાનું કરીને એણે વાત વાળી લીધી હતી. એને સતત એવો ડર રહેતો કે કોઈક દિવસ નીલાંગ જાણી જશે કે કેસર પોતાનું ઘર છોડવા માગે છે અથવા એના પતિ સાથે સુખી નથી તો હવે નીલાંગ એમના સંબંધ પર કાયમ માટે ચોકડી મારી દેશે...

એ દિવસે નીલાંગ સાથે ફિલ્મ જોઈ—ડિનર લીધું પછી નીલાંગ પોતાને ઘેર ગયો કે તરત વિદ્યાએ શ્રદ્ધાબહેનને ફોન જોડ્યોઃ

'વિદ્યા બોલું છું.'

'હા બેટા.'

'માસી, કેસર બહુ જ મોટી મુશ્કેલીમાં છે.'

'એ છોકરી શાંતિથી કેમ રહી શકતી નથી.'

'તમે જાણતાં નથી. સોમલ ડિવોર્સ માગે છે.'

'પરિસ્થિતિ ત્યાં સુધી આવી ગઈ છે?'

શ્રદ્ધાબહેને જાણ્યા-સમજ્યા વગર મોટેથી બોલવા માંડ્યુંઃ

'આપણા ઘરમાં હતી ત્યાં સુધી મેં ખૂબ લાડ કર્યા છે એને. મને એમ કે એના ઘેર જઈને સમજશે, પણ...'

'એનો કંઈ વાંક નથી, માસી.'

'તું તો એવું જ કહેવાની ને?' શ્રદ્ધાબહેને છણકો કર્યોઃ

'કહી દેજે એને કે આવું કંઈ થાય તો અમને એનું મોઢું ન બતાવે. એના બાપુની તબિયત આમેય ખરાબ છે.'

'આ તમે શું બોલો છો, માસી?'

વિદ્યા ડઘાઈ ગઈ. એને એમ હતું કે શ્રદ્ધાબહેન ચોક્કસ કેસરની પરિસ્થિતિ સમજી શકશે. દેવરાજસિંહ ભલે કડક હોય, પણ શ્રદ્ધાબહેન સ્ત્રી તરીકે પોતાની દીકરીને જરૂર સહારો આપશે. એને બદલે શ્રદ્ધાબહેન...

'અને હા, હવે અહીંયાં ફોન નહીં કરતી. એના બાપુને ખબર પડશે તો વધારે પ્રોબ્લેમ થશે.'

'આ દુનિયામાં તમારા સિવાય એનું કોણ છે?'

'હુંય સમજું છું.' એમનું ગળું ભરાઈ આવ્યુંઃ

'પણ બેટા, તું તો એમને ઓળખે જ છે. પહેલી વાર કેસર એને સાસરે કહ્યા વિના આવી ત્યારે જ એમને નહોતું ગમ્યું...'

બંને જણા વચ્ચે થોડીક ક્ષણ વજનદાર મૌન તોળાતું રહ્યું.

'અત્યારે બિઝનેસનાં ઘણાં ટેન્શન ચાલે છે. નિખિલ શ્રોફ સાથે આમેય બગડ્યું છે. હવે જો આવું કંઈક થશે તો એ જીવથી જશે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હવે વિદ્યા કશું કહી શકે એમ હતી જ નહીં. થોડી વાર ચૂપ રહીને એણે ફોન એમ જ મૂકી દીધો.

શ્રદ્ધાબહેન ખાસ્સી વાર વિદ્યાના ફોન વિશે વિચારતાં રહ્યાં. લગ્ન કરીને જતી વખતે સોમલે સાસુને કહ્યું હતું:

મા, કેસર હવે મારી જવાબદારી છે. તમે એની ચિંતા નહીં કરતાં...

એ વાત યાદ કરીને એમને રડવું આવી ગયું.

એવું તે શું બન્યું હશે બે જણા વચ્ચે? વિદ્યા સાચું બોલતી હશે?

એમના મનમાં કેટલાય વિચારો આવ્યા, પરંતુ કેસરને ફોન કરવાની એમની હિંમત ન ચાલી. આજે કેટલા દિવસ થયા, અહીંથી ગયા પછી એમણે કેસરનો અવાજ પણ નહોતો સાંભળ્યો. એક તરફથી માનું દિલ રડતું હતું તો બીજી તરફ પતિને ઓળખતી પત્ની કહેતી હતી કે કેસરે કોઈ પણ સંજોગોમાં એના સાસરે સેટલ થઈને જીવવું જ પડશે...

*

ખુશ થઈ ગયેલા ગુલાબસિંહે ઘરે જઈને પૌત્રને સમાચાર આપ્યા:

'સાવજ, નિખિલ માની ગયો છે!'

'એટલે એ આપણી મદદ કરશે?'

'મોઢેથી બોલ્યો નથી, પણ...'

'દાદાજી, આ તમારું નાનકડું ખોબા જેવડું ગામડું નથી, મુંબઈ છે. અહીં માણસ મોઢેથી બોલીને ફરી જાય... ને એ બોલ્યો નથી તોય ખુશ થઈ ગયા?'

'બેટા, આ ધોળા વાળ જુએ છે? આ આંખો પાસેની કરચલી દેખાય છે તને? માણસ ઓળખવામાં વરસો કાઢ્યાં છે મેં. નિખિલ મોઢેથી બોલે કે નહીં, હવે એ આપણી સાથે છે.'

'હું નથી માનતો.'

'ઠીક છે. ચોવીસ કલાક રાહ જો. તને જવાબ મળી જશે.'

ગુલાબસિંહને ખાતરી હતી કે નિખિલ જેવો વેપારી માણસ એમની ઓફર નકારી નહીં શકે.

આગલી રાત્રે પિતાની હાલત જોયા પછી અભિમન્યુ સહેજ ઢીલો થઈ ગયો હતો. એના મનમાં પિતા વિશે ઘણો ગુસ્સો અને અભાવો હતા એ વાત સાચી, પરંતુ ગમે તેમ તોય એ પોતાના પિતા હતા... માની આંખોનાં આંસુ અને દેવરાજસિંહના ઉકળાતા શ્વાસ જોઈને અભિમન્યુની અંદરનો દીકરો પીગળવા માંડ્યો હતો.

એણે મનોમન પરિસ્થિતિનો એક તાગ લેવા માંડ્યો. નિખિલની સાથે હાથ મિલાવીને પોતે પિતાને હરાવી શકે એ વાત સાચી, પરંતુ નિખિલ જેવો માણસ પોતાને જીવનભર ગુલામ બનાવી લેશે એ વાત નવી પેઢીના અભિમન્યુને ચોખ્ખી સમજાતી હતી. અભિમન્યુ આવા અહંકારી અને તોછડા માણસની મદદ લઈને એનો ગુલામ બનવા તૈયાર નહોતો.

જો ગુલામી જ કરવાની હોય તો પોતાના માણસની શું ખોટી?

અભિમન્યુ વિચારતો રહ્યો.

પારકા માણસની ગુલામી કરવા કરતાં પિતા સાથે સંબંધો સુધારીને પોતાની નાનકડી દુનિયામાં રાજ કરવું વધુ યોગ્ય છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઘણી બધી ગડમથલ અને ગણતરી પછી અભિમન્યુ સમજી શક્યો હતો કે નિખિલ ગમે તેટલો મોટો અને કામનો માણસ હોય, પરંતુ એણે જે રીતે બે વાર મારું અપમાન કર્યું હતું એ પછી પણ એની મદદ લેવી?

આ તરફ ગુલાબસિંહ મનોમન પોતે ગોઠવી કાઢેલા તખતા વિશે મુસ્તાક હતા તો બીજી તરફ, નિખિલ એના દુશ્મનના પિતા સાથે હાથ મિલાવીને દેવરાજસિંહને બરબાદ કરવા હથિયારોને ધાર કાઢી રહ્યો હતો.

સાંજે આમતેમ રખડવાને બદલે અભિમન્યુ ફરી હોસ્પિટલ પહોંચી ગયો. અત્યારે દેવરાજસિંહની હાલત પ્રમાણમાં સારી હતી. એ ઓરડામાં એકલા જ શાંતિથી પુસ્તક વાંચતા સૂતા હતા.

અભિમન્યુને જોઈને એમણે પણ સારી જ રીતે શરૂઆત કરી:

'આવ સાવજ, હું તારો જ વિચાર કરતો હતો.'

'હું પણ આખો દિવસ તમારો વિચાર કરતો રહ્યો, બાપુ.'

અભિમન્યુ સાવ જુઠ્ઠું નહોતો જ બોલતો એટલે એના અવાજમાં સચ્ચાઈનો રણકો દેવરાજસિંહને સંભળાયો.

'મેં નક્કી કર્યું છે બાપુ, તમે એક વાર સાજા થઈ જાવ એટલે આપણે સાથે મળીને કામ સંભાળી લઈશું. તમે મને શીખવજો. થોડા દિવસમાં તો તમારો અડધો બોજ ઉપાડી લઈશ. વચન આપું છું.'

દેવરાજસિંહે એના માથે હાથ ફેરવ્યો:

'બસ દીકરા, મારે એટલું જ જોઈએ છે. પછી આંખ મીંચાઈ જાય તોયે વાંધો નહીં.'

બહારથી રૂમમાં દાખલ થઈ રહેલાં શ્રદ્ધાબહેને બંનેને જોઈને મનોમન માતાજીનો આભાર માન્યો:

હે મારી માવડી, હવે આ બે જણને ભેગા કર્યા છે તો ડાંગે માર્યાં પાણી છૂટાં ન પડે એટલું કરજે.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 18

વાત સાચી હતી.

યુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે. બધા જાણે છે કે હું એક વાર હથિયાર ઉઠાવું પછી લોહી ચાખ્યા વિના મ્યાન નથી કરતો...

નેહા પોતાના ટેબલ પર બેસીને કામ કરી રહી હતી. એના મગજમાં રહી રહીને નિખિલ શ્રોફની વાત પડઘાયા કરતી હતી.

આ કંપની સાથે પોતાના ઓછા સમયના અનુભવ દરમિયાન પણ નેહા નિખિલ શ્રોફ વિશે ઘણું જાણી શકી હતી નેહા... સોમલ એનાથી જુદો હતો. અમુક બાબતોમાં, પણ આખરે તો એ પણ આ જ કુટુંબનું સંતાન હતો. એ ક્યાં સુધી આ પરિસ્થિતિમાં તટસ્થ રહી શકશે એ વિશે નેહાને શંકા હતી.

એણે ઘણું વિચાર્યા પછી એક વાર કેસર સાથે વાત કરવાનું નક્કી કર્યું. સોમલની બાળપણની મિત્ર તરીકે જો કેસર સાથે વાત કરવાથી પરિસ્થિતિ સુધરી શકતી હોય તો પોતાના મિત્ર માટે એટલું કરવું જ જોઈએ...

કેસરને શું કહેવું અને કઈ રીતે કહેવું એનો પૂરેપૂરો વિચાર કરીને નેહા સોમલની ચેમ્બરમાં ગઈ.

'હું તારા ઘરે જાઉં છું.'

નેહાએ કોઈ પ્રસ્તાવના વિના જ વાત શરૂ કરી.

'શું કામ છે? જો તું કેસર સાથે વાત કરવાની હોય તો કોઈ ફરક નહીં પડે.'

'નહીં પડે તો નહીં પડે.' નેહાએ ખભા ઊંચક્યાઃ 'પણ મને લાગે છે કે મારે એક વાર પ્રયત્ન કરી જોવો જોઈએ.'

'મને એ નથી સમજાતું કે તમે બધાં મારાં લગન સીધાં ચાલે એ માટે આટલાં બધાં ઘાંઘાંવાંઘાં કેમ થઈ ગયા છો? ડિવોર્સ હવે કંઈ ડિક્શનરીની બહારનો શબ્દ નથી. અમે બે છૂટાં પડી જઈશું તો આકાશ નહીં તૂટી પડે એવી ખબર છે મને...'

'હા સોમલ, એવી તો મનેય ખબર છે. પણ જો એ પરિસ્થિતિ રોકી શકાય તો તને કંઈ વાંધો છે?'

હવે ખભા ઊંચકવાનો વારો સોમલનો હતોઃ

'ટ્રાય કરી લે.'

નેહા એની આંખોમાં જોઈ રહી. પહેલી વાર કેસરને જોઈને આવ્યો ત્યારે એણે આસક્તિ જોઈ હતી એ હવે વિચિત્ર પ્રકારની અલિપ્તતામાં બદલાઈ ગઈ હતી.

નેહા જાણે અતીતમાં સરકી ગઈ...

...સોમલ જ્યારે જૂહુ પ્રોજેકટના ખાતમુહૂર્તમાંથી પાછો ફર્યો ત્યારે નેહા એની ગાડીમાં હતી.

'તેં પેલી છોકરીને જોઈ?'

સોમલની આંખોમાં ક્યારેય નહોતી જોઈએ એવી ચમક નેહાથી છાની રહી શકે એમ નહોતી.

'કંઈ ખાસ નહોતી... ઠીકઠાક છે.' નેહાએ ચીડવવાનો પ્રયત્ન કર્યો હતો.

'મૂર્ખ છે તું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘લો બોલો, હવે તો હું મૂરખ જ લાગીશ ને? પ્રેમ આંધળો હોય છે એ આનું નામ.’

‘હું એના પ્રેમમાં નથી.’

‘હા...હા... એ તો તારા બેવકૂફ જેવા વર્તન પરથી હું સમજી જ શકું છું.’ નેહાએ એને ધબ્બો માર્યો હતોઃ

‘નિખિલ શ્રોફનો દીકરો જે રીતે પેલી જીન્સ પહેરેલી છોકરીની પાછળ આંટાફેરા કરતો હતો એ બધાએ જોયું.’

‘અચ્છા! પેલીએ પણ જોયું જ હશે ને?’

સોમલ હસી પડ્યો. એ હસતો ત્યારે ખૂબ મોહક લાગતો. એ દિવસે તો વળી એની આંખોમાં થોડો નશો અને થોડી ઘેલછા ઉમેરાઈ હતી. નેહાએ એનું નાક પકડ્યું અને ચહેરો ધુણાવ્યોઃ

‘તું તો ગયો કામથી...!’ બંને ત્યારે ખડખડાટ હસ્યાં હતાં.

નેહાને આજે એ દિવસ યાદ આવી ગયો.

એ દિવસના સોમલમાં અને આજના સોમલમાં 180 ડિગ્રીનો ફેર પડી ગયો હતો. બંને જાણે બે જુદા માણસો હોય એવું નેહા અનુભવી શકીઃ

‘જો સોમલ, હું પણ ટ્રાય જ કરવા માગું છું. લગ્ન નિભાવવાં જ પડે... સમાજ શું કહેશે... એવા સવાલો મને ક્યારેય થયા જ નથી.’

‘તો પછી આ બધા ઉધામા રહેવા દે ને...’

‘સાચું કહી દઉં તને? મને કેસરની ચિંતા થાય છે. ડિવોર્સ આપીને તું તો કદાચ તારી દિશામાં નીકળી જઈ શકીશ, પણ એ છોકરીનું શું થશે એ વિચારમાત્ર મને ખળભળાવી મૂકે છે. આઇ એમ અ વુમન... એક સ્ત્રી તરીકે બીજી સ્ત્રીને મદદ કરવી જોઈએ એવું લાગે છે મને.’

‘વાહ! કરો કરો... મદદ કરો.’

સોમલ વ્યંગમાં હસીને પાછો પોતાના કામમાં લાગી ગયો. નેહા માટે અહીંથી જતાં રહેવાનો આ સંકેત હતો, એ ધીમેથી ચેમ્બરની બહાર નીકળી ગઈ.

*

અભિમન્યુ અને દેવરાજસિંહે એ દિવસે ખૂબ વાતો કરી. શ્રદ્ધાબહેન બંનેને જોઈને મનોમન રાજી થતાં રહ્યાં.

દેવરાજસિંહ પોતાના બાળપણની, પિતા સાથેના મનદુઃખની અને પોતે કઈ રીતે મુંબઈ આવ્યા એની વિસ્તૃત કથા કહેતા રહ્યા. વચ્ચે વચ્ચે અભિમન્યુ કંટાળતો, પણ આજે એણે પિતાને પૂરેપૂરા જીતી લેવાનું નક્કી કર્યું હતું, એટલે ધ્યાન આપીને સાંભળવાનો ડોળ કરતો એ બેસી રહ્યો.

વચ્ચે વચ્ચે શ્રદ્ધાબહેન પણ ટાપસી પૂરતાં રહ્યાં.

અભિમન્યુ સમજી શક્યો કે પિતા પીગળી રહ્યા હતા. વળી ગુલાબસિંહ વિશેની એવી કેટલીયે વાતો જે અભિમન્યુ જાણતો નહોતો એ એની સામે ઊઘડી રહી હતી.

‘15 વર્ષનો હતો હું, ત્યારે કહી દીધું એમણે...

હવે તારી ખાધાખોરાકી પોસાય એમ નથી! નાનો હતો, ડરી ગયેલો... હવે શું થશે એ વિચારમાત્ર એટલો ભયાનક હતો...’ કહેતાં કહેતાં આજે પણ દેવુભાની આંખોના ખૂણા ભીના થતા હતાઃ

‘એ પછી મારા કોઈ ભાઈઓને આવું નથી કહ્યું એમણે... એક હું જ હતો, ઘરમાંથી કાઢી મૂકવા માટે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અન્યાય થયાની કડવાશ દેવુભાના અવાજમાં વારે વારે ઊતરી આવતી:

'મને તો કાઢી મૂક્યો, પણ એક વાર કમાતો થયો પછી મારા પૈસા લેવાની ના નથી પાડી એમણે... ઊલટાના જ્યારે ને ત્યારે કાગળ લખે ત્યારે પૈસા મગાવવા સિવાય કોઈ વાત નહીં. ભાઈને ભણાવવાના, બહેનોને પરણાવવાના લાખો રૂપિયા આપ્યા છે મેં...'

નવાઈથી સાંભળી રહેલો અભિમન્યુ અત્યાર સુધી એમ માનતો હતો કે પીડા ફક્ત એના દાદાજીના પક્ષે હતી, પરંતુ આજે એને સમજાતું હતું એના પિતા પણ ઓછા નહોતા ઘવાયા... પોતાને કોઈ 15 વર્ષની ઉંમરે કાઢી મૂકે તો શું થાય એ વિચારે એના હૃદયમાં પિતા માટેની સહાનુભૂતિ ઊભરાઈ આવી:

'સોરી બાપુ, હું તમને સમજી શક્યો નહીં.'

'બેટા, એવું જ થાય. મોટા ભાગનાં સંતાનો પોતાના પિતાને સમજી શકતાં નથી, જ્યારે સમજી શકે એવી સ્થિતિ આવે ત્યારે એમનાં પોતાનાં સંતાનો એમને સમજવાનું બંધ કરી દે છે.'

'હું તમારી સાથે છું, બાપુ.'

'બસ બેટા, તું મારી સાથે હોયને તો આ દુનિયા સાથે બાથ ભીડી લઈશ હું! આજ સુધી મને એક જ વાતનો વસવસો હતો કે મારું પોતાનું લોહી મારી સાથે નથી. એ મારો બાપ હોય કે મારો દીકરો... પણ લોહી તો મારું જ ને...'

'બાપુ, નિખિલ શ્રોફ જૂહુનો પ્રોજેક્ટ ખોરંભે પાડવા માગે છે.' અભિમન્યુએ સિફતથી વાત શરૂ કરી:

'હું એમ થવા નહીં દઉં.'

શ્રદ્ધાબહેન આ વાત રોકવા માગતાં હતાં, પણ પછી એમણે જાતને અટકાવી. પિતા-પુત્ર વચ્ચે ચાલી રહેલી વાતચીત જે રીતે લયબદ્ધ સમજૂતીમાં પ્રવેશી રહી હતી એને અટકાવવું એમને યોગ્ય ન લાગ્યું.

'જો જૂહુનો પ્રોજેક્ટ અટકે તો આપણા કરોડો રૂપિયા ફસાય, હોં દીકરા... નિખિલને મનાવવો તો પડશે જ.'

'એ કામ એક જ જણ કરી શકે.'

'કોણ?'

નહોતું ધાર્યું એટલી સહેલાઈથી દેવરાજસિંહ પુત્રએ ગોઠવેલા છટકામાં ફસાઈ ગયા.

'કેસર, બીજું કોણ?'

'કેસર!?'

'હા, બાપુ, આ બધું એનાં લગ્નથી જ શરૂ થયું ને?' અભિમન્યુએ દયામણો ચહેરો કર્યો:

'ભૂલ મારી હતી, સ્વીકારું છું... પણ નવી પરણેલી પત્ની જો લાડથી કંઈ કહે તો એ માગણી જલદી પૂરી થાય, સમજો છો ને?'

'કેસર એવું કરશે નહીં.'

'તમારી વાત નહીં ટાળે, બાપુ.'

'શું કહું એને?' દેવરાજસિંહ હજી ગૂંચવાયેલા હતા.

'અરે બાપુ, કેમ આમ કરો છો? એને બોલાવો, કહો કે જૂહુ પ્રોજેક્ટ આગળ વધે એ માટે એણે સોમલ સાથે વાત કરવી પડશે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'બેટા, ધંધાની વાતમાં ઘરનાં બૈરાંને હાથો બનાવવો...' દેવરાજસિંહનું મન માનતું નહોતું.

'બાપુ, ગમતું તો મનેય નથી, પણ છેલ્લે તો કેસરનો જ ફાયદો છે ને? ઘીના ઠામમાં ઘી પડી જાય તો એય સુખી તો થશે જ ને!'

શ્રદ્ધાબહેન પણ માંડ માંડ બંધાઈ રહેલા આ સેતુમાં બાધા ઊભી કરવા માગતાં નહોતાં. એમણે ધીમેથી અભિમન્યુનો પક્ષ લીધોઃ

'દીકરી છે આપણી, એટલુંય નહીં કરે?'

માની વાતનો દોર સાંધીને અભિમન્યુએ વળી બળતામાં ઘી હોમ્યુંઃ

'નહીં કરે તો તમનેય સમજાશે કે દીકરી દીકરી કરીને માથે ચડાવી, પણ ખરેખર જ્યારે કામ કરવાનું હતું ત્યારે...'

અભિમન્યુએ ઇરાદાપૂર્વક વાત અધૂરી છોડીને એણે દેવરાજસિંહને ગૂંચવી નાખ્યા.

દેવરાજસિંહ વિચારમાં પડી ગયા. અભિમન્યુની વાત ખોટી નહોતી. જો કેસર એના પતિને વિનંતી કરે તો સોમલ એના પિતા પર દબાણ લાવી શકે એમ હતો. પથ્થર નીચે ફસાઈ ગયેલો હાથ કળેબળે કાઢી લેવામાં જ ડહાપણ હતું.

એમણે અભિમન્યુને કહ્યુંઃ

'ફોન કર, બોલાવ એને.'

'એવી શી ઉતાવળ છે? તમે સાજા થઈ જાવ પછી...'

શ્રદ્ધાબહેન સહેજ ડરી ગયાં. એ કેસરને ઓળખતાં હતાં. એ અમુક રીતે આડી ચાલે તો બાપ-દીકરી વચ્ચે બોલાચાલી થાય. એવું થાય તો દેવરાજસિંહની તબિયત પાછી લથડે. માંડ માંડ સુધરી રહેલા સ્વાસ્થ્યને ફરી કોઈ હાનિ પહોંચે એવું એ નહોતાં ઇચ્છતાં.

'હું સાજો જ થઈ ગયો છું. શુભ કામમાં વળી મુહૂર્ત શું જોવાનું? બોલાવ તારી બહેનને, આપણે કહી જોઈએ.'

અભિમન્યુએ આનંદપૂર્વક ફોન જોડ્યો. જો કેસર આવી જાય ને સીધી રીતે માની જાય તો કામ થઈ જાય. એ જો ના પાડે તો કાયમ માટે કેસરનો કાંટો નીકળી જાય. આવી કટોકટીના સમયમાં એ પિતાની મદદ કરવાની ના પાડે એટલે આજ પછી કોઈ દિવસ દેવરાજસિંહ એના તરફ ફરીને જુએ નહીં એવી અભિમન્યુને ખાતરી હતી.

બાજી ગોઠવાઈ ગઈ. હવે સામો ખેલાડી કયું પત્તુ ઊતરે છે એના પર રમતનો આધાર હતો. જીત તો બંને રીતે પોતાની જ થવાની છે એવી અભિમન્યુને ખાતરી હતી.

*

ઓફિસથી નીકળીને નેહા નિખિલ શ્રોફના બંગલે પહોંચી. ઘરમાં દાખલ થતાં જ એને શ્વેતા મળી. નેહાને આવેલી જોઈને શ્વેતાને રાહત થઈઃ

'સારું થયું તું આવી. હું તને જ ફોન કરવાની હતી.'

'આન્ટી... કેસર સાથે વાત કરવી છે.'

'હા બેટા, હું પણ ઇચ્છતી હતી કે કોઈ સોમલ તરફથી એની સાથે વાત કરે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તમને શું લાગે છે?’ નેહાએ એના મનનો તાગ લેવા માંડ્યોઃ

‘આ છોકરી દેખાય છે એટલી સીધી...’

‘એ મનની સાફ છે.’ શ્વેતાએ એક ક્ષણ પણ વિચારવું ન પડ્યુંઃ

‘મૂળ પ્રશ્ન કંઈક જુદો જ છે એવું મને લાગે છે. તું તારી જાતે જ નક્કી કર...’

બંને થોડીક ક્ષણ ચૂપચાપ ઊભાં રહી ગયાં. આગળ શું કહેવું એ બંનેમાંથી કોઈને સૂઝયું નહીં. વિચિત્ર પ્રકારની અવઢવમાં થોડીક ક્ષણો ઊભાં રહીને નેહા કોઈ પણ ઔપચારિકતા વગર સોમલના રૂમ તરફ ચાલી ગઈ.

એને માટે આ રૂમ નવો નહોતો. સાવ બાળપણથી શરૂ કરીને આજ સુધી એણે આ રૂમમાં કેટલીયે ધિંગામસ્તી, તોફાનો કર્યાં હતાં. સોમલ સાથે ડ્રિંક લીધું હતું. ફિલ્મો જોઈ હતી. ક્યારેક રાત્રે આ રૂમમાં રોકાઈ પણ હતી એ...

એ રૂમમાં દાખલ થઈ ત્યારે કેસર પથ્થરની પાળી પર બેસીને એકીટશે દરિયો જોઈ રહી હતી. એના ચહેરા પર એક વિચિત્ર પ્રકારનો ખાલીપો હતો.

‘અંદર આવું, કેસર?’ નેહાએ પૂછ્યું.

કેસરે ચોંકીને નેહા સામે જોયું. એના ચહેરા પર ખાલીપો હતો, પણ એના મનમાં ચાલતી બધી જ ઊથલપાથલ એની આંખોમાં દેખાતી હતી. નેહા એની નજીક ગઈ. સામે જ એ પથ્થરની બેઠક પર ગોઠવાઈ ગઈઃ

‘હું તારી સાથે વાત કરવા આવી છું.’

‘વિદ્યાએ મને ફોન કર્યો હતો. હું સોમલને ડિવોર્સ આપવા તૈયાર છું.’

‘હું એ વાત કરવા નથી આવી...’

એણે પોતાનો હાથ લંબાવી હળવા હાથે કેસરના પગ ઉપર હાથ ફેરવવા માંડ્યોઃ

‘કેસર, નાનાં-મોટાં દુઃખો આપણને બધાને હોય છે. બાળપણની કોઈ એક ઘટનાને એટલું બધું મહત્ત્વ ન આપ કે તારી આખી જિંદગી, તારી આખું ભવિષ્ય વેરવિખેર થઈ જાય.’

‘હું શું કરું? મને જ સમજાતું નથી કે આવું કેમ થાય છે. મા મને ડોક્ટર પાસે લઈ ગયાં હતાં. કાલે ફરી જવાનું છે...’

‘તું તારી જાતે જ નક્કી કર કે તું સુખી થવા માગે છે. પછી તારે કોઈનીયે જરૂર નહીં પડે.’

કેસર અચાનક રડી પડીઃ

‘ધાર્યું હતું એનાથી બધું ઊંધું જ થતું જાય છે.’

‘એનું નામ જ જિંદગી. આપણે ધારીએ એવા પાસા ન પડે. આપણે માગીએ એમાંનું કંઈ ન મળે. આપણે ઇચ્છીએ એવું કંઈ થાય જ નહીં ને છતાંય જીવવું પડે...’

‘નથી જીવવું મારે. જિંદગી મને હરાવે તે પહેલાં હું જિંદગીને હંફાવીને આગળ નીકળી જઈશ. જિંદગી એની ઇચ્છા મુજબ મને દુઃખી નહીં કરી શકે એટલું નક્કી છે.’

‘જો કેસર, સોમલ ખૂબ સારો છે. હૃદયનો ચોખ્ખો અને પ્રેમાળ. તું એને સમજવાનો પ્રયત્ન તો કરી જો.’

નેહાની આંખોમાં કેસર માટે સહાનુભૂતિનો સાગર હિલોળા લેતો હતોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એક સુખી થઈ શકે એવા સંસારને શા માટે વિખેરી નાખવા તૈયાર થઈ છે તું?’

કેસર થોડી વાર નેહા સામે જોતી રહી. નેહાએ પોતાના બંને હાથ પહોળા કરીને કેસરને આશ્લેષમાં લીધી. કેસર પણ બંને હાથ ફેલાવીને નેહાને ભેટી પડી.

કોઈ કશું બોલે એ પહેલાં કેસરના સેલફોનની રિંગ વાગી:

‘સાવજ બોલું છું.’

‘હા, ભાઈ...’

‘બાપુ તને મળવા માગે છે. આજે, હમણાં જ...’

‘જો સાવજ, મને મારા ઘેરથી ત્યાં આવવાની છૂટ નથી. બાપુ જાણે છે આ વાત.’ નેહાની હાજરીમાં જ કેસરે એ કહી નાખ્યું.

‘તો તું નહીં આવી શકે?’ અભિમન્યુએ પિતાને સંભળાય એવી રીતે કહ્યું:

‘બાપુને કંઈક અગત્યની વાત કરવી છે.’

‘ના, મારાથી નહીં અવાય.’

એક વાર તો કેસરને લાગ્યું કે દોડીને પિતા પાસે પહોંચી જાય, પણ પછી એમણે જે રીતે કેસરને પાછી વાળી હતી, પરાણે માફી માગવાનું કહ્યું હતું એ ક્ષણ યાદ આવતાં જ એણે કાળજું કઠણ કરી લીધું.

‘આપણું કુટુંબ મુશ્કેલીમાં છે કેસર, એક તું જ છે જે સૌને ઉગારી શકે એમ છે. આ વાત સાંભળ્યા પછી પણ તારાથી નહીં અવાય?’

અભિમન્યુએ ત્રાંસી આંખે દેવરાજસિંહના ચહેરા તરફ જોયું.

‘અભિ, કારણ વગર જીદ નહીં કર. મને ખુદ બાપુએ જ ત્યાં આવવાની ના પાડી હતી.’

‘હવે બાપુ જ બોલાવે છે.’

કેસર છંછેડાઈ ગઈ:

‘લિસન, હું ફૂટબોલ નથી સાવજ, કે લાત મારો એટલે દૂર જતી રહું અને ઉપાડી લો એટલે ગોળગોળ ફરવા માંડું. એમણે કહ્યું હતું:

તારે પૂછ્યા વિના નહોતું આવવું જોઈતું. બેટા, હવે એ લોકોને ખુશ રાખવા એ જ તારો ધર્મ છે, એમની આજ્ઞા માનવી એ તારું કર્તવ્ય છે. એમને નારાજ કરે તો અમારા સંસ્કાર લાજે.’ એટલું કહેતાં કહેતાં તો કેસરનું ગળું ભરાઈ આવ્યું.

‘આજે બાપુને તારી મદદની જરૂર છે.’

અભિએ ફરી વાર બને એટલા જોરથી એક એક શબ્દ છૂટો પાડીને કહ્યું. એને કેસરની દિશા સમજાઈ ગઈ હતી એટલે પિતાના મનમાં કેસરનું સ્થાન સાવ ભૂંસાઈ જતું હોય તો સારું એમ માનીને એણે ફોન સ્પીકર પર ટ્રાન્સફર કર્યો.

કેસરે લગભગ ફાટી જતા અવાજે એની પીડા કહી નાખી:

‘હું જ્યારે બધું છોડીને એમને માટે આવી હતી ત્યારે એમણે મારી લાગણીની કિંમત નહોતી કરી, ઊલટાનું કહ્યું હતું કે, જો બેટા, તું અમારા માટે કંઈ નહીં કરે તો ચાલશે, પણ તારો પત્નીધર્મ, પુત્રવધૂનો ધર્મ અને સ્ત્રીધર્મ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પૂરેપૂરો બજાવજે... હવે હું મારો ધર્મ બજાવું છું, સાવજ.'

કેસરે ફોન કટ કરી નાખ્યો.

અભિમન્યુએ કપાઈ ગયેલા ફોન તરફ જોઈને નિઃશ્વાસ નાખ્યોઃ

'એ ઘરનું પાણી પીધા પછી કેસર પણ શ્રોફ જેવી થઈ ગઈ છે. આટલું સમજાવી તોય આવવાની ઘસીને ના પાડી દીધી એણે.'

'ફોન જોડીને મને આપ.'

દેવરાજસિંહની અંદર રાજપૂત પિતા જાગ્યો. દીકરીએ એમના કહેણનું ઉલ્લંઘન કર્યું હતું એ વાત જ એમને છંછેડવા માટે પૂરતી હતી.

ફરી ફોનની રિંગ વાગી. નેહા આ બધું જ જોઈ રહી હતી. કેસરે ફોન ઉપાડ્યોઃ

'અભિ, પ્લીઝ ખોટી જીદ નહીં કર. મારા ઘરમાં ઓલરેડી ખૂબ પ્રશ્નો છે.'

'કેસર... હું તારો બાપુ... દેવરાજસિંહ બોલું છું.'

પિતાનો અવાજ સાંભળતા જ કેસર જાણે પથ્થરની જેમ સ્તબ્ધ બની ગઈ.

'બેટા, તારા સસરાએ જૂહુનો પ્રોજેક્ટ અભરાઈએ ચડાવવાનું નક્કી કર્યું છે. મારા કરોડો રૂપિયા ફસાઈ જશે. તું અહીં ન આવે તો ભલે, પણ સોમલ સાથે વાત કરીને એક આટલું કામ પૂરું કરાવ... એ કહેશે તો નિખિલ શ્રોફ નહીં ટાળે.'

'બાપુ, હું સોમલને હમણાં કશું જ કહી શકું એમ નથી.' કેસરે અચકાઈને કહ્યું પણ સત્ય કહેવાઈ ગયું.

'એટલે?'

'અમારી વચ્ચે પણ થોડી સમસ્યાઓ છે.'

દેવરાજસિંહને પરિસ્થિતિ વિશે જણાવી દેવાની આ ક્ષણ એળે જાય એવું કેસર નહોતી ઇચ્છતીઃ

'થોડા સમય પછી કદાચ અમે સાથે ન પણ હોઈએ... છૂટાં પડી જઈએ!'

'બેશરમ...' દેવરાજસિંહનો પિત્તો ગયો.

'બાપુ, હું તમને ક્રોધ કરાવવા નથી માગતી. આપણે ફરી ક્યારેક વાત કરીશું.'

કેસરે ફરી ફોન કટ કરી નાખ્યો. વિદ્યાનો ફોન આવ્યો એ પછી કેસરે જાણે જીવવાની ઇચ્છા જ છોડી દીધી હતી. જે થાય તે થવા દેવું એવી લાગણી સાથે એણે જાણે જિંદગી સાથેનો સંઘર્ષ છોડી દીધો હતો.

એની આંખોમાં પાણી જોઈને નેહાએ એના ખભે હાથ મૂકયોઃ

'શું થયું? હું કંઈ મદદ કરી શકું?'

'પપ્પાજી... જૂહુ પ્રોજેક્ટ...'

એનું ગળું રૂંધાઈ ગયું. એ આગળ બોલી ના શકી, પણ બાકીની વાત તો નેહાને ખબર જ હતી. એ નિખિલ શ્રોફનો નિર્ણય સાંભળી ચૂકી હતી.

'તું એની ચિંતા છોડી દે. હવે એમાં કદાચ કંઈ નહીં થઈ શકે.'

'મારા બાપુ બરબાદ થઈ જશે... પ્લીઝ! મારી મદદ કર નેહા, સોમલને સમજાવ કે એ પપ્પાજીને...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નેહા થોડીક ક્ષણ માટે કેસરની આંખોમાં જોઈ રહી. એની અસહાયતા, આજીજી અને મજબૂરી ઉપર એને સાચે જ દયા આવી ગઈ. એણે કેસરના ખભે હાથ મૂક્યોઃ

'હું ઓફિસ જાઉં છું. સોમલ સાથે વાત કરીશ...એ માનશે એવું વચન નથી આપતી, પણ મારાથી થઈ શકશે એ બધું કરીશ. આઈ પ્રોમિસ.'

પોતાની ભરાઈ આવેલી આંખો છલકાઈ પડે એ પહેલાં નેહા સડસડાટ ત્યાંથી નીકળી ગઈ.

નેહાના ગયા પછી કેસરે આંખો લૂછી. એ ફરીથી દરિયા સામે અપલક જોતી રહી...

જિંદગીએ ક્યાં લાવીને મૂકી દીધી હતી એને... જ્યારે પિતાની મદદ કરવા માગતી હતી ત્યારે પિતાએ પાછી કાઢી અને હવે પિતા મદદ માંગતા હતા ત્યારે પોતે મદદ કરી શકવાની સ્થિતિમાં નહોતી.

*

'મારી સાથે એ વિશે કોઈ વાત નહીં કર. આઈ એમ નોટ ઇન્ટ્રેસ્ટેડ.'

સોમલે આંખ ઉઠાવ્યા વિના નેહાને જવાબ આપી દીધોઃ

'પ્રોજેક્ટ નિખિલ શ્રોફનો છે. એમની જ સાથે વાત કર.'

'સોમલ, એ છોકરી મુશ્કેલીમાં છે. તું વાત કરીશ તો ડૅડી ના નહીં પાડે.'

'પણ હું શું કામ વાત કરું?'

'કારણ કે...' નેહા પાસે આગળ દલીલ કરવા માટે ખરેખર કશું જ નહોતું. એ જાણતી હતી કે નિખિલ અને સોમલ વ્યવસાયિક રીતે તદ્દન ભિન્ન વિચારસરણી ધરાવતા હતા. બાપ-દીકરો સાથે કામ કરતા, પરંતુ સોમલ ક્યારેય પિતા સાથે અમુક હદ વટાવીને વાત કરતો જ નહીં.

'આ રીતે તો એ નહીં જીવી શકે.'

'તમે બધાં મારી પાછળ શું કામ પડ્યા છો?'

સોમલ પોતાનું સ્કેલ અને રોટરિંગ પેન પછાડીને ઊભો થઈ ગયોઃ

'હું એને ક્યાંય નડતો નથી, યાર!'

'સવાલ મદદ કરવાનો છે. એક માણસ તરીકે તું એની મદદ ના કરી શકે? સપોઝ આ છોકરી તારી પત્ની ના હોત, કોઈ અજાણી છોકરી તારી સામે ઊભી રહીને મદદ માગતી હોત તો શું કરત તું?'

સોમલ થોડી વાર ચૂપ રહ્યો. પછી ટેબલ પર પડેલું પોતાનું વોલેટ ખિસ્સામાં નાખ્યું. ટેબલ પર પડેલું ઘડિયાળ પહેરીને ચેમ્બરની બહાર નીકળી ગયો.

આગળ દલીલ નહીં કરવા માટે એની આ જ રીત હતી. એ જ્યાં ઊભો હોય એ સ્થળ છોડીને ત્યાંથી ચાલી જવું એ એને માટે પોતાની વાત કહેવાનો શ્રેષ્ઠ રસ્તો હતો.

નેહા પણ અકળાઈ ગઈ. એણે કેસરની પરિસ્થિતિ જોઈ હતી. એ સાચા અર્થમાં એની મદદ કરવા માગતી હતી. આવી રીતે પ્રોજેક્ટ અટકાવીને કોઈને ઘૂંટણિયે પાડવા વ્યવસાયિક રીતે પણ યોગ્ય નહોતું—એ ખોટું હતું. નેહા આ અટકાવવા માગતી હતી, પરંતુ એ કશું જ કરી શકે એમ નહોતી એની અસહાયતામાં, એની આંખમાં ફરી એક વાર પાણી આવી ગયાં.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરે જે રીતે ફોન મૂકી દીધો એનાથી દેવરાજસિંહનો પિત્તો ગયો હતો. સાચું-ખોટું સમજવાની મનઃસ્થિતિમાં એ નહોતા. ખરેખર શાંત ચિત્તે વિચાર્યું હોત તો એ સમજી શક્યા હોત કે કેસરે એમના હુકમનું પાલન કર્યું હતું, પરંતુ અત્યારે જૂહુ પ્રોજેક્ટના ટેન્શનમાં એમનું મગજ બીજું કંઈ પણ વિચારી શકે એમ નહોતું.

એમણે અભિમન્યુ સામે જોયું:

'તું સાચું કહેતો હતો બેટા, મને એ છોકરીની લાગણી સમજાઈ ગઈ. આટઆટલું થયા છતાંય તું અહીં બેઠો છે ને એને ફૂલની જેમ ઊછેરી તોય...'

એમનું ગળું ભરાઈ આવ્યું. અભિમન્યુને બે હાથે તાળી પાડવાની ઇચ્છા થઈ ગઈ. જિંદગી બરાબર એણે કંડારેલી કેડી પર આગળ વધી રહી હતી. જો આમ જ ચાલતું રહ્યું તો કોઈનીયે મદદ વિના બધું ઠીકઠાક થઈ જશે એવો આત્મવિશ્વાસ એની અંદર ઉછાળા મારવા લાગ્યો.

'તમે શું કામ ચિંતા કરો છો બાપુ? હું પોતે નિખિલ શ્રોફ સાથે વાત કરીશ. પગમાં પડી જઈશ... માન-સ્વમાનની ચિંતા કર્યા વગર નાકલીટી તાણીને મનાવી લઈશ એમને.' પછી ખૂબ જ ગણતરીપૂર્વક ઉમેર્યું:

'તમારે ખાતર હું કંઈ પણ કરી શકું બાપુ.'

'વડીલો ખરું જ કહે છે બેટા, કુળનો દીવો તો દીકરો જ. દીકરી તો પારકી થાપણ કહેવાય. જોને પળમાં પરાઈ થઈ ગઈ. આજે અહીં મારી પાસે તો તું જ બેઠો છે ને?'

દેવરાજસિંહને બિછાનામાં પડ્યા પડ્યા હાથ જોડ્યા:

'બોલ્યું-ચાલ્યું માફ કરજે, દીકરા...'

*

ઓફિસથી નીકળેલો સોમલ ન્યૂ ઓબેરોયની કોફી શોપમાં પહોંચી ગયો. કાચની બારી પાસેનું ટુ-સીટર ટેબલ એની ફેવરિટ જગ્યા હતી. એની મનપસંદ ચેર પર બેસીને એ દરિયા તરફ જોતો રહ્યો. છેલ્લે કેસરને મળ્યા પછી એ અહીંયાં આવ્યો જ નહોતો... ખાસ્સા દિવસો થઈ ગયા હતા.

જિંદગીના ઉતાર-ચડાવ અને સડસડાટ બનતી ગયેલી ઘટનાઓ વિશે વિચારતો એ બેઠો હતો ત્યાં અચાનક જ કોઈકે એના ટેબલ પર ટકોરા માર્યા:

'હેલોઓઓઓઓ...'

એણે આંખ ઉઠાવીને જોયું.

સામે ઊભેલી છોકરી હસી રહી હતી:

'તમે મારા ટેબલ પર બેઠા છો, મિસ્ટર.'

'શું નામ તમારું? અહીં ક્યાંય લખ્યું છે આ ટેબલ પર?'

'મારું નામ તો આ કોફીશોપની દીવાલો પર લખ્યું છે. તમને વંચાતું નથી?'

'તો દીવાલો પર લટકો. આ ટેબલ હું અહીં બેઠો છું ત્યાં સુધી તો મારું જ છે. હા, થોડી વાર માટે મારી સાથે શેર જરૂર કરી શકો.'

સોમલના ચહેરા પર પણ સ્મિત આવી ગયું. એણે હાથના ઇશારાથી આરોહીને સામે બેસવાનું આમંત્રણ આપ્યું. આરોહી ગોઠવાઈ ગઈ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મને તો એમ કે તે દિવસે છૂટાં પડ્યાં પછી તેં અહીંયાં આવવાનું છોડી દીધું હશે.’

‘આ જગ્યા હું ક્યારેય નહીં છોડી શકું, આરોહી.’

‘હું પણ.’

સોમલ એને જોઈ રહ્યો. આરોહીના ચહેરા પર એક બાલિશતાની જગ્યાએ એક પ્રગલ્લભતા આવી હતી. શરીર થોડું ભરાયું હતું. એ પહેલાં કરતાં વધુ સ્ટાઇલિશ થઈ ગઈ હતી. લાયલેક રંગની સિલ્કની કૂર્તી, બ્લેક લેગીન્સ, મોટા મોટા કાળા અને જાંબુડી ફૂલોની ડિઝાઇન ધરાવતા લાયલેક રંગના શિફોનના સ્ટોલ સાથે એ ખૂબસૂરત દેખાતી હતી:

‘તો આજનું બિલ તું આપીશ.’

‘કેમ?’

‘કારણ કે હું તારા ટેબલ પર બેઠી છું. નિખિલ શ્રોફના દીકરામાં એટલી શાલીનતા તો હોવી જોઈએ કે પોતાના ટેબલ પર બેઠેલી સન્નારીનું બિલ ચૂકવી દે.’

‘હવે આમાં મારા બાપ સુધી જવાની જરૂર નથી. બોલ, શું પીશ?’

‘એ જ. આઇસ-ટી અને થિનક્રસ્ટ પિત્ઝા વિથ ઓલિવ એન્ડ મશરૂમ...’

‘હજી સુધી તારો ટેસ્ટ નથી બદલાયો?’

‘મારું કશું જ નથી બદલાયું, સોમલ...’

આરોહીનો અવાજ સહેજ કંપ્યો:

‘તું મને છોડીને આગળ નીકળી ગયો, હું તો હજી ત્યાં જ ઊભી છું.’

સોમલ એની સામે જોતો રહ્યો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 19

મોડી રાત્રે દેવરાજસિંહ સાથે ઘણી બધી વાતો કરીને અભિમન્યુ જ્યારે ઘેર જવા નીકળ્યો ત્યારે એ મનોમન ખુશ હતો. હવે દેવરાજસિંહ એની મુઠ્ઠીમાં હતા એ વાતની એને ખાતરી થઈ ગઈ હતી. શ્રદ્ધાબહેન પણ અભિમન્યુના આ નવા વર્તન અને સ્વરૂપથી ખુશ હતાં.

'બેટા, તું અને તારા બાપુ માંડ માંડ એકબીજાની નજીક આવ્યા છો. હવે એવું કંઈ નહીં કરતો જેનાથી...'

'હા મા.' અભિમન્યુએ માના ખભે હાથ મૂક્યો.

'એક-બે દિવસમાં એ ઘેર આવે પછી હું એમને સમજાવીશ. મારા ભાગના શૅર્સ તારા નામે ટ્રાન્સફર કરી દઈશું. તને કોઈ તકલીફ નહીં પડવા દઉં દીકરા, પણ તું ય તારા બાપુને...'

'હું સમજું છું, મા.'

અભિમન્યુને જે જોઈતું હતું એ વગર માગ્યે મળી રહ્યું હતું. એણે મનોમન વિચાર્યું:

નાટક કરવાની આ સૂઝ સહેજ વહેલી આવી હોત તો?!

નાણાવટી હોસ્પિટલમાંથી બહાર નીકળીને એ સીધો મીઠીબાઈ કોલેજની પાછળ સિતાર બારમાં એની રાહ જોઈ રહેલા સુધીર પાસે પહોંચ્યો:

'મજા આવી ગઈ યાર, બાપુ તો હું કહું તેમ કરવા તૈયાર થઈ ગયા છે.'

'તે બધા બાપા એવા જ હોય. સહેજ કહ્યું માનીએને તો પછી આપણું જ ધાર્યું થાય. હવે સમજાય છે ને કે હું તને સાચી સલાહ આપતો હતો?'

'હા, યાર.'

'જો અભિ, તારા દાદાનું બહુ માનવા જેવું નથી. એક તો જુનવાણી છે અને નિખિલ સાથે...'

'એ તો મને ખ્યાલ આવી જ ગયો છે, પણ હમણાં બુઢ્ઢાને વતાવવા જેવો નથી. પહેલાં તું મને જૂહુ પ્રોજેક્ટનું લફરું સુલટાવી આપ. એક વાર જો એમાં આપણે નિખિલ પાસે ધાર્યું કરાવી શકીએને તો મારા બાપાને સમજણ પડી જાય કે જે કામ કેસરે કરવાની ના પાડી એ અભિમન્યુએ ચપટી વગાડતાં કરી નાખ્યું.'

'નિખિલ સાથે વાત કરવી અઘરી છે, યાર.'

'માણસ છે... કંઈ સિંહ-વાઘ નથી કે ખાઈ જાય. કોઈક તો રસ્તો હશે ને? એના કોઈ મિત્રો... એના પર અસર કરી શકે તેવા કોઈ...'

'નિખિલ શ્રોફ જેવા માણસો બીજાનું સાંભળે જ નહીં. એ માને તો પોતાની જ વાત માને.'

સુધીરે કડવું સત્ય કહી નાખ્યું. અભિમન્યુ વિચારમાં પડી ગયો. એને કોઈ પણ હિસાબે કેસર કરતાં પોતાની જાતને એક ડગલું આગળ સાબિત કરવી હતી. જૂહુ પ્રોજેક્ટની શતરંજમાં જો કેસરનું મહોરું મરી જાય તો પોતાને માટે મેદાન સાફ હતું.

એણે સુધીરનો સેલફોન ઉપાડ્યો:

'શું કરે છે?'

'નિખિલને ફોન કરું છું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તું મારો જીવ લઈશ, યાર... તારા ફોનથી કરને!’

‘કદાચ એની પાસે મારો નંબર હશે તો મારો ફોન નહીં ઉપાડે.’ અભિમન્યુએ શેતાની સ્મિત કરતાં નંબર લગાડી દીધોઃ

‘નિખિલ શ્રોફ? મારું નામ અભિમન્યુસિંહ દેવરાજસિંહ ઝાલા છે.’

‘હમ...’ નિખિલ હાથમાં વ્હીસ્કીનો ગ્લાસ લઈને પોતાના રૂમમાં મ્યુઝિક સિસ્ટમ પર આબિદા પરવીનની ગઝલ સાંભળી રહ્યો હતો. અત્યારે એને પોતાનો મૂડ બગાડવાની ઇચ્છા ન થઈ.

‘ગોળ ગોળ વાત નથી કરતો સાહેબ, સીધી વાત એટલી છે કે જૂહુ પ્રોજેક્ટ પૂરો કરો તો કેસરને તમારા ઘરમાંથી કઢાવવાની જવાબદારી મારી.’

‘તમારા ઘરમાં કોઈનામાંય અક્કલ નથી.’

અભિમન્યુ નહોતો ઇચ્છતો છતાંય આટલું સાંભળ્યા પછી એનાથી રહેવાયું નહીંઃ

‘તમે કહો છો તો નહીં જ હોય, શ્રોફસાહેબ!’

અભિમન્યુએ પોતાના ટેબલ પર પડેલો વ્હીસ્કીનો ગ્લાસ ઉઠાવી બે મોટા ઘૂંટ ભર્યાઃ

‘અત્યારે અમારા કુટુંબની બુદ્ધિ વિશે નહીં, તમારા ફાયદા વિશે ચર્ચા કરવી છે. હું જાણું છું કે તમને દેવરાજસિંહને નીચા દેખાડવા કરતાં કેસરને ઘરમાંથી કાઢી મૂકવામાં વધારે રસ છે.’

‘સવારે તારો દાદો આવ્યો હતો, એ તો...’

‘વેપારી માણસ છો સાહેબ, દસ જણા દસ ઓફર મૂકે. કયો સોદો કરવો એટલી સમજ તો તમારામાં હોવી જ જોઈએ.’

‘કેસરને તો હું એમ જ કાઢી મૂકું. એમાં સોદો કરવાની જરૂર જ નથી.’

‘સાહેએએએએબ! કાલે ઊઠીને કેસર મીડિયામાં ગઈ, તમારા વિશે ચાર વાત બોલે તો નકામું જગતમાં નીચાજોણું થાય. એને બદલે તમારો ધંધો અમારી સાથે ચાલુ હોય તો મારા બાપાનો કોલર તમારા હાથમાં રહે અને એય તમારી સાથે એક પાટલે બેસીને કેસરનો જ વાંક કાઢે, સમજ્યા કે નહીં?’

‘ને એ સામે મારે જૂહુ પ્રોજેક્ટ પૂરો કરવાનો.’

‘પ્રોજેક્ટ તો પૂરો થશે જ સાહેબ, રૂપિયા પડ્યા પડ્યા ગંધાય એના કરતાં વહેતા રહે એ સારું ને? બધુંય તમારા ધાર્યા પ્રમાણે થાય અને ઘીના ઠામમાં ઘી પડી રહે એ સિવાય બીજું શું જોઈએ?’

સહેજ અટકીને એણે ચાલાકીથી ઉમેર્યુંઃ

‘આપણને બેઉંને!’

‘ને તારા દાદાએ સવારે કહ્યું તે?’

‘સવારમાંથી સાંજ થઈ ગઈને સાહેબ, માણસ બદલાયો એટલે વાત બદલાઈ ગઈ.’ અભિમન્યુ નફ્ફટાઈથી હસ્યો.

નિખિલને એની વાતમાં રસ પડ્યો.

કેસર ઘરની બહાર જાય, જૂહુ પ્રોજેક્ટ પૂરો થાય, સોમલ સાથે પણ મનદુઃખ થવાના કોઈ ચાન્સ ન રહે... બધું જ પોતાના ધાર્યા પ્રમાણે થાય એ વિચારમાત્રથી નિખિલ ગેલમાં આવી ગયોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સારું. કાલે સવારે ઓફિસ આવી જા. આપણે બેસીને નક્કી કરી લઈએ.’

‘સાડા દસે પહોંચું છું.’ અભિમન્યુએ ધીમેથી બોલ્યોઃ

‘પણ આ વાત આપણા બે જણા વચ્ચે છે. હમણાં ત્રીજા માણસને...’

‘કઈ વાત?’

નિખિલે પૂછ્યું અને બંને હસી પડ્યાઃ

અભિમન્યુએ ફોન કટ કરીને ટેબલ પર મૂક્યો. એણે સુધીર સામે જોઈને થમ્પ્સ અપ કર્યું.

‘ડન છે. કાલે સવારે સાડા દસે કેસરના ભવિષ્યનો ફેંસલો થઈ જશે.’

સુધીર નવાઈથી એની સામે જોઈ રહ્યોઃ

‘તમે લોકો કઈ જાતના માણસો છો? તારી બહેનને હથિયાર બનાવે છે?’

‘ના, જૂહુ પ્રોજેક્ટનું હથિયાર બનાવીને એનો ભોગ લઉં છું.’

એણે બાકીની વ્હીસ્કી એક ઘૂંટડે પૂરી કરી. બીજા પેગનો ઓર્ડર કરતાં કહ્યુંઃ

‘હવે મારી સામે મારું ભવિષ્ય છે, ફક્ત મારું. ગુલાબસિંહ, દેવરાજસિંહ કે કેસર, એકનો જીવ જાય કે ત્રણેયનો, પણ હવે મારું કામ અટકવું ના જોઈએ.’

સુધીર અભિમન્યુનું આ નવું સ્વરૂપ જોઈ રહ્યો હતો. અત્યાર સુધી અભિમન્યુ પોતાને અન્યાય થયાની ફરિયાદ કરતો એક શરાબી દીકરો હતો, પણ આજનો અભિમન્યુ કોઈનો પણ સોદો કરી નાખી એટલો સ્વાર્થી અને ક્રૂર વ્યાપારી બનીને વાત કરી રહ્યો હતો. સુધીર એક ક્ષણ માટે અંદરથી ધ્રૂજી ગયો.

કાલે ઊઠીને આ જ અભિમન્યુ પોતાના ફાયદા માટે મને પણ વધેરતાં અચકાશે નહીં... એને વિચાર આવ્યો. એણે નક્કી કરી લીધું કે હવે પછી ધીમે ધીમે અભિમન્યુ સાથે એક સલામત અંતર ઊભું કરી દેવું.

આજે તો એણે મારા સેલફોનનો ઉપયોગ કર્યો છે, કાલે ક્યાંક મને ફસાવી દે તો...

નિખિલ સાથે વાત થયા પછી અભિમન્યુ રાજાપાઠમાં આવી ગયો હતો. એને લાગ્યું કે એણે અડધો જંગ જીતી લીધો હતો. આવતી કાલે સવારે નિખિલની ઓફિસમાં એ બાકીનો અડધો જંગ જીતી જ જશે એવી એને ખાતરી થઈ ગઈ.

*

મોડી રાત સુધી સોમલ ઘરે પહોંચ્યો નહીં એટલે શ્વેતા એની ચિંતા કરતી બેઠી હતી. ન્યૂઝ જોઈને ઉપરથી નીચે આવતા નિખિલ શ્રોફે શ્વેતાને કહ્યુંઃ

‘હવે તારો છોકરો ગયો હાથથી. આમ બેસી રહેવાથી કંઈ નહીં થાય. જઈને ઊંઘી જા, નહીં તો રોજના ઉજાગરા થશે હવે.’

એને બપોરથી સોમલ પર ગુસ્સો હતો, પણ અભિમન્યુ સાથે વાત થયા પછી એનો મૂડ બદલાઈ ગયો. અત્યારે થોડોક વ્હીસ્કીના નશામાં અને થોડોક અભિમન્યુ સાથેની વાતચીતના ગેલમાં એ શ્વેતા સાથે લાડથી વાત કરી રહ્યો હતો.

‘તમે સૂઈ જાવ, હું થોડી વારમાં આવું છું.’

શ્વેતા ત્યાંથી ખસી નહીં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આ સંઘ કાશીએ પહોંચવાનો નથી. હવે તું કહે તો હું એનો રસ્તો કરું.’

‘તમારે કંઈ કરવાની જરૂર નથી!’ આજે પહેલી વાર શ્વેતા સહેજ ઉશ્કેરાઈ ગઈ:

‘તમે જેટલું કર્યું એટલું ઘણું છે.’

‘સ્વીટહાર્ટ, હજી કશું કર્યું જ નથી... પણ હવે જરૂર કરીશ.’

‘મારે તમારી સાથે અત્યારે કોઈ ચર્ચા કરવી નથી.’ શ્વેતાએ બંને હાથ જોડ્યા:

‘નિખિલ, હું સાચે જ ડિસ્ટર્બ્ડ છું. તમે પ્લીઝ, અત્યારે મને એકલી છોડી દો.’

‘શ્વેતા, હું ખરેખર કહું છું. આ વાતનો ઉકેલ ત્યાં સુધી નહીં આવે જ્યાં સુધી આ છોકરી ઘરમાં હશે.’

‘તો શું કરીએ?’

‘કાઢી મૂક એને... લાત મારીને!’

‘નિખિલ!’ શ્વેતાનો અવાજ એકદમ ઊંચો થઈ ગયો.

‘ખરું કહું છું.’ એણે નજીક આવીને પોતાના બંને હાથ શ્વેતાના ખભાની આસપાસ લપેટી લીધા:

‘આરોહી સાથે બ્રેકઓફ થયું ત્યારે પણ તું આટલી જ આકળવિકળ થતી હતી... હેન્ડસમ છોકરો છે. મોઢામાં ચાંદીનો ચમચો લઈને જન્મ્યો છે. છોકરીઓ તો આવે ને જાય એની જિંદગીમાં...’ એણે ચુંબન કરવાનો પ્રયાસ કર્યો, પણ શ્વેતાએ મોઢું ફેરવી લીધું. નિખિલના ચહેરા પર એક ક્રૂર સ્મિત આવ્યું:

‘તારાથી ન થતું હોય તો હું મૂકી દઉં એને ઘરની બહાર?!’

‘એક વાર સોમલ સાથે વાત કરી લો...’

શ્વેતાએ વાત આગળ નહીં લંબાવવાનો નિર્ણય કરી લીધો.

‘એની પત્ની છે. છેલ્લો નિર્ણય તો એનો જ હોય ને?’

બોલતાં બોલતાં એની નજર સીડી પર ગઈ. કેસર ત્યાં જ ઊભી હતી. શ્વેતા ઊભી થઈને ઉપર જવા લાગી. નિખિલે એનો હાથ પકડી લીધો. એણે એટલા જોરથી હાથ પકડ્યો હતો કે શ્વેતાના હોઠ પીડાથી ભીંસાઈ ગયા. નિખિલે પણ કેસરને જોઈ લીધી હતી. એણે કેસરને સંભળાવવા માટે જ કહ્યું:

‘નિર્ણય તો મારો જ... આ ઘરમાં મારા સિવાય નિર્ણય કરવાનો અધિકાર બીજા કોઈને નથી.’

કેસર ધીમા, પણ મક્કમ પગલે ઊતરીને નીચે આવી. એણે નિખિલ સામે જે નજરે જોયું એનાથી નિખિલ આરપાર વીંધાઈ ગયો:

‘પપ્પાજી, આ ઘરમાં રહેતાં સૌને તમારો નિર્ણય માનવો પડે એ સાચું, પણ જેને તમારો નિર્ણય યોગ્ય ન લાગે એ આ ઘર છોડી દે પછી તો તમે એના પર જોહુકમી ન કરી શકો ને?!’

નિખિલની આંખો સળગતા અંગારામાં ફેરવાઈ ગઈ:

‘મારી મરજીથી આ ઘરમાં લોકો દાખલ થાય છે અને આ ઘરનો ઉંબર ઓળંગવાની છૂટ પણ હું જ આપું છું...’

એણે લગભગ ફાટી જતા અવાજે ઉમેર્યું:

‘મારો હુકમ નહીં માનનારને ઘરમાંથી નહીં, દુનિયામાંથી વિદાય કરવાની આવડત છે મારામાં.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઝટકાથી શ્વેતાને એક તરફ ધકેલી નિખિલ શ્રોફ ઘરની બહાર જવા લાગ્યો. જતાં જતાં એણે શ્વેતાને આખરી ચેતવણી આપી દીધીઃ

'આ છોકરીની જીભ પર કાબૂ રાખતાં શીખવ એને, બાકી તને પણ આ ઘરમાંથી કાઢી મૂકતાં વાર નહીં લાગે મને!'

આટલું કહી નિખિલ ઝડપભેર ઘરની બહાર નીકળી ગયો.

શ્વેતા સીડી ચડીને ઉપર જતી હતી ત્યાં કેસરે હળવેથી એનો હાથ પોતાના હાથમાં લીધો. નિખિલની પકડના કારણે શ્વેતાની કોમળ ચામડી પર ચાર આંગળીઓ ઊપસી આવી હતી. કેસરે એ પંપાળવા માંડીઃ

'મા, હવે તમારે વધુ દિવસ મારા લીધે તકલીફ નહીં સહેવી પડે.'

એની આંખો જોઈને આજે પહેલી વાર શ્વેતા મનોમન ધ્રૂજી ઊઠી. કેસરની આંખોમાં જાણે કોઈ અજુગતો સંદેશ વંચાયો હોય એવો ભાસ થયો.

સોમલ એ દિવસે સાંજથી મોડી રાત સુધી આરોહી સાથે ન્યૂ ઓબેરોયના કોફી શોપમાં બેસી રહ્યો. બંને વચ્ચે એવી કોઈ ખાસ ઇમોશનલ કહી શકાય એવી વાતચીત થઈ નહીં, પરંતુ ઇધરઉધરનાં ગપ્પાં મારતાં, પોતાના જર્મનીના અનુભવો કહેતા સોમલને કોઈક જેલમાંથી છૂટ્યાની લાગણી થતી હતી.

એને ઘરે જવાનું મન જ નહોતું થતું.

આરોહીએ જગતભરની વાતો કરી એની સાથે, પણ એણે પોતાનાં લગ્ન વિશે કે એની પત્ની વિશે એક હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહીં.

આરોહીના મનમાં ઘણા સવાલો હતા. અખબારોમાં એ સોમલનાં લગ્ન વિશે વાંચી ચૂકી હતી. ટીવી ચેનલ પર એણે કેસરને જોઈ હતી. એ જાણતી હતી કે કેસર સુંદર હતી. દેવરાજસિંહ ઝાલાની દીકરી હતી વગેરે... વગેરે...

સોમલે પણ પોતાનાં લગ્ન વિશે કે કેસર વિશે વાત કાઢવાનો કોઈ પ્રયાસ કર્યો નહીં. એ મનોમન ઇચ્છતો હતો કે આરોહીને પોતાનાં લગ્નમાં ઊભી થયેલી સમસ્યા વિશે જણાવે. એ મન ખાલી કરવા માગતો હતો આરોહી સામે. પોતે જે રીતે સંબંધ તોડીને ગયો હતો એ પછી પણ આરોહીએ એને જે રીતે મેઇલ લખ્યા હતા... પત્રો લખ્યા હતા... એની વર્ષગાંઠ આરોહી ક્યારેય નહોતી ભૂલી અને એ સાબિત કરવા દર બર્થડે પર એક કાર્ડ એના સુધી પહોંચ્યું હતું. આ બધા પછી આજે આરોહીની સામે બેસીને સોમલના મનમાં એક અપરાધી જેવી લાગણી થતી હતી.

જર્મનીથી આવીને પણ એણે આરોહીનો સંપર્ક કરવાનો પ્રયાસ નહોતો કર્યો. આજે આરોહીએ એને જોયો એટલે એ જ સામેથી એની પાસે આવી અને જે સ્વાભાવિકતાથી વર્તી હતી એ પછી સોમલની અંદર ખૂબ ઊંડે ક્યાંક નાનકડા અફસોસની લાગણી ઊછરવા લાગી હતી.

બંને એક જ વિષય પર વાત કરવા માગતાં હતાં, છતાં એ વિષય પહેલાં કોણ શરૂ કરે એ વાતે બંને ડરતાં હતાં.

આખરે રાતના સાડા અગિયાર વાગ્યે આરોહીએ હિમત કરીને પૂછી જ નાખ્યુંઃ

'છ કલાકથી અહીંયાં બેઠો છે. તારી બ્રાન્ડ ન્યૂ પત્નીએ એક ફોન કરીને તારી તપાસ પણ ના કરી? કાં તો બહુ સમજદારી છે તમારી વચ્ચે અને કાં તો...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘વેલ!’ સોમલે ખભા ઊંચકયા:

‘તારી સાથે જૂઠું નહીં બોલું. મારાં લગ્ન શરૂ થાય એ પહેલાં જ પૂરાં થઈ ગયા.’

‘વ્હોટ?’

આરોહીની આંખો ઝીણી થઈ ગઈ. ચહેરો તંગ થઈ ગયો.

‘યસ આરોહી, હું માનું છું ત્યાં સુધી આ લગ્ન હવે છ મહિનાના મ્યુચ્યુઅલ કન્સેન્ટની રાહ જુએ છે.’

‘હું માની નથી શકતી, સોમલ. આવું કેવી રીતે થયું?’

‘હું પણ માની નથી શકતો, છતાં થયું છે તે સત્ય છે.’ સોમલની આંખો સહેજ તરલ થઈ ગઈ:

‘કદાચ તને દુ:ખી કરી એનું પરિણામ હશે.’

‘કમોન! હું આવી બધી વાતોમાં નથી માનતી. એ સમયે તને જે સાચું લાગ્યું તે કર્યું, મને જે સાચું લાગ્યું તે મેં કર્યું... એ વાતને પાંચ વર્ષ ઉપર થઈ ગયાં સોમલ, મને કશું જ યાદ નથી.’

‘સારું છે.’ સોમલના ચહેરા પર સ્મિત આવી ગયું. એ હસતો ત્યારે ખૂબ સોહામણો લાગતો. આરોહી એને જોતી રહી. એની આંખોમાં સોમલ માટેનો મોહ ફરી છલકાઈ ઊઠ્યો:

‘જે બાબતો માફ ના થઈ શકે એને ભૂલી જવાની. ફરગેટ વ્હોટ યુ કાંટ ફરગીવ.’ એ હસી પડ્યો.

‘સોમલ, જે કડવી વાતોને યાદ રાખવાથી ફક્ત દુ:ખ જ થવાનું હોય એને યાદ રાખીને દુ:ખી થયા કરવા કરતાં ભૂલી જવાનું મને વધારે સહેલું પડે છે...’

‘ફિલોસોફી છોડ.’ સોમલે અચાનક જ એનો હાથ પકડી લીધો. આરોહીના આખા શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. સોમલને ખ્યાલ જ નહોતો કે એણે અનાયાસે આરોહીનો હાથ પકડી લીધો છે. એ તો દલીલો પર ઊતરી આવ્યો હતો:

‘એક વાતનો જવાબ આપ મને. તમે જેને ખૂબ પ્રેમ કર્યો હોય એ જ્યારે તમારી લાગણીને અવગણે ત્યારે એને કેવી રીતે માફ કરી શકાય?’

આરોહી થોડી વાર એની આંખોમાં જોતી રહી. એણે હળવેથી પોતાનો હાથ છોડાવ્યો. પછી એકદમ સંયત અવાજમાં પૂછ્યું:

‘પ્રેમ કર્યો છે? સાચે જ?’

‘હાસ્તો.’

‘તો પછી એ તારી લાગણીને અવગણે છે કે સ્વીકારે છે એવો કોઈ સવાલ ઊભો જ નથી રહેતો.’

‘ઓહ્હો, સત્તરમી સદીના પ્રેમની ચર્ચા નથી કરતો હું. મીરાંબાઈ જેવી વાતો ના કર. એકતરફી પ્રેમ ક્યારેય હોઈ જ ન શકે.’

‘સોમલ, તને ખોઈને જ હું એક વાત શીખી ગઈ.’ આરોહીનો અવાજ સહેજ ભીનો થયો:

‘અપેક્ષાઓ પ્રેમમાં ઊધઈનું કામ કરે છે. ધીમેધીમે અંદરથી ખાવા લાગે છે પ્રેમને. બધું ખોખલું—પોલું થઈ જાય છે. પછી એને તૂટી પડવા માટે ખરેખર કોઈ કારણની જરૂર જ નથી હોતી... છતાં અનેક કારણો મળી રહે છે આવા સમયે.’

‘તું મને એમ કહેવા માગે છે કે એ જે કરતી હોય એ એને કરવા દઉં, ને હું દેવદાસની જેમ એને પ્રેમ કર્યા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરું? રબીશ!' સોમલે ટેબલ પર હાથ પછાડ્યો. ચોવીસ કલાક ચાલતી આ કોફી શોપમાં હવે મોડી રાત્રે બહુ ઓછા લોકો બેઠા હતા. સોમલે જે રીતે હાથ પછાડ્યો એનાથી સહુનું ધ્યાન એના તરફ દોરાયું.

આરોહી સહેજ સજાગ થઈ ગઈ હતી કે આજુબાજુના સહુ એમને જોઈ રહ્યા છે, પણ એમની ચર્ચા જે જગ્યાએ પહોંચી હતી એ પછી જવાબ આપ્યા વિના એને પણ ચાલે એમ નહોતું જ. આરોહી બુદ્ધિશાળી હતી. એનો ઉછેર પ્રમાણમાં આગળ પડતા વિચારો ધરાવતા કુટુંબમાં થયો હતો. એના પિતા એક જાણીતા અંગ્રેજી અખબારના સીઇઓ હતા. આરોહી ખૂબ વાંચતી—વિચારતી. એ જ્યારે બોલતી ત્યારે એના આરોહ-અવરોહ, શબ્દ પરનું વજન એની વાતને એક જુદા જ પ્રકારની અન્ડરલાઇન આપતાં. એની આંખો ખૂબ જ ભાવવાહી અને બોલકી હતી.

આરોહી બહુ સુંદર નહોતી, પણ એના ચહેરામાં એક વિચિત્ર પ્રકારનું આકર્ષણ હતું. એની આંખોમાં એક કશિશ હતી. એની બુદ્ધિમત્તા એની આંખોમાં ઝળકી જતી હતી.

બધાથી બેખબર પોતાની વાતમાં તદ્દન ઓતપ્રોત સોમલ જરા ઊંચા અવાજે આગળ બોલતો રહ્યો:

'એક સ્ત્રી માટે આવું શક્ય હશે, પણ એક પુરુષને તો એક સ્ત્રી પાસેથી બધું જ જોઈએ. મન પણ અને...' ટેબલ પર પડેલો પાણીનો ગ્લાસ ઉઠાવી એણે બે ઘૂંટડા ભર્યા:

'અને શરીર પણ...!'

'સ્ત્રી માટે પોતાનું શરીર જ સર્વસ્વ હોય છે. પુરુષને શરીર સોંપતા પહેલાં એણે પોતાનું મન એને સોંપી દેવું પડે છે. એ મનની માવજત કરનાર પુરુષ જ સ્ત્રીના શરીરને પામી શકે છે.'

સોમલ કંઈ બોલવા જતો હતો, પણ એણે અટકાવ્યો:

'સાંભળી લે પહેલાં... પામવું અને ભોગવવું બે જુદી વસ્તુ છે, સોમલ. હું માનું છું ત્યાં સુધી તેં કેસરને મેળવી લીધી છે, પામી શક્યો નથી.'

'આ બધી ચર્ચામાં મને કોઈ રસ નથી. હું એક નોર્મલ માણસ છું. નોર્મલ જિંદગી જીવવા માગું છું. હું તને પહેલાં પણ કહેતો હતો કે આટલી બધી બુદ્ધિ વાપરવાનું છોડી દે.'

આરોહી હસી પડી. એને યાદ આવી ગયું કે પહેલાં પણ એની અને સોમલ વચ્ચે જ્યારે જ્યારે આવી કોઈ પણ ચર્ચા થતી ત્યારે સોમલ અકળાઈ જતો. એના ધારદાર બુદ્ધિશાળી સવાલોથી, એની તાર્કિક દલીલોથી એ હારી જતો... જ્યારે હારી જતો ત્યારે એ છેલ્લું હથિયાર ઉગામતો:

'આ કોઈ સેમિનાર નથી, કોઈ ચર્ચાસભા નથી આરોહી, હું તને પ્રેમ કરું છું માટે મળવા આવું છું. ચર્ચાઓ કરવા નથી આવતો...'

આજે પણ બંને એ જ જગ્યાએ પહોંચી ગયાં હતાં જ્યાંથી આગળ જવાય એમ નહોતું.

આરોહીએ ઘડિયાળ જોઈ:

'મને લાગે છે હવે તારે ઘરે જવું જોઈએ.'

સોમલ એની સામે જોઈ રહ્યો:

'એટલિસ્ટ, મારે તો જવું જ પડશે. હું તો શોપિંગ કરવા નીકળી હતી. થાકી ગઈ એટલે થયું કે આઇસ-ટી પીને જાઉં... ત્યાં તું મળી ગયો.'

એણે બાજુમાં પડેલી બૅગ્ઝ ઉપાડી લીધી. ઊભી થવા લાગી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલ કશું જ બોલ્યા વિના બેસી રહ્યો.

‘ક્યાં સુધી બેસી રહીશ?’

‘નથી ખબર... તને નહીં રોકું. તું જા.’

થોડીક ક્ષણો આરોહી એમ જ બેસી રહી. પછી જાણે કશુંક નક્કી કર્યું હોય એમ ઊભી થઈ ગઈ:

‘હું જઈશ સોમલ, મને લાગે છે આટલાં બધાં વર્ષે મળ્યાં પછી આપણે જેટલો સમય સાથે ગાળ્યો એટલો પૂરતો છે...’

સોમલ હજીયે ચૂપચાપ બેઠો હતો. બારીની બહાર દેખાતા દરિયાને જોઈ રહ્યો હતો. એણે આરોહીની સામે જોવાની પણ તસ્દી લીધી નહીં.

થોડીક ક્ષણ ઊભાં રહીને આરોહીએ કહી દીધું:

‘ઓ.કે. ગુડ મોર્નિંગ. હેવ અ નાઇસ ડે.’ એ બહારની તરફ નીકળી ગઈ.

એણે જતાં જતાં એક વાર પાછા ફરીને નજર નાખી. સોમલે હજીયે એની સામે ન જ જોયું. એ કાચની બારીમાંથી શૂન્ય નજરે દરિયાને જોઈ રહ્યો હતો.

*

ટેબલ પર પડેલા સેલફોનમાં ‘કેસર’ ઝળકી રહ્યું હતું. સોમલ ફોન સામે જોઈ રહ્યો હતો, પણ એને ફોન ઉપાડવાની ઇચ્છા નહોતી થતી.

સતત ઝબકતા એ નામને જોઈને સોમલે કંટાળીને ફોન ઉપાડ્યો:

‘બોલ.’

‘બહુ મોડું થયું છે.’

‘મને ખબર છે.’

‘તમે ઘરે આવી જાવ.’

‘મને ઇચ્છા થશે ત્યારે આવીશ.’ સોમલનો અવાજ સહેજ ઊંચો થઈ ગયો:

‘તું સૂઈ જા. મને ફરી ફોન નહીં કરતી.’

‘તમે શા માટે તમારા પોતાના ઘરથી ભાગો છો?’

‘કારણ કે હું તને સહન નથી કરી શકતો.’

સોમલે જે અવાજે ફોન પર વાત કરવા માંડી એનાથી સૌની નજર ફરી એક વાર એના તરફ નોંધાઈ.

‘હું બહાર સૂઈ જઈશ, સોફા પર...’ કેસરનો અવાજ ગળગળો થઈ ગયો:

‘મારા લીધે તમે શા માટે દુ:ખી થાવ છો?’

‘કારણ કે મેં જ તને મારા કપાળમાં ઝીંકી છે. કુહાડી પગ પર ન પડી એટલે જઈને કુહાડીમાં પગ માર્યો...’

‘હું શું કરું તો તમે શાંતિથી રહી શકો?’

‘જતી રહે મારું ઘર છોડીને.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એથી તમને શાંતિ થઈ જશે ને?’

‘હા...’ સોમલે જોરથી બૂમ પાડીને કહ્યું:

‘તારી સાથે એક રૂમમાં રહેવું શક્ય નથી કેસર... જુદા રૂમમાં રહીને મારી માના સવાલોના જવાબ આપવાની મારી તૈયારી નથી. છૂટાછેડા માગું છું તો તું ના પાડે છે. સાથે રહેવાની કોઈ પરિસ્થિતિ જ નથી હવે. સહેજ તો મારો વિચાર કર... પ્લીઝ, મારા પર મહેરબાની કર!’ સોમલે ફોન કટ કરીને ટેબલ પર પછાડ્યો.

*

નશામાં ધૂત અભિમન્યુ જ્યારે ઘેર પહોંચ્યો ત્યારે ગુલાબસિંહ બેબાકળા થઈને એની રાહ જોતા હતા.

‘ક્યાં હતો, દીકરા?’

‘બિઝનેસ મિટિંગમાં.’

‘નિખિલ શ્રોફનો કોઈ ફોન આવ્યો?’

‘નહીં આવે. ઊંઘી જાવ.’ એણે લથડિયું ખાધું: ‘શાંતિથી...’

‘સાવજ! તું સમજતો નથી, બેટા... આપણું આખું ભવિષ્ય નિખિલના ફોન પર જ ટક્યું છે.’

‘આપણું નહીં મારું. તમારું ભવિષ્ય તો સુરેન્દ્રનગરમાં છે.’

‘હેં?’ ગુલાબસિંહ ચોંક્યા:

‘કેમ આમ બોલે છે, સાવજ?’

‘કારણ કે તમારે હવે એક-બે દિવસમાં પાછા જવાનું છે.’

‘તું સૂઈ જા બેટા, આપણે સવારે વાત કરીશું.’

ગુલાબસિંહને લાગ્યું કે અભિમન્યુ નશાને કારણે અત્યારે આ રીતે વાત કરે છે.

‘સવારે નહીં, હમણાં જ વાત કરીએ.’

અભિમન્યુએ લગભગ ધક્કો મારીને એમને સોફામાં બેસાડી દીધા. દાદા અને દીકરા વચ્ચે બોલચાલનો અવાજ સાંભળીને મહેશ રસોડાની આડશે આવીને ઊભો રહી ગયો:

‘મેં નક્કી કર્યું છે કે મારે કોઈનીય મદદની જરૂર નથી. હું એકલો જ મારું કામ કરી લઈશ.’

‘દાધારંગા જેવી વાત ન કર... મારા વિના એક ડગલુંયે નહીં ચાલી શકે.’

‘એ જાણવા માટે પણ તમને અહીંથી મોકલવા તો પડશે ને?’ એ લુચ્ચું હસ્યો:

‘એકાદ વાર પડી જઈશ તો પડી જઈશ... પણ પછી ઘોડી વગર ચાલતાં શીખી જઈશ.’

‘સાવજ! બેટા...’

હતો એટલો પ્રેમ અવાજમાં રેડીને ગુલાબસિંહે એના બદલાયેલા તેવર સાથે કામ પાડવાનો પ્રયાસ કર્યો:

‘તને શું કહ્યું છે દેવલાએ?’

‘સાચું કહી દીધું દાદાજી... જે સગા દીકરાને ઘરમાંથી કાઢી મૂકે એના ભરોસે કાંઈ લડાઈ ના લડાય.’

‘સાવજ!’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અજાણ્યા થવાની જરૂર નથી. મારા બાપુએ મને બધું કહી દીધું છે...’ એ ખડખડાટ હસ્યોઃ

‘હવે બધા અંદરોઅંદર લડી મરશે... ને હું એકલો મડદાના ઢગલા પર ચડીને શંખ ફૂંકીશ!’

*

સોમલ ઘરમાં દાખલ થયો ત્યારે પૂર્વનું આકાશ લાલ થઈ ગયું હતું. સૂરજ ઊગવાની તૈયારી હતી. પરોઢિયાના અજવાળામાં એણે જોયું કે એનો રૂમ ખાલી હતો. કેસર બહાર સોફા પર તો નહોતી જ સૂતી... ડ્રોઇંગરૂમમાં પણ નહોતી.

એણે બાથરૂમનો દરવાજો ધકેલી જોયો, અંદર કોઈ નહોતું.

એ લગભગ આખા ઘરમાં ફરી વળ્યો... કેસર ક્યાંય નહોતી.

એણે ક્યાંક આપઘાત તો નહીં કર્યો હોય ને?

સોમલના કપાળે પરસેવો વળી ગયો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 20

વહેલી પરોઢના પાછો ફરેલો સોમલ પોતાનો બેડરૂમ, બાથરૂમ, લોબી વગેરે બધું જ જોઈ ગયો. કેસર ક્યાંય મળી નહીં પછી સોમલને પહેલો વિચાર આ જ આવ્યો...

કેસરે ક્યાંક આપઘાત તો નહીં કર્યો હોયને?

એણે ફરી વાર પોતાના બેડરૂમના ટેબલ પર, ડ્રેસિંગ ટેબલ પર, પલંગના સાઇડ ટેબલ પર તપાસ કરી... ક્યાંક ચિઠ્ઠી મૂકીને ગઈ હોય તો. ક્યાંય કશુંય નહોતું.

એને પરસેવો વળી ગયો. એ હાંફળોફાંફળો નીચે પહોંચ્યો. એણે વોચમૅનને પૂછ્યું:

'ભાભી કો બહાર જાતે દેખા ક્યા?'

'નહીં ભૈયા...'

વોચમૅનના ચહેરા પર એક વિચિત્ર પ્રકારના હાવભાવ હતા. સોમલ સમજી શક્યો નહીં કે એને સાચે જ ખબર નથી કે પછી એ જુઠ્ઠું બોલે છે.

હવે એ અકળાયો. થોડી વાર સુધી એ નિર્ણય કરી શક્યો નહીં કે પહેલાં શ્વેતાને જગાડવી કે પહેલાં વિદ્યાને ફોન કરવો...

થોડી વાર અવઢવમાં રહ્યા પછી સોમલે શ્વેતાના રૂમનો ઇન્ટરકોમ લગાડ્યો: 'મોમ...' સહેજ અચકાઈને એણે કહ્યું:

'કેસર ઘરમાં નથી.'

'વ્હોટ?' ત્રીજી મિનિટે શ્વેતા પોતાના રૂમનો દરવાજો ખોલીને ડ્રેસિંગ ગાઉન લપેટતી બહાર આવી:

'તેં બરાબર જોયું?'

'હા, મોમ...'

'હવે?' શ્વેતાએ એ જ સવાલ પૂછ્યો, જે સોમલના મનમાં પડઘાઈ રહ્યો હતો:

'ક્યાં ગઈ હશે?'

'જ્યાં ગઈ હોય ત્યાં...' સોમલ ચીડાઈ ગયો:

'હું એને શોધવાનો નથી.'

'એવું કેવી રીતે ચાલે બેટા? એનાં મા-બાપ પૂછશે તો જવાબ આપવો પડશે.'

'એ આપણને શું પૂછવાનાં? હું જ એમને ફોન લગાડીને પૂછી લઉં કે કેસર ક્યાં ગઈ છે. ભલું હશે તો એનાં મા-બાપને ત્યાં જ ગઈ હશે. એક દિવસ ચેનથી રહી નથી શકી આ ઘરમાં... સાચું કહું તો એને પાછી લાવવાની કે શોધવાની મને કોઈ જરૂર નથી લાગતી.'

શ્વેતા વિચારમાં પડી ગઈ:

'એનાં મા-બાપને ત્યાં ગઈ હોય તો તો સારું, પણ જો ત્યાં ન ગઈ હોય અને પાછળથી ખબર પડે તો બહુ પ્રોબ્લેમ થઈ શકે, બેટા.'

'સમજું છું, મોમ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલનું મગજ ફાટફાટ થતું હતું. એને કેસર સાથે ફોન પર જે રીતે વાત થઈ એ અંગે હવે અફસોસ થઈ રહ્યો હતો. આપઘાત કરે ને ક્યાંક ચિઠ્ઠીમાં પોતાનું નામ લખી દે એ વાતનો ભય પણ હવે એને ધીમે ધીમે ઘેરી રહ્યો હતો.

'પોલીસમાં પણ ખબર તો નહીં જ આપી શકાય.'

'શું કામ? શું કામ ખબર ન અપાય પોલીસમાં...'

ઉશ્કેરાટમાં સોમલ રૂમમાં એક તરફથી બીજી તરફ આંટા મારવા માંડ્યોઃ

'હું તો કહું છું કે સૌથી પહેલી ખબર પોલીસમાં આપો...'

'હા, સોમલ સાચું કહે છે.'

અચાનક આવીને ઊભેલા નિખિલ શ્રોફ તરફ મા કે દીકરા કોઈનું ધ્યાન નહોતું. નિખિલને જોઈને શ્વેતા ગભરાઈ ગઈ. નિખિલ વાતને જુદો રંગ આપ્યા વિના નહીં રહે. નિખિલે રૂમમાં દાખલ થઈને નિખિલે સોમલનો ખભો થાબડ્યોઃ

'પોલીસમાં ખબર આપવી જ જોઈએ. સાથે એવું પણ કહેવું જોઈએ કે ઘરમાંથી વીસ કરોડ રૂપિયાના દાગીના લઈને ભાગી ગઈ છે.'

'વ્હોટ?! આ તમે શું બોલો છો, નિખિલ? આવું કેવી રીતે કહેવાય?'

'હું તો કહું છું કે એનાથી પણ આગળ... એના બોયફ્રેન્ડ સાથે ભાગી ગઈ છે એમ કહો.'

'મારે એ બધું નથી કરવું, ડૅડ.' સોમલે અદબ વાળી દીધી.

'જો બેટા, એ ઘર છોડીને ભાગી ગઈ છે એ સત્ય છે. હવે જો આપણે પહેલો ઘા નહીં મારીએ તો મીડિયાવાળા આપણે માથે માછલાં નહીં, મગરમચ્છ ધોશે... તું તો જાણે જ છે, મીડિયાવાળા આને કોઈ પણ રંગ આપી શકે. દહેજથી શરૂ કરીને... સમજે છે ને બેટા?'

'ડૅડ, મીડિયાવાળા શું કરશે એ અત્યારથી વિચારવાની જરૂર નથી અને સાથેસાથે એ છોકરીને બદનામ કરવાની કોઈ જરૂર મને લાગતી નથી. આપણે એનાં મા-બાપને કહી દઈએ, વાત પૂરી.'

'એમ વાત પૂરી નહીં થાય બેટા, મારું કહ્યું માન. એક વાર વાત ચગી જશે તો આપણા કંટ્રોલમાંથી પણ બહાર નીકળી જશે. કોકડું ગૂંચવાય તે પહેલાં આપણી તરફ લપેટી લેવું જોઈએ.'

'નિખિલ, એની જિંદગી બરબાદ થઈ જશે.'

'હું એ જ ઇચ્છું છું. એને એટલું તો સમજાવવું જ જોઈએ કે નિખિલ શ્રોફ સાથે રમતો રમવાનું પરિણામ શું હોઈ શકે?'

'આમાં રમત ક્યાં આવી, ડૅડ?'

સોમલ ઉશ્કેરાયેલો હતો, પણ સાથે જ ઇચ્છતો હતો કે આ વાત કોઈ રીતે ગૂંચવાય નહીં... જે થઈ ગયું તે બદલી શકાવાનું નહોતું. હવે આ પરિસ્થિતિમાંથી ઓછામાં ઓછા નુકસાન સાથે બહાર નીકળી જવું એટલી જ એની ઇચ્છા હતી.

'તું હજી સમજતો નથી. હું દેવરાજસિંહને ઓળખી ગયો છું. આપણે જૂહુ પ્રોજેક્ટ અભરાઈએ ચડાવવાની વાત કરી એટલે એણે આપણને બ્લેકમેઇલ કરવા માટે એની છોકરીને ભગાડી છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કોઈ આટલું બધું નથી વિચારતું નિખિલ, તમે પણ આ ખોટી ગણતરીઓ છોડી દો.’

‘તમારે બે જણને જે કરવું હોય તે કરો. હું પહેલાં દેવરાજસિંહને ફોન કરું છું અને પછી પોલીસ કમિશનરને.’

નિખિલ પોતાનો સેલફોન લઈને સડસડાટ નીચે ઊતરી ગયો. સોમલ અને શ્વેતા એકબીજાની સામે લગભગ ડઘાયેલી હાલતમાં જોતાં રહ્યાં. બંને સમજી ગયાં હતાં કે હવે નિખિલ આ વાતને તોડી-મરોડીને એનું સ્વરૂપ તદ્દન વરવું કરી નાખવાનો હતો.

સામે દેવરાજસિંહ ઝાલા પણ કાચી માટીના નહોતા જ, એટલે એ પણ આ યુદ્ધમાં પૂરી તાકાત અને ઝનૂનથી ઝંપલાવશે એવી શ્વેતાને ખાતરી થઈ ગઈ હતી...

*

અભિમન્યુની ઊંઘ ઊડી ત્યારે એને ગઈ કાલ રાતનો આખોય પ્રસંગ યાદ આવી ગયો.

નિખિલે આજે એને પોતાની ઓફિસે બોલાવ્યો હતો. ઝટકા સાથે ઊઠીને અભિમન્યુ પરવારવા લાગ્યો. સાથેસાથે એના મગજમાં નિખિલ શ્રોફ સાથે કઈ રીતે વાત કરવી એની શતરંજ ગોઠવાતી જતી હતી.

એ બાથરૂમમાં શાવર નીચે ઊભો રહીને ગીત ગણગણતો હતો ત્યાં એના બાથરૂમના દરવાજા પર ગુલાબસિંહે જોરજોરથી મુક્કાઓ મારવા માંડ્યા:

‘સાવજ... એ બેટા સાવજ... બારણું ખોલ બેટા...’

‘શું છે?’ એણે અંદરથી જ પૂછ્યું.

‘ખૂબ માઠા સમાચાર છે, બેટા.’

એણે રેક પર લટકતો ટુવાલ ખેંચીને કમર પર લપેટ્યો. ગુસ્સામાં દરવાજો ઉઘાડ્યો:

‘દેવરાજસિંહ ઝાલા ગુજરી ગયા કે શું?’

‘ના, પણ આ સમાચારની ખબર પડશે તો ગુજરી જ જશે.’

‘શું થયું છે, દાદાજી?’ અભિમન્યુએ કંટાળીને પૂછ્યું. દરેક વાતમાં મોણ નાખવાની ગુલાબસિંહની આદત એને નહોતી ગમતી.

‘કેસર ભાગી ગઈ છે.’

‘એટલે?’

‘કશુંકીધાકારવ્યા વિના કેસરે એના સાસરાનું ઘર છોડી દીધું છે.’

‘તમને ખાતરી છે?’

‘અરે, શ્રોફ સાહેબનો ફોન હતો. જાતે-પોતે વાત કરી... હમણાં કોઈને કહેવાનું નથી...’

‘અરે પણ...’ અભિમન્યુને સહેજ ચિંતા થઈ, પણ પછી એણે આ વાતને પોતાના ફાયદામાં ઉમેરાયેલું એક પીંછું ગણી લીધું:

‘સારું જ થયું. એણે ગઈ કાલે બાપુ સાથે જે રીતે વાત કરી એ પછી એ હોય કે ના હોય, મને કંઈ ફેર નથી પડતો.’

‘બેટા, દેવલાને ખબર પડશે તો...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તો જે થવાનું હશે તે થશે. એમને ખબર તો આપવા જ પડશે... હું હમણાં જ નાણાવટી હોસ્પિટલ જવા નીકળું છું. જરા સાચવી-સંભાળીને એમને ખબર આપું. ડોક્ટરે કહ્યું છે કે ટેન્શન ન થવું જોઈએ, પણ...’

ગુલાબસિંહ હસ્યા:

‘તને શું લાગે છે? તું હોસ્પિટલ પહોંચીશ ત્યાં સુધી નિખિલ શ્રોફ રાહ જોશે? મારો ફોન મૂકીને એણે સૌથી પહેલી દેવલાને વધામણી ખાધી હશે.’

અભિમન્યુ વિચારમાં પડી ગયો. દાદાજીની વાત ખોટી નહોતી. નિખિલ શ્રોફને જે રીતે સહુ ઓળખતા હતા એ રીતે જોતાં દેવરાજસિંહની આવી હાલતમાં એક મરણતોલ ફટકો મારવાની તક નિખિલ ચૂકે એવો તો નહોતો જ...

અભિમન્યુ થોડી વાર વિચાર કરતો રહ્યો. પછી એણે વિચાર્યું કે પહેલાં શ્રદ્ધાબહેન સાથે વાત કરી લેવી જોઈએ...

એણે શ્રદ્ધાબહેનનો સેલ નંબર લગાડ્યો.

ક્યાંય સુધી રિંગો વાગતી રહી, પણ શ્રદ્ધાબહેનનો ફોન કોઈએ ઉપાડ્યો નહીં. મનમાં થોડો ખુશ થતો અને થોડો દુઃખી થતો એ નાણાવટી હોસ્પિટલ તરફ જવા નીકળ્યો ત્યારે એણે દેવરાજસિંહની શ્રદ્ધાંજલિની જાહેરખબરમાંથી કેસરનું નામ સુધ્ધાં કાઢી નાખવું એવું પણ નક્કી કરી લીધું હતું...

*

ગુલાબસિંહની ગણતરી બિલકુલ સાચી હતી.

નિખિલ શ્રોફે પહેલાં લેન્ડલાઇનનો નંબર લગાડ્યો. એ જાણતો હતો કે ઘરે ગુલાબસિંહ જ હશે... એણે ગુલાબસિંહને કેસરના ભાગી ગયાના સમાચાર આપી દીધા. જાણે કોઈ ત્રીજી વ્યક્તિ વિશે વાત કરતો હોય એમ એણે ઠંડા કલેજે ગુલાબસિંહને કહી દીધું:

‘તમારી પૌત્રી ભાગી ગઈ છે... ઘરમાંથી દાગીના લઈને ગઈ છે. કેટલું અને શું એ મને ખબર નથી, પણ એક વાર પોલીસ ઘરમાં દાખલ થશે પછી મામલો મારા હાથમાં નહીં રહે, સમજો છો ને?’

‘હું તો સમજું જ છું... પણ તમે દેવરાજને ફોન નહીં કરતા.’

આ કહેવા પાછળ ગુલાબસિંહનો આશય એ જ હતો કે નિખિલ શ્રોફ હવે સીધો જ દેવરાજસિંહ ઝાલાને જ ફોન કરે... એટલે આ સમાચાર સાંભળીને દેવરાજસિંહ આઘાતનો મરણતોલ ફટકો પડે.

નિખિલ ગુલાબસિંહનો ઇરાદો સમજી ગયો.

‘એવું તો કઈ રીતે ચાલે? કહેવું તો પડશે...’

આટલું કહી એ હસી પડ્યો:

‘હવે તો તમારી પાંચેય આંગળીઓ ઘીમાં છે, ગુલાબસિંહ... છોકરી જતાં જતાં તમારું ભલું કરતી ગઈ.’

‘હશે ત્યારે... તમે તમારી રીતે ખબર આપો, ને અમે અમારી રીતે તૈયારી કરીએ.’

અભિમન્યુના ગઈ કાલ રાતના વર્તન પછી ગુલાબસિંહને સહેજ ફડકો પેઠો હતો કે હવે કદાચ અભિમન્યુ એના કહ્યામાં નહીં રહે... બાપ-દીકરો એક થઈ જશે, તો પોતે જે બુલંદ ઇરાદાઓ સાથે અહીં આવ્યો હતો એમાંનું કશું પાર નહીં પડે, પરંતુ આ એક નવો વળાંક એને માટે સુખદ આશ્ચર્ય સમાન હતો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘નિખિલભાઈ સાહેબ... જે મને કહ્યું છે તે બધું જ કહેજો. દેવરાજસિંહનેય સમજ પડે કે એની દીકરી કેટલાં પાણીમાં છે.’

બંને જણા ખડખડાટ હસી પડ્યા.

ગુલાબસિંહનો ફોન ડિસકનેક્ટ કરીને નિખિલ શ્રોફે સીધો દેવરાજસિંહનો સેલફોન જોડ્યો.

હજી ગઈ કાલના સુખમાં રાચતા દેવરાજસિંહ ઉપમા અને ચાનો નાસ્તો કરી રહ્યા હતા. કાર્ડિયાક ટેબલ પર એમનો નાસ્તો ગોઠવાયો હતો. બેઠા થઈને શ્રદ્ધાબહેન સાથે વાતો કરતા દેવરાજસિંહે હજી ચમચીમાં લઈને પહેલો કોળિયો મોંઢામાં મૂક્યો કે એમના સેલફોનની રિંગ વાગી.

નિખિલ શ્રોફનું નામ વાંચીને એ મનોમન ખુશ થઈ ગયા:

વાહ, મારા દીકરાએ કામ કરી નાખ્યું લાગે છે.

‘જય શ્રીકૃષ્ણ, શ્રોફસાહેબ.’

‘દેવરાજસિંહ તમારી છોકરી અમારું ઘર છોડીને ભાગી ગઈ છે.’

‘શું વાત કરો છો?’

દેવરાજસિંહના હાથમાંથી ચમચી પડી ગઈ. એમનો હાથ ધ્રૂજવા લાગ્યો. શ્રદ્ધાબહેન નજીક આવી ગયાં:

‘બરાબર જુઓ, તપાસ કરો, ઘરમાં જ ક્યાંક હશે...’

‘એ તો અમારા ઘરમાં નથી જ, પણ સાથેસાથે અમે અને તમે એને આપ્યા હતા એ દાગીના પણ નથી!’

‘નિખિલ શ્રોફ! તમે મારી દીકરી પર ચોરીનો આરોપ મૂકો છો?’

‘ચોરી કરી છે એણે...’ નિખિલના અવાજમાં બરફ જેવી ઠંડક હતી:

‘આરોપ તો પોલીસ આવશે એટલે આપોઆપ સાબિત થઈ જશે. દેવરાજસિંહ ઝાલાની દીકરી શું અને કેટલું લઈને નાસી ગઈ છે એ તો અખબારોનાં પાનાં પર અને ટીવી ચેનલ પર આપણે બધાં સાથે જ જોઈશું.’

‘હું તમારું ખૂન કરી નાખીશ.’ દેવરાજસિંહ ચિલ્લાયા:

‘સીધી રીતે પહોંચી ન વળાયું એટલે આવી ગંદી હરકતો પર ઊતરી આવ્યો તું?’

‘વેલ! ગંદી હરકત અમે નથી કરી, તમારી દીકરીએ કરી છે. હજી તો એય ખબર નથી દેવરાજસિંહ, તમારી દીકરી એકલી ભાગી છે કે ભેગો કોઈ...’ નિખિલ શ્રોફે વ્યંગમાં હસીને ફોન કટ કરી નાખ્યો.

દેવરાજસિંહનો શ્વાસ ફૂલવા માંડ્યો. એમણે શ્રદ્ધાબહેન તરફ જોયું:

‘આખરે તારી છોકરીએ મારું નાક કાપ્યું. ઘર છોડીને ભાગી ગઈ છે. આના કરતાં તો મેં જ એને ઝેર આપી દીધું હોત તો...’

‘શું બોલો છો?’ શ્રદ્ધાબહેને એમની પીઠ પર હાથ ફેરવ્યો:

‘નિખિલ શ્રોફની વાત ઉપર વધારે ભરોસો છે તમને? તમે આપેલા સંસ્કાર ઉપર નથી?’

‘કેવા સંસ્કાર, ને કેવી વાત! આ છોકરીએ મારી જિંદગી હરામ કરી નાખી છે...’

દેવરાજસિંહે પલંગમાંથી ઊભા થવાનો પ્રયાસ કર્યો. શ્રદ્ધાબહેન એમને પકડી રાખવામાં નિષ્ફળ ગયાં. એમણે શ્રદ્ધાબહેનને ધક્કો મારીને દૂર ધકેલી દીધા. પછી પોતાનો સેલફોન હાથમાં લીધો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સાવજ... દીકરા...’

‘મને ખબર છે બાપુ, હું પહોંચું જ છું. તમે કોઈ જાતની ચિંતા નહીં કરતા. આપણે પહોંચી વળીશું.’

‘મારા દીકરા, જ્યાં હોય ત્યાંથી એ છોકરીને ગોતી કાઢ... નિખિલ શ્રોફના કે પોલીસના હાથમાં આવે એ પહેલાં મારે એની લાશ જોવી છે.’

દેવરાજસિંહ ઊંચા સ્વરે બોલી રહ્યા હતા એ સાંભળીને શ્રદ્ધાબહેનને ભયાનક ફાળ પડી:

આ બાપ-દીકરો હવે કેસરને જીવતી નહીં રહેવા દે.

*

નિખિલ શ્રોફ જે ઉશ્કેરાટમાં અને ક્રોધમાં નીચે ઊતરી ગયો એ પછી શ્વેતા અને સોમલ થોડીક વાર તો એકબીજા સામે જોતા તદ્દન ડઘાયેલી હાલતમાં ઊભાં રહ્યાં. બંને જણા કશું સમજે-વિચારે એ પહેલાં નિખિલ શ્રોફે આ વાતમાં દાખલ થઈને પરિસ્થિતિને એક નવો જ વળાંક આપી દીધો હતો. હવે પોલીસ, મીડિયા અને બદનામીમાંથી કોઈ બચી શકવાનું નહોતું.

નિખિલ શ્રોફ અમસ્તોય ઝનૂની અને ઉતાવળિયો માણસ હતો. લગ્ન પછીના બીજા દિવસે એણે જે રીતે ચારે તરફ ફોન કરીને લોકો સાથે ચર્ચા-કૂથલીઓ કરી હતી એ વાત હજીયે શ્વેતાના મનમાં અકબંધ હતી. એ દિવસથી લઈને આજ સુધી નિખિલ પોતાના પૂર્વગ્રહને ઘૂંટતો રહ્યો હતો. હવે આ તક નિખિલ માટે કાળીનો એક્કો બનીને આવી હતી. હુકમનું પાનું ઊતરીને એ કેસરને પોતાના ઘરમાંથી તો કાઢશે જ, સાથોસાથ દેવરાજસિંહના કુટુંબને પૂરેપૂરું બરબાદ કરી નાખશે એ વાત મા-દીકરો બંને સમજી ગયાં હતાં.

‘સોમલ, આ બધું અહીં જ અટકાવવું જોઈએ.’

‘હા મા, પણ...’

‘તારા ડૅડ કમિશનરને ફોન કરે એ પહેલાં એમને રોક. આ ઘરમાં કોઈ દિવસ પોલીસ નથી આવી...’ શ્વેતાને સખત ટેન્શન થઈ ગયું:

‘એ ગુસ્સામાં છે, ઉશ્કેરાટમાં છે. કેસર કંઈ લખીને ગઈ હશે તો એ આપણા સૌ માટે કેટલો પ્રોબ્લેમ થશે એની હજી તારા ડૅડને કલ્પના નથી.’

‘સમજું છું મોમ, મેં પણ બહુ તપાસ કરી. હજુ સુધી તો મારા હાથમાં કંઈ આવ્યું નથી...’

‘બેટા, હું એવું ઇચ્છતી નથી, પણ કદાચ ઝનૂન કે ઉશ્કેરાટમાં કેસરે કંઈ ખોટું પગલું ભર્યું હશે તો આપણે બધાં...’

‘હા મોમ.’ સોમલ હવે આગળ સાંભળી શકે એમ નહોતો એટલે સડસડાટ નીચે ઊતરી ગયો. વિશાળ અને વૈભવી દીવાનખંડમાં ડ્રેસિંગ ગાઉન પહેરીને આંટા મારી રહેલો નિખિલ શ્રોફ અચાનક ખૂબ સારા મૂડમાં આવી ગયો હતો. દેવરાજસિંહ ઝાલાને ફોન કરી દીધા પછી એમને માટે કેસરની ગેરહાજરી જાણે અચાનક કોઈ રસપ્રદ રમકડું રમવા મળી ગયું હોય એવી થઈ ગઈ હતી.

‘આવો... આવો, સોમલ શ્રોફ... તું બસ જોયા કર. થોડા કલાકોમાં હું આખું શહેર હલાવી મૂકીશ. ટેલિવિઝનની એક એક ચેનલ પર દેવરાજસિંહ ઝાલાની દીકરીની જ ચર્ચા હશે.’

‘આ બધું ન કરો ડૅડ... પ્લીઝ, શક્ય છે, કદાચ આપણે જ મુશ્કેલીમાં મુકાઈ જઈએ.’

‘નિખિલ શ્રોફ ક્યારેય કાચી રમત નથી રમતો...’ એના ચહેરા પર અહંકાર છલકાતો હતો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું તો આખીય પરિસ્થિતિને આપણા માટેની સહાનુભૂતિમાં પલટી નાખીશ. થોડી વારમાં સ્ટાર ન્યૂઝ અને એનડીટીવીના માણસો પહોંચતા જ હશે. તારી માને કહે લગ્નના આલબમમાંથી ફોટા કાઢી રાખે.’

એણે ખડખડાટ હસતાં ટેલિવિઝન ચેનલના પ્રતિનિધિની અદામાં પૂછ્યું

‘ઐસા ક્યા હુઆ જિસસે યહ નઈ નવેલી દુલ્હન ઘર છોડ કર ભાગ ગઈ? ઘરવાલે પરેશાન ઔર દુલ્હન ગાયબ...’

સોમલ નવાઈથી પિતાની સામે જોઈ રહ્યો. એણે નિખિલ સ્વરૂપનું આવું સ્વરૂપ પહેલાં ક્યારેય નહોતું જોયું. આટલાં વર્ષથી જે પિતાની સાથે પોતે રાત-દિવસ જીવતો રહ્યો એ પિતાની અંદર આટલું બધું વેર ઠાંસી ઠાંસીને ભર્યું હશે એની સોમલને કલ્પના સુધ્ધાં નહોતી.

‘ડૅડ, હું માનું છું આપણે સૌથી પહેલાં કેસરને શોધવા પર ધ્યાન આપવું જોઈએ. આ બધું તો...’

‘પોલીસ શોધી કાઢશે એને દીકરા, પકડીને લઈ આવશે આપણી સામે.’

હજી સોમલ કશું કહે એ પહેલાં તો નિખિલ શ્રોફે પોતાનો સેલફોન કાને ધર્યોઃ

‘યસ, કમિશનરસાહેબ, નિખિલ શ્રોફ હિયર...’

એ પછી નિખિલ વધારી વધારીને કેટલીયે વાતો કહેતો રહ્યો. કેસર પહેલેથી જ આ લગ્ન કરવા નહોતી માગતી ત્યાંથી શરૂ કરીને એનું કોઈની સાથે પ્રેમપ્રકરણ હોવાની સંભાવના પણ નકારી ન શકાય ત્યાં સુધી બધું જ બોલી નાખ્યું એણે.

સોમલ હતાશ થઈને સોફામાં બેસી ગયો. પરિસ્થિતિ પળેપળે હાથમાંથી સરકતી જતી હતી. કેસર ક્યાં ગઈ હશે એની ચિંતા પણ સોમલને સતાવતી હતી. સોમલને એની દયા પણ આવતી હતી તો બીજી તરફ આવી બાલિશ હરકત કરવા બદલ એને કેસર પર ભયાનક ગુસ્સો આવતો હતો.

*

અભિમન્યુ નાણાવટી હોસ્પિટલ પહોંચ્યો ત્યાં સુધીમાં દેવરાજસિંહ ઝાલા જાત પરથી કાબૂ ખોઈ બેઠા હતા. અભિમન્યુના દાખલ થતાં જ એમણે બૂમો પાડવા માંડીઃ

‘સોપારી આપી દે એ છોકરીની. મારે એનું મોઢું નથી જોવું.’

‘શાંતિ રાખો બાપુ, કરીએ છીએ...’

અભિમન્યુએ નજીક આવીને દેવરાજસિંહને સમજાવવા માંડ્યા. પરંતુ એ કશુંયે સાંભળવાના મૂડમાં જ નહોતા. દેવરાજસિંહની બૂમાબૂમ સાંભળીને ડોક્ટર્સ અને નર્સ પણ ભેગાં થઈ ગયાં હતાં. છેલ્લા થોડાક જ દિવસમાં ત્રીજો પ્રસંગ હતો, જ્યારે દેવરાજસિંહે ઉશ્કેરાઈને આવું વર્તન કર્યું હતું. એમને સમજાવવાના ડોક્ટર્સના પ્રયાસ પણ અત્યારે કોઈ કામમાં આવે એમ નહોતા...

હજી તો અભિમન્યુ એમને સમજાવીને ઠેકાણે પાડે એ પહેલાં દેવરાજસિંહ ઝાલાનો સેલ રણક્યો, ‘હા જી...’

‘હું પોલીસ કમિશનર પાંડે બોલું છું... અમને ફરિયાદ મળી છે કે...’

‘જુઠ્ઠો છે, નિખિલ. એક નંબરનો ચાલબાજ અને નાલાયક માણસ છે. મારી દીકરીનું ખૂન કર્યું છે એ લોકોએ. એમની સામે મારી ફરિયાદ લખો. એમણે જ મારી દીકરીને ગુમ કરી છે. મારી દીકરીને કંઈ થશે તો એ લોકો જવાબદાર છે!’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘પણ એ તો કહે છે કે...’

‘એ તો બધું કહેશે. તમારે એની વાત માનવી છે કે મારી? દીકરી મારી ગુમ થઈ છે.’

‘પણ મિસ્ટર ઝાલા...’

‘કમિશનરસાહેબ, ઓળખાણ એની છે તો મારી પણ છે. પૈસા એ ખર્ચી શકે છે તો હું પણ ભિખારી નથી. હું હમણાં ને હમણાં જૂહુ પોલીસસ્ટેશન જાઉં છું અને ફરિયાદ લખાવું છું કે સાસરે મોકલેલી મારી દીકરી ગુમ થઈ ગઈ છે!’

‘જુઓ, મિસ્ટર ઝાલા, સામસામે આક્ષેપો કરવાથી બાજી બગડી જશે.’

‘બાજી બગડી ચૂકી છે, કમિશનરસાહેબ! હવે તો નિખિલને જેલના સળિયા ન ગણાવું તો મારું નામ દેવરાજસિંહ નહીં. મારી દીકરી પર અત્યાચાર કર્યો છે એમણે. દહેજની માગણી કરીને...’

શ્રદ્ધાબહેન માટે આ બધું અસહ્ય હતું. એમણે રડતાં રડતાં દેવરાજસિંહ સામે હાથ જોડ્યા:

‘આ શું કરો છો તમે?’

‘હું જે કરું છું તે બરાબર કરું છું. તું આમાંથી બહાર રહે, સમજી?’

એમણે પોલીસ કમિશનરને વિગતવાર વાત કરવા માંડી. કેસરને એમના ઘેર આવવાની મનાઈ ફરમાવવાથી શરૂ કરીને નિખિલે એમને કઈ રીતે હેરાન કર્યા હતા એની વાતો વધારી વધારીને દેવરાજસિંહ કહેતા રહ્યા.

‘હવે શું કરવું છે સાહેબ, એ તમે મને કહો.’ આખરે કમિશનર કંટાળ્યા.

‘અરેસ્ટ કરો નિખિલ શ્રોફને. ડાવરી-દહેજના આરોપસર એ ત્રણેય જણને અંદર નાખી દો. કિડનેપિંગ અને અટેમ્પ ઓફ મર્ડર પણ લગાડો. ખોટી ફરિયાદ કરવા બદલ પોલીસને ગુમરાહ કરવાનો ગુનો અને બદનક્ષી પણ ઠોકી દો સાહેબ.’

‘ઝાલાસાહેબ, એનાથી તમારી દીકરી પાછી મળશે તમને?’ કમિશનરે ખૂબ શાંતિથી સંયત અવાજે સવાલ પૂછ્યો.

‘દીકરી તો નહીં મળે એની મને ખબર છે, કારણ કે એને પતાવી દીધી છે!’

‘આ કહ્યા પછી જો કેસર શ્રોફ મળી આવે તો પોલીસને ગુમરાહ કરવાનો ગુનો તમારા પર લાગી શકે એની ખબર છે તમને?’

‘મને બીવડાવો છો?’

‘ના, સાવચેત કરું છું.’ પાંડે સહેજ અચકાયા:

‘સામસામેની આક્ષેપબાજીમાં બંને પરિવારો એ છોકરીને તો ભૂલી ગયા છો જાણે... એ ક્યાં હશે, શું કરતી હશે એવી ચિંતા નથી થતી તમને બાપ તરીકે? આપઘાત કરી બેસશે તો...’

‘સાહેબ, આપ આપની ડ્યૂટી બજાવો. મને સલાહ-સૂચનાની જરૂર નથી.’

દેવરાજસિંહનો અવાજ ફાટી જાય એટલી હદે ઊંચો થઈ ગયો હતો:

‘હું જૂહુ પોલીસસ્ટેશને જઈને ફરિયાદ લખાવું છું. તમે યોગ્ય કરવાની સૂચના આપી દો, સમજ્યા?’

આટલું કહીને ફોન કરી દેવરાજસિંહ રૂમની બહાર જવા લાગ્યા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અરે, ક્યાં જાવ છો?’ ડોક્ટરે એમને રોકવાનો પ્રયાસ કર્યો.

‘હું હોસ્પિટલ છોડીને જાઉં છું. મારી મરજીથી, મારા હિસાબે અને જોખમે...’

‘આ હાલતમાં અમે તમને રજા ન આપી શકીએ.’

‘આ દુનિયામાં દેવરાજસિંહ ઝાલાની મરજી વિરુદ્ધ એને રોકી શકે એવું કોઈ જન્મ્યું નથી, સમજ્યા? તમારાથી થાય તે કરી લો.’

એમણે ફરીને અભિમન્યુ તરફ નજર નાખી:

‘બિલ ચૂકવી દે આમનું. આ બધાંને પાંચસો-પાંચસોની ટીપ પણ આપી દેજે. ઘણી સેવા કરી છે.’

એટલું કહી મોટી મોટી ડાંફો ભરતા એ રૂમની બહાર નીકળી ગયા.

*

નિખિલ શ્રોફના નિવાસસ્થાનની બહાર અખબારના પ્રતિનિધિઓ અને ટીવી ચેનલ્સની ભીડ જામી હતી.

નિખિલ ઉત્સાહ અને આનંદથી સૌને ઇન્ટરવ્યૂ આપી રહ્યા હતા. કેસર કેટલી બેજવાબદાર અને તોછડી હતી એની વાતો મીઠું-મરચું ભભરાવીને કહેવાઈ રહી હતી. ઘરમાંથી દાગીના ગુમ છે એ વાત એમણે ચેનલવાળાને ઊછળી ઊછળીને કહી.

‘આપકો કૈસા લગતા હૈ?’

કોઈકે ખૂણામાં બેઠેલા સોમલની નજીક જઈને પૂછી નાખ્યું. ઉશ્કેરાયેલા સોમલે એના હાથમાંથી માઇક્રોફોન ખેંચીને એના જ માથામાં ઠોકી દીધું. હાજર ટીવી કેમેરામેન આ દૃશ્ય કેવી રીતે ચૂકે? લાઇવ ટેલિકાસ્ટમાં સોમલની આ ચેષ્ટા અને ગેરવર્તન પણ અનેક ડ્રોઇંગરૂમ સુધી પ્રસારિત થઈ ગયા.

‘દેવરાજસિંહ ઝાલાએ અમારી સાથે પૈસા માટે જ પરણાવી હતી એમની દીકરીને. જૂહુ પ્રોજેક્ટ હેમખેમ પાર પડે પછી એને છૂટાછેડા માટે ઉશ્કેરીને અમારી પાસે પૈસા પડાવવાની યોજના હતી એમની...’

નિખિલની આ બધી વાત સાંભળીને શ્વેતાને કમકમાં આવતાં હતાં. એ નિખિલ શ્રોફને રોકવા માગતી હતી, પરંતુ હવે નિખિલ શ્રોફ કોઈનોય રોકે રોકાય એમ નહોતો.

આ તરફ, જૂહુ પોલીસસ્ટેશનમાં દેવરાજસિંહ ઝાલાએ નિખિલ, સોમલ અને શ્વેતા શ્રોફ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી દીધી. પોતાના કરોડો રૂપિયાના દાગીના આ લોકો હડપ કરી જવા માગે છે માટે આ ચાલ ચાલવામાં આવી છે એવો આક્ષેપ એણે પોતાની એફ.આઈ.આર.માં નોંધાવી દીધો. ડાવરી-દહેજ માટે પોતાની દીકરીનું જીવન જોખમમાં મુકાયું છે અથવા કદાચ એની હત્યા પણ થઈ ગઈ હોય એવો અંદેશો પણ એણે પોતાના નિવેદનમાં વ્યક્ત કર્યો.

એ જૂહુ પોલીસસ્ટેશનમાંથી બહાર નીકળે ત્યાં તો નિખિલ શ્રોફને ઘરેથી અહીં આવી પહોંચેલી મીડિયાના લોકોએ એમને પણ સવાલો પૂછવા માંડ્યા.

પ્રથમ નિખિલ શ્રોફ અને પછી દેવરાજસિંહ ઝાલાની સામસામેના આક્ષેપોથી મીડિયાને હવે ચોવીસ કલાક એવો જબરજસ્ત મસાલો મળી ચૂક્યો હતો.

આ બધા હોબાળા વચ્ચે ટેલિવિઝનની સામે પહોળી આંખે બેઠેલી વિદ્યા વારેવારે કપાળ પરથી પરસેવો લૂછતી હતી. આ લાઇવ ટેલિકાસ્ટમાં એ જે કંઈ જોઈ રહી હતી એનાથી એ ખરેખર ગભરાઈ ગઈ હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એની બાજુમાં બેઠેલો નીલાંગ એને વારેવારે ટોણા મારી વધુ તકલીફ આપી રહ્યો હતોઃ

‘મને તો પહેલેથી જ ખબર હતી કે આ ફાલતુ છોકરી સાથે સંબંધ રાખવા જેવો નથી. હું ના પાડતો હતો ત્યારે તેં સાંભળ્યું નહીં. હવે જો... કાલે ઊઠીને આમાં તારું નામ સંડોવાશે તો મને નવાઈ નહીં લાગે.’

‘નીલાંગ, એ છોકરી ક્યાં હશે એની મને ચિંતા થાય છે.’

‘કોઈ ચિંતા કરવાની જરૂર નથી. વીસ કરોડથી વધારેના દાગીના લઈને ભાગી છે.’

‘હું નથી માનતી. કેસર એવું કરે જ નહીં.’

‘તું માને કે નહીં, એનાથી કોઈ ફેર નથી પડતો... એ છોકરી ચોરી કરીને ભાગી છે. જે મિનિટે પકડાશે એ મિનિટે પોલીસ ખોખરી કરી હાડકાં તોડી નાખશે એનાં, ત્યારે જઈને કહેજે આ બધું...’

‘પોલીસ એના સુધી પહોંચે ત્યાં સુધી કેસર કદાચ જીવતી જ નહીં હોય.’

આ એક વાક્ય બોલતાં બોલતાં વિદ્યાને ડૂમો ભરાઈ ગયો. એની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. કેસરની પીડા એને બરાબર સમજાતી હતી. એણે જે રીતે આપઘાત કરવાની વાત કરી હતી એ જોતાં હવે વિદ્યાને પાકેપાકી ખાતરી થઈ ગઈ કે કેસરે સો ટકા આપઘાત જ કર્યો હશે...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 21

આખરે બધાંને અંદેશો હતો એ જ થયું...

એફઆઈઆર નોંધાયા પછી સોમલ, શ્વેતા અને નિખિલ શ્રોફને જૂહુ પોલીસસ્ટેશનમાં હાજર થવું પડ્યું.

નિખિલ શ્રોફને સહુ ઓળખતા હતા અને કમિશનરની પણ મદદ હતી એટલે આગોતરા જામીન લઈને એ પોલીસસ્ટેશન પહોંચ્યા. વકીલની આખી ફોજ એને માટે હાજર હતી, એટલે આમ જોવા જાવ તો નિખિલ શ્રોફને કોઈ તકલીફ નહોતી પડી, પરંતુ સહકુટુંબ આવી રીતે પોલીસસ્ટેશનમાં હાજર થવું પડે એ વિચારમાત્ર નિખિલ શ્રોફ માટે મરવાથીયે વધારે ભયંકર હતો.

દેવરાજસિંહ ઝાલાએ 498-એ અને કીડનેપિંગ તથા લગ્નના એક મહિનાથી ઓછા સમયમાં પુત્રવધૂને દહેજ માટે હેરાન કરવાના આરોપો મૂક્યા હતા. સહજ છે કે મીડિયાએ આ વાતને સારી એવી ચગાવવા માંડી.

નિખિલ શ્રોફ જેવા ગર્ભશ્રીમંત પરિવારમાં પણ દહેજનું દૂષણ હજી સુધી ગયું નથી એ વાતને ટીવી ચેનલ્સ તથા અખબારોએ ખાસ ચગાવી.

અત્યાર સુધી નિખિલ શ્રોફના મનમાં દેવરાજસિંહ વિરુદ્ધ ગુસ્સો તો હતો જ, પરંતુ આ પ્રસંગ પછી નિખિલ શ્રોફે ગાંઠ વાળી કે દેવરાજસિંહને ભીખ માગતાં કરી નાખવા. એના કુટુંબને એવું અસ્તવ્યસ્ત- છૂટું પાડી દેવું અને દેવરાજસિંહને એટલી બધી તકલીફ આપવી કે એ સામેથી પોતાના મોતની માગણી કરે.

સોમલ અત્યાર સુધી એમ માનતો હતો કે જે કંઈ થયું એમાં એની પણ જવાબદારી હતી. કેસરને માટે એના મનમાં દયા હતી, પરંતુ દેવરાજસિંહે જે રીતે એના કુટુંબને પોલીસસ્ટેશન સુધી ઘસડ્યું એ પછી સોમલે પણ ગાંઠ વાળી લીધી કે દેવરાજસિંહને માફી મગાવ્યા વિના આ વાતનો અંત નહીં આવે. એણે નિખિલની જેમ બૂમાબૂમ કરવાને બદલે પોતાના ક્રોધને શાંતિથી પોતાની અંદર દબાવી દીધો. હવે પ્રતીક્ષા હતી માત્ર યોગ્ય અવસરની...

પાંચ-છ કલાક પોલીસસ્ટેશનમાં વિતાવ્યા પછી જ્યારે સહુ ઘરે પાછાં ફર્યાં ત્યારે નિખિલ શ્રોફ એટલો તો ગુસ્સામાં હતો કે એણે ઘરમાં આવતાંની સાથે જ સડસડાટ પોતાના રૂમમાં જઈને દરવાજો અંદરથી બંધ કરી દીધો.

શ્વેતા અને સોમલે ખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ નિખિલે કલાકો સુધી દરવાજો ન ખોલ્યો તે ન જ ખોલ્યો. એ પછી આ ઘરમાં શું બનતું હતું એ વિશે જાણે એને કોઈ લેવાદેવા ન હોય એમ એણે પોતાની જાતને કેટલાય કલાકો સુધી બેડરૂમમાં બંધ કરી રાખ્યો. આ અપમાન એને માટે અસહ્ય હતું.

એણે પ્રાઇવેટ ડિટેક્ટિવ એજન્સીને કામે લગાડી. કોઈ પણ હિસાબે કેસર પોતાની સામે હાજર થવી જોઈએ એ હવે નિખિલ શ્રોફ માટે પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો.

નિખિલ શ્રોફને પોલીસસ્ટેશનમાં હાજર કરીને દેવરાજસિંહને એક વિચિત્ર પ્રકારનો સંતોષ મળ્યો. મીડિયામાં એની જે રીતે બદનામી થઈ એ વાતે પણ દેવરાજસિંહ ઘણા પોરસાયા...

ખરું પૂછો તો અહમ્ની આ ટક્કરમાં હવે કેસર ભુલાઈ ગઈ હતી!

આ યુદ્ધ હવે દેવરાજસિંહ ઝાલા અને નિખિલ શ્રોફની વચ્ચે એવી રીતે શરૂ થયું હતું કે એનો અંત કઈ રીતે આવશે એની કોઈને સમજ નહોતી પડતી.

અભિમન્યુએ આ આખીયે લડાઈમાં બંને તરફ રમત રમવા માંડી હતી. એક તરફ પિતાને નિખિલ શ્રોફ સામે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

યુદ્ધ ચાલુ રાખવા માટે એ વધુ ને વધુ ઉશ્કેરતો રહ્યોઃ

‘બાપુ, હવે હથિયાર નહીં નાખતા. હવે તો નિખિલ શ્રોફ ઘૂંટણિયે પડીને માફી માગે ત્યાં સુધી આપણે લડી લેવું છે.’

‘બિલકુલ સાચી વાત છે તારી. એને હજી ખબર નથી કે રાજપૂત એક વાર રણે ચડે પછી કાં તો એનું, ને કાં તો દુશ્મનનું ડોકું ન પડે ત્યાં સુધી એ પારોઠનાં પગલાં ભરતો નથી.’

‘હું તમને સાચું કહું બાપુ, નિખિલ શ્રોફને આજ સુધી આપણા જેવું કોઈ મળ્યું જ નથી. બધાએ એની જીહજૂરી કરી. તમે એને બરાબરનો પાઠ ભણાવી દીધો છે.’

‘તું મારી પડખે છે ને દીકરા, હવે નિખિલને સમજાશે કે દેવરાજસિંહ ઝાલા દીકરીના બાપ તરીકે ભલે બે હાથ જોડીને માથું નમાવે, પણ જો દુશ્મન થઈ જાય તો ભલભલાને ભારે પડે એમ છે.’

તો બીજી તરફ એણે ફોન કરીને નિખિલ શ્રોફની માફી માગીઃ

‘સાહેબ...’

‘તારા બાપે જે કંઈ કર્યું એ પછી તારી હિંમત કેવી રીતે થઈ મને ફોન કરવાની?’

‘તમે તો જાણો છો, હું તમને મળવા આવવાનો હતો... આપણે સાથે મળીને ઘણું કામ કરવાનું છે.’

‘શટઅપ!’

‘સાહેબ, હું તો ચૂપ જ છું. આ આખીયે રમતમાં હું ક્યાંય નથી. તમે કહો એના સોગંદ... મારા બાપુના સોગંદ ખાઉં... કેસરના સોગંદ ખાઉં... મેં તો એમને બહુ સમજાવ્યા હતા, પણ દેવરાજસિંહ ઝાલા કોઈનું કહ્યું માને? મેં તો કહ્યું... જે જવાની હતી એ જતી રહી છે. આપણે તો નિખિલ શ્રોફની માફી માગવી જોઈએ, પણ એ તો જડ માણસ છે...’

‘આ બધું મને શું કામ કહે છે?’

‘કારણ કે મને અંગત રીતે તમારા માટે બહુ માન છે. હું તમારો સાથ નહીં છોડું સાહેબ... મારામાં ભરોસો રાખો.’

નિખિલ શ્રોફ સાચે જ ગૂંચવાઈ ગયો. એને સમજાયું નહીં કે આ છોકરાની વાત પર ભરોસો કરવો કે નહીં, પણ અભિમન્યુએ ગળગળા થઈને જે રીતે નિખિલને જીતવા માટે એક પછી એક પત્તાં ફેંક્યાં એમાં નિખિલ પીગળી ગયો. એને પણ લાગ્યું કે આમાં અભિમન્યુ ગુનેગાર નથી. એણે અભિમન્યુને મદદ કરવાનું વચન આપ્યું. સામે અભિમન્યુએ દેવરાજસિંહ ઝાલાને બરબાદ કરવા માટે નિખિલ શ્રોફને સાથ આપવાની ખાતરી આપી.

*

અડતાલીસ કલાક વીતી ગયા હતા. કેસર કાં તો આકાશમાં ઊડી ગઈ હતી અને કાં તો ધરતીમાં સમાઈ ગઈ હતી.

એક તરફથી પોલીસ, બીજી તરફથી નિખિલ શ્રોફની પ્રાઇવેટ ડિટેક્ટિવ એજન્સી તો ત્રીજી તરફથી અભિમન્યુસિંહે રોકેલા માણસો ગાંડાની જેમ કેસરને શોધતા હતા.

મુંબઈની બહાર જતો દરેક રસ્તો બંધ કરી દેવાયો હતો. એરપોર્ટ, રેલવે સ્ટેશન, એસ.ટી., દરેક જગ્યાએ પોલીસના માણસો નાકાબંધી કરીને ઊભા હતા. હોટેલ્સ અને ગેસ્ટહાઉસીસની તલાશી લેવાઈ રહી હતી, પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બધેથી એકસરખી નિરાશા સાંપડતી હતી.

આટલા બધા લોકો કેસરને શોધતા હોવા છતાં એ ક્યાંયથી ન મળી.

નિખિલ શ્રોફ વધુ ને વધુ ભૂરાયો થતો જતો હતો. મીડિયા પોલીસના માથે માછલાં ધોતું હતું. પોતાની પૂરેપૂરી તાકાત કામે લગાડ્યા છતાં કોઈ કેસર સુધી પહોંચી શક્યું નહોતું.

એનો સેલફોન બંધ થઈ ગયો હતો.

નેહા છેલ્લા ચોવીસ કલાકથી સતત નિખિલ શ્રોફના બંગલે હાજર હતી. આવતા-જતા માણસોની સરભરા કરવી, મીડિયાને સંભાળી લેવું અને ઘરના સૌની કાળજી લેવાની જવાબદારી એણે વગર કહ્યે ઉપાડી લીધી હતી.

એ સોમલને પણ સતત સધિયારો આપતી રહી.

આવનારા તમામ ટેલિફોન કોલ્સને જવાબ આપવાથી શરૂ કરીને પોલીસતપાસમાં મદદ કરવાની જવાબદારી પણ એના ખભે આવી ગઈ હતી.

ચોવીસ કલાકથી લગભગ એક જ જગ્યાએ બેસી રહેલી શ્વેતાની આંખો લાલ થઈ ગઈ હતી. એનું બ્લડપ્રેશર પણ હાઈ થઈ ગયું હતું. બે વખત આવીને ડોક્ટર એનું બ્લડપ્રેશર તપાસી ગયા હતા. ઊંઘની ગોળી લીધા છતાં પણ શ્વેતા ઊંઘી શકી નહોતી. પરિણામે એ વધુ નંખાઈ ગઈ હતી.

'આન્ટી, મને લાગે છે તમારે થોડો આરામ કરવો જોઈએ.'

'ક્યાંય ચેન નથી પડતું બેટા, અહીં માણસો છે એટલે સહેજ સારું લાગે છે. મારા રૂમમાં તો મને ગભરામણ થાય છે.'

'કેસર મળી જશે આન્ટી, તમે તબિયતનું ધ્યાન રાખો, પ્લીઝ.' નેહાએ ખૂબ સમજાવ્યા પછી આખરે શ્વેતા ઊભી થઈ.

ચોવીસ કલાકના ઉજાગરા પછી શ્વેતા પોતાના રૂમમાં સહેજ આડે પડખે થવા ઉપર ગઈ ત્યારે એણે જોયું કે સોમલ પોતાના રૂમમાં બારી પાસે ઊભો રહીને કંઈક વિચારતો હતો.

'બેટા...'

સોમલ ચોંક્યો, પણ કંઈ બોલ્યો નહીં.

'મને ખાતરી છે કે કેસર જીવે છે. કોણ જાણે કેમ, મારું મન કહે છે કે એ છોકરીએ આપઘાત નથી કર્યો.'

'ભૂલ મારી જ છે. આ બધા માટે મારી જીદ જવાબદાર છે. એણે તો પહેલી જ વાર મળી ત્યારે મને ના પાડી હતી, પણ હું જ...' સોમલની આંખો ભરાઈ આવી:

'મેં એ છોકરીની જિંદગી બરબાદ કરી નાખી.'

'તારો શો વાંક છે, બેટા? તેં તો એને પ્રેમ...'

'પ્રેમ? મા, હવે મને લાગે છે એ પ્રેમ નહોતો. હું એને પ્રેમ કરતો હોત તો મેં એને સમજવાનો પ્રયત્ન કર્યો હોત. હું તો મારી ઇચ્છા એના પર થોપતો રહ્યો.'

'હવે આ બધું વિચારીને શું ફાયદો, દીકરા?' શ્વેતાએ વહાલથી સોમલના ગાલે હાથ ફેરવ્યો:

'તું પણ થોડો આરામ કર.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આંખ મીંચું છું ને કેસરનો ચહેરો દેખાય છે. બહુ મોટી ભૂલ થઈ ગઈ, મા.’

‘બધું ઠીક થઈ જશે, દીકરા.’ શ્વેતા પોતાના ઓરડામાં જવા લાગી ત્યારે ઊંડે ઊંડે એને પણ ખબર હતી કે પોતે ભલે દીકરાને સધિયારો આપે, પણ એના મનમાંય આ આખી ઘટનાએ બહુ ઊંડો ઉઝરડો પાડ્યો હતો.

*

વિદ્યા લગભગ સો વાર કેસરને ફોન લગાડવાની ટ્રાય કરી ચૂકી હતી. એનો ફોન બંધ હતો એવું જાણ્યા છતાંય ચિંતા અને ઉશ્કેરાટમાં એ થોડી થોડી વારે એને ફોન લગાડવાનો પ્રયત્ન કરી રહી હતી.

સોમલે આપેલી માહિતી મુજબ પોલીસ વિદ્યાનું નિવેદન લેવા પહોંચી ગઈ હતી. પોલીસને જોઈતી બધી માહિતી એણે આપી, પણ સાથે સાથે વારંવાર એ વાત પર ભાર મૂક્યો હતો કે કેસર ક્યારેય ચોરી ન જ કરે. જોકે પોલીસની હાજરીમાં નીલાંગે બેફામ સ્ટેટમેન્ટ કરીને વાતની દિશા બદલી કાઢી હતી. વિદ્યાએ ના પાડવા છતાં પોલીસે નીલાંગનું સ્ટેટમેન્ટ પણ નોંધ્યું હતું, જેમાં નીલાંગે કેસરના વિચિત્ર વર્તનથી શરૂ કરીને એની તમામ સાચી-ખોટી ભૂલો વિશે ઉલ્લેખ કર્યો હતો.

પોલીસની સાથે સાથે વિદ્યા ઉપર અભિમન્યુસિંહ પણ જુદી જ રીતે દબાણ લાવી રહ્યો હતો. અભિમન્યુને એવી ખાતરી હતી કે મુશ્કેલીના સમયમાં કેસર જ્યાં હોય ત્યાંથી વિદ્યા પાસે પહોંચ્યા વિના નહીં રહે. એણે પોતાના માણસોને ત્યાં જાપતો રાખવાની સૂચના તો આપી જ હતી, સાથે સાથે ચોવીસ કલાકમાં ચાર વાર એણે જાતે આંટો મારીને વિદ્યાને ભિડાવવાનો પ્રયત્ન કર્યો હતો.

‘મને ખાતરી છે કે તું જાણે છે...’

‘હું નથી જાણતી.’

‘એ તને ફોન ના કરે એવું બને જ નહીં. ઘર છોડીને સૌથી પહેલો ફોન એણે તને જ કર્યો હોય.’

‘અરે, પણ એણે મને ફોન નથી કર્યો.’

‘જો વિદ્યા, તું અમને કહે કે નહીં, અમે કેસરને શોધી જ કાઢવાના છીએ.’ એણે હવે દામની નીતિ વાપરવાનો પ્રયાસ કર્યોઃ

‘અમે એને કંઈ નહીં કરીએ. ફોરેન મોકલી દઈશું. હું તને વચન આપું છું.’

‘પણ હું કંઈ જ નથી જાણતી.’

ઉશ્કેરાયેલા અભિમન્યુએ વિદ્યાનો હાથ પકડી લીધો ત્યારે નીલાંગથી રહેવાયું નહીં. એણે અભિમન્યુને કોલરમાંથી પકડીને દૂર ધકેલ્યો. અભિમન્યુ અને નીલાંગ વચ્ચે શાબ્દિક સાથે હાથોહાથની મારામારી થઈ ગઈ. ગુસ્સે થયેલા નીલાંગે અભિમન્યુને ચેતવણી આપી દીધીઃ

‘હવે જો આ ઘરમાં દાખલ થયો છે તો પોલીસને બોલાવીને તને પકડાવી દઈશ... ગેટ લોસ્ટ!’

એ પછી અભિમન્યુ અહીંયાં આવ્યો તો નહીં, પરંતુ એના માણસોને એ સતત કહેતો રહ્યોઃ

મને ખાતરી છે કે હરીફરીને કેસર ત્યાં જ પહોંચશે. તમે બરાબર ધ્યાન રાખજો.

અભિમન્યુના ગયા પછી નીલાંગે વિદ્યાને ચેતવણી આપી હતીઃ

‘કેસર તને કોન્ટેક્ટ કરવાની ટ્રાય કરે કે તારી પાસે મદદ માગે તો એને ચોખ્ખી ના પાડજે.’

‘પણ...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મારે આ બાબત વિશે એક અક્ષર સાંભળવો નથી. મદદ કરવાની વાત તો દૂર રહી વિદ્યા, પણ જો તેં એની સાથે વાત પણ કરી છે તો તારો અને મારો સંબંધ પૂરો થઈ જશે એટલું યાદ રાખજે.”

‘મારી બાળપણની સહેલી છે, નીલાંગ. ખરેખર શું બન્યું એ જાણ્યા વિના...’

‘જે બન્યું હોય તે. મને એના માટે સહેજ પણ દયા નથી અને તારે જો મારી સાથે લગ્ન કરવા હોય તો એની દયા ખાવાનો વિચાર સુધ્ધાં નહીં કરતી.’

*

હોસ્પિટલમાંથી ઘેર પહોંચેલા દેવરાજસિંહ ઝાલાએ આરામ કરવાનું તો જાણે નેવે જ મૂકી દીધું. કેસરના તમામ મિત્રોને એમણે એક પછી એક ફોન લગાડીને કેસર વિશે તપાસ કરવાનું કહ્યું. એટલું ઓછું હોય એમ કેસરને કોઈ બોયફ્રેન્ડ હતો કે નહીં એ વિશે પણ એમણે કોલેજના પ્યૂન અને પ્રોફેસર્સની સારી એવી ઊલટતપાસ કરી...

કોઈએ કેસરના ચારિત્ર્ય વિશે એક પણ ઘસાતો શબ્દ કહ્યો નહીં ત્યારે દેવરાજસિંહને થોડી નવાઈ લાગી. એવું તે શું બન્યું હશે કે કેસર આમ ઘર છોડીને ભાગી ગઈ...

કેસર સાથે બનેલી ઘટનાઓ પર હવે એ ફરી વિચારવા માંડ્યા હતા. પહેલે દિવસે નિખિલ શ્રોફને ત્યાં જે કંઈ થયું એ કે પછી લગ્નના મંડપમાં બનેલી ઘટના હવે એમને જુદી રીતે સમજાવા લાગ્યાં હતાં. કેસર લગ્ન કરવા નહોતી માગતી તેમ છતાં પોતે એને મજબૂર કરી એ વાતે દેવરાજસિંહ ગુનેગાર હોવાની લાગણી અનુભવવા લાગ્યા હતા. એ છોકરીએ આ કુટુંબ માટે લગભગ ભોગ જ આપ્યો... આ વિચારે એમને નિખિલ સામે વધુ ઝનૂનથી લડવા માટે ઉશ્કેર્યા.

આ બધી બદનામી પછી કેસર મળી જાય તો એને જીવતી ન રહેવા દેવી એ વિચાર હજી એમના મનમાંથી ગયો તો નહોતો જ, પરંતુ એક રાજપૂત પુરુષ અને એક પિતાની લાગણી વચ્ચે પરસ્પર સંઘર્ષ શરૂ થઈ ચૂક્યો હતો.

*

કેસરના ગયા પછી ગુલાબસિંહે થોડા સમય માટે આ રમતમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. આ પરિસ્થિતિમાં એમને અહીંથી જવું નહોતું. પોતે કંઈ પણ બોલે એ વાત જો દેવરાજસિંહને ના ગમે તો એ રાતોરાત એમને સુરેન્દ્રનગર ભેગા કરે એની એમને ખાતરી હતી. એટલે એમણે અભિમન્યુનો હાથ પકડી લીધો હતો. એ જ્યાં જાય ત્યાં સાથે જતા. કોઈ પણ પ્રકારની સલાહ-સૂચના આપ્યા વગર અભિમન્યુની સાથે રહીને એ પરિસ્થિતિનો તાલ જોઈ રહ્યા હતા. છેલ્લા ચોવીસ કલાકથી થાકી ગયેલો, કંટાળેલો અભિમન્યુ આખરે સુધીરને ઘરે પહોંચી ગયો. ગુલાબસિંહ પણ એની સાથે પહોંચ્યા.

‘એક વાર એની લાશ મળી જાય તો જાન છૂટે.’

સુધીરના ઘેર શરાબનો ગ્લાસ હાથમાં રમાડતાં અભિમન્યુસિંહે સોફામાં સહેજ લંબાવ્યું.

‘બહેન છે તારી... એ મરી જાય એવું ઇચ્છે છે?’

‘જીવતી મળશે તોય બહુ લાંબુ જીવી શકવાની નથી. અમારા પર એ પાપ ચડે એના કરતાં જાતે જ...’

એણે આંખ મીંચકારીને ગંદો ઇશારો કર્યો.

‘અભિ, તને શરમ આવવી જોઈએ, તારી એકની એક બહેન વિશે આવું વિચારતાં.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'શરમ તો આવે છે, એણે જે કર્યું એ વાતની...' એણે આખરે મનની વાત કહી જ નાખી:

'પાછી આવશે તો કદાચ નવા સવાલો ઊભા કરશે. નિખિલ હવે એને ઘરમાં નહીં ઘૂસવા દે. દેવરાજસિંહનું હૈયું પીગળી જાય અને અમારે ઘેર પાછી લઈ આવે એ પહેલાં હું જ એને...'

'શટઅપ...!' અભિમન્યુની વાત સાંભળીને સુધીર હવે સાચે જ નવાઈ પામી ગયો. કોઈ માણસ આટલી હદ સુધી સ્વાર્થી હોઈ શકે?

'એમાં તું આટલો ગુસ્સે શાનો થાય છે? રાજગાદી જોઈતી હોય તો સગા ભાઈનું પણ લોહી રેડવું પડે...' અભિમન્યુ ખંધુ હસ્યો:

'જ્યારે આ તો બહેન છે બિચારી!'

અભિમન્યુ પોતાની વાત પૂરી કરે એ પહેલાં ગુલાબસિંહે એના ખભે હાથ મૂક્યો:

'તારી બહેન તો મરતાં મરશે, એ પહેલાં એને મરેલી સાબિત કરી દેવી અઘરી નથી, હોં! બધી ઝંઝટમાંથી ચપટી વગાડતાં મુક્તિ મળી જાય.'

'એટલે?' અભિમન્યુએ આંખ ઝીણી કરી. સુધીર ધ્રૂજી ગયો. એ સમજી શકતો હતો કે ગુલાબસિંહના શેતાની મગજમાં શું ચાલી રહ્યું હતું.

'અરે ચક્રમ, બળેલી લાશ કોઈ ઓળખી શકે નહીં.'

'તો?'

'કોઈ ગટરમાંથી, કોઈ રેલવેસ્ટેશન પરથી કે ઝાડીમાંથી તારી બહેનની બળેલી લાશ મળી આવે તો...'

'એમાં આપણો શું ફાયદો થાય?'

'તું છૂટી જાય આ બધી ઝંઝટમાંથી અને દેવલાને હવે આશા ના રહે કે કેસર પાછી આવશે.'

'ને નિખિલ શ્રોફ?'

'એની સાથે પણ સોદો કરવાની આ ઉત્તમ તક છે.'

'સમજાય એવું બોલો ને સીધેસીધું બોલો.' અભિમન્યુમાં અત્યારે ઉખાણાં ઉકેલવાની તાકાત નહોતી.

'એને કહેવાનું કે અમને લાશ પાસેથી એક ચિઠ્ઠી મળી છે, જેમાં તમારા બધા વિરુદ્ધ જાતજાતનું લખ્યું છે.'

'નિખિલ શ્રોફ ચિઠ્ઠી જોવા માગે...' સુધીરથી રહેવાયું નહીં:

'એને સહેજેય નબળો કે કાચો સમજવાની ભૂલ નહીં કરતા. એ કેસરના અક્ષર સરખાવી જોશે.'

'શાની સાથે?' ગુલાબસિંહ હસ્યા:

'એને માટે તો કેસરના અક્ષર પણ આપણી પાસે હોય તે જ સાચા!'

અભિમન્યુને રસ પડી ગયો:

'એવું થાય, દાદાજી?'

'થાય જ ને! એક લાશની વ્યવસ્થા કરવી પડે.'

'ખૂન?' સુધીર ધ્રૂજવા લાગ્યો.

'અરે, ના રે મૂરખ... હોસ્પિટલના મોર્ગ રૂમમાં કોઈને ફોડવાના. એના જેવી ઊંચાઈ, વજનની લાશ આપણે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લઈ લેવાની. બળી જાય પછી ઓળખાય એવી તો રહે નહીં.'

'ને પોસ્ટમોર્ટમ?'

સુધીર કોઈ પણ રીતે એમને આ ખતરનાક વિચારમાંથી બહાર કાઢવા માગતો હતો.

'રૂપિયા આપીએ તો કહીએ એવો રિપોર્ટ લખી આપે.'

'મને આ બધું બરાબર નથી લાગતું.'

'તું ચૂપ રહે.' અભિમન્યુ દાદાજીની વાતમાં આવી ગયોઃ

'વિચાર ખોટો નથી. આ બધું ગોઠવી શકાય તો કાયમની નિરાંત થઈ જાય.'

'બહુ અઘરું છે આ બધું. નાનકડી પણ ભૂલ રહી જાય તો ફસાઈ જવાય... જેલ થાય, ખબર છે?'

'તારે અમારી મદદ નથી કરવીને, સુધીર? તો તું બહાર રહે. હું અને દાદાજી ફોડી લઈશું.'

વ્હીસ્કીનો છેલ્લો ઘૂંટડો ગળે ઉતારીને એણે ગ્લાસ ટેબલ પર પછાડ્યોઃ 'ચલો, દાદાજી.'

દાદા અને પૌત્ર બંને ત્યાંથી નીકળી ગયા, પણ સુધીરની વધી ગયેલી ધડકન કોઈ રીતે નોર્મલ થતી નહોતી. એણે ખાસ્સો વિચાર કરીને શ્રદ્ધાબહેનને ફોન કર્યો. એના ઘેર થયેલી બધી જ વાતચીત એણે શ્રદ્ધાબહેનને કહી...

આ કોઈ પણ રીતે રોકવું જોઈએ એવું સમજાવવાનો એણે પ્રયત્ન કર્યો, પણ ખાસ્સી માથાકૂટના અંતે એને સમજાયું કે શ્રદ્ધાબહેન તો એના કરતાં પણ વધારે અસહાય અને એકલાં હતાં. એ કોઈ રીતે આ પરિસ્થિતિને અટકાવી શકે એમ નહોતાં. ઊલટાનું એમણે રડતાં રડતાં સુધીરને વિનંતી કરીઃ

'તું બધું જાણે છે એ સાચું, પણ હું તારા પગે પડું છું. તું આ વાત કોઈને નહીં કહેતો. ગમે તેવો તોય મારો સાવજ તારો મિત્ર છે. તું એને ફસાવતો નહીં બેટા, તને મારા સોગંદ.'

ફોન મૂકીને સુધીરે નિઃસાસો નાખ્યો.

*

બંને ઘરોમાં ટેલિવિઝન સતત ચાલી રહ્યાં હતાં. જુદી જુદી ચેનલ પર કોણ શું કહે છે એનું મોનિટરિંગ કરવા એક માણસને બેસાડી દેવામાં આવ્યો હતો. સામસામે આક્ષેપો કરી રહેલા બે પરિવારો દેશ આખાના લોકો માટે પણ મનોરંજનનું સાધન બની ગયાં હતાં.

આ બધું જ સોમલ માટે તદ્દન અસહ્ય બની ગયું હતું. એની જિંદગી જાણે ચાર રસ્તા પર લાવીને નગ્ન કરવામાં આવી રહી હતી. એના ભૂતકાળના સંબંધો, મિત્રો અને બીજી કેટલીયે બાબતોને ખોદી ખોદીને બજારમાં લાવવામાં આવી રહી હતી.

અચાનક જ એક ઇન્ટરવ્યૂ જોતાં સોમલ ચોંક્યો. ગઈ કાલે ન્યૂ ઓબરોયના કોફીશોપમાં બેઠેલો એક માણસ ઇન્ટરવ્યૂમાં કહી રહ્યો હતો કે સોમલ શ્રોફ ગઈ કાલે મોડી રાત સુધી એક છોકરી સાથે કોફીશોપમાં હતો. બંને વચ્ચે મોટા અવાજે વાતચીત થતી હતી. આખરે ઝઘડો કરીને એ છોકરી સોમલને એકલો છોડીને ચાલી ગઈ હતી...

મીડિયાએ આ વાતને સાવ જુદી રીતે ચગાવી હતી. આરોહી અને સોમલ ગઈ કાલે કોફીશોપમાં હતાં એ વાતને હવે કેસરના ઘર છોડીને ભાગી જવા સાથે જોડવામાં આવી...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલના આ લફરાને કારણે કેસર ઘર છોડી ગઈ છે એ વાતને હવે મુદ્દો બનાવવામાં આવ્યો. સોમલ સાથે એ છોકરી કોણ હતી એની હજી કોઈને ખબર નહોતી. પેલા માણસે કરેલું વર્ણન વારંવાર દેખાડવામાં આવતું હતું, પરંતુ હજુ આરોહી સુધી કોઈ પહોંચી શક્યું નહોતું.

'આ કોની વાત કરે છે?'

ધ્યાનથી ટેલિવિઝન જોઈ રહેલા સોમલના ખભે નેહાએ હાથ મૂક્યો.

'આરોહીની.'

'તું અને આરોહી... આ બધું ફરી પાછું ક્યારે શરૂ થયું?'

'કશુંયે શરૂ નથી થયું.' સોમલ ઉશ્કેરાઈ ગયોઃ

'કાલે મને અચાનક મળી ગઈ.'

'તને લાગે છે કે હું આ વાત માની લઈશ?' નેહાનો ચહેરો ગુસ્સામાં તમતમી ગયોઃ

'હવે મને સમજાય છે કે તારે ડિવોર્સ શું કામ જોઈતા હતા? તું મારી સાથે પણ જુઠ્ઠું બોલ્યો, સોમલ? મને હંમેશાં લાગતું હતું કે આપણે બેસ્ટ ફ્રેન્ડ છીએ, એકબીજાથી કંઈ છુપાવતાં નથી, પણ...' નેહાની આંખો સહેજ ભીની થઈ ગઈ.

'શટઅપ... બેવકૂફ બૈરાની જેમ નહીં વરત. આરોહી સાચે જ મને અચાનક મળી હતી. સામેથી આવીને મારા ટેબલ પર બેઠી. અમે મોડે સુધી સાથે હતાં એ સાચું, પણ...' એણે નેહાનો હાથ પકડી લીધોઃ

'બિલીવ મી નેહા, એ વાતને કેસરના જવા સાથે કોઈ સંબંધ નથી.'

'તેં રાત્રે આવીને એની સાથે...'

'નેહા પ્લીઝ, હું બહુ વહેલી સવારે પાછો આવ્યો.' સોમલની આંખો નીચી થઈ ગઈઃ

'એક વાર જે થયું તે થઈ ગયું. હું આવ્યો ત્યારે એ ઘરમાં જ નહોતી.'

'કોને ખબર કેમ, પણ મને અંદરથી એવું લાગ્યા કરે છે કે તમે બધાએ ભેગા થઈને કેસરને મોતના મોઢામાં ધકેલી દીધી.'

'બધા એટલે કોણ?'

'બધા... તું, તારા ડૅડી...' એ સહેજ અચકાઈઃ

'એના ભાઈ અને બાપ પણ આમાં સાથે છે. એ લોકોએ તે દિવસે એને આટલું બધું દબાણ ન કર્યું હોત તો કદાચ...'

'નેહા! કોણે શું કર્યું હોત અને કોણે શું ન કર્યું હોત એ બધું હવે નકામું છે. મારા માટે અગત્યનું એ છે કે એક વાર કેસર મળી જાય એટલે એને છૂટાછેડા આપીને આ જમેલામાંથી હું બહાર નીકળી જાઉં.'

'અને એ ક્યાં જશે?'

'આઇ ડોન્ટ કૅર.' સોમલે ખભા ઉલાળ્યા. નેહા એની સામે જોઈ રહી. એણે કેટલી આસાનીથી કહી દીધું કે મને કંઈ પડી નથી... આજે કેસર જીવન અને મૃત્યુની વચ્ચે ક્યાંક અટવાતી હતી. ભૂખી-તરસી ક્યાં ભટકતી હતી એની કોઈને ખબર સુધ્ધાં નહોતી અને એરકન્ડિશન કમરામાં બેસી ટી.વી. જોતાં સહુ કેટલી આસાનીથી એનો વાંક કાઢીને હાથ ખંખેરી છૂટા થઈ જવા માગતા હતા!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

*

સહુથી વધુ ખરાબ હાલત વિદ્યાની હતી.

એને સતત કેસરની ચિંતા થતી હતી, પરંતુ કેસર સુધી પહોંચવાનો એની પાસે કોઈ રસ્તો નહોતો. એને એ વાતનું ખૂબ જ દુઃખ થયું હતું કે કેસરે આટલો મોટો નિર્ણય કરતા પહેલાં એની સાથે વાત ન કરી એટલું જ નહીં, પરંતુ એણે હજી સુધી વિદ્યાને જણાવ્યું નહોતું કે પોતે ક્યાં છે.

અડતાલીસ કલાકથી વિદ્યા એક ક્ષણ માટે પણ ચેનથી બેઠી નહોતી. એણે કેસરના પોતે ઓળખતી હતી એવા તમામ મિત્રોને સંપર્ક કરવાનો પ્રયાસ કરી જોયો હતો, પરંતુ કેસર ક્યાંય નહોતી!

*

ચારેતરફ કેસરના ગુમ થઈ જવાની ચર્ચા ચકડોળે ચડી હતી. મુંબઈ પોલીસ માટે પણ આ શરમજનક ઘટના હતી. નિખિલ શ્રોફ માટે અંગત પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો. દેવરાજસિંહ ઝાલાનો ક્રોધ દિવસે દિવસે માઝા મૂકતો જતો હતો.

આ બધાની વચ્ચે એક શ્વેતા જ હતી જે શાંતચિત્તે ધીમેધીમે ગણતરીઓ કરી રહી હતી. કોઈ પણ પ્રકારના ઉશ્કેરાટ વગર એણે આખીય વાતને પોતાના મનમાં ગોઠવી જોઈ.

બધું જ વિચાર્યા પછી એને સમજાયું કે કેસરને અહીંથી બહાર નીકળવું હોય તો બંગલાનો મુખ્ય ગેટ એ એક જ રસ્તો નહોતો... પાછલી તરફ એક નાનકડો ઝાંપો પણ હતો, જે સીધો દરિયા તરફ ખૂલતો હતો. સામાન્ય રીતે આ ઝાંપાને તાળું લગાવેલું રહેતું. બે થાંભલાઓ સાથે એક મજબૂત સાંકળ લપેટીને આ લોખંડનો દરવાજો બંધ કરી રાખવામાં આવતો, પરંતુ કેસર જેવી નાજુક છોકરી માટે આ ઝાંપો કૂદવો બહુ અઘરો નહોતો.

ઘરમાં કોઈને ખબર ન પડે એમ એણે પાછળની તરફ જઈને ઝાંપા પાસે તપાસ કરવા માંડી. ધ્યાનથી જોતાં એને ઝાંપાની ઉપર ભાલાની જેમ લગાવેલા લોખંડના સળિયામાં ભરાયેલો એક કપડાનો ટુકડો મળી આવ્યો. શ્વેતા તરત જ આ કપડું ઓળખી ગઈ.

કેસરે જ્યારે એનો હાથ પકડીને પંપાળ્યો ત્યારે એણે આ જ કાપડમાંથી બનેલા સલવાર-કમીઝ પહેર્યાં હતાં.

આ એ જ ટુકડો હતો, જે કેસરે પહેરેલા કુર્તામાંથી ફાટીને અહીં અટકી ગયો હતો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 22

નેહા અને સોમલની દલીલબાજી ચાલુ હતી એ જ વખતે ઝાંપા ઉપરથી મળેલો કાપડનો એ ટુકડો હાથમાં લઈને શ્વેતા શાંતિથી સોમલના ઓરડામાં પ્રવેશી.

એ વખતે સોમલ દરિયા તરફ જોતો ઊભો હતો. નેહા એને કહી રહી હતીઃ

'યુ ડોન્ટ કેર? તું સમજે છે શું તારા મનમાં? એ છોકરી ભૂખી-તરસી ક્યાં ભટકતી હશે એની કોઈને પડી નથી... સમજી શકું, પણ તું તો પ્રેમ કરીને પરણ્યો હતો. ક્યાં ગયો તારો પ્રેમ?'

'એ પ્રેમ નહોતો, મારી જિંદગીની મોટામાં મોટી બેવકૂફી હતી. અત્યાર સુધી હું ગ્રહોમાં નહોતો માનતો, પણ હવે માનું છું.'

'શાબાશ... હવે ગ્રહો પર આરોપ લગાવ.'

'નેહા, પ્લીઝ યાર... તું આ દલીલો બંધ કરીશ? મેં એને ઘરમાંથી કાઢી નથી મૂકી. એ એની જાતે ગઈ છે. એને શોધવાના પ્રયત્નો ચાલુ છે.' સોમલનો અવાજ ઊંચો થઈ ગયોઃ

'બીજું હું શું કરી શકું?'

નેહા ચૂપચાપ અદબ વાળીને સોમલ તરફ જોઈ રહી હતી. આંજણ કરેલી એની ધારદાર આંખોમાં આરપાર ઊતરી જાય એવો આક્ષેપ હતો. એની આંખો સોમલને કહી રહી હતી કે તેં એને કાઢી નથી મૂકી, પણ એવી પરિસ્થિતિ ચોક્કસ ઊભી કરી છે જેને લીધે કેસરે ઘર છોડવું પડ્યું...

'સોમલ...'

અચાનક પ્રવેશેલી શ્વેતાના અવાજે બંનેને ચોંકાવી દીધાં.

'હા, મા...' સોમલે અચાનક મૂડ બદલવાનો પ્રયાસ કર્યો.

'આ કપડાનો ટુકડો મળ્યો છે પાછળના ગેટ ઉપરથી...'

'પોલીસને આપી દે.'

સોમલના અવાજમાંની નિષ્ઠુરતાથી નેહા હચમચી ગઈ.

'ના, એવી ભૂલ નહીં કરતાં, આન્ટી.'

'હું પણ એ જ વિચારતી હતી. આ ટુકડો જો પોલીસના હાથમાં પડે તો કદાચ...'

'એ છોકરીની દયા ખાવાની કોઈ જરૂર નથી. આવી મૂર્ખતા કરતાં પહેલાં એણે એક સેકન્ડ માટે પણ વિચાર્યું નહીં કે આપણું શું થશે... આપણે એનો વિચાર કરવાની શી જરૂર છે? જહન્નમની ખાઈમાં પડે... આપણે શું લેવા દેવા?'

સોમલનો મિજાજ હાથથી ગયો હતો. આ બે સ્ત્રી શા માટે કેસરને બચાવવા માગતી હતી એ જ એને નહોતું સમજાતું.

'બેટા, હું નથી ઇચ્છતી કે એ છોકરી ખોટી રીતે ફસાય.'

'કારણ વગર આટલું બધું વિચારવાની જરૂર નથી. પોલીસને આ ટુકડો આપો, એટલે એણે આપઘાત નથી કર્યો એટલું તો સાબિત થઈ જ શકે. આપણો જાન છૂટે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અથવા કદાચ એવું જ સાબિત થઈ જાય કે એણે દરિયામાં ઝંપલાવી દીધું...’

‘એવું થાય તોય આપણો જાન છૂટે.’

સોમલ સાચે જ ઉશ્કેરાયેલો હતો અને કશું જ સાંભળવા તૈયાર નહોતોઃ

‘લાવ, હું જ આપી દઉં આ ટુકડો. કમસેકમ તપાસ તો આગળ વધે.’

‘સોમલ...’

માના હાથમાંથી ટુકડો ઝૂંટવીને સોમલ રૂમની બહાર નીકળવા જતો હતો, પણ નેહા એની આડી ઊભી રહી ગઈઃ

‘એક સેકન્ડ માટે ઊભો રહે અને વિચાર. તું શું કરી રહ્યો છે?’

સોમલ અટકી ગયો.

‘પોલીસ જો આને આપઘાતનો કેસ સાબિત કરશે તો આરોપ તમારા કુટુંબ પર આવશે.’

‘અત્યારે નથી?’

‘છે... પણ અત્યારે ચાર-પાંચ અટકળો ચાલે છે. પછી નક્કી થઈ જશે કે કેસરના આપઘાત માટે જવાબદાર શ્રોફ કુટુંબ છે.’ નેહાએ સોમલના ખભે હાથ મૂક્યોઃ

‘નિખિલ સર આ બદનામી સહન નહીં કરી શકે, સોમલ...’

‘જે થવાનું હતું તે બધુંયે થઈ ગયું. આનાથી ખરાબ હવે કશુંયે થવાનું નથી.’

ખભે મૂકેલો નેહાનો હાથ ઝટકાવીને સોમલ બહાર નીકળી ગયો.

*

રણે ચડેલા દાદા અને દીકરો મોર્ગ રૂમમાંથી કેસર જેટલી ઊંચાઈ અને વજનની, લગભગ એ જ ઉંમરની એક છોકરીની લાશ મેળવવામાં સફળ રહ્યા. એમણે એ લાશને સિફતથી બહાર કાઢી.

લાશને બ્લેન્કેટમાં લપેટીને પાછલી સીટમાં પગ મૂકવાની જગ્યાએ ગોઠવી દીધી. માથું સહેજ ત્રાસું કરી દીધું એટલે અભિમન્યુની મોટી ગાડીમાં એ બરાબર ગોઠવાઈ ગઈ. એની ઉપર ફૂટમેટ પાથરી દીધી. ગાડીમાં જોનારને પહેલી નજરે એવો ખ્યાલ પણ ન આવે કે ફૂટપેટની નીચે કશુંક છે.

બંને જણાએ ધાર્યું હતું કે લાશને ઠેકાણે પાડવી બહુ અઘરી નહીં પડે, પણ એ ધારણા સાચી પડી નહીં.

લાશને ગાડીમાં લઈને બંને જણા ખાસ્સો સમય મુંબઈની સડકો પર ફરતા રહ્યા. આ હાંફતા-દોડતા શહેરમાં એમને એવી કોઈ જગ્યા જ મળી નહીં કે જ્યાં લાશને બાળી શકાય. બંગલાના કમ્પાઉન્ડમાં લઈ જઈને બાળવાનો વિચાર કરી જોયો, પરંતુ તપાસ ચાલુ હોવાને કારણે પોલીસ ગમે ત્યારે આવી ચઢે...

હાઈ-વે પર થઈને વાસી તરફ જવાના રસ્તાઓ, મુંબઈ શહેરની બહાર પનવેલ સુધી રખડી આવ્યા. એમાં દિવસ પૂરો થઈ ગયો. એવી શાંત અને એકાંત ધરાવતી કોઈ જગ્યા જ મળી નહીં, જ્યાં ગાડીમાં પડેલી અજાણી છોકરીની લાશને ઠેકાણે પાડી શકાય.

હવે બંને ગભરાયા હતા. ગાડીમાં લાશ હોય અને અચાનક ક્યાંક ચેકિંગ થાય તો પૂરેપૂરા ફસાઈ જવાય. સાંજ ઢળવા આવી હતી. જે કરવું હોય તે તાત્કાલિક કરી લેવું જરૂરી હતું. મોડી સાંજ સુધી જો ઘરે ન પહોંચે તો દેવરાજસિંહ એમને શોધવા માણસો દોડાવે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અત્યાર સુધીમાં દેવરાજસિંહના લગભગ સાત-આઠ મિસ્ડકોલ અભિમન્યુના સેલફોન પર આવી ચૂક્યા હતા. ચારથી પાંચ ફોન શ્રદ્ધાબહેનના પણ આવ્યા હતા. ત્રણ-ચાર અજાણ્યા નંબરો પણ અભિમન્યુએ ઉપાડ્યા નહોતા.

હવે જો ઘરે ન પહોંચે તો સાચે જ મુશ્કેલી સર્જાય એવી કટોકટી ઊભી થઈ.

લાશ બે દિવસ જૂની હતી, એટલે થોડી થોડી દુર્ગંધ પણ શરૂ થઈ ગઈ હતી. રીગર મોર્ટીસ શરૂ થઈ ગયું હતું, લાશ હવે અક્કડ પણ બનવા લાગી હતી એટલે વાસ મારતાં મડદાંને આખી રાત ગાડીમાં મૂકીને ઘરમાં પણ રહી શકાય એમ નહોતું.

ઘણું વિચાર્યા પછી બંને જણાએ લાશને દરિયામાં ફેંકી દેવાનું નક્કી કર્યું.

લાશને ગાડીમાં નાખીને વસઈની ખાડી તરફ ગયા. આટલાં વરસ મુંબઈમાં રહ્યા પછી અભિમન્યુને ખબર હતી કે વિસર્જન વખતે વરસોવા અને જૂહુના દરિયામાં ડૂબનારાઓની લાશ વહેલી-મોડી વસઈ અને નાલાસોપારાની ખાડીઓમાંથી મળી આવે છે. ઓટ વખતે આ લાશ પણ પોલીસને જડી જ જશે એવી એમની ગણતરી હતી. કેસર જો નિખિલ શ્રોફના ઘરનો ગેટ કૂદીને ભાગી હોય તો એ આપઘાત કરવા માટે બીજે ક્યાંય શું કામ જાય? એ નિખિલ શ્રોફના ઘરની પાછળના દરિયામાં જ પોતાની જિંદગી ટૂંકાવે એટલી સાદી સમજ તો કોઈને પણ હોય અને પોલીસ એ જ થિયરી પર તપાસ માંડશે એવી એમને ખાતરી હતી.

ભલભલા માણસને કમકમાં આવી જાય એવી ક્રૂરતાથી એમણે એ લાશનો ચહેરો છૂંદી નાખ્યો. એના શરીર પર પહેરેલાં કપડાંના લીરેલીરા કરી નાખ્યા. પછી ટીંગાટોળી કરીને લાશને વસઈની ખાડીમાં ફંગોળી દીધી.

એ પછી ઘર તરફ જતી વખતે રસ્તામાંથી એક ડિયોડરન્ટ અને પરફ્યૂમનું કેન ખરીદીને ગાડીમાં છાંટી દીધું.

એ બધું પતી ગયા પછી એણે સુધીરને ફોન જોડ્યો.

'બાયલા, તું ઘેર જ બેસી રહેજે. સારી દોસ્તી નિભાવી છે તેં.'

'અરે, અભિ... ક્યાં છે તું? તારા બાપુ શોધે છે તને. મારા પર ફોન હતો.'

'આભ નથી તૂટી પડ્યું.' અભિમન્યુના અવાજમાં એક જાતનો અહંકાર અને લાશ ઠેકાણે પડ્યાની નિરાંત હતીઃ

'અમે કેસરની લાશને દરિયામાં ફેંકી દીધી.'

'કેસર? એ તમને ક્યાં મળી?'

'અલ્યા ગાંડા, અમને નથી મળી, હવે પોલીસને મળશે.'

'એટલે આખરે તમે...' સુધીરની જીભ થોથવાઈ ગઈ. એ માનતો હતો કે દાદા અને પૌત્ર ખાલી વાતો કરે છે. ખરેખર આવું કરશે એવું એણે ધાર્યું નહોતું.

'યસ! આખરે અમે એક લાશ ખરીદી. એને વસઈની ખાડીમાં ફેંકી છે, હવે પોલીસને કોઈ રીતે એ જડે એટલે અમારું કામ સુધરે...' અભિ હસ્યોઃ

'લાખો રૂપિયાનો ભાગીદાર થયો હોત તું... પણ તારામાં જિગર ક્યાં છે? તું તારે ઘરમાં બેસી રહે. ચૂડી પહેરીને તાળીઓ પાડ. તારાથી એ સિવાય બીજું કંઈ નહીં થાય.'

કટાક્ષભર્યું હસીને અભિમન્યુએ લાઇન કટ કરી ત્યારે સુધીરને નખશિખ આગ લાગી ગઈ. એણે આજ સુધી અભિમન્યુની દરેક બાબતમાં મદદ કરી હતી. રૂપિયા ઉધાર આપવાથી શરૂ કરીને દેવરાજસિંહના તાપથી બચાવવા સુધી દરેક વખતે એ અભિમન્યુની પડખે ઊભો રહ્યો... પણ આજે?

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આજે ગુલાબસિંહના પડખે ચડીને એ જ અભિમન્યુએ એનું આવું ઘોર અપમાન કર્યું. સુધીર સમસમીને રહી ગયો.

*

અડધોઅડધ બાજી જિતાઈ ગયાના ગુમાનમાં બંને દાદા-પૌત્ર બબ્બે પેગ ઠપકારીને લાશ ગાડીમાં હતી એવી કોઈ નિશાની ન બચે એવી પૂરેપૂરી ખાતરી કરીને બંને જણા ઘરે પહોંચ્યા ત્યારે દેવરાજસિંહ અકળાયેલી હાલતમાં એમની રાહ જોતા હતા.

'ક્યાં હતા બંને જણા? કેટલા ફોન કર્યા?'

'મારો ફોન ખોવાઈ ગયો છે, બાપુ.'

હજી અભિમન્યુનું વાક્ય પૂરું થાય એ પહેલાં તો એના ખિસ્સામાં રહેલો ફોન રણક્યો. દેવરાજસિંહ ઝાલાએ નજીક જઈને અભિમન્યુની આંખમાં જોયું: અભિમન્યુની આંખો ઝૂકી ગઈ.

કશું જ બોલ્યા વિના એણે ફોન બહાર કાઢ્યો. એ ફોન ઉપાડે તે પહેલા દેવરાજસિંહે એને રોક્યો:

'ફોન ઉપાડે તે પહેલાં મારી વાત સાંભળી લે. કેસરના કેસમાં એક નવો જ વળાંક આવ્યો છે.'

'શું થયું?'

ગુલાબસિંહના કાન સરવા થઈ ગયા. જો કેસર મળી આવી હોય તો એમણે ફેંકેલી લાશ બહુ મોટી મુશ્કેલી સર્જી શકે. જે ગુનો એમણે નથી કર્યો એ ગુનો એમના નામે ચડે તો બંને જણા જેલના સળિયા ગણતા થઈ જાય... ગુલાબસિંહ થથરી ઊઠ્યા.

'કેસરના કપડાનો એક ટુકડો નિખિલ શ્રોફના ઘરના પાછલા ગેટમાં ભરાયેલો મળી આવ્યો છે.'

'ઓહ!' ગુલાબસિંહે નિરાંતનો શ્વાસ લીધો.

'એ ગેટ સીધો બીચ પર ખૂલે છે.'

દેવરાજસિંહે બંને હાથ પાછળ બાંધીને ઉદ્‌વેગમાં આંટા મારવા માંડ્યા:

'એણે દરિયામાં ઝંપલાવ્યું હોય એ થિયરી પર પોલીસ આગળ તપાસ કરી રહી છે.'

દાદા અને પૌત્રની નજરો સામસામે ટકરાઈ. અજાણતાં જ એમના હાથમાં સોનાની લગડી આવી ગઈ હતી. વસઈની ખાડીમાંથી વહેલી-મોડી જે લાશ જડવાની હતી એ કેસરની લાશના નામે ખૂબ આસાનીથી ખપાવી શકાય એવી સ્થિતિ આપોઆપ ઊભી થઈ ગઈ હતી.

'આપઘાત કરે એટલી સીધી નથી તમારી કેસર.'

'એવું તો હું પણ માનું છું.' દેવરાજસિંહ દીકરા તરફ ફર્યા:

'પણ પોલીસ એવું માને છે કે બબ્બે દિવસ સુધી એનો પત્તો નથી. મુંબઈની બહાર ગયાના કોઈ પુરાવા નથી, એટલે શક્ય છે કે...' એમનું ગળું સહેજ ભરાઈ આવ્યું:

'મેં જ મારી દીકરીનો જીવ લીધો એવું લાગે છે મને. એ તો ના પાડતી હતી આ દાનવોના કુટુંબમાં લગ્ન કરવાની, પણ મેં જ...'

ગુલાબસિંહે તક ઝડપી લીધી. એમણે દીકરાની નજીક જઈને એનો ખભો પસવારવા માંડ્યો:

'હશે બેટા, ઈશ્વરને ગમ્યું તે ખરું. હવે એની લાશ મળે એટલે યોગ્ય અગ્નિસંસ્કાર કરીને ભૂલી જવાનું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ભૂલી જવાનું?’

અભિમન્યુને બીક લાગી કે દેવરાજસિંહનો અવાજ છત ફાડીને બહાર નીકળી જશેઃ

‘જો સાચે જ મારી દીકરી આ દુનિયામાં નહીં હોય તો નિખિલ શ્રોફે કિંમતમાં પોતાની જિંદગી ચૂકવવી પડશે.’

ગુલાબસિંહ રાજી થઈ ગયા. લડાઈ બરોબરની જામી હતી. કેસર દુનિયામાં ક્યાંય પણ હોય, પોલીસ વસઈની ખાડીમાંથી એની લાશ શોધી કાઢે એટલે બસ...

હાથમાં આવેલા નાનકડા કાપડના ટુકડા પરથી પોલીસ ફરી એક વાર કામે લાગી ગઈ. હવે એક નવી થિયરીનો ઉપયોગ શરૂ થયો. દરિયાના રસ્તે કેસરની લાશ શોધવાની કામગીરી શરૂ થઈ.

પોલીસના અચ્છા અચ્છા તરવૈયાઓ વારંવાર ડૂબકી મારીને ખાલી હાથે બહાર નીકળ્યા હતા. નિખિલ શ્રોફના ઘરની પાછળના દરિયામાંથી કશુંયે હાથ ન લાગ્યું.

અભિમન્યુ અને ગુલાબસિંહ મનોમન મુસ્તાક હતા. એમને સતત પ્રતીક્ષા હતી કે એમણે ફેંકેલી લાશ પોલીસના હાથમાં આવી જાય. બસ, એક વાર જો લાશ મળી જાય તો હુકમનો એક્કો એમના હાથમાં!

પોલીસને એક એક ક્લૂ આપતા હોય એમ અભિમન્યુ અને ગુલાબસિંહે ચાલાકીપૂર્વક કેસરની તપાસમાં મદદ કરવા માંડી. એમણે તપાસને એ જ દિશામાં દોરી,જ્યાંથી એમણે ફેંકેલી લાશ મળવાની સંભાવના હતી.

‘બાપુ, વિસર્જન વખતે જે લોકો ખોવાય છે એમની લાશ વસઈ અને નાલાસોપારાથી મળે છે, જૂહુ અને વરસોવાથી નહીં.’ અભિમન્યુ પહેલું મહોરું ચાલ્યો.

‘દેવલા, આ તો દરિયાલાલ છે. ભરતીના સમયે છોકરી અંદર ઊતરી હશે, પછી પોતાનાં મોજાં પર ક્યાં ને ક્યાં લઈ ગયા હશે સાગરદેવ... આ મૂર્ખાઓ અહીં ને અહીં ગોળ ગોળ ફરશે તો કશુંયે નહીં જડે.’

‘મને તો લાગે છે, નિખિલ શ્રોફે એમને પૈસા ખવડાવ્યા છે. આ લોકો જાણીજોઈને બીજે ક્યાંય તપાસ નથી કરતા. ત્રણ-ત્રણ દિવસે માણસની લાશ અહીં ને અહીં મળે ખરી? તમારે દબાણ લાવવું જોઈએ, બાપુ. બાકી આ લોકો લાપતાનો સિક્કો મારી દેશે મારી બહેનના ફોટા પર.’

અભિમન્યુએ ગળગળા થવાનો અભિનય કરતાં આંખો લૂછી.

‘દેવલા, હવે ઊઠ બેટા, એ વાણિયાઓને રાજપૂતી લોહીની ઝલક બતાવવાનો સમય આવી ગયો છે.’

દેવરાજસિંહને પોરસ ચડાવવામાં ગુલાબસિંહ પાછા ન પડ્યા.

ઉશ્કેરાયેલા દેવરાજસિંહે આખીયે વાતને પોતાના હાથમાં લીધી. કમિશનર પાંડે સાથે ફરી મિટિંગ કરી. વસઈની ખાડી અને નાલાસોપારા સુધી આ તપાસ થવી જોઈએ એવો એમણે આગ્રહ રાખ્યો.

- અને પછી કામ કુદરતે પાર પાડ્યું. ખૂબ સ્વાભાવિક રીતે વસઈની ખાડીમાં ફેંકાયેલી લાશ બીજા દિવસે પોલીસના હાથમાં આવી. ચહેરો એટલો બધો વિકૃત હતો કે ઓળખી શકાય એમ નહોતો. શરીર ઉપર વસ્ત્રો લગભગ નહીંવત્ હતાં. માછલીઓએ શરીર ફોલી ખાધું હતું. મીડિયાને ફરી એક વાર મસાલો મળ્યોઃ કેસર શ્રોફનો આપઘાત...

દરેક ચેનલ પર ફોલી ખાધેલી લાશના કમકમાટી ઉપજાવે એવા ક્લિપ્સની સાથે સાથે પોલીસ અને કુટુંબીજનોના બાઇટ્સની જાણે હોડ લાગી. અભિમન્યુએ બેફામ સ્ટેટમેન્ટ કર્યાં. પોલીસ જ્યારે લાશ લઈને ઘેર આવી ત્યારે ગુલાબસિંહે પછાડ ખાઈ ખાઈને રડવાનું શરૂ કર્યું. શ્રદ્ધાબહેન તો લાશ જોઈ જ શક્યાં નહીં...

શ્રોફકુટુંબે આ બાબતમાં તદ્દન મૌન સેવવાનું નક્કી કર્યું. એમના ઘરમાં ટેલિવિઝન ચાલતાં રહ્યાં, પરંતુ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બંગલાના તોતિંગ દરવાજા બંધ થઈ ગયા. મીડિયા પર અંદર પ્રવેશવાનો પ્રતિબંધ હતો. નિખિલ શ્રોફની જિંદગીમાં આ એટલી મોટી થપ્પડ હતી કે એની બુદ્ધિ બહેર મારી ગઈ હતી. વકીલો અને સલાહકારોની મોટી ટીમ ભેગી થઈને પણ અત્યારની અને હવે આવનારી પરિસ્થિતિનો તોડ કાઢી શકતી નહોતી. નિખિલ અને એના સલાહકારો સમજી શકતા હતા કે હવે દેવરાજસિંહ શ્રોફકુટુંબ ઉપર કાદવ ઉછાળવાની એક નાનકડી તક પણ છોડવાનો નહોતો...

ફફડતા જીવે ઘરમાં આંટા મારતો નિખિલ કોઈએ ક્યારેય નહોતો જોયો એટલો ડરેલો અને ડઘાયેલો દેખાતો હતો.

*

લાશની ઓળખ શક્ય જ નહોતી.

પોસ્ટમોર્ટમ માટે લાશ લઈ જવામાં આવી. સાથે જવાના બહાને ગુલાબસિંહ હોસ્પિટલ પહોંચી ગયા. રૂપિયા ચૂકવીને જોઈતા પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સ મેળવી લેવા મુંબઈમાં અઘરા નહોતા. જરૂર હોય માત્ર યોગ્ય ઓળખાણ અને ગમે તેટલા પૈસા વેરવાની તૈયારી. ગુલાબસિંહ તથા અભિમન્યુએ આ વ્યવસ્થા મોર્ગમાંથી લાશ ચોરાવી ત્યારથી જ કરી રાખી હતી... કેસરના બ્લડ ગ્રૂપ અને બીજી વિગતો સાથે લાશની વિગતો મેચ થાય છે એવું સર્ટિફિકેટ જ્યારે દેવરાજસિંહને સોંપવામાં આવ્યું ત્યારે એમનો રોષ ભભૂકી ઊઠ્યો.

કોઈ કશું કહે કે સમજાવે એ પહેલાં દેવરાજસિંહ જાતે ગાડી ડ્રાઇવ કરીને નિખિલના બંગલે પહોંચ્યા.

સમાચાર ત્યાં પણ પહોંચી ગયા હતા. શ્વેતા શોકમગ્ન હતી. એણે દેવરાજસિંહને દાખલ થતાં જોયા એટલે સામે ગઈ. એણે નમસ્તે કર્યાઃ

'અમે તમારે ત્યાં જ આવવા નીકળતાં હતાં. બહુ ખોટું થયું. એ છોકરીએ ઉતાવળિયું પગલું ભરીને સૌને દુઃખી કરી નાખ્યા.'

એનો જવાબ આપ્યા વિના દેવરાજસિંહે જોરથી બૂમ પાડીઃ

'ક્યાં છે, નિખિલ?'

'ધીમેથી બોલો. હું તમારું દુઃખ સમજી શકું છું, પણ બૂમાબૂમ કરવાથી શું થશે?'

'મારું દુઃખ? તમે મારું દુઃખ ત્યારે જ સમજી શકશો, જ્યારે તમારો દીકરો આપઘાત કરીને મરી જશે.'

'શુભ શુભ બોલો... આવું બોલીને...'

'જુઓ બહેન, તમે પણ આ બધા માટે એટલાં જ જવાબદાર છો. હું સ્ત્રીજાત સાથે જીભાજોડી કરવા નથી માગતો. તમે નિખિલને બોલાવો.'

'હું જવાબદાર છું?'

અત્યાર સુધી દેવરાજસિંહને શાંત પાડવાનો પ્રયાસ કરી રહેલી શ્વેતા છંછેડાઈ ગઈઃ

'જેમ ફાવે એમ નહીં બોલો.'

'મારી દીકરી મેં તમને સોંપી હતી. આ ઘરમાં આટઆટલું થતું રહ્યું તોય તમે મૂંગે મોઢે જોતાં રહ્યાં. શરમ ન આવી તમને? દયા પણ ન આવી?' એ ફરીથી બરાડ્યા.

'એ નિખિલ... પહેલાં મારી દીકરીનો જીવ લીધો અને હવે સંતાઈને બેઠો છે? બહાર નીકળ...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ચલ એય... આ ઝૂંપડપટ્ટી નથી, ધીમેથી બોલો.’

સોમલ જીન્સના ફ્રન્ટ પોકેટમાં હાથ નાખીને ધીમે ધીમે પગથિયાં ઊતરતો હતો. સફેદ રંગનું લીનનનું હાફ સ્લીવ શર્ટ એણે બાંય વાળીને પહેર્યું હતું. એનાં મજબૂત બાવડાં અને ડિઝાઇનર શર્ટમાંથી એના શરીરનો વી-શેપ સ્પષ્ટ દેખાઈ આવતો હતો. બે દિવસના ઉજાગરાથી એની આંખો સહેજ લાલ થઈ ગઈ હતી.

આરામથી પગથિયાં ઊતરીને એ દેવરાજસિંહની સામે આવીને ઊભો ત્યાં સુધી બંને જણા એકબીજાને આગઝરતી નજરે જોતા રહ્યા. દેવરાજસિંહ ડ્રોઇંગરૂમની વચ્ચોવચ ઊભા હતા. એમની બાજુમાં એમને શાંત પાડવાનો પ્રયાસ કરતી શ્વેતા ઊભી હતીઃ

‘તું શાંતિ રાખ, બેટા.’

‘હું શાંત જ બેઠો હતો. એમણે બૂમાબૂમ કરી એટલે નીચે આવવું પડ્યું.’ એ દેવરાજસિંહની નજીક ગયોઃ

‘મારી મા પર શાની બૂમો પાડો છો? મારી સાથે વાત કરો.’

‘તે મેં તો તારા બાપને જ શોધ્યો, પણ એ એટલોય મરદ નથી કે સામી છાતીએ મારો સામનો કરે.’

‘એ તમને શું કામ મળે? તમારી દીકરીનાં લગ્ન મારી સાથે થયાં હતાં. બોલો શું કહેવું છે?’

‘તમે સૌએ ભેગાં મળીને મારી દીકરીનું ખૂન કર્યું છે.’

‘હા કર્યું છે, તો?’

સોમલ તદ્દન સ્વસ્થ, નિઃસ્પૃહ હતો. એણે હજી ખિસ્સામાંથી હાથ પણ બહાર નહોતા કાઢ્યાઃ

‘બૂમો પાડવાથી તમારી દીકરી પાછી નહીં આવે...’

‘હું એકએકને જોઈ લઈશ.’

દેવરાજસિંહે ધાર્યું હતું એનાથી તદ્દન વિરુદ્ધ વર્તી રહેલા સોમલની સ્વસ્થતાએ એમને હચમચાવી મૂક્યા હતા. આગળ શું કહેવું તે એમને સૂઝયું નહીં.

‘જોઈ લેજો, જાવ.’

સોમલે ફક્ત ડોકના ઇશારાથી જ એમને બહાર જવાનું કહ્યું.

‘તમને ચેનથી જીવવા નહીં દઉં. જિંદગી હરામ કરી દઈશ તમારી.’

દેવરાજસિંહ જોરજોરથી બોલતા હતા, પણ હવે એમના અવાજમાં પહેલાં જેવી ગર્જના કે તોર નહોતો રહ્યો.

‘કરી લેજો... તમારાથી જે થાય તે કરી લેજો.’

સોમલે સ્મિત સાથે ઉમેર્યુંઃ

‘અમારે જે કરવું હતું તે અમે કરી લીધું.’

‘સાંભળ્યું? તમારો છોકરો એના મોઢે કબૂલાત કરે છે.’

‘એ પણ ઉશ્કેરાયેલો છે. તમે સમજી શકો છો... શા માટે વાત વધારો છો, ભાઈ? જે જવાની હતી એ તો...’

શ્વેતાનું ગળું સાચે જ ભરાઈ આવ્યું. એને કેસરનો ભોળો-નમણો ચહેરો યાદ આવી ગયો. એની આંખોમાં છલકાતી જિંદગી અને એની સાદગી યાદ આવતાં જ એને રડવું આવી ગયુંઃ

‘હજી તો એના અગ્નિસંસ્કાર નથી થયા અને તમે ઝઘડવા આવ્યા છો? મોતનો તો મલાજો રાખો.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મોતનો મલાજો તો તમે નથી રાખ્યો... મારી જુવાનજોધ દીકરીને ભરખી ગયાં. કપડાં, દાગીના સહિત એક એક વસ્તુ ગણીગણીને પાછી લઈશ...'

દેવરાજસિંહને બોલ્યા પછી અફસોસ થયો. પોતે શું કહેવા આવ્યા હતા અને શું બોલી ગયા. કપડાં-દાગીનાની વાત કરીને પોતે શ્રોફની નજરમાં નાના થઈ ગયા એ વાતનો એમને તરત જ ખ્યાલ આવી ગયો.

'હમણાં જ આપી દઉં? એનો વોર્ડરોબ ખુલ્લો જ છે.'

હજી શ્વેતાનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ સોમલને ઝબકારો થયોઃ વોર્ડરોબ...

પોતે બધે જોયું હતું, પણ કેસરનો વોર્ડરોબ ખોલીને એણે તપાસ નહોતી કરી. કેસરે કોઈ ચિઠ્ઠી કે સંદેશો પોતાના વોર્ડરોબમાં મૂક્યો હોય એવું ના બને? દેવરાજસિંહ સાથેની ચર્ચા ત્યાં જ પડતી મૂકીને એ બબ્બે પગથિયાં ચડતો ઉપરની તરફ ભાગ્યો.

શ્વેતાને સમજાયું નહીં કે શું થયું? પરંતુ એણે દેવરાજસિંહ સામે હાથ જોડ્યાઃ

'ભાઈ, તમે શાંતિથી અગ્નિસંસ્કારની વિધિ પતાવો. અમે તમારા ઘરે પહોંચીએ જ છીએ.'

એણે પણ ઉપરની તરફ ચાલવા માંડ્યું. થોડીક ક્ષણ ઊભા રહીને શું કરવું તે નહીં સમજાતાં દેવરાજસિંહ પણ બહાર જવા લાગ્યા.

બંગલાના પોર્ચમાં આવીને બે ક્ષણ ઊભા રહ્યા પછી મા-દીકરો વોર્ડરોબની વાત નીકળતાં ઉપરની તરફ કેમ ભાગ્યાં એ વિચાર દેવરાજસિંહના મગજમાં પણ ઝબક્યો.

એ પાછા વળ્યા. ડ્રોઇંગરૂમ વટાવીને સડસડાટ સીડી ચડ્યા. નોકરો પોતપોતાના કામમાં હતા. સદ્‌ભાગ્યે એમને ઉપર જતાં કોઈએ રોક્યા નહીં. સીડી પછીની ફોયર વટાવીને એ સોમલના રૂમ પાસે જઈને ઊભા રહ્યા.

કેસરનો વોર્ડરોબ ખુલ્લો હતો. એમાંની વસ્તુઓને ગાંડાની જેમ બહાર ફેંકતો સોમલ અંદર કંઈક શોધી રહ્યો હતો. એ એટલો ઝનૂનમાં હતો કે એણે આખેઆખાં ડ્રોઅર બહાર ખેંચી કાઢ્યાં. એના દાગીનાનું કબાટ, એની સાડીઓ, સલવાર કમીઝ બધું જ ચોતરફ વેરણ-છેરણ હતું.

અચાનક સોમલના હાથમાં મંગળસૂત્રથી વીંટાયેલો એક કાગળ જોઈને દેવરાજસિંહ ચમક્યા.

દાગીનાના કબાટમાંથી એક કાગળ જડ્યો હતો. જેની ગડી વાળીને એની ઉપર રબરબૅન્ડની જગ્યાએ મંગળસૂત્ર લપેટાયેલું હતું. દેવરાજ આટલે દૂરથી ઓળખી શક્યા કે એ કેસરનું જ મંગળસૂત્ર હતું.

શ્વેતાનો ચહેરો પીળો પડી ગયો. મંગળસૂત્ર હટાવીને સોમલે પલંગ પર છૂટું ફેંક્યું. એને કાગળ ખોલીને વાંચવા માંડ્યો. કાગળ વાંચતાં વાંચતાં એના ચહેરાના હાવભાવ ઝડપથી પલટાતા હતા. પત્ર બહુ લાંબો નહોતો. એક જ પાનામાં લખાયેલો એ પત્ર પૂરો થાય ત્યાં સુધીમાં સોમલની આંખો ભીની થઈ ગઈ હતી. એણે પત્ર શ્વેતાના હાથમાં આપ્યો અને એ પલંગ પર બેસી પડ્યો. એણે બંને હાથે માથું પકડી લીધું.

હવે દેવરાજસિંહથી રહેવાયું નહીં. એ સીધા અંદર દાખલ થઈ ગયાઃ

'શું લખ્યું છે મારી દીકરીએ?'

એમને અહીં સુધી આવેલા જોઈને મા-દીકરો બંને ચોંકી ગયાં.

'તમે આવી રીતે ઉપર આવી ગયા?'

'આવ્યો તો જ ખબર પડી કે મારી દીકરી એક કાગળ લખીને ગઈ છે. બાકી તમે કબૂલો એવાં ક્યાં છો?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

માથું પકડીને બેઠેલા સોમલે ચહેરો ઉઠાવીને દેવરાજસિંહ તરફ જોયું:

'જાણવું છે તમારી દીકરીએ શું લખ્યું છે એ? મા, આપી દે કાગળ એમને.'

શ્વેતાએ સહેજ અચકાઈને પત્ર દેવરાજસિંહના હાથમાં મૂક્યો. ધ્રૂજતા હાથે અને ભીની આંખે દેવરાજસિંહે પત્ર વાંચવા માંડ્યો...

**સોમલ,**

આ ઘર છોડીને જાઉં છું, કારણ કે એ સિવાય આપણે કોઈ સુખેથી રહી શકીએ એમ નથી. મેં તમને ખૂબ તકલીફ આપી છે. મારા લીધે તમારા ઘરમાં અશાંતિ થઈ છે. તમને સહુને વધુ દુ:ખ આપવાની મારી ઇચ્છા નથી...

હું જે કંઈ કરીશ એની જવાબદારી મારી પોતાની રહેશે. સાચું પૂછો તો જીવવાની જ ઇચ્છા નથી, પણ આપઘાત કરવાની હિંમત છે કે નહીં એની યે હજી ચકાસણી કરવી પડશે. મરવાનો પ્રયત્ન જરૂર કરીશ, પણ બચી જાઉં તો પાછી નહીં આવું એટલી ખાતરી રાખજો.

હું તમને મુક્ત કરું છું. આ લગ્નમાંથી તમને એક મિનિટ માટે પણ સુખ મળ્યું નથી. એટલે તમે બંધનમાં નહીં રહેતા...

તમે સુખી થશો તો મને સાચે જ આનંદ થશે, કારણ કે તમે ખૂબ સારા માણસ છો. આપણે પતિ-પત્ની ન હોત તો ખૂબ સારા મિત્રો બની શક્યાં હોત, પણ ઈશ્વરને કંઈક બીજું જ મંજૂર હશે...

સહુ વડીલોને મારાં આખરી પ્રણામ કહેજો.

બની શકે તો મારા પિતાના પ્રોજેક્ટમાં અંગત રસ લઈને એને પૂરો કરાવશો. એનાથી મારો મોક્ષ થઈ જશે.

**અભાગણી કેસર.**

પત્ર પૂરો થતાં સુધીમાં દેવરાજસિંહ છુટ્ટા મોઢે રડી પડ્યા. મોટા અવાજે રડતાં રડતાં એ ત્યાં જ જમીન પર ફસડાઈ ગયા.

શ્વેતા અને સોમલે એમને થોડી વાર રડવા દીધા, પછી સોમલે હળવે રહીને એમના હાથમાંથી પત્ર લઈ લીધો. સાચવીને પોતાના ખિસ્સામાં મૂકી દીધો.

એણે નીચેથી નોકર અને ડ્રાઇવરને બોલાવીને ઢીલા પડી ગયેલા, ધ્રૂસકાં ભરતા દેવરાજસિંહને એમની ગાડી સુધી પહોંચાડ્યા. એને લાગ્યું કે દેવરાજસિંહ હવે ગાડી ડ્રાઇવ કરીને ઘેર પહોંચી નહીં શકે એટલે પોતાના ડ્રાઇવરને બોલાવીને સૂચના આપી.

એ પાછો ફર્યો ત્યારે શ્વેતા સોમલના રૂમમાં પથ્થરની પાળી પર બેસીને દરિયો જોઈ રહી હતી. એને ઊછળતાં મોજાંઓમાં ફેંકાતી-ડૂબતી, જિંદગી બચાવવા માટે ફાંફા મારતી, નાનકડી-નાજુકડી કેસર દેખાતી હતી...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 23

દેવરાજસિંહ પોતાના ઘરે પહોંચ્યા ત્યારે સફેદ કપડામાં લપેટાયેલું શબ ચોકો કરીને જમીન પર સુવડાવ્યું હતું.

સફેદ સાડી પહેરીને એની બાજુમાં બેઠેલાં શ્રદ્ધાબહેન ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યાં હતાં. ગુલાબસિંહ અને અભિમન્યુ ખૂણામાં ઊભા હતા. કોઈ પારકાના મૃત્યુ પ્રસંગે આવ્યા હોય એવા એમના ચહેરા નિર્લેપ હતા.

અનેક માણસોનાં ટોળાંને કારણે આટલા મોટા ઘરમાં પણ સંકડાશ લાગતી હતી. મીડિયાનું કવરેજ ચાલુ હતું. બે-ચાર સગાં શ્રદ્ધાબહેનને શાંત પાડવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં. કેસરના ખોવાયાની ખબર સાંભળીને સુરેન્દ્રનગરથી વનરાજસિંહ અને એમનો બીજો ભાઈ મોહનસિંહ પોતાની પત્ની સાથે આવી પહોંચ્યા હતા.

ઘરનો મુખ્ય નોકર મહેશ પણ શ્રદ્ધાબહેનની બાજુમાં બેસીને છાતીફાટ રડતો હતો. એને કેસર સાથે ખૂબ જ મનમેળ હતો. કેસરે એને ક્યારેય ઘરનો નોકર ગણ્યો જ નહોતો. ક્યારેક બેજવાબદાર અભિમન્યુની વાત પણ એ ખુલ્લા દિલે મહેશ સાથે ચર્ચી લેતી. અભિમન્યુને શોધવા માટે ઘણી વાર એ મહેશની સાથે મુંબઈના રસ્તાઓ પર ભટકી હતી.

'કોઈએ રડવાનું નથી.'

દેવરાજસિંહે રાડ પાડી. ઘરનાં સહુ સ્તબ્ધ થઈને દેવરાજસિંહ સામે જોઈ રહ્યાં. ગુલાબસિંહ અને અભિમન્યુએ એકબીજાની સામે જોયું. દેવરાજસિંહ જે મિજાજમાં અહીંથી ગયા હતા. એ પછી નિખિલ શ્રોફને ત્યાં તડાફડી થવાની જ હતી એ નક્કી હતું. દેવરાજસિંહ ત્યાંથી શું સમાચાર લઈને આવે છે એ જાણવાની દાદા-પૌત્રની સાથે સાથે બંને ભાઈઓને પણ ઉત્કંઠા હતી. ખરું પૂછો તો ચારેય દેવરાજસિંહના પાછા ફરવાની જ રાહ જોતા હતા. કોઈ કંઈ પૂછે એ પહેલાં જ દેવરાજસિંહે રાડ પાડીને એમના મિજાજ વિશે ખ્યાલ આપી દીધો.

'શાંતિ રાખો.'

વનરાજસિંહે ભાઈને શાંત પાડવાનો પ્રયાસ કર્યો.

'તું શાંતિ રાખ.' દેવરાજસિંહનો અવાજ હજીયે એટલો જ ઊંચો હતો:

'આ ઘરમાં કોઈને રડવાનો અધિકાર નથી.'

'આ શું બોલો છો?'

શ્રદ્ધાબહેન ડરી ગયાં. ત્યાં હાજર સગાંવહાલાં અને બીજા કંઈ કેટલાય માણસો તથા પત્રકારોની હાજરીમાં દેવરાજસિંહનું આ વર્તન વિચિત્ર હતું.

'બરાબર બોલું છું.'

દેવરાજસિંહે ત્યાં ઊભેલા મીડિયાના કેમેરા તરફ પોતાનો ચહેરો ફેરવ્યો:

'મારી દીકરીએ આપઘાત નથી કર્યો. એનું ખૂન થયું છે. નિખિલ શ્રોફના કુટુંબે મારી દીકરીનો જીવ લીધો છે. જ્યાં સુધી હું મારી દીકરીનું વેર નહીં લઉં ત્યાં સુધી આ ઘરમાં કોઈ આંસુનું એક ટીપું પણ નહીં પાડે!'

દાદા અને પૌત્રને હવાની રુખ સમજાઈ ગઈ. બંને સામસામે ઇશારો કરીને દેવરાજસિંહની આજુબાજુ ગોઠવાઈ ગયા:

'દેવલા, જે થવાનું હતું તે થઈ ચૂક્યું. હવે વાતને ચૂંથીને શું ફાયદો?'

'આ તમે બોલો છો? તમે જ મને શીખવ્યું છે કે આપણે સૂર્યવંશી રાજપૂત છીએ. પહેલો ઘા ન કરીએ, પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કોઈ ઘા કરી જાય એ પછી મૂંગે મોઢે સહી લઈએ તો આપણું લોહી લાજે.'

'બાપુ, કેસરને તો બચાવી શક્યા નહીં. હવે આ બધા તાયફાનો શો અર્થ છે?'

અભિમન્યુએ ઝેરના કુંડામાં બે ટીપાં બીજાં રેડ્યાંઃ

'મને તો એમ થાય છે કે હું પુરુષ કહેવડાવાને લાયક જ નથી. મારી બહેન ટુકડે ટુકડે મરતી રહી ને હું મારા પ્રોજેક્ટને બચાવવા એને વિનંતી કરતો હતો.ઃ

'જૂહુ પ્રોજેક્ટ જાય ચૂલામાં...' ગુલાબસિંહે વળી બળતામાં ઘી હોમ્યુંઃ

'થોડા કરોડ રૂપિયા મળ્યા તોય શું ને ના મળ્યા તોય શું? આપણી પાસે શું હતું ને શું ગયું દીકરા?' એમણે આંખો લૂછીને અવાજ ગળગળો કર્યોઃ

'ઘરનું માણસ જતું રહ્યું. હવે જમીનનો ટુકડો બચે તોય શું ને ના બચે તોય શું?'

'તમારે જે કહેવું હોય તે કહો, પણ હું મારી દીકરીનું વેર લીધા વિના ઝંપવાનો નથી.'

દેવરાજસિંહની આંખો લાલઘૂમ થઈ ગઈ હતી. ચહેરો તમતમી ગયો હતો. શ્રદ્ધાબહેનને ડર લાગ્યો કે ફરી ક્યાંક એમને હૃદયરોગનો હુમલો ન આવે. એ ઊભાં થઈ ગયાં. એમણે શરમ છોડીને આટલા બધા લોકોની હાજરીમાં દેવરાજસિંહની પીઠ પર હાથ ફેરવવા માંડ્યોઃ

'આટલા બધા ઉશ્કેરાશો નહીં. દીકરી ખોઈ એટલું ઓછું છે? તમને કંઈ થઈ જશે તો?'

'હું શું કામ જીવું છું એ જ સવાલ છે. રાજપૂતનું માથું કપાય તો ચાલે, પણ નાક કપાયા પછી જીવતો રહેલો રાજપૂત ચપટી ધૂળ કરતાંય ગયેલો કહેવાય.'

'જો દેવલા, પહેલાં શાંતિથી છોકરીની અંતિમક્રિયા પતાવ.'

ગુલાબસિંહને ભય હતો કે આ શબ કેસરનું નથી એ વાત ખૂલે તે પહેલાં એના અગ્નિસંસ્કારની વિધિ પૂરી થઈ જવી જોઈએ.

'હા... ચાલો, આપણે કોની રાહ જોવાની છે?' અભિ તરત જ દાદાનો ઇશારો સમજી ગયો.

'અરે! દીકરીનાં સાસરાવાળાંને તો આવવા દો...'

શ્રદ્ધાબહેન બોલ્યાં તો ખરાં, પણ એમને થયું કે હમણાં ફરી ભડકો થશે.

એમ જ થયું. દેવરાજસિંહે ત્રાડ પાડીઃ

'આ ઘરમાં એ લોકો પગ મૂકશે તો હું એમનો ટાંટિયો વાઢી નાખીશ.'

દેવરાજસિંહનું આ વાક્ય તો હજી પૂરું થાય એ પહેલાં સામે બીજી ત્રાડ સંભળાઈઃ

'આ ઊભો તારા ઘરમાં... તાકાત હોય તો વાઢી બતાવ મારો ટાંટિયો.'

નિખિલ શ્રોફ અને દેવરાજસિંહ સામસામે આવી ગયા હતા. ઘરમાં હજી શબ પડ્યું હતું. મૃત્યુના મલાજાનો વિચાર પણ કર્યા વિના બંનેએ જે ઉગ્ર અવાજે દલીલો કરવા માંડી એ સાંભળીને મીડિયાને મિજબાની થઈ ગઈ. બંનેની પત્નીઓને એમ લાગ્યું કે ધરતી ફાટીને જગ્યા આપે તો એમાં સમાઈ જવું જોઈએ.

અભિમન્યુ અને ગુલાબસિંહને આ આખા તાયફામાં મજા પડી ગઈ. બંને ભાઈઓ તો જલસો જોવા આવ્યા હોય એમ અહીં ચાલતો તમાશો જોઈ રહ્યા હતા. જાણેઅજાણે બધું એ જ પ્રમાણે થઈ રહ્યું હતું, જે પ્રમાણે દાદા અને પૌત્રએ ગોઠવણ કરવાનો વિચાર કર્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જોકે ત્યાં ઊભેલો સુધીર સત્ય જાણતો હતો, પણ એનામાં એટલી હિંમત નહોતી કે આ સત્ય ઘરના લોકોની સામે છતું કરી દે.

એ ક્ષણે જો એ ફક્ત એટલું જ કહી દે કે આ શબ કેસરનું નથી તો બે કુટુંબોનો વિનાશ અટકી શકે એમ હતો, પણ સુધીર શિયાવિયા થઈને આ રાડારાડ સાંભળતો રહ્યો. મૂંગા મોઢે એણે વારંવાર અભિમન્યુ સામે જોયા કર્યું. જેટલી વાર એ બંનેની નજર મળી એટલી વાર અભિમન્યુએ નજર ચોરીને બીજી તરફ જોયું.

અભિમન્યુ જાણતો હતો કે સુધીરની નજરમાં આ યુદ્ધ રોકવાની વિનંતી હતી, પરંતુ એ ઇચ્છતો જ નહોતો કે આ યુદ્ધ અટકે. બલકે આ યુદ્ધ જેમ વધુ ભડકે એમાં એને પોતાનો ફાયદો દેખાતો હતો.

આખરે એનાથી રહેવાયું નહીં.

સુધીરે સાવ બાજુમાં ઊભા રહીને ખૂબ ધીમેથી અભિમન્યુના કાનમાં પૂછ્યું:

'તું કંઈ બોલતો કેમ નથી?'

'શું બોલું?' અભિમન્યુએ તદ્દન અજાણ્યા થઈને સ્વસ્થ અવાજમાં પૂછ્યું.

'અરે!' સુધીર ઉશ્કેરાઈ ગયો.

'કહી દે કે આ શબ કેસરનું નથી.'

'કેમ?'

'આમાં તો તારો બાપ બરબાદ થઈ જશે. નિખિલની સાથે બાથ ભીડવી એટલે શું એની તને કલ્પના નથી.'

'મને કલ્પના છે, એટલે જ મેં એને હોળીનું નાળિયેર બનાવીને હોમી દીધો છે. સગા બાપના મોતનું પાપ મને લાગે એના કરતાં ભલે એ નિખિલ શ્રોફના ચોપડે લખાતું.'

'તને શરમ નથી આવતી?'

'શેની શરમ? એણે મને વીલમાંથી કાઢી મૂકવાની ધમકી આપી, ઘરમાંથી ચાલ્યા જવાનું કહ્યું ત્યારે એને શરમ આવી હતી?'

'અભિ, તું ખોટો હતો ત્યારે...'

'ચલ બે! મને બાયલા જેવી સલાહો નહીં આપ. અહીં તો યુદ્ધનું મેદાન છે. હાથમાં તલવાર હોય તો ચાલ મારી સાથે. બાકી, તું તો ઘરે બેસીને ટીવી પર ન્યૂઝ અપડેટ જોયા કરજે.'

'તારો બાપ એકલો બરબાદ નહીં થાય. નિખિલ કોઈને નહીં છોડે એટલું યાદ રાખજો. તમે બધા રસ્તા પર આવી જશો.'

'તને કદાચ ખબર નહીં હોય, પણ મેં નિખિલને મળી લીધું છે.' અભિમન્યુએ ફેંકી:

'નિખિલ જાણે છે કે આ શબ કેસરનું નથી.'

'હેં!' સુધીરની આંખો ફાટી ગઈ. એણે સામે ઊભા રહીને ચીસો પાડતા નિખિલને જોયો. નિખિલનું આ વર્તન સાચું કે અભિમન્યુની વાત સાચી એ એને સમજાયું નહીં. હવે ચૂપ થઈ જવા સિવાય એની પાસે બીજો કોઈ રસ્તો નહોતો.

ત્યાં હાજર રહેલાં સહુએ નોંધ્યું કે કેસરની અંતિમ વિધિ વખતે ફક્ત નિખિલ અને શ્વેતા આવ્યાં હતાં. સોમલની ગેરહાજરી આંખે ઊડીને બધાંને વળગી...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આમ તો ઘરેથી નીકળતી વખતે શ્વેતાએ સોમલને ખૂબ સમજાવ્યોઃ

‘એવું ન ચાલે દીકરા. લોકલાજે મોઢું બતાવવા પણ જવું પડે. લોકો શું કહેશે?’

‘મને એનો જ વાંધો છે. હવે મારે લોકો માટે કંઈ નથી કરવું.’

‘મીડિયા તારી ગેરહાજરી ચગાવશે.’

‘ભલે ચગાવે. અત્યાર સુધી મારા વિશે જે કંઈ કહેવાનું હતું એ કહેવાઈ ચૂક્યું છે. હવે એમની પાસે નવો કોઈ મુદ્દો નથી.’

‘તમે તો કંઈ બોલો.’

લખનઉ ચીકનનો સફેદ ઝભ્ભો પહેરીને, અદબવાળીને પથ્થર જેવા ચહેરે ઊભેલા નિખિલ શ્રોફ તરફ શ્વેતા ફરી.

‘એ સાચો છે. મારું ચાલે તો હું પણ ન જાઉં.’ નિખિલે એની સામે જોવાનું ટાળ્યું:

‘એ માણસ અહીં આવીને જે નોનસેન્સ વર્તન કરી ગયો એ પછી આપણે ત્યાં શું કામ જવું જોઈએ એ જ મને નથી સમજાતું.’

‘આપણા ઘરની વહુ હતી એ છોકરી.’

‘એ આપણી ભૂલ હતી.’

‘ભૂલ તો ભૂલ. પાંચ હજાર માણસની વચ્ચે પરણાવીને લઈ આવ્યાં હતાં...’

‘આ મૂરખને લીધે...’ નિખિલ શ્રોફના દાંત ભીંસાઈ ગયાઃ

‘મારી પણ મતિ ભ્રષ્ટ થઈ ગઈ હતી કે મેં આને હા પાડી. એ જ વખતે ઘસીને ના પાડી દીધી હોત તો...’

‘જે થવાનું હતું તે થઈ ચૂક્યું છે. બીજા કશા માટે નહીં, તો મૃત્યુનો મલાજો જાળવવા માટે પણ ત્યાં પહોંચવું જોઈએ.’

શ્વેતાએ ફરી એક વાર સોમલ સામે જોયું. એની આંખોમાં સાથે આવવાની વિનંતી સ્પષ્ટ વંચાતી હતી. સોમલ જીન્સના ફ્રન્ટ પોકેટમાં હાથ નાખીને ઊંધો ફરી ગયો. એ દરિયા તરફ જોતો રહ્યો. થોડીક ક્ષણ ત્યાં ઊભા રહીને શ્વેતા ઓરડાની બહાર નીકળી ગઈ.

બાપ-દીકરાની વચ્ચે આરપાર નીકળી જાય તેવું મૌન તોળાતું રહ્યું. નિખિલ પણ જીદે ચઢેલા દીકરાને કહી શક્યો નહીં કે એણે સાથે આવવું જોઈએ, ને સોમલ પણ આ આખી પરિસ્થિતિથી તદ્દન અલિપ્ત, નિર્લેપ, નિર્વિકાર હોય તેમ દરિયા તરફ જોતો ઊભો રહ્યો.

વધુ દલીલો કરવાનો સમય નહોતો. દેવરાજસિંહ ઘરે પહોંચે એ પછી શ્રોફકુટુંબની ગેરહાજરીમાં કેસરનું શબ ઘરમાંથી લઈ જવાય તો વધુ ખરાબ લાગે, એટલે સોમલને સમજાવવાનું પડતું મૂકીને શ્વેતા અને નિખિલ દેવરાજસિંહના બંગલે જવા નીકળી ગયાં.

આ છતાં, જે મૃત્યુના મલાજાની શ્વેતાને અપેક્ષા હતી એ તો જળવાઈ જ નહીં.

ત્યાં પહોંચ્યા પછી શ્વેતાને પણ લાગ્યું કે એ બંને પતિ-પત્ની અહીં ન આવ્યાં હોત તો કદાચ થોડી ચણભણ થાત પછી બધું શમી જાત. અત્યારે આ ક્ષણે અહીં જે થયું એ વધુ વરવું અને ભૂંડું હતું.

આખરે એકબીજા સામે આક્ષેપો કરી રહેલા બંને વેવાઈ વચ્ચે શ્રદ્ધાબહેન આવીને ઊભાં રહ્યાંઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું તમને બંનેને હાથ જોડું છું. એક વાર મારી દીકરીના અંતિમસંસ્કાર થઈ જાય એટલે આપણા એકબીજા સાથેના સંબંધો પૂરા થશે. અત્યારે મહેરબાની કરીને મારી દીકરીના અંતિમ પ્રયાણમાં વધુ કડવાશ ઊભી નહીં કરતા.’

આટલું બોલતાં બોલતાં શ્રદ્ધાબહેન ભાંગી પડ્યાં. ડૂસકે ડૂસકે રડતાં શ્રદ્ધાબહેનને જોઈને શ્વેતા પણ પોતાનું રડવાનું રોકી શકી નહીં.

એણે પણ શ્રદ્ધાબહેનની બાજુમાં ઊભાં રહીને નિખિલને હાથ જોડ્યા

‘હું તમને પગે પડું છું. હવે આને અહીં જ અટકાવો.’

પોતપોતાની પત્નીને જોઈને બંને વેવાઈએ કામચલાઉ તલવાર મ્યાન કરવાનું મુનાસિબ માન્યું.

તત્ક્ષણ પૂરતું બધું અટકી ગયું અને કેસરની અંતિમવિધિનો આરંભ થયો...

હજી થોડા દિવસ પહેલાં જે પાનેતર પહેરીને એ છોકરી આ ઘરમાંથી વિદાય થઈ હતી એ જ પાનેતર પોતાની પાસેની બૅગમાંથી કાઢીને શ્વેતાએ આગળ ધર્યું. શ્રદ્ધાબહેને રડતાં રડતાં એ પાનેતર લઈ લીધું. કેસરનું શબ તો ખોલીને જોઈ શકાય એવી સ્થિતિમાં હતું જ નહીં એટલે ચહેરો ઢાંકેલા શબ પર એ પાનેતર લપેટી દીધું.

ફૂલો ચઢાવાયાં, ગુલાબનો હાર અને હીંરાનું એ મંગળસૂત્ર જે શ્વેતા હજી હમણાં જ પોતાના ઘરેથી લઈ આવી હતી એ કેસરના ગળામાં પહેરાવી દેવાયું.

શબને ફરસ પરથી ઊંચકીને નનામી પર લેવામાં આવ્યું અને પાણીમાં પલાળેલી સૂતળી શબની ઉપર બંધાતી હતી ત્યારે શ્રદ્ધાબહેનનું કાળજું કળીએ કળીએ કપાતું હતું.

એમને યાદ આવી ગયું, સહેજ ખરબચડું કપડું હોય તો પણ કેસર છૂટ્ટું ફેંકીને કહેતીઃ

‘ખૂંચે છે...’

ખૂબ ધોયેલા લીસ્સા થઈ ગયેલાં કધોણાં ટીશર્ટ એ ઘરમાં પહેરતી ત્યારે શ્રદ્ધાબહેન કહેતાંઃ

‘આ પોતું કરવા જેવાં છે. કાઢી નાખ...’

‘કેટલાં લીસાં છે?’ એમ કહીને એ શ્રદ્ધાબહેનના ગાલે ઘસતી.

પોતાની દીકરીની કોમળ ચામડીને આ સૂતળી ખૂંચી જતી હશે એ વિચારમાત્રથી શ્રદ્ધાબહેન વિચલિત થઈ ગયાં.

ખૂણામાં અદબ વાળીને નિઃશબ્દ રડી રહેલા દેવરાજસિંહને અત્યારે કેસર સાથે થયેલી વાતચીત યાદ આવી ગઈ...

કેસર ટ્રેડમિલ પર એક્સરસાઇઝ કરતી હતી. દેવરાજસિંહ આવીને કેસરને સોમલ વિશે વાત કરવા ગયા ત્યારે કેસરે ખડખડાટ હસતાં કહેલુંઃ

ના પાડવાનું કારણ તો હું શોધી કાઢીશ, બાપુ.

એનું એ ખડખડાટ હાસ્ય દેવરાજસિંહના કાનમાં આજે પણ ફરી ગૂંજી ઊઠ્યું.

ના પાડવી હશે તો એમની પાસે જ પડાવીશ, બસ?

દેવરાજસિંહે એ દિવસે એને વિનંતી કરી હતીઃ

કેસર, બહુ મોટા માણસો છે. મારાથી જબાન અપાઈ ગઈ છે. મને કોણ જાણે કેમ એવો વિશ્વાસ હતો કે તું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મારો બોલ નહીં ઉથાપે. જબરદસ્તી નહીં કરું તારા પર, પણ એક વાત ધ્યાનમાં રાખજે. મારો ધંધો, મારી આબરૂ અને મારી જબાનની કિંમત બધુંય તારા હાથમાં છે.

આજે એ જે દીકરીએ જીવ આપીને પોતાની જબાનની કિંમત જાળવી બતાવી! આ બધું એ થોડુંક વહેલું સમજી શક્યા હોત એ કેટલું સારું થાત એ વિચારમાત્ર એમને આરપાર વીંધી રહ્યો હતો.

કેસરના શબ સામે ઊભેલા દેવરાજસિંહ વારંવાર પોતાની જાતને વચન આપતા હતાઃ

જેણે મારી દીકરીની આ હાલત કરી છે એને હું રસ્તે રખડતો કરીને મારી દીકરીની માફી ન મંગાવું તો મારું નામ દેવરાજસિંહ ઝાલા નહીં.

— તો સામે ઊભેલો નિખિલ શબ તરફ એકીટશે જોઈ રહ્યો હતો. એને રહી રહીને કેસરે આપેલા જવાબ યાદ આવતા હતા. એની ઉદ્દંડતા અને અસંસ્કારી વર્તને પોતાના કુટુંબ પર લાંછન લગાવ્યું હતું એ વાત નિખિલના મનમાંથી જતી જ નહોતી.

એમની સાત પેઢીમાં કોઈએ ક્યારેય પોલીસ સ્ટેશનનાં પગથિયાં જોવા પડ્યાં નહોતાં. એને બદલે નિખિલ શ્રોફને કુટુંબ સહિત પોલીસ સ્ટેશનમાં હાજરી આપવી પડી એનું કારણ કેસર હતી એ વાતે નિખિલ શ્રોફને એવી કઠી હતી કે એ કોઈ પણ પ્રકારે દેવરાજસિંહ ઝાલાના કુટુંબ પર વેર લેવા કટિબદ્ધ થઈ ગયો હતો.

હજી તો ઘરમાંથી શબ બહાર નીકળી રહ્યું હતું, પરંતુ જે ક્ષણે કેસરની ચિતા ઠરશે એ ક્ષણે બંને કુટુંબોમાં હોળી સળગવાની હતી એ વાત ત્યારે જ નક્કી થઈ ગઈ હતી.

*

શ્વેતા અને નિખિલના ચાલ્યા ગયા પછી સોમલ એના રૂમમાં વિખરાયેલી કેસરની ચીજવસ્તુઓ જોતો રહ્યો. વોર્ડરોબમાંથી પત્ર શોધવા માટે એણે કેસરનો લગભગ આખું વોર્ડરોબ ફેંદી નાખ્યો હતો. કેસરનાં કપડાંના ઢગલાની વચ્ચે એક આલબમ અડધું દેખાયું કે તરત જ સોમલે એ આલબમ કપડાંનો ઢગલો આગળ-પાછળ કરીને નીચેથી એને ખેંચી કાઢ્યું.

બ્લેક એન્ડ વ્હાઇટ અને રંગીન ફોટાઓ એ આલબમમાં જમણી તરફ ચોંટાડેલા હતા. ડાબી તરફ કેસરના હસ્તાક્ષરમાં અમુક પ્રસંગો અને વ્યક્તિઓ વિશે થોડી વિગતો નોંધાયેલી હતી. સોમલ પાનાં ફેરવતો રહ્યો.

સ્કૂલથી શરૂ કરીને હજી ગયા વર્ષે સિંગાપોરના પ્રવાસ સુધી કેસરની સાથે ફક્ત એક જ વ્યક્તિની તસવીરો હતી–વિદ્યાની.

કેસરના બીજા કોઈ મિત્રોના ફોટા આમાં નહોતા. માતાપિતા, ભાઈ, વિદ્યા અને કેટલાંક સ્થળોના ફોટોગ્રાફ્સ સિવાય આમાં બીજું કંઈ જ નહોતું, પરંતુ કેસરના હસ્તાક્ષરમાં લખાયેલી અમુક નોંધ પરથી એવું સમજી શકાતું હતું કે કેસર કેટલી લાગણીશીલ અને ઋજુ વ્યક્તિ હતી.

સ્કૂલના પ્રવાસ દરમિયાન એણે પાડેલા એક ફોટામાં પાંદડાં ઉપર ઝાકળનાં ટીપાં હતાં. એની નીચે એણે લખ્યું હતુંઃ

કુદરતને પણ મલિનતા ગમતી નથી. માટે એ ફૂલો અને પાંદડાંને સવારે ઝાકળથી ધુએ છે...

એના સ્કૂલના ફેરવેલ ફંક્શનના ગ્રૂપ ફોટાની નીચે એણે લખ્યું હતુંઃ

આપણે સૌ આગળ વધતા રહીએ છીએ. જિંદગી રિવાઇન્ડ થઈ શકતી નથી. જે સમયમાં જીવતા હોઈએ એ સમયમાં આપણને એનું મૂલ્ય નથી સમજાતું, પણ સમય વીતી જાય પછી એની ખોટ સાલે છે. મને સ્કૂલ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ક્યારેય નહોતી ગમતી, પણ આજે લાગે છે કે સ્કૂલ છોડીને મારે ક્યાંય નથી જવું.

યુવાન દેખાતી કેસરના એક સુંદર ફોટા નીચે લખ્યું હતું:

ના, મારે મોટા નથી થવું. આ બદલાતાં શરીર અને વધતી ઉંમર સાથે મારી અંદર એક નિર્દોષ કેસર મરી રહી છે. મારે પાછાં નાનાં થવું છે.

સોમલ ધીરે ધીરે પાનાં ઉથલાવતો જતો હતો. એની સામે એક નવી જ કેસર ઊઘડી રહી હતી. આ એક એવી છોકરી હતી, જેને ઓળખવાનો કે સમજવાનો પ્રયત્ન એણે કર્યો જ નહીં.

સોમલને પણ લાગ્યું કે વીતી ગયેલા સમયની જેમ હાથમાંથી સરકી ગયેલા સંબંધનું મૂલ્ય પણ પછીથી જ સમજાતું હોય છે. એને અચાનક પોતાની એકલતા ખૂંચવા માંડી. કેસરના આપઘાતમાં પોતે પણ ક્યાંક જવાબદાર છે એવી લાગણી તો એને કેસરનો પત્ર વાંચ્યા પછી થઈ જ હતી, પરંતુ જેમ જેમ આલબમનાં પાનાં ફરતાં ગયાં તેમ તેમ એને લાગવા માંડ્યું કે એક નિર્દોષ, વહાલસોયી વ્યક્તિને મોત તરફ ધકેલવામાં પોતે પણ પરોક્ષ રૂપે નિમિત્ત બન્યો હતો...

થોડી વાર આંટાફેરા માર્યા પછી અકળાયેલા સોમલે ફોન જોડ્યો નેહાને...

શ્વેતાએ કપડાનો ટુકડો આપ્યો ને સોમલ એ ટુકડો લઈને નીચે ચાલી ગયો પછી પોલીસતપાસ શરૂ થઈ ત્યારથી શરૂ કરીને છેક અત્યાર સુધી નેહાએ પોતાની જાતને આ બધામાંથી બહાર ખેંચી લીધી હતી. ટેલિવિઝન પર ન્યૂઝ જોતાં એને ખબર પડી હતી કે કેસરનું શબ મળ્યું છે... ત્યારે એનો આત્મા ખૂબ ડંખ્યો હતો.

કોણ જાણે કેમ એને એવું લાગ્યું કે પોતે હાજર હતી ત્યારે આવેલા અભિમન્યુના ફોન પછી જ કેસરે આ પગલું ભરવાનો વિચાર કર્યો હશે. પોતે ત્યાં હાજર હતી, છતાં એણે કેસરની એવી કોઈ ખાસ મદદ ન કરી એ વાતે નેહા પોતાની જાતને દોષ દઈ રહી હતી. કેસરના શબ પર ઓઢાડાતું પાનેતર અને ગળામાં પહેરાવાતું મંગળસૂત્રવાળું દૃશ્ય ટીવી પર જોઈને એ આંસુ લૂછતી હતી ત્યાં જ એનો સેલફોન રણક્યો.

'તું હમણાં જ અહીં આવ.'

'તું કેસરને ત્યાં નથી ગયો?'

'સવાલ-જવાબ બંધ કર. મને ખૂબ અકળામણ થાય છે...'

'થવી જ જોઈએ. તેં જ મારી નાખી છે એ છોકરીને.'

'ચૂપ રહે તું.' પોતાની દુ:ખતી નસ પર જ નેહાએ હાથ મૂક્યો એટલે સોમલથી ચીસ પડાઈ ગઈ:

'મેં કંઈ નથી કર્યું.'

'તેં જ કર્યું છે. તું જ જવાબદાર છે. તે દિવસે રાત્રે આરોહી સાથે બેસી ન રહ્યો હોત તો કદાચ કેસર જીવતી હોત.'

'પ્લીઝ નેહા, આવું નહીં બોલ. મને... મને ડર લાગે છે.'

'ડર? શ્રોફ પરિવારના નબીરાને કોનો ડર લાગે છે? તમારા માટે એ જીવતી છોકરી નહોતી, ઢીંગલી હતી... બજારમાંથી ખરીદી લીધી, રમી લીધું, મન ભરાયું કે તોડીને ફેંકી દીધી.'

હવે નેહા ધ્રૂસકે ચઢી. એ સાંભળીને સોમલનો શ્વાસ રૂંધાતો હતો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મને એમ હતું કે તું મારો દોસ્ત છે, જુદો છે. તારામાં પણ શ્રોફનું લોહી છે... તમારે માટે માણસ રમકડાં છે... મશીન છે, વાપરવાની વસ્તુ છે.’

‘શટઅપ.’

સોમલે ચિલ્લાઈ ઊઠ્યોઃ

‘મને એમ કે તું મારી વાત સાંભળીશ, મને સમજીશ, પણ તું તો આક્ષેપ કરવાના મૂડમાં છે. ગેટ લોસ્ટ... એ દીકરી માટે દેવરાજસિંહનું હૃદય ફાટી જતું હતું.’

સોમલે ફોન કટ કરી નાખ્યો.

*

નેહાનો ફોન મૂક્યા પછી સોમલને એના શબ્દો દીવાલોમાં અથડાઈ અથડાઈને, ફરી ફરી સંભળાતા રહ્યા.

એને પથ્થરની પાળી પર ટૂટિયું વાળીને બેઠેલી ઉદાસ કેસર દેખાતી રહી... ઓરડામાં વેરવિખેર પડેલી કેસરની વસ્તુઓ અને કપડાંથી જાણે એને ભય લાગવા માંડ્યો. આ બધું જ એક પછી એક પોતાને વીંટળાઈ વળશે અને પોતાનો શ્વાસ રૂંધી નાખશે એવી એને બીક લાગવા માંડી. એણે જાતને રોકવાનો બહુ પ્રયાસ કર્યો, પણ આખરે પોતાના આ એકાંતના ભયને ઘટાડવા માટે એનાથી આરોહીને ફોન જોડાઈ ગયો.

‘મને હતું જ કે તું મને ફોન કરીશ.’ આરોહીના અવાજમાં એક સધિયારો મળ્યો સોમલનેઃ

‘મેં ટીવી પર જોયું. આપણે મળ્યાં તે પછી હું આ બધું જોતી હતી, પણ તું કઈ સ્થિતિમાં હોઈશ એમ વિચારીને ફોન ના કર્યો.’

સોમલ કશું જ બોલ્યો નહીં, સાંભળતો રહ્યો.

‘કેમ છે, તું?’

‘હું બહુ એકલો છું... બધાને લાગે છે કે આને માટે હું જવાબદાર છું.’

‘એવું કશું નથી હોતું. જે થવાનું હોય છે તે થઈને રહે છે. એના નસીબમાં આવું જ મૃત્યુ લખ્યું હશે. તું પ્લીઝ, દુઃખી નહીં થા.’

‘મને કંઈ સમજાતું નથી.’

અત્યાર સુધી રોકી રાખેલો ડૂમો અચાનક સોમલની આંખમાંથી વહી નીકળ્યોઃ

‘મેં એ છોકરીનું મોત નથી માગ્યું. હું તો બસ મુક્તિ ઇચ્છતો હતો–બંનેની, પણ આ રીતે નહીં જ.’

‘આઈ નો સોમલ, તું શોર્ટ્સ પહેરતો હતો ત્યારથી ઓળખું છું તને.’

‘તું હમણાં અહીંયા આવી શકે, આરોહી?’

‘થોડીક જ મિનિટોમાં પહોંચીશ...’

‘ફોન નહીં મૂકતી. તું અહીં આવે ત્યાં સુધી મારી સાથે વાત કરતી રહે. હું એકલો નથી પડવા માગતો. જે મિનિટે એકલો પડું છું એ જ મિનિટે મને કેસર મારા રૂમમાં દેખાય છે. મારી સામે ફરિયાદભરી નજરે જોયા કરે છે. મારા રૂમની બારીમાંથી દેખાતા દરિયામાં મને એનું શબ તરતું દેખાય છે. એનાં ડૂસકાં સંભળાય છે મને મારા રૂમમાં... ફોન નહીં મૂકતી, પ્લીઝ!’

એ પછી લગભગ પંદર મિનિટે આરોહી ઘરમાંથી નીકળી, ડ્રાઇવ કરીને સોમલના ઘરે પહોંચી ત્યાં સુધી એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલ સાથે વાતો કરતી રહી. નાના બાળકની જેમ એણે સોમલને ફોસલાવી-પટાવીને બીજી વાતે વાળ્યો...

એ જેવી ડ્રોઇંગરૂમ વટાવીને, સીડી ચડીને સોમલના રૂમમાં પહોંચી કે સોમલ દોડીને એને નાના બાળકની જેમ વળગી પડ્યો. છ ફૂટનો સોમલ અડધો-પોણો ઇંચ નીચી આરોહીને વિચિત્ર રીતે વળગી પડ્યો કે આરોહીએ એવું ધાર્યું નહોતું.

સોમલના વજનથી આરોહી પોતાનું બૅલેન્સ રાખી શકી નહીં. એ કારપેટ પર પછડાઈ. એને વળગેલો સોમલ પણ એની સાથે જ નીચે પડ્યો.

બંને ચહેરા એકબીજાની ઉપર આવી ગયા. સોમલના સ્પર્શથી આરોહીની અંદર લગભગ ભુલાઈ ગયેલી બધી જ ઝંખનાઓ જાગી ઊઠી. એણે બંને હાથે સોમલનો ચહેરો પકડીને એના હોઠ પર એક હળવું ચુંબન કર્યું.

આ આખીય પરિસ્થિતિમાંથી પોતાની જાતને બચાવવા માગતા સોમલે જેમ શાહમૃગ રેતીમાં માથું ખોસી દે એવી જ રીતે આરોહીના ચુંબનમાં જાતને છુપાવવા માંડી. આરોહી પોતાનો ચહેરો પાછો લે એ પહેલાં સોમલે ફરી એક પ્રગાઢ ચુંબનની શરૂઆત કરી...

શું થયું અને કઈ રીતે થયું એની સમજ બંનેમાંથી કોઈને પણ પડે તે પહેલાં સોમલ અને આરોહી એકબીજાના બાહુપાશમાં ગૂંથાઈને કારપેટ ઉપર જ એકમેકમાં ઓતપ્રોત થઈ ગયાં...

*

વિદ્યાએ છેલ્લા બે-ત્રણ દિવસ મુંબઈ અને મુંબઈ બહાર વસતા તમામ મિત્રોનો સંપર્ક સાધીને કેસરને શોધવાનો પ્રયાસ કર્યો, પણ કેસર ક્યાંય નહોતી.

અભિમન્યુએ કહ્યા પછી નીલાંગને ખાતરી થઈ ગઈ હતી કે કેસર જો કોઈ એક જણનો સંપર્ક કરશે તો એ વિદ્યા જ હશે એટલે એણે વિદ્યાનો સેલફોન લઈ લીધો હતો. એ બને ત્યાં સુધી વિદ્યાના ઘરમાં જ બેસી રહેતો. લૅન્ડલાઇન પણ એ જ ઉપાડવાનો પ્રયત્ન કરતો. એકાદ-બે વાર રિંગ વાગી, નીલાંગે ફોન ઉપાડ્યો, પણ કોઈ કશું બોલ્યું નહીં એટલે નીલાંગની શંકા વધારે દૃઢ થઈ ગઈ.

'હું તને કહી દઉં છું...' નીલાંગ સતત એને ધમકી આપતો રહેતોઃ

'તેં જો એ છોકરીની મદદ કરી છે તો...'

બીજી તરફ, વિદ્યાએ એના ઘરમાં મુકાયેલા નાનકડા મંદિર પાસે ઘૂંટણિયા ટેકવીને પ્રાર્થના કરતી રહેતીઃ

હે ઈશ્વર! મારી કેસર જ્યાં હોય ત્યાં સલામત હોય... એ મને એવા વખતે ફોન કરે, જ્યારે નીલાંગ અહીં ન હોય.

જોકે ત્યારે પછી કેસરની લાશ મળી છે એ સમાચાર ટીવી પર જાણીને એ સાવ ત્યાં ભાંગી પડી હતી.

—અને એ જ અડધી રાત્રે વિદ્યાના સેલફોન રણકી ઊઠ્યો. સ્ક્રીન પર નંબર અજાણ્યો હતો. વીજળીની ઝડપે વિદ્યાએ ફોન ઉપાડ્યો.

સામે છેડેથી સંભળાયુંઃ 'હલો...'

વિદ્યાને અવાજ ઓળખવામાં એક ક્ષણ પણ ન લાગીઃ

'અરે, કેસર... ક્યાં છે તું?!'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 24

અરે, કેસર... ક્યાં છો તું?

એ અડધી રાતે સામે છેડેથી કેસરનો અવાજ સાંભળતાં જ વિદ્યા પલંગમાં બેઠી થઈ ગઈ. એણે માંડ માંડ પોતાની જાત પર કાબૂ મેળવ્યો. દિવસ આખો ટેલિવિઝન જોઈને રડી રડીને એ અડધી થઈ ગઈ હતી.

ટીવીના સમાચાર પછી નીલાંગે પણ આજે એને છૂટી મૂકી, કારણ કે કેસર હવે આ દુનિયામાં નહોતી એવી નીલાંગને ખાતરી થઈ ગઈ.

આશ્ચર્યચકિત વિદ્યાએ ફરી વાર પૂછ્યું:

'કેસર! તું ક્યાં છે?'

'એ હું તને કહી શકું એમ નથી.'

'બધા માને છે કે...'

'જાણું છું. મેં પણ ટીવી જોયું.'

'તો જઈને કહે... એ લોકો તને મરેલી માની લેશે.'

'આમેય હું એમને માટે મરી જ ગઈ છું.'

કેસરનું ગળું ભરાઈ આવ્યું. એને ફરી એક વાર પિતા અને સોમલનું વર્તન યાદ આવી ગયું.

'કેસર, મને તારી બહુ ચિંતા થાય છે.'

'જાણું છું. એક તું જ છે, જેણે હંમેશાં મારો સાથ આપ્યો છે. સુખમાં અને દુઃખમાં મારી મદદ કરી છે. એટલે જ આજે તને ફોન કર્યો છે.'

'બોલ, પૈસા જોઈએ છે?'

વિદ્યાએ પૂછતાં તો પૂછી નાખ્યું, પણ એની પોતાની પાસેય અંગત કહી શકાય એવા થોડાક હજાર રૂપિયા સિવાય કશું જ નહોતું.

'ના... ના... પૈસા તો છે મારી પાસે. મેં આ બે દિવસમાં મારાં ખાતાંઓમાંથી બધાં જ પૈસા ઉપાડી લીધા છે. મારા નામે મુકાયેલી ત્રણ એફ.ડી. પણ બંધ કરીને પૈસા લઈ લીધા છે. 27 લાખ રૂપિયા છે મારી પાસે. એની ચિંતા નહીં કર.'

'તો?'

'મને થોડા દિવસ માટે રહેવાની જગ્યા જોઈએ છે. કોઈને ખબર ન પડે એમ મારે સંતાઈને રહેવું છે.'

વિદ્યા વિચારમાં પડી: એવી જગ્યા ક્યાંથી મળે? મુંબઈ શહેરમાં આમ કોઈ પાસે સમય નથી હોતો, પણ કશું ખાનગી રહી શકે એવું પણ આ શહેર નથી...

વિદ્યા થોડીક ક્ષણો મૌન થઈ ગઈ, એટલે કેસરે આગળ કહ્યું:

'એક ફ્લેટ શોધી કાઢ. મારે ભાડે રહેવું છે.'

'પણ...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘લોખંડવાલા કે મહાડાના વિસ્તારોમાં ક્યાંક એક બેડરૂમનો ફ્લેટ શોધી કાઢ. તાત્કાલિક. કહેજે કે તારો એક મિત્ર પરદેશથી આવે છે. એને થોડા મહિના માટે રહેવું છે.’

‘મારો મિત્ર?’

‘હા. હું છોકરી તરીકે રહેવા નથી માગતી. હું પુરુષ થઈને રહીશ.’

‘પાગલ છે તું. તરત જ ઓળખાઈ જઈશ.’

‘એની ચિંતા તું છોડ.’ કેસર ઉતાવળમાં હતી.

‘હું કહું એટલું કર. તને કાલે ફોન કરીશ. એ વિસ્તારોમાં ઘર ભાડે આપનારા એજન્ટ છે. એમની ઓફિસ પર જા અને તપાસ કર... આપણે સાંજે વાત કરીશું.’

‘પણ એવી જરૂર શું છે?’

‘મારા ફોટા અખબારોમાં અને ટીવી પર લગભગ દરેક જણે જોયા છે, વિદ્યા... હું જો કેસર બનીને રહું તો એક કલાકમાં જ ખબર પડી જાય કે હું મરી નથી, જીવું છું.’

‘એનો તને શું વાંધો છે?’

‘હું તને હમણાં કંઈ જ કહી શકું એમ નથી... તું મારી મદદ કર. બીજું કંઈ પૂછીશ નહીં.’

‘સારું.’ વિદ્યાએ વાત પૂરી કરી. એણે વિચાર્યું કે હમણાં ફોન પર દલીલો કરવાને બદલે કાલે સાંજે કેસર મળે ત્યારે એની સાથે આ વિશે વધુ વાત થઈ શકશે. એને ખાતરી હતી કે એ કેસરને ઘરે પાછી ફરવા મનાવી લેશે... કેસરને ખોયાની લાગણી સમજાયા પછી એનાં માતાપિતા પણ ફરીથી એને શ્રોફના ઘરે મોકલવાની જીદ નહીં જ કરે.

કેસર જીવિત હતી એ વાત જાણીને વિદ્યાને એટલી બધી રાહત થઈ કે અત્યારે કેસરને કંઈ પણ સમજાવવાને બદલે એણે આવતી કાલ આખીયે વાત મુલતવી રાખી.

ફોન મૂકીને વિદ્યા રાહતનો શ્વાસ લેતી ઘસઘસાટ ઊંઘી ગઈ.

બીજી તરફ ફોન મૂકીને કેસર ક્વીન્સ નેકલેસ પર આવેલા ગેસ્ટહાઉસમાં પાછી પહોંચી. મૂછો લગાડીને, વાળ કપાવીને એણે પોતાનો દેખાવ એટલો બધો બદલી નાખ્યો હતો કે કદાચ એના પિતા કે અભિમન્યુ પણ એને જુએ તો ઓળખી ન શકે!

શરીરના વળાંકો એણે પુરુષો જેવી ગંજી પહેરીને ગજબનાક રીતે ઢાંકી દીધાં હતાં. ઢીલા શર્ટ અને ગંજી પહેરવાથી દૂબળી-પાતળી કેસર સ્ત્રી છે એવી કોઈને કલ્પના સુધ્ધાં આવે એમ નહોતો.

ગેસ્ટહાઉસમાં દાખલ થતાં જ ટેબલ પર બેઠેલા મૅનેજર સાથે એણે ટોળટપ્પાં શરૂ કર્યા...

એણે આ મૅનેજર સાથે દોસ્તી કરી હતી. આધેડ ઉંમરના બચુભાઈ અહીં 14 વર્ષથી મૅનેજર હતા. ભાગીને આવેલા યુગલો, પોલીસની રેડ, લફરાંબાજીથી શરૂ કરીને મહેનત કરવા માટે મુંબઈ આવતા છોકરાંઓ અને ફિલ્મસ્ટાર બનવાનાં સપનાં જોતાં પંજાબી લડ્ડાઓ સુધી સહુને એમણે જોયા હતા.

કેસરે જાણીજોઈને એમની સાથે મિત્રતા વધારી હતી. છુપાઈને રહેવું હોય તો વધુ ને વધુ જાહેર થઈને રહેવું એ સિદ્ધાંતનો એણે પૂરેપૂરો ઉપયોગ કર્યો હતો. બચુભાઈ લગભગ બોર થઈ જાય ત્યાં સુધી એ પોતાની વાત એને સંભળાવ્યા કરતી... સોરી, સંભળાવ્યા કરતો!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરસિંહ ઝાલાના નામે એણે પોતાનો રૂમ બૂક કરાવ્યો હતો. સુરેન્દ્રનગરની એક સોસાયટીનું એડ્રેસ અહ્લેકહ્લે લખી નાખ્યું હતું. પોતે મુંબઈમાં સ્ટ્રગલ કરવા ઘરેથી ભાગીને આવ્યો છે... મા-બાપને મુંબઈ લઈ આવવાં છે. મુંબઈમાં ઘર લેવું છે. મા-બાપને સુખી કરવાં છે... એવી બધી વાતો કરવા ઉપરાંત એણે કાઠિયાવાડી બચુભાઈને લાખ રૂપિયા સાચવવા આપીને વિશ્વાસ જીતી લીધો હતો. વળી, લાખ રૂપિયા લઈને કમાવા આવેલો છોકરો ભલે ઉંમરમાં અને ચહેરા પરથી કુમળો દેખાતો હોય, પણ તદ્દન લેભાગુ કે વાતોડિયો નથી એવું પણ બચુભાઈના મનમાં ઠસી ગયું.

એ ગેસ્ટહાઉસના કાઉન્ટર પર બેસીને પોતાના સેલફોનને સાઇલેન્ટ કરીને મોટા અવાજે સુરેન્દ્રનગર ફોન લગાડવાનો ડોળ કરતી. માતાપિતા સાથે વાત કરવાનો અભિનય કરીને ફોન મૂકતી વખતે એની આંખો સાચે જ ભરાઈ આવતી. દેવરાજસિંહ અને શ્રદ્ધાબહેનના વિચારમાત્રથી એને સાચેસાચ રડવું આવતું.

દુનિયા જોઈ ચૂકેલા બચુભાઈ કેસરની આંખોમાં આંસુ જોઈને એનું દુઃખ સમજી શકતા. એને બને એટલી મદદ કરતા. પોતાને ઘરેથી લાવેલા ટિફિનમાંથી ક્યારેક એને જમાડવા સુધીના સંબંધો આ થોડાક જ દિવસોમાં કેસરે મૅનેજર બચુભાઈ સાથે કેળવી લીધા હતા.

કેસરને પોતાને પણ નવાઈ લાગતી કે એનામાં આટલી ચાલાકી અને ગણતરી કઈ રીતે આવી ગઈ? માતાપિતાની સંપૂર્ણ દેખરેખ નીચે નાનકડા સલામત પરિવારમાં ઊછરેલી કેસર આવી રીતે આ દુનિયાનો સામનો કરવા કઈ રીતે તૈયાર થઈ ગઈ એની કેસરને ખુદને નવાઈ લાગતી. એ પોતે પણ અરીસામાં જોઈને પોતાની જાતને સવાલ કરતી...

હવે આગળ શું કરીશ? કંઈ વિચાર્યું છે?

કંઈ સૂઝતું નથી. એનું મન જવાબ આપતું: ઈશ્વરે મરવા નથી દીધી એટલે એણે મારા વિશે કંઈ વિચાર્યું હશે.

આમ ને આમ કેટલા દિવસ કાઢીશ?

નથી જાણતી.

કેસર પોતાની જાતથી ગભરાઈને સંવાદ બંધ કરી દેતી. એ સમજી ગઈ હતી કે ગેસ્ટહાઉસથી ભાડાનો ફ્લૅટ... છુપાવાનું સ્થાન બદલવું પડશે, પરંતુ આ રીતે છુપાઈને બહુ દિવસ તો નહીં જ જીવી શકાય. આગળ ભવિષ્ય વિશે કંઈક તો વિચારવું જ પડશે.

બચુભાઈ સાથે ગપ્પાં મારીને એ પોતાના નાનકડા રૂમમાં જઈને આડી પડી ત્યારે વીતેલા દિવસો એની નજર સામેથી પસાર થઈ ગયા...

હું શું કરું તો તમે શાંતિથી રહી શકો? એણે સોમલને પૂછ્યું હતું.

'જતી રહે મારું ઘર છોડીને.'

એથી તમને શાંતિ થઈ જશે ને?

'હા...' એટલું સાંભળ્યા પછી એણે ઘર છોડી દીધું હતું.

નિખિલ શ્રોફનું ઘર છોડ્યા પછી પિતાને ત્યાં જવાનો વિચાર એક પણ વાર કેસરના મનમાં આવ્યો જ નહીં, કારણ કે એ બહુ સ્પષ્ટપણે જાણતી હતી કે પિતાના વિશાળ ઘરમાં પાછી આવેલી દીકરી માટે જગ્યા નહીં હોય...

મુખ્ય દરવાજેથી જવું શક્ય નહોતું, એટલે ઘણું વિચાર્યા પછી એણે બીચ પર ખૂલતા નાનકડા ગેટની પસંદગી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરી હતી. ગેટ કૂદીને એ જ્યારે બીચ પર પછડાઈ ત્યારે એને કલ્પના પણ નહોતી કે એણે પાછળ છોડેલી એક નાનકડી નિશાની એના જીવનમાં કેવા કેવા વળાંક સર્જી દેશે.

બીચ પર પછડાતાં જ કેસરને જાણે ખુલ્લા આકાશમાં આવી ગયાનો અહેસાસ થયો. એના નાજુકડા શરીર પર પાંખો ફૂટી નીકળી હોય એમ ખુલ્લા આકાશ નીચે એ થોડી વાર એમ જ હાથ ફેલાવીને પડી રહી. એને લાગ્યું કે એના પગમાં જકડાયેલી બેડીઓ અચાનક જ કપાઈ ગઈ હતી...

એ મુક્ત હતી... આઝાદ... એણે હવે ક્યાંય જવાનું નહોતું. કોઈને જવાબ આપવાનો નહોતો. કોઈ ફરજ નિભાવવાની નહોતી. કોઈ નિયંત્રણોમાં જીવવાનું નહોતું.

થોડીક ક્ષણો એમ જ રેતીમાં ચત્તીપાટ પડી રહ્યા પછી એ ઊભી થઈ. રેતી ખંખેરીને એણે વિચારવા માંડ્યું ત્યારે એને સમજાયું કે આ મુક્તિ કોઈ કામની નહોતી. એની પાસે જવા જેવી એક પણ જગ્યા નહોતી...

અહીંથી નીકળીને માથું છુપાવવા માટે એને કોઈ જગ્યા સૂઝી નહીં... એ કલાકો સુધી બીચ પર ચાલતી રહી...

કલાકો આમથી તેમ ભટક્યા પછી એણે નક્કી કર્યું કે, જીવવાનો કોઈ અર્થ નથી. આ દુનિયામાં એની કોઈ જરૂર નથી... એને લાગ્યું કે એને કોઈ ચાહતું નથી...

થોડી મિનિટો પહેલાં મળેલી આ આઝાદી હવે નિરર્થક છે એ જ એકના એક વિચારથી જાણે માથું ભમવા માંડ્યું. વિચારોમાં અટવાયેલી કેસર હવે રેતી પર આગળ ચાલવાને બદલે એણે દરિયાની દિશામાં ચાલવા લાગી. રાતનો સમય હતો. દરિયામાં ભરતી હતી. મોટાં મોટાં મોજાંઓ ઊછળતાં હતાં. દરિયામાં અંદરની તરફ ચાલવું અઘરું હતું, તેમ છતાં એણે બળપૂર્વક અંદર જવાનું શરૂ કર્યું. પહેલા ઘૂંટણ જેટલાં, પછી કમર સમાણાં... અને છેલ્લે છાતી સમાણાં પાણી થઈ ગયાં ત્યાં સુધી એ દૃઢપણે મોજાંની વિરુદ્ધ દિશામાં અંદર ને અંદર ચાલતી રહી. એ હવે પોતાની જાતને દરિયાને હવાલે કરવા ઇચ્છતી હતી... પણ સામેથી આવેલા જંગી મોજાએ એને અધ્ધર ઉછાળી અને ફરી પાછી દરિયામાં ફંગોળાઈ ત્યારે એણે ભાન ગુમાવી દીધું હતું.

કલાકેક પછી કેસર ભાનમાં આવી ત્યારે એને ધીરે ધીરે ખ્યાલ આવ્યો કે દૂર દરિયાનાં મોજાં ઘૂઘવાટ કરતાં હતાં અને એ કિનારે પડી હતી... પેલા જંગી મોજાએ એને કિનારા પર ફંગોળી દીધી!

કેસર ધ્રુસકે ધ્રુસકે રડી પડી. પિતા સ્વીકારવા તૈયાર નહોતા. સાસરામાં પોતાના માટે જગ્યા નહોતી અને ઈશ્વરે પણ એને કિનારે પાછી ધકેલી દીધી હતી!

ઈશ્વરે એને મરવા ન દીધી એટલે ફરી આપઘાત કરવાનો અર્થ નથી એમ વિચારીને એ ઊભી થઈ. ચાલતી ચાલતી એક નાનકડી ઊડીપી રેસ્ટોરાંમાં દાખલ થઈ. ઈડલી-સંભાર અને કોફીનો ઓર્ડર આપી એણે એક કાગળ પર લખવા માંડ્યું.

હવે શું થઈ શકે...

એના શું પરિણામો આવી શકે...

એમાં કઈ કઈ મુશ્કેલીઓ નડી શકે...

શું કરવાથી ફાયદો થાય અને શું કરવાથી એનું વધુ નુકસાન થઈ શકે...

આ એને એટલા માટે સૂઝ્યું કે એ સાસુ શ્વેતા સાથે ડૉક્ટર પ્રતિમા પટેલને ત્યાં ગઈ ત્યારે ડૉક્ટરે એને સલાહ આપી હતી કે મૂંઝવતા પ્રશ્નો સંભવિત જવાબ કાગળ પર માંડતાં જાવ તો એમાંથી કોઈ ઉપાય સૂઝી આવે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અને આગળ શું કરવું એની સૂઝ પડે.

એ વખતે એણે ડૉ. પ્રતિમા પટેલને ગંભીરતાથી લીધાં જ નહોતાં. પોતાનાં સાસુ લઈ આવ્યાં છે માટે ડૉક્ટરનું માન રાખવું જોઈએ અને ડૉક્ટર પોતાની મદદ કરવા માગે છે માટે એને સાચા અને સીધા જવાબો આપવા એટલે એણે આપેલા. જોકે આજે જ્યારે એ અહીં બેઠી ત્યારે એને લાગ્યું કે આ એક કરી જોવા જેવો પ્રયાસ હતો.

કાગળ પર લખતાં લખતાં એને ધીમેધીમે ઘણી બધી બાબતો સ્પષ્ટ થતી ગઈ. એનાં બૅન્ક ખાતાઓ, એમાં પડેલા પૈસા, એની ફિક્સ ડિપોઝિટ્સની સાથે સાથે એણે શું કરવું જોઈએ અને હવે કઈ રીતે આગળ વધી શકાય એવા ઘણા બધા વિચારો એક પછી એક આવવા લાગ્યા અને મનમાં ગડ બેસવા લાગી.

ખાઈને એ સીધી દાદર ગઈ. નાટક અને સિનેમા માટે મેકઅપનો સામાન વેચતી એક દુકાન એને ખબર હતી. સ્કૂલના નાટકોમાં પોતે હંમેશાં પુરુષનું પાત્ર કરતી. એ માટે રાણા પ્રતાપ જેવી મૂછો, ક્યારેક દાઢી તો ક્યારેક મેકઅપનો સામાન ખરીદવા એ ત્યાં ગઈ હતી. ત્યાં જઈને એણે બે-ચાર જાતની મૂછો ખરીદી લીધી. બ્રાઉન રંગનો પેનકેક અને બીજી કેટલીક વસ્તુઓ લઈને એ નીકળી ત્યારે એના મનમાં ધીરેધીરે આગળનાં ઘણાં કામો સ્પષ્ટ થતાં જતાં હતાં. દાદરથી જ એણે મોટી સાઇઝનાં ઢીલાં ગંજી ખરીદ્યાં. ફૂટપાથની માર્કેટ પરથી થોડા ઢીલાં શર્ટ અને જીન્સનાં પેન્ટ ખરીદ્યાં. એક બૅગ લઈને એમાં બધું ગોઠવી દીધું.

હવે સૌથી પહેલું કામ હતું, વાળ કપાવી નાખવાનું!

તાજના સેલુનમાં દાખલ થઈને એણે વાળ સાવ ટૂંકા, બોયકટ કરાવી નાખ્યા. તાજના લેડીઝ વૉશરૂમમાં દાખલ થઈને એણે મેકઅપ કરી લીધો. આ થોડી મિનિટો એને માટે ભયાનક હતી... પુરુષના વેશમાં જાતને ઢાળતી વખતે એને કોઈ ન જુએ એવી પ્રાર્થના એ મનોમન કરતી રહી. એણે અંતઃવસ્ત્રો ઉતારીને ગંજી પહેરી લીધી. ઉપર ઢીલું શર્ટ અને જીન્સનું પેન્ટ પહેરી પોતે પહેરેલાં કપડાં બૅગમાં પાછાં મૂક્યાં...

એ જ્યારે જ્યારે નાટકમાં ભાગ લેતી અને પુરુષોનાં કપડાં પહેરતી વખતે એને એમ લાગતું કે જાણે એ કપડાં એનાં જ છે. મૂછો લગાડ્યા પછી ઉખાડવી એને ગમતી નહીં... પોતાની કૂણી ચામડીની જગ્યાએ એને મૂછો કે દાઢી હોત તો કેવું સારું થાત એવો વિચાર એને ઘણી વાર આવ્યો હતો.

હવે વૉશરૂમમાં કોઈ આવી જાય એ પહેલાં અહીંથી બહાર નીકળી જવું જરૂરી હતું. બધા જ વિચારોને દૂર ધકેલીને ઊંડો શ્વાસ લઈને એણે બહાર નીકળવા માટે જાતને તૈયાર કરી. લેડીઝ વૉશરૂમમાંથી બહાર નીકળતી વખતે એણે ખૂબ સાવધાનીથી આમતેમ જોયું. દુકાનોથી સજાવાયેલા પૅસેજમાં અવરજવર ચાલુ હતી, પણ કોઈનુંય ધ્યાન વૉશરૂમ તરફ નહોતું.

કેસર ઝડપથી વૉશરૂમની બહાર સરકી આવી અને બહાર નીકળીને એણે સ્વાભાવિકતાથી પોતાની ટ્રૉલીબૅગ સરકાવવા માંડી. બૅગ લઈને એ બહાર નીકળી ત્યારે એને લાગ્યું કે હવે એના જીવનનો કોઈ નવો જ તબક્કો શરૂ થઈ રહ્યો છે...

*

સોમલનો ફોન મૂક્યા પછી ક્યાંય સુધી નેહાના મનમાં ધૂંધવાતી રહી. સોમલ પર ગુસ્સો આવતો હતો અને કેસર તરફ હવે પારાવાર સહાનુભૂતિ ઊભરાતી રહી.

થોડી વાર સુધી એ જ સહાનુભૂતિના સમુદ્રમાં ડૂબકીઓ ખાધા પછી નેહાએ થોડા સ્વસ્થ થઈને વિચારવા માંડ્યું. એને લાગ્યું કે પોતે સોમલ સાથે જે રીતે વર્તી એ બરાબર નહોતું. એક વાર સોમલ ખોટો પણ હોય

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તોયે એ મિત્ર છે... સ્કૂલનો દોસ્ત છે. એને મારે જરૂર છે અને મારે એની પાસે જવું જોઈએ... એમ વિચારીને નેહા ઘરમાંથી બહાર નીકળી.

આ તરફ સોમલ અને આરોહી હજીયે કારપેટ પર એકબીજાના બાહુપાશમાં લપેટાયેલા આંખો મીંચીને પડ્યાં હતાં... સોમલના પલંગ પરથી ખેંચી લીધેલો ચિત્તાની ચામડીની ડિઝાઇન ધરાવતો બ્લેન્કેટ બંનેનાં શરીર પર ફેલાયેલો હતો. સોમલના પહોળા ખભા પર માથું ટેકવીને ઊંડા શ્વાસ લઈ રહેલી આરોહીએ મીંચેલી આંખે જ સોમલને કહ્યું:

'મને ખાતરી હતી કે તું મારી પાસે પાછો આવીશ.'

'જીતી ગઈને તું?'

'મૂરખ, પ્રેમમાં હાર-જીત નથી હોતી. ફક્ત પ્રેમ હોય છે.'

'આરોહી, જે કંઈ થયું છે એ ક્ષણિક આવેગમાં બની ગયું છે. એને પ્રેમ માની લેવાની ભૂલ નહીં કરતી. કેસર સાથેનાં લગ્ન પછી પ્રેમમાંથી મારો વિશ્વાસ ઊઠી ગયો છે.'

'એ તારી ભૂલ હતી.'

એણે સોમલના ગાલ પર ચૂમી ભરી:

'તારાં લગ્નના સમાચાર મળ્યા પછી પણ મને ખાતરી હતી કે તું મારો જ છે.'

'આઇ એમ સોરી...' સોમલના આંગળીઓ આરોહીના લીસ્સા વાળમાં ફરવા લાગી:

'હું તને કોઈ વચન નથી આપતો.'

'મારે કોઈ વચન જોઈતું પણ નથી.' આરોહીની આંખો સહેજ ભીની થઈ ગઈ:

'એક વાર જીદ કરીને તને ગુમાવી ચૂકી છું. બીજી વાર એ નથી થવા દેવું મારે.'

'પ્રેમ નામની કોઈ વસ્તુ હોતી જ નથી, આરોહી... બે વ્યક્તિઓ વચ્ચે એક ફિઝિકલ કેમિસ્ટ્રી હોય છે. શારીરિક રસાયણ. એ કામ કરે તો બે વ્યક્તિઓ નજીક આવે છે...'

એણે ઊંડો શ્વાસ લીધો:

'એકબીજાનું સન્માન કરી શકતી, એકબીજાને સમજી શકતી અને સાચું બોલી શકતી બે વ્યક્તિઓ લાંબો સમય સુધી આ ફિઝિકલ કેમિસ્ટ્રીને ટકાવી શકે છે. બાકી ધીમેધીમે બરફની જેમ બધું ઓગળી જાય છે.'

'હું તારી વાત નથી માનતી. પ્રેમનું અસ્તિત્વ છે જ... સોલમેટ–આત્માથી જોડાયેલી બે વ્યક્તિઓ દુનિયામાં ગમે ત્યાં હોય, પણ આખરે એકબીજાને મળે છે. વિધિના લેખ મિથ્યા થતા નથી. ઈશ્વર બે ભાગમાં પ્રેમનું સર્જન કરે છે અને બંને ભાગને છૂટાછૂટા વહેતા મૂકે છે... એક જ તત્ત્વના બે ટુકડા આખરે એકબીજાને શોધી લે છે.'

'શટઅપ. આવી સ્ટુપીડ થિયરી મને નહીં સમજાવતી.'

સોમલ આગળ કંઈ બોલે એ પહેલાં આરોહીએ ફરી એક વાર એની આસપાસ હાથ લપેટ્યો અને સોમલની કાયા પાસે એકદમ નજીક સરકી આવી.

'આ સ્ટુપીડ થિયરી નથી. હમણાં થોડીક ક્ષણો પહેલાં સાબિત થયેલું સત્ય છે.'

સોમલ કંઈ જવાબ આપે એ પહેલાં એના રૂમનો દરવાજો ખૂલ્યો. બંને જણાએ ચોંકીને દરવાજા તરફ જોયું તો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બારસાખની બિલકુલ વચ્ચે જાણે ફ્રેમમાં મઢી લીધી હોય એમ નેહા ઊભી હતી.

'સોમલ!!' નેહાનો અવાજ ધ્રૂજ્યોઃ

'હજી તો કેસરના અગ્નિસંસ્કાર નથી પત્યા ને તું...'

'એક મિનિટ... મારી વાત સાંભળ.'

સોમલ ઊભો થવા ગયો. પછી એને પોતાની સ્થિતિનો ખ્યાલ આવ્યોઃ

'તું એક મિનિટ દરવાજો બંધ કર... લેટ મી એક્સપ્લેઇન...'

'શું સમજાવીશ તું મને? જે દેખાય છે તે ખોટું છે? એક તરફ તારી પરણેલી પત્નીએ આપઘાત કર્યો છે, તું એની ચિતાને અગ્નિદાહ દેવા પણ ગયો નથી. મને ફોન કરીને કહે છે કે તું દુઃખી છે. એ પછીની થોડીક જ મિનિટોમાં તું કોઈ બીજી સ્ત્રી સાથે... હવે ખરેખર આપણે એકબીજાને કહેવા કે સાંભળવાનું રહેતું નથી. હું જાઉં છું.'

ગુસ્સાથી ધ્રૂજતી નેહા જવા માટે પીઠ ફેરવે એ પહેલાં સોમલ બોલી ઊઠ્યો.

'પ્લીઝ નેહા, આવી રીતે નહીં જા.'

'સોમલ, આજે અને હમણાં તો મારાથી કોઈ વાત નહીં જ થાય...' એણે અણગમાથી આરોહી સામે જોયુંઃ

'અને આની હાજરીમાં શું વાત કરીશું આપણે?'

એણે ધડાકા સાથે દરવાજો બંધ કર્યો. પછી બીજી જ ક્ષણે ફરી ખોલ્યોઃ

'તારાં મોમ અને ડૅડ આવે ત્યારે તમે બંને આ સ્થિતિમાં પડ્યાં ન રહો તો સારું... પછી જેવી તારી ઇચ્છા.'

આટલું કહી નેહા દરવાજો પછાડીને ચાલી ગઈ.

થોડીક ક્ષણ રૂમમાં એટલી બધી સ્તબ્ધતા વ્યાપી ગઈ કે આરોહીને ગૂંગળામણ થવા લાગીઃ

'કમોન, સોમલ... આટલું બધું ખરાબ લગાડવાની જરૂર નથી. નેહાને હું પહેલેથી જ નથી ગમતી.'

'એ સાવ ખોટી નથી...' સોમલ અપરાધના ભાવથી કચડાવા લાગ્યો. થોડીક ક્ષણ પહેલાંની એની સ્વસ્થતામાં ફરી તિરાડો પડવા માંડી.

એ ઊભો થઈ ગયો. એણે ઘડિયાળમાં જોયુંઃ

'મારી મોમ અને ડૅડ આવતાં હશે. પ્લીઝ, હું નથી ઇચ્છતો કે મારા ઘરમાં એક નવી સમસ્યા જાગે.'

આરોહી ઊભી થઈ. બાથરૂમમાં જઈને એણે ચહેરો ધોયો. વ્યવસ્થિત કપડાં પહેરીને એ બહાર આવી પછી સોમલે ઇન્ટરકોમ પર ચા મગાવી. બંને જણા ચા પીતાં હતાં ત્યારે સોમલે ધાર્યું હતું એમ જ, શ્વેતા દાખલ થઈ...

રડી રડીને એની આંખો લાલ થઈ ગઈ હતી. ચહેરો સાવ ફિક્કો પડી ગયો હતો. રૂમમાં દાખલ થઈને એ કંઈ બોલે એ પહેલાં એણે આરોહીને જોઈ. એ કંઈ બીજું જ કહેવા આવી હતી, પણ આરોહીને જોઈને એણે વાત બદલી નાખીઃ

'તારા ડૅડનો મૂડ બહુ ખરાબ છે. ફ્રી થાય તો થોડી વાર એમની પાસે બેસજે.'

આરોહીના આવ્યા પછી સોમલે ટેલિવિઝન નહોતું જોયું. એટલે મીડિયાએ પ્રસારિત કરેલા દેવરાજસિંહ અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નિખિલ શ્રોફના યુદ્ધ વિશે એને જાણ નહોતી.

આરોહીની સામે સ્મિત કરવાનું પણ શ્વેતાને જરૂરી ન લાગ્યું. હકીકતમાં એને આરોહીની હાજરી ખૂંચી. અત્યારે આ ક્ષણે આરોહીએ અહીંયાં શા માટે આવવું જોઈએ?

શ્વેતાથી કહેવાઈ જ ગયું

'તારા ડેડ આરોહીને ત્યાં જોશે તો કદાચ...'

એણે વાક્ય પૂરું ના કર્યું. બે-ચાર ક્ષણ ત્યાં ઊભી રહીને શ્વેતા રૂમની બહાર નીકળી ગઈ.

'મમ્મીએ મને હેલો પણ ના કહ્યું.' આરોહીએ તરત જ ફરિયાદ કરી.

'તું પણ ક્યાં બોલી?'

'હું બોલું ને એ જવાબ ના આપે તો મને વધારે ખરાબ લાગે. એમણે મને જોઈ તો...'

'મને લાગે છે આ બધી ચર્ચા માટેનો આ સમય નથી.' સોમલ ઊભો થઈ ગયો:

'તારે જવું જોઈએ.'

'વાહ! હવે મારી જરૂર પણ શી છે?'

'હવે? કહેવા શું માગે છે?'

'આનાથી વધારે ચોખ્ખું કહીશ તો સાંભળી નહીં શકે તું...' આરોહી પણ ઊભી થઈ ગઈ:

'મને હતું કે પાંચ વર્ષના વિયોગમાં અને કેસરના અનુભવ પછી તું બદલાયો હોઈશ, પણ તારા માટે સ્ત્રી એક સાધન છે. મોજમજા કરવાનું... તારું ફ્રસ્ટ્રેશન કાઢી નાખવાનું એક ખૂબસૂરત સાધન. તું પણ એક શ્રોફ જ છે, એ જ રહેવાનો.'

'એક થપ્પડ મારું...' સોમલને લાગ્યું કે સાચે જ એનો કાબૂ જતો રહેશે:

'તું પ્લીઝ, અત્યારે જતી રહે.'

'જાઉં છું, પણ એક વાત યાદ રાખજે, તને મારી જરૂર પડશે... ફરી ફરીને તારે જ મને બોલાવવી પડશે.'

સેન્ડલમાં પગ નાખીને બક્કલ પણ બંધ કર્યા વિના એ સડસડાટ ફોયર વટાવી, દાદરો ઊતરીને ડ્રોઇંગરૂમની બહાર નીકળી ગઈ.

*

ફરી એક વાર મોઢું ધોઈને, સ્વસ્થ થઈને સોમલ જ્યારે નિખિલ શ્રોફના રૂમમાં પ્રવેશ્યો ત્યારે શ્વેતા ત્યાં જ હતી. નિખિલ પોતાનું ડ્રિન્ક બનાવી રહ્યો હતો:

'સારું જ થયું તું ન આવ્યો.'

'તારા ડેડી અને દેવરાજસિંહ ઝાલા વચ્ચે ભયાનક ઝઘડો થયો.'

'એણે જોયો જ હશેને ટી.વી. પર.'

અત્યાર સુધીમાં નિખિલ પ્રમાણમાં સ્વસ્થ લાગતો હતો. ડ્રિન્કમાં આઇસ ક્યુબ્સ નાખીને એ પોતાની કાર્બુ ચેર પર ગોઠવાયો. સોમલે એની મા સામે જોયું. શ્વેતાએ આંખો નમાવીને કંઈ ન બોલવાનો ઇશારો કર્યો.

'અત્યાર સુધીમાં કેટલાય ફોન આવી ગયા છે. આખી બિલ્ડર લોબી આપણી સાથે છે. મિનિસ્ટર્સ પણ આપણી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મદદ કરવા તૈયાર છે. આઇ.એ.એસ. ઓફિસર્સ અને ડાયમંડ ક્રિગ્સ પણ કહે છે કે હવે તો નમતું નહીં જ જોખતા નિખિલભાઈ...'

એક ઘૂંટડામાં નિખિલે પેગ પૂરો કર્યો.

'હું તમને હાથ જોડું છું.'

'એ તો તારી ફરજ છે.' નિખિલે ગ્લાસ પત્ની તરફ લંબાવ્યો:

'બીજું ડ્રિન્ક બનાવ.' પછી એણે સોમલ સામે જોયું:

'મારે તને પૂછવાનું છે. ગામ આખું તો મારી સાથે છે, પણ મારો સગો દીકરો છે કે નહીં?'

સોમલ પિતા સામે જોઈ રહ્યો...

અત્યાર સુધી એ ફક્ત પોતાની જાત સાથે યુદ્ધ કરતો હતો. હવે રણે ચડેલા પિતાની સાથે રહેવું કે ઘરને પણ યુદ્ધના મેદાનમાં ફેરવી નાખવું એ એને સમજાયું નહીં.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 25

'મૂરખ છે તું. કોના પર ભરોસો કરે છે? નિખિલ શ્રોફ પર? એ માણસ સગા દીકરાનેય ડંખવાની તક મળે તો છોડે એવો નથી અને તું માને છે કે એ તારી સાથે રહેશે?'

વ્હિસ્કીની અડધી બોટલ ખાલી થઈ ચૂકી હતી. સુધીરના મઢ આઈલેન્ડના બંગલા પર ગુલાબસિંહ, વનરાજસિંહ, સુધીર હવે આગળ શું એ વિશે એકબીજાની સાથે ચર્ચા કરી રહ્યા હતા.

અભિમન્યુ દૃઢપણે માનતો હતો કે નિખિલ શ્રોફ એની મદદ કરશે. પિતાની વિરુદ્ધ એણે માંડેલા મોરચામાં નિખિલ એનો સેનાપતિ બની રહેશે. સુધીર આ વાતનો વિરોધ કરી રહ્યો હતો. એ માનતો હતો કે પિતા સામે યુદ્ધ કરાય જ નહીં, છતાં જો થઈ જાય તો નિખિલ શ્રોફના ભરોસે એક ડગલું પણ આગળ મંડાય નહીં.

'હું મૂરખ નથી, તું મૂરખ છે... આ યુદ્ધ કેટલું લાંબું ચાલશે એની તને કલ્પના નથી. જ્યાં સુધી આ બધું જ મારા હાથમાં ન આવી જાય ત્યાં સુધી લડવાનું છે મારે.'

'તું નહીં લડે તો પણ બધું તારા જ હાથમાં આવવાનું છે.'

'તું નથી ઓળખતો દેવલાને...'

ગુલાબસિંહની આંખો લાલ થઈ ગઈ હતી. એમની મૂછો ઉપર વ્હિસ્કીનાં ટીપાં ચોંટ્યાં હતાં. હાથ ફેરવીને એમણે વ્હિસ્કી લૂછી:

'એનું મગજ ફરે તો...'

'હું એ જ કહું છું. મગજ ફરે એવું કરવું જ શું કામ? તારા પિતા છે. પ્રેમથી રહે...'

'પ્રેમ બંને પક્ષે હોવો જોઈએ, બેટા.'

ગુલાબસિંહ ઇચ્છતા હતા કે કોઈ પણ સંજોગોમાં સુધીર મિત્ર રૂપે અભિમન્યુની સાથે રહે. એ અભિમન્યુની ઉતાવળ અને ઉશ્કેરાટ બંને ઓળખતા હતા. સુધીર જેવો એક ઠરેલ-સમજદાર માણસ આ પરિસ્થિતિમાં અભિમન્યુની સાથે હોય તો જ બધું સમેસૂતરે પાર ઊતરશે.

'દાદાજી, ખરેખર તો તમારે અભિને રોકવો જોઈએ. એને બદલે તમે એને ઉશ્કેરો છો. જે પરિસ્થિતિમાં તમે લાશ ખરીદી એ વાતનો જો નાનકડો પણ સગડ મળે તો તમે બંને જેલભેગા થઈ જશો... સાચું સમજાવવા કે દેખાડવાને બદલે તમે એને...'

'જો સુધીર, અમે જે કંઈ કર્યું છે એ સમજી-વિચારીને કર્યું છે. મારે ભાષણ નથી જોઈતું. આજની મિટિંગનો એકમાત્ર સવાલ છે કે તું મારી સાથે છે અથવા નથી... ચોખ્ખી વાત કર એટલે અમને સમજ પડે.'

હંમેશની જેમ અભિમન્યુ ફરી એક વાર ઉશ્કેરાઈ ગયો.

'સાચું કહું તો હું આવાં કૌટુંબિક યુદ્ધોમાં પડવા નથી માગતો. નાનો માણસ છું. નિખિલ શ્રોફની સામે પડવાની તાકાત નથી મારામાં.'

'સામે ક્યાં પડવાનું છે, નિખિલ શ્રોફ આપણી સાથે છે.'

'હું નથી માનતો...'

એ પછીની થોડીક ક્ષણ ઓરડામાં વજનદાર શાંતિ છવાયેલી રહી. ગ્લાસ સાથે બરફના ટુકડા અથડાવાનો અવાજ, એ.સી.ની ઘરઘરાટી સિવાય સાવ ચુપકીદી પથરાયેલી રહી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઠીક છે, મને તારો જવાબ મળી ગયો છે.’ અભિમન્યુ ઊભો થઈ ગયો.

ગુલાબસિંહ હજી બેઠેલા જ હતા. એમના પેટનું પાણીયે હાલ્યું નહોતું. સાવ ચૂપચાપ બેસીને શરાબ પી રહેલા વનરાજસિંહ સામે જોઈને એમણે સ્મિત કર્યું:

‘ભર્યે ભાણે ઊભો થઈ જાય એને શું કહેવાય?’

‘નસીબનો કાણો, બીજું શું?’

ગુલાબસિંહે હવે સૂચક નજરે સુધીર તરફ જોયું:

‘હજીયે વિચાર કરી લે બેટા, ક્યાંક એવું ન થાય કે પછીથી...’

‘નહીં થાય.’

ગુલાબસિંહનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ સુધીરે કહી નાખ્યું. સાચું પૂછો તો આ મિટિંગ કરવાની એની ઇચ્છા જ નહોતી. ગુલાબસિંહે ઉપરાઉપરી ત્રણ ફોન કર્યા એટલે એણે પોતાના મઢ આઇલેન્ડના ઘરમાં આ બધું ગોઠવ્યું. એ ત્રણેય અહીં આવ્યા એ પહેલાંથી જ નક્કી હતું કે પોતે એમની સાથે જોડાવાનો નથી.

‘ભલે. તો પછી અમારે કાંઈ કહેવાનું નથી.’

ગ્લાસમાં પડેલા દારૂનો છેલ્લો ઘૂંટ લઈને નાછૂટકે ગુલાબસિંહ પણ ઊભા થયા. વનરાજસિંહના ખભે ટેકો દઈને એ ધીમે ધીમે બહાર નીકળ્યા. અભિમન્યુની ગાડીમાં ગોઠવાયા

એ ત્રણેયને વિદાય કરીને જ્યારે ઘરમાં પાછો ફર્યો પછી એનું મગજ કામે લાગ્યું. એ દેવરાજસિંહને અંગત રીતે જાણતો હતો. બાપ-દીકરો બંને એકસરખા ગરમ મિજાજના હતા. એ સાચું, પણ દેવરાજસિંહ ભલા માણસ હતા. એમણે ક્યારેય કોઈનું નુકસાન કર્યું નહોતું. બિઝનેસના બજારમાં એમના માટે હંમેશાં સન્માનપૂર્વક વાતચીત થતી સાંભળી હતી.

એણે થોડી વાર વિચાર્યું. પછી સેલફોન ઉઠાવીને એક નંબર ડાયલ કર્યો:

‘સુધીર વાત કરું છું.’

‘બોલો.’

‘ટૂંકા ગાળામાં પરિસ્થિતિ બદલાવાની છે. બાપ-દીકરો સામસામે થઈ જશે. નિખિલ એમની સાથે છે એમ દીકરો હમણાં માને છે.’

સામેથી ખડખડાટ હસવાનો એક અવાજ આવ્યો:

‘આપણા માટે પાક લણવાનો સમય છે. બંને તરફથી કમાઈ લેવાનું.’

‘એટલું સહેલું નથી, મનોજ... બંને હોશિયાર છે. સાવધ રહેવું પડશે.’

‘સમજું છું.’

મનોજ ચાવલા એક જ માણસ હતો, જેના પર દેવરાજસિંહ આંખો મીંચીને ભરોસો કરતા. દેવરાજસિંહની કંપનીમાં નિર્ણય લેવાની સ્વતંત્રતા હતી. દેવરાજસિંહ જો એક વાર કામ સોંપે તો સામેના માણસ પર આંખ મીંચીને વિશ્વાસ કરતા... એમાંય મનોજ ચાવલા એમના અંગત વિશ્વાસુઓમાંનો એક હતો.

સુધીરે ધીમે ધીમે મનોજ સાથે દોસ્તી કેળવી હતી. એ સુધીરને બધી ઇનસાઇડ ઇન્ફર્મેશન–અંદરની માહિતી આપતો. જૂહુ પ્રોજેક્ટ અભરાઈએ ચડ્યો ત્યારથી સુધીરની દાઢ સળકી હતી. આ બે બિલાડીની લડાઈમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ત્રીજા વાંદરાની જેમ એને પોતાની રોટલી શેકી લે તો એમાં ખોટું શું હતું?

મિડલ ક્લાસમાંથી આવેલા સુધીરને કોઈ પણ હિસાબે બિલ્ડર બનવું હતું. એણે અભિમન્યુ સાથે પાર્ટનરશિપ કરવાનો પ્રયાસ કરી જોયો હતો, પરંતુ દેવરાજસિંહે એને દાદ દીધી નહોતી.

હવે આ બે બાપ-દીકરા સામસામે ઊભા રહી ગયા હતા ત્યારે બંને તરફથી સમાધાન કરાવી આપવાનો પ્રયત્ન કરીને એ બંનેનો વહાલો થવા માગતો હતો. એનો ઇરાદો ખોટો નહોતો... જોકે આ પ્રવૃત્તિમાં એ પોતાને પણ લાભ મળી રહે એ માટે સજાગ હતો.

આ તરફ, સુધીરને ત્યાંથી નીકળીને ત્રણેય વચ્ચે ગરમાગરમ ચર્ચા થતી રહી. ગુલાબસિંહ હજી પણ માનતા હતા કે આ મિશન સુધીર વિના પાર પાડવું અઘરું છે. અભિમન્યુ સુધીરને ફેંકીને આગળ વધી જવા માગતો હતો. વનરાજસિંહ નશામાં હતા, પરંતુ એમનો રાજપૂતી મિજાજ રંગ બતાવી રહ્યો હતો. ભત્રીજાની સાથે મળીને એ પણ પિતાને સમજાવી રહ્યા હતા કે કોઈ એક માણસના નહીં હોવાથી આ યુદ્ધ અટકી નહીં પડે.

ત્રણેય ઘરે પહોંચ્યા ત્યારે એમના મહાઆશ્ચર્ય વચ્ચે દેવરાજસિંહ જાગતા હતા. ત્રણેયને ચારસો ચાળીસ વોલ્ટનો આંચકો લાગ્યો. પિતાને શરાબ નહીં પીવાનું વચન આપી ચૂકેલો અભિમન્યુ શિયાંવિયાં થઈ ગયો.

'ક્યાં હતા તમે ત્રણે?'

'બસ, અહીં સુધી...'

'અમે આંટો મારવા...'

દેવરાજસિંહની આંખો ત્રણેયના ચહેરા પર ફરી વળી:

'તમે ત્રણેય પીને આવ્યા છો. અભિ, તેં મને વચન આપ્યું હતું કે...'

'ભૂલ થઈ ગઈ, બાપુ... મારું મન બહુ ગૂંગળાતું હતું. નિખિલ આજે જે કંઈ કરી ગયો એ પછી મને મરવા જેવું લાગ્યું.'

'દેવલા, આપણે અંદર અંદર કપાઈ મરીએ, પણ પારકો માણસ આંગળી ચીંધી જાયને એ ન પોસાય.'

ગુલાબસિંહે પણ પુત્રની સહાનુભૂતિ જીતવાનો પ્રયત્ન કર્યો:

'એ કરોડપતિ હોય તો એને ઘેર, તારા ઘરમાં ઊભો રહીને તારી સામે ગમે તેમ બોલે એનાથી મારુંયે લોહી ઊકળી ઊઠ્યું હતું.'

'શરાબ પીવાથી લોહી ઠરી જશે?'

'ના બાપુ, ઊલટાનું મગજ ઓર ચાલવા માંડ્યું છે. એક વાર તો એવો વિચાર આવ્યો કે જઈને ઉતારી દઉં છ ગોળી નિખિલના પેટમાં. શું થશે? જેલમાં જઈશ એટલું જ ને?! પણ આપણું વેર તો...' અભિમન્યુએ ધીમે રહીને એક મહોરું આગળ ખસેડ્યું.

'અરે મારા દીકરા, એમ ઉશ્કેરાઈ જવાથી કંઈ ન થાય. મનેય ગુસ્સો તો આવ્યો જ છે, પણ હજી તારી બહેનની ચિતાય ઠરી નથી.' એમણે દાંત ભીંસ્યા, 'પણ હું એને છોડીશ નહીં.'

'બસ બાપુ, અમે એ જ વાત કરતા હતા.'

'તમે શું વિચાર્યું છે?'

'સૌથી પહેલાં તો આપણે એમને લીગલ નોટિસ મોકલવાની. એ જૂહુ પ્રોજેક્ટ અભરાઈએ ચડાવે એ પહેલાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આપણે સ્ટે લેવાનો...'

દેવરાજસિંહ અને ગુલાબસિંહ બંને નવાઈથી અભિમન્યુ સામે જોઈ રહ્યા. એ અત્યંત આત્મવિશ્વાસથી પોતાની વાત કહી રહ્યો હતો:

'બજારમાં એમ લાગે કે આપણો હાથ ઉપર છે. પ્રોજેક્ટ આપણે અટકાવ્યો છે, એમણે નહીં.'

'પછી?'

'પછી ધીમે ધીમે વાત વહેતી મૂકવાની કે નિખિલ શ્રોફ બેઈમાની કરે છે. અમારું નાક દબાવે છે મોઢું ખોલવા માટે.'

'ગુડ...' દેવરાજસિંહે પુત્રનો ખભો થાબડ્યો.

'આપણે કંઈ નહીં કરવું પડે બાપુ, એ જ આવશે આપણી પાસે સમાધાન કરવા. બૅન્કની લોન બંનેના નામે છે. આ જોઇન્ટ પ્રોજેક્ટ છે, બાપુ... આપણું સાઠ રૂપિયાનું નુકસાન થશે એ કબૂલ, પણ એણે ચાળીસથી હાથ ધોવા પડશે.'

દેવરાજસિંહ વિચારમાં પડી ગયા. પહેલી નજરે પ્લાન બરાબર લાગતો હતો.

બિચારા દેવરાજસિંહ જાણતા નહોતા કે પાંજરામાં લટકાવેલો ચીઝનો એવો લલચામણો ટુકડો હતો, જે ખાવાની લાલચ ઉંદર સપડાઈ જવાનો હતો.

*

સવારે ઊઠીને નાહી-ધોઈને પૂજા પતાવીને વિદ્યા જ્યારે તૈયાર થઈ ત્યારે એનાં મમ્મીએ પૂછ્યું:

'અત્યારમાં ક્યાં જાય છે?'

'એક ઇન્ટરવ્યૂ છે.'

'નોકરીનો?'

'ના, હજામતની દુકાનમાં.'

મા-દીકરી બંને હસી પડ્યાં. ઘણા દિવસે વિદ્યાનો મૂડ સારો હતો એ જોઈને એનાં મમ્મીને થોડી રાહત થઈ. સર્ટિફિકેટ વગેરે લઈને સાચે જ ઇન્ટરવ્યૂ આપવા જતી હોય એમ વિદ્યા ઘેરથી નીકળી ને સીધી લોખંડવાલા પહોંચી ગઈ. ત્યાં એક એસ્ટેટ એજન્ટની ઓફિસમાં પહોંચીને એણે વાત શરૂ કરી:

'વન બેડરૂમ, કિચન, હોલનું મકાન ભાડે જોઈએ છે.'

'અગિયાર મહિનાનું ભાડું ડિપોઝિટ.'

'ને ભાડું કેટલું?'

'વેલ ફર્નિશ્ડ ફ્લેટ છે. ભાડું ઓછામાં ઓછું ત્રીસ હજારથી એંસી હજાર સુધી... ઇલેક્ટ્રિસિટી અલગ... સાથે આઇ.ડી. પ્રૂફ આપવું પડશે.'

'રેન્ટ તો બરાબર છે, પણ આઇ.ડી. પ્રૂફ શાના માટે?'

'અરે મૅડમ, કંઈ આડુંતેડું થાય તો અમે ફસાઈ જઈએ. હવે લોખંડવાલામાં આઇ.ડી. પ્રૂફ વગર કોઈ મકાન નહીં આપે. મૅડમ, તમે તો જાણો છો, આજકાલ અંડરવર્લ્ડનાં, ટેરરિસ્ટનાં લફરાં કેટલાં છે? અગિયાર મહિનાનું લીઝ, ભાડાંની રસીદો અને આઇ.ડી. પ્રૂફ વગેરે વગેરે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવું પડે છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું ટ્રાય કરીશ.’

‘ટ્રાય કરવાની વાત નથી. એ વિના ફ્લેટ નહીં મળે.’

‘ઓ.કે...’

‘ચાલો, બતાવી દઉં.’

‘યુ મીન તમારી પાસે જગ્યા રેડી છે?’

‘એક નહીં, ત્રણ છે. તમે જોઈ લો. ગમે પછી રેન્ટની વાત ફાઇનલ કરીએ.’

‘ભાડેથી ફ્લેટ મારા માટે નથી જોઈતો. મારા એક દોસ્ત માટે જોઈએ છે.’

‘તો એણે જ આવવું પડે, મૅડમ.’

‘એ તો...’ વિદ્યાને ગૂંચવાયેલી જોઈને એજન્ટે ડ્રોઅરમાંથી બહાર કાઢેલી ચાવીઓ પાછી મૂકવા માંડી.

‘જ્યારે જોઈએ ત્યારે આવજો મૅડમ, બતાવી દઈશ. અમારી પાસે બે-ત્રણ ફ્લેટ રેડી જ હોય છે.’

‘પણ મારે તો સાંજ સુધીમાં ફાઇનલ કરવાનું છે.’

‘પોસિબલ નથી, મૅડમ.’ એજન્ટને આખી વાતમાંથી રસ ઊડી ગયો.

‘ઓ.કે...’ વિદ્યા નિરાશ થઈને ઊભી થઈ ગઈ.

અચાનક એજન્ટને વિચાર આવ્યો:

‘એક મિનિટ, મૅડમ... તમારે જ ફાઇનલ કરવાનું છે?’

વિદ્યાએ ડોકું હલાવીને હા પાડીય.

‘તો પછી તમારું આઇ.ડી. પ્રૂફ આપી દો. જગા તો તમે જ જોવાનાં છો ને?’

વિદ્યાએ ફરી ડોકું હલાવ્યું.

‘ફ્લેટમાલિક સાથે વાત કોણ કરશે?’

‘હું જ.’

‘બસ તો પછી... ફિકર શાની છે? ચાલો.’ આવેલો ગ્રાહક પાછો ન જવો જોઈએ એમ માનીને એજન્ટે ચાવીઓ બહાર કાઢી ત્યારે વિદ્યાને પણ સહેજ હાશ થઈ.

‘તમે મને જગ્યા બતાવશો?’

‘પૈસા કોણ આપશે?’

‘હું...’ કહ્યા પછી વિદ્યા સહેજ અચકાઈ, પણ એણે કહી જ નાખ્યું:

‘હું જ આપવાની છું.’

‘શું કરે છે તમારો દોસ્ત?’ એજન્ટની આંખો સહેજ ઝીણી થઈ.

‘એક્ટર બનવા માગે છે.’ દેશભરમાંથી કેટલાય લોકો ભાગીને મુંબઈ આવે છે એવું વિદ્યાએ સાંભળ્યું હતું, વાંચ્યું હતું એટલે એ જ વાત સામે ધરી દીધી.

એજન્ટ હસી પડ્યો. એને ખ્યાલ આવી ગયો કે આ ફ્લેટ માટે અગિયારમા મહિને નવો ભાડૂઆત શોધવો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પડશે.

વિદ્યાએ ત્રણેય ફ્લેટ જોઈ લીધા. હાઈપોઈન્ટ રેસ્ટોરાંથી અંદર જતી ગલીમાં છેક છેવાડાનું મકાન એને ગમ્યું. પ્રમાણમાં અહીં અવરજવર ઓછી હતી. ફ્લેટ પણ ચોથે માળે, ખૂણાનો. એની બાલ્કની પણ પાછળની બાજુ પડતી હતી એટલે મેઇન ટ્રાફિક સાથે જાણે આ ફ્લેટને કોઈ લેવાદેવા જ નહોતી.

કેસરને જે પ્રકારના ઘરની જરૂર હતી એવો જ આ ફ્લેટ હતો. રસોડું પૂરેપૂરું ફર્નિશ્ડ હતું. ડ્રોઇંગરૂમ ખાલી હતો. બેડરૂમમાં બે ઇનબિલ્ટ આલમારી હતી. ફ્લેટમાં થોડું પેન્ટિંગ કરાવવું પડે એમ હતું, પણ ચાલે...

વિદ્યાએ ફ્લેટ પસંદ કરી લીધો. ઇન્ટરવ્યૂ માટે પોતાની સાથે લીધેલા પેપર્સમાંથી પાસપોર્ટની અને વોટર્સ કાર્ડની ફોટોકોપી એણે એજન્ટને આપી દીધી. ફ્લેટમાલિક સાથે મિટિંગ કરીને સાંજે અગિયાર મહિનાના ભાડાની રકમ આપવાનું નક્કી કરી લીધું.

એ ત્યાંથી નીકળી ત્યારે એનું હૃદય ધકધક કરતું હતું. આખી જિંદગીમાં એણે આવું કોઈ કામ ક્યારેય નહોતું કર્યું. માતાપિતાને પૂછ્યા વિના ઘરની બહાર પગ ન મુકાય એવા ઘરમાં ઊછરેલી વિદ્યાને અચાનક જ જાણે પાંખો ફૂટી આવી હોય એવી લાગણી થઈ. પોતે પણ કંઈક કરી શકે છે એ વિચાર જ એને માટે આત્મવિશ્વાસ પ્રેરનારો હતો. સતત ચોકી રાખતા નીલાંગથી નજર ચુકાવીને, મા-બાપ ન જાણે એવી રીતે કંઈક કર્યાની થ્રિલ એ અનુભવી રહી હતી.

ઘરે પહોંચી ત્યારે નીલાંગ ત્યાં જ બેઠો હતોઃ

'કેવો રહ્યો ઇન્ટરવ્યૂ?'

'સારો.'

'ક્યાં હતો?'

'લોખંડવાલા.'

'કઈ કંપનીમાં?'

'શર્મા એસ્ટેટ કન્સલ્ટન્ટ.' એણે સહેજ પણ વિચાર્યા વિના કહી નાખ્યું.

'કોલ લેટર ક્યાં છે?'

'એમણે પાછો લઈ લીધો, રેકોર્ડ માટે.' વિદ્યાએ પહેલાં થોડા ઇન્ટરવ્યૂઝ આપ્યા હતા, જેમાં એક જગ્યાએ એમનો કોલ લેટર લઈ લીધો હતો.

નીલાંગને હજીયે જાણે સંતોષ નહોતો થયોઃ

'જવાબ ક્યારે આવશે?'

'મને નથી ખબર.' વિદ્યાના અવાજમાં પહેલી વાર કંટાળો સ્પષ્ટ જણાઈ આવ્યો. નીલાંગ ડ્રોઇંગરૂમમાં બેઠો હતો તેમ છતાં એના પર ધ્યાન આપ્યા વિના એ પોતાના રૂમમાં ચાલી ગઈ.

'તમે જોયુંને મમ્મી, એ કઈ રીતે બોલે છે?'

નીલાંગ એની પાછળ પાછળ અડધે સુધી ગયો ને પછી રસોડામાં ઊભેલાં સાસુને ફરિયાદ કરી.

'એ થાકી ગઈ હશે, બેટા.'

'ઇન્ટરવ્યૂ આપતાં થાકી જાય છે તો નોકરી શું કરવાની?' નીલાંગે છણકો કર્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બેટા, લે ગરમ ગરમ ચા પી.’ સાસુએ જમાઈને ઠંડા પાડવાની કોશિશ કરી. બીજો કપ ચા લઈને એ વિદ્યાના રૂમમાં ગયાં:

‘તને હાથ જોડું, આવી રીતે વર્તીશ તો સગાઈ તોડી નાખશે.’

‘મમ્મી... એ તોડેને તો આપણે છૂટીએ.’

વિદ્યા પડખું ફરી ગઈ. આટલાં વર્ષોમાં પહેલી વાર એણે માને સામે જવાબ આપ્યો. એની મમ્મી પણ બે ક્ષણ ડઘાઈને એને જોતી રહી. પછી ચા મૂકીને બહાર નીકળી ગઈ.

વિદ્યાએ હવે રાહ હતી કેસરના ફોનની...

બહાર બેઠેલો નીલાંગ ક્યાંય સુધી ટેલિવિઝન જોવાનો ડોળ કરતો વિદ્યાની રાહ જોતો રહ્યો. પછી કંટાળીને અંદર ગયો ત્યારે વિદ્યા સૂતી હતી.

‘હું નીકળું છું. વિદ્યા તો ઊંઘી ગઈ છે.’

‘ખોટું નહીં લગાડતા. ખરેખર થાકી ગઈ હશે. કાલે બહુ રડી છે.’

‘પેલી કેસર ગઈ એટલી ઓછી... એને માટે રડવા જેવું કંઈ હતું જ નહીં. હું તો કહું છું કે છૂટી તમારી દીકરી. બાકી એ કેસર એની જિંદગી બરબાદ કરી નાખત.’ બારણું પછાડીને નીલાંગ દાદરો ઊતરી ગયો.

દરવાજો બંધ થવાનો અવાજ આવ્યો કે તરત વિદ્યા ઊઠીને બહાર આવી: ‘ગયો?’

‘હાય હાય... તું જાગતી હતી?’

‘હાસ્તો. સંધ્યાકાળે કોઈ ઊંઘે?’

‘તો પછી બિચારાને...’

‘કોઈ બિચારું નથી. મને પણ થોડી શાંતિ ગમે છે. તારા જમાઈએ પોલીસખાતામાં નોકરી કરવી જોઈએ. ભૂલમાં સોફ્ટવેર એન્જિનિયર થઈ ગયો.’

વિદ્યાએ ડબો ખોલીને શિંગ ફાકવા માંડી:

‘ક્યાંક નોકરી કરતો હોતને તોય શાંતિ રહેત... પોતાનો બિઝનેસ છે એટલે ગમે ત્યારે લેપટોપ લઈને પહોંચી જાય છે.’

‘ધીમે બોલ...’ એની માએ વિદ્યાના માથામાં ટપલી મારી:

‘શું થયું છે તને?’

‘કંઈ નહીં. હું આજે બહુ ખુશ છું, મમ્મી.’ વિદ્યાએ માને બાથમાં લઈ લીધી.

સાંજે લગભગ સાડા છ વાગ્યે વિદ્યાનો સેલફોન રણક્યો. એણે ફોન ઉપાડ્યો. ફોન લઈને એ અંદરના રૂમમાં ચાલી ગઈ. એની મમ્મીને નવાઈ લાગી. વિદ્યા ભાગ્યે જ આવી રીતે ફોન લઈને કોઈ બીજા રૂમમાં ચાલી જતી. એ નીલાંગ સાથે પણ એનાં માતાપિતાની હાજરીમાં વાત કરતી. ફક્ત કેસરનો ફોન આવે ત્યારે જ વિદ્યા એકાંત શોધવાનો પ્રયાસ કરતી.

એની મમ્મીને એક વાર વિચાર આવ્યો કે એ વિદ્યાની પાછળ જાય. પણ પછી એ અટકી ગયાં.

‘તારા ફ્લેટનું ફાઇનલ થઈ ગયું.’ વિદ્યાએ ખુશખુશાલ થઈને સમાચાર આપ્યા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઓ.કે. હું પૈસા ક્યાં પહોંચાડું?’

‘તું શર્મા એસ્ટેટ કન્સલ્ટન્ટમાં પૈસા આપી આવ.’

એણે કેસરને બધું જ સમજાવ્યું, પણ કેસર એકલી જવા તૈયાર નહોતી. એને લાગતું હતું કે બધી ડીલ જો વિદ્યાએ કરી હોય તો પૈસા આપવા વિદ્યા સાથે આવે એ જ સારું.

સવારના અનુભવ પછી વિદ્યાની હિંમત ખૂલી હતી.

એ બહાર આવી: ‘મમ્મી, હું હમણાં આવું છું.’

‘ફરી ક્યાં જાય છે?’

‘મારી ફાઇલ ભૂલી ગઈ છું. લોખંડવાલા જઈને આવું.’

‘નીલાંગ આવશે તો?’ વિદ્યાનું આખું કુટુંબ નીલાંગના મિજાજથી ફફડતું રહેતું.

‘આવે તો કહેજે કે ફાઇલ લેવા ગઈ છે... કંઈ ચોરી કરવા નથી જતી. એ આવી ગયો હોત તો એની સાથે જ જાત, પણ છનછન કરીને ગયો છે એટલે કદાચ ન યે આવે.’

મમ્મી આગળ ચર્ચા કરે એ પહેલાં જ વિદ્યા બહાર નીકળી ગઈ.

રિક્ષા લઈને એ સીધી શર્મા એસ્ટેટ કન્સલ્ટન્ટ પહોંચી ગઈ.

ઓફિસની બહાર જ પુરુષના કપડાંમાં ઊભેલી કેસરને એણે ઓળખી પણ નહીં. ઓફિસની અંદર કેસરને ન જોતાં એ ફરી બહાર આવી. કેસરને શોધવા લાગી. ચેક્સનું શર્ટ પહેરેલા એક છોકરાએ એના ખભે ટપલી મારી. વિદ્યા મગજ ગુમાવીને હજી એને કંઈ કહે તે પહેલાં એના ચહેરા સામે જોતાં જ આછા અંધારામાં એણે કેસરને ઓળખી કાઢી.

‘હાઈલ્લા... આ શું કર્યું છે?’

‘તેં પણ ન ઓળખી ને? બસ તો પછી...’

‘પણ કેસર...’

‘જો વિદ્યા, મારે આ શહેરમાં રહેવું હશે તો આમ જ રહેવું પડશે. આપણે પછી વાત કરીશું. પહેલાં પૈસા આપી દઈએ.’

બંનેએ અંદર જઈને પૈસાની લેવડ-દેવડ પૂરી કરી. એજન્ટે તૈયાર રાખેલા લીઝ પેપર્સ પર વિદ્યાએ સહીઓ કરી નાખી.

બંને બહાર આવ્યાં ત્યારે જાણે જંગ જીતી ગયાં હોય એમ એકબીજાને હાથ પકડીને લોખંડવાલા માર્કેટમાં ક્યાંય સુધી ફરતાં રહ્યાં.

પાણીપૂરી ખાધી. આઇસ્ક્રીમ ખાઈને પાછા શર્મા કન્સલ્ટન્ટની ઓફિસે પહોંચ્યા. ત્યાં મૂકેલો કેસરનો સામાન લઈ બહાર નીકળ્યા.

વિદ્યા રિક્ષામાં બેસે તે પહેલાં કેસરે એને પોતાની બાથમાં લઈ લીધી. બંને સહેલીઓ આનંદથી એકબીજાને ભેટી ત્યારે એમને કલ્પના પણ નહોતી કે દૂર ઊભેલો નીલાંગ બંનેને જોઈ રહ્યો હતો.

ખુશખુશાલ વિદ્યાને કલ્પના પણ નહોતી કે શંકાશીલ નીલાંગ એના ઘરેથી નીકળીને ગાડી લઈને સીધો લોખંડવાલા પહોંચ્યો હતો. ગાડી માર્કેટની બહાર રીધમ રેસ્ટોરાં પાસે પાર્ક કરી, પગે ચાલીને એણે શર્મા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એસ્ટેટ કન્સલ્ટન્ટ શોધી કાઢ્યું. પોતે વિદ્યાનો ફિયાન્સ છે અને એ જાણવા અહીં આવ્યો છે કે સવારે વિદ્યાએ જોબ માટે જે ઇન્ટરવ્યૂ આપ્યો છે તો એના સિલેક્શનની અમને ક્યારે ખબર પડશે?

એસ્ટેટ એજન્ટને નવાઈ લાગી. એણે કહ્યું: અહીં કોઈના ઇન્ટરવ્યૂ થયા નથી અને હા, વિદ્યા અહીં સવારે આવી હતી. એના કોઈ ફ્રેન્ડ માટે ફ્લેટ ભાડા પર લેવા!'

નીલાંગ ચક્કર ખાઈ ગયો, છતાં એણે મગજ ગુમાવ્યા વગર પેલા પાસેથી બાકીની માહિતી કઢાવી લીધી કે વિદ્યા સાંજે અહીં ફરી આવવાની છે. ફ્લેટની રેન્ટની બાકીની વિધિ પતાવવા!

આટલું જાણ્યા પછી એ સીધો મારતી કારે પહોંચી ગયો વિદ્યાને ઘેર એની ઊલટતપાસ લેવા... વિદ્યા ઘરમાં નહોતી.

નીલાંગ તરત જ નીકળીને વિદ્યાની પાછળ લોખંડવાલા પહોંચી ગયો ત્યારે એણે વિદ્યાને શર્મા એસ્ટેટ કન્સલ્ટન્ટની ઓફિસમાંથી એક છોકરા સાથે બહાર નીકળતી જોઈ. નીલાંગ એમની પાછળ પાછળ ફર્યો. એ બંને હાથમાં હાથ નાખીને ફરતાં રહ્યાં... પાણી-પૂરી, આઇસ્ક્રીમ ખાતાં રહ્યાં અને નીલાંગ ગુસ્સાથી ફાટ ફાટ થતો આ બધું જોતો રહ્યો.

છેલ્લે રિક્ષામાં બેસતા પહેલાં વિદ્યાએ એને આલિંગન આપ્યું ત્યારે નીલાંગથી રહેવાયું નહીં. રસ્તો ક્રોસ કરીને એ સામે પહોંચી ગયો. વિદ્યા કંઈ સમજે કે વિચારે એ પહેલાં એણે રિક્ષામાંથી વિદ્યાને બહાર ખેંચીને ભરચક ટ્રાફિકવાળા રસ્તા પર એક તમાચો ઠોકી દીધો.

ડઘાયેલી કેસર અસહાય થઈને જોતી રહી.

'મને ખબર જ હતી કે તું એક નંબરની ચાલુ છે... સારું થયું આજે મેં બધું નજરે જોઈ લીધું.'

'એક મિનિટ... નીલાંગ, મારી પૂરી વાત તો સાંભળ...'

'હજી કંઈ કહેવા-સાંભળવાનું બાકી છે? આ માણસ માટે તેં ફ્લેટ રાખ્યો છે, તારી સાથે એ અહીં ઊભો છે. તું એને રસ્તાની વચ્ચોવચ્ચ ભેટે છે. હાથમાં હાથ નાખીને ફરે છે અને હજી તું ઇચ્છે કે હું તારી વાત સાંભળું? બેશરમ... હવે તો તને ચોટલો ઝાલીને તારાં મા-બાપ સામે લઈ જઈશ. તારા આખા બિલ્ડિંગની વચ્ચે તને બદનામ ન કરી નાખું તો મારું નામ...'

'જો આ બધું બરાબર નથી થતું.' કેસરે વચ્ચે પડવાનો પ્રયાસ કરી જોયો.

'તું તો ચૂપ જ રહેજે. અત્યારે હું મારી થનારી પત્ની સાથે વાત કરું છું. તારી સાથેનો હિસાબ પછી પતાવીશ.'

'કોની થનારી પત્ની?'

વિદ્યામાં કોણ જાણે ક્યાંથી અચાનક જ હિંમત આવી હોય એમ આસપાસ એકઠા થઈ ગયેલા ટોળાની વચ્ચે એણે ત્રાડ નાખી:

'ભરરસ્તા પર તમાચો માર્યા પછી હું તને પરણીશ એવું તને લાગે છે? હું તારી પત્ની છું નહીં... અને હા, કોઈ વાત જાણ્યા-સાંભળ્યા વિના જે માણસ મારા પર આ હદ સુધી શંકા કરે એની સાથે લગ્ન કરું એટલી મૂરખ નથી હું!'

'તું કહેવા શું માગે છે?'

'ગુજરાતી નથી આવડતું? હું તારી સાથે પરણવાની જ નથી!'

'આ જ વાત તારાં મા-બાપની સામે કહી દે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કહીશ... ગમે તેની સામે કહી દઈશ... હું કોઈનાથી ડરતી નથી.’

વિદ્યાનું આ સ્વરૂપ જોઈને કેસર અવાક્ થઈ ગઈ.

‘ઓ.કે... તું આવ ઘરે, પછી જો તારી શું વલે કરું છું!’ આટલું કહી ધૂંવાંપૂવાં થતો નીલાંગ એની કારમાં બેસી ગયો.

‘ચલો... ચલો... હવે!’ કહીને કેસરે એકઠા થયેલા ટોળાને વિખેર્યું પછી કેસરે વિદ્યાની આંખોમાં જોયું:

‘તને ખબર છે, વિદ્યા. તેં શું કર્યું એ?’

‘મારે આ બહુ પહેલાં કરવું જોઈતું હતું.’ વિદ્યા રડી પડી:

‘ત્રાસી ગઈ છું આ માણસથી.’ આની સાથે ન જિવાય!’

વિદ્યા રસ્તા પર અવરજવર કરતા ટ્રાફિકની વચ્ચે ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. એના ખભે હાથ ફેરવતી કેસર વિચારી રહી હતી:

પોતાની સમસ્યામાં અટવાઈને એણે સાવ અજાણતાં જ વધુ એક જિંદગીમાં સમસ્યા સર્જી દીધી અને ખુદ એક નવી ગૂંચવણમાં પ્રવેશી ગઈ હતી... હવે શું?

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 26

વિદ્યાને માંડ માંડ શાંત કરી ત્યાં તો શર્મા એસ્ટેટની ઓફિસમાંથી પેલો એજન્ટ બહાર આવ્યોઃ

'માફ કરજો, પણ આ ફ્લેટ તમને નહીં આપી શકું... મને પ્લીઝ, ચાવી પાછી આપી દો.'

'પણ મેં તો પૈસા આપી દીધા...તમને જોઈતા ડોક્યુમેન્ટ્સ આપ્યા પછી...'

'આ તમારા પેપર્સ ને આ તમારા પૈસા પાછા!' એજન્ટે બંને વસ્તુ કેસરની સામે ધર્યાં.

'પણ વાંધો શો છે?'

'હજી તો તમે રહેવા નથી ગયા ત્યાં આવડો મોટો જમેલો થયો. મારી ઓફિસની સામે મારામારી થઈ ગઈ ને તમે મને પૂછો છો, વાંધો શો છે?'

શર્માએ કેસરનો હાથ પકડીને બંને વસ્તુઓ એના હાથમાં થમાવી દીધીઃ

'મને માફ કરો ભાઈસા'બ, અમે તો ગુડવીલ પર ધંધો કરીએ છીએ. આ વિસ્તારમાં નામ છે મારું. આવા બધા જમેલા મને ન પોસાય.'

ડઘાયેલી કેસર એની સામે જોતી રહી. પછી એણે ખિસ્સામાંથી ચાવી કાઢીને એજન્ટના હાથમાં આપી.

'હવે આ વિસ્તારમાં બીજા કોઈ એજન્ટ પાસે પણ નહીં જતા. કોઈ તમને ફ્લેટ નહીં આપે.'

'તમે મારી વાત સાંભળો તો...'

'કહેવા-સાંભળવાનું પતી ગયું ભાઈ, હવે મને માફ કરો.'

જોરથી બે હાથ જોડીને એજન્ટ અંદર ચાલ્યો ગયો. એનું લાકડાનું બારણું ડોરક્લોઝરથી ધીમેધીમે બંધ થઈ ગયું.

વિદ્યા અને કેસર એકબીજા સામે જોતાં ઊભાં રહ્યાં.

'હવે?' વિદ્યાએ પૂછ્યું.

'આપણે તારા ઘરે જઈએ છીએ. હું તારી સાથે આવું છું.'

'ના કેસર, મારે ખાતર તું...' વિદ્યાએ એનું બાવડું પકડી લીધું.

'તારે ખાતર હું નહીં કરું તો મારે ખાતર તારે બલિદાન આપવું પડશે. બહુ લોકોને દુઃખી કર્યા છે મેં... તને દુઃખી થતી અટકાવી શકું...'

'કેસર, સાચું કહું તો હું દુઃખી નથી થઈ. હું આ જ ઇચ્છતી હતી.'

'એટલે? તું નીલાંગને પ્રેમ કરે છે.'

'એને પ્રેમ કહેવાય કે નહીં એ મને નથી ખબર. મને લાગતું હતું કે લગ્ન જ દરેક સ્ત્રીની સલામતી અને સુખનો રસ્તો છે. હવે આ ક્ષણે એવું નથી લાગતું.'

'તારાં મમ્મી-પપ્પા?'

'હું સમજાવીશ એમને.'

'એ નહીં સમજે. જે કંઈ થયું એનાથી દુઃખ થશે એમને. નીલાંગ સાથે સંબંધ તોડી નાખવાની વાત એમને નહીં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ગમે.'

વિદ્યાની આંખોમાં પહેલાં ક્યારેય નહીં જોયેલો આત્મવિશ્વાસ દેખાતો હતોઃ

'તું એક છોકરી થઈને આટલું બધું કરી શકે તો હું મારી જિંદગીનો સૌથી મહત્ત્વનો નિર્ણય કોઈ બીજાના ગમા-અણગમા પર આધારિત રહીને કેવી રીતે લઈ શકું?'

'જો, વિદ્યા... હું જે કાંઈ કરું છું એ મારી મરજીથી કરું છું એમ નહીં માનતી. એક ટનલમાં દાખલ થઈ ગઈ છું હું. વન-વે સ્ટ્રીટ પર જઈ રહી છું, જેમાં ફક્ત આગળની તરફ જવાય છે. જેમ જેમ આગળ જતી જાઉં છું તેમ તેમ પાછળનો રસ્તો બંધ થતો જાય છે...'

'મને તારી ખૂબ ચિંતા થાય છે, કેસર.'

'ને, મને તારી. મારે સાથે આવવું જ જોઈએ. નીલાંગ તારા ચારિત્ર્ય પર આક્ષેપ કરે એ કેમ ચલાવી લેવાય? હું સાચું કહીશ. તારાં મમ્મી-પપ્પા સામે સાચી કેસર...'

'તને મારા સોગંદ છે. એવું નહીં કરતી. એમ કરવા જઈશ તો તું ફરી પાછી ત્યાં જ પહોંચી જઈશ. નિખિલ શ્રોફના જહાન્નુમમાં.'

'હું નહીં આવું તો નીલાંગ તને ચાલુ સાબિત કરી દેશે.'

'ભલે કરે. એ બધું તું મારા પર છોડ...' વિદ્યાની આંખો હજીયે ભીની હતી, પણ એના ચહેરા પર સ્મિત આવ્યું.

કેસરે કમને વિદ્યાની રિક્ષાને જવાનો ઇશારો કર્યોઃ

'ઘરે પહોંચ વિદ્યા, પેલો માણસ ત્યાં પહોંચીને તારા માટે વધુ ગરબડ ઊભી કરે એ પહેલાં તું ત્યાં પહોંચી જા.'

'હા, પણ તું મારા કોન્ટેક્ટમાં રહેજે. હું તને ફોન નથી કરી શકતી એટલે...' રિક્ષામાં બેસતાં પહેલાં વિદ્યાએ કેસરના ગાલ પર હાથ મૂક્યોઃ

'મારી એક વાત માનીશ? તું માત્ર તારી માને જણાવી દે કે તું જીવે છે.'

એણે નામાં ડોકું ધુણાવ્યુંઃ 'જરાય નહીં.' કેસરની આંખો ભીની થઈઃ

'મેં એને ફોન કર્યો હતો, પણ એણે તો...'

'આખી જિંદગી એ દેવરાજકાકા સામે કશું બોલી નથી શક્યાં, એટલે હવે બોલે એવી આશા રાખવી નકામી છે, પણ એ અંદરથી તૂટી ગયાં છે.'

'ના વિદ્યા, મારી મા ભલે માની લે કે હું મરી ગઈ છું. આમ પણ હવે એ લોકો માટે હું મરેલી જ સારી છું.'

'ના કેસર, તું જીવે છે એટલું જાણીને શ્રદ્ધામાસીને જીવવાનું બળ મળી રહેશે. દીકરી દુઃખી હોય, પણ જીવતી હોય એટલો સધિયારો જ માતાપિતા માટે બહુ મોટી વસ્તુ છે.'

'વિદ્યા, તું... તું પણ આ બધું માને છે?'

'માનતી નથી કેસર, જાણું છું. દુઃખી દીકરી તો ક્યારેક પણ સુખી થઈ શકે એવી આશા રાખી શકાય, પણ મરી ગયેલું સંતાન પાછું નહીં આવે એવી મા-બાપને ખબર હોય છે.'

વિદ્યાએ બંને હાથ વચ્ચે કેસરનો ચહેરો લીધોઃ

'કેસર, એમની પાસેથી આશા છીનવી લેવાનો તને કોઈ અધિકાર નથી.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઓકે. હું ફોન કરીશ. તું જા.’ કહેતાં કહેતાં કેસરનું ગળું ભરાઈ આવ્યું.

‘વચન આપે છે?’

‘આપું છું વચન. હવે તું જા અહીંથી...’ એણે લગભગ ધક્કો મારીને વિદ્યાને રિક્ષામાં ધકેલી દીધીઃ

‘જાઓ ભૈયા...’

રિક્ષા જેવી આગળ વધી કે પોતાનો ચહેરો બે હાથ વચ્ચે છુપાવીને કેસર રડી પડી.

એ ખાસ્સી વાર સુધી ત્યાં જ ઊભી રહી. મુંબઈ શહેરની સાંજ ડૂબી ગઈ. રાત પડી ગઈ. લોખંડવાલા માર્કેટની દુકાનો ઝગારા મારતી રહી, ખરીદદારોની ભીડ એની આસપાસથી પસાર થતી રહી.

હવે ક્યાં જવું એ સવાલ એને મૂંઝવતો રહ્યો. એણે કોઈ પણ પ્રકારના આઇડેન્ટિટી પ્રૂફ વગર માંડ માંડ બચુભાઈના ગેસ્ટહાઉસમાં પોતાની વ્યવસ્થા કરી હતી, પરંતુ હવે તો એણે એ પણ છોડી દીધું હતું.

બચુભાઈને એણે કહ્યું હતું કે પોતે થોડા દિવસ માટે ગામ જાય છે. હવે પાછા ત્યાં જઈ શકાય એમ નહોતું. પોતાના સામાન સાથે એ રસ્તા પર ઊભી હતી... દિશાવિહીન અને એકલી.

ઘણું વિચાર્યા પછી એ નજીકના પબ્લિક ટેલિફોન બુથ પાસે ગઈ. બે વખત ફોનનું રિસીવર ઊંચકીને પાછું મૂકી દીધું. આખરે એણે ઘરનો નંબર ડાયલ કર્યો.

રિંગ વાગતી રહી. થોડી વાર પછી મહેશે ફોન ઉપાડ્યોઃ

‘હલો... હલો...’

મહેશનો અવાજ સાંભળતા જ કેસરને ફરી ડૂમો ભરાઈ આવ્યો. ઘર નજર સામે તરવરવા લાગ્યું... ડ્રોઇંગરૂમના સોફા, ડાઇનિંગ ટેબલ, ટેબલ પર મુકાયેલું ગરમ ગરમ દૂધ, પોતાનો રૂમ અને જિમ, હૂંફાળી પથારી, એની વહાલસોયી શાલ-રજાઈ... માથે ફરતો માનો હાથ!

કેસરને અચાનક લાગ્યું કે કોઈકે એને ખૂબ ઊંચેથી હવામાંથી નીચે પડતી મૂકી દીધી છે અને એ હવામાં સડસડાટ નીચે પડી રહી છે.

‘હલો... કંઈ બોલો તો ખરા?’

સામે છેડેથી મહેશ કહી રહ્યો હતો. કેસરે ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો. આંસુ લૂછીને, સ્વસ્થ થઈને એણે ફરી એક વાર નંબર લગાડ્યો.

‘હલો...’ ફરી મહેશનો અવાજ હતો.

‘હલો... મારે શ્રદ્ધાબહેન સાથે વાત કરવી છે.’

‘તમે કોણ?’

‘વિદ્યા બોલું છું.’

ધડકતા હૃદયે એણે કહ્યું તો ખરું, પણ મહેશ અવાજ ઓળખી જશે એવો એને ડર લાગતો હતો.

‘અમારી કેસર જતી રહી. ઘર સૂનું થઈ ગયું. તમે છેલ્લી વાર તમારી બહેનપણીનું મોઢું જોવા પણ ન આવ્યાં?’

‘સોરી, મહેશભાઈ... મારે શ્રદ્ધામાસી પાસે આવવું છે. ફોન આપોને પ્લીઝ.’

‘આપું, હોં... તમારો અવાજ સાંભળીને બહેનને સારું લાગશે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મહેશ ફોન ચાલુ રાખીને શ્રદ્ધાબહેનને બોલાવવા ગયો. કેસર આંખો મીંચીને ડ્રોઇંગરૂમના ટેબલ પાસેથી રસોડા સુધી જતા મહેશને જાણે મનોમન તાદશ્ય કરી રહી હતી.

રસોડામાંથી સહેજ ખોડંગાતા પગે ફોન સુધી આવવામાં શ્રદ્ધાબહેનને વાર લાગી હશે એ પણ જાણે કેસરને બંધ આંખે દેખાતું હતું.

દેવરાજસિંહના ઘરમાં દરેક રૂમમાં ટેલિફોનની લાઇન હતી. શરૂઆતમાં એમણે કોડલેસ વસાવેલો, પરંતુ અભિમન્યુ કોઈની સાથે વાત કરતો હોય પછી કોડલેસ આડોઅવળો મૂકી દેતો. બે-ચાર વાર આવી બેદરકારી માટે એ અભિમન્યુને ખિજાયા પછી એમણે કોડલેસ જ કાઢી નાખ્યો. પિતાનો સ્વભાવ કંઈક આવો જ હતો. એ વાતને મૂળમાંથી જ કાપી નાખતા. ક્યારેક કહેતાઃ ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી...

કેસરને એ વાત યાદ આવતાં જ ચહેરા પર સ્મિત આવી ગયું.

'કોનો ફોન છે?'

એણે પિતાનો ઘેરો અવાજ સાંભળ્યો. હૃદય જાણે ગળામાં અટકી ગયું હોય એમ એને શ્વાસ લેવામાં તકલીફ પડી.

'વિદ્યાબહેન છે.'

'હવે યાદ આવ્યાં?' પિતાએ મહેશને પૂછ્યુંઃ

'બહેનને મળવા આવવું છે.'

'આવી વાતમાં રજા માગવાની ના હોય.'

એણે માનો અવાજ સાંભળ્યોઃ 'હલો...'

જાત ઉપર ખૂબ જ કાબૂ રાખવા છતાં પણ એનાથી રડાઈ ગયું.

'રડ નહીં બેટા, હવે તો એના વિના જીવતા શીખવાનું આપણે બધાએ.'

'માસી...' કેસરે અવાજ બદલવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ સામે અચાનક ચુપકીદી છવાઈ ગઈ.

'તું વિદ્યા જ છે ને?'

સવાલ સાંભળતાં જ કેસરને પરસેવો થઈ ગયો. હાથમાં પકડી રાખેલા ફોનનું રિસીવર છટકીને નીચે પડી જશે એવો ભય લાગ્યો. એણે રિસીવર બંને હાથે પકડી લીધું અને કાન ઉપર જોરથી દબાવ્યું.

'હા માસી.' એ રીતસર ધ્રૂજતી હતી.

'કોણ જાણે કેમ મને કેસરના ભણકારા વાગ્યા જ કરે છે.' શ્રદ્ધાબહેનના સ્વરમાં ભીનાશ પ્રગટીઃ

'એક ક્ષણ માટે એવું લાગ્યું કે જાણે તું નહીં, કેસર બોલે છે.'

'હા, માસી... મને પણ રહી રહીને એવું થયા કરે છે કે હમણાં કેસરનો ફોન આવશે.'

'બેટા, એણે ફોન કર્યો હતો... ભૂલ મારી જ છે. એ છોકરીને સહેજ સમજી શકી હોત તો કદાચ એને ખોવાનો વારો ન આવત. એની મા થઈને પણ મારી દીકરીની પીડા સમજી ન શકી. મેં જ ધકેલી એને મોતના કૂવામાં.'

શ્રદ્ધાબહેન હવે છૂટા મોઢે રડવા લાગ્યાં.

સામે કેસરને પણ રડવું આવી ગયું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એવું નહીં વિચારો માસી, જે થવાનું હતું એ થઈ ગયું. હું છું ને?’

‘બેટા, એક વાત પૂછું? સાચું બોલીશ?’ કેસરનું હૃદય ફરી ધડકવા લાગ્યું.

‘જી.’

‘બેટા, તેં મને છેલ્લી વાર ફોન કર્યો ત્યારે તેં મને કહ્યું હતું કે સોમલ ડિવોર્સ માગે છે. આ વાત તને કેસરે કહી હતી કે સોમલે?’

‘જી, માસી...’

‘બેટા, મને સાચું કહે... મારું હૃદય બહુ સંતાપે છે. મારી દીકરી પર કેવા કેવા અત્યાચાર થયા હશે એ વિચારથી હું કંપી ઊઠું છું... રાતની ઊંઘ ઊડી જાય છે. હું મારી જાતને માફ કરી શકતી નથી. એ લોકો એને મારતા હતા? દહેજ માટે કરતા હતા આ બધું? સોમલને કોઈ સાથે લફરું હતું એવું સાંભળ્યું છે. નિખિલ શ્રોફે પરાણે પરણાવ્યો?’

દરેક સવાલ સાથે એમનું રુદન વધતું જતું હતું:

‘મારી દીકરી પહેલી વાર એમને ઘેર બેભાન થઈ ગઈ ત્યારે હું મા થઈને ન સમજી શકી... એ માણસે શું નહીં કર્યું હોય મારી દીકરી સાથે. હે ઈશ્વર! એ સોમલ તો નરકમાં...’

‘બસ, મા બસ...!’ કેસરથી રહેવાયું નહીં. સોમલને અપાતો શ્રાપ એ સાંભળી શકી નહીં. સોમલે એની સાથે એવું કશું જ નહોતું કર્યું બલકે, કેસરને સતત એમ લાગતું રહ્યું કે પોતે જ સોમલની જિંદગી બરબાદ કરી છે.

‘કેસર? તું વિદ્યા નહીં, કેસર છોને?’ શ્રદ્ધાબહેને ખૂબ જ ધીમેથી પૂછ્યું.

‘હા મા, હું કેસર છું મા. જીવું છું.’

‘મને પહેલાં જ લાગ્યું, તારો અવાજ સાંભળતાં જ મને થયું કે...’

‘મારી વાત સાંભળી લે મા, કશું જ બોલીશ નહીં. કોઈને ખબર ન પડવી જોઈએ કે હું જીવું છું.’

‘કેમ બેટા? તારા માથે જોખમ છે? તને કોઈએ ધમકી આપી છે?’

‘એવું કશું જ નથી મા, હું જ ઘર છોડીને નીકળી ગઈ છું અને હવે પાછી નથી આવવાની.’

‘અહીં આવતી રહે બેટા, આ ઘર તારા માટે ખુલ્લું જ છે.’

‘તું જાણે છે આ શબ્દોનો કોઈ અર્થ નથી.’ કેસરને આ પરિસ્થિતિમાં પણ સહેજ હસવું આવી ગયું

‘બાપુ મને બાવડું ઝાલીને નિખિલ શ્રોફને ત્યાં ફેંકી આવશે. એમને માટે એમની પ્રતિષ્ઠા જ સર્વસ્વ છે.’

‘હું સમજાવીશ એમને.’

‘જવા દે એ બધું... તું મારી એક મદદ કર. મારાં બધાં સર્ટિફિકેટ અને કાગળો મારા રૂમના છેલ્લા કબાટમાં એક ડ્રોઅરમાં મૂક્યાં છે. એ મને મળે એવી વ્યવસ્થા કર.’

‘બેટા...’

‘એક થેલીમાં ભરીને વિદ્યાને ત્યાં મોકલી દઈશ તો પણ...’

‘તું ઘેર આવ બેટા, બધું બરાબર થઈ જશે. અમે વાત કરીશું નિખિલભાઈ સાથે, સોમલ સાથે...’

‘મા, તું મને કાગળો પહોંચાડીશ કે નહીં?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મને શોધી લેવા દે. તારો નંબર આપ.’

‘મારી પાસે ફોન નથી. હું જ તને ફોન કરીશ.’

કેસરે લાઇન કટ કરી.

એ થોડી વાર હીબકાં ભરતી રહી. પછી આંખો લૂછીને સામાન લઈને એણે ફરી ગેસ્ટહાઉસ જ જવાનો નિર્ણય કર્યો.

‘કેમ પાછો આવ્યો?’ બચુભાઈ ઊંઘવાની તૈયારી કરતા હતા.

‘અનરિઝર્વ્ડમાં તો નહીં જવાય, બહુ ભીડ છે. આમ ઊભા ઊભા અમદાવાદ ને ત્યાંથી સુરેન્દ્રનગર જવું...’

‘મેં તો તને કહ્યું હતું બેટા, પણ આજનાં છોકરાં તો કોઈનું સાંભળે જ નહીં.’ બચુભાઈએ એની સામે જોયું:

‘હવે શું કરવું છે?’

‘રૂમ જોઈશે.’

‘ગાંડા, તારો રૂમ તો હજી હમણાં જ કોઈને આપ્યો. હવે...’

‘હું ક્યાં જાઉં, કાકા? શહેરમાં કોઈ ઓળખતું પણ નથી.’

‘ઊભો રહે, અહીં ગાદલું કરી દઉં. એક-બે દિવસમાં એકાદ રૂમ ખાલી થશે એટલે...’

આ સસ્તું ગેસ્ટહાઉસ હતું. જે આવતા તે લાંબો સમય રહેવા જ આવતા. અઠવાડિયા-દસ દિવસના વેઇટિંગ ચાલતા અહીં.

બચુભાઈએ ગાદલું નાખી તો આપ્યું, પણ કેસરને બીક હતી કે ઊંઘમાં ક્યાંક મૂછ ઊખડી જાય કે કપડાં આડાઅવળાં થઈ જાય તો પોતે પકડાઈ જાય. એ સૂતી તો ખરી, પણ લગભગ આખી રાત એણે જાગીને જ વિતાવી નાખી.

*

આ તરફ કેસરથી છૂટી પડીને વિદ્યા ઘરે પહોંચી એ પહેલાં નીલાંગ પહોંચી ગયો હતો.

એણે વિદ્યાનાં માતાપિતાને બધી વાત ખૂબ જ આક્રોશમાં અને વધારી વધારીને કહી હતી. સૌ વિદ્યાનાં પાછાં ફરવાની રાહ જોતાં હતાં. નીલાંગે તો ત્યાં સુધી કહી નાખ્યું હતું કે વિદ્યા કદાચ પાછી ન પણ ફરે. હવે એ પેલા છોકરા સાથે ભાગી જાય તો પણ નવાઈ નહીં.

વિદ્યા જેવી ઘરમાં દાખલ થઈ, એ હજુ કશું પૂછે-બોલે એ પહેલાં એના પિતાએ એક થપ્પડ ઠોકી દીધી:

‘નામ બોળ્યું અમારું.’

‘બધું પેલી કેસરને લીધે થયું છે. પોતે તો મરી ગઈ ને પાછળ અમારે માટે આને બગાડતી ગઈ. હું તો પહેલેથી જ કહેતો હતો કે એનાથી દૂર રાખો.’ નીલાંગે બળતામાં ઘી હોમવા માંડ્યું:

‘ઘરમાંથી બહાર નીકળવાનું બંધ કરાવી દો. આવતા અઠવાડિયે લગન કરાવી નાખો. મારે રાહ નથી જોવી.’

‘એક મિનિટ... વિદ્યા સાથે મને વાત કરી લેવા દો!’ એમ કહીને વિદ્યાના પિતાએ નીલાંગને પણ ચૂપ કરી દીધો.

‘સાચું બોલ, કોણ છે એ છોકરો?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘દોસ્ત છે મારો.’

‘દોસ્ત?’

‘હા દોસ્ત.’ વિદ્યાએ પિતા સામે જોયું. પછી આગળ વધીને એમના માથે હાથ મૂક્યોઃ

‘તમારા સોગંદ ખાઉં છું, પપ્પા. આ લફરું નથી. તમારે નીચું જોવું પડે એવું કશું જ નથી કર્યું મેં.’

‘સાંભળી લીધું?’ વિદ્યાના પપ્પાએ ગૌરવથી નીલાંગ સામે જોયું.

‘એણે કહ્યું ને તમે સાંભળી લીધું. મેં સગી આંખે જોઈ છે એને હાથમાં હાથ નાખીને ફરતાં, ભેટતાં...’

‘હા ફરતી હતી, ભેટી એને. તો શું? બે દોસ્ત સાથે ન ફરે? પપ્પા, મેં કોઈ ગુનો નથી કર્યો.’

‘સાંભળ્યું... સાંભળ્યું?’

‘નીલાંગકુમાર, મને લાગે છે કે ભૂલ મારી જ છે.’ વિદ્યાના પિતાએ દીકરીના ખભે હાથ ફેરવ્યોઃ

‘મારી દીકરી સાચું બોલે છે એટલું જ બસ છે. મને લાગે છે કે જે રીતે તમે અત્યારથી વિદ્યા પર શંકા કરો છો એ પરથી તમારો સંબંધ લાંબો નહીં ટકે... આપણે આ સંબંધ અહીં અને હમણાં જ તોડી નાખીએ.’

‘તમે શું બોલો છો... કંઈ ભાન છે તમને? મારા પપ્પા...’

‘જાણું છું નીલાંગકુમાર, તમે લોકો બહુ મોટા માણસો છો, પૈસાવાળા... સમાજમાં પહોંચ છે તમારી, પણ એથી મારી દીકરીને દુઃખમાં નહીં નાખું.’

‘જુઓ, ઉતાવળ ન કરો... તમે સહેજ વિચારી લો, તમે સહેજ વિચારી લો, આપણે કાલે વાત કરીએ તો?’ વિદ્યાનાં મમ્મી ડરી ગયાં હતાં.

‘વિચારવા જેવું કંઈ છે જ નહીં. મારી દીકરી કશું ખોટું કરે જ નહીં એવો મને વિશ્વાસ હતો, એમાંય મારા સોગંદ ખાઈને તો એ જુઠ્ઠું ન જ બોલે.’

‘જમાઈ બીજો મળી રહેશે, પણ દીકરી બીજી નહીં મળે.’ એમણે હાથ જોડ્યાઃ

‘હું કાલે આવીને તમારા પપ્પાને મળી લઈશ, તમે પણ છૂટા... અમે પણ છૂટા, નીલાંગકુમાર!’

*

‘હું બે દિવસથી જોઉં છું કે તું મારી સાથે વાત નથી કરતી. એવો તે કયો ગુનો કરી નાખ્યો છે મેં?’

ઓફિસ ટેરેસ પર જઈને સિગારેટ પી રહેલી નેહા પાસે જઈને સોમલે સીધો જ સવાલ પૂછી નાખ્યો.

‘મેં ક્યાં કહ્યું કે તેં ગુનો કર્યો છે.’

‘કહ્યું નથી... પણ પળેપળ તું મને એવો અહેસાસ કરાવે છે. તું મારી ફ્રેન્ડ નથી... અને જાણે મેં તને છેતરી છે...’

‘મેં કહ્યું ને, હું એ વિષય પર વાત કરવા જ નથી માગતી. બધાને પોતાની જિંદગી જીવવાનો અધિકાર છે. તને પણ...’ નેહા ઊંધી ફરીને ફરી એક વાર સિગારેટ પીવા લાગી.

સોમલે બાવડેથી પકડીને એને પોતાની તરફ ફેરવીઃ

‘યુ કાન્ટ ડુ ધીસ ટુ મી.’

‘કેમ? કેમ ન કરી શકું હું આવું?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મને સમજવાનો પ્રયત્ન કર... મેં આરોહીને બોલાવી ત્યારે મારા મનમાં...’

‘સોમલ, તું પહેલેથી આરોહીને જ ચાહતો હતો. એના જ પ્રેમમાં હતો. સમજી શકું છું. ત્યાં સુધી મને કોઈ વાંધો જ નથી. આમ છતાં તેં કેસર સાથે લગ્ન કેમ કર્યાં?’

‘હું આરોહીને પ્રેમ નથી કરતો, નેહા.’

‘વાઉ! પ્રેમ નથી કરતો તો એની સાથે પથારીમાં શું કરતો હતો?’

‘એ જ મને નથી સમજાતું. મારી અકળામણ હતી, એકલતા કે બેવકૂફી... પણ જે થયું તે અચાનક થયું.’

‘એક વાર તારી વાત માની પણ લઉં સોમલ, તોય એક સ્ત્રી તરીકે એટલું તો સમજી જ શકું છું કે તારા મનમાં કેસરના મૃત્યુ માટે કોઈ દુઃખ કે એના માટે કોઈ સન્માન નહોતું જ.’

‘એવું નથી. હું અકળાઈ ગયેલો, ગભરાઈ ગયેલો... મને લાગ્યું કે જે કંઈ થયું એ બધા માટે હું જ જવાબદાર છું.’

‘છે જ. તું જ જવાબદાર છે સોમલ અને એ જવાબદારીમાંથી તું ક્યારેય નહીં છટકી શકે, એટલું યાદ રાખજે.’

સોમલે તરત જ નેહાનો હાથ પકડી લીધોઃ

‘એટલિસ્ટ, તું તો આવું નહીં બોલ.’

‘કદાચ હું જ આવું બોલી શકું સોમલ, બીજું કોઈ તને આ કહેવાની હિંમત નહીં કરે. એક વાત સમજી લે. કેસરનો આત્મા તને માફ નહીં કરે. તને જ શું કામ, તારા પરિવારને માફ નહીં કરે.’

‘આવું બોલીને તું મને વધારે ગુનેગાર બનાવે છે. હું આમાંથી નીકળવા માગું છું. એક દુઃસ્વપ્નની જેમ ભૂલી જવા માગું છું આ બધું. મારી જિંદગીના થોડા દિવસોને ડિલિટ કરી નાખવા માગું છું, જો થઈ શકે તો.’

‘ભાગી જવું છે, નહીં? ફરી એક વાર ભાગી જઈશ. ક્યાં જઈશ? આરોહી પાસે... ત્યાંથી ફરી કંટાળીશ એટલે કોઈ બીજી કેસર શોધી કાઢીશ? દોડવાનું બંધ કર સોમલ, હાંફી જઈશ.’

‘જો નેહા, મને સમજાતું નથી. હું પણ ઇચ્છું છું કે કોઈક રીતે આ બેધી પરિસ્થિતિને થાળે પાડું. દેવરાજસિંહને ઓછામાં ઓછું નુકસાન થાય એ રીતે આ પરિસ્થિતિનો ઉકેલ કાઢું.’

‘એમનું વધારેમાં વધારે નુકસાન તો થઈ ચૂક્યું, તેમ છતાં જૂહુ પ્રોજેક્ટ બચાવી શકે તો બચાવી લે.’

‘ના, શક્ય નથી નેહા, મારે ડૅડની સામે પડવું પડે. હું એવું નહીં કરી શકું.’

‘સોમલ...’ નેહાએ નિઃશ્વાસ નાખ્યોઃ

‘દરેક મુદ્દો વિરોધથી, ઉશ્કેરાટમાં દલીલો કરીને જ સાચો સાબિત થઈ શકે એવું નથી.’

‘નિખિલ શ્રોફ સાથે બીજી કઈ રીતે વાત થઈ શકે? નેહા, તું તો ડૅડીને ઓળખે છે.’

‘ઓળખું છું એટલે જ કહું છું. એમણે આખીયે વાતને વેરની સાથે સાંકળી લીધી છે. અહમ્નો પ્રશ્ન બનાવી દીધો છે આ વાતને...’ સોમલ એની વાત ધ્યાનથી સાંભળતો રહ્યોઃ

‘જે વીતી ગયું એને ભૂલી જા. મનથી મૂકી દે.’

‘હું તો મૂકી દઉં, પણ...’

‘મોટા ભાગના માણસોનો પ્રોબ્લેમ એ છે સોમલ કે કડવી સ્મૃતિ સાથે, ખરાબ વાતો સાથે જોડાયેલા રહેવા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

માગે છે. માફ નહીં કરી શકું... નહીં ભૂલી શકું... કહી કહીને કશું ભુલાતું હોય તો પણ એને ફરી ફરીને યાદ કરે છે. દુઃખ સાથે ક્યાં સુધી ખભા પર ઊંચકીને ફર્યા કરીશ? ક્યારેક તો લાશને ફેંકી જ દેવી પડે છે, નહીં તો એના વજનથી આપણે જ દબાઈ જઈએ એવું બને.'

'તો શું કરું?' સોમલ અકળાઈ ગયો:

'મરું?'

'એ પણ સહેલું છે. જીવવું અઘરું છે...'

'સાચે જ, કેસર તો મરીને છૂટી ગઈ. હું ફસાઈ ગયો. ડેડીના વેર, મારો અપરાધભાવ અને વણસતી જતી પરિસ્થિતિની વચ્ચે...' એની આંખો સહેજ ભીની થઈ ગઈ:

'મારા બેડરૂમમાં ઊંઘી નથી શકતો હું. મને કેસરની આંખો દેખાયા કરે છે. એનો અવાજ સંભળાય છે. બિલીવ મી નેહા, મેં એને જાણીજોઈને ક્યારેય દુઃખ નથી પહોંચાડ્યું.'

'આપણે બધા જ સારા માણસો છીએ. ભણેલા, સંસ્કારી કહેવડાવીએ છીએ આપણી જાતને. ફિલોસોફી અને સેલ્ફહેલ્પનાં પુસ્તકો વાંચીએ છીએ. ડાહી ડાહી વાતો કરીએ છીએ, પણ જ્યારે જિંદગીની સામે આંખોમાં આંખો નાખીને જોવાનું આવે ત્યારે આંખો મીંચીને આપણને જેમ અનુકૂળ પડે તેમ જ વર્તીએ છીએ.'

'ગઈ કાલે રાત્રે એક વાર એવો વિચાર આવ્યો કે હું પણ કેસરની જેમ...'

'શટઅપ...! બાયલા જેવી વાતો નહીં કર. ઊભો થા અને પરિસ્થિતિનો સામનો કર. નિખિલ શ્રોફ એના સંતાન સિવાય કોઈનીયે સામે હારવાનું પસંદ નહીં કરે.'

'અત્યારે હું કંઈ પણ કહેવા જઈશ તો...'

'કંઈ પણ કહેવાની જરૂર નથી. કામ ચાલુ કરાવી દે. એમને ખબર પણ નહીં પડે.'

'નિખિલ શ્રોફના ત્રીસ કાન અને પચાસ આંખો છે.'

'એવું એ માને છે... તું ઇચ્છે તો આ પ્રોજેક્ટ પૂરો થઈ શકે એમ છે.'

'કેવી રીતે?' સોમલે આંખો ઝીણી કરી.

'આ બધા જ એપાર્ટમેન્ટ બુક થઈ ચૂક્યા છે... તમારા બધા ફ્લેટ્સ ખરીદનારા ક્લાયન્ટસને ફોન કર. એમને કહે કે નિખિલ શ્રોફ પાસે પોતાના ફ્લેટની ઉઘરાણી કરે. પઝેશન ક્યારે મળે એની પૂછપરછ કરે. તારા પિતાની કંપની જાણીતી છે એની વિશ્વસનીયતા માટે... નિખિલ શ્રોફ પોતાની ગુડવીલ કોઈ પણ ભોગે ટકાવી રાખશે.'

'તારા મગજમાં આવા આઇડિયા આવે છે કઈ રીતે?'

'કારણ કે હું તારાથી વધારે બુદ્ધિશાળી છું ને એટલે જ!' નેહાએ કહ્યું. બંને થોડીક ક્ષણ એકબીજા સામે જોઈ રહ્યા પછી હસી પડ્યાં.

સોમલે હાથ ફેલાવી દીધા. નેહા એને ભેટી પડી:

'આઇ કાન્ટ હેટ યુ. હું ગમે તેટલો પ્રયત્ન કરું તો પણ તારી સાથે દોસ્તી તોડી નહીં શકું એ નક્કી થઈ ગયું.'

'ને, તું તોડવા માગે તો હું તને તોડવા નહીં દઉં. એ પણ નક્કી થઈ ગયું!'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 27

કાલે આવીને તમારા પપ્પાને મળી લઈશ પછી તમે પણ છૂટા... અમે પણ છૂટા!

જ્યારે વિદ્યાના પિતાએ આ વાત નીલાંગને મોઢે ચોપડાવી દીધી ત્યારે અકળાયેલો નીલાંગ પગ પછાડતો નીકળી ગયો એ પછી ખાસ્સી વાર સુધી વિદ્યાના ઘરમાં એક સોપો પડી ગયો હતો.

વિદ્યા કોઈ અજાણ્યા યુવક સાથે ફરે છે... મેં એને નજરોનજર જોઈ છે એવી ફરિયાદ નીલાંગે વિદ્યાનાં માતાપિતાને કરી પછી વાત ધારી નહોતી એટલી વણસી ગઈ. એ પછી વિદ્યાના પિતાએ નીલાંગને કહી દેવું પડ્યું હતું કે આપણે આ સંબંધ અહીં જ તોડી નાખીએ!

થોડી મિનિટોમાં જે કંઈ બની ગયું એનાથી વિદ્યા અવાક હતી, જ્યારે એનાં મમ્મી નિઃશબ્દ રડતાં રહ્યાં.

વિદ્યાના પપ્પા ઉશ્કેરાટમાં બારીની બહાર જોતા ચૂપચાપ ઊભા રહ્યા. વિદ્યાએ થોડી વાર પછી પપ્પાની નજીક જઈ ખભે હાથ મૂક્યોઃ

'તમે ઇચ્છો તો હજી પણ હું નીલાંગની માફી માગી એની સાથે લગ્ન કરવા તૈયાર છું. કહો તો કાલે એનાં માતાપિતાને પગે લાગીને...'

'સવાલ એ નથી બેટા, મને બીજી ચિંતા છે.'

'શું?'

'કાલે સવારથી જ, ભલું હશે તો આજે રાતથી એ લોકો તને બદનામ કરવાની શરૂ કરી દેશે. તારા ચારિત્ર્ય વિશે, આપણા ઘર વિશે ગમે તેવી વાતો ફેલાવશે.'

'પપ્પા, કોઈના કહેવાથી શું થાય છે?'

'બરાબર છે... કોઈના કહેવાથી શું થશે?' અત્યાર સુધી ચૂપચાપ રડતી વિદ્યાની મમ્મી ઊભી થઈ ગઈઃ

'આખા સમાજમાં ખબર પડી જશે. વાત તો વાયરે જાય... કોઈ હાથ નહીં પકડે તારો. દુઃખી દુઃખી થઈ જઈશ.'

'મા, લગ્ન કરવાથી જ જો સુખી થઈ જવાતું હોય તો કેસર...'

'નામ નહીં લે અભાગણીનું!' વિદ્યાનાં મમ્મી એકદમ જ ઉશ્કેરાઈ ગયાંઃ

'એણે જ લગાડી છે આ બધી આગ.'

'એટલે?' વિદ્યાનું હૃદય એક થડકારો ચૂકી ગયું.

'મેં આખી જિંદગી તારા પપ્પાનું કહ્યું માન્યું. સારી રીતે ઘર ચલાવ્યું, તો તમે સારી રીતે મોટાં થયાં. હું પણ તારી જેમ મોટી મોટી ક્રાંતિકારી વાતો કરતી હોત તો તમારું શું થાત?'

'મા, હું કોઈ ક્રાંતિ કરવા નથી માગતી. એક સારા છોકરાને પરણીને સેટલ થઈશ. હું પણ સારી જ રીતે ઘર ચલાવીશ.'

'પણ, સારો છોકરો તને પરણવા તૈયાર થવો જોઈએ ને? આ નીલાંગ...'

'બેટા, તું જેને તારો દોસ્ત કહે છે...' વિદ્યાના પિતાએ ગંભીરતાથી દીકરીને પૂછી નાખ્યુંઃ

'એની સાથે તું લગ્ન કરવા માગે છે?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું કરવા માગું તોય કરી શકું એમ નથી.’

‘મને ખબર જ હતી, પરણેલા પુરુષો આવી મૂરખી, કુંવારી છોકરીઓને...’

‘એ પરણેલો નથી, મા...’

‘તો પછી શું કામ ન પરણી શકે તું? એને લીધે આ લગ્ન તૂટ્યાં છે. બોલાવ એને. હવે એણે જ જવાબદારી લેવી પડે.’

‘કોઈના લીધે કશુંયે થતું નથી, મા... આ સંબંધ તો ક્યારનો અંદરથી મરી ગયો હતો. આજે લાશ તરીને સપાટી પર આવી ગઈ.’

વિદ્યા તો ઇચ્છતી હતી કે માતાપિતાને એ કેસર વિશે બધી વાત કરી નાખે... કેસર મરી નથી–જીવે છે અને એની સાથે ફરનારો પુરુષ બીજું કોઈ નહીં, પણ કેસર હતી! પરંતુ કેસરનો વિચાર આવતાં જ એ વાત એણે મનમાં જ દાટી દીધી.

કશું બોલ્યા વગર વિદ્યા પોતાના રૂમમાં ચાલી ગઈ. એની મમ્મીએ એના પપ્પા સામે ફરિયાદભરી નજરે જોયું. વિદ્યાના પપ્પાએ આંખોથી જ એની મમ્મીને આશ્વાસન આપ્યું.

ખરેખર તો એમને પણ નીલાંગ સાથે સગાઈ થયા પછી વિદ્યાના ભવિષ્યની ચિંતા થતી હતી.

નીલાંગ જે રીતે વિદ્યા પર શંકા કરતો હતો, જે તોછડાઈથી વર્તતો હતો એનાથી એમને પોતાને પણ ઘણી તકલીફ થતી હતી. એક રીતે એમણે પણ નિરાંતનો શ્વાસ લીધો હતો.

એ દિવસે ઘરમાં કોઈ જમ્યું નહીં... રસોઈ એમ જ પડી રહી.

*

કેસર આખી રાત જાગીને બચુભાઈના રૂમમાં નાખેલા ગાદલા પર પડખાં બદલતી રહી.

વિદ્યા ઘરે પહોંચી હશે પછી શું થયું હશે? એની માનસિક સ્થિતિ બચુભાઈથી અજાણી ન રહી. સવારે જ્યારે એણે આંખો ખોલી ત્યારે બચુભાઈ ન્હાઈને ઉઘાડે શરીરે ટુવાલ લપેટીને પૂજા કરતા હતા. મૅનેજર માટે બનાવેલા નાનકડા ઓરડામાં પલંગની બાજુમાં ગાદલું પાથરો તો ચાલવાની પણ જગ્યા ન રહે એટલા નાના રૂમમાં બચુભાઈએ ભીંત ઉપર એક નાનકડું મંદિર લગાડ્યું હતું.

અગરબત્તીની સુગંધ અને ઘંટડીના અવાજથી કેસરની આંખો ખૂલી:

‘જાગી ગયો, બેટા?’ બચુભાઈએ સ્નેહથી પૂછ્યું:

‘શેની ચિંતા છે તને? ટિકિટ બુક થઈ જાય એટલે જઈ આવજે ઘરે.’

‘ખબર નહીં, કેમ? આખી રાત મને મા યાદ આવતી રહી.’ કેસરની આંખો ભીની થઈ ગઈ.

‘મા સાથેનો સંબંધ જ એવો છે બેટા, તકલીફમાં સૌથી વધારે યાદ આવે. ભલભલા વીર અને ચતુર પીડામાં શું બૂમ પાડે, ખબર છે? ઓ મા...’ બચુભાઈએ નજીક જઈને કેસરના વાળમાં હાથ ફેરવ્યો:

‘આજ સુધી કોઈને ઓ બાપા રે કહેતા સાંભળ્યા છે?’

‘તમને શું લાગે છે, બચુભાઈ? મારે પાછા જતા રહેવું જોઈએ?’

‘જો બેટા, તું મને પૂછે છે એટલે કહું છું... મારા દાદા એક કહેવત કહેતા: જે જાય જાવે તે ફરી નહીં આવે, જો ફરી આવે તો એનાં પરિયાના પરિયા ખાવેં... સમજ્યો?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરે ડોકું ધુણાવ્યું.

‘જાવા એટલે દૂરનો દેશ... જે દૂર દેશ જાય એ મોટે ભાગે પાછા આવે નહીં, પણ જો પાછા આવે તો એટલું કમાઈને આવે છે કે એના છોકરાના છોકરા ખાય. બેટા, તું અહીં આવ્યો છે તો હવે કમાઈને તારાં માતાપિતાને મુંબઈ લઈ આવવાનું સ્વપ્નું પૂરું કર.’

‘કોણ જાણે કેમ મને એમ લાગે છે કે હું હારી જઈશ, હાંફી જઈશ.’

‘એવું વિચારીશ તો એવું જ થશે બેટા, પણ જો એમ વિચારીશ કે તું ક્યારેય નહીં હાંફે, ક્યારેય નહીં થાકે તો એ પ્રમાણે થશે. મન તો માંકડા જેવું છે. જેમ નચાવીએ એમ જ નાચે.’

‘બચુકાકા, હું આટલે દૂર રહીને ગમે તેટલું કમાઉં... એમને મારી સેવાની જરૂર હોય ત્યારે...’

‘બેટા, એમને રોગ થશે, બૂઢાપો આવશે ત્યારે તારી હાજરી કરતાં તારા રૂપિયા વધારે કામ આવશે એવું હું અનુભવે શીખ્યો છું, ને રૂપિયા હશે તો દસ વાર ગામ જઈ જ શકીશ.’

‘બચુકાકા, હું... ગૂંચવાઈ ગયો છું.’

‘ઊઠ, ન્હાઈ લે પછી ઈશ્વરને હાથ જોડ. એ જેમ કહે તેમ કર.’

‘ઈશ્વરને તો બહુ વાર પૂછ્યું, કંઈ જવાબ જ નથી આપતો.’

‘બેટા, ઈશ્વર એને પુછાયેલા દરેક સવાલનો જવાબ આપે જ છે, પરંતુ આપણને એ જવાબ કાં તો સંભળાતો નથી, કાં તો સમજાતો નથી.’

આટલું કહીને એમણે હળવેથી ટપલી મારી:

‘ચાલ હવે, ઊભો થા ને કામે વળગ. મારે પણ કાઉન્ટર પર બેસવાનું છે.’

કેસર ઊભી થઈ. ગાદલું વાળી લીધું અને ન્હાવા જવાની તૈયારી કરવા લાગી.

‘કપડા અંદર શું કામ લઈ જાય છે? મુંબઈના ઘામમાં પંખા નીચે આવીને કપડાં પહેરવાનાં.’

‘હમ્મ...’ એટલું કહી કેસર પોતાનાં પેન્ટ-શર્ટ, ગંજી-ટુવાલ સાથે બાથરૂમમાં દાખલ થવા લાગી.

બચુભાઈએ એનો હાથ પકડ્યો:

‘તને મારી શરમ આવે છે, અલ્યા?’

‘ના...ના...’

‘અલ્યા, આમ છોકરીની જેમ હા-ના શું કરે છે?’ બચુભાઈએ આંખો ઝીણી કરી.

‘શરમ... શરમ નથી આવતી બચુકાકા, પણ મને પહેલેથી એવી જ ટેવ છે.’ કેસર બાથરૂમમાં તો ઘૂસી ગઈ, પણ બચુભાઈના મનમાં શંકાનો એક નાનકડો કીડો સળવળવા લાગ્યો. એક જુવાન છોકરો પૂરેપૂરાં કપડાં લઈને બાથરૂમમાં ન્હાવા જાય એ વાત એમના જમાનો જોઈ ચૂકેલા મગજને સમજાઈ નહીં.

એમણે કેસરનો સામાન ચેક કરવા માંડ્યો.

એમની નવાઈ વચ્ચે સામાનમાંથી સ્ત્રીનાં અંતઃવસ્ત્રો મળી આવ્યાં. બચુભાઈનું મગજ ચકરાવે ચડ્યું. કેસર ત્યાં રહેવા આવી ત્યારથી એના અવાજની કોમળતા, એની ત્વચાની સુંદરતા, એની નમણાશને કારણે બચુભાઈને આ છોકરા વિશે સવાલો થતા હતા, પરંતુ એમણે એવું માની લીધું કે લાડમાં ઊછરેલો એકનો એક છોકરો કદાચ આવો હોઈ શકે...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

—પણ આજે છોકરીનાં અંડર ગારમેન્ટ્સ્ હાથમાં આવતાં એમણે કેસરને સીધા સવાલો પૂછવાનું નક્કી કરી લીધું. કેસર બાથરૂમમાંથી બહાર આવે એટલી જ વાર...

*

હજી સવારે તો નિખિલના ટેબલ પર લીગલ નોટિસ આવીને પડી હતી. દેવરાજસિંહ ઝાલાએ એને લીગલ નોટિસ ફટકારી હતી કે આ પ્રોજેક્ટ શા માટે ન અટકાવવો જોઈએ એનાં કારણો નિખિલ એમને જણાવે... જો ન જણાવે તો પ્રોજેક્ટ ઉપર સ્ટે લેવાની ચીમકી પણ એ નોટિસમાં હતી.

ગુલાબસિંહ અને અભિમન્યુએ ભેગા થઈને રચેલા ત્રાકડામાં દેવરાજસિંહ ફસાયા હતા. એમને ખ્યાલ જ નહોતો આવ્યો કે પોતે એક એવા ચક્રવ્યૂહમાં દાખલ થઈ ચૂક્યા હતા, જેનું પરિણામ ફક્ત બરબાદી જ હતું.

અભિમન્યુ ઇચ્છતો હતો કે દેવરાજસિંહ નિખિલને આવી નોટિસ મોકલે પછી પોતે ત્યાં પહોંચી જાય. નિખિલનો વિશ્વાસ જીતીને આ નોટિસનો જવાબ અપાવડાવવો. પિતાને એટલી તકલીફમાં મૂકી દેવા કે એમણે નિખિલ સાથે સમાધાન કર્યા વિના બીજો રસ્તો રહે નહીં...

એક વાર એ પિતાને નિખિલ સાથે સમાધાન કરવા તૈયાર કરી દે પછી તો દેવરાજસિંહનું સામ્રાજ્ય એના હાથમાં, ને નિખિલ એનો પાર્ટનર...

જોકે દુર્ભાગ્યે નેહાએ આપેલો વિચાર સોમલને ગમી ગયો. એણે નિખિલના નજીકના અને જૂના નિયમિત ઇન્વેસ્ટર્સને ફોન કરીને હકીકત જણાવી. એમને આગ્રહ કર્યો કે પિતાને આ લડાઈમાંથી પાછા ખેંચવા માટે એમણે મદદ કરવી પડશે. એ લોકોને સોમલની વાત સાચી લાગી, એટલે નિખિલના પ્રોજેક્ટમાં જેમણે પોતાના ફ્લેટ બુક કર્યા હતા એમણે વારાફરતી નિખિલ શ્રોફને ફોન કરીને પોતાના ફ્લેટ વિશે તપાસ શરૂ કરી દીધી.

નેહા અને સોમલ માનતાં હતાં કે આ ઇન્કવાયરીને કારણે નિખિલ શ્રોફ થોડો ડરશે... કંપનીની ગુડવીલને નુકસાન થાય એવું કરવાને બદલે નિખિલ શ્રોફ બિલ્ડિંગ પૂરું કરીને દેવરાજસિંહ સાથેની પાર્ટનરશિપમાંથી બહાર નીકળી જશે, પરંતુ એક જ દિવસમાં આવેલા સાત-આઠ ટેલિફોનને કારણે નિખિલ શ્રોફ ઉશ્કેરાયો. એને લાગ્યું કે આ બધું દેવરાજસિંહ કરાવે છે.

એનું મગજ એક જ દિશામાં વિચારી શકતું હતું. અત્યારે એની મનઃસ્થિતિ એવી હતી કે એની જિંદગીમાં બનતી તમામ ઘટનાઓ માટે એ દેવરાજસિંહ સિવાય કોઈને જવાબદાર ઠેરવી શકે એમ નહોતો.

ઉશ્કેરાયેલો માણસ મોટા ભાગે લાંબું વિચારતો નથી. નિખિલ શ્રોફે પણ એ જ કર્યું.

નિખિલે ધૂંવાંપૂંવાં થઈને દેવરાજસિંહને ફોન લગાડ્યો.

'જો, તારાથી થાય તે કરી લે... હું જૂહુ પ્રોજેક્ટમાં એક ઈંટ મૂકવા દેવાનો નથી.'

અચાનક આવી પડેલા આ ફોનથી દેવરાજસિંહને નવાઈ લાગીઃ

'તો? આ વાત તમે પહેલાં પણ કહી ચૂક્યા છો.'

'તેમ છતાં તું થાકતો નથી. મારા પર પાંચ ફોન આવે કે પચાસ. હું ડરી જઈશ, હાલી જઈશ એમ માનતો હોય તો તું હજી નિખિલ શ્રોફને ઓળખતો નથી.'

'તમને ઓળખતો હોત તો દીકરી પરણાવત તમારે ઘરે? નહોતો ઓળખતો એટલે તો ભૂલ કરી...' દેવરાજસિંહનું ગળું ભરાઈ આવ્યુંઃ

'હવે એ ભૂલનું પરિણામ પણ ભોગવી લીધું. હવે મારે ને તમારે કોઈ લેવાદેવા જ નથી અને તમે આ કયા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ફોનની વાત કરો છો એની મને ખબર નથી.'

'શાબાશ, તું ને તારો દીકરો સાથે મળીને સારી રમત કરો છો... ચોરને કહેવાનું ચોરી કર ને ઘરધણીને કહેવાનું કે જાગતો રહેજે.'

'આ શું બકવાસ કરો છો તમે? ભરબપોરે ચઢી ગઈ છે કે શું?'

'શટઅપ. આ સવાલ તારા બેવડા દીકરાને પૂછજેઃ નિખિલ શ્રોફ સામે વિફર્યોઃ

'અમને સત્તા, શરાબ અને સંપત્તિ પચાવતાં આવડે છે. તારા ખાનદાને હજી શીખવાની બાકી છે.'

દેવરાજસિંહ બીજું બધું જ સાંભળી શકે, પરંતુ પોતાના ખાનદાન વિરુદ્ધ કશું જ સાંભળી શકે એમ નહોતા... એમણે ત્રાડ પાડીઃ

'અમારા ખાનદાનમાં હજી ખૂનીઓ પેદા નથી થયા.'

'ખરી વાત છે. હજી તો તમે બધા દીકરીઓને વેચવા સુધી જ પહોંચ્યા છો.'

ગુસ્સાથી ધ્રૂજતા દેવરાજસિં હવે આગળ સાંભળી ન શક્યા. એમણે રિસીવર પછાડ્યું અને બૂમ પાડીઃ

'અભિ...'

ગ્લાસ ચેમ્બરને વીંધીને એમનો અવાજ બહાર પહોંચ્યો. અભિમન્યુ દોડતો પિતાની ચેમ્બરમાં પહોંચ્યો ત્યારે દેવરાજસિંહ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. એમની આંખો ચકળવકળ થતી હતી. ગુસ્સાથી એમનું મગજ ફાટફાટ થતું હતું.

એમણે ડ્રોઅરમાંથી રિવોલ્વર કાઢીને હાથમાં લઈ લીધી હતી.

'શું થયું, બાપુ?'

'હું નિખિલ શ્રોફને ત્યાં જાઉં છું. એનું ખૂન કરીને પોલીસમાં સરેન્ડર થઈ જઈશ.'

'અરે, પણ થયું શું?'

'હવે તો હદ થઈ... કોણ જાણે ક્યારનોય અક્કલ વગરનો શું બકવાસ કરે છે... જેમ ફાવે તેમ બોલે છે...'

'બાપુ, એ ઇચ્છે છે કે તમે ઉશ્કેરાઓ... ને તમે એની ઇચ્છા મુજબ...'

'પણ અભિ, વગર વાંકે એ માણસના આક્ષેપો હું શું કામ સાંભળું?'

'વેલ... આપણો સમય આવશે ત્યારે આપણે બોલીશું.'

અભિમન્યુએ બંને હાથે પિતાના ખભા પર વજન આપીને એમને ખુરશીમાં પાછા બેસાડી દીધા. એમના હાથમાંથી રિવોલ્વર લઈ લીધીઃ

'બાપુ, પ્લીઝ, શાંત થાવ. મારી વાત માનો.'

'અભિ, આજે તારી વાત માની લઉં છું, પણ ફરીથી જો નિખિલ શ્રોફ મને ગમે તેમ બોલશે તો હું એને જીવતો નહીં છોડું.'

'સારું, ત્યારે હું પણ તમારી સાથે આવીશ. ઓ.કે.?'

અભિમન્યુએ ટેબલ પર પડેલો ગ્લાસ કોસ્ટર હટાવીને એમના હાથમાં આપ્યો. દેવરાજસિંહ એક જ ઘૂંટડામાં ગ્લાસ ગટગટાવી ગયા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અભિમન્યુને મનોમન મજા આવી ગઈ. એને એમ લાગ્યું કે એની નોટિસ નિખિલ શ્રોફના ટેબલ પર પહોંચી એના પ્રતિભાવરૂપે નિખિલે ફોન કર્યો. જોકે એને કલ્પના પણ નહોતી કે એની નોટિસનું મહોરું એની પોતાની જ વિરુદ્ધમાં કામ કરવા લાગ્યું છે...

*

કેસર નાહીને નીકળી ત્યારે તંગ બચુભાઈ ઝભ્ભો-લેંઘો પહેરીને અદબ વાળીને એની રાહ જોતા હતા. કેસરે ભીંતમાં લગાવેલા મંદિરમાં માથું નમાવ્યું એટલે બચુભાઈએ નજીક આવીને એનો હાથ પકડ્યો. એમણે કેસરનો હાથ શંકરના ફોટાના ચરણમાં અડાડીને કરડા સ્વરમાં પૂછ્યું

'સાચું બોલ, કોણ છે તું?'

'હું કેસર છું.'

'કેસર કોણ? કેસરસિંહ કે કેસરકુમારી?'

'હવે તમે બધું જાણી જ ગયા છો, બચુકાકા, તો ચર્ચા કરવાનો અર્થ નથી.' કેસરે પોતાનો હાથ છોડાવ્યો.

'મને ડર હતો જ કે વહેલું-મોડું આ રહસ્ય ખૂલી જશે.'

'કેમ આવી છે અહીં?'

'ઘર છોડીને ભાગી આવી છું. નિખિલ શ્રોફનું નામ સાંભળ્યું છે?'

'તું... તું...' બચુકાકા અવાક્ થઈ ગયા. કપાળે પરસેવો વળી ગયો. જીભ થોથવાઈ ગઈ.

'હું મરી નથી.' કેસર એમના પલંગ પર બેસી ગઈ:

'મરવા ગઈ હતી, પણ બચી ગઈ.'

'તો તારે ઘેર પાછી જા. અહીં શું કરે છે?'

'ઘરના દરવાજા બંધ થઈ ચૂક્યા છે. શું કરવું એનો વિચાર કરવા જ અહીં રોકાઈ હતી, પણ હવે તો તમેય કાઢી મૂકશો.'

કેસરની આંખ સહેજ ભીની થઈ.

'જો બેટા, હું તારો દુશ્મન નથી, પણ છોકરીની જાતને પોતાનું ઘર છોડીને આવા વેશે ફરવું પડે...'

'છોકરી નહોતી ત્યાં સુધી તમને કોઈ વાંધો નહોતો. હજી હમણાં ન્હાવા ગઈ ત્યાં સુધી તો તમે જ કહ્યું કે મારે પાછા ન જવું જોઈએ અને હવે તમે જ?'

'હા બેટા, એકલી છોકરી દારૂની બોટલ જેવી હોય છે. બંધ હોય ત્યાં સુધી વાંધો નહીં, પણ જો ખૂલી તો... સર્વનાશ કરે છે.'

'એ જ સ્ત્રીને તમે દેવી કહીને પૂજો છો, મા કહો છો...'

'એટલે જ કહું છું બેટા, દેવી થઈને રહે. તારે ઘેર પાછી જા.'

'હું નથી જવાની.'

'તો હું ફોન કરીશ તારાં મા-બાપને... તને આવીને લઈ જાય.'

'એ તો કહેશે કે સાસરે વળાવી દીધા પછી અમારી જવાબદારી પૂરી થઈ ગઈ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તો તારા સાસરે ફોન કરીશ...’ બચુકાકાએ નજીક જઈને કેસરના માથે હાથ ફેરવ્યોઃ

‘બેટા, એમ છોકરાનાં કપડાં પહેરવાથી કંઈ પુરુષ ન થઈ જવાય. સ્ત્રીના શરીર પર એના મનની લગામ છે... પણ જો લગામ છૂટી જાય તો...’ બચુભાઈ એની સામે જોઈ રહ્યાઃ

‘મોગરાના ઝાડ જેવી છે તું. સાપ લપેટાશે ત્યારે શું કરીશ?’

‘એટલે જ તો પુરુષ બનીને રહું છું.’

‘ક્યાં સુધી સંતાતી ફરીશ?’

‘નથી ખબર.’

‘એટલે જ કહું છું કે ઘેર જતી રહે.’

બચુભાઈએ ફોન ડિરેક્ટરી ઊંચકીઃ

‘નિખિલ શ્રોફની કંપનીનો નંબર તો હશે આમાં.’

‘બચુકાકા, એક વિનંતી માનશો?’

‘બોલ.’

‘એક કલાક રહીને ફોન કરજો.’

‘કેમ?’

‘હું અહીંથી નીકળી જાઉં એના બરાબર એક કલાક પછી. મને ભાગવાનો સમય આપો.’

‘ક્યાં ભાગીશ, બેટા?’

‘મને નથી ખબર... પણ હું એ ઘરમાં પાછી નથી જવા માગતી.’

કેસર હજી હાથ જોડીને ઊભી હતી. બચુભાઈએ ડોકું ધુણાવ્યું. એને ખ્યાલ આવી ગયો કે બચુભાઈ હવે માને એમ નથી. એ થોડીક ક્ષણ એમ જ ઊભી રહી ને પછી વીજળીની ઝડપે ચાલતા એના મગજમાં એક વિચાર આવ્યો. એણે ટેબલ પર પડેલી લેન્ડલાઇનનો ફોન ઊંચક્યો અને દાંત ભીંસીને તાકાત લગાડીને દીવાલના સોકેટમાંથી ફોનનો વાયર ખેંચી કાઢ્યોઃ

‘અરે, અરે... આ તેં શું કર્યું?’

‘એક કલાકનો સમય મારી જાતને આપું છું.’

‘મુંબઈ પોલીસ તને શોધી કાઢશે બેટા, પકડાઈને જવું એના કરતા જાતે પહોંચી જા.’ બચુભાઈએ ખિસ્સામાંથી સેલફોન કાઢ્યોઃ

‘જાણ્યા પછી પણ જો તને તારે ઘેર ન મોકલું તો ભગવાન પૂછે. તારે જવું તો પડશે જ.’

‘તમે મારી વાત સાંભળી લો. એ પછી તમે કહેશો તો હું ઘેર જતી રહીશ.’ કેસરે જુગાર રમી નાખ્યોઃ

‘હું જ નંબર આપીશ તમને. નિખિલ શ્રોફનો... સોમલ શ્રોફનો... મારાં સાસુનો... જેનો કહેશો એનો. ફક્ત એક વાર મારી વાત સાંભળી લો.’

એ પછી લગભગ પિસ્તાળીસ મિનિટ સુધી કેસર બોલતી રહી. બચુભાઈ એની સામે અપલક જોતા એની વાત સાંભળતા રહ્યા. એના પિતા, ભાઈ અને નિખિલની લડાઈથી શરૂ કરીને છેલ્લી મિનિટ સુધીની બધી જ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઘટનાઓ એણે બચુભાઈની સામે વર્ણવીઃ

‘હવે તમે જ કહો, બેમાંથી એકેય ઘરમાં મારા માટે જગ્યા છે?’

‘તારી કથા તો દિલ ફાડીને આંસુ કાઢે એવી છે બેટા... તું મારી દીકરી, હું તને મારે ઘેર રાખીશ પણ અહીં તો નહીં રહેવા દઉં. આ જગ્યા સંસ્કારી દીકરીઓ માટેની નથી.’

‘તમે કહેશો એમ કરીશ, બચુકાકા.’ કેસરે કહ્યું તો ખરું, પણ મનોમન નિર્ણય કરી લીધો કે ચોવીસ કલાકમાં એણે મુંબઈ છોડવું પડશે. આ શહેરમાં એને ઓળખતી કે ઓળખી જનારી એક પણ વ્યક્તિ એને શાંતિથી નહીં જીવવા દે.

ક્યાં જવું?

સાંજે જ ફલાઇટ પકડીને અમદાવાદ ચાલ્યા જવું એવું મનોમન એણે નક્કી કર્યું. એણે બચુકાકાને સાચવવા આપેલા એક લાખ રૂપિયા હવે કઈ રીતે પાછા માગવા એ વિશે એણે ઘણું મગજ કસી જોયું, પણ જો એ રૂપિયા પાછા માગે તો બચુભાઈ જેવા જમાનાના ખાધેલ માણસને વહેમ આવ્યા વિના રહે નહીં. હમણાં પૈસા પાછા માગવાનો વિચાર એણે પડતો મૂક્યો અને એણે સામાન પૅક કરી લીધો.

હવે રાહ જોવાની હતી, બચુભાઈ ગેસ્ટહાઉસનું કાઉન્ટર છોડીને બહાર જાય એટલી જ. કેસરને ખબર હતી કે બચુભાઈ રોજ સાંજના છએક વાગે ઈવનિંગ વૉક લેવા બહાર નીકળતા હતા.

‘હું વૉક લઈને હમણાં પાછો આવું છું... અહીં જ રહેજે, બેટા!’

બચુભાઈએ એને ઈવનિંગ વૉકમાં જતાં જતાં કહ્યું તો ખરું, પરંતુ એમને એ પણ ખાતરી હતી કે કેસરે લાખ રૂપિયા એમને સાચવવા માટે આપેલા એટલે એ લીધા વગર ભાગશે તો નહીં જ...

બચુભાઈ બહાર નીકળ્યા એની દસ મિનિટમાં જ એણે એરપોર્ટ પર ફોન કરીને નાઇટ ફલાઇટમાં ટિકિટ મળે છે કે નહીં એ જાણી લીધું. પછી કેસર પોતાની બંને બૅગ લઈને રૂઆબભેર ગેસ્ટહાઉસની બહાર નીકળી ગઈ. કાઉન્ટર પરના માણસને થયું કે કેસરની બચુભાઈ સાથે વાત થઈ ગઈ હશે એટલે એણે કેસરને ન તો કંઈ પૂછ્યું કે ન તો અટકાવી.

ગેસ્ટહાઉસની બહાર નીકળીને કેસરે એરપોર્ટ માટે ટૅક્સી પકડી. એરપોર્ટ પહોંચી ત્યાં સુધીમાં એણે નક્કી કરી લીધું કે મોબાઇલ લેવા માટે જેમ એણે ડ્રાઇવિંગ લાઇસન્સનો ઉપયોગ કર્યો એવી જ રીતે મુંબઈથી બહાર નીકળવા માટે પણ એ ફરી એક વાર કેસરસિંહમાંથી કેસર બની જશે.

એરપોર્ટ ઉપર પહોંચી. બંને બૅગ સાથે એ સ્પાઇસ જેટના કાઉન્ટર પર પહોંચી એ પહેલાં એક ખૂણામાં ઊભા રહીને એણે મૂછ ઉખાડીને વેટ વાઇપ્સથી ચહેરો લૂછી નાખ્યો. વાળ સરખા કર્યા. પછી કાઉન્ટર પર કૅશ આપીને અમદાવાદ ફલાઇટની ટિકિટ લીધી અને બંને બૅગ સાથે ધડકતા હૃદયે એરપોર્ટમાં પ્રવેશી. ચેક-ઇન માટે ટિકિટ આપી ત્યારે એના પગ ધ્રૂજતા હતા. કપાળ પર પરસેવાનાં બુંદ જામ્યાં હતાં.

‘આર યુ ઓલ રાઇટ, મૅમ?’ કાઉન્ટર પર બેઠેલી છોકરીએ પણ એની અસ્વસ્થતા ઓળખી કાઢી.

‘યેસ... યેસ...’ કેસરને એટલો જ ડર હતો કે ટી.વી. પર વારંવાર બતાવાયેલા એના ફોટાને કારણે જો કોઈ પણ એને ઓળખી કાઢશે તો...

ઈશ્વર એની સાથે હોય એમ એ ફલાઇટમાં બેઠી ત્યાં સુધી કોઈએ એની સામે પણ જોયું નહીં. એક વાર વિમાન ટેક-ઓફ થયું પછી જાણે કેસરના જીવમાં જીવ આવ્યો હોય એમ એણે એરહોસ્ટેસ પાસે નાની નાની ત્રણ-ચાર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બોટલ મંગાવીને એકસામટી ગટગટાવી નાખી.

*

આ તરફ, ઈવનિંગ વોક પછી પાછા ફરીને બચુભાઈ કાઉન્ટર પર ગોઠવાઈ ગયા. એમને એમ કે કેસર એની રૂમમાં છે. સામાન્ય રીતે સાતેક વાગે કેસર રૂમમાંથી એકાદ વાર નીચે જરૂર આવતી. બચુભાઈએ સાડા સાત વાગ્યા સુધી કેસરની રાહ જોઈ. કેસર દેખાઈ નહીં એટલે એ પોતાની રૂમમાં ગયા, જ્યાં કેસરનો સામાન ન જોતાં એ સમજી ગયા કે છોકરી ભાગી ગઈ છે.

એમણે તાત્કાલિક નિખિલ શ્રોફની ઓફિસનો નંબર શોધ્યો. સ્વાભાવિક રીતે જ સાડા સાત વાગ્યે નિખિલ ઓફિસમાં નહોતો. એમણે મહામહેનતે સમજાવ્યું કે એમને અરજન્ટ કામ છે... અંગત કામ છે, પરંતુ એમને નિખિલનો પર્સનલ નંબર કે ઘરનો નંબર આપવા માટે કોઈ તૈયાર નહોતું.

કંટાળીને બચુભાઈએ ફોન મૂકી દીધો. એક કલાકની મથામણ પછી એમણે દેવરાજસિંહના ઘરનો નંબર ડિરેક્ટરીમાંથી શોધી કાઢ્યો. બચુભાઈના દુર્ભાગ્યે ફોન અભિમન્યુએ ઉપાડ્યો.

'હું બચુભાઈ દેસાઈ બોલું છું. અનુપમ ગેસ્ટ હાઉસમાંથી. મરીન ડ્રાઇવ ઉપર, તમે જોયું હશે. ત્રીજા માળે, ગંગાસાગર બિલ્ડિંગમાં...'

'હા, પણ એનું શું છે?' અભિમન્યુએ તોછડાઈથી પૂછ્યું.

'તમે કોણ છો?'

'તમારે શું કામ છે?'

'મારે બહુ અગત્યની માહિતી આપવાની છે.' બચુભાઈએ ધીમેથી કહ્યું:

'અંગત. ઘરના જ કોઈ માણસ સાથે વાત થાય એવું છે.'

'હું અભિમન્યુ બોલું છું. દેવરાજસિંહ ઝાલાનો દીકરો.'

'હાશ, ભાઈ! સારું થયું તમે મળી ગયા.'

'મુદ્દો બોલો.'

'કેસર અહીંયાં હતી.'

'શું બકો છો?' અભિમન્યુ સાવચેત થઈ ગયો.

'ભાઈ, હું માંડ માંડ તમારા સુધી પહોંચ્યો છું.' બચુભાઈ કરગરી પડ્યા:

'મારી વાત પ્લીઝ, શાંતિથી સાંભળી લો.'

એ પછી બચુભાઈએ બને એટલી ટૂંકમાં અને ઝડપથી અભિમન્યુને બધું જ કહી દીધું.

'બેવકૂફ! તને શું લાગે છે, તું આ વાર્તા સંભળાવીશ એટલે હું દોડતો તારા નોનસેન્સ ગેસ્ટ હાઉસ પર આવીશ? મારી બહેન મરી ગઈ છે. અમે જાતે એની લાશના અગ્નિસંસ્કાર કર્યા છે. આજ પછી જો આવી મશ્કરી કરવાની કોશિશ કરી છે તો પોલીસમાં કમ્પ્લેઇન કરી દઈશ.'

આટલું કહીને અભિમન્યુએ રિસીવર પછાડ્યું.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 28

કેસરસિંહમાંથી ફરી કેસર બનીને અમદાવાદની ફ્લાઇટમાં ગોઠવાઈ ગયાં પછી કેસરના જીવમાં જીવ આવ્યો.

ફ્લાઇટે ટેક-ઓફ્ફ કર્યું ત્યારે એને લાગ્યું કે હવે કોઈ પ્રોબ્લેમ નહીં આવે. હા, અમદાવાદ ઊતરીને ક્યાં જવું એની એને ખબર નહોતી. એ ઊતરી કે તરત જ રિક્ષાવાળાઓનાં ટોળેટોળાં એને ઘેરી વળ્યાં. સાંજ ઢળી ગઈ હતી. નવા શહેરનું અંધારું એને સહેજ ડરાવી ગયું.

મૅડમ રિક્ષા... મૅડમ રિક્ષા... બોલતાં કેટલા બધા રિક્ષાવાળા એની સાવ નજીક આવી ગયા.

'નહીં જોઈએ...' એમને ખસેડતી, પોતાનો સામાન લઈને કેસર થોડી વાર એરપોર્ટની બહાર જ ઊભી રહી. બહાર નીકળી રહેલા લોકો એક પછી એક પોતાને લેવા આવેલી ગાડીઓમાં ગોઠવાતા જતા હતા. થોડી વારમાં એરપોર્ટ લગભગ ખાલી થઈ ગયું.

નજીક ઊભેલી એક સ્ત્રીએ કેસરની સહેજ વધુ નજીક આવીને એકદમ શાલીનતાથી પૂછ્યું:

'કોઈની રાહ જુઓ છો?'

'જી?'

'જુઓ... અજાણ્યાં હો તો રિક્ષામાં નહીં જતાં. પ્રી-પેઇડ ટૅક્સી લઈ લો. અંદરથી મળશે.' એણે કોઈની રાહ જોતી હોય એમ દૂર નજર દોડાવી. પછી ફરી કેસર સામે જોયું:

'તમારે ક્યાં જવું છે?'

'મારે?' કેસરને સમજાતું નહોતું કે શું જવાબ આપવો.

ગોરી, શરીરે ભરાવદાર પણ જાડી નહીં એવી પાંત્રીસેકની લાગતી એ સ્ત્રીએ ડિઝાઇનર સલવાર-કમીઝ પહેર્યાં હતાં. ગળામાં-કાનમાં ડાયમન્ડ્સ હતા. ઊંચી એડીના સૅન્ડલ અને સેમ્સોનાઇટના લગેજ સાથે ઊભેલી એ સ્ત્રી કોઈ સંપન્ન-શાલીન ઘરની લાગતી હતી. મોબાઇલની રિંગ સંભળાતાં એણે ગુચીની બેગમાંથી બ્લૅકબેરી કાઢ્યો:

'ક્યાં પહોંચ્યા?'

થોડી સેકન્ડ્સમાં વાત પતાવીને એણે ફરી કેસરને પૂછ્યું:

'હા... ક્યાં જવું છે?'

'કોઈ સારી હોટેલમાં.'

'એકલાં!?' એનાં ભવાં ઊંચા થઈ ગયાં. કોઈ અજાણી છોકરી આવી રીતે શહેરની કોઈ હોટેલમાં એકલી રહેવા માગતી હોય એ એના માટે કોઈ ભયાનક બાબત હોય એવો એનો પ્રતિભાવ હતો.

'જી...' કેસરે એને જ પૂછ્યું:

'કોઈ સારી હોટેલ ખબર છે તમને?'

'મને ક્યાંથી ખબર હોય? હું તો અમદાવાદમાં જ રહું છું.'

'ઓહ!'

'મારી બહેન હમણાં આવશે મને લેવા... એને પૂછી જોઈશું.' આટલું કહી એ ટ્રોલી બૅગ ઘસડતી સડસડાટ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઢાળ ઊતરીને લેવા આવનારી ગાડીઓની કતાર તરફ ચાલવા લાગી.

એક હોન્ડા સિટી ગાડીની બારીમાં માથું નાખીને એણે કંઈક વાત કરી. પછી હાથના ઇશારે કેસરને નજીક બોલાવી. કેસર એની નજીક ગઈ. ગાડીની સીટ પર એક જાડી-બેડોળ સ્ત્રી બેઠી હતી:

'હોટેલમાં જવું છે?'

કેસરે ડોકું હલાવીને હા પાડી.

'આપણે એમને ઉતારી દઈએ?'

પેલી સ્ત્રીએ ખભા ઊંચકીને હા પાડી:

'બેસી જાવ, અમે તમને ઉતારી દઈશું.'

થોડું વિચારીને, થોડા સંકોચ સાથે કેસર ગાડીમાં ગોઠવાઈ ગઈ,

'મારું નામ ચાંદની છે.' પેલી સ્ત્રીએ મોટું સ્મિત કર્યું:

'આ મારી બહેનનું નામ પૂનમ...'

આ બે જણાનાં નામ આવાં કેવી રીતે હોઈ શકે?

કેસરને વિચાર આવ્યો.

બેમાંથી એકેયને નામ સૂટ નથી થતાં કે પછી આ ગોળ-જાડી સ્ત્રીનું નામ પૂનમ પાડતાં પહેલાં એનાં માતાપિતાને ખબર હશે કે એ આવી ગોળમટોળ થઈ જવાની છે?

કેસરના ચહેરા પર સહજ સ્મિત રમી ગયું.

આખે રસ્તે ચાંદની બડબડ કરતી રહી. એ અમદાવાદમાં કેટલા વખતથી રહે છે, એની બહેનનો બિઝનેસ કેટલો સારો ચાલે છે અને આ શહેર કેટલા સ્વાર્થી-લુચ્ચા માણસોથી ભરેલું છે અને કેસરને કોઈ લેવાદેવા ન હોય એવી લાંબી ભાષણબાજી એણે કરી.

'તમે હોટેલમાં સાવ એકલાં રહેશો?' પૂનમે વચ્ચે અચાનક જ કેસરને પૂછ્યું.

'હા જી.'

'કંઈ કામથી આવ્યાં છો?'

'જી...' કેસરને શું જવાબ આપવો એ સૂઝ્યું નહીં.

'તમારી કંપનીએ તમારી હોટેલ બુક કરવી જોઈએ.'

'હું કંપનીના કામે નથી આવી.'

'પર્સનલ?'

'હા.'

'અહીં જ રહેવાનાં કે આગળ જવાનાં?'

'બહુચરાજી.' કેસરને એવી ખબર હતી કે બહુચરાજી જવા માટે અમદાવાદ ઊતરવું પડે છે.

'ઓહ...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તમારે થોડુંક જ રોકાઈને ફ્રેશ થવું હોય તો અમારે ઘેર આવી શકો છો.’ ચાંદનીએ કહ્યું. પૂનમે ગાડી ચલાવતાં એની સામે જોયું, પછી કશું બોલ્યા વિના ગાડી ચલાવવા લાગી

‘બહુચરાજી જવા માટે સવારે નીકળવું જોઈએ. અત્યારે નીકળશો તો મધરાત થઈ જશે. મંદિર બંધ હશે.’

‘હમ્મ્.’

‘અમારા ઘેર ચાલો, સવારે વહેલાં નીકળી જજો. તમને ટૅક્સીની વ્યવસ્થા પણ કરી આપીશું.’ ચાંદનીએ ફરી એક વાર પૂનમ સામે જોયું:

‘કેમ?’

એણે ફરી એક વાર ખભા ઉલાળીને હા પાડી.

કેસરે થોડી વાર વિચાર કર્યો. પછી એને એકલાં હોટેલમાં રહેવાને બદલે કોઈના ઘરે રહેવાનો વિચાર વધુ યોગ્ય લાગ્યો:

‘પણ... તમને તકલીફ...’

‘અમને શું તકલીફ, અમારે ત્યાં તો ઘણી છોકરીઓ રહે છે.’

‘ઘણી છોકરીઓ?’

‘હા, અમે પી.જી. રાખીએ છીએ.’ ચાંદની હસી પડી:

‘પેઇંગ ગેસ્ટ, પણ તમે માત્ર ગેસ્ટ છો... પે નહીં કરવાનું.’

‘ના, ના, મને વાંધો નથી.’ હવે કેસરને સમજાયું કે આ સ્ત્રી શા માટે પોતાની મદદ કરવા તૈયાર થઈ હતી.

શીલજ ગામથી આગળ પ્લોટિંગની એક સ્કીમમાં દાખલ થઈને ગાડી લગભગ નિર્જન લાગતા એક વિસ્તારમાં ગાડી આગળ ને આગળ જવા લાગી.

‘બહુ દૂર છે શહેરથી.’ કેસરને સહેજ ડર લાગ્યો.

‘હા... અમને શાંતિ ગમે છે. ટ્રાફિકની પેં-પૂં નથી ગમતી. હું અને મારી બહેન બે જણાં જ રહીએ છીએ.’ ચાંદની પાછળ ફરીને હસવા લાગનઃ

‘આમ અમે એકલાં નથી. બંગલા દેખાય છે ને બધા...’ કેસરે આમતેમ જોયું. બંગલાઓમાં લાઇટ નહોતી. ઇન્વેસ્ટમેન્ટ માટે કે વીકએન્ડ ગાળવા માટે બનાવાયેલા ફાર્મહાઉસ જેવા બંગલા હતા બધા. એમાંના એક ગુલાબી રંગના મોટા મકાન પાસે આવીને ગાડી ઊભી રહી.

કંપાઉન્ડમાં બીજી ત્રણ ગાડીઓ ઊભી હતી.

‘આવો.’ ચાંદની ઊતરી. એણે પોતાનો સામાન લઈ લીધો. એ આગળ આગળ ચાલવા લાગી. કેસર પોતાનો સામાન લઈને એની પાછળ બંગલામાં દાખલ થઈ. ચાંદનીએ બૅલ વગાડી. લગભગ સાડા આઠ ફૂટનો તોતિંગ દરવાજો ખૂલ્યો ત્યારે સામે એક પાતળી-નમણી છોકરી ઊભી હતી. એણે કેસરની સામે વિચિત્ર નજરે જોયું. પછી વગર બોલ્યે અંદર જતી રહી.

વિશાળ ડ્રોઇંગરૂમમાં સોફા, કારપેટ, એલસીડી ટીવી, એ.સી. વગેરે હતાં. કોઈ સુખી-સંપન્ન ઘરનો ડ્રોઇંગરૂમ હોય એવો રૂમ હતો આ.

‘ઉપર ગેસ્ટરૂમ છે. ચાલો, તમને બતાવી દઉં. તમે ફ્રેશ થઈ જાવ, પછી જમવા નીચે આવો.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જી... જમવું નથી.’

‘કોઈ ફોર્માલિટી કરવાની જરૂર નથી.’ ચાંદની ફરી હસી. એ કેસરને ઉપર લઈ ગઈ. એક ડબલવાળો, વ્યવસ્થિત ગેસ્ટરૂમ હતો. અટેચ્ડ બાથરૂમ સાથે પૂરેપૂરી સગવડો ધરાવતો એ રૂમ એણે કેસરને સોંપી દીધો.

રૂમનું બારણું બંધ કરીને કેસર પલંગ પર બેઠી. એને હજી સમજાતું નહોતું કે પોતે અહીં આવીને સાચું કર્યું હતું કે ખોટું...

*

કેસર જીવતી છે અને અમારે ત્યાં હતી... એ વાત બચુભાઈએ કેસરના ભાઈ અભિમન્યુને ફોન પર કરી તો ખરી, પરંતુ અભિમન્યુએ એમને બહુ જ તોછડાઈથી સંભળાવી દીધું કે એની બહેન તો ક્યારની મરી ગઈ છે... હવેથી આવા ફોન કરીશ તો પોલીસમાં ફરિયાદ કરીશ એવી ચીમકી પણ આપી!

પહેલાં નિખિલ શ્રોફની ઓફિસથી બચુભાઈને કોઈ સંતોષકારક જવાબ ન મળ્યો. પછી અભિમન્યુએ આ રીતે વડચકાં ભર્યાં. હવે એક જ ઉપાય બાકી હતો–સીધા નિખિલ શ્રોફના બંગલે પહોંચી જવાનો!

બચુભાઈ ત્યાં પહોંચ્યા, પણ નિખિલ શ્રોફના બંગલાની બહાર સારી એવી માથાકૂટ કરવા છતાં બચુભાઈને પ્રવેશ તો ન જ મળ્યો. એમણે કંટાળીને એક ચિઠ્ઠી લખી વોચમૅનના હાથમાં આપી. વોચમૅનને તાકીદ કરી કે સવારે સાહેબ ઊઠે ત્યારે આ ચિઠ્ઠી એમના હાથમાં આપવી.

એ ગેસ્ટહાઉસ પાછા પહોંચ્યા ત્યારે અડધી રાત થઈ ગઈ હતી. ખાધાપીધા વિનાના થાકેલા બચુભાઈ પલંગમાં પડતાંની સાથે જ ઊંઘી ગયા. એમની આંખ ખૂલી ત્યારે સફાઈ કરનારો છોકરો એમને ઢંઢોળીને જગાડી રહ્યો હતો.

‘સા’બ, આપકા ફોન...’

આંખો ચોળતાં એ કાઉન્ટર પર ગયા, ફોન ઉપાડ્યો...

‘હું નિખિલ શ્રોફ બોલું છું.’

‘જાતે, પોતે?’

‘હા... તમારી ચિઠ્ઠી મળી.’ એણે થોડીક ક્ષણની ચુપકીદી પછી પૂછ્યું:

‘ખરેખર કંઈ જાણો છો કે બ્લૅકમેઇલ કરવા માગો છો? એવો કોઈ વિચાર હોય તો પડતો મૂકજો.’

‘સાહેબ, કેસર ગઈ કાલે સાંજ સુધી અહીંયાં હતી. ગઈ કાલે રાત્રે મારા રૂમમાં સૂતી હતી. હું ભગવાનના સોગંદ ખાઈને આ વાત કહું છું. મારે તમારી પાસેથી કંઈ નથી જોઈતું. એક દીકરી તમારી વહુ સહીસલામત તમારે ઘેર પહોંચી જાય એથી વધુ એક સારા માણસને શું જોઈએ?’ બોલતાં બોલતાં બચુભાઈ ગળગળા થઈ ગયા.

‘મારે તમારી વાત શું કામ માનવી જોઈએ?’

‘કારણ કે હું તમારું ભલું ઇચ્છું છું સાહેબ... તમારા ઘરની વહુ આમ રસ્તે રઝળતી ફરે એ તમનેય ન ગમે ને એક સારા માણસ તરીકે મનેય ન ગમે.’

‘ઠીક છે. તમે દસ વાગ્યે ઓફિસે આવો. કોઈ કંઈ પૂછે તો કહેજો કે તમારી મારી સાથે અપોઇન્ટમેન્ટ છે. ના પાડે તો રિસેપ્શનથી ફોન કરજો.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થોડીક ક્ષણ માટે બંને તરફ વિચિત્ર પ્રકારની ચુપકીદી છવાઈ. પછી નિખિલે કડક અવાજે કહ્યું:

'જ્યાં સુધી મને મળો નહીં ત્યાં સુધી આ વાતની ચર્ચા બીજા કોઈ સાથે નહીં કરતા.'

સામે છેડેથી ફોન કપાઈ ગયો. બચુભાઈ ક્યાંય સુધી હાથમાં ફોન પકડીને ડાયલ ટોનનો અવાજ સાંભળતા રહ્યા.

નિખિલ શ્રોફ આ સમાચાર સાંભળીને ખુશ થયો કે દુઃખી એ વાત બચુભાઈને સમજાઈ નહીં. અભિમન્યુ સાથેની વાતચીતમાં એમને એટલું ચોક્કસ સમજાયું કે કોઈક કારણસર દેવરાજસિંહ ઝાલાના ઘરમાં કેસરના જીવતા હોવાની ખબરથી આનંદ નહોતો થયો, પણ નિખિલનો અવાજ તો સમજી ન શકાય એટલો નિઃસ્પૃહ હતો.

બચુભાઈ ધીમે ધીમે તૈયાર થયા. નવો લેંઘો-ઝભ્ભો કાઢ્યો. સારામાંનાં ચપ્પલ પહેરીને, માથામાં તેલ નાખીને, ચશ્માં બરાબર લૂછીને એ નિખિલને મળવા જવા તૈયાર થઈ ગયા ત્યારે ફક્ત નવ વાગ્યા હતા.

એક કલાક સુધી રાહ જોવી એમના માટે અઘરી હતી એટલે એ વહેલા જ નિખિલની ઓફિસે પહોંચી ગયા.

નિખિલ શ્રોફ હજુ આવ્યા નહોતા એટલે એની વેઇટિંગ લાઉન્જમાં બેસીને એ મેગેઝિન ઉથલાવતા રહ્યા. એણે સોમલને દાખલ થતો જોયો... અખબારોમાં અને ટેલિવિઝન પર એમણે સોમલને વારંવાર જોયો હતો. એક વાર એમને વિચાર આવ્યો કે ઊઠીને સોમલ પાસે જાય અને કેસરના જીવતાં હોવાની વિગતો સોમલને જણાવે. પછી એમને નિખિલની વાત યાદ આવી એટલે એ ચૂપચાપ બેસી રહ્યા.

બરાબર દસમા પાંચ મિનિટે નિખિલ ઓફિસમાં દાખલ થયો. એ જેવો દાખલ થયો કે બચુભાઈ ઊઠીને એની પાસે ગયા:

'સાહેબ, હું બચુભાઈ.'

'કોણ બચુભાઈ?'

'બચુભાઈ દેસાઈ, મેં તમને સવારે ફોન કરેલો... ગેસ્ટ હાઉસ...'

નિખિલે યાદ કરવાનો ડોળ કર્યો:

'ઓહ યસ યસ...' એણે રિસેપ્શનિસ્ટ સામે જોયું:

'દસ મિનિટ રહીને એમને અંદર મોકલો.'

એ ચાલી ગયો, પછી બચુભાઈ ઓફિસમાં દાખલ થતા લોકોને જોતા બેસી રહ્યા. ટાઈ પહેરેલા, સ્ટ્રાઈપના કે પ્લેન શર્ટમાં સજ્જ, દાઢી કરેલા સાફ ચહેરાવાળા, લગભગ એકસરખા લોકો એક પછી એક દાખલ થતા રહ્યા. હેન્ડ્સ ફ્રી અને બ્લુટૂથ સાથે ફોન પર વાત કરતા લોકો જાણે પોતાની જાત સાથે વાત કરતા હોય એમ એકલા એકલા બબડતા હોય એમ લાગતું હતું. બચુભાઈના ચહેરા પર સ્મિત આવી ગયું.

હેય... વ્હોટ્સ અપ? એની ન્યૂઝ?, હાઉ આર યુ પ્લેસ્ડ ફોર લંચ?ના આરોહ-અવરોહ વગરનાં વાક્યો હવામાં ફેંકાતાં હતાં. કોર્પોરેટની આ વિચિત્ર દુનિયાને ચૂપચાપ નિહાળતા બચુભાઈ કંઈ વિચિત્ર જ અનુભવ કરી રહ્યા હતા.

'તમને બોલાવે છે.' રિસેપ્શનિસ્ટે બચુભાઈને કહ્યું.

બચુભાઈ ઊભા થયા કે એમની સાથે એક પ્યૂન ચાલવા લાગ્યો. પ્યૂન એમને છેક નિખિલની ચેમ્બર સુધી મૂકી ગયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હમ્મ્, તો તમે છો બચુભાઈ દેસાઈ...’ નિખિલ પોતાની રિકલાઈનિંગ લેધર ચેર પર એકસો એંસી ડિગ્રી જમણેથી ડાબે ફરી રહ્યો હતો.

‘જી સાહેબ.’ બચુભાઈએ હાથ જોડ્યા.

‘તમને ખાતરી છે કે કેસર જીવે છે?’

‘ખાતરી? એ મારે ત્યાં રહેતી હતી.’

‘કેટલા દિવસથી?’

‘અ...’ બચુભાઈએ વિચારીને તારીખ આપી.

‘ને તમે મને આજે કહો છો? એના ભાગી ગયા પછી?’ નિખિલ શ્રોફ હસી પડ્યોઃ

‘તમે મને તદ્દન મૂરખ માનો છો, નહીં?’ બચુભાઈ કંઈ બોલે તે પહેલાં નિખિલે ટેબલ પર હાથ પછાડ્યોઃ

‘કેસરને ભગાડવાના ગુના હેઠળ તમને જેલ કરાવી શકું. ઓળખો છો મને?’

‘સાહેબ, મને જેલમાં નાખવાથી તમને કેસર મળશે નહીં.’

‘મારે એનું કામ જ નથી.’

નિખિલ ઊભો થઈ ગયો. મોટાં મોટાં પગલાં ભરતો બચુભાઈની નજીક આવી ગયોઃ

‘અમારા માટે એ મરેલી જ બરાબર છે. મહેરબાની કરીને આ વાત કોઈને કહેતા નહીં. અમને કેસર-જીવતી કે મરેલી, કોઈમાં રસ નથી!’

‘સાહેબ, મને ખબર નથી તમને એની સામે શું વાંધો છે, પણ છોકરી ડાહી છે. આટલા દિવસથી મારા ગેસ્ટહાઉસમાં રહેતી હતી...’

‘તમે કહો છો તો ડાહી જ હશે. સાસરાનું ઘર છોડીને ભાગી છૂટે એનાથી ડાહી છોકરી બીજી ક્યાં મળવાની?’

અચાનક નિખિલે બંને હાથે બચુભાઈના કોલર પકડી લીધાઃ

‘આ વાત જો કોઈને પણ ખબર પડી છે તો તમારું નામ રેશનકાર્ડ, વોટરકાર્ડમાંથી ચેકાવીને અસ્તિત્વ ભૂંસી નાખીશ. જીવ વહાલો હોય તો ચાલવા માંડો અને ફરી આ તરફ દેખાતા પણ નહીં.’

બચુભાઈ ધ્રૂજી ગયા. થોડા રૂપિયા માટે ગામ છોડીને મુંબઈ જેવા શહેરમાં વસેલા આ સીધાસાદા માણસને નિખિલની સામે બાથ ભીડવાનું સપનું પણ પોસાય એમ નહોતું. એણે પોતાનો ઝભ્ભો સરખો કર્યો અને ફરી બે હાથ જોડ્યાઃ

‘હું પણ બહુ નાનો માણસ છું... હું તો તમારી મદદ કરવા આવ્યો હતો, સાહેબ. તમારી ઇચ્છા ના હોય તો નહીં કહું કોઈને.’

એ ચેમ્બરની બહાર જવા લાગ્યા.

‘એક મિનિટ... સાચું બોલો! આ વાત મારા અને તમારા સિવાય કોને ખબર છે?’

‘સાહેબ...’ બચુભાઈની જીભ થોથવાઈ ગઈઃ

‘મેં દેવરાજસિંહને ત્યાં ફોન કર્યો હતો, પણ એમના છોકરાએ...’ બચુભાઈએ પરસેવો લૂછ્યોઃ

‘એના ભાઈએ તો...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હવે તો તમે સમજી જ ગયા હશો કે જે છોકરીને એના પોતાના ઘરવાળા સ્વીકારવા તૈયાર નથી એ કેવી હશે...’

‘જી... જી સાહેબ.’ બચુભાઈ જેમ તેમ જીવ બચાવીને નિખિલની ચેમ્બરમાંથી બહાર નીકળ્યા ત્યારે ચેમ્બરમાં દાખલ થવા બહાર ઊભેલા સોમલ સાથે એમની નજર ટકરાઈ.

બબ્બે અનુભવ પછી હવે કેસર વિશે કોઈને કહેવાનો અર્થ નથી એમ માનીને એ નિખિલની ઓફિસમાંથી બહાર નીકળી ગયા, પરંતુ એમના મનમાં હવે આ વાત ઘૂંટાવા લાગીઃ એવું તે શું હશે કે જીવતી છોકરીને સ્વીકારવાની મા-બાપ ના પાડે છે, સાસરાવાળા એને મરેલી જ સાબિત કરવા માગે છે...

બચુભાઈનું મગજ ચકરાવે ચડ્યું.

*

સોમલ પિતાની ચેમ્બરમાં દાખલ થયો ત્યારે ચેમ્બરમાં આમતેમ આંટા મારતા નિખિલના ચહેરા પર વિચિત્ર હાવભાવ હતા. એ કંઈક વિચારી રહ્યો હતો. સોમલને દાખલ થતો જોયો તેમ છતાં નિખિલે કોઈ પ્રતિભાવ આપ્યા નહીં.

‘ડૅડ, આ લીગલ નોટિસ...’

‘તારા સસરાએ મોકલાવી છે.’

નિખિલ એકદમ ઉશ્કેરાઈ ગયો. એણે જ એ નોટિસ સોમલના ટેબલ પર મૂકવાની સૂચના આપી હતી. નોટિસ વાંચીને સોમલને નવાઈ લાગી. પોતે પ્રોજેક્ટ પૂરો કરવાનો પ્રયાસ કરતો હતો. દેવરાજસિંહના પૈસા છૂટા થાય, એમની મુશ્કેલીઓ ઘટે એવા પ્રયત્નોમાં પોતાનો સહકાર આપવાને બદલે દેવરાજસિંહે આવી રીતે નોટિસ મોકલાવીને પરિસ્થિતિને ગૂંચવી કાઢી એથી સોમલ પણ ચિડાયો હતોઃ

‘પ્લીઝ ડૅડ...’

‘કેમ? તારા સસરા નથી એ?’

‘આ નોટિસનું શું કરવાનું છે?’

‘જવાબ આપવાનો છે. તારા સસરાને છઠ્ઠીનું દૂધ યાદ આવી જાય એવો જવાબ આપીશ હું. અહીં આવીને મારા પગ ના પકડે તો કહેજે મને.’

‘આ બધું કરવાથી શું મળશે ડૅડ? એને લખી દો કે અમે પ્રોજેક્ટ પૂરો કરવા માગીએ છીએ. તમે પણ સહકાર આપો તો આપણે બધા આમાંથી બહાર નીકળી જઈએ. હું માનું છું ત્યાં સુધી...’

નિખિલે વચ્ચે જ ચિલ્લાયોઃ

‘તું શું માને છે એમાં મને રસ નથી. તું બૈરાંની બુદ્ધિથી ચાલે છે. તારી માની અને પેલી નેહાની બુદ્ધિ બિઝનેસમાં ના ચાલે.’

સોમલને નવાઈ લાગી. પિતાના ઇન્વેસ્ટર્સના ફોન આવ્યા હશે એ તો એને સમજાયું, પણ એ નેહાનું સૂચન હતું એ વાતની નિખિલ શ્રોફને કઈ રીતે ખબર પડી ગઈ હશે?’

‘ડૅડ... જે વ્યક્તિને કારણે આ આખો સંબંધ હતો એ હવે આ દુનિયામાં નથી. એ કુટુંબ સાથે આપણો ઋણાનુબંધ પૂરો થયો. જે આપવા-લેવાનું હતું એ બધું જ...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નિખિલ શ્રોફ ખૂબ શાંતિથી પોતાના ટ્રાઉઝરનાં ખિસ્સાંમાં હાથ નાખીને ધીમા ડગલે ચાલતો સોમલની નજીક પહોંચ્યો. એની આંખમાં આંખ પરોવી:

'કશુંયે પૂરું નથી થયું...'

'કેસરના જવા સાથે બધું પૂરું થઈ ગયું.'

'ને કેસર ગઈ જ ન હોય તો?'

'હવે વળી પાછું આ શું છે?'

'તું દાખલ થતો હતો ત્યારે એક માણસ મારી ચેમ્બરની બહાર ગયો એને તેં જોયો?'

'હા, એનું શું?'

'એ માણસ મને એમ કહેવા આવ્યો હતો કે કેસર જીવે છે!'

'વ્હોટ રબીશ...' સોમલે ક્યારેય આટલા ઊંચા અવાજે નિખિલ સાથે વાત નહોતી કરી:

'હવે નવેસરથી બધું શરૂ નહીં કરતા, ડૅડ... હું થાકી ગયો છું.'

'જો બેટા, આ માણસ જે કંઈ કહીને ગયો છે એ જો સાચું હોય તો કેસર જરૂર પાછી આવશે. એ મરી નથી એનો અર્થ એ થાય છે કે એના મનમાં ચોક્કસ કોઈ પ્લાન છે.'

'એ સીધીસાદી, નિર્દોષ, મૂરખ છોકરી છે. એ શું પ્લાન કરવાની, ડૅડ?'

'મૂરખ એ નથી, તું છે. જો એના મનમાં કોઈ પ્લાન ન હોય તો એ શું કામ છુપાઈ? શું કામ ભાગી અહીંથી? શાના માટે એણે આપણને મળવાનો કે સંપર્ક કરવાનો પ્રયત્ન નથી કર્યો? આ માણસ... બચુ દેસાઈએ એને પાછી મોકલવાનો પ્રયત્ન કર્યો તો ભાગી છૂટી...'

'જુઓ ડૅડ, હું બચુ દેસાઈને નથી ઓળખતો, પણ કેસરને ઓળખું છું.'

'નથી ઓળખી શક્યો તું...'

નિખિલ હસી પડ્યો:

'રમતમાં મજા આવતી જાય છે સોમલ, સૌથી મજાની વાત તો એ છે કે રમનારા બેઉ જણા એકસરખા ચાલાક અને ચતુર છે.'

'બેઉ?'

'યસ... તારી સીધીસાદી, મૂરખ પત્નીનો હોશિયાર ભાઈ જાણે છે કે એની બહેન જીવે છે! એક તરફથી એ મારા પક્ષમાં હોવાનો દાવો કરે છે ને બીજી તરફથી આટલી અગત્યની માહિતી મને જણાવતો નથી...'

'ડૅડ, આ બચુ દેસાઈ કોઈ બ્લૅકમેઇલર હશે, મૂરખ હશે, સાઇકિક હોઈ શકે, તમે સમજતા કેમ નથી? એની પાસે કોઈ પુરાવા છે?'

'પુરાવા તો હું શોધી કાઢીશ, દીકરા... એ ગઈ કાલે સાંજે સાડા ચાર વાગ્યે ગેસ્ટ હાઉસમાંથી નીકળી છે... એ પછી એ ક્યાં ગઈ એ શોધતાં મુંબઈ પોલીસને બહુ ટાઇમ નહીં લાગે.'

'તમે પ્લીઝ, પોલીસ પાસે નહીં જતા. પૂરતો તાયફો થઈ ચૂક્યો છે. ફરી એક વાર મીડિયા આ સ્ટોરીને ચગાવશે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આટલા ગુસ્સામાં પણ સોમલને હસવું આવી ગયું. ન્યૂઝ એન્કરની અદામાં બોલ્યોઃ

‘ક્યા કેસર જિંદા હૈ? અગર નહીં તો કૌન જૂઠ બોલ રહા હૈ? બચુ દેસાઈ... ક્યોં? અગર હા... તો ઘરવાલે ઇસ બાત કો ક્યૂં છૂપા રહે હૈ? દેખતે હૈં બ્રેક કે બાદ!’

સોમલની આ ચેષ્ટાથી નિખિલ ચિડાઈ ગયોઃ

‘તને મજાક સૂઝે છે, પણ એ છોકરીના આપઘાતના નાટકથી મારા ખાનદાન પર જે કાળી ટીલી લાગી છે એને હું ભૂંસીને રહીશ.’

‘હું તો તમને એક જ વાત કહેવા આવ્યો હતો ડૅડ, આ લીગલ નોટિસનો સીધોસાદો જવાબ આપી દો... સામસામે બેસીને મેટર સોલ્વ કરી નાખીએ. રાત ગઈ, બાત ગઈ...’

‘જસ્ટ ગેટ લોસ્ટ!’

નિખિલનો અવાજ દબાયેલો હતો, પણ એની આંખોમાંથી ક્રોધની જ્વાળાઓ નીકળતી હતીઃ

‘ગેટ આઉટ... આઇ સેઈડ!’

સોમલ કશું જ બોલ્યા વિના બહાર જવા લાગ્યો. એની પીઠ પર નિખિલનાં વાક્યો ખંજરની જેમ ભોંકાઈ ગયાંઃ

‘કોણ જાણે મારા ઘરમાં આવો બાયલો, ડરપોક ક્યાંથી પાક્યો? મિડલ ક્લાસની ઓલાદ!’

*

‘શું વાત કરે છે?’ ગુલાબસિંહની આંખો પહોળી થઈ ગઈ. અભિમન્યુ એમની સાવ નજીક બેઠો હતો. બગીચાના હીંચકા પર ઝૂલતાં ઝૂલતાં મોડી રાત્રે આવેલા બચુ દેસાઈના ફોનની વાત ધીમેથી ગુલાબસિંહને કહી.

‘દાદાજી, મને બીજો કોઈ ડર નથી લાગતો, પણ જો એ સાલી પાછી આવશે તો લાશની તપાસ શરૂ થશે.’

‘હવે લાશની શું તપાસ કરે? બળી ગઈ લાશ...’

‘તો પણ દાદાજી...’ અભિમન્યુ ડરી ગયો હતોઃ

‘તમને શું લાગે છે? એ ગેસ્ટ હાઉસવાળો સાચો હશે?’

‘તપાસ તો કરવી પડે, પણ જાતે ન કરાય.’

‘બીજાને તો ન જ કહેવાય.’

‘ત્યાં જ ગૂંચવાયો છું... પારકાને કહીએ તો ફસાઈએ. જાતે તપાસ કરીએ તો ઓર ફસાઈએ...’ ગુલાબસિંહે હીંચકાને ઠેસ મારીઃ

‘મિયાંની દોડ મસ્જિદ સુધી... નિખિલ પાસે જ જવું પડે.’

‘મારી નાખશે આપણને.’

‘ના, દીકરા... એને ખબર જ હશે. જો એની પાસે નહીં જઈએ તો સો ટકા મારી નાખશે.’ ગુલાબસિંહ મૂછને તાવ દઈને હસ્યાઃ

‘તું એમ માને છે કે જે બચુ દેસાઈએ તને વાત કરી, એણે નિખિલને નહીં કહ્યું હોય?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અભિમન્યુ વિચારમાં પડી ગયોઃ

‘બેટા, માછલાંએ જો જીવ બચાવવો હોય તો માછીમારના પગની આજુબાજુ રહેવાનું, કારણ કે જાળ એ દૂર ફેંકે છે... માછીમારના પગની આજુબાજુ રહેલાં માછલાં અચૂક બચી જાય છે ને ભયથી ભાગેલાં માછલાં એની જાળમાં...’

‘એટલે તમે એમ કહેવા માગો છો કે આપણે નિખિલને...’

‘વિશ્વાસમાં લેવો જ પડે, બેટા... એક વાર આ બચુના બચ્ચાએ એને ન કહ્યું હોયને તો આપણે કહેવું જોઈએ. નિખિલને આપણા પર વિશ્વાસ બેસે એને માટે આ તો કાળીનો એક્કો છે. ઊતરી પડ ને હાથ લઈ લે.’

‘હમણાં?’

‘મુહૂર્ત જોવડાવીશ?’ ગુલાબસિંહ ઊભા થયા. એણે અભિમન્યુનો હાથ ખેંચીને એને ઊભો કર્યોઃ

ચાલ બેટા, હમણાં જ ચાલ. આ તો લક્ષ્મી ચાંદલો કરવા આવી છે...’ અભિમન્યુ અવઢવમાં દાદાજીની પાછળ ખેંચાયો.

બંને સડસડાટ નિખિલની ઓફિસે પહોંચ્યા.

‘અભિમન્યુસિંહ અને ગુલાબસિંહ આપને મળવા આવ્યા છે.’

રિસેપ્શનિસ્ટની આટલી વાત સાંભળતાં જ નિખિલના હોઠ સ્મિતમાં વંકાયાઃ

આજે એની પાસે રમવા માટે બે મહોરાં હતાં. લીગલ નોટિસ અને બચુ દેસાઈ...

*

કેસર બાથરૂમમાંથી નાહીને નીકળી ત્યારે ચાંદની એના રૂમમાં બેઠી હતીઃ

‘ટોવેલ આપવા આવી હતી... મને થયું કે કદાચ...’

એણે વિચિત્ર નજરે કેસરના શરીર સામે જોયું. કેસરને એ નજર ગમી નહીં.

‘છે મારી પાસે.’

‘તમે નીચે આવો છો ને... જમવા?’ એણે ફરી એ જ વિચિત્ર સ્મિત કર્યું.

‘મારે નથી જમવું.’

‘થોડું...’ એણે જે રીતે કહ્યું એ પછી કેસર ના પાડી શકી નહીં.

એ નીચે ગઈ. મોટા ડાઈનિંગ ટેબલ પર ચાર યુવાન છોકરીઓ અને ચોરસ ડાઇનિંગ ટેબલના એક છેડે મોટી ખુરશી પર પૂનમ બેઠી હતી. ચાંદની રસોડામાંથી બધાં બાઉલ લાવીને ટેબલ પર મૂકતી હતી. આટલા મોટા ઘરમાં એક પણ નોકર કે મહારાજ નહોતા એ વાતે કેસરને થોડી નવાઈ લાગી. એણે મદદ કરવા માટે રસોડામાં જવાનો પ્રયત્ન કર્યો, પણ ચાંદનીએ એને રોકી દીધી.

જમતી વખતે કોઈ કશું બોલ્યું નહીં. એક વિચિત્ર પ્રકારનો સન્નાટો ડાઇનિંગ ટેબલ પર ઝળુંબતો રહ્યો. ઝૂમાંથી આવેલું કોઈ પ્રાણી હોય એવી રીતે એ ચારેય છોકરીઓ વારે વારે કેસરને જોયા કરતી હતી... કેસર સાથે એમની નજર ટકરાય તો ચોરી કરતાં પકડાઈ ગઈ હોય એમ એ છોકરીઓ નજર ફેરવી લેતી.

કેસરને અંદર અંદર કંઈક વિચિત્ર લાગણી થવા માંડી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હવે રાત પડી ચૂકી હતી. કાલે સવારે બહુચરાજી જવાના બહાને અહીંથી નીકળે નહીં ત્યાં સુધી હવે એ આ ઘરમાં ફસાઈ ગઈ હતી!

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 29

અભિમન્યુસિંહ અને ગુલાબસિંહ આપને મળવા આવ્યા છે.

રિસેપ્શનિસ્ટની આટલી વાત સાંભળતાં જ નિખિલના હોઠ સ્મિતમાં વંકાયા. અત્યાર સુધી એને લાગતું હતું કે કેસર જીવતી છે એ સમાચાર લઈને દેવરાજસિંહ ઝાલાને ત્યાંથી એના સુધી કોઈ નહીં પહોંચે, પરંતુ હવે જ્યારે દાદા અને પૌત્ર આવી પહોંચ્યા હતા ત્યારે નિખિલ શતરંજનાં મહોરાં ગોઠવીને રમવા માટે સાબદો થઈ ગયો.

ચેમ્બરનો દરવાજો ખોલીને પહેલાં ગુલાબસિંહ દાખલ થયા. બે હાથ જોડીને, નીચા નમીને બધા દાંત ગણી શકાય એવડું મોટું સ્મિત કરીને એમણે અભિવાદન કર્યું:

'ઘણી ખમ્મા, નિખિલજી...'

'પધારો, ગુલાબસિંહજી.'

નિખિલ પણ ગુસ્સો ડ્રોઅરમાં મૂકીને રમત રમવા તૈયાર થઈ ગયો હતો.

અભિમન્યુ અને ગુલાબસિંહ ચેમ્બરમાં દાખલ થઈને ઊભા રહ્યા. નિખિલે એમને બેસવાનો ઇશારો કર્યો. બંને જણા ગોઠવાયા. અભિમન્યુએ વાત શરૂ કરી:

'આપને તો ખબર જ હશે કે...'

'હા, તારા બાપે મને નોટિસ મોકલાવી છે.'

'અમે નોટિસની વાત કરવા નથી આવ્યા.'

'તો?' નિખિલને ઉંદર-બિલાડીની રમતમાં મજા આવતી હતી.

'બચુ દેસાઈ આપને પણ મળવા આવ્યા હતા. આપ તો જાણતા જ હશો.'

'શાના વિશે?'

નિખિલ હજીયે ખભે હાથ મૂકવા દે એમ નહોતો.

અભિમન્યુ અકળાઈ ઊઠ્યો, પરંતુ ગુલાબસિંહ આ રમત સમજી શકતો હતો. એણે ખૂબ ધીરજથી નિખિલને કહ્યું:

'તમારી પુત્રવધૂ જીવે છે. ગઈ કાલ સુધી તો મુંબઈમાં જ હતી. આજે પણ મુંબઈમાં હોય તો નવાઈ નહીં.'

'મુંબઈમાં હશે તો પકડાયા વિના નહીં રહે.' નિખિલના ચહેરા પર ક્રૂર સ્મિત રમી ગયું:

'અને જો પકડાઈ ગઈ તો મરેલાને મારવાની આ દેશના કાયદામાં કોઈ સજા નથી.'

'પકડાઈ જાય તો તો સારું જ છે, પણ જો ન પકડાય તો...' ગુલાબસિંહે દાણો ચાંપ્યો.

'તો શું?'

'એ આપણને નુકસાન કરી શકે.' હવે એમણે પણ એક ચાલ ચાલી નાખી:

'અમને તો શું નુકસાન કરે, પણ તમને કરી શકે અને કરશે. હું કેસરને બરાબર ઓળખું છું. ડંખીલી છે.'

'સાહેબ, હું ઇચ્છું છું કે તમે...' અભિમન્યુ વચ્ચે બોલી ઊઠ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મેં પૂછ્યું કે તમે શું ઇચ્છો છો?'

નિખિલનો સવાલ અભિમન્યુના ગાલ પર તમાચાની જેમ વાગ્યો.

અભિમન્યુ અકળાયો હતો, પણ ગુલાબસિંહે ટેબલની નીચેથી એનો હાથ દબાવ્યોઃ

'કેસર ઘરમાંથી ભાગી છે, કારણ કે એ વેર લેવા માગે છે...તમારા ઘરમાં એની સાથે જે કંઈ થયું એનું વેર લેશે એ.'

'શું થયું અમારા ઘરમાં?' નિખિલ એમ સહેલાઈથી પાંજરામાં પુરાય એવો નહોતો.

'જુઓ, એકબીજાની સાથે રમત રમવાથી કોઈ ફાયદો નહીં થાય.' ગુલાબસિંહે ધીમે રહીને સીધી વાત કરી નાખીઃ

'શ્રોફસાહેબ, કોઈ પણ રીતે કેસરની ખબર કઢાવવી પડે. જો એ પાછી આવે અને મીડિયા સામે કોઈ પણ પ્રકારનું સ્ટેટમેન્ટ કરે તો આપણે બધા જ મુશ્કેલીમાં મુકાઈશું. એને બદલે...' એમણે સ્મિત કર્યું.

'તો તમે મારી પાસે મદદ માગવા આવ્યા છો... હંમેશની જેમ.' એ હસ્યોઃ

'તમે દર વખતે વાત તો એવી કરો છો જાણે મારી મદદ કરવા આવ્યા હો. તમે એ ભૂલી જાવ છો. કે નિખિલ શ્રોફને કોઈની મદદની જરૂર નથી.'

'સારું, એમ તો એમ.' ગુલાબસિંહે બે હાથ જોડ્યા. અભિમન્યુનું લોહી ગરમ થઈ ગયું. એને ઇચ્છા થઈ આવી કે ઊઠીને નિખિલના ડાચા પર એક તમાચો રસીદ કરે, પછી ત્યાંથી ચાલતો થાય.

'અમારી મદદ કરશોને? કેસરને શોધી આપો સાહેબ, તમારી પહોંચ છેક ઉપર સુધી છે.'

'મારે જે કરવાનું હતું એ હું કરી ચૂક્યો છું. ગણતરીના કલાકોમાં કેસરના બધા જ સમાચાર મારા ટેબલ પર પહોંચી જશે.' નિખિલે ટેબલ પર પડેલું પેપરવેઇટ ગોળ ગોળ ફેરવવા માંડ્યું.

નિખિલ ખોટો નહોતો. એનું નેટવર્ક કામે લાગી ચૂક્યું હતું...

*

ભયાનક અકળાયેલો સોમલ એના પપ્પા નિખિલની ચેમ્બરમાંથી બહાર નીકળીને સીધો નેહાના ટેબલ પાસે પહોંચ્યો. નેહા પોતાના ઓટોકેડ પર એક ડ્રોઇંગની ડિટેલ કરવામાં બિઝી હતી.

નેહાના વર્કસ્ટેશનની પાર્ટિશન પર હાથ રાખીને ઊભેલો સોમલ કોઈ મોડલ જેવો દેખાતો હતો. એક દિવસની વધેલી દાઢી, બ્રાન્ડેડ ચેક્સનું શર્ટ, અડધી ચઢાવેલી બાંય, ટક-ઇન કરેલા શર્ટ પર ગૂચીનો લેધરબેલ્ટ સોમલના વી-શેપને વધુ સ્પષ્ટ કરતો હતો. એનું પરફ્યુમ નેહાના શ્વાસમાં થઈને મગજ સુધી પહોંચ્યું. એને ખ્યાલ આવ્યો કે સોમલ ઊભો છે, પરંતુ પોતાનું કામ ચાલુ રાખ્યું.

થોડી વાર સુધી સોમલ કશું બોલ્યો નહીં એટલે નેહાએ એની સામે જોયા વિના પૂછ્યુંઃ

'તારા ડૅડ તારી વાત માને એમ લાગતું નથી.'

'એ પોતે જ જે વાત કરે છે એ માન્યામાં આવે એવી નથી. એ તદ્દન ગાંડા થઈ ગયા છે–હી હૅઝ ગોન મૅડ.'

'વ્હોટ?'

નેહાએ કામ બંધ કરીને પોતાની રિવાલ્વિંગ ચૅર સોમલ તરફ ફેરવી. ઊભેલા સોમલને નેહાના સફેદ ટોપમાંથી છેક નાભી સુધી એની તાંબાવર્ણી ત્વચા દેખાતી હતી. એક ક્ષણ માટે એની નજર અટકી. પછી એણે નેહાની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આંખોમાં જોયું:

'હવે ડૅડ કહે છે કે કેસર જીવે છે. કોઈ બચુ દેસાઈ નામનો માણસ એમને મળવા આવેલો. એ કહે છે કે...'

'તારા ડૅડ ખોટા નહીં હોય.'

નેહા ઊભી થઈ ગઈ. એની આંખોમાં વિચિત્ર પ્રકારની ચમક આવી:

'ન જાણે કેમ મને પણ એવું લાગે છે કે કેસર જીવે છે. એ એટલી જલદી મરી જાય એવી છોકરી નથી. જબરદસ્ત જિજીવિષા જોઈ છે મેં એની આંખોમાં. જિંદગી સાથે લડવાની હિંમત છે એ છોકરીમાં. એ નાજુક-નમણી દેખાતી છોકરી ભીતરથી લોખંડની બનેલી છે.'

'તું શું બોલે છે, નેહા? એ છોકરીના અગ્નિસંસ્કાર થઈ ચૂક્યા છે.'

'વેઇટ અ મિનિટ.' નેહાએ સિગારેટનું પૅકેટ અને લાઇટર પોતાના ટેબલ પરથી ઉપાડ્યાં અને હાથ ખેંચીને સોમલને બહાર ટેરેસમાં લઈ ગઈ.

ટેરેસમાં જઈને એણે સિગારેટ સળગાવી. ઊંડો કશ ખેંચીને સોમલ તરફ લંબાવી, 'સોમલ, અગ્નિસંસ્કાર કેસરના નથી થયા, કોઈ પણ એક લાશના થયા છે. એ લાશ કેસરની છે એવું ખાતરીપૂર્વક કોઈ કહી શકે એમ નથી.'

'તું આ ફાલતુ થિયરી પાછળ સમય ન બગાડ.' સોમલ જાણે પોતાની જાતને કહેતો હોય એમ જોરથી બોલ્યો:

'કેસર હવે આ દુનિયામાં નથી, નેહા... પ્લીઝ, મારે એ વિશે કોઈ વાત કરવી નથી કે તપાસ પણ કરવી નથી.'

'તું જાતને સમજાવે છે.'

નેહા હસી પડી. એકસરખા ગોઠવાયેલા એના સફેદ દાંત અને મોટી ભાવુક આંખો આકર્ષક દેખાતાં હતાં:

'આપણે બધાં જ સ્માર્ટ છીએ. જ્યારે જોઈએ ત્યારે, જે જોઈએ તે જવાબ શોધી લઈએ છીએ. પરિસ્થિતિ ગમે તે હોય, આપણે જે સાંભળવું છે એટલું જ આપણને સંભળાય છે. સત્ય શોધવાની ટેવ જ છૂટી ગઈ છે... અને ભૂલેચૂકે સત્ય દેખાઈ પણ જાય તો આંખો મીંચીને માથું સગવડની રેતીમાં ખોસી દેવું છે. ફ...!' એ અંગ્રેજીમાં ચાર અક્ષરની ગાળ બોલી ગઈ.

'એટલે તું એમ કહેવા માગે છે કે કોઈ આવીને કહી ગયો એટલે જે કંઈ બની ગયું તેને ખોટું ઠેરવવાનું અને નવેસરથી તપાસ કરવાની?' સોમલ અચાનક ચૂપ થઈ ગયો.

'...અને જો કેસર જીવતી છે એવી ખબર પડે તો એને પાછી લઈ આવવાની...' નેહાએ સોમલનું વાક્ય પૂરું કરીને એના બંને હાથ સોમલના ખભા પર મૂક્યા:

'પણ ડાર્લિંગ, કેસરની જગ્યા તો ભરાઈ ગઈ છે. ત્યાં તો હવે આરોહી ગોઠવાઈ ગઈ છે. જો કેસર આવે તો આરોહીએ જવું પડે, કેમ?'

'આખી વાતમાં આરોહી ક્યાંય નથી.'

'હમણાં નથી...'

નેહા આગળ કંઈ બોલે એ પહેલાં સોમલનો સેલફોન રણક્યો. નેહાએ એના ખભા પરથી હાથ ઉઠાવી લીધા. એણે ફોન શર્ટના ફ્રન્ટ પોકેટમાંથી બહાર કાઢીને નેહા સામે જોયું. નેહાના સ્મિતમાં સ્પષ્ટ દેખાઈ આવ્યું કે ફોન આરોહીનો છે એ વાત એને સમજાઈ ગઈ છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બોલ.’

‘શું બોલું? આટલા દિવસથી એક ફોન પણ નથી કર્યો તેં.’

‘તારું કંઈ કામ નહોતું એટલે...

‘એટલે? તારે કામ હોય તો જ તું મને ફોન કરે?’

‘આરોહી પ્લીઝ... મારે અહીં સત્તર પ્રોબ્લેમ્સ છે. દલીલો કરવામાં મને રસ નથી’

‘કોફી પીવામાં રસ છે?’

‘અત્યારે?’

‘હું તારી ઓફિસની બિલ્ડિંગની નીચે ઊભી છું. આવે છે?’ સોમલ ક્ષણભર માટે વિચારમાં પડ્યો.

‘કેમ, કોઈની પરમિશન માગવાની છે?’

‘આવું છું.’

સોમલે ફોન કટ કર્યો. નેહા સામે જોવાની એની હિંમત ન થઈ. ફોન શર્ટના પોકેટમાં સરકાવીને એણે હાફ ફોલ્ડ કરેલી બાંયો ફરી ફોલ્ડ કરી:

‘આરોહી નીચે આવી છે. હું...’

‘જઈ આવ.’ નેહાએ સોમલના ગાલ પર ટપલી મારી:

‘તું એને ના નહીં પાડી શકે.’

‘હું કંટાળી ગયો છું.’

‘તો કહી દે એને.’ નેહા હસી પડી:

‘કે પછી હિંમત નથી તારી?’

‘એનાથી નહીં...’ સોમલ અચાનક જ ગંભીર થઈ ગયો:

‘જર્મનીથી આવ્યો છું ત્યારથી બધું ગૂંચવાયા જ કરે છે. કોણ જાણે કેમ, જિંદગી સ્થિર થતી જ નથી.’

‘આરોહી તારી જિંદગીને સ્થિર કરી દેશે. ન આગળ જવા દેશે, ન પાછળ...’ નેહા હજી હસતી હતી:

‘ફિક્સ કરી દેશે એક જગ્યાએ.’

‘તને આરોહી નથી ગમતી, નહીં?’

‘વેલ.’ નેહાએ ખભા ઊંચકયા, બીજી સિગારેટ સળગાવી. બેફિકરાઈથી ધુમાડો હવામાં છોડતાં એણે સોમલ સામે જોયા વિના કહ્યું:

‘એ તને સુખી નહીં કરી શકે.’

‘હું અત્યારે કંપની શોધું છું નેહા, મારી એકલતાને ભરી શકે, મારી અંદરના પુરુષને એન્ટરટેઇન કરી શકે એવી કોઈ કંપની. એનાથી વધારે મારી જરૂરિયાત જ નથી.’

‘મને કેફિયત આપવાની જરૂર નથી. પુરુષ માને છે કે સ્ત્રી સાથે સમય પસાર કરવાથી માનસિક રાહત અને મનોરંજન મળે છે, પરંતુ એવું હકીકતમાં થતું નથી... માત્ર પ્રશ્નો વધે છે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું અત્યારે જાઉં છું.’ સોમલે એના હાથમાંથી સિગારેટ લગભગ ઝૂંટવી ઝડપથી એક કશ માર્યો:

‘કારણ કે મારે જવું છે, ઓ.કે.?’

એ ચાલી ગયો. નેહા પાછળ પણ જોયા વગર ત્યાં જ ઊભી રહીને સિગારેટ પીતી રહી.

એને માટે અત્યારે અગત્યનો સવાલ એ હતો કે જો કેસર જીવે છે તો એ ક્યાં છે? અને જ્યાં છે ત્યાં સલામત છે કે નહીં?

*

રાત્રે ડિનર ટેબલ પર ભોજન પૂરું થયા પછી કેસર એને અપાયેલા રૂમમાં પહોંચી.

ડિનર ટેબલ પરનો સન્નાટો એને વિચિત્ર લાગ્યો હતો. ન જાણે કેમ એને લાગ્યું કે એ આ ઘરમાં ફસાઈ ગઈ હતી. હવે કંઈ બોલવાનો અર્થ નહોતો એવું વિચારીને એ ચૂપચાપ પોતાના રૂમમાં પહોંચી. એણે અંદરથી રૂમ લોક કરવાનો પ્રયત્ન કર્યો, પણ એને આશ્ચર્ય થયું કે રૂમ લોક થઈ શકે એવી વ્યવસ્થા ત્યાં નહોતી.

આડી પડીને કેસર બની ગયેલી ઘટનાઓ વિશે વિચારતી હતી. એ વખતે ચાંદની દરવાજો ખોલીને અંદર દાખલ થઈ. એ કેસરની બાજુમાં એના પલંગ પર જ બેસી ગઈ. થોડી વાર બેમાંથી કોઈ કશું બોલ્યું નહીં. પછી ચાંદનીએ કેસરની આંખમાં આંખ નાખીને પોતાના વિચિત્ર સ્મિત સાથે પૂછ્યું:

‘ઘેરથી ભાગીને આવી છે ને?’

કેસર ચોંકીને બેઠી થઈ ગઈ.

‘મને કેવી રીતે ખબર પડી એમ વિચારે છે ને તું? નીચે જે ચાર છોકરીઓ છે એ ચારેય તારી જેમ જ ભાગીને આવી છે...’

કેસર છેક ભીતર સુધી ધ્રૂજી ગઈ. એક જ ક્ષણમાં એના મગજમાં કંઈ કેટલાય વિચારો આવ્યા અને ભૂંસાઈ ગયા.

‘આ બધી છોકરીઓને હું અહીં રાખું છું. મફત ખવડાવું-પીવડાવું છું. એમનું ધ્યાન રાખું છું.’ ચાંદનીએ ફરીથી પેલું વિચિત્ર સ્મિત કર્યું:

‘કામ આપું છું અને સારા પૈસા પણ...’

‘તમે માનો છો એવી છોકરી નથી હું.’ કેસરે બેડ પરથી ઊતરવાનો પ્રયત્ન કર્યો:

‘મારી સાથે સહેજ પણ આમતેમ કરવાનો પ્રયત્ન કર્યો તો હું હમણાં જ જતી રહીશ.’

કેસરે કહ્યું તો ખરું, પણ એને પોતાને લાગ્યું કે એનો અવાજ ધ્રૂજતો હતો. પેલો સાડા આઠ ફૂટનો તોતિંગ દરવાજો એને યાદ આવી ગયો. અહીંથી ભાગવું કદાચ અશક્ય હતું.

‘આ બોયકટ વાળ, શર્ટ અને જીન્સ પહેરવાની તારી અદા, તારી ચાલ...’ ચાંદનીએ હાથ લંબાવીને કેસરના ખભે હાથ મૂક્યો:

‘મને ખબર છે, તું કેવી છોકરી છે. અમે અહીંયાં એવી જ છોકરીઓને રાખીએ છીએ.’

‘શું? એટલે તમે શું કહેવા માગો છો?’

‘દુનિયાના લોકોની ઘણી જરૂરિયાતો છે. જેમ પુરુષોને સ્ત્રીની જરૂર પડે છે, એમ સ્ત્રીઓની પણ જરૂરિયાતો હોય છે...’ ચાંદનીનો હાથ કેસરના ખભા પર ધીમે ધીમે ફરતો હતો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તને છોકરીઓ ગમે છે ને? પડછંદ... મજબૂત... પૂનમ જેવી...’

‘જુઓ, તમારી ભૂલ થાય છે.’

‘તને ખબર નથી પડતી. હું તને જોતાંની સાથે સમજી ગઈ હતી. તારી જરૂરિયાતો જુદી છે.’

ચાંદની એની નજીક સરકી. એણે કેસરની ગરદન પર, ગાલ પર હથેળી ફેરવી. કેસરના હોઠ પર આંગળી ઘુમાવીઃ

‘એવી ઘણી સ્ત્રીઓ છે, જેમને સ્ત્રીઓ ગમે છે... તને પૈસા પણ આપશે.’

‘શટઅપ!’

પોતાના શરીર પર ફરી રહેલા ચાંદનીના સ્પર્શમાં કેસરને પેલા મયંક જોશીનો સ્પર્શ અનુભવાયો. મયંક વખતે થયેલો અણગમો અને એટલો જ તિરસ્કાર એને અત્યારે ચાંદની પર થતો હતો.

‘ઘણી સ્ત્રીઓને તારા જેવી છોકરીઓ ગમે છે. નમણી, કોમળ, છતાં પુરુષ જેવી...’

‘મને... મને જવા દો અહીંથી.’

કેસરે એને જોરથી ધક્કો માર્યો. ચાંદની પલંગ પરથી નીચે ગબડી. કેસરે ઊભાં થઈને પોતાની બૅગ લઈ લીધીઃ

‘તમે જો કોઈ એવા ઇરાદાથી મને અહીં લાવ્યા હો તો... હું...’

ચાંદની જમીન પરથી ઊભી થઈ. એણે કેસર સામે જોઈને ફરી સ્મિત કર્યું. એનું આ વખતનું સ્મિત જુદું હતુંઃ

‘કોઈ જબરદસ્તી કે બળાત્કાર નહીં કરે તારા પર. ડરે છે શું કામ? અમે તારી મદદ કરીશું. તને જે નહીં સમજાતું હોય એ સમજવામાં...’

‘મને બધું જ સમજાય છે. પ્લીઝ...’ કેસરે હાથ જોડ્યાઃ

‘મને અહીંથી જવા દો. હું તમને વિનંતી કરું છું.’

‘ઠીક છે...’ ચાંદની દરવાજાની બહાર જવા લાગીઃ

‘શરૂઆતમાં આવું જ થાય. આપણને જ ન સમજાય કે શું જોઈએ છે, પણ કેસર, એક સમય આવશે, જ્યારે તું મારી પાસે આવીશ, મારી મદદ માગવા. આ બધી છોકરીઓ એક પછી એક અંતે મારી જ પાસે આવી કેસર, કારણ કે હું જ છું, જે એમની મદદ કરી શકું એમ છું.

ચાંદની બોલી રહી હતી, પરંતુ કેસર એની કોઈ વાત કાને ન પડતી હોય એમ રૂમમાં બહાર પડેલી એની ચીજવસ્તુઓ બૅગમાં ભરતી રહી.

કેસર પોતાની બૅગ ભરીને તૈયાર થઈ ગઈ ત્યાં સુધીમાં ચાંદની રૂમની બહાર નીકળી ગઈ હતી. કેસર પલંગ પર ફસડાઈ પડી. એ ચાંદનીની વાત પર વિચાર કરવા લાગી.

શું ખરેખર પોતે એબ્નોર્મલ હતી? ચાંદનીએ જે કંઈ કહ્યું એ વાતમાં તથ્ય કેટલું? જો ખરેખર એવું હોય તો પોતે શું કરવું જોઈએ?

અત્યાર સુધી કેસરના જીવનમાં જે કંઈ સવાલો હતા એના કરતાં જુદા અને વધુ ભયાનક સવાલો હવે એની સામે ફેણ ઊંચકીને ખડા થઈ ગયા હતા. એને સોમલના સ્પર્શથી થતો અણગમો યાદ આવી ગયો... એને મયંક જોશીના સ્પર્શમાં અનુભવાયેલી એ ઘૃણા તાજી થઈ ગઈ...

કેસર માથે હાથ દઈને પોતાની સામે ખૂલી ગયેલા સાપના કરંડિયાને ભયગ્રસ્ત આંખોથી જોતી રહી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સવાર સુધી કેસર એક ક્ષણ માટે પણ ઊંઘી શકી નહીં. ચાંદનીએ કહેલી વાત એને રહી રહીને પજવતી રહી. એણે જાતને અનેક સવાલો પૂછ્યા. પોતાનાં અનેક વર્તનોને ફરી ફરીને તપાસ્યાં, પરંતુ એની પાસે કોઈ જવાબ નહોતા.

જો ખરેખર ચાંદનીએ જે કંઈ કહ્યું તે સત્ય હોય તો પોતાને ચાંદનીનો સ્પર્શ ગમવો જોઈતો હતો, પરંતુ પોતાને તો ચાંદનીના સ્પર્શથી પણ ઘૃણા થઈ હતી.

કોણ હતી એ? શા માટે એનું મન આટલી સમસ્યાઓ ઊભી કરતું હતું એ કેસરને સમજાયું નહીં.

એ સવારે તૈયાર થઈને, બૅગ લઈને નીચે ઊતરી ત્યારે પૂનમ ટ્રૅક સૂટ પહેરીને આરામખુરશી પર બેસીને ચા પીતી હતી. કેસર સંકોચ સાથે એની સામે ગઈ:

'હું... નીકળું છું.'

'હા.'

'તમને તકલીફ પડી હોય તો...'

'મને કોઈ તકલીફ નથી પડી.' પૂનમ એની સામે જોવા પણ તૈયાર નહોતી. એ છાપું વાંચી રહી હતી:

'તકલીફ તને પડવાની છે... લે.'

એણે પોતાની બાજુમાં પડેલા ટેબલ પરથી એક કાર્ડ ઉપાડીને કેસર તરફ લંબાવ્યું:

'અહીંનો ટેલિફોન નંબર છે અને એડ્રેસ પણ. મારો અને ચાંદનીનો સેલનંબર પણ છે આમાં. કંઈ જરૂર પડે તો અમને સંકોચ વગર અમારો સંપર્ક કરજે.'

કેસરને આ બંને બહેનોનું વર્તન સમજાયું નહીં.

વધુ ચર્ચા કર્યા વિના એણે કાર્ડ લઈ લીધું. એ બૅગ લઈને પેલા દરવાજા પાસે આવીને ઊભી રહી. થોડી વાર દરવાજો ખોલવાની મથામણ કર્યા પછી એણે પૂનમ તરફ જોયું. પૂનમે હસીને બાજુમાં પડેલું નાનકડું રિમોટ હાથમાં લીધું... એક બટન દબાવ્યું:

'ખોલ... હવે ખૂલી જશે.'

કેસરની નવાઈ સાથે દરવાજો બિલકુલ પ્રયત્ન વગર ખૂલી ગયો. એ બૅગ લઈને બહાર નીકળતી હતી ત્યારે પૂનમે છાપામાંથી નજર ખસેડ્યા વગર ફરીથી કહ્યું:

'બહાર ગાડી ઊભી છે. મેં ડ્રાઇવરને બોલાવી લીધો છે. તને શહેર સુધી છોડી દેશે.'

કેસર માથું નમાવીને કંઈ બોલ્યા વિના બહાર નીકળી ગઈ. ગાડીમાં બેસીને શહેર સુધીના રસ્તા દરમિયાન કેસરનું મગજ ચકરાવે ચડ્યું હતું. આ અનુભવ પછી એને માટે એક નવી જ દુનિયાના દરવાજા ખૂલ્યા હતા. અકળ અને ન સમજી શકાય એવી એક દુનિયા એની સમજના કિલ્લાની બહાર વસે છે એવું એને ધીમે ધીમે સમજાવા લાગ્યું હતું.

એ આવા ભયાનક અનુભવ માટે એ તૈયાર નહોતી. ડ્રાઇવરે એને ઇસ્કોન મંદિર પાસે છોડી દીધી:

'સાહેબે અહીંયાં જ ઉતારવાનું કહ્યું છે.'

'સાહેબ?'

'પૂનમસાહેબ...' ડ્રાઇવરે આછું સ્મિત કર્યું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અહીંથી તમને જ્યાં જવું હશે ત્યાંની બસ મળી જશે. રિક્ષા પણ મળશે...’ આટલું કહીને એણે કાર આગળ મારી મૂકી.

રસ્તા પર ઊભેલી કેસર ફરી એક વખત ક્યાં જવું એનો વિચાર કરતી ગૂંચવાયેલી સ્થિતિમાં પહોંચી ગઈ હતી. આવતી-જતી બસોને જોઈ રહી હતી. શહેરનો સવારનો ટ્રાફિક શરૂ થઈ ગયો હતો. રિક્ષાઓ, ગાડીઓ, ટુ વ્હિલર પસાર થતાં હતાં. અચાનક કેસરને એક વિચાર આવ્યો. એણે નજીક ઊભેલા માણસને પૂછ્યું:

‘બહુચરાજી જવાની બસ અહીંથી જ મળશે?’

‘મળશે તો ખરી, પણ બહુ વાર લાગશે. તમે મહેસાણા જતાં રહો, સામે જીપ ઊભી છે ને... એ બધી મહેસાણા જશે. ત્યાંથી સહેલું પડશે.’

કેસર લગભગ દોડતી ત્યાં ઊભેલી જીપ પાસે પહોંચી. થોડા લોકો અંદર ગોઠવાયેલા હતા. કેસર બૅગ ફેંકીને અંદર બેસી ગઈ:

‘મહેસાણા જશે ને?’

‘પચાસ રૂપિયા થશે.’

સ્ટિયરિંગ વ્હિલ પર બેઠેલો માણસ તોછડાઈથી થૂંક્યો. જવાબ આપ્યા વિના કેસર અંદર જ બેસી રહી. એક પછી એક માણસો આવતા ગયા. જીપ ભરાતી ગઈ. ઘેટાં-બકરાં ભરે એ સ્થિતિમાં જીપમાં માણસો ભરાયા. એટલું ઓછું હોય એમ પાછળ બે જણા ઊભા રહ્યા.

જીપ મહેસાણા જવા નીકળી ત્યારે કેસરને ક્યાં ખબર હતી કે મુંબઈ પોલીસની એક ટુકડી એનું પગેરું દબાવીને બચુભાઈના ગેસ્ટહાઉસથી લઈને મુંબઈ એરપોર્ટ સુધી પહોંચી ગઈ હતી...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 30

જીપ મહેસાણા પહોંચી ત્યાં સુધીમાં પરસેવાની ગંધ, બીડીના ધુમાડા અને અકળામણથી કેસરને ઊલટી જેવું થવા લાગ્યું.

એની બાજુમાં બેઠેલો માણસ જાણીજોઈને એનાં અંગોને અડવાનો પ્રયાસ કરતો હતો એવું પણ કેસરને લાગ્યું. ભીંસોભીંસ બેઠેલી કેસર કંઈ બોલી શકાય એવી સ્થિતિમાં નહોતી એટલે એ ચૂપચાપ બેસી રહી. એણે એક-બે વાર પેલા માણસ તરફ કરડી નજરે જોયું, પણ એને તો જાણે અસર જ નહોતી...

મહેસાણા ઊતરીને ભૂખીડાંસ થઈ ગયેલી કેસરે આમતેમ તપાસ કરી. નજીકની એક રેસ્ટોરાંમાં બેસીને કેટલાક લોકો ચા-ગાંઠિયા ખાઈ રહ્યા હતા. એ પણ ત્યાં પહોંચી. બૅગ મૂકીને એણે પણ ઓર્ડર આપ્યો. હજી એની પ્લેટ આવે અને એ ખાવાની શરૂઆત કરે એ પહેલાં એક કોન્સ્ટેબલ દાખલ થયો.

કેસર બરાબર દેખાય એવી રીતે એક ખૂણામાં એ ગોઠવાઈ ગયો. કેસરનું ધ્યાન એના તરફ બિલકુલ નહોતું. ગઈ કાલ સાંજથી અત્યાર સુધી બનેલી ઘટનાઓ વિશે એનું મગજ ચકરાવે ચડ્યું હતું. આ ગૂંચવણભરી સ્થિતિમાં હવે શું કરવું એ વિશે વિચારતી એ ચાના ઘૂંટડા ભરતી હતી ત્યારે એ કોન્સ્ટેબલ પોતાની જગ્યાએથી ઊભો થયો. કેસરના ટેબલ પાસે આવીને એણે ટેબલ પર લાકડી પછાડી.

કેસરે ચોંકીને ઊંચું જોયું. નાની નાની મૂછોવાળો, શરીરે પાતળો પણ વિચિત્ર રીતે મોટા પેટવાળો એ કોન્સ્ટેબલ એની સામે જોઈને હસી રહ્યો હતો.

કેસર ગેસ્ટહાઉસમાંથી છટકી ગઈ છે એ જાણ્યા પછી એને શોધી કાઢવા લોકલ તેમ જ બહારગામ જતી ટ્રેનોનાં સ્ટેશનો, એસ.ટી. સ્ટૅન્ડ ઉપરાંત એરપોર્ટ પર નિગરાની રાખવા સાથે ચાંપતો બંદોબસ્ત ગોઠવાઈ ગયો હતો.

મુંબઈ એરપોર્ટ પરથી ઊપડેલી એ સાંજ-રાતની ફ્લાઇટના પેસેન્જર્સ લિસ્ટ ચેક થઈ રહ્યાં હતાં એમાંથી જાણવા મળ્યું કે કોઈ મિસ કેસર ઝાલાના નામે સ્પાઇસ જેટની અમદાવાદની જતી છેલ્લી ફ્લાઇટની સીટ બુક થઈ હતી... આના પરથી એ તો નક્કી થઈ ગયું હતું કે કેસર મુંબઈથી ભાગીને અમદાવાદ પહોંચી ગઈ છે.

મુંબઈ પોલીસે તાત્કાલિક અમદાવાદની પોલીસને કેસરનો ફોટો અને વિગતો મેઇલ કરી દીધાં હતાં. ચક્રો ગતિમાન થઈ ગયાં હતાં. એરપોર્ટ પરના રિક્ષાવાળા અને ટૅક્સીવાળાઓ સાથે સવાલ-જવાબ શરૂ થઈ ગયા હતા.

કેસર કોઈ ગાડીમાં બેસીને એરપોર્ટથી નીકળી ત્યાં સુધીની વિગત પોલીસને મળી ગઈ, પરંતુ ગાડીનો નંબર કે બીજી કોઈ વિગતો મેળવવી એમને માટે લગભગ અશક્ય બની ગઈ.

નિખિલ શ્રોફ ફોન પર ફોન કરતો હતો. મુંબઈ પોલીસ કમિશનરનું દબાણ વધતું જતું હતું. કેસર ઝાલાને સાંજ સુધીમાં કોઈ પણ રીતે શોધી કાઢવાના મૌખિક ઓર્ડર્સ અમદાવાદ શહેરના એક-એક પોલીસ સ્ટેશનને અપાઈ ચૂક્યા હતા.

આખી રાત પોલીસટુકડીએ શહેરના રસ્તાઓ અને હોટેલમાં કોમ્બિંગ કર્યું હતું, પણ એ તો ઘાસની ગંજીમાં સોય શોધવા જેવું કામ છે. આવડા મોટા શહેરમાં અલોપ થઈ ગયેલી એક છોકરીને ક્યાં શોધવાનું કામ દુષ્કર હતું. સિવાય કે એ અનાયાસ ઝડપાઈ જાય...

કોઈ આતંકવાદી ખોવાયો હોય એટલી મહેનત કરાવે છે આપણી પાસે... આ મુંબઈવાળા તો એક ટચૂકડી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

છોકરી માટે લોહી પી ગયા છે...

એવી કચકચ પછી પણ અમદાવાદ શહેરની પોલીસ કેસરને શોધતી હતી, કારણ કે એ નિખિલ શ્રોફના ઘરની પુત્રવધૂ હતી!

તરત જ પોલીસ મોબાઇલ-વૅનનો સંપર્ક કરીને એમણે એક કોન્સ્ટેબલને કેસરની પાછળ લગાડ્યો અને કોન્સ્ટેબલે જ્યારે કેસરને મહેસાણાની હાઈવેની એક નાનકડી હોટલ પર પકડી ત્યારે પીઆઈ ચૌહાણ આખી રાતના ઉજાગરા પછી પોતાના બેડરૂમમાં ઘોરતા હતા.

'મૅડમ, મુંબઈથી મહેસાણા તો પહોંચી ગયાં, પણ હવે આગળ નહીં જવાય.' કોન્સ્ટેબલે ફરીથી લાકડી પછાડી.

કેસરે એક ક્ષણ માટે આંખ મીંચી. જિંદગીમાં કોઈ દિવસ એણે આટલા સાચા હૃદયથી કદાચ કશું જ નહોતું માગ્યું. અત્યારે એણે આંખ મીંચીને બહુચરાજીને યાદ કર્યાઃ

મા, તું કુળદેવી છે. હું અહીં સુધી આવી ગઈ છું. મારી માની ઇચ્છા હતી કે તને ચુંદડી ચડાવવી... આખું કુટુંબ તો સાથે આવી નથી શક્યું, પણ અહીં સુધી આવીને હું પાછી જઈશ તો...

એણે ઉપલા દાંત નીચે હોઠ દબાવ્યો ને ત્રણ સેકન્ડમાં કેસરે નિર્ણય કરી લીધો કે એને શું કરવું છે. જુઠ્ઠું બોલવાનો કે જાતને છુપાવવાનો અર્થ નહોતો. એને બદલે સીધોસાદો સોદો કરીને અહીંથી નીકળી જવું સહેલું પડે એમ હતું.

'આગળ નહીં જવાય એવું કોણે કહ્યું, સાહેબ?'

'હું કહું છું એટલે ફાઇનલ છે. તારી પાછળ જ મોકલ્યો છે સાહેબે. આખી રાત ગોતી છે તને. આજ ને આજ મુંબઈ પહોંચાડવાનો ઓર્ડર છે.'

'હું તમને મહેસાણામાં મળી જ ના હોત તો?'

'એટલે?'

'મને જવા દો. હું તમને પચાસ હજાર રૂપિયા આપીશ.' કોન્સ્ટેબલ એની સામે જોઈ રહ્યોઃ

'રોકડા, હમણાં હાથોહાથ!'

'લાંચ આપે છે?'

'ના, મદદ માગું છું. જો ઘેર પાછી જઈશ તો મારી નાખશે મને એ બધાં! તમારી બહેન છે, સાહેબ? દીકરી?'

એ પછી કેસરે કોન્સ્ટેબલ ભરતસિંહને સામે બેસાડીને પોતાની આખી વાત કહી નાખી. સોમલ સાથેના સંબંધોની વાત એણે છુપાવી, પરંતુ નિખિલ શ્રોફનું કુટુંબ અને દેવરાજસિંહ ઝાલા, અભિમન્યુ અને બીજી બધી વાત આ સાવ અજાણ્યા માણસને એણે થોડીક જ મિનિટોમાં એવી રીતે કહી કે કોન્સ્ટેબલ ભરતસિંહની અંદરનો માણસ પીગળી ગયો.

રોજેરોજ ગુનેગારો સાથે કામ પાડતા આ માણસને કેસરની આંખોમાં સચ્ચાઈ દેખાઈ હશે કે આજીજી, પણ એણે એંસી હજારમાં સોદો કર્યો. મહેસાણાથી બહુચરાજી જતી જીપમાં એણે જ કેસરને આગળની સીટમાં બેસાડી. જીપ ઉપર લાકડી ફટકારીને જોરથી કહ્યુંઃ

'આગળ બીજા કોઈને નહીં બેસાડતો, સમજ્યો?'

બહુચરાજીના મંદિરમાં ચુંદડી લઈને કેસર દાખલ થઈ ત્યારે એની આંખમાં પાણી આવી ગયાં. માતાપિતા,

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ભાઈ અને સોમલ સાથે અહીં આવવાની બાધા લીધી હતી શ્રદ્ધાબહેને, પરંતુ એ તો પૂરી થવાની નહોતી. પોતાનાં લગ્ન થઈ જાય અને પિતા સાજા થઈ જાય તો બહુચરાજી જવું એવી શ્રદ્ધાબહેનની ઇચ્છા હતી.

લગ્નની સાથે સોમલને વિચાર પણ એની અંદર શારડીની જેમ ફરી વળ્યો. એ ક્યાં હશે, શું કરતો હશે... એ વિચારથી જ એને પીડા થઈ આવી. કેસરને સતત એમ લાગ્યા કરતું હતું કે એણે કોઈ કારણ વગર સોમલ સાથે અન્યાય કર્યો છે.

એણે આંખ મીંચીને હાથ જોડ્યાઃ

હે મા, મારી બધી ભૂલોને માફ કરજે. મારાં માતાપિતાને મેં જો તકલીફ આપી હોય તો એ માટે, સોમલને મારે લીધે જે કંઈ ભોગવવું પડ્યું એ માટે અને નિખિલ શ્રોફના પરિવારને જે બદનામી સહેવી પડી એ માટે હું તારી માફી માગું છું.

એ ક્યાંય સુધી હાથ જોડીને એમ જ ઊભી રહી. આવતાં-જતાં લોકોના ઘંટનાદ જાણે એની વાતની સાક્ષી પૂરતા હતા.

એણે વારંવાર માની મૂર્તિ સામે માફી માગી. સૌના ભલા માટે પ્રાર્થના કરી... એ મનોમન માની મૂર્તિ સાથે વાત કરી રહી હતીઃ

હવે આગળનો રસ્તો મને ખબર નથી... તું જ મને કહે કે મારે શું કરવું? અહીં સુધી તું જ લઈ આવી છે મને. હવે આગળનો રસ્તો પણ તારે જ બતાવવો પડશે.

મનોમન ભગવાનને પ્રાર્થના કરી રહી હતી ત્યારે એની આંખોમાંથી આંસુ સરી રહ્યાં હતાં. ત્યાં અચાનક એના ખભે કોઈએ હાથ મૂક્યો. કેસરે ચમકીને પાછળ જોયું તો કોન્સ્ટેબલ ભરતસિંહ ઊભો હતો.

'બહેન, તારે મુંબઈ તો જવું જ પડશે. બીજો રસ્તો નથી. મારી નોકરી જશે.'

'પણ...'

'તારા પૈસા પાછા આપીશ, ચિંતા ના કર, પણ મેં બહુ વિચાર્યું. ના, મારે તને લઈ જવી પડશે. મને માફ કરજે.'

હવે કેસર પાસે કોઈ રસ્તો નહોતો. એ ચૂપચાપ કોન્સ્ટેબલ ભરતસિંહ સાથે એની જીપમાં બેસી ગઈ. બહુચરાજીથી અમદાવાદ અને અમદાવાદથી એને ભરતસિંહ સાથે જ એક વિમાનમાં બેસાડી દેવામાં આવી.

અહીં મુંબઈમાં નિખિલ શ્રોફને જાણ કરી દેવામાં આવી કે અમદાવાદ એરપોર્ટથી મુંબઈ રવાના કરવામાં આવી છે. એણે નક્કી કરી લીધું હતું કે આ વાત ઘરમાં કોઈને ન કહેવી. કેસરને જાતે જ એરપોર્ટથી ઉઠાવવી અને પછી નક્કી કરવું કે એની સાથે શું કરવું જોઈએ.

ચોવીસ કલાકમાં કેસરની જિંદગીએ કેટલાંય પાસાં પલટ્યાં હતાં. ક્યારેક બાજી હાથવેંતમાં જિતાઈ જાય એવું લાગતું હતું તો ક્યારેક જીતેલી બાજી હારી ગઈ હતી એ...

અમદાવાદથી મુંબઈની પચાસ મિનિટની ફલાઇટમાં કેસરે જિંદગીનો છેલ્લો જુગાર રમવાનું નક્કી કરી લીધું. મંદિરમાં એણે માને રસ્તો સુઝાડવાનું કહ્યું હતું. મુંબઈ પાછી મોકલવા પાછળ કદાચ એનો જ સંકેત હોઈ શકે એવું વિચારીને કેસરે છેલ્લી બાજી બિછાવી દીધી... ભરતસિંહની નોકરી અને પોતાની જિંદગી બંનેને દાવ પર લગાવીને એરપોર્ટ ઊતરતાંની સાથે એણે બાથરૂમ જવા દેવાની વિનંતી કરી.

બચુભાઈના ગેસ્ટહાઉસમાં એ જે કોઈ સામાન વાપરતી હતી એ બધો હજી એની પાસે અકબંધ હતો. એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ધીમેથી બાથરૂમમાં દાખલ થઈ...

કેસરને વાર લાગશે એમ માનીને ભરતસિંહ પણ બાથરૂમમાં જઈ આવ્યો. એ પછી ખાસ્સી વાર એણે કેસરની રાહ જોઈ.

ભરતસિંહ રાહ જોઈને કંટાળ્યો, પછી એણે લેડીઝ બાથરૂમમાં જઈ રહેલાં એક મહિલાને વિનંતી કરીઃ

'અંદર એક છોકરી છે, ચેક્સનું શર્ટ પહેરેલી... કેસર નામ છે.'

'તો?'

'જરા જુઓને...' ભરતસિંહે સંકોચ સાથે કહ્યુંઃ

'અમારાથી તો અંદર ના જવાય ને?'

પાંચ-સાત મિનિટ પછી જ્યારે એ મહિલા બહાર આવ્યાં ત્યારે એમણે કહ્યુંઃ

'ના, અંદર કેસર નામની કોઈ છોકરી નથી!'

ભરતસિંહના પગ નીચેથી જમીન સરકી ગઈ. એ હાંફળોફાંફળો થઈ ગયોઃ હવે શું કરવું?

ઝડપથી ચોતરફ નજર નાખતો એ બહાર નીકળવાના ગેટ સુધી પહોંચી ગયો. બહાર આવ્યો. કેસર ક્યાંય દેખાતી નહોતી. એ ફરી એરપોર્ટની અંદર ગયો...

...એ વખતે શર્ટ બદલીને, મૂછો ચોંટાડીને રિક્ષામાં બેઠેલી કેસર પાર્લા ઈસ્ટથી પાર્લા વેસ્ટ જવાનો પુલ ઓળંગી રહી હતી.

મુંબઈ શહેરમાં આજની રાત ક્યાં કાઢવી એ વિચાર એને અત્યારે મૂંઝવી રહ્યો હતો. પોલીસ એની પાછળ હતી. એ ક્યાંય પણ જાય તો ઓળખાયા વિના રહેવાની નહોતી...

એને ફરી વિદ્યાનો વિચાર આવ્યોઃ કોણ જાણે વિદ્યા કઈ હાલતમાં હશે. મારે લીધે બહુ હેરાન થઈ બિચારી. એણે ક્યારેય મારી મદદ કરવાની ના નથી પાડી...

છેલ્લે જે થયું એ પછી હવે વિદ્યાને સંપર્ક કરવો કે નહીં એની ગડમથલમાં એ અટવાઈ ગઈ.

*

એરપોર્ટની બહાર ઊભેલો નિખિલ બેચેન થઈ ગયો હતો.

એ આવી રીતે ક્યારેય કોઈને લેવા જાતે એરપોર્ટ નહોતો આવ્યો. અહીં ઊભા રહેવામાં એને સંકોચ પણ થતો હતો. બહાર નીકળતા પ્રવાસીઓની ભીડમાં કોઈ ઓળખીતું મળી જાય તો કેટલું ખરાબ લાગે એ વિચારમાત્રથી એને અકળામણ થતી હતી. હાથમાં પાટિયાં લઈને ઊભેલા ડ્રાઇવર્સ અને પોતાનાં સગાં-ઓળખીતાને લેવા આવેલા સીધાસાદા લોકોની વચ્ચે આટલો મોટો બિઝનેસ ટાયકુન આવી રીતે ઊભો છે એ વિચારે રહી રહીને એને ગુસ્સો આવતો હતો.

પોતાને આ સ્થિતિમાં મૂકનાર કેસરને તો બરાબર પાઠ ભણાવવો છે એવી એણે ગાંઠ વાળી હતી... અડધો કલાકે ભરતસિંહ બહાર નીકળ્યો. એ ભરતસિંહને નહોતો ઓળખો, પણ ભરતસિંહે નિખિલને ઓળખી કાઢ્યો. એ ધ્રૂજતી હાલતમાં નિખિલ સુધી પહોંચ્યો અને કેસરના ગુમ થઈ જવાના સમાચાર આપ્યા. ધૂંવાપૂંવા થઈ ગયેલા નિખિલને એવી તીવ્ર ઇચ્છા થઈ આવી કે પેલા કોન્સ્ટેબલ ભરતસિંહને તમાચો ઠોકી દે...

નિખિલ શ્રોફને ખાતરી હતી કે કેસર જેવી એના હાથમાં આવશે એવું એ દેવરાજસિંહનું નાક દબાવશે, પરંતુ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કોન્સ્ટેબલ ભરતસિંહે આપેલા સમાચાર એને માટે અત્યાર સુધીની મોટામાં મોટી હાર હતી.

જાતે ગાડી ચલાવીને એ ઓફિસે પાછો ફર્યો ત્યારે એનું મગજ છટકેલું હતું. એનો ચહેરો તમતમી ગયેલો હતો. એ ગુસ્સામાં પોતાની ચેમ્બરમાં જતો રહ્યો.

વર્કસ્ટેશન પર બેઠેલી નેહાએ નિખિલને એની ચેમ્બરમાં જતો જોયો. એણે ફોન ઉઠાવીને ઇન્ટરકોમ પર સોમલને કહ્યું:

'બોસ ગુસ્સામાં છે. હમણાં એમની ચેમ્બરમાં ન જતો.'

'તને કોણે કહ્યું?'

'દુર્ભાગ્યે મને બે આંખો સાથે એક મગજ પણ છે...' એ હસી:

'તમે પુરુષો આ વાત સ્વીકારતા નથી, પણ...'

'જોક્સ છોડ નેહા, મેં તને સવારે જ કહ્યું કે...'

'કે આરોહી છૂટાછેડા માગે છે... લગ્ન કર્યા વગર.' નેહા આજે ખૂબ સારા મૂડમાં હતી:

'દુનિયાના આ પહેલા છૂટાછેડા હશે, જે વગર લગ્ને થશે. ગિનીસ બુકમાં લખાવી દે. અમર થઈ જઈશ.'

'શટઅપ!'

*

આઇ લવ યુ.

જેવી ગાડી સોમલના ઓફિસ બિલ્ડિંગથી પચાસ મીટર દૂર ગઈ કે આરોહીએ ગાડી ચલાવતાં ચલાવતાં જ સોમલનો હાથ પકડી લીધો હતો:

'હું તારા વિના નહીં જીવી શકું.'

'તેં આ વાત કરવા બોલાવ્યો હોય તો ઓફિસ છોડીને આવ્યો એ મારી ભૂલ થઈ.'

'તને મારા પ્રેમની કોઈ કિંમત જ નથી. પહેલાં પણ નહોતી.'

'તું કહે તો પાંચ કરોડનો ચેક લખી આપું... એટલી કિંમત બસ છે?'

સોમલે મજાક કરવાનો પ્રયત્ન કર્યો, પણ એની જોક આરોહીને સોંસરવી વાગી.

'તારા બાપે તને દરેક વસ્તુની કિંમત કરતાં જ શીખવ્યું છે. લાગણીઓને પણ રૂપિયાથી જ ખરીદવાનો પ્રયત્ન કર્યો તેં... એમાં જ પેલીએ આપઘાત કર્યો.'

'તું એની વાત નહીં કર.'

'કેમ ના કરું? તેં શું જોઈને એની સાથે લગ્ન કર્યાં એ મને સમજાતું નથી. કોઈ બારગર્લ પાછળ આટલા રૂપિયા ઉડાડ્યા હોત તો તારી દાસી થઈને જીવી હોત.'

'મને પાછો મૂકી દે.'

સોમલનું મગજ છટકી ગયું. એક તો એનું મન ગૂંચવાયેલું હતું. એમાં આરોહીએ કચકચ શરૂ કરી.

'સોરી...'

આરોહીએ ફરી એનો હાથ પકડ્યો અને ગાડી મુંબઈના રસ્તાઓ પર ફરવા લાગી. આરોહી ગમે તેટલો કાબૂ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રાખે, એની વાત હરીફરીને કેસર સુધી પહોંચી જતી હતી. આવું ત્રણેક વાર થયા પછી સોમલ બગડ્યોઃ

'તું પ્લીઝ મને અહીં ઉતારી દે અથવા પાછો મૂકી દે. આપણે કોઈ રીતે શાંતિથી સાથે રહી શકતાં નથી. જે કેસરને ભૂલવા માટે હું તારી પાસે આવું છું એની જ વાતો કરીને તું મને વધારે ડિસ્ટર્બ કરી નાખે છે.'

'એની વાત સાંભળીને તું ડિસ્ટર્બ થાય છે? એનો અર્થ એ કે તું હજુ એને ભૂલી શક્યો નથી.'

'તું ભૂલવા દે તો ભૂલું ને?'

'હું તો ઇચ્છું જ છું કે તું એને ભૂલી જા અને મારી સાથે લગ્ન કરી લે.'

અહીંથી શરૂ થયેલી એક નવી ચર્ચા ભયાનક કડવાશ અને કકળાટ સાથે પૂરી થઈ હતી. આરોહીએ ખૂબ રડી રડીને સોમલને જણાવ્યું હતું કે એનાં માતાપિતા આરોહી માટે યોગ્ય છોકરો શોધી જ રહ્યાં હતાં. આરોહી જે દિવસે સોમલને ઓબેરોયના કોફીશોપમાં મળી એ દિવસે પણ એ એક છોકરાને મળવા જ ત્યાં આવી હતી. એણે પોતાના ઘરમાં સોમલ સાથે થયેલી મુલાકાત વિશે જણાવવું જોઈએ એવું આરોહી માનતી હતી. જો આરોહી ઘરમાં જણાવે તો તરત જ એનાં માતાપિતા સોમલ સાથે લગ્ન કરવા માટે દબાણ કરે એવું સોમલને લાગ્યું.

કેસરના આખાય પ્રકરણમાંથી એ હજી પૂરેપૂરી સ્વસ્થતાથી બહાર આવી શક્યો નહોતો. આવા સમયે એ આરોહી પાસે એક સમજદાર સાથી જેવા વર્તનની અપેક્ષા રાખતો હતો. પરંતુ આરોહી છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન કદાચ સહેજેય બદલાઈ નહોતી. એની અસલામતી અને સોમલ માટેનું વળગણ હજી એટલા જ તીવ્ર હતું.

'તું મારી સાથે આ જ ચર્ચા કરવાની હોય તો હવે મને ફોન નહીં કરતી.'

વરલી સી-ફેસની સામે ઊભેલી ગાડીમાંથી સોમલ અચાનક જ ઊતરી ગયોઃ

'તું મારા પ્રોબ્લેમ્સમાં વધારો કરવાની હોય તો મારે તને મળવાની કોઈ જરૂર નથી.'

પાછા ફરીને સોમલે આ બધી વાત નેહાને ઇન્ટરકોમ પર કહી પછી નેહા એ વાતે સોમલને ચીડવતી હતીઃ

'હું તો ચૂપ થઈ જઈશ, પણ તારી ગર્લફ્રેન્ડના મોઢે પટ્ટી કોણ મારશે?'

'હું અત્યારે લગ્ન વિશે વિચારી શકું એમ પણ નથી...'

'આટલું એક જ વાક્ય ગઈ કાલે એને કહ્યું હોત તો કેટલું સારું થાત... પુરુષોનો એક જ પ્રોબ્લેમ છે, જ્યાં જે કહેવાનું છે તે કહેતા નથી અને જ્યાં નથી કહેવાનું ત્યાં બધું બકી નાખે છે.'

'તું અત્યારે પુરુષોને ગાળો દેવાની બંધ કર. મારે ડૅડ સાથે વાત કરવી પડશે.'

આરોહીએ તો સોમલને ધમકી સુધ્ધાં આપી હતી કે જો સોમલ એના ડૅડ સાથે વાત નહીં કરે તો સાંજ સુધીમાં આરોહી સીધી નિખિલ શ્રોફ પાસે જઈને સોમલ સાથે લગ્ન કરવાની વાત કરી લેશે. સોમલ જાણતો હતો કે આરોહી આવું કરી શકે એમ હતી એટલે ગભરાયો હતો.

આ અને આવા કેટલાય પ્રસંગોએ નેહાએ હંમેશાં એની મદદ કરી હતી. બાળપણના મિત્ર હોવાના નાતે નેહા કેટલીયે વાર સોમલ માટે જુઠ્ઠું બોલી હતી.

'નેહા, તું આરોહી સાથે વાત કરીશ?'

'મુહૂર્ત બાબતે?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હવે હું તારું ખૂન કરીશ...’

‘તો... તો... આરોહી તને જેલમાં પત્રો લખશે. સંજય દત્તને જેમ રિયા પિલ્લાઈએ લખ્યા હતા એમ...’

સોમલે લાઇન કટ કરી. નેહા ખડખડાટ હસી પડી. એની બાજુમાં વર્કસ્ટેશનમાં બેસતા લોકો જાણતા હતા કે એ સોમલની બાળપણની મિત્ર હતી અને બંને વચ્ચે આવી મજાક, આવા જોક્સ કંઈ નવી વાત નહોતી.

થોડી મિનિટો પછી નેહા ઊભી થઈ, સોમલની ચેમ્બરમાં પહોંચી:

‘કેમ આવી છે?’

‘આઇ એમ સિરિયસ. હું સમજી શકું છું તારી સ્થિતિ. મેં થોડી વાર વિચાર્યું સોમલ, મને લાગે છે ત્યાં સુધી આરોહીને એની મૂર્ખામી કરી લેવા દે. તારે ધક્કો મારવાની જરૂર નથી, એ એના વજનથી જ પડી જશે.’

‘આર યુ ક્રેઝી? એ ડેડને બધું જ કહેશે.’

‘બધું જ એટલે?’

નેહા બંને હાથ ટેબલ પર મૂકીને સહેજ ઝૂકી. એના વી-શેપના લો-નેક ટોપમાંથી એના શરીરનો ઉભાર આકર્ષક લાગતો હતો.

‘નિખિલ શ્રોફ માટે એ બધું કંઈ આઘાતજનક નહીં હોય.’

નેહા કોઈ પ્રોજેક્ટ સમજાવતી હોય એમ સોમલને એક પછી એક મુદ્દા સમજાવતી હતી:

‘એમને તો કદાચ સારું લાગે...’

‘એટલે?’

‘એટલે એ કે એનો સુપુત્ર કેસર સિવાયની કોઈ બીજી છોકરીમાં રસ લે છે... આ વાત એમને માટે રાહતનો શ્વાસ હોઈ શકે.’

સોમલ નવાઈથી એની આ બહેનપણી સામે જોઈ રહ્યો.

‘શું જુએ છે? સામાન્ય રીતે સ્ત્રી હૃદયથી વિચારે, પણ મેં હૃદયને સ્વીચ-ઓફ કરી નાખ્યું છે. આવા વખતે હું મારા મગજનો ઉપયોગ કરું છું વિચારવા માટે... એક્ચ્યુઅલી, મગજનું કામ જ એ છે, પણ મોટા ભાગની સ્ત્રીને મગજ પાસે કામ લેવાનું ફાવતું નથી ડાર્લિંગ... તારી કેસર અને આરોહી પણ જુદાં નથી.’

આરોહીનું નામ આવતાં જ એ ફરી અકળાઈ ઊઠ્યો:

‘એ લિસન, અત્યારે આપણે નિખિલ શ્રોફની વાત કરીએ છીએ.’

‘ઓહ યેસ!’ નેહા હસી:

‘સમજ, એમનું મગજ ફરેલું છે. અત્યારે તું કંઈ કહેવા જઈશ તો તારું આવી બનશે. એને બદલે ધરી દે આરોહીને... નિખિલ શ્રોફ છરી-કાંટા વગર કાચી ખાઈ જશે તારી ગર્લફ્રેન્ડને... એમનો ગુસ્સો પણ ઠંડો થઈ જશે આપોઆપ.’

‘એવું કરાય?’ સોમલની અંદરની સારાઈએ સવાલ પૂછ્યો.

‘એવું જ કરાય.’ નેહાની આંખોમાં તોફાનની સાથે સાથે થોડી લુચ્ચાઈ અને ક્યાંક નાનકડો ઈર્ષ્યાનો ચમકારો પણ હતો એવું સોમલને લાગ્યું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આજે પહેલી વાર એણે નેહાની આંખમાં સ્ત્રીસહજ ઈર્ષ્યા જોઈ.

*

નીલાંગને ઘેરથી પાછા ફર્યા પછી વિદ્યાના ઘરનું વાતાવરણ કોઈ નજીકનું સ્વજન મૃત્યુ પામ્યું હોય એવું હતું. વિદ્યાના પિતા રાકેશ ચોકસીએ ધાર્યું હતું કે વાતચીત કરીને નીલાંગનાં માતાપિતાને સમજાવી શકાશે. બે છોકરાંને ન ફાવતું હોય તો વિવાહ તોડી નાખવામાં કશું ખોટું નથી એવું રાકેશભાઈનું માનવું હતું.

એ માનતા હતા કે નીલાંગ ભલે ગમે તે રીતે વર્ત્યો, પણ એનાં માતાપિતા પરિસ્થિતિને સમજી શકશે અને પરિપક્વતાથી નિર્ણય લેશે, પરંતુ પરિસ્થિતિ સાવ ઊંધી જ નીકળી...

'આ વિવાહ તો નહીં તૂટે.' નીલાંગના પિતાએ હજી તો વાતચીત પૂરી શરૂ થાય એ પહેલાં જ કહી નાખ્યું:

'કોઈ પણ સંજોગોમાં નીલાંગ વિદ્યા સાથે જ પરણવા માગે છે.'

'એણે ગઈ કાલે વિદ્યા પર હાથ ઉપાડ્યો છે.'

'થઈ જાય એવી ધોલધપાટ... એમાં વળી આટલો બધો હોબાળો શેનો કરો છો? તમારી છોકરી વાંકી ચાલી એટલે સીધી તો કરવી પડે ને?!'

'મારી છોકરી જેવી છે તેવી, મેં એને લાડથી ઉછેરી છે. આજ સુધી ક્યારેય હાથ નથી ઉપાડ્યો એના પર.'

'એટલે જ...' નીલાંગના પિતાના અવાજમાં એક વ્યંગ હતો:

'એટલે જ આવી છે... અમારે ઘેર આવશે, બે-ચાર ઊંધા હાથની પડશે એટલે બધું બરાબર થઈ જશે.'

'પણ અમારે આ લગ્ન નથી કરવાં.'

'મેં પૂછ્યું તમને? આ વિવાહ અમારી મરજીથી થયા છે. અમે માગું લઈને આવ્યા હતા... તો લગ્ન પણ અમારી મરજીથી જ થશે.'

'પણ આ બે જણાને નથી ફાવતું.'

'ફાવી જશે. આ કંઈ ઢીંગલા-ઢીંગલીની રમત નથી. આજે ઘર-ઘર રમવા ભેગાં થયાં અને કાલે નથી રમવું કરીને છૂટા પડી ગયાં. હું ન્યાતનો પ્રમુખ છું. આખી ન્યાતને જવાબ આપવો પડે, ખબર છે? તમે અમારાથી ઓછી હેસિયત અને નાનું ઘર છો તોય અમે એમ વિચારીને વિવાહ કર્યા કે ન્યાતમાં આટલી ભણેલી છોકરી છે ક્યાં? આવી રૂપાળી, આવી ભણેલી છોકરી અમને બીજી નહીં મળે.'

ત્યાં ઊભેલા નીલાંગે એમની સામે જોઈને દાંત પીસ્યા:

'હવે તો એણે મારી જ સાથે પરણવું પડશે.'

વિદ્યાના પિતા રાકેશભાઈને કમકમાટી થઈ ગઈ.

'એને તો હું સીધી કરીશ. ભરરસ્તા પર એણે મને પરણવાની ના પાડી... હું સમજાવીશ એને કે મને કેટલું ગુજરાતી આવડે છે...'

નીલાંગને હજી પણ એ શબ્દો યાદ આવતાં જ અંગારાની જેમ ચંપાતા હતા. વિદ્યાએ રસ્તા પર નીલાંગને સંભળાવ્યું હતું: ગુજરાતી નથી આવડતું? હું તારી સાથે પરણવાની જ નથી.

નીલાંગના પિતાએ વાત પૂરી કરી:

'ચા પીઓ ને ઘેર જાવ. આ વિવાહ તૂટવાના નથી. તમે માથાં પછાડીને મરી જાવ તો પણ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ પછી રાકેશભાઈ ચૂપચાપ ઘેર પાછા ફર્યા હતા. વિદ્યાની મમ્મીએ બે-ત્રણ વાર પૂછ્યું, પરંતુ એમની પાસે આપવા યોગ્ય કોઈ જવાબ નહોતો. વિદ્યાએ પિતાની આંખોમાં પીડા વાંચી લીધી હતી. એ નીલાંગને અત્યાર સુધીમાં એટલો તો ઓળખતી જ હતી કે એના પિતાએ શું જવાબ આપ્યો હશે એ પોતાના જ પિતાના ચહેરા પર લખાયેલી વેદનામાં એને વંચાઈ જાય.

'એમણે ના પાડીને વિવાહ તોડવાની?'

'હા... એ લોકો કોઈ રીતે સમજવા જ તૈયાર નથી.'

એમણે ખૂબ વ્યથિત થઈને આખી ઘટના ટુકડે ટુકડે કહી સંભળાવી.

'હાય હાય... હવે?' વિદ્યાની મમ્મી ડરી ગયાં:

'હવે શું થશે?'

'કંઈ નહીં...' વિદ્યાનો અવાજ આરોહ-અવરોહ વગરનો હતો. એ કશું જ બોલ્યા વિના પોતાના રૂમમાં ચાલી ગઈ.

ફરી એક વાર ઘરમાં કોઈ જમ્યું નહીં. કોઈએ એકબીજા સાથે વાતચીત સુધ્ધાં કરી નહીં. રાકેશભાઈ આખી સાંજ બાલ્કનીમાં બેસી રહ્યા. વિદ્યાની મમ્મી રડી રડીને ફોન પર સગાંઓ સાથે બનેલી ઘટનાની ચર્ચા કરતી રહી.

મોડી રાત્રે રાકેશભાઈ જ્યારે બેડરૂમમાં સૂવા ગયા ત્યારે અચાનક જ એમને વિદ્યાના ઓરડામાં ડોકિયું કરવાની ઇચ્છા થઈ:

'જાગે છે, બેટા?'

'હા.' વિદ્યાની આંખો પણ સૂઝી ગઈ હતી.

'તું ચિંતા ન કર. કોઈ ને કોઈ રસ્તો મળી આવશે. હું ન્યાતના બે-ચાર મોવડીઓને સંપર્ક કરીશ. કોઈક તો આપણી મદદ કરશે. એમનાથી ડરવાની કે દબાવાની જરૂર નથી, દીકરા.'

એમને ડૂમો ભરાઈ ગયો. બાપ-દીકરી બંને સમજતાં હતાં કે આ કેટલું ખોખલું આશ્વાસન હતું. પિતાની સામે નહીં રડવાનું નક્કી કર્યા છતાં વિદ્યાથી ડૂસકું ભરાઈ ગયું.

વિદ્યાને અત્યારે પળેપળ કેસરની ખોટ સાલતી હતી. એકબીજાની તકલીફોમાં બંને બહેનપણીઓ એકબીજાનો હાથ પકડીને, એકબીજાનો સહારો બનીને મુશ્કેલીઓનો સામનો કરતી રહી હતી. આજે બંને મુશ્કેલીમાં હતા અને બંને પાસે એકબીજાનો સહારો નહોતો.

થોડી વાર ચૂપચાપ બેસીને દીકરીને રડી લેવા દીધા પછી રાકેશભાઈ એના માથા પર હાથ ફેરવીને ભાંગેલા પગે એના રૂમની બહાર નીકળી ગયા.

વિદ્યાએ ઊંઘવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ એને કોઈ રીતે ઊંઘ આવી નહીં. એ રહી રહીને ઈશ્વરને પ્રાર્થના કરતી રહી કે કોઈ પણ રીતે કેસર સુધી એની પીડા પહોંચે અને કેસર જ્યાં હોય ત્યાંથી વિદ્યાને સંપર્ક કરે.

મોડી રાત્રે રડતાં રડતાં વિદ્યાની આંખો મીંચાઈ ગઈ, એ ઝબકીને જાગી ત્યારે એનો સેલફોન રણકતો હતો:

'કાં ઊંઘી ગઈ?'

સામે છેડેથી નીલાંગનો નશાથી છલકાતો અવાજ એને ડરાવી ગયો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તારા બાપે કહ્યું હશે તને... હવે તારે મારે જ ઘેર આવવાનું છે. છૂટકો નથી તારો. એક વાર અહીં આવી જા પછી તને પાઠ ભણાવીશ...’

‘શું મળશે, નીલાંગ?’ વિદ્યાએ બને એટલી શાંતિ રાખવાનો પ્રયત્ન કર્યો:

‘મારી જિંદગી બરબાદ કરવા જતાં તારી જિંદગી પણ બરબાદ થઈ જશે.’

‘મને શું નુકસાન થવાનું? હું તો પુરુષ છું. બહાર ફરીશ, ચરીશ... એશ કરીશ.’ નીલાંગ હસતો હતો:

‘તને ઘરમાં પૂરી રાખીશ. નોકરાણીથી બદતર હાલત કરીશ તારી. મોત માટે કરગરીશ, પણ મરવા નહીં દઉં... એકએક શ્વાસ મારી મરજીથી લેવો પડશે.’ એના અવાજમાં ઝેર ટપકતું હતું:

‘કાલે પપ્પાએ જ્ઞાતિના સેક્રેટરી અને બીજા મેમ્બર્સને બોલાવ્યા છે. પંદર દિવસમાં મુહૂર્ત કાઢશે. તારો બાપ જો ડહાપણ કરવા જશે તો એકવીસ લાખનો દંડ ફટકારવાનું નક્કી કર્યું છે.’

‘એ...ક...વી...સ... લાખ?’

વિદ્યાનું હૃદય થડકારો ચૂકી ગયું. એણે આંખો મીંચી દીધી. એને પિતાનો નિઃસહાય–ઉદાસ ચહેરો થથરાવી ગયો.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 31

એક...વીસ...લાખ?!

મોડી રાતે ફોન કરીને નીલાંગે જ્યારે કહ્યું કે વિદ્યા જો એની સાથે સગપણ તોડીને લગ્ન નકારશે તો જ્ઞાતિવાળા 21 લાખનો દંડ ફટકારશે... આ સાંભળીને વિદ્યાના મોંમાંથી એક હળવી ચીસ નીકળી ગઈ હતી. પોતાના પિતાનો નિઃસહાય ચહેરો એને થથરાવી ગયો.

નીલાંગનો ફોન તો કપાઈ ગયો, પણ વિદ્યા આખી રાત પડખાં બદલતી રહી. એને પિતાની ચિંતા કોરી ખાતી હતી. નીલાંગ અને એનો પરિવાર ન્યાતમાં કેટલી સત્તા અને પહોંચ ધરાવતો હતો એની વિદ્યાને ખબર હતી. એ જાણતી હતી કે નીલાંગ એકવીસ લાખ કહે છે એ કદાચ એને ડરાવવા કહેતો હોય તો પણ એ લોકો વિદ્યાના પિતાને બદનામ કરવાથી શરૂ કરીને દંડ કરવા સુધી અને ન્યાત બહાર મૂકવા સુધી જઈ શકે એમ હતા.

ગુજરાતમાં વસતાં વિદ્યાનાં દાદા-દાદી માટે આ બધું અસહ્ય થઈ શકે એવું પણ વિદ્યાને સમજાવા લાગ્યું હતું.

એણે ઘડિયાળમાં જોયું. સાડા ચાર થયા હતા. રડી રડીને થાક્યા પછી એણે સોમલનો નંબર ડાયલ કર્યો.

'યેસ...' એનો ઊંઘરેટો-ઘોઘરો અવાજ સાંભળીને વિદ્યાને અચાનક જ એક સધિયારો મળ્યો હોય એવું લાગ્યું.

'સોમલ, હું વિદ્યા...'

'બોલ...'

વિદ્યાનો અવાજ સાંભળતાં જ સોમલને પિતા સાથે થયેલી વાતચીત યાદ આવી ગઈ. બચુ દેસાઈ નામનો માણસ જે કંઈ કહી ગયો એ વાતને સોમલે બહુ સિરિયસલી નહોતી લીધી. પિતાની એક ધૂનકી સમજીને સોમલે એ વાતને મગજમાંથી કાઢી નાખવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ સમયે વિદ્યાનો ફોન આવ્યો એટલે એની ઊંઘ ઊડી ગઈ.

'કેસર જીવે છે. એ મરી નથી.'

'તને કોણે કહ્યું?'

'મને મળી હતી... હું એની સાથે લોખંડવાલા કોમ્પ્લેક્સમાં હતી ત્યારે નીલાંગે અમને જોયાં. એણે એવું ધારી લીધું છે કે...'

વિદ્યા થોડુંક અટકી. પછી એણે સોમલને આખી વાત પહેલેથી છેલ્લે સુધી કહી સંભળાવી.

'તો?'

'તમે જ મારી મદદ કરી શકો.'

'હું શું મદદ કરું?'

'તમે નીલાંગને મળીને સમજાવો કે...'

'લુક વિદ્યા...' સોમલે એનું વાક્ય પણ પૂરું ન થવા દીધું:

'હું હવે આ બધામાં પડવા માગતો જ નથી. એ જીવતી હોય અને પાછી આવે ત્યારે એ વિશે વાત કરીશું.'

'તમને જ્યારે જરૂર હતી ત્યારે મેં...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સાચું કહું? ત્યારે તારે મને એવું કહેવું જોઈતું હતું કે તારી ફ્રેન્ડ ચક્રમ અને બેવકૂફ છે.’

‘સોમલ!’

‘તે દિવસે કોસ્ટાકોફીમાં તેં મને જે કંઈ સમજાવ્યું એ પછી જ મેં એની સાથે લગ્ન કરવાની ગાંઠ વાળી... મારી જિંદગી બરબાદ કરી નાખી, વિદ્યા. મારાં માતાપિતાને પણ આમાં સંડોવી નાખ્યાં. મારા ખાનદાનની પ્રતિષ્ઠા પર બટ્ટો લગાડ્યો એ છોકરીએ...’ સોમલનો અવાજ ઊંચો થઈ ગયો:

‘પ્લીઝ, હવે મને ફોન નહીં કરતી. કેસર અને એની સાથે જોડાયેલી બધી વાતોને હું ભૂલી જવા માગું છું.’

‘મારા પપ્પા ભયાનક મુશ્કેલીમાં મુકાઈ જશે. હું તમને વિનંતી કરું છું. એક વાર નીલાંગને મળીને એની ગેરસમજ દૂર કરી આપો.’

‘હવે પછી હું તને ઓળખતો પણ નથી.’

સાંજથી ધૂંધવાયેલો સોમલ આ છોકરીની પીડા કે મુશ્કેલી સમજી શકે એવી મનઃસ્થિતિમાં જ નહોતો. વિદ્યા હજુ કશું આગળ બોલે એ પહેલાં જ એણે ફોન કટ કરી નાખ્યો.

વિદ્યા ફરી એક વાર છૂટા મોઢે રડી પડી.

થોડી મિનિટો ઉચાટમાં કાઢ્યા પછી એણે ફરી એક વાર સોમલનો નંબર ટ્રાય કર્યો, પણ એણે ફોન સ્વીચ-ઓફ કરી દીધો હતો.

વિદ્યાએ લગભગ દરેક નામ તપાસી જોયાં. કેસરના પિતા દેવરાજસિંહ, એનો ભાઈ અભિમન્યુ, એનાં મમ્મી શ્રદ્ધાબહેન... એમાંનું કોઈ પોતાની મદદ કરવા તૈયાર થાય એવું એને લાગ્યું નહીં.

આંખો મીંચી દીધી. હાથ જોડીને ઈશ્વરને પ્રાર્થના કરવા માંડી.

કાશ, કેસર ક્યાંકથી અહીં આવી પહોંચે...

*

વહેલી સવારે વિદ્યાના પિતા જ્યારે જાગ્યા ત્યારે એમને સૌથી પહેલો વિચાર વિદ્યાનો આવ્યો. આંખ ખૂલતાં જ એ વિદ્યાના રૂમ પાસે પહોંચ્યા. એમણે વિદ્યાના રૂમનો દરવાજો ખોલવાનો પ્રયત્ન કર્યો, પણ રૂમ અંદરથી લોક હતો. એમણે ટકોરા માર્યા, પણ કોઈ જવાબ મળ્યો નહીં.

એમણે જોરજોરથી મુક્કા મારીને દરવાજો હચમચાવ્યો... વિદ્યાના નામની બૂમો પાડી, પરંતુ અંદર સ્મશાનવત્ શાંતિ હતી.

એમને ફાળ પડી. લેન્ડલાઈનથી એમણે વિદ્યાનો મોબાઈલ ડાયલ કર્યો. રિંગ વાગતી રહી, વિદ્યાએ ફોન ન લીધો.

રાકેશભાઈ હવે સાચે જ ડરી ગયા. એમણે પોતાની પત્ની–વિદ્યાની મમ્મી સવિતાબહેનને જગાડ્યાં. બંને જણાએ ખાસ્સી વાર સુધી દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો, પરંતુ આખરે એમની ધીરજ ન રહી. એમણે રસોડામાં જઈને દસ્તો લીધો.

દરવાજા ઉપર ત્રણ-ચાર વખત લોખંડનો દસ્તો પછાડ્યો. દરવાજો ખૂલી ગયો. બંને અંદર ધસ્યાં, પરંતુ અંદરનું દૃશ્ય નજરે પડતાં જ બંને સ્તબ્ધ થઈ ગયાં.

પંખા સાથે બાંધેલા દુપટ્ટામાં વિદ્યાની લાશ ઝૂલતી હતી!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રાકેશભાઈએ વિદ્યાની ઝૂલતી લાશના પગ પકડી લીધા. સવિતાબહેનનું છાતી ફાડી નાખે એવું રુદન રૂમમાં પડઘાવા માંડ્યું...

પંખા પર ઝલતી વિદ્યાની આંખો બંધ હતી, પરંતુ એના ચહેરા પર એક વિચિત્ર પ્રકારનું સ્મિત હતું. પરિસ્થિતિ સામે નહીં ઝૂક્યાની, નીલાંગની ધમકીઓ સામે ઘૂંટણ નહીં ટેકવ્યાની એક ખુમારી એના ચહેરા પર ઝળકતી હતી.

આ તરફ, સોમલની આંખ ખૂલી ત્યારે નવ વાગવા આવ્યા હતા. આરોહીના કકળાટ અને વિદ્યાના ફોનના ભણકારા હજીયે એના મગજમાં પડઘાતા હતા. આંખો ખૂલી એ જ વખતે શ્વેતા એના રૂમમાં દાખલ થઈ.

'જાગી ગયો?' એણે નજીક આવીને સોમલના વાળમાં હાથ ફેરવ્યોઃ

'ક્યાં રહે છે આજકાલ? રાત્રે મોડો આવે છે. સવારે જાગીને તરત જ ઓફિસ જતો રહે છે. તારું મોઢું જોવા આવી છું અત્યારે.'

'મોમ...' સોમલ નાના બાળકની જેમ બાજુમાં બેઠેલી શ્વેતાના ખોળામાં માથું નાખી દીધું. પોતાનો હાથ શ્વેતાની કમરની આસપાસ લપેટી દીધોઃ

'કંટાળી ગયો છું... થાકી ગયો છું.'

'શાનાથી?'

'જિંદગીથી. મારી આસપાસ જે કંઈ થઈ રહ્યું છે એનાથી...' એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાંઃ

'રોજ સવારની સાથે એક સવાલ ઊગે છે.'

'સાંજ સુધીમાં જવાબ મળી જાય છે ને?' શ્વેતાનો મમતાભર્યો હાથ સોમલના વાળમાં ફરી રહ્યો હતોઃ

'જ્યાં સુધી સવારે ઊગેલા સવાલનો જવાબ આથમતી સાંજે મળી જાય ત્યાં સુધી જિંદગી વિશે ફરિયાદ નહીં કરવાની બેટા!'

'કઈ શ્રદ્ધાએ જીવે છે તું?' સોમલે ચહેરો ઊંચકીને મા સામે જોયુંઃ

'થાકી નથી જતી?'

'કોનાથી થાકું? મારી આસપાસની આ આખી જાળ મેં જાતે જ ગૂંથી છે... બેટા, સપડાઈ ગયા પછી તરફડિયાં મારવાને બદલે આ જાળમાં જ રહીને જીવી નાખવાનો પ્રયત્ન કરતાં આવડી ગયું છે મને.' શ્વેતાની આંખો પણ ભીની થઈ ગઈઃ

'જેમ જીવતાં જઈએ એમ જિંદગી સહેલી થવા માંડે છે.'

'મા, મેં તો કોઈનું કંઈ નથી બગાડ્યું... મારી સાથે આવું કેમ થયું?'

'એનો જવાબ કોઈ પાસે નથી.'

એ ચૂપચાપ સોમલના માથામાં હાથ ફેરવતી રહી. માના હાથમાંથી વરસતા સ્નેહની શાતા અનુભવતો સોમલ આંખો બંધ કરીને પડી રહ્યો.

જોકે એના મનમાં વિચારો અટક્યા નહીં. ખાસ્સી વાર સુધી મૌન રહ્યા પછી એણે નક્કી કરી લીધું કે શ્વેતાને સત્ય જણાવી જ દેવું જોઈએઃ

'ગઈ કાલે કોઈ માણસ ડૅડને મળવા આવ્યો હતો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલે માને આખી વાત કહી નાખી. વિદ્યાના ફોન સુધી બધું જ એણે કહી નાખ્યું.

'તારે એની મદદ કરવી જોઈતી હતી.'

'કોણ જાણે મને કઈ વાતે ગુસ્સો આવી ગયો. કેસરનો ગુસ્સો એ છોકરી પર ઊતરી ગયો, કદાચ.'

'કેટલી મુશ્કેલીમાં હશે એ છોકરી? કેટલા વિશ્વાસથી એણે તને ફોન કર્યો હશે.'

સોમલને પોતાની ભૂલનો અહેસાસ થયોઃ

'હું શું કરું? મારે શું કરવું જોઈએ?'

'હું જ્યાં સુધી માનું છું... અને સમજી શકું છું ત્યાં સુધી જે થવાનું હશે તે થઈ ચૂક્યું હશે, બેટા.' શ્વેતાએ નિઃસાસો નાખ્યોઃ

'મધ્યમ વર્ગની એક સામાન્ય છોકરી માટે જિંદગીની આ થપ્પડ એટલી આકરી હશે કે અત્યાર સુધીમાં એના કાનમાં ધાક પડી ગઈ હશે. કાં તો એણે હથિયાર નાખી દીધાં હશે અને કાં તો...'

અહીં જ વાત અટકાવીને શ્વેતાએ મનોમન પ્રાર્થના કરી લીધી.

*

વિદ્યાનું શબ જમીન પર ઉતારી લેવાયું હતું. વિદ્યાનાં મમ્મી સવિતાબહેનનાં આક્રંદથી પડોશીઓ ભેગા થઈ ગયા હતા. તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી. સગાંવહાલાંને ફોન કરી દેવામાં આવ્યા.

પોલીસે આવીને એમનું કામ શરૂ કર્યું હતું.

'લાશને કોઈએ હાથ નહોતો લગાવવો જોઈતો.'

'તમે એમ કહેવા માગો છો કે તમે ન આવો ત્યાં સુધી મારી દીકરીની લાશ ઝૂલતી રહે?' રાકેશભાઈ ચિડાઈ ગયાઃ

'કેવી જાતના માણસ છો?'

'અમારું કામ અઘરું છે. લોકો કો-ઓપરેટ કરે તો અમને કામ કરવામાં સરળતા પડે. આપઘાત છે કે ખૂન એ પણ તપાસ કરવી જરૂરી હોય છે, સાહેબ.' મરાઠી પોલીસ ઇન્સ્પેક્ટર સહૃદયતાથી કહી રહ્યો હતોઃ

'અમે તમારી પીડા નથી સમજતા એવું નથી. એકની એક દીકરી આવી રીતે આપઘાત કરી લે એનાં કારણોમાં પ્રેમપ્રકરણ કે દહેજ મુખ્ય હોય છે...' ઇન્સ્પેક્ટરના અવાજમાં થોડી ભીનાશ આવી ગઈઃ

'આખરે બધા જ માણસ હોય છે સાહેબ, આવુ બધું રોજેરોજ જોઈને અમારા મન પર અસર થાય છે.'

'આ ખૂન નથી.' રાકેશભાઈએ ધીમેથી કહ્યુંઃ

'મારી દીકરીએ પત્ર લખ્યો છે.'

એમની આંખોમાં ફરી પાણી ઊભરાયાંઃ

'મને તકલીફ ના પડે એ માટે એણે પોતાની જાતનું બલિદાન આપી દીધું. આવી દીકરી પર ગર્વ કરવો કે એણે હાર માની લીધી એ વાત પર અફસોસ કરવો એ જ સમજાતું નથી.'

વિદ્યાનાં મમ્મી સવિતાબહેન આઘાતથી બહોશ થઈ ગયાં હતાં. એમને માટે ડૉક્ટર બોલાવવા પડ્યા હતા. રાકેશભાઈએ થોડી વાર રહીને સહેજ સ્વસ્થ થયા એટલે એમણે વિદ્યાનો પત્ર પોલીસ ઇન્સ્પેક્ટરના હાથમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આપ્યો.

પ્રિય પપ્પા,

હું જાણું છું કે તમને ખૂબ દુઃખ થશે, પણ તમને જિંદગીભર દુઃખ આપવાને બદલે મેં એક જ વાર દુઃખ આપવાનું નક્કી કર્યું છે. હું નીલાંગ સાથે પરણી હોત તો તમે મારું દુઃખ જોઈને જિંદગીભર દુઃખી થાત... હવે તમે મુક્ત થઈ ગયા. એ લોકો તમારા પર દબાણ નહીં કરી શકે.

હું નીલાંગના કુટુંબના વર્તનના કારણે જ આપઘાત કરું છું. એક પત્ર મેં પોલીસ કમિશનરના નામે લખીને મૂકી રાખ્યો છે. મારી છેલ્લી ઇચ્છા છે કે તમે આ પત્ર પોલીસને આપી દેજો. નીલાંગ જેવા લોકોને સજા થવી જોઈએ. છોકરી કે સ્ત્રી ઉપર આવા અત્યાચારો કરનારાને જો તમે છોડી દેશો તો મારા પછી કેટલીયે વિદ્યાઓ આવી જ રીતે મરી જશે, પપ્પા... તમને તમારી વિદ્યાના સોગંદ છે કે નીલાંગને સજા કરાવજો.

જેને કારણે આ બધું થયું છે એ કોઈ છોકરો બીજું કોઈ નહીં, પણ કેસર હતી, પપ્પા... કેસર જીવે છે. હવે ક્યાં છે એની મને ખબર નથી. નહીં તો હું પણ એની પાસે પહોંચી ગઈ હોત.

હવે મારા માટે બધા જ દરવાજા બંધ થઈ ગયા છે. ક્યાં જવું એની ખબર નથી એટલે ભગવાન પાસે જાઉં છું.

તમારી ડહી દીકરી, વિદ્યા

*

'એવી રીતે છોકરી જાય ક્યાં? મુંબઈ શહેરમાં પોલીસવાળા ભલભલા ક્રિમિનલ્સને શોધી કાઢે છે. એક છોકરી નથી જડતી એમને?'

ધૂંવાંપૂંવાં થયેલો નિખિલ બરાડી રહ્યો હતો. શ્વેતાએ નજીક જઈને એના ખભે હાથ મૂક્યો:

'મને લાગે છે આ કારણ વગરની કડવાશ અને કસરત છે. એ છોકરી એની જિંદગી જીવવા માટે ઊડી ગઈ છે... હવે કદાચ તમારા હાથમાં નહીં આવે.'

'તું જોયા કર.'

નિખિલની આંખો ઝીણી થઈ ગઈ. શ્વેતા આ સત્ય કઈ રીતે જાણે છે એની પંચાતમાં પડ્યા વિના એણે એના અહમ્ના બળતા અગ્નિમાં ઘી હોમ્યું:

'હું એ છોકરીને શોધીશ. એને એવી સજા કરીશ કે એની સાત પેઢી સુધી બધા નિખિલ શ્રોફનું નામ સાંભળતા જ કંપી ઊઠે.'

'એનાથી તમને શું મળશે?'

'સંતોષ.' નિખિલનાં જડબાં તંગ થઈ ગયાં. આંખોમાં લાલ દોરા ઊપસી આવ્યા:

'એ છોકરીને અને એના ખાનદાનને જ્યાં સુધી એક એક પાઈ માટે મોહતાજ નહીં કરું ત્યાં સુધી હવે મને ચેન નહીં પડે. બહુ માફ કરી એને... હવે નહીં!'

શ્વેતા સાચે જ ડરી ગઈ. એણે નિખિલનો ગુસ્સો વારંવાર જોયો હતો, પણ આવું ભયાનક રૂપ એણે પહેલાં નહોતું જોયું. આ કિસ્સામાં નિખિલ માણસ મટીને ધીમે ધીમે રાક્ષસ થતો જતો હતો.

કેસર ગુમ થઈ એ ક્ષણથી નિખિલ બેબાકળો હતો. કેસરને શોધવાના એના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. હાથમાં આવેલી કેસર પણ હાથતાળી દઈને છટકી ગઈ હતી એ વાતે નિખિલ શ્રોફના અહમ્ પર બહુ મોટો ઘા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પડ્યો હતો.

કેસર પરણીને આવી એ દિવસથી આ ઘર ઉપર જાણે આફતનાં વાદળો ઊતરી આવ્યાં હતાં. અભિમન્યુના ગુનાની સજા કેસરને કરવાનો પોતાનો નિર્ણય ખોટો હતો એવો વિચાર તો નિખિલને આવ્યો જ નહીં. બલકે, હવે કેસર છટકી ગઈ એટલે દેવરાજસિંહને રસ્તા પર લાવી દેવાનો એનો નિર્ણય એણે વધુ કડવાશથી ઘૂંટવા માંડ્યો.

ઓફિસ પહોંચીને એણે સૌથી પહેલું કામ એના એકાઉન્ટન્ટને બોલાવવાનું કર્યું:

'જૂહુ પ્રોજેક્ટ પર કેટલો સ્ટેક છે?'

'જોવું પડે સર. બૅન્કલોન વગેરે થઈને...'

'મારે ટોટલ આંકડો જોઈએ. રૂપિયા-પૈસાની ડિટેલ સાથે.'

'પણ સર...'

'ડોન્ટ આરગ્યુ-દલીલો નહીં. ડુ એઝ આઈ સે.' નિખિલે રિવોલ્વિંગ ચૅરને ડાબેથી જમણે ને જમણેથી ડાબે ઘુમાવવા માંડી:

'મારે એ પ્રોજેક્ટને બ્લાસ્ટ કરવો છે.'

'વ્હોટ?' એકાઉન્ટન્ટના પગ નીચેથી જમીન જતી રહી.

'હા, બાંધેલું મકાન ઉડાડવું છે. એના ગુનામાં દેવરાજસિંહના છોકરાને જેલ કરાવવી છે. દેવરાજસિંહને પાર્ટનરશિપમાંથી છૂટા કરીને મને થયેલા નુકસાનની ભરપાઈ માગવી છે.' એણે ટેબલ પર હાથ પછાડ્યો:

'આપણા લોયરને બોલાવો... અભી હાલ-હમણાં જ!'

નિખિલનો મિજાજ જોઈને હવે અહીં વધુ સમય ઊભા રહેવું એકાઉન્ટન્ટને બરાબર ન લાગ્યું. એ બહાર તો નીકળી ગયા, પણ નિખિલ શેઠના આ ખતરનાક ખેલ વિશે વિચારતાં એ મનોમન ધ્રૂજી ગયા.

એકાઉન્ટન્ટના ગયા પછી નિખિલના ચહેરા પર ક્રૂર સ્મિત આવી ગયું. એણે જાણીજોઈને આ માહિતી પોતાના એકાઉન્ટન્ટને આપી હતી. બાકી નિખિલ એટલો કાચો ખેલાડી નહોતો કે કોઈને પોતાની ચાલ વિશે આટલી સહેલાઈથી માહિતી આપી દે. એ જાણતો હતો કે ડરેલો એકાઉન્ટન્ટ જઈને સોમલને આ બધું કહેશે...

એથી આગળ વધીને કદાચ પોતાની સાથે બેઈમાની કરીને એ દેવરાજસિંહને આ વાત પહોંચાડશે. જો દેવરાજસિંહને આ ખબર પડે તો કોઈ પ્રયત્ન કર્યા વગર જ એ ઉશ્કેરાઈ જશે, આગોતરી તૈયારીઓ કરવા માંડશે... હમણાં એકાઉન્ટન્ટને એણે જે કંઈ હકીકતમાં કહ્યું હતું એમાંનું કશું જ એ કરવાનો નહોતો.

દેવરાજસિંહ જ્યારે જૂહુ પ્રોજેક્ટ બચાવવામાં પોતાની તમામ શક્તિ લગાડી દેશે ત્યારે એનાં બીજાં તમામ કામોને નુકસાન કરવા નિખિલ પોતાના માણસો અને પહોંચને કામે લગાડવાનો હતો.

હવે દેવરાજસિંહને બરબાદ કરી નાખવા એ નિખિલનો વન-પોઇન્ટ પ્રોગ્રામ બની ગયો હતો.

હવે એની એક જ મક્સદ હતી:

કેસર હાથ ન આવી તો એના બાપને–એના પૂરા ખાનદાનને માનસિક રીતે–આર્થિક રીતે પાયમાલ કરી દેવું!

*

વિદ્યાએ આપઘાત કર્યો છે એ વાત જાણીને શ્રદ્ધાબહેન ધ્રૂસકે ચઢ્યાં:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પહેલાં પોતાની દીકરી અને હવે વિદ્યા...

'કોણ જાણે આ સમાજ કેટલી દીકરીઓનો જીવ લેવા હાથમાં ખપ્પર લઈને મંડી પડ્યો છે.' એમણે આંસુભરી આંખે લંચ લેવા આવેલા દેવરાજસિંહને વિદ્યાના મૃત્યુના સમાચાર આપ્યા.

દેવરાજસિંહને આ સમાચાર મળી ચૂક્યા હતા. એમણે ડોકું ધુણાવીને હા પાડી... બીજી કંઈ વાતચીત કરવાનું ટાળીને જમવાનું અધૂરું મૂકીને એ ઊભા થઈ ગયા ત્યારે અભિમન્યુ અને ગુલાબસિંહ સામેની ખુરશીમાં બેસીને જમતા હતા. બંનેની નજર મળી...

એ જ વખતે દેવરાજસિંહના ઘરના લેન્ડલાઇન ટેલિફોનની રિંગ વાગી:

'દેવરાજસિંહ ઝાલા હિયર.'

'હું રાકેશ ચોક્સી બોલું છું.'

'કોણ?'

'વિદ્યાના પપ્પા.'

'હા... તમારી દીકરીના સમાચાર જાણ્યા. ખૂબ દુ:ખ થયું, પણ અમે તો જાતે જ...'

દેવરાજસિંહનું ગળું ભરાઈ આવ્યું. વિદ્યા જે રીતે આ ઘરમાં આવતી-જતી અને હરતી-ફરતી એ એમની નજર સામે દેખાવા લાગ્યું.

'મેં તમને બીજી વાત કહેવા ફોન કર્યો છે.' વિદ્યાના પપ્પાનો અવાજ થોડો ધીમો થઈ ગયો:

'કેસર જીવે છે.'

'શું બકવાસ કરો છો?'

'વિદ્યાએ એના છેલ્લા પત્રમાં આ વાત લખી છે.' રાકેશભાઈએ ઊંડો શ્વાસ લીધો.

'કેસર એને મળી હતી. છોકરાનો વેશ બદલીને... નીલાંગે બંનેને સાથે જોયાં. એમાંથી વાત બગડી ગઈ અને... વિદ્યાના પપ્પાનું ડૂસકું એમના આગળના શબ્દોને ખાઈ ગયું.

'તમે ખાતરીપૂર્વક કહી શકો છો?'

'મારી દીકરીએ ચોખ્ખા શબ્દોમાં લખ્યું છે.'

'તમે... એ પત્ર મને આપી શકો?'

'મારી દીકરીનો છેલ્લો પત્ર પોલીસ સાબિતી રૂપે લઈ ગઈ છે. મેં પત્રની ઝેરોક્સ કરાવી લીધી છે. તમે અહીં આવો તો વંચાવી શકું.'

'ભલે. હું દસ મિનિટમાં પહોંચું છું.'

દેવરાજસિંહે એક સેકન્ડ શ્રદ્ધાબહેન સામે જોયું. ટેબલ પર જમી રહેલા પિતા અને અભિમન્યુ સામે જોયું. કોઈને કશું કહેવું કે નહીં એનો વિચાર કરતા હોય એમ એ થોડીક ક્ષણો અટક્યા, પછી ઘરની બહાર નીકળી ગયા.

દાદા અને પૌત્રએ ફરી એકબીજા સામે જોયું. ફોન પર થઈ રહેલી વાતચીતના જે શબ્દો એમના કાને પડ્યા એનાથી બંને જણા સમજી ગયા કે દેવરાજસિંહ પાસે કોઈક સ્ફોટક માહિતી આવી છે. આ માહિતી કેસર વિશેની હોઈ શકે એવો અંદેશો બંનેને આવી ગયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જમીને બંને હીંચકે બેઠા હતા ત્યારે અભિમન્યુએ માથું પકડીને દાદાને ફરિયાદ કરીઃ

‘આખી રાત નથી સૂતો. ભયાનક માથું દુઃખે છે.’

‘આ કેસર નહીં જડે ત્યાં સુધી માથાનો દુખાવો તો રહેવાનો.’

‘એક વાર હાથમાં આવે તો ટોટો પીસી નાખું સાલીનો... બધાને ચકરાવે ચડાવી દીધા છે.’

‘હાથમાં આવશે તોય નિખિલ શ્રોફના... તારા સુધી નહીં પહોંચે કેસર.’

ગુલાબસિંહ જમાનાનો ખાધેલ માણસ હતો. નિખિલ શ્રોફે જ્યારે કહ્યું કે બેચાર કલાકમાં કેસરના બધા જ સમાચાર એને મળશે ત્યારે ગુલાબસિંહને ખાતરી હતી કે નિખિલ હવે કેસરને શોધ્યા વિના નહીં રહે. એના મનમાં ચટપટી હતી, નિખિલના હાથમાં જો કેસર આવી ગઈ હોય તો પણ એ એમને નહીં જણાવે એ વાતનો અંદેશો ગુલાબસિંહને આવી ગયો હતો.

એમને કોઈ પણ હિસાબે કેસરના સમાચાર જોઈતા હતા. પરંતુ નિખિલને સીધું પૂછવાની એમની હિંમત નહોતી. સીધું પૂછવાથી નિખિલ જવાબ આપશે એવી ખાતરી પણ નહોતી જ.

ગુલાબસિંહનું મગજ એ ચક્કરમાં હતું કે નિખિલ પાસે કેસરના સમાચાર હોય તો એ મેળવવા કેવી રીતે... એમને સૂઝતું નહોતું ત્યાં અચાનક એમને વિચાર આવ્યોઃ

‘સાવજ, નિખિલને ફોન કરીને વિદ્યાના સમાચાર આપ.’

‘એમને ખબર નહીં મળ્યા હોય?’

‘હોય તો પણ વિદ્યા સાથે કેસરનું કનેક્શન એને ખબર નહીં હોય.’

‘આપણે શું ફાયદો?’

‘અરે ગાંડા, જેવી એને આ ખબર પડશે કે તરત એ આગળનું કામ ઉપાડી લેશે.’

‘આગળનું કામ?’

અભિમન્યુને હજી દાદાની રમત સમજાતી નહોતી. એને લાગતું હતું કે આ કારણ વગરની શતરંજમાં એનો સમય વેડફાઈ રહ્યો હતો. એને તરત રિઝલ્ટ જોઈતું હતું... જ્યારે ગુલાબસિંહ માનતા હતા કે ધીરજનાં ફળ જ મીઠાં હોય છે.

પહેલા દિવસથી જ અભિમન્યુને દાદા ગુલાબસિંહની રમત સમજાતી નહોતી. એ નિખિલ સામે શા માટે આટલા ગળ્યા ગળ્યા થઈ જતા હતા એ વિચારે અભિમન્યુનું જુવાન લોહી ઊકળી ઊઠતું હતું. એણે તો એક ઘા ને બે કટકા કરીને વાત પૂરી કરવી હતી, જે હકીકતમાં થતી નહોતી. સમય ખેંચાયે જતો હતો ને સાથે સાથે પિતાનું સામ્રાજ્ય પોતાની મુઠ્ઠીમાં કરી લેવાની અભિમન્યુની ઇચ્છા પાછળ ઠેલાયે જતી હતી.

દેવરાજસિંહ જ્યારે વિદ્યાને ઘેર પહોંચ્યા ત્યારે વાતાવરણ ગમગીન હતું... વિદ્યાનાં મમ્મી સવિતાબહેનની આંખો રડી રડીને સૂઝી ગઈ હતી. એ સૂનમૂન બેઠાં હતાં. વિદ્યાના પિતા રાકેશ ચોકસી ખૂણામાં બારી પાસે બેઠા હતા. થોડા સગા ચુપચાપ નીચે પાથરેલી શેતરંજી પર બેઠા હતા. સી.ડી. પ્લેયર પર ગીતાના શ્લોક સંભળાતા હતા.

દેવરાજસિંહ શૂઝ ઉતારીને જેવા દરવાજામાં ઊભા રહ્યા કે રાકેશભાઈ ઊભા થયા. એમણે દેવરાજસિંહને નમસ્કાર કર્યા અને અંદર આવવાનો ઇશારો કર્યો. દેવરાજસિંહ એમની પાછળ પાછળ વિદ્યાના રૂમમાં ગયા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દીવાલ પર લગાડેલા સોફ્ટ બોર્ડ પર કેસર અને વિદ્યાના ત્રણ-ચાર ફોટા ખુશખુશાલ ચહેરા સાથે પીન-અપ કરેલા હતા. ફોટો જોતાં જ દેવરાજસિંહની આંખો છલકાઈ પડી. એમણે રાકેશ ચોકસીના ખભે હાથ મૂક્યોઃ

'ઈશ્વરને ગમ્યું તે ખરું.'

'પણ ઈશ્વરને આવું જ કેમ ગમ્યું? એક જ દીકરી હતી મારી. હું જિંદગીભર દુઃખી ન થાઉં એટલે...' રાકેશભાઈ રડી પડ્યા. એમણે લોખંડનું કબાટ ખોલીને લોકરમાં મૂકેલા પત્રની ઝેરોક્સ કાઢી. એ હાથમાં લેતાં દેવરાજસિંહ છેક ભીતર સુધી ધ્રૂજી ગયા.

એમણે પત્ર એક વાર વાંચ્યો-વારંવાર વાંચ્યો. પછી રાકેશભાઈના હાથમાં પત્ર પાછો આપતા હિંમત એકઠી કરીને પૂછ્યુંઃ

'મને જરૂર પડે તો ફરી વાર આ પત્ર આપશો ને?'

'તમને જરૂર પડશે તો એની ઝેરોક્સ આપીશ, પણ હમણાં નહીં.'

રાકેશભાઈએ ભીની આંખો સાથે દૃઢતાથી કહી દીધું. એમના ખભે હાથ થપથપાવીને દેવરાજસિંહ બહાર નીકળી ગયા.

સીડી ઊતરીને એ પોતાની ગાડીમાં બેઠા ત્યાં સુધી એમનું મગજ બહેર મારી ગયું હતું. એકસામટા હજારો સવાલો એમની સામે ફેણ ઊંચકીને ઊભા હતાઃ

હવે શું કરવું અને કઈ દિશામાં જવું...

એ ક્યાંય સુધી એમ જ ગાડીમાં બેસી રહ્યા. પછી ઓફિસ પહોંચ્યા ત્યાં સુધી એમણે મનોમન ખૂબ સંવાદ કર્યો. ઓફિસ પહોંચીને એમણે અભિમન્યુનો નંબર ડાયલ કર્યો.

'હા બાપુ.' ગુલાબસિંહ અને અભિમન્યુ સાથે જ હતા. દેવરાજસિંહ જે રીતે ઘરેથી ગયા એ પછી બંને જણા એમના ફોનની જ રાહ જોતા હતા.

'બેટા, હું વિદ્યાના પપ્પાને ત્યાં ગયો હતો. એમણે કહ્યું કે...' દેવરાજસિંહ અચકાઈ ગયાઃ

'કેસર જીવે છે.'

'શું વાત કરો છો, બાપુ?'

'બેટા... મારાય માન્યામાં નથી આવતું, પણ મેં વિદ્યાના હસ્તાક્ષરે લખાયેલો કાગળ વાંચ્યો છે.'

'તો? શું કરવું જોઈએ?'

'બેટા, સૌથી પહેલાં તો આ વાત આપણે નિખિલ શ્રોફ અને સોમલને જણાવવી પડે.'

'પણ...'

'ગમે તેમ તોય આપણા વેવાઈ છે. જે વાતને કારણે આટલો બધો કકળાટ થયો એ વાતની સચ્ચાઈ એમના કાને તો નાખવી જ પડે...'

અભિમન્યુના મગજમાં એકસામટાં અનેક ચક્રો ચાલુ થઈ ગયાં.

દેવરાજસિંહ અને નિખિલ શ્રોફ જો ફરી એક વાર સામસામા આવે તો વધુ ઝેર કઈ રીતે ઘોળી શકાય એ વિશે એનું મગજ કામે લાગી ગયું...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વિદ્યાના પિતા રાકેશભાઈ ચોકસીએ પોલીસ ફરિયાદ નોંધાવી દીધી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર દેશપાંડેએ નીલાંગની ધરપકડ કરી હતી. મૃત્યુ તરફ ધકેલવાના અને આપઘાત કરવા માટે મજબૂર કરવાના ગુના હેઠળ બિનજામીનપાત્ર વોરંટ સાથે નીલાંગની ધરપકડ થઈ હતી.

એના રિમાન્ડ માટે એને કોર્ટમાં રજૂ કરવાનો હતો. આસપાસ બેઠેલા પોકેટમાર અને દારૂડિયાઓ વચ્ચે ગંદી લોકઅપની જમીન પર બેઠેલો નીલાંગ ધૂંધવાતો હતો. એને સપનેય ખયાલ નહોતો કે વિદ્યા આ રીતે આપઘાત કરીને એને જેલમાં ધકેલશે...

નીલાંગના પિતાએ ઇન્સ્પેક્ટર દેશપાંડેને લાંચ આપવાનો ઘણો પ્રયત્ન કરી જોયો, પણ ઇન્સ્પેક્ટરે જે કરડી નજરે એમને જોયા પછી એમણે નીલાંગને પોલીસ સ્ટેશનના લોકઅપમાં છોડીને ઘેર જવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો.

હવે એમને તાત્કાલિક જરૂર હતી કોઈ બાહોશ વકીલની, જે નીલાંગને જલદી કાયદાની આ જાળમાંથી બહાર કાઢે...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 32

ગમે તેમ તોય આપણા વેવાઈ છે, જે વાતે આટલો બધો કકળાટ થયો એ વાતની સચ્ચાઈ એમના કાને તો નાખવી જ પડે.

કેસર જીવતી છે એ વાત વિદ્યાના પત્રમાં વાંચ્યા પછી દેવરાજસિંહે પુત્ર અભિમન્યુને આટલું કહીને ફોન મૂક્યો કે અભિમન્યુનું મગજ છટક્યું.

'આ માણસ રોજ એક નવી મુસીબત ઊભી કર્યા વિના રહી નથી શકતો.'

'આ મુસીબત એણે પોતાના માટે ઊભી કરી છે.' ગુલાબસિંહ મૂછમાં હસ્યાઃ

'જવા દે એને નિખિલને ત્યાં... પેલો રાતાપાણીએ રડાવશે.'

'અરે, તમે હજી મારા બાપાને ઓળખતા નથી. રડારોળ કરીને એવો મેલોડ્રામા ઊભો કરશે કે નિખિલને પણ એમની દયા આવી જશે.'

'નિખિલને સગા બાપની દયા આવે એમ નથી... ત્યાં તારા બાપની શું દયા ખાવાનો? દેવલો ત્યાં પહોંચે પછી બે શક્યતા બાકી રહે છે. એક, જો કેસર એના હાથમાં આવી ગઈ હશે તો નિખિલ અહંકારમાં મુસ્તાક હશે... અને જો નહીં આવી હોય તો ગુસ્સામાં બેબાકળો... એ બંને પરિસ્થિતિમાં તારા બાપનું તો આવી જ બનશે.'

'આપણો ફાયદો શું?'

'દીકરા, એક વાર નિખિલ તારા બાપને લાત મારીને તગેડે પછી એ આપણી મુઠ્ઠીમાં આવી જશે.'

'કોણ નિખિલ?'

ગુલાબસિંહે કશું જ બોલ્યા વિના અભિમન્યુના માથામાં એક ટપલી મારી. પછી એ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા. મૂછો પર હાથ ફેરવતા થોડી વાર એ વિચારતા રહ્યા. પછી અચાનક ઊભા થઈને એમણે અભિમન્યુને કહ્યું:

'ચાલ તો...'

'ક્યાં?'

'આપણે નિખિલની ઓફિસે પહોંચી જઈએ.'

'પણ...'

'હવે ફોન પર કંઈ નહીં થાય. હવે તો સામસામે ભટકાયે જ છૂટકો.'

દાદો અને પૌત્ર ગાડીમાં બેસીને નિખિલની ઓફિસ જવા નીકળ્યા ત્યાં સુધી અભિમન્યુને સમજાતું નહોતું કે ગુલાબસિંહના મગજમાં શું ચાલે છે.

આ તરફ દેવરાજસિંહ દીકરાની સાથે વાત કરીને તરત નિખિલ શ્રોફની ઓફિસે પહોંચીને એને મળ્યા ત્યારે એમની આંખોમાં આંસુ હતાં.

નિખિલ માનતો હતો કે દેવરાજસિંહ બધું જ જાણે છે અને એની દીકરીના સમાચાર પૂછવા આવે છે, એટલે એ માનસિક રીતે તૈયાર હતો, પણ દેવરાજસિંહે આવીને વિદ્યાના મૃત્યુના સમાચાર આપ્યા અને વિદ્યાના પત્રમાં કેસર જીવતી હોવાનો ઉલ્લેખ છે એ વાત એમણે નિખિલને કહી...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નિખિલે પહેલાં તો અજાણ્યા થઈને બધું જ સાંભળી લીધું. દેવરાજસિંહને જે કહેવાનું હતું એ બધું પૂરું થયું પછી એ ક્રૂર સ્મિત સાથે પોતાની રિવોલ્વિંગ ચૅરમાં વધુ ઝૂક્યો અને એણે ખુરશીને બંને તરફ ફેરવવા માંડી:

'મુંબઈમાં જ છે તમારી દીકરી...'

'તમને કેવી રીતે ખબર?'

'કારણ કે મેં જ એને પકડાવીને મુંબઈ બોલાવી છે...' નિખિલના ચહેરા પર ક્રૂર ઠંડકતા રમતી હતી:

'અમદાવાદ ભાગી ગયેલી... છેક બહુચરાજીથી પકડીને મગાવી છે.'

'ક્યાં છે? મારે મળવું છે.'

'મળવું તો મારે પણ છે એને..."

નિખિલનું સ્મિત દેવરાજસિંહની પીડામાં ઉમેરો કરી રહ્યું હતું. અત્યાર સુધી એમની જે મનોદશા હતી એ બદલાવા લાગી. આ વાત સાંભળ્યા પછી એમને ગુસ્સો આવવા લાગ્યો હતો:

'એટલે?'

'તમારી દીકરી મારી સાથે ઉંદર-બિલાડીની રમત રમે છે. એરપોર્ટ સુધી આવીને પોલીસને તેમજ મારા માણસને ચકમો આપીને ભાગી ગઈ. બહુ દૂર સુધી દોડી નહીં શકે. મુંબઈની પોલીસ શોધે છે એને...'

'તમે આ બધું મને કહ્યું જ નહીં?'

'શું કામ કહું? તમારે આની સાથે લેવાદેવા શું?'

'હું બાપ છું એનો..."

નિખિલ હસી પડ્યો:

'આ કહેતાં પહેલાં જરા તમારાં પત્ની સાથે વાત કરી લો... મને તો એ તમારું ફરજંદ નથી લાગતું!'

'શટઅપ.'

દેવરાજસિંહ ટેબલ પર હાથ પછાડીને ઊભો થઈ ગયા. એમની આંખમાં લાલ દોરા ફૂટ્યા.

'હવે એક અક્ષર આગળ બોલશો તો...'

'તો શું કરી લેશો?' નિખિલનું એ ક્રૂર સ્મિત હજી અકબંધ હતું:

'હવે તમારી દીકરી તો તમારા હાથમાં આવવાની નથી. ગમે તેટલા ધમપછાડા કરો તો પણ તમે મારું કંઈ નહીં બગાડી શકો.'

'હું કંઈ તમારું બગાડવા અહીં આવ્યો જ નથી. મને જેવી ખબર પડી એટલે હું તમને જણાવવા દોડી આવ્યો, પણ...'

નિખિલે એમનું વાક્ય વચ્ચેથી જ કાપી નાખ્યું:

'મેં તમને જણાવવા આવવાનું નહોતું કહ્યું.'

'હા, પણ મને લાગ્યું કે તમે કેસરના સસરા છો. એની જિંદગીનો એક હિસ્સો તમારી સાથે જોડાયેલો છે...'

'નક્કી કરો મિ. દેવરાજસિંહ ઝાલા, ક્યારેક કહો છો તમારા ઘરે દીકરી પરણાવીને મેં ભૂલ કરી, ને ક્યારેક મને એની જિંદગીનો હિસ્સો ગણાવો છો. કન્ફ્યૂઝ છો તમે...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘છું! મારી દીકરીને દુઃખ પડે છે ત્યારે ગુસ્સે થઈ જાઉં... એને દુઃખ આપનાર દરેક માણસ મને દુશ્મન લાગે, પરંતુ જ્યારે સમાજની દૃષ્ટિએ વિચારું છું ત્યારે તમારી અને મારી પ્રતિષ્ઠા...’

‘પ્રતિષ્ઠા હવે ફક્ત મારી જ છે. તમારે પ્રતિષ્ઠા સાથે વળી શું લેવાદેવા છે ભાઈ?’ નિખિલ ઊભો થઈ ગયોઃ

‘એક દારૂડિયો દીકરો, એક ભાગી ગયેલી છોકરી... પ્રતિષ્ઠા? વાહ!’

‘ભગવાને તમને દીકરી નથી આપીને, એટલે તમને દીકરીના બાપની પીડા નહીં સમજાય. મને ખબર હોત કે હું એક માણસ જોડે નહીં, પણ રાક્ષસ જોડે વાત કરવા આવ્યો છું તો કદાચ આવત જ નહીં.’

‘હજી મોડું નથી થયું. તમે જઈ શકો છો.’

દેવરાજસિંહ આગળ સાંભળવા ઊભા રહી શકે એમ નહોતા, છતાં એમણે એક ક્ષણ માટે જાતને તમાચો મારીને નિખિલની સામે હાથ જોડ્યાઃ

‘જુઓ, હું તમને હાથ જોડું છું. મારી દીકરીના કંઈ સમાચાર મળે તો મને જરૂર જણાવજો.’

‘કેમ?’ નિખિલની આંખોમાં તોછડાઈ હતી.

‘કારણ કે એક મજબૂર બાપ તમને વિનંતી કરે છે.’

પોતાના આટલા અપમાન બાદ દેવરાજસિંહને હવે ખુદ જાત માટે જ તિરસ્કાર થઈ ગયો હતો. હવે એ નિખિલનો જવાબ સાંભળવા ઊભા રહી શકે એવી એમની મનઃસ્થિતિ નહોતી. એમને ડર લાગ્યો કે જો નિખિલ કદાચ આડુંતેડું બોલે તો એ મગજ ગુમાવી બેસશે અને...

પોતે મગજ ગુમાવીને નિખિલની સામે થાય, પછી નિખિલ પોતાની દીકરીને નુકસાન પહોંચાડે એને બદલે ત્યાંથી નીકળી જવું એ જ બહેતર લાગ્યું. દેવરાજસિંહ પોતાનો બધો જ ગુસ્સો મનમાં જ ભંડારીને નિખિલની ચેમ્બરમાંથી બહાર નીકળી ગયા...

લિફ્ટમાં દાખલ થતાં જ એમને લાગ્યું કે એ હવે રડી જ પડશે... માંડ માંડ મન પર કાબૂ મેળવ્યો. ગ્રાઉન્ડ ફ્લોર દેવરાજસિંહ લિફ્ટમાંથી બહાર નીકળે તે પહેલાં સામે ઊભેલા ગુલાબસિંહ અને અભિમન્યુને જોઈને એમની આંખો પહોળી થઈ ગઈઃ

‘તમે અહીંયાં શું કરો છો?’ લિફ્ટનો દરવાજો હજી ખુલ્લો હતો.

દેવરાજસિંહ બહાર નીકળે એ પહેલાં ઓટોમેટિક લિફ્ટનો દરવાજો બંધ થઈ ગયો. દેવરાજસિંહે લિફ્ટનું બારણું ખોલવા માટે બટન દબાવ્યું, પરંતુ બારણું ખૂલે એ પહેલાં ગુલાબસિંહે પોતાની બુદ્ધિને કામે લગાડીઃ

‘દેવલાને કહેવાનું કે આપણે એને શોધવા જ આવ્યા છીએ.’

હજી અભિમન્યુ કંઈ બોલે તે પહેલાં સામેનો દરવાજો ખૂલ્યો. દેવરાજસિંહ ઝડપથી બહાર નીકળ્યા. એમની આંખોમાં ગુસ્સો પણ હતો ને પીડા પણ.

‘બાપુ, અમે તો તમને શોધવા આવ્યા છીએ. કેસરના સમાચાર આપીને તમે ફોન કાપી નાખ્યો કે તરત જ દાદાજીને લાગ્યું કે તમે અહીં જ આવશો, એટલે અમે...’

દેવરાજસિંહ કશું બોલ્યા નહીં. એમણે તરત જ અભિમન્યુની વાત માની લીધી. દાદા અને દીકરાએ સામસામે જોયું.

‘દેવલા, મને તારી ચિંતા થઈ એટલે થયું કે નિખિલની ઓફિસમાંથી તું બહાર નીકળે ત્યાં જ તને પકડી લઈએ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પૂરી પંદર મિનિટથી અહીં તારી રાહ જોઈએ છીએ.'

અભિમન્યુને નવાઈ લાગીઃ આ માણસ આટલી આસાનીથી જુઠ્ઠાણું વિચારી કેવી રીતે શકતો હશે?

'બાપુ, નિખિલ જાણતો હતો કે કેસર જીવે છે.'

'ખરેખર?' ગુલાબસિંહે ભવાં સંકોચીને ભોળા હોવાનો ડોળ કર્યોઃ

'એણે આપણને કહેવું ના જોઈએ?'

'હુંય એ જ કહું છું બાપુ... એટલું ઓછું હોય એમ મને કહે છે કે મારી કોઈ પ્રતિષ્ઠા નથી. દારૂડિયો દીકરો, ભાગેડુ દીકરી...' દેવરાજસિંહની આંખોમાં પાણી આવી ગયાંઃ

'બીજા કોઈએ આવું કીધું હોત તો ઊભો ને ઊભો વાઢી નાખત.'

એમનો ચહેરો ફિક્કો પડી ગયોઃ

'એ છોકરીને કારણે નિખિલે મારું નાક વાઢી લીધું. જીવતો મારી નાખ્યો મને, બાપુ.'

'બેટા, હું તારું દુઃખ સમજુ છું, પણ મારે તને એક વાત પૂછવી છે. વિચારીને જવાબ આપજે.' ગુલાબસિંહે ચાલાકીપૂર્વક રમત રમવા માંડીઃ

'તારી દીકરી પારકી છોકરીને ફોન કરી શકે છે, એને મળવા જઈ શકે છે, પણ પોતે જીવે છે એ વાત સગા બાપને જણાવવાની એને જરૂર નથી લાગતી?'

દેવરાજસિંહનું મગજ બહેર મારી ગયું હતું. અત્યારે એ કશું જ વિચારી શકે એવી સ્થિતિમાં નહોતા. ગુલાબસિંહની વાત સાંભળીને એમને વધુ ગુસ્સો આવ્યોઃ

'તમારી વાત સાચી છે, બાપુ...'

'જે છોકરીને મા-બાપની દયા નથી આવતી એની આટલી બધી ચિંતા શું કામ કરે છે તું?' ગુલાબસિંહે ધીમેધીમે દેવરાજસિંહના મનમાં ઝેર રેડવું શરૂ કર્યું.

નિખિલ જે કંઈ બોલ્યો એ એમણે સાંભળી લેવું પડ્યું, કારણ કે કેસરે પોતાને આ પરિસ્થિતિમાં ધકેલ્યા હતા. આ વાત દેવરાજસિંહના મનમાં પહેલેથી જ હતી. ગુલાબસિંહે આ વાતના તણખાને હવા આપી, એટલે દેવરાજસિંહના મનમાં ગુસ્સો ભડકી ઊઠ્યો.

ઘડીભર પહેલાં જે બાપ પોતાની દીકરીની ચિંતા કરતો હતો, નિખિલ સામે હાથ જોડતો હતો એ જ બાપ અચાનક ઉશ્કેરાઈ ગયોઃ

'વાત સાચી છે, બાપુ... એ છોકરીએ મને ક્યાંયનો નથી છોડ્યો.'

'હું તો ક્યારનો કહેતો હતો બાપુ કે એને આટલી છૂટ નહીં આપો.' હવે અભિમન્યુએ સોગઠી મારી.

'ખીચડીને હલાવવી નહીં, ને દીકરીને બહુ મ્હલાવવી નહીં.' ગુલાબસિંહે મૂછે હાથ દેતાં એક કહેવત કહી નાખી.

'હવે શું કરું, બાપુ? મને કંઈ સમજાતું નથી.' દેવરાજસિંહે પહેલી વાર પોતાના મનની મૂંઝવણ ગુલાબસિંહ સામે કહી નાખીઃ

'કેસર જો નિખિલના હાથમાં આવશે તો એને જીવતી નહીં છોડે. એની આંખોમાં કેસરના ખૂનની પ્યાસ છે.'

'તો પછી તારે એના લોહીથી હાથ શું કામ રંગવા છે બેટા? એ મરવાની જ હોય તો એના મોતની જવાબદારી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લઈને જિંદગીભરનું દુઃખ શું કામ પાળવું છે તારે?'

'એટલે?'

દેવરાજસિંહને પોતાના પિતા ગુલાબસિંહની વાત સમજાઈ તો હતી, પણ એક સગો દાદો પોતાની પૌત્રી વિશે આવું વિચારી શકે?

'સીધી વાત છે બેટા, પહેલાંના જમાનામાં રાજપૂતો દીકરીઓને દૂધપીતી કરતા એની પાછળ પણ આવાં જ કારણો હશે. બાપનું નાક કપાવે એવી દીકરી હોય, એના કરતાં ના હોય એ સારું...'

'પણ બાપુ...' દેવરાજસિંહનું હૃદય કંપી રહ્યું હતું.

'ભૂલી જા બેટા... તારે કોઈ દીકરી હતી જ નહીં.'

'કેવી રીતે ભૂલી જાઉં, બાપુ? આ હાથમાં ઝુલાવીને ઉછેરી છે, કોળિયા ભરાવ્યા છે, લાડ કર્યાં છે... એની સાથે વીતાવેલી એક એક ક્ષણ ભાલા થઈને ભોંકાય છે, આ છાતીમાં.'

'દેવલા, આખી જિંદગી મારું નથી માન્યું તેં. તોય આજે નફ્ફટ થઈને એક વાત કહું છું. માનીશ?"

દેવરાજસિંહ પિતાની સામે જોઈ રહ્યા:

'અહીંથી સીધો ઘેર જા અને કેસરના નામનું માથાબોળ નાહી નાખ.'

'એ તો...'

'હમણાં સુધી તો ખરેખર મરેલી માનીને રડતા હતા આપણે... હવે જીવતી છે છતાંયે જો એણે આપણી ફિકર નથી કરી તો આપણે પણ એને વહેતી મૂકવી જોઈએ.'

'ને પાછી આવે તો?'

'હાથ ઊંચા કરી દેવાના. ચોખ્ખા શબ્દોમાં કહી દેવાનું કે અમારા માટે તું મરી ચૂકી છે.'

'સગી દીકરી છે મારી...'

'હવે બસ થયું બાપુ, તમે હૉસ્પિટલમાં હતા ત્યાંથી શરૂ કરીને આ ઘડી સુધી એણે આપણી ચિંતા નથી કરી... તમારે જે કરવું હોય તે કરો, હું એને ઘરમાં નહીં ઘૂસવા દઉં.'

અભિમન્યુ અકળાઈને બોલી ઊઠ્યો. ગુલાબસિંહે એની સામે આંખો કાઢી, પણ ઉશ્કેરાયેલો અભિમન્યુ બોલતો રહ્યો:

'તમે હંમેશાં એનો જ પક્ષ લીધો, એને જ સાચવી. કોઈ દિવસ મારો વિચાર કર્યો છે? ઘરમાં રસોઈ બને તો કેસરને પૂછીને, રંગ થાય તો કેસર નક્કી કરે એ પ્રમાણે, ફર્નિચર આવે તો કેસર કહે એવું...'

અભિમન્યુને આ વાતની પીડા બાળપણથી હતી. પોતાની વાત કહેતાં કહેતાં એનું ગળું ભરાઈ આવ્યું. એની આંખમાં સાચાં આંસુ આવી ગયાં:

'તમે ક્યારેય મારી વાત સાંભળી જ નથી, બાપુ.'

'બેટા...' શું કહેવું એ દેવરાજસિંહને સમજાયું નહીં. એ આગળ વધીને અભિમન્યુને ભેટી પડ્યા.

દેવરાજસિંહે મનોમન ગાંઠ વાળી લીધી. વારંવાર કેસરની ચિંતા કરીને એની પાછળ દોડવા કરતાં, હવે કેસર નથી એમ માનીને જ જીવવું... ગુલાબસિંહ કહેતા હતા એમ જ હવે કેસર પાછી આવે તો એને ચોખ્ખું કહી દેવું કે તારા માટે ઘરમાં કોઈ જગ્યા નથી...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

*

નીલાંગના પિતા મહેશ પરીખ એને લોકઅપમાં છોડીને નીકળ્યા ત્યારે એ સાવ ઢીલા પડી ગયા હતા.

નીલાંગને જામીન મળે એ માટેના એમના પ્રયત્ન કારગત ન નીવડ્યા. ઊલટાનું એમણે આડકતરી રીતે ઇન્સ્પેક્ટર દેશપાંડેને લાંચ દેવાનો પ્રયત્ન કર્યો તો દેશપાંડેએ વિદ્યાનો અંતિમ પત્ર એમને વંચાવ્યો, જેમાં વિદ્યાએ શબ્દ ચોર્યા વગર લખ્યું હતું કે એના આપઘાત માટે નીલાંગ જ જવાબદાર છે ત્યારે તો નીલાંગના પિતા મહેશ પરીખ ખરેખર ભાંગી પડ્યા હતા.

એમણે આજ સુધી નીલાંગને ક્યારેય ઊંચા અવાજે પણ કશું કહ્યું નહોતું. પોકેટમાર અને દાદૂડિયાઓની વચ્ચે બેઠેલો નીલાંગ પોતાના પિતાની સામે જે નજરે જોઈ રહ્યો હતો એ એમને માટે અસહ્ય હતી.

આ પહેલાં પણ નીલાંગે ઘણી વાર કેસર વિશે ફરિયાદ કરી હતી. કેસર એમની પુત્રવધૂ વિદ્યાની ખાસ બહેનપણી છે એટલે દીકરાને નહીં ગમતી હોય એમ માનીને એમણે આ ફરિયાદોને હસી નાખેલી. એ પછી કેસરના મૃત્યુના સમાચાર આવ્યા ત્યારે નીલાંગ કેવો ખુશ થઈ ગયેલો એ એમને યાદ આવ્યું.

— અને હવે અત્યારે વિદ્યાનો આ પત્ર વાંચીને એમને સત્ય સમજાઈ ગયું. દીકરો જે બોયફ્રેન્ડની ફરિયાદ કરતો હતો એ હકીકતમાં કેસર જ હતી...

આમ છતાં પોતાનો દીકરો કોઈ લેવાદેવા વગર સળિયાની પાછળ ધકેલાઈ ગયો અને આ બધાની પાછળ જે છોકરી હતી એ તો ખુદ ગુમ હતી!

એ જઈને ગાડીમાં બેઠા ત્યારે એમનું મગજ ભયાનક ઝડપે ચાલવા માંડ્યું. દીકરાને આમાંથી છોડાવવો હોય તો એમને કોઈ એવા માણસની મદદની જરૂર હતી, જે એવું સાબિત કરવામાં એમની મદદ કરે કે કેસરે પોતાની બહેનપણીને બહેકાવી હતી. એ વિદ્યા અને નીલાંગને છૂટાં પાડવા માગતી હતી... નીલાંગ પોતાની વાગ્દત્તાને ચાહતો હતો... અને એનાથી ઉશ્કેરાટમાં જેમતેમ બોલાઈ ગયું, જેનાથી દુઃખી થઈને વિદ્યાએ આપઘાત કરી લીધો...

બાકી વિદ્યા આપઘાત કરે એવું નીલાંગ ઇચ્છતો જ નહોતો એટલું જો એ સાબિત કરી શકે તો કદાચ દીકરાને બચાવવામાં એ સફળ થઈ શકે.

એમણે ગાડી દેવરાજસિંહના બંગલે લેવડાવી.

*

'પણ હું આમાં શું કરી શકું?'

મહેશ પરીખની વાત સાંભળીને દેવરાજસિંહે સાવ બેફિકરાઈથી પૂછ્યું.

'તમે મારી મદદ કરી શકો. કેસર જીવે છે. એને શોધીને જો તમે...'

'એ મને હજુ મળી નથી. મને કહેવડાવ્યું પણ નથી કે એ જીવે છે અને ધારી લો કે એ મને મળે તો પણ મારું કહ્યું માનશે એવું માનવાનું કોઈ કારણ નથી.'

'સાહેબ, મારો દીકરો કારણ વગર સળિયા પાછળ ધકેલાઈ જશે, એનું ફ્યૂચર બરબાદ થઈ જશે. એની જિંદગી રોળાઈ જશે.'

'હું સમજી શકું છું.' દેવરાજસિંહે ઊભા થઈને એમનો ખભો થપથપાવ્યો. આ એમને અહીંથી જવા માટેનો સંકેત હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મને અફસોસ છે, પરંતુ હું આમાં કંઈ કરી શકું એમ નથી.’

‘તમે ઇચ્છો તો...’

‘મને માફ કરી દો. મારા માટે કેસર ક્યારની મૃત્યુ પામી છે. એમાંય હવે તો...’ એમનાં જડબાં તંગ થઈ ગયાં, હાથની મુઠ્ઠીઓ વળી ગઈ. કશું જ બોલ્યા વિના એ થોડીક ક્ષણ એમ જ ઊભા રહ્યા. પછી બે હાથ જોડીને એમણે મહેશ પરીખને વિદાય આપી.

હવે અહીં બીજી કોઈ વાત થઈ શકે એમ નહોતી એટલે મહેશભાઈ ભાંગેલા પગે બહાર નીકળ્યા. એ બંગલાની બહાર નીકળીને પોતાની ગાડી પાસે પહોંચ્યા ત્યારે અભિમન્યુ એમની રાહ જોતો હતો. દાદાના શીખવ્યા મુજબ એણે મહેશભાઈને સમજાવવા માંડ્યા:

‘આ કિસ્સામાં જો કોઈ તમારી મદદ કરી શકે તો એ નિખિલ શ્રોફ છે–કેસરના સસરા... નિખિલના માણસો કેસરને શોધી રહ્યા છે. કેસર નિખિલ સિવાય કોઈના હાથમાં નહીં આવે એ નક્કી છે.’

‘પણ એ મારી મદદ શું કામ કરે?’

‘મોટો માણસ છે. ખુશ થઈ જાય તો રાજપાટ પણ આપી દે.’

‘પણ મારા પર ખુશ શું કામ થાય?’

‘કારણ કે એની જિંદગીમાં અત્યારે કેસરને શોધવા સિવાય બીજો કોઈ ધ્યેય નથી અને તમારી જિંદગીમાં પણ અત્યારે સૌથી અગત્યની બાબત છે તમારા પુત્રને છોડાવવાની...’

‘તમને લાગે છે કે...’

‘મને શું લાગે છે એ અગત્યનું નથી. કેસર તમને ન મળે તો પણ નિખિલ શ્રોફનું સ્ટેટમેન્ટ તમારી મદદ કરી શકે.’

મહેશ પરીખ થોડીક ક્ષણ માટે અભિમન્યુની સામે જોઈ રહ્યા. અભિમન્યુ એમનો સવાલ સમજી ગયો એટલે એણે હસીને નહીં પુછાયેલા સવાલનો જવાબ આપી દીધો:

‘હું મારા પિતાની વિરુદ્ધ તમારી મદદ એટલા માટે કરું છું, કારણ કે હું જાણું છું કે નીલાંગ નિર્દોષ છે. મારી બહેને અમારું, નિખિલ શ્રોફનું અને તમારું–એમ ત્રણ ઘર બરબાદ કર્યાં છે.’

સહેજ અટકીને અભિમન્યુએ ઇરાદાપૂર્વક દુઃખી સ્વરે ઉમેરી દીધું:

‘મારી બહેનના આ ભયાનક કામની સજા તમારા નિર્દોષ દીકરાને ન મળે એવો મારો પ્રયત્ન છે, બાકી, મારે તમારી પાસેથી કંઈ જોઈતું નથી.’

મહેશ પરીખ લાગણીથી અભિમન્યુનો ખભો થપથપાવીને ગાડીમાં બેસી ગયા.

નિખિલ શ્રોફને મળવું સહેલું નહોતું એની એમને ખબર હતી. એમણે એના સુધી પહોંચવાના પોતાના રસ્તા શોધવા માંડ્યા. એમનો બિઝનેસ કેમિકલ સપ્લાય કરવાનો હતો. મુંબઈની મોટી મોટી ઇન્ડસ્ટ્રીઝમાં એ કેમિકલ સપ્લાય કરતા.

એમણે એમના એક જૂના ક્લાયન્ટને ફોન કર્યો. એ નિખિલના સારા મિત્ર હતા. એમણે બધી વિગતો જણાવીને નિખિલ સાથે મુલાકાત કરાવી આપવાની વિનંતી કરી.

‘રોજ સાંજે વિલિંગ્ડન બારમાં બેસે છે... આજે જઈ આવીએ. માણસ ટેઢો છે, છતાં...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તમે મદદ કરશો તો કામ થઈ જશે એવો મને વિશ્વાસ છે.’

‘આપણે જઈએ...’ એમણે કહ્યું તો ખરું, પણ નિખિલને ઓળખતો દરેક માણસ એને વિશે હંમેશાં અવઢવમાં રહેતો એમ મહેશ પરીખના ક્લાયન્ટ ભાર્ગવ દેસાઈ પણ વિલિંગ્ડન પહોંચ્યા ત્યારે એમને કોઈ મોટી આશા નહોતી.

આજની સવારે દેવરાજસિંહનું ભરપૂર અપમાન કર્યાના નશામાં નિખિલ આજે ખુશમિજાજમાં હતો.

મહેશ પરીખ તથા ભાર્ગવ દેસાઈની બધી વાત નિખિલે સાંભળી લીધી.

‘સાચું કહું તો હું પણ નથી જાણતો કે એ છોકરી ક્યાં છે.’ એ બે પેગ પી ચૂક્યો હતો:

‘મને મળશે તો તમારા હવાલે કરી દઈશ. જોકે મળવાના ચાન્સ ઓછા થતા જાય છે.’

‘એ ન મળે તો?’

‘તો તમારું નસીબ.’

‘સર...’

મહેશભાઈએ હિંમત કરીને દાવ રમી નાખ્યો:

‘મારા એકના એક દીકરાને બચાવવા માટે તમારું સ્ટેટમેન્ટ પણ પૂરતું છે.’

‘મારું? પણ હું કહું શું?’

‘જો તમે એટલું કહી શકો કે કેસર વિચિત્ર છોકરી હતી. એણે તમારા પરિવારને નુકસાન પહોંચાડ્યું છે, તમારા દીકરાની જિંદગી બરબાદ કરી છે. મેન્ટલી ડિસ્ટર્બ્ડ... સીક... માનસિક રીતે અસ્વસ્થ છે... યુ નો?’

‘હું આવું કહું એ ચાલશે?’

‘તમારા જેવો મોટો માણસ કોર્ટમાં આવીને સ્ટેટમેન્ટ આપે એનું મહત્ત્વ છે, સાહેબ.’

‘તમને લાગે છે કે મારા સ્ટેટમેન્ટથી તમારો દીકરો બચી જશે?’ એ હસવા લાગ્યો:

‘હું એટલો મોટો માણસ છું? મને તો ખબર જ નહીં.’

ભાર્ગવ દેસાઈએ ઇશારો કર્યો. નિખિલનો અહંકાર આળસ મરડી રહ્યો હતો. આ સમયે જો હથોડો મારી દેવામાં આવે તો લોઢું ગરમ હતું. મહેશભાઈ ઇશારો સમજી ગયા:

‘તમારા શબ્દની કિંમત છે, સર.’ મહેશભાઈએ એના અહંકારને પંપાળ્યો:

‘શેરમાર્કેટમાં તમારી કંપનીના શૅર જેટલું જ પ્રીમિયમ છે તમારા શબ્દોનું.’

નિખિલ ખુશ થઈ ગયો.

‘ભલે. હું આ બધું કહેવા તૈયાર છું. આમ જોવા જાવ તો આ બધું સાચું જ છે. એ છોકરી ખરેખર વિકૃત છે. લગનના પહેલા દિવસથી અમારી જિંદગી હરામ કરી નાખી છે એણે. આજ સુધી હું કંઈ બોલ્યો નથી, પણ હવે બોલીશ...’ એણે ટેબલ પર હાથ પછાડ્યો:

‘તમારી મદદ કરવા માટે બોલીશ. ખુલ્લો કરી નાખીશ દેવરાજસિંહ ઝાલાના પરિવારને...’

ભાર્ગવ દેસાઈના ચહેરા પર સ્મિત રમી ગયું. એને ખાતરી હતી કે નિખિલે એક વાર વચન આપ્યું છે એટલે હવે ફરી જવાનો કોઈ ભય નથી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ સાંજે વિલિંગ્ડન ક્લબના બારમાં શરાબ પીને મહેશ પરીખ અને નિખિલ શ્રોફે હાથ મિલાવ્યા.

દેવરાજસિંહ ઝાલાના પરિવારને બરબાદ કરવા માટે મેદાને પડેલા માણસોની સંખ્યા વધતી જતી હતી...

*

મોડી રાત્રે નિખિલ ઘેર પાછો ફર્યો ત્યારે શ્વેતા એની રાહ જોતી હતી. નિખિલ નશામાં હતો:

'હાય સ્વીટહાર્ટ, હજી જાગે છે?'

એ શ્વેતાની નજીક આવ્યો. એ ચૂમવા જતો હતો કે શ્વેતાએ બે હાથે એને રોક્યો.

'કેસર જીવે છે એ વાત તમે મને જણાવી કેમ નહીં?'

'તારા દીકરાએ કહી દીધુંને તને? બસ...'

'ક્યાં છે એ?'

'મને નથી ખબર, પણ ક્યાં પહોંચાડવાની છે એની સૂચના આપી દીધી છે. મળશે એટલે તરત...' એણે ચપટી વગાડી:

'મરેલાને મારવાની સદ્નસીબે કાયદામાં કોઈ સજા નથી!'

એ સીડી ચડવા લાગ્યો. શ્વેતા એને જોઈ રહી. પછી આટલાં વર્ષોમાં શ્વેતાએ કોઈ દિવસ નહોતું કર્યું એવું વર્તન એનાથી થઈ ગયું. એણે દોડીને નિખિલનું શર્ટ પકડી લીધું. એને હચમચાવી નાખ્યો:

'એ છોકરીને કંઈ ન થવું જોઈએ.'

'કેમ?' નિખિલે પાછળ ફર્યા વગર શ્વેતાનો હાથ ઝટકાવી નાખ્યો:

'તારી સગી થાય છે?'

'મેં તમારી પાસે કંઈ નથી માગ્યું, નિખિલ... આજે તમને હાથ જોડું છું, તમારા પગે પડું છું. એ છોકરીને... પ્લીઝ, છોડી દો!'

'પહેલાં પકડાવા તો દે.'

નિખિલનું અટ્ટહાસ્ય ડ્રોઇંગરૂમમાં પડઘાયું:

'એકલો નિખિલ શ્રોફ જ નહીં, બહુ લોકો એના મોતના ઘરાક છે. એનો સગો ભાઈ, એનો બાપ, એની બહેનપણીનો વર, એનો બાપ... હવે એ છોકરીને કોઈ બચાવી નહીં શકે શ્વેતા.' નિખિલે દયામણું મોઢું કરવાનો અભિનય કર્યો:

'એની ટિકિટ કન્ફર્મ થઈ ગઈ છે હવે... ઉપર જવાની!'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 33

‘હું સમજું છું કે તરત ને તરત લગ્ન નહીં થઈ શકે.’

આરોહી આંખોમાં તગતગતાં આંસુ સાથે સોમલને કહી રહી હતીઃ

‘એટલિસ્ટ, બે-ત્રણ મહિના તો રાહ જોવી જ પડશે, પણ ત્યાં સુધી મારાં મમ્મી-પપ્પા નિખિલ અંકલ અને શ્વેતા આન્ટીને મળે તો શું વાંધો છે?’

‘ફરી પાછી એ જ વાત?’

પોતાના ખભા પર માથું મૂકીને સૂતેલી આરોહીને પોતાના હાથથી ખસેડી નાખી એ બેઠો થઈ ગયો. એ સાથે એના તથા આરોહીના શરીર પરની ચાદર ખેંચાઈ ગઈ.

આરોહીએ તરત જ પોતાની નગ્ન કાયા પર ચાદર પાછી ખેંચી લીધીઃ

‘મને એ સિવાય કોઈ વાત સૂઝતી જ નથી.’

‘તારી બુદ્ધિ બહેર મારી ગઈ છે, પણ મારું મગજ ઠેકાણે છે. કેસરના મૃત્યુને હજી મહિનોય પૂરો નથી થયો.’

‘તો?’ આરોહીએ બેઠાં થઈને બંને હાથ સોમલની આસપાસ લપેટી લીધાઃ

‘એનાથી શું ફેર પડે છે? એ મરી ગઈ છે એ સત્ય છે.’

‘એ સત્ય નથી.’

સોમલને લાગ્યું કે હવે એણે આ વાત આરોહીને કહી જ દેવી જોઈએ.

‘વ્હોટ?’

‘એક માણસ ડેડને મળવા આવ્યો હતો. એ કહે છે કે કેસર એના ગેસ્ટહાઉસમાં રોકાઈ હતી. એણે જાતે-પોતે કેસરને જોઈ છે...’

આરોહીના બંને હાથ પોતાના ઉપરથી એણે ખસેડી નાખ્યાઃ

‘જીવતી!’

‘તેં જોઈ છે?’

‘ના, મેં તો મરેલી પણ નથી જોઈ.’ એણે ઊંડો શ્વાસ લીધોઃ

‘પણ કદાચ એ જીવતી હોય તો...’

આરોહી હસી પડીઃ

‘બહાનાં કાઢે છે? ડરાવે છે મને? પણ તારો પ્લાન બૂમરેંગ થઈ જશે. હવે તો હું લગ્નની વધારે ઉતાવળ કરીશ. કેસર જીવતી હોય તો પાછી ફરે એ પહેલાં મારે તને પરણી જવું છે.’ એણે ફરી હાથ લપેટી લીધા.

‘ઉફ્ફ! આપણે જ્યારે મળીએ ત્યારે આ સિવાય કોઈ વાત જ નથી કરતાં.’

આરોહીને સહેજ પાછળ ધકેલીને સોમલ પલંગમાંથી ઊભો થઈ ગયો. એણે પોતાનાં વસ્ત્રો પહેરવા માંડ્યાં.

‘મને ખબર જ હતી. આ બધું પૂરું થશે એટલે તું આવી જ રીતે વર્તીશ.’

‘તો શું કામ બોલાવ્યો મને? મેં એટલે જ ના પાડી હતી.’ સોમલ અકળાઈ ગયોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હવેથી આપણે અહીં તારા ઘરમાં ક્યારેય નહીં મળીએ... આપણે રેસ્ટોરાં કે કોફીશોપમાં જ મળીશું.’

આરોહીનાં મમ્મી-પપ્પા બે દિવસ માટે મુંબઈ બહાર કોઈ નજીકના સંબંધીના ઘરે લગ્નમાં ગયાં હતાં. ચોવીસ કલાકની બાઈને ફિલ્મ જોવા મોકલીને આરોહીએ આજે સોમલને પોતાના ઘરે બપોરે આવવાનું આમંત્રણ આપ્યું હતું. એ જાણતી હતી કે આવું એકાંત મળતાં અમુક પ્રકારની પરિસ્થિતિ ઊભી થશે. તેમ છતાં એ સોમલ સાથે આવું એકાંત ઇચ્છતી હતી. શરૂઆતમાં તો આરોહીના ઘરે આવવાની સોમલે સ્પષ્ટ ના પાડી હતી. ઘણું મનાવ્યા પછી સોમલ પીગળી ગયો. ઢળતી બપોરે હમણાં આવું છું એવું કહીને એ ઓફિસેથી સરકી ગયો હતો.

ઘરમાં એ તથા આરોહી સાવ એકલાં જ હતાં. વાઇનના બે ગ્લાસ પીધા પછી પણ સોમલે પોતાની જાત પર કાબૂ રાખવાનો સારો એવો પ્રયત્ન કર્યો હતો, પરંતુ આરોહીએ પહેલું ચુંબન કરીને એના સંયમને વેરવિખેર કરી નાખ્યો. નિકટતાની પરાકાષ્ઠાને પૂરી થતાં જ આરોહીએ ફરી એક વાર એ જ ચર્ચા શરૂ કરી હતી. લગભગ એકાદ કલાકમાં એ ચર્ચા ગંભીર દલીલોમાં ફેરવાઈ ગઈ હતી.

હવે તારે ઘેર નહીં મળીએ... સોમલની એ વાત સાંભળતાં જ આરોહીની આંખમાંથી આંસુ ધસી આવ્યાં:

‘તું મને સમજતો જ નથી.’

‘એવું તો હું પણ કહી શકું.’

‘મારાં મમ્મી-પપ્પા મને કોઈની સાથે પરણાવી દેશે પછી અફસોસ થશે તને.’

‘થવા દે. હું કદાચ એ અફસોસને જ લાયક હોઈશ.’

શર્ટને જીન્સમાં ટકઇન કરીને ઉપર બેલ્ટ પહેરતાં સોમલે કહી જ નાખ્યું:

‘તું પરણી જા આરોહી, તને સારો છોકરો મળતો હોય તો તારે લગ્ન કરી લેવાં જોઈએ.’

આટલું સાંભળતાં જ પોતાના શરીર પર ચાદર લપેટીને આરોહી પલંગ પરથી નીચે ઊતરી.

‘તો મારી સાથે સંબંધ બાંધતાં પહેલાં આ કહેવું હતું ને?’

ગુસ્સામાં બરાડીને સોમલને થપ્પડ મારવા આરોહીએ હાથ ઊંચક્યો ને એટલી જ ત્વરાથી સોમલે એનો હાથ પકડી લીધો ને સામે બરાડ્યો:

‘સાંભળી લે, સંબંધ મેં એકલાએ નથી બાંધ્યો. જે કંઈ થયું છે એમાં તારી ઇચ્છા અને સંમતિ હતી જ.’

‘હું તારા ડૅડને મળીશ. એમને બધું કહી દઈશ.’

‘આ ધમકી તેં પહેલાં પણ આપી છે આરોહી, ઇટ ડઝન્ટ વર્ક ઓન મી.’

‘પહેલાં મને હતું કે હું તને જ સમજાવી શકીશ, પણ હવે જો તું નહીં માને તો...’ આરોહીએ એને શર્ટના કોલરમાંથી પકડીને હચમચાવી નાખ્યો:

‘તો હું તારા ડૅડને કહીશ કે આપણી વચ્ચે શું થયું છે...’

‘કહી દે.’

સોમલે ઝટકાથી પોતાની જાતને છોડાવીને એક હાથે આરોહીનું જડબું જોરથી પકડી લીધું. ઉશ્કેરાટમાં ધક્કો મારીને એને ભીંત સુધી લઈ ગયો:

‘જા, કહી દે!’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલનો આવો વિકરાળ ચહેરા આરોહીએ પહેલાં ક્યારેય નહોતો જોયો. સોમલની આંખો લાલ થઈ ગઈ હતી. જડબાં તંગ હતાં. એણે એટલા જોરથી આરોહીનો ચહેરો પકડ્યો હતો કે આરોહી ધ્રૂજી ગઈ.

હતું એટલું જોર એકઠું કરીને આરોહીએ એને ધક્કો માર્યોઃ

'તું સમજે છે શું તારા મનમાં?'

એ પણ ઉશ્કેરાઈ ગઈ હતી. નજીક પડેલો સોમલનો સેલફોન ઉપાડીને એણે નિખિલનો નંબર ડાયલ કરી દીધો...

'બોલ, બેટા.'

નિખિલનો અવાજ સાંભળીને આરોહીનો ઉશ્કેરાટ બમણો થઈ ગયો.

'હું આરોહી બોલું છું, અંકલ.'

'સોમલ ક્યાં છે?' ફોનનંબર સોમલનો હતો એટલે નિખિલે પૂછ્યું.

'એનું મગજ ફરી ગયું છે.'

એ સોમલની સામે જોઈને બોલતી હતી, પરંતુ સોમલ તો અદબ વાળીને શાંતિથી ઊભો હતો. એણે જાણે નક્કી કરી લીધું હતું કે હવે જે થવાનું હોય તે થાય.

'આરોહી!'

નિખિલને નવાઈ લાગી. એની સાથે આ રીતે વાત કરવાની ભાગ્યે જ કોઈની હિંમત થતીઃ

'સોમલને ફોન આપ.'

'પહેલાં તમે મારી વાત સાંભળો.'

આરોહીએ ઉશ્કેરાટમાં ખાસ્સી પાંચ-સાત મિનિટ ઊંચા અવાજે નિખિલને ફરિયાદો કરી કે પોતાની સાથે શારીરિક રીતે નિકટતા કેળવ્યા છતાં સોમલ લગ્ન કરવાની વાત નથી માગતો... આ વાત એણે જોરજોરથી ડૂસકાં ભરતાં ભરતાં કરીને નિખિલની સહાનુભૂતિ મેળવવાનો પૂરો પ્રયાસ કર્યો.

'સારું. હું એની સાથે વાત કરીશ.'

નિખિલ ઓફિસમાં હતો. આનાથી વધારે ચર્ચા કરવી અત્યારે યોગ્ય નથી એવું એને લાગ્યું. એણે દૃઢતાથી આરોહીને લગભગ હુકમ કર્યોઃ

'સોમલને તરત જ ઓફિસ મોકલ.'

'જી, અંકલ.' આ બધું કહી નાખ્યા પછી આરોહીનું મન જાણે હળવું થઈ ગયું હતું. એણે ફોન કટ કરીને સોમલને આપ્યોઃ

'જા, તારા પપ્પા તને ઓફિસે બોલાવે છે.'

'આજે જે થયું તે બરાબર નથી થયું, આરોહી!'

આટલું કહીને થોડી ક્ષણ આરોહીની સામે તાકીને સોમલે મુખ્ય દરવાજો ખોલી નાખ્યો. આરોહી એને કશું કહે કે રોકે એ પહેલાં લિફ્ટની રાહ જોયા વિના એ સાતમા માળેથી સડસડાટ સીડી ઊતરવા લાગ્યો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નેહા અને સોમલ ટેરેસમાં ઊભાં હતાં.

'જખ મારવા ગયો હતો ત્યાં?'

સોમલને લાગ્યું કે અત્યારે નેહા સાચે જ ગુસ્સે થઈ ગઈ હતી:

'તને ખબર હતી કે એ એકલી છે. તેમ છતાં ત્યાં તું...'

'મને થયું કે ફરી કોઈ નાજુક પરિસ્થિતિ ઊભી નહીં થવા દઉં.'

નેહા એની સામે જોઈ રહી. એણે આંખો ઝીણી કરી ડોકું ધુણાવ્યું:

'તારો સંયમ ચકાસવા ગયો હતો? તારી જાતને વિશ્વામિત્ર સમજે છે?'

'તું સમજતી નથી.' સોમલે અગાશીની પાળી પર પડેલા નેહાના પૅકેટમાંથી સિગારેટ ખેંચી, હોઠની વચ્ચે મૂકી. નેહાના હાથમાંથી સિગારેટ લઈને સળગાવી.

'મૂર્ખ, તને હું જેટલું સમજું છું એટલું તો કોઈ સમજી જ નહીં શકે.'

'એટલે તો તારી સાથે વાત કરું છું.'

'મારી સાથે વાત નથી કરતો. તારી ભૂલોની કબૂલાત કરે છે મારી સાથે. ખબર છે તને કે હું તારી સામે ક્યારેય શબ્દો ચોરતી નથી... તડ ને ફડ પરખાવું છું.'

'એટલે તો તું મારી ડાર્લિંગ છે.' સોમલે વાતાવરણ હળવું કરવાનો પ્રયાસ કર્યો.

'શટઅપ!' નેહાએ સિગારેટની રાખ ખંખેરી સોમલ સામે જોયું:

'અત્યારે મને તારા ચહેરા પર બે ઊભા કાન અને પાછળ પૂંછડી દેખાય છે. બે પગે ઊભેલો ગધેડો લાગે છે તું.' એ હજી ગુસ્સામાં જ હતી:

'આપજે જવાબ તારા બાપ નિખિલ શ્રોફને... જૂહુ પ્રોજેક્ટનું એક લફરું તો હજુ ઊભું જ છે.'

'એટલે?'

'તારા પૂજ્ય અને સ્માર્ટ પિતાશ્રીએ શોધી કાઢ્યું છે કે ઇન્વેસ્ટર્સને ફોન કોણે કરાવ્યા હતા.'

'ઓ ગોડ!'

'તારી રાહ જ જોવાય છે.' હવે નેહાના ચહેરા પર સ્મિત રમ્યું.

'અંગૂઠા પકડાવીને ડોક પર કાંકરો મૂકશે તારો બાપ.'

'મને બચાવ, નેહા.'

'શું કામ?' નેહાએ સિગારેટ બુઝાવીને ભવાં ઉલાળ્યાં.

'હું તારો દોસ્ત છું... બેસ્ટ ફ્રેન્ડ.'

'મારી સલાહ માનવી નથી તારે. ચારે તરફ લોચા મારવા છે અને ફસાય એટલે મારી પાછળ સંતાય છે?'

'પ્લીઝ નેહા, જૂહુમાંથી તું બચાવ, આરોહીનો રસ્તો હું કરી લઈશ.'

નેહા એની સામે થોડીક ક્ષણ જોઈ રહી. એણે કંઈક વિચાર્યું. પછી આત્મવિશ્વાસથી કહ્યું:

'ઓકે... જા... મળી લે તારા ડૅડને. કહી દેજે કે મેં સલાહ આપી હતી.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તારી નોકરી જશે.’

‘દેવરાજસિંહને ત્યાં આમ પણ સારા આર્કિટેક્ટની જરૂર છે!’

સોમલનો જવાબ સાંભળ્યા વિના સિગારેટનું બોક્સ અને લાઇટર લઈ એ પોતાના વર્કસ્ટેશન તરફ ચાલવા માંડી.

‘ઓ શ્રીદેવી...’ સોમલની બૂમ સાંભળી એણે પાછળ જોયું:

‘હું ખરેખર તારું નામ લઈશ.’

નેહાએ જવાબમાં ડોકું ધુણાવી અંગૂઠો ઊંચો કરીને ગુડલકની સાઇન કરી. સોમલ આ છોકરીના આત્મવિશ્વાસને જોઈ રહ્યો. દુનિયાની કોઈ પણ પરિસ્થિતિ સાથે કામ પાડવાની આ છોકરીમાં એક અજબ જેવી આવડત હતી. સમજદાર, સ્નેહાળ, ઘરરખ્ખુ અને દેખાવડી! એક સારી પત્નીમાં હોવા જોઈએ એ બધા જ ગુણો હોવા છતાં આ છોકરીની જિંદગીમાં આજ સુધી ક્યારેય કોઈ છોકરા કે પુરુષને દાખલ થતો સોમલે જોયો નહોતો.

નેહાથી આકર્ષાઈને એની નજીક આવતા કેટલાય લોકોને સોમલ મળ્યો હતો, પરંતુ નેહાના મોઢે આજ સુધી એણે કોઈનું નામ નહોતું સાંભળ્યું.

એને નવાઈ લાગતી, લગભગ પોતાની ઉંમરની આ છોકરીને-યુવતીને મનથી, શરીરથી ક્યારેય પુરુષની જરૂર કેમ નહોતી પડતી?

પહેલાં કેસર સાથે અને અત્યારે આરોહી સાથે જે કંઈ થઈ રહ્યું હતું એ વિશે સોમલ પરેશાન થઈ ગયો હતો... એ નક્કી કરતો કે ફરી આવી પરિસ્થિતિમાં નહીં સપડાય, પરંતુ વારંવાર એની નબળાઈ એના પર સવાર થઈ જતી!

એને નેહા માટે દોસ્તીની સાથે સાથે એક વિચિત્ર પ્રકારનો અહોભાવ હતો, નેહાની મજબૂતી સામે, એના આત્મવિશ્વાસ સામે, એની બુદ્ધિ અને વિચક્ષણતા સામે ક્યારેક પોતે ઊણો સાબિત થતો હતો એવું લાગવા છતાં પણ એની નેહા માટેની લાગણી ક્યારેય ઓટ નહોતી આવતી.

*

એ નિખિલ શ્રોફની ચેમ્બરમાં દાખલ થયો ત્યારે એમના ગુસ્સા અને બૂમાબૂમ માટે લગભગ તૈયાર હતો. નિખિલના શ્રોફના ચહેરા પર સ્મિત જોઈને એને ભયાનક આશ્ચર્ય થયું.

‘કમ ઈન... કમ ઈન...માય સન!’

નિખિલ શ્રોફ પોતાની રિવોલ્વિંગ ચેરને અર્ધગોળ ઘુમાવી રહ્યો હતો.

હવે જ્યારે નિખિલને બધી જાણ હોય જ તો સીધા મુદ્દા પર આવીને વાત પતાવવાના ઉદ્દેશથી સોમલે શરૂ કર્યું:

‘ડૅડ! મેં ઇન્વેસ્ટર્સને એટલા માટે ફોન કર્યા કે...’

નિખિલે વચ્ચેથી જ વાત કાપી નાખી:

‘એ વાતે હું ગુસ્સામાં હતો. મને લાગતું હતું કે તું તારી માનો દીકરો છે. મૂરખ અને મિડલ ક્લાસ...’

પછી એના ચહેરા પર વિજયનું સ્મિત આવી ગયું:

‘આજે આરોહીનો ફોન આવ્યો ત્યારે મને લાગ્યું કે તારામાં મારા પણ જીન્સ છે ખરા!’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ડૅડ, મેં એને સમજાવી...’

‘પ્રેમમાં પડેલી છોકરી કોઈ દિવસ કંઈ સમજે જ નહીં.’

‘હું એની સાથે... આઈ મીન...’

સોમલને સમજાયું નહીં કે પવનની દિશા કઈ છે. એના પિતા શું વિચારે છે એ હજી એના મગજમાં સ્પષ્ટ થતું નહોતું.

‘તને ગમતી હોય તો હું તારાં લગ્ન કરાવવા તૈયાર છું.’

‘એવું કંઈ નથી, ડૅડ.’

‘એટલે ફકત મજા જ કરવી છે, એમ ને?’

સોમલને પિતાનો સૂર અને વાક્ય બંને ગમ્યાં નહીં.

‘આરોહી સારી છોકરી છે.’

‘તો એ સારી છોકરી સાથે તું જે કંઈ કરે છે તે બરાબર છે?’ નિખિલનો અવાજ ઊંચો થઈ ગયો.

‘મેં શું કર્યું છે?’

સોમલ ડઘાઈ ગયો. એના પિતાએ દબાતે પગલે આવીને જે રીતે હુમલો કર્યો હતો એ સોમલની સમજ બહાર હતું.

‘હવે એ પણ મારે તને સમજાવવું પડશે?’ નિખિલ ખુરશીમાંથી ઊભો થઈ સોમલ પાસે આવ્યોઃ

‘હું આરોહીનાં માતાપિતાને મળવા માગું છું.’

‘પણ ડૅડ...’ સોમલનો અવાજ ઉશ્કેરાટમાં ફાટી ગયો.

‘અવાજ નીચો!’ નિખિલે એના ખભે હાથ મૂક્યોઃ

‘હું ઇચ્છું છું કે આવતે મહિને તારાં એન્ગેજમેન્ટ થાય અને પછી અઠવાડિયામાં લગ્ન.’

સોમલની આંખો પહોળી થઈ ગઈ.

‘તમે જાણો છો કે કેસર જીવે છે.’ એણે નિખિલની આંખોમાં આંખો પરોવી.

‘એટલે જ...’ નિખિલે ક્રૂર સ્મિત કર્યુંઃ

‘એ પાછી ફરે એ પહેલાં એની જગ્યા પુરાઈ જવી જોઈએ. દેવરાજસિંહને થપ્પડ પડવી જોઈએ.’

‘અને, હું શું ઇચ્છું છું એનું કોઈ મહત્ત્વ નથી?’

‘તારી ઇચ્છાને મહત્ત્વ આપી જોયું.’ નિખિલના અવાજમાં હવે ઉશ્કેરાટ ઉમેરાઈ ગયો હતોઃ

‘પાછલાં સો વર્ષમાં શ્રોફ ખાનદાને નથી જોઈ એ બધી બદનામી અને સમસ્યાઓ બતાવી દીધી તેં અમને.’ એણે જોરથી હાથ જોડ્યાઃ

‘બસ થઈ ગયું. હવે તારી ઇચ્છા પાછળ નહીં ઘસડાઈ શકીએ અમે... હવે અમારું-મારું કહ્યું માનવું પડશે તારે.’

‘ને ન માનું તો?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘લાત મારીને ઘરમાંથી કાઢી મૂકતાં વાર નહીં લાગે મને.’

‘કાઢી મૂકો.’ સોમલનો અવાજ હજીયે સ્વસ્થ અને સંયત હતોઃ

‘તમને કદાચ હમણાં નહીં સમજાય, પણ તમે જે કરી રહ્યા છો એનાથી બદનામી અને સમસ્યાઓ વધશે.’

‘મેં સલાહ નથી માગી.’

‘છતાં આપું છું, બિકોઝ આઈ લવ યુ ડૅડ.’ સોમલની આંખો સહેજ ભીની થઈ ગઈઃ

‘હું જાણું છું કે મારા લીધે તમને તકલીફ પડી છે, પણ એના બદલામાં તમે કેટલા લોકોને તકલીફ આપી રહ્યા છો? એક-બે બદામની ક્ષુલ્લક છોકરીની સામે પડીને તમે તમારું માન ઘટાડી રહ્યા છો. માફ કરી દો સૌને અને ભૂલી જાવ.’

‘કરી દઉં, ચલ... માફ કરી દઉં!’ નિખિલ શ્રોફની આંખો બદલાઈ ગઈઃ

‘હું માફ કરી દઉં તો બદલામાં તું મને શું આપીશ?’

‘બદલામાં?’

‘હા. હું કેસર અને એના ખાનદાનને માફ કરી દઉં તો તું આરોહી સાથે લગ્ન કરીશ? એક મહિનાની અંદર?’

સોમલ નવાઈથી પિતાના ચહેરા સામે જોઈ રહ્યો. પોતાના સંતાન સાથે પણ આ માણસ વ્યાપારની ભાષામાં વાત કરતો હતો? પેલી નેહા કેટલી અદ્દલોદલ સાચી ઠરી એ એને અત્યારે સમજાયું. નેહાએ તો પહેલી વાર આ સાંભળીને જ કહી દીધું હતું કે નિખિલનો દીકરો કેસર સિવાયની કોઈ છોકરીમાં રસ લેવા તૈયાર થયો છે એ વાત નિખિલ માટે ચોક્કસ આનંદના જ સમાચાર હશે!

‘ના.’

‘બસ, તો પછી... જોતો જા! તારો બાપ દેવરાજસિંહને કેવી રીતે રસ્તા પર લઈ આવે છે તે.’

સોમલ એક ક્ષણ માટે નિખિલની સામે જોઈ રહ્યો. પછી દૃઢ સ્વરમાં એણે નિખિલને સંભળાવી દીધું.

‘મને બ્લેકમેઇલ નહીં કરો. તમારે દેવરાજસિંહનું જે કરવું હોય તે કરો. મને એમની દયા આવે છે એ સાચું, પણ એટલી દયા નથી આવતી કે એમને બચાવવા માટે હું મારી જિંદગી બરબાદ કરું.’

આટલું કહીને સડસડાટ બહાર નીકળી રહેલા પુત્ર સોમલની પીઠ તાકતો રહ્યો નિખિલ શ્રોફ...

*

નેહા જે. ડબલ્યૂ. મેરિયટના કોફીશોપમાં બેસીને શ્વેતાની રાહ જોઈ રહી હતી. સોમલ જેવો એના પિતાની ચેમ્બરમાં ગયો કે તરત જ નેહાના સેલ પર સોમલનાં મમ્મી શ્વેતાનો ફોન આવ્યો હતો. એણે ખૂબ જ આગ્રહપૂર્વક તરત જ મળવાની વિનંતી કરી હતી.

નેહાને લાગ્યું કે ઉશ્કેરાયેલી આરોહીએ કદાચ શ્વેતાને ફોન કર્યો હોય. શ્વેતાને સમજાવવાની પૂરેપૂરી માનસિક તૈયારી સાથે એ કોફીશોપ પહોંચી હતી.

કોફીશોપની રચના જ એવી હતી કે એમાં દાખલ થતી દરેક વ્યક્તિને કોફીશોપમાં બેઠેલા જોઈ શકે. સડસડાટ સીડી ઊતરીને નીચે આવતી શ્વેતાને પ્રશંસાભરી નજરે જોતાં નેહાએ ઓરેન્જ જ્યુસના ગ્લાસમાંથી એક સીપ લીધોઃ બ્યુટીક્વીન ટેન્શનમાં છે, પણ મેકઅપ કરવાનું નથી ભૂલી. એણે મનોમન સ્મિત કર્યું.

‘હાઈ.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્વેતા એની સામે ઊભી હતી. ત્રીસ વર્ષના દીકરાની મા હોવા છતાં તગતગતી ત્વચા અને સુડોળ શરીર ધરાવતી શ્વેતાએ લિનનનું સફેદ શર્ટ અને રેપઅરાઉન્ડ સ્કર્ટ પહેર્યાં હતાં. છુટ્ટા વાળ અને આંખો પર બુલગારીના સનગ્લાસીસ સાથે એ અત્યારે પણ કોઈ ફિલ્મએક્ટ્રેસથી કમ નહોતી લાગતી.

'બેસો...' નેહાએ સ્મિત કર્યું.

'હું લાંબી વાત નહીં કરું. મારે તને ખૂબ ઝડપથી અને ટૂંકમાં કહી દેવું પડશે.'

'હું જાણું છું, આન્ટી.'

'તને ખબર છે?'

'સોમલની એવી કોઈ વાત નથી, જે મને ખબર ના હોય.' એણે ફરી સ્મિત કર્યું.

'એટલે કેસર જીવે છે એ વાત...'

'હું જાણું છું.'

શ્વેતાની આંખો ભરાઈ આવીઃ 'કોણ જાણે ક્યાં ભટકતી હશે એ છોકરી! નિખિલ એની પાછળ પડી ગયા છે. ફૂલ જેવી છોકરીને મુંબઈની પોલીસ શોધે છે.'

'તમે કેસરની વાત કરવા આવ્યાં હતાં? મને લાગ્યું કે આરોહીની...'

નેહાના મોઢે આ નામ સાંભળતાં જ શ્વેતાનો ચહેરો તમતમી ગયોઃ

'સોમલ હજી એ છોકરીને મળે છે?'

'લુક...' નેહાએ બંને હાથ ઊંચા કરીને શ્વેતાને સમજાવવાનો પ્રયત્ન કર્યોઃ

'તમે સોમલને નહીં કહો કે મેં તમને કહ્યું છે.'

'અને તું પણ નહીં કહે કે તું આ વાત જાણે છે.'

'આન્ટી, મને આરોહી સામે વાંધો નથી... પણ એના જેવી છોકરી સાથે સોમલ ખુશ નહીં રહી શકે.'

શ્વેતા સ્થિર નજરે નેહાના ચહેરાને માપતી રહીઃ

'ખરેખર તો તારાથી ઉત્તમ છોકરી મને સોમલ માટે ક્યાંય નથી મળવાની.'

નેહાને એટલા જોરથી હસવું આવ્યું કે એના મોઢામાં ભરેલો ઓરેન્જ જ્યુસના ઘૂંટડાનો કોગળો થતાં થતાં રહી ગયો, એણે નજીક પડેલું ટીશ્યૂ પેપર મોઢા પર દબાવ્યુંઃ

'તમે મારા માટે કદી સોમલને પૂછ્યું છે, આન્ટી?'

'એને પૂછવાની જરૂર જ નથી. તારા માટેનો પ્રેમ એની આંખોમાં લખ્યો છે.'

'તો તમને તમારા દીકરાની આંખો વાંચતાં જ નથી આવડતી. અમે ઉત્તમ મિત્રો છીએ.' નેહા અચાનક ગંભીર થઈ ગઈઃ

'ભૂલેચૂકે પરણી ગયાં તો એકબીજાનાં ગળાં કાપી નાખીશું.'

'નેહા, મારા દીકરાને એવી છોકરીની જરૂર છે, જે એને સંભાળે.'

'વેલ, એ હું તો નથી જ.' નેહાએ ખભા ઉલાળ્યાઃ

'પતિ માટે મારી પણ કંઈ ઇચ્છા-ચોઇસ-પસંદગી તો હોયને? સોરી, તમારો દીકરો એમાં ફિટ નથી થતો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્વેતા આશ્ચર્ય સાથે આ છોકરીને જોઈ રહી. એની સ્પષ્ટતા, નિર્ભિકતા અને સચ્ચાઈ પર એ વારી ગઈ.

બંને વચ્ચે થોડી વાર મૌન ઘુમરાતું રહ્યું. પછી શ્વેતાએ એ વજનદાર ચુપકીદીને તોડતાં ફરી એક વાર મૂળ વાત શરૂ કરીઃ

'હું ઇચ્છું છું કે કેસરને કોઈ પણ રીતે બચાવી લેવામાં આવે. જો એ છોકરી નિખિલના હાથમાં આવી ગઈ તો...'

'એ છે ક્યાં?'

'કોઈને નથી ખબર.' શ્વેતાની આંખો સહેજ ભીની થઈ ગઈઃ

'જ્યાં હોય ત્યાં સુરક્ષિત હોય તો સારું.'

'એનો કોઈ સંપર્ક, ફોનનંબર...'

'ફક્ત વિદ્યા જાણતી હતી. એ તો...' શ્વેતાની આંખોમાંથી બે આંસુ ટપકી પડ્યાંઃ

'બેટા, હું માનું છું ત્યાં સુધી એના માતાપિતા પાસે કદાચ એનો નંબર કે વિગતો હોય, પણ અમને તો કોઈ કશું કહેશે નહીં.'

'હું કોશિશ કરીશ.' નેહાએ પોતાનો હાથ શ્વેતાના હાથ પર મૂકીને આશ્વાસન આપ્યું.

એ પછી થોડી વારે બંને છૂટાં પડ્યાં ત્યારે શ્વેતાના મનમાં એક જાતની ધરપત હતી અને નેહાના મનમાં ઉચાટ.

*

દેવરાજસિંહ ઝાલાની ઓફિસમાં બેઠેલા ગુલાબસિંહ અને અભિમન્યુ ગંભીર ચર્ચામાં ગૂંથાયેલા હતા. ત્રણેય મળીને જૂહુ પ્રોજેક્ટનું શું કરવું એ વિશે વિચારણા કરતા હતા. દેવરાજસિંહના કરોડો રૂપિયા આ પ્રોજેક્ટમાં અટવાયા હતા. જો આમાંથી એ બહાર ન આવી શકે તો માર્કેટમાં શેરના ભાવ પડવાની સાથે સાથે ગુડવીલને પણ અસર થવાની સંભાવના હતી.

આમ પણ બજારમાં ધીમે ધીમે એ વાત ફેલાવા લાગી હતી કે બે વેવાઈ વચ્ચે વાંધો પડ્યા પછી નિખિલે જૂહુ પ્રોજેક્ટ અભરાઈએ ચડાવ્યો હતો. દેવરાજસિંહના નિયમિત ફાઈનાન્સર્સને ચટપટી થવા લાગી હતી. હજી સુધી કોઈએ ખૂલીને સીધો સવાલ પૂછ્યો નહોતો, પરંતુ દેવરાજસિંહને એવો ખ્યાલ આવી ગયો હતો કે થોડા દિવસમાં આ બધું સરઘસ એમના ટેબલ સુધી આવી પહોંચશે.

દેવરાજસિંહની સાઉન્ડપ્રૂફ કેબિનમાં એ લોકો જે કંઈ ચર્ચા કરી રહ્યા હતા એ બધી જ એમનાથી ત્રણ કેબિન દૂર બેઠેલા મનોજ ચાવલાને સ્પષ્ટ સંભળાતી હતી. એટલું ઓછું હોય એમ એ વાતચીત રેકોર્ડ થઈ રહી હતી.

આ રેકોર્ડિંગ થોડા જ કલાકોમાં નિખિલ શ્રોફના હાથમાં પહોંચવાનું હતું, જેને માટે મનોજને મોં-માગ્યા પૈસા મળવાના હતા. બે દિવસ પહેલાં જ નિખિલના કહેવાથી એણે દેવરાજસિંહ અને અભિમન્યુની કેબિનમાં એવી બગિંગ ડિવાઇસ-છૂપા માઇક્રોફોનની ગોઠવણ કરી હતી કે ત્યાં થતી બધી વાતચીત એ સાંભળી શકે-રેકોર્ડ પણ કરી શકે...

કેસર એરપોર્ટથી ભાગી ગઈ ત્યાર પછી ઘણું વિચારીને નિખિલે નક્કી કર્યું કે દેવરાજસિંહની ઓફિસમાંથી જ કોઈ માણસને હાથ પર લેવો પડશે. કોઈને ખબર ન પડે એમ એણે તપાસ કરાવી કે દેવરાજસિંહનો સૌથી ખાસ માણસ કોણ છે...

મનોજ ચાવલાને એણે એટલી મોટી રકમની ઓફર આપી કે આખી જિંદગી નોકરી કર્યા પછી પણ આ રકમ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ સપનાંમાંય વિચારી ન શકે. એ પીગળી ગયો.

જોકે એને પહેલા રેકોર્ડિંગમાં જ આટલી બધી માહિતી મળશે એવી કલ્પના નહોતી.

‘બાપુ, મને લાગે છે કે આપણે જૂહુનું બિલ્ડિંગ બ્લાસ્ટ કરી દેવું જોઈએ.’

‘પણ, બેટા...’

‘અકસ્માત ગણાશે. ઇન્સ્યોરન્સના પૈસા આપણા હાથમાં આવશે અને જમીન છૂટી થઈ જશે.’

‘નિખિલ ફરી ત્યાં બિલ્ડિંગ બાંધવા તૈયાર નથી થવાનો એની મને ખાતરી છે.’ ગુલાબસિંહ મૂછો પર હાથ ફેરવી રહ્યા હતા.

‘પકડાઈ ગયા તો?’

‘બાપુ...’ અભિમન્યુ એવી રીતે હસ્યો, જાણે એના પિતાએ કોઈ બાલિશ વાત કરી હોય.

‘કોઈ મજૂર ત્યાં હોય... કોઈનો જીવ ગયો તો?’

‘આ બધી ચિંતા તમે છોડી દો. એક વાર હા પાડો. પછી ઘેર જઈને નિરાંતે ઊંઘી જાવ, હું બધું સંભાળી લઈશ.’

‘તમને શું લાગે છે?’

દેવરાજસિંહ ગૂંચવાઈ ગયા હતા. એમણે પિતાની સલાહ પૂછી.

‘બેટા, મારો સાવજ હુશિયાર છે. એની બુદ્ધિથી ચાલીશ તો રૂપિયા બમણા નહીં, ચાર ગણા કરી આપશે.’

‘કોઈ રિસ્ક નથી ને?’

‘જરાય નહીં.’

‘સારું, તને જેમ ઠીક લાગે તેમ કર.’

દેવરાજસિંહ ખુરશીમાંથી ઊભા થઈ ગયા. આ તરફ મનોજે રેકોર્ડિંગ બંધ કર્યું.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 34

મનોજ જે રેકોર્ડિંગ લઈને આવ્યો હતો એ સાંભળીને નિખિલ ગેલમાં આવી ગયો.

દેવરાજસિંહ પોતાની કેબિનમાં અભિમન્યુ તથા પોતાના પિતા ગુલાબસિંહ જૂહુના પ્લોટ પરનું બાંધકામ બ્લાસ્ટથી ઉડાડી દેવાની યોજના ઘડી રહ્યા હતા એ બધી વાત મનોજ પોતાની કેબિનમાં રેકોર્ડ કરી રહ્યો હતો. મનોજનું એ રેકોર્ડિંગ નિખિલ શ્રોફે સાંભળ્યું એ સાથે આનંદથી ઊછળી પડ્યો હતો.

'આ દેવરાજસિંહનું મગજ ખરાબ થઈ ગયું છે, હવે જેલમાં જશે ત્યારે જ જંપશે, મૂરખ!'

'હું સમજ્યો નહીં, સર.'

'આમાં સમજવા જેવું કંઈ છે જ નહીં. જૂહુનું અડધું બાંધેલું બિલ્ડિંગ બ્લાસ્ટ થશે એમાં બે-ત્રણ જણા દબાઈ જશે.'

'શું?' મનોજનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં.

'ઇન્સ્યોરન્સ કંપની તપાસ કરશે એમાં ખબર પડશે કે આ બ્લાસ્ટ દેવરાજસિંહે જાતે જ કરાવ્યો છે.'

'તો?'

'તો શું?' નિખિલે રિવોલ્વિંગ ચેર ફેરવવા માંડી:

'બાપ-દીકરો જેલમાં ચક્કી પીસશે... હું પાર્ટી આપીશ.'

'પણ સર, નિર્દોષ માણસોનો જીવ...'

'ભાઈ! કંઈ મેળવવા માટે કંઈ ખોવું તો પડે ને?'

'સર, મને બરાબર નથી લાગતું.'

'મેં પૂછ્યું તને?' નિખિલના તેવર ફરી ગયા:

'અહીં જે કંઈ સાંભળ્યું છે એ અહીં જ ભૂલીને જજે. બાકી, હાથ-પગ બાંધીને તને પણ નાખી દઈશ એ ખંડેરમાં... ભેગો ઊડી જઈશ. હાડકુંય નહીં જડે.'

'જી... જી, સર.'

મનોજ કપાળ પરનો પરસેવો લૂછ્યો. હવે એને સમજાયું કે એ કેટલા મોટા ચક્રવ્યૂહમાં ફસાઈ ગયો હતો. જેમાંથી નીકળવાનો હવે એને કોઈ રસ્તો દેખાતો નહોતો.

એ બહાર નીકળતો હતો કે નિખિલે એને અટકાવ્યો:

'બ્લાસ્ટની તારીખ અને પૂરો પ્લાન મને મળવો જોઈએ.'

'હું કોશિશ કરીશ, સર.'

'કોશિશ?' નિખિલ હસ્યો.

'હા સર, દેવરાજસિંહ હોશિયાર માણસ છે. કદાચ પોતાનો પ્લાન બહાર ના પડવા દે તો હું ક્યાંથી...'

'ગમે તેટલો હોશિયાર માણસ પણ એકાદ જણ પર તો ભરોસો કરતો જ હોય છે.'

'પણ એ એક હું જ હોઈશ એવું કેવી રીતે નક્કી થાય?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું એ જ સમજાવું છું, મનોજ... કે તારે એમનો વિશ્વાસ જીતવો પડશે. તો જ પ્લાન તારા હાથમાં આવશે.’

નિખિલ ઊભો થયો. એણે મનોજની આંખમાં એવી રીતે જોયું કે મનોજના પગ ઢીલા થઈ ગયા:

‘હવે તો દેવરાજસિંહ જેલના સળિયા ગણશે ત્યારે જ મને શાંતિ થશે.’

‘સર...’

મનોજે કંઈ કહેવાનો પ્રયત્ન કર્યો, પણ નિખિલે એની વાત કાપી નાખી:

‘મારે સલાહ નથી જોઈતી, પ્લાન જોઈએ છે.’

આટલું કહી નિખિલે ચપટી વગાડીને બહાર જવાનો ઇશારો કર્યો. મનોજ કશું બોલ્યા વિના એની ચેમ્બરમાંથી બહાર નીકળી ગયો.

નિખિલનું મગજ ગણતરી કરવામાં વ્યસ્ત થઈ ગયું. મનોજ પર તો વિશ્વાસ મૂક્યો છે, પણ દેવરાજસિંહની સાવ નજીકના માણસને હજીયે પોતાના પક્ષમાં લેવો જ પડે.

બંને જણા પાસે પ્લાન મંગાવવા પડે ને એ પ્લાન સરખાવી જોવા પડે. મનોજ હોશિયાર અને કાબો હતો. જીવ બચાવવા માટે કે નિખિલના ક્રોધમાંથી બચવા માટે એ ખોટો પ્લાન પણ પધરાવી દે તો? પાછળથી પ્લાન ફરી ગયો કે બદલાઈ ગયો એમ કહીને એ છૂટી જાય તો?

નિખિલે ઘણો વિચાર કર્યો, પણ એને એવો એકેય માણસ સૂઝ્યો નહીં, જે એને દેવરાજસિંહની રજેરજની વિગત પહોંચાડે. એણે અભિમન્યુને ફોડવાનો વિચાર કરી જોયો, પણ એ જાણતો હતો કે અભિમન્યુ ભલે ઉપર ઉપરથી પોતાની સાથે હોવાનો દેખાવ કરે, એ મનોમન નિખિલને ધિક્કારતો હતો. એનો અંદાજ નિખિલને ખુદને હતો. વારંવાર પોતે કરેલાં અપમાનથી છંછેડાયેલો અભિમન્યુ તક મળે તો વેર લેતાં અચકાય એવો નહોતો એ વાત પણ નક્કી હતી.

નિખિલે એકેએક નામ તપાસી જોયાં. પછી એને મદદરૂપ એવું એક જ નામ એને રહી રહીને યાદ આવવા માંડ્યું–ગુલાબસિંહ ઝાલા!

પોતાના સગા દીકરાને બરબાદ કરવા માગતો હોય એવો આ પહેલો બાપ હતો, પણ નિખિલ જાણતો હતો કે દેવરાજસિંહની વિરુદ્ધ જે મદદ ગુલાબસિંહ કરી શકશે એ બીજું કોઈ કરી નહીં શકે.

ગુલાબસિંહને કઈ રીતે સંપર્ક કરવો એ નિખિલને સમજાતું નહોતું. અભિમન્યુના ફોન પર જો એ ગુલાબસિંહને સંપર્ક કરે તો આખી વાત બહાર પડી જાય.

એણે ઘણું વિચાર્યું પણ ગુલાબસિંહ સુધી પહોંચવાનો કોઈ રસ્તો એને જડતો નહોતો. ત્યાં જ રિસેપ્શન પરથી એનો ઇન્ટરકોમ રણક્યો. રિસેપ્શનિસ્ટે જાણ કરી:

‘સર, ગુલાબસિંહ ઝાલા આપને મળવા માગે છે.’

બે રાક્ષસો સરખું વિચારે છે... આટલું વિચારીને નિખિલના ચહેરા પર સ્મિત રમી ગયું:

‘મોકલો.’

*

‘તો આ વાત આમ છે, સાહેબ.’

ગુલાબસિંહ બે કપ ચા પી ચૂક્યા હતા. એમણે નિખિલને આખો પ્લાન સમજાવી દીધો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નિખિલને તો જાણે કોઈ મહેનત વગર પાકું ફળ ખોળામાં પડ્યું હતું. આજે બુધવાર હતો. શુક્રવારે રાત્રે સાડા અગિયારની આજુબાજુ જૂહુનું કાચું બિલ્ડિંગ ઊડવાનું હતું. શુક્રવારે અમાસ હતી એટલે કામ બંધ રહેવાનું હતું. ત્યાં રહેતા મજૂરો સાંજે બહાર જતા રહે એવી વ્યવસ્થા અભિમન્યુ ગોઠવવાનો હતો.

મનોજ ચાવલા બે માણસોને લઈને શુક્રવારે બપોરે જ ઈલેક્ટ્રિકના વાયર્સની કામચલાઉ લાઇન એવી રીતે ગોઠવી દેવાનો હતો કે આખો મામલો શોર્ટસર્કિટનો લાગે ને અકસ્માતમાં ખપી જાય.

'ઠીક છે. હું સમજી ગયો.'

'હું ઇચ્છું છું કે આ કિસ્સામાં દેવલો સપડાય ને સાવજ બહાર રહે.'

'તમે ઇચ્છો છો એમ જ થશે.' નિખિલે સ્મિત કર્યું:

'જુઓ, મારે અભિમન્યુ સાથે કોઈ વેર નથી. એને નુકસાન કરવાનો મારો ઇરાદો પણ નથી.'

'બસ, એક વાર દેવરાજ જેલમાં જાય ને અભિમન્યુ એની ગાદી સંભાળી લે એટલે હું ગામભેગો થઈ જાઉં!'

'આમ તો તમારો અંગત મામલો છે, પણ છતાંય તમને એક સલાહ આપું?'

'તમે પણ અંગત જ છો ને?' ગુલાબસિંહે મસકો માર્યો.

'અભિમન્યુના ભરોસે આ નાવ આગળ નહીં જાય.'

'એટલે?'

'એ છોકરામાં ધંધો ચલાવવાની આવડત નથી.'

નિખિલ આ શા માટે કહી રહ્યો હતો એ ગુલાબસિંહને સમજાયું નહીં.

'એ કાચા કાનનો છે. બિનઅનુભવી, અતિ ઉત્સાહી છે. બધું ચોપટ કરી નાખશે.'

'હજી સુધી એને કશું સોંપ્યું નથી ને સાહેબ, એટલે તમને એવું લાગે છે. મને એના પર ભરોસો છે ને અનુભવ તો દેવલા પાસેય ક્યાં હતો? અમારે કંઈ કરોડોના બાપીકા ધંધા નથી.'

ગુલાબસિંહે ટોણો મારીને નિખિલને એવું સમજાવી દીધું કે અભિમન્યુ અને એમની વચ્ચે તિરાડ પાડવાનો એનો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો છે.

નિખિલે તિરાડ પાડવા માટે આ કહ્યું જ નહોતું. એને હંમેશાં દુશ્મનને સાવચેત કરીને પછી હુમલો કરવાની મજા આવતી. દેવરાજસિંહ ઝાલા અને એના કુટુંબને તદ્દન રસ્તા પર લઈ આવવાની જે ગાંઠ એણે વાળી હતી એનાં એક પછી એક પગલાં બરાબર ગોઠવાઈ રહ્યાં હતાં.

જો દેવરાજસિંહ હટી જાય અને અભિમન્યુ આ બિઝનેસનો સર્વેસર્વા થઈ જાય તો એને ઊંધો પાડી દેવો એ નિખિલના ડાબા હાથનો ખેલ હતો. એ આ વાત ગુલાબસિંહને એટલા માટે જણાવી રહ્યો હતો કે એને જે કરવું હોય તે કરી લે. જો દુશ્મન સાવચેત અને હોશિયાર હોય તો સરખેસરખા સામે લડવાની મજા આવે.

'મેં તો તમને મારા માનીને કહ્યું, બાકી જેવી તમારી સમજ.'

નિખિલ ઊભો થઈ ગયો. હવે સામે બેઠેલા ગુલાબસિંહને ઊભા થયા વિના છૂટકો નહોતો. એ ઊભા તો થયા, પરંતુ જાણે એમને અહીંથી જવાનું મન નહોતું. એ અહીં બેસીને વધુ ટોળટપ્પાં કરવા માગતા હતા. પણ અંગત થવાનો એમનો પ્રયાસ નિખિલે સફળ થવા દીધો નહીં.

એ ગયા કે તરત જ નિખિલે ડબલ ચેક કરવા મનોજને ફોન લગાડ્યો. ખાસ્સી રિંગ વાગ્યા પછી મનોજે ફોન

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઉપાડ્યોઃ

‘હા, સર...’

‘કંઈ નક્કી થયું?’

‘હજી તો કંઈ નક્કી નથી થયું સર, થશે કે તરત જ જણાવીશ.’ આટલું સાંભળતાં જ નિખિલના ચહેરા પર સ્મિત આવી ગયુંઃ

‘તારી પાસે માહિતી ન હોય તો હું જ તને આપી દઉં. શુક્રવારે રાત્રે તારે ઇલેક્ટ્રિકના વાયર એવી રીતે ગોઠવવાના છે કે બિલ્ડિંગમાં પડેલા લાકડાંના ભંગારને આગ લાગે અને સાથે જ ગોઠવાયેલા ડિટોનેટર્સથી બિલ્ડિંગ ઊડી જાય.’

મનોજના પગ ધ્રૂજવા લાગ્યાઃ

‘પણ, સર...’

‘મેં તને પહેલાં જ કહ્યું છે મનોજ, મારી સાથે ચાલાક થવાનો પ્રયત્ન કરીશ તો ભારે પડશે.’ એ જોરથી હસી પડ્યોઃ

‘હું માત્ર તારા ભરોસે બેઠો હોઈશ એમ માનતો હતો તું?’

‘સર, તમે મજૂરોને ઉડાડવાની વાત કરી એટલે હું ડરી ગયો.’ મનોજ સાચું બોલી ગયોઃ

‘મારે પણ નાનાં નાનાં બે છોકરાં છે સર, ગરીબ માણસના મોતની જવાબદારી નથી લેવા માગતો.’

‘જવાબદારી તો દેવરાજસિંહ ઝાલાની છે, તું શું કામ ચિંતા કરે છે?’ નિખિલનું હાસ્ય મનોજને વધુ ડરાવી ગયું.

‘છેલ્લી ઘડીએ પ્લાન ચેન્જ કરવાનો પ્રયત્ન નહીં કરતો. તું જે કરીશ એની માહિતી મારી પાસે આવી જ જશે.’

‘સર, હું તમને રિકવેસ્ટ કરું છું...’

‘હું તારી રિકવેસ્ટ નહીં માની શકું.’

મનોજની પૂરી વાત સાંભળ્યા વગર જ નિખિલે ફોન કટ કરી નાખ્યો.

*

સુધીરના ફાર્મહાઉસ પર અભિમન્યુ, મનોજ અને સુધીર દારૂ પી રહ્યા હતા.

મનોજને વિચાર આવ્યો કે એણે અભિમન્યુને હકીકત જણાવી દેવી જોઈએ, પરંતુ એનો અત્યાર સુધીનો અનુભવ એને રોકી રહ્યો હતો. અભિમન્યુ ઇમેચ્યોર–અપરિપક્વ હતો. મુશ્કેલ પરિસ્થિતિમાં કામ પાડતાં એને આવડતું નહોતું. જો અભિમન્યુ જ એના પિતા વિરુદ્ધ નિખિલ સાથે ભળેલો હોય તો તો નિખિલ કે અભિમન્યુ સુધ્ધાં એનો જીવ લેતા પણ ન અચકાય એ વાત હવે મનોજને સ્પષ્ટ સમજાઈ ગઈ હતી.

મનોજ રૂપિયા માટે ખોટું કામ કરી શકે એટલો બેઈમાન જરૂર હતો, પરંતુ ગરીબ અને નિર્દોષ માણસનો જીવ જાય એ કોઈ કાંડમાં એ સંડોવાવા નહોતો માગતો.

ત્રણેક પેગ પેટમાં ગયા પછી સુધીરે ધીમેથી અભિમન્યુને ખોતરવાનું શરૂ કર્યુંઃ

‘આ પ્લાન બરાબર પાર તો પડશે ને?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પરફેક્ટ.' અભિમન્યુમાં વધુ પડતા આત્મવિશ્વાસનો રણકો હતો:

'કોઈ શક?'

'અભિમન્યુ, દસ વાર ચેક કરજે. ત્યાં કોઈ માણસ ના હોવો જોઈએ. એક મજૂર પણ ઘાયલ થશે તો...'

સુધીર આ પ્લાન જાણતો હતો. એણે અભિમન્યુને મદદ કરવાનું વચન આપ્યું હતું. કારણ એ જ કે અભિમન્યુ એના પિતાનો બિઝનેસ સંભાળી લે એટલે પોતે એમાં પાર્ટનર બની શકે, પરંતુ એ પણ મનોજની જેમ જાનહાનિની વિરુદ્ધ તો હતો એટલે એ ઇચ્છતો હતો કે આ પ્લાનમાં રહેલી ગંભીરતા અભિમન્યુને સમજાવી દે.

આટલી વાત સાંભળતાં જ મનોજની અંદર ઘૂંટાઈ રહેલો અપરાધભાવ ઊછળી આવ્યો:

'એ શું ચેક કરવાનો? એણે પોતે જ માણસોને ઘેટા-બકરાના ભાવે મારી નાખવાનું નક્કી કર્યું છે.'

'ચલ એય... બકવાસ નહીં કર.' અભિમન્યુ બગડ્યો.

એક તરફ, પોતે આમ ક્યાં નિખિલના ષડ્યંત્રમાં ભેરવાઈ ગયો એની તાણ અને ઉપરથી નશો... મનોજ હવે જાત પર કાબૂ ગુમાવી બેઠો:

'એક તો પોતાના બાપ વિરુદ્ધ કાવતરાં કરે છે, ને ઉપરથી પાછો...'

અભિમન્યુ ઊભો થઈ ગયો:

'હું આવા આક્ષેપ સાંભળી નહીં લઉં. સાબિત કર.'

'હવે જા જા... શાહુકાર થવાની જરૂર નથી. હું બધું જાણું છું.'

'એક મિનિટ.' સુધીરને લાગ્યું કે હવે વાત વધી જશે:

'તું ખૂલીને વાત કર, મનોજ.'

'હવે ખૂલીને શું વાત કરે? આ નિખિલના ખોળામાં બેસી ગયો છે.'

'શટઅપ...' અભિમન્યુએ બરાડો પાડ્યો. હવે એ પણ નશામાં હતો. એણે હાથમાં પકડેલો ક્રિસ્ટલ ગ્લાસ જમીન પર પછાડ્યો:

'એ કરોડપતિ હોય તો એના ઘેર. મારા બાપને છોડીને હું એના ખોળામાં બેસું એટલો હલકો અને હલકટ નથી.'

'શું કામ જુઠ્ઠું બોલે છે?'

ઉશ્કેરાયેલા મનોજે અભિમન્યુને કોલરમાંથી પકડી લીધો:

'એક વાત યાદ રાખજે, એક પણ મજૂર મરશે તો હું કોર્ટમાં સાચું બોલીશ. હું ભલે જેલમાં જતો રહું, પણ તમને નહીં છોડું.'

'આ શું બોલે છે તું? આપણે નક્કી કર્યું છે કે મજૂરોને...'

'નક્કી કર્યું છે પણ એ પ્રમાણે થવાનું નથી.'

મનોજે કોલર છોડીને એને સોફા તરફ ધકેલ્યો. અભિમન્યુ લથડ્યો ને સોફામાં પછડાયો.

'કેમ?'

'કારણ કે નિખિલ આ પ્લાનને પોતાની રીતે ચલાવી રહ્યો છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પણ નિખિલને આ બધું કોણે કહ્યું?' અભિમન્યુનો નશો ઊતરી રહ્યો હતો. એ હવે સમજી ગયો કે મનોજ શું કહેવા માગે છે.

'શાબાશ!' મનોજે તાળીઓ પાડી:

'કેટલો ભોળો છે, જાણે તને કશી ખબર જ નથી.'

'મને ખરેખર કશી ખબર નથી.'

'બહુ સરસ! તો ખબર પાડ.' મનોજે મોટા અવાજે કહ્યું:

'આ પ્લાન આપણે બનાવ્યો એ પ્રમાણે નહીં ચાલે. ત્યાં મજૂરોને મારી નાખીને નિખિલ તારા બાપને જેલમાં ધકેલવા માગે છે.'

'કોઈ દિવસ હું એ થવા નહીં દઉં.'

અભિમન્યુએ કહેતાં તો કહી નાખ્યું, પણ બોલ્યા પછી એને સમજાયું કે જો ખરેખર દેવરાજસિંહ જેલમાં જાય તો એના રસ્તાનો કાંટો આપોઆપ નીકળી જાય. પોતે કશું જ ન કરવું પડે, છતાંય બધું આપોઆપ ગોઠવાઈ જાય. એનો નશો ઊતરી ગયો હતો. એનું મગજ કામે લાગ્યું. એને તરત જ સમજાયું કે આ ગુલાબસિંહ સિવાય બીજા કોઈ માણસની ચાલ ન હોઈ શકે.

જૂહુ બિલ્ડિંગને ઉડાડવાનો પ્લાન પાંચ જણ જાણતા હતા. એમાંના ત્રણ અહીં હતા... દેવરાજસિંહનો સવાલ આવતો નહોતો... એટલે ગુલાબસિંહ સિવાય આ કામ બીજું કોઈ કરી શકે નહીં.

એને દાદાજી પર વહાલ આવી ગયું.

'તું ચિંતા ના કર. આપણે નક્કી કર્યું છે એમ જ થશે.' એ ઊભો થઈને મનોજને ભેટ્યો:

'નિખિલ આમાં કશું જ નહીં કરી શકે.'

'તું વચન આપે છે?'

'અરે દોસ્ત! તું જાનના જોખમે અમારી મદદ કરે છે, તો હું તને ફસાવીશ?'

મનોજ પીગળી ગયો. એ પણ બંને હાથ પહોળા કરીને અભિમન્યુને ભેટ્યો. અભિમન્યુએ મનોજને અત્યાર પૂરતો મનાવી લીધો, પણ અભિમન્યુના મગજમાં ગુલાબસિંહની રમત ફિટ થઈ ગઈ. એણે નક્કી કરી લીધું કે જો ગુલાબસિંહ એને આ બધું જણાવવા માગતા નથી તો પોતે પણ એવી જ રીતે વર્તશે, જાણે પોતે કશું જાણતો નથી.

આ રમતમાં નિર્દોષ રહીને પોતે મોટામાં મોટો લાડુ ઓહિયાં કરી જશે!

*

શ્વેતાને મળીને નેહા જ્યારે ઓફિસ પહોંચી ત્યારે એનું મગજ ફાટફાટ થતું હતું.

શ્વેતાની વાત સાંભળીને એને સાચે જ કેસરની ચિંતા થવા લાગી હતી. પોતે અત્યાર સુધી કેમ કેસર વિશે ન વિચાર્યું એ વાતે એને અપરાધભાવ થવા લાગ્યો. આરોહીની ચર્ચામાં એ અને સોમલ આટલો બધો સમય બગાડતાં હતા, પરંતુ કેસર વિશે બેમાંથી કોઈને–ખાસ કરીને એને જ વિચાર કેમ ન આવ્યો એ વાતે નેહાને પોતાના પર નફરત થવા માંડી.

ઓફિસમાં આવીને એ સીધી ટેરેસમાં ચાલી ગઈ. સિગારેટ સળગાવીને વિચારવા લાગી કે આ વિશે સોમલ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સાથે સીધી વાત કરવી કે થોડા સમય સુધી સોમલ જાતે કેસર વિશે એની સાથે વાત કરે ત્યાં સુધી રાહ જોવી.

પોતાના આ વિચારોમાં ખોવાયેલી નેહા મુંબઈ શહેરની પથરાયેલી બિલ્ડિંગોને શૂન્ય નજરે તાકી રહી હતી ત્યાં જ એના ખભે સોમલનો હાથ મુકાયો. એણે હાથ ઓળખ્યો એટલે પાછળ જોવાની તસદી લીધા વિના એમ જ ઊભી રહીને સિગારેટ પીતી રહી.

'ક્યાં ગઈ હતી?'

'મારા બોયફ્રેન્ડને મળવા.'

'સીધો જવાબ આપ.'

સોમલ પણ ગુસ્સામાં હતો. નિખિલ સાથે થયેલી વાતથી એને ગુસ્સો આવ્યો હતો. એ પછી એ તરત જ નેહા પાસે ગયો હતો, પણ નેહા પોતાની ચેર પર નહોતી. વારંવાર ફોન ટ્રાય કરવા છતાં નેહાએ ફોન ઉપાડ્યો નહોતો એટલે સોમલ અકળાયેલો હતો.

'કેમ, તું મારો સાહેબ છે?'

'ટેકનિકલી તો હું તારો સાહેબ જ છું.'

'આજકાલ હવે સાહેબની જેમ જ વરતે છે... મારો દોસ્ત નથી રહ્યો તું!'

નેહાની આંખમાં ઊછળતા ગુસ્સાને જોતાં જ સોમલ સમજી ગયો કે ક્યાંક ગરબડ થઈ છે.

'શું થયું છે?'

એ નેહાની નજીક આવ્યો, એણે બંને ખભે હાથ મૂકીને નેહાને પોતાના તરફ ફેરવી. એની આંખોમાં જોયું:

'સ્વીટી, આખી દુનિયા મારી સાથે ગુસ્સો કરે તો મને ચાલે, પણ તારે તો ગુસ્સે નહીં જ થવાનું.'

'કેમ?' નેહાએ ખભા ઝટકાવ્યા અને આંખો ઝીણી કરી:

'કેમ, આપણી વચ્ચે કોઈ એમ.ઓ.યુ. છે?'

'નથી?' સોમલે ફરી એને ખભેથી પકડી લીધી, નજીક ખેંચી:

'દોસ્તીનો, એકબીજા પર ડિપેન્ડ કરવાનો, એક ગૂંચવાય ત્યારે એના બદલે નિર્ણય લેવાનો, એકબીજાને સાચું-ખોટું મોઢે કહેવાનો એમ.ઓ.યુ.'

'તો એ વાત યાદ છે તને?' નેહાની દુખતી નસ દબાઈ ગઈ.

'મેં શું કર્યું છે?'

'મને પૂછે છે?'

નેહાએ સ્મિત કરીને સોમલના ગળાની આસપાસ હથેળી વીંટાળી

'ગળું દબાવી દઈશ. મારી સાથે ચાલાક બનવાની ટ્રાય નહીં કર.'

'અરે, પણ!'

'તને નથી લાગતું કે આપણે એક વાત જાણીજોઈને ટાળ્યા કરીએ છીએ?'

નેહાએ હથેળી પર વજન આપીને સોમલને આખેઆખો હચમચાવી નાખ્યો.

'પૂછી નાખને ભઈ, આટલી બધી માથાકૂટ કરવાનો શો અર્થ છે? હું આજ સુધી તારી સાથે જુઠ્ઠું નથી બોલ્યો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એટલું તો માને છે કે નહીં?'

નેહા થોડીક ક્ષણ એની આંખોમાં જોઈ રહી:

'હવે કેસરનું શું કરવાનો છે?'

સોમલે ગળે લપેટાયેલી હથેળીઓ પોતાના બંને હાથમાં લઈ લીધી:

'ખબર નથી, પણ એ વાત કરતાં હું ડરું છું.'

'કેમ?'

'કારણ એક જ, જો એ વાત નીકળે તો તું એવો આગ્રહ રાખે કે આપણે કેસરને શોધવી જોઈએ. પાછી લઈ આવવી જોઈએ.'

'હાસ્તો. એ છોકરી ક્યાં હશે, કઈ હાલતમાં હશે એવો વિચાર નથી આવતો તને? તારાં લગ્ન વિશે ભૂલી જઈએ તો પણ માણસાઈની દૃષ્ટિએ એની આ હાલત માટે તું જવાબદાર છે એટલું તો સ્વીકારે છે ને?'

'આઈ ડોન્ટ નો... કદાચ.'

'તો એને પાછી લાવીને એના ઘરમાં, એની દુનિયામાં પાછી ગોઠવવાની જવાબદારી પણ તારી જ છે.'

'એના ઘરમાં એને કોઈ સ્વીકારવા તૈયાર નથી.'

'વ્હોટ?' નેહાની આંખો પહોળી થઈ ગઈ:

'એનાં મા-બાપ...'

સોમલે ડોકું ધુણાવ્યું: 'ના.'

'એ લોકો જાણે છે?'

'બધા જાણે છે ને બધાં એકબીજાથી છુપાવે છે.'

'પણ કેમ?'

'મને ખબર નથી તું મને સમજી શકીશ કે નહીં, પણ જેટલી વાર હું એ વાત વિચારું છું એટલી વાર એક ભયનું લખલખું મારી છાતીથી નાભી સુધી ઊતરી જાય છે. આપણે નસીબમાં માનીએ કે નહીં... એ છોકરી વિચિત્ર કિસ્મત લઈને જન્મી છે.'

નેહા એની આંખોમાં દેખાતી સચ્ચાઈને વાંચી શકતી હતી. સોમલની આંખોના ખૂણા સહેજ ભીના થયા હતા:

'એની સાથે ગાળેલા થોડા દિવસો અમારા બંને માટે ભયાનક હતા. એ છોકરી મારી અંદરના જાનવરને જગાડી ગઈ. એનો વિચારમાત્ર મને મારી જાત પ્રત્યે તિરસ્કાર જગાડે છે.'

'સોમલ!' એક નવા જ માણસને જોઈ રહેલી નેહા એકદમ લાગણીવશ થઈ ગઈ.

'હું સાચા હૃદયથી ઇચ્છું છું કે એ છોકરી પાછી ન આવે. એ કદાચ પાછી આવશે તો ડેડ એને ભયાનક મોત આપશે એની મને ખાતરી છે.'

'ઓહ ગોડ! આ બધું તો મેં વિચાર્યું જ નહોતું.'

'પણ મને આ જ વિચાર આવ્યા કરે છે.'

સોમલે અચાનક જ નેહાને બાહુપાશમાં લઈ લીધી. કોઈ નાનું બાળક ડરનું માર્યું વળગી પડે એવી રીતે નેહાને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ભેટી પડ્યો:

'ભગવાનને પ્રાર્થના કર કે એ પાછી જ ન આવે. એ છોકરી જો પાછી આવશે તો એ એની જિંદગીની મોટામાં મોટી ભૂલ હશે... ન સુધારી શકાય એવી ભૂલ.'

નેહા ચૂપચાપ સોમલની પીઠ પર હાથ પસવારતી રહી.

*

નિખિલ શ્રોફની સામે બેઠેલી આરોહી થોડી નર્વસ અને થોડી ખુશ હતી. ગુલાબસિંહ સાથેની વાત પૂરી થયા પછી નિખિલે ફોન કરીને આરોહીને મળવા બોલાવી હતી.

એ ઇચ્છતો હતો કે જૂહુનો બ્લાસ્ટ અને સોમલના એન્ગેજમેન્ટના બે ફટકા દેવરાજસિંહને ઉપરાઉપરી પડે. આરોહીને બોલાવીને એ વિશેની વાતચીત પૂરી કર્યા પછી સોમલને સમજાવી લેવાનું નિખિલે વચન આપ્યું હતું.

'સોમલ ક્યાં છે?'

સોમલની ચેમ્બરમાં વારંવાર રિંગ વગાડ્યા પછી નિખિલે રિસેપ્શન પર ફોન કર્યો.

'એ નેહા મેમ સાથે ટેરેસમાં ઊભા છે."

નિખિલના ચહેરા પર સ્મિત આવ્યું:

'બહાર ટેરેસમાં ઊભો છે. જા, જઈને સરપ્રાઇઝ આપ.'

આરોહી ઊભી થઈ.

'શાંતિથી વાત કરજે. બહુ દલીલો કરતી–સવાલો પૂછતી અને હિસાબ પૂછતી સ્ત્રી કોઈ પણ પુરુષને નથી ગમતી.'

આરોહીએ ડોકું ધુણાવ્યું:

'તારે જો એને ગુલામ બનાવવો હોય તો પહેલાં એની દાસી બની જા, છોકરી...'

'જી!'

'સોમલ મારો દીકરો છે. જાતવાન ઘોડાની સવારી કરતા પહેલાં પંપાળવો પડે... પુચકારવો, દુલારવો પડે, લાડ કરવાં પડે.'

નિખિલ શ્રોફની આંખોમાં શેતાન ઊતરી આવ્યો હતો. આરોહી એ શેતાનના વશમાં આવતી જતી હતી.

'આવડત નહીં હોય તો જીવ ખોઈશ ને આવડત હશે તો એ જ ઘોડો રેસ જીતાડશે, સમજી?'

આરોહીએ ડોકું ધુણાવીને હા પાડી. પોતાની પર્સ લઈ એ ઝડપથી ટેરેસમાં પહોંચી ત્યારે નેહાને ભેટીને ઊભેલા સોમલને જોઈને એ સ્તબ્ધ થઈને ત્યાં જ થંભી ગઈ... એના પગ નીચેથી જમીન સરકી ગઈ.

આરોહીને અચાનક અહીં આવેલી જોઈને સોમલ નેહાથી દૂર થઈ ગયો.

સોમલ જે રીતે ચોંક્યો એ રીતે નેહાને સમજાયું કે કોઈ અચાનક આવ્યું છે. એણે પાછળ ફરીને જોયું તો આરોહી હતી.

'હાઈ!' જાણે કશું જ થયું ન હોય તેમ નેહાએ કહ્યું.

આરોહી જવાબ આપ્યા વગર સોમલની સાવ નજીક પહોંચી ગઈ:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તો આને માટે લગ્ન નથી કરવાં તારે?’

‘શટઅપ, આરોહી.’

‘કેમ, હું શું કામ ચૂપ રહું? નજરે જોયેલું તો ખોટું નથી ને?’

‘અમે મિત્રો છીએ. તું ખોટું વિચારે છે.’

અહીં ઓફિસમાં કારણ વગરનું કદરૂપું નાટક ભજવાય એ ભયે સોમલે એને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

‘મિત્રો? આખી ઓફિસ કામ કરે છે ત્યારે ટેરેસમાં ભેટીને ઊભેલાં એક છોકરો ને એક છોકરી મિત્રો છે? વેરી ગુડ! મેં આવા મિત્રો પહેલાં નથી જોયાં.’

‘ધીમે બોલ, આરોહી.’

‘શું કામ ધીમે બોલું? હું હમણાં જ જઈને ડૅડને કહું છું.’

‘જા કહી દે.’ હવે સોમલ જાત પરનો કાબૂ ખોઈ બેઠોઃ

‘ડૅડને જ શું કામ? આખી ઓફિસને કહી દે. ન્યૂઝ પેપર અને ચૅનલમાં આપી દે. મને કોઈના બાપનો ડર નથી.’

સોમલનો ગુસ્સો જોઈને આરોહીએ પેંતરો બદલ્યો.

‘સોમલ...’ એણે ડૂસકું ભર્યુંઃ

‘હું તો તને સરપ્રાઇઝ આપવા આવી હતી, મને શી ખબર કે...’

પોતે જાણે કંઈ સાંભળ્યું જ ન હોય તેમ સાવ અલિપ્ત રહીને સિગારેટનો છેલ્લો કશ લઈને સૅન્ડલ નીચે કચડીને નેહાએ તુચ્છકારભરી નજર આરોહી પર નાખી. એ સોમલ તરફ ફરીઃ

‘તારું લફરું પતાવ. મારે બીજાં કામ છે.’ આટલું કહીને નેહાએ ટેરેસમાંથી ચાલવા માંડ્યું...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 35

તારું લફરું પતાવ... મારે બીજાં કામ છે...

આટલું કહીને નેહા ટેરેસ પરથી ચાલવા માંડી.

નેહાને જતી જોઈને સોમલ વધુ ઉશ્કેરાઈ ગયો:

'આની સામે મને એકલો મૂકીને જાય છે?'

'કેમ, એ તને ખાઈ જશે?' નેહાએ ત્યાં જ ઊભાં રહીને પૂછ્યું:

'ને ખાઈ જાય તો પણ હું કેવી રીતે બચાવી શકીશ?'

સોમલ હજુ કંઈ વધુ બોલે તે પહેલાં નેહા ત્યાંથી સડસડાટ નીકળી ગઈ.

હવે સોમલ અને આરોહી એકલાં હતાં. આરોહીએ રડતાં રડતાં સોમલનો કોલર પકડી લીધો:

'તારા ડૅડીએ મને કહ્યું કે હું તને સરપ્રાઇઝ આપું. હું તને મળવા દોડી આવી, પણ તું બીજી છોકરીઓ સાથે...'

'નેહા બીજી છોકરી નથી.'

'તો શું કામ ભેટીને ઊભો હતો? કોણ જાણે મારા સિવાય કેટલી છોકરીઓ સાથે...' એણે પર્સમાંથી ટિશ્યૂ કાઢીને નાક લૂછ્યું. મેક-અપ ખરાબ ન થાય એનું ધ્યાન રાખીને ચહેરો સાફ કર્યો:

'સાચું બોલ, તું એની સાથે પણ...'

'આરોહી...' સોમલે એક આંગળી ઊંચી કરીને એને ચેતવણી આપવાના અંદાજમાં કહ્યું:

'નેહા વિશે ગમે તેમ નહીં બોલતી.'

'એના વિશે કશું બોલવા જેવું છે જ નહીં. જે નફ્ફટાઈથી એ અહીંથી જતી રહી એ જ દેખાડે છે કે તને એ પગ-લૂછણિયાની જેમ વાપરે છે.'

'શટઅપ!'

સોમલે સંયમ રાખવાનો પ્રયત્ન કર્યો, પણ એના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ હતી. એ જાણતો હતો કે હવે આરોહી કંઈ પણ બોલશે તો એના સંયમનો બંધ તૂટી જવાનો હતો.

'મને શટઅપ કહે છે? પેલી તને પાંચ પૈસાનો કરીને જતી રહી એને તો બૂમો પાડતો હતો.'

આરોહીનું વાક્ય પૂરું થાય એ પહેલાં સોમલનો હાથ ઊંચકાયો અને આરોહીના ગાલ પર વીંઝાયો. સોમલ પોતે સમજી શકે કે શું થયું એ પહેલાં આરોહીના ગાલ પર તમાચો પડી ચૂક્યો હતો. છ ફૂટ ઊંચા, જિમમાં કસાયેલી કાયાવાળા સોમલનો હાથ આરોહીના ગાલ પર જે રીતે પડ્યો એનાથી એને તમ્મર આવી ગયાં. એણે તરત જ નજીકના થાંભલાનો સહારો લઈ લીધો.

'તેં... તેં મને થપ્પડ મારી?' એનો ચહેરો બદલાઈ ગયો હતો. અત્યાર સુધી એના ચહેરા પર દેખાતી અસહાયતા અને મૂર્ખામીની જગ્યાએ હવે એક વિચિત્ર પ્રકારનો અહંકાર આવી ગયો હતો:

'હવે તારાથી થાય તે કરી લે, સોમલ... આવતા અઠવાડિયે તારા અને મારા એન્ગેજમેન્ટ નક્કી છે. તું ગમે તેટલા હાથ-પગ ચલાવ, હવે હું તને જ પરણીશ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એ ક્યારેય નહીં બને.’

કહેતાં સોમલે ઊંધા ફરીને અદબ વાળી લીધી. સ્ત્રી પર હાથ ઉપાડીને એ પોતાની જ જાત સામે નાનો થઈ ગયો હતો. શ્વેતાએ એને બાળપણથી શીખવ્યું હતું કે સ્ત્રી પર હાથ ઉપાડવો એ પુરુષ માટે અપમાનજનક બાબત છે. આજે આરોહી પર હાથ ઉપાડીને સોમલને લાગ્યું હતું કે એણે કશું ભયાનક ખોટું કામ કરી નાખ્યું હતું.

‘હવે તારી પાસે ચોઇસ નથી. આ નેહાની બચ્ચી કે બીજી પચાસ છોકરીઓ સાથેનાં તારાં લફરાં ચાલતાં હોય તો પણ તારાં લગ્ન તો મારી જ સાથે થશે અને એ પણ એક મહિનાની અંદર અંદર.’

આરોહીનાં દૂર જતાં સૅન્ડલનો અવાજ સાંભળતો સોમલ એના ગયા પછી એ સડસડાટ નિખિલ શ્રોફની ચૅમ્બરમાં પહોંચ્યો.

એ જે ઝડપથી દાખલ થયો એનાથી નિખિલ સમજી ગયો હતો કે સોમલ ગુસ્સામાં છે.

‘પધારો...’ નિખિલની રિવોલ્વિંગ ચૅર ફરવા લાગી:

‘આરોહી વિશે કંઈ પણ કહેવા આવ્યો હોય તો મારે નથી સાંભળવું. હું આજે રાત્રે તારી મમ્મી સાથે વાત કરવાનો છું. આવતા અઠવાડિયે તારા એન્ગેજમેન્ટની પાર્ટી છે. તારે કોઈ ખાસ દોસ્તોને બોલાવવા હોય તો તને બે દિવસમાં કાર્ડ મળી જશે.’

‘શું કામ મારી જિંદગી બરબાદ કરવા માગો છો?’

‘આરોહી સારી છોકરી છે, તને પ્રેમ કરે છે.’

‘થોડી વાર પહેલાં એણે જે તમાશો કર્યો એ જોયો હોત તો કદાચ તમારો અભિપ્રાય બદલાઈ જાત.’

‘મારાં લગ્નને ત્રીસ વર્ષ થયાં, દીકરા... પણ આજેય તારી મા મને કોઈની સાથે ભેટીને ઊભેલો જુએ તો આનાથી વધારે તમાશો કરે.’

‘લગ્નનાં ત્રીસ વર્ષ પછીની વાત હોય તો...’

‘સ્ત્રીઓ એકસરખી હોય છે બેટા, અસલામત અને ઈર્ષ્યાળુ.’

‘અને તમે માનો છો કે એવી એક અસલામત અને ઈર્ષ્યાળુ છોકરી સાથે જિંદગી જોડીને હું સુખી થઈશ?’

‘જો બેટા, સ્ત્રી તો જોઈશે. સગવડો સાચવવા માટે, શરીરની જરૂરિયાતો માટે, સંતાનને જન્મ આપવા માટે, ઝઘડવા માટે... દર વર્ષે નવી સ્ત્રી શોધવી પડે એના કરતાં એક ઘરમાં વસાવી લેવી સારી અને સસ્તી પડે.’

‘સ્ત્રી વસાવવાની વસ્તુ છે?’

‘નહીં તો શું? ધીમે ધીમે તું પણ આ સ્વીકારી લઈશ. મારું માન, પ્રેમ, રોમાન્સ, લાગણીવેડા બધું નકામું છે. સમાજનો વ્યવહાર ચલાવવા સંસાર-ઘર જરૂરી હોય છે, પણ બધાના સંસાર એકસરખા જ હોય છે. દરેક ઘરમાં એક ઈર્ષ્યાળુ સ્ત્રી હોય છે અને એક અહંકારી પુરુષ.’

‘હું તમારી વાત સમજી પણ શકતો નથી અને સ્વીકારી પણ શકતો નથી.’

‘કારણ કે તું તારી માનો દીકરો છે. મૂરખ અને મિડલ ક્લાસ.’ નિખિલ ઊભો થઈ ગયો:

‘લાંબી ચર્ચાનો અર્થ નથી. રાત્રે તારા એન્ગેજમેન્ટની તારીખ નક્કી થઈ જશે. હું એ વિશે કોઈ દલીલો નહીં સાંભળું.’ એણે નજીક આવીને સોમલના ખભે હાથ મૂક્યો,:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હા, આરોહી સિવાયની કોઈ છોકરી તારા મનમાં હોય તો કહી દે. મને એની સામે કોઈ વાંધો નથી. છોકરી બદલાઈ શકશે, તારીખ નહીં બદલાય.’

સોમલ નવાઈથી એના પિતા સામે જોતો રહ્યો. આ માણસ શું ઇચ્છતો હતો અને શા માટે આ રીતે વર્તતો હતો એ સવાલ સોમલને સાવ બાળપણથી પજવતો આવ્યો હતો.

અત્યારે પિતા સાથે ચર્ચા કરવાનો અર્થ નહોતો એટલે રાત્રે માની હાજરીમાં આ વાતનો ફેંસલો લાવવાનું એણે નક્કી કરી લીધું. નિખિલ શ્રોફનું ઘર છોડવું પડે તો પણ વાંધો નથી, પણ હવે પોતાની જિંદગી પોતાની રીતે જીવવી છે એવો સોમલે દૃઢ નિર્ધાર કરી લીધો.

એ નિખિલની ચેમ્બરમાંથી બહાર નીકળી ગયો. એને જતો જોઈને નિખિલ હસ્યોઃ

‘જે લોકો પગ પછાડીને, ઉશ્કેરાટમાં આ ચેમ્બરમાંથી બહાર ગયા છે એ બધા જ અહીં નીચા મૂંડી કરીને માફી માગતાં પાછા ફર્યા છે. તારો પણ એ જ વારો આવવાનો છે, દીકરા મારા!’

*

ફાર્મહાઉસ પરથી છૂટા પડ્યા ત્યારે અભિમન્યુએ તદ્દન ભોળાભાવે મનોજના ગળે એટલું ઉતારી દીધું કે પોતે આખીય બાબતમાં તદ્દન નિર્દોષ હતો. એ ક્યારેય જીવહત્યામાં માનતો નહોતો અને જે કંઈ થઈ રહ્યું હતું તે ફક્ત નિખિલના મગજની પેદાશ હતી.

અંતે મનોજે પણ એ વાત સ્વીકારીને એવું નક્કી કર્યું કે આ બધું નિખિલના પ્લાન પ્રમાણે નહીં, પણ એમણે નક્કી કર્યું હતું એ પ્રમાણે જ ચાલશે.

એ પછી સદ્ભાવના અને ભાઈચારાની લાગણી સાથે બીજા બે પેગ વધુ પીવાયા. છૂટા પડતાં ફરી એક વાર સહુ એકબીજાને ભેટ્યા. સુધીર અને મનોજ એક ગાડીમાં મુંબઈ તરફ આવવા નીકળ્યા, જ્યારે અભિમન્યુ પોતાની ગાડીમાં ઘેર પહોંચ્યો.

‘આ અભિમન્યુ કંઈ પણ કહે, મને એની વાત ગળે ઊતરતી નથી.’

‘અરે! તો પછી એ વખતે શું કામ માની લીધું?’

‘એને ગફલતમાં રાખવા માટે. હું વધુ દલીલો કરત તો એ ચેતી જાત. જેણે પણ આ ગરબડ કરી છે એની સાથે અભિમન્યુ મળેલો છે એવી મને ખાતરી છે.’

સુધીર વિચારમાં પડી ગયોઃ

‘તો પછી આપણે શું કરવું છે એ નક્કી કર.’

‘નિર્દોષ માણસોના જીવ તો ન જ જવા જોઈએ.’

‘જો આપણે વન-વે સ્ટ્રીટમાં દાખલ થઈ ગયા છીએ. આ પ્લાનમાંથી બહાર નીકળવું હવે શક્ય નથી. જે કરવું હશે એ આ લોકોની સાથે રહીને જ કરવું પડશે.’

‘હું એ જ વિચારું છું. નિખિલ શ્રોફનો પ્લાન ઊંધો પાડવો હોય તો આપણે મજૂરોને એક દિવસ વહેલા ત્યાંથી કાઢવા પડે. એ પણ એવી રીતે કે કોઈને શંકા ન પડે.’

‘કોણ કરશે?’

‘હું કરીશ!’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પીધેલો હોવા છતાં મનોજ પોતાની વાત પર સજાગ હતો. એણે નક્કી કરી લીધું કે નિખિલ શ્રોફનો પ્લાન એ ઉથલાવી નાખશે. કોઈ જાનહાનિ વગર જૂહુ પ્રોજેક્ટ જમીનદોસ્ત થશે. સુધીરે પણ જાનહાનિ અટકાવવા એને સાથ આપવાનું વચન આપ્યું ત્યારે બંનેને ખબર નહોતી કે દેવરાજસિંહ ઝાલાના ઘરમાં એક આવા જ પ્રકારનો સમાંતર પ્લાન ઘડાઈ રહ્યો છે.

સુધીરને ત્યાંથી અભિમન્યુ ઘેર આવ્યો ત્યારે ગુલાબસિંહ એની રાહ જોતા હતા.

'શું નક્કી થયું?'

'તમે જે નક્કી કર્યું છે તે બરાબર છે.' અભિમન્યુ લુચ્ચું મલક્યો.

'મેં? મેં શું નક્કી કર્યું છે?'

'મારી સાથે પણ નાટક, દાદાજી?' અભિમન્યુ હજીયે મલકી રહ્યો હતો:

'પ્લાન સારો છે. મને ગમ્યો છે. હું તમારી સાથે છું.'

'મને ખબર જ હતી કે તું મારી સાથે જ હોય. તને પણ દેવલો કંઈ બહુ વહાલો નથી કે એને બચાવવા તું તલવાર લઈને મેદાનમાં કૂદી પડે.'

'જીવ લેવો જરૂરી છે, દાદાજી? બીજો રસ્તો નથી?'

'આપણે ત્યાં દેશમાં વાવ ખોદાયને... પછી પાણી ન આવે તો ભોગ આપવો પડે. આ મકાન ભોગ માગે છે.'

ગુલાબસિંહે જે રીતે કહ્યું એનાથી અભિમન્યુ સહેજ ધ્રૂજી ગયો.

ગુલાબસિંહે ઊલટતપાસ લેવા માંડી:

'તને કેવી રીતે ખબર પડી? નિખિલે કહ્યું?'

'કહેતો હશે? મને તો મનોજે કહ્યું. એના પેટમાં વાત ટકતી નથી.'

'એને કેવી રીતે ખબર પડી?'

'નિખિલ ડબલ ક્રોસ કરે છે. તમને અને મનોજ બંનેને સામસામે...'

'ને નિખિલને મનોજે કહ્યું, એમ જ ને? સાલો! પગાર આપણો ખાય છે ને સેવા નિખિલની કરે છે?'

'મને એ જ વાતે ગુસ્સો આવ્યો.'

'એને પાઠ ભણાવવો પડે, સાવજ. દાખલો બેસાડી દેવો પડે. તારે જો આ કંપની ચલાવવાની હોય તો પહેલાં દગાબાજને આકરી સજા કરી દેવાની. બાકીના આપોઆપ ઠેકાણે લાગી જશે...'

'સજા?'

'બ્લાસ્ટ ગુરુવારે રાત્રે થશે.'

'ચોવીસ કલાક વહેલો?'

'હા. મનોજ ચાવલા ઇલેક્ટ્રિકના વાયર ગોઠવવા ત્યાં જશે ખરો, પણ બિલ્ડિંગની બહાર નહીં આવે.'

'તમને ખબર છે તમે શું બોલો છો? આ હિન્દી ફિલમ નથી. ખૂન કોને કહેવાય એનું ભાન છે તમને? આપણા બધાના હાથમાં હાથકડી લાગી જશે.'

'કશુંયે નહીં થાય.' ગુલાબસિંહનો ચહેરો પથ્થર જેવો સખત થઈ ગયો હતો. એમની આંખોમાં ક્રૂરતા ડોકાતી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતીઃ

‘નિર્દોષ માણસનો જીવ જાય એ મનેય ખટકતું હતું... પણ હવે ગુનેગારને સજા થશે ને સાથે આપણું કામ પણ...’

‘દાદાજી... બધું બરાબર થશે ને?’

હવે જ્યારે પોતાના ઓળખીતા મનોજનો જીવ જોખમમાં હતો ત્યારે અભિમન્યુની અંદર કશુંક ગૂંચવાવા લાગ્યું.

‘મારે કીધે ચાલતો રહીશ તો બધું બરાબર જ થશે. તારી બુદ્ધિ નહીં વાપરતો, હું કહું નહીં ત્યાં સુધી.’

*

‘હું ઘર છોડવા તૈયાર છું. તમારી સંપત્તિમાંથી એક રૂપિયો નથી જોઈતો મને. ભણેલો છું... દુનિયામાં ક્યાંય પણ કમાઈ લઈશ.’

‘બેવકૂફી નહીં કર. મારું કહ્યું માન અને શાંતિથી આ છોકરી સાથે એન્ગેજમેન્ટ કરી લે.’

‘એને આરોહી સાથે લગ્ન કરવાં હોત તો પાંચ વરસ પહેલાં ના શું કામ પાડી હોત?’

શ્વેતાને પહેલેથી જ આરોહી માટે એક વિચિત્ર પ્રકારનો અણગમો હતો. એનો વધુ પડતો મેક-અપ અને ચાંપલી સ્ટાઇલ પર એને ચીડ ચડતી. સુંદર તો પોતે પણ હતી જ, પરંતુ સુંદરતાના સતત પ્રદર્શનથી એક પ્રકારની સૂગ ચડતી.

‘મોમની વાત સાચી છે.’

‘મારે તારાં લગન કરવાં જ નથી. માત્ર લગનની તારીખ નક્કી કરવી છે...’

નિખિલ પોતાની કાર્બુ ચેર પર બેઠો હતો. સોમલ ફ્રેન્ચ વિન્ડો પાસે ઊભો રહીને દરિયાને જોઈ રહ્યો હતો. શ્વેતા ઉશ્કેરાટમાં ડ્રોઇંગ રૂમમાં આંટા મારતી હતી.

‘ડૅડ, તમારી આ બધી રમતો છોડી દો.’

‘એક વાર હારી જાય પછી છોડી દઈશ...’ નિખિલ હસ્યો.

‘એ લોકો હારી જ ગયા છે. દીકરી એમની પાસે નથી, દીકરો કહ્યામાં નથી ને...’

‘એ બધા એમના પ્રોબ્લેમ છે. મારે માટે હાર એટલે નિખિલ શ્રોફના દરવાજે આવીને એ મારી માફી માગે તે!’

‘એવું કદાચ નહીં બને, ડૅડ.’

સોમલે દરિયા પરથી નજર ખસેડીને નિખિલની આંખમાં આંખ પરોવીઃ

’હું દેવરાજસિંહને ઓળખું છું. એ તૂટી જશે, પણ ઝૂકશે નહીં.’

‘તો તોડી નાખીશ... એ મને વધારે સહેલું પડશે. તારા એન્ગેજમેન્ટ એને માટે એના બિલ્ડિંગના બ્લાસ્ટ કરતાંય મોટો ધડાકો હશે. આ સમાચાર સાંભળીને એની દીકરી જ્યાં છુપાઈ હશે ત્યાંથી બહાર નીકળી આવશે એવી મને ખાતરી છે.’

‘નહીં આવે.’ સોમલના અવાજમાં એક દૃઢ વિશ્વાસ હતોઃ

‘એ મને ચાહતી નથી. એને મારી પડી જ નથી.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એને સોમલની ચિંતા હોત તો આવી રીતે ભાગી જ ન હોત. એના મૃત્યુના સમાચાર પછી પણ જો એણે સાચું જણાવવાની તસદી ના લીધી તો આવા સમાચાર સાંભળીને...’

‘એ શું કરશે એની મને ખબર છે. હું શું કરીશ એની પણ મને ખબર છે. તમારે શું કરવાનું છે એ બંને સાંભળી લો.’

સોમલ અને શ્વેતાએ એકબીજા સામે જોયું. મા-દીકરો બંને નહોતા ઇચ્છતા કે હવે આ યુદ્ધ લાંબુ ચાલે. સોમલે એક ક્ષણ માટે ઊંડો શ્વાસ લીધોઃ

હું કંઈ નહીં કરું, ડૅડ... એન્ગેજમેન્ટ પણ નહીં અને બીજું કોઈ નાટક પણ નહીં.’

‘ભલે! જેવી તારી ઇચ્છા.’ એણે શ્વેતા સામે જોયુંઃ

‘મારી પાસે આપઘાત સિવાય બીજો કોઈ રસ્તો નહીં રહે.’

‘આ તમે શું બોલો છો?’

‘ડૅડ, આ બ્લેકમેઇલ છે.’

‘જે છે તે આ છે.’ એણે શ્વેતા સામે જોયુંઃ

‘માથું ઝુકાવીને જીવવા કરતાં માથું કપાવી નાખવું વધુ અનુકૂળ પડશે મને. કમ સે કમ સમ્માનથી મરી તો શકીશ.’ નિખિલે નાટકીય રીતે અવાજ ગળગળો કરી નાખ્યોઃ

‘પછી તારે જે કરવું હોય તે કરજે. મારે દેખવું નહીં ને દાઝવું નહીં.’

‘આ... આ...’ શ્વેતાને શબ્દો સૂઝતા નહોતા.

‘આવતી કાલે સવારે આપણે આરોહીના ઘરે બ્રેકફાસ્ટ કરવા જવાનું છે. એન્ગેજમેન્ટની તારીખ આવતી કાલે નક્કી થઈ જશે. ફરી એક વાર આખાય દેશના મીડિયાની નજર નિખિલ શ્રોફના ઘર પર મંડાય એવું કંઈક ગોઠવવું પડશે મારે.’

‘હું આ નહીં થવા દઉં.’ સોમલ ડ્રોઇંગ રૂમની બહાર જવા ફર્યો.

પોતાનો ગ્લાસ ચૅરની બાજુમાં મૂકેલા આરસના ટોપવાળા એન્ટિક ટેબલ પર પછાડીને નિખિલ ઝટકાથી ઊભો થઈ ગયોઃ

‘શ્વેતા, તારા દીકરાને સમજાવી દે. અત્યાર સુધી એણે મારાં લાડ જ જોયાં છે. નિખિલ શ્રોફ એક વાર વિફરે તો શું કરી શકે છે એનો ખ્યાલ આપી દેજે તારા કુંવરને.’

દરવાજાના બારસાખમાં ઊભેલા સોમલને ઘસાઈને નિખિલ બહાર ચાલી ગયો. ત્યાં ઊભેલાં સોમલ અને શ્વેતા એકબીજા સામે જોતાં રહ્યાં.

‘એક વાત કહું?’ ડરતાં ડરતાં સોમલની પાસે આવીને શ્વેતાએ એના ખભે હાથ મૂક્યોઃ

‘હમણાં તો તારા ડૅડ કહે એમ કર. ક્યાંક સાચે જ એ તાયફો કરશે તો કારણ વગર આપણે બધાં...’

‘મોમ! મારી જિંદગીનો સવાલ છે. મારી જ શું કામ, આરોહીની જિંદગી પણ દાવ પર લગાડવાનો શો અધિકાર છે આપણને?’

‘તારા ડૅડની જીદ સામે કોઈ લોજિક નહીં ચાલે બેટા.’ શ્વેતાની આંખો ભરાઈ આવીઃ

‘ક્યાંક સાચે જ એ કંઈ કરી બેસશે તો...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તું એમની વાત માને છે, મોમ? તું?’ સોમલ ગુસ્સે થઈ ગયો:

‘એ ધમકી આપે છે... આપણને ઇમોશનલ બ્લેકમેઇલ કરે છે.’

‘બેટા, એ ગુસ્સામાં કંઈ પણ કરી શકે છે.’ શ્વેતાએ લગભગ આજીજી કરતી હોય એમ કહ્યું:

‘હમણાં એ કહે છે એમ કર, પછી હું એમને મનાવી લઈશ.’

સોમલે ગુસ્સાથી એની સામે જોયું,:

હું વચન આપું છું. પ્લીઝ બેટા, મારે ખાતર...’

શ્વેતાની આંખોમાં જે યાચના હતી એ સોમલથી સહન ન થઈ. એ માને ભેટી પડ્યો. એની આંખો પણ સહેજ ભીની થઈ ગઈ. કંઈ જ બોલ્યા વિના એણે જે રીતે શ્વેતાની પીઠ પર હાથ ફેરવ્યો એનાથી શ્વેતાને સમજાઈ ગયું કે સોમલ આ સમાધાન કરવા કમને પણ તૈયાર થયો છે.

એ આખી રાત સોમલ ઊંઘી શક્યો નહીં. ઘર છોડીને ચાલી જવાથી આ સમસ્યા ઊકલે એવી નહોતી એટલું એને સમજાઈ ગયું હતું. નિખિલ ધમકી આપતો હતો એવું જાણવા છતાં એની અંદર એક ભય ઘર કરી ગયો હતો.

રાત્રે લગભગ દોઢ-બે વાગ્યા સુધી જાગ્યા પછી એણે ગાડી બહાર કાઢી. દરેક વખતે જેમ પહોંચી જતો હતો એમ જ એ નેહાના ઘરે પહોંચી ગયો.

‘અત્યારે?’ ઊંઘરેટી આંખો સાથે નેહાએ દરવાજો ખોલ્યો:

‘શું છે હવે... તારા બાપે કાઢી મૂક્યો કે શું?’

‘શટઅપ. કોફી બનાવ અને મારી વાત સાંભળ...’

સોમલ સીધો કિચનમાં જઈને એ કિચનના પ્લેટફોર્મ પર બેસી ગયો. નેહાએ મોઢું ધોઈને કોફી બનાવતાં બનાવતાં સોમલની આખી વાત સાંભળી લીધી.

વાત પૂરી થઈ પછી બંને ખાસ્સી વાર ચૂપચાપ બેસી રહ્યાં:

‘લુક, હું જ્યાં સુધી સમજી શકું છું ત્યાં સુધી તારા ડૅડને આ લગ્ન કરાવવામાં રસ નથી. ચાલવા દે જેમ ચાલે છે તેમ.’

‘વ્હોટ?’ સોમલ ઉશ્કેરાઈ ગયો:

‘તું પણ?’

‘બળાત્કારમાંથી બચવાનો કોઈ રસ્તો ના હોય તો પછી એને એન્જોય કરી લેવાનો.’ નેહાએ સાવ બેફિકરાઈથી ખભા ઉછાળ્યા.

‘હવે આ યુદ્ધ એકનો ભોગ લઈને જ પૂરું થશે.’

‘ભોગ લઈને?’

‘હા સોમલ, કાં તો તારા પિતાએ હથિયાર નાખી દેવાં પડશે અને કાં તો દેવરાજસિંહ ઝાલાએ તૂટીને ઘૂંટણિયે પડવું પડશે. થઈ જવા દે.’

નેહાએ એકસાથે બે સિગારેટ સળગાવી, પોતાની સિગારેટનો કશ લઈ બીજી સિગારેટ સોમલ તરફ લંબાવી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હવે જે થાય તે થઈ જવા દે. ક્યાંક ને ક્યાંક પહોંચીને પૂરું થવું જોઈએ આ.’

‘તને લાગે છે કે પૂરું થશે?’

‘હવે કોઈ ચોઈસ જ નથી રહી, સોમલ. આ યુદ્ધ હવે થોડા દિવસમાં પૂરું થશે, પણ આનો અંત મહાભારતના યુદ્ધ જેવો આવશે. જીતનારા પણ ઉત્સવ ઊજવવાના મૂડમાં નહીં રહે.’

‘હું આ કોઈ પણ રીતે અટકાવવા માગું છું.’

‘પ્રયત્ન છોડી દે. તું કંઈ કરી શકે એમ નથી.’ નેહાના અવાજમાં એક અલગ જ ઉદાસીનતા હતી:

‘જાણે-અજાણે આ બધું તારે લીધે શરૂ થયું એ સાચું, પણ હવે એ પૂરું કરવાની તારી તાકાત નથી.’

‘તો?’

‘તો ચૂપ રહે. તમાશો જો.’ નેહાએ નજીક જઈને એના વાળમાં હાથ ફેરવ્યો:

‘તારો વારો આવે–તને તક મળે ત્યારે ચૂપચાપ નીકળી જજે.’

એ આખી રાત સોમલ અને નેહા વાતો કરતાં રહ્યાં. બાળપણથી લઈને આજ સુધી સોમલને પિતા સાથે મતભેદો રહ્યા હતા, પરંતુ નિખિલના આજના વ્યવહારથી સોમલ મનોમન પોતાના પિતાથી સાવ જ અલગ થઈ ગયો હતો. મતભેદ આજે મનભેદમાં પલટાઈ ગયો હતો. પોતાના અહંકારમાં મુસ્તાક નિખિલને એવી કલ્પના પણ નહોતી કે એ દુશ્મનને કચડી નાખવાની આંધળી દોટમાં પોતાના સગા દીકરાને ખોઈ ચૂક્યો હતો.

*

બીજે દિવસે સવારે આરોહીનાં માતાપિતાની સાથે બ્રેકફાસ્ટ લેતી વખતે નિખિલ શ્રોફે નેક્સ્ટ વીકએન્ડમાં એન્ગેજમેન્ટની તારીખ નક્કી કરી નાખી. આજે ગુરુવાર હતો. આવતા ગુરુવારે સાંજે જે. ડબલ્યુ. મેરિયટમાં નિખિલ શ્રોફના દીકરાના વિવાહ શ્રીમતી અને શ્રી પદ્મકાંત પરીખની દીકરી સાથે નક્કી કરી લેવામાં આવ્યા.

ત્યાં હાજર હોવા છતાં શ્વેતા જાણે અન્યમનસ્કની જેમ ચૂપચાપ બેઠી રહી. આરોહીનાં મમ્મી શીલાબહેને બે-ત્રણ વાર પૂછી નાખ્યું:

‘કેમ, તમારી તબિયત સારી નથી?’

‘ના ના, એવું કંઈ નથી.’ શ્વેતાએ બે વાર એ વાતને ટાળ્યા પછી નિખિલે શ્વેતાની સામે આંખો કાઢી.

નિખિલે હસીને વાત બદલવાનો પ્રયત્ન કર્યો:

‘અફસોસ થાય છે એને. આટલી સરસ પુત્રવધૂ છોડીને પેલી મિડલ ક્લાસ બેવકૂફ છોકરીને સ્વીકારવાનો...’

‘જે થવાનું હતું એ થઈ ગયું.’ પદ્મકાંત પરીખે વાતનો દોર હાથમાં લેતા કહી નાખ્યું:

‘સોમલ અને આરોહી બંને તો મેઇડ ફોર ઇચ-અધર છે. સોમલ જર્મની ગયો ત્યારે આરોહી ડિપ્રેશનમાં જતી રહેલી. અમને તો ચિંતા થતી હતી કે...’

‘એની વે, હવે તો બધું બરાબર થઈ ગયું ને? ગોડ ઇઝ ગ્રેટ.’

એક તરફ, આવી અર્થહીન વાતચીતો સાથે અહીં એક સંબંધ જોડવાનો તખતો ગોઠવાતો હતો ત્યારે બીજી તરફ ચોવીસ કલાક પ્રી-પોન્ડ કરાયેલો પ્લાન દેવરાજસિંહના પ્રોજેક્ટની સાથે સાથે એમની પ્રતિષ્ઠા અને કંપનીને તોડી પાડવા માટે આગળ ધપી રહ્યો હતો.

પ્લાન ચોવીસ કલાક વહેલો અમલમાં આવવાનો હતો. મનોજ એનાથી અજાણ હતો. નિખિલને પણ આનાથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અજાણ રખાયો. એ ડબલ ક્રોસ કરે છે એવું જાણ્યા પછી ગુલાબસિંહ કોઈ ચાન્સ લેવા નહોતા માગતા.

દાદા અને પૌત્રએ મળીને પરફેક્ટ પ્લાનિંગ કરી નાખ્યું.

ગુરુવારે સવારે અડધા તૈયાર થયેલા બિલ્ડિંગમાં ન દેખાય એ રીતે ડિટોનેટર્સ ગોઠવી દેવામાં આવ્યાં. મજૂરો કામે ચડે તે પહેલાં બિલ્ડિંગનું ઇન્સ્પેક્શન કરવાના બહાને જઈને આ કામ અભિમન્યુએ જાતે પૂરું કર્યું. હજી કામ કરનારાઓને આવવાની વાર હતી એટલે મજૂરોની ગેરહાજરી તરફ અભિમન્યુનું ધ્યાન જ ગયું નહીં.

બીજી તરફ, પોતાના પ્લાન મુજબ મનોજ અને સુધીરે મજૂરોને ત્યાંથી ખસેડી નાખ્યા. એમના સામાન સહિત એમને બીજી સાઇટ પર જવાનું કહીને મનોજે બિલ્ડિંગ અને આસપાસનો વિસ્તાર ખાલી કરાવી દીધો. એણે મજૂરોને કહ્યું કે, આપણા સાહેબ દેવરાજસિંહ ઝાલાએ તમને બીજી સાઇટ પર જવાનો હુકમ કર્યો છે.

મનોજ સંઘવી કોર્પોરેશનનો અગત્યનો માણસ હતો. દેવરાજસિંહનો ખાસ માણસ હતો એવી સૌને જાણ હતી એટલે એનું કહ્યું માનીને ગુરુવારે વહેલી સવારે મજૂરો પોતાનાં કુટુંબો સાથે ત્યાંથી નીકળીને મનોજે કહી હતી તે સાઈટ પર પહોંચી ગયા.

ગુરુવારે નક્કી થયા મુજબ મનોજ ઇલેક્ટ્રિકના વાયર છૂટા કરીને અકસ્માત સર્જાય એ રીતે ગોઠવવા ત્યાં પહોંચી ગયો.

મનોજ પોતાનું કામ કરતો હતો ત્યારે જ ડિટોનેટર્સ પોતાનું કામ પણ કરી ગયા. અડધા બાંધેલા મકાનમાં જબરદસ્ત ધડાકો થયો. ચારે તરફ ઈંટો, સિમેન્ટના ટુકડા, લાકડાંના સામાનમાં આગ લબકારા લેવા માંડી અને આખા વિસ્તારમાં હાહાકાર છવાઈ ગયો.

થોડા કલાકોમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો. સ્વાભાવિક રીતે જ પોલીસતપાસમાં ડિટોનેટર્સ મળી આવ્યા. મનોજ ચાવલાના શબની ઓળખ થઈ ગઈ અને મજૂરોએ આપેલા બયાનમાં દેવરાજસિંહે જ તેમને ત્યાંથી ખસવાના ઓર્ડર્સ આપ્યા હતા એ વાતની જાણ પણ પોલીસને થઈ. આ પ્રોજેક્ટના પાર્ટનર દેવરાજિસંહ તથા નિખિલ શ્રોફ વચ્ચે થયેલા કૌટુંબિક કલહની વાત પણ બહાર આવી.

મનોજ ચાવલાનું મૃત્યુ નિખિલ શ્રોફ માટે લોટરી બની ગયું. એણે દેવરાજસિંહ ઝાલાનું રેકોર્ડિંગ રજૂ કરીને સ્ટેટમેન્ટ આપ્યું કે મનોજ ચાવલા બધું જ જાણતો હતો. એ પોતાની પાસે આ બધું રોકવા માટે વિનંતી લઈને આવ્યો હતો. પોતે કંઈ કરી શકે એ પહેલાં તો દેવરાજસિંહે બધું ગોઠવીને ઇન્સ્યોરન્સ કંપની પાસેથી પૈસા પડાવવા માટે આ નાટક રચ્યું. દેવરાજસિંહ જાણી ગયા હતા કે મનોજ એમને નડવાનો છે એટલે એમણે મનોજનો પણ કાંટો કાઢી નાખ્યો...

દેવરાજસિંહ કશું સમજે કે પોતાને માટે આગોતરા જામીનની વ્યવસ્થા કરી શકે એ પહેલાં ખૂન અને છેતરપિંડીના ગુના હેઠળ એમની ધરપકડ કરવામાં આવી.

*

દેવરાજસિંહની ધરપકડની મોડી રાતે બે પેગ પેટમાં ગયા બાદ નિખિલ શ્રોફે પોલીસ ડિપાર્ટમેન્ટમાં પાળી રાખેલા એક વરિષ્ઠ ઓફિસરને ફોન જોડ્યો

'તોડી નાખજો એને લોકઅપમાં. એક એક ફટકાના રૂપિયા ચૂકવીશ!'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 36

લોકઅપમાં બોતેર કલાક ગાળ્યા પછી માંડ માંડ દેવરાજસિંહને દસ મિનિટ મળવાની રજા મળી હતી.

ગુરુવારે સાંજે બિલ્ડિંગ ઊડ્યું, શુક્રવારે સવારે દેવરાજસિંહ ઝાલાની ધરપકડ થઈ... એ પછીના શનિ-રવિ એમને પોલીસકસ્ટડીમાં જ રાખવામાં આવ્યા. સોમવારની સવારે જ્યારે દાદા અને પૌત્રએ દેવરાજસિંહને લોકઅપમાં જોયા ત્યારે આંખો નીચે કાળાં ચકામાં, કમરેથી ઝૂકીને લંગડાતા ચાલી રહેલા દેવરાજસિંહ માંડ માંડ બેઠા થઈને લોકઅપના સળિયા સુધી પહોંચ્યા.

અંધારિયા લોકઅપમાં એક ખૂણામાં ખુલ્લું ટોઇલેટ હતું. બહારનાનું પણ માથું ફાટી જાય એવી એની દુર્ગંધ હતી. ચારે તરફ બીડી-સિગારેટનાં ઠૂંઠાં હતાં. પાન-ગૂટખાની પિચકારીથી દીવાલો ચીતરાઈ ચૂકી હતી. ત્રણેક જણ આડા પડીને વાતો કરતા હતા. બાકીના આઠ-દસ જણ સાંકડી લોકઅપમાં સાંકડમુંકડ ફર્શ પર અથવા તો દીવાલને એક ખૂણે ટૂંટિયું વાળીને આડા પડ્યા હતા. ત્યાંથી ઊભા થઈને લગભગ દસ ફૂટનું અંતર કાપતાં એમને ખાસ્સી વાર લાગી. એમની એ સ્થિતિ જોઈને કોઈને પણ ખ્યાલ આવી જાય કે લોકઅપમાં પોલીસે એમને ઊલટતપાસ દરમિયાન ફટકાર્યા હશે.

નિખિલે શ્રોફે એમને ફટકારવા ઉપરાંત ઉપરથી વગ વાપરીને એવુંય દબાણ કર્યું હતું કે દેવરાજસિંહનો વકીલ હજુ જામીન મેળવી નહોતો શક્યો. શ્રદ્ધાબહેનના સંતોષ ખાતર અભિમન્યુ દોડાદોડી કરતો હતો, પરંતુ એને પણ મનોમન જાણ હતી કે પિતાના જામીન થવાના નથી.

અભિમન્યુને જાણ ન થાય તેમ નિખિલ અને ગુલાબસિંહ એકબીજાના સંપર્કમાં હતા. અહીં જે કંઈ બને તેની રજેરજ માહિતી ગુલાબસિંહ સામેના પક્ષને પહોંચાડતા રહ્યા હતા.

પિતા દેવરાજસિંહની હાલત જોઈને અભિમન્યુની હિંમત તૂટી ગઈ., પણ ગુલાબસિંહના અંતરમાં એક વિચિત્ર ટાઢક થઈ. પોતાનો સગા દીકરાને આ રીતે પોલીસના લોકઅપમાં માર ખાધેલો જોયા પછી ખરેખર તો બાપનું કાળજું કંપી જવું જોઈએ. એને બદલે ગુલાબસિંહ મનોમન રાજી થયા.

જોકે એમણે એ વાત એમના વર્તનમાં દેખાવા ના દીધી.

'અરેરે... માણસાઈ જેવું કંઈ છે કે નહીં? કોઈ પૂછનારા જ નથી કે શું?'

ગુલાબસિંહે હાથ લંબાવીને સળિયાની પાછળ ઊભેલા દેવરાજસિંહના માથે હાથ ફેરવ્યો. છ ફૂટ ઊંચા, સિંહ જેવા આ માણસની આંખમાં પિતાના સ્પર્શથી આંસુ આવી ગયાં.

'બાપુ, અમે અમારાથી બનતા પ્રયત્નો કરીએ છીએ, પણ નિખિલ શ્રોફ તમારા જામીન થવા દેતો નથી.' અભિમન્યુએ પણ પિતાને સધિયારો આપવાનો પ્રયત્ન કર્યો.

'બેટા, કંઈ પણ કરો, મને અહીંથી બહાર કાઢો. આ લોકો તો મારો જીવ લઈ લેશે.'

દેવરાજસિંહ ભાંગી પડ્યા, 'જુઓ, કેવી રીતે ફટકાર્યો છે... પાણી માગું છું તોય કલાકે આપે છે. રાડો પાડી પાડીને ગળું બેસી જાય છે મારું, પણ ગાંઠતા નથી.'

'દેવલા, નિખિલ શ્રોફ બરાબરનો ભૂરાયો થયો છે. પોલીસખાતામાં છુટ્ટા હાથે પૈસા વેર્યા છે. મને તો ડર છે કે ઇન્સ્યોરન્સ કંપનીના માણસોને પણ ખરીદી લેશે.'

'જિંદગીમાં કોઈ દિવસ ખોટું કામ નથી કર્યું, કોણ જાણે કેમ મને આ કમતિ સૂઝી... એમાં પેલો મનોજ એ જ ટાઇમે અંદર કોણ જાણે શું લેવા ઘૂસ્યો હતો...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હશે, કાળ ખેંચી લાવે છે.’

‘પણ મારા જ બિલ્ડિંગમાં શું કામ?’ ધ્રૂસકે ચઢેલા દેવરાજસિંહે હાથ જોડ્યાઃ

‘બાપુ, તમારા પગે પડું. જેટલા રૂપિયા વેરવા પડે એટલા વેરો, જે કરવું પડે એ કરો, પણ મને અહીંથી બહાર કાઢો.’

‘કરીએ છીએ બેટા, કરીએ છીએ.’

એ પછી થોડી વ્યવહારિક વાતો કરીને અભિમન્યુ અને ગુલાબસિંહ બહાર નીકળ્યા ત્યારે અભિમન્યુ સહેજ ઢીલો પડી ગયો હતો. આ બધી રમત શરૂ કરી ત્યારે એને આવી ભયાનકતાની કલ્પના નહોતી. ત્રણ દિવસમાં પિતાની જે હાલત હતી એ જોઈને અભિમન્યુ નખશિખ ધ્રૂજી ગયો હતો. એ પિતાને તકલીફ આપવા માગતો હતો એ સાચું, પરંતુ અત્યારે પિતાને જોયા પછી એને સમજાયું હતું કે એણે કયા કુંડાળામાં પગ મૂકી દીધો હતો.

‘દાદાજી, આપણે બાપુને જામીન પર બહાર તો કાઢવા જ જોઈએ. નિખિલ રૂપિયા ખર્ચે તો આપણે પણ ભિખારી નથી.’ એનો અવાજ સહેજ ગળગળો થઈ ગયો.

‘મૂરખ જેવી વાત ન કર. નિખિલ આપણા પક્ષમાં છે. એની સામે પડાતું હશે?’

‘મારા બાપને મરવા છોડીને નિખિલને સાથ આપું?’

‘એ મરી નહીં જાય. પોલીસ લોકઅપમાં એમનીયે જવાબદારી છે. એમ કંઈ મરવા દેતા હશે?’

ગુલાબસિંહે ગાડીમાં બેસીને ઠંડે કલેજે પાણીની બોટલ ખોલીને ઘૂંટડો ભર્યો.

અભિમન્યુ ઉશ્કેરાઈ ગયોઃ

‘તેલ પીવા ગયો નિખિલ, હું મારા બાપુના જામીન કરાવીશ. ગમે તેટલા રૂપિયા થાય, પણ બાપુ મને કાલ સવારે બહાર જોઈએ.’

‘ગાલાવેલો થા નહીં. માંડ માંડ બાજી ગોઠવાઈ છે. હવે ઉલાળિયો કરીને ઉપાધિ ન કરતો.’

‘પણ, દાદાજી...’

‘સાવજ, જે થવાનું હતું તે બધું થઈ ગયું. હવે નહીં મારે તારા બાપને. આપણે કહી દઈએ નિખિલને.’

‘એને શું કામ કહેવું પડે?’ અભિમન્યુ હજુ અવઢવમાં હતો.

‘જો, આખું પોલીસખાતું એના ખિસ્સામાં છે. આપણે એની પાસે જઈને કહેવું તો પડે ને?’ ગુલાબસિંહે અભિમન્યુના માથે હાથ ફેરવ્યોઃ

‘હું તારું દુઃખ સમજું છું. મારું જ લોહી છે. મારું કાળજું નહીં કપાતું હોય? પણ આ ઘડીએ તો નીચું માથું રાખીને ખાયણીમાં ઘા ગણ્યા સિવાય બીજો કોઈ રસ્તો છે? કહે મને.’

એમણે ખૂબ ચાલાકીપૂર્વક આ સવાલ અભિમન્યુની સામે મૂક્યો હતો. એ અભિમન્યુના મગજમાં એવું ઠસાવી દેવા માગતા હતા કે નિખિલની પહોંચ સામે એમના રૂપિયા કામ નથી લાગવાના.

‘પણ દાદાજી, નિખિલ માનશે?’ અભિમન્યુએ હથિયાર નાખી દીધાં.

‘ચાલને, હાથના કંકણને વળી આરસીમાં ક્યાં જોવા છે? હમણાં જ પૂછી લઈએ.’

એક ક્ષણ વિચારીને અભિમન્યુની ગાડીએ તરત યુ-ટર્ન લીધો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

*

નિખિલ પોતાની શતરંજ બિછાવીને બેઠો હતો. એક તરફ એણે એકમાત્ર સાક્ષી મનોજને ખતમ કર્યો તો બીજી તરફ એણે ધાકધમકીથી સોમલને સગાઈ કરવા માટે મજબૂર કર્યો હતો. મા-દીકરાની મરજી વિરુદ્ધ એણે જોરશોરથી સગાઈની તૈયારીઓ કરી દીધી. શહેરના જાણીતા લોકોને નિમંત્રણ પાઠવ્યાં હતાં, જેને કારણે શહેરના ખાસ કહેવાય તેવાં ઘરોમાં સોમલની સગાઈના સમાચારથી ચર્ચા શરૂ થઈ ગઈ હતી. હજી તો કેસરની ચિતાની રાખ ઠરી પણ નહોતી ત્યાં સોમલની સગાઈના સમાચાર આવવાથી જે લોકો સોમલ અને આરોહીના સંબંધ વિશે જાણતા હતા તેમણે તો આપઘાતના કારણ વિશે મનોમન બે ને બે ચાર ગણી પણ કાઢ્યા.

આ દરમિયાન શ્વેતા ઉપર પેજ-થ્રીના એના હાઈફાઈ સોસાયટી સર્કલમાંથી ફોન આવવાના શરૂ થઈ ગયા હતા, એ લોકોએ હસતાં હસતાં દાઢમાંથી એને ઠંડા ડામ દીધા હતા. શ્વેતા મનોમન ખૂબ દુઃખી હતી, તો બીજી તરફ સોમલનું મગજ ગુસ્સાથી ફાટતું હતું. જે કંઈ ચાલી રહ્યું હતું એ વિશે એની નારાજગી એ દરેક નાની વાતમાં વ્યક્ત કરતો હતો.

એ બે દિવસથી ઓફિસ નહોતો ગયો, બલકે ઘરની બહાર સુધ્ધાં નહોતો નીકળ્યો. પોતાના રૂમનું બારણું બંધ કરીને અંદર ભરાઈ બેઠો હતો. ચા-નાસ્તો અને ડિનર એણે પોતાના રૂમમાં જ કરી લીધાં. બેએક વાર શ્વેતાએ એના રૂમમાં દાખલ થવાનો પ્રયત્ન કર્યો ત્યારે સોમલે અંદરથી કહી દીધું હતું

'મારે કોઈને મળવું નથી.'

એટલું ઓછું હોય એમ આરોહીનાં મમ્મી-પપ્પા ઉત્સાહના માર્યા ફોન પર ફોન કરતાં હતાં. મેનુ માટે, દાગીના માટે અને બીજી વિગતો માટે... એમના ફોન રિસિવ કરી કરીને શ્વેતા થાકી-કંટાળી ગઈ હતી.

આરોહીએ આ બે દિવસમાં સોમલ સુધી પહોંચવાના અથાગ પ્રયત્નો કર્યા હતા. લેન્ડલાઇન પર, એના સેલ પર ફોન કરીને થાક્યા પછી એ બે વાર ઘરે આવી હતી, પરંતુ સોમલે એના રૂમનું બારણું ઉઘાડવાની સ્પષ્ટ ના પાડી હતી. રડીને, ધમપછાડા કરીને થાક્યા પછી આરોહી પોતાની ફરિયાદ લઈને નિખિલની ઓફિસે પહોંચી હતી.

'બધું ઠીક થઈ જશે. આને ત્રાગાં કહેવાય, કરી લેવા દે.'

'પણ ડૅડી, છેલ્લી ઘડીએ નહીં આવે તો?'

'એ તો શું, એનો બાપ પણ આવશે.'

નિખિલે જે રીતે હસીને કહ્યું એનાથી આરોહીને એક જાતનો સંતોષ થયો હતો, પણ એ સોમલને જે રીતે ઓળખતી હતી એટલે એટલી ખબર હતી કે જો સોમલનું મગજ ફટકે તો એનો બાપ પણ એની પાસે મરજી વિરુદ્ધ કશું કરાવી શકે નહીં.

એક વાર સોમલને ખોઈ ચૂકેલી આરોહી હવે બીજી વાર કોઈ ગરબડ ન થાય એ વિશે એકદમ સજાગ હતી.

'ડૅડી, એક વાર એની સાથે મારી વાત કરાવો. એ હા પાડશે પછી હું...'

'એ અત્યારે હા નહીં પાડે આરોહી, સગાઈને હજુ પાંચ દિવસની વાર છે. તું શાંતિ રાખ.'

'કંઈ ગરબડ થશે તો મારાં મમ્મી-પપ્પા...'

'કોઈ ગરબડ નહીં થાય, બેટા... તને મારામાં વિશ્વાસ છે કે નથી?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'વિશ્વાસ તો છે.' આરોહીએ અચકાતા અવાજે કહેવું પડ્યું.

'તો બસ, બધું મારા પર છોડીને તું તારી તૈયારી કર.' નિખિલે રિવોલ્વિંગ ચેર એવી રીતે ફેરવી કે જાણે કહેતો હોય:

વાત પૂરી થઈ ગઈ, તું જઈ શકે છે.

આરોહી બહાર નીકળતી હતી કે એણે ઓફિસના પેસેજમાં સામેથી આવતા ગુલાબસિંહ અને અભિમન્યુને જોયા. ટેલિવિઝન પર વારંવાર જોયેલા આ બંનેના ચહેરા આરોહીને બરાબર યાદ હતા. એ બંનેને અહીં જોઈને આરોહી ચોંકી.

'તમે... તમે અહીં?'

ઉશ્કેરાયેલી આરોહીની અસલામતી ઊછળી આવી. આ લોકો હજીયે કેસરની વાત લઈને આવ્યા હશે એ વિચારમાત્ર એને માટે ખળભળાવી મૂકનારો હતો.

'છોકરી, તું કોણ છે?' ગુલાબસિંહે તોછડાઈથી પૂછ્યું.

'હું સોમલની ફિયાન્સે છું.'

'ફેન્સી? કાકાની દીકરી કે મામાની?' ગુલાબસિંહે સમજ્યા વગર પૂછ્યું.

અભિમન્યુ અંગ્રેજી સમજ્યો. છેલ્લા બે દિવસથી એના કાને પણ નાની-મોટી ગોસિપ તો અથડાતી રહી હતી:

'આરોહી વોરા?'

'જી.' એના ચહેરા પર ગર્વ આવી ગયો. કેસરનો ભાઈ પોતાને ઓળખે છે એ વાતથી એને જરા સારું લાગ્યું:

'અમારી સગાઈ થવાની છે.'

'સોમલ સાથે?' ગુલાબસિંહે એને પગથી માથા સુધી જોઈ.

'નહીં તો કોની સાથે?' આરોહીએ પોતાના નાજુક ખભા સહેજ ઉલાળ્યા. એણે સ્ટાઇલમાં અભિમન્યુ સામે જોયું:

'હવે અહીંયાં ધક્કા ખાવાનો અર્થ નથી. તમારી બહેન જીવે છે એવી અફવા ફેલાવીને હવે તમને કંઈ ફાયદો નથી.'

'અફવા? અમે શું કામ ફેલાવીએ?' ગુલાબસિંહે પૌત્રનો હાથ દાબ્યો, પણ અભિમન્યુ આવી રૂપાળી અને સ્ટાઇલિશ છોકરીનું અપમાન સહન કરી શક્યો નહીં:

'અમને એવી અફવા ફેલાવવામાં ઇન્ટરેસ્ટ પણ નથી.'

'તો અહીંયાં શું કામ આંટા મારો છો?'

'અમારે સત્તર કામ હોય, તમારી જેમ બ્યૂટીપાર્લર અને મોલના ચક્કર નથી મારવાનાં અમારે.'

'એ કરવા માટે પણ રૂપિયા જોઈએ.' આરોહીએ એક ઝન્નાટેદાર થપ્પડની જેમ અભિમન્યુને બોલતો બંધ કરી દીધો:

'સોનાનાં ઈંડાં આપતી મરઘી તો મરી ગઈ. તમને એમ હતું કે નિખિલ શ્રોફના ઘરેથી રોજ એક સોનાનું ઈંડું મોકલાવશે તમારી બહેન, પણ સોરી!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પૅસેજની બરાબર વચ્ચોવચ્ચ ઊભેલા દાદા અને પૌત્રની તરફ જોઈને એણે શ્રીમંત તોછડાઈથી કહ્યું: 'એક્સક્યુઝ મી.'

અભિમન્યુ સહેજ ખસ્યો એટલે લગભગ એને ઘસાઈને એ પસાર થઈ ગઈ.

એના પરફ્યૂમની સુગંધ વાતાવરણમાં તરવરતી રહી ગઈ. અભિમન્યુ પાછળ ફરીને એને જતી જોઈ રહ્યો. ગુલાબસિંહ પૌત્રને આવો અવાક થયેલો જોઈને સહેજ હસ્યા:

'લાલ મરચા જેવી છોડી છે. સિસકારા બોલી જાય, પણ ખાવાનું છોડાય નહીં.'

અભિમન્યુએ દાદા સામે જોયું:

'સોમલ હવે આની જોડે પરણવાનો છે.'

'લગન નહીં થાય.'

અભિમન્યુ નવાઈથી દાદા સામે જોઈ રહ્યો:

'હમણાં તો નિખિલને બધા મોરચેથી તારા બાપને મારવો છે એટલે દક્ષિણ દિશાનો દરવાજો ખોલીને જે પહેલી દેખાઈ એના પર કળશ ઢોળી દીધો છે. આ છોડીનાં લખણ નથી લગન કરવાનાં. પગ ધરતી પર નથી ને નજર આકાશમાં છે. ઊંધે મોઢે પછડાશે.'

સહેજ હસીને ગુલાબસિંહ ડાબી બાજુની ચેમ્બરનો દરવાજો ખોલીને દાખલ થઈ ગયા. અભિમન્યુ હજુ ત્યાં જ ઊભો હતો. એને અચાનક ખ્યાલ આવતાં એ પણ પાછળ પાછળ દાખલ થયો.

'પધારો...'

નિખિલ રિવોલ્વિંગ ચેર પર રાબેતા મુજબ ડાબે-જમણે ફરવા લાગ્યો.

'તમારી વહુને મળ્યા, બહાર...'

ગુલાબસિંહ ખુરશી ખેંચીને ગોઠવાઈ ગયા. કોઈ ઔપચારિકતા વગર એમણે આ વાત શું કામ શરૂ કરી એ વિચારમાત્રથી અભિમન્યુ ચિડાઈ ગયો, પરંતુ ગુલાબસિંહ ઠંડકથી વાત કરતા હતા:

'રૂપાળી છે, પણ દાધારંગી છે.'

'આપણે એવી જ જોઈએ. શતરંજનાં મહોરાં પોતે જ ચાલાક હોય તો પછી ખેલાડીએ શું કરવાનું?'

'વાત તો સાચી સાહેબ, પણ મહોરાં એટલાં મૂરખાંયે ન હોવાં જોઈએ કે ખેલાડી ફસાઈ જાય.'

'મહોરાંએ તો મરવાનું નક્કી જ છે...'

'એટલે જ કહું છું સાહેબ, એ ત્યારે મરવું જોઈએ જ્યારે આપણને વધારેમાં વધારે ફાયદો થાય!'

'અહીં કેમ આવ્યા છો?'

'મારો પૌત્ર જરા ગભરાઈ ગયો છે.'

ગુલાબસિંહને જોઈને અભિમન્યુને આશ્ચર્ય થતું હતું. પિતાની હાલત જોયા પછી પણ આ માણસ આટલી ઠંડકથી કઈ રીતે વર્તી શકતો હતો એ વિચાર એને અકળાવતો હતો:

'એ આટલો બધો ડરી ગયો છે કે તમે દેવલા સાથે જરા વધારે પડતી કડકાઈ કરી છે.'

'હજી તો કંઈ કર્યું જ નથી...' નિખિલનો ચહેરો ક્રૂર થઈ ગયો. એની આંખો બદલાઈ ગઈ, નાકનાં ફણાં ફૂલી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ગયાં, જડબાં તંગ થઈ ગયાં:

'તમે આને કડકાઈ કહેતા હો તો ભલાઈ શાને કહેશો?'

'એય...' અભિમન્યુ ટેબલ પર હાથ પછાડીને ઊભો થઈ ગયો:

'જો હવે મારા બાપને હાથ લગાડ્યો છે તો...'

એનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ નિખિલે સ્વસ્થતાથી પૂછ્યું:

'તો? તો તું શું કરીશ, બેટા?'

ગુલાબસિંહે ટેબલ પર મુકાયેલા નિખિલના હાથ પર હાથ મૂકી દીધો:

'બસ થયું સાહેબ, હવે વેર પૂરું કરીએ.'

'તમે કહો એટલે શરૂ કરવાનું ને તમે કહો એટલે પૂરું? કોની સાથે વાત કરો છે એ ખબર છે તમને?'

નિખિલે ચપટી વગાડી:

'ચલો ઊભા થાવ.' દાદો અને પૌત્ર બંને ડઘાઈ ગયા:

'ચાલીને જશો કે સિક્યોરિટીને બોલાવું?'

'સાવ આવી નફટાઈ? આ તો દગો છે.'

'યુદ્ધ અને પ્રેમમાં બધું જાયઝ છે... તમે પણ આરોહીની જેમ મહોરાં જ છો.'

થોડીક સેકન્ડમાં અભિમન્યુને સમજાઈ ગયું કે નિખિલે પોતાનું ધાર્યું કરવા માટે એમનો ઉપયોગ કરી લીધો હતો. દેવરાજસિંહને ફસાવવા માટે એના જ દીકરા અને બાપને એની સામે ઉપયોગમાં લીધા હતા આ ચાલાક માણસે.

હવે એણે હાથ ઊંચા કરી દીધા હતા. હવે એ કે દાદા કશું જ કરી શકે એમ નહોતા.

નિખિલ હસી પડ્યો:

'ડરી ગયા ને? બેસો બેસો, હું તો મજાક કરું છું.:

ગુલાબસિંહ અને અભિમન્યુને હજુયે સમજાતું નહોતું કે કયો નિખિલ સાચો હતો? ક્ષણ વાર પહેલાં એમને ચપટી વગાડીને જવાનું કહેતો નિખિલ કે હસીને હાથના ઇશારાથી એમને ફરીથી ખુરશી પર ગોઠવાઈ જવાનું કહેતો નિખિલ!

એ બાદ ખાસ્સી વારે અનેક વિનંતીઓ અને સમજાવટ પછી નિખિલ પાસે ગુલાબસિંહ અને અભિમન્યુ એટલું કબૂલ કરાવી શક્યા કે પોલીસ હવે દેવરાજસિંહ પર કોઈ હાથ નહીં ઉપાડે. એણે સાથે સાથે એ પણ કહી જ દીધું કે દેવરાજસિંહના જામીન કોઈ સંજોગોમાં નહીં થઈ શકે.

'જામીન તો નહીં થવા દઉં. મારી સાથે ઊંચા અવાજે વાત કરનારની શું હાલત થાય છે એ તો સમજાવું જોઈએ તારા બાપને.'

'એ તો એમને સમજાઈ ગયું છે. હવે લાંબું ન ખેંચો તો સારું.'

લોકઅપમાં પિતાને જોયા પછી અભિમન્યુ પીગળી ગયો હતો.

'એક વાત સમજી લો, દેવરાજસિંહ ઝાલાએ જેલમાં તો જવું જ પડશે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘છોડોને સાહેબ.’ ગુલાબસિંહે કહેવા ખાતર કહ્યું, પણ એમની અને નિખિલ વચ્ચે આ વિશે પહેલાં વાત થઈ ચૂકી હતી.

‘તારે તારા બાપની વિરુદ્ધ સાક્ષી આપવાની છે.’

‘તમે કહેશો એટલે હું આપી દઈશ, એમ?’

‘સાક્ષી આપીશ તો તારો બાપ વરસ-બે વરસમાં પાછો મળશે.’ નિખિલની રિવોલ્વિંગ ચેર ડાબે-જમણે ફરવા લાગી:

‘ને નહીં આપે તો કદાચ જેલમાંથી અગ્નિસંસ્કાર માટે જ બહાર લાવવો પડે એવું પણ બને!’

‘ધમકી આપો છો?’

અભિમન્યુ ફરી એક વાર ઊભો થઈ ગયો. ગુલાબસિંહે એનો હાથ પકડીને બેસાડી દીધો.

‘સાહેબ, સમજાવે છે, સમજી લે.’ એના અવાજમાં એક આદેશ હતો.

‘અભિમન્યુ, તારે એમ કહેવાનું છે કે આ ષડ્યંત્ર વિશે તને કશી ખબર જ નહોતી... મને ફસાવવા માટે આ બધું ઊભું કર્યું... મનોજ અંદર હતો એની કોઈને ખબર નહોતી એટલું હું ગોઠવી દઈશ.’

‘પણ હું આવું કહીશ તો બાપુ મને ક્યારેય માફ નહીં કરે.’

‘ગાંડા, પાછળથી તું રડી રડીને, એના પગ પકડીને કહી દેજે કે મેં તને મજબૂર કર્યો હતો... તારો બાપ તરત જ માની જશે. તું મારા માટે સાક્ષી આપ ને દાદાજી તારા માટે આપશે.’

અભિમન્યુને એટલો બધો ગુસ્સો આવતો હતો કે એનું ચાલ્યું હોત તો એણે નિખિલને અહીં જ એક તમાચો મારી દીધો હોત, પણ હવે... નિખિલ જે કંઈ બોલતો રહ્યો એ એણે જાત પર સંયમ રાખીને સાંભળ્યા કર્યું.

આમ છતાં જતાં જતાં એણે નિખિલ પાસે વચન લીધું કે હવે દેવરાજસિંહને હવે શારીરિક રીતે કોઈ ઈજા પહોંચાડવામાં નહીં આવે. આટલું કબૂલ કરાવતાં એમને દોઢ કલાક થયો. નિખિલે દાદા-પૌત્ર સાથે ઉંદર-બિલાડીની રમતનો ભરપૂર આનંદ લીધા પછી એમને જવા દીધા.

બહાર નીકળીને ગાડીમાં બેસતાં જ અભિમન્યુનું મગજ ફટક્યું:

‘સમજે છે શું પોતાની જાતને? ખૂન કરીશ નાખીશ, ભલે જેલમાં જવું પડે.’

‘વેરી ગુડ! પછી બાપ-દીકરો રાસડા લેજો જેલમાં.’ ગુલાબસિંહે આસ્તેથી અભિમન્યુના માથામાં ટપલી મારી:

‘ફૂંકી ફૂંકીને કરડતાં નથી આવડતું તને. ફૂંફડો મારીશ તો કચડી નાખશે.’

‘મારાથી એને મસકા નથી મરાતા...’

‘થોડો વખત મારવા પડશે બેટા, આજે જે કર્યું એવું કરવાનો હોય તો ફરી મારી સાથે નહીં લઈ જાઉં એટલું યાદ રાખજે. નિખિલની છટકશે તો તું તારા બાપને જીવતો નહીં ભાળે.’ એમણે પરિસ્થિતિની ગંભીરતા એક જ વાક્યમાં સમજાવી દીધી.

‘પણ દાદાજી, આવું ક્યાં સુધી ચાલશે?’

‘તારો બાપ નિર્દોષ ન છૂટી જાય ત્યાં સુધી!’

જોકે ગુલાબસિંહ મનોમન જાણતા હતા કે છટકું જે રીતે ગોઠવાયું હતું એમાં દેવરાજસિંહ નિર્દોષ છૂટી શકે એવી કોઈ શક્યતા નહોતી!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

*

બાપ-દીકરો ઘરે પહોંચ્યા ત્યારે મનોજ ચાવલાની પત્ની એના નાનકડા દીકરાને લઈને બેઠી હતી. શ્રદ્ધાબહેન લંગડાતા પગે રસોડામાંથી ચા-નાસ્તો લઈને બહાર આવ્યાં.

મનોજની પત્નીની આંખો સૂઝેલી હતી. પાતળી, એકવડિયું શરીર ધરાવતી, નમણી, સહેજ ભીને વાન છોકરી હતી. એના કમર સુધીના વાળનો એક ચોટલો વાળેલો હતો. સ્કાય બ્લૂ રંગનું સલવાર-કમીજ અને કાનમાં એક એક મોતીની બુટ્ટી સિવાય શરીર પર કોઈ દાગીનો નહોતો.

એનો પાંચેક વર્ષનો દીકરો લપાઈને માના પડખામાં બેઠો હતો. એની ભોળી-મોટી આંખોથી એ ઘર અને શ્રદ્ધાબહેનને જોઈ રહ્યો હતો. દાદા અને અભિમન્યુ દાખલ થયા એટલે મનોજની પત્નીએ ઊભી થઈને એમને નમસ્તે કર્યા.

ગુલાબસિંહ સામેના સિંગલ સોફામાં ગોઠવાયા. અભિમન્યુ કશું બોલ્યા વિના સડસડાટ સીડી ચડી ગયો.

'આ રેખા છે, મનોજની...'

'ઘરવાળી.' ગુલાબસિંહ આરામથી પગ પર પગ ચડાવીને એને વેધક દૃષ્ટિએ જોઈ રહ્યાઃ

'ઓળખું છું હું.'

'દાદાજી, તમે તો જાણો છો જે કંઈ થયું એમાં...'

'જો બહેન, તારો ઘરવાળો સામેવાળા જોડે મળેલો હતો. નમકહરામી કરી એણે અમારી સાથે.'

'હું તો કંઈ જાણતી નથી, પણ આની સામે જુઓ. એના ભણવાના અને ઘર ચલાવવાના ખર્ચા ક્યાંથી કાઢીશ હું?'

'એનો વિચાર તારા ઘરવાળાએ કરવાનો હતો. આવું કરાય? અમે એના પર પૂરો વિશ્વાસ રાખ્યો ને એણે...'

રેખા રડી પડીઃ

'તમે કહેશો એમ કરીશ, પણ પ્રોવિડન્ટ ફંડના અને બીજા પૈસા રોકશો નહીં, દાદાજી. મને અકાઉન્ટન્ટે કહ્યું કે...'

'મેં ના પાડી છે.'

શ્રદ્ધાબહેન આઘાતથી સસરા સામે જોઈ રહ્યાંઃ

'જેનો ગુનો હતો એ તો જતો રહ્યો, હવે આમને શું કામ...'

'તમને સમજ ન પડે વહુ... બિઝનેસની વાતમાં તમારે નહીં બોલવાનું.'

'આ બિઝનેસ મારા પપ્પાનો છે. હું પાર્ટનર છું!'

'હં... મને થયું જ કે હજી સુધી આ વાત આવી કેમ નહીં? તમારા પપ્પાએ રૂપિયા આપીને લંગડી દીકરી માટે જમાઈ ખરીદ્યો હતો એ તમે ભૂલતાં નથી ને અમને ભૂલવા દેતા નથી.'

'બાપુજી...' એક ક્ષણ માટે શ્રદ્ધાબહેન ગમ ખાઈ ગયાં. પછી એમણે હિંમત કરીને કહી જ નાખ્યું

'તમે જે માનો તે, પણ વિધવાના રૂપિયા રોકીને મારે હાય નથી લેવી.'

આટલું કહી એમણે રેખા સામે જોયુંઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સારું થયું તું ઘરે આવી. હું સાવજને કહી દઈશ. એ અકાઉન્ટન્ટ સાથે વાત કરી લેશે.’

‘હું એના પૈસા નહીં આપું!’

સીડી પર ઊભેલા અભિમન્યુની સામે જોતાં શ્રદ્ધાબહેનને લાગ્યું કે જાણે અભિમન્યુ એમનો દીકરો જ નથી રહ્યો.

‘આ તું શું બોલે છે, બેટા?’

‘જો એને આ રૂપિયા જોઈતા હોય તો એણે કહેવું પડશે કે આ ષડ્યંત્રમાં દેવરાજસિંહ ઝાલા સામેલ હતા એ વાતની એને ખબર હતી.’

‘શું?’

શ્રદ્ધાબહેનને પોતાના કાન પર વિશ્વાસ બેઠો નહીં:

‘તું તારા પિતા વિરુદ્ધ સાક્ષી અપાવવા માગે છે?’

‘માત્ર એ જ નહીં, હું પણ આપવાનો છું.’

‘ઈશ્વરનો ડર રાખ, બેટા.’

‘હું કોઈથી નથી ડરતો. ગુનેગારને સજા થવી જોઈએ.’

શ્રદ્ધાબહેન અવાક થઈ ગયાં. એમને સમજાયું જ નહીં કે અભિમન્યુ ખરેખર શું ઇચ્છતો હતો? એ મનોજના મૃત્યુથી દુ:ખી હતો? એ સાચે જ એના પિતાને ગુનેગાર માનતો હતો? એને આ છોકરીની દયા આવતી હતી કે પછી એ આ છોકરીને હથિયાર બનાવીને પિતાની વિરુદ્ધ વાપરવા માગતો હતો?

‘જો મા, બાપુએ આ બ્લાસ્ટનો પ્લાન બનાવ્યો એની મને તો ખબર જ નહોતી.’

અભિમન્યુ ભોળા ચહેરે સીડી ઊતરીને શ્રદ્ધાબહેન પાસે આવી ગયો:

‘જે થયું છે તે ખોટું થયું છે. નિખિલ આપણને બધાને બરબાદ કરી નાખશે. એણે શરત મૂકી છે કે જો દેવરાજસિંહ ઝાલાને જેલ થશે તો એ આપણને છોડી દેશે, પણ જો આપણે બાપુને બચાવવાનો પ્રયત્ન કરીશું તો એ વધુ અકળાઈને જનમટીપની કે ફાંસીની સજા કરાવશે.’

‘હાય હાય...’

શ્રદ્ધાબહેનની આંખમાં પાણી આવી ગયાં ને ગુલાબસિંહના ચહેરા પર સ્મિત. પોતે ધાર્યું હતું એના કરતાં પૌત્ર મોટી રમત રમી ગયો.

‘મા, હું બાપુને નથી ચાહતો?’

‘બેટા, તું સાચું બોલે છે?’

‘હા મા...’ અભિમન્યુના ચહેરા પર માની ન શકાય એવી નિર્દોષતા રમતી હતી:

‘જો આ છોકરી કોર્ટમાં સાક્ષી આપે તો બાપુને એકાદ વર્ષની જેલ થાય, ફ્રોડ અને છેતરપિંડી માટે પણ, જો એવું સાબિત થઈ જાય કે મનોજને ઇરાદાપૂર્વક મારવામાં આવ્યો તો જનમટીપ પણ થઈ શકે.’

એણે ધ્યાનથી શ્રદ્ધાબહેનનો ચહેરો જોયો. એણે ધાર્યું હતું એવા જ ફેરફાર થઈ રહ્યા હતા:

‘મેં એના પૈસા એટલે જ રોકાવ્યા મા કે એ આપણા ઘરે આવે એટલે તારી હાજરીમાં જ વાત થાય. હું તારાથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

છુપાવીને કંઈ કરવા નથી માગતો, પણ...' એણે શ્રદ્ધાબહેનના ખોળામાં માથું મૂકી દીધું.

દીકરાના વાળમાં હાથ ફેરવતાં શ્રદ્ધાબહેન ધર્મસંકટમાં મુકાઈ ગયાં. એમને સ્વપ્ને પણ કલ્પના નહોતી કે પરિસ્થિતિ આટલી ગૂંચવાઈ જશે. જો પતિને બચાવવાનો પ્રયાસ કરે તો પતિનો જીવ જોખમમાં આવી જાય અને જેમ અભિમન્યુ કહે છે એમ થવા દે તો પતિને આ ઉંમરે જેલમાં જતા જોવા પડે. જેણે આખી જિંદગી ઊંચું માથું રાખીને એક ડાઘ પણ પડવા દીધા વગર જીવી નાખ્યું છે એ માણસ માટે આ ઉંમરે જેલમાં જવું કેટલું ભયાનક હોઈ શકે એ કલ્પનામાત્રથી શ્રદ્ધાબહેન ધ્રૂજી ઊઠ્યાં હતાં...

એમણે રેખા સામે જોયું, ભરાઈ આવેલા ગળે અને છલકાતી આંખે એમણે હાથ જોડીને રેખાને વિનંતી કરી:

'આ લોકો કહે એમ કરજે બહેન, હું એમને જનમટીપ થાય એવું નથી ઇચ્છતી.'

'આન્ટી, તમે કહેશો એમ કરીશ.' રેખાની આંખો પણ ભરાઈ આવી.

ગજબની સાબિતીઓ ઊભી થઈ રહી હતી. જે કંઈ થયું છે તે નિખિલે કરાવ્યું એવું શ્રદ્ધાબહેનને ગળે ઊતરી ગયું હતું, તો સામે પક્ષે રેખાની સાક્ષી પાકી થઈ ગઈ હતી... અભિમન્યુ કોર્ટમાં પિતા વિરુદ્ધ સાક્ષી આપશે એ વાત અત્યારથી જ નક્કી હતી, છતાં શ્રદ્ધાબહેન એ વિશે દુ:ખ પામવાને બદલે આ દીકરાની મજબૂરી છે એમ માનીને એને માફ કરવા તૈયાર થઈ ગયાં હતાં.

ગુલાબસિંહ ગેલમાં આવી ગયા:

ઘણાં વરસ રાહ જોઈ છે આ તકની. દેવલો આટલા પૈસાવાળાની દીકરીને પરણી ગયો એ જાણીને દિલમાં આગ લાગી હતી... એ પછી એની પ્રગતિના સમાચાર સાંભળી સાંભળીને બળતામાં ઘી હોમાતું રહ્યું હતું. આજે જે કંઈ થઈ રહ્યું છે એનાથી મને ઠંડક થાય છે... ઉપરવાળાને ત્યાં દેર છે, પણ અંધેર નથી... વાહ!

ગુલાબસિંહે મૂછ પર તાવ દીધો. મા અને દીકરાના પ્રેમનું અદ્‌ભુત દૃશ્ય જોતાં જોતાં રેખા માટે મૂકેલા નાસ્તાની ડિશમાંથી એમણે કાજુકતરીનો એક ટુકડો ઉપાડીને મોંમાં સરકાવ્યો.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 37

બધું નિખિલે ગોઠવ્યું હતું એ પ્રમાણે જ થયું.

બીજા જ અઠવાડિયે એણે ધામધૂમ સાથે તાજ લૅન્ડ્સ એન્ડમાં સોમલના એન્ગેજમેન્ટની પાર્ટી ગોઠવી. પ્રેસ અને પરિવારના સભ્યો સાથે બિઝનેસ ગેસ્ટ્સને આમંત્રણ આપ્યું. છેક છેલ્લી ઘડી સુધી ઉશ્કેરાઈને આ એન્ગેજમેન્ટનો વિરોધ કરતા રહેલા સોમલનું અંતે કાંઈ ચાલ્યું નહીં. શ્વેતાએ એને માંડ માંડ મનાવીને તૈયાર તો કરી લીધો, પણ સોમલે મા સામે શરત મૂકી હતીઃ

'હું આ લગ્ન નહીં કરું, કોઈ પણ સંજોગોમાં નહીં કરું.'

'સારું બેટા. ત્યાં સુધીમાં હું કંઈ પણ કરીને તારા ડૅડને સમજાવી લઈશ. અત્યારે એમનો વિરોધ કરવાથી પરિસ્થિતિ વધુ બગડશે.'

'આ ખોટું થાય છે, મોમ!'

'હું જાણું છું બેટા... પણ અત્યારે તારા ડૅડનું ધાર્યું નહીં થાય તો એ ઘણા લોકોને નુકસાન કરશે. હું એમનો ગુસ્સો જાણું છું.'

પાર્ટીમાં શ્વેતા સતત સોમલને સંભાળતી રહી. આરોહી જેટલી વાર સોમલની નજીક આવી એટલી વાર એક યા બીજાં બહાને એ એનાથી દૂર સરકતો રહ્યો.

એને એટલું ચોક્કસ સમજાતું હતું કે એ કોઈ પણ પરિસ્થિતિ સામે માથું ઝુકાવીને, ઘૂંટણિયે પડીને એનો સ્વીકાર નહોતો કરી શકતો. એ જ્યારે એક વિચિત્ર પ્રકારની ગૂંચવણમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આ છોકરીની નજીક આવવાથી એને થોડો સમય રાહત જરૂર લાગી હતી, પરંતુ આરોહીએ જે રીતે ધીમે ધીમે ભરડો લીધો હતો, એણે જે રીતે નિખિલ સાથે મળીને એને આ એન્ગેજમેન્ટ કરવા માટે મજબૂર કર્યો હતો એ પછી આરોહી એના મનમાંથી સાવ ઊતરી ગઈ હતી.

આરોહી સમજી શકે તો છેલ્લી વાર એને સમજાવવાનો નિર્ણય કરીને એણે એન્ગેજમેન્ટના આગલા દિવસે આરોહીને મળવા બોલાવી હતી. બે દિવસના અબોલા પછી સોમલનો સામેથી ફોન આવ્યો એનાથી આરોહી ખુશ થઈ ગઈ.

ઉત્સાહ અને આનંદના અતિરેકમાં એ એન્ગેજમેન્ટના દિવસે પહેરવાનાં પોતાનાં ચણિયાચોળી અને દાગીના લઈને નિખિલ શ્રોફના બંગલે પહોંચી હતીઃ

'જો...'

એણે સોમલને આ બધું બતાવવાની શરૂઆત કરી. સોમલે એને અટકાવીઃ

'આરોહી, પ્લીઝ મને સમજવાનો પ્રયત્ન કર. તું સાચે જ મારી સાથે લગ્ન કરવા માગતી હોય તો આ એન્ગેજમેન્ટને અટકાવી દે.'

'વ્હોટ ડુ યુ મીન? એન્ગેજમેન્ટ અટકાવી દઉં, એ પછી તું હમણાં મારી સાથે લગ્ન કરીશ? મને મૂરખ બનાવે છે?'

'સમજવાનો પ્રયત્ન કર આરોહી, મારા ગળે છરી મૂકીને તું કંઈ નહીં કરાવી શકે. એક વાર આ થઈ ચૂક્યું છે આપણી વચ્ચે. બીજી વાર પણ આ જ થશે તો તું કાયમ માટે ખોઈ બેસીશ મને.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એના કરતાં એમ કહે કે હવે તું કાયમ માટે મારો થઈ જઈશ.’ આરોહી સમજ્યા વિના હસીઃ

‘આ વખતે તો તારા ડૅડ મારા પક્ષમાં છે... હવે તારે મારી સાથે લગ્ન કરવાં જ પડશે.’

‘સોમલ શ્રોફને કોઈ મજબૂર ન કરી શકે આરોહી, એનો બાપ પણ નહીં.’

‘જા ને... આ બધું મને સમજાવે છે એના કરતાં તારા ડૅડને કહી દે કે જબરદસ્તી એન્ગેજમેન્ટ કરાવશો તો લગ્ન નહીં કરું.’

આરોહીના ચહેરા પર વિજયનું સ્મિત હતું. સોમલને પામ્યાના નશામાં એને દેખાતું નહોતું કે એની સામે બેઠેલા સોમલનાં જડબાં તંગ થઈ ગયાં હતાં. એની આંખોમાંથી નર્યો ગુસ્સો વરસતો હતો. એના ચહેરા પર એક એવો દૃઢ નિર્ધાર હતો, જે ખુશીમાં અભાન આરોહીને વંચાતો નહોતો.

‘જો, તું નિર્દોષ છે એ હું સમજું છું. મને ચાહે છે એ પણ હું સમજી શકું છું, પરંતુ આ રીતે મને પામવાનો પ્રયત્ન કરીશ તો હું કોઈ રીતે તને નહીં સ્વીકારી શકું.’

આ કહેતાં કહેતાં સોમલની આંખો સામે કેસરનો ચહેરો તરવરી ઊઠ્યો. ઓબેરોયના કોફીશોપમાં એ પહેલી વાર કેસરને મળ્યો ત્યારે એણે કહ્યું હતુંઃ

‘બેસ્ટ કે ખરાબ, મારે લગ્ન જ નથી કરવાં એ વાત તમે સમજતા કેમ નથી?’

ત્યારે સોમલે એને જવાબ આપ્યો હતોઃ

‘તું કેમ નથી સમજતી કે મારે લગ્ન કરવાં છે. હું લગ્ન કરીશ અને તારી જ સાથે કરીશ. હવે આમાં ખુદ ઈશ્વર પણ કોઈ ફેરફાર નહીં કરી શકે.’

એ પછી મંદિરમાં જ્યારે પોતે જબરદસ્તી કેસરની સેથીમાં સિંદૂર ભરી દીધું હતું ત્યારે... પોતે આ જ ઓરડામાં એને જબરદસ્તી ચુંબન કરવાનો પ્રયાસ કર્યો ત્યારે... આ જ ઓરડામાં તરફડતી કેસરને પોતે પરાણે શય્યાસંગિની બનાવી ત્યારે... એ છોકરીની આંખોમાં દેખાયેલી અસહાયતા પોતે આ ક્ષણે અનુભવી શકતો હતો.

એણે જેમ કેસરની જિંદગીના એક પછી એક નિર્ણયો એને પૂછ્યા વિના લીધે રાખ્યા એવી જ રીતે આજે એની જિંદગીનો નિર્ણય એને પૂછ્યા વિના એની નજર સામે થઈ રહ્યો હતો. છતાં એ કશું જ કરી શકે એમ નહોતો એ વાતની અસહાયતા કેટલી ભયાનક હોઈ શકે એ વાત હવે એને સમજાઈ હતી.

એને કેસરની દયા આવી ગઈ. સાથે જ પોતાની ભૂલોનો અહેસાસ પણ પ્રબળ થયો. એણે કેસર સાથે જે કંઈ કર્યું હતું એ બધું જ ખોટું હતું એ એને આ ક્ષણે સમજાતું હતું, પરંતુ હવે મોડું થઈ ગયું હતું. પોતાની ઇચ્છા અને જરૂરિયાત મુજબ કેસરની સાથે વર્તીને એણે એક નિર્દોષ છોકરીની જિંદગી ઠેબે ચડાવી દીધી હતી એ વાતનો અફસોસ કરતો એ આરોહીની સામે ઊભો હતો.

ટેબલ ટર્ન થઈ ગયાં હતાં. હવે સોમલની જગ્યાએ હતી આરોહી. જિંદગીનો નિર્ણય સોમલની ઇચ્છા અને મરજી વિરુદ્ધ, આરોહીની ઇચ્છા અને મરજી મુજબ લેવાઈ રહ્યો હતો...

એ વખતે કેસર અસહાય હતી, આજે સોમલ અસહાય થઈને એ જ સ્થિતિમાંથી છટકવા તરફડિયાં મારતો હતો. એને લાગ્યું કે આ ઈશ્વરનો ન્યાય હતો. પોતે કેસર સાથે જે કંઈ કર્યું એ પોતાને સમજાય એટલા માટે જ ઈશ્વરે આ પરિસ્થિતિ સર્જી હતી.

એણે આરોહીને કોઈ જવાબ આપ્યો નહીં. એને રૂમમાં જ છોડીને એ બહાર નીકળી ગયો. ગાડી લઈને સીધો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વરલીના એ મંદિરમાં પહોંચી ગયો, જ્યાં એણે કેસર સાથે લગ્ન કર્યાં હતાં.

સાંજ ઢળી ગઈ હતી. મંદિરમાં આરતી થઈ રહી હતી. મુંબઈ શહેર પર અંધારું ઊતરી આવ્યું હતું. ઘંટ, નગારાં અને શંખના નાદની વચ્ચે ગવાઈ રહેલી શંકરની આરતીના શબ્દો દબાઈ જતા હતા. ત્યાં ઊભેલી ભીડના અવાજોમાં સોમલને સહેજ શાંતિ અનુભવાઈ. પોતાની ભીતરનો જે સન્નાટો એને કોરી ખાતો હતો એ સહેજ ઓછો થયો એવું એને લાગ્યું.

એણે ત્યાંથી જ નેહાને ફોન કર્યોઃ

'હમણાં ને હમણાં સી-ફેસ પર આવ.'

'વળી પાછું શું થયું?'

આજે બપોરે જ નેહાએ એની સાથે લાંબી ચર્ચા કરીને છેલ્લે એક વાર આરોહી સાથે વાત કરી જોવાનું સૂચન કર્યું હતું. એને ખાતરી હતી કે આરોહી નહીં માને. તેમ છતાં એક વાર સોમલના સંતોષ ખાતર પણ આ પ્રયત્ન થઈ જાય માટે એણે સોમલને સમજાવ્યો હતો.

ખરું પૂછો તો એ સોમલના ફોનની રાહ જોઈને જ બેઠી હતી.

'શિખર પરિષદની વાટાઘાટો ફેઇલ થઈ ગઈ?' એના ચહેરા પર સ્મિત આવી ગયુંઃ

'વોર ડિક્લેર?'

'સ્ટુપીડ, હું ફસાયો છું ને તને હસવું આવે છે...'

'બચ્ચા, હવે તારે પણ હસી નાખવું જોઈએ.'

'સલાહ આપવાને બદલે ગાડીમાં બેસ, સીધી અહીંયાં પહોંચ.'

*

લગભગ એક કલાકથી દરિયા તરફ જોઈ રહેલો સોમલ શું વિચારતો હતો એ નેહા સમજી શકતી હતી. એણે સોમલને પોતાનો સમય લેવા દીધો. એ જાણતી હતી કે સોમલ એના મનનો ઊભરો ઠાલવવા માગતો હતો, પરંતુ સોમલ વાત શરૂ ન કરે ત્યાં સુધી એને ડિસ્ટર્બ ન કરવો એવું નક્કી કરીને એ એક કલાકથી ચૂપચાપ બેસીને વાત સોમલ તરફથી શરૂ થાય એની રાહ જોઈ રહી હતી.

આખરે સોમલે ચુપકીદી તોડીઃ

'થાય છે કે થોડો વખત માટે જર્મની જતો રહું.'

'ફરી પાછો ભાગી જઈશ?'

'ટોણા નહીં માર, નેહા...'

'ટોણો નથી મારતી સોમલ, તને સમજાવવાનો પ્રયત્ન કરું છું. કોઈ પણ પરિસ્થિતિથી ભાગીને આપણે બહુ દૂર નથી જઈ શકતા. ફરી પાછા ત્યાં તો આવવું જ પડે છે... પાછા ફરીએ ત્યારે પરિસ્થિતિ આપણી રાહ જોઈને અકબંધ ખડી જ હોય છે.'

'ડૅડી મારું કંઈ સાંભળતા નથી, મા રડ્યા કરે છે, પેલી પાછળ પડી છે... અહીં રહીને શું કરું?'

'લડ.'

'કોની સાથે?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘પરિસ્થિતિ સાથે.’

‘કઈ રીતે?’

‘તારી સામે બે રસ્તા છે. એક, હમણાં ચૂપચાપ નિખિલ શ્રોફની ઇચ્છાને તાબે થઈ જા... અને બે, હમણાં જ બળવો કર. જે થાય તે થવા દે.’

‘દાખલા તરીકે હું પહેલી ચોઇસ લઉં છું, તો?’

‘તો લઈ લે... આવતી કાલ સાંજ સુધી તારી જાતને ઇન્જેક્શન આપીને નમ્બ કરી નાખ. તારા ઉપર થઈ રહેલા વાઢકાપની તને અસર ન થાય એટલી સુન્ન કરી નાખ તારી જાતને–તારી સંવેદનાને!’

‘પછી?’

‘એ પછી તારી પોતાની વ્યૂહરચના ગોઠવ. વિરોધની શરૂઆત કર.’

‘તને લાગે છે કે નિખિલ શ્રોફ કોઈનુંયે સાંભળશે?’

‘નિખિલ અંકલ તમારા પ્રેમનો ફાયદો ઉઠાવે છે.’ નેહાએ પાળી પર મુકાયેલો સોમલનો હાથ પકડ્યોઃ

‘ડાર્લિંગ, તમે બંને–તું અને તારી મમ્મી ભૂલી જાવ છો કે તમારાં બંને વગર એ પણ અધૂરા છે.’

‘તું એમ કહેવા માગે છે કે...’

‘ઘર છોડી દે સોમલ. હિંમતથી મુંબઈ શહેરમાં નોકરી કર. નિખિલ શ્રોફને એની પ્રતિષ્ઠાથી વધારે વહાલું કશું જ નથી. એમનો એકનો એક દીકરો એમની સંપત્તિની સાથે સાથે પ્રતિષ્ઠાનો વારસદાર છે, જેમ એ તમારું નાક દબાવીને મોઢું ઉઘડાવે છે એમ તું પણ...’

‘અમારા બેની લડાઈમાં મારી મા...’

‘એ એમનું બદનસીબ છે. યુ કાન્ટ ચેઇન્જ.’

નેહાએ ઊંડો નિઃશ્વાસ નાખ્યોઃ

‘દરેકે પોતાના નસીબનું સુખ અને દુઃખ ભોગવવું પડે છે. નથી કોઈ દુઃખ હળવું કરી શકતું કે નથી કોઈ સુખ છીનવી શકતું.’

‘તું આટલી સ્વસ્થતાથી કઈ રીતે વિચારી શકે છે?’

કેટલાય કલાકો પછી સોમલના ચહેરા પર પહેલી વાર સ્મિત આવ્યું હતું. એની તણાયેલી ભ્રમર સામાન્ય થઈ હતી.

‘કારણ કે હું તારી જગ્યાએ નથી. આવી જ રીતે જબરદસ્તી મારા એન્ગેજમેન્ટ થતા હોય તો કદાચ હું પણ આટલી સ્વસ્થ ન રહી શકું.’

‘ના યાર, તું મજબૂત છોકરી છે. ક્યારેક હું તારાથી ઝંખવાઈ જાઉં છું.’

‘સોમુ! દરેક મજબૂત માણસ ક્યારેક ને ક્યારેક બરાબરનો ટીપાયો હોય છે. ધમણમાં ધગધગીને, બરાબર ટીપાઈને પછી જ મળે છે આવી મજબૂતી.’

‘આ બધામાં તું મારી સાથે છે ને, નેહા?’

‘હંમેશાં.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'હું કાલે એન્ગેજમેન્ટ કરી લઉં?'

'તારી પાસે બીજી કોઈ ચોઈસ આ ક્ષણે નથી માટે કરી લે. મગજ ઠંડું રાખજે અને કાળજું મજબૂત... એક વખત આવતી કાલની સાંજ પસાર થઈ જશે પછી સાથે મળીને રસ્તો શોધી કાઢીશું.'

સોમલની આંખોમાં હળવી ભીનાશ તરવરી ઊઠી. એની બાળપણની આ દોસ્ત જે રીતે આ બધી જ પરિસ્થિતિઓમાં એનો હાથ પકડી રાખતી હતી એ વિચારે એનું હૃદય ભીંજાઈ ગયું. સોમલને પોતાને પણ નવાઈ લાગતી હતી કે અચાનક એને આરોહી પર આટલો બધો અણગમો કેમ આવી ગયો હતો?!

*

સોમલ અને આરોહીના એન્ગેજમેન્ટના સમાચાર ઘણાં અખબારોમાં છપાયા. કેટલીક ટેલિવિઝન ચેનલ્સ પર પાર્ટીના ક્લિપિંગ્ઝ દેખાડવામાં આવી. શ્રદ્ધાબહેને ભીની આંખે આ સમાચાર જોયા.

'અરેરે, કેટલો નિર્દય માણસ છે.'

ગુલાબસિંહે બાજુમાં બેસીને શ્રદ્ધાબહેનના બળતા હૃદયમાં ઘી હોમ્યું:

'હજી તો આપણી દીકરીની ચિતાની રાખ પણ નથી ઓલવાઈ, પણ આ શૉમ્પેઇન પીએ છે.'

'ચિતાની રાખ? મારી દીકરી જીવે છે.'

'હવે ભૂલી જાવ વહુ, હું નથી માનતો કે એ જીવતી હોય.' ગુલાબસિંહ ડામ પર ડામ દેવામાં જાણે આનંદ અનુભવતા હતા:

'એ વખતે જીવતી હશે કદાચ, પણ હવે નિખિલે એને જીવતી રહેવા નહીં દીધી હોય.'

'શુભ શુભ બોલો, એ જ્યાં હશે ત્યાં સલામત હશે.'

'ખરી વાત છે. સગા બાપની બરબાદીના સમાચાર સાંભળીને પણ એનું રૂંવાડુંયે નથી ફરકતું એટલે હશે તો સલામત. હું તો કહું છું આવી છોકરી હોવા કરતાં ન હોવી સારી.'

સસરાની સામે એ વખતે તો શ્રદ્ધાબહેને જવાબ નહીં આપીને પોતાના હૃદય પર પથ્થર મૂકી દીધો, પરંતુ ગુલાબસિંહની વાત સાંભળીને એમને પણ એક વાર વિચાર આવી ગયો કે દેવરાજસિંહ ઝાલાની ધરપકડના સમાચાર કેસરે છાપામાં નહીં વાંચ્યા હોય? જો વાંચ્યા હોય તો એને એટલો પણ વિચાર નહીં આવ્યો હોય કે એણે પિતાની મદદે આવવું જોઈએ?

'મને તો પહેલેથી જ ખબર હતી કે આ છોકરી તમારા કોઈ કામમાં નહીં આવે.'

અભિમન્યુએ પણ કેસરની સામેનો પોતાનો રોષ ઠાલવવાની તક છોડી નહીં:

'આપણે જે દિવસે નિખિલ શ્રોફને ત્યાં ગયા એ દિવસથી જ મને ખબર હતી કે આ નાક કપાવ્યા વિના નહીં રહે.'

'બેટા, તમે બંને કહો છો તોય મારું મન કેસરની વિરુદ્ધ કશુંય માનવાની ના પાડે છે. એ છોકરીએ તારા માટે કેટલું કર્યું છે એ ભૂલી ગયો?'

'શું કર્યું છે? ચાર જગ્યાએથી મને શોધી લાવી એટલું જ ને?'

કોણ જાણે કેમ, પણ જ્યારે જ્યારે કેસરના ઉપકારોની વાત આવતી ત્યારે અભિમન્યુ પોતાની જાત પરનો કાબૂ ગુમાવી બેસતો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એ એના શરાબી ભાઈને શોધી લાવતી એ વાત સાચી, પણ હું શરાબ એને કારણે પીતો હતો એ તમે બધાં ભૂલી ગયાં છો.’ એનું ગળું ભરાઈ આવ્યું:

‘કેસર જન્મી ત્યારથી તમને બધાને કેસરનું મહત્ત્વ રહ્યું છે... બધી વાતમાં એની જ આગળ-પાછળ ફર્યા છો. આજે હું બાપુને બચાવવા દોડાદોડી કરું છું ત્યારે ક્યાં છે તમારી લાડકી દીકરી?’

‘આટઆટલું જાણીને પણ ઘેર પાછી ના આવે એટલે કાં તો સાચે મરી ગઈ હશે અને એ જો જીવતી હોય તોયે મરેલી માની જ લેવી પડે...’

ગુલાબસિંહે ખિસ્સામાંથી ચાંદીની સળી કાઢીને દાંત ખોતરવા માંડ્યા:

‘વહુ, હવે તમારે એક જ સંતાન છે, એ આપણો સાવજ. એનામાં મન પરોવો... એની વહુનો વિચાર કરો. આવનારી છોકરી એ જ તમારી દીકરી.’

શ્રદ્ધાબહેન નીચી નજરે સસરાની વાત સાંભળી રહ્યાં. આ પરિસ્થિતિમાં પિતાની પડખે નહીં આવવા માટે એ પણ કેસરને મનોમન કોસવા માંડ્યાં.

શ્રદ્ધાબહેન બધી બાજુથી ભીંસાઈ રહ્યાં હતાં. એક તરફ પતિનો કેસ ચાલવાનો હતો એનું દબાણ હતું... બીજી તરફ અભિમન્યુ ખોટી સાક્ષી આપવાનો હતો એ જાણતાં હોવા છતાં પોતે પરિસ્થિતિને રોકી નથી શકતાં એ વિશેની અસહાયતા તો ત્રીજી તરફ પિતાના કહેવા છતાં પોતે કદી બિઝનેસમાં રસ ન લીધો, એથી કશું જ ન જાણતાં હોવાની એક અસલામતી એમને ઘેરી રહ્યાં હતાં.

એમની સામે ભોળો અને સીધો બનવાનું નાટક કરતો અભિમન્યુ ધીમે ધીમે કંપની ટેકઓવર કરી રહ્યો હતો. શ્રદ્ધાબહેન ઝાઝું વિચાર્યા વિના એ જ્યાં કહેતો ત્યાં સહી કરી રહ્યાં હતાં. દાદા અને પૌત્રએ મળીને વકીલો પાસે પાવર ઓફ એટર્ની તૈયાર કરાવ્યો હતો. જ્યાં સુધી આ કેસનો નિવેડો ન આવે ત્યાં સુધી બિઝનેસ ચલાવવા માટે પોતાને આ પાવર ઓફ એટર્નીની જરૂર પડશે એવું સમજાવીને લગભગ હત્પ્રભ થઈ ગયેલા દેવરાજસિંહની સહીઓ પણ લેવાઈ ચૂકી હતી.

પરિસ્થિતિ ધીમે ધીમે કાબૂ બહાર નીકળી ગઈ હતી, જેનો દેવરાજસિંહને કે શ્રદ્ધાબહેનને અંદાજ પણ નહોતો.

*

દાદા અને પૌત્ર જ્યારે વકીલ પરાગ માધાણી પાસે પહોંચ્યા ત્યારે નિખિલ શ્રોફ પહેલેથી જ ત્યાં હાજર હતો. મુંબઈ શહેરના જાણીતા ક્રિમિનલ લોયરને નવાઈ લાગી કે આટલી તગડી ફી લઈને એણે કોર્ટમાં અપિયર થવાનું હતું, પરંતુ કરવાનું કશું નહોતું. નિખિલે એને સમજાવ્યું:

‘જુઓ, તમે આ શહેરના બેસ્ટ ક્રિમિનલ લોયર્સમાંના એક છો. દેવરાજસિંહને એમ ન લાગવું જોઈએ કે એમનો કેસ લડવા માટે એના દીકરાએ કંઈ બાકી રાખ્યું.’

‘પણ સર...’

‘તમારે કેસ હારી જવાનો છે.’

‘મારી કરિયર માટે આ વાત...’

‘કમ ઓન! આ કેસ તમારા માટે જીવન-મરણનો સવાલ નથી એની મને ખબર છે.’ નિખિલના ચહેરા પર લગભગ એક આદેશ આપતું સ્મિત હતું:

‘કોઈ દિવસ કેસ હાર્યા જ નથી કે શું?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સર, સામેવાળા પાસે પોઇન્ટ્સ હોય ને હારી જઈએ એ જુદી વાત છે, પણ કેસ હાથમાં લેતાં પહેલાં હારી જવાની કબૂલાત...’

‘આ પણ અનુભવ છે. કારકિર્દીમાં દરેક પ્રકારના કેસ આવે... તમે તો જુવાન છો, ઘણું શીખવાનું છે હજી...’ ગુલાબસિંહે હસીને નિખિલ સામે જોયું.

‘જુઓ મિસ્ટર માધાણી, દલીલ કરવાનો અર્થ નથી. ફી તમે બોલો તે સામે બ્રીફ અમે કહીએ તે. કબૂલ છે કે કબૂલ નથી?’

નિખિલે હાથમાં પહેરેલી કસ્ટમ મેઇડ રોલેક્સ ઘડિયાળમાં જોયું:

‘મારી પાસે ચર્ચા કરવાનો ટાઇમ નથી.’

‘હું એક વાર અપિયર થવાના ત્રણ લાખ રૂપિયા લઈશ. મીટિંગ્સના ચાર્જ કલાક પ્રમાણે કરું છું.’

નિખિલ એની સામે જોઈ રહ્યો:

‘ચાર લાખ...’

અભિમન્યુ કંઈ બોલે એ પહેલાં એણે ચપટી વગાડીને આંગળી ઊંચી કરી.

‘હું આપીશ. આપણી ચર્ચા અહીંયાં પૂરી થાય છે. દેવરાજસિંહ ઝાલાને ઓછામાં ઓછી બાર મહિનાની કેદ થવી જોઈએ!’

કોઈએ જાહેરમાં બધાં જ કપડાં ઉતારી લીધાં હોય એવી શરમજનક પરિસ્થિતિ સાથે અભિમન્યુ માથું નીચું કરીને ત્યાં બેસી રહ્યો. એ પછી વકીલ પરાગ માધાણીને મુદ્દા લખાવતા નિખિલને જોઈને દાદા-પૌત્રને નવાઈ લાગી. એ પૂરેપૂરું હોમવર્ક કરીને આવ્યો હતો. પરાગને પણ આ માણસની વિચક્ષણતા અને ક્રૂરતા જોઈને આશ્ચર્ય થયું હતું.

*

નિખિલે ગોઠવેલી શતરંજ એના ઇશારે રમાતી રહી. એણે નક્કી કર્યું હતું એમ જ પરાગ માધાણીએ બચાવનો પાંગળો પ્રયાસ કર્યો. ઇન્સ્યોરન્સ કંપનીના વકીલે રજૂ કરેલા બધા જ મુદ્દા પરાગે કોઈ પણ દલીલ વિના પસાર થઈ જવા દીધા, જેથી દેવરાજસિંહ ઝાલા આ સ્ટ્રક્ચર પાડીને ઇન્સ્યોરન્સ કંપની પાસે નાણાં ઓકાવવા માગતા હતા એ વાત સહેલાઈથી સાબિત થઈ ગઈ.

પછી, અભિમન્યુની સાક્ષીનો વારો આવ્યો. આરોપીના પિંજરામાં ઊભેલા પિતાની સામે ઊભા રહીને એણે નીચી નજરે કહી દીધું:

‘હું કંઈ જાણતો નથી... આ બધું તો મનોજ ચાવલા અને મારા બાપુએ મળીને ગોઠવ્યું હતું. મને તો બહાર જ રાખ્યો હતો.’

એ એટલો બધો ડરી ગયો હતો કે આઘાતથી પહોળી થઈ ગયેલી દેવરાજસિંહની આંખો સાથે આંખો મેળવી શક્યો નહીં. ક્રોધમાં ધ્રૂજતા દેવરાજસિંહ બૂમો પાડી પાડીને કહેતા રહ્યા કે આ આખાય કિસ્સામાં એમને શિકાર બનાવવામાં આવ્યા છે... પણ પુરાવાઓ અને સાક્ષીઓ એમની વિરુદ્ધમાં હતા.

મનોજ ચાવલાની પત્ની રેખાએ કહ્યું કે એની હાજરીમાં આ ષડ્યંત્ર એના ઘરમાં રચાયું હતું. દેવરાજસિંહ અને મનોજે મળીને આ સ્ટ્રક્ચર ઉડાડવાનું નક્કી કર્યું હતું. અંદરની સાઇટ ઓફિસમાં રહી ગયેલા કેટલાક જરૂરી કાગળો લેવા માટે મનોજ દાખલ થયો એ જ વખતે બ્લાસ્ટ થયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હા, રેખાએ એટલો બેનિફિટ ઓફ ડાઉટ આપ્યો કે મનોજના મૃત્યુ માટે દેવરાજસિંહ જવાબદાર ન પણ હોઈ શકે...

ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચાલેલા આ હાઈપ્રોફાઇલ સ્પેશિયલ કેસમાં દેવરાજસિંહનો ગુનો પૂરેપૂરો સાબિત થઈ શક્યો નહોતો, પણ આ ષડ્યંત્રમાં એમણે નિખિલ શ્રોફને નુકસાન કરવાનો પ્રયત્ન કર્યો, ઇન્સ્યોરન્સ કંપનીને છેતરવાનો પ્રયાસ કર્યો અને મનોજ ચાવલાના મૃત્યુ માટે આડકતરી રીતે જવાબદાર ઠર્યા માટે એમને એક વર્ષની કેદ સાથે એક લાખ રૂપિયા દંડ થયો.

શ્રદ્ધાબહેન રડતાં-કકળતાં પતિને ભેટીને કહેતાં રહ્યાં:

'એક વર્ષ તો આમ નીકળી જશે. હું જાણું છું કે ખોટું થયું છે, પણ મૂંગે મોઢે સહ્યા સિવાય આપણી પાસે બીજો રસ્તો નથી.'

અભિમન્યુ પિતાની પાસે ગુનેગારની જેમ બંને હાથ બાંધીને નીચા માથે ઊભો રહ્યો. એ પગે લાગવા ગયો ત્યારે દેવરાજસિંહ બે ડગલાં પાછળ હટી ગયા. આ જોઈને રાજી થયેલા ગુલાબસિંહે દીકરાના માથે હાથ ફેરવતાં આશ્વાસન આપ્યું:

'દેવરાજ, તું ચિંતા ના કર... અમે છીએ હોં... સૌનું ધ્યાન રાખીશું. તું પાછો આવીશ ત્યારે સાવજ બધું જ સંભાળતો થઈ ગયો હશે!'

'હું એને ક્યારેય માફ નહીં કરું બાપુ. સગા બાપની સામે સાક્ષી આપી? મને જેલમાં મોકલવા માટે મારો દીકરો હથિયાર બન્યો?'

'ન આપે તો શું કરે બિચારો? નિખિલ શ્રોફે ધમકી આપી હતી. જેલ કે જનમટીપમાંથી પસંદ કરવાનું હોય ત્યારે શું કરે બિચારો?'

પિતા ગુલાબસિંહની વાત સાંભળીને દેવરાજસિંહે દીકરા સામે જોયું ત્યારે અભિમન્યુની આંખો કદાચ સાચે જ સહેજ ભીની થઈ ગઈ. એની અંદર સારા અને ખરાબ અભિમન્યુ વચ્ચે સતત સંઘર્ષ ચાલતો રહ્યો હતો. એ પિતાને ચાહતો હતો, પરંતુ એ જ પિતાને ધિક્કારતાં પણ એ પોતાની જાતને રોકી શકતો નહોતો.

આ ઉંમરે જેલમાં જઈ રહેલા પિતાને જોઈને એની અંદર હજી શ્વાસ લઈ રહેલા એક રાજપૂત દીકરાની આંખો ભીની થઈ. સાથે જ જિંદગીભર પોતાને અન્યાય થયો છે એમ માનતા રહેલા, ગુલાબસિંહે ઝેર પાઈને ઊછેરેલા બીજા અભિમન્યુને એક વિચિત્ર પ્રકારનો સંતોષ પણ થયો...

જિંદગીભર અભિમન્યુ પોતાનાં જ આ બે વ્યક્તિત્વ વચ્ચે ઝોલા ખાતો રહ્યો હતો. આજે પણ એની અંદર આ બે વ્યક્તિત્વો સામસામે ઊભાં રહીને એકબીજાને પિતાની આ સ્થિતિ માટે જવાબદાર ઠેરવતા હતા.

અભિમન્યુ દાદાના શીખવ્યા પ્રમાણે પિતાને ભેટીને ખૂબ રડ્યો. એ જાણતો હતો કે લાગણીશીલ દેવરાજસિંહ એને માફ કર્યા વિના રહી નહીં શકે.

'આપણે સુપ્રીમ કોર્ટ સુધી લડીશું.'

'ના બેટા, હવે મારે આગળ અપીલ નથી કરવી.'

દેવરાજસિંહના અવાજમાં હારી ગયેલા યોદ્ધાની નિરાશા હતી:

'પૈસાનું પાણી કરીશું તો પણ નિખિલ સામે જીતવું અઘરું છે એ મને સમજાઈ ગયું છે. એક વરસ જેલમાં વિતાવ્યા પછી જો બાકીનાં વર્ષો સુખેથી જીવી શકાતું હોય તો મારે હવે સામા પૂરે તરવું નથી.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એમ હારી જવાતું હશે?’ ગુલાબસિંહે દીકરાને પાનો ચડાવવાનો પોકળ પ્રયાસ કરી જોયો.

‘હું હારી ગયો છું બાપુ... હવે એક વરસની આ સજા જ કદાચ ઈશ્વરે એટલા માટે આપી છે કે મેં કેસરની લાગણી સમજ્યા વિના નિખિલ શ્રોફ સાથે સંબંધ જોડવાની જીદ કરી. એ છોકરીના નિઃસાસા નડ્યા મને...’

અભિમન્યુને ફરી એક વાર આ વાત ચણચણી ગઈ. આટઆટલું થયા છતાં પિતા કેસરની વાત મૂકતા નથી એ સાંભળીને એને ગુસ્સો ચડી ગયો...

‘હવે કદાચ હું જેલમાં જઈને મારી હાંફ ઉતારી શકું... બહુ દોડ્યો છું. આજુબાજુ જોયા વિના દોડતો રહ્યો. દિશા પણ દેખાઈ નહીં ને દશા સમજાય તે પહેલાં તો...’

દેવરાજસિંહે આંખો લૂછી નાખી. આગળ કોઈ કશું કહે તે પહેલાં એ વૅનમાં બેસી ગયા.

ગુલાબસિંહે બાજુમાં ઊભેલા પૌત્રના ખભે પોતાનો મજબૂત હાથ વીંટાળ્યોઃ

‘સાવજ, હવે તારો ટેમ શરૂ થાય છે. નિખિલ શ્રોફની જોડે હાથ મિલાવ. તારો બાપ પાછો ફરે ત્યાં સુધીમાં એવો ચમત્કાર કરી બતાવ કે દેવલાની જીભ સિવાઈ જાય. ઉપરવાળાએ તને બાર મહિનાની મહેતલ આપી છે... એનો પૂરેપૂરો ઉપયોગ કરી લે.’

અભિમન્યુ જવાબ આપે તે પહેલાં એને ફસડાઈ પડેલી મા દેખાઈ... એણે દોડીને શ્રદ્ધાબહેનને ઊભાં કર્યાં. પુત્રના ખભે રડતાં શ્રદ્ધાબહેન ઘેર પહોંચ્યાં ત્યાં સુધીમાં લગભગ બેભાન થઈ ગયાં હતાં.

સૌ ઘેર પહોંચ્યાં ત્યારે મનોજની પત્ની રેખા એમની રાહ જોઈને ઊભી હતી. એને વચન આપ્યા પ્રમાણે અભિમન્યુએ દસ લાખ રૂપિયા આપ્યા. સાથે જ મનોજના પ્રોવિડન્ટ ફંડના પૈસા અને બીજા ડ્યૂ ક્લિયર કરાવી આપવાની ખાતરી આપી.

‘ઈશ્વર તમારી બધી ઇચ્છા પૂરી કરે.’

રેખાએ ભીની આંખે અભિમન્યુને આશીર્વાદ આપ્યા ત્યારે એને કલ્પના પણ નહોતી કે એની સામે ઊભેલા આ માણસની ઇચ્છાઓ આ ક્ષણથી જ આકાશને આંબવા લાગી હતી...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 38

‘સોમલ ઘણા દિવસથી ઓફિસ નથી આવતો...’

સવારે સ્ટીમ રૂમમાંથી બહાર નીકળતા નિખિલે દૂર ઊભેલી શ્વેતાને ફરિયાદ કરીઃ

‘મેં બે વાર પૂછ્યું પણ જવાબ નથી આપતો.’

‘એ તમારાથી નારાજ છે. તમે જે રીતે બ્લેકમેઇલ કરીને આ એન્ગેજમેન્ટ...’

‘વ્હોટ રબીશ?’ નિખિલ છેડાઈ પડ્યોઃ

‘તારા છોકરાને રોજ ઊઠીને શું થાય છે? એને કહે કે કોઈ પણ પ્રકારની માથાકૂટ કર્યા વિના હવે શાંતિથી જીવે અને જીવવા દે.’

‘એણે મને તમારા માટે પણ આવો જ સંદેશો આપ્યો છે.’ શ્વેતાનો અવાજ એકદમ સ્વસ્થ હતોઃ

‘એ હવે તમારી ઓફિસ આવવા નથી માગતો.’

‘મારી ઓફિસે નહીં આવે તો કરશે શું?’

‘એ નોકરી શોધે છે.’

‘નિખિલ શ્રોફનો દીકરો નોકરી કરશે?’ એ ખડખડાટ હસ્યોઃ

‘એને નોકરી આપશે કોણ?’

‘ભણેલો છે, કામનો અનુભવ છે. નોકરી તો મળી જશે એને.’

‘અચ્છા!’ નિખિલની ભ્રમર તણાઈઃ

‘હું મળવા દઈશ તો ને?’

‘હું તમને વિનંતી કરું છું કે હવે આ ગજગ્રાહ છોડી દો. એને શાંતિથી એની જિંદગી જીવવા દો અને તમે તમારી જિંદગી...’

નિખિલે વચ્ચેથી જ વાત કાપી નાખીઃ

‘શાંતિથી જીવવું હોય તો મારી મરજી વિરુદ્ધ જવાનો પ્રયત્ન ન કરવો જોઈએ એણે.’

‘નિખિલ, હું ઘણા વખતથી તમારી સાથે વાત કરવાનો વિચાર કરતી હતી. આજે તમે આ વાત કાઢી છે એટલે કહું છું...’ શ્વેતાએ ખૂબ જ ધીરજથી, છતાં હિંમતથી કહી નાખ્યુંઃ

‘અમે બધાં તમે કહ્યું તેમ કરતાં રહ્યાં... આ તમામ વર્ષો ફક્ત તમારી ઇચ્છા સર્વોપરી રહી છે આ ઘરમાં. હું તો હજીયે તમારું કહ્યું માનીશ, પણ સોમલને આ વિષચક્રમાંથી મુક્ત કરી દો, પ્લીઝ!’

‘હું જે કંઈ કરું છું એ એના ભલા માટે કરું છું.’

‘આ છોકરી સાથે એ ક્યારેય સુખી નહીં રહી શકે એટલું દેખાતું નથી તમને?’

‘આ જ વાત મેં કેસર સાથેનાં લગ્ન વખતે કહી હતી, ત્યારે તમને બંનેને નહોતું સમજાતું અને હવે...’

‘તમે તમારા સંતાન સાથે બદલો લઈ રહ્યા છો?’

એક ક્ષણ માટે શ્વેતા સામે જોઈને નિખિલ જવાબ આપ્યા વગર પોતાના રૂમ તરફ આગળ વધી ગયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્વેતાએ એની દુખતી નસ પર હાથ મૂકી દીધો હતો. છેલ્લા થોડા દિવસથી નિખિલ પોતે પણ થોડો ગૂંચવાયો હતો. આરોહી સાથેના એન્ગેજમેન્ટ એની જીદ હતી એ સાચું, પણ હવે એનેય સમજાતું હતું કે એણે કાચું તો કાપ્યું જ હતું... પણ એનો અહંકાર એને આ ભૂલમાંથી બહાર નીકળવા દેતો નહોતો. સામે પક્ષે આરોહીનાં માતાપિતાને આવો સંબંધ મળ્યા પછી કોઈ રીતે આ વિવાહ તૂટે એ પોસાય એમ નહોતું.

*

પોતાના રૂમમાં જતી વખતે નિખિલે જોયું કે સોમલ એના રૂમમાં પથ્થરની પાળી પર બેસીને મોટા મગમાં ચા પી રહ્યો હતો. ડેનિમની શોર્ટસ અને ગ્રે સેન્ડોઝમાં સોમલનું કસાયેલું શરીર અદ્‌ભુત દેખાતું હતું. એક દિવસની વધેલી દાઢી અને વિખરાયેલા વાળ સાથે એના ચહેરા પર સૂરજનો સોનેરી તડકો એવી રીતે આવતો હતો કે જાણે લાઇટની સામે કોઈ મોડલ પોઝ આપીને બેઠો હોય. નિખિલને પોતાના જ દીકરા પર ગર્વ થઈ આવ્યો. એ નોક કર્યા વગર સોમલના રૂમમાં દાખલ થઈ ગયો.

સોમલે પિતાને દાખલ થયેલા જોયા, પછી ફરીથી ચહેરો ફેરવીને એ બારીની બહાર જોતો રહ્યો.

'તું નારાજ છે એની મને ખબર છે.'

નિખિલ એની સામે ગોઠવાઈ ગયો. સોમલની જિંદગીના લગભગ ત્રણ દાયકામાં આજે પહેલી વાર અબોલા તોડવાની પહેલ નિખિલ તરફથી થઈ હતી:

'ઓફિસ નહીં આવીને શું સાબિત કરે છે તું?'

'એ જ કે મારે હવે તમારી સાથે કામ નથી કરવું.'

નિખિલ હસી પડ્યો:

'પારકાની નોકરી કરવી છે, પણ બાપ સાથે સમાધાન નથી કરવું.'

'ના.'

'તું મૂરખ છે...' એ હજી હસી રહ્યો હતો:

'મને પહેલેથી એવું લાગતું હતું, હવે ખાતરી થઈ ગઈ.'

સોમલ કશું બોલ્યા વિના બારીની બહાર જોતો રહ્યો.

'લિસન, આ બધા કારણ વગરના ઉધામા છે. કાલથી ચૂપચાપ ઓફિસે આવ... ઘણું કામ પેન્ડિંગ છે.'

'હું નથી આવવાનો.' સોમલે પિતાની આંખમાં આંખ પરોવીને દૃઢતાથી કહ્યું:

'તમારે મારી જગ્યાએ કોઈ માણસને રાખી લેવો હોય તો મને વાંધો નથી.'

'તને વાંધો હોય તો હું ગણકારું એમ પણ નથી.' હવે નિખિલનો ચહેરો અને આંખો બદલાઈ ગયાં:

'હું તને બે દિવસ આપું છું. શાંતિથી વિચારી લે. અડતાળીસ કલાક પછી પણ જો તારો નિર્ણય આ જ રહેવાનો હોય તો એનાં પરિણામ માટે તૈયાર રહેજે.' એના અવાજમાં ધાર નીકળી આવી:

'તારો વાંધો આરોહી પૂરતો હોય તો હું તારી સાથે વાત કરવા તૈયાર છું. બૈરાંની જેમ ત્રાગાં કરવાને બદલે મારી સામે બેસ અને વાત કર.'

'મેં તમને પહેલાં જ કહ્યું હતું કે...'

નિખિલે વાત વચ્ચેથી જ કાપી નાખી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જાણું છું. તું લગ્ન કરવા તૈયાર નથી. મેં હજુ સુધી લગ્નની વાત કરી નથી...”

‘કરી નથી તો કરશો, જે રીતે એન્ગેજમેન્ટ કરાવ્યાં એ રીતે જબરજસ્તી લગ્ન તો નહીં જ કરું હું.’

‘તે નહીં કરતો.’ નિખિલ ફરી હસી પડ્યોઃ

‘હું લગ્ન કરવા માટે તારા પર દબાણ નહીં કરું. બોલ, હવે કંઈ કહેવું છે?’

સોમલ એની સામે જોઈ રહ્યોઃ

‘કોઈ નવી ચાલ વિચારો છો?’

‘કોઈ ચાલ નથી, સનીબોય... સીધીસાદી વાત છે. આ એન્ગેજમેન્ટ કરીને મારે જેને જે મેસેજ આપવાના હતા તે બધાને પહોંચી ગયા છે... હવે લગ્ન ન થાય તો મારે કંઈ ગુમાવવાનું નથી. સાચું કહું તો હવે મને પણ લાગે છે કે આરોહી પરણવા જેવી છોકરી નથી.’

‘કેટલી જિંદગી સાથે રમો છો તમે?’ સોમલ નવાઈથી આ માણસ સામે જોઈ રહ્યો.

‘શોખ છે મારો. માણસોને મહોરાં બનાવીને શતરંજ રમવાનો મને ખૂબ શોખ છે.’

‘આ એન્ગેજમેન્ટ તોડવા માટે શું કારણ આપશો તમે?’

‘કારણ તો તારે આપવાનું!’

‘એટલે?’

‘એ જ કે તારે લગ્ન નથી કરવાં એટલે એન્ગેજમેન્ટ તોડવા માટે કારણ તો તારે જ આપવું પડે. હું ફક્ત એ કારણ સ્વીકારી લઈશ, કોઈ દલીલ કર્યા વગર.’

નિખિલના હોઠ પર એક વિચિત્ર પ્રકારનું ક્રૂર સ્મિત રમી રહ્યું હતું.

‘હું તમારો દીકરો છું કે તમારી શતરંજનું મહોરું?’

‘દીકરો થઈને રહીશ તો દીકરો થઈને રાખીશ... મારી સાથે રમત કરવાનો પ્રયત્ન કરીશ તો મહોરું બનાવતાં વાર નહીં લાગે મને... એટલું યાદ રાખજે.’

એ ઊભો થઈને બહાર જવા લાગ્યો. હજી રૂમની બહાર નીકળે એ પહેલાં સોમલનો અવાજ એની પીઠ પર અથડાયો.

‘હું માણસ છું, ડૅડ... કોઈને દુઃખ પહોંચાડતાં પહેલાં દસ વિચાર આવે છે. આરોહીને ના પાડીશ તો એનું શું થશે એ વિચારમાત્રથી ધ્રૂજી જાઉં છું.’

નિખિલે પીઠ ફેરવી. સોમલ સામે જોયું

‘જાત વિશે વિચારતાં શીખ સોમલ... આ દુનિયામાં ત્રણ જ વ્યક્તિઓ અગત્યની છે. આઈ, મી એન્ડ માય સેલ્ફ... બાકી, બધા પોતપોતાની રીતે ફોડી લેશે.’

એટલું કહીને એ રૂમમાંથી બહાર નીકળી ગયો. એના બહાર ગયા પછી સોમલનું મગજ બહેર મારી ગયું. ગઈ કાલ સુધી જે માણસ આરોહી સાથે એન્ગેજમેન્ટ કરવા માટે આપઘાતની ધમકી આપતો હતો, એ જ કેટલી સહેલાઈથી એન્ગેજમેન્ટ તોડવાની પરવાનગી આપીને ચાલી ગયો!

થોડી મિનિટો પહેલાં આ એન્ગેજમેન્ટ કઈ રીતે તોડવા એ સિવાયનો બીજો કોઈ વિચાર સોમલને નહોતો આવતો, પણ જેવો નિખિલ આ રૂમમાંથી બહાર ગયો કે તરત સોમલનું મન આરોહી અને એનાં માતાપિતાની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તકલીફ વિશે વિચારવા લાગ્યું. સમાજમાં એમનું કેટલું ખરાબ લાગે, આરોહીને કેટલું દુઃખ થશે એ વિચારમાત્રથી જાણે સોમલની અંદર કંઈક બદલાવા લાગ્યું. હવે એને પોતાની જાત પર જ ગુસ્સો આવ્યો.

નિખિલે સાચું જ કહ્યું, એની જિંદગીમાં નિખિલ સિવાયની કોઈ વ્યક્તિ માટે સ્થાન જ નહોતું. એ ફક્ત પોતાના વિશે વિચારી શકતો હતો... આ એની શક્તિ હતી કે નબળાઈ એ સોમલ નક્કી નહોતો કરી શકતો, પણ એને એટલું ચોક્કસ સમજાયું કે જેટલી સહેલાઈથી નિખિલે આ એન્ગેજમેન્ટ તોડવાનું કહી દીધું એટલી સહેલાઈથી પોતે આમાંથી નીકળી શકવાનો નથી... કદાચ એ નીકળવા માગે તો આરોહી પણ નીકળવા દેવાની નહોતી.

*

'માય ગોડ! મને તો એમ કે બધું અઘરું થઈ જશે, પણ નિખિલ અંકલે તો બહુ સરળતાથી હાથ ધોઈ નાખ્યા!.

નેહાએ ઉત્સાહમાં સોમલના બંને ગાલ પર હાથ મૂકીને હળવા ચોંટિયા ભરી લીધાઃ

'જલસા કર. આ શુભ સમાચાર આરોહીને ક્યારે આપે છે?'

'એ જ વિચારું છું. એને આ કયા શબ્દોમાં કહું?'

'ગુજરાતીમાં.' નેહા હસતી હતી...

'આ રમત ડેડની છે એમાં બિચારી આરોહીનો શું વાંક? એની સામે જતા મને સંકોચ થાય છે.'

'હવે આ નવું લફરું શરૂ ન કર...' નેહા હેમોકમાં બેસીને ઝૂલવા લાગીઃ

'આરોહીનું જે થવાનું હોય તે થાય, તું આમાંથી બહાર નીકળી જા.'

'એમ કેવી રીતે નીકળી જાઉં?'

સોમલના ચહેરા પર જે મૂંઝવણ હતી એ જોઈને નેહાને હસવું આવ્યું. એને હસતી જોઈને સોમલ ચિડાઈ ગયોઃ

'તું જાણે છે નેહા, હું એવી રીતે એકદમ કોઈની સાથે...'

સોમલે છેલ્લી પંદર મિનિટમાં આ ચોથી સિગારેટ હોઠ વચ્ચે મૂકી.

'તને એક વાત કહું?' લાઇટર લઈને સોમલની સિગારેટ સળગાવતાં નેહાએ આંખો ઝીણી કરીને ભવાં સંકોચ્યાંઃ

'જિંદગીમાં એટલિસ્ટ એક વાર તને ગમે તે કર.'

'એ તો મેં કરી જોયું...' સોમલની આંખોમાં અપરાધભાવ ઊતરી આવ્યોઃ

'એ વખતે બિચારી કેસરનું માની લીધું હોત તો કદાચ આજે બધા પોતપોતાની જગ્યાએ સુખી હોત.'

'તારો એક પ્રોબ્લેમ છે. તને પાપ કરવાની ફાવટ નથી અને પુણ્ય કરતાં આવડતું નથી. નક્કી કર સોમલ, આરોહીના ભોગે સુખી થવું છે કે તારો ભોગ આપીને આરોહીને સુખી કરવી છે?'

નેહાના આ સવાલે સોમલને વિચારતો કરી નાખ્યો.

*

'અંકલ, અહીં લાઇનમાં ઊભા રહેશો તો ક્યારેય નંબર નહીં આવે... હાર્ટફેઇલ થઈ જશે ઊભા ઊભા જ.'

ટોઇલેટની લાઇનમાં ઊભેલા દેવરાજસિંહના ખભે એક મજબૂત હાથ મુકાયો. એમણે પાછળ ફરીને જોયું. પાછળ ઊભેલો એક યુવાન, ફૂટડો છોકરો એમની સામે સ્મિત કરી રહ્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દેવરાજસિંહ પેટ દબાવીને ઊભા હતા. એમને ઉતાવળ હતી, પરંતુ આગળ ઊભેલા છ-સાત જણાનો વારો પૂરો ન થાય ત્યાં સુધી એ અંદર જઈ શકે એમ નહોતા.

એ ઘડીકમાં પેટ દબાવતા તો ઘડીકમાં છાતી પર હાથ મૂકીને દુખાવો ટાળવાનો પ્રયાસ કરતા હતા. જેલનું ભોજન એમને પચતું નહોતું... ગૅસ અને પેટની બીજી તકલીફો શરૂ થઈ ગઈ હતી. દિવસમાં બે-ત્રણ વાર ટોઇલેટ જવું પડતું. ક્યારેક ઊલટીઓ થતી તો ક્યારેક એવો ગોળો ચડતો કે હાર્ટઅટેક આવશે એવો એમને ભય લાગતો.

આજે પણ એમને છાતીમાં હળવો દુખાવો થઈ રહ્યો હતો. પાછળ ઊભેલો છોકરો એમને કહી રહ્યો હતો:

'હું બહુ દિવસથી જોઉં છું કે તમે બધા નિયમ પાળો છો. કોઈ જગ્યાએ ધાંધલ નથી કરતા, તેમ છતાં છેલ્લે તમે જ બાકી રહી જાવ છો. આ જેલ છે, અંકલ! ગુનેગારો વસે છે અહીંયાં.'

'પણ હું તો ગુનેગાર નથી ને? હું એમના જેવો કેવી રીતે થાઉં?

દેવરાજસિંહની આંખોમાં જે ભલમનસાઈ હતી એ જોતાં જ પેલા છોકરાએ પોતાની આંખો ઝુકાવી દીધી. દેવરાજસિંહનું બાવડું પકડીને એમને છેક પહેલા ઊભા રાખી દીધા.

'તમે અહીંયાં ઊભા રહો.' ટોઇલેટનું બારણું એણે જોરથી ખખડાવ્યું, ચલ એ... રાત કી નિંદ અંદર પૂરી કરતા હૈ ક્યા? એનો અવાજ સાંભળીને તરત જ અંદર પાણીનો અવાજ ચાલુ થયો. દેવરાજસિંહ એની સામે જોઈ રહ્યા.

'જુઓ છો શું? અહીં તો જંગલનો કાયદો ચાલે છે. કાં તો હું કોઈને મારી નાખું ને જો એ બચી જાય તો એવી તૈયારી રાખવાની કે મારે એનાથી કેમ બચવું?'

'બેટા... હું સભ્ય સમાજમાંથી આવું છું. હું આવા જંગલના કાયદા શીખીને નથી આવ્યો.' એમણે ઊંડો નિઃસાસો નાખ્યો:

'આ ઉંમરે શીખવા માગતો પણ નથી.'

એ જ વખતે સામેનો દરવાજો ખૂલ્યો. ટોઇલેટમાં બેઠેલો કેદી અંદરથી બહાર નીકળ્યો એટલે અંદર દાખલ થતી વખતે દેવરાજસિંહે પેલા છોકરા સામે જોયું:

'થેન્ક યુ, બેટા.'

'અરે અંકલ, એક બાજુ બેટા કહો છો ને બીજી બાજુ થેન્ક યુ?'

દેવરાજસિંહે આગળ વાત કર્યા વિના દરવાજો બંધ કરી દીધો.

*

એ દિવસથી પેલા યુવાને જાણે દેવરાજસિંહની જવાબદારી જ લઈ લીધી. એમને જમવાનું સરખું મળે, કપડાં ધોવા માટે નળ ખાલી થઈ જાય... જીવનજરૂરિયાતની વસ્તુઓ માટેની વધારાની કૂપન્સ મળી રહે એ બધી વ્યવસ્થા એ છોકરાએ કરવા માંડી.

દેવરાજસિંહે એના બૅરેકમાં એની સાથે રહેતા યાદવને પૂછ્યું:

'આ કોણ છે?'

'આ?' યાદવની આંખોમાં આતંક ઊતરી આવ્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઓમ પારેખ... છ મર્ડર કરીને આવ્યો છે. બે વર્ષની સજા થઈ છે.’

‘છ મર્ડરમાં ફક્ત બે વર્ષ?’

‘સેલ્ફ ડિફેન્સમાં મર્ડર કર્યાં છે. એનો બાપ સ્ટોક માર્કેટનો કિંગ છે. શેરબજાર એના ઇશારે ઊઠે છે ને પડે છે.’

‘આણે મર્ડર કેમ કર્યાં?’

‘જાતને બચાવવા... એને કિડનેપ કરીને લઈ જતા હતા. એમની રિવોલ્વરથી એમના પર જ ગોળીઓ ચલાવી... બહાદુર છોકરો છે. માજિદભાઈ પણ એને સલામ કરે છે.’

‘માજિદભાઈ?’ દેવરાજસિંહ અહીંની રાજનીતિથી તદ્દન અજાણ હતા.

‘એટીસીમાં અંદર છે... મુંબઈ બ્લાસ્ટમાં એમનો મોટો રોલ હતો.’

‘ઓહ, હા.’ દેવરાજસિંહને યાદ આવ્યું. એમણે અખબારોમાં તસવીર જોઈ હતી:

‘એ આપણી જેલમાં છે?’

‘કાકા, કઈ દુનિયામાં રહો છો? રોજ તો આપણી સાથે હોય છે.’

‘મને કાંઈ ખબર નથી, ભાઈ...’ એમણે કંટાળાથી વાત પૂરી કરી:

‘મારે અહીં શાંતિથી એક વર્ષ રહેવાનું છે. પછી આ બધાને ફરી ક્યાં જોવાના છે?’

‘ઝાલાસાહેબ, આ ઓમ પારેખને તમારા માટે પ્રેમ છે એટલે શાંતિથી જીવવાની વાત પોસાય તમને. બાકી જેલની જિંદગી તો તમે જોઈ જ લીધી છે.’

યાદવની વાત ખોટી નહોતી. આ પહેલાંના થોડા મહિના સાવ જુદા હતા... પણ છેલ્લા ચાર દિવસથી દેવરાજસિંહની જિંદગી સાવ બદલાઈ ગઈ હતી. જે સગવડો સાથે એ જીવી રહ્યા હતા એનાથી બીજા કેદીઓને ઘણી તકલીફ થતી હતી.

ઓમ નાની નાની વાતમાં એમનું ધ્યાન રાખતો. દિવસમાં બે વાર માણસ આવીને એમને પૂછી જતો... કંઈ જોઈતું હોય કે તબિયત સારી ન હોય તો ડિસ્પેન્સરીમાં પહેલાં એમનો નંબર લાગતો...

ધીમે ધીમે દિવસો વીતી રહ્યા હતા. દેવરાજસિંહ રોજ સાંજે જમીન પર સૂતી વખતે ઈશ્વરનો આભાર માનતા અને સજામાંથી એક દિવસ ઓછો થયો એ વિશે મનને ધરપત આપતા. ઘરે શું ચાલતું હશે એ વિચારે દેવરાજસિંહનો જીવ ઊંચો થઈ જતો. કેસરનો વિચાર આવતાં અપરાધભાવથી એમનું મન ભરાઈ જતું. એ છોકરી ક્યાં હશે અને શું કરતી હશે એવા વિચારો એમની ઊંઘ ઉડાડી દેતા. આખી રાત બેસી રહેતા દેવરાજસિંહને જોઈને યાદવ એમને સમજાવતો:

‘અહીં રહીને તમે કંઈ જ નહીં કરી શકો. બહારની દુનિયામાં જે થવાનું હશે એ થઈને જ રહેશે... ઉચાટ છોડી દો.’

‘કોણ જાણે કેમ ઘરમાં બધું બરાબર હશે કે નહીં એ વિચારે મારું કાળજું વલોવાઈ જાય છે.’ એ કહેતા.

*

‘બાપુ, બધું બરાબર ચાલે છે. તમે જરાય ચિંતા નહીં કરતા.’

અભિમન્યુ અને ગુલાબસિંહ નિયમિત રીતે મળવા આવતા. આજે પણ અભિમન્યુ થોડા કાગળો લઈને આવ્યો હતો. એણે દેવરાજસિંહની સામે કાગળો મૂક્યા અને પેન ધરી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પોતાનો અને દેવરાજસિંહનો ફોટો લગાવેલા એ પેપર્સમાં જેલરની ઓથેન્ટિફિકેશનની સહી પણ થઈ ચૂકી હતી. અભિમન્યુ પૂરેપૂરી તૈયારી કરીને આવ્યો હતો એવું દેવરાજસિંહ સમજી શક્યા.

'શું છે આ?' એમણે પેપર્સ ધ્યાનથી વાંચ્યા

'આ તો ઇરરિવોકેબલ પાવર ઓફ એટર્ની છે. આની તારે શું જરૂર છે? તારી પાસે જરૂર પૂરતી પી.ઓ.એ. તો છે જ.'

દેવરાજસિંહે પેન હાથમાં પકડ્યા વિના સવાલ કર્યો. દાદા અને પૌત્રએ એકબીજા સામે જોયું.

'મારે બેન્ક લોન લેવી છે... એક નવો પ્રોજેક્ટ પ્લાન કરું છું.'

'તું કોઈને પૂછે છે કે, તારી જાતે જ બધું નક્કી કર્યા કરે છે?'

'બાપુ, મારે જેને પૂછવાનું છે એને પૂછું છું... તમે ઘરે આવો ત્યાં સુધી મારે એટલું કમાઈ લેવું છે કે તમે એક વાર આવો પછી શાંતિથી જીવી શકો.'

'બેટા, અત્યારે જ આપણી પાસે જેટલું છે એને હું આવું ત્યાં સુધી સાચવી રાખે તોય બહુ!'

'દેવલા, તને જે મળ્યું એમાંથી તેં દસ ગણું કર્યું. હવે તારો દીકરો એને આગળ વધારે એ તને ગમે કે નહીં?'

'એને અનુભવ નથી, બાપુ. ઊંધે રવાડે ચડી જશે તો જે છે એ ય ખોઈ બેસશે.'

'તમે કાયમ મારામાં અવિશ્વાસ જ કરતા રહ્યા છો. કોઈક દિવસ મારામાં ભરોસો કર્યો હોત તો આજે આ સ્થિતિ ના હોત.'

'તું કદાચ સાચો હોઈશ, બેટા... પણ વિશ્વાસ થઈ શકે એવો સમય તેં મને આપ્યો જ નથી. સાચું કહું તો આજે પણ મારો જીવ ઊંચો છે.'

'તો જીવને હેઠો બેસાડો, બાપુ. મેં કામ એટલી સરસ રીતે સંભાળી લીધું છે કે હવે પછી કદાચ તમારે ઓફિસે આવવાની જરૂર પણ નહીં પડે.'

'તું એ જ પ્રયત્નમાં છે એટલું તો હું જોઈ જ શકું છું.' દેવરાજસિંહે ખિન્ન સ્વરે આડકતરો કટાક્ષ પણ કરી લીધોઃ

'હું આ કાગળોમાં સહીં નહીં કરું.'

'તમે ભૂલ કરો છો, બાપુ. એક સારામાં સારો પ્રોજેક્ટનો મોકો મારા હાથમાંથી નીકળી જશે.'

'ફરી મુલાકાત માટે આવે ત્યારે પ્રોજેક્ટ રિપોર્ટ અને વિગતો લઈ આવજે. મને યોગ્ય લાગશે તો સહી કરી આપીશ.'

મુલાકાતનો સમય પૂરો નહોતો થયો તેમ છતાં દેવરાજસિંહ ઊભા થઈ ગયા. કોણ જાણે કેમ, પણ એમને એવું લાગવા માંડ્યું હતું કે અભિમન્યુ દરેક મુલાકાત વખતે એમની પાસે કોઈક ને કોઈક માગણી લઈને આવતો હતો. છેલ્લા થોડા મહિનાઓની દરેક મુલાકાત વખતે એમણે અભિમન્યુની ઇચ્છા પૂરી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ વખતે એ જે કાગળો લઈને આવ્યો હતો એ ખતરનાક હતા. આના ઉપર સહી કરવાથી અભિમન્યુ એમને રસ્તા પર લાવી શકે એટલી તાકાત હતી આ કાગળોમાં.

એમને ઊભા થયેલા જોઈને અભિમન્યુએ છેલ્લો પાસો ફેંકી જોયોઃ

'પછી એમ નહીં કહેતા કે મેં આગળ વધવાનો કોઈ પ્રયત્ન જ નથી કર્યો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દેવરાજસિંહે એક ક્ષણ માટે અભિમન્યુ સામે જોયું. જવાબ આપ્યા વગર એ ત્યાંથી ચાલી ગયા. અભિમન્યુને એટલો ગુસ્સો આવ્યો કે જો એના હાથ દેવરાજસિંહ સુધી પહોંચતા હોત તો એણે એમનું બાવડું પકડીને એમને સહી કરવા મજબૂર કર્યા હોત.

દાદા અને પૌત્ર નિરાશ થઈને આર્થર રોડ જેલથી પાછા ફર્યા ત્યારે અભિમન્યુએ ગાંઠ વાળી લીધીઃ

'એમણે સહી ના કરી તો શું છે? આપણે કોઈ ફ્રોડ સહી કરવાવાળાને ગોતીને બાપુની સહી ઠોકાવી લઈશું. બહાર નીકળશે ત્યાં સુધીમાં તો બધું પતી ગયું હશે...'

'એલા સાવજ, તું તો મારી જેમ વિચારવા માંડ્યો. મેં પણ આ જ વિચાર કર્યો હતો.' ગુલાબસિંહે મૂછે તાવ દીધોઃ

'દેવલા પર કાંઈ સોનાની મહોર નથી મારી... સમજીને સહી કરી હોત તો સારું થાત, પણ હવે એણે જ આપણને ગુનો કરવા માટે મજબૂર કર્યા ને?'

અભિમન્યુએ ગાડી ચલાવતાં જ સુધીરને ફોન લગાડ્યોઃ

'એક માણસ જોઈએ, ફ્રોડ સહી કરી શકે એવો.'

'તારે શું કરવું છે?'

'મારે બાપુની સહી કરાવવી છે.'

'ફ્રોડ કહેવાય, મૂર્ખા.'

'પકડાઈશ તો ને? મારે માણસ જ એવો જોઈએ કે જે આબાદ સહી કરે... મોં માગ્યા રૂપિયા ચૂકવીશ...'

સુધીર ચૂપ થઈ ગયો. એ જોઈ શકતો હતો કે અભિમન્યુ ધીમે ધીમે જે દિશામાં જઈ રહ્યો હતો ત્યાં ફક્ત બરબાદી હતી.

આટલા બધા રૂપિયાના વહીવટની સાથે હાથમાં આવેલી બેફામ પાવર ઓફ એટર્નીથી એનું મગજ ફરી ગયું હતું. રાતોરાત કરોડો રૂપિયા કમાવાનાં એનાં સપનાં હવે સાચાં પડવાનાં છે એમ માનીને એણે સમજ્યા-વિચાર્યા વગર આડેધડ પૈસા ઇન્વેસ્ટ કરવા માંડ્યા હતા. શૅરબજારના સટ્ટા અને રેસમાં એ બેફામ પૈસા ખરચવા લાગ્યો હતો.

નિખિલ એને ઊંધા રવાડે ચડાવવાના બધા રસ્તા બતાવી રહ્યો હતો. હાઈ સોસાયટીની પાર્ટી–મોડેલ્સ, ફિલ્મસ્ટાર્સ અને રાજકારણીઓની ઓળખાણોથી અભિમન્યુ પોતાની જાતને એમનો જ ભાગ સમજવા લાગ્યો હતો. બે-ચાર વખત પેજ-થ્રી પર છપાયેલા પોતાના ફોટા જોઈને એનું મગજ તરબતર થઈ ગયું હતું.

નિખિલ આ જ ઇચ્છતો હતો. એણે અભિમન્યુની આસપાસ બધા ખોટા માણસો ગોઠવવા માંડ્યા હતા–એને ખોટી ટિપ્સ મળે, ખોટા પ્રોજેક્ટ મળે અને સતત નુકસાન થાય એવી સલાહ આપે એવા માણસોને એણે અભિમન્યુ માટે કામે લગાડ્યા હતા.

એટલું ઓછું હોય એમ હાથમાં આવેલા રૂપિયાને અભિમન્યુએ પાણીની જેમ વહાવવાનું શરૂ કર્યું હતું. એની એક પણ સાંજ શરાબ અને સુંદરી વગર પૂરી નહોતી થતી. ગુલાબસિંહ એને આ બાબતમાં પ્રોત્સાહન આપતા... પોતે એની સાથે પીતા.

એણે હાઇસોસાયટીની પાર્ટીઝમાં દાખલ થવા માટે પોતે પણ પાર્ટી આપવા માંડી હતી. લાખો રૂપિયાના ખર્ચે પ્રાઇવેટ ક્રૂઝ અને ફાઇવસ્ટાર હોટેલના ડિસ્કોમાં એણે પબ્લિક રિલેશનના નામે રૂપિયાનો ધુમાડો કરવાનો શરૂ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કર્યો હતો.

શ્રદ્ધાબહેન એટલું સમજી શકતાં હતાં કે અભિમન્યુ ખોટી દિશામાં હતો. એ દીકરાની સાથે જ્યારે પણ વાત કરવાનો પ્રયત્ન કરતાં ત્યારે ગુલાબસિંહ વચ્ચે પડીને એમની વાતને અટકાવી દેતા. બે-ચાર વખતના કડવા અનુભવ પછી શ્રદ્ધાબહેને મન મારવાનું શરૂ કર્યું હતું.

જેટલી વખત દેવરાજસિંહની મુલાકાતનો સમય મળતો એટલી વખત શ્રદ્ધાબહેન કરગરીને સાથે લઈ જવાની વિનંતી કરતાં, પણ ગુલાબસિંહ અને અભિમન્યુ કોઈ ને કોઈ રીતે બહાનું કરીને એમને સાથે લઈ જવાનું ટાળતા. એમણે જાતે જેલની મુલાકાત લેવાનો પ્રયત્ન કરી જોયો હતો, પણ એમને કોઈ વિધિ ખબર નહોતી એટલે બે વખત જેલના ધક્કા ખાધા પછી એ નિરાશ થઈને અસહાયતા અનુભવતાં ઘરે બેસી રહેતાં.

શ્રદ્ધાબહેન પતિનો ચહેરો જોવા તરસી ગયાં હતાં. રાત-દિવસ એ દેવરાજસિંહને યાદ કરીને, એમની ચિંતા કરીને આંસુ સારતાં રહેતાં. અભિમન્યુનું વર્તન એમને સતત તકલીફ આપતું...

...પરંતુ સુખે-દુઃખે આ દિવસો પૂરા કર્યા વિના એમની પાસે બીજો કોઈ રસ્તો નહોતો. એ ઈશ્વરને પ્રાર્થના કરતાં. કેસર હોત તો એને ચોક્કસ દેવરાજસિંહ પાસે લઈ ગઈ હોત... એ વિચારે એમને વારંવાર રડવું આવતું. દીકરો જે રીતે પોતાને અપમાનિત કરતો હતો એનાથી રહી રહીને શ્રદ્ધાબહેનને દેવરાજસિંહની વાતો યાદ આવતી. એ શા માટે અભિમન્યુને બધું જ સોંપી દેવા તૈયાર નહોતા એ વાત શ્રદ્ધાબહેનને હવે સમજાતી હતી.

દેવરાજસિંહ જ્યારે જ્યારે દીકરાને શ્રદ્ધાબહેન વિશે પૂછતા ત્યારે અભિમન્યુ એમની તબિયતનું બહાનું કાઢતો. શ્રદ્ધાબહેન પોતે જ એની સાથે આવવાની ના પાડે છે એવું એણે પિતાના મનમાં ઠસાવવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો, પરંતુ પત્નીને બરાબર ઓળખતા દેવરાજસિંહને આ વાત કોઈ રીતે ગળે ઊતરતી નહોતી.

*

એક દિવસ રાત્રે એમની લેન્ડલાઇન ઉપર રિંગ વાગી. મહેશે ફોન ઉપાડ્યો. શ્રદ્ધાબહેનને આમેય ઊંઘ ઓછી આવતી. રિંગ વાગી એમાં એમની ઊંઘ પૂરેપૂરી ઊડી ગઈ.

'સાહેબ!'

મહેશનો અવાજ એટલો મોટો હતો કે ઉપરના બેડરૂમમાં સૂતેલાં શ્રદ્ધાબહેન લંગડાતા પગે દોડીને બહાર સુધી આવી ગયાં:

'કેમ છો સાહેબ? તબિયત સારી છે ને?' કહેતાં કહેતાં મહેશની આંખોમાં પાણી આવી ગયાં.

પોતાના રૂમમાં પણ ફોનની લાઇન છે એ યાદ આવતાં જ શ્રદ્ધાબહેન ફરી એ જ રીતે લંગડાતાં પોતાના રૂમમાં પહોંચ્યાં. ફોન ઉપાડીને એમણે લગભગ બૂમ પાડતાં હોય એમ કહ્યું:

'ક્યાં છો તમે? ફોન ક્યાંથી કર્યો?'

'અહીં મોબાઇલ છે... હું કોઈના મોબાઇલથી વાત કરું છું. તું કેમ છે?'

દેવરાજસિંહના અવાજમાં કાળજીની સાથે સાથે એક ખાલીપાની પીડા સાંભળીને શ્રદ્ધાબહેન રડી પડ્યાં:

'તમે બહુ યાદ આવો છો... તમારી વાતો માની હોત તો કદાચ...'

'જે થયું એનાથી આપણે બંને ઘણું શીખ્યાં છીએ. એક વાત કહેવા જ ફોન કર્યો છે...'

દેવરાજસિંહનું ગળું ભરાઈ આવ્યું. એમને બોલવામાં તકલીફ થવા લાગી. ગળું ખોંખારીને એમણે ધીમેથી કહ્યું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું તને ખૂબ ચાહું છું, શ્રદ્ધા... આજ સુધી કહ્યું નથી એટલે થયું કે એક વાર તને કહી દઉં. કદાચ હવે ન મળીએ તો તને એટલી ખબર તો હોવી જ જોઈએ ને?’

‘હું જાણું છું. તમે આજ સુધી મારી કોઈ વાત નથી ટાળી. મારી નાનામાં નાની ઇચ્છા પૂરી કરી છે...’ શ્રદ્ધાબહેને રડતાં રડતાં કહી નાખ્યું:

‘હવે ક્યારેય તમારામાં શંકા નહીં કરું. સાવજનો પક્ષ લઈને જે ભૂલ મેં કરી છે એની કિંમત તમારે ચૂકવવી પડી... મને માફ કરી દો.’

એ પછીની પાંચ-સાત મિનિટ પતિ-પત્ની વચ્ચે અત્યંત આત્મીય સંવાદોની આપ-લે થતી રહી. શ્રદ્ધાબહેન વારે વારે દેવરાજસિંહની તબિયત વિશે પૂછી રહ્યાં હતાં તો દેવરાજસિંહને એ ચિંતા હતી કે દીકરો શ્રદ્ધાબહેનને બરાબર સાચવે છે કે નહીં.

આંખોમાંથી વરસતાં આંસુ સાથે બંને જણા એકબીજાનો વિરહ વહેંચતાં રહ્યાં.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 39

‘આરોહી... આ લગ્ન શક્ય જ નથી.’

ભાવ વગરના ચહેરે, સ્થિર આંખો સાથે સોમલ પોતાની વાત કરી રહ્યો હતો. આરોહીની આંખોમાં પાણી હતાં. છેલ્લી દસ મિનિટથી સોમલ એને જુદી જુદી રીતે સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

આમ તો એન્ગેજમેન્ટના દિવસથી જ સોમલ એને ટાળવાનું શરૂ કરી દીધું હતું. આરોહી રોકકળ કરીને, સમ-સોગંદ આપીને એને મળવા બોલાવે ત્યારે એ જતો... ક્યારેક આરોહીથી દૂર રહેવાના સંનિષ્ઠ પ્રયાસ કરતો તો ક્યારેક આરોહી એને એટલો વિવશ કરી નાખતી કે બંને જણા એકબીજામાં ખોવાઈ જતાં. આવી દરેક ઘટના પછી સોમલને અફસોસ થતો. એ પોતાની જાતને ફરી એક વાર બંધ કરી લેતો... ફરી એક વાર આરોહી એને હાથ-પગ જોડીને, વિનંતીઓ કરીને મળવા બોલાવતી... અને ફરી એક વાર...

સોમલ આ વિષચક્રથી થાક્યો હતો. પોતાની નબળાઈ એ સમજી શકતો હતો, પરંતુ જ્યારે જ્યારે નિર્ણય કરતો ત્યારે એમાંથી ચલિત થઈ જતાં એને વાર લાગતી નહીં. એમની નિકટની ક્ષણો પછી આરોહી ફરી એક વાર લગ્નની વાત કાઢતી અને સોમલ છંછેડાઈ જતો...

આખરે એણે ગાંઠ વાળીને દૃઢતાપૂર્વક નક્કી કરી લીધું કે આરોહીની કોઈ પણ વિનંતી કે બ્લેકમેઇલ સામે નબળા પડ્યા વિના એને મળવાની સ્પષ્ટ ના પાડવી. છેલ્લા બે મહિનાથી એ પોતાની વાત પર અડગ હતો. આરોહીએ નિખિલ શ્રોફનો દરવાજો ખખડાવી જોયો હતો, પરંતુ એણે હસીને વાત ટાળી દીધી હતી:

‘જો! મેં એન્ગેજમેન્ટ કરાવી આપ્યા, હવે તારો સંબંધ ટકાવવાની જવાબદારી મારી નથી.’

એણે શ્વેતાબહેનને પણ ફરિયાદ કરી હતી. શ્વેતાબહેન એની સાથે જે ઠંડકથી વર્તતાં હતાં એનાથી આરોહીને અંદેશો આવી ગયો હતો.

પોતાને ત્યાં મળવા આવ્યા ત્યારે નિખિલે ઉતાવળથી લગ્ન લેવાની વાત કરી હતી, પરંતુ એન્ગેજમેન્ટને એક વર્ષ થઈ ગયું હોવા છતાં નિખિલને ત્યાંથી લગ્નની વાત ટાળવામાં આવતી હતી.

આરોહીનાં માતાપિતા લગભગ દર મહિને એક વાર નિખિલને મળવા જતાં હતાં. એમની આગતા-સ્વાગતા કરવામાં આવતી, સન્માનપૂર્વક ચા-નાસ્તો કરાવવામાં આવતો. એ લોકો જેવી લગ્નની વાત કાઢતાં કે નિખિલ હાથ ઊંચા કરી જતો:

‘સોમલ સાથે વાત કરવી પડે.’

‘તો કરી લો. અમે તમને આવતે અઠવાડિયે ફોન કરીશું.’ એનાં માતાપિતા ગરીબડાં થઈને વિનંતી કરતાં.

‘સોમલ તો પેરિસ ગયો છે. આવતાં બે અઠવાડિયાં થશે.”

‘ભલે, આવે પછી.’

‘એ આવશે ત્યારે હું જર્મની હોઈશ.’

‘તો તમે પાછા આવો ત્યારે...’

આરોહીનાં માતાપિતા પાસે રાહ જોયા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો.

આમ આરોહી તથા એનાં માતાપિતા ત્રણેય સમજી શકતાં હતાં કે નિખિલને હવે આ લગ્ન થાય એમાં સહેજ પણ રસ નહોતો. વળી, સોમલને સંપર્ક કરવાના એમના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા હતા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સાંજે નિખિલે કહ્યું હોય કે સોમલ પરદેશ છે અને બીજે દિવસે સવારે આરોહી કોઈ પાસે ફોન કરાવે તો ક્યારેક સોમલ ટેનિસ રમતો હોય... સ્ટીમરૂમમાં હોય અથવા જિમમાં હોય!

ઓફિસ જવાનું બંધ કરીને જ્યારે સોમલે પોતાની નારાજગી પૂરી હિંમતથી વ્યક્ત કરી ત્યારે નિખિલે એને શાંતિથી કહી દીધું:

'તોડી નાખ એન્ગેજમેન્ટ...'

નિખિલે એન્ગેજમેન્ટ તોડી નાખવાની રજા આપી દીધા પછી સોમલ જાણે અદશ્ય થઈ ગયો હતો. સોમલનો સેલ સતત રણકતો, પરંતુ કોઈ ઉપાડતું નહીં. અજાણ્યા નંબર્સ અને આરોહીનો નંબર ઉપાડવાના સોમલે બંધ કરી દીધા હતા.

સોમલે ઘણા મનોમંથન પછી આખરે આરોહીને મળવા બોલાવી હતી. એણે નક્કી કરી લીધું હતું કે ભાગતા ફરવાને બદલે પરિસ્થિતિનો સામનો કરીને આંખમાં આંખ નાખીને આરોહીને સત્ય કહી દેવું.

'હું તારા વગર નહીં જીવી શકું, સોમલ.'

આરોહી રડું રડું થતી હતી. એના હોઠ ધ્રૂજવા લાગ્યા હતા. રડવું રોકવાના પરિશ્રમમાં કાનની બૂટ અને ગાલ લાલચોળ થઈ ગયાં હતાં.

'હું એવો અદ્‌ભુત માણસ છું જ નહીં, આરોહી. ખરું પૂછો તો મારામાં સારા પતિ બનવાના કોઈ ગુણો જ નથી.' એણે લગભગ સ્વગત ઉમેર્યું:

'હોત તો કેસર આમ ચાલી ગઈ હોત?'

'સોમલ... તને જેવી ગમતી હશે એવી જ પત્ની બનીને બતાવીશ બસ? તારો પડ્યો બોલ ઉપાડીશ. તારાં મા-બાપની સેવા કરીશ. કોઈ દિવસ સામે નહીં બોલું. તને મહેણાં નહીં મારું. સવાલો નહીં પૂછું. તને ગુસ્સો કરવાનું કોઈ કારણ નહીં આપું...'

હવે એ રડવું રોકી શકી નહીં. પોતાનાં રૂપ અને આવડત વિશે બહુ અહંકાર ધરાવતી આરોહીને આમ કરગરવામાં ખૂબ તકલીફ થતી હતી, પરંતુ આટલી ધામધૂમથી થયેલા આ એન્ગેજમેન્ટ જો તૂટી જાય તો એના અહમ્ પર મોટો ફટકો પડે એમ હતું.

એને ખાતરી હતી કે એક વાર લગ્ન થઈ જશે પછી એ સોમલને વ્યવસ્થિત રીતે પોતાના કાબૂમાં રાખશે, પણ લગ્ન ન થાય ત્યાં સુધી તો સોમલને સાચવવો એને માટે અનિવાર્ય હતો.

'આ એન્ગેજમેન્ટ તૂટશે તો હું આપઘાત કરીશ.'

'સાલું, અહીં તો જે મળે છે એ દરેક માણસ આપઘાત કરવાની ધમકી આપે છે!'

સોમલ અકળાઈ ગયો. જે ગુસ્સો પિતા સામે નહોતો નીકળી શક્યો એ આરોહી સામે ધૂંધવાટ સાથે પ્રગટ થઈ ગયો:

'જા, કરી લે આપઘાત... હું સુખી થઈ જઈશ. મને પરણવા માગતી કે પરણેલી સ્ત્રી જીવી જ નથી શકતી એવી અફવા ફેલાઈ જશે બજારમાં. ભૂતિયા ઘરની જેમ કોઈ મારી તરફ ફરીને જોશેય નહીં.'

આરોહી ઊભી થઈને સોમલના પગ પાસે ઘૂંટણિયે બેસી ગઈ:

'મારા ડૅડી આઘાતથી મરી જશે, સોમલ... પ્લીઝ, એવું ન કર.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પ્લીઝ, તો હું તને કહું છું... યાર, તું મને બ્લેકમેઇલ નહીં કર. હું ગળા સુધી આવી ગયો છું. સમજવાનો પ્રયત્ન કર. આપણે બંને કોઈ રીતે સાથે રહી શકીએ એમ નથી.'

'આટલાં વરસથી તું મને પ્રેમ કરતો હતો, સોમલ. સ્કૂલમાં આપણને સૌ મેઇડ ફોર ઇચ-અધર કહેતા.'

'એ સ્કૂલની વાત હતી. ત્યારે હું એક નિર્દોષ ડાહ્યો છોકરો હતો. આજે હવે હું એક બદમાશ, નફ્ફટ અને નકામો માણસ છું. તને સારો છોકરો મળી જશે, નહીં મળે તો હું શોધી આપીશ, બસ?'

'દયા ખાય છે મારી?' હવે આરોહીનો અહંકાર ફૂંફાડો મારીને જાગી ઊઠ્યોઃ

'મને હવે સમજાય છે કે હું તારા પ્રેમમાં આંધળી થઈ ગઈ. એમાં તેં અને તારા બાપે મારો ઉપયોગ કરી લીધો.'

'સરસ.' સોમલ ઊભો થઈ ગયોઃ

'તો સમજાઈ ગયું ને? ખૂલી ગઈને આંખો? આજ પછી કોઈને તારો ઉપયોગ નહીં કરવા દેતી.' એ શૂઝની લેસ સરખી કરવા લાગ્યોઃ

'તું પણ લોકોનો ઉપયોગ કરતાં શીખી જા. દેખાવડી છે, સ્માર્ટ છે... જિંદગીમાં ઘણું મેળવી શકીશ...'

સોમલની પગ પાસે ઊભેલી આરોહી અચાનક ઊભી થઈ ગઈ અને સોમલને કશું સમજાય તે પહેલાં એણે સોમલને તમાચો ઠોકી દીધો. ડઘાયેલો સોમલ એને રોકે એ પહેલાં હાથ ઊંધો કરીને એણે બીજા ગાલ પર બીજો તમાચો માર્યા પછી બંને હાથે સોમલનો કોલર પકડીને એને હચમચાવી નાખ્યો. છાતીમાં મુક્કા માર્યા. એ મોટા અવાજે રડતાં રડતાં આ ઘરમાં કોઈ દિવસ ન સંભળાઈ હોય એવી ગાળો સોમલને ભાંડવા માંડી હતી.

એનો અવાજ સાંભળીને ધસી આવેલા સ્ટાફને જોઈને સોમલે માત્ર હાથ ઊંચો કર્યો. સહુ ચાર-પાંચ ફૂટ દૂર અટકીને ઊભા રહ્યા. ટોળે વળેલા સ્ટાફની સામે આરોહી રૌદ્ર સ્વરૂપે સોમલ પર ફિટકાર વરસાવતી હતી.

આરોહી જે કંઈ કરતી હતી તે એને કરી લેવા દીધું. એણે સોમલને નખોરિયાં ભર્યાં, મુક્કા માર્યા, ક્રોધના આવેશમાં સોમલનું શર્ટ ફાટી ગયું ત્યાં સુધી એને હચમચાવ્યો. રબ્બરના કોઈ પૂતળાની જેમ સોમલ સાવ શાંતિથી, નિર્લેપભાવે આરોહીનો ક્રોધ સહન કરતો રહ્યો.

આખરે આરોહીએ સોમલને બંને હાથે ધક્કો માર્યા પછી સોમલ સોફામાં ફસડાઈ ગયો અને આરોહી રડતાં રડતાં ત્યાંથી ચાલી ગઈ.

આરોહીના ગયા પછી સોમલે બંને હાથ ચહેરા પર ઘસ્યા. એ સહેજ સ્વસ્થ થયો. જાણે મન પરથી કોઈ બોજ ઊતરી ગયો. એને થોડી મિનિટો પહેલાં ગુનેગાર હોવાની જે લાગણી થઈ હતી એ આરોહીના આક્રોશમાં ધોવાઈ ગઈ. આજે જે કંઈ થયું એ પછી આરોહી ફરી વખત એને સંપર્ક કરવાનો પ્રયાસ નહીં કરે એ વિચારે એને રાહત થઈ. સામે ઊભેલા સ્ટાફ સામે જોઈને એણે સ્મિત કર્યુંઃ

'જાવ, પોતપોતાનાં કામે લાગો. હવે તમાશો પૂરો થયો.'

ઝંખવાણા પડેલા સૌ પોતપોતાની દિશામાં વિખરાઈ ગયા. સોમલે સામે પડેલા મોલ્ડેડ ગ્લાસના ટેબલ પર પગ મૂકીને સોફાની પીઠ પર બંને હાથ ફેલાવ્યા, આંખો મીંચીને એ એક વિચિત્ર પ્રકારની મુક્તિનો આનંદ લેતો રહ્યો.

*

'હવે મહેરબાની કરીને કોઈ લફરાંમાં નહીં પડતો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ના, હજું એક લફરું કરવું છે અને એ પણ તારી સાથે કરવું છે!’ કેટલાય દિવસો પછી સોમલ ફરી વખત એ જ હળવા મિજાજમાં નેહાની સાથે ટેરેસમાં ઊભો હતો:

‘એટલિસ્ટ સમજદારીની વોરન્ટી તો ખરી.’

‘સોમુ, આજે તને એક વાત શીખવી દઉં.’

‘બોલો, ગુરુજી.’

‘સ્ત્રી જ્યાં સુધી મિત્ર હોયને ત્યાં સુધી તમે મુશ્કેલીમાં હો તો જીવ આપી દે... દરેક તકલીફમાં ખભેખભો મિલાવીને પરિસ્થિતિનો સામનો કરે, હિંમત આપે... પણ જેવી પ્રેમમાં પડેને એટલે એને તમારા સુખથી ઓછું કશું ખપે જ નહીં.’

‘એવું કેમ?’

‘કારણ કે સ્ત્રી અસલામત છે. જન્મે ત્યારથી એને શીખવાડવામાં આવે છે કે એના સુખ, સુંદરતા અને સલામતીનું સર્ટિફિકેટ જો એને એના પુરુષ પાસેથી નહીં મળે તો સુખનો કોઈ અર્થ જ નથી.’

નેહાએ સિગારેટ સળગાવી. કૂદકો મારીને એ અગાશીની પાળી પર બેઠી. દોઢ વેંતની નાનકડી પાળી પર એ જે રીતે કૂદીને બેસતી એનાથી સોમલને ક્યારેક ધ્રુજારી થઈ આવતી. એ દરેક વખતે કૂદીને બેસતી નેહાનો હાથ પકડી લેતો. આજે પણ એણે હાથ લંબાવ્યો:

‘ડોન્ટ વરી, બચ્ચા! હું અસલામત નથી, કારણ કે મારું સુખ શેમાં છે એ હું જ નક્કી કરું છું.’

‘ભઈસા’બ! એક ઝાંસીની રાણી જન્મી, પછી સીધી તું...’ સોમલે પણ સિગારેટ ઉઠાવી:

‘વચ્ચે કોઈ જન્મ્યું જ નથી!’

‘સોમુ, જ્યાં સુધી મારા સુખની લગામ મારા હાથમાં છે ને ત્યાં સુધી મને કોઈ દુઃખી નહીં કરી શકે, પણ જે મિનિટે હું મારું સુખ બીજાના એડ્રેસ પર શોધવા નીકળીશ એ મિનિટે મને દુઃખી કરવાનો અધિકાર પણ એ માણસ ભોગવતો થઈ જશે.’

‘અઘરું છે.’ સોમલે હવામાં ધુમાડો છોડતાં ડોકું ધુણાવ્યું:

‘ટૂંકમાં, હવે હું આઝાદ છું.’

‘આઝાદી ટકાવવાનો પ્રયત્ન કરજે. દર થોડા દિવસે ચીઝનો ટુકડો જોઈને પાંજરામાં ઘૂસી જઈશ તો વારેવારે બચાવવા નહીં આવું, એટલું યાદ રાખજે.’

‘પાંજરાથી યાદ આવ્યું, યાર... દેવરાજ અંકલ આ મહિનામાં છૂટવા જોઈએ.’

‘હવે એ લોકોને પણ ભૂલી જા. તારી સ્લેટ પરના લીટા લૂછી નાખ, સોમલ.’

‘એટલું ચીતરામણ થઈ ગયું છે કે લીટા લૂછવાને બદલે મારે નવી સ્લેટ લેવી પડશે.’

‘તો લઈ લે... પણ એક નવી જિંદગી જીવવાનો પ્રયત્ન કર. તું જર્મનીમાં રહેતો હતો એમ તારા કામ પર, તારી કારકિર્દી પર કોન્સન્ટ્રેટ કર.’ એણે લુચ્ચુ સ્મિત કર્યું:

‘સ્ત્રીઓ તને ક્યારેય સદતી નથી, હેન્ડસમ.’

‘તારા સિવાયની સ્ત્રીઓ કહે, સ્વીટહાર્ટ!’

બંને જણા હસી પડ્યાં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

*

'પેલો હવે જેલમાંથી છૂટવાનો છે.'

ગુલાબસિંહે હીંચકે ઝૂલતા પૌત્રને યાદ કરાવ્યું.

'ખબર છે...'

'એને લેવા જાય ત્યારે જ મોઢામોઢ સાચું જ કહી દેજે. હવે ઓફિસ આવીને માથું દુખાડશે એ નહીં પોસાય.'

'દાદાજી, એમ એટલા જલદી ખૂણામાં નહીં બેસાડાય એમને.'

દિવસો બહુ ઝડપથી પસાર થઈ ગયા હતા. દેવરાજસિંહ જેલમાં ગયાને વર્ષ પૂરું થવામાં હતું. આ એક વર્ષમાં અભિમન્યુ કાયદાની આંટીઘૂંટી સમજવા લાગ્યો હતો. કંપનીમાં દેવરાજિસંહનો જે શૅર હતો એ હજી યથાવત્ હતો. માના શૅર્સ એણે સમજાવી-પટાવીને પોતાને નામે કરાવ્યા હતા, પરંતુ નાનાજીની દૂરંદેશીને કારણે એ શૅર્સ પણ તબક્કા વાર ટ્રાન્સફર થવાના હતા. આમ જુઓ તો અભિમન્યુના હાથમાં બધું જ હતું ને આમ જુઓ તો હજી સુધી એના હાથમાં કશું જ નહોતું આવ્યું. રોકડા રૂપિયા અને કંપનીની કૅશ ઉડાડવામાં એણે કંઈ જ બાકી નહોતું રાખ્યું. પોતાના અનુભવ અને સમજને કારણે દેવરાજસિંહે પાવર ઓફ એટર્ની સમયમર્યાદા અને અમુક બાબતો પૂરતો જ રાખ્યો હતો.

અભિમન્યુ જ્યારે ઇરરિવર્સેબલ પાવર ઓફ એટર્ની લેવા ગયો ત્યારે એમણે સ્પષ્ટ ના પાડી હતી, જે વાત અભિમન્યુને ચચરી ગઈ હતી. છેલ્લા થોડા સમયથી અભિમન્યુ રાત-દિવસ પિતાના પાછા ફરવાની રાહ જોતો હતો. એનું મુખ્ય કારણ એ હતું કે હવે એને ઝડપથી આ આખાય સામ્રાજ્યના માલિક થવાની તાલાવેલી લાગી હતી.

નિખિલે એની મહત્ત્વાકાંક્ષાને એ હદ સુધી ઉશ્કેરી હતી કે હવે અભિમન્યુને એક જ વાત દેખાતી હતી. પિતાની હાજરી ઘર અને ઓફિસ બંને જગ્યાએ એને ખૂંચે એટલી હદે નિખિલ અને ગુલાબસિંહે મળીને એના મનમાં દેવરાજસિંહ વિરુદ્ધ ઝેર ભરી દીધું હતું.

અભિમન્યુ માનતો હતો કે એના પિતાને બહાર દુનિયા વિશે કશી જ ખબર નથી. ઘરમાં શું ચાલી રહ્યું છે અથવા પોતે છેલ્લા એક વર્ષ દરમિયાન કઈ રીતે જીવ્યો છે એ વિશે દેવરાજસિંહ તદ્દન અજાણ છે. બીજી તરફ અભિમન્યુ અને ગુલાબસિંહને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે લગભગ દર અઠવાડિયે પત્નીના સંપર્કમાં રહેલા દેવરાજસિંહ પાસે રજેરજ માહિતી ઉપલબ્ધ હતી.

શરૂઆતમાં રડી રડીને ફરિયાદ કરતાં શ્રદ્ધાબહેનને દેવરાજસિંહે હિંમત આપીને આ પરિસ્થિતિ સામે લડવા માટે તૈયાર કર્યાં હતાં. નજર સામે વેડફાઈ રહેલા રૂપિયા, હાથમાંથી સરકી ગયેલો દીકરો અને ગુલાબસિંહની ચઢવણીથી તદ્દન કલુષિત થઈ ગયેલું ઘરનું વાતાવરણ એમને ખૂબ પીડા આપતું હતું. પરંતુ દેવરાજસિંહે ધીમે ધીમે એમને માનસિક રીતે એટલાં મજબૂત કરી નાખ્યાં કે શ્રદ્ધાબહેન દેવરાજસિંહના આવવાના દિવસો ગણતાં શાંત ચિત્તે પતિની રાહ જોતાં શીખી ગયાં હતાં.

એ રોજ કલાકો મંદિરમાં બેસી રહેતાં. વારંવાર ઈશ્વરને પ્રાર્થના કરતાં કે એના દીકરાને ગુલાબસિંહની અસરમાંથી બહાર કાઢે, પરંતુ કોણ જાણે કેમ, શ્રદ્ધાબહેનનો ઈશ્વર કોઈ રીતે એમની વાત સાંભળતો નહોતો... ઘરની પરિસ્થિતિ રોજેરોજ વધુ ને વધુ વણસતી જતી હતી.

'તિજોરીની ચાવી આપ.'

અભિમન્યુ મા સાથે જે ભાષામાં અને જે ટોનમાં વાત કરતો થઈ ગયો હતો એ શ્રદ્ધાબહેન માટે અસહ્ય હતું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અભિ, હજી હમણાં તો તું...’

‘આ મારા પૈસા છે. કરોડો તિજોરીમાં ભરી રાખીશ તો ડબલ નહીં થાય, સમજી?’

‘તારા બાપુએ મહેનત કરીને કમાયેલા છે. આ રીતે લાખો રૂપિયા ખર્ચી નાખીશ તો તારે જવાબ આપવો પડશે.’

અભિમન્યુ હસતોઃ ‘હા, મહેનત તો કરી છે, મારા નાનાને પટાવવાની. ધનવાન પિતા પોતાની એકની એક દીકરીનો હાથ એમના હાથમાં આપી દે એ માટે ખૂબ મહેનત કરી એમણે.’

‘કોઈ છળ-છેતરપિંડી નથી કર્યાં તારી જેમ.’

હવે જ્યારે ડગલે ને પગલે દેવરાજસિંહ સાચા પડતા જતા હતા, ત્યારે શ્રદ્ધાબહેનને પતિની વિરુદ્ધ એક પણ વાક્ય સાંભળવાથી કાળ ચડી જતો હતો. એ લડતાં-ઝઘડતાં પોતાના પૂરા બળથી અભિમન્યુને રોકવાનો પ્રયાસ કરતાં. તિજોરીની ચાવી સંતાડી દેતાં, પરંતુ અભિમન્યુ ખાવાનું બંધ કરી દેતો. આપઘાત કરવાની ધમકી આપતો... પોતે શૅરમાં કે રેસમાં રૂપિયા ખોયા છે એમ કહીને મગરનાં આંસુ રડતો. ઘણી અનિચ્છા છતાં, પુત્રનું જુઠ્ઠાણું જાણતાં હોવા છતાં શ્રદ્ધાબહેન હારી જતાં. એક વધુ છેલ્લી વખત એ રૂપિયા કાઢી આપતાં. અભિમન્યુ માને મૂરખ બનાવ્યાના સંતોષ સાથે ઘરની બહાર નીકળી જતો. મહિનાઓથી ચાલતી આ રમતમાં કોઈ ફેરફાર થયો નહોતો.

શ્રદ્ધાબહેન જ્યારે આ બધી ફરિયાદો દેવરાજસિંહને કરવા લાગ્યાં ત્યારે સમજદાર દેવરાજસિંહે પત્ની શ્રદ્ધાબહેનને પોતાનું વર્તન બદલવાની સ્પષ્ટ ના પાડી.

‘તું સહેજ પણ બદલાઈશ કે હિંમતથી એની સામે ઊભી રહીશ તો એને ખ્યાલ આવી જશે કે તને કોઈની મદદ મળવા લાગી છે.’

‘હું કહી દઈશ કે તારા બાપુ મારી સાથે નિયમિત વાત કરે છે.’

‘ના, ના, એવી ભૂલ નહીં કરતી. હમણાં એને ગાફેલ જ રહેવા દે. હું જ્યાં સુધી અહીંથી બહાર ના નીકળું ત્યાં સુધી મને તારી સલામતીની ચિંતા થયા કરશે.’

‘એ મને કંઈ નહીં કરે.’

‘એવું માનવાની ભૂલ નહીં કરતી. અત્યારે એ નિખિલ શ્રોફની બુદ્ધિથી ચાલે છે. પોતાનું ધાર્યું કરાવવા માટે એ કોઈ પણ હદ સુધી જઈ શકે છે...’

‘તમને ખરેખર એવું લાગે છે કે એ મને...’

‘મેં અભિમન્યુ વિશે કંઈ પણ ધારવાનું બંધ કરી દીધું છે. હું પાછો આવું પછી પરિસ્થિતિની પૂરેપૂરી સમજ મેળવીને મારે સાવ નવેસરથી બાજી ગોઠવવી પડશે.’

‘અહીંયાં શું ચાલે છે એ બધું તો મેં કહ્યું છે.’

‘હા શ્રદ્ધા, પણ તેં જે કંઈ કહ્યું છે એ સિક્કાની એક બાજુ છે. અભિમન્યુ તો વાંદરું છે. મારે મદારીનું મગજ સમજવું પડશે. એણે કેટલું ઝેર ઓકી નાખ્યું છે અને કેટલું એની અંદર હજી ભરાયેલું પડ્યું છે એ સમજ્યા વિના કંઈ પણ કરું તો આ આખું ચક્ર ફરી એક વાર એકડે એકથી શરૂ થાય...”

‘હવે મારી તાકાત નથી. હું તૂટી ગઈ છું.’

‘એમ તૂટી જઈશ તો કેમ ચાલશે? તારું તો નામ જ શ્રદ્ધા છે. તારે તો અખંડ દીવાની જ્યોત બનીને ટમટમતાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રહેવાનું છે. તું જ તો મારી હિંમત છે.'

'હવે કેટલા દિવસ બાકી છે?'

'અગિયાર દિવસ.'

*

'તમારા એક્સ વેવાઈ હવે ટૂંક સમયમાં છૂટી જશે, ખબર છે ને?'

પોતાની કાર્બુ ચેરમાં બેસીને ક્રિસ્ટલ ગ્લાસમાં વ્હીસ્કીનો ઘૂંટ લેતાં નિખિલે પુસ્તક વાંચી રહેલી શ્વેતાને સમાચાર આપ્યા.

'હા... જોતજોતામાં વરસ પૂરું થઈ ગયું.'

'બહાર નીકળશે ત્યારે દુનિયા બદલાઈ ગઈ હશે. બાર મહિનામાં બારસો આંટા ઘુમાવી દીધો એના છોકરાને.'

'શું ફાયદો થયો?'

'સંતોષ... તૃપ્તિ... શાંતિ...' એણે ગ્લાસ મોઢે માંડીને પત્ની સામે સ્મિત કર્યું:

'છોકરીઓનાં નામ નથી બોલતો! દાખલો બેસાડી દીધો, ફરી એક વાર. નિખિલ શ્રોફની સામે માથું ઊંચકનારનું માથું કપાઈ જ જાય.'

'તમને ક્યારેય એવું લાગે છે કે કોઈક દિવસ તમને કોઈ માથાનો મળશે?'

'જન્મ્યો જ નથી, મારી જાન...'

'અભિમાન તો રાજા રાવણનું પણ નથી ટક્યું.'

'હું ક્યાં રાવણ છું? મારે પારકી બૈરીને ઘરમાં લાવીને માથાકૂટ ઊભી નથી કરવી.'

નિખિલ ખૂબ જ સારા મૂડમાં હતો. આજે સોમલે આરોહી સાથે વાત કરી લીધી એ સમાચાર એને મળી ગયા હતા. હજી આરોહી ઘરમાંથી નીકળી એ પહેલાં તો ઘરના જ એના ખાસ માણસે એને ફોન કરીને રજેરજ વિગત જણાવી દીધી હતી.

'તમે જે કંઈ કરો છો એનું પરિણામ તમારા દીકરા સુધી લંબાય છે. આજે આપણા ઘરમાં...' શ્વેતા પોતાનું વાક્ય પૂરું કરે એ પહેલાં નિખિલ મોટેથી હસી પડ્યો:

'આજે તારા છોકરાએ બૈરાંના હાથનો માર ખાઈને મને ગોલ્ડ મેડલ અપાવી દીધો. નિખિલ શ્રોફે જિંદગીમાં ઊંચો અવાજ નથી સાંભળ્યો કોઈનો, પણ તારા છોકરાએ...'

'એટલો અધિકાર હતો આરોહીનો.'

'તમે મા-દીકરો કોઈ ટીવી સીરિયલમાં ડાયલોગ લખવા માંડો. આટલા લાગણીથી લથબથ ડાયલોગ્સ લખશો તો સફળ થઈ જશો.'

'બબ્બે સ્ત્રીના આવા અનુભવ પછી સોમલનું શું થશે એનો તમને વિચાર આવે છે?'

'સ્માર્ટ થઈ જશે તારો છોકરો. હવે આમ ઘડી ઘડી લપસી નહીં પડે.' એ હજી હસી રહ્યો હતો.

'નિખિલ, તમે જેને મારો દીકરો કહીને મહેણાં મારો છો એ જિંદગીભર નહીં પરણે તો શું કરશો?'

'મૅડમ, એ સ્ત્રી વિના જીવી નહીં શકે... મને ખાતરી છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હા, સ્ત્રીઓ આવશે એના જીવનમાં, પણ કદાચ પત્ની નહીં...’

‘આ બધા વાહિયાત વિચાર છે. જો આ રીતે વિચારશે તો વાંઢો રહેશે.’

‘તમે આટલા બધા ક્રૂર કેવી રીતે બની શકો છો?’

‘તું જેને ક્રૂર કહે છે એને હું પ્રેક્ટિકલ કહું છું...’ નિખિલની આંખો અચાનક બદલાઈ ગઈ:

‘જો હજીયે નહીં સમજે અને મારી સામે બળવો કરવાનો પ્રયત્ન કર્યા કરશે તો હજી વધારે દુઃખી થશે.’

‘હું તમને એક જ વિનંતી કરું છું. હવે એને એની જિંદગી જીવવા દો. થોડો વખત માટે એને તકલીફ પહોંચે એવું કંઈ નહીં કરતા.’ શ્વેતાએ હાથ જોડીને નિખિલને કહ્યું.

એણે થોડીક ક્ષણ શ્વેતા સામે જોયા કર્યું. પછી જવાબ આપ્યા વિના બાજુમાં પડેલું બિઝનેસ સ્ટાન્ડર્ડ ઉપાડીને વાંચવા માંડ્યું. આનો સ્પષ્ટ અર્થ એ હતો કે એ આ વિષય પર આગળ વાત કરવા નથી માગતો. એટલું જ નહીં, એણે શ્વેતાની વિનંતી સ્વીકારી નથી.

શ્વેતાની આંખમાં આંસુ આવી ગયાં. એકના એક દીકરાનું જીવન ગૂંચવાઈ રહ્યું હતું. પોતે એક મૂક પ્રેક્ષકની જેમ એને જોતી હતી, પરંતુ દીકરાની કોઈ મદદ કરી શકતી નહોતી.

નિખિલની જોહુકમીમાં જીવતાં જીવતાં જિંદગીના ત્રણ દાયકા પૂરા થઈ ગયા હતા. હવે આ માનસિક ગુલામીની અને અસહાયતા એને કોઠે પડી ગઈ હતી. વર્ષો સુધી પાંજરામાં રહેલું પંખી ઊડવાનું ભૂલી જાય એમ એક સમયની બ્યુટીક્વીન–સ્વતંત્ર મિજાજ છોકરી આજે અપમાન કે અન્યાય સહન કરવા જ જીવી રહી હતી.

...પણ મારો દીકરો આ બધું સહન નહીં કરે એણે મનોમન કહ્યું:

હું એને અન્યાયનો ભોગ નહીં જ બનવા દઉં.

એને અચાનક કેસર યાદ આવી ગઈ. ટીટવાલા ગણપતિના મંદિરથી દર્શન કરીને પાછા ફર્યા એ સાંજે એણે શ્વેતાને પૂછ્યું હતું:

તમે મને એવું શીખવવા માગો છો કે હું મુકાબલો કર્યા વિના જ પરાજય સ્વીકારી લઉં? સમાધાન નામનો પટ્ટો મારા ગળામાં પહેરીને આ ઘરના એક ખૂણે બંધાઈ જાઉં?

શ્વેતા વિચારતી રહી:

એ છોકરી સાચે જ એનાથી થયો એટલો મુકાબલો કરીને, પરિસ્થિતિ સાથે લડીને પોતાની જિંદગી જીવી રહી હતી, કદાચ!

આજે ઘણા દિવસે શ્વેતાને એવું લાગ્યું કે જાણે કેસર પણ એને યાદ કરતી હોવી જોઈએ.

કેસરની ચમકતી આંખો, ઊંચી ડોક અને નિર્ભય છતાં નમ્ર વર્તણૂક નિખિલ જેવા માણસને પણ હરાવી શક્યાં હતાં એ એને યાદ આવી ગયું. એ છોકરી જ્યાં હોય ત્યાંથી પાછી ફરે એટલી જ પ્રાર્થના કરું છું. આ માણસને કોઈક તો પાઠ ભણાવે... શ્વેતાએ આંખો મીંચી દીધી. એની આંખોમાં ભરાઈ આવેલાં આંસુ એના ગાલ પરથી સરકી ગયાં.

*

છેલ્લી વાર દેવરાજસિંહનો ફોન આવ્યો એ વાતને આજે દસ દિવસ થઈ ગયા હતા. એ પછી દેવરાજસિંહનો કોઈ ફોન નહોતો. શ્રદ્ધાબહેન લગભગ રોજ રાહ જોતાં. ફોનની રિંગ વાગ્યાના ભણકારાથી બેઠાં થઈ જતાં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પરંતુ છેલ્લા દસ દિવસમાં દેવરાજસિંહે એમનો સંપર્ક નહોતો કર્યો.

વિશ્વાસુ માણસ મહેશ સિવાય બીજા કોઈને આ વિશે જાણ નહોતી. ઉચાટમાં આમથી તેમ ફર્યાં કરતાં શ્રદ્ધાબહેનને જોઈને અભિમન્યુ અને ગુલાબસિંહે એવું ધારી લીધું કે દેવરાજસિંહના પાછા ફરવાના થોડાક જ દિવસ બાકી છે એટલે શ્રદ્ધાબહેન વધુ બેચેન થઈ ગયાં છે.

દસ દિવસની પ્રતીક્ષા પછી અભિમન્યુ પિતાને લેવા આર્થર રોડ જવા નીકળ્યો ત્યારે શ્રદ્ધાબહેન સરસ સાડી પહેરીને ડ્રોઇંગરૂમમાં બેઠાં હતાં:

'હું આવવાની છું.'

'એમને લઈને ઘેર જ આવીશ, રસ્તામાં નહીં ઉતારી દઉં.'

'છતાંય, આટલા દિવસે એ ઘેર પાછા આવે છે. પહેલાં જ્યારે પરદેશથી આવતા ત્યારે...'

'ત્યારે કમાઈને આવતા. આજે જેલમાંથી પાછા આવે છે. કંઈ જંગ જીતીને નથી આવતા.'

'તોય, મને જોઈને એમને સારું લાગશે.'

'બાપુ, ઘેર આવે એટલે આરતી ઉતારજે... અત્યારે હું તને નહીં લઈ જાઉં. હિન્દી સિનેમાના મેલોડ્રામેટિક સીન નથી જોઈતા મારે...'

'એવું શું કરે છે, બેટા. આખું વરસ તો તેં મને એમને ન જ મળવા દીધી. હવે આજે તો...'

અભિમન્યુએ બે હાથ જોડીને જોરથી નમસ્કાર કર્યા. એ સડસડાટ ઘરની બહાર નીકળી ગયો. શ્રદ્ધાબહેન લંગડાતા પગે પાછળ દોડ્યાં, પણ એ પહોંચે ત્યાં સુધીમાં ગાડીમાં બેસીને અભિમન્યુ કંપાઉન્ડની બહાર નીકળી ગયો.

એ આર્થર રોડ જેલ પહોંચ્યો ત્યારે સાંજના ચાર વાગ્યા હતા. સોનેરી તડકો જેલના દરવાજા ઉપર ચમકતો હતો. પોતાનું ઓળખકાર્ડ બતાવીને સાથે લાવેલાં ફોર્મ વગેરે આપીને એ અંદર દાખલ થયો. બહાર મુલાકાતીઓ માટે ગોઠવાયેલી બેન્ચ ઉપર એ બેઠો.

થોડી વારે પીળો પાયજામો પહેરેલો એક વોર્ડન કેદી એને બોલાવવા આવ્યો:

'સા'બ બોલવતે.'

એ ઊભો થઈને એની પાછળ પાછળ જેલરના રૂમમાં દાખલ થયો. એ બેઠો એટલે જેલરે નવાઈથી એની સામે જોયું:

'કંઈ કામ હતું?'

'હું... હું મારા પિતાજીને લેવા...'

'એમને તો પાંચ દિવસ પહેલાં જ છોડી દીધા.'

'વ્હોટ?' અભિમન્યુના પગ નીચેથી ધરતી સરકી ગઈ:

'પણ એમની સજા તો આજે...'

'હા, પણ રજાઓ અને અમુક ગણતરીઓ ગણતાં સરકારી નિયમો પ્રમાણે એમની સજા પાંચ દિવસ પહેલાં જ પૂરી થઈ ગઈ. એ તો ગયા અહીંથી!'

'ક્યાં?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એ હું કેવી રીતે કહી શકું?’

જેલરે ખભા ઉલાળ્યા.

‘એમની સાથે એ દિવસે કુલ સાત કેદી છૂટ્યા. મને ખ્યાલ નથી.’

થોડીક ક્ષણ બંને તરફ વજનદાર મૌન તોળાતું રહ્યું.

‘અમે લેટર લખ્યો હતો તમને. એમની છૂટવાની ડેટનો. કોપી જોવી છે?’

‘ના...’ અભિમન્યુ ઊભો થયો. એને સમજાયું નહીં કે હવે એણે કઈ દિશામાં જવું? એ મનોમન ગૂંચવાતો જેલની બહાર નીકળ્યો.

મુખ્ય દરવાજાની બહાર નીકળીને એ ઊભો રહ્યો.

ક્યાં ગયા હશે? ઘરે કેમ નહીં આવ્યા હોય?

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 40

'ચાલ્યા ગયા એટલે?'

શ્રદ્ધાબહેન ચોધાર આંસુએ રડતાં હતાંઃ

'એવી રીતે ક્યાં ચાલ્યા ગયા?'

'મને શું ખબર?'

અભિમન્યુ ઉશ્કેરાઈ ગયો, કારણ કે દેવરાજસિંહ આવી રીતે ચાલી જશે એવો એને વિચારમાત્ર આવ્યો નહોતો.

દેવરાજસિંહ જેલમાંથી બહાર આવવાના હતા એ નિયત દિવસે અભિમન્યુ એમને લેવા જેલમાં ગયો ત્યારે જ એને ખબર પડી કે બાપુ તો પાંચ દિવસ પહેલાં જ જેલમાંથી છૂટી ગયા હતા.

...તો એ ગયા ક્યાં?

આ સવાલ માત્ર અભિમન્યુને જ નહીં, ઘરનાં બધાંને મૂંઝવી રહ્યો હતો. દેવરાજસિંહના લાપતા થવાને એ પાંચ દિવસ થઈ ચૂક્યા હતા એટલે ક્યાં ગયા હશે એ શોધવું પણ હવે અઘરું જ હતું. નિખિલથી શરૂ કરીને ગુલાબસિંહ સુધી બધાનો એને ડર લાગતો હતો. છેલ્લા પાંચ દિવસથી શ્રદ્ધાબહેનનું રુદન અટક્યું નહોતું. શ્રદ્ધાબહેન એને એકનો એક જ સવાલ પૂછી રહ્યાં હતાં, જેનો જવાબ અભિમન્યુ સ્વયં શોધી રહ્યો હતો.

'મને ખબર જ હતી, નિખિલ કંઈક એવું કરશે જેનાથી...'

'ખરી વાત છે વહુ, અમેરિકામાં બોમ્બ પડેને તોય એમાં નિખિલનો જ હાથ હોય.'

'મહેણાં મારવાનાં રહેવા દો, બાપુજી. પહેલાં મારી દીકરી ને પછી મારા પતિ. નિખિલ બેઉને ખાઈ ગયો...'

'જુઓ વહુ, હું માનું છું ત્યાં સુધી દેવલો ક્યાંક ને ક્યાંક લફરાંમાં સંડોવાયેલો હતો. બીજું ઘર હશે એનું. ત્યાં જ ગયો હશે. હવે પાછો નહીં આવે.'

'આ તમે શું બોલો છો? એમણે આંખ ઊંચી કરીને કોઈ સ્ત્રી સામે નથી જોયું.'

'એમ? તમને બહુ ખબર! કોઈના ધણી રામ નથી. બધા પુરુષો ઘરની ચાર દીવાલમાં તો સતા જ બનીને રહે. બધા રંગ ઘરની બહાર નીકળે પછી જ ઊઘડે.'

'એ એવા નથી એની મને ખબર છે. મારા દીકરાના મનમાં તો બાપ વિરુદ્ધ ઝેર ભરી દીધું છે તમે. હવે મને તો એમની વિરુદ્ધ ચડાવવાનું રહેવા દો.'

'ભલાઈનો જમાનો જ નથી રહ્યો, ભઈ'સાબ.'

'આ શબ્દ તમારા મોઢે સારો નથી લાગતો, બાપુજી.'

'દાદાજીને કંઈ નહીં કહેતી.' ચિડાયેલો અભિમન્યુ વચ્ચે બરાડ્યો.

'તો તારા દાદાજીને પણ કહી દે કે મને કંઈ ન કહે. બીજાના ધણી રામ છે કે નહીં એની મને નથી ખબર, પણ મારા એ તો રામ જ છે...'

'ભલે ત્યારે બેસી રહો રામ રામ કરતાં. દેવલો તો ગયો.'

'સાવજ બેટા, તપાસ તો કર. એમની સાથે કંઈ આડુંઅવળું તો નથી થયું ને...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

—તો છૂટીશું બધાય... અભિમન્યુના મનમાં ખરેખર તો ક્યારનો આ જ વિચાર સળવળતો હતો. પિતા પાંચ દિવસ પહેલાં ચાલ્યા ગયા છે એ સમાચાર સાંભળીને ગૂંચવાઈ ગયેલા અભિમન્યુના મનમાં જે સૌથી પહેલો વિચાર આવ્યો એ પિતાના મૃત્યુનો હતો.

આ એક એવું કુટુંબ હતું, જ્યાં વેરનો વારસો લોહીમાં ઊતરી આવતો હતો. દેવરાજસિંહનો એના પિતા સાથે વેરનો સંબંધ હતો અને હવે અભિમન્યુ પણ પોતાના પિતા સાથે વેરની ગાંઠ વધુ ને વધુ મજબૂત કરી રહ્યો હતો.

'એમનો શોધવાનો પ્રયત્ન તો કર, બેટા.' શ્રદ્ધાબહેન ડૂસકાં ભરતાં હતાં.

'ક્યાં શોધું એ કહીશ મને? આવડું મોટું મુંબઈ શહેર. ગલીએ ગલીએ પૂછવા જાઉં?'

'જીવતો છે એવી કોઈ ખાતરી છે?'

'તમે હવે એક શબ્દ નહીં બોલતા.'

શ્રદ્ધાબહેને આટલાં વર્ષોમાં પહેલી વાર ગુલાબસિંહ સાથે ઊંચા અવાજે વાત કરી:

'એ જીવે છે અને, જ્યાં છે ત્યાં સલામત છે.'

'કોણ કહે છે?'

'મારું હૃદય કહે છે.' એમણે અભિમન્યુ સામે હાથ જોડ્યા:

'બીજે ક્યાંય નહીં તો પોલીસમાં ફરિયાદ કર. એમના ફોટા સાથે...'

'વાહ, આટલું જોણું ઓછું છે તે હવે નવો તાયફો ઊભો કરો.'

'એમાં તાયફો શેનો?'

'પહેલાં છોકરી ભાગી ગઈ ને પછી બાપ... શું અફલાતૂન કુટુંબ છે આપણું!'

'સાવજ, તું જાય છે પોલીસ સ્ટેશન કે હું જાઉં?'

'મને મારી રીતે તપાસ કરવા દો...'

'તારી રીતે એટલે?'

'જ્યાંથી નીકળ્યા હતા ત્યાંથી તપાસ શરૂ કરવી પડશે.'

એણે ગુલાબસિંહની સામે જોયું. ક્ષણભર માટે બંનેની આંખો મળી. બંને સમજી ગયા કે બંનેના મનમાં એક જ વાત ચાલતી હતી. અભિમન્યુ ઊભો થઈ ગયો:

'શોધવા તો પડશે. જીવતા કે મરેલા...' એણે સ્મિત કર્યું:

'મારો બાપ હાથી જેવો છે. જીવતો લાખનો ને મરેલો સવા લાખનો...'

એટલું કહીને એ તો બહાર નીકળી ગયો, પણ શ્રદ્ધાબહેનનું રુદન દેવરાજસિંહ ઝાલાના ડ્રોઇંગરૂમની દીવાલો સાથે અફળાઈ અફળાઈને પડઘાતું રહ્યું.

*

'વાહ ભાઈ!'

નિખિલની રિવોલ્વિંગ ચેર 180 ડિગ્રીનાં ચક્કર કાપતી હતી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘દેવરાજસિંહ આટલા જલદી હારી જશે એવું મેં નહોતું ધાર્યું. ખેલાડી મેદાન છોડીને જ ભાગી ગયો.’

નિખિલે અટ્ટહાસ્ય કર્યું:

‘હવે એને પણ મરેલો સાબિત કરી દો એટલે તારો રસ્તો ક્લિયર.’ એણે ખંધુ હસીને ઉમેર્યું:

‘તમને તો આમેય ફાવટ છે જીવતાને મરેલા સાબિત કરવાની.’

‘મારું ચાલે તો હમણાં જ કરી દઉં.’ અભિમન્યુ હજી એટલો જ ઉશ્કેરાયેલો હતો:

‘ગજબનો દાવ ખેલી ગયો મારો બાપ.’

‘જો સાવજ, માથું ઠંડું રાખ. એ મુંબઈ છોડીને બહાર નહીં ગયો હોય એની મને ખાતરી છે.’

‘પણ ઘેર આવતાં એને શું થતું હતું?’

‘ગમે તેમ તોય એ તારો બાપ છે, એ થોડા દિવસ ઘરની બહાર રહીને પરિસ્થિતિનું માપ કાઢવા માગે છે. ભલું હશે તો એણે ઓફિસમાંથી કો’કને ફોડ્યા હશે. બાર મહિનાના હિસાબો કઢાવ્યા હશે.’

‘તો તો પોક મૂકીને રડતા હશે બેઠા બેઠા.’

ત્રણેય જણા જોરથી હસ્યા. ઉપરથી શાંત દેખાતા, મજાક કરી રહેલા નિખિલના મગજમાં ચક્રો ગતિમાન થઈ ગયાં હતાં:

દેવરાજસિંહ ઝાલા પાસે જેલમાંથી છૂટ્યા પછી એવી તે કઈ સોનાની ખાણ આવી ગઈ હતી કે એ પોતાના બિઝનેસમાં પાછા ફરવાને બદલે આ રીતે ગુમ થઈ ગયા?

નિખિલ વિચારતો રહ્યો

બે શક્યતા જ હતી, એક–વીતેલા વર્ષમાં સાચે જ એટલા થાકી અને કંટાળી ગયા હશે કે હવે આ સંસારમાં પાછા ફરવાને બદલે એમણે સંસારનો ત્યાગ કરી દીધો હોય... અથવા આ ઘરમાં પાછા ફરતા પહેલાં એ પોતાની વ્યૂહરચના એટલી મજબૂત બનાવવા માગતા હોય કે હવે જ્યારે એ હુમલો કરે ત્યારે એ એટલો ભયાનક હોય કે નિખિલ અને નિખિલના મળતિયાઓ જમીનદોસ્ત થઈ જાય...

નિખિલે મનોમન એક લિસ્ટ બનાવવા માંડ્યું. જેણે જેણે દેવરાજસિંહની વિરુદ્ધમાં સાક્ષી આપી હતી એવા તમામ લોકો વિશે એણે વિચારી જોયું. મનોજ ચાવલાની પત્ની, પોતે-નિખિલ શ્રોફ, લેબર કોન્ટ્રાક્ટર... આમાંના કોઈને હજી સુધી એક ફોન પણ નહોતો આવ્યો. પાંચ-પાંચ દિવસ સુધી સાવ ચુપચાપ બેસી રહે એવો માણસ તો નહોતો દેવરાજસિંહ...

જેલમાંથી નીકળીને એ ક્યાં ક્યાં જઈ શકે એની શક્યતાઓ એણે વિચારવા માંડી. દેવરાજસિંહના મિત્રો, પરિવાર... પોતે ખાસ કોઈને ઓળખતો નહોતો, પણ આ માટે અભિમન્યુને કામે લગાડી શકાય.

‘તારાં બધાં જ સગાં અને દેવરાજસિંહના યાર-દોસ્તોને એક પછી એક ફોન લગાડ.’

‘શું પૂછું? મારા બાપુ આવ્યા છે કે નહીં?’

‘ડફોળ...’ ગુલાબસિંહે એના માથામાં ટપલી મારી:

‘પૂરી વાત સાંભળતાં શીખ.’

આટલું કહીને ગુલાબસિંહે હસીને નિખિલ સામે જોયું:

‘તમે કહો, સાહેબ.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કોઈને કશું પૂછવાની જરૂર નથી. સહુને સમાચાર આપી દે. તારા બાપુ જેલમાંથી છૂટ્યાને પાંચ દિવસ થઈ ગયા છે. એ હજુ સુધી ઘેર નથી આવ્યા. તમે બધા ચિંતામાં બેબાકળાં થઈ ગયાં છો.’ એણે ક્રૂર સ્મિત કર્યું:

‘એ પણ કહો બધાંને કે મા ખાતી નથી, પાંચ-પાંચ દિવસથી ભૂખી-તરસી પતિની રાહ જુએ છે...’

‘બદનામી થશે.’

‘સાવજ! એ જ તો સાહેબ ઇચ્છે છે.’

‘એનાથી એક બીજી વાત પણ થશે. તારા બાપથી પત્નીનું દુઃખ જોયું નહીં જાય. જ્યાં છુપાઈને બેઠો હશે ત્યાંથી બહાર નીકળવું પડશે એણે.’

નિખિલની ચેર હવે એના વિચારોની જેમ ઝડપથી ફરવા લાગી હતી...

નિખિલ પાસેથી પૂરેપૂરી સૂચના લઈને દાદો અને પૌત્ર બહાર નીકળ્યા ત્યારે આરોહીના પિતા નિખિલની ચેમ્બરમાં જવા માટે વીઆઈપી વેઇટિંગમાં રાહ જોતા હતા. કાચના પારદર્શક દરવાજાની પેલે પાર બેઠેલા આરોહીના પિતાને ગુલાબસિંહે જોયા:

‘તારી ફટાકડીનો બાપ છે, જોયો?’

‘આરોહીનો?’

‘કેવી ખબર પડી ગઈ? મને લાગે છે એ છોડી તારા મનમાં ગરી ગઈ છે.’ ગુલાબસિંહે પૌત્ર સામે આંખ મીંચકારી:

‘તારી બહેનના ધણીએ લગન કરવાની ના પાડી લાગે છે...’

‘તમને કેવી રીતે ખબર?’

‘આ પળિયા તડકામાં ધોળા નથી કર્યા, મોઢું જો એનું! ઊતરેલી કઢી જેવું...’

‘એટલે આરોહી હવે...’

‘છૂટી... હરાયા ઢોરની જેમ.’ ગુલાબસિંહે ફરી આંખ મીંચકારી

‘લાવીને બાંધી દે તારા વાડામાં.’

‘એ મારી જોડે શું કામ...’ અભિમન્યુના અવાજમાં રહેલું એ છોકરી માટેનું આકર્ષણ અને નિરાશા બંને ગુલાબસિંહને સમજાયાં.

‘મારી વાત સાંભળ. કોઈ છોકરીનું દિલ તૂટ્યું હોયને ત્યારે એને જે પહેલો સહારો દેખાય એની જોડે એ ગોઠવાઈ જાય. વેલ ને વનીતા નજીક હોયને એને જ વીંટળાઈ વળે.’

‘પણ, દાદાજી...’

‘જો, આનાથી ત્રણ ફાયદા થશે. એક–તારા જૂના બનેવીને કચકચાવીને તમાચો પડશે. બે–નિખિલને સમજાશે કે તું પણ કંઈ કાચી માટીનો બનેલો નથી અને ત્રણ...’ એમણે ફરી ગંદુ સ્મિત કર્યું:

‘તારું ઘર મંડાઈ જશે. તારી મનગમતી છોકરી હારે.’

‘તો હવે હું શું કરું?’

‘ફોન લગાડ એને... તારા બાપનું દુઃખ રડ. નિખિલની ફરિયાદ કર... તમને બેઉને હેરાન કરનારો માણસ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એક જ છે.'

'જો એ પૂછે કે અચાનક કેમ ફોન કર્યો, તો?'

'ગાંડા, આ એના બાપને આંય બેઠેલો જોયો તે તારું કાળજું વલોવાઈ ગયું. નિખિલે એના બાપનું જે અપમાન કર્યું એ જોઈને તને તારા બાપા યાદ આવી ગયા...' એમણે પૌત્રના માથામાં ટપલી મારીઃ

'તારા કરતાં પહેલાં તો છોડી હું પટાવી લઈશ, કાં તો...'

નિખિલને ત્યાંથી નીચે ઊતરતાં સુધી અભિમન્યુના મગજમાં ઊતરેલા ચહેરે બેઠેલા આરોહીના પિતા અને તે દિવસે નિખિલની ચેમ્બરની બહાર મળેલી લાલ મરચા જેવી આરોહી ઘુમરાતાં રહ્યાં.

એને દાદાજીની વાત સાચી લાગી... આજ સુધી એણે ઘણી છોકરીઓ સાથે ઐય્યાશી કરી હતી. બારથી શરૂ કરીને મોંઘામાં મોંઘી કોલગર્લ્સ સુધીની બધી મજા માણી ચૂક્યો હતો, પરંતુ આરોહીને એક જ વાર જોઈને એના હૃદયમાં જે ઝણઝણાટી થઈ હતી એ આજ સુધી બીજી કોઈ છોકરીને જોઈને એણે ક્યારેય અનુભવી નહોતી.

એણે મનોમન નક્કી કરી લીધું, નસીબ તો અજમાવી જોવું છે. બહુ બહુ તો શું થશે? એ ના પાડશે, અપમાન કરશે... તે આપણે ક્યાં નવાઈ છે! પણ એકેય વાર પ્રયત્ન કર્યા વિના આવી આઇટમને છોડી દેવી એ તો નરી મૂર્ખાઈ જ કહેવાય.

*

'એક્ઝેક્ટલી કેટલા વાગ્યે છૂટ્યા?'

સ્કાય બ્લૂ શર્ટ અને બ્લેક ટ્રાઉઝર પહેરીને વિલિંગ્ડન ક્લબના બારમાં બેઠેલા જેલર યુનિફોર્મમાં દેખાતા હતા એના કરતાં સાવ જુદા જ લાગતા હતાઃ

'બાર–સાડા બારની આજુબાજુ. અમારો ભોજનનો બેલ બરાબર એક ને દસે પડે છે. મેં એમને કહ્યુંય ખરું કે આજે છેલ્લી વાર જેલની કાચી રોટલી નથી ખાવી તમારે? માણસ સારો હોં સાહેબ, આટલા દિવસમાં એની એકેય ફરિયાદ નથી આવી.'

'પછી?' નિખિલે આંખો ઝીણી કરીઃ

'બહાર નીકળ્યો ત્યારે કોઈ લેવા આવ્યું હતું?'

'સાહેબ...' જેલર અચકાયો. એની આંખોમાં જોઈને નિખિલની અનુભવી આંખો સમજી ગઈ કે એની પાસે કોઈક માહિતી હતી, જેને આપવામાં એને ખચકાટ થતો હતો.

બાજુમાં મૂકેલી વરસાચીની મોંઘી લેધર બૅગમાંથી નિખિલે કોરો ચેક કાઢ્યોઃ

'રકમ ભરી લેજો... રોકડા જોઈએ તો રોકડા મોકલાવું. પાઉન્ડ, ડોલર જે માગો તે.'

'જુઓ સાહેબ, મને આમાં નહીં ફસાવતા.' સામે પડેલી વ્હિસ્કીનો ગ્લાસ ઉપાડી જેલર કામદારે મોટા મોટા બે ઘૂંટડા ભર્યાઃ

'અમારી જેલમાં કેટલાંક એવાં તત્ત્વો છે, જે ઇચ્છે તો મને પણ...' એમણે આંખો ઝુકાવી દીધીઃ

'સિસ્ટમ કઈ રીતે કામ કરે છે એ તમારા ધ્યાન બહાર તો નહીં જ હોય.'

'એમને લેવા કોણ આવ્યું હતું?' નિખિલે એની વાત પર ધ્યાન આપ્યા વગર પૂછ્યું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એક છોકરો હતો. ગોરો સરખો, નમણો.’

‘છોકરો?’ નિખિલે આંખો ઝીણી કરી વ્હિસ્કીનો ગ્લાસ ઉપાડ્યોઃ

‘તમે એને પહેલાં જોયો હતો? ક્યારેય મળવા આવ્યો હોય...’

જેલરે થોડી વાર વિચાર કરીને પછી માથું ધુણાવ્યુંઃ

‘ના સાહેબ...’

‘નામ-સરનામું?’

‘સાહેબ...’ જેલર ફરી અચકાયોઃ

‘એમણે કહ્યું કે એમના સગાનો દીકરો છો. તમે તો જાણો છો, કેદી જેલમાંથી નીકળે પછી ક્યાં જશે એનો એક રેકોર્ડ હોય છે. એમણે એમના ઘરનું જ સરનામું લખ્યું, એટલે...’

‘કમ્બખ્ત રમત કરી ગયો.’ નિખિલે ચેક સહેજ આગળ સરકાવ્યોઃ

‘જેલમાં એનો કોઈ ખાસ માણસ હોય... સમજો છો ને? આટલા વખતમાં દોસ્તી થઈ જતી હોય છે.’

‘છે એક... ઓમ પારેખ.’

‘હરીશ પારેખનો દીકરો?’

‘સાહેએએબ!’ જેલરે આંખો નચાવીઃ

‘ભારે ખબર રાખો છો.’

‘બજારમાં બેસું છું ભાઈ, ખબર રાખ્યા વિના ચાલે?’ નિખિલ હસ્યોઃ

‘આપણી સાથે વાત કરે?’

‘એ તો એને જ ખબર.’

‘તમે ઇચ્છો તો ભલભલાની જીભ ખૂલી જાય.’

‘અઘરું છે, સાહેબ.’ જેલરે ફરી આંખો ઝુકાવી દીધીઃ

‘એના માથા પર માજીદનો હાથ છે. અડાય નહીં.’

‘પટાવીએ તો?’

‘ટબુડિયો છે... પણ ઉસ્તાદ જડીબુટ્ટી છે. મળી જુઓ. કદાચ તમારી આંગળીના ઇશારે એનું ગેજેટ કામ કરવા લાગે તો નવાઈ નહીં.’

બંને હસી પડ્યા. એકબીજાની ભાષા સમજતા આ બંને હિન્દુસ્તાનની સિસ્ટમને ઊધઈની જેમ અંદરથી ખોખલી કરવામાં પોતપોતાનો રોલ ભજવી રહ્યા હતા.

*

‘જો દોસ્ત, તને ખબર હોય અને અમને કહીશ તો એમના જ ફાયદામાં છે...’ જેલરે ઓમનો ખભો પસવાર્યોઃ

‘એમનો જીવ જોખમમાં છે.’

‘એમ?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઓમના ચહેરા પર મધુર સ્મિત આવી ગયું. એનો નમણો ચહેરો વધારે રૂપાળો લાગવા માંડ્યો. એણે નિખિલની આંખોમાં જોયું:

'તે કોનાથી જોખમ છે એમને?'

'એના પોતાના દીકરાથી.' જેલર જવાબ વિચારે એ પહેલાં નિખિલે નિર્દોષ ચહેરા સાથે કહી દીધું.

'ઓહ...' એની આંખો એકીટશે નિખિલને જોઈ રહી હતી:

'તમને કેવી રીતે ખબર?'

'અરે ભાઈ! હું એનો...'

'એક્સ વેવાઈ છો, નહીં? એની દીકરી તમારે ઘરેથી જ ભાગી હતી. પછી તમે જ માણસ લગાવ્યા એની પાછળ... બિચારીને ભટકતી કરી નાખી...' ઓમ આરામથી સામેની ખુરશી પર પગ લાંબા કરીને બંને હાથ માથાની પાછળ બાંધીને નિરાંતે બેઠો:

'હવે ક્યાં છે?'

'કોણ?' નિખિલે નવાઈથી પૂછ્યું.

'દેવુબાપુની દીકરી.'

'મને શું ખબર?' નિખિલ ઉશ્કેરાઈ ગયો:

'હું તારી સાથે જે વાત કરવા આવ્યો છું એ વાત કર.'

'એ જ વાત કરું છું...' ઓમના ચહેરા પર સ્વસ્થ સ્મિત હતું:

'દેવુબાપુ એની દીકરીને શોધવા ગયા છે.'

'તું મને બનાવે છે? હાડકાં તોડાવી નાખીશ.'

'ખરેખર!'

ઓમે સહેજ સ્મિત કરીને જેલર તરફ જોયું. જેલરે ડોકું ધુણાવીને ગુસ્સે થવાની ધમકી આપવાની ના પાડવાનો પ્રયત્ન કર્યો, પણ નિખિલની જિંદગીમાં કદાચ આ પહેલો માણસ હતો, જેણે એનાથી ડરવાને બદલે એને ગૂંચવવાનો પ્રયાસ કર્યો હતો, બલકે ગૂંચવી જ નાખ્યો હતો.

'જો છોકરા, તને મારી પહોંચની ખબર નથી... જેલરસાહેબ પણ કંઈ કરી નહીં શકે. સેન્ટ્રલ કેબિનેટમાંથી...'

'વ્હેન યુ શૂટ... યુ શૂટ! યુ ડોન્ટ ટોક!' ઓમ હસ્યો.

'ગુડ બૅડ એન્ડ અગલી ફિલ્મનો ડાયલોગ છે.' એ ખુરશીને લાત મારીને ઊભો થઈ ગયો:

'થાય તે કરી લેજો.'

'તને ખબર નથી હજી...' નિખિલની આંખો ચકળવકળ થતી હતી. કપાળે પરસેવો વળી ગયો હતો. ગુસ્સામાં મુઠ્ઠી વળી ગઈ હતી. એનું ચાલ્યું હોત તો એણે અહીં જ ઓમ પર હાથ ઉગામી દીધો હોત. પરાણે પોતાની જાત પર કાબૂ રાખીને એણે ત્રાડ પાડી:

'જીવતો નહીં રહેવા દઉં.'

'જેલમાં મરી જઈશ તો સાહેબની નોકરી જશે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઓમ હસતો હસતો સાવ બેફિકરાઈથી ચાલતો ત્યાંથી નીકળી ગયો. નિખિલે ગુસ્સામાં ટેબલ પર હાથ પછાડ્યો. જેલરના ટેબલ પર મૂકેલા કાચમાં આડી તિરાડ પડી ગઈ. નિખિલના હાથમાં લોહી ફૂટી નીકળ્યું.

'અરે, અરે...' જેલરે એનો હાથ પકડવાનો પ્રયાસ કર્યો, પણ નિખિલ ઝાટકો મારીને બહાર નીકળી ગયો. ગુસ્સામાં એનું મગજ ફાટ ફાટ થતું હતું. આ રીતે એની અવગણના કરનારો માણસ એણે પહેલી વાર જોયો હતો.

હજી હમણાં જ શ્વેતાએ કહેલી વાત એને યાદ આવી ગઈ:

તમને ક્યારેય એવું લાગે છે કે કોઈક દિવસ તમને કોઈ માથાનો મળશે?

આજે આ ઓમ પારેખ નામના છોકરાએ જે રીતે એના અહંકાર પર પગ મૂકીને એને કચડ્યો હતો એનાથી નિખિલ શ્રોફ ચિત્કારી ઊઠ્યો હતો. ઓમને પાઠ ભણાવવાનું નક્કી કરીને એ ગાડીમાં બેઠો ત્યારે એનું લોહી ચાર ગણા વેગથી એની નસોમાં ફરતું હતું. એને ભય લાગ્યો કે ગુસ્સામાં એના લમણાની નસો ફાટી જશે.

*

'હું તારું દુ:ખ સમજી શકું છું, આરોહી.'

અવાજમાં બની શકે એટલી વધારે સહાનુભૂતિ લાવવાનો પ્રયત્ન કરીને અભિમન્યુ કહી રહ્યો હતો, પણ મનોમન તો જાણે ઉત્સવ ઊજવતો હતો. એણે ધાર્યું નહોતું કે દાદાજીની સલાહ આટલી ઝડપથી સાચી પડશે.

એ આરોહીને ફોન લગાડીને વાત કરવાની શરૂઆત કરે એ પહેલાં આરોહીએ જ પોતાનું દુ:ખ રડવા માંડ્યું.

'સાલો... ટિશ્યૂ પેપરની જેમ ડસ્ટબિનમાં ફેંકી દીધી મને. હિ ડમ્પ્ડ મી.' એ રડતી હતી તેમ તેમ અભિમન્યુના મનમાં ગુલાબ ઊગતાં રહ્યાં.

'એ લોકો છે જ એવાં. મારી બહેન સાથે પણ એ જ કર્યું, તારી સાથે પણ...'

'તમારે એમને પાઠ ભણાવવો જોઈએ.'

'અમારી ક્યાં એટલી બધી પહોંચ છે? અમે તો એમની સામે નાના માણસો છીએ.' અભિમન્યુ ગળગળો થઈ ગયો:

'મારી બહેનની તો હજી ખબર નથી મળી... ત્યાં મારા બાપુ પણ ગુમ થઈ ગયા છે.'

'શું વાત કરે છે?' આરોહીનો ગોસિપનો રસ જાગી ઊઠ્યો.

'એ તો જેલમાં હતાને?'

'હતા... પણ જેલમાંથી પાંચ દિવસ વહેલા છૂટ્યા. હું લેવા ગયો ત્યારે ખબર પડી કે એ તો જતા રહ્યા છે. મને લાગે છે આ નિખિલે જ...'

'ઓ માય ગોડ... તો હવે?'

'હવે શું? બધું મારે સંભાળવું પડશે.' એણે ચાલાકીથી ઉમેર્યું:

'હવે તો બધું જ મારા નામે થઈ જશે. કોણ જાણે આ બધું હું સંભાળી શકીશ કે નહીં.'

'એમાં શું?'

'આમ તો કંઈ નહીં, પણ એકલો માણસ ક્યાં સુધી ઝઝૂમે?' અભિમન્યુએ ધીમેથી દાણા નાખ્યા:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કોઈ હાથ પકડનારું, આશ્વાસન આપનારું, આંસુ લૂછનારું કે હિંમત બનીને પડખે ઊભે રહેનારું પણ હોવું જોઈએને?’

થોડીક ક્ષણો બેમાંથી કોઈ કંઈ બોલ્યું નહીં. પછી આરોહીએ મૌન તોડ્યું:

‘ચલ ત્યારે, હું પછી ફોન કરીશ.’

ફોન તો ડિસકનેક્ટ થઈ ગયો, પણ આરોહી સાથે કનેક્શન જોડાઈ ગયું હતું એની અભિમન્યુને ખાતરી થઈ ગઈ. હવે સહાનુભૂતિના ચક્કરમાં પડેલી આ લાલ મિર્ચને ભુક્કો કરીને ભોજનનો સ્વાદ કેવી રીતે વધારવો એની ગણતરી એના મનમાં મંડાઈ ચૂકી હતી.

‘શું થયું એલા, સિંહ કે શિયાળ?’

થોડે દૂર હીંચકે ઝૂલતા ગુલાબસિંહને પૌત્રના ચહેરા પર ઊભરાતો હર્ષ અને છલકાતો ઉલ્લાસ સ્પષ્ટ દેખાઈ આવતો હતો.

‘આમ તો કાંઈ નથી થયું, પણ કંઈક થશે એવું લાગે છે.’

‘જો સાંભળ, નિખિલને આ વાત હમણાં જ જણાવી દે.’

‘એ બધું બગાડશે.’

‘ના ભઈ, ના!’ એને તો છાલ છૂટે એમાં રસ છે. તું જો આરોહીને સાચવી લેતો હોય તો એ તારી મદદ કરશે એવું મને લાગે છે.’

‘આડો ફાટ્યો તો?’

‘નહીં ફાટે... એણે છોડી દીધેલો શિકાર કોણ ખાય છે એમાં આવા મોટા માણસોને રસ ના હોય. મારું માને તો એને મોટો ભા કર... જઈને કહે કે તારું આરોહી સાથે ગોઠવી આપે. એ આરોહીનાં મા-બાપની નજરમાં ચોખ્ખો થઈ જશે ને તારું ચોકઠું હોંશે હોંશે ગોઠવી આપશે.’

‘તમને એવું લાગે છે?’

‘મને ખાતરી છે.’

હીંચકે ઝૂલતા દાદાની સામે અહોભાવથી જોતો અભિમન્યુ મનોમન પોરસાતો હતો, પણ એને કલ્પનાય નહોતી કે એ પોતે પણ હવે દાદાના હાથનો પાસો બની ગયો છે...

*

છૂટવાના આગલા દિવસે સાંજે દેવરાજસિંહ પોતાની બૅરેકમાં બેઠા હતા ત્યારે ઓમ અચાનક દાખલ થયો. બૅરેકને એક વાર તાળાં લાગી જાય પછી પણ ખાસોખાસ માણસોની અવરજવર અને હરફર ચાલુ રહેતી. બહારની દુનિયા જેને જેલના નામે ઓળખતી હતી એવી આ દુનિયાના આગવા નિયમો હતા, પણ ભારતના સંવિધાન પ્રમાણે સજા પામેલા આ ગુનેગારો એક વાર જેલમાં દાખલ થાય પછી પોતાના કાયદા ઘડતા.

જેલર કે વોર્ડનના હુકમો સાથે જેલના એક ખાસ વર્ગને કોઈ નિસબત નહોતી... ઓમ એક ખાસ વર્ગમાં ગણાતો હતો.

એણે બૅરેકમાં દાખલ થઈને દેવરાજસિંહને બહાર બોલાવ્યા.

‘કાલે છૂટી જાવ છો, અંકલ?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હા, બેટા.’ આટલા દિવસોમાં પહેલી વાર દેવરાજસિંહે સ્નેહથી ઓમના ચહેરા પર હાથ ફેરવ્યો.

‘તું તો હજી...’

‘આવી જઈશ... છ મહિનામાં હું પણ બહાર આવી જઈશ.’

એ હસ્યો. ઓમ હસતો ત્યારે ખૂબ વહાલસોયો લાગતો. પચ્ચીસીમાં પહોંચેલા આ યુવાનનો ચહેરો એક બાળક જેટલો નિર્દોષ હતો. સુખમાં ઊછર્યો હોવાને કારણે એના ચહેરા પર ગર્ભશ્રીમંત કુટુંબના ઉછેરની ચમક હતી:

‘અંકલ, હું તમારે માટે સમાચાર લઈને આવ્યો છું.’ દેવરાજસિંહ એને જોઈ રહ્યા.

‘કેસર જીવે છે.’

‘નામ નહીં લે એનું. મારે માટે એ છોકરી...’ દેવરાજસિંહના ચહેરા પર અણગમો તરવરી ગયો.

‘એક વાર પૂરી વાત સાંભળી લો. પછી તમારે જે કહેવું હોય તે કહેજો...’

દેવરાજસિંહ ચૂપ રહ્યા. ઓમ પારેખ પોતાની પાસે એકઠી થયેલી બધી માહિતી ધીમે ધીમે દેવરાજસિંહને સંભળાવતો રહ્યો. દેવરાજસિંહ જેમ જેમ વાત સાંભળતા ગયા તેમ તેમ એમની આંખો બદલાતી ગઈ. વાત પૂરી થઈ ત્યારે દેવરાજસિંહની આંખોમાં આંસુ વહેતાં હતાં

‘એ છોકરીએ આટલું બધું દુ:ખ સાવ એકલી રહીને સહી લીધું?’

‘સલામ કરું છું, તમારી કેસરને... કોઈ પણ પરિસ્થિતિમાં માથું ઊંચું રાખીને જીવે એવા માણસો માટે મને બહુ માન છે.’

ઓમે આસ્તેથી દેવરાજસિંહના ખભે હાથ મૂક્યો.

‘મેં એને સંદેશો મોકલાવ્યો છે. એ કાલે તમને મળવા આવશે.’

‘બેટા, તું આ બધું ક્યાંથી ગોતી કાઢે છે?’

‘નેટવર્ક છે, અંકલ. જેમ મુંબઈ શહેરની ધરતી પર એક નેટવર્ક છે ટ્રેનોનું... બસોનું... ઘરોનું અને માણસોનું... એવી રીતે આ જમીનની નીચે એક જાળ પથરાયેલી છે. અંડરવર્લ્ડ કહે છે એને.’

‘તોય માણસને શોધવો અઘરો છે આવડા મોટા શહેરમાં.’

‘ખરું પૂછો તો એણે તમને શોધ્યા છે. જેલમાં આવીને સૌથી પહેલાં એણે તમારી તપાસ કરી. જેલરે મને વાત કરી એટલે મેં એની પાછળ માણસ લગાડ્યા.’ ઓમના ચહેરા પર સ્મિત રમી ગયું

‘ત્યારે એવી કલ્પના પણ નહોતી કે આંખો પહોળી થઈ જાય અને મોઢું ખુલ્લું રહી જાય એવા સમાચાર મળશે!’

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 41

'તું સમજતો નથી. આ માજિદ જેવા માણસો ક્યારેય કોઈના થયા નથી. તારા માથા પરથી હાથ લઈ લેશે તો...'

જેલર કામદારની સામે બેઠેલો ઓમ ટેબલ પર પડેલા એક શો પીસને આંગળીથી રમી રહ્યો હતો. ગોળ ગોળ ફરતો આ શો પીસ જેવો ધીમો પડતો કે ઓમ આંગળીથી ફરી એક વાર એને ગોળ ગોળ ફેરવી દેતો. એનું ધ્યાન જેલરની વાતોમાં ઓછું અને શો પીસમાં બદલાતા રંગો જોવામાં વધારે હતું. જેલરને ખાતરી હતી કે દેવરાજસિંહ ક્યાં છે એની ઓમને ખબર હતી. છેલ્લી પંદર-વીસ મિનિટથી જેલર એને સમજાવી રહ્યો હતો.

નિખિલે ખૂબ મોટી રકમની ઓફર આપી હતી. દેવરાજસિંહને શોધવાથી નિખિલનું કંઈ બહુ મોટું કામ થઈ જવાનું હતું એવું પણ નહોતું... પણ મુંબઈ શહેરમાં પોતાની નજર ચુકાવીને કોઈ એક માણસ આવી રીતે ગુમ થઈ જાય એ વાત નિખિલને અસહ્ય લાગતી હતી. અભિમન્યુ અને ગુલાબસિંહની સામે એનું નાક કપાઈ ગયું હતું. એણે કરેલી મોટી મોટી વાતો ખોટી પડી હોય એમ પહેલાં કેસર અને પછી દેવરાજસિંહ એને ચકમો આપીને ગુમ થઈ ગયાં હતાં. નિખિલ માટે આ બબ્બે તમાચા સહેવા અઘરા હતા. એ દેવરાજસિંહને શોધીને, એનો કોલર પકડીને અભિમન્યુની સામે એને પછાડવા માગતો હતો. એણે જેલર કામદારને એવી ચાવી ભરી હતી કે જો એ દેવરાજસિંહ ક્યાં છે એ વિશેની માહિતી ઓમ પાસેથી લાવી આપે તો એ જેલરને પ્રમોશન અને રૂપિયા બંને અપાવવા તૈયાર હતો.

જેલરે સામ-દામ-દંડ-ભેદ વાપરવાનો નિર્ણય કર્યો હતો. એણે ઓમને પટાવી જોયો, પણ એ મીઠડો છોકરો એની ચાલમાં કોઈ રીતે ફસાય એમ નથી એવું એને સમજાઈ ગયું એટલે એણે ઓમને માજિદ વિરુદ્ધ ચડાવવા માંડ્યો.

જેલર જાણતો હતો કે ઓમની હિંમત માજિદની મીઠી નજરને કારણે હતી. જો માજિદ ખસી જાય તો ઓમના ટાંટિયા તોડી નાખતાં જેલર અચકાય એવો નહોતો.

'બેટા, તું હિન્દુ છે... તું તો જાણે છે કે આ લોકો...'

'બાકી બધું સાંભળી લઈશ, ધર્મને વચ્ચે નહીં લાવતા.'

જેલરની સામે પડેલી બે ખુરશીઓમાંથી એકમાં એ પોતે બેઠો હતો, બીજી ખુરશી ઉપર આરામથી પગ મૂકીને એણે જેલરને કહ્યું:

'મારી સાથે વાત કરો ત્યારે ક્યારેય ધર્મને વચ્ચે નહીં લાવવાનો!'

'શટઅપ... તું મને સમજાવે છે?' જેલરનો પિત્તો હવે એના હાથમાં રહે એમ નહોતો:

'સીધી રીતે કહી દે દેવરાજસિંહ ક્યાં ગયો? નહીંતર...'

'નહીંતર શું?' ઓમ હસ્યો. ધીમા પડેલા શો પીસને ફરીથી ગતિ આપવા એણે હાથ લંબાવ્યો કે જેલરે એનો હાથ પકડી લીધો:

'બીજું એ કે આ જેલમાંથી જીવતો બહાર નહીં જાય.'

'સાહેબ, આ એક જ વાતનો મને ડર નથી લાગતો... મોતનો.'

ઓમના ચહેરા પર સાચે જ કોઈ પ્રકારનો ખોફ નહોતો. એ હજી પણ એટલું જ મીઠું હસી રહ્યો હતો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'ખુદા જેને બચાવવા માગે છે ને એને કોઈ મારી શકતું નથી અને ખુદા જ્યારે જાન માગે છે ત્યારે એને કોઈ બચાવી શકતું નથી.'

આટલું કહીને ઓમે હસીને પૂછ્યું:

'આવું કોણ કહે છે, જાણો છો, જેલરસા'બ?' પછી જેલર જવાબ આપે એ પહેલાં જ ઓમે ઉમેર્યું

'આવું માજિદભાઈ કહે છે!'

જેલરે એનો હાથ મચડી નાખ્યો. અણધાર્યા હુમલાથી ઓમ ખુરશી સમેત જમીન પર પછડાયો. એના માથામાં સહેજ વાગ્યું. એના પગના ધક્કાથી સામેની ખુરશી પર ઊલળી.

બે વોર્ડન અને એક સંત્રી બહાર જ ઊભા હતા. જેલરની કૅબિનમાંથી અવાજ આવતાં જ બંને અંદર ધસી આવ્યા.

'ક્યા હો ગયા સા'બ?' અંદર ધસી આવેલા વોર્ડને ઓમને પૂછ્યું:

'કુછ નહીં. મેરા બૅલેન્સ ગયા.' ઓમ ઊભો થઈને પોતાનાં કપડાં ખંખેરવા લાગ્યો:

'સા'બને કુછ નહીં કિયા.'

આ સાંભળ્યા પછી પણ વોર્ડન થોડી વાર ત્યાં ઊભો રહ્યો. એણે ચિત્તા જેવી એક નજર આખાય કમરા પર દોડાવી. પછી ઓમની સામે જોયું:

'કુછ જરૂરત હો તો બુલા લેના, મૈં બહાર હી ખડા હૂં.'

એના ગયા પછી ઓમ હસી પડ્યો:

'જેલ તમારી હશે, પણ જેલના કેદીઓ અમારા છે...'

'કહી દે યાર...'

હવે જેલરને વિનંતી કર્યા વિના બીજો કોઈ છૂટકો નહોતો:

'દેવરાજસિંહને મળવા એક છોકરો આવેલો. એ જેલમાં ગયા તે દિવસે પણ એ છોકરાને બહાર જોયો હતો... મારા સંત્રીએ.'

'તો?'

'એ છોકરો કોણ છે?'

'મને શું ખબર, સાહેબ? આ જેલમાં દરેક કેદીને મળવા આવતા દરેક માણસ વિશે મને થોડી ખબર હોય?'

'દેવરાજસિંહ એ છોકરા સાથે ગાડીમાં બેસીને ગયો છે. મારુતિ અલ્ટો. એ ગાડીનો નંબર છે મારી પાસે. તું નહીં કહે તો આરટીઓ માહિતી આપી દેશે અમને કે એ ગાડી કોની હતી!

જેલરે મેળવેલી માહિતી ખરેખર તો ગાડીના નંબર પૂરતી જ હતી. આર્થર રોડ જેલની બહાર ઊભેલા સંત્રીના રજિસ્ટરમાં વિઝિટર્સની પાર્ક થયેલી ગાડીઓના નંબરમાં પેલા છોકરાની ગાડીનો નંબર હતો.

જેલરની સામે ઊભેલા ઓમે હાથ જોડીને નમસ્તે કર્યા:

'તો શું કામ મારો ને તમારો બેઉંનો ટાઇમ બગાડો છો સાહેબ? તમે તપાસ કરો અને ખબર પડે તો મનેય કહેજો, કારણ કે બહાર નીકળીને મારે પણ દેવુબાપુને મળવું તો છે.' એણે ફરી પાછું મધ જેવું સ્મિત

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

છલકાવ્યું:

'અચ્છો માણસ છે. મને ગમે છે.'

જેલરના જવાબની રાહ જોયા વિના ઓમ જાણે બગીચામાં ટહેલવા આવ્યો હોય એવી સહજતાથી જેલરની કેબિનમાંથી બહાર નીકળી ગયો.

*

'દેવરાજસિંહ ઝાલાને તો સાતમા પાતાળમાંથી પણ શોધી કાઢીશ હું...'

નિખિલ ઉશ્કેરાયેલો હતો. એની સામે બેઠેલા દાદો અને પૌત્રો બંને જણા સહેજ ડરેલા હતા. ખરેખર તો એ લોકો આરોહીની વાત કરવા આવ્યા હતા, પરંતુ અહીં તો વાત જુદા જ પાટે ચડી ગઈ હતી.

એક સમયે એ કેસરને શોધવા જેટલો બેબાકળો હતો એનાથી વધારે બેબાકળો થઈને એ દેવરાજસિંહને શોધવાનો પ્રયત્ન કરતો હતો. ઓમ સાથેની વાતચીત પછી જેલર કામદારનો ફોન આવી ચૂક્યો હતો. લગભગ નિરાશાજનક સૂર સાથે એણે સ્વીકારી લીધું હતું કે એ કદાચ દેવરાજસિંહને શોધવામાં સફળ નહીં થઈ શકે.

જેલમાંથી નીકળીને જે ગાડીમાં દેવરાજસિંહ ગયા હતા એ ગાડી કોઈ સુલેમાન શેખના નામે રજિસ્ટર થઈ હતી. છ-સાત મહિના પહેલાં એની વ્હાઇટ અલ્ટો વર્સોવાના નાના-નાની પાર્કમાંથી ગુમ થઈ હતી. એની પોલીસ ફરિયાદ પણ થઈ હતી, પરંતુ ગાડી હજુ મળી નહોતી. આમ સુલેમાન શેખ પાસે પહોંચીને તપાસ અટકી ગઈ.

એની ચૅમ્બરમાં ઘવાયેલા સિંહની જેમ નિખિલ આંટા મારી રહ્યો હતો.

સામે બેઠેલા ગુલાબસિંહ અને અભિમન્યુ શિયાંવિયાં થઈ ગયા હતા. આ મૂડમાં નિખિલ સાથે આરોહીની વાત કરવાનો કોઈ અર્થ જ નહોતો અને કોઈ વાત કર્યા વિના અહીંથી જતા રહેવું શક્ય નહોતું, એટલે ગુલાબસિંહે સહેજ ચાપલૂસી કરતાં વાત શરૂ કરી:

'હું તમને કહું... થાકશે એટલે આવશે એની મેળે.'

'એ તો આવશે જ... મને ખાતરી છે, પણ એ પહેલાં આપણે શોધી કાઢીએ તો જ આપણો હાથ ઉપર રહે. એને ઘસડીને લાવવો છે અહીંયાં, મારી સામે.'

'એક વાર પાછો આવશે એટલે ઘૂંટણિયે પડતો જ આવશે. તમારા પાવર સામે ટકી નહીં શકે...'

'એ બધા મસ્કા રહેવા દો... એને કોણ મદદ કરે છે એ જાણવું છે મારે. એ બુઢ્ઢામાં એટલી તાકાત નથી કે પાંચ-પાંચ દિવસ સુધી સંતાઈને એકલો રહી શકે. પેલો ઓમ તો જેલમાં છે... બહાર એવું કોણ છે, જે દેવરાજસિંહને આ રીતે મદદ કરી રહ્યું છે.'

'અમારા મગજમાં પણ એ જ ચાલે છે...' ગુલાબસિંહે લાડકા થવાનો પ્રયત્ન કર્યો:

'જે કોઈ પણ મદદ કરતું હશે એ બહુ દિવસ નહીં કરે. પિત્તળ ભેજું છે દેવલાનું... કોઈની પણ સાથે ઝઘડી પડશે.'

નિખિલે એક ક્ષણ માટે આંખ બંધ કરી. જાત ઉપર સંયમ મેળવવાનો પ્રયત્ન કર્યો, પછી ગુલાબસિંહ સામે જે રીતે જોયું એનાથી ગુલાબસિંહના આખા શરીરમાં ધ્રુજારીનું લખલખું ફરી વળ્યું.

ગુલાબસિંહ નિખિલનો ક્રોધ પામી ગયા. એણે ઇશારો કર્યો. અભિમન્યુ તરત જ ઊભો થઈ ગયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ જ વખતે ચેમ્બરનો દરવાજો ખોલીને સોમલ દાખલ થયો. એના હાથમાં એક નવા પ્રોજેક્ટનો સાઇટ પ્લાન હતો. નિખિલના ચહેરા પર જે ભાવ હતા એ જોયા પછી ઊભા રહેવું કે જતા રહેવું એની અસમંજસમાં પડેલા સોમલને કંઈ સમજાય એ પહેલાં નિખિલે રાડ પાડીઃ

'જસ્ટ ગેટ આઉટ! જતા રહો અહીંથી!'

બહાર નીકળતાં નીકળતાં ગુલાબસિંહ એક ક્ષણ માટે ઊભા રહ્યા. પછી નિખિલની સામે હાથ જોડ્યાઃ

'જુઓ, આમાં અમારો કોઈ વાંક નથી.'

કશું જ બોલ્યા વિના નિખિલે પોતાની રિવોલ્વિંગ ચેર ઊંધી ફેરવી દીધી.

પેલા બંને નીકળી ગયા પછી સોમલે આગળ વધીને નિખિલના ટેબલ પર સાઇટ પ્લાન મૂકી દીધોઃ

'ડ્રોઇંગ્સ રેડી છે.'

'મારું મગજ ઠેકાણે નથી. પેલો દેવરાજસિંહ ઝાલા મને ઝાંસો આપીને છટકી ગયો છે... મારા મગજમાં નથી ઊતરતું કે એ માણસ મુંબઈ જેવા શહેરમાં જાય ક્યાં?'

'જ્યાં જાય ત્યાં, હવે તમારે એનું શું કામ છે? જેલમાં મોકલી દીધો... તમારી ઇચ્છા પૂરી થઈ ગઈ. હવે છોડી દો.'

'એમ નહીં છોડું. નિખિલ શ્રોફને ઝાંસો આપવાની કિંમત ચૂકવવી પડશે એણે.'

'ડેડ, શું કામ પડો છો આ બધાંમાં? જે ગયું એને ભૂલી જાવ. તમારી એનર્જી સારા કામમાં લગાવો, ડેડ...'

'તારી માનું પઢાવેલું બોલવાનું બંધ કર.'

'મારી માને શું કામ વચ્ચે લાવો છો? મને પોતાને જ આ બધું નથી ગમતું.'

'જો, જ્યાં સુધી આ બાપ-દીકરીને બધી રીતે પતાવી નહીં નાખું ત્યાં સુધી મારા મગજમાં બીજો વિચાર નથી આવવાનો.'

'ત્યાં સુધી તમે પોતે વધારે દુઃખી થવાના છો.' સોમલે ખૂબ શાંતિથી, પણ ગભરાયા વિના સત્ય કહી નાખ્યુંઃ

'એ તો જ્યાં હશે ત્યાં સુખી જ હશે.'

'એનો જ વાંધો છે મને.' નિખિલ ઊભો થઈને એની ચેમ્બરમાંથી બહાર નીકળી ગયો. પાછળ પાછળ સોમલ પણ નીકળ્યો.

નિખિલ જે ઝડપે અને ગુસ્સામાં બહાર નીકળ્યો એ જોઈને નેહાએ આસ્તેથી સોમલને પૂછ્યુંઃ

'ટેબલ ટેનિસ?'

'વેલ!' સોમલે ખભા ઉલાળ્યા.

'દેવરાજસિંહ જેલમાંથી નીકળ્યા, પણ ઘેર પહોંચ્યા નથી.'

'વ્હોટ?'

'મારા ડેડી એવું કહે છે...'

'ક્યાં ગયા હશે?'

'તારામાં ને નિખિલમાં બહુ ફેર નથી. એ અકળાયેલા છે ને તું ચિંતા કરે છે.' સોમલ હસી પડ્યોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બાપ-દીકરી જલસા કરતાં હશે.’

‘તને કેવી રીતે ખબર કે બંને સાથે હશે?’

‘હું કેસર સાથે ખૂબ ઓછું રહ્યો છું, પણ છોકરીને જેટલી ઓળખી કે સમજી શક્યો છું એના પરથી કહી શકું છું કે દેવરાજસિંહને આ રીતે ગુમ કરનારી કેસર જ હશે.’

‘સ્ટુપીડ.’

‘યુ સ્ટુપીડ... દસ પુરુષોને ભાંગીને ઉપરવાળાએ ઘડી છે એ છોકરીને... ચિત્તા જેવી ચાલાકી અને સિંહ જેવી ખુમારી છે એ છોકરીમાં.’

નેહાએ નજીક આવીને બંને હાથ સોમલના ગાલ પર મૂક્યા. સામાન્ય છોકરીઓ કરતાં નેહાની ઊંચાઈ થોડી ઓછી હતી. એ સોમલની સામે વધુ નીચી લાગતી:

‘એને તું મિસ કરે છે?’

‘નોનસેન્સ!’ સોમલે એના હાથ ખસેડી નાખ્યા. એ આગળ વધ્યો.

નેહાએ પાછળથી એનું શર્ટ પકડ્યું:

‘તને એક વાત કહું? એ છોકરી પાછી આવશે. કોણ જાણે કેમ, મારું મન કહ્યા કરે છે કે એ જ્યાં છે ત્યાં... પાછા આવવાનો રસ્તો તૈયાર કરી રહી છે.’

‘તો?’

‘સોમલ, જો એ છોકરી પાછી આવશેને તો...’ નેહાની આંખોમાં શરારત ઊતરી આવી:

‘તારા ડેડીની અને પેલા બે જણની તો...’

એ પછી નેહાએ જે સ્વાભાવિકતાથી અંગ્રેજીમાં શબ્દપ્રયોગ કર્યો એનાથી આસપાસ બેઠેલાઓના કાન ચમકી ગયા.

*

નિખિલના આજના વર્તનથી અભિમન્યુને ફરી એક ઝટકો લાગ્યો હતો. એણે ગુલાબસિંહને ફરી એ જ સવાલ પૂછ્યો:

‘આપણે શા માટે આની આટલી ચમચાગીરી કરીએ છીએ?’

‘ઘસીને ગૂમડે ચોપડવા કામ લાગે એમ નથી એ જાણું છું... પણ એક વાત સમજી લે. એ સાથે હશે તો જ આ લડાઈ જીતી શકાશે.’ ગુલાબસિંહ થોડી વાર વિચારતા રહ્યા. પછી એણે અભિમન્યુનો ખભો થપકાર્યો:

‘ચાલ, આપણે જરા જેલ જઈ આવીએ.’

‘હવે અત્યારે ત્યાં શું કામ છે?’ અભિમન્યુ અકળાયેલો હતો.

‘તું ચૂપચાપ ગાડી જેલ તરફ લઈ લે. હું એવું દૃઢપણે માનું છું કે નાલાયક જેલર પાસે કંઈક એવી વાત મળી આવશે, જે આપણને દેવલાના સગડ શોધી આપશે.’

‘વહેમ છે તમારો.’ અભિમન્યુ હવે કશુંય સાંભળવાના મૂડમાં નહોતો:

‘એને જો વિગતો આપવી હોત તો નિખિલને આપી હોત. આપણી મદદ શું કામ કરે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આપણી પાસે દુઃખ છે. પ્રશ્નો છે, પીડા છે...’ ગુલાબસિંહે ગરીબડું મોઢું કરવાનો અભિનય કર્યોઃ

‘સાહેબ, તમને હાથ જોડું, તમને પગે પડું...’

‘બધાને હાથ-પગ જોડવાનું છોડી દો તમે.’

‘ગાંડિયા, પગે પડ્યા વિના ટાંટિયા કેમ ખેંચાય કોઈના?’ ગુલાબસિંહ હસ્યાઃ

અભિમન્યુ કશુંય બોલ્યા વિના ચૂપચાપ ગાડી ચલાવતો રહ્યો. એના મનમાં આરોહીનો વિચાર ઘુમરાતો હતો. હજી ગઈ કાલે રાત્રે અઢી વાગ્યા સુધી એણે આરોહી સાથે એસ.એમ.એસ. ઉપર વાતો કરી હતીઃ

‘જિંદગીથી કંટાળી ગયો છું...’

‘કોઈના પ્રેમમાં પડો, જિંદગી ખૂબસૂરત લાગશે.’

‘પ્રેમ સફળ નથી થતો.’

‘પણ પ્રેમમાં નિષ્ફળ ગયેલા માણસો ખૂબ સફળ થાય છે.’

‘એટલે હવે તમે સફળ થવાનાં.’

‘એનો આધાર તમારા પર છે.’

‘સમજ્યો નહીં?’

‘સમજ્યા નહીં કે સમજવા માગતા નથી?’

‘હું તમારા જેટલો સ્માર્ટ નથી.’

‘જે લોકો પોતાની જાતને ભોળા અને સીધા કહે છે એ જ સૌથી વધુ ચાલાક હોય છે. જાતને ચાલાક બતાવવાનો પ્રયત્ન કરતા માણસો ખરેખર બેવકૂફ હોય છે.’

‘એટલે?’

‘એટલે એમ કે તમે જો બેવકૂફ દેખાવ તો સામેના માણસની બધી જ ચાલ સમજીને વર્તી શકો, પણ તમે જો ચાલાક દેખાવાનો પ્રયત્ન કરો તો અંતે મૂરખા ઠરવું પડે.’

‘તો પછી હું...’

અભિમન્યુ ભાગ્યે જ આવી રીતે નિરુત્તર થયો હતો. સાડા ત્રણ કલાકના આ એસ.એમ.એસ. પર ચાલેલા સંવાદમાં આ ચોથી વાર અભિમન્યુને નિરુત્તર કરી નાખ્યો હતો, આરોહીએ. સામાન્ય રીતે કોઈ પોતાને નિરુત્તર કરી નાખે, નીચો કે નાનો દેખાડે તો અભિમન્યુની છટકી જતી, પણ અત્યારે આરોહીની સામે હારી જવામાં એને પોતાની જીત લાગતી હતી.

આરોહીની જવાબો આપવાની આવડત, અંગ્રેજી ભાષા ઉપરનો એનો કાબૂ અભિમન્યુને ચકાચૌંધ કરી ગયા હતા. અભિમન્યુ જ્યારે દાદા ગુલાબસિંહ સાથે નિખિલ શ્રોફ પાસે ગયો ત્યારે એમ જ વિચારીને ગયો હતો કે નિખિલ સાથે વાત થતાં જ નિખિલ તરત જ આરોહીનાં માતાપિતા સાથે વાત કરી લેશે, પરંતુ એ વાત નીકળી જ નહીં... અભિમન્યુ નિરાશ થઈ ગયો હતો.

અહીં પણ એના પિતાને કારણે જ વાંધો પડ્યો, એટલે અભિમન્યુના મનમાં ફરી એક વાર દેવરાજસિંહ પર આક્રોશ ઊભરાતો હતો. રસ્તામાં ગુલાબસિંહ શું બોલતા હતા એની અભિમન્યુને ખબર જ નહોતી. વિચારોમાં અટવાયેલા અભિમન્યુએ ગાડી આર્થર રોડ જેલની બહાર પાર્ક કરી ત્યારે એ ઝટકા સાથે એના વિચારો તૂટ્યા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આરોહીની બાંહોમાંથી એ અચાનક જેલના મુખ્ય દરવાજાની સામે આવી પહોંચ્યો હતો જાણે... પોતાના વિચારો તૂટ્યા એમાં એને ધૂંધવાટ થયોઃ

'આમ ને આમ ચાલશે તો આરોહીની વાત કોઈ દિવસ થશે જ નહીં. બાપ-દીકરીએ મળીને મારી જિંદગીની તો વાટ લગાડી દીધી છે.'

'ચિંતા શું કામ કરે છે બેટા? મેં તને વચન આપ્યું છે કે આપણે એ રૂપના ઢગલાને વહુ બનાવીને ઘેર લઈ આવીશું... બસ, ફક્ત મારામાં વિશ્વાસ રાખ.'

'આ બધાં લફરાં તમારામાં વિશ્વાસ રાખી રાખીને જ ઊભાં થયાં. દરેક વખતે તમે કહો છો એમ કરું છું, પણ તમારો એકેય પાસો પોબાર પડતો નથી. સુરેન્દ્રનગર આવ્યો ત્યારથી શરૂ કરીને આજ સુધી શું તીર મારી લીધું તમે?' ધૂંધવાયેલો અભિમન્યુ બોલી ઊઠ્યો.

'અરે વાહ, તું તો કર્યાકારવ્યા પર પાણી ફેરવે છે. આટલી ઐયાશી એમ ને એમ કરી તેં?'

'પેલો આવશે તો એક એક પાઈનો હિસાબ માગશે.'

'જીવતો પાછો આવશે તો માગશે ને?'

'એટલે?'

'માણસને પાછો લાવવાના બે રસ્તાઓ છે. એક, આખેઆખો જીવતો, હાલતોચાલતો વન પીસ અને બીજો...' ગુલાબસિંહ ખંધુ હસીને મૂછે તાવ દેવા લાગ્યા.

'ફાંકા ના મારો. તમે એને ગોતી તો શકતા નથી, બીજું શું કરી શકવાના?'

'કરવામાં તો એવું મારા સાવજ, કે જ્યાં હોય ત્યાં જ પૂરો કરી નાખવાનો. જે માણસ એને અહીંથી લઈ ગયો છે એ જ માણસ એને સ્વધામ પહોંચાડી દે તો?'

'પણ એ એવું શું કામ કરે?'

'રૂપિયા માટે ગાંડા... રૂપિયાનો રણકાર ભલભલાને પાગલ કરી મૂકે!

અભિમન્યુના મનમાં આજે પહેલી વાર દાદાની બુદ્ધિ માટે શંકા જાગી. એ ચૂપ રહ્યો, પણ એણે મનોમન એક વાર દલીલ કરી લીધીઃ

જો જેલરને ખબર હોત કે બાપુને કોણ લઈ ગયું છે તો નિખિલ આટલો ગુસ્સામાં ન હોત.

એ જ વખતે જેલર કામદારની કેબિનમાં વોર્ડને અંદર આવીને કહ્યુંઃ

'દેવરાજસિંહનો દીકરો આવ્યો છે. તમને મળવા માગે છે.'

પહેલાં જેલરને થયું કે સ્પષ્ટ ના પાડી દેવી જોઈએ, પરંતુ પછી કંઈક વિચારીને એણે એમને અંદર બોલાવ્યા.

'સાહેબ, તમારે કોઈ પણ રીતે મારી મદદ કરવી પડશે.' ગુલાબસિંહે વાતની શરૂઆત કરી.

'અરે ભાઈ, મને ખબર હોત તો...' જેલરને હજી ઘડીભર પહેલાં ઓમ સાથે થયેલી વાત યાદ હતી.

'સાહેબ, તમે તો સમજો છો મારી મુશ્કેલી. મેં પાવર ઓફ એટર્ની માગ્યો એ પણ આપ્યા વગર જતા રહ્યા છે. હું ફસાયો છું' અભિમન્યુએ દયામણા મોંએ વિનંતી કરી.

'જો ભાઈ, અહીંથી માણસ એક વાર જાય પછી આમ તો અમારી જવાબદારી પૂરી થઈ જાય છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આ તો માણસાઈની દૃષ્ટિએ કહું છું, સાહેબ...’ ગુલાબસિંહ જાણતા હતા કે જેલર પર દાદાગીરી કરવાથી કામ નહીં બને.

‘મને પોતાને જ કંઈ ખબર જ નથી તો હું તમને શું કહું?’

આમ છતાં કદાચ આ લોકો કંઈ સગડ શોધી શકે એમ માનીને જેલર કામદારે વ્હાઇટ અલ્ટો કારનો નંબર, સુલેમાન શેખનું એડ્રેસ તથા મોબાઇલ નંબર એ દાદા અને પૌત્રને આપી દીધા.

*

સવારે આર્થર રોડ જેલના મુખ્ય પ્રવેશદ્વારના નાના ડેલા જેવા દરવાજામાંથી ઝૂકીને બહાર આવ્યા હતા દેવરાજસિંહ...

ટટ્ટાર થઈને એમણે આસપાસ જોઈને ઊંડો શ્વાસ લીધો... લગભગ એક વર્ષ બાદ જાણે એમણે મુક્તિનો શ્વાસ લીધો. એમણે આસપાસ નજર દોડાવી. થોડે દૂર એક વ્હાઇટ અલ્ટો કાર ઊભી હતી.

ઓમે આપેલી ચબરખી ઉઘાડીને દેવરાજસિંહે એમાં લખેલા આંકડા સાથે અલ્ટોની નંબર પ્લેટ સરખાવી. ઓમે કહેલી જ ગાડી હતી. દેવરાજસિંહ આસ્તેથી રોડ ઓળંગીને પેલી કાર પાસે પહોંચ્યા.

ઓમની ઉંમરનો જ એક મુસ્લિમ યુવાન ગાડી પાસે ઊભો હતો.

એના માથા પર નમાજ પઢતી વખતે પહેરે એવી સફેદ છાબડી જેવી ટોપી હતી. જીન્સ અને શર્ટ પર આવી ટોપી પહેરીને ઊભેલા એ યુવાનનો ચહેરો સખત હતો.

પેલાએ ડોકું ઉલાળીને પૂછ્યું:

‘ક્યા હૈ?’

‘મને ઓમે...’

‘બૈઠો...’ એણે નમ્રતાથી પાછળનો દરવાજો ખોલ્યો. દેવરાજસિંહના હાથમાં એક થેલી હતી. એ લઈને આગળની સીટ પર પોતાની બાજુમાં મૂકી દીધી. દેવરાજસિંહ ગાડીમાં બેઠા એટલે ગાડી ચાલુ કરતાં જ એણે પાછળ ફર્યા વગર પૂછ્યું:

‘દેવ આનંદ, રાજ કે દિલીપ કુમાર?’

‘શું?’ દેવરાજસિંહને સમજ ન પડી.

‘આ ત્રણમાંથી કોનાં ગીતો સાંભળવાં છે? મને ઓમે કહેલું કે તમને જૂનાં ગીતો ગમે છે, પણ જૂનાં એટલે કોનાં એવી મને નહોતી ખબર.’

‘કેસર ક્યાં છે?’

‘મળશે તમને.’

‘ક્યારે?’

‘એ તો ઓમને ખબર.’

‘પણ ઓમ તો જેલમાં છે.’

‘ઓમે બધી વ્યવસ્થા કરી રાખી છે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મારે કેસરને મળીને ઘેર પહોંચવું છે... બને એટલા જલદી.’

‘આપણે એમ જ કરીશું.’

પેલો પાછળ જોયા વિના જવાબો આપતો હતો, પરંતુ દેવરાજસિંહે નોંધ્યું કે રીઅર વ્યૂ મિરરમાં એ યુવાન દેવરાજસિંહના ચહેરાને ઝીણવટથી જોઈ રહ્યો હતો.

‘તમે કેસરને ઓળખો છો?’

‘હમ્મ્...’

‘ક્યાં રહે છે એ?’

‘શાંતિ રાખો... બધી ખબર પડી જશે, અંકલ...’

‘મને કહેવામાં વાંધો શું છે? મારી દીકરી વિશે પૂછું છું. કોઈ ગેંગસ્ટર વિશે કે ટેરરિસ્ટ વિશે નથી પૂછતો.’ દેવરાજસિંહ ચિડાઈ ગયા.

‘તમને કંઈ પણ કહેવાની ઓમે ના પાડી છે.’

‘પણ...’ દેવરાજસિંહ ઊંચા અવાજે દલીલ કરવા જતા હતા કે પેલા મુસ્લિમ યુવાને ગાડીનું સીડી પ્લેયર ચાલુ કરી દીધું. ગાડીમાં મોટા અવાજે ગીત ગુંજવા લાગ્યું...

લગભગ 30-35 મિનિટ પછી એમની ગાડી એવા વિસ્તારમાં જઈને ખડી રહી, જે દેવરાજસિંહે કદી જોયો પણ નહોતો. એમને એક નિર્જન લાગતી ઇમારતના એક ફ્લેટમાં લઈ જવામાં આવ્યા.

...જેલમાંથી બહાર આવ્યાને દેવરાજસિંહને આજે છ દિવસ વીતી ચૂક્યા હતા. એ ફ્લેટમાં લગભગ કેદ અવસ્થામાં જ હતા.

કેસરની રાહ જોતાં જોતાં એ અકળાઈ ગયા હતા. કેસર તો શું, કેસરનો અવાજ પણ સાંભળવા નહોતો મળ્યો એમને. શ્રદ્ધાબહેનની ચિંતા કોરી ખાતી હતી.

પેલા મુસ્લિમ યુવાનની સાથે બીજા ત્રણેક માણસ પણ ત્યાં હતા. એ દરેક માણસ પાસે મોબાઇલ હતો, પરંતુ દેવરાજસિંહને કોઈનો સંપર્ક કરવા દેવાતો નહોતો. એમણે વારંવાર વિનંતીઓ કરી તેમ છતાં કોઈ એમને કશું જ કહેતું નહોતું.

રોજ સવાર પડતી અને સાંજ ઢળી જતી. જૂની ફિલ્મોની ડીવીડી, પુસ્તકોનો ઢગલો હતો અહીં, પરંતુ ઇમારતની કંપાઉન્ડની બહાર તો ઠીક, ફ્લેટમાંથી બહાર જવાની પણ એમને છૂટ નહોતી.

‘શું ખરેખર આ લોકો ઓમના માણસો હશે? મને નિખિલે તો અહીંયાં નહીં પુરાવ્યો હોયને? અભિમન્યુ એની સાથે હશે?’

આવા જાતજાતના વિચારોથી એ ખૂબ અકળાઈ ગયા હતા.

આ કેદમાંથી છૂટવાનો ને કેસરની ભાળ મેળવવાનો હવે એમની પાસે એક જ ઉપાય હતો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 42

'હું અઠવાડિયાથી અહીંયા છું. મને કહો તો ખરા કે તમે મને શું કામ પૂરી રાખ્યો છે?'

છ-છ દિવસથી કેસરની રાહ જોઈને અકળાઈ ચૂકેલા દેવરાજસિંહે આખરે એમનો રોષ ઉછાળ્યો હતો.

દેવરાજસિંહની અકળામણ જોઈને પેલા યુવાને એમને શાંત પાડવાનો પ્રયાસ કર્યોઃ

'પૂરી ક્યાં રાખ્યા છે, અંકલ? આરામથી તો રહો છો. કંઈ પ્રોબ્લેમ હોય તો બોલો, તમને જે જોઈશે તે તરત લાવી આપીશું.'

'કેસર સાથે મુલાકાત કરાવવાનું વચન આપીને લઈ આવ્યા હતા તમે...'

'હા અંકલ... એના માટે તો લાવ્યા છીએ.'

'તો ક્યાં છે મારી દીકરી? અઠવાડિયું થવા લાગ્યું. ઘેર જવા દેતા નથી અને કેસરને લાવતા નથી.'

'આવશે, અંકલ...' છેલ્લા કેટલાય દિવસથી દેવરાજસિંહ અને માજિદના માણસો વચ્ચે આ જ સંવાદ થતા હતા. એક જ પ્રકારના આવા જવાબથી દેવરાજસિંહ અકળાઈ ગયા હતા. એ ઘેર જવા માગતા હતા, શ્રદ્ધાબહેન સાથે વાત કરવા માગતા હતા, પણ આ લોકો દેવરાજસિંહની એકેય વાત પર ધ્યાન આપતા નહોતા. હા, બધી રીતે એમનું ધ્યાન બરાબર જરૂર રાખતા. અંધેરી ઈસ્ટમાં કોઈ એક જગ્યાએ દેવરાજસિંહને રાખ્યા હતા. પ્રાઇવેટ પ્લોટ્સમાં બંગલા તોડીને બંધાયેલાં મકાનોમાં એક ખૂણાના બિલ્ડિંગમાં આ ફ્લેટ હતો. ત્રીજા માળે બે ફ્લેટ હતા, પણ એમના સિવાય બીજું રહેતું નહોતું. સામેના ફ્લેટમાં જે માણસો રહેતા હતા એમાંના બે જણ તો દિવસ આખો દેવરાજસિંહની સામે બેસી રહેતા.

ફ્લેટ વેલ ફર્નિશ્ડ અને પૂરી સગવડો સાથેનો હતો. એરકન્ડિશન, ટેલિવિઝન અને વ્યવસ્થિત રસોડું હતું, જેમાં રસોઈ કરવા માટે એક ગુજરાતી બહેન આવતાં. દેવરાજસિંહે એમની સાથે વાત કરવાનો પણ પ્રયત્ન કરી જોયો. એ બહેન તો જાણે મૂંગા-બહેરાં હોય એમ રસોઈ કરીને રવાના થઈ જતાં.

દેવરાજસિંહના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા હતા. વિનંતીઓ, બૂમાબૂમ, ધમકીઓ કશાયની અસર નહોતી થતી આ માણસો ઉપર...

નાના બાળકને ફોસલાવતા હોય એમ કેસર આવશે અથવા કેસર જરૂર મળશેનું ગાજર દેવરાજસિંહની આગળ લટકાવ્યા કરતા.

ધીરે ધીરે દેવરાજસિંહને શંકા પડવા માંડી કે ઓમ પણ કદાચ નિખિલનો માણસ તો નહીં હોયને? છેક જેલની અંદરથી નિખિલે ગૂંથેલી જાળમાં પોતે ફસાઈ ગયા એવી શંકા એમના મનમાં દૃઢ થઈ ગઈ.

'મારે ઓમ સાથે વાત કરવી છે.'

'એ જેલમાં છે...'

'પણ એની પાસે મોબાઇલ છે. મને ખબર છે...'

'હું સંદેશો મોકલાવી દઈશ. એ આપણને ફોન કરશે.'

આ વાત થયાને પણ બે દિવસ વીતી ગયા. ઓમનો ફોન કે સંદેશો કશુંય દેવરાજસિંહ સુધી પહોંચ્યું નહીં.

'તમે નિખિલના માણસો છો?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પોતાની ઉપર નજર રાખતા માણસોમાં ઉપરી જેવા લાગતા એક માણસને દેવરાજસિંહે એક દિવસ અચાનક પૂછી લીધું.

'કોણ નિખિલ?'

'હવે તમે મને બનાવી નહીં શકો. હું સમજી ગયો છું.' દેવરાજસિંહ ઉશ્કેરાઈ ગયા. આટલા દિવસથી એકદમ નરમ અવાજે વાત કરતા અને સ્વસ્થ રહીને વર્તતા માણસને બૂમાબૂમ કરતા જોઈને પેલો સહેજ ડઘાઈ ગયો.

'કહી દેજો તમારા નિખિલ શ્રોફને, એ મારું કશું જ બગાડી શકવાનો નથી. કેટલા દિવસ પૂરી રાખશે મને?'

'અમે તમને પૂરી નથી રાખ્યા અંકલ, તમારી દીકરીને...'

'બસ, બહુ થઈ ગયું તમારું નાટક.'

એટલું કહીને દેવરાજસિંહ પોતાના રૂમમાં ચાલ્યા ગયા. અંદરથી બારણું બંધ કરી દીધું. બહારની ચહલપહલ શરૂ થઈ ગઈ. સાત-આઠ દિવસથી ચૂપચાપ એમની તમામ સૂચનાઓને અનુસરતો માણસ આમ અચાનક વીફરી બેસશે એવી કોઈને કલ્પના નહોતી.

ઉપરી શામે પોતાના મોબાઇલ પરથી એક નંબર લગાડ્યો. સામે રિંગ વાગી એટલે કટ કર્યો. ફરી લગાડ્યો ને કટ કર્યો. એના બે મિસ કોલ બાદ થોડી મિનિટોમાં એનો ફોન રણકી ઊઠ્યો.

'બોલ.' સામે છેડે જેલમાંથી ઓમ હતો.

'અંકલને દરવાજા બંધ કર લિયા હૈ.'

'બે-ચાર કલાકમાં ખોલી નાખશે.'

'એમને શક છે કે અમે કોઈ નિખિલના માણસો છીએ.'

ઓમ હસ્યોઃ 'હવે સાચે જ અકળાઈ ગયા છે.' એણે ગંભીરતાથી ઉમેર્યું:

'હુંય શું કરું? એણે સરનામું બદલી નાખ્યું છે. એને શોધી રહ્યા છીએ, પણ...'

'અભી યે અંકલ જ્યાદા દિન કન્ટ્રોલ મેં નહીં રહને વાલા... કુછ તો કરના પડેગા.'

'કરેંગે... કરેંગે.' ઓમે ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો.

*

'નથી જમવું મારે!'

અંદરથી બંધ કરી દીધેલા બારણાની બહાર દેવરાજસિંહ માટે બપોરના જમવાની થાળી પડી હતી. એ દરવાજો ખોલતા નહોતા. રૂમની અંદરથી બરાડતા હતા.

'પણ અંકલ...' બહાર ઊભેલો શામ એમને ક્યારનો મનાવી રહ્યો હતો.

'અન્નનો એક દાણો પણ મોંમાં નહીં નાખું!'

કેસર વિશે પૂછી પૂછીને થાક્યા પછી કંટાળીને દેવરાજસિંહે આજે સત્યાગ્રહ આદર્યો હતો.

શામ તથા એના માણસોને ઓમ તથા માજિદભાઈની કડક સૂચના હતી કે દેવરાજ અંકલને કોઈ તકલીફ ન પડવી જોઈએ, પણ હવે તો આ અંકલ ખરેખર જીદે ચઢ્યા હતા.

'અંકલ, તમે સમજતા કેમ નથી? અમે કેસરને શોધી રહ્યા છીએ. મળશે એટલે તરત તમારી પાસે...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જુઠ્ઠું બોલો છો તમે. ઓમે જેલમાં મને કહ્યું હતું કે કેસર...’

‘એણે સરનામું બદલી નાખ્યું છે, અંકલ.’

‘જો ઓમ એના સંપર્કમાં હોય તો એ ઓમને સરનામું આપીને જ જાય. કેસરને ખબર હતી કે હું છૂટવાનો છું. ઓમે મને કહ્યું કે એ તો જેલમાં આવી હતી...’

‘યે સબ મુઝે નહીં પતા.’ શામ અકળાઈ ગયોઃ

‘તમે જમી લો, પ્લીઝ.’

‘હું નથી ખાવાનો... ઓમ સાથે મારી વાત કરાવો. નહીં તો કેસરને લઈ આવો. મારે બીજી કોઈ વાત સાંભળવી નથી.’

શામે હવે એમને સમજાવવાનું છોડી દીધું. એણે ઓમને ફોન લગાડ્યો.

નક્કી કરેલા કોડ મુજબ બે મિસ કોલ પછી ઓમનો સામેથી ફોન આવ્યોઃ

‘બોલ, હવે શું થયું?’

‘અંકલ ખાના નહીં ખા રહેલા હૈ...’ શામના અવાજમાં જે ઉચાટ હતો એના પરથી ઓમને સમજાયું કે હવે પરિસ્થિતિ ગંભીર છે.

‘હું પહોંચું છું.’

ઓમે ફોન કટ કર્યો. એ સીધો માજિદભાઈના બૅરેકમાં પહોંચ્યો. માજિદભાઈ પુસ્તક વાંચી રહ્યા હતા. કાળા-ધોળા વાળ, ઘાટી મૂછો અને આંખો પર ચશ્મા સાથે એ કોઈ સ્કૂલના ટીચર જેવા લાગતા હતા. માજિદભાઈનો પ્રેમાળ ચહેરો જોઈને કોઈ કલ્પી પણ ન શકે કે એ બોમ્બબ્લાસ્ટના કેસમાં સંડોવાયેલા છે. ઓમ જે રીતે ઉતાવળિયાં પગલાં ભરતો પહોંચ્યો એ જોઈને માજિદભાઈએ પુસ્તક બંધ કરીને બાજુમાં મૂક્યું. બેતાળાના ચશ્મા પુસ્તકની ઉપર મૂક્યા, પછી ઓમ સામે જોઈને સ્મિત કર્યુંઃ

‘ક્યા બાત હૈ, બચ્ચા... બુઢ્ઢેને આસમાન સર પે ઉઠા લિયા હૈ ક્યા?’

‘એવું જ છે. જમવાની ના પાડે છે.’

‘રહેને દો ભૂખા, દો-ચાર ઘંટે મેં અકલ ઠિકાને આ જાયેગી.’ એ હસ્યાઃ

‘એક બાર ભૂખ લગતી હૈ, ફિર કિસી કી દાદાગીરી નહીં ટીકતી.’

‘માજિદભાઈ, વો હાર્ટ કા પેશન્ટ હૈ... ડાયાબિટિસ ભી હૈ, કુછ હો ગયા તો...’

‘ક્યા કરના હૈ?’

‘મુઝે જાના હોગા.’

‘ઠીક હૈ, હું વ્યવસ્થા કરું છું. થોડી રાહ જો... તું રાતની ગિનતી પછી નીકળી જજે અને સવારની ગિનતી પહેલાં આવી જજે.’ માજિદભાઈએ ચશ્માં પહેરી લીધાં. ફરી પુસ્તક હાથમાં લીધું.

ઓમ જ્યારે અંધેરી ઈસ્ટ પહોંચ્યો ત્યારે મોડી રાત થઈ ગઈ હતી.

અંદરથી બંધ કરેલા દરવાજાની બહાર ઓમનો અવાજ સાંભળીને દેવરાજસિંહ તરત જ બહાર આવ્યા ને ઓમ પર ઊકળી પડ્યા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘નિખિલનો માણસ છે ને તું? શું કરવું છે? જીવ લેવો છે મારો? તો મારી નાખ...’

‘બોલી લીધું?’

ઓમ એકદમ સ્વસ્થ હતો. આગળ વધીને એ દેવરાજસિંહને ભેટી પડ્યો. દેવરાજસિંહ કરતાં એની ઊંચાઈ થોડી ઓછી હતી. પહેલાં તો દેવરાજસિંહે એને પોતાનાથી દૂર કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ઓમ તો બંને હાથે એને એવો ભેટી પડ્યો હતો કે છૂટો પાડવો અઘરો થઈ ગયો:

‘હું તમારો માણસ છું. નિખિલ સામેની લડાઈમાં તમારી મદદ કરવા માગું છું.’

‘તો શું કામ પૂરી રાખ્યો છે મને?’

‘કેસર સાથેની તમારી મુલાકાત થાય એની કોઈને ખબર ના પડવી જોઈએ.’

‘હવે આ લાલચ નકામી છે. નથી મળવું મારે કેસરને... ચલ, મને મારા ઘરે મૂકી જા.’

‘એક વાર એને મળી લો. પછી તમે જેમ કહેશો તેમ કરીશ. વચન આપું છું.’

‘છ મહિના બેસી રહું? કેસર ક્યાં છે એની તને ખબર નથી તો કેવી રીતે લાવીશ એને?’

‘અડતાળીસ કલાક.’

ઓમની આંખોમાં અજબ જેવો આત્મવિશ્વાસ હતો. એના ચહેરા પર દૃઢતા હતી. એણે મીઠું સ્મિત કરીને દેવરાજસિંહના બંને હાથ પોતાના હાથમાં લીધા:

‘મને અડતાળીસ કલાક આપો. એ દરમિયાન જો એને તમારી સામે ઊભી ના કરું તો મારો માણસ આવીને તમને ઘરે મૂકી જશે, બસ?’

‘તારા મોઢેથી બોલ્યો છે?’

‘હા, હા... મારા મોઢેથી બોલ્યો છું એ ફોક નહીં જાય.’ એ ચૂપચાપ દેવરાજસિંહના રૂમની બહાર નીકળી ગયો. દેવરાજસિંહ વિચારતા રહી ગયા.

*

હાઈ...

સેલફોન પર ટાઇપ કરીને અભિમન્યુએ મૅસેજ ‘સેન્ડ’ કર્યો. હવે અભિમન્યુ રોજ રાત પડવાની રાહ જોવા લાગ્યો હતો. પહેલાં રાત્રે પાર્ટીમાં રખડતો અભિમન્યુ હવે સાંજ પડ્યે ઘેર આવી જતો. ભાગ્યે જ બહાર જતો. દાદાજી જોડે બે પેગ પીને સમયસર જમી લેતો. રાત ક્યારે પડે એની રાહ જોતો. સાડા નવ-દસ વાગે તો પોતાના રૂમમાં જઈને બારણું બંધ કરી દેતો. જેવો એકલો પડે કે આરોહીનો ચહેરો એની આંખો સામે તરવરવા લાગતો. નમણું નાક, ગોરી ત્વચા, પાતળા–સહેજ ઉપરની તરફ વળેલા સતત લિપસ્ટિક લગાડેલા રહેતા હોઠ, ચમકતા વાળ... સાંજનો સૂરજ ઢળે કે જાણે આરોહી હાથ લંબાવીને અભિમન્યુને બોલાવવા લાગતી.

પછી એ બંને વચ્ચે એસએમએસની રમત ચાલતી.

‘કેમ આજે મોડા?’

‘તમે રાહ જોતા હતા?’

‘ના રે... હું તો પાર્ટીમાં છું.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઓહ, મેં તમારે લીધે પાર્ટી કેન્સલ કરી.’

‘લાયર...’

અભિમન્યુ એલ-ઓ-વી-ઈ ટાઇપ કરીને અટકી ગયો. એને એક વાર થયું કે લવર લખી નાખું, પછી એણે સ્મિત કરીને ટાઇપ કર્યું:

‘મૈં લાયર તો નહીં, મગર ઐ હસીન... જબ સે દેખા મૈંને તુજકો...’

‘તમે તો શાયર થઈ ગયા.’

‘તમને જોઈને ભલભલા કવિ થઈ જાય એવું છે.’

‘એમ? એટલી બધી ભયાનક છું હું?’

‘પોતાનાં વખાણ સાંભળવાનો શોખ છે તમને.’

‘ને તમે વખાણ કરવામાં કંજૂસ છો.’

‘જરાય નહીં.’

‘સાબિત કરો...’

એ પછી લગભગ લાંબા લાંબા આઠ મૅસેજ વારાફરતી આરોહીના ફોન પર ડિલિવર થતા રહ્યા. પોતાને જે કંઈ આવડતું હતું કે સૂઝતું ગયું એ બધું જ અભિમન્યુએ એસએમએસમાં ઠાલવી દીધું.

અભિમન્યુના મૅસેજ વાંચતી આરોહીનાં રૂંવે રૂંવે આ માણસના શબ્દોથી જાણે વીજળીના હળવા આંચકા આવતા રહ્યા. એણે ક્યારેય નહોતું ધાર્યું કે સોમલ સાથેનો સંબંધ પૂરો થતાં પહેલાં જ એને કોઈ એવો માણસ મળશે, જે પોતાને આમ દિલ ફાડીને પ્રેમ કરશે. એણે સોમલને ખૂબ જ પ્રેમ કર્યો હતો. સોમલે એના પ્રેમનો પ્રતિસાદ ન આપ્યો ત્યારે એના અહંકાર પર બહુ જ મોટી ચોટ પડી હતી. એના ક્ષત-વિક્ષત થઈ ગયેલા અસ્તિત્વને આ માણસ જાણે ધીરે ધીરે એકઠું કરીને ફરી એક વાર અખંડ બનાવી રહ્યો છે એવું આરોહીને લાગવા માંડ્યું હતું.

અભિમન્યુનો એક એક શબ્દ આરોહીના ઘવાયેલા હૃદય પર જાણે મલમનું કામ કરતો હતો. એ ભૂલી ગઈ હતી કે હજી થોડા જ દિવસ પહેલાં એનો અને સોમલનો ભયાનક ઝઘડો થયો હતો. હવે એ એક વિચિત્ર પ્રકારના સુખના શહેરમાં વસવાટ કરતી હતી. વીતી ગયેલા દિવસો અને વીતી ગયેલી પળો જાણે એના મનની સ્લેટ પરથી ભૂંસાઈ ગઈ હતી. અભિમન્યુ કશુંક એવું લખી રહ્યો હતો આ સ્લેટ પર, જે વારંવાર વાંચવું આરોહીને ગમવા લાગ્યું હતું.

પોતાની પ્રશસ્તીમાં મોકલાયેલા ઢગલાબંધ મૅસેજ પૂરા થયા પછી આરોહીએ ફરી એક વાર અભિમન્યુને છેડ્યો:

‘આ બધું લખો તો છો, પણ મનથી માનો છો એમાં?’

‘હનુમાન નથી, નહીં તો છાતી ચીરીને બતાવી દેત.’

‘શું?’

‘મેરે દિલ મેં આજ ક્યા હૈ, તૂ કહે તો મૈં બતા દૂં.’

અભિમન્યુનો રોમાન્સ હિન્દી ફિલ્મોનાં ગીતોથી આગળ વધી શકતો નહોતો. એની પાસે એવું વાંચન નહોતું કે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નહોતું લાંબુ-પહોળું શબ્દભંડોળ.

‘કહી નાખો.’

આરોહીનો મૅસેજ વાંચતાં જ અભિમન્યુને લાગ્યું કે જાણે પોતે ખજાનાના દ્વબારની સામે ઊભો હતો. હવે માત્ર ખૂલ જા સીમ સીમ કહેવાની વાર હતી...

‘ગુસ્સે તો નહીં થાવને?’

ના. બે અક્ષર લખતાં લખતાં આરોહીનો હાથ ધ્રૂજી ગયો. છેલ્લા અઠવાડિયાથી ચાલતી આ રમત પછી એ પણ જાણતી હતી કે અભિમન્યુ શું કહેવાનો હતો.

મુઝસે શાદી કરોગી?

હજી આરોહીના સેલફોનના સ્ક્રીન પર આ અક્ષરો પૂરેપૂરા વંચાય એ પહેલાં આરોહીએ આંખો મીંચી દીધી. મીંચાયેલી બંને આંખના છેડે ઝાકળનાં બિંદુ જેવાં બે ટીપાં આવીને અટકી ગયાં. એનું આખું શરીર કોઈ ગમતા રોમાંચથી થરથરી રહ્યું હતું.

‘ફરી તો નહીં જાવને?’ એણે થોડીક ક્ષણ શ્વાસને હેઠો બેસવા દીધો. પછી લખી નાખ્યું:

‘તમે જાણો છો મારી સાથે શું થયું છે તે.’

‘તમે કહો તો હમણાં આવીને લઈ જાઉં. કાલે ઊઘડતી કોર્ટે લગ્ન રજિસ્ટર કરાવી દઈએ... પછી તો વિશ્વાસ કરશોને?’

‘આપણે કાલે વાત કરીશું.’

આરોહીએ અચાનક જ વાત કાપી નાખી. એ પછી એને સંપર્ક કરવાના અભિમન્યુના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા. એણે સેલફોન બંધ કરી દીધો હતો. મૅસેજ ડિલિવર થતા નહોતા. ફોન લગાડ્યો તો સ્વીચ ઓફ હતો.

અભિમન્યુ ઉશ્કેરાઈને આંટા મારતો રહ્યો. આજે લગભગ બધું જ નક્કી થવાની તૈયારી હતી ત્યાં આ છોકરી માછલીની જેમ હાથમાંથી સરકી ગઈ... હવે આરોહી એને માટે જીવન-મરણનો પ્રશ્ન બની ગઈ હતી. ઉદ્વેગમાં એને સાચા-ખોટાનું ભાન રહ્યું નહીં... લાંબુ વિચાર્યા વગર એણે નિખિલ શ્રોફનો સેલફોન ડાયલ કરી દીધો:

‘બે મિનિટ વાત કરવી છે.’

‘તારો બાપ મળી ગયો કે શું?’

‘મળી જાય કે મરી જાય, અત્યારે મને એની પડી નથી.’

‘તો ફોન શું કામ કર્યો?’

‘મેં તમારાં બહુ કામ કર્યાં છે. હવે તમારે મારું એક કામ કરવાનું છે.’

‘તું કોની સાથે વાત કરે છે એનું ભાન છે તને? ઇડિયટ!’

‘સાહેબ, હું નાનો માણસ હોઈશ, પણ તમનેય મારી જરૂર તો પડવાની જ છે... એક વાર, મારું એક કામ કરી દેશો તો જિંદગીભર ગુલામ થઈને રહીશ, વચન આપું છું.’

‘એવું તે શું કામ છે?’ હવે નિખિલને રસ પડ્યો.

‘આરોહી સાથે મારું ગોઠવી આપો!’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મૂરખ છે તું!”

‘સર, હું એના વિના નહીં જીવી શકું.’

‘હું કહીશ તો એ તને પરણી જશે, એમ તું માને છે?’

‘તમે કહો તો કંઈ પણ થઈ શકે.’

નિખિલને હસવું આવી ગયું. એના પિતા એને હંમેશાં કહેતા:

પ્રેમમાં પડેલો અને દેવામાં ડૂબેલો માણસ, એ બંને કંઈ પણ કરવા તૈયાર થઈ જાય છે... આ વાત અત્યારે સાચી લાગી.

‘સારું, કાલે સવારે મળીએ.’ એ ફોન મૂકે તે પહેલાં એનાથી પુછાઈ ગયું:

‘તારા દાદાજીને આ બધી ખબર છે?’

‘થોડી થોડી ખબર છે.’ અભિમન્યુ વળી એક વાર અકળાઈ ગયો:

‘પણ એ મારી મદદ નથી કરતા.’

‘સારું. તું કાલે ઓફિસે આવ.’

ફોન મૂકીને નિખિલ ખડખડાટ હસી પડ્યો. બાજુમાં સૂઈને આઈપોડ પર રજનીશનું પ્રવચન સાંભળી રહેલી શ્વેતાએ કાનમાંથી ઇયર ફોન કાઢ્યા:

‘શું થયું? કોનો ફોન હતો?’

‘છે એક મૂરખ...’ નિખિલના ચહેરા પર કેટલાય વખત પછી આવું સ્મિત જોયું હતું શ્વેતાએ...

‘મને મારી યુવાનીના દિવસો યાદ આવી ગયા. હું પણ તારા પ્રેમમાં આવા જ ગાંડા કાઢતો હતો.’

‘હવે તો મારી સામે જોતા પણ નથી.’ એના સારા મૂડને થોડા વધુ કલાકો સાચવી રાખવાના ઇરાદાથી શ્વેતાએ પોતાની સુંદરતા અને ફ્લર્ટનું હથિયાર મ્યાનમાંથી કાઢ્યું.

‘કોણ કહે છે?’ નિખિલે હાથ લંબાવીને એને પોતાની નજીક ખેંચી:

‘હું તો આજે પણ તને જોઉં પછી મને કંઈ દેખાતું નથી.’

‘અચ્છા! એવું લાગતું તો નથી.’

શ્વેતાએ પતિમાં રહેલા પુરુષને જરા વધુ છંછેડ્યો. નિખિલે પલંગ પર પડેલા લાઇટના રિમોટથી રૂમમાં અંધારું કરી નાખ્યું.

‘જોવી ન પડે એટલે અંધારું કરી નાખ્યું?’

‘ના, અંધારામાં મારા મન અને આંખોના ડિવાઇસ ચાર ગણી વધુ ક્ષમતાથી કામ કરે છે. એક વાર હું લાઇટ્સ ઓફ કરું પછી બાકી બધું ઓન થઈ જાય છે, સમજી?’

એ રાત્રે કેટલાય મહિનાઓ પછી શ્રોફ દંપતીએ એક પ્રેમાળ, સુખપૂર્ણ રાત ખરા અર્થમાં સાથે વિતાવી.

*

ઘણા દિવસો પછી આજે સ્ટીમ રૂમમાં પિતા-પુત્ર ભેગા થઈ ગયા. સ્ટીમ લઈ રહેલો સોમલ ઊંધો ફરીને ઊભો હતો. દરવાજો ખૂલવાનો અવાજ સાંભળીને એ ચોંક્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઇટ્સ ઓકે, હું છું.’ નિખિલ સ્મિત કરતો દાખલ થયો.

‘ઘણા દિવસે તમારા ચહેરા પર સ્માઇલ જોયું.’

‘યસ... ઘણા દિવસે મારો મૂડ પણ સારો છે. ગઈ કાલે રાતથી મારો ભૂતકાળને એન્જોય કરવાનો પિરિયડ ચાલે છે. ગઈ કાલે પેલા મૂરખ અભિમન્યુની વાત સાંભળીને મને તારી મા સાથેના દિવસો યાદ આવી ગયા.’

‘અભિમન્યુ?’

‘વેલ... એ તારી ગર્લફ્રેન્ડ સાથે પરણવા માગે છે.’

‘નેહા?’ સોમલનાં ભવાં ઊંચા થયાં, એના ચહેરા પર એક રમૂજી સ્મિત આવ્યું:

‘એ જાણશે તો મારી મારીને ભૂરજી બનાવી નાખશે અભિમન્યુની.’

‘નેહા નહીં, આરોહી.’

‘વેરી ગુડ, ડૅડ! એ બંને જણા એકબીજા માટે જ બન્યા છે. એક બેવડો અને બીજી તદ્દન મૂરખ.’

‘એકબીજાને ઓળખી જશે તો છૂટાં પડી જશે.’

‘એટલે જ... કંઈ ગૂંચવાડો થાય એ પહેલાં લગન થઈ જવાં જોઈએ. હું વાત કરું?’

સોમલની વાત સાંભળીને નિખિલ એની સામે નવાઈથી જોઈ રહ્યો.

‘હું આરોહી અને એનાં મમ્મી-પપ્પા ત્રણેયને સમજાવી શકીશ. તમારે આમાં પડવાની જરૂરત જ નથી.’

‘શ્યોર?’

‘બિલકુલ, ડૅડ.’ સોમલના ચહેરા પર ખુશીની સાથે સાથે એક વિચિત્ર પ્રકારની હાશ દેખાતી હતી:

‘સાચું કહું તો મને બહુ ગિલ્ટ થતું હતું. એ છોકરીને છેતર્યાની લાગણી થયા કરતી હતી. આમ ભગવાનમાં માનતો નથી, પણ હું રોજ ભગવાનને કહેતો હતો કે આરોહીને કોઈ પરણવા તૈયાર થઈ જાય તો બહુ સારું.’

‘ઓકે... તું વાત કરતો હોય તો મને વાંધો નથી.’ નિખિલે ખભા ઉલાળ્યા:

‘ભાઈને કોઈ આપતું નથી ને બહેનને કોઈ લેતું નથી એટલે આમ તો જૈસે કો તૈસા જેવું છે!’

બાપ-દીકરો બંને હસી પડ્યા.

નિખિલની વાત સાચી જ હતી. આરોહીના વિચિત્ર સ્વભાવ સાથે એ કોઈનાય ઘરમાં ગોઠવાઈ શકે એવી સંભાવના પ્રમાણમાં ઓછી જ હતી. સામે પક્ષે અભિમન્યુ પણ કોઈની દીકરી માટે સૂચવી શકાય એવો મુરતિયો તો નહોતો જ...

ડૅડી નિખિલ સાથે વાત થઈ ગયા પછી તૈયાર થઈને સોમલ સીધો જ આરોહીના ઘેર પહોંચી ગયો. દરવાજો ખોલતાં જ સોમલને જોઈને આરોહીનું મગજ છટક્યું:

‘તું અહીંયાં શું કામ આવ્યો છે?’

‘તારાં લગનનું માગું લઈને આવ્યો છું.’

સોમલ એકદમ રિલેક્સ હતો. એના ચહેરા પર સ્મિત હતું. આરોહીને ફરી એક વાર આવા સોહામણા પુરુષને ખોઈ બેસવાનો અફસોસ તો થયો.

‘તું અહીંથી જા.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મારી વાત તો સાંભળી લે, પછી જતો રહીશ.’

‘મારે કોઈ નોનસેન્સ વાત નથી સાંભળવી.’

‘અભિમન્યુ વિશેની વાત તને નોનસેન્સ લાગે છે?’

‘અભિમન્યુ?’

સોમલ હજી દરવાજા પર જ ઊભો હતો:

‘હું અભિમન્યુનું માગું લઈને આવ્યો છું.’

‘પણ તું...’

‘જો આરોહી, હું સાચા હૃદયથી ઇચ્છું છું કે તું કોઈકને પરણીને ગોઠવાઈ જાય.’ એણે જાણીજોઈને સુખી થાય શબ્દ ટાળ્યો.

‘અભિમન્યુ વિશે તને કોણે કહ્યું?’

‘એણે જાતે.’

‘શું?’

‘દરવાજા પર જ સવાલ-જવાબ કરીશ કે તારાં મમ્મી-પપ્પાને મળવા માટે અંદર આવવા દઈશ?’

દરવાજાની બરોબર વચ્ચોવચ્ચ ઊભેલી આરોહી આટલું સાંભળતાં જ ખસી ગઈ. એણે સોમલ માટે અંદર આવવાની જગ્યા કરી.

બે કલાક પછી સોમલ ત્યાંથી બહાર નીકળતો હતો. એણે એની પૂરેપૂરી આવડત વાપરીને અભિમન્યુનું ફક્કડ માર્કેટિંગ કર્યું હતું. એ કેટલો સારો છોકરો છે ત્યાંથી શરૂ કરીને એને કેટલો અન્યાય થયો છે ત્યાં સુધીની કથા એણે આરોહીનાં માતાપિતાને સંભળાવી દીધી હતી. એનાં માતાપિતાએ અભિમન્યુનાં મમ્મીને મળવાની તૈયારી બતાવી હતી.

આરોહી એને છેક લિફ્ટ સુધી મૂકવા આવી. લિફ્ટ ખૂલી ત્યારે સોમલ લિફ્ટમાં દાખલ થાય તે પહેલાં આરોહીએ ધીમા અવાજે કહી નાખ્યું,

‘આઇ એમ સોરી... અને, થેન્ક યુ.’

લિફ્ટનો દરવાજો બંધ થાય એ પહેલાં સોમલે એના ગાલ પર હળવી ટપલી મારી દીધી.

લિફ્ટમાં નીચે ઊતરી રહેલો સોમલ જાણે છાતી પર મૂકેલો એકાદ ટનનો ભાર આરોહીને ઘેર ઉતારી આવ્યો હોય એમ હળવો અને ખુશખુશાલ હતો.

*

વહેલી સવારે ગિનતી પહેલાં જેલમાં પરત પહોંચીને ઓમ સીધો માજિદભાઈ પાસે પહોંચ્યો:

‘કુછ ભી કરો, માજિદભાઈ... હવે એને શોધ્યા વિના નહીં ચાલે. બાપુ બગડ્યા છે.’

‘તું ગયો ત્યારથી જ મેં માણસોને કામે લગાડ્યા છે. કાલે સવાર સુધીમાં એ છોકરીની ખબર આવી જશે.’ માજિદભાઈએ સામે સ્મિત કર્યું:

‘થોડો વાંક મારો પણ છે. મેં થોડી આળસ કરી, પણ હવે નહીં...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું અડતાળીસ કલાકનું વચન આપીને આવ્યો છું.’

‘આપણે ચોવીસ કલાકમાં શોધી કાઢીશું. પરમ દિવસ સવારના પરોઢ પહેલાં તારા દેવરાજસિંહ બાપુને કેસર સાથે ભેગો કરી દઈશું, બસ? હવે સૂઈ જા ચેનથી.’

સાચે જ જાણે અંદર કોઈ શાંતિ વ્યાપી ગઈ હોય એમ ઓમ પોતાની બૅરેકમાં જઈને નિરાંતે લાંબો થઈ ગયો. એણે આંખો મીંચી કે એની નજર સામે એના પિતાનો ચહેરો દેખાવા લાગ્યો. કોણ જાણે કેમ, ઓમને આ ઘરડા સિંહ જેવા રાજપૂતમાં પોતાના પિતાનાં દર્શન થતાં હતાં. એમની ખુમારી અને સિદ્ધાંતોમાં એને પોતાના પિતા શ્રીકાંત પારેખની એક એક વાત યાદ આવતી હતી. એણે મનોમન નક્કી કરી લીધું, આવતી કાલે રાત્રે કેસરના સમાચાર મળે કે તરત જાતે જ કેસરને લઈને દેવરાજસિંહની સામે ઊભો રહેશે. પિતાની સાથે એના ખોવાયેલા સંતાનના મિલનની આ અદ્‌ભુત ક્ષણ વખતે એ હાજર રહેશે...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 43

સોમલના ગયા બાદ આરોહીના ઘરમાં ઉગ્ર ચર્ચા થઈ રહી હતી. સોમલે સામે ચાલીને અભિમન્યુનું નામ સૂચવ્યું એની પાછળ બાપ-દીકરાની નવી કોઈ ચાલ તો નહીં હોય ને એમ વિચારીને આરોહીનાં માતાપિતા ખૂબ ચિંતિત હતાં, તો બીજી તરફ આરોહી ન જાણે કેમ અભિમન્યુની વકીલાત કરી રહી હતી. એનાથી ચોખ્ખેચોખ્ખું તો કહેવાય એવું હતું જ નહીં કે પોતે લાંબા સમયથી અભિમન્યુના સંપર્કમાં હતી. આરોહીના પિતાનું દૃઢપણે માનવું હતું કે નિખિલ શ્રોફે સૂચવેલો સંબંધ ફરી એક વાર એમને મુશ્કેલીમાં મૂકી શકે.

'તમે એક વાર અભિમન્યુને મળી તો લો, ડૅડ...'

'મૂરખ છે તું. એક માણસ પોતાની ફિયાન્સે માટે પોતાના એક્સ સાળાનું માગું લઈને આવે છે. એનામાં બુદ્ધિ નથી, પણ મારામાં તો છે ને? આવી વાતની તો કંઈ હા પડાતી હશે?'

'ડૅડ, પ્લીઝ, અભિમન્યુને મળવામાં શું વાંધો છે?'

'આરોહી, મહેરબાની રાખ મારા પર... મારે એ વાત પણ નથી સાંભળવી.'

'તો પછી સોમલની સામે ચોખ્ખી ના પાડવી હતીને?'

'એ વખતે મારે દલીલો નહોતી કરવી. હું એને ના પાડત તો એ વળી નવી માથાકૂટ શરૂ કરત.'

'પણ, ડૅડ!'

આરોહીની મમ્મી અત્યાર સુધી ચૂપ હતી. એણે અચાનક જ મગજ ગુમાવ્યું:

'આરોહી, કહ્યુંને એક વાર... કારણ વગર માથાકૂટ નહીં કર. તારા ડૅડ બિલકુલ સાચું કહે છે. જે ઘરની છોકરી સાથે એનો સંબંધ તૂટી ગયો એ ઘરમાં એ તને પરણાવવા માગે છે. જરા વિચાર તો કર બેટા, શું કામ?'

'પણ...'

'બેટા, હું સમજુ છું કે તું તારા વિવાહ તૂટવાથી અપસેટ થઈ ગઈ છે. તને લાગે છે કે શ્રોફ કુટુંબમાંથી એક વાર તને રિજેક્ટ કરી છે તો હવે કદાચ તને કોઈ સારો છોકરો નહીં મળે, પણ એવું નથી બેટા...'

'ડૅડ, તમે આખી વાતને ખોટી દિશામાં લઈ જાવ છો.'

'ના બેટા, હું તારી લાગણી બરાબર સમજું છું, પણ તને હું જે સમજાવવા માગું છું એ...'

'હું બધું જ સમજુ છું. મારી વિનંતી માત્ર એટલી જ છે કે એક વાર તમે અભિમન્યુને મળી લો, બસ!'

'તું શું જાણે છે એ છોકરા વિશે?'

આરોહીના અનુભવી પિતા એટલું તો જરૂર સમજતા હતા કે છેલ્લા થોડા સમયથી સોમલની વાતથી પણ ભડકી જનારી છોકરી એણે સૂચવેલા છોકરાનો પક્ષ લઈ રહી હતી એટલે દાળમાં ચોક્કસ કંઈ કાળું હતું.

'આમ તો...' પિતાને સાચું કહેવું કે નહીં એ વિશે વિચારતાં આરોહી ચૂપ થઈ ગઈ.

'નથી જાણતી ને? હું તને એ જ સમજાવું છું બેટા, નિખિલ અને એનું કુટુંબ કોઈ પણ રીતે આ અપરાધભાવમાંથી છૂટવા માગે છે. એ લોકો ઇચ્છે છે કે તું પરણી જાય તો એમના માથેથી એક ભાર ઊતરી જાય."

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તમે એવું નથી ઇચ્છતા?’

આરોહીની મમ્મી એની નજીક આવી:

‘કયાં મા-બાપ એવું ન ઇચ્છે? પણ એમ ગમે તે ઘરમાં થોડી ધકેલી દેવાય પોતાની દીકરીને? એનો બાપ જેલમાં છે. દીકરીએ આપઘાત કર્યો અને...’

‘મોમ, અભિમન્યુનો બાપ જેલમાં છે એમાં અભિમન્યુનો કોઈ વાંક નથી. એની બહેને જે કંઈ કર્યું એને માટે પણ અભિમન્યુ જવાબદાર નથી.’

‘આ વાત અહીંયાં પૂરી થાય છે, બેટા. સો વાતની એક વાત–અમારે એ લોકોની સાથે સંબંધ નથી બાંધવો. એક વાર તો તારી જીદને કારણે અમારે નીચું જોવું પડ્યું. હવે બીજી વખત એ જ સ્થિતિમાં મુકાવા અમે તૈયાર નથી.’ આરોહીના પિતા ઊભા થઈ ગયા.

આરોહી અકળાઈને કંઈક કહેવા જતી હતી, પણ એની મમ્મીએ હાથ જોડીને એને ચૂપ રહેવાનો ઇશારો કર્યો.

આરોહી એ વખતે તો ચૂપ થઈ ગઈ, પણ એણે મનોમન ગાંઠ વાળી લીધી.

*

સોમલ ઓફિસ પહોંચ્યો ત્યારે ખુશમિજાજ હતો. એણે નેહાને આમતેમ શોધવાનો પ્રયાસ કર્યો. પછી એને એની સીટ પર ન જોઈ એટલે સીધો બહાર ટેરેસમાં પહોંચી ગયો.

કાળા રંગનું ટાઇટ સ્ટ્રેચેબલ જીન્સ અને ઉપર ગ્રે રંગનું વોયલનું ઝીણું શર્ટ પહેરીને એ ઊભી હતી. સૂરજના પ્રકાશમાં એના શર્ટના ઝીણા કાપડમાંથી એના કમનીય વળાંકો દેખાતા હતા. વાળને ઊંચા કરીને એણે બટરફલાય ક્લિપ લગાડી હતી. એની લાંબી ગરદન અને સુડોળ ખભા ખૂબ જ આકર્ષક દેખાતા હતા. દૂર આકાશમાં જોતી એ આરામથી સિગારેટ પી રહી હતી.

બેધ્યાન ઊભેલી નેહાને એણે ધક્કો માર્યો. હેબતાઈ ગયેલી નેહા હજી કંઈ બોલે એ પહેલાં સોમલે એને પકડી લીધી.

‘રાસ્કલ! પડી જાત તો?’

‘આટલા બધાએ ટ્રાય કરી... પડવાની હોત તો ક્યારનીયે પડી ગઈ હોત.’

‘કોઈ સરખી રીતે ટ્રાય જ નથી કરતું, બાકી, હું તો પડવા માટે તૈયાર ઊભી છું...’

‘એમ? મને સ્કૂલમાં આવું કહ્યું હોત તો?’

‘ત્યારે તને કોઈની વાત સાંભળવાની ફુરસદ ક્યાં હતી? ત્યારે તારો એક મુદ્દાનો કાર્યક્રમ આરોહી હતી.’

‘એનું પેક-અપ થઈ ગયું. આજે એનું માગું લઈને ગયો હતો. લાઇફ સેટ કરી દીધી મેં એની.’

‘વ્હોટ?’

નેહાની આંખો ઝીણી થઈ ગઈ. એણે વિચિત્ર રીતે સોમલની સામે જોયું. પછી હસી પડી:

‘અચ્છા, તો પોતાની થનારી પત્નીને કો’કની સાથે પરણાવીને ખુશ થનારો મેં પહેલો માણસ જોયો.’ એણે સોમલની છાતીમાં હળવો મુક્કો માર્યો:

‘તને બનાવીને ભગવાને હાથ ધોઈ નાખ્યા છે. એક જ પીસ છે તું- તારી ટાઇપનો.’

‘તને નહીં સમજાય... મને અત્યારે ફાંસીની સજામાંથી નિર્દોષ છૂટ્યો હોઉં એવી લાગણી થાય છે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઓ ગધેડા, એ સજા પણ તેં તારી જાતે નક્કી કરેલી.’

‘માણસની ભૂલ થાય કોઈ વાર...’ સોમલે નેહાને આંખ મારીઃ

‘હવે તો ભૂલ સુધારી લીધીને? મારા એક્સ સાળાની સાથે એનું ગોઠવી નાખ્યું.’

‘વ્હોટ, અભિમન્યુ?’

‘યસ... મારાં એક જ વાર લગન થયાં છે અને મારી એક્સ બૈરીને એક જ ભાઈ છે.’

‘એ અને આરોહી? વ્હોટ અ કોમ્બિનેશન!’ નેહાને હસવું આવી ગયું.

‘ડેડ કહે છે જૈસે કો તૈસા...’

‘બાય ધ વે, અભિમન્યુસિંહ તારા ડેડની ચેમ્બરમાં બેઠો છે.’

‘એના નસીબનું રિઝલ્ટ લેવા આવ્યો હશે.’ સોમલ હસવા લાગ્યોઃ

‘જો, જાડી! હું એને જઈને કહી દઉં કે આરોહીએ ના પાડી દીધી તો?’

‘સોમુ, એ પણ અત્યારે ડેસ્પરેટ હશે. જેવો તું કેસર માટે હતો ને એવો જ...’

‘કેસરની અને આરોહીની કોઈ સરખામણી જ નથી... શી વોઝ... જસ્ટ એન એન્જલ.’ સોમલને અચાનક ખ્યાલ આવ્યો કે એ શું બોલી ગયો.

નેહા એની નજીક આવી. પહેલી અને બીજી આંગળી વચ્ચે એનું નાક પકડીને સોમલના ચહેરાને એણે નજીક ખેંચ્યોઃ

‘શી વોઝ... વ્હોટ? એન્જલ? પરી? બ્યુટીક્વીન?’ એણે સોમલની આંખોમાં જોયું. એની મોટી-કાળી આંખોમાં શરારત હતીઃ

‘તો તું હજીયે એના જાદુમાંથી ટોટલી બહાર નથી નીકળ્યો, બચ્ચા!’

‘છોડ યાર...’ સોમલે ઝટકાથી ચહેરો છોડાવ્યોઃ

‘હું જઈને પેલાને કહી દઉં... નહીં તો ડેડની ચેમ્બરમાં બેસી રહેશે.’

સોમલ જવા માટે જેવો ઊંધો ફર્યો કે નેહાએ એની પીઠમાં ચાબુક લગાવતી હોય એ રીતે કહ્યુંઃ

‘ડરપોક!’

‘શું બોલી?’ સોમલ વીજળીની ઝડપે સીધો ફર્યો. એણે નેહાને બંને ખભેથી પકડી લીધીઃ

‘ફેંકી દઈશ અહીંથી.’

‘સાચું સાંભળવું કોઈનેય ગમતું નથી સોમલ શ્રોફ, પણ સત્ય એ છે કે તું હજી પણ કેસરને ભૂલી શક્યો નથી. તું એને ચાહે છે. આજે પણ તારી અંદર ક્યાંક એક એવો ટુકડો છે, જે કેસરને ઝંખે છે.’

‘જા જા... હું તો ભૂલી ગયો છું, સાવ...’

‘જુઠ્ઠો...’

પોતાનો ખભો સોમલના બાવડા સાથે ઘસાય એ રીતે બેફિકર ચાલે નેહા ત્યાંથી નીકળી ગઈ. સોમલ એને જતી જોઈ રહ્યો. એ જાણતો હતો કે નેહા સાચું બોલતી હતી. જે કંઈ બન્યું એ પછી પણ સોમલના મનમાં ખૂબ ઊંડે ક્યાંક કેસર સાથે ગાળેલી ક્ષણો હજી અકબંધ હતી. એ આંખ બંધ કરતો ત્યારે કેસરનો નમણો ચહેરો,

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એની તેજસ્વી આંખો, આત્મવિશ્વાસથી સભર એનું વ્યક્તિત્વ સોમલની નજર સામે તરી જતું...

જાણે કેસરની યાદને ખંખેરતો હોય એમ એણે માથું ધુણાવ્યું.

*

'તમારે જાતે વાત કરવી જોઈતી હતી, સર... એ લોકો સોમલની વાત નહીં સાંભળે.'

અભિમન્યુ ઉદ્વેગમાં હતો. આરોહીને ત્યાંથી શું સમાચાર આવશે એ વિશે બેચેન થઈને એ નિખિલની ચેમ્બરમાં જાતજાતની અટકળો કરતો બેઠો હતો.

'મારા કરતાં મારો દીકરો વધારે સમજદાર છે એવી મને ખબર છે.'

'આરોહીનાં મા-બાપ નહીં માને તો?'

'તો પણ હું તને પરણાવીશ, બસ?'

નિખિલ મનોમન પોરસાતો હતો. દેવરાજસિંહનો દીકરો એની ગેરહાજરીમાં પોતાના દીકરાએ ડસ્ટબિનમાં ફેંકી દીધેલી છોકરીને ઉપાડીને એના ઘરની વહુ બનાવે એ વિચારમાત્ર નિખિલને મજેદાર લાગતો હતો.

દેવરાજસિંહ પાછા આવીને આ વાત જાણે તો એમને કેટલો આઘાત લાગે... ધારો કે પાછા ન આવે તો પણ એક વાણિયાની બદનામ થયેલી છોકરી દેવરાજસિંહ જેવા રાજપૂત ઘરની કુળવધૂ બને એ વાત એમને સ્વર્ગમાં કે નર્કમાં પણ કેટલી તકલીફ પહોંચાડે એ વિચારી વિચારીને નિખિલ ખુશ થતો હતો.

એ જ વખતે સોમલ એની ચેમ્બરનો દરવાજો ખોલીને દાખલ થયોઃ

'મેં વાત કરી લીધી છે, ડૅડ. એમને કંઈ વાંધો હોય એવું લાગ્યું નહીં, છતાં એક-બે દિવસ વિચારીને જવાબ આપશે એમ કહ્યું છે.'

'જોયું... મેં નહોતું કહ્યું?' અભિમન્યુ ઉશ્કેરાટમાં ઊભો થઈ ગયોઃ

'હવે બે દિવસ પછી ના જ પાડશે, મને ખાતરી છે.'

'શટઅપ એન્ડ સીટ ડાઉન.' નિખિલે નાના બાળકને ધમકાવતો હોય એવી રીતે કહ્યું.

'એમણે ના નથી પાડી, વિચાર કરવાનો સમય માગ્યો છે. દુનિયાનાં દરેક મા-બાપને એટલો સમય તો જોઈએ કે નહીં?' સોમલે જરા શાંતિથી સમજાવ્યો.

'હા, પણ...'

'તેં તારા બાપને પૂછ્યું છે?'

'નથી પૂછવું. એ આવે તે પહેલાં પરણી જવું છે. બાકી, ડખા ઊભા કરશે.'

'ઓહ!' નિખિલના ચહેરા પર એક ક્રૂર સ્મિત આવ્યું. એની રિવોલ્વિંગ ચેર ડાબેથી જમણે ફરવા લાગીઃ

'તું જો આરોહીને મનાવી શકતો હોય તો કાલે સવારે તારાં લગ્ન કરાવી દઉં.'

'એ તો તૈયાર જ હશે.'

અભિમન્યુના ચહેરા પરનો આત્મવિશ્વાસ જોઈને નિખિલ હસી પડ્યો. સોમલના ચહેરા પર પણ સ્મિત આવી ગયું. આરોહી જે રીતે એને લિફ્ટ સુધી મૂકવા આવી, એણે જે રીતે એનો આભાર માન્યો એ પછી સોમલને સમજાતું હતું કે અભિમન્યુ સાચું કહી રહ્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બસ તો પછી... પૂછી લે એને!’

‘હમણાં?’

‘નહીં તો ક્યારે... ચોઘડિયું જોવરાવવાનું છે?’

અભિમન્યુ એક ક્ષણ અચકાયો. પછી એણે આરોહીને એસએમએસ કર્યો:

મેરે નસીબ મેં તૂ હૈ કે નહીં? તેરે નસીબ મેં મૈં હૂં કે નહીં?

થોડી વાર માટે નિખિલની ચેમ્બરમાં ચુપકીદી ઘુમરાતી રહી. પંદર-વીસ સેકન્ડ પછી અભિમન્યુનો ફોન રણક્યો. એણે ફોન ઉપાડ્યો તો આરોહી ફોન પર ડૂસકાં ભરતી હતી:

‘મમ્મી-પપ્પા માનતાં નથી.’

‘પણ સોમલ તો કહે છે કે...’ એણે ફોન ઉપર હાથ રાખીને હરીફાઈમાં હારી ગયેલા નાના બાળકની જેમ નિખિલની સામે જોયું:

‘એનાં મમ્મી-પપ્પા ના પાડે છે.’

‘કેમ હૅન્ડસમ! તું તો ગુડ ન્યૂઝ લઈને આવ્યો હતો.’ નિખિલે સામે ઊભેલા સોમલ સામે પ્રશ્નાર્થ સાથે જોયું.

‘વેલ...’ સોમલે ખભા ઉલાળ્યા:

‘મારી સાથે જે રીતે આરોહીનાં મમ્મી-ડૅડીએ વાત કરી એ પરથી તો લાગ્યું કે...’

ઉશ્કેરાયેલા અભિમન્યુએ ફોન પાછો કાન પાસે મૂક્યો. સામેથી આરોહીએ કહ્યું

‘એ લોકોએ સોમલની સામે કંઈ ન કહ્યું, પણ એના ગયા પછી ઘસીને ના પાડી દીધી.’

‘તો હવે?’

‘મારા નસીબમાં લગ્ન છે જ નહીં... મને પ્રેમ કરવાનો અધિકાર નથી. ઉપરવાળો ઇચ્છતો જ નથી કે હું લગ્ન કરીને સુખી થાઉં.’

‘આવું શું કામ બોલો છો? હું છું ને?’

‘તમે શું કરી લેવાના?’

‘હું?’

અભિમન્યુ સહેજ અચકાઈ ગયો, પણ હવે જ્યાં આ સવાલ પુછાયો હતો ત્યાં એણે જવાબ આપ્યા વિના ચાલે એમ નહોતું. એણે હિંમતથી કહી નાખ્યું:

‘હું તમારા માટે કંઈ પણ કરી શકું.’

બાપ-દીકરો સામસામે જોઈને મરક્યા. બંનેની આંખોમાં અભિમન્યુ માટે મૂરખ શબ્દ એકબીજાને વંચાયો.

‘એટલે?’

‘હું કાલે જ તમારી સાથે લગ્ન કરવા તૈયાર છું.’ એણે સહેજ અચકાઈને ઉમેર્યું:

‘જો તમે તૈયાર હો તો...’

‘કાલે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આરોહી એક ક્ષણ માટે અટકી. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવાનો અર્થ નથી. એણે વિચાર્યું

'ઓ.કે. તો બોલ, ક્યાં અને ક્યારે પહોંચું?'

હવે જવાબ અભિમન્યુને આપવાનો હતો.

એણે પહોળી આંખે નિખિલ સામે જોયું:

'એ તો હા પાડે છે!'

'બહુ સરસ.' નિખિલની રિવોલ્વિંગ ચેર ડાબેથી જમણે ફરવા લાગી:

'બોલાવી લે કાલે વરલીના શિવમંદિરમાં.'

'ના, ના... વરલીનું શિવમંદિર નહીં!' સોમલ અચાનક બોલી ઊઠ્યો.

નિખિલે નવાઈથી એની સામે જોયું:

'કેમ, ત્યાં શું વાંધો છે?'

'બસ એમ જ... ત્યાં નહીં. લક્ષ્મીનારાયણના મંદિરમાં લગ્ન કરો.'

આગળ બીજી કોઈ ચર્ચા કર્યા વિના એ નિખિલની ચેમ્બરમાંથી બહાર નીકળી ગયો. ત્યાં બેઠેલા બે જણાને સમજાયું નહીં કે વરલીના શિવમંદિરના ઉલ્લેખ સાથે જ સોમલ આટલો ગંભીર કેમ થઈ ગયો?

ચેમ્બરની બહાર નીકળીને સોમલ ફોયરની દીવાલ સાથે પીઠ ટેકવીને ઊભો રહી ગયો. એણે આંખો મીંચી દીધી. સેન્ટ્રલી એરકન્ડિશન્ડ ઓફિસમાં એના કપાળ પર પરસેવાનાં બુંદ ફૂટી નીકળ્યાં.

શિવમંદિરના ઉલ્લેખની સાથે જ કેસર સાથેની એ સાંજ એના આખા શરીરમાં વહેતા લોહી સાથે એની નસ નસમાં ફરી વળી. ચોતરફ જાણે મોગરા હોય એમ એ વખતે કેસરને કરેલા સ્પર્શની યાદ એને મહેકાવી રહી હતી. એણે પોતાના બંને હાથની મુઠ્ઠી વાળી ભીંત ઉપર મુક્કા માર્યા. એના દાંત ભીંસાઈ ગયા:

શીટ! પેલી ડેવિલ નેહા સાચું જ કહે છે, કેસરનો વિચાર હજુ મારા મગજમાંથી જતો નથી. નાનામાં નાની વાતનો ઉલ્લેખ પણ ગમે ત્યાંથી કેસર સાથેનો સેતુ જોડી આપે છે... શું કર્યું છે એ છોકરીએ, એની મને નથી ખબર, પણ મારી અંદરના માણસને એણે સમૂળગો બદલી નાખ્યો છે.

સોમલની બંધ આંખો સામે કેસરનો ચહેરો તરવરી રહ્યો:

એક વાર... બસ એક વાર એ છોકરીને મળવું છે. એની આંખમાં આંખ નાખીને પૂછવું છે એને કે મારા જેવા પરફેક્ટ હેન્ડસમ, સજ્જન અને સમજદાર પુરુષમાં એને શું ખૂટ્યું? કેમ સ્વીકાર્યો નહીં મને?

*

'ગાંડા કાઢ મા!'

ગુલાબસિંહ હીંચકે બેઠા હતા. અભિમન્યુ સામે ઊભો હતો:

'એમ ઉતાવળે આંબા નો પકવાય.'

'તમે આવશો કે નહીં એટલી જ વાત કરો મારી સાથે. મારે ભાષણ નથી સાંભળવું.'

'તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. પેલા નિખિલે તને રવાડે ચડાવી દીધો છે.'

'આરોહી સાથે પરણાવવા તો તમે પણ તૈયાર જ હતા. હવે હું કાલે પરણવા માગું છું એમાં તમને શું વાંધો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

છે?'

'વાંધો કાંઈ નથી... પરણીને લાવીશ પછી ખવડાવીશ શું? તિજોરીનું તળિયું આવી ગયું છે. તારો બાપ નહીં જડે તો આપણી ભેગી એય ભૂખે મરશે. જે કરવાનું છે એ છોડીને પૈણું પૈણું કરે છે.'

'જુઓ દાદાજી, મેં તો નક્કી કરી જ લીધું છે... તમે આવીને આશીર્વાદ આપશો તો મને ગમશે, નહીં તો જેવી તમારી ઇચ્છા.' અભિમન્યુ ત્યાંથી જવા માટે ઊંધો ફર્યો કે ગુલાબસિંહ ઊભા થઈ ગયા.

'અરે... સાવજ, મારા દીકરા! એ છોડી પૈણવા તૈયાર છે એટલું પૂરતું છે. કોઈ નાસી નથી જવાનું.'

'દાદાજી, હું કાલે લગ્ન કરવાનો છું. તેજપાલ હોલની બાજુમાં લક્ષ્મીનારાયણ મંદિરમાં મારાં લગ્ન છે.' એ ત્યાંથી નીકળી ગયો.

ગુલાબસિંહે મુઠ્ઠી વાળીને હથેળી પર પછાડી:

'હા, હું પણ એ જ ઇચ્છું છું, મારા વા'લા... દેવલો ઘરમાં દાખલ થાય ત્યારે એની છાતીનાં પાટિયાં બેસી જવાં જોઈએ.'

*

'હું મારી માને નથી કહેવાનો.'

અભિમન્યુ ફોન ઉપર આરોહી સાથે વાત કરી રહ્યો હતો:

'એ ક્યારેય હા નહીં પાડે. ઊલટાની રડી-કકળીને સોગંદ આપીને મને રોકવાનો પ્રયત્ન કરશે.'

'પણ પછી નહીં સ્વીકારે તો?'

'એની પાસે એવી કોઈ ચોઈસ જ નથી. હું પરણીને એક વાર ઘરે પહોંચીશ પછી એણે તને પોંખવાની જ છે...'

'મને તમારા કોન્ફિડન્સ પર માન થાય છે.'

'મનેય થાય છે!' અભિમન્યુ હસ્યો:

'અત્યાર સુધી મારામાં આવો આત્મવિશ્વાસ જ નહોતો. તને મળ્યા પછી...'

'તમે મને અત્યાર સુધી કેમ ના મળ્યા?' આરોહીનો અવાજ ભીનો થઈ ગયો:

'અભિ, મને તમારા જેવા માણસની જ જરૂર હતી જે મને સાચા હૃદયથી પ્રેમ કરે. મેં મારી જિંદગીના કેટલાં બધાં વર્ષો એક જુઠ્ઠા, નકામા માણસ માટે બગાડી નાખ્યાં.'

'સારું થયું!' અભિમન્યુએ કોણ જાણે કઈ બુદ્ધિથી કહી નાખ્યું:

'જો એને ન મળ્યાં હોત તો મારી કિંમત કઈ રીતે થાત?!'

'સાચા માણસ સુધી પહોંચતાં પહોંચતાં બધી જ લાગણીઓ ક્યારેક ખોટા માણસની પાછળ ખર્ચાઈ જતી હોય છે.'

'એક વાત કહું? માણસ ખોટો હતો કે સાચો એ ભૂલી જા. તારી લાગણી તો સાચી હતીને? તેં તો પૂરા હૃદયથી એને પ્રેમ કર્યોને? એ જ યાદ રાખ.'

'માન્યામાં નથી આવતું... આટલા સારા માણસ પણ હોય છે દુનિયામાં?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પ્રેમ થાયને પછી ભલભલા માણસ સારા બની જતા હોય છે.' અભિમન્યુએ ગળું ખોંખાર્યું. એનો અવાજ સહેજ કંપ્યોઃ

'મેં પ્રેમ કર્યો પછી જ મને સમજાયું છે કે પ્રેમમાં જ્યારે આપવા બેસો ત્યારે ગણતરી જ નથી રહેતી... સર્વસ્વ આપી દો તોય એમ થાય કે કશુંક આપવાનું બાકી રહી ગયું છે.'

એ આખી રાત બંને જણા ઊંઘી શક્યાં નહીં.

અભિમન્યુ માટે એની બાજુના ખાલી પલંગમાં આવતી કાલે આરોહી સૂતી હશે એ વિચારમાત્ર રોમાંચક હતો... તો આરોહી માટે પિતાનું ઘર છોડીને જવું એક રીતે ખૂબ પીડાદાયક હતું. જે માતાપિતાએ આટલા બધા પ્રેમ અને લાડકોડથી ઉછેરી એ માતાપિતાની મરજી વિરુદ્ધ ઘર છોડીને ચાલી જવું એને યોગ્ય નહોતું જ લાગતું. એને સતત એમ લાગ્યા કરતું હતું કે માતાપિતાને એના આ નિર્ણયથી ખૂબ જ દુઃખ થશે, પરંતુ હવે એનો અહંકાર અને એની ઉતાવળ બંને એને અભિમન્યુ તરફ ધકેલી રહ્યાં હતાં.

*

ઓમ 48 કલાકનું વચન આપીને ગયો એ પછી દેવરાજસિંહ વધારે બેચેન થઈ ગયા હતા. જેલમાં એમણે કેસર વિશે ઓમ પાસેથી જે કંઈ સાંભળ્યું એ પછી એમનું મન સતત એના વિચારોમાં હતું. ઓમે જે કંઈ કહ્યું એ જો સાચું હોય તો કેસરની હિંમત અને જિંદગી જીવવાની એની શક્તિ માટે એને સલામ કરવી. આટઆટલા સંઘર્ષો અને સમસ્યામાંથી પસાર થયા પછી પણ એ છોકરીએ પોતાના માટે જિંદગીનો અર્થ શોધી કાઢ્યો હતો એ વાત જાણીને દેવરાજસિંહ એક તરફથી મનોમન પોરસાતા હતા, તો બીજી તરફ કેસર જ્યારે ઘેર પાછી ફરશે ત્યારે એણે નિખિલથી શરૂ કરીને કેટલાય લોકો સાથે નવેસરથી યુદ્ધ કરવું પડશે એ વિચારમાત્ર એમને ધ્રુજાવી મૂકતો હતો.

વારંવાર આઘાતો અને છેતરપિંડી સહીં ચૂકેલા દેવરાજસિંહને હવે એમ પણ લાગતું હતું કે એક વાર કેસર નજર સામે આવે તો જ ઓમની વાત પર વિશ્વાસ કરી શકાય. ઓમ ખરેખર 48 કલાકમાં કેસરને પોતાની સામે લાવે તો જ હવે આગળનો કોઈ વિચાર થઈ શકે. બાકી, જિંદગી એક એવા ત્રિભેટે આવીને ઊભી થંભી ગઈ હતી કે કોઈ દિશા સૂઝતી નહોતી...

આ તરફથી ઓમ અને માજિદભાઈ પોતાની તરફથી આકાશપાતાળ એક કરીને કેસરને શોધી રહ્યા હતા. એના જૂના સરનામા ઉપર એણે કોઈ વિગત છોડી નહોતી, પરંતુ એણે જે ટેમ્પોમાં સામાન ભર્યો એ ટેમ્પોનો નંબર મળી ગયો હતો. ટેમ્પોવાળાનું નામ-સરનામું એસોસિયેશનમાંથી શોધીને માજીદનો માણસ એણે બતાવેલા સરનામે પહોંચી ગયો હતો.

વરસોવાની એક ગલીમાં ઢગલાબંધ નાની નાની સોસાયટીના મકાનોમાંથી એક મકાનના દરવાજે તાળું ઝૂલતું હતું. ટેમ્પોના ડ્રાઇવરે આપેલું સરનામું તો આ જ હતું. હવે આ જ કેસરનું ઘર હતું કે નહીં એની ખાતરી કરવા માટે રાત સુધી રાહ જોવી પડે એમ હતી...

બીજી બાજુ, દેવરાજસિંહ કેસર સુધી પહોંચે એ પહેલાં એમની પાસે બધી જ વિગતો હાથવગી હોય એવો પ્રયત્ન ઓમ કરી રહ્યો હતો. એમની ગેરહાજરીમાં ઓફિસમાં જે કંઈ થયું હતું તે બધું દેવરાજસિંહ જાણી લે એવી ઓમની ઇચ્છા હતી. એમના અકાઉન્ટ્સની રજેરજ વિગતો મેળવવા માટે એણે ઓફિસના જ એક માણસને ઊંચક્યો હતો. પછી એને અહીં પહોંચાડ્યો હતો.

પોતાની સામે ઊભેલા દેવરાજસિંહને જોઈને કિસન ડઘાઈ ગયોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અરે, તમે? હું તો ડરી ગયો હતો.’

માજિદના માણસો કિસનને રસ્તા પરથી ઉઠાવીને સીધા દેવરાજસિંહ સામે લઈ આવ્યા હતા. કિસનને કલ્પના પણ નહોતી કે એને દેવરાજસિંહને પાસે પહોંચાડવામાં આવશે. કિસનના પિતા દેવરાજસિંહને ત્યાં ડ્રાઇવરની નોકરી કરતા હતા. 42 વર્ષની નાની ઉંમરે હાર્ટએટેકથી એમનું મૃત્યુ થયું ત્યારે કિસન 14 વર્ષનો હતો. દેવરાજસિંહે એને ભણાવીને પોતાની જ ઓફિસમાં કામે લગાડ્યો હતો. કિસન એમનો સો ટકા વફાદાર માણસ હતો.

‘કિસન બેટા, હમણાં કોઈ જાણે નહીં કે હું જીવું છું.’ દેવરાજસિંહે સહેજ અચકાઈને કહ્યું:

‘ઘેર આવું એ પહેલાં મારે ઓફિસની વિગતો જોઈએ છે. અભિમન્યુ...’

કિસન થોડી વાર તો સાવ ચૂપ થઈ ગયો. એક વાર હાર્ટએટેકમાંથી પસાર થઈ ગયેલા આ પિતાતુલ્ય માણસને સત્ય કહેવું કે નહીં એ વિશે વિચારતો રહ્યો. પછી તૂટક તૂટક શબ્દોમાં અચકાતાં અચકાતાં કહેવા લાગ્યો.

‘સાહેબ, કાંઈ બોલવા જેવું નથી. ભાઈએ ચારેતરફ દેવાં કર્યા છે. તમે છૂટીને આવશો એટલે પૈસા ચૂકવી દેવાનાં વચનો આપીને બજારમાંથી પૈસા ઉઠાવ્યા છે. રોકડ કૅશ વારંવાર ઉપાડે છે. આપણા કૅશિયર હિસાબ માગે કે કંઈ કહેવા જાય તો અપમાન કરે છે. અરે, ક્યારેક તો આપણા મકનજીકાકાને તો મારવા દોડી ગયા હતા.’

એવું નહોતું કે આ બધું દેવરાજસિંહ પહેલી વાર સાંભળતા હતા. શ્રદ્ધાબહેન પાસેથી લગભગ આ જ પ્રકારની વાત એ સાંભળી ચૂક્યા હતા, તેમ છતાં આ આખીયે વાત સાંભળતાં એ ઉશ્કેરાઈ ગયા. કિસન જે મકનજીકાકાની વાત કરતો હતો એ દેવરાજસિંહના સસરાના સમયથી એમને ત્યાં કામ કરતા હતા. એમની ઉંમર એટલી બધી થઈ ગઈ હતી કે હવે એમનાથી ભાગ્યે જ કશું મહત્ત્વનું કામ સંભાળી શકાય એમ હતું, તેમ છતાં એમને રિટાયર્ડ કરવામાં નહોતા આવ્યા...

દેવરાજસિંહ પોતે પણ મકનજીકાકાનું માન રાખતા. કેટલીક વાર એમની સલાહો મહત્ત્વની નીવડી હતી. મકનજીકાકાને એમનો દીકરો મારવા દોડી ગયો એ સાંભળ્યા પછી દેવરાજસિંહનો ચહેરો રોષથી તમતમી ગયો.

‘સાહેબ, એક બીજી વાત કહેવી છે...’

એમણે કિસનની સામે જોયું:

‘હજી શું કહેવાનું બાકી છે?’

‘અભિમન્યુભાઈ તમારી કૅબિનમાં બેસે છે. દાદાજી અભિમન્યુભાઈની કૅબિનમાં...’ કિસને સહેજ અચકાતાં અચકાતાં કહી નાખ્યું:

‘દાદાજી પણ સ્ટાફ સાથે ગમે તેમ બોલે છે. ક્યારેક તો ગાળાગાળી પણ કરે છે...’

‘તું ચિંતા નહીં કર. હવે આ બહુ લાંબું નહીં ચાલે.’

‘સાહેબ, બધા તમારા પાછા ફરવાની રાહ જુએ છે. અભિમન્યુભાઈએ વાત ફેલાવી છે કે તમે જેલમાંથી વહેલા છૂટીને ભાગી ગયા છો... હવે પાછા નથી આવવાના!’

‘આવીશ... બેટા, હું જરૂર પાછો આવીશ.’

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 44

વરસોવાની એક ગલીની એક ઇમારતથી થોડે દૂર માજિદભાઈનો માણસ અસલમ પોતાની ગાડી પાર્ક કરીને બેઠો હતો. રાતના લગભગ સાડા અગિયાર વાગે રિક્ષા આવી. એમાંથી એક યુવાન ઊતર્યો. રિક્ષાવાળાને પૈસા ચૂકવી પેલો યુવાન મકાનની લિફ્ટમાં પ્રવેશી ગયો. લિફ્ટ ઉપર તરફ સરકી એટલે અસલમ લિફ્ટ પાસે આવીને ઊભો રહી ગયો.

એને મળેલી માહિતી મુજબ કેસર આ જ મકાનના ચોથે માળે રહેતી હતી. એકાદ કલાક પહેલાં એણે ચોથા માળે આવીને જોઈ લીધું હતું કે કેસરના ફ્લૅટ પર તાળું ઝૂલતું હતું. અસલમે લિફ્ટના ઇન્ડિકેટરમાં જોયું કે ચોથા ફ્લોર પર લિફ્ટ અટકી હતી. અસલમે લિફ્ટ નીચે બોલાવી અને એ ચોથા માળે પહોંચ્યો. એણે જોયું કે પેલા ફ્લૅટ પર હવે તાળું નહોતું. અંદરથી પ્રકાશ પણ બહાર રેલાતો હતો.

અસલમ વિચારમાં પડી ગયોઃ

આ ફ્લૅટ જો કેસરનો છે તો પેલો યુવાન કોણ?

અસલમે મોબાઇલ કાઢ્યો. બે વાર નંબર જોડીને કટ કર્યો.

'ક્યા હુઆ?' સામે છેડેથી ઓમ હતો.

'ઓમભાઈ, ફ્લૅટ તો ખૂલ્યો, પણ એમાં કોઈ યુવાન ગયો છે. પેલી છોકરીનો પત્તો નથી.'

'હમ્મ્...' ઓમે શાંતિથી એની વાત સાંભળી લીધી. પછી બે-ચાર ક્ષણ વિચાર કર્યોઃ

'એક કામ કર. બેલ મારીને અંદર ઘૂસી જા.'

'અંદર? કુછ ડેન્જર હુઆ તો?'

'કુછ નહીં હોગા. કહી દે કે તું કેસરને મળવા આવ્યો છે.'

'પૂછે કે કોણ છો તો?'

'કહેજે કે એની ઓફિસથી આવ્યો છું. ચેક આપવાનો છે.'

'મેરે પાસ ચેક નહીં હૈ...'

એ હસવા લાગ્યોઃ 'કહેજે કે એને જ આપવાનો છે. કેસર ક્યારે આવશે?'

'ઠીક હૈ...' અસલમે ફોન કટ કર્યો. 44 નંબરના ફ્લૅટની બેલ વગાડી.

એક યુવાને દરવાજો ખોલ્યો. સુંદર દેખાતો એ યુવાન શોર્ટ્સમાં હતો. એના હાથમાં કોકનું ટિન અને થોડા પૈસા હતા.

એ કદાચ કોઈ ડિલિવરી બોયની રાહ જોતો હતો. એને બદલે અસલમને જોઈને એને સહેજ નવાઈ લાગી. એણે ભવાં ઉલાળીને પૂછ્યુંઃ

'ક્યા હૈ?'

'કેસર મૅડમ...'

'કોણ છો?' પેલાના ચહેરા પર એક સાવધ ચિત્તા જેવા ભાવ ફરી વળ્યા.

'હું... હું એમની ઓફિસમાંથી આવું છું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કઈ ઓફિસમાંથી?’

‘એ... એ જ્યાં કામ કરે છે ત્યાંથી.’

અસલમે આ સવાલની અપેક્ષા નહોતી રાખી. એને ક્યાં ખબર હતી કે કેસર ક્યાં કામ કરે છે.

‘હું એ જ પૂછું છું કે કેસર ક્યાં કામ કરે છે?’ ગભરાયેલા અસલમના ચહેરા પર પરસેવો વળી ગયો.

‘તમે ક્યાંથી આવો છો? તમને તો ખબર જ હશેને?’

‘હેં?!’ હવે અસલમને ખબર નહોતી કે એણે શું જવાબ આપવાનો હતો, એણે ફરી ઓમને ફોન લગાડ્યો.

‘શું છે?’ ઓમે છાછિયું કર્યું. માંડ આંખ મળી હતી ત્યાં વળી મોબાઈલ...

‘આ પૂછે છે કે કેસર ક્યાં કામ કરે છે?’

‘સામે કોણ છે ફોન પર?’ યુવાને ફરી સવાલ પૂછ્યો. અસલમ ગેંગેફેંફે થઈ ગયો.

‘એ... એ... એ મારો ફ્રેન્ડ છે. એણે ચેક મોકલ્યો છે.’

‘શેનો ચેક?’

‘કેસર મૅડમને આપવાનો છે.’

પેલાએ હાથ લંબાવ્યો. અસલમ અચકાઈ ગયો:

‘ના... ના... ચેક તો કેસર મૅડમને જ આપવાનો છે. એ ક્યારે આવશે?’

‘એ તો બહારગામ ગયાં છે. બે-ચાર દિવસ રહીને આવશે.’ પેલા યુવાને સહેજ સ્મિત સાથે કહ્યું.

‘તો પછી... હું પછીથી આવી જઈશ. એમનો મોબાઇલ નંબર...’

સામે ઊભેલો ફૂટડો યુવાન અચાનક હસી પડ્યો. એના મોતી જેવા એકસરખા દાંત એના ચહેરાને વધુ આકર્ષક બનાવતા હતા:

‘લુક, અહીં કોઈ કેસર રહેતી નથી. અહીં તો હું રહું છું.’ એણે ભારપૂર્વક કહ્યું:

‘એકલો...’

‘મિસ્ટેક થઈ ગઈ.’

અસલમે ડોકું ધુણાવ્યું. એ ઊંધો ફરીને નીચે જવા લાગ્યો કે તરત પાછળ પેલાએ સહેજ રમતિયાળ સ્વરે બૂમ પાડી:

‘બોસ, અડધી રાતે ફરી આવી રીતે કોઈનો બેલ ના મારતા... સારું છે કે અહીં મારી ગર્લફ્રેન્ડ નથી. એ હોત તો પ્રોબ્લેમ થઈ જાત... કેસર કોણ છે એનો જવાબ આપતાં આપતાં સવાર પડી જાત મારી!’

એના ખડખડાટ હાસ્ય સાથે દરવાજો બંધ થયો. અસલમ સડસડાટ નીચે ઊતરી ગયો. એને પણ નવાઈ લાગી કે ટેમ્પોવાળાએ તો આ જ ઇમારત–આ જ ફ્લેટ દેખાડ્યો હતો, પણ અહીં કેસરને બદલે આ છોકરો શું કરતો હતો?

આ તરફ અસલમનો ફોન મૂકીને ઓમ ક્યાંય સુધી જાગતો પડી રહ્યો. એનું મગજ ગણતરીઓ કરી રહ્યું હતું. કેસરને શોધીને દેવરાજસિંહની સામે ઊભી રાખવી હોય તો હવે પોતે જ આ જવાબદારી માથે લેવી પડશે...

આવતી કાલે સવારે અહીંથી મેડિકલ વૅન નીકળે ત્યારે એની સાથે પોતે સરકારી હૉસ્પિટલ પહોંચી જવું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પડે... ત્યાંથી કેસરને શોધીને સાંજ પહેલાં દેવરાજસિંહની સામે હાજર કરવી પડશે... આવતી કાલે સાંજે એના 48 કલાકનો સમય પૂરો થતો હતો. જો કેસર ન જડે તો દેવરાજસિંહને એમના ઘેર એકલા મોકલવા પડે, દેવરાજસિંહ એકલા ઘેર જાય તો પેલા બે એને ફાડી ખાશે એ તો નક્કી જ હતું.

મનોમન બધી જ ગોઠવણ કરીને ઓમ શાંતિથી નિદ્રામાં સરી ગયો.

*

'હું મારી ફ્રેન્ડનાં લગ્નમાં જાઉં છું.'

આરોહી તૈયાર થઈને નીકળી ત્યારે એના પગ ધ્રૂજતા હતા.

તૈયાર થતાં પહેલાં એણે આ ઘરની એક એક વસ્તુને સ્પર્શી લીધી હતી. પોતાની બાળપણની યાદોને, માતાપિતાના સ્નેહને અને પોતે અહીં જીવેલી ક્ષણોને જાણે પોતાની સાથે લઈ જવા માગતી હતી. એની નાનકડી બૅગમાં એણે પોતાનું સૌથી વહાલું ટેડીબેર અને ફક્ત બે જીન્સ અને શર્ટ લીધાં હતાં.

સોમલ સાથેના એન્ગેજમેન્ટના દિવસે પહેરેલાં ચણિયાચોળીમાં એ સજ્જ થઈને બહાર આવી તો એનાં મમ્મીને નવાઈ લાગી:

'આ પહેરીને જાય છે?'

'હા... કેમ?'

'એમ જ... કોણ જાણે કેમ પણ મને આ જોતાંની સાથે જ... એ લોકો અને તારા એન્ગેજમેન્ટની કડવાશ યાદ આવે છે.'

'મોમ...!'

આરોહીએ આવીને મમ્મીને બંને હાથે લપેટી લીધી:

'કેટલીક વાર કોઈ કડવી દવા આપણને સાજા કરવા માટે પણ કામ લાગતી હોય છે.'

'એટલે?'

'મોમ, એની સાથેના એન્ગેજમેન્ટ તૂટી ગયા એ સારું જ થયું.'

'આ તું બોલે છે? છેક હમણાં સુધી તો રડી રડીને અડધી થઈ જતી હતી તું.'

'જાણું છું, મોમ, પણ હવે મને લાગે છે કે ઇટ ઇઝ ઓ.કે.' આરોહીના ચહેરા પર થોડા વિષાદની સાથે આનંદ દેખાતો હતો.

'બેટા, તને ખુશ જોઉં છું તો મને એટલું સારું લાગે છે... બહુ ચિંતા થતી હતી તારી... મને તો એમ કે આ એન્ગેજમેન્ટ પછી તું કોઈનો વિચાર પણ નહીં કરે. સોમલ જર્મની ગયો એ વખતે જેમ તેં બધું જ છોડી દીધું હતું એમ...'

'ત્યારે હું નાની હતી મોમ, અને બેવકૂફ પણ હતી!' આરોહી હસી:

'હવે હું સ્માર્ટ થઈ ગઈ છું અને મૅચ્યોર પણ. મારા નિર્ણયો જાતે કરી શકું છું.'

'બેટા, એવો કોઈ નિર્ણય નહીં કરતી, જેનાથી અમારે નીચું જોવું પડે અને તું દુઃખી થાય...' મમ્મીએ આરોહીના માથે હાથ ફેરવીને પોતાના મનની વાત કહી નાખી:

'તારા પપ્પા તને કુંવારી મરવા દેશે, પણ શ્રોફે બતાવેલા છોકરા સાથે તો તારાં લગ્ન નહીં જ થવા દે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'જાણું છું, મોમ.' આરોહીએ માના ખભે માથું મૂકી દીધું. એની આંખોમાં સહેજ ભીની થઈ ગઈ.

એટલે જ આ ઘર છોડીને જઈ રહી છું. એણે મનોમન કહ્યું અને માના ગાલ પર ચૂમી ભરી લીધીઃ

'આઈ લવ યુ, મોમ.'

આરોહીનો અવાજ સહેજ ધ્રૂજ્યો. એની મમ્મીએ જોયું તો આરોહીની આંખોમાં આંસુ હતાં. એણે આરોહીનાં આંસુ લૂછી નાખ્યાંઃ

'ચિંતા ના કર. એ કંઈ દુનિયાનો છેલ્લો સારો છોકરો નહીં જ હોય. અમે તારા માટે બહુ જ સરસ છોકરો શોધી કાઢીશું. શ્રોફને પણ ઈર્ષ્યા આવે એવો...'

આરોહી કંઈ બોલ્યા વિના થોડીક ક્ષણ માના ખભે માથું મૂકી રાખ્યું પછી આંસુ લૂછીને પોતાની નાનકડી બેંગ લઈ નીકળીઃ

'જય શ્રીકૃષ્ણ, મોમ...'

'જય શ્રીકૃષ્ણ, બેટા.'

આરોહીએ ઘરનો ઉંબરો એવી રીતે ઓળંગ્યો, જાણે કોઈ પહાડ ઓળંગતી હોય.

ગાડીમાં બેસીને એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. ઘર છોડીને સાસરે જતી છોકરી કેમ રડતી હશે એ આરોહીને આ ક્ષણે પહેલી વાર સમજાયું. જેના વિશ્વાસે પોતાનું ઘર છોડીને જઈ રહી હતી એ માણસ સાથે જિંદગી કેવી જશે એનો વિચારમાત્ર એની અંદર એક ધ્રુજારી પેદા કરતો હતો... અભિમન્યુ સાથેનો આ સંબંધ ખૂબ ટૂંકા ગાળામાં લેવાયેલો નિર્ણય હતોઃ

નિખિલ અને સોમલની કોઈ ચાલ તો નહીં હોય ને આમાં?! એનું મન ગૂંચવાતું હતું.

આરોહીને એક વાર વિચાર આવ્યો કે અભિમન્યુને ફોન કરીને ના પાડી દે... પણ, ફરી એક વાર એના અહંકારે એને ધક્કો માર્યો. એણે ઇગ્નિશિયન કી ફેરવીને ગાડી સ્ટાર્ટ કરી દીધી.

લક્ષ્મીનારાયણ મંદિર પહોંચી ત્યારે એની આંખો પહોળી થઈ ગઈ. સોમલ, નેહા, અભિમન્યુ, અભિમન્યુના દાદાજી અને નિખિલ શ્રોફ પણ એની રાહ જોતા હતા.

લગ્નની બધી તૈયારી થઈ ચૂકી હતી. આટલા બધાં લોકો અહીં હશે એવી આરોહીને કલ્પના નહોતી. એના પગ ફરી એક વાર ધ્રૂજવા લાગ્યા. આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. ગળે ડૂમો બાઝ્યો.

એને લેવા માટે ગાડી સુધી આવેલા અભિમન્યુને ધીમેથી પૂછ્યુંઃ

'આ બધાં... અહીંયા શું કરે છે?'

'આપણાં લગ્નમાં આવ્યા છે.'

'તું સમજતો નથી... મને ઓડ ફીલ થાય છે સોમલની હાજરીથી.'

'એ બિચારો તો તારું ભલું ઇચ્છે છે.'

આરોહી એકીટશે અભિમન્યુના ચહેરા સામે જોઈ રહીઃ

સોમલ સાથે એનો જે કંઈ સંબંધ હતા એની અભિમન્યુને ક્યારેય ખબર ના પડે તો સારું... પોતે એને છેતરી તો નથી રહીને... એવો વિચાર આરોહીને છેક ભીતર સુધી હચમચાવી ગયો. એણે અભિમન્યુનો હાથ પકડી લીધાઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અભિ, તું મને ક્યારેય તરછોડીશ નહીંને? હું મારું બધું જ છોડીને આવી છું, ફક્ત તારા ભરોસે.’

‘હું પણ મારું બધું છોડીને આવ્યો છું, ફક્ત તારા ભરોસે...’

‘આ સોમલ અને નિખિલ પર મને જરાય ભરોસો નથી. આજે કંઈક કહે છે, કાલે કદાચ કંઈ બીજું કહે તો... તું મારી સાથે રહેશેને?’

‘હું તને ત્યારથી ચાહું છું, જ્યારે મેં તને પહેલી વાર નિખિલ શ્રોફની ઓફિસમાં જોઈ... ત્યારે તારાં લગ્ન સોમલની સાથે થવાનાં હતાં, એટલે મારે...’

અભિમન્યુએ બંને હાથે આરોહીનો ચહેરો પકડીને એની આંખોમાં આંખો પરોવી:

‘તું મારું સપનું છે, આરોહી... મારી જિંદગીમાં પહેલી વાર મેં જે માગ્યું તે મને મળ્યું છે. ઈશ્વરે મોકલેલી ભેટ છે તું.’

‘તને કોઈ કંઈ પણ કહે... તું ફક્ત મારો વિશ્વાસ કરજે.’

‘હું તારા સોગંદ ખાઈને કહું છું કે હું કોઈની વાત નહીં સાંભળું, ફક્ત તારો વિશ્વાસ કરીશ.’

અભિમન્યુએ પોતાના હાથમાં પકડેલા આરોહીના હાથને મજબૂતીથી દબાવ્યો.

હાથમાં હાથ નાખીને બંને લક્ષ્મીનારાયણ મંદિરનાં પગથિયાં ચડવા લાગ્યાં. બંને જ્યારે મંદિરમાં પહોંચ્યાં ત્યારે સોમલ સામે જોઈને આરોહીએ સ્મિત કર્યું:

‘થેન્ક યુ.’

‘વેલ...’ સોમલે ખભા ઊંચક્યા:

‘તું મારી સ્કૂલની મિત્ર છે. પતિ-પત્ની બનીને એકબીજાનું લોહી પીએ એને બદલે સમયસર છૂટાં પડીને એકબીજા પ્રત્યેનું સન્માન સાચવીએ એના જેવું બીજું ઉત્તમ શું?!’

થોડીક વારમાં લગ્નની વિધિ શરૂ થઈ. આરોહી અને અભિમન્યુ એકબીજાનાં પતિ-પત્ની બનીને ઊભાં થયાં પછી આરોહી આગળ વધીને ગુલાબસિંહને પગે લાગી. એમણે આરોહીના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા:

‘સુખી થાવ. અખંડ સૌભાગ્યવતી રહો.’

નિખિલ અને સોમલે પણ શુભેચ્છા આપી.

નેહા એની નજીક આવી:

‘તારા મનમાં જે કંઈ કડવાશ હોય તે કાઢી નાખજે. તું નવી જિંદગી શરૂ કરે છે. કોરા કાગળ પર નવેસરથી લખજે.’

‘કોઈ કડવાશ નથી.’ આરોહીના અવાજમાં સચ્ચાઈ રણકતી હતી:

‘મેં તમને આટલાં નજીક જોયાં એટલે થોડો સમય માટે કદાચ આડુંઅવળું ધારી લીધું.’

‘સોમલ તો દોસ્ત છે મારો... બેસ્ટ ફ્રેન્ડ.’ નેહાના ચહેરા પર એક ચમક હતી:

‘એનામાં મારો પ્રેમી બનવાના કોઈ ગુણો નથી, આરોહી. એ તો એની જાતને પ્રેમ કરે છે... બીજા કોઈને ચાહી શકવાની જગ્યા જ નથી એની પાસે.’ આટલું કહી નેહા સહેજ નજીક સરકી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અભિમન્યુ પાગલ છે તારી પાછળ... નસીબદાર છે તું. આ સોમલ ક્યારેય આટલો પ્રેમ ના કરત તને!’

‘મારે એવો જ પતિ જોઈતો હતો, જે મને પાગલની જેમ ચાહે.’

‘દરેક સ્ત્રીને કદાચ એટલું જ જોઈતું હોય છે કે કોઈ એને પોતાના સમગ્ર અસ્તિત્વથી ચાહે. મોટા ભાગની સ્ત્રી એક રાજકુમારને શોધતી હોય છે. પોતે બાળપણમાં વાર્તા સાંભળતી વખતે બંધ આંખે જોયો હતો એવો રાજકુમાર...’

‘મને તો મળી ગયો.’ નેહાને કોણી મારતાં એણે પૂછ્યું:

‘તું ક્યારે શોધીશ?’

‘હું?’ નેહા ક્ષણેક ચૂપ રહી પછી આરોહીના ચહેરા પર નજર સ્થિર કરી:

‘મારાં સપનાં પૂરાં જીતી શકે એવો રાજકુમાર જન્મ્યો જ નહીં હોય કદાચ.’

‘કુંવારી રહી જઈશ.’

‘લગ્ન ન કરું એવું બને... પણ કુંવારી નહીં મરું!’

બંને ખડખડાટ હસી પડ્યાં.

*

કેદીઓને લઈને જેલમાંથી નીકળેલી મેડિકલ વૅનમાં ઓમ હૉસ્પિટલ સુધી પહોંચી ગયો. એનું સર્ટિફિકેટ તૈયાર હતું. ઓમને બે દિવસ હૉસ્પિટલમાં રહેવું પડે એવું ફૂડ પોઇઝનિંગ થયું હોવાનું સર્ટિફિકેટ ફાઇલ થઈ ગયું. એ લઈને ઓમ દર્દીઓના વૉર્ડ તરફ આગળ વધી ગયો. વૉર્ડમાં દાખલ થતાં પહેલાં એણે સર્ટિફિકેટ પોતાની સાથેના કૉન્સ્ટેબલના હાથમાં આપ્યું:

‘શેવડેભાઉ, મી યેતે.’

‘કાલ સંધ્યાકાળી પર્યંત પરત યા હો. મલા કિટકિટ નકો.’

શેવડેએ ચોખ્ખું જ કહી દીધું. એનો ખભો થપથપાવીને ઓમ હૉસ્પિટલના પાછલા દરવાજેથી બહાર નીકળી ગયો. બહાર ગાડીમાં અસલમ એની રાહ જોઈ બેઠો હતો. ગાડીમાં ઓમ માટે એક જીન્સ અને ટીશર્ટ તૈયાર હતાં. એણે કપડાં બદલ્યાં, નજીકમાં એક સૅન્ડવિચવાળો હતો, સૅન્ડવિચ ખરીદીને એણે ગાડીમાં જ પેટપૂજા કરી લીધી. અસલમ એને વરસોવાના એ મકાન સુધી લઈ ગયો.

ઓમ ગાડીમાંથી ઊતરીને મકાનને જોતો રહ્યો. પછી ચોથા માળે જઈને 44 નંબરના ફ્લેટની સામે ઊભો રહ્યો. એમની સાથે આવેલા એક બીજા છોકરાએ પોતાની પાસેની નાનકડી નેઇલ ફાઇલર જેવી વસ્તુથી પહેલાં તાળું અને પછી દરવાજાનું લૅચ ખોલી નાખ્યું.

અંદર દાખલ થઈને ઓમ એક એક ચીજ ધ્યાનથી તપાસવા લાગ્યો. ઘર એકદમ વ્યવસ્થિત ગોઠવાયેલું હતું. ચોખ્ખું કિચન, ચા પીધેલો મગ પણ ધોઈને ઊંધો પાડ્યો હતો. વાસણો એકદમ વ્યવસ્થિત ગોઠવાયેલાં હતાં. રેફ્રિજરેટર ચોખ્ખું અને અંદરની વસ્તુઓ પ્લાસ્ટિકના બાયોફ્રેશ ડબામાં ઢાંકીને વ્યવસ્થિત મુકાયેલી હતી.

સમારેલી મેથી, કોથમીર અને બીજી વસ્તુઓ પણ એવી રીતે મુકાયેલી હતી કે આ ઘરમાં રોજ રસોઈ બનતી હોવાની ખાતરી થઈ જાય. ચકચકિત ગોઠવાયેલા ડબાઓની અંદર કઠોળ, લોટ અને બીજી વસ્તુઓ એકદમ ચોખ્ખી હતી. બેડરૂમની ચાદર એકદમ ખેંચેલી અને ચોખ્ખી હતી. કપડાંનું વૉર્ડરોબ લોક હતું, પણ ધોવા નાખેલું જીન્સ અને શર્ટ એક લૉન્ડ્રી બૅગમાં પડ્યા હતા. ટેબલ પર મુકાયેલાં ઇસ્ત્રીવાળાં કપડાં કોઈ પુરુષનાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતાં.

ઓમ એ ફ્લેટમાં ચારે તરફ ફરી રહ્યો હતો, પણ ઘરમાં જે પ્રકારની વ્યવસ્થા હતી એ જોતાં એને લાગતું હતું કે આ ઘરમાં કોઈ છોકરો એકલો રહેતો હોય એવું શક્ય નહોતું.

'હવે તો સાંજની જ રાહ જોવી પડશે. તમે જાવ, બહારથી તાળું મારી દો.'

ઓમ આરામથી સોફામાં પગ લંબાવીને બેઠો પછી રિમોટથી ટીવી ઓન કર્યું.

*

દરવાજામાં ઊભેલાં પુત્ર અને પુત્રવધૂને જોઈને શ્રદ્ધાબહેન ડઘાઈ ગયાં હતાં. એ જાણતાં હતાં કે અભિમન્યુ ખોટી દિશામાં અને ખોટા રસ્તા પર છે, પરંતુ આવી રીતે એ આરોહીને પરણીને ઘેર લઈ આવશે એવી એમને સ્વપ્ને ય કલ્પના નહોતી. એટલું ઓછું હોય એમ ગુલાબસિંહ એમની સાથે ઊભા હતા. એનો અર્થ એ હતો કે આ બધું ગુલાબસિંહની મરજીથી અને એમના દોરવ્યા પ્રમાણે થયું હતું.

એક તો જેલમાંથી નીકળ્યા પછી દેવરાજસિંહના કોઈ સમાચાર નહોતા એ વાતે શ્રદ્ધાબહેન અત્યંત ચિંતિત હતાં. પિતાને શોધવાનો પ્રયત્ન કરવાને બદલે અભિમન્યુ આ રીતે લગ્ન કરીને એની સગી બહેનના પતિની વાગ્દત્તાને લઈ આવ્યો એનાથી શ્રદ્ધાબહેન હચમચી ઊઠ્યાં હતાં.

'આ તેં શું કર્યું, બેટા? કેસરના પતિ સાથે જેનાં લગ્ન થવાનાં હતાં એ છોકરીને...'

'કેસર આ દુનિયામાં નથી... સોમલ વિધુર છે. આરોહી સાથેના વિવાહ સોમલે તોડ્યા છે. આ છોકરી તો બિચારી છે... નિર્દોષ છે.'

'તું સમજતો નથી, બેટા. લોકો જાણે તો...'

'હું જેને પ્રેમ કરું છું એની સાથે મેં લગ્ન કર્યાં છે. મને લોકોની પડી નથી.'

'તારા બાપુ આવશે તો તમને બંનેને આ ઘરમાં રહેવું ભારે પડી જશે.'

'દેવલો હવે ક્યારેય પાછો નહીં આવે, વહુ. ભલાઈ એમાં જ છે કે તમે દીકરાના સુખમાં સુખ જોતાં થઈ જાવ.'

ગુલાબસિંહે આટલું કહેતાં કહેતાં નવયુગલ અભિમન્યુ અને આરોહીને ઘરમાં દાખલ થવાનો ઇશારો કરી દીધો. આરોહી અને અભિમન્યુ ઘરમાં દાખલ થઈ ગયાં, પરંતુ શ્રદ્ધાબહેન હજીય દરવાજા પાસે જ ઊભાં હતાં.

પુત્રવધૂને ફૂલોની વર્ષા સાથે સોનાની થાળીથી પોંખીને લાવવાનું એમનું સ્વપ્ન રોળાઈ ગયું હતું. અભિમન્યુ પોતાના રૂમમાં જવા માટે પગથિયાં ચડવા લાગ્યો ત્યારે શ્રદ્ધાબહેને પોતાનાથી બોલી શકાય એટલા ઊંચા અવાજે કહ્યું:

'હું આ નહીં સ્વીકારું, અભિમન્યુ.'

'મેં ક્યાં તને પૂછ્યું છે? આરોહી મારી પત્ની છે અને આ ઘરની વહુ. તને ફાવે તો સારું અને ન ફાવે તો તું જઈ શકે છે.'

'હું? ક્યાં જાઉં?' શ્રદ્ધાબહેનની આંખો ભરાઈ આવી:

'હજી તો વહુને ઘરમાં લઈને દાખલ થાય છે ત્યાં જ માને બહાર કાઢવાની વાત કરે છે?'

'મેં તને જવાનું નથી કહ્યું... પણ અહીં રહેવું હોય તો આરોહીને સ્વીકારવી પડશે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્રદ્ધાબહેન થોડી ક્ષણ બંનેની સામે જોઈ રહ્યાં. એમની આંખોમાંથી આંસુ સરસર સરકી રહ્યાં હતાં, પરંતુ ચહેરો ધીમેધીમે દૃઢ થતો જતો હતો. અચાનક એક નિર્ણય કર્યો હોય એ રીતે એમણે કહી નાખ્યું

'એ ન ભૂલતો કે આ મારું ઘર છે. કોને રાખવા અને કોને કાઢી મૂકવા એ હું નક્કી કરીશ.'

અચાનક જ શ્રદ્ધાબહેનમાં આવેલું આ પરિવર્તન જોઈને દાદા અને પૌત્ર બંનેને નવાઈ લાગી.

'આરોહી અહીંયાં નહીં રહી શકે.'

'એ અહીં જ રહેશે.' અભિમન્યુએ સજીધજીને ઊભેલી આરોહીનો હાથ પકડીને પગથિયાં ચડવા માંડ્યાં.

'હું જોઉં છું, અમને અહીંથી કોણ કાઢે છે...'

શ્રદ્ધાબહેન બેબાકળાં થઈને લંગડાતાં લંગડાતાં અભિમન્યુ તરફ ધસી ગયાં. એમણે અભિમન્યુનો હાથ પકડ્યો. અભિમન્યુએ ધાર્યું નહોતું એટલું અમાનુષી બળ વાપરીને એમણે અભિમન્યુને સીડી પરથી નીચે ખેંચી કાઢ્યો:

'ગેટ આઉટ!'

અભિમન્યુએ ઝટકો મારીને પોતાનો હાથ છોડાવ્યો:

'મા, મને મજબૂર નહીં કર. હું તને કોઈ નુકસાન પહોંચાડવા નથી માગતો.'

'શું કરી લઈશ તું? મારીશ મને?'

'સાવજ વહુને લઈને હજી તો ઘેર આવ્યો છે... મુહૂર્તમાં જ માને કડવા શબ્દો કહેવા પડે એવી સ્થિતિ શું કામ ઊભી કરો છો, વહુ બેટા? શાંતિથી રહો ને વહુ-દીકરાનેય રહેવા દો...' ગુલાબસિંહે પલીતો ચાંપ્યો:

'આમેય હવે વિધવા થઈને જીવવાનું હોય ત્યારે દીકરા જોડે બગાડવાની કમત નહીં કરતાં.'

'હું વિધવા નથી!' શ્રદ્ધાબહેનનો અવાજ ફાટી ગયો.

'બૂમો પાડવાથી સધવા નહીં થઈ જવાય. દેવલો જીવતો હોત તો ક્યારનોય ઘરે આવી ગયો હોત, પણ એય પહોંચી ગયો છે કેસર પાસે. નિખિલ શ્રોફે બેયનો ઘડોલાડવો કરી નાખ્યો છે એની મને ખાતરી છે. હવે વાસ્તવિકતા સ્વીકારી લો તો સારું.'

શ્રદ્ધાબહેન ધ્રૂસકે ધ્રૂસકે રડતાં ત્યાં જ ફસડાઈ ગયાં. છાતીફાટ રડતી માને છોડીને અભિમન્યુ પોતાની નવવધૂનો હાથ પકડી સીડીનાં પગથિયાં ચડી ગયો.

'કારણ વગરનું વેર ઊભું કર્યું, વહુ તમે! જ્યારે ખબર જ હોય કે આપણી પાસે છૂટકો નથી ત્યારે પરિસ્થિતિને મૂંગા મોઢે સ્વીકારી લેવી એમાં જ ડહાપણ છે, પણ તમે... કુહાડી પગ પર ન પડી તો જઈને પગ કુહાડીમાં ઠોકી દીધો.'

*

લગભગ આઠેક વાગ્યે દરવાજો બહારથી ખૂલ્યો. દરવાજો ખૂલતાં જ અંદર બેઠેલા ઓમને જોઈને દાખલ થનારે કોઈ પ્રતિભાવ ન આપ્યો. જાણે કોઈ બેઠું જ ન હોય એમ દાખલ થયેલી વ્યક્તિ અંદર કિચનમાં જતી રહી.

'હું તને લેવા આવ્યો છું.'

ઓપન કિચનના પ્લેટફોર્મ પાસે જઈને ઓમ ઊભો રહ્યો.

'મારે નથી મળવું એમને.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એ તને મળવા તરફડે છે.’

‘કારણ કે હવે એમના દીકરાનો સાચો ચહેરો ખૂલી ગયો એટલે? એ હજી પણ એમના દીકરાના થઈ જશે.’

‘ના, હવે એવું નહીં થાય.’

‘એમને પૂરી વાતની ખબર નથી. એક વાર સત્ય જાણશે પછી કદાચ મને નહીં સ્વીકારે.’

‘ના, એવું નથી... તું એક વાર એમને મળી લે. એક વાર ઘેર ચાલ.’

‘કયા મોઢે ઘેર આવું?’ એમણે જ કહ્યું હતું હવેથી અમારા ઘરના દરવાજા તારા માટે હંમેશને માટે બંધ થઈ ગયા છે.’

‘એમણે જેલ છોડી એની આગલી રાત્રે મેં એમને બરાબર સમજાવ્યા છે... તને શોધવાનો અમે ખૂબ પ્રયત્ન કર્યો, પણ ઘર બદલતાં પહેલાં તે અમને કશું કહ્યું પણ નહીં.’

‘હવે એ બધું નકામું છે. મારે બધું છોડી જ દેવું જોઈએ. એક નવા નામ સાથે નવી શરૂઆત... નવી જિંદગી. મારે બધાંને ભૂલી જવાં છે.’

‘પણ એ લોકો તને નથી ભૂલ્યાં... ઘેર ચાલ. સૌને તારી જરૂર છે. ખાસ કરીને તારાં માતાપિતાને. તારી ખાસ જરૂર છે... કેસર!’

‘બાપુ સાચે જ મને મળવા માગે છે?’

યુવાનનાં વસ્ત્રોમાં સજ્જ કેસરે દૃઢ સ્વરમાં જાણે ફરી ખાતરી કરી.

‘એ અઠવાડિયાથી તારી રાહ જુએ છે, કેસર. જેલમાંથી છૂટીને હજી ઘેર નથી ગયા. તારી માને નથી મળ્યા આઠ દિવસથી.’ ઓમે ઊંડો નિઃશ્વાસ નાખ્યોઃ

‘ફક્ત તને મળવા માટે થઈને...’

‘ફક્ત મારા માટે?’

‘હા, કેસર હા... હું તને કેવી રીતે સમજાવું?’

થોડીક ક્ષણો બંને એકબીજા સામે તાકી રહ્યાં.

ઓમે ઊંડો શ્વાસ લઈને વાતનો દોર સાંધ્યોઃ

‘દેવરાજસિંહ નખાઈ ગયા છે. ઉંમર, બીમારી અને એક પછી એક થયેલા કડવા અનુભવોએ એમને તોડી નાખ્યા છે, કેસર... તારા પિતાનું અસ્તિત્વ સાવ વેરવિખેર થઈ ગયું છે એટલે જ હું તને લેવા આવ્યો છું અને લીધા વિના નહીં જાઉં.’

કેસરની આંખો સહેજ ભીની થઈઃ

‘એ મને સ્વીકારશે એવી તમને ખાતરી છે ને?’

‘હું તને વચન આપું છું, કેસર.’

એ પછી ગણતરીની મિનિટોમાં જ ઓમ અને કેસરને લઈને અસલમની ગાડી સડસડાટ અંધેરીનો બ્રિજ ઊતરીને અંધેરી ઈસ્ટના ટ્રાફિકમાં ખોવાઈ ગઈ...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# પૂર્ણ-અપૂર્ણ
# (ઉત્તરાર્ધ)




https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 45

હું તને વચન આપું છું, કેસર...

બાપુ પોતાને સ્વીકારી લેશે કે નહીં એવી આશંકા કેસરે વ્યક્ત કરી પછી ઓમે એને આવી ખાતરી આપી હતી.

ઓમ તરફથી ખાતરી મળતાં જ કેસરે પોતાના બાપુજીને મળવાની તૈયારી બતાવી અને એની પછીની ગણતરીની થોડી જ મિનિટોમાં કેસરને લઈને ઓમ દેવરાજસિંહને મળવા નીકળી ગયો.

અંધેરી ઈસ્ટના ટ્રાફિકમાં એમની કાર ધીમી ગતિએ આગળ વધતી હતી ત્યારે કેસર બારીની બહારનાં દૃશ્યો જોતી ચૂપચાપ બેઠી રહી.

થોડીક મિનિટો બાદ ચુપકીદી તોડતાં ઓમ બોલી ઊઠ્યો:

'જો, કેસર... એ તારા પિતા છે. કદાચ અકળાય કે કંઈ બોલી નાખે તો...' ઓમ પાણી પહેલાં પાળ બાંધી રહ્યો હતો.

'સમજું છું. એટલે જ તો અહીં આવતાં મને ડર લાગતો હતો. કોણ જાણે એમના મનમાં શું ચાલતું હશે. તમે આટલો આગ્રહ કર્યો એટલે જ...'

કેસરે વાત અધૂરી છોડી, પણ એની અવઢવ સ્પષ્ટ દેખાઈ આવતી હતી:

'એ માને છે કે હું આ દુનિયામાં નથી. ખરેખર તમે એમ જ રહેવા દીધું હોત તો?'

'મેં તને તારા ઘરની સ્થિતિ વિશે કહ્યું છે... તારો ભાઈ બધું તારાજ કરવા બેઠો છે અને એમાં તારા દાદાએ તારા બાપુ સામે વેર લેવા માટે એને મહોરું બનાવ્યો છે.'

'મૂરખ છે એ... કોઈ મહોરું બનાવે અને એ બની જાય એવો છે.'

'મૂરખ છે, પણ ભાઈ છે તારો, કેસર!'

'સો વ્હોટ?'

'તું સમજદાર છે. ગૂંચવાયેલા કોકડાને ઉકેલવાનું છે તારે. બાપુની પ્રતિષ્ઠા પાછી મેળવવા તારે લડવું પડશે.'

'મારે કોઈ સાથે લડવું નથી. હું હવે મારી દુનિયામાં જીવું છું. નિખિલ, સોમલ, અભિમન્યુ અને ગુલાબસિંહ મરી પરવાર્યા છે મારા માટે.'

'ને તારી મા?'

ઓમે એની સામે જોયું. એનો આ સવાલ સાંભળતાં જ કેસરનો ચહેરો પીગળી ગયો. એને શ્રદ્ધાબહેનની અસહાય આંખો યાદ આવી ગઈ.

'પણ હું તો એકમાત્ર છું અને એ લોકો...'

'સિંહ એક જ હોય. ઘેટાંના આખાય ટોળા માટે એ એકલો જ પૂરતો થઈ પડે. તું સિંહનું સંતાન છે. મેં બાપુને જોયા છે. વિષમ પરિસ્થિતિમાં પણ ઝઝૂમતા... જીવવા માટે સંઘર્ષ કરતા...'

'અભિમન્યુ પણ એમનું જ સંતાન છે.'

'દલીલ કરવી હોય તો ઘણી થઈ શકે, કેસર... તું નક્કી કરી લે તારે તારા પિતાની મદદ કરવી છે કે અહીંથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જ પાછા વળી જવું છે?' ઓમનો અવાજ સહેજ ઊંચો થઈ ગયો:

'હું તો એમને કહી દઈશ કે તારી શોધ કરી, પણ...' એણે નિ:શ્વાસ નાખ્યો:

'કાલે જઈને દેવરાજસિંહને હું એ નરકમાં ફેંકી આવીશ. પછી જે થાય તે એમનું નસીબ.'

કેસરે ચૂપચાપ સાંભળી લીધું.

'અફસોસ થશે તો એક જ વાતનો, જે માણસને તારામાં સૌથી વધારે ભરોસો હતો એને તેં છેહ દીધો ને હું કંઈ કરી શક્યો નહીં.'

થોડીક ક્ષણ એમ જ ચુપચાપ વીતી ગઈ. કેસર દોડતી કારની બહાર જોતી રહી. પછી કેસરે નજર ઉઠાવી ઓમ સામે જોયું:

'હું એક જ વાત વિચારું છું... બાપુ મને સ્વીકારશે કે નહીં?'

'તું ચાલ તો ખરી... બાપુને મળી લે પછી બીજું વિચારજે. એ તને સ્વીકારશે.'

'તમે મારા બાપુને ઓળખતા નથી.' કેસરનો અવાજ સહેજ તીખો થઈ ગયો.

'એ ફક્ત તારા બાપુ નથી, હવે મારા પણ બાપુ છે.'

ઓમનો અવાજ સહેજ ભીનો થયો. એણે કેસરનો હાથ હળવેથી દબાવ્યો. એના એ સ્પર્શમાં ઉષ્મા અને સધિયારો હતો.

*

આરોહીના ઘરનો ફોન રણકી રહ્યો હતો. એના પિતા મનહરભાઈએ ફોન ઉપાડ્યો:

'હલો...'

'નિખિલ શ્રોફ બોલું છું, સાહેબ.'

'બોલો.' આરોહીના પિતા મનહરભાઈએ વિચાર્યું કે નિખિલે કદાચ ફરી પેલા છોકરાની વકીલાત કરવા ફોન કર્યો હશે.

'તમને એક સારા સમાચાર આપવાના છે.' નિખિલના અવાજમાં એક મજાકનો–તિરસ્કારનો સૂર હતો:

'તમારી આરોહીએ અભિમન્યુ સાથે લગ્ન કરી લીધાં છે. આજે બપોરે લક્ષ્મીનારાયણ મંદિરમાં મેં જ એનું કન્યાદાન કર્યું.'

'તમારી હિંમત કેવી રીતે થઈ મને ફોન કરવાની?'

'તમારી દીકરીનાં લગ્ન થયાં એ સમાચાર તો તમને આપવા પડે કે નહીં?'

નિખિલના રણકા પરથી સ્પષ્ટ લાગતું હતું કે એના ચહેરા પર એક સ્મિત રેલાઈ રહ્યું હતું.

'મેં નહોતું ધાર્યું કે તમે આ કક્ષાએ ઊતરી જશો!'

'મારી એ જ ખૂબી છે, સાહેબ. હું કઈ કક્ષાએ જઈ શકું એની સામેવાળાને ક્યારેય કલ્પના નથી આવતી. એણે જે વિચાર્યું હોય એનાથી હું બે-ચાર ડગલાં આગળ જ નીકળી જાઉં છું.' નિખિલ હસ્યો:

'તમારી દીકરી મોબાઇલ તો નહીં ઉપાડે, લેન્ડલાઇન નંબર જોઈએ છે?'

'હું જાતે જ જઈશ એને મળવા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સવારે જજો. અત્યારે કદાચ સુહાગરાત શરૂ થઈ ગઈ હશે.

મનહરભાઈ કશું કહે એ પહેલાં નિખિલે ફોન મૂકી દીધો.

ઉશ્કેરાયેલા મનહરભાઈએ બૂમ પાડી:

‘અલકા... એ અલકા...’

આરોહીની મમ્મી અલકાબહેન દોડતાં આવ્યાં:

‘શું થયું?’

‘તારી લાડકીએ ભાગીને લગ્ન કરી લીધાં. આટઆટલાં લાડથી ઉછેરી અને જે કરવું હોય તે કરવાની છૂટ આપી એના બદલામાં આપણા મોઢા પર કાદવ લપેડીને ભાગી ગઈ.’ એ હાંફવા લાગ્યા હતા:

‘એ પણ કોની સાથે? દેવરાજસિંહના દીકરા સાથે. જેની સાથે સોમલ પરણ્યો હતો એ છોકરીના ભાઈ સાથે ભાગી ગઈ.’

મનહરભાઈનો શ્વાસ ચડવા લાગ્યો. એમની આંખો ચકળવકળ થવા લાગી. કોઈ ધમણ ચાલતી હોય એમ એમનાં ફેફસાંમાંથી એક વિચિત્ર પ્રકારનો અવાજ નીકળવા લાગ્યો. ગળામાં ખખરી બાઝી ગઈ. અસ્થમાથી પીડાતા મનહરભાઈને આ સમાચાર સાંભળીને દમનો અટેક આવ્યો હતો. અલકાબહેન દોડીને એમનો અસ્થાલિન પંપ લઈ આવ્યાં. મોઢામાં પંપ મૂકીને બે-ત્રણ પફ માર્યા પછી એમને સહેજ રાહત લાગી.

‘તમે ટેન્શન ના કરો.’ અલકાબહેને એમની પીઠ પર હાથ ફેરવવા માંડ્યો:

‘કોનો ફોન હતો?’

‘નાલાયક નિખિલનો... એક નંબરનો હરામખોર માણસ છે. મારી દીકરીની જિંદગી બરબાદ કરી નાખી એણે ને એના છોકરાએ.’ એ ફરી હાંફવા લાગ્યા.

‘તમે શાંત થઈ જાવ, એની વાત માનવાની કોઈ જરૂર નથી.’

‘અરે, પણ એ શું કામ જુઠ્ઠું બોલે? કહે છે કે એણે કન્યાદાન કર્યું.’ એમની આંખોમાં આંસુ છલકાવા લાગ્યાં. એમને ડૂમો ભરાઈ ગયો:

‘મારી દીકરી... મારી એકની એક દીકરીનું કન્યાદાન નિખિલ શ્રોફ જેવો માણસ...’ એ ધ્રૂસકે ચઢી ગયા:

‘શું ખૂટ્યું આપણા ઉછેરમાં? શું ઓછું પડ્યું હશે આપણા પ્રેમમાં કે આ છોકરીએ આવો તમાચો માર્યો આપણને?!’

‘પહેલાં પૂરી તપાસ કરો.’

‘શું તપાસ કરું? નિખિલની વાત સાંભળ્યા પછી મને તો કંઈ સૂઝતું નથી.’

‘આપણે દેવરાજસિંહ ઝાલાને ઘેર જઈએ.’

‘મેં એનું ઘર નથી જોયું.’

‘મને ખબર છે...’ અલકાબહેને સહેજ ધીરજથી કહ્યું:

‘એક-બે વાર આરોહીએ મને એનું ઘર બતાવ્યું છે.’

‘ચાલ... જલદી ચાલ!’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પહેરેલાં કપડે પતિ-પત્ની ગાડીમાં બેઠાં ત્યારે મનહરભાઈ હજુ પણ હાંફતા હતા. અલકાબહેને સ્ટિયરિંગ સંભાળ્યું...

*

'જુઓ બહેન, એમ બૂમો પાડવાથી કંઈ થશે નહીં.' ગુલાબસિંહ ઠંડા કોઠે વાત કરી રહ્યા હતા:

'લગ્ન થઈ ચૂક્યાં છે. વરઘોડિયાં તો ઉપર એમની મેડીએ ચાલી ગયાં છે.'

'મારે મારી દીકરીને મળવું છે.'

'કાલે સવારે.' ગુલાબસિંહે મૂછે તાવ દીધો ને સ્મિત ફરકાવ્યું.

'નાઈધોઈને વરઘોડિયાં શુભમુહૂર્તમાં પગફેરો કરવા આવશે, જાવ.'

'તમે આરોહીને નીચે બોલાવો છો કે હું ઉપર જાઉં?' હાંફી રહેલા મનહરભાઈનો અવાજ ફાટી જતો હતો.

'જરા શરમાવ... નવાં નવાં પરણેલાં છે બેઉ જણાં... હમણાં ડિસ્ટર્બ નો કરાય.'

'હું મારી દીકરીને મળવા માગું છું, બસ... મારે કોઈનું સાંભળવું નથી.'

ત્યાં બેઠેલાં શ્રદ્ધાબહેનને જાણે આખી વાત સાથે કોઈ લેવાદેવા જ ન હોય એમ એ સ્થિતપ્રજ્ઞ આ તમાશો જોઈ રહ્યાં હતાં.

અલકાબહેન એમની પાસે ધસી ગયાં:

'તમે પણ મા છો, દીકરી ખોઈ છે તમે. તમને મારી દયા નથી આવતી?'

'હું આમાં કંઈ કરી શકું એમ નથી.' શ્રદ્ધાબહેનનો ચહેરો પથ્થરની જેમ જડ હતો.

'કેવી મા છો તમે'

'મને જ નથી ખબર.' શ્રદ્ધાબહેનનો અવાજ સહેજ ધ્રૂજ્યો:

'મારાં બંને સંતાનો પાછલા જનમનાં દુશ્મન હોય એમ મને પીડા આપવા જ આવ્યાં. દીકરીએ પોશપોશ આંસુએ રડાવ્યા ને હવે દીકરો...' એમણે હાથ જોડ્યા:

'બહેન, મને માફ કરો. હું તમારી મદદ કરી શકું એમ નથી. હું પોતે જ એક પીંજરામાં ફસાયેલો જીવ છું. તમને શું મદદ કરું?' એમને ડૂમો ભરાઈ આવ્યો.

'સાંભળી લીધું? હવે કારણ વગર તમાશો કરવાને બદલે ચૂપચાપ ઘેર જાવ અને કાલે દીકરી પાછી આવે ત્યારે આનંદથી દીકરી-જમાઈનું સ્વાગત કરજો. એમાં જ ડહાપણ છે.'

'તમે મને ઓળખતા નથી. હું ખૂન કરી નાખીશ.'

'લો, બોલો... સગી દીકરીને વિધવા બનાવનાર બાપ મેં પહેલી વાર જોયો.'

ગુલાબસિંહનું રૂંવાડુંય નહોતું ફરકતું. એમને ખબર હતી કે થોડાઘણા ધમપછાડા કર્યા પછી આરોહીનાં માતાપિતા ઠંડાં પડી જવાનાં છે. અભિમન્યુને જમાઈ તરીકે સ્વીકારી લીધા સિવાય એમની પાસે બીજો કોઈ રસ્તો નહોતો એની ગુલાબસિંહને ખાતરી હતી.

આ બાજુ ઉપરના બેડરૂમમાં પથરાયેલા અંધકારમાં અભિમન્યુએ ત્રીજો પેગ તૈયાર કર્યો ત્યાં નીચેથી આવતા અવાજથી સહેજ ચમકેલી આરોહી બોલી ઊઠી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મારા પપ્પાનો અવાજ સંભળાય છે.’

‘કમ ઓન ડાર્લિંગ, તને ભણકારા વાગે છે.’

ત્રીજો પેગ એક જ ઘૂંટડે ગટગટાવીને ફરી એક વાર આરોહીની નજીક સરકી આવ્યો અને ફરી એક વાર એને પોતાના બાહુપાશમાં લઈ લીધીઃ

‘ઘર છોડીને આવી છે ને એટલે એવું થાય.’

‘અભિ, મારે મારા ડેડને ફોન કરવો જોઈએ. મારી ચિંતા કરતા હશે.’

‘નિખિલ શ્રોફ કરી દેશે.’ અભિમન્યુના ચહેરા પર સ્મિત આવ્યુંઃ

‘અત્યાર સુધીમાં તો કરી પણ દીધો હશે.’

‘મારા ડેડને બહુ તકલીફ થશે. એ અસ્થમાના પેશન્ટ છે. ટેન્શન થશે તો એમને અટેક આવશે.’

અભિમન્યુના બાહુપાશમાં હોવા છતાં આરોહી અચાનક જ દૂર થઈ ગઈઃ

‘અભિ, મારે ડેડી પાસે જવું છે.’

‘હમણાં?’ અભિમન્યુ નજીક આવ્યો. એણે આરોહીના ગળા પર હોઠનો સ્પર્શ કર્યોઃ

‘કાલે લઈ જઈશ ને, પ્રોમિસ.’

‘એક રાતમાં તો મારા ડેડી...’ આરોહીની આંખમાંથી આંસુ સરકી ગયાં.

‘અરે! આ બધો વિચાર પહેલાં કરવાનો હતો. હવે રડવા બેઠી છે?’

‘અભિ, પ્લીઝ... મારા ડેડને કંઈ થઈ જશે તો?’

‘કંઈ નહીં થાય. બધાની દીકરીઓ પરણીને સાસરે જાય જ છે. તું જરા જુદી રીતે...’

અભિમન્યુ સહેજ હસ્યો. એણે આરોહીની નાઇટીની સ્ટ્રીપ એના ખભા પરથી સરકાવી દીધીઃ

‘જસ્ટ, એન્જોય ડાર્લિંગ, આજની રાત ફરી ક્યારેય નહીં આવે.’

‘અભિ...’ એને ધક્કો મારીને આરોહી ઊભી થવા ગઈ, પણ અભિમન્યુએ એને જકડી રાખી. આરોહીએ થોડાં તરફડિયાં માર્યાં, પણ અભિમન્યુના કસાયેલા બદન અને ત્વરાએ કશું પામી લેવાની વાસના સામે એની નાજુક કાયા ઝાઝું ટકી શકી નહીં.

‘તારા ડેડ અને મોમ ક્યાંય નથી જવાનાં... જખ મારીને સ્વીકારશે તને.’

થોડો નશામાં અને થોડો આરોહીને પામ્યાના સંતોષની તંદ્રામાં ઘેરાયેલી આંખે અભિમન્યુએ પડખું ફેરવી લીધું ત્યારે અચાનક જ આરોહીને લાગ્યું કે એણે અભિમન્યુની સાથે લગ્ન કરવામાં કદાચ ઉતાવળ કરી નાખી હતી...

*

ડૂસકાં ભરતાં અલકાબહેન ગાડી ડ્રાઇવ કરી રહ્યાં હતાં. બાજુમાં બેઠેલા મનહરભાઈ વારંવાર પંપ લઈને પોતાના ઊખડેલા શ્વાસ સમતોલ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

સગી દીકરીને નહીં મળી શક્યાની પીડામાં બંને જણાં સાવ સૂનમૂન થઈ ગયાં હતાં.

‘એક વાત કહું?’ અલકાબહેને રડતી આંખે પતિને મનાવવાનો પ્રયત્ન શરૂ કર્યોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હવે આરોહીને માફ કરી દેજો. કંઈ નહીં બોલતા. જે થવાનું હતું એ થઈ ચૂક્યું છે.’

‘હું એને માફ કરી પણ દેત... પરંતુ આવા લોકો? શું જોઈને પસંદ કર્યો આ છોકરાને? એનો દાદો... એની મા આવાં છે તો છોકરો કેવો હશે એની કલ્પના આવે છે તને?’

‘તમે...’ અલકાબહેન મનોમન ધ્રૂજી ગયાં. એ પોતાના પતિને ઓળખતાં હતાં. જો એક વાર આરોહીના પિતા ગાંઠ વાળી લે તો કદાચ જીવનભર દીકરીનું મોં ન જુએ એટલા જિદ્દી હતા એ... આરોહીમાં પણ પિતાના જ ગુણો ઊતર્યા હતા. બાપ-દીકરી બંને જણાં ઉતાવળિયાં, આકળાં, જિદ્દી અને જીભનાં કડવાં હતાં. જો બંને સામસામે આવી જાય તો શું થઈ શકે એની કલ્પના માત્રથી અલકાબહેન ધ્રૂજી ઊઠ્યાં:

‘હું તમને હાથ જોડું છું. કાલે બંને આવે ત્યારે...’

‘ત્યારે શું? આરતી ઉતારું બેઉની?’

‘ગમે તેમ તોય એકની એક દીકરી છે. મેં જિંદગીમાં તમારી પાસે કંઈ નથી માગ્યું, આજે માગું છું. બંનેને આનંદથી સ્વીકારી લેજો. આપણે માટે તો જમાઈ ગણો કે દીકરો ગણો... એ જ છે.’

અલકાબહેનની આંખોમાં ટળવળતી આજીજી જોઈને મનહરભાઈ ચૂપ થઈ ગયા...

*

દેવરાજસિંહના ફ્લેટની ડોરબેલ રણકી ઊઠી. દરવાજો ખૂલ્યો ત્યારે ડ્રોઇંગ રૂમના સોફા પર બેઠેલા દેવરાજસિંહ કશુંક વાંચી રહ્યા હતા.

ઓમની સાથે ઊભેલા યુવાનને દેવરાજસિંહ ધ્યાનથી જોઈ રહ્યા. ઓમ-માજિદના માણસો જાણતા હતા કે ઓમ કોઈ પણ ક્ષણે કેસરને લઈને પહોંચશે એટલે અહીં એમના આગમનની તૈયારી પૂરી હતી.

દેવરાજસિંહ સામે ઊભેલા યુવાનને આંખો ઝીણી કરીને ફરી ધ્યાનથી જોયો.

કાપેલા વાળ, ચેક્સનું શર્ટ અને જીન્સ... ચહેરો તો પરિચિત હતો. જેને નાનપણથી લાડ કરીને, ખોળામાં બેસાડીને, ખભે ઝુલાવીને ઉછેર્યો હતો એ ચહેરો ઓળખવામાં ભૂલ કેવી રીતે થાય?

પણ...

આ ચહેરો આટલો બદલાયેલો કેમ હતો? એ ચહેરા પરની નમણાશ ક્યાં હતી? એ ચહેરા પરની બે આંખોમાં પિતાને જોતાં જ ઢોળાઈ જતું વહાલ અકબંધ હતું, પણ એ વહાલની સાથે એક દૃઢતા હતી. થોડીક તોછડાઈ કહી શકાય એવી નિર્ભિકતા આ ચહેરા પર ક્યાંથી આવી?

આંખ, નમણું નાક અને હોઠ તો એ જ હતાં, પણ એ હોઠ પર આ પાતળી પણ સ્પષ્ટ મૂછ?

દેવરાજસિંહે ફરી આંખો ઝીણી કરી... એ બે ડગલાં આગળ આવ્યા. ઓમના ચહેરા પર એક સહજ સ્મિત હતું.

‘ઓળખો છો?’

ઓમનો હાથ એ યુવાનના ખભા પર હતો. યુવાનના ચહેરા પર એક વિચિત્ર સંકોચ હતો. દેવરાજસિંહનો ચહેરો બદલાયો...

‘તું?’

‘પ્રણામ, બાપુ.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરે નીચા નમી દેવરાજસિંહની ચરણરજ લીધી. દેવરાજસિંહ એક ક્ષણ માટે એની સામે જોઈ રહ્યા.

'બાપુ, કેટલા દૂબળા થઈ ગયા છો તમે?'

માત્ર આટલું બોલતાં કેસરનો અવાજ ગળગળો થઈ ગયો. પહાડ જેવા પિતાનો દબદબો અને એમનું સિંહ જેવું વ્યક્તિત્વ અત્યારે જાણે એક નંખાઈ ગયેલા બીમાર માણસ જેવું થઈ ગયું હતું.

'બસ દીકરી, હવે ઘેર જઈને તારી માના હાથના રોટલા ખાઈશ એટલે લોહી ભરાશે.'

આવું કહ્યું તો ખરું, પણ દેવરાજસિંહની નજર હજુ કેસરના ચહેરા પર ફરતી હતી. જે દેખાતું હતું તે એમના માન્યામાં આવે એવું નહોતું. એમની સામે જે ઊભી હતી તે એમની દીકરી કેસર હતી, છતાં નહોતી!

'કેસર બેટા, ક્યાં સુધી તું હવે આ પુરુષના વેશમાં રહીશ?'

થોડીક શંકા-થોડાક અણગમા સાથે પુછાયેલો દેવરાજસિંહનો એ પ્રશ્ન થોડીક ક્ષણ સુધી અનુત્તર જ રહ્યો. ડ્રોઇંગ રૂમમાં ભારેખમ સ્તબ્ધતા તોળાતી રહી. ઓમની નજર વારાફરતી દેવરાજસિંહ તથા કેસર પર ફરતી રહી.

આખરે કેસરે મૌન તોડ્યું.

'મેં...'

કેસરની આંખો નીચી થઈ ગઈ. થોડીક ક્ષણ મથામણ કર્યા પછી એણે હિંમત કરીને એણે નજર ઊંચકી. દેવરાજસિંહના ચહેરા પર સ્થિર નજર કરી પછી એમની આંખોમાં આંખો પરોવીને કેસર બોલી:

'બાપુ, હવે હું તમારી દીકરી કેસરબા નથી... હવે હું તમારો દીકરો કેસરસિંહ છું.'

'એટલે?' જે નજર સામે હતું એ સાચું છે એમ માનવા દેવરાજસિંહ તૈયાર નહોતા.

દેવરાજસિંહને પોતાની વાત પર વિશ્વાસ બેસે એ માટે કેસરે ફરી ધીરેથી પણ મક્કમ સ્વરે કહ્યું:

'બાપુ, હું તમારો દીકરો છું... અભિમન્યુનો ભાઈ!!'

કેસરની આંખમાં હવે ગૌરવ અને સ્વાભિમાન જાણે છલકાતાં હતાં:

'ગઈ કાલ સુધી જે દીકરીને કારણે તમારે નિખિલ શ્રોફની સામે નીચું જોવું પડ્યું એ કેસર મરી પરવારી છે બાપુ! એની જગ્યાએ હવે તમારી સામે આ તમારો દીકરો ઊભો છે!'

'તું... તું... એટલે...'

ઉપરથી અચાનક જાણે નીચે પટકાયા હોય એવો આઘાત દેવરાજસિંહના ચહેરા પર સ્પષ્ટ વંચાતો હતો. એમને શબ્દ નહોતા સૂઝતા. એમણે આંખો મીંચી દીધી. મનને મનાવવાના પૂરા પ્રયાસ પછી આંખો ખોલીને એમણે કેસરનો ચહેરો ધ્યાનથી જોયો.

આછાં દાઢી-મૂછ સાથે કાપેલા વાળ અને થોડાક રૂક્ષ થઈ ગયેલા ચહેરાવાળો એક યુવાન એમની સામે ઊભો હતો. પિતા તરીકે દેવરાજસિંહને સહેજ સંકોચ થયો, પરંતુ એમની નજર જે રીતે ફરી એ રીતે એમને ચોક્કસ સમજાયું કે કેસરના શરીરમાં ફેરફારો થયા હતા. એના ખભા તણાયેલા હતા. એ જે રીતે ઊભી હતી એમાં પણ ક્યાંક ઋજુતાની અને સ્ત્રીત્વની ઊણપ દેખાઈ આવતી હતી.

ડ્રોઇંગ રૂમમાં સ્મશાનવત્ શાંતિ હતી. સૌ ચૂપચાપ એકબીજાને જોતાં રહ્યાં. પછી દેવરાજસિંહે આગળ વધીને કેસરને છાતીસરસી ચાંપી દીધી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આ શું થઈ ગયું, બેટા!’ એમની આંખોમાંથી આંસુ વહી નીકળ્યાં:

‘મારું મગજ કામ કરતું અટકી ગયું છે. મારું મન આ વાત સ્વીકારવા તૈયાર નથી. મને સમજાતું નથી કે આ શું થઈ ગયું... આ કઈ રીતે થઈ શકે?’

‘બાપુ, આવું થાય છે. આવું શક્ય છે!’

શરીર બદલાયા છતાં કેસરના મનમાં પિતાની સામે એક આમન્યા અને સંકોચ હતાં. એ આમન્યા એને પૂરતી વિગત આપતાં રોકતી હતી, છતાં એણે ત્રુટક ત્રુટક થોડા સંકોચ સાથે પોતાની વાત શરૂ કરી:

‘સ્ત્રીના શરીરમાં પણ કેસર તો સાચી જ હતી, પરંતુ એ કેસરને મારું મન એવું સ્વીકારવા તૈયાર નહોતું કે હું સ્ત્રી છું. પુરુષનાં કપડાં પહેરવાં, પુરુષની જેમ વર્તવું, એની જેમ જીવવું ગમતું મને... નાનપણથી જ મને અભિમન્યુની ઈર્ષ્યા થઈ આવતી...’

‘ભૂલ તો અમારી છે. અમે જ તને લાડ કરીને દીકરી તરીકે ઉછેરી...’ દેવરાજસિંહ ઉશ્કેરાઈ ગયા:

‘ના... હરગિજ નહીં... હું તને—આ કેસરને... આ સ્વરૂપે સ્વીકારવા તૈયાર નથી!’

થોડીક ક્ષણ પહેલાં પોતાની છાતીસરસી ચાંપી હતી એ જ કેસરને પાછળ હડસેલીને દેવરાજસિંહ રોષમાં ઓમ તરફ ફર્યા:

‘આના કરતાં તું આને અહીં ન લાવ્યો હોત તો સારું થાત... કેસર મરી પરવારી છે એમ માનીને જીવતો હતો ત્યારે વધુ સુખી હતો!’

એમની નજર સામે જે ઝડપે બધું બની ગયું એ જાણે સ્વીકારી ન શકતા હોય એમ દેવરાજસિંહે માથું ધુણાવ્યું:

‘હવે આ તમાશો બનીને પાછી ફરી એટલે મારી રહીસહી જિંદગી પણ પૂરી!’

‘બાપુ!’

‘હા, બીજું કહું પણ શું? પહેલાં ઘર છોડીને ભાગી, પછી આપઘાતનું નાટક કર્યું... પછી પાછી આવી... અને હવે આ બધું!’

ઉશ્કેરાટમાં એમનું શરીર ધ્રૂજતું હતું. આંખોમાંથી આંસુ...

‘મેં તારું શું બગાડ્યું છે એ સમજાવ મને. કયા જનમનું વેર લે છે તું મારા પર?’

‘સચ્ચાઈ સાથે જીવવું એ ગુનો છે? હું જે છું તે બનીને જીવું એમાં શરમાવા જેવું શું છે?’

કેસરે પહેલી વાર પિતાની આમન્યા તોડીને સહેજ ઊંચા અવાજે જવાબ આપ્યો.

‘ચૂપ રહે તું અને ચાલી જા અહીંથી. મારે તારું મોઢું પણ નથી જોવું. આજ પછી મારે અને તારે કોઈ સંબંધ રાખવો નથી. મારી કેસર તો ક્યારની મરી ગઈ!’

‘ઠીક છે...’ કેસર બહાર જવા માટે ઊંધો ફર્યો કે ઓમે એનો ખભો પકડીને રોક્યો.

‘બાપુ...’ ઓમ આગળ વધ્યો:

‘એક પુરુષ સેક્સ ચેન્જ દ્વારા સ્ત્રી બને કે એક સ્ત્રી જાતીય પરિવર્તન દ્વારા પુરુષ બને એમાં આજના જમાનામાં શરમાવા કે ગુનાની લાગણી અનુભવવા જેવું કંઈ નથી.’

દેવરાજસિંહ કશું બોલ્યા નહીં. ખભા પર રહેલો એમનો હાથ હડસેલીને એ રોષભેર પોતાની રૂમમાં જવા લાગ્યા. ઓમ એમની પાછળ દોડ્યો. એણે દેવરાજસિંહનો હાથ પકડીને ઊભા રાખ્યા:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તમારું સંતાન છે... કેટકેટલી પીડા અને પ્રશ્નોમાંથી પસાર થયા પછી માંડ એની જિંદગી ગોઠવાઈ છે. એની લાગણી સમજવાને બદલે તમે એને તમારી જિંદગીમાંથી બહાર ધકેલી મૂકો છો?’

‘તું એની વકીલાત બંધ કર. તેં મને કહ્યું ત્યારે હું એમ માનતો હતો કે એ પુરુષના વેષે જીવતી હશે... આજની દુનિયામાં ટકી રહેવા માટે કદાચ બિચારી...’

ઓમ કશો જવાબ આપે એ પહેલાં કેસર બોલી ઊઠ્યો:

‘હું તમારી દીકરી કેસર હતી ત્યાં સુધી તમારા માટે સમસ્યાઓ જ ઊભી કરતી રહી. એક સ્ત્રી માટે આ નિખિલ શ્રોફ જેવા માણસોની દુનિયામાં જીવવું સહેલું નથી, બાપુ.’

‘તો તો બધીય સ્ત્રીઓ શું તારી જેમ...’ દેવરાજસિંહ હજી ગુસ્સામાં હતા.

‘બધી નહીં... મારા જેવી.’ એની આંખમાં આંસુ ધસી આવ્યાં.

‘પહેલી વાર જ્યારે મને મારા અસ્તિત્વની સચ્ચાઈ સમજાઈ ત્યારે હું ધ્રૂજી ગયેલો, આંખે અંધારાં આવી ગયેલાં.’

‘મારે નથી સાંભળવું તારું એ બધું!’ દેવરાજસિંહ ફરી પોતાના રૂમ તરફ આગળ વધ્યા:

‘તું જા હવે અહીંથી... બીજી વાર મોં ન બતાવતી!’

હવે કેસરે જવાબ ન આપ્યો. થોડી ઝડપથી મક્કમ ચાલે એણે દેવરાજસિંહનો રસ્તો આંતર્યો. એમની સામે ઊભા રહીને આંખમાં આંખ પરોવી:

‘બાપુ, અચાનક તમને કોઈ એમ કહી દે કે આઈનામાં તમે જે ચહેરો વીસ વર્ષથી તમારો પોતાનો માનીને જોતા રહ્યા એ ચહેરો તમારો નથી તો તમને કેવું લાગે?’

દેવરાજસિંહ જાણે કંઈ સમજ્યા ન હોય એમ એની સામે જોઈ રહ્યા હતા.

‘મેં નક્કી કર્યું કે હું મારો અસલી ચહેરો-મારી ખરી ઓળખ મેળવીને રહીશ અને દુનિયાને પણ સાચા કેસરની ઓળખાણ કરાવીશ.’

‘અને સાચો કેસર કોણ એ તેં જ નક્કી કરી લીધું?’

‘ના બાપુ, એમ નક્કી કરી લેવાથી કંઈ નથી થતું.’ કેસરે એના બંને હાથ દેવરાજસિંહના ખભે મૂક્યા:

‘તમે એક વાર શાંતિથી મારી વાત સાંભળશો તો તમને સમજાશે.’

‘સાંભળી લો, બાપુ...’

બાપ-દીકરાની વાતમાં વચ્ચે ઓછામાં ઓછું બોલવું એમ નક્કી કરીને ઊભેલા ઓમને હવે લાગ્યું કે જો હવે એ વચ્ચે નહીં પડે તો બાપ-દીકરાનો આ મેળાપ અહીં જ પૂરો થઈ જશે.

‘શું સાંભળું? એ જ કે ફક્ત સમાજ સામે લડવા માટે ઈશ્વરે આપેલા જન્મ સાથે આવી રીતે ચેડાં કરવાનાં?’

‘ખરેખર તો ઈશ્વરની ભૂલ સુધારી છે મેં!’ કેસરના ચહેરા પર આછું સ્મિત આવી ગયું.

‘આટલો બધો અહંકાર? ઉપરવાળો જે કરે છે તે જ યોગ્ય છે.’ દેવરાજસિંહે નિશ્વાસ નાખ્યો:

‘વિજ્ઞાનનો આશરો લઈને તારું શરીર તો બદલી નાખ્યું, પણ મન? મગજ કઈ રીતે બદલીશ? હૃદય બદલી શકીશ?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બાપુ, તમે મને સમજવાનો પ્રયાસ કરો... મારું મન અને મગજ પુરુષનાં જ હતાં માટે જ આ શરીર મળી શક્યું મને.’

સહેજ થોભ્યા પછી કેસરે ધીમેથી પણ દૃઢતાથી કહી નાખ્યું:

‘મારી વાત સાંભળો. પછી તમે જતા રહેવાનું કહેશો તો હું જતો રહીશ... કદી મારું મોઢું નહીં બતાવું તમને.’

દેવરાજસિંહે અવિશ્વાસ અને અકળામણ સાથે ઓમ તરફ જોયું. ઓમે બંને હાથ જોડીને એમને શાંતિથી વાત સાંભળવાની વિનંતી કરી. સખત અણગમા સાથે દેવરાજસિંહ સોફામાં ગોઠવાયા: ‘બોલ...’

એમણે કહ્યું તો ખરું, પણ એમના ચહેરા પર એવા સ્પષ્ટ ભાવ હતા કે કેસર કંઈ પણ કહે, પોતે એની વાત માનવાના નહોતા.

કેસરે ઊંડો શ્વાસ લીધો. સહેજ એણે ગળું ખોંખારીને શરૂ કર્યું.

‘પોલીસ કોન્સ્ટેબલ ભરતસિંહ સાથે મને બહુચરાજીથી અમદાવાદ અને અમદાવાદથી વિમાનમાં મુંબઈ તો લઈ આવ્યા, પણ ભરતસિંહને બેવકૂફ બનાવવા લેડીઝ બાથરૂમમાં મેં ફરી એક વાર રૂપ બદલી લીધું. ભરતસિંહની નજર સામેથી નીકળ્યો, પણ એણે મને ઓળખ્યો નહીં.’

એ દૃશ્ય જાણે નજર સામે તરવરી ગયું હોય એમ હળવા સ્મિત સાથે કેસરે વાતનો દોર સાધી લીધો:

‘પાર્લાઈસ્ટથી પાર્લાવેસ્ટ જવાનો પુલ ઓળંગતો હતો ત્યારે મને પણ ખબર નહોતી કે હું ક્યાં જઈશ. નિખિલ-સોમલના સોનાના પીંજરામાં પાછા નહોતું જવું મારે એ નક્કી હતું. બસ, નિખિલથી બચવું હતું મારે!

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 46

બોલ...

સખત અણગમા સાથે દેવરાજસિંહ બોલ્યા.

ઓમના બહુ જ આગ્રહ પછી ધૂંધવાયેલા-રોષે ભરાયેલા દેવરાજસિંહ કમને કેસરની વાત સાંભળવા સોફા પર બેઠા ત્યારે સ્ત્રી તરીકે જન્મેલી એક વ્યક્તિ સેક્સ ચેન્જનું ઓપરેશન કરાવીને આમ પુરુષ થઈ જાય એ વાત દેવરાજસિંહના મનમાં તેમ જ એમના રાજપૂતી માનસમાં કોઈ રીતે ઊતરતી નહોતી.

કેસરે વાત શરૂ કરી, પરંતુ ઊંડે ઊંડે એમણે ગાંઠ વાળી લીધી હતી, વાત પતે એટલે એને અહીંથી કાઢી મૂકવી. માત્ર કાઢી જ ન મૂકવી, ભવિષ્યમાં ક્યારેય એનું મોઢું પણ ન જોવું...

પોતે કેવી સાવ એકલી-અટૂલી નિઃસહાય સ્થિતિમાં એરપોર્ટથી ભાગી હતી એ વાત યાદ કરતાં અત્યારે પણ કેસરને કમકમાટી છૂટી જતી હતી. કોન્સ્ટેબલ ભરતસિંહ સાથે એને બહુચરાજીથી અમદાવાદ અને અમદાવાદથી વિમાનમાં બેસાડીને મુંબઈ ધકેલી દેવામાં આવી ત્યારે અમદાવાદથી મુંબઈના પ્રવાસ દરમિયાન ભરતસિંહ એને સતત વિનંતી કર્યા કરતો હતોઃ

બહેન, હાથ જોડીને માફી માગી લેજે નિખિલભાઈ સાહેબની... ખૂબ ખિજાયા છે તારા પર. જો તું એમના હાથે ચડી તો જીવતી નહીં મૂકે.

'આ બધું જાણવા છતાંય મને બહેન કહીને પછી નિખિલને સોંપી દેશો?' કેસરની આંખોમાં જાળમાં ફસાયેલા પક્ષી જેવી લાચારી હતી.

'શું કરું? નોકરી છે મારી. મારેય બાળબચ્ચાં છે. સાહેબોને તો જલસા હોય છે. અમારા જેવા નીચેના માણસો જ મરે... કોઈ કારણ વગર સસ્પેન્સનનું પતાકડું પકડાવશે મને...'

'ભરતસિંહભાઈ, તમે પણ રાજપૂત છો. હું પણ રાજપૂતની દીકરી છું.'

'એ ન્યાતે તો તને બહેન કહું છું.'

'તમારી સગી બહેન હોત તો એને નિખિલ જેવા માણસના હાથમાં સોંપી હોત તમે?'

'સાચું કહું... સાંભળી શકીશ?' ભરતસિંહની આંખમાં કંઈક બીજી જ ચમક હતીઃ

'મારી સાસરે ગયેલી બહેન આમ ભાગી નીકળે તો એને વાઢીને બે કટકા કરી નાખું. દીકરી એક વાર સાસરાના ઉંબરામાંથી દાખલ થાય પછી સીધી કાંધે ચડીને બહાર નીકળે...'

'તમે બધું જાણો છો, છતાંય આવું બોલો છો?'

'જો બહેન, સહન કરવું એ તો સ્ત્રીનો ધર્મ છે. અમથી દેવી નથી કહેતા...'

'એક તરફથી દેવી કહો છો અને બીજી તરફ આ રીતે નિખિલ શ્રોફ જેવા માણસને સોંપીને મને ધૂળમાં રગદોળો છો? કેસરનો ચહેરો ગુસ્સામાં તમતમી ગયોઃ

ભરતસિંહ કશું જ બોલ્યા વિના બારીની બહાર જોતો રહ્યો. એ ઘટના યાદ કરતાં કેસરે પોતાની વાત આગળ વધારીઃ

'એરપોર્ટ પર ઊતરીને મેં ભરતસિંહને વિનંતી કરી, બાથરૂમમાં ગઈ. મૂછો ચોંટાડી, શર્ટ બદલીને એ ધડકતા હૃદયે હું ભરતસિંહની સામેથી બહાર નીકળી ગઈ. બાથરૂમ બહાર પહેરો ભરી રહેલા ભરતસિંહને ખ્યાલ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આવ્યો જ નહીં.'

ઓમની આંખોમાં કેસર માટે સમ્માન છલકાયું. હાથમાંથી લગભગ સરી ગયેલી બાજીને ફરી એક વાર પલટાવવા કેસરે જે રીતે મરણિયો પ્રયાસ કર્યો એ વાત જ ઓમને રોમાંચિત કરી ગઈ. પોતે જે રીતે છ-છ માણસોને ગોળીએ વીંધીને એમની પકડમાંથી છટક્યો હતો એ વાત એને યાદ આવી ગઈ.

કેસરે વાત આગળ વધારી:

'મને પહેલી વાર ઈશ્વરના હોવાનો અહેસાસ થયો. મા બહુચરાજી મારી સાથે હતાં એવું મને પહેલી વાર લાગ્યું. બાકી ભરતસિંહની નજર સામેથી આટલી આસાનીથી નીકળી જવું સહેલું નહોતું.'

'એટલે? નિખિલ જાણતો હતો કે તું ક્યાં છે... એણે અમને જણાવ્યું પણ નહીં?' દેવરાજસિંહ બોલી ઊઠ્યા.

'ફક્ત નિખિલ જ નહીં, બાપુ. કદાચ અભિમન્યુ અને દાદાજી પણ જાણતા હતા... એ ત્રણેય સાથે જ છે.'

'એ તો હું હવે સમજ્યો છું. નિખિલે મારા દીકરાને મારાથી જુદો કરી દીધો, કારણ કે એ જાણે છે કે મારો દીકરો જ મારા જીવનનો આધાર છે.'

'એમ જ હોય છે, બાપુ.' ઓમ સહેજ અચકાયો, પણ આખરે એણે કહી નાખ્યું:

'લોકો દીકરા માટે પ્રાર્થના કરે છે. દીકરાને વારસદાર ગણે છે. દીકરાને પિતાની ચિતાને અગ્નિદાહ દેવાનો અધિકાર છે... પણ ખરેખર બધા દીકરા બાપનું નામ ઉજાળે છે ખરા?'

'જો ઓમ, તારી વાત કદાચ સાચી હોય તો પણ દીકરી પરણીને બીજે ઘેર જાય છે. બીજા કુટુંબની થઈ જાય છે અને એટલે જ અમારા સમાજમાં સ્ત્રી આજે પણ...'

'તમારો સમાજ? કોણે બનાવ્યો એ સમાજ, બાપુ?' કેસરનો અવાજ ઊંચો થઈ ગયો:

'તમે જ... અભિમન્યુએ... દાદાજીએ... તમે સૌએ મળીને સ્ત્રીની સ્થિતિ દયાજનક કરી નાખી છે. જેને કારણે નિખિલ જેવા લોકો સ્ત્રીને તુચ્છ વસ્તુ સમજીને એની સાથે ઇચ્છે તેવો વ્યવહાર કરી શકે.'

'જો, એક માણસથી સમાજ બદલાતો નથી.'

'પણ એક માણસ સમાજ બદલવાની શરૂઆત કરી શકે છે.' કેસરની આંખો ફરી એક વાર ચમકવા લાગી:

'—અને મેં કરી છે એ શરૂઆત.'

'જાતને બદલીને?' દેવરાજસિંહના અવાજમાં ફરી એક વાર કડવાશ તરી આવી:

'એમ જાતિ બદલી નાખવાથી સ્ત્રીની સ્થિતિ સુધરી જશે?'

'નહીં સુધરે... મેં જે કંઈ કર્યું છે તે સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે નથી કર્યું. હું સમજું છું કે સ્ત્રીમાંથી પુરુષ બની જવાથી કંઈ રાતોરાત ચમત્કાર નહીં થાય... પણ બાપુ, એક સ્ત્રી તરીકે મેં જે વ્યથા અનુભવી છે એ એક પુરુષ તરીકે હું કોઈ સ્ત્રીને નહીં આપું.' કેસરે આંખોના ખૂણા લૂછી નાખ્યા.

'મને લાગે છે કે દરેક પુરુષે એક વાર મનથી સ્ત્રી બનીને વિચારવું જોઈએ... ઘણી સમસ્યાઓનો અંત આપમેળે જ આવી જાય.'

ઓમે નજીક જઈને કેસરના ખભે હાથ મૂક્યો:

'આ ચર્ચા તો અંતહીન છે, દોસ્ત... એરપોર્ટથી નીકળીને તું ક્યાં ગયો એ કહે... એ જાણવું છે અમારે.'

'એરપોર્ટમાંથી છટકીને પાર્લા ઈસ્ટથી પાર્લા વેસ્ટ જતા બ્રિજ પર હું પરસેવે રેબઝેબ થતી રિક્ષામાં બેઠી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કોઈ મને જોઈ જશે કે ઓળખી જશે એવા ભય સાથે ફફડતી હતી. મનોમન મા બહુચરાજીનું સ્મરણ કરતી હતી... ક્યાં જવું એની મને ખબર નહોતી. નિખિલથી બચીને ક્યાં જઈ શકાય એવી મને કલ્પના નહોતી આવતી, જે માણસે મને છેક ગુજરાતના બહુચરાજી જેવા નાનકડા ગામમાંથી પકડી મગાવી એ મને મુંબઈમાં નહીં શોધે, નહીં શોધી શકે એવું માનવાનું મારી પાસે કોઈ કારણ નહોતું. પોલીસ મારી પાછળ હતી— નિખિલના માણસો મારી પાછળ હતા.'

'ત્યારે તને વિદ્યા વિશે ખબર હતી?'

દેવરાજસિંહ દીકરીની પરિસ્થિતિ વિશે વિચારતાં મનોમન ધ્રૂજી ગયા. સાવ ગભરુ અને ભાગ્યે જ જેણે જીવનનો તડકો જોયો હતો એવી એમની લાડકી દીકરી કઈ સ્થિતિમાં આ ક્ષણોમાંથી પસાર થઈ હશે એ વિચારે એમને ડૂમો ભરાઈ ગયો. વિદ્યાની જેમ એણે આપઘાત ન કર્યો એટલી જ મા બહુચરાજીની મહેર...

પિતાના મનની વાત જાણે કેસરે વાંચી લીધી હોય એમ એ બોલ્યો:

'એક વાર તો વિચાર આવી જ ગયો હતો કે આપઘાત કરી લઉં... પણ ખરું પૂછો તો હિંમત ન ચાલી... બધાંનાં મન એટલાં મજબૂત નથી હોતાં, બાપુ.'

'એને બદલે એમ કહે કેસર, કે ભાગ્યે જ કોઈનું મન તારા જેટલું મજબૂત હોય.'

આટલું કહીને ઓમે પોતાની નજર દેવરાજસિંહ તરફ ફેરવી. એમનો ચહેરો ઓમ ધ્યાનથી જોઈ રહ્યો. કેસરની વાતથી દેવરાજસિંહના ચહેરા પર ધીમેધીમે પીગળી રહેલો તિરસ્કાર ઓમની નજરની બહાર નહોતો.

'કદાચ!'

કેસરે સહેજ થોભીને ઉમેર્યું:

'મને પણ એવું લાગતું હતું કે નિખિલ શ્રોફના ઘરમાંથી નીકળી જઈશ અને બાપુના ઘરમાં જગ્યા નહીં મળે તો મારું શું થશે.' એણે શર્ટની બાંય બંને હાથે ઊંચી ચડાવી:

'પણ શું ફરક પડ્યો? જીવું છું ને આજે?'

'એ ખરું, પણ તારે તો બાપુનો આધાર બનવાનું છે.'

ઓમ ખૂબ ધીરે ધીરે પણ મક્કમતાથી દેવરાજસિંહને માનસિક રીતે તૈયાર કરી રહ્યો હતો.

કેસરે જાણે ઓમની એ વાત સાંભળી જ ન હોય એમ એણે ફરી પોતાની વાતનો દોર સાંધી લીધો:

'મોડી સાંજ સુધી હું આમતેમ રખડતી રહી. કોઈ હોટેલ કે ગેસ્ટહાઉસમાં જવાની હિંમત નહોતી મારી. હું વિદ્યાના ઘરે પહોંચી ત્યારે એના ઘરની બહાર જમા થયેલી ભીડ પાસેથી ખબર પડી કે વિદ્યાએ તો...'

કેસરને ડૂમો ભરાઈ ગયો. એના ચહેરા પર વિદ્યાને યાદ કરતાં જ એક કાલિમા છવાઈ ગઈ:

'એ છોકરીએ મારે લીધે જીવ ખોયો છે. મારી મદદ કરવાનો પ્રયત્ન કર્યો એણે...' કેસરના દાંત ભીંસાઈ ગયા:

'હું નીલાંગને નહીં છોડું. કોઈને આપઘાત કરવા માટે મજબૂર કરવા એ પણ ખૂન કરવા જેટલો જ મોટો ગુનો છે.' કેસર અત્યારે પણ ઉશ્કેરાયેલો હતો:

'વિદ્યાના સમાચાર મળ્યા એ પછી મારી પાસે કોઈ દિશા જ ના રહી... એના ઘેરથી બહાર નીકળીને મેં ટૅક્સી પકડી. હવે શું કરવું?ના વિચારમાં આમતેમ કલાકેક સુધી ટૅક્સીમાં ભટકતી રહી. અચાનક મને ડૉક્ટર પ્રતિમા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પટેલના ક્લિનિકનું પાટિયું દેખાયું.

આટલું કહી કેસરે પિતા દેવરાજસિંહ તથા ઓમ તરફ જોયું. બંનેના ચહેરા પર કોઈ ફેરફાર ન દેખાયા. ડૉ. પ્રતિમા પટેલનું નામ એ બંને માટે અજાણ્યું હતું એટલે કેસરે ફોડ પાડતાં વાત આગળ વધારીઃ

'ડૉક્ટર પ્રતિમા પટેલ આમ તો સોમલનાં મમ્મી શ્વેતાબહેનનાં ખાસ મિત્ર હતાં. એક વાર મને શ્વેતાબહેન એની પાસે પણ લઈ ગયેલાં. એમણે મને ફરી મળવા કહેલું, પણ ત્યારે ટાળી દીધેલું. એમની ક્લિનિક જોઈને થયું કે થોડા કલાક સંતાવા માટે આ ઉત્તમ જગ્યા છે. એમને ત્યાં કાયમ લાંબું વેઇટિંગ હોય છે. કોઈ રેસ્ટોરાંમાં કે બીજા જાહેર સ્થળે કોઈ જોઈ જાય એને બદલે પ્રતિમા પટેલનું ક્લિનિક હવે પછીની વ્યૂહરચના વિચારવા માટે ઉત્તમ જગ્યા છે એમ વિચારીને હું ટૅક્સી છોડીને એમની ક્લિનિકમાં પ્રવેશી ગઈ...'

થોડી વાર ઓરડામાં મૌન ઘુમરાતું રહ્યું. દેવરાજસિંહ સમજી શકતા હતા કે નિખિલથી છટકીને ભાગેલી કેસર કેવા અને કેટલા ભય નીચે શ્વાસ લેતી હશે. એમને દીકરીની દયા આવી ગઈ. પોતે એની મદદ ન કરી શક્યા એ વિચારે અત્યારે પણ એમને પસ્તાવો થવા લાગ્યો.

ક્લિનિકમાં બેઠાં બેઠાં હું આગળનો પ્લાન વિચારતી હતી ત્યાં પ્રતિમાબહેન કોઈ કામસર અચાનક એમની ચૅમ્બરમાંથી બહાર આવ્યાં. વેઇટિંગ લાઉન્જમાં બીજા પેશન્ટ સાથે મને જોઈને એ ચમક્યાં. પુરુષના ડ્રેસમાં હોવા છતાં એ મને કઈ રીતે ઓળખી ગયાં એની નવાઈ લાગી. બીજા પેશન્ટ્સ હોવા છતાં એમણે મને અંદર આવવા ઇશારો કર્યો...

'મારી સાથે શાંતિથી વાતચીત કરી. મને સધિયારો આપ્યો કે મારા જીવતા હોવાના ખબર એ કોઈને નહીં આપે. નવાઈની વાત તો એ હતી કે એ મને એમની સાથે એમના ઘરે લઈ જવા તૈયાર હતાં. એ રાત્રે એમણે પહેલી વાર મને ટ્રાન્સજેન્ડર એટલે કે સ્ત્રીના દેહમાં સપડાયેલા પુરુષ કે પુરુષના શરીરમાં સપડાયેલી સ્ત્રી વિશે સમજાવ્યું...'

ટ્રાન્સજેન્ડરના ઉલ્લેખ બાદ હવે વાત કેટલી હદ સુધી આગળ કરવી એની હજુ અવઢવ કેસરને હતી ત્યાં ઓમ બોલી ઊઠ્યોઃ

'તને ડર ના લાગ્યો? તારાં સાસુની મિત્ર હતી એ બાઈ! તને મૂરખ બનાવીને એમને ખબર આપી દે કે પછી તારી સાથે કંઈ ખોટું-સાચું કરી નાખે તો એવો વિચાર ન આવ્યો?"

'આવ્યો. એમની ચૅમ્બરમાં પ્રવેશતી વખતે મને એવો જ વિચાર આવ્યો હતો... પછી મને થયું કે કોઈક પર તો વિશ્વાસ કરવો પડશે...'

'ઓપરેશન કરાવતાં પહેલાં...' દેવરાજસિંહ સહેજ અચકાયાઃ

'તને સમાજનો ડર ના લાગ્યો? લોકો આખી વાતને કઈ રીતે લેશે... તને નહીં સ્વીકારે તો? એવું ના થયું?'

'મને સમાજનો વિચાર આવ્યો, મને દુનિયાનો વિચાર આવ્યો, પણ મને સમજાયું કે મારી જિંદગી મારી પોતાની છે. ઈશ્વરની એક ભૂલ થઈ ગઈ એવું માની લઈએ તો લોકો શું કહેશે એમ વિચારીને હું ક્યાં સુધી મારી જિંદગી આ રીતે જીવ્યા કરું? સતત ગૂંગળામણ અને અકળામણ થતી હતી એ શરીરમાં. મને સતત એમ લાગતું હતું કે હું કોઈ બીજાના ઘરમાં રહું છું...'

'બેટા...' અત્યાર સુધી થોડા રોષ સાથે અલિપ્તતાથી કેસરની વાત સાંભળી રહેલા દેવરાજસિંહ હવે ગળગળા થઈ ગયાઃ

'બેટા, જિંદગીની આ સૌથી કપરી લડાઈ તેં સાવ એકલા રહીને લડી... આવો કપરો નિર્ણય કરતાં પહેલાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કોઈને પૂછવાનોય સમય કે સાથ નહોતો!'

દેવરાજસિંહે કેસરના ગાલ પર હાથ ફેરવ્યો. મુલાયમ ત્વચા સાથે એક દિવસની ઊગેલી દાઢીના ખરબચડા વાળ એમની હથેળી સાથે ઘસાયા.

'સાચું કહું, બાપુ? અઘરી લડાઈઓ હંમેશાં એકલા જ લડવી જોઈએ. નિર્ણય કરવાનો અધિકાર આપણો અને પરિણામ ભોગવવાની તૈયારી પણ આપણે જ રાખવાની.' એ થોડી વાર ચૂપ રહ્યો:

'મારાં લગ્ન માટે જેમ હું તમને ગુનેગાર ગણતી રહી એવી રીતે આવી કોઈ બાબત માટે બીજા કોઈને જવાબદાર ન ગણવા પડે એવી કદાચ ઈશ્વરની ઇચ્છા હશે.'

એ સ્વસ્થ દેખાતો હતો. આ ક્ષણે એના મનમાં કોઈનાય માટે કડવાશ હોય એવું દેવરાજસિંહને લાગ્યું નહીં.

'હવે મને સમજાય છે, લગ્ન માટેનો વિરોધ. નાનપણથી જ સ્ત્રીઓનાં કપડાં પહેરવાનો તારો અણગમો.'

'એટલું જ નહીં, બાપુ. મને જ્યારે જ્યારે સ્ત્રી ગણીને અન્યાય કરવામાં આવતો ત્યારે ત્યારે મને ખૂબ ગુસ્સો આવતો. મારું મન જાણે એ વાત સ્વીકારવા જ તૈયાર નહોતું કે હું એક સ્ત્રી છું. મને લાગતું કે મને સ્ત્રી તરીકે જોતો આ સમાજ મને ડગલે ને પગલે અન્યાય કરે છે. મારે અભિની જેમ જ જીવવું હતું, કારણ કે મને એમ લાગતું હતું કે હું અભિ કરતા ક્યાંય ઓછી કે ઊતરતી નથી. મારે પણ બિઝનેસ કરવો હતો. મારે પણ તમારી ઓફિસમાં આવીને તમારી મદદ કરવી હતી.'

'બેટા, હું જુનવાણી વિચારોનો છું, એટલે હજીયે આ તારી સ્ત્રીમાંથી પુરુષદેહની વાત પૂરેપૂરી સ્વીકારી નથી શકતો, પણ હવે સમજું છું તારા તરફડાટને, તારા આક્રોશને અને તારી મુશ્કેલીને...'

ક્યારથી અંદર ગૂંચવાઈ રહેલો સવાલ દેવરાજસિંહે છેલ્લે પૂછી લીધો:

'પણ તને આ બધી ખબર કઈ રીતે પડી? તું પહેલેથી જ આ જાણતી...' એમણે અટકીને સુધાર્યું:

'એટલે કે, જાણતો હતો?'

'ના બાપુ, ટ્રાન્સજેન્ડર વિશે હજી પણ આપણા દેશમાં ખાસ માહિતી ઉપલબ્ધ નથી. એમને લેસ્બીયન કે ગે માં ખપાવી દેવામાં આવે છે. જોકે હવે આવી ક્લબ્સ શરૂ થઈ છે. ઇન્ટરનેટ પર ઘણી માહિતી મળે છે... મારા ઓપરેશન વિશે અમે ઇન્ટરનેટ પરથી જ માહિતી લીધી.'

'ઓપરેશન?'

કેસર જાણે ફરી એક વાર ભૂતકાળમાં સરી પડ્યો... એ કશું બોલ્યો નહીં. પિતાની આમન્યા રાખીને આગળ કશું ન કહેવું એણે નક્કી કરી લીધું. ઓમને પણ એની આ અવઢવ સમજાઈ ગઈ. એણે કેસરના ખભે હાથ મૂક્યો.

'અત્યારે એક નાનકડો ઇન્ટરવલ પાડીએ. ચાલો, બધા જમી લઈએ...'

કેસરને હાશ થઈ. આખી જિંદગી એણે પિતાની સામે અમુક પ્રકારની મર્યાદા જાળવી હતી. હવે આજે આનાથી વધારે વિગતો પિતાની સાથે ચર્ચવાની એનામાં હિંમત નહોતી.

જમ્યા પછી પણ કેસરે પિતા સાથે વાત કરવાનું ટાળ્યું. એણે ઘડિયાળમાં જોઈને ઓમને કહ્યું:

'આજે મોડું થઈ ગયું છે. હું કાલે સવારે આવીને બાપુને લઈ જઈશ. એ મારા ઘરે રહેશે.' પછી એણે દેવરાજસિંહ સામે જોયું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આવશોને, બાપુ?’

દેવરાજસિંહને બદલે ઓમે જ જવાબ આપી દીધોઃ

‘જરૂર આવશે...’

ઓમે પછી દેવરાજસિંહના બંને હાથે વહાલથી પકડી લીધાઃ

‘મારે પણ જવું પડશે... શિંદે મારો જીવ લઈ લેશે. સવારની ગીનતી શરૂ થાય એ પહેલાં હૉસ્પિટલ પહોંચવું પડશે મારે. હું પણ નીકળું છું.’

દેવરાજસિંહનું ગળું ભરાઈ આવ્યુંઃ

‘કઈ રીતે આભાર માનું તારો?’

‘બાપ ક્યારેય દીકરાનો આભાર ન માને... એ તો હુકમ કરે.’ ઓમના ચહેરા પર સોહામણું સ્મિત રમી ગયુંઃ

‘થોડા મહિનાની વાર છે. એક વાર બહાર નીકળી આવીશ પછી નિખિલ શ્રોફ તમારા ઘૂંટણિયે પડીને માફી ન માગે તો મારું નામ બદલી નાખજો... ઓમમાંથી ઈડિયટ કરી નાખજો.’

કેસરની વિદાય પછી ઓમ નીકળતાં પહેલાં દેવરાજસિંહ પાસે ફરી ગયોઃ

‘તમારે મા સાથે વાત કરવી છે?’

‘શ્રદ્ધા સાથે? તું વાત કરાવીશ?’ દેવરાજસિંહની આંખો ચમકી ઊઠીઃ

‘એ બિચારી ખૂબ ચિંતા કરતી હશે.’

‘એમને કહી દો કે તમે સલામત છો. બે-ચાર દિવસમાં ઘરે પાછા ફરશો.’ એ પછી ઓમે સાવધાનીપૂર્વક ઉમેર્યું

‘અત્યારે એમને કેસર વિશે કશું ન જણાવો તો સારું. અચાનક આ બધું સાંભળીને એ મૂંઝાઈ જશે.’

‘સારું, ફોન લગાડ.’

ઓમે દેવરાજસિંહના ઘરે લૅન્ડલાઇન નંબર લગાડ્યો. ક્યાંય સુધી રિંગ વાગતી રહી. ઘરમાં કોઈએ ફોન ઉપાડ્યો નહીં. આરોહીનાં માતાપિતાના ગયા પછી ગુલાબસિંહે લૅન્ડલાઇનનો વાયર કાઢીને ફોન ડેડ કરી નાખ્યો હતો. આજની રાત્રે હવે કોઈના ફોન કે પૂછપરછનો જવાબ આપવાનો ગુલાબસિંહનો મૂડ નહોતો.

શ્રદ્ધાબહેન જાગતાં હતાં, પણ ફોનની રિંગ વાગી જ નહીં એટલે એમને ખબર જ ન પડી કે દેવરાજસિંહ એમના સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

ઓમને નવાઈ લાગી અને દેવરાજસિંહને ચિંતા થઈઃ

‘મહેશ પણ ફોન ન ઉપાડે એવું ક્યારેય ન બને.’

‘ક્યાંક ગયાં હશે?’

‘બધાં ક્યાં જાય?’

‘કોઈનાં લગ્નમાં... કોઈ પ્રસંગે...’

‘ના, હું શ્રદ્ધાને ચાર દાયકાથી ઓળખું છું. આવી સ્થિતિમાં શ્રદ્ધા ઘર છોડીને જવાનું વિચારી પણ ન શકે. એ મારી રાહ જોતી હશે.’

ઓમે કંટાળીને લાઇન કટ કરી અને કહ્યું કે બીજે દિવસે સવારે એ માણસ મોકલીને તપાસ કરાવશે તેમ છતાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દેવરાજસિંહની એ રાત ઉચાટમાં વીતી.

*

પોતાને ઘેર જઈને કેસર જ્યારે પલંગમાં આડો પડ્યો ત્યારે એની આંખોમાંથી ઊંઘ ગાયબ થઈ ગઈ હતી.

છેલ્લા એક વર્ષમાં જે વાતથી એને તકલીફ કે પીડા થઈ હતી એ બધું જ ભૂલવાનો પ્રયાસ કર્યો હતો. પોતાની ચિતરાયેલી સ્લેટ પરથી બધા જ લીટા ભૂંસીને નવેસરથી જિંદગીનો કક્કો ઘૂંટવાનો પ્રયાસ એણે શરૂ કર્યો હતો. ત્યાં આજે દેવરાજસિંહને મળ્યા પછી ફરી એ જ જૂની યાદો અને યાદો સાથે જોડાયેલી કડવાશ એની અંદર ઘૂંટાવા લાગી હતી. જે ઘટનાઓને એણે વિસારે પાડવાનો સાચા હૃદયથી પ્રયાસ કર્યો હતો એ બધી જ ઘટનાઓ ફરી એક વાર ચિત્રપટની જેમ એની આંખ સામે ચાલવા લાગી હતી. પોતે ડૉ. પ્રતિમા પટેલની ક્લિનિકે કઈ રીતે પહોંચી અને ત્યાં એમની સાથે શું શું વાત થઈ એ દૃશ્ય ફરી એક વાર કેસરની નજર સામે તાદૃશ્ય થઈ ગયું...

પાર્લામાં રખડતાં પોતાની જાતને સંતાડવાનો પ્રયાસ કરતાં કરતાં એની નજર ડૉ. પ્રતિમા પટેલના ક્લિનિક પર પડી ત્યારે મોટું ગ્લોસાઇન બોર્ડ આથમી રહેલા સાંજના આછા અજવાળામાં ઝગમગતું હતું. ડૉ. પ્રતિમા પટેલના નામની નીચે એક વાક્ય હતું:

કમ એન્ડ ફાઇન્ડ યોર સેલ્ફ...

કેસરને અચાનક જ પ્રતિમા પટેલની ક્લિનિકમાં પ્રવેશી જવાનો વિચાર આવ્યો. એને અગાઉની એક જ મુલાકાતમાં પ્રતિમા એક સમજદાર સ્ત્રી લાગી હતી. એણે જે રીતે કેસર સાથે વાત કરી અને કેસરને સમજવાનો પ્રયાસ કર્યો હતો એ યાદ આવતાં જ કેસરને લાગ્યું કે પ્રતિમા કદાચ એની મદદ કરી શકે. એ શ્વેતાની ખાસ મિત્ર હતી. એટલે એની મદદથી શ્વેતાનો સંપર્ક થઈ શકે... સાથે જ એને વિચાર આવ્યો કે કદાચ પ્રતિમા પટેલ એને સીધી નિખિલને સોંપી દે અથવા બીજો સાવ વિરુદ્ધ વિચાર એ હતો કે જો પ્રતિમા પટેલને આ બધું કહીને નિખિલને સમજાવવાની વિનંતી કરી શકાય તો પાસો ફેંકી જોવા જેવો ખરો.

પડખાં બદલતાં કેસરને અત્યારે એ ક્ષણ યાદ આવી ત્યારે ફરી એક વાર વિચાર આવ્યો:

પ્રતિમા પટેલ પાસે પણ કદાચ મને ઈશ્વરે જ મોકલ્યો. બીજા કોઈ પણ માણસને બદલે મને એ જ ક્લિનિક શું કામ દેખાય? હું શા માટે બીજે ક્યાંય ન જતાં એમના જ ક્લિનિકમાં દાખલ થયો? શક્ય છે, મા બહુચરાજીને મારી પીડા અને તરફડાટની દયા આવી ગઈ હોય. આખરે તો મા છે. ક્યાં સુધી પોતાના સંતાનનું દુઃખ જોઈ શકે? એણે જ પ્રતિમા પટેલ સુધી મોકલીને મને સાચા જીવનનો રસ્તો બતાવ્યો!

એ જ ઢળતી સાંજે પ્રતિમા પટેલના બીજા પેશન્ટ્સની વચ્ચે ક્લિનિકના એક ખૂણામાં બેસીને ચૂપચાપ હવે પછી શું કરવું એનો વિચાર કરી રહી હતી...

પુરુષના વેશમાં બેઠેલી કેસર મનોમન ફફડી રહી હતી. અચાનક જ શ્વેતાબહેન અહીં આવી જાય તો? પ્રતિમા પોતાને નિખિલને સોંપી દેશે તો? પોલીસ પોતાનું પગેરું શોધતી આવી પહોંચશે તો?

'કેસર!'

પ્રતિમા પટેલનો અવાજ સાંભળીને એ ચોંકી હતી. આવા વેશમાં પણ એને પ્રતિમા પટેલે ઓળખી કાઢી એ વાતની એને નવાઈ લાગી હતી.

'તું... તો...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પ્રતિમા પટેલથી આગળ કશું બોલાયું નહીં. આશ્ચર્ય અને આઘાતમાં એની આંખો પહોળી થઈ ગઈ હતી. એણે હાથના ઇશારાથી જ કેસરને ચેમ્બરમાં આવવાનો ઇશારો કર્યો.

ફફડતા જીવે ત્યાંથી ઊભી થઈને કેસર એમની પાછળ પાછળ એમની પ્રાઇવેટ કાઉન્સેલિંગ ચેમ્બરમાં દાખલ થઈ. ગમે તેટલી માનસિક તૈયારી છતાં આટલી ઝડપથી પ્રતિમાનો સામનો કરવો પડશે એવું એણે ધાર્યું નહોતું.

હવે શું થશે એ વિચારમાત્ર એના અસ્તિત્વને હચમચાવી રહ્યો હતો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 47

આરોહીની સવાર એણે ધારી હતી એટલી ખુશનુમા નહોતી. એની આંખો ખૂલી ત્યારે અભિમન્યુ બાજુમાં ઊંઘતો હતો. લગ્નજીવનની પહેલી રાત્રી કંઈ વિચિત્ર રીતે જ પૂરી થઈ ગઈ હતી. આરોહીને અચાનક જ સમજાયું હતું કે પોતે પોતાના પતિમાં જે ઋજુતા અને લાગણીની ઝંખના કરી હતી એ અભિમન્યુમાં ગેરહાજર હતી. જે અભિમન્યુ આરોહીને પામવા માટે બેબાકળો હતો એ જ અભિમન્યુ ગઈ કાલે રાત્રે સાવ જુદી રીતે વર્ત્યો હતો. આરોહીની આંખો સહેજ ભીની થઈ ગઈ.

એને પિતાની વાત યાદ આવી ગઈઃ

તું જે ધારે છે એવો નથી એ છોકરો...

અત્યારે આરોહી પિતાની એ વાતને સાચી પડતી અનુભવી રહી હતી. નહાઈને તૈયાર થયા પછી એ વિચારતી રહી. નીચે જવું કે નહીં એ વિશે એ અવઢવમાં હતી. નીચે જશે તો શ્રદ્ધાબહેન એની સાથે કઈ રીતે વર્તશે એ વિશે એ ગૂંચવણમાં હતી. થોડી વાર એમ જ બેસી રહ્યા પછી એને અકળામણ થઈ, એટલે એણે અભિમન્યુને જગાડવાનો પ્રયાસ કર્યો. થોડું વહાલમાં ને થોડી ઊંઘમાં અભિમન્યુએ એને નજીક ખેંચી. આરોહી અત્યારે કોઈ પણ પ્રકારના રોમાન્સના મૂડમાં નહોતી...

'ઊઠને, અભિ... મારે મમ્મી-પપ્પાને મળવા જવું છે.'

'જઈએ છીએ, યાર... શું ઉતાવળ છે?'

'તને કેમ સમજાતું નથી, મારા પપ્પા મારી ચિંતા કરતા હશે. રાહ જોતા હશે.'

'અરે યાર, હજી સુધી ગઈ કાલ રાતની વાત ત્યાંની ત્યાં જ છે?'

'અભિ... ઘર છોડીને આવ્યા પછી એ લોકોને કોન્ટેક્ટ પણ કર્યો નથી. સહેજ તો વિચાર કર. મા-બાપ છે મારાં... એમને શું થતું હશે? કેટલી તકલીફ, કેટલી પીડા થતી હશે.'

'અરે યાર, એમને ખબર પડી ગઈ છે કે તારાં લગ્ન થઈ ગયાં છે. હવે ચિંતા શું કરવાની?'

આરોહી સહેજ અકળાઈ ગઈ હતી. એણે ચીડમાં અભિમન્યુને કહી નાખ્યુંઃ

'તને તારાં મા-બાપ માટે લાગણી નથી, એટલે તને નહીં સમજાય, અભિ!'

'હજી ગઈ કાલે લગ્ન થયાં છે આપણાં. પરણ્યાને પંદર-વીસ વર્ષ થઈ ગયાં હોય એવી રીતે બૈરાંની જેમ કચકચ શરૂ કરી દીધી?'

આરોહી કશું જ બોલ્યા વિના રૂમની બહાર નીકળી ગઈ.

એ નીચે ઊતરી ત્યારે શ્રદ્ધાબહેન ડાઇનિંગ ટેબલ પર બેસીને શાક સમારી રહ્યાં હતાં. આખી રાતના મનોમંથન પછી એમણે નક્કી કરી લીધું હતું કે હવે જો આ ઘરમાં જ જીવવાનું હોય તો અભિમન્યુની જોહુકમી સ્વીકાર્યા વગર સ્વમાન અને હિંમતથી જીવવું.

એમણે આરોહીને નીચે ઊતરતી જોઈ. જીન્સ અને શર્ટ પહેરેલી આરોહી કોઈ રીતે નવવધૂ જેવી નહોતી દેખાતી. શ્રદ્ધાબહેનને એક વાર વિચાર આવ્યો કે ઊભા થઈને એની પાસે જાય, પણ... એમણે મન પર કાબૂ મેળવ્યો.

આરોહી ધીમે ધીમે નીચે ઊતરીને ડ્રોઇંગ રૂમમાં આવી... એણે બે-ત્રણ વાર શ્રદ્ધાબહેન સામે જોયું, પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્રદ્ધાબહેન પોતાના કામમાં વ્યસ્ત રહ્યાં. આરોહી એમની નજીક આવી.

'લાવો મમ્મી, હું કરાવું?'

'ના.' શ્રદ્ધાબહેને એની સામે જોયા વિના એકાક્ષરી જવાબ આપ્યો.

'મમ્મી, હું સમજું છું કે મારા વર્તનથી તમને દુ:ખ થયું છે, પણ...'

'દુ:ખ? કઈ વાતનું? હું તો તને ઓળખતી પણ નથી...'

શ્રદ્ધાબહેનની આંખોમાં આરોહીએ ગઈ કાલે જોયેલી અસહાયતા અને દયનીયતા અદૃશ્ય થઈ ગયાં હતાં.

એમણે કોઈ પણ પ્રકારના ભાવ વિના આરોહીને કહ્યું:

'તું આ ઘરમાં પરણીને આવી છે. તારો અધિકાર છે... શાંતિથી રહે અને મને પણ શાંતિથી રહેવા દે.'

આરોહી એક ક્ષણ માટે એમની સામે જોઈ રહી. પછી એણે મનોમન ગાંઠ વાળી:

તમને મારાં સાસુ તરીકે સ્વીકારી લઈને એક નવી વહુ તરીકે હું સામેથી આવી તેમ છતાં તમે મને નકારી છે તો હવે તમે આવશો ત્યારે હું પણ તમને આ જ જવાબ આપીશ એટલું યાદ રાખજો...

*

'ત્યાં જ ઊભી રહેજે. હવે આ ઘરમાં તારા માટે કોઈ જગ્યા નથી.'

આરોહીના પિતાએ એમને ઘરમાં પ્રવેશવાની ચોખ્ખી મનાઈ કરી.

આરોહી અને અભિમન્યુ દરવાજાની બહાર ઊભાં રહી ગયાં. આંખોમાં આંસુ અને ઊતરેલા ચહેરા સાથે આરોહી પિતા મનહરભાઈનો ક્રોધ વરસતો જોઈ રહી. જીન્સ અને શર્ટ પર એણે પહેરેલું મંગળસૂત્ર અને હાથમાં ચૂડા... આ પરિવેશ સહેજ વિચિત્ર લાગતો હતો.

'આ શું બોલો છો?'

અલકાબહેને દોડીને દીકરીને ભેટવાનો પ્રયત્ન કર્યો, પણ મનહરભાઈએ એમનો હાથ પકડી લીધો.

'તારે નક્કી કરી લેવું પડશે. જો એની સાથે સંબંધ રાખવો હોય તો આ ઘરના દરવાજા તારા માટે પણ બંધ થઈ જશે.'

અલકાબહેનની વિસ્ફારિત આંખોમાંથી આંસુ સરકતાં રહ્યાં, પરંતુ પતિની આજ્ઞા વિરુદ્ધ દીકરીને ઘરમાં પ્રવેશ આપવાની એમની હિંમત નહોતી.

'કયા ગુના માટે તમે આરોહીને આ સજા કરો છો? એની મરજીથી પરણી માટે કે મારી સાથે પરણી એ માટે?'

પ્રવેશદ્વાર પાસે સ્તબ્ધ ઊભાં રહી ગયેલાં એ બંનેમાંથી અભિમન્યુએ પ્રથમ મૌન તોડ્યું.

'બંને માટે.'

મનહરભાઈએ આંસુને પોતાની ભીતર ઊંડે દાટી દીધાં હતાં, ચહેરા પર સખત નારાજગી સ્પષ્ટ હતી:

'મારા ના પાડવા છતાં જો એનામાં પોતાની મરજીથી જિંદગી જીવવાની જીદ હોય તો એણે હવે પછીનાં પરિણામ પણ ભોગવી લેવાં પડશે.'

'એ મને પ્રેમ કરતી હતી...' અભિમન્યુએ સહેજ અટકીને ઉમેર્યું:

'કરે છે... એ મારી સાથે પોતાની જિંદગી જીવવા માગે છે. એને પોતાની જિંદગી કોની સાથે જીવવી એ નક્કી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરવાનો અધિકાર તો કોર્ટ પણ આપે છે.'

'તો કોર્ટમાં જઈને જજને પોતાનો બાપ કહે. મને વાંધો નથી.' મનહરભાઈએ ક્યારનો દબાવી રાખેલો ડૂમો એમની આંખોમાં ડોકાઈ ગયો:

'હથેળીમાં પગ મુકાવ્યા છે મેં. એના મોઢામાંથી નીકળે એ પહેલાં એની ઇચ્છા પૂરી કરી છે... જિંદગીનો આટલો મોટો નિર્ણય કરતી વખતે એને બાપનો વિચાર સુધ્ધાં ન આવ્યો?'

'આવ્યો હતો, પપ્પા... આ ઘર છોડતાં પહેલાં...'

એમણે આરોહીની વાત અડધેથી જ કાપી નાખી:

'મારે નથી સાંભળવું. આ ઘર છોડતાં પહેલાં તેં શું વિચાર્યું, તને કેટલી પીડા થઈ, ઘર છોડ્યા પછી તું કેટલું રડી એમાં મને કોઈ રસ નથી...'

આટલું કહી એ ઊંધા ફરી ગયા. ચહેરો આરોહી ન જોઈ શકે એવી રીતે ઊભા રહીને એમણે છેલ્લું વાક્ય કહી નાખ્યું:

'તેં જે ક્ષણે આ ઘર છોડ્યું એ ક્ષણે તારો બાપ મરી ગયો સમજ, આરોહી!'

'આ તમારો આખરી નિર્ણય છે?' હવે તો અભિમન્યુ પણ વળ ખાઈ ગયો.

'હા.'

'હું આરોહી વતી હાથ જોડીને તમારી માફી માગું તો?'

'ગુનો મારી દીકરીનો છે. અજાણ્યો માણસ મારી માફી માગે એનાથી શું ફરક પડે?'

'હું અજાણ્યો માણસ નથી, તમારો જમાઈ છું.'

'એવું તમારે માનવું હોય તો તમે માની શકો છો.'

હવે અહીં ઊભા રહેવાનો કોઈ અર્થ નહોતો. અભિમન્યુએ આરોહીનો હાથ પકડ્યો:

'હું તમને છેલ્લી વાર પૂછું છું... તમે આરોહીને માફ કરવા તૈયાર છો?'

મનહરભાઈ ઊંધા અદબ વાળીને જ ઊભા હતા. એમણે જવાબ ન આપ્યો.

'હું એક વાર આરોહીને લઈને અહીંથી ચાલી જઈશ પછી તમારે એને મારે ઘેર આવીને, માફી માગીને પાછી બોલાવવી પડશે.'

'બેટા, એ અત્યારે ગુસ્સામાં છે. મને ખાતરી છે, હું એમને મનાવી લઈશ.' અલકાબહેને હાથ જોડ્યા:

'તમે કોઈ ગાંઠ નહીં વાળતાં.'

'હું સામેથી માફી માગવા આવ્યો છું. એમનામાં જો એટલી સભ્યતા પણ ન હોય કે આંગણે આવેલા જમાઈને આવકાર આપીને યોગ્ય માન-સન્માન આપે તો એ સભ્યતા મારે એમને શીખવવી જ પડે.'

'મને સભ્યતા શીખવતા પહેલાં એટલું સમજી લેજે કે જેની બહેન ભાગી ગઈ હોય અને જેનો બાપ જેલમાં હોય એ માણસને સભ્યતા જેવો શબ્દ બોલવાનો પણ અધિકાર નથી.'

'હદ થઈ ગઈ...'

આરોહીનો હાથ પકડીને અભિમન્યુ એને ખેંચીને સડસડાટ લિફ્ટ સુધી પહોંચી ગયો. ઉશ્કેરાટમાં એણે બે-ચાર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વાર લિફ્ટનું બટન દબાવી નાખ્યું. લિફ્ટ આવે એટલી વાર પણ ત્યાં ઊભા રહીને રાહ જોવાની એની તૈયારી નહોતી. એણે આરોહીનો હાથ ખેંચીને દાદરા ઊતરવા માંડ્યા. આરોહી હવે શું કરવુંના વિચારમાં અટવાતી અભિમન્યુની પાછળ લગભગ ઘસડાતી હતી. એની આંખમાંથી આંસુ વહેતાં રહ્યાં...

ગાડીનો દરવાજો ખોલીને અભિમન્યુએ એને અંદર ધકેલી. દરવાજો જોરથી બંધ કર્યો. સ્ટિયરિંગ વ્હીલ પર ગોઠવાઈને એણે રોષમાં બંને હાથ સ્ટિયરિંગ વ્હીલ પર પછાડ્યાઃ

'જખ મારવા અહીંયાં લાવી મને? તારા બાપમાં એટલા પણ સંસ્કાર નથી કે આંગણે આવેલા મહેમાન સાથે કઈ રીતે વર્તવું.'

'ગઈ કાલે રાત્રે મમ્મી-પપ્પા બંને આવ્યાં હતાં આપણા ઘરે...'

આરોહીએ પિતાનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો, પણ પપ્પાએ જે કંઈ સંભળાવ્યું એ પછી આરોહીને લાગ્યું કે એના પપ્પાનો ગુસ્સો સાવ ગેરવાજબી નહોતો. એ ગઈ કાલે રાત્રે તો છેક અભિમન્યુના ઘર સુધી પોતાને મળવા આવ્યા હતા ત્યારે એમને મળવા નહીં દઈને એમનું પણ અપમાન કરવામાં આવ્યું હતું. આરોહી જે રીતે પોતાના પિતાને ઓળખતી હતી એ રીતે એને એક વાત સમજાઈ ગઈ કે ગઈ કાલે રાત્રે બગડેલી બાજી અત્યારે પૂરેપૂરી વિંખાઈ ગઈ હતી અને હવે પછી એના પિતા અને અભિમન્યુ વચ્ચે ચાલનારા યુદ્ધમાં એનો પોતાનો ભોગ લેવાઈ જવાનો હતો.

ઉશ્કેરાયેલા અભિમન્યુએ ઘેર જવાને બદલે ગાડી નિખિલની ઓફિસ તરફ લીધી. આરોહીએ એને રોકવાનો પ્રયત્ન કર્યો, પણ અભિમન્યુ અત્યારે કોઈનું પણ સાંભળે એવી મનઃસ્થિતિમાં નહોતો.

'આ આપણી પર્સનલ વાત છે. એમને કહેવાની શી જરૂર છે? અભિ...પ્લીઝ, હું પપ્પાને મનાવી લઈશ.'

'હવે તારા પપ્પાએ મને મનાવવો પડશે.'

અભિમન્યુએ એક્સલરેટર પર પગ દબાવ્યો. મુંબઈના ટ્રાફિકમાં એ ગુસ્સામાં જે રીતે ગાડી ભગાવતો હતો એનાથી આરોહીને બીક લાગી.

'નિખિલને કહેવું તો પડે. કાલે ઊઠીને એમને પાઠ ભણાવવા માટે મારે નિખિલની જ જરૂર પડવાની છે. લગ્ન એણે કરાવ્યાં છે તો હવે જે કંઈ થયું એ બધું એને કહેવું તો પડે ને?'

નિખિલ જાણશે તો સોમલને કહ્યા વિના નહીં રહે... આરોહીને વિચાર આવ્યો. પોતે જે સ્થિતિમાં હતી એ મજબૂરી અને મુશ્કેલીની જાણ જો સોમલને થાય તો... આરોહીનો અહંકાર ઘવાય.

એણે ધાર્યું હતું એમ જ થયું. અભિમન્યુને સમજાવવાને બદલે નિખિલે બળતાંમાં ઘાસલેટ છાંટ્યુંઃ

'મને તો ખબર હતી કે એ અકડુ તમને લોકોને સારી રીતે નહીં આવકારે એટલે જ તો મેં સીધાં લગ્ન કરાવવાનો જ નિર્ણય લઈ લીધો.'

'સાચી વાત છે. એમના આધારે રહ્યાં હોત તો કદાચ હિન્દી ફિલ્મના વિલનની જેમ આરોહીને ઘરમાં પૂરી દીધી હોત.' અભિમન્યુ ગુસ્સામાં ઊભો થઈને આંટા મારવા લાગ્યો.

'તારા જેવો છોકરો મળે એ તો નસીબ... પણ સોમલે વાત કરી એટલે...' નિખિલે દુઃખતી નસ પર જરા વધારે જોર આપ્યુંઃ

'એમને સગી દીકરીના સુખની પરવા નથી, એમનો ઇગો વધારે વહાલો છે.'

'અંકલ, મારા પપ્પા એવા નથી. થોડા દિવસમાં...' આરોહીએ નિખિલ સામે પોતાના પપ્પાનો બચાવ કરવાનો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પ્રયાસ કર્યો.

'થોડા દિવસ? હવે એમનું મગજ જ્યારે પણ ઠેકાણે આવે ત્યારે એમણે આપણા ઘરે આવીને મારી માફી માગીને તને મળવું પડશે.' અભિમન્યુ હજુ પણ ઉશ્કેરાયેલો હતો.

'ધેટ્સ લાઇક અ મેન.'

નિખિલની રિવોલ્વિંગ ચેર ડાબેથી જમણે ફરવા લાગી. એ નહોતો ઇચ્છતો કે અભિમન્યુને એના સાસરેથી કોઈ મદદ કે સપોર્ટ મળે. દેવરાજસિંહની ગેરહાજરીમાં અભિમન્યુ એકલો હોય તો એને ઊંધા રસ્તે દોરવો સરળ પડે...

'મારા પપ્પા ક્યારેય માફી નહીં માગે. હું એમને ઓળખું છું.'

'તો હવે મને પણ ઓળખી લે. જ્યાં સુધી એ માફી નહીં માગે ત્યાં સુધી હવે એમને માટે મારા ઘરના દરવાજા બંધ છે.'

'તારું ઘર?'

નવી નવી પરણેલી છોકરીના ચહેરા પર હોય એવી કોઈ લાલિમા કે ખૂબસૂરતી આરોહીના ચહેરા પર નહોતી દેખાતી. સેંથામાં સિંદૂર હતું, હાથમાં ચૂડો અને ગળામાં મંગળસૂત્ર હતાં, પણ રાતનો ઉજાગરો અને સવારથી શરૂ થયેલા આ કકળાટ તથા રુદને એનો ચહેરો ફિક્કો કરી નાખ્યો હતો. એણે ફરી પૂછ્યું:

'તારું ઘર?'

'તો?' અભિમન્યુ સવાલમાં રહેલી વેધકતા સમજ્યો જ નહોતો.

'મારા પપ્પાએ કહ્યું કે એમના ઘરમાં મારા માટે જગ્યા નથી. તું કહે છે કે તારા ઘરમાં તું કહીશ એમ થશે... તો મારું ઘર કયું, અભિ? એક ઘરનો માલિક પિતા હોય ને એક ઘરનો માલિક પતિ, તો સ્ત્રીનું ઘર કયું?'

'સવાલ ઇન્ટરેસ્ટિંગ છે.' નિખિલના ચહેરા પર ક્રૂર છતાં રમૂજી સ્મિત આવી ગયું:

'આપણે બે-ચાર મહિલાસ્વાતંત્ર્યની સંસ્થાઓને ભેગી કરીને આના પર સેમિનાર રાખીએ. આરોહીને એના સવાલનો જવાબ મળી જશે.' એણે અભિમન્યુ સામે જોયું:

'તારા ફાધરના કોઈ ખબર મળ્યા?'

'ના, જી.'

'મને લાગે છે હવે...'

'શું?'

'આપણે પોલીસમાં ફરિયાદ કરીને એમને લાપતા જાહેર કરી દેવા જોઈએ. ટીવી-અખબારોમાં આપી દઈએ.' એની રિવોલ્વિંગ ચેર ફરી ડાબેથી જમણેનાં ચક્કર કાપવા લાગી:

'જેથી એક વખત પ્રોસેસ શરૂ થાય તો પછી આખી વાત પાટે ચડી જાય.'

'એટલે?'

'એટલે એમ કે લાપતા જાહેર થાય, પોલીસ હાથ ઊંચા કરી દે તો આપણે એમાંથી બહાર નીકળી જઈએ... પ્રોપર્ટી અભિમન્યુના નામે ટ્રાન્સફર થઈ જાય.' નિખિલે પત્તુ ફેંક્યું:

'એટલે કે તું માલિક થઈ જાય બધાનો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એવું થશેને?’

‘હાસ્તો. થોડી રાહ જોવી પડશે. પોલીસ એમને ન શોધી શકે ત્યાં સુધી.’

‘ને પાછા આવે તો?’

‘જીવતા માણસો પાછા આવતા હોય છે, અભિમન્યુ... મરેલા નહીં!’

એ પછી નિખિલ અને અભિમન્યુ જે રીતે હસ્યા એ આરોહીને ગમ્યું નહીં.

થોડી વારમાં આરોહી અને અભિમન્યુ ચેમ્બરમાંથી બહાર નીકળ્યાં ત્યાં સોમલ એમને સામે મળી ગયો:

‘હાઈ! તું તો એવી ને એવી જ લાગે છે.’

‘તો શું? એક રાતમાં કંઈ મોઢું થોડું બદલાઈ જાય?’

અભિમન્યુએ ઊભા રહેવાનું ટાળવાનો પ્રયત્ન કર્યો, પણ નાના પેસેજમાં બંને જણા સામસામે હતા એટલે વાત કર્યા વિના છૂટકો નહોતો.

‘એમ નહીં...’ સોમલ સહેજ અચકાયો. એની નજર સામે પહેલી વાર હોટેલમાંથી ઘેર જતી વખતે કેસરે પહેરેલી લાલ રંગની પોચમપલ્લી સાડી, એના કાનમાં ઝૂલતાં કુંદનનાં ઝુમ્મર અને કપાળ પર લાલચટ્ટક ચાંદલા સાથેનો ચહેરો યાદ આવી ગયો. એની તેજસ્વી આંખો યાદ આવી ગઈ. હાથ ઊંચા-નીચા કરતી વખતે રણઝણી ઊઠતી એની કાચની ચૂડીનો ઝંકાર પણ સોમલ અત્યારે સાંભળી શક્યો.

‘તો કેમ? જરા સમજાવોને...’ અભિમન્યુએ જરા તોછડાઈથી પૂછ્યું.

‘નવી પરણેલી છોકરીઓ... જરા જુદા પ્રકારનું ડ્રેસિંગ કરેને?’

‘એ આ જ લઈને આવી હતી એના ઘેરથી. હવે અમે એના માટે શોપિંગ કરવા જઈએ છીએ.’

‘ગુડ.’ સોમલના ચહેરા પર સ્મિત આવી ગયું. આરોહી એની સામે એકીટશે જોઈ રહી હતી. એક દિવસની વધેલી દાઢી, ચમકતી આંખો, નમણું નાક... એના ચહેરા પરનું સ્મિત આજે પણ આરોહીની અંદર કશુંક પીગળાવી શકતું હતું.

અભિમન્યુએ ફરી એક વાર આરોહીનો હાથ પકડ્યો:

‘એક્સક્યુઝ અસ.’

સોમલ ખૂબ જ શાલીનતાથી એક તરફ ધસી ગયો. એની પાતળી કમર અને પહોળા ખભા પાસેથી પસાર થતી વખતે એનું આફ્ટરશેવ આરોહીને તરબતર કરી ગયું.

‘ગુડ લક, આરોહી...’ સોમલે સહેજ જોરથી કહ્યું:

‘આવી તક વારંવાર નથી મળતી. પૂરેપૂરું વસૂલ કરી લેજે.’

આરોહીએ પાછળ ફરીને જોયું. સોમલે એક આંખ મીંચકારી. એ જ સમયે અભિમન્યુએ પણ પાછળ જોયું. એનાં ભવાં તણાઈ ગયાં.

એ કશું બોલ્યો નહીં, પણ કોણ જાણે કેમ આરોહીની અંદર રહેલી એના સ્ત્રીત્વની છઠ્ઠી ઇન્દ્રિયે એના કાનમાં ફૂંક મારી દીધી કે અભિમન્યુ આનો અર્થ કંઈક જુદો જ કાઢશે...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસર... તું તો...!

પોતાના બેડ પર પડેલા કેસરની આંખો સામે મહિનાઓ પહેલાંનું એ દૃશ્ય હજુય જાણે તાજું હતું...

દરદીઓ વચ્ચે પુરુષવેશમાં બેઠેલી કેસરને જોઈને ચમકી ગયેલાં

ડૉ. પ્રતિમા પટેલ વધુ કશું ન બોલ્યાં. એમણે હાથના ઇશારાથી કેસરને અંદર આવવાનો ઇશારો કર્યો...

કેસર ફફડતા જીવે ઊભી થઈને એમની પાછળ પાછળ એમની પ્રાઇવેટ કાઉન્સેલિંગ ચેમ્બરમાં દાખલ થઈ ત્યારે એ થોડીક જ મિનિટોમાં એના મગજમાં કંઈકેટલાયે વિચારો આવી ગયા.

'તું અહીંયાં શું કરે છે?'

'હું... હું...' કેસરને જવાબ સૂઝ્યો નહીં. એની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. અત્યાર સુધી જે પરિસ્થિતિ સામે એ હિંમતથી લડી રહી હતી એ બધી જ પરિસ્થિતિઓમાં એણે સતત જાળવી રાખેલી સ્વસ્થતા અચાનક જ ખરી પડી. એ કંઈ બોલે એ પહેલાં તો એની માછલી જેવી આંખમાંથી આંસુ સરવા લાગ્યાં.

પ્રતિમાબહેને પાસે આવીને એના ખભે હાથ મૂક્યો. કંઈ સમજ્યા-વિચાર્યા વિના નાનકડા સીટિંગ કાઉચ પર બેઠેલી કેસરે પોતાના બંને હાથ પ્રતિમાબહેનની કમરે લપેટી દીધા. એમને વળગીને એણે ડૂસકે ડૂસકે રડવા માંડ્યું.

'હું... હું ક્યાં જાઉં? એમણે મારી જિંદગી હરામ કરી નાખી છે. ક્યાંય ચેનથી શ્વાસ લઈ શકું એવી એક જગ્યા નથી છોડી.'

કેસરનો શ્વાસ રૂંધાતો હતો. બોલતાં બોલતાં એના ગળામાં શબ્દો અટવાઈ જતા હતા. પ્રતિમાબહેને એક પણ શબ્દ બોલ્યા વિના ફક્ત એના માથામાં હાથ ફેરવ્યા કર્યો. એના ટૂંકા વાળ વિખરાઈ ગયા. રડતાં રડતાં એણે શર્ટની બાંયથી બે-ચાર વાર નાક લૂછ્યું એમાં એની મૂછો પણ ઊખડી ગઈ. થોડી મિનિટ એ રડતી રહી પછી એનો શ્વાસ હેઠો બેઠો. પ્રતિમાબહેનની આસપાસ વીંટાળેલા હાથ હટાવીને એણે બંને બાંયથી ચહેરો લૂછવાનો પ્રયાસ કર્યો. આટલા દિવસની રખડપટ્ટીનો થાક એના ચહેરા પર સ્પષ્ટ વર્તાતો હતો. એની આંખો નીચે કાળાશ આવી ગઈ હતી. એની ગોરી ચામડી ઠેકઠેકાણેથી તતડી ગઈ હતી. મેલો થયો હોવા છતાં એનો ચહેરો સુંદર દેખાતો હતો...

'મને તો એમ કે તું હવે આ દુનિયામાં નથી.'

'મરી પણ ન શકી...' કેસરની આંખો ફરી છલકાઈ આવી.

'સારું થયું. તું હિંમતવાળી છોકરી છે. બીજા માટે દાખલો બને એવી મજબૂતી છે તારામાં.'

'સાંભળવામાં બહુ સારું લાગે છે. બાકી, સ્ત્રી જેટલી વધુ મજબૂત હોય, પુરુષને એને તોડવામાં એટલી જ વધુ મજા આવે છે.'

કેસરનું જડબું તંગ થઈ ગયું. એના સ્વરમાં કડવાશ આવી ગઈ:

'હું એને માફ નહીં કરું એટલું નક્કી છે.'

'કોને? સોમલને?'

'એનો કોઈ વાંક નથી.' કેસરનો ચહેરો સહેજ મૃદુ થયો:

'એણે મને કોઈ નુકસાન નથી કર્યું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તું હજી પ્રેમ કરે છે એને?’

પ્રતિમા પટેલની આંખોમાં આરપાર વીંધી નાખે એવી વેધકતા હતી.

કેસર એક ક્ષણ માટે એમની સામે જોઈ રહી. પછી એણે ડોકું ધુણાવ્યું:

‘ના!’

ઊંચકી ન શકાય એટલું વજનદાર મૌન ચેમ્બરમાં ઘુમરાતું રહ્યું. એરકન્ડિશન મશીનની આછી ઘરઘરાટી સાંભળી શકાય એવો સન્નાટો વ્યાપી ગયો થોડી ક્ષણ.

‘એ ખૂબ સારો માણસ છે. ભલો છે. જાણું છું કે એ મને ચાહે છે, પણ મને એના માટે કોણ જાણે કેમ એવી લાગણી થતી જ નથી.’

‘હું સમજી શકું છું.’ પ્રતિભા પટેલના ચહેરા પર એક રહસ્યમય સ્મિત જોઈને કેસરને નવાઈ લાગી:

‘તું પહેલી વાર શ્વેતા સાથે અહીંયાં આવી ત્યારે જ મને સમજાઈ ગયું હતું કે આ લગ્ન ટકે એમ નથી.’

‘કેમ?’ કેસરની આંખોમાં કુતૂહલ હતું.

‘કારણ કે...’ પ્રતિમા પટેલ સહેજ અચકાયાં:

‘કેસર... મેં તને બીજે દિવસે બોલાવી હતી, ત્યારે તું કેમ ન આવી?’

‘ત્યારે પરિસ્થિતિ જ ગૂંચવાઈ ગઈ હતી. હું પણ અવઢવમાં હતી —હું નીકળી ન શકી.’

‘મારે તને તારા વિશે કંઈક કહેવું છે...’ એ સહેજ અટક્યાં:

‘કેસર, મારે તને કહેવું છે કે...’ પ્રતિમા પટેલે પોતે આગળ શું કહેવા માગતાં હતાં એની જાણે ભૂમિકા બાંધવી શરૂ કરી:

‘મારે તને એક એવું સત્ય કહેવું છે, જે સાંભળીને કદાચ તને આઘાત લાગશે. પ્લીઝ, મનથી તૈયાર થઈ જા.’

‘મને કોઈ જીવલેણ રોગ છે?’ કેસરનો અવાજ સહેજ ધ્રૂજ્યો.

‘ના...’ પ્રતિમાબહેનના ચહેરા પર ફરી એક વાર એ જ રહસ્યમય સ્મિત આવીને અટકી ગયું:

‘તું થોડી જુદી છે.’

એમણે પોતાની ખુરશી પર બેસીને ડેસ્ક ટોપ કમ્પ્યૂટરનો સ્ક્રીન પોતાના તરફ ફેરવ્યો:

‘મને થોડા સવાલોના જવાબ આપ, પછી હું તને કેટલીક વાતો સમજાવીશ.’

એમણે કેસરને થોડા સાદા સવાલો પૂછવા માંડ્યા. એ દરેક સવાલના જવાબો પછી એ પોતાના કમ્પ્યૂટરમાં કોઈ માહિતી ભરતાં રહ્યાં. સવાલ-જવાબનું સેશન પૂરું થયું ત્યાં સુધીમાં લગભગ આઠેક વાર બહાર વેઇટ કરી રહેલા પેશન્ટ્સ વિશે યાદ કરાવવા માટે ઇન્ટરકોમ પર ફોન આવી ચૂક્યા હતા. બહાર બેઠેલા કેટલાક અગત્યના દર્દીઓએ પ્રતિમાબહેનના મોબાઇલ પર ફોન કરીને પોતાની હાજરીની જાણ કરી હતી તેમ છતાં પ્રતિમાબહેન સહેજ પણ વિચલિત થયા વગર કેસર વિશેની માહિતી કમ્પ્યૂટરમાં સ્ટોર કરતાં રહ્યાં.

અંધારું ઊતરી આવ્યું હતું. બંનેમાંથી કોઈને સમયનું ભાન નહોતું રહ્યું. પ્રતિમા પટેલે ઘડિયાળમાં જોયું ત્યારે રાતના સાડા નવ થયા હતા. એમણે ઇન્ટરકોમ ઉપાડીને સેક્રેટરીને પેશન્ટ્સ વિશે પૂછપરછ કરી. ઘણાખરા રાહ જોઈને કંટાળીને ચાલ્યાં ગયાં હતાં. એક-બે જણાં બેઠાં હતાં એમને જવાનું કહીને પ્રતિમાબહેન ફરી એક વાર કેસર તરફ વળ્યાં:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કંઈ ખાવું છે?’

ડોકું ધુણાવીને હા પાડતાં ફરી એક વાર કેસરની આંખ ભરાઈ આવી. બહુચરાજીથી નીકળી એ પછી એણે કશું જ ખાધું નહોતું. પ્રતિમાબહેને ઇન્ટરકોમ પર એના સ્ટાફબોયને ચીઝ સેન્ડવિચ, ફ્રેન્ચ ફ્રાઇઝ, પિત્ઝા અને કોક ઓર્ડર આપ્યો.

ખાવાનું આવ્યું. કેસરે ખાઈ લીધું ત્યાં સુધી એ કમ્પ્યૂટર પર પોતાનું કામ કરતાં રહ્યાં. ખાઈ લીધા પછી એમના પર્સનલ વોશરૂમમાં જઈને હાથ-મોઢું ધોઈને કેસર બહાર આવી. એમણે ધીમે ધીમે કેસર સાથે વાત કરવા માંડી:

‘કેસર, તને જે કંઈ થાય છે તે સામાન્ય નથી. તું આ દુનિયામાં જન્મ લેતી સીધીસાદી કરોડો નોર્મલ-સામાન્ય છોકરીઓમાંની એક નથી.’

કેસર ધડકતા હૃદયે એમની વાત સાંભળી રહી હતી.

‘તારું શરીર તો સ્ત્રીનું છે, કેસર... પણ એમાં મન અને મગજ પુરુષનાં છે.’

‘એટલે?’

‘એટલે કે ટ્રાન્સજેન્ડર... એટલે કે સરળ ભાષામાં તને સમજાવું તો સ્ત્રીની કાયામાં સપડાયેલો પુરુષ અને પુરુષના શરીરમાં સપડાયેલી સ્ત્રી!’ એ સહેજ અટક્યાં.

‘તારા જેવા લોકોને ટ્રાન્સજેન્ડર કહેવાય છે. એમાં શરમાવા જેવું કે ગુનાની લાગણી અનુભવવા જેવું કંઈ નથી હોતું. ક્યારેક ઈશ્વર પણ ભૂલ કરી બેસતો હોય છે. તું મા બની શકે એમ છે... તારાં બધાં જ અંગો એક સ્ત્રી જેવાં જ નોર્મલ છે, પણ તારું મન, તારું મગજ અને અમારે વિજ્ઞાનમાં માનનારાઓએ પણ સ્વીકારવું પડે તો, તારો આત્મા પુરુષનો છે.’

આ છ-આઠ વાક્ય સાંભળતાં સાંભળતાં તો કેસરની ભીતર એક ધરતીકંપ થયો હોય એમ બધું જ હચમચવા લાગ્યું. કોઈ જ્વાળામુખી ફાટ્યો હોય એમ ધગધગતો લાવારસ લોહીની જગ્યાએ શરીરમાં દોડવા લાગ્યો. એની આંખો વિસ્ફારિત હતી. એરકન્ડિશન ચેમ્બરમાં એના કપાળે પરસેવાનાં ટીપાં બાઝ્યાં હતાં:

‘હું લેસ્બિયન...’

એને અમદાવાદ એરપોર્ટ બહાર મળેલી પૂનમ અને એની બહેન યાદ આવી ગયાં. જોકે એને ત્યારે પણ કશું જ નહોતું થયું. કોઈ રોમાંચ કે શારીરિક આકર્ષણની લાગણી ત્યારે પણ નહોતી થઈ એ એને બરાબર સમજાતું હતું.

પ્રતિમા પટેલે ડોકું ધુણાવ્યું:

‘ટ્રાન્સજેન્ડર્સ લેસ્બિયન્સ નથી હોતાં. સ્ત્રીઓ તરફનું એમનું આકર્ષણ સહજ અને સ્વાભાવિક હોય છે. કોઈ પુરુષને એક સ્ત્રી તરફ થાય એટલું જ સ્વાભાવિક.’ એમણે નજીક આવીને કેસરના ખભે હાથ ફેરવ્યો:

‘પુરુષ જેવો જ માલિકીભાવ, એવો જ ગુસ્સો, એટલો જ અહંકાર અને એટલી જ તીવ્ર શારીરિક જરૂરિયાત ટ્રાન્સજેન્ડર એમની સ્ત્રીમિત્રો પરત્વે અનુભવતા હોય છે. ક્યારેક સંસ્કાર અને સમજદારી એમને શારીરિક નિકટતા સુધી જતાં રોકી લે છે, તો ક્યારેક આવા લોકોના એમની સ્ત્રીમિત્રો સાથે સંબંધો બંધાય છે...’

પ્રતિમાબહેન આ કહી રહ્યાં હતાં ત્યારે કેસરને એની બેસ્ટ ફ્રેન્ડ વિદ્યાના મંગેતર નીલાંગ સામેનો પોતાનો તિરસ્કાર અને વિદ્યા પરત્વેનો માલિકીભાવ યાદ આવી ગયો. વિદ્યાએ શું પહેરવું, શું ખાવું, કઈ રીતે વર્તવું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એવી વાતોમાં પણ ક્યારેક કેસર એના ઉપર જોહુકમી કરતી... વિદ્યાએ જ્યારે નીલાંગ સાથે સગાઈ કરવાનું નક્કી કર્યું ત્યારે કેસર બે દિવસ એની સાથે બોલી નહોતી એ વાત પણ એને યાદ આવી ગઈ.

'એટલે હું...'

'જો કેસર, હવે તારી પાસે બે જ રસ્તા છે. એક, આ વાસ્તવિકતા —આ સત્ય જાણ્યા પછી તારે તારા આ જ શરીરમાં રહીને ઈશ્વર સાથે સમાધાન કરી લેવું. તારી કાયા સ્ત્રીની છે, છતાં તું ક્યારેય કોઈ પુરુષને પ્રેમ નહીં કરી શકે... સ્ત્રી તને આકર્ષશે, પણ તારા શરીરને કારણે...'

પ્રતિમાબહેને સહેજ વધુ વિસ્તારથી એને બધું જ સમજાવવાનો પ્રયાસ કર્યો. કેસર શાંતિથી બધું સાંભળતી રહી. થોડી વાર પછી વાત જાણે સમેટી લેતાં હોય એમ પ્રતિમાબહેને સહાનુભૂતિથી એને કહ્યું:

'કેસર, આ દ્વિધામાંથી પણ બહાર આવવાનો રસ્તો છે, પણ આજની રાત મારા ઘેર ચાલ. શાંતિથી વિચારજે. આપણે કોઈ ઉતાવળ નથી. નિર્ણય તારે જ કરવાનો છે. બાકીની બધી મદદ હું કરી શકીશ... ડૉક્ટરથી શરૂ કરીને ઉત્તમ હૉસ્પિટલ્સ અને શ્રેષ્ઠ પ્લાસ્ટિક સર્જન્સની મદદ લઈશું આપણે, પણ એક વાર તું મનથી સ્પષ્ટ થઈ જા કે તારે શું કરવું છે.'

કેસર ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગઈ હતી. પ્રતિમાબહેને જે કંઈ સમજાવ્યું એ પછી એક વસ્તુ એના ગળે ઊતરી હતી કે એ જે હતી તે એ નહોતી... એ જે નહોતી તે હોવાનું એ અનુભવી રહી હતી. એક શરીરમાં રહીને બબ્બે જિંદગીઓ જીવવા કરતાં આ શરીરનો ત્યાગ કરીને એક નવી જિંદગી, નવી ઓળખાણ અને નવા શરીર સાથે જીવવા માટે હિંમતની જરૂર હતી એ ખરું, પરંતુ જિંદગી આખી પીડાવા કરતાં એક વાર હિંમત કરીને સામા પૂરે તરી જવાથી ક્યાંક તો પહોંચાશે એવું કેસરને લાગવા માંડ્યું હતું.

'કશું વિચારવું નથી મૅડમ, હું તૈયાર છું.'

'તને લાગે છે એટલું સહેલું નથી, કેસર.'

'હું જેટલું જીવું છું એટલું અઘરું તો નહીં જ હોય એની મને ખાતરી છે.'

એક નિર્ણય લેવાઈ ગયા પછીની દૃઢતા અને એમાંથી સર્જાયેલી શાંતિ કેસરના ચહેરા પર હવે સ્પષ્ટ દેખાતી હતી.

'બસ તો!' પ્રતિમાબહેને નજીક આવીને એના ખભે હાથ મૂક્યો:

'આજની રાત શાંત ચિત્તે ઊંઘી જા. આવતી કાલથી આપણે એક નવી કેસરને ઘડવાનો સહિયારો પ્રયત્ન શરૂ કરીશું.'

'નવી કેસર નહીં, ડૉક્ટર.' એના ચહેરા પર એક ઊઘડતા પરોઢ જેવું સ્મિત રમી ગયું:

'નવો કેસર!'

કેસર અચાનક ઊભી થઈ ગઈ. પ્રતિમાબહેનની ચૅમ્બરમાં રહેલા આદમકદ અરીસા સામે ઊભી રહીને પોતાને નીરખીને બોલી ઊઠી:

'ગુડ બાય, કેસર...'

પછી ક્ષણેક થોભીને એણે ઉમેર્યું

'વેલકમ, કેસરસિંહ!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 48

ગુડ બાય, કેસર... વેલકમ, કેસરસિંહ!

બેડ પર આડા પડેલા કેસરને પોતાના આ શબ્દો અક્ષરશઃ યાદ હતા. ડૉ. પ્રતિમા પટેલની ચેમ્બરના આદમકદ આયના સામે ઊભાં રહીને પોતાની કાયા નીરખીને એ આ શબ્દો બોલી હતી...

એ પછી વીતેલો એક એક દિવસ અત્યારે કેસરની નજર સામેથી પસાર થઈ રહ્યો હતો... ક્લિનિકમાંથી મોડી રાત્રે બંને પ્રતિમાબહેનને ઘેર પહોંચ્યાં ત્યાં સુધીમાં કેસરે નક્કી કરી લીધું હતું કે એ ઉધારની જિંદગી નહીં જીવે.

જોકે ફક્ત નક્કી કરવાથી શું થઈ શકે? હવે જે થવાનું હતું એ બધું જ પ્રતિમાબહેને એને ધીમે ધીમે સમજાવ્યું. ઓછાંમાં ઓછાં છ ઓપરેશન એના શરીર પર થવાનાં હતાં. ધીમે ધીમે આ શરીર સ્ત્રીની કાયામાંથી પુરુષનું શરીર બની જવાનું હતું.

'ખર્ચ?' ત્યારે કેસરે અચકાતાં અચકાતાં પૂછી લીધું હતું.

'એની ચિંતા તું ન કર. તારી પાસે પૈસા છે ખરા?'

'થોડા છે. ઘરેથી લઈને નીકળી હતી, પણ એમાંના સારા એવા પૈસા વપરાઈ ગયા છે.'

'તારી પાસે હોય એટલા આપજે.' પ્રતિમાબહેને ખૂબ જ વહાલથી કેસરના માથે હાથ ફેરવ્યો હતોઃ

'થોડા તારી પાસે રાખજે. ઓપરેશન પછી નવી જિંદગી શરૂ કરવા માટે પણ પૈસાની જરૂર તો પડશેને!'

'તો પણ અંદાજે કેટલો ખર્ચ થતો હોય છે?'

'વીસેક લાખ!'

'એટલા બધા તો...'

કેસરના ચહેરા પર ઘેરાતી ચિંતા પ્રતિમાબહેનથી અજાણી ન રહી.

'એની ચિંતા તું ન કર... અમુક સંસ્થા છે, જે આપણને મદદ કરશે. ડૉક્ટર મારા ઓળખીતા છે એટલે એ પણ એના ચાર્જીસ ઘટાડી દેશે, છતાં ખૂટે તો હું છું ને?'

'તમે મારી આટલી મદદ શું કામ કરો છો?'

આખરે કેસરે પૂછી જ નાખ્યું. આ સવાલ એને ક્યારનો મૂંઝવતો હતો.

'કારણ કે હું એક સાઇકિયાટ્રિસ્ટ છું.' પ્રતિમાબહેનના ચહેરા પર સ્મિત રમી ગયુંઃ

'બીજી અનેક બ્રાંચમાં એડ્મિશન મળતું હતું, પરંતુ મેં ના લીધું. મને માણસની માનસિક સ્વસ્થતામાં રસ છે. ધીરે ધીરે મને એવું સમજાયું છે કે જો માણસ માનસિક રીતે સ્વસ્થ હશે તો મોટા ભાગના રોગ એનાથી દૂર રહેશે.'

કેસર ચૂપચાપ સાંભળતી રહી.

'રોગ થાય છે શરીરને, પણ એનાં મૂળ આપણા મનમાં પડ્યાં હોય છે. બ્લડપ્રેશર, ડાયાબિટિસ, અસ્થમા કે ચામડીના રોગો જેવા અનેક રોગોની શરૂઆત ખરેખર મનમાંથી થાય છે.'

'હું તો તમારી બહેનપણીને મુશ્કેલીમાં મૂકીને ભાગી... એ લોકોને બદનામ કર્યા તેમ છતાં તમે...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'લિસન, શ્વેતા મારી મિત્ર છે એ સાચું, પણ હું તને ફક્ત શ્વેતાની પુત્રવધૂ તરીકે નથી ઓળખતી. તું એક વ્યક્તિ છે—તારું પણ એક જુદું અસ્તિત્વ છે.'

'એમને ખબર પડશે તો?'

'પડશે જ... મેં તને મદદ કરી છે એવી પણ એને જાણ થશે. મને કોઈનો ડર નથી.' એમણે કેસરની પીઠ પર હાથ ફેરવ્યો:

'મેડિકલ સાયન્સની દુનિયામાં આ એક વધુ ચમત્કાર તરીકે નોંધાશે. હું એમાં નિમિત્ત બનીશ એનો મને આનંદ છે. હું પહેલાં એક ડૉક્ટર છું. પછી બીજું કંઈ પણ... મારો પહેલો સંબંધ માણસના મન સાથે છે—મારા પેશન્ટ્સ સાથે છે. બાકીના બધા સંબંધો એ પછી આવે છે.'

પ્રતિમાબહેનની આંખોમાં દેખાતો સધિયારો કેસર માટે જીવવાનું બળ બની ગયો હતો. એણે લીધેલા નિર્ણયને વળગી રહેવામાં પ્રતિમાબહેનના કાઉન્સેલિંગ અને એમણે આપેલી માનસિક સારવાર એના માટે બહુ મદદરૂપ થઈ રહી. એક વાર નિર્ણય લઈ લીધા પછી બનતી તમામ ઘટના જાણે કેસરને ભીતરથી વધુ ને વધુ મજબૂત કરી રહી હતી...

...અત્યારે પણ પોતાના ઘરમાં આંખ મીંચીને ઊંઘવાનો પ્રયત્ન કરી રહેલા કેસરને એ રાત યાદ આવતી હતી. હૉસ્પિટલમાં બીજા દિવસે એનું ઓપરેશન હતું. ઓપરેશન પહેલાંના કેટલાક ટેસ્ટ માટે એને આગલા દિવસે એડમિટ કરવામાં આવી હતી. હૉસ્પિટલનાં કપડાં લઈને એણે પોતાના રૂમ સાથે જોડાયેલા ડ્રેસિંગ રૂમમાં પ્રવેશ કર્યો.

બંને તરફ છેક છત સુધીના મોટા અરીસામાં એણે પોતાની જાતને જોઈ...

...અત્યારે પણ બંધ આંખો સામે કેસરસિંહને પેલી કેસર યાદ આવી રહી હતી...

...હૉસ્પિટલના ડ્રેસમાં ઊભેલી કેસર પોતાની કાયાને ધ્યાનથી જોઈ. તદ્દન નિર્વસ્ત્ર ઊભેલી કેસર સ્ત્રીશરીરના વળાંકોને જોતી રહી. આ શરીરમાં જીવવાની કદાચ આ એની આખરી રાત હતી. આવતી કાલથી એનો એક નવો આકાર ઘડાવાની શરૂઆત થવાની હતી.

સાપ પોતાની કાંચળી ઉતારે એમ આ કેસર ઊતરી જવાની હતી... પોતાના જ શરીરમાંથી બહાર નીકળીને ફરી એક વાર એ જ શરીરમાં દાખલ થવાના અવર્ણનીય અનુભવમાંથી એણે પસાર થવાનું હતું અને એ પ્રવાસની આગલી રાત્રે એ પોતાની જાતને જાણે છેલ્લી વાર નીરખી રહી.

આ શરીરમાં એણે જિંદગીના બે દાયકાથી વધુ સમય વિતાવ્યો હતો. એણે પોતાની કાયા પર સહજતાથી હાથ ફેરવ્યો, આ એની કાયા હતી—એનું શરીર હતું... એનું પોતાનું. બધા એને આ શરીરથી ઓળખતા હતા. આ શરીર ન રહે તો એને કોઈ ઓળખશે ખરું?

...બધું બદલાશે. ચહેરો પણ બદલાશે. હું આવી ને આવી કેસર તો નહીં જ રહું...

એને વિચાર આવ્યો ત્યારે આ એને ભગવદ્ગીતાના બે શ્લોકો યાદ આવ્યા. શ્રદ્ધાબહેન આગ્રહ કરતાં ત્યારે એ ગીતા વાંચી સંભળાવતી. ત્યારે તો માને રાજી રાખવા સિવાય ભગવદ્ગીતાનું કોઈ મહત્ત્વ નહોતું, પણ આજે આ ક્ષણે એના કાનમાં કોઈ ભગવદ્ગીતાનું ગાન કરી રહ્યું હોય એમ એને શ્લોકના પડઘા સંભળાતા હતા.

*દેહિનોઽસ્મિન્યથા દેહે કૌમારં યૌવનં જરા ।*
*તથા દેહાંતરપ્રાપ્તિ ર્ધીરસ્તત્રન મુહ્યતિ ॥*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દેહ ધારણ કરનારાને જેમ આ દેહમાં બાળપણ, યૌવન અને ઘડપણ આવે છે તે પ્રમાણે જ તેને આગળ જતાં બીજો દેહ પ્રાપ્ત થાય છે. આ વિશે બુદ્ધિશાળી વ્યક્તિ દુઃખી થતો નથી કે મોહ કરતો નથી.

*वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि।*
*तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥*

જેમ કોઈ જૂનાં વસ્ત્રો ઉતારી નાખીને નવાં વસ્ત્રો ધારણ કરે. એ જ રીતે આત્મા જૂના દેહને વસ્ત્રની જેમ ઉતારીને નવા શરીરમાં દાખલ થાય છે...

કેસરે પોતાના એ જૂના શરીરને છેલ્લી વાર જોઈ લીધું. આકર્ષક વળાંકો, બેદાગ ગોરી ત્વચા, પાતળી કમર, નાજુક ખભા, પાતળી ગ્રીવા, સપ્રમાણ ઊભરાયેલાં સ્તનયુગ્મ અને ભરાવદાર નિતંબધ... આમ જુઓ તો આ શરીરમાં કશુંયે ખૂટતું નહોતું. કોઈ પણ પુરુષને આકર્ષવા માટે એક સ્ત્રીની કાયામાં હોવું જોઈએ એ બધું જ એમાં મોજૂદ હતું. તેમ છતાં આયના સામે ઊભેલી કેસરને પોતાનું જ શરીર પરાયું લાગતું હતું. જાણે બીજા કોઈ માણસનાં બેઢંગાં કપડાં પહેર્યાં હોય એવું એને પોતાનું શરીર અત્યારે લાગી રહ્યું હતું.

સ્ત્રી હોવાની સાબિતી સમું એનું એ ગુપ્તાંગ પણ એને અત્યારે બોજારૂપ લાગી રહ્યું હતું. કાલે આ શરીર પલટાવવાની શરૂઆત થશે પછી પોતે કેવી લાગશે અથવા કેવો લાગશે એની કલ્પના કેસરની ભીતર કોઈ શારડીની જેમ ગોળ ગોળ ફરી રહી હતી.

'અત્યારે તો તું હા પાડે છે, હિંમત બતાવે છે, પણ પછીથી તને અફસોસ નહીં થાયને? કંઈ ખોઈ નાખ્યાની, ગુમાવી દીધાની કે ભૂલ કર્યાની?'

એણે સામે દેખાતા પ્રતિબિંબને પૂછ્યું.

ના...

સામે ઊભેલું પ્રતિબિંબ જાણે કેસરનું નહીં, પણ કેસરસિંહનું હોય એમ એણે અદબ વાળીને દૃઢતાથી ડોકું ધુણાવ્યું:

—હું રાહ જોઈ રહ્યો છું કે મને મારું અસ્તિત્વ પાછું મળે. આટઆટલું તરફડ્યા પછી મળેલી ઓળખ માટે અફસોસનો સવાલ જ નથી આવતો.

કેસર પોતાના જ પ્રતિબિંબની આંખોમાં આંખો નાખીને વાત કરી રહી હતી:

'આ દુનિયા તને નહીં સ્વીકારે તો? તારી મજાક ઉડાવશે, અપમાન કરશે તો શું કરીશ? આખેઆખું અસ્તિત્વ બદલી નાખવું સહેલું નથી, કેસર! ગઈ કાલ સુધી તું કોઈ એક વ્યક્તિ હો અને આવતી કાલથી તું કોઈ બીજી વ્યક્તિ બની જાય તો વચ્ચે ખોવાયેલી આખેઆખી આજનો હિસાબ કેવી રીતે આપીશ?'

—કોણ માગશે હિસાબ?

'જે તારી સામે આવીને ઊભું રહેશે એ બધા જ સવાલ પૂછશે, કેસર... કેસરબામાંથી કેસરસિંહ તરીકે તું તો સ્વીકારી લઈશ, પણ બીજા?'

—મારી જિંદગીનો આધાર જો બીજાના સ્વીકાર પર હોત તો અત્યારે અહીં તારી સામે ઊભી જ ન હોત!

આયનાની સામે ઊભેલી કેસરના ચહેરા પર સ્મિત આવી ગયું:

'વાત તો તારે ને મારે જ કરવાની છે. આપણે બંને અદલબદલ માટે તૈયાર છીએ કે નહીં? બસ, એટલો જ જવાબ જોઈએ છે મને...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

—હું તો તરફડું છું આ આયનાની કેદમાંથી બહાર નીકળવા, ખુલ્લી હવામાં શ્વાસ લેવા...

કેસરને લાગ્યું કે પ્રતિબિંબની આંખો ભીની થઈ ગઈ હતી:

—હાલતા-ચાલતા, હસતા-બોલતા અને લડતા-ઝઘડતા માણસોની દુનિયામાં જીવવું છે મારે...

'તો આવ...'

કેસરે હાથ લંબાવ્યો. એનાં ટેરવાં ઠંડા કાચની સપાટીને સ્પર્શતાં હતાં, પણ એને લાગ્યું કે એ કોઈ જીવતા-જાગતા ગરમ લોહીના આદમીની ત્વચાને સ્પર્શી રહી હોય. એના લંબાયેલા હાથમાં જાણે પ્રતિબિંબનો હાથ મુકાયો. બહાર ઊભેલી કેસરે એ હાથ પકડીને પ્રતિબિંબને બહાર ખેંચ્યું:

—શું કરે છે? પ્રતિબિંબ પૂછી રહ્યું હતું.

'તું બહાર આવ... તો જ હું અંદર આવીશને?'

—તું કેદ થઈ જઈશ.

'તું તો મુક્ત થઈશને?'

—આ ફ્રેમમાં બંધ થઈને જીવવાની ગૂંગળામણ તું સહી શકીશ?

'આટલો વખત આ ગૂંગળામણ તેં સહી છે, કેસરસિંહ... હવે કેસરનો વારો છે...'

કેસરે જામે પ્રતિબિંબને ખેંચી કાઢ્યું અને એ મક્કમતાથી એલ્યુમિનિયમની ફ્રેમમાં જડાયેલા આયનામાં દાખલ થઈને આયના પાછળની દુનિયામાં ખોવાઈ ગઈ...

...બંધ આંખે અત્યારે પણ કેસરસિંહ એ અનુભવ વાગોળી રહ્યો હતો. આખી રાત કેસરસિંહ એ બધી જ ક્ષણમાંથી પસાર થતો રહ્યો, જે એક પછી એક પગથિયાં બનીને એને અહીં સુધી લઈ આવી હતી. ક્યાંક બેચેની હતી તો ક્યાંક એક પ્રકારની રાહત...

સવારે એણે આંખો ખોલી ત્યારે આંખોમાં રાતનો ઉજાગરો અંજાયેલો હતો. એ રાતે થોડી મિનિટ પણ નિરાંતે ઊંઘી શક્યો નહોતો. આજે જ્યારે એ પિતાને લેવા પહોંચશે ત્યારે દેવરાજસિંહ એની સાથે કઈ રીતે વર્તશે એ વિશે કેસરસિંહ ગૂંચવણમાં હતો.

દેવરાજસિંહના ગઈ કાલના વર્તન પછી એ નક્કી નહોતો કરી શકતો કે આજે એ પોતાની સાથે આવશે કે નહીં? પોતાનું આ બદલાયેલું સ્વરૂપ પિતા માટે આઘાત હતો એ એને સમજાતું હતું, પરંતુ આખી રાત વિચાર્યા પછી પિતા એ વાત સ્વીકારી શકશે કે નહીં એ વિશે હજી સુધી એ નક્કી કરી શકતો નહોતો.

નિત્ય કર્મ પતાવીને, નાહીને, કમર પર લપેટેલા ટુવાલ સાથે અરીસામાં જોઈને દાઢી કરતી વખતે પોતાની છાતી પરના ટાંકા જોઈને કેસરસિંહને ફરી એ પીડાદાયક અનુભવ યાદ આવી ગયો...

*

પહેલું ઓપરેશન કરાવવાનું નક્કી કર્યું ત્યાં સુધી કેસર હિંમતમાં હતી, પરંતુ મનોમન એને થોડો ડર – થોડો અજંપો પણ સતાવતો હતો, પણ એણે પ્રતિમાબહેનને એ વાત કળવા નહોતી દીધી.

ટ્રાન્સજેન્ડર ઓપરેશન કરતાં પહેલાં આપવામાં આવતી બધી જ માનસિક સારવાર પ્રતિમાબહેને એને આપી હતી. હવે પછી એણે જે શારીરિક પીડામાંથી પસાર થવાનું હતું એ વિશે એને પૂરેપૂરી તૈયાર કરી હતી. તેમ છતાં કેસરની અંદર એક ફફડાટ હતો. એનેસ્થેસિયા આપવામાં આવે તે પહેલાં એણે બાજુમાં ઊભેલાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પ્રતિમાબહેનનો હાથ જોરથી પકડી લીધો. ઘૂંટણને પૂરેપૂરા વાળીને, વળી શકાય એટલું ટૂંટિયું વળી જવાની એને સૂચના આપવામાં આવી... જાણે માના ગર્ભમાં ફરી સમાઈ જવા મથતું બાળક!

એની કરોડરજ્જુમાં એક ઇન્જેક્શન આપવામાં આવ્યું. એની કમર નીચેનો ભાગ ધીમે ધીમે વજનદાર થતો ગયો. એના પગ એના ચેતાતંત્રના કહ્યાની બહાર નીકળી ગયા. કેસરને સમજાતું હતું કે એની કમર નીચેનો ભાગ છે ખરો, પણ જાણે એ કેસરના શરીરનો ભાગ જ ન હોય એમ એના પર કશાયની અસર નહોતી થતી...

ડૉક્ટર્સની ટીમ એના પહેલા ઓપરેશન માટે કામે લાગી ગઈ હતી. લેપ્રોસ્કોપીની નાનકડી પ્રક્રિયાથી એના શરીરમાંનાં સ્ત્રીઅંગોને કાઢી લેવામાં આવ્યાં. ગર્ભાશય, અંડાશય અને સ્ત્રીબીજ વાહિની ટ્યુબ દૂર કરવામાં આવી. આ ઓપરેશન લગભગ કલાક જેટલું ચાલ્યું. કેસરનું મગજ બરાબર હતું. આંખો પર પટ્ટી હતી. જે કંઈ થઈ રહ્યું હતું એની પીડા એને અનુભવાતી નહોતી શકતી, પરંતુ એના શરીર સાથે કશુંક બની રહ્યું છે એવો અનુભવ એને થઈ રહ્યો હતો.

ઓપરેશન પૂરું થતાં જ એને ઊંઘનું ઇન્જેક્શન આપી દેવામાં આવ્યું. એની આંખો ખૂલી ત્યારે એ સ્પેશિયલ રૂમમાં સૂતી હતી. હજી તંદ્રા એમ જ હતી. એનેસ્થેસિયા ધીમે ધીમે ઊતરતો હતો. પીડા ખાસ નહોતી, પરંતુ પોતાના શરીરમાંથી કશુંક ચાલી ગયાનો એક વિચિત્ર ખાલીપો એ અનુભવી શકતી હતી.

હવે મા બનવાની ક્ષમતા એનું શરીર ગુમાવી ચૂક્યું હતું.

તું એક વાર મા બનીશને તો તને સમજાશે કે માની લાગણી એટલે શું? માની કાળજી એટલે શું અને માની પીડા એટલે શું?

એને શ્રદ્ધાબહેનની વાત યાદ આવી ગઈ. હવે કદાચ એને ક્યારેય નહીં સમજાય એક માની લાગણી!

હૉસ્પિટલના બિછાને સૂતેલી કેસરને શ્રદ્ધાબહેનના વિચારમાત્રથી આંખમાં પાણી આવી ગયાં. જરાસરખો તાવ આવે કે શરદી થાય તો પણ શ્રદ્ધાબહેન એની આગળ-પાછળ ફર્યાં કરતાં. દેવરાજસિંહ માટે તો દીકરી માંદી પડે એટલે દુનિયા થંભી જતી. કેસરની તબિયત સહેજ નાજુક હોય તો દેવરાજસિંહ દિવસમાં દસ વાર ફોન કરતા... સવારે ઓફિસ જતાં પહેલાં એના રૂમમાં જતાઃ તું કહે તો ન જાઉં... એને માથે હાથ ફેરવીને એમ પૂછી લેતા.

પોતે સહેજ માંદી પડે એટલે ફોન કરીને વિદ્યાને બોલાવી લેતી. એને સ્કૂલ કે કોલેજ પણ ન જવા દેતી. આખો વખત વિદ્યાએ એની પાસે બેસી રહેવાનું. એને કંપની આપવાની...

જ્યુસ, ફ્રૂટ્સ, જાતજાતની ગેમ્સ અને ડીવીડીની માગણી કરતી. કંટાળો આવે છેના બહાના હેઠળ એ જે માગે તે એને મળી જતું. બંને બહેનપણીઓ સાથે મળીને માંદગીના બદલે મજા કરતી. માંદગીને લગભગ ઉત્સવ બનાવી દેતી કેસર.

આજે બિછાને પડેલી કેસરની પાસે કોઈ પોતાનું કહી શકાય એવું નહોતું. કોઈ એને માથે હાથ ફેરવે કે એની જિંદગીમાં આવી રહેલા બદલાવ વિશે એનો હાથ પકડીને એને હિંમત આપે એવું કોઈ નહોતું.

વિદ્યા પણ નહીં!

વિદ્યાના આપઘાત પછી બીજા દિવસનાં અખબારોમાં એ સમાચાર વિગતવાર છપાયા ત્યારે પોતે ડૉ. પ્રતિમા પટેલની ઘેર હતી. આત્મહત્યા પહેલાં વિદ્યાએ લખેલા પત્રની વિગતો પણ છાપાંઓમાં હતી.

'મારે જવું છે... જવું જોઈએ.' એણે પ્રતિમાબહેનને કહ્યું હતું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જઈને શું કરીશ? જે થવાનું હતું એ થઈ ચૂક્યું છે, કેસર.’

પ્રતિમાબહેને એને ખૂબ જ વ્યવહારુ સલાહ આપી હતી એ દિવસેઃ

‘એક વાર ત્યાં હાજર થઈશ તો ફરી પાછી એ જ વિષચક્રમાં સંડોવાઈ જઈશ. તારી જિંદગીએ તારી સામે એક નવો દરવાજો ખોલ્યો છે, કેસર... એ દરવાજો બંધ કરીને જો ફરી પાછી જૂની દુનિયામાં પહોંચી ગઈ તો એ જ બધાં દુઃખો તારી રાહ જોતાં ઊભાં હશે.’

એ સવારે કેસર ખૂબ રડી હતી...

વિદ્યાના મૃતદેહને પણ નહીં જોઈ શકવાની એની મજબૂરીએ એને તોડી નાખવાને બદલે એનામાં એક પ્રકારની શક્તિ ભરી દીધી હતી. જાતીય પરિવર્તન કરાવવાનું એના ઢચુપચુ થઈ રહેલા વિચારને એ ક્ષણે એક દૃઢ આધાર મળી ગયો હતો. વિદ્યાના કમોતની ઘટનાએ એને પોતાની જાત બદલવા માટે વધુ કટિબદ્ધ કરી નાખી હતી.

જે કંઈ થયું એને માટે પોતે પણ જવાબદાર હતી એવું કેસરને સતત લાગતું રહ્યું... વિદ્યાને મૃત્યુ તરફ ધકેલનાર ફક્ત નીલાંગ નહીં, એ પોતે પણ હતી... જ્યાં સુધી નીલાંગને એના ગુનાની સજા ના મળે ત્યાં સુધી પોતે ચેનથી નહીં બેસે એવી ગાંઠ વાળીને કેસરે ટ્રાન્સજેન્ડર ઓપરેશન માટે જાતને પૂરેપૂરી તૈયાર કરી લીધી હતી.

એક અખબારે તો પંખા પર ઝૂલતો, શ્યામ પડી ગયેલો ચહેરો અને હોઠ પાસે આવીને અટકી ગયેલાં ફીણવાળો વિદ્યાનો ફોટો છાપ્યો હતો. એ ફોટો કાપીને કેસરે લેમિનેટ કરાવ્યો હતો. એ નાનકડી કોપી એણે પોતાના વોલેટમાં રાખી હતી. જેટલી વાર એને હારી જવાની લાગણી થતી એ દરેક વખતે વિદ્યાની બંધ આંખો અને ચહેરા પર થીજી ગયેલી યાતના એને આગળ વધવા માટે એક ધક્કો મારી દેતી હતી.

હૉસ્પિટલના બિછાને અર્ધતંદ્રામાં પણ એને વિદ્યાનો ચહેરો દેખાતો હતો. એણે અર્ધતંદ્રામાં હોઠ ફફડાવ્યાઃ

‘વિદ્યા... વિદ્યા...’

‘કેસર...’ પ્રતિમાબહેનનો હાથ એના વાળમાં ફરતો હતો.

‘વિદ્યા ક્યાં છે?’

‘વિદ્યા... એ તો નથી.’

‘વિદ્યાને બોલાવો.’ કેસર તંદ્રામાં હતીઃ

‘મારે વિદ્યાનું કામ છે. મારે એની માફી માગવી છે. મારે લીધે એને નીલાંગે મારી. એને બહુ તકલીફ પડી છે. વિદ્યાને બોલાવો...’

કેસર અર્ધતંદ્રામાં બબડતી રહી અને પ્રતિમાબહેન એના હાથ પર, એના કપાળ પર, એના વાળમાં માર્દવથી હાથ ફેરવતાં રહ્યાં.

કેસરનું મન અર્ધજાગ્રત અવસ્થામાં હતું. એને ધીરે ધીરે એ બધું જ યાદ આવી રહ્યું હતું.

વિદ્યાના મૃત્યુ પછી પ્રતિમાબહેનને જાણ કર્યા વગર કેટલીય વાર વિદ્યાના બિલ્ડિંગની આસપાસ ચક્કર માર્યાં હતાં. કેટલીયે વાર એનું મન ઉપર જઈને એનાં માતાપિતાને મળવા તરફડ્યું હતું. કેટલીયે વાર એને થયું હતું કે નીલાંગને ભરરસ્તે પકડીને ધોઈ નાખે...

આમાંનું કશુંયે એ કરી શકી નહોતી. આ નહીં થઈ શક્યાનો અફસોસ એના મનમાં ઊંડે સુધી ઊતરી ગયો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતો. અત્યારે અર્ધજાગ્રત મનની સ્થિતિમાં એ કંઈનું કંઈ બબડતી હતી... પ્રતિમાબહેન સમજતાં હતાં. એનેસ્થેસિયાની અસર ઊતરતાં ઘણા લોકો આ રીતે વર્તે એ સહજ હતું. સુષુપ્ત મનમાં પડેલી વિગત ધીમે ધીમે બહાર આવતી હોય છે ક્યારેક...

*

શેવિંગ કરતાં કરતાં અરીસામાં પોતાની જાતને જોઈ રહેલા કેસરને અત્યારે પણ નીલાંગનો વિચાર આવતાં જ એનું લોહી ગરમ થઈ ગયું.

એણે નીલાંગ પર ચાલી રહેલા કેસ પર સતત નજર રાખી હતી. કેસર જાણતો હતો કે વિદ્યાની વિરુદ્ધમાં અને નીલાંગના પક્ષમાં જ નિખિલ જુબાની આપવાનો હતો. નિખિલ શ્રોફની જુબાનીથી કેસ ફરી જવાની સંભાવના હતી. પોતાની જાતને લગભગ નિઃસહાય અનુભવી રહેલો કેસર મનોમન ધૂંધવાતો હતો.

એણે બે-ચાર વાર પ્રતિમાબહેનને પૂછ્યું હતું:

'હું કોર્ટમાં હાજર થઈ જાઉં? સૌને સત્ય હકીકત જણાવી દઉં? મને ખાતરી છે કે આખો કેસ પલટાઈ જશે.'

'જો કેસર, હજી એ સમય નથી થયો.'

'તો ક્યારે આવશે એ સમય?' એ ધૂંધવાતો રહેતો, પણ દેવરાજસિંહ જેલમાંથી ન નીકળે અને પોતે પૂરેપૂરો કેસરસિંહ ન બની જાય ત્યાં સુધી પ્રતિમાબહેને એને બહાર નીકળવાની સ્પષ્ટ મનાઈ કરી હતી. એક પછી એક ઓપરેશન ચાલી રહ્યાં હતાં અને પ્રતિમાબહેન સિવાય બીજું કોઈ નહોતું, જે એની સંભાળ રાખી શકે. એટલે આવા સમયમાં એમની મરજી વિરુદ્ધ વર્તીને એમને નારાજ કરવાની કેસરની હિંમત નહોતી.

નિખિલ શ્રોફની જુબાની જો અટકાવી શકાય તો નીલાંગને જેલ થાય એની કેસરને ખાતરી હતી, પણ પ્રતિમાબહેને એ થવા દીધું નહીં...

આજે વિદ્યાના કેસનો ચુકાદો આવવાનો છે એ યાદ આવતાં જ કેસરનું લોહી ફરી ઊકળી ઊઠ્યું. શેવિંગ પતાવીને શર્ટ-જીન્સમાં સજ્જ થઈ રહેલા કેસરે વૉલેટમાંથી વિદ્યાનો ફોટો કાઢીને જોયો. એની આંખો ભરાઈ આવી. વિદ્યાના ચહેરા પર એણે હળવેથી ટેરવાં ઘુમાવ્યાં. અત્યારે પણ જાણે વિદ્યાની ત્વચાને સ્પર્શતો હોય એમ કેસરનું રૂંવેરૂંવું થરથરી ઊઠ્યું.

નિખિલ શ્રોફે કોર્ટમાં કહ્યું હતું કે વિદ્યા માનસિક રીતે અસ્થિર હતી. એની બહેનપણી કેસર એને ચડાવતી રહેતી હતી. કેસરે પોતાનાં લગ્ન તો વિખેરી જ કાઢ્યાં, પણ એણે વિદ્યાની જિંદગી પણ બરબાદ કરી હતી. વિદ્યાના આપઘાત માટે ખરેખર નીલાંગ નહીં, પણ કેસર જવાબદાર હતી એવું કોર્ટને સોગંદપૂર્વક જણાવીને નિખિલ શ્રોફે કેસની દિશા પલટી નાખી હતી.

આજનો ચુકાદો નીલાંગની તરફેણમાં આવવાનો હતો એની કેસરને જ નહીં, સમગ્ર મીડિયાને લગભગ ખાતરી હતી. બપોર સુધીમાં ચુકાદો આવવાની રાહ જોઈ રહ્યો હતો. એક વાર નીલાંગ છૂટીને પોતાને ઘેર પહોંચે એ પછી કેસર પોતાનો હિસાબ સરભર કરવાનો હતો એવી એણે ગાંઠ વાળી લીધી હતી...

*

કેસર જ્યારે માજિદના ફ્લૅટ પર પહોંચ્યો ત્યારે દેવરાજસિંહ એની રાહ જોઈને બેઠા હતા. એમની આંખોમાં હજીયે ગઈ કાલનો અસ્વીકાર વાંચી શકાતો હતો, પરંતુ એ અસ્વીકારની સાથે સાથે એક પીડા અને અસહાયતા ઉમેરાયાં હતાં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરને સમજાયું નહીં, પણ એને જોતાં જ દેવરાજસિંહ ઊભા થઈને એને ભેટી પડ્યા:

'બેટા...' રૂંધાયેલા ગળે એમણે ધીમેથી કેસરને કહ્યું:

'સાવજ... સાવજ તો આરોહીને પરણી ગયો.'

'આરોહી... વ્હોટ?' કેસરની આંખો ઝીણી થઈ:

'સોમલની આરોહી?'

'હા, બેટા.'

'આ બધું ચોક્કસ નિખિલે ગોઠવ્યું હશે.'

'એણે જ લગ્ન કરાવ્યાં.'

'તમને કોણે કહ્યું?'

'ઓમનો ફોન હતો. એણે ઘેર તપાસ કરાવી...' દેવરાજસિંહે આંખો લૂછી:

'કોણ જાણે તારી માની શું હાલત હશે? મારે જલદી ઘેર પહોંચવું છે. બને તો આજે જ.'

'આજનો દિવસ પસાર થઈ જવા દો.'

'કેમ?'

'આજે નીલાંગના કેસનો પણ ચુકાદો આવશે.'

'તેથી શું? ચુકાદો તો નક્કી જ છે. નિખિલ શ્રોફ જેના પક્ષમાં હોય એ હારશે એમ તું માને છે?'

'બાપુ, નિખિલના પાપનો ઘડો ભરાઈ ગયો છે. આજના ચુકાદા સાથે એની નવ્વાણું ગાળ પૂરી થઈ જવાની છે.'

કેસરના હાવભાઈ પલટાઈ ગયા. એના ચહેરા પર નમણાશ હજીયે દેખાતી હતી, પણ જિમમાં વર્કઆઉટને કારણે એનું કાઠું મજબૂત થયું હતું. ડૉક્ટરે સ્ટેરોઇડ આપીને એને અમુક રીતે પૌરુષી દેખાવ આપ્યો હતો. એ સહેજ પણ સ્ત્રૈણ કે વરવો નહોતો લાગતો હવે. બલકે, લેટેસ્ટ હેન્ડસમ મોડેલ જેવો કૂણો અને ચોકલેટી ચહેરો શોભતો હતો એના આ નવા શરીર પર!

દેવરાજસિંહ એને ધ્યાનથી જોઈ રહ્યા હતા:

'બેટા, શું કરી લઈશું આપણે?'

'ઘણું.' કેસરસિંહના ચહેરા પરનો આત્મવિશ્વાસ દેવરાજસિંહને આશ્ચર્યમાં ડુબાડી દે એટલો તીવ્ર હતો:

'આ એક વર્ષ મેં ફક્ત શરીર બદલવામાં નથી કાઢ્યું, બાપુ... મેં મારી જાતને આવનારા દિવસો માટે રોજેરોજ તૈયાર કરી છે. હજી તો મારે મારી નવી ઓળખાણ છતી કરવાની પણ બાકી છે. અભિમન્યુ અને ગુલાબસિંહને આ નવા કેસરસિંહ સાથે કામ પાડવાનું છે.'

'અભિમન્યુ, ગુલાબસિંહ અને એ બંનેની ભેગો પેલો નિખિલ છે, જ્યારે તું એકલો... એ લોકો તારી જિંદગી હરામ કરી નાખશે, બેટા... નહીં સ્વીકારે તને.'

'એટલું મેં નહીં ધાર્યું હોય, બાપુ?' એના ચહેરા પર સ્મિત રમી ગયું:

'સંઘર્ષની શરૂઆત તો ઘરમાંથી જ થશે એ જાણું છું, બાપુ!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સહેજ થોભીને કેસર બોલ્યોઃ

‘હું એકલો નથી, બાપુ. મારી સાથે ઓમ છે, માજિદભાઈ છે અને...’ એની આંખોમાં અચાનક એક અપાર્થિવ તેજ ઊતરી આવ્યું:

‘અને ઈશ્વર છે મારી સાથે.’

‘આપણે આજે જ ઘેર જતા રહીએ.’

‘આજે નહીં, કાલે.’

‘પણ કાલે ચોક્કસ...’ દેવરાજસિંહની આંખોમાં હજીય હળવો અવિશ્વાસ હતો.

‘કાલે સવારની ચા તમે તમારા ઘેર પીશો, દેવરાજસિંહ ગુલાબસિંહ ઝાલા...’

અદબ વાળીને ઊભેલો કેસર પિતાને જ્યારે આ કહી રહ્યો હતો ત્યારે બારીમાંથી આવતો સોનેરી તડકો જાણે કેસરની પાછળ એક સોનેરી વલય રચી રહ્યો હતો. દેવરાજસિંહને લાગ્યું કે એમના બધા જ પ્રશ્ન હલ કરવા માટે ઈશ્વરે જ એમને બીજો દીકરો મોકલી આપ્યો હતો. એમનો અસ્વીકાર એક જ ક્ષણમાં ઓગળી ગયો...

એમણે નજીક આવીને ધીમેથી કેસરના માથા પર હાથ મૂક્યોઃ

‘જય માતાજી...’

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 49

બંને જણા ચૂપચાપ બેઠા હતા. નજર સામે જે કંઈ દેખાતું હતું એના ઉપર દેવરાજસિંહ ઝાલાને ભરોસો જ બેસતો નહોતો. એમની સામે બેઠેલો ગોરો-નમણો, કૂણા દાઢી-મૂછ ધરાવતો કેસરસિંહ હજુ તો બાર-તેર મહિના પહેલાં એમની લાડકી દીકરી કેસર હતો એ વાત એમના ગળે જ ઊતરતી નહોતી.

'હું તમને લેવા આવ્યો છું.'

કેસરે આવીને કહ્યું ત્યારે પહેલાં દેવરાજસિંહે ઘેર જવાની જીદ પકડી રાખી, પરંતુ કેસરે એમને ખૂબ સમજાવ્યા. ઘરની પરિસ્થિતિ સામે લડવા માટે વ્યૂહરચના તૈયાર કરવી પડશે એ વાત મહેનતપૂર્વક એમના ગળે ઉતારી પોતાની સાથે લઈ આવ્યો. વર્સોવામાં વન બેડરૂમ કીચન હોલનો એક નાનકડો ફ્લૅટ ભાડે રાખીને એ ત્યાં રહેતો હતો.

આસપાસની દુનિયા-સમાજની ખબરોથી એ પૂરેપૂરો વાકેફ હતો. દેવરાજસિંહના ઘરમાં જે કંઈ ચાલી રહ્યું હતું એ વિશે પણ કેસર બનતી બધી જ માહિતી એકઠી કરતો. પડોશીઓ, એની ઓફિસમાં અને વર્સોવામાં એની આસપાસ રહેતા માણસો અને માજિદના માણસો પણ એને કેસરસિંહના નામે ઓળખતા હતા.

ફ્લૅટના પ્રવેશદ્વારનું લોક ખૂલવાનો અવાજ આવ્યો કે તરત પડોશીનું બારણું ખૂલ્યું:

'અરે કેસર... આવી ગયો, બેટા? આજે વહેલો?'

'હા, દાદા.' એણે સ્મિત કર્યું:

'મારા બાપુજી આવ્યા છે... ગામથી.'

સામે મોટી ઉંમરના મરાઠી સજ્જન ગંજી અને લેંઘો પહેરીને ઊભા હતા. એમણે તરત જ દેવરાજસિંહની સામે હાથ જોડ્યા:

'નમસ્કાર.'

દેવરાજસિંહે સામા હાથ જોડી દીધા.

'બહુ ડાહ્યો છોકરો છે, સાહેબ, તમે નસીબદાર છો કે તમને આવો દીકરો મળ્યો. બાકી, આજના જમાનામાં એકલા રહેતા છોકરા માથાનો દુખાવો બની જાય.' એ પડોશીએ કેસરનાં વખાણ કરવા માંડ્યાં:

'ભાડામાં એક દિવસ મોડું નથી કરતો. ઘાટી પણ નથી રાખતો. પૈસા બરાબર બચાવે છે...' પડોશીના બોખા મોઢા પર સ્મિત આવી ગયું:

'આજ સુધી મેં કોઈ છોકરીને આવતી નથી જોઈ. ભઈ, આજના જમાનામાં તો એકલા રહેતા છોકરાનાં કેટલાંય લફરાં હોય... તમે નસીબદાર કે તમને આવો રામ જેવો દીકરો મળ્યો!'

'હા જી.' દેવરાજસિંહે ફરી ડોકું ધુણાવી દીધું.

'એક દિવસ ચા પીવા આવજો.' એમના ચહેરા પર કેસરસિંહ માટેનું મન અને વહાલ સ્પષ્ટ દેખાતું હતું:

'લઈ આવજે એક વાર વડીલને...' પછી એણે આંખો ઝીણી કરીને પૂછ્યું:

'આઈ નથી આવી?'

'ના. એ પછી આવશે.' વધુ સવાલો ઝીંકાય તે પહેલાં કેસરે ઘરમાં દાખલ થઈને દરવાજો બંધ કરી દીધો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ખાસ્સી વાર સુધી દેવરાજસિંહ ઘર જોતા રહ્યા. એક છોકરો રહેતો હોય એવી કોઈ નિશાની આ ઘરમાં નહોતી. અત્યંત વ્યવસ્થિત અને કોઈ સ્ત્રીના યોગ્ય સંચાલનમાં ચાલતું હોય એવું ઘર હતું આ!

દેવરાજસિંહના ચહેરા પર સ્મિત આવી ગયું:

'સરસ ઘર છે. કામ શું કરે છે તું?'

'પ્રતિમાબહેને એક ફેશન ડિઝાઇનરની ઓફિસમાં નોકરી અપાવી. શરૂઆતમાં તો તૈયાર માલ ડિલિવર કરવાનું અને ઉઘરાણી કરવાનું કામ કરતો હતો, બાપુ.' કેસરની આંખોમાં સમ્માનનો ભાવ આવી ગયો:

'મારા સાહેબને બધી ખબર હતી. પ્રતિમાબહેને મારા વિશે બધું જણાવીને જ નોકરી અપાવેલી.'

'પણ લાગે છે કે તું તો સારું કમાય છે.'

'એક-બે વાર એમના માણસો નહોતા આવ્યા. ત્યારે ઇમરજન્સીમાં મેં કેટલાંક કામ સારી રીતે પતાવી દીધાં... બસ, ત્યારથી અશ્વિનજી મને વધુ જવાબદારી સોંપતા ગયા... હવે એમણે મને ડિઝાઇનિંગનુંય કામ સોંપ્યું છે.' કેસરના ચહેરા પર ગૌરવભર્યું સ્મિત હતું:

'અત્યારે હું કમ્ફર્ટ ડિઝાઇન્સના ડિપાર્ટમેન્ટમાં હેડ છું. ચાલીસ હજારનો પગાર ઉપરાંત બીજી સગવડો મળે છે.'

'એક વાત કહું, બેટા? એક સાવજ છે, જેને સોનાની થાળીમાં પીરસીને આપ્યું તોય પચ્યું નહીં ને એક તું છે... જિંદગીએ તને સંઘર્ષ સિવાય કંઈ નથી આપ્યું. છતાંય તેં લોઢામાંથી સોનું બનાવીને બતાવ્યું.'

દેવરાજસિંહને ધીરે ધીરે કેસરસિંહમાં વિશ્વાસ વધતો જતો હતો. આ છોકરો હવે ગૂંચવાયેલા કોકડાને ધીમે ધીમે ઉકેલી શકશે એ વાત એમનું મન સ્વીકારવા લાગ્યું હતું.

લંચમાં કેસરે સરસ મજાના રવૈયાં અને રોટલી બનાવ્યાં. ગુજરાતી દાળ અને ઓસાવેલો ભાત જોતાં જ દેવરાજસિંહની આંખોમાં પાણી આવી ગયાં:

'તું તારી મા જેવું રાંધે છે.'

'એક મજાની વાત કહું, બાપુ?' કેસરે હાથ લંબાવીને દેવરાજસિંહની આંખોમાંથી પાણી લૂછી નાખ્યાં:

'શરીર તો બદલાઈ ગયું, પણ આવડત મારી સાથે જ રહી. માએ વઢી વઢીને શીખવેલી રસોઈ આજે બહુ કામ લાગે છે. સામાન્ય રીતે પુરુષે લગ્ન કરવાં પડે, કારણ કે જાતે રાંધીને ખાઈ શકે એવા પુરુષો બહુ ઓછા હોય. જ્યારે એ બાબતમાં હું નસીબદાર છું.'

દેવરાજસિંહના ચહેરા પર પણ સ્મિત આવી ગયું:

'ખરી વાત છે. પુરુષ બધું કરી શકે, પણ સ્ત્રીની કુશળતાથી રસોડું સંભાળવું એના હાથની વાત નથી.'

'એવું નથી, બાપુ...' કેસર હસી પડ્યો.

'ફાઇવ સ્ટાર હોટેલના બધા રસોઇયા પુરુષો જ હોય છેને?!'

બાપ-દીકરાએ આનંદથી લંચ કર્યું. પછી રસોડું આટોપીને કેસર પિતાની સામે ગોઠવાયો:

'તમારે માટે એક સરપ્રાઇઝ છે.'

'શું?' દેવરાજસિંહની આંખો ઝીણી થઈ ગઈ. કેસરે રિસ્ટવોચમાં નજર કરી:

'બહુ રાહ નહીં જોવી પડે...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરનું વાક્ય પૂરું થાય એ પહેલાં તો ફ્લૅટની બૅલ રણકી. કેસરે દરવાજો ખોલ્યો. સામે ઊભેલી વ્યક્તિને જોઈને દેવરાજસિંહને ડૂમો ભરાઈ ગયો. એ કશું જ બોલી શક્યા નહીં. એમની આંખોમાં આશ્ચર્યની સાથે સાથે એક સધિયારો હતો. સામે ઊભેલો મહેશ એમને જોતાં જ એમના પગમાં પડી ગયોઃ

'બાપુ...'

એ પછી તો કેટલીય મિનિટો સુધી એ દેવરાજસિંહના પગ પકડીને ક્યાંય સુધી રડતો રહ્યો. કદાચ એણે ધારી લીધું હતું કે હવે દેવરાજસિંહ ક્યારેય પાછા નહીં ફરે. એને બદલે એમને જીવતા જોઈને... કેસરનું બદલાયેલું સ્વરૂપ જોઈને એને ખૂબ રડવું આવ્યું. ખાસ્સી વાર સુધી રડી લીધા પછી એ માંડ સ્વસ્થ થયો ત્યારે એણે ઘરની પરિસ્થિતિનો ચિતાર આપવા માંડ્યો.

વારંવાર શ્રદ્ધાબહેન પાસે રોકડા રૂપિયા લઈ લઈને અભિમન્યુ એમને જે રીતે ત્રાસ આપતો હતો એ બધું તો એણે કહ્યું જ. સાથે સાથે આરોહીના આવ્યા પછી ચોવીસ કલાકમાં ઘર જે રીતે બદલાયું હતું એ વાતનો પણ મહેશ પાસે આંખેદેખ્યો અહેવાલ હતો. દેવરાજસિંહ તો આ બધું જાણતા હતા. શ્રદ્ધાબહેને અગાઉ એમને ફોન પર વાત કરેલી, પરંતુ કેસર આ બધું સાંભળીને ઉશ્કેરાઈ ગયો. ખાસ કરીને મા સાથેના ગેરવર્તનની વાત સાંભળીને એનો ચહેરો બદલાઈ ગયોઃ

'લાત મારીને કાઢીશ હું પેલાં બંનેને...'

'બહેન તો સાવ તૂટી ગયાં છે. દાદાજી રાત-દિવસ એમને કહ્યા કરે છે કે હવે તમે ક્યારેય પાછા નહીં આવો. પહેલા બે-ત્રણ દિવસ તો બહેનને આશા હતી, પણ ગઈ કાલે સાંજે તો એ રડતાં રડતાં ભગવાનના મંદિરમાં જ ઊંઘી ગયાં. સાહેબ, હવે બહેનથી વધારે જુલમ નહીં સહેવાય.' માંડ સ્વસ્થ થયેલો મહેશ ફરી રડું રડું થઈ ગયોઃ

'ક્યાંક એવું ના થાય કે તમે પાછા આવો ત્યાં સુધીમાં મોડું થઈ જાય.'

દેવરાજસિંહનું હૃદય એક ધડકારો ચૂકી ગયું. મહેશે જાણે એમના જ મનની વાત કહી નાખી હતી. એમણે કેસર સામે જોયું.

'અમે ચોવીસ કલાકમાં ઘેર પાછા આવીશું.'

'ખરેખર?'

'આ રાજપૂતના દીકરાનું વચન છે.' એની આંખમાં જાણે લોહીના ટશિયા ફૂટી નીકળ્યા.

'એક નિખિલની દિશામાં તપાસ કરવાની બાકી છે. એ બાજુની રમત સમજાઈ જાય એટલે...'

'પ એની તપાસ કેવી રીતે કરીશ તું?' કેસરનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ દેવરાજસિંહ બોલી ઊઠ્યા.

'મારી પાસે રસ્તો છે... એક એવો રસ્તો, જે સીધો નિખિલના ઘરની અંદર ખૂલે છે.'

'એવું કોણ છે?'

'છે.' કેસરે રહસ્યમય સ્મિત ફરકાવ્યું...

દેવરાજસિંહ વિચારતા રહ્યા કે કેસરના મનમાં એવો તે કોણ માણસ છે, જે નિખિલના ઘરમાં સીધું ડોકિયું કરી શકે?

કેસર કંઈ સોમલ કે શ્વેતાનો સંપર્ક તો ન જ કરે. નિખિલના કોઈ નોકરો એની વિરુદ્ધ જવાની હિંમત ન કરે. કેસરને એમને ખુદને જે પ્રકારની માહિતી જોઈતી હતી એ નિખિલની ઓફિસના માણસો પાસે હોવાની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સંભાવના નહોતી તો પછી કોણ હોઈ શકે?

દેવરાજસિંહ જ્યારે નિખિલની આસપાસના તમામ માણસોને તપાસી રહ્યા હતા ત્યારે કેસર નિરાંતે એની ચેસ ગોઠવી રહ્યો હતો. એને ખાતરી હતી કે બીજે દિવસે સવારે એ જે વ્યક્તિને મળવાનો હતો એ વ્યક્તિ એની મદદ તો કરશે જ...

*

'ઉફ્ફ નો... મારા માન્યામાં નથી આવતું!'

નેહા એને એકીટશે જોઈ રહી હતી. ઓફ વ્હાઇટ લિનનનું શર્ટ અને બ્લેક જીન્સ પહેરેલો કેસર બીજાઓ કરતાં થોડો નાજુક લાગતો હતો, પણ છેલ્લા થોડા મહિનામાં કસરત કરીને એણે એનું શરીર ખાસ્સું ખડતલ કર્યું હતું. એના ખભા અને બાવડાં હવે લગભગ પુરુષ જેવાં દેખાતાં હતાં. ફોલ્ડ કરીને પહેરેલા શર્ટમાંથી દેખાતા કોણી નીચેના હાથ કસાયેલા લાગતા હતા. શર્ટના ખુલ્લા બટનમાંથી છાતીના થોડા થોડા વાળ દેખાતા હતા. કૂણા ચહેરા પર આછાં આછાં દાઢી-મૂછ એને વધુ સોહામણો બનાવતાં હતાં.

જ્યાં એ લોકો પહેલી વાર મળ્યાં હતાં એ જ, જૂહુ સર્કલ પાસેના કોસ્ટા કોફીમાં કેસર તથા નેહા આમને-સામને બેઠાં હતાં. નેહાને હજુય વિશ્વાસ નહોતો બેસતો કે સામે જે ફૂટડો યુવાન બેઠો છે એ ખરેખર કેસર છે...

કેસરે ફોન કરીને નેહાને મળવા બોલાવી ત્યારે એણે ફોન પર પોતાનું નામ નહોતું આપ્યું.

ફોન ઉપર અજાણ્યો અવાજ સાંભળીને નેહાને નવાઈ લાગી હતી:

'તમે કોણ બોલો છો એ પહેલાં કહો.'

'મારી પાસે કેસર વિશે કેટલીક એવી માહિતી છે, જે તમને કામ લાગશે. કેસર જીવે છે. એ મુંબઈમાં જ છે.'

'તમે મને મૂરખ સમજો છો?'

'ના. હું તમને ખૂબ હોશિયાર સમજું છું માટે જ મળવા માગું છું.'

'મારે તમારી વાત શું કામ માનવી જોઈએ?'

'નહીં માનવાનું પણ કોઈ કારણ તો નથી જ તમારી પાસે.'

'કેસર વિશે માહિતી હોય તો સોમલને આપો. એનાં માતાપિતાને આપો. મને શું કામ કહો છો?'

'કારણ કે તમે એ બધાં કરતાં સમજદાર છો. કેસરે જ મને કહ્યું છે કે મારે ફક્ત તમારી સાથે વાત કરવી. કેસરને તમારા પર સૌથી વધારે વિશ્વાસ છે.'

નેહાને બહુ નવાઈ લાગી. હવે એની પાસે દલીલો નહોતી. જો કેસરે પોતાના માટે કોઈ સંદેશો આપ્યો હોય તો આ માણસને નહીં મળીને જિંદગીભર અફસોસ કરવા કરતાં એક વાર એને મળી લેવું નેહાને વધુ યોગ્ય લાગ્યું. પાંચેક સેકન્ડના મૌન પછી આ અજાણ્યા અવાજે એને પૂછ્યું હતું,

'કોસ્ટા કોફીમાં? જ્યાં તમે એને પહેલી વાર મળ્યાં હતાં ત્યાં મળીશું? ચાર વાગ્યે?'

'જરૂર...' નેહાએ ઘડિયાળમાં જોયું ત્યારે ત્રણ વાગ્યા હતા.

અચ્છા, તો આ માણસ એમની પહેલી મુલાકાત વિશે પણ જાણતો હતો!

આમેય પોતાના સેલફોનમાં પેલાનો નંબર આવ્યો હતો. એણે વિચાર્યું કે આ માણસ પાસે જુઠ્ઠું બોલવાનું ખાસ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કોઈ કારણ નહોતું. ખરેખર કેસરને કોઈ મદદની જરૂર હોય તો એને મદદરૂપ થવાની માનસિક તૈયારી સાથે નેહા જ્યારે કોસ્ટા કોફી પહોંચી ત્યારે ત્યાં બેઠેલા કેસરસિંહને એ પહેલી નજરમાં ઓળખી જ ન શકી.

ભડક કેસરી રંગના સ્પગેટી ટોપ ઉપર કાળા રંગનું લાંબુ ટ્રાન્સપરન્ટ શર્ટ અને બ્લેક ટાઇટ્સમાં નેહા આકર્ષક દેખાતી હતી. એની કમરનો વળાંક, સુડોળ પગ અને કાળા રંગના પારદર્શક શર્ટમાંથી દેખાતા શરીરનો તાંબાવર્ણો રંગ તગતગી રહ્યો હતો. બ્લેક કલરના રબરબેન્ડમાં એણે બધા વાળ ભેગા કરીને ઊંચી પોનીટેલ બનાવી હતી. સિગારેટનું પૅકેટ, લાઇટર અને મોબાઇલ લઈને એ કોસ્ટા કોફીમાં દાખલ થઈ ત્યારે ત્યાં બેઠેલા દરેક યુવાને આ આકર્ષક છોકરીને એકાદ વાર તો જોઈ જ લીધી.

નેહાએ સરસરી નજર કોસ્ટા કોફીમાં ફેરવી. જેવી એની નજર કેસરસિંહ સાથે મળી કે કેસરસિંહે સ્મિત કર્યું:

'હાઈ...'

'હેલો...' નેહાએ આંખો ઝીણી કરી:

'હું પહેલાં તમને ક્યાંય મળી છું?'

'હા, પ્લીઝ... બેસ તો ખરી.'

'બહાર! હું સિગારેટ પીશ.'

'ઓકે...' ખભા ઉલાળીને પેલો પણ ઊભો થઈ ગયો. બંને બહાર નીકળ્યા ત્યારે નેહાએ નોંધ્યું કે એ છોકરાની ઊંચાઈ પોતાના કરતાં ચારેક ઇંચ વધુ હતી. એનું શરીર કસાયેલું અને સુડોળ હતું. આછી દાઢી-મૂઢ સાથે એના વાળ લીસા હતા. કૅફેનો દરવાજો ખોલીને બહાર નીકળતાં પવનની એક લહેરખીએ એના વાળ અસ્તવ્યસ્ત કરી નાખ્યા. એણે આંગળીઓ ફેરવીને વાળ સરખા કરવાની કોશિશ કરી ત્યારે નેહાએ જોયું કે એની આંગળીઓ પાતળી અને લાંબી હતી.

'કોણ છો તમે?'

નેહાએ સિગારેટ બે હોઠની વચ્ચે મૂકી. યુવાને ટેબલ પર પડેલું લાઇટર ઊંચકીને એની સિગારેટ સળગાવી.

'હું કેસર છું.'

'વ્હોટ? આર યુ કેઝી?' નેહા ચમકીને ઊભી થઈ ગઈ. પછી એણે આંખો ઝીણી કરીને પેલાનો ચહેરો નિહાળ્યો. ધ્યાનથી જોતાં એને કેસરનો ચહેરો તરત જ ઓળખાયો. પૌરુષી છાંટ જરૂર ઉમેરાઈ હતી, પણ આ કેસર જ હતી એમાં નેહાને કોઈ શંકા ના રહી:

'પણ તું કેસર તો...'

'હા નેહા, મેં જાતિપરિવર્તન કર્યું છે - સેક્સ ચેન્જ... સ્ત્રીમાંથી પુરુષ બની ગયો છું. કેસરમાંથી કેસરસિંહ.'

'આ બધું...'

'લાંબી વાત છે. શાંતિથી કહીશ ક્યારેક. મુંબઈમાં જ ઓપરેશન કર્યાં છે. હવે હું સંપૂર્ણપણે પુરુષ છું.' એણે સ્મિત કર્યું. એના એકસરખા ગોઠવાયેલા સફેદ દાંત ચમકતા હતા.

નેહાની આંખોમાં એક વિચિત્ર પ્રકારનું કુતૂહલમિશ્રિત આકર્ષણ હતું. એ ધ્યાનથી કેસરને જોઈ રહી હતી:

'યાર, છાપાંમાં આવા કિસ્સા વાંચ્યા છે. ટીવી પર આવા સમાચારો જોયા છે, પણ સાવ તમારું પોતાનું નજીકનું કોઈ આવી રીતે બદલાઈ જાય એ માન્યામાં નથી આવતું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ખરેખર તો આ જ મારું સાચું રૂપ છે.’ કેસરસિંહ હસ્યો.

‘હવે જ હું સાચો છું!’

‘કેસર, મને એક વાત કહે...’ નેહાની આંખોમાં હજી આશ્ચર્ય શમ્યું નહોતું:

‘કેવું લાગે છે તને?’

‘મને લાગે છે જાણે હું મહોરું ઉતારીને મારા સાચા ચહેરા સાથે આ દુનિયાની સામે ઊભો છું.’

‘એક વાત પૂછું?’

‘શ્યોર...’ કેસર ખડખડાટ હસ્યો:

‘તું જે ઇચ્છે તે પૂછી શકે છે.’

‘ઓપરેશન પછી બધાં કપડાં ઉતારીને ક્યારેય અરીસા સામે ઊભો છે? તદ્દન નિર્વસ્ત્ર...’

કેસરનો ચહેરો નિર્લેપ રહ્યો.

‘ઓપરેશન પહેલાં ક્યારેય શરીર જોયું હતું તારું, કપડાં વગર? કશું ખોઈ નાખ્યાની લાગણી-ગુમાવ્યાનો અફસોસ થાય છે ક્યારેય?’

‘તેં બહુ અંગત વાત પૂછી નાખી.’

કેસરે હાથ ઊંચો કરીને નેહાને આગળ બોલતાં અટકાવી.

‘હું જવાબ આપીશ... જરૂર આપીશ.’ કેસરે ઊંડો શ્વાસ લીધો:

‘હા, ઓપરેશનની આગલી રાત્રે હું બધાં જ કપડાં કાઢીને અરીસા સામે ઊભો હતો. મેં આ શરીર જોયું હતું. સ્ત્રીશરીરના આકર્ષક વળાંકો... પાતળી કમર, નાજુક ખભા... મને લાગ્યું કે માપ વગર સીવાયેલાં કોઈ બીજા માણસનાં કપડાં પહેરીને ઊભેલો બેઢંગો આકાર વગરનો દેખાતો હતો હું. પહેલાં ઓપરેશન પછી જ્યારે સ્ત્રી હોવાની સાબિતી સમાં અંગ મારા શરીરથી જુદાં થયાં ત્યારે કોઈ ભાર ઉતારીને ફેંકી દીધો હોય એવું લાગ્યું મને.’

‘તું હંમેશાં બીજાઓથી જુદી હતી...’ નેહાએ સ્મિત કર્યું:

‘જુદો હતો, પણ આટલો હિંમતવાળો અને પ્રામાણિક હોઈશ એવું નહોતું ધાર્યું.’

‘નેહા, પ્રામાણિકતા સિવાય મારી પાસે બીજું હતું જ શું? અરીસામાં દેખાતા પ્રતિબિંબ સામે જો આંખમાં આંખ ન નાખી શકાય તો જીવીને કરવાનું શું?’

નેહા એની સામે જોઈ રહી. કેસરની આંખોમાં દેખાતી ખુમારી નેહાને સ્પર્શી ગઈ. પેલી કેસર કંઈક અલગ હતી, પરંતુ આ કેસર સાથે તો પહેલી મુલાકાતમાં જ આત્મીયતા બંધાઈ ગઈ હોય એવો અહેસાસ થયો નેહાને...

‘તું સાવ જુદો લાગે છે. મન માનવા જ તૈયાર નથી થતું કે તું એ જ પેલી કેસર છે. જે સહેમી ગયેલી, ડરેલી, જિંદગીથી ભાગતી હતી.’

‘જે દિવસે મેં મારું શરીર જોયું ત્યારે મને સમજાયું કે હું જે લડાઈ લડી રહ્યો છું એ મારી પોતાની છે જ નહીં. હું જે શરીરમાં ઊભો છું એ શરીર તો કોઈ બીજાનું છે.’

કેસરે ટેબલ પર પડેલો ગ્લાસ ઉપાડી મોઢે માંડ્યો. શબ્દોને જાણે ગ્લાસમાંના પાણી સાથે પાછા ધકેલી દેતો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હોય એમ એક જ ઘૂંટડામાં એ આખો ગ્લાસ ખાલી કરી ગયોઃ

'નેહા, ફક્ત પુરુષનું શરીર મેળવી લેવાથી કશું નથી થતું. પુરુષનું મન, પુરુષનું હૃદય અને પુરુષની હિંમત હોવી જોઈએ. પરિસ્થિતિ સાથે સામે ચાલીને બાથ ભીડવાની તાકાત હોવી જોઈએ... જે રક્ષણ કરી શકે, કાળજી લઈ શકે એને પુરુષ કહેવાય. હું મારાં માતાપિતાનું રક્ષણ કરવા માગું છું, એમની કાળજી લેવા માગું છું અને સ્ત્રીના શરીરમાં રહીને આ કરવું અસંભવ હતું.'

'રાઈટ યુ આર!' નેહાએ સામે ગોઠવાયેલી કોફીનો મગ ઉઠાવીને મોઢે માંડ્યોઃ

'સાચો છે તું...' કેસરને જોઈ રહેલી નેહાની આંખો સહેજ ભીની થઈ ગઈઃ

'આ દુનિયા સ્ત્રીને અબળા કહે છે, પરંતુ એને અબળા બનાવનાર પુરુષ છે.'

'સાવ એવું પણ નથી... સ્ત્રીનું શરીર જ એને નબળી બનાવી દે છે. શારીરિક તાકાત ઓછી હોય અને સહેલાઈથી લાગણીમાં તણાઈ જાય. એની સંવેદનશીલતા જ એની શક્તિ છે... પણ પુરુષ એને જ એની નબળાઈ બનાવીને એની જ સામે એનો ઉપયોગ કરે છે. જે સ્ત્રી એને જન્મ આપે છે એને જ ગુલામ બનાવતાં કે એના શરીરને એની ઇચ્છા વિરુદ્ધ ચૂંથી નાખતાં એ જરાય અચકાતા નથી.'

કેસરના સ્વરમાં-શબ્દોમાં થોડી કડવાશ-થોડો આક્રોશ હતો. કેસર સહેજ થોભ્યો પછી વાતનો દોર સાંધી લીધોઃ

'સાચું કહું, નેહા... જે સહેલાઈથી મળી જાયને એનું મૂલ્ય ક્યારેય નથી થઈ શકતું.' હવે કેસરની આંખોમાં પણ સહેજ ભીનાશ ફરી વળીઃ

'આ શરીર માટે હું કેટલું તરફડ્યો છું...! હવે જેમ જીવવું હતું એમ જીવું છું ત્યારે આ સ્વરૂપનું અપમાન નહીં થવા દઉં.'

'તને મળીને આનંદ થયો, કેસર.' નેહાએ હાથ લંબાવીને નિઃસંકોચ હેન્ડશેક કર્યાઃ

'મને એમ કે ઈશ્વરે સાચા અર્થમાં જેને પુરુષ કહી શકાય એવા નમૂના બનાવવાના બંધ જ કરી દીધા છે, પણ હવે સમજાયું કે ઈશ્વર એમને ગિફ્ટ રેપ કરીને મોકલે છે... તમારે ફક્ત ખોલીને બહાર કાઢવા પડે!'

નેહાની વાત સાંભળીને કેસર પહેલી વાર ખડખડાટ હસી પડ્યો!

નમતી સાંજે જ્યારે કેસરસિંહ ઘરમાં દાખલ થયો ત્યારે એના હાથના બનાવેલી રસોઈ જમીને દેવરાજસિંહ ઘસઘસાટ ઊંઘતા હતા. નેહા સાથેની મુલાકાત કેસરે ધાર્યું હતું એનાથી વધુ સફળ નીવડી હતી. નેહાએ એને બધી જ મદદ કરવાનું વચન આપ્યું હતું. એ ઉપરાંત એણે નિખિલ વિશે કેટલીક એવી બાબતો કેસરસિંહને જણાવી, જે કેસરસિંહે ધાર્યું હતું એમ જ એને ખૂબ ઉપયોગી નીવડે તેવી હતી.

નિખિલ સરકારી ટેન્ડર્સમાં કઈ રીતે ગોટાળા કરતો ત્યાંથી શરૂ કરીને ટેન્ડર ખૂલવાના આગલા દિવસે કઈ રીતે એ બદલી નાખવામાં આવતાં એ બધી માહિતી નેહાએ સહેજ પણ અચકાયા વિના કેસરને આપી દીધીઃ

'નિખિલ શ્રોફ માટે બિઝનેસની લપડાક એના અહંકાર પર સીધી ચોટ બની રહેશે.'

'જાણું છું.'

'એ પોતાની જાતને અજોડ માને છે. એને લાગે છે કે એનો કોઈ હરીફ નથી. એને કોઈ હરાવી શકે નહીં. એની પહોંચ-ઓળખાણ અને સંબંધો પર મુસ્તાક છે એ.'

'હમ્મ્!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સૌથી પહેલાં એના કિલ્લામાં ગાબડું પાડી દો. એક વાર એનો કિલ્લો સાંધવાની મથામણમાં પડશે તો દરવાજો તોડીને દાખલ થતાં તમને બહુ વાર નહીં લાગે.’

‘નેહા, એક વાત પૂછું?’

‘હું સોમલના બાપની સામે તારી મદદ કેમ કરું છું એ જ પૂછવું છેને?’ નેહા હસી પડી:

‘કારણ કે નિખિલ શ્રોફનો અહંકાર તૂટે એમાં સોમલની પણ ભલાઈ જ થશે. આ વાત કદાચ સોમલને નહીં સમજાતી હોય એટલી મને સમજાય છે.’

‘સોમલને ખબર પડશે કે તેં મારી મદદ કરી છે તો...’

‘તો શું કરશે? અમારી પાસે ઝઘડવાના સોળ મુદ્દા હતા અત્યાર સુધી.’ નેહા ફરી હસી:

‘હવે સત્તરમો ઉમેરાશે!’

‘તને લાગે છે એટલું સહેલું નથી, નેહા.’

‘મને જરાય સહેલું નથી લાગતું.’ નેહા અચાનક ગંભીર થઈ ગઈ:

‘હું જાણું છું કે આ સોદામાં કદાચ હું મારા બાળપણના મિત્રને ખોઈ બેસીશ, પણ એક મિત્ર તરીકે મને એનું ભવિષ્ય સુધારવામાં રસ છે. નિખિલ શ્રોફના પડછાયા નીચે ઊભેલા સોમલને ક્યારેય ખુલ્લું આકાશ અને દિવસનું અજવાળું નહીં દેખાય...’

‘તું તો કમાલ છે, નેહા!’

‘આ વાત જો કેસરે કહી હોત તો બહુ ફરક ના પડ્યો હોત, પણ કેસરસિંહ કહે છે ત્યારે સાંભળવી ગમે છે, હોં!’

આટલું કહેતાં નેહાની આંખ મલકી ઊઠી...

કેસર અને નેહા છૂટાં પડ્યાં ત્યારે બંને વચ્ચે એક સેતુ રચાઈ ગયો હતો. કેસર પહેલી વાર નેહાને મળી ત્યારથી જ એને આ છોકરી હંમેશાં બુદ્ધિશાળી અને પ્રામાણિક લાગી હતી. આજે પણ નેહા પોતાની ગાડીમાં બેસીને યુ-ટર્ન લઈ રહી હતી ત્યારે એની સામે જોઈ રહેલો કેસર એ છોકરીની નિર્ભિકતા અને સ્પષ્ટતા ઉપર વારી ગયો.

*

નેહાને મળ્યા પછી કેસરસિંહને શ્વેતા ખૂબ યાદ આવતી હતી. નેહાએ જે કંઈ કહ્યું એમાં નિખિલનો વિચિત્ર સ્વભાવ અને શ્વેતાની સહનશક્તિની કેટલીક વાતો પણ હતી. સોમલના એન્ગેજમેન્ટ કઈ સ્થિતિમાં થયા અને કઈ સ્થિતિમાં તૂટી ગયા એ બધું પણ નેહાએ એને વિગતવાર જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક મહિનાથી શ્વેતા ભયાનક માનસિક ડિપ્રેશનમાંથી પસાર થઈ રહી હતી. કેસર સાથે જે કંઈ થયું એમાં ઓછેવત્તે અંશે શ્વેતાએ પોતાની જાતને સજા આપવા માંડી હતી. શ્વેતા અત્યારે ડૉ. પ્રતિમા પટેલની ટ્રિટમેન્ટમાં હતી. કેસરને નવાઈ લાગી. ડૉ. પ્રતિમાબહેને કેમ પોતાને આ વાત ન જણાવી?

છેલ્લાં એક વર્ષ દરમિયાન એ લગભગ દર અઠવાડિયે પ્રતિમાબહેનને મળતો હતો. એ જ રીતે છેલ્લા થોડા મહિનાથી શ્વેતા પણ પ્રતિમાબહેનને મળતી જ હશે.

પોતાને કારણે શ્વેતા આવી ભયાનક પરિસ્થિતિમાંથી પસાર થતી હતી એ જાણીને કેસરને ખૂબ જ દુઃખ થયું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નેહાની વાત સાંભળીને એને એટલું ચોક્કસ સમજાયું કે જે વ્યક્તિની બરબાદી માટે શ્વેતા પોતાને જવાબદાર ઠેરવતી હતી એ વ્યક્તિ જો એક વાર એની સામે ઊભી રહીને એને સચ્ચાઈ કહી દે તો કદાચ શ્વેતા આ બધી વિટંબણાઓમાંથી મુક્ત થઈ જાય. કોઈ ડૉક્ટર ન કરી શકે એવી દસ મિનિટની ટ્રિટમેન્ટ શ્વેતાને એના અપરાધભાવના ડિપ્રેશનમાંથી બહાર ખેંચી કાઢી શકે એમ હતી. જોકે આમાં ખૂબ રિસ્ક હતું એટલે એણે પોતાના મન પર કાબૂ રાખવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ એનું મન કાબૂમાં ન રહ્યું.

એણે અમુક ખાસ ફોન કરવા માટે વસાવેલા સેલફોનથી એક એસ.એમ.એસ. મોકલ્યો.

શ્રોફ વિલા ગાર્ડનની મેક્સિકન લોન પર મુકાયેલી કાસ્ટ આયર્નની એક મોટી આરામખુરશી પર આંખો મીંચીને પડેલી શ્વેતાનો સેલફોનમાં એસએમએસનો ટોન રણકી ઊઠ્યો. શ્વેતાએ જોયું કે કોઈ અજાણ્યો નંબર હતો. એ મૅસેજમાં લખ્યું હતું

જે સુખેથી જીવે છે એના મૃત્યુ માટે તમારી જાતને પીડા આપવાની બંધ કરો. તમે ક્યાંય ગુનેગાર નથી એ વાત ફક્ત ત્રણ જ જણા જાણે છે. એક, તમે... એક તમારો ઈશ્વર અને ત્રીજી છે, કેસર...!

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 50

સવારનું છાપું હાથમાં આવતાં જ કેસરનું મગજ ફરી ગયું.

આજના અખબારમાં છપાયેલા સમાચાર વાંચીને એ ઊકળી ઊઠ્યો. વિદ્યાની આત્મહત્યા અને એના કેસના સમાચારે ફરી એક વાર એને ત્યાં જ લાવીને મૂકી દીધો, જ્યાંથી એનો આ પ્રવાસ શરૂ થયો હતો.

કેસરને ભય હતો એ જ થયું... નીલાંગના કેસમાં નિખિલ શ્રોફે સાક્ષી આપી હતી. એણે કોર્ટમાં કહ્યું હતું કે કેસર માનસિક રીતે બીમાર હતી... વિદ્યાને ગુમરાહ કરવામાં કેસરનો મોટો હાથ હતો... કેસર પોતે લગ્ન કરવા નહોતી ઇચ્છતી. એટલું જ નહીં, એણે વિદ્યાનાં લગ્ન તોડાવવાનો પ્રયાસ પણ કર્યો હતો...

નિખિલ શ્રોફના આ સ્ટેટમેન્ટ પરથી વિદ્યાના આપઘાત માટે કેસરને જવાબદાર ઠેરવવામાં આવી. વિદ્યા પણ માનસિક રીતે વિકૃત થઈ ગઈ હતી... એ નીલાંગને ત્રાસ આપતી હતી. એણે પહેલાં પણ આવી આપઘાતની ધમકીઓ આપી હતી... આવી ઘણી વાતો કોર્ટમાં રજૂ થઈ હતી. નીલાંગના વકીલે સાક્ષીઓને એવા સવાલો પૂછ્યા કે વિદ્યાના આપઘાત માટે કેસર જ જવાબદાર હતી એવી માહિતી કોર્ટને મળે.

નીલાંગના પિતા મહેશ પરીખે સાક્ષીઓને ખરીદી લીધા. લોખંડવાલાનો એ એસ્ટેટ એજન્ટ, નીલાંગ અને વિદ્યાના ઝઘડાને નજરે જોનારા બે દુકાનવાળા અને એક પાણીપુરીવાળા પાસે એવું સ્ટેટમેન્ટ અપાવવામાં આવ્યું કે બિચારો નીલાંગ તો વિદ્યાને સમજાવવાનો પ્રયત્ન કરતો હતો, પણ વિદ્યાએ બૂમબરાડા પાડીને રસ્તા ઉપર તમાશો ખડો કર્યો... એણે પસાર થતી ગાડી નીચે કૂદી પડવાનો પ્રયાસ કર્યો, જેમાંથી બચાવવા નીલાંગે એને તમાચો માર્યો!

આ પ્રકારના સાક્ષી-જુબાનીઓનાં પરિણામે સ્વાભાવિક રીતે વિદ્યાની આત્મહત્યાનું કારણ એની માનસિક અસ્થિરતા ગણી અને નીલાંગને સમ્માનપૂર્વક છોડી દેવામાં આવ્યો.

કેસરે છાપું ડૂચો વાળીને છૂટું ફેંક્યું:

'સાલો... બેશરમ... એક નિર્દોષ છોકરીના મોતને પોતાના વેરનું સાધન બનાવ્યું નિખિલે!"

એના નાનકડા ડ્રોઇંગરૂમમાં ગોઠવાયેલા સૂતળીના સોફા પર બેસીને ચા પી રહેલા દેવરાજસિંહ સમજ્યા કે કેસર કોની વાત કરે છે. એ કેસરનો ક્રોધ સમજી શકતા હતા:

'બેટા, પૈસો બોલે છે... આપણે ગમે તેટલા સાચા હોઈએ, પણ રૂપિયાના રણકાર સામે સચ્ચાઈનો અવાજ દબાઈ જાય છે.'

'બાપુ, થોડા સમય માટે એવું થતું હશે કદાચ, પણ સચ્ચાઈ તો લાશ જેવી છે. વહેલી-મોડી તરીને સપાટી પર આવ્યા વિના રહેતી નથી.'

'લાશ સપાટી પર આવે તોય શું ને ન આવે તોય શું? એક વાર સચ્ચાઈનો જીવ જાય પછી...'

'વિદ્યાએ આપઘાત નથી કર્યો, એનું ખૂન થયું છે.' કેસરનો અવાજ ક્રોધથી ધ્રૂજતો હતો:

'નીલાંગે ખૂન કર્યું છે એનું.'

'તો પણ એ નિર્દોષ છૂટી ગયો, બેટા!' દેવરાજસિંહના અવાજમાં ઘોર નિરાશા હતી:

'મને નથી લાગતું આપણે નિખિલ સામે બાથ ભીડી શકીશું. એણે તને ઘરમાંથી કાઢીને રસ્તા પર રખડતો કરી નાખી કે કરી નાખ્યો... આપણા ઘરમાં ફૂટ પડાવી, સાવજને પોતાનું મહોરું બનાવી લીધો, મને જેલમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મોકલ્યો અને હવે આ...'

'નવ્વાણું ગાળ તો શિશુપાળે પણ દીધી હતી.'

'શિશુપાળની સામે કૃષ્ણ હતા, એનું સુદર્શન ચક્ર લઈને... હું અને તું કૃષ્ણ નથી, બેટા!'

'કૃષ્ણ એટલે શું, બાપુ? જે કોઈ ધર્મની લડાઈ લડે એ બધા જ કૃષ્ણ છે. જે કોઈ અધર્મ સામે યુદ્ધ કરે એ બધા જ પાર્થસારથિ છે. જેની જેની પાસે સચ્ચાઈનું સુદર્શનચક્ર છે એ બધા જ શિશુપાળનું મસ્તક છેદી શકે છે.'

'આટઆટલું સહન કર્યા છતાં તારી શ્રદ્ધા ડગતી નથી?'

'હાલી જાય–ડગી જાય એને શ્રદ્ધા જ ન કહેવાય, બાપુ. શ્રદ્ધાનો તો સ્વભાવ જ અડગ રહેવાનો છે.'

'આજના સમાચાર વાંચ્યા પછી પણ તને એવું લાગે છે કે તું નિખિલને હરાવી શકીશ?'

'મારે નિખિલની ટક્કર નથી લેવી–મારે નિખિલને હરાવવો જ નથી, બાપુ.'

'તો?'

'બસ! હું જીતવા માગું છું. સામે કોણ હારે છે એમાં મને રસ નથી.'

કેસરના ચહેરા પર એક આત્મવિશ્વાસ છલકાતો હતો. ક્ષણભર પહેલાંના આક્રોશની જગ્યાએ ફરી એક વાર શાંતિ અને શ્રદ્ધા ગોઠવાઈ ગઈ હતી:

'મારો પ્રયત્ન તો એટલો જ છે કે હું જીતું.'

*

નિખિલ શ્રોફના ડાઇનિંગ ટેબલ પર બ્રેકફાસ્ટ ગોઠવાયો હતો. ટેબલ પર બેસીને નિખિલ સવારનાં અખબારો જોઈ રહ્યો હતો. એનો મૂડ ખૂબ સારો હતો. એણે ધાર્યું હતું એ જ રીતે નીલાંગ નિર્દોષ છૂટ્યો હતો. એની જુબાનીનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

'જોયું, મૅડમ! નિખિલ શ્રોફ હાથ લગાડે તો ભલભલો પથ્થર પણ સોનું થઈ જાય.'

એણે જોયું કે શ્વેતાનું ધ્યાન ક્યાંક બીજે જ હતું. ગ્લાસ વિન્ડોની આરપાર એ દૂર શૂન્યમાં જોઈ રહી હતી. એનો ચહેરો ભાવવિહીન હતો.

'હલો...' એણે શ્વેતાના ચહેરા સામે ચપટી વગાડી. શ્વેતા ચોંકી:

'ધ્યાન ક્યાં છે તમારું?'

'ક્યાંય નહીં... એમ જ! વિચારતી હતી.'

'હવે શું વિચારવાનું બાકી છે? આ છોકરો નિર્દોષ છૂટી ગયો, માત્ર નિખિલ શ્રોફની મહેરબાનીથી, સમજી?'

'તમે જાણો છો કે એ છોકરાએ...'

'હું કંઈ જાણતો નથી.' નિખિલે ખભા ઉછાળીને એક વિચિત્ર સ્મિત કર્યું:

'એક વાત સમજું છું. મારા શરણમાં આવ્યા પછી એ માણસને કોઈ નુકસાન ન થઈ શકે.'

'આ અહંકાર છે, નિખિલ.'

'મારું નામ નિખિલ શ્રોફને બદલે ઇગો શ્રોફ હોવું જોઈતું હતું, નહીં?' એ હસ્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મારી સામે પડે એને ધૂળમાં રગદોળી નાખવા અને મારી સામે મસ્તક નમાવે એને તાજ પહેરાવવો એ મારી ફિતરત છે.' એનો ચહેરો ઘૃણાથી વિકૃત થઈ ગયો:

'હું કદાચ એ છોકરાની મદદ ના કરત, પણ મૂળ તો પેલી વિદ્યા કેસરની બહેનપણી હતીને? ત્યાં જ મારો વાંધો હતો...'

'એ કેસરની બહેનપણી હતી... કેસર નહોતી.'

'કેસર હોત તો તો...' નિખિલના દાંત ભીંસાઈ ગયા. જડબું તંગ થઈ ગયું. આંખોમાં ઝેર ઊતરી આવ્યું. એણે કાચના ટેબલ પર મુઠ્ઠી પછાડી. પ્લેટ અને કટલરીનો ખણખણાટ ડાઇનિંગ રૂમમાં ગૂંજ્યો.

'એ મારા હાથમાં ના આવી. બાકી એને તો પાઠ ભણાવી દીધો હોત. નિખિલ શ્રોફને ચકમો આપીને ભાગી તો ખરી, પણ ફોકલેન્ડ રોડના કોઈ અડ્ડા પર કે ફાઇવ સ્ટાર હોટેલના ખાસ પ્રકારના મેનુ કાર્ડના આલબમમાં ગોઠવાઈ ગઈ હશે.' એ દાનવ જેવું હસ્યો:

'મારા હાથમાં આવી હોત તો પણ હું એ જ કરવાનો હતો.'

'તમારી દીકરી સાથે કોઈ એવું કરે તો?'

'મારે દીકરી જ નથી.' એણે શ્વેતા સામે જોયું. શ્વેતાની આંખો ફરીથી શૂન્ય થઈ ગઈ હતી:

'મૅડમ, સાંભળી લો કે ભગવાનને પણ ખબર છે કે નિખિલ શ્રોફને નીચું જોવડાવે એવી કોઈ વ્યક્તિ કે વસ્તુની એની જિંદગીમાં જગ્યા નથી.'

'નિખિલ!' શ્વેતાએ જાણે સાંભળ્યું જ ન હોય એમ પૂછી નાખ્યું:

'કેસર પાછી આવે તો તમે શું કરો?'

'મારે શું કરવાનું છે?' એણે લુચ્ચુ સ્મિત કર્યું:

'હવે તો જે કરશે તે તમારો કુંવર જ કરશે. લાત મારીને...'

'સોમલ કદાચ એની સાથે રહેવા માગે તો?'

'તો તારો દીકરો મારી સાથે નહીં રહી શકે.'

નિખિલ ખુરશી હડસેલીને ઊભો થઈ ગયો. ટેબલ પર મૂકેલો જ્યુસનો ગ્લાસ હાલ્યો અને છલકાઈ ગયો.

'આટલા સારા મૂડમાં પણ એનું નામ લીધા વિના તને ચાલ્યું નહીં.'

નિખિલે ઝૂકીને બે હાથે શ્વેતાના ખભા પકડીને હચમચાવી નાખી:

'ભૂલી જા એને. એ મરી પણ ગઈ હોય, કદાચ.'

'કદાચ નહીં, મરી જ ગઈ છે એટલે જ નથી ભૂલી શકતી.' શ્વેતાની આંખોમાં પાણી આવી ગયાં:

'એ છોકરીના ખૂનમાં મારો પણ હાથ છે એવું લાગે છે મને.'

'ખૂન?'

'આપણે બધાંએ ભેગાં મળીને એને મોત તરફ ધકેલી છે! સોમલ, હું, તમે અને એનાં મા-બાપ... બધાં જ જવાબદાર છીએ.'

'રોજેરોજ આની આ વાત કરીને શું મળે છે તને? એકલી બેસી રહે છે. મારી સાથે આવતી નથી, ઘરની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બહાર નીકળતી નથી... ગાંડી થઈ જઈશ એક દિવસ.'

'હું જેટલી વખત કેસરનો વિચાર કરું છું એટલી વખત મને આ ઘરમાં એના રડવાનો અવાજ સંભળાય છે. અહીંયાં...' એણે હાથ લંબાવીને દિશા દર્શાવી:

'અહીંયાં સીડી પર બેસીને રડે છે એ...' શ્વેતાની આંખો બહાવરી થઈ ગઈ હતી:

'ક્યારેક એના બેડરૂમમાં રડે છે તો ક્યારેક બહાર... પેલી બાલ્કનીમાં એકલી બેસીને મોડી રાતે રડતી હોય છે.'

શ્વેતાનો અવાજ ઊંચો થતો ગયો. શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યો. એ એ ધ્રૂજવા માંડી. આંખો પહોળી થઈ ગઈ. ચહેરા પર પરસેવો વળી ગયો.

'નોનસેન્સ.'

ટેબલ પર પડેલો મોબાઇલ ઉપાડીને નિખિલે નંબર જોડ્યો:

'ડૉક્ટર... મને લાગે છે શ્વેતા ફરીથી હિસ્ટેરિક થઈ ગઈ છે. હું એને ક્લિનિક મોકલું?'

'શ્વેતાના ડ્રેસિંગ ટેબલ પર એરિપ એમટી નામની દવા હશે, એમને તરત આપી દો.' ડૉક્ટર પ્રતિમા પટેલનો અવાજ એકદમ સ્વસ્થ અને સંયત હતો.

નિખિલે માણસ મોકલીને ઉપરથી દવા મંગાવી. ગોળી શ્વેતાના મોઢામાં મૂકતાં જ ઓગળવા લાગી. શ્વેતા ધીમે ધીમે શાંત થઈ ગઈ. એણે ટેબલ પર માથું ઢાળી દીધું. નિખિલ થોડી વાર એને જોતો રહ્યો. પછી ઘરની બહાર નીકળતો હતો કે એની નજર સીડી પર ઊભેલા સોમલ સાથે ટકરાઈ.

'ડૅડ, મોમને આ શું થઈ રહ્યું છે?'

'મૂરખ છે તારી મોમ.' નિખિલ અકળાયેલો હતો:

'કોઈ કારણ વગર એણે ધારી લીધું છે કે કેસરના મોત માટે પોતે જવાબદાર છે. એક તો પેલી પ્રતિમા પણ...'

'ડૅડ, તમને નથી લાગતું કે મોમ થોડાઘણા અંશે સાચી છે? કેસર સાથે આટલી સખતાઈ...'

'તને પણ એવું લાગે છે? વેરી ગુડ... તું ને તારી મા બંને પ્રતિમા પટેલની દવાઓ લઈને તમારા ગિલ્ટને પંપાળતાં બેસી રહો. મારે બીજાં ઘણાં કામ છે.:

નિખિલ સડસડાટ ઘરની બહાર નીકળી ગયો.

સોમલ નીચે ઊતર્યો. એણે નજીક આવીને શ્વેતાના માથે હાથ ફેરવ્યો:

'મોમ... મોમ...'

આંખો મીંચીને ટેબલ પર માથું ઢાળીને બેઠેલી શ્વેતાની આંખોમાંથી ટપકતું પાણી ટેબલના ગ્લાસટોપને ભીંજવી રહ્યું હતું.

...આ વાત કહેતી વખતે સોમલની આંખો ભરાઈ આવી હતી. એ ઓફિસના ટેરેસ પર નેહા સાથે ઊભો હતો. સિગારેટ પી રહેલી નેહાએ બે વાર સોમલ તરફ બોક્સ લંબાવ્યું, પણ એણે ડોકું ધુણાવીને ના પાડી.

'મારી મા બહુ પીડાય છે, નેહા. મને થાય છે કે કેસરને શોધી કાઢું. મારી મા સામે ઊભી રાખી દઉં એને. પ્રતિમાની દવાઓ એના પર કોઈ અસર નથી કરતી. એને આ પીડામાંથી બહાર કાઢવી હોય તો કેસરને લાવવી જ પડશે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ક્યાં શોધીશ એને?’

‘ખબર નથી, પણ મેં ક્યાંક વાંચ્યું છે કે શોધવા નીકળો તો ભગવાન પણ જડી જાય. આ તો છોકરી છે, સીધીસાદી. હું માનું છું ત્યાં સુધી મુંબઈની બહાર પણ નહીં જઈ શકી હોય.’

‘મુંબઈમાં હોય છતાં તારા ગ્રેટ-મહાન પિતા એને શોધી ના શકે એવું બને?’

આ કહેતી વખતે નેહાના મનમાં એવો પણ વિચાર ચાલી રહ્યો હતો કે પોતે બધું જાણતી હોવા છતાં સોમલથી જે રીતે છુપાવી રહી હતી એ બરાબર હતું? જોકે એણે મન પર કાબૂ રાખ્યો. એણે કેસરને મદદ કરવાનું વચન આપ્યું હતું. ખરેખર તો સોમલથી છુપાવીને પણ એ સોમલનું જ ભલું કરી રહી હતી. હવે એને ખ્યાલ આવ્યો હતો કે બધું જ જાણવા છતાં

ડૉ. પ્રતિમા પટેલે પણ શ્વેતાને કશું જ નહોતું જણાવ્યું. એનું કારણ ફક્ત એ જ હતું કે અત્યારે કેસર જે રીતે એના ગુપ્તવાસમાંથી બહાર આવવાની તૈયારી કરી રહ્યો હતો એમાં જો શ્વેતા કંઈ આડુંઅવળું કરી નાખે તો માંડમાંડ ગોઠવેલી બાજી બગડી જાય.

એ ચૂપચાપ સોમલની વાત સાંભળતી રહી. ઉશ્કેરાયેલો સોમલ ગુસ્સામાં–હતાશામાં શ્વેતાની હાલત વિશે અને નિખિલના વર્તન વિશે બોલતો રહ્યો...

‘મને લાગે છે ત્યાં સુધી તારે પેપરમાં જાહેરાત આપવી જોઈએ.’

નેહાએ પોતાના ઊડતા વાળ બંને હાથમાં પકડીને ગોળ ઘુમાવ્યા પછી શર્ટના કોલરમાં લગાવેલી બટરફ્લાય ક્લિપ વાળમાં ભરાવી દીધી. એક રહી ગયેલી લટ એના કપાળ પર ઝૂલતી રહી.

‘શું જાહેરાત આપું?’

‘લખ કે...’ નેહાએ થોડો વિચાર કર્યો:

‘તારાં મોમની હાલત વિશે લખ અને લખ કે તું એને ડિવોર્સ આપવા માગે છે.’

‘ડિવોર્સ? એ વાંચીને તો પાછા આવવાનો સવાલ જ નથી આવતો.’

‘મમ્માઝ બોય!’ નેહાએ નજીક જઈને સોમલનું નાક પકડ્યું:

‘સ્ત્રીની જેમ વિચારતાં શીખ. કેસર જ્યાં હશે ત્યાં તારાથી છૂટવા માગતી હશે. તું એને સલામતી અને સ્વતંત્રતાનું વચન આપે તો એ જરૂર પાછી આવે.’

‘અને ડેડ?’

‘એ જાહેરખબર એમના માટે લાલ કપડાનું કામ કરશે.’ નેહાના ચહેરા પર તોફાની હાસ્ય આવી ગયું:

‘જાહેરખબરનું લાલ કપડું જોઈને મિસ્ટર શ્રોફ આખલાની જેમ ભડકશે. બૂમો પાડશે, તને લાત મારીને ઘરની બહાર કાઢી પણ મૂકે!’

‘એ બધું જાણવા છતાં તું મને આ સલાહ આપે છે?’

‘સોમુ...’ નેહા એની નજીક આવી. એણે સોમલની આંખોમાં આંખો પરોવી:

‘મેં તને પહેલાં પણ એક વાર કહ્યું હતું. તારે નક્કી કરવું પડશે કે તું આરોહીને સુખી કરવા માટે દુઃખી થવા તૈયાર છે કે પછી આરોહીને દુઃખી કરીને પણ તારે સુખી થવું છે?’

‘ભાષણ ના કર. તું શું કહે છે એ મને સમજાતું નથી.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આઇ નો... મને બાળપણથી ખબર છે કે તારામાં બુદ્ધિ ઓછી છે!’

‘શટઅપ.’ સોમલે એની બટરફલાય ક્લિપ ભરાવેલા વાળ પકડીને એને પાછળની તરફ નમાવીઃ

‘ફટકારીશ... સાલી તને! સીધેસીધું કહે, તું શું કહેવા માગે છે?’

‘બચ્ચા, તારે નિખિલ સાથે એક વાર તો લડવાનું જ છે. કોઈ સાચા અને સારા કારણ માટે લડીશ તો જિંદગીભર એટલો સંતોષ રહેશે કે તારી માના સુખ માટે તેં કંઈક તો કર્યું.’

ડઘાયેલો સોમલ બસ નેહા સામે જોતો રહ્યો.

એક જ વાક્યમાં આ છોકરીએ એની સામે જિંદગીનો રસ્તો ઉઘાડી નાખ્યો હતો...

સોમલ માટે એની માથી વધારે અગત્યનું કંઈ જ નહોતું. એ શ્વેતાને ખૂબ ચાહતો હતો. મા માટે કંઈ પણ કરવું પડે તો કરી નાખવું એવી એણે ગાંઠ વાળી લીધી, પરંતુ કેસરના આવવાથી ખરેખર શ્વેતાની આ હાલતમાં ફેર પડશે કે નહીં એ સમજી લેવું બહુ જરૂરી હતું અને આ વાતનો જવાબ

ડૉ. પ્રતિમા સિવાય બીજું કોઈ આપી શકે એમ નહોતું. સોમલે અચાનક જ નેહાનો હાથ પકડીને ટેરેસમાં ચાલવા માંડ્યું. નેહા બે ડગલાં પાછળ ઘસડાઈ, પછી એણે હાથ છોડાવ્યોઃ

‘ક્યાં લઈ જાય છે મને?’

‘પ્રતિમા પટેલ પાસે.’

‘કેમ? મને ટ્રીટમેન્ટની જરૂર હોય એવું લાગે છે તને?’ નેહા હસી પડી.

‘ના, મારી માની ટ્રીટમેન્ટની ચર્ચા કરવી છે.’

‘મારું શું કામ છે?’

‘મારી જિંદગીના દરેક નિર્ણયમાં તારા વગર હું અધૂરો થઈ જાઉં છું.’

‘આવી વાત મારા પ્રેમમાં પડેલો પુરુષ કહે તો સારું લાગે. તું કહે છે એમાં બહુ સ્વાદ નથી આવતો!’ મોઢું કટાણું કરીને નેહાએ એને ચીડવ્યોઃ

‘તારા પ્રેમમાં પડવાનું છે કોણ? એટલી બોરિંગ અને પ્રેક્ટિકલ છે તું... પ્રેમમાં પડવા માટે પુરુષ થોડી મૂરખ છોકરી પસંદ કરતા હોય છે.’

‘એ કેમ?’ નેહાની આંખો ચમકી.

‘એટલા માટે કે પ્રેમમાં પડેલી સ્ત્રી સવાલો પૂછીને બોર કરે એ બહુ સારી વાત નથી. થોડી બેવકૂફ અને ખૂબ રૂપાળી સ્ત્રી આઇડિયલ કોમ્બિનેશન છે, જ્યારે તું એકદમ વિરુદ્ધ છે.’

‘એટલે?’

‘ઓછી રૂપાળી અને સખત બુદ્ધિશાળી... નોર્મલ પુરુષો તારા જેવી સ્ત્રીને સહન ના કરે.’

‘ને એબ્નોર્મલ પુરુષ?’

નેહા નજીક સરકી. એણે પોતાની તર્જની-પહેલી આંગળી સોમલના ચહેરા પર અદાથી ઘુમાવીઃ

‘એબ્નોર્મલ પુરુષને હું ગમું કે નહીં?’

આઇટમ સૉંગ પર ડાન્સ કરતી કોઈ છોકરી જેવા હાવભાવ સાથે એણે સોમલને આંખ મારી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઇડિયટ... ચલ મારી સાથે.’ સોમલે ઝાપટ મારીને એની આંગળી ખસેડી નાખી.

‘આ બધું જ્યારે કરવાનું હતું ત્યારે કર્યું નહીં...’

નેહાનો હાથ જકડીને એ સડસડાટ લિફ્ટ તરફ આગળ વધી ગયો.

*

શોપિંગની ઢગલાબંધ બૅગ્સ સાથે આરોહી અને અભિમન્યુ ઘરમાં દાખલ થયાં ત્યારે મહેશના ચહેરા પર ન સમજાય એવો વિચિત્ર આનંદ દેખાતો હતો. રોજ ઢીલાઢીલા પગે આમતેમ ફર્યા કરતો મહેશ આજે અસાધારણ ઝડપથી કામ કરી રહ્યો હતો. છેલ્લા એક વર્ષથી શ્રદ્ધાબહેન જે હીંચકા પર નહોતાં બેઠાં એ હીંચકા પર બેસીને એ ધીમે ધીમે હીંચકો ઝુલાવી રહ્યાં હતાં.

અભિમન્યુની ચકોર આંખો એટલું જોઈ શકી કે ઘરમાં વાતાવરણ અચાનક બદલાઈ ગયું છે. આ બદલાયેલા વાતાવરણનો તાગ કેવી રીતે લેવો એ વિચાર સાથે એણે ગુલાબસિંહ માટે આમતેમ નજર દોડાવી. ગુલાબસિંહ ક્યાંય દેખાતા નહોતા.

‘દાદાજી?’

‘એ તો બહાર ગયા છે, બગીચામાં ચાલવા...’

આ વળી નવા સમાચાર હતા. ગુલાબસિંહ વોક પર ગયા હતા! ઘરનો આવડો મોટો બગીચો છોડીને કોઈ બીજા બગીચામાં ગુલાબસિંહ વોક લેવા જાય એ વાત અભિમન્યુના ગળે ઊતરી નહીં. કશું બોલ્યા વિના એ સીડી ચડવા લાગ્યો.

‘આ બધું શું લઈ આવ્યો છે?’

‘આરોહીનાં કપડાં... થોડા દાગીના...’

‘કેમ, એનાં મા-બાપે કશું ન આપ્યું?’

શ્રદ્ધાબહેનનો હીંચકો ધીમે ધીમે હાલી રહ્યો હતો:

‘સાવ હાથ ખંખેરી નાખ્યા?’

‘મા!’ અભિમન્યુનો અવાજ ઊંચો થઈ ગયો:

‘એક તો એ બિચારી...’

‘બિચારી!’

શ્રદ્ધાબહેનના ચહેરા પર થોડા જ કલાકોમાં એક આત્મવિશ્વાસ આવી ગયો હતો. અભિમન્યુ ગયો ત્યારે દબાયેલી-ડરેલી દેખાતી એની માનો સૂર અચાનક જ બદલાયો હતો. અભિમન્યુને એટલો અંદેશો આવી ગયો કે આ ઘરમાં કંઈક એવું બન્યું છે, જેણે સાવ ઢગલો થઈ ગયેલી એની માને ફરી એક વાર બેઠી કરી દીધી છે.

ચાલાક અભિમન્યુએ થોડીક મિનિટોમાં ગણતરી કરી લીધી કે શ્રદ્ધાબહેનના આત્મવિશ્વાસની પાછળ દેવરાજસિંહના કુશળ સિવાય બીજા કોઈ સમાચાર ન હોઈ શકે. ગોળ ગોળ રમવાનો અર્થ નહોતો. એણે શ્રદ્ધાબહેન તરફ જોઈને સીધું જ પૂછી નાખ્યું:

‘બાપુનો ફોન હતો?’

‘ના.’ શ્રદ્ધાબહેનનો હીંચકો ઝૂલતો રહ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એમના સમાચાર આવ્યા છે?’

‘તારે જાણીને શું કામ છે? જ્યારે એમના સમાચાર લાવવા જોઈતા હતા ત્યારે તું બીજી બધી ફાલતુ બાબતોમાં ટાઇમ પાસ કરતો હતો.’

શ્રદ્ધાબહેને સામે ઊભેલી આરોહી પર નજર સ્થિર કરી. ત્યાં ઊભેલી આરોહીને પોતાની હાજરી તદ્દન અર્થહીન લાગી. પીઠ ફેરવીને સીડી ચડવા માંડી ત્યાં આરોહીની પીઠ પર શ્રદ્ધાબહેનનો અવાજ તીણા ખંજરની જેમ ખૂંપી ગયો.

‘આજની રાત આ ઘરમાં વીતાવી લે છોકરી, કાલે સવારે આ બધી બૅગ સાથે તારે અહીંથી વિદાય થવું પડશે.’

‘શટઅપ.’ અભિમન્યુ બરાડ્યો.

‘હવે આ જ વાત હું તને કહીશ.’

હવે શ્રદ્ધાબહેને એમની નજર અભિમન્યુ પર ઠેરવી.

થોડે દૂર ઊભેલો મહેશ હાથના ઇશારાથી શ્રદ્ધાબહેનને ચૂપ રહેવા-નહીં બોલવાના ઇશારા કરી રહ્યો હતો, પણ ઉશ્કેરાયેલાં અને આટલા દિવસથી પીડાઈ રહેલાં શ્રદ્ધાબહેન હવે કોઈનાથીય રોકાય એમ નહોતાં.

‘કાલની સવાર તારા માટે ભયાનક સમાચાર લઈને આવવાની છે.’

‘ભયાનક સમાચાર? દેવરાજસિંહ ઝાલા પાછા આવવાના હશે, બીજું શું?’ અભિમન્યુએ સાવ બેફિકરાઈથી કહ્યું:

‘છો ને આવે. હવે એ મારું કંઈ બગાડી શકે એમ નથી.’

‘એની તો કાલે જ ખબર પડશે, બેટા!’

શ્રદ્ધાબહેનનો આત્મવિશ્વાસ જોઈને અભિમન્યુ સહેજ હચમચી ગયો.

અભિમન્યુ કશું બોલ્યો નહીં. ઝડપથી પગથિયાં ચઢીને ઉપરના બેડરૂમમાં પહોંચી ગયો.

‘ક્યાં રખડ્યા કરો છો તમે?’

એણે ઉપર જઈને ગુલાબસિંહને મોબાઇલ લગાડ્યો.

‘લગરીક કામ હતું... આટલામાં જ છું. બોલને, બેટા!’

‘ઘરમાં વાતાવરણ બદલાઈ ગયું છે.’

‘દેવલો કાલે સવારે પાછો આવે છે.’

‘તમને...!!’

‘ભાઈ, આ પળિયાં તડકામાં ધોળાં નથી કર્યાં. મહેશ તારી માને કથા સંભળાવતો હતો ત્યારે મેં બધું સાંભળી લીધું. જેલમાં પેલા છોકરાએ એની મદદ કરી... પૂરેપૂરા સમાચાર મેળવીને આવે છે. તૈયાર રહેજે.’

‘અત્યાર સુધી હતા ક્યાં?’

‘એની પૈડ મૂક અને હવે પછી શું કરવું એનો વિચાર કર.’

‘નિખિલ...’

‘નિખિલને હમણાં આમાં નહીં નાખતો. એ વાતને ચૂંથી નાખશે. તેલ જો, તેલની ધાર જો...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બાપુને હિસાબ-કિતાબની ખબર પડી ગઈ હશે. જવાબ શું આપીશું?’

‘કહી દેવાનું વપરાઈ ગ્યા...’ સામે છેડેથી એક બેશરમ હાસ્ય અભિમન્યુના કાનમાં અથડાયું.

‘વાપરી નાખેલા રૂપિયા માટે ફાંસી થોડો લટકાવશે? સવાલ એ છે કે હવે એની પાસેથી બાકીનું બધું કઈ રીતે લેવું?’

‘દાદાજી... મને તો ગભરામણ થાય છે.’

‘શેની ગભરામણ ને શેની વાત? તું તારે હનીમૂન મનાવ. પડશે એવા દેવાશે.’

ગુલાબસિંહે લાઇન કટ કરી નાખી પછી અભિમન્યુ ગૂંચવાયેલી હાલતમાં પૂતળાની જેમ સ્થિર થઈને ઊભો રહી ગયો. સીડી પર ઊભી રહી ગયેલી આરોહીને એટલું સમજાયું હતું કે દેવરાજસિંહ કાલે સવારે પાછા આવે છે, પણ એમાં આટલા ડરી જવા જેવી કે નાખુશ થવા જેવી વાત શું હતી એ હજી એની સમજણની બહાર હતું.

*

અભિમન્યુનો ફોન કટ કરીને ગુલાબસિંહે સામે બેઠેલા નિખિલ તરફ સ્મિત કર્યું:

‘બાજી તો ગોઠવાઈ છે બરાબર... હવે?’

‘હવે શું? દેવરાજસિંહ સવારે આવે એટલે એના પગમાં પડી જવાનું. માફી માગી લેવાની ને કરગરી પડવાનું... તમારા પૌત્રને એક્ટિંગ શીખવાડજો જરા.’

‘દેવલો એમ માની જશે?’ ગુલાબસિંહ મૂછે તાવ દેતા હસ્યા:

‘એ રાજપૂતનો દીકરો છે, વાણિયાનો નહીં.’

‘એટલે જ... એનામાં બુદ્ધિ ઓછી અને ઝનૂન વધારે હશે. જેટલું નુકસાન કરવાનું હતું એટલું આપણે કરી ચૂક્યા. આરોહી સાથેનાં લગ્નથી એમને ઝટકો લાગી ચૂક્યો છે... રૂપિયા-પૈસાના લોચા-લબાચા પણ એમના સુધી પહોંચી ગયા છે. હવે આનાથી વધારે આઘાત સહન કરવાની એની તાકાત નથી. એ લડવા-ઝઘડવાના અને બતાવી દેવાના મિજાજમાં ઘેર આવશે. આપણે સફેદ ઝંડી બતાવીને એનું ઝનૂન ઠંડું પાડી દેવાનું. પછી આપણી બુદ્ધિથી ધીમે ધીમે ફૂંકી ફૂંકીને કરડવાનું, સમજ્યા કે નહીં?’

‘એટલો બધો સમય નથી, એવું હું માનું છું.’

ગુલાબસિંહનો અનુભવ એમને કહેતો હતો કે મહેશે આપેલી ખબરમાં કશુંક ખૂટતું હતું. આઠ-આઠ દિવસ ઘરની બહાર રહ્યા પછી દેવરાજસિંહ પાછા ફરે છે ત્યારે એ સાવ બેખબર અને અસાવધ તો નહીં જ હોય એની ગુલાબસિંહને ખાતરી હતી.

જેલમાં રહેલો ઓમ નામનો પેલો છોકરો એની મદદ શું કામ કરતો હતા... એને આ બધા કૌટુંબિક બખેડામાં શું રસ હતો? એ હજી ગુલાબસિંહને સમજાયું નહોતું:

‘એ ઓમ પાસે કેવા માણસો અને કેટલી તાકાત છે એ સમજવું પડશે.’

નિખિલની રિવોલ્વિંગ ચેર જમણેથી ડાબે ફરવા લાગી. એના ચહેરા પર ઉશ્કેરાટ આવી ગયો. ઓમ પારેખે જેલમાં રહીને પણ જેલરને મચક નહોતી આપી એ વાતની નિખિલને ખબર હતી. જો ઓમ આ બુઢ્ઢાની મદદ કરતો હોય તો બુઢ્ઢાએ એને આમલી-પીપળી દેખાડી હોવી જોઈએ. ઓમનો બાપ કરોડપતિ છે. એટલે ઓમને રૂપિયામાં રસ હોવાની સંભાવના નથી... તો પછી?

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નિખિલનું મગજ ઝડપથી ચાલી રહ્યું હતું. અનુભવ-કોઠાસૂઝ તથા હકીકતનાં સરવાળા-બાદબાકી કરી રહ્યો હતો નિખિલ.

'ઓમને શું રસ હોઈ શકે?'

નિખિલ જાણે જાત સાથે વાત કરતો હોય એમ બબડ્યો.

—અને નિખિલમાં મગજમાં ઝબકારો થયો. એની ચેર ફરતી અટકી ગઈ. એણે ગુલાબસિંહ સામે જોયું, ગંદું સ્મિત કર્યું:

'તમારા દીકરાએ જબરજસ્ત લલચામણું ગાજર બાંધ્યું લાગે છે ઓમની સામે.'

'એટલે?'

'પહેલાં મને શંકા હતી, હવે મને ખાતરી છે. દેવરાજસિંહ એકલા નહીં આવે. એની જોડે કેસર પણ પાછી આવશે.'

'કોણ?' ગુલાબસિંહના અવાજમાં મૂંઝવણ હતી.

'કેસર!'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 51

‘અરે પણ ક્યાં લઈ જાય છે તું?’

સોમલે ટેરેસના ગેટ તરફ આગળ વધતાં નેહાનો હાથ પકડીને એને પોતાની સાથે ઘસડી.

‘અરે, કહેતો ખરો... ક્યાં...’

નેહાને લિફ્ટ તરફ ઘસડતાં સોમલે સહેજ ચિડાઈને કહ્યું:

‘ઇડિયટ... ચૂપચાપ ચાલ મારી સાથે.’

‘પણ ક્યાં?’

‘ડૉક્ટર પ્રતિમા પટેલને ત્યાં.’

‘હું ત્યાં શું કરીશ?’

‘આપણે...’ સોમલે એની આંખમાં આંખ પરોવી:

‘મારી મોમની ટ્રીટમેન્ટ વિશે વાત કરવી છે. જો કેસરને નજર સામે જોઈને મારી મા સાજી થતી હોય તો હું એને સાતમા પાતાળમાંથી ગોતી કાઢીશ.’

‘સોમુ...’ નાનકડી લિફ્ટમાં બંને તરફ અરીસા હતા. સોમલની પાછળના અરીસામાં નેહા પોતાનું પ્રતિબિંબ જોઈ શકતી હતી. એણે પોતાનો ચહેરો જોયો. બટરફ્લાયમાંથી વાળ નીકળી આવ્યા હતા. સહેજ શ્યામ ચહેરા પર આઇ-મેકઅપ એકદમ આકર્ષક લાગતો હતો.

‘ધાર કે કેસર જ સામેથી તને મળવા આવે તો?’

‘આ સવાલ...’

‘એમ જ પૂછું છું.’

નેહાએ ખભા ઉછાળ્યા, પણ સોમલે બંને હાથે એનો ચહેરો પકડીને એની આંખમાં જોયું. સોમલ કંઈ પૂછે તે પહેલાં ગ્રાઉન્ડ ફ્લોર પર લિફ્ટનો દરવાજો ખૂલી ગયો. નેહા ચહેરો છોડાવીને બટરફ્લાય ક્લિપ ખોલીને વાળ સરખા કરતી આગળ નીકળી ગઈ. આજે પહેલી વાર સોમલને લાગ્યું કે નેહા એનાથી કંઈક છુપાવી રહી હતી...

*

એ બંને જણા ડૉ. પ્રતિમા પટેલને ત્યાંથી બહાર નીકળ્યાં ત્યારે મુંબઈ શહેરમાં સાંજ ઢળી ગઈ હતી. લોકો પોતાના ઘર તરફ જવા ઉતાવળા થયા હતા. ટ્રાફિક વધી ગયો હતો. ગાડી તરફ આગળ વધતાં સોમલે નેહાને ટપલી મારી. એનો મૂડ બદલાઈ ગયો હતો:

‘ચાલ, કોફી પીવા આવવું છે?’

નેહાએ બદલાયેલા મૂડને જોઈને પૂછ્યું:

‘ગીત ગાયાને પથ્થરોંને?’

‘હું પથ્થર છું?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘નથી?’ નેહાએ આંખો ઉલાળી:

‘જડ... સ્ટુપીડ... ઇલ્લોજિકલ.’

‘ને તું? આ જગતની મોસ્ટ અનરોમૅન્ટિક સ્ત્રી.’

‘એમ?’ નેહાએ એક ધબ્બો માર્યો, ‘કામ હોય ત્યારે તો મારી જ જરૂર પડે છે.’

‘ચાલ, ચાલ, ગાડીમાં બેસ.’ એમ કહીને સોમલે એનો હાથ પકડીને પાછળની તરફ મચેડ્યો.

‘અરે, શું કરે છે?’

‘જડ હોવાની સાબિતી આપું છું.’ એણે નેહાને ગાડીમાં ધક્કો માર્યો, બરાબર એ જ વખતે નેહાનો સેલફોન રણક્યો. નેહાએ પગ પાસે પડેલી પર્સમાં ફંફોસીને પોતાનો બ્લૅકબેરી કાઢ્યો.

‘કેસર બોલું છું.’

‘હા.’

‘વાત થાય એવું છે?’

‘હા.’

નેહાએ ત્રાંસી આંખે સોમલ તરફ જોયું. એ હવે સ્ટિયરિંગ પર ગોઠવાઈ ચૂક્યો હતો.

‘બોલ.’

‘હું બાપુને લઈને કાલે સવારે ઘરે પહોંચીશ.’

કેસરનો અવાજ ખાસ્સો ગંભીર હતો. નેહાએ નોંધ્યું કે એનો અવાજ સ્ત્રૈણ નહોતો. ખાસ્સો પુરુષો જેવો ઘૂંટાયેલો હતો.

‘હં...’

‘મારા પહોંચવાથી એક ધરતીકંપ આવશે.’ કેસર એક એક શબ્દ છૂટો પાડીને કહી રહ્યો હતો:

‘હું માનું છું ત્યાં સુધી અભિને અથવા દાદાજીને ખબર પડી ગઈ હશે કે બાપુ સલામત છે.’

નેહા પૂછવા માગતી હતી કે કેસર આવું કઈ રીતે ધારે છે? પણ સોમલ એની સાથે હતો એટલે ચૂપ રહી.

નેહાનો સવાલ સમજી ગયો હોય એમ કેસરે ઉમેર્યું:

‘મહેશ ઘરે જઈને મારી માને સમાચાર આપ્યા વિના નહીં રહે. હું જ્યાં સુધી મારી માને ઓળખું છું ત્યાં સુધી એનામાં કાલ સવાર સુધી સસ્પેન્સ હોલ્ડ કરવાની તાકાત નથી. એ કંઈ ને કંઈ બોલી નાખશે, જેનાથી ગુલાબસિંહ અને અભિ સાવચેત થઈ ગયા હશે.’

‘હં...’ ગાડી ચલાવતા સોમલે ફોન પર વાત કરી રહેલી નેહા સામે જોયું. સામાન્ય રીતે કોઈનો પણ ફોન આવે તો બોલવાનું નેહાના પક્ષે જ રહેતું. એ સામેની વ્યક્તિને ભાગ્યે જ બોલવા દેતી. આજે તદ્દન ચૂપચાપ આ ફોન સાંભળી રહેલી નેહાને જોઈને સોમલને નવાઈ લાગી.

‘તારે મારું એક કામ કરવાનું છે. કરીશ?’

‘શ્યોર.’

‘મારે ઘેર જા. મારી મા સાથે વાત કરીને એને મારા આ સ્વરૂપ માટે તૈયાર કર. કદાચ એને આઘાત લાગે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તો...'

'મને લાગે છે એવી જરૂર નથી.' નેહાએ માપી-તોળીને સોમલને કશું ન સમજાય એવી રીતે પોતાની વાત કહી.

'જરૂર છે નેહા, મારું આ સ્વરૂપ અભિ અને ગુલાબસિંહ માટે ભલે આઘાત હોય, પણ મારી માને...'

કેસરની આંખો મીંચાઈ ગઈ. એની આંખોમાં આવેલાં ઝળઝળિયાં આંખના ખૂણે ટીપું બનીને તોળાઈ રહ્યાં. એ જાણતો હતો કે શ્રદ્ધાબહેન માટે પરિસ્થિતિનો આટલો મોટો પડકાર સહેલો નહોતો. એ જુનવાણી હતાં. જૂની રીતે વિચારતાં અને પરંપરાઓ-રૂઢિઓમાં માનનારાં એક રૂઢિગત વ્યક્તિ હતાં.

'તું કહે છે તો જઈ આવીશ.'

'થેન્ક્સ.'

'કોનો ફોન છે?' હવે સોમલથી રહેવાયું નહીં.

એનો અવાજ સાંભળીને કેસરે ધીમે રહીને પૂછ્યું:

'સોમલ તારી સાથે છે?'

'હા.'

'મને લાગ્યું જ. તું જે રીતે જવાબો આપતી હતી એનાથી... ખેર, મા સાથે વાત થાય તો મને ફોન કરજે.'

ફોન ડિસકનેક્ટ થઈ ગયો. સોમલે ફરી પૂછ્યું.

'કોનો ફોન હતો?'

'છે એક દોસ્ત.' નેહા બારીની બહાર જોતી રહી. એને ખબર હતી કે હવે સોમલના સવાલોનો સામનો કરવો અઘરો પડવાનો છે.

'દોસ્ત? નામ નથી તારા દોસ્તનું?'

'તું નથી ઓળખતો.'

'હું નથી ઓળખતો એવો કયો દોસ્ત છે?'

'છે! હજી હમણાં જ ઓળખાણ થઈ છે.'

'પણ નામ શું છે?'

'તારે શું કામ છે?'

'તને નામ કહેવામાં વાંધો શું છે?'

'તારે નામ જાણીને શું કરવું છે?'

આ બધી ચર્ચા દરમિયાન નેહા બારીની બહાર જોતી હતી.

સોમલે અચાનક એનો ચહેરો પકડીને પોતાની તરફ ફેરવ્યો:

'તેં આજ સુધી મારાથી કંઈ છુપાવ્યું હોય એવું મને યાદ નથી.'

'હું કંઈ છુપાવતી નથી.'

નેહાએ ફરી બારી બહાર જોવાનો પ્રયાસ કર્યો, પણ સોમલના મજબૂત હાથમાં પકડાયેલો ચહેરો ફરી શક્યો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નહીં.

'નેહા, તું કોઈની સાથે ચક્કરમાં છે?'

જવાબમાં નેહા ખડખડાટ હસી પડી:

'હું સિરિયસલી પૂછું છું. તારું લફરું ચાલે છે?'

નેહાએ સોમલનું નાક પકડીને એનો ચહેરો સામેની તરફ ફેરવ્યો:

'ગાડી ઠોકાઈ જશે. સામે જો.'

'જવાબ આપ.'

સોમલે સામે તો જોયું, પણ એના ચહેરા પર પોતાની ખાસ દોસ્તએ પોતાનાથી કંઈ છુપાવ્યું છે એ વાતની ચીડ હતી. એણે નાના બાળકની જેમ મોઢું ચડાવીને કહ્યું:

'તને શું લાગે છે? મને સમજ નહીં પડતી હોય?'

'મૂરખ...' નેહાએ એના માથામાં ટપલી મારી. પછી વહાલથી પોતાનો એક હાથ એના સ્ટિયરિંગ પર મુકાયેલા હાથના બાવડા પર લપેટી દીધો. બીજા હાથે એની હથેળીના પાછળના ભાગ પર વહાલથી હાથ ફેરવવા માંડ્યો:

'તું પઝેસિવ થઈ ગયો છે, નહીં?'

'જાને ભાઈ... તારે જે કરવું હોય તે કર. મારે શું લેવાદેવા?'

'લેવાદેવા નથી તો આટલો ચિડાયો છે કેમ?'

'હું ચિડાઉં કે ખુશ થાઉં, તારે શું નિસબત?'

'તને ખબર છે, સોમુ. આપણે બંને નાનાં હતાં ત્યારથી મિત્રો છીએ, પણ હું મોટી થઈ ગઈ અને તું એવડો જ રહ્યો.'

નેહા ખડખડાટ હસતી રહી અને સોમલ ગુસ્સામાં ગાડી ચલાવતો રહ્યો. નેહાના બિલ્ડિંગ પાસે આવીને ઝટકાથી ગાડી ઊભી રહી ત્યારે એણે નવાઈથી સોમલ સામે જોયું:

'ઉપર આવ, કોફી પી.'

'મારો મૂડ નથી.'

'સારું.'

નેહા ઊતરી ગઈ. સોમલને ફરી નવાઈ લાગી. આજ સુધી ક્યારેય એવું નહોતું બન્યું કે સોમલનો મૂડ ખરાબ હોય અને નેહા એને એકલો છોડીને આવી રીતે જતી રહે. એને એટલું ચોક્કસ સમજાયું કે કંઈક એવું બની રહ્યું છે, જે એની સમજ અને જાણ બહાર છે. એનું મગજ કામે લાગ્યું. નેહા ગાડીમાંથી નીચે ઊતરી. એણે ખુલ્લા દરવાજામાંથી ઝૂકીને સોમલ સામે સ્મિત કર્યું. લાઇફ લખેલા એના મરુન ટી-શર્ટના લો વી ગળામાંથી એની બ્રાની લેસ દેખાતી હતી:

'કાલે મૂડ ઠેકાણે પડે તો આવી જજે...'

'કાલે શું કામ? હું તો કદાચ કલાકમાં પાછો આવું...' સોમલે આંખો ઝીણી કરીને નેહાની આંખમાં જોયું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘પંદર મિનિટમાં પણ આવું.’

‘વેલ...’ નેહાએ ખભા ઊંચક્યા:

‘હું કદાચ ઘેર નહીં હોઉં.’

‘ક્યાં જવાની છે?’

‘બહાર.’

‘તારા બોયફ્રેન્ડને મળવા?’

‘ના, બોયફ્રેન્ડની માને મળવા.’ નેહા હજીયે તોફાની મૂડમાં હતી. એણે સ્મિત ઉછાળ્યું:

‘લગ્નની વાત તો કરવી પડશેને? તું આવીશ... મારા ગાર્ડિયન તરીકે?’

‘નોનસેન્સ.’ સોમલે અચાનક ગાડી સ્ટાર્ટ કરી. નેહા જો દરવાજો બંધ કરીને સમયસર ખસી ન ગઈ હોત તો અકસ્માત થઈ જાય એવી રીતે સોમલ ત્યાંથી નીકળી ગયો.

નેહા સમજી શકતી હતી કે સોમલનો ગુસ્સો વાજબી હતો, પણ પોતે નક્કી કર્યું હતું કે અત્યારે એને કંઈ ન જ કહેવું. એ ઉપર ગઈ. ફ્રેશ થઈ. કપડાં બદલીને નીચે ઊતરી ત્યારે એને કલ્પના પણ નહોતી કે એના બિલ્ડિંગની ગલી જ્યાં પૂરી થતી હતી ત્યાં એક મકાનના પાર્કિંગ લોટમાં ગાડી પાર્ક કરીને સોમલ એની રાહ જોતો બેઠો હતો.

નેહા પોતાની ગાડી લઈને નીકળી ત્યારે એ વિચારોમાં ખોવાયેલી હતી:

શ્રદ્ધાબહેન પાસે જઈને કેસરની બદલાયેલી જિંદગી વિશે કહેવું કે નહીં?

નેહાની ગાડી નીકળતી જોઈ કે સોમલ તરત એની પાછળ નીકળ્યો. એને પોતાને પણ નવાઈ લાગી કે આ એની પ્રકૃતિ નહોતી. એનો સ્વભાવ નહોતો, તેમ છતાં આજે કોણ જાણે કેમ, એ નેહાની જાસૂસીમાં લાગી ગયો હતો.

આ તરફ, નેહાએ ગડમથલમાંથી બહાર નીકળવા કેસરને ફોન લગાડ્યો:

‘હાય... ગયો સોમલ?’

‘હા, કેસર... લિસન... મને લાગે છે હું તારી મમ્મીને મળું એ પહેલાં મારે તને એક વાર મળવું જોઈએ. હું શું કહેવા માગું છું એ તું એક વાર સાંભળી લે.’

‘ઓકે. તું ઘરે આવે છે?’

‘આવું... તારા બાપુ?’

‘છે.’ કેસરે ઉમેર્યું:

‘પણ હું એમને એકલા મૂકીને બહાર નીકળવા નથી માગતો.’

નેહાએ ક્ષણિક વિચાર કર્યો:

‘ફાઇન, તારું એડ્રેસ સમજાવ... હું ત્યાં આવું છું.’

‘ઓકે...’ કેસરે સરનામું સમજાવ્યું. નેહાની ગાડી સડસડાટ વર્સોવાના રસ્તા તરફ દોડવા લાગી. પાછળ સોમલ એનો પીછો કરી રહ્યો છે.

કેસરના બિલ્ડિંગ પાસે પહોંચીને નેહાએ રિંગ કરી. કેસર નીચે આવ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નેહા અને કેસરે ક્યાંય સુધી વાતો કરી. દૂર ઊભેલો સોમલ એમને જોતો રહ્યો. એમની દલીલો, એમનાં હાસ્ય, એકબીજા સાથે એ જે રીતે વાત કરી રહ્યા હતા એ જોઈને સોમલની અંદર એક વિચિત્ર પ્રકારનો ગુસ્સો ધીમે ધીમે વધતો જતો હતો. નેહા જે રીતે કેસરને સ્પર્શતી હતી, એના ગાલને, એના ખભાને, એનો હાથ પકડીને એને સમજાવતી હતી એ જોઈને સોમલ સમજી શક્યો કે નેહા સામે ઊભેલા છોકરાની ખાસ્સી નજીક હતી...

લગભગ કલાક જેટલી વાતો કરીને જ્યારે નેહા ત્યાંથી નીકળી ત્યારે એનું મન શાંત હતું. એણે કેસરને સમજાવી દીધો હતો કે કાલે સવારે એણે ઘેર જઈને પોતાની ઓળખાણ છતી કરવી જોઈએ. નેહા પાસે એ માટે પોતાની તાર્કિક દલીલો હતી.

અભિ અને ગુલાબસિંહને જો ઝટકો લાગશે તો આગળનો પ્લાન વિચારવા માટે એમને સમય જોઈશે... એ સમય દરમિયાન કેસર પોતાનું કામ સરળતાથી કરી શકશે એવું એણે કેસરના ગળે ઉતાર્યું... નેહા પાછી ફરી ફરતી હતી ત્યારે ખુશ હતી. ગાડીમાં મ્યુઝિક વાગતું હતું. સ્ટિયરિંગ વ્હીલ પર હાથથી તાલ આપતાં આપતાં એણે રીઅરવ્યૂ મિરર એડ્જસ્ટ કર્યો. એણે અચાનક પાછળની ગાડીનો નંબર જોયો...

એની આંખો પહોળી થઈ ગઈ: સોમલ?!

એણે ફોન ઉઠાવીને સેલ નંબર ડાયલ કર્યો:

'હેલો હેન્ડસમ...'

'બોલ...'

'તું કોફી પીવાનું કહેતો હતા ને? ચાલ, મળીએ.'

'હું એક મિટિંગમાં છું.' સોમલના અવાજમાં તોછડાઈ હતી, જે નેહાએ પહેલાં ક્યારેય નહોતી સાંભળી.

'મિટિંગમાં? મને તો ટ્રાફિકનો અવાજ સંભળાય છે.'

'હા, એટલે મિટિંગમાં જઈ રહ્યો છું.'

'છેક અત્યારે?'

'હું તને સવાલો પૂછતો હતો એ તને નહોતું ગમ્યું, રાઇટ?' સોમલના સ્વરમાં ધૂંધવાટ હતો.

'સોમલ...'

'આપણે કાલે વાત કરીશું.'

નેહા આગળ કશું કહે એ પહેલાં ફોન ડિસકનેક્ટ થઈ ગયો. નેહાએ પોતાની પાછળથી રાઇટ ટર્ન લઈને નીકળી જતી સોમલની ગાડી જોઈ.

એની આંખમાં પાણી આવી ગયાં. કોણ જાણે એ શું સમજ્યો હશે... નેહાને ગુસ્સો આવી ગયો. શા માટે પીછો કર્યો હશે એણે મારો? શું ઇચ્છતો હશે?

બાળપણથી શરૂ કરીને આજ સુધી નેહા અને સોમલે ક્યારેય એકબીજાથી કશું નહોતું છુપાવ્યું, પરંતુ જ્યારે આરોહીની વાત આવી ત્યારે પોતે પણ આવું જ વર્તી હતી એ નેહાને યાદ આવી ગયું. એને લાગ્યું કે આમાં ક્યાંય માલિકીભાવ નહોતો... દોસ્તીની કાળજી હતી. અધિકાર હતો એનો!

કાલે સવારે ઓફિસ પહોંચતાં જ એ સોમલને બધું કહી દેશે... એણે નક્કી કરી લીધું, આમ પણ સવાર સુધીમાં તો સસ્પેન્સ ખૂલી જ જશે. કેસર એક વાર ઘરે પહોંચશે પછી ડઘાયેલો અભિ નિખિલને ફોન કર્યા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વિના રહેવાનો નથી. એક વાર નિખિલને ખબર પડશે તો...

*

જમીને પિતા-પુત્ર આડા પડ્યા ત્યારે કેસરે પિતાના પગ પાસે બેસીને હળવા હાથે એમના પગ પર હાથ ફેરવવા માંડ્યો. ધીમે ધીમે પગ દબાવતાં એણે આવતી કાલની સવાર માટે દેવરાજસિંહને તૈયાર કરવા માંડ્યા. એ જાણતો હતો કે આવતી કાલે સવારનો ગૃહપ્રવેશ જરાય સરળ નથી નીવડવાનો.

'બાપુ, ઘેર જવા તૈયાર છોને?'

'બિલકુલ.' દેવરાજસિંહની આંખો બંધ હતી. એમના થાકેલા શરીરને આરામ મળતો હતો અને થાકેલા મનને એક અજબ જાતની શાંતિ મળી રહી હતી:

'હું તારી માનું મોં જોવા તરસી ગયો છું. બરાબર ચારસો ને આઠ દિવસ થયા. હું તારી માને મળ્યો નથી.'

'હુંય ઘરના ગોળાનું પાણી પીવા તરસી ગયો છું.' કેસરનું ગળું ભરાઈ આવ્યું.

'બેટા, હવે બધું સારું જ થશે.'

'હું પણ એવું જ ઇચ્છું છું બાપુ, પરંતુ કોણ જાણે કેમ મારું મન...' કેસર આગળ બોલતો અટકી ગયો.

'તને સાવજની ચિંતા થાય છે ને?' દેવરાજસિંહની આંખો બંધ હતી, પણ ચહેરા પર સ્મિત આવ્યું:

'એ રસ્તો ભૂલી ગયો છે, ખોવાઈ ગયો છે. આપણે એક વાર ઘેર પહોંચીશું એટલે સમજાવી-પટાવીને બધું સમુંસૂતરું કરી લઈશું. બેટા, ફરી કમાઈ લેતાં વાર નહીં લાગે, તું પૈસાની ચિંતા ના કરતો.'

'હું કશાયની ચિંતા નથી કરતો, બાપુ. બસ, તમારી અને માની ચિંતા કરું છું.'

'અમારી શું ચિંતા? તારા જેવો સમજદાર દીકરો છે... તું એક વાર બધું હાથમાં લઈશ તો ઘીના ઠામમાં ઘી પડી જશે.'

'બાપુ, હું તો મારાથી બનતું બધું કરીશ, પણ અભિ...'

'સાવજને માફ કરી દેજે, બેટા. ગમે તેમ તોય તું હવે મોટો ભાઈ છે.'

દેવરાજસિંહને જવાબ આપ્યા વિના કેસર ચૂપચાપ એમના પગ દબાવતો રહ્યો.

હું તો માફ કરીશ, પણ એ મને માફ કરશે કે નહીં એની મને નથી ખબર... કેસરે મનોમન કહ્યું. આંખો બંધ કરીને સૂતેલા દેવરાજસિંહની નજર સામે ભેગું થઈ ગયેલું કુટુંબ, સુધરી ગયેલો અભિ અને બિઝનેસ સંભાળીને પિતાના પગલે ચાલી રહેલો કેસર દેખાતા હતા. હીંચકે બેઠેલાં શ્રદ્ધાબહેન અને પોતે એક સુખી કુટુંબને જોઈને સંતોષનું સ્મિત કરી રહ્યા હતા.

*

આરોહીની સાથે અભિમન્યુ પોતાના બેડરૂમમાં આવ્યો ત્યારે પણ એ ગૂંચવાયેલો હતો. બેડ પર બેઠેલી આરોહી એની સાથે જોઈ રહી.

અભિમન્યુએ પોતાનું વોર્ડરોબ ખોલ્યું. બ્લેકલેબલની બોટલ કાઢી બે નીટ પેગ પી નાખ્યા. ત્રીજો પેગ ભર્યો અને ધીમે ધીમે ઘૂંટડા ઉતારતો હતો ત્યારે એને અકળાયેલો જોઈને આરોહી ઊભી થઈ. એની પાસે જઈને એણે પાછળથી અભિમન્યુને આશ્લેષમાં લેવાનો પ્રયત્ન કર્યો. અભિમન્યુએ એના હાથ ખસેડી નાખ્યા:

'આરોહી, પ્લીઝ...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અભિ, તારા ડૅડી પાછા આવે છે. આનંદની વાત છે.’

‘તને શું સમજ પડે છે? દોઢડહાપણ કરવાની જરૂર નથી.’

‘શું બોલે છે તું?’ ચોવીસ કલાક જૂની આ નવોઢા અભિમન્યુની સામે નવાઈથી જોઈ રહી.

‘તું...’ અભિમન્યુ સહેજ ઝંખવાયો:

‘તને ખબર નથી આરોહી, એ આવશે એટલે ફૅમિલીમાં કેટલા પ્રોબ્લેમ ઊભા થશે. શરૂઆત આપણાં લગ્નથી થશે.’

‘થોડું ગુસ્સે થશે, કદાચ ઘર છોડવાનું કહેશે... તો શું? આપણે તો સાથે છીએને?’ આરોહી હજી પણ એ રોમૅન્ટિક અભિમન્યુને રીઝવવાનો પ્રયત્ન કરી રહી હતી.

‘સાથે હોઈએ એટલે રસ્તા પર ન સુવાય. તું મારા બાપને ઓળખતી નથી. રાક્ષસ છે... એનું મગજ ફરશે તો પહેરેલે કપડે કાઢી મૂકશે.’

એણે ત્રીજો પેગ પૂરો કરીને ચોથો ભર્યો.

આરોહી સહેજ ડરી ગઈ. એણે અભિમન્યુનું આવું રૂપ પહેલાં નહોતું જોયું. એ વહાલથી નજીક આવી. એણે સમજાવવાનો પ્રયત્ન કર્યો:

‘એવું કંઈ નહીં થાય. આફ્ટર ઑલ એ તમારા પપ્પા છે...’ એણે બંને હાથે અભિમન્યુનો ચહેરો પકડવાનો પ્રયત્ન કર્યો.

અભિમન્યુએ એનો હાથ ઝટકાવી નાખ્યો:

‘પપ્પા? આજે સવારે જેણે તને કાઢી મૂકી એ તારો પણ બાપ જ હતોને? એણે શું કર્યું?’

આરોહીનું મગજ છટકી ગયું:

‘મારા ડૅડી સુધી જવાની જરૂર નથી.’

‘તો તારે મને સલાહ આપવાની જરૂર નથી.’

‘મને સમજાય છે કે મેં તારી સાથે લગ્ન કરીને ભૂલ કરી છે. તેં મને ફસાવી છે.’

આરોહી નહોતી ઇચ્છતી, પણ સવારથી જે પ્રકારની ઘટનાઓ એક પછી એક બનતી ગઈ એનાથી હવે એનાં મન અને મગજ પરનો કાબૂ રહી શક્યો નહીં:

‘તું જે દેખાતો હતો એ છે જ નહીં.’

‘વેરી ગુડ... ખબર પડી ગઈને? હવે શું કરવું છે?’

‘હું આવી રીતે નહીં રહી શકું.’

‘ચાલવા માંડ!’

‘એમ નહીં માનતો કે મારા પપ્પાએ મને સ્વીકારવાની ના પાડી એટલે મારી પાસે જવાની જગ્યા નથી.’

‘ક્યાં જઈશ? શ્રોફ વિલામાં?’

ઉશ્કેરાયેલા અને ગિન્નાયેલા અભિમન્યુને પણ સમજ નહોતી પડતી કે એ શું કહી રહ્યો છે. પોતે ગુસ્સો અને અકળામણ કઈ દિશામાં કાઢી રહ્યો છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સોમલને વચ્ચે લાવવાની જરૂર નથી.’

‘કેમ? લાગી આવે છે? એણે તો લાત મારીને ફેંકી દીધી... અને તું હજી પણ...’

‘તું હદ ઓળંગી રહ્યો છે, અભિ.’

શરાબનો નશો હવે અભિના મગજ પર સવાર હતો. એણે આરોહીની નજીક જઈને ચહેરો સાવ એની નિકટ લઈને પૂછ્યું:

‘હદ? તમે કઈ હદમાં હતા એ તો કહે... આજે ઓફિસમાં મને પૂછતો હતો કે આણે આવાં કપડાં કેમ પહેર્યાં છે...’ અભિમન્યુની આંખોમાં ઝેર ઊમટતું હતું:

‘કપડાં વગર પણ જોઈ હશે ને તને તો...’

‘શટઅપ!’ અભિમન્યુ કશું સમજે એ પહેલાં ધૂંધવાઈ ગયેલી આરોહીએ અભિના ગાલ પર એક થપ્પડ ઠોકી દીધી.

અભિનું રાજપૂતનું લોહી ઊકળી આવ્યું. એણે કલ્પના પણ નહોતી કરી કે એક સ્ત્રી આવી રીતે થપ્પડ મારી શકે. જાતને સંભાળતાં એને થોડીક ક્ષણ લાગી, પણ જેવું એને સમજાયું કે તરત એણે વીજળીની જેમ આરોહી પર તરાપ મારી. એના ખુલ્લા વાળ પકડીને પાછળની તરફ ઘસડી. આરોહીથી ચીસ પડાઈ ગઈ. દાંત કચકચાવીને અભિમન્યુએ એના ગાલ પર એક પછી એક ત્રણ તમાચા ઠોકી દીધા. આરોહીનો હોઠ ચીરાઈ ગયો. ખૂણેથી સહેજ લોહી નીકળી આવ્યું.

આ પહેલાં એણે આવી અમાનુષી તાકાત અને પૌરુષનો અનુભવ નહોતો કર્યો. એણે જ્યારે સોમલ પર હાથ ઉપાડ્યો ત્યારે એને રોકવા સિવાય સોમલે બીજું કશું નહોતું કર્યું. તમાચો પડતાં જ આરોહીનો ઉશ્કેરાટ અનેકગણો વધી ગયો. એણે આંખોમાંથી વહેતાં આંસુ સાથે અભિમન્યુનું શર્ટ પકડ્યું. એને એટલા જોરથી હચમચાવ્યો કે શર્ટનાં પહેલાં ત્રણ બટન તૂટીને અભિમન્યુની છાતી ખુલ્લી થઈ ગઈ. એણે ખુલ્લી છાતી પર નહોર ભરી લીધા.

અભિમન્યુની છાતી પર લોહીના ટશિયા ફૂટી નીકળ્યા. એણે આરોહીના બંને હાથ પકડી લીધા... તરફડતી આરોહીને લગભગ ઊંચકીને એણે પલંગમાં નાખી. પછી બંને હાથ પલંગમાં દબાવીને ઘૂંટણથી એના પગ દબાવી દીધા.

આરોહી હજીય એની પક્કડમાંથી છૂટવા માટે તરફડી રહી હતી. ઉછાળા મારતી આરોહીને પૂરા જોરથી દબાવીને અભિમન્યુએ કહ્યું:

‘આ ઘરમાં રહેવું હોય તો જીભ પર કાબૂ રાખવો પડશે. સ્ત્રી છે તો સ્ત્રીની જેમ રહે. મારો પતિ થવાની કોશિશ નહીં કરતી. સગી બહેનને પણ નથી છોડી મેં... એની હોશિયારીનો બદલો આપ્યો છે... તું વળી કઈ ચીજ છે? તારી ઓકાતમાં રહે. બાકી...’

પીડા અને અપમાનથી તૂટી ગયેલી આરોહીનો તરફડાટ અટકી ગયો. એની આંખોમાંથી આંસુ વહેતાં હતાં. ચિરાયેલા હોઠની સાથે સાથે ઘૂંટણ અને હાથ પર આવેલા વજનથી એને પીડા ઊપડી.

અભિમન્યુ એને છોડીને ફરી એક વાર બારી પાસે પહોંચ્યો ત્યારે આરોહી બંને હાથે ચહેરો ઢાંકીને ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી. ઊંચા અવાજે ઝઘડતાં નવાં પરણેલાં દીકરા-વહુનો અવાજ અને પછી મોટા અવાજે રડતી આરોહીનો અવાજ હીંચકે બેઠેલાં શ્રદ્ધાબહેનના કાને અથડાતો રહ્યો. એમને ફરી વાર દેવરાજસિંહ યાદ આવી ગયા:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કાશ, આવે વખતે એ અહીં હાજર હોત તો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 52

કાશ, આવે વખતે એ અહીં હાજર હોત તો...

નવાં પરણેલાં દીકરા-વહુના ઝઘડવાનો અવાજ પછી મોટા અવાજે રડી રહેલી આરોહીનો અવાજ સાંભળીને હીંચકે બેઠેલાં શ્રદ્ધાબહેનને ફરી દેવરાજસિંહ યાદ આવી ગયા હતા...

પતિ દેવરાજસિંહને યાદ કર્યા એની ગણતરીની જ મિનિટોમાં એમના પ્રવેશદ્વાર પાસે એક કાર આવીને ઊભી રહી...

કાર પાર્ક કરીને નીચે ઊતરતાં કેસરે ધીમેથી દેવરાજસિંહને કહ્યું:

બાપુ, પહેલાં તમે જાવ. પછી હું આવું છું.'

'આપણે સાથે જ જઈએ.'

'મારું માનો, બાપુ...' કેસરનો દઢ અવાજ સાંભળીને દેવરાજસિંહે સામે દલીલ ન કરી.

દેવરાજસિંહ કારમાંથી ઊતરીને મુખ્ય દરવાજા સુધી પહોંચ્યા. દોડતાં આવેલાં શ્રદ્ધાબહેન એમને ભેટી પડ્યાં. એમની આંખોમાંથી આંસુની ધાર વહેતી હતી. ભેટીને રડતાં શ્રદ્ધાબહેનની પીઠ પર હાથ ફેરવતાં દેવરાજસિંહની આંખો પણ ભીની થઈ ગઈ.

'તમે હાથ લગાડ્યો ત્યારે લાગ્યું કે હું જીવું છું. પથ્થર થઈ ગઈ હતી... જીવતી લાશની જેમ... તમે કેમ આટલા દિવસ દૂર રહ્યા મારાથી?

શ્રદ્ધાબહેન રડતાં રડતાં બોલી રહ્યાં હતાં. દેવરાજસિંહ એમને દિલાસો આપતા એમની પીઠ પર હાથ ફેરવતા હતા ત્યાં ગુલાબસિંહનો અવાજ સંભળાયો:

'આવી ગયો, દેવલા? ધરતીનો છેડો ઘર, ભાઈ... માણસ ગમે એટલું દોડે. અંતે તો ઘર જ સાચું સરનામું...'

દેવરાજસિંહે ભીની આંખે દૂર ઊભેલા ગુલાબસિંહને જોયા. એની પાછળ અભિમન્યુ ઊભો હતો.

દેવરાજસિંહ ઘરમાં દાખલ થયા ત્યારે ઘરનું વાતાવરણ જાણે બદલાયેલું હતું. ઘરમાં એક પ્રકારનું ટેન્શન હવામાં અનુભવી શકાતું હતું. એમણે ઘરમાં દાખલ થતાંની સાથે જ ગુલાબસિંહ અને અભિમન્યુને જોયા. રાતના હેન્ગઓવરની સૂઝેલી આંખો અને કૂર્તામાંથી દેખાતી ખુલ્લી છાતી પર નહોરનાં નિશાન દેવરાજસિંહને દૂરથી પણ દેખાઈ ગયાં.

મહેશ દોડીને સામે આવ્યો:

'સાહેબ... તમે આવી ગયા?' એણે વાંકા વળીને દેવરાજસિંહના ચરણસ્પર્શ કર્યા.

પિતા આવવાના છે એની જાણ હોવા છતાં એમને જોઈને ડઘાયેલો અભિમન્યુ જાણે ઊંઘમાંથી જાગ્યો હોય એમ આગળ વધ્યો. એણે દેવરાજસિંહના ચરણસ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો. દેવરાજસિંહે એના માથે હાથ મૂકતાં પહેલાં ધીમેથી પૂછ્યું:

'વહુ ક્યાં છે, બેટા?'

શ્રદ્ધાબહેને ચોંકીને દેવરાજસિંહ સામે જોયું. એમણે માન્યું હતું કે આવતાંની સાથે દેવરાજસિંહ આ બાબતે સાવ જુદી રીતે વર્તશે. અભિમન્યુએ પોતાની રીતે કરી લીધેલાં લગ્ન વિશે એ નારાજ હશે, પણ દેવરાજસિંહે તો સાવ જુદી જ સમજથી વાતચીતની શરૂઆત કરી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અડધી સીડી પર આવીને ઊભેલી આરોહી આગળ વધવું કે નહીં એનો નિર્ણય ન લઈ શકી. એ ત્યાં જ ઊભી રહીને સૌને જોઈ રહી હતી. જેવું દેવરાજસિંહે એના વિશે પૂછ્યું કે એ દોડીને દેવરાજસિંહ સુધી પહોંચી ગઈ. વાંકી વળીને એ દેવરાજસિંહને પગે લાગી. એમણે આરોહીના માથે હાથ મૂક્યો:

'દૂધે નહાવ અને સુખી થાવ.'

આરોહી જેવી ઊભી થઈ એવો દેવરાજસિંહે એનો ચહેરો જોયો. વહેલી સવાર સુધી રડી રડીને સૂઝી ગયેલી એની આંખો જોતાં જ દેવરાજસિંહને સમજાઈ ગયું કે અભિમન્યુની છાતી પર નહોરનાં નિશાન એ નવપરિણીત દંપતીના સુખનો પુરાવો નહોતો... ગઈ કાલે રાત્રે જે કંઈ થયું હશે એનો હળવો ચિતાર દેવરાજસિંહના મનમાં આવી ગયો.

હજી દેવરાજસિંહ કંઈ કહે એ પહેલાં એમણે બૂટનો અવાજ સાંભળ્યો. કેસર પાછળ આવીને ઊભો હતો. એમણે પાછળ ફરીને કેસરને ખભે હાથ મૂક્યો. એને આગળ લાવીને સૌની સામે ઊભો રાખ્યો:

'આને ઓળખો છો?'

'આ તો... આ તો આપણી...'

શ્રદ્ધાબહેને આંખો ઝીણી કરી. માની નજર સંતાનને ઓળખવામાં ક્યારેય થાપ ન જ ખાઈ શકે, પણ આ કેસર છે એવો ખ્યાલ આવી જવા છતાં એના ચહેરા પરના દાઢી-મૂછ, શર્ટમાંથી દેખાતો સપાટ છાતીનો આભાસ અને ચહેરા પર આવી ગયેલી રુક્ષતાએ એમને ગૂંચવી નાખ્યાં.

'તું... તું... કેસર?'

'હા મા... હું કેસર છું.'

કેસરે આગળ વધીને શ્રદ્ધાબહેનના ચરણસ્પર્શ કર્યા. પછી બંને હાથ શ્રદ્ધાબહેનના ખભે મૂકીને એમની આંખોમાં જોયું:

'હા, પણ તમારી કેસર નહીં, તમારો કેસર!'

આટલું સાંભળતાં જ ગુલાબસિંહ અને અભિમન્યુની નજર ટકરાઈ. અભિમન્યુની આંખો બદલાઈ ગઈ. ગુલાબસિંહ ઝડપથી પ્રતિભાવ આપે એવો માણસ નહોતો એટલે એણે ધ્યાનથી કેસર અને શ્રદ્ધાબહેનની વાત સાંભળવા માંડી.

રાતનો ઉશ્કેરાટ હજી અભિમન્યુના મગજમાંથી સાવ ભૂંસાયો નહોતો. એમાં કેસરને આ રીતે દાખલ થયેલો જોઈને બળતામાં ઘી હોમાયું. હવે પરિસ્થિતિ કઈ દિશામાં અને શું વળાંક લેશે એના અનેક વિચાર એકસામટા એના મગજમાં આવીને પસાર થઈ ગયા. એ આ ઝટકા માટે સહેજ પણ તૈયાર નહોતો.

એક તો કેસરનું જીવતાં હોવું... પાછા ફરવું... અને એ પણ આ રીતે!

અભિમન્યુનું મગજ બહેર મારી ગયું હતું.

એ કશું બોલે એ પહેલાં શ્રદ્ધાબહેનની આંખોમાં ફરી પાણી આવી ગયાં. એમણે કેસરના ગાલ પર, ખભા પર હાથ ફેરવતા પોતાનો સ્નેહ તો વ્યક્ત કર્યો સાથે ફરિયાદ કરી:

'બેટા... આ શું કરી નાખ્યું તેં?' એમણે દેવરાજસિંહની સામે જોયું:

'ઈશ્વરની મરજી વિરુદ્ધ... કુદરત સાથેનાં ચેડાં...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એ વિશે આપણે પછી વાત કરીશું. આ કેસર છે. મારો દીકરો કેસર. મારો મોટો દીકરો, મારો પાટવી, મારો યુવરાજ...’

‘કેવો યુવરાજ ને કેવી વાત... એનો અધિકાર આ ઘરમાં ત્યાં સુધી જ હતો, જ્યાં સુધી એનાં લગ્ન થયાં. એક વાર લગ્ન થઈ જાય પછી દીકરીનો આ ઘરમાં અધિકાર નથી રહેતો.’

‘તેં સાંભળ્યું નહીં, સાવજ... એ દીકરી નથી... દીકરો છે મારો.’

આટલું સાંભળતાં જ અભિમન્યુ હસ્યો.

‘કપડાં બદલવાથી દીકરીમાંથી દીકરો ન થઈ જાય. ઈશ્વરે એને જે બનાવવાની હતી એ જ બનાવીને મોકલી છે.’

‘ક્યારેક ઈશ્વરની ભૂલ પણ થઈ જાય છે, અભિ.’

‘તું તો ચૂપ જ રહેજે, તું આમાં નહીં બોલતી. બાકી...’

‘વાત મારી છે એટલે બોલીશ તો ખરો.’

‘કોઈ કોમેડી પિક્ચર જેવું લાગે છે. સાવજ એને સ્ત્રી તરીકે સંબોધે છે અને પેલી પુરુષ તરીકે જવાબ આપે છે.’

ગુલાબસિંહ હસ્યા. આગળ વધીને એમણે કેસરના ખભે હાથ મૂક્યોઃ

‘આ બધા ઉધામા ન કર્યા હોત તો તારા સાસરે ક્યાં ખોટ હતી, બેટા? એય ને મજાની સોનાના હિંડોળે ઝૂલતી હોત.’

આટલું કહી એ દેવરાજસિંહ તરફ ફર્યાઃ

‘આ બધા ગાંડાં કાઢવાનાં છોડો... આને ચૂપચાપ પરદેશ મોકલી આપો. સમાજમાં ને બિરાદરીમાં નાક કપાય એ પહેલાં ભીનું સંકેલી લો.’

‘નાક શું કામ કપાય? મેં કંઈ ગુનો નથી કર્યો - નથી કોઈ ચોરી કરી.’

‘એવું તો તું કે’છ ને?’ ગુલાબસિંહ હસ્યા.

‘ગાંડી, એમ કાયા બદલે જો સ્ત્રીમાંથી પુરુષ થઈ જવાતું હોત તો આ દુનિયાનાં અડધોઅડધ બૈરાં સ્ત્રીમાંથી પુરુષ થઈ જાત.’

‘બધાયને એવી સગવડ નથી હોતી. હું તો જે થવો જોઈતો હતો તે થઈને આવ્યો છું.’

‘જો... તું સ્ત્રી હોય કે પુરુષ, મારે ઝાઝી ચર્ચા નથી કરવી.’ અભિમન્યુએ ચપટી વગાડીને કહ્યુંઃ

‘જે રસ્તે આવ્યો છે એ જ રસ્તે પાછો જતો રહે. આ ઘરમાં તારા માટે કોઈ જગ્યા નથી. આ ઘરના દરવાજા તારા માટે બંધ થઈ ચૂક્યા છે.’

‘આ મારું ઘર છે, જ્યાં મારા પિતા અને મારી મા રહે છે ત્યાંથી મને કોઈ નહીં કાઢી શકે.’

અભિમન્યુ અચાનક જ ઉશ્કેરાઈ ગયો. એણે નજીક જઈને કેસરને કોલરમાંથી પકડી લીધો. સામાન્ય છોકરીઓ કરતાં પહેલેથી જ કેસરની ઊંચાઈ થોડી વધારે હતી. જોકે અભિમન્યુના પ્રમાણમાં કેસરની ઊંચાઈ થોડી ઓછી હતી. બાંધો અભિમન્યુના પ્રમાણમાં સહેજ નાજુક કહી શકાય. અભિમન્યુએ એને કોલરમાંથી પકડીને હચમચાવ્યોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અબે ચલ નીકળ અહીંથી! જોઈતાં હોય તો તારા મા-બાપને પણ લઈ જા...’

અભિમન્યુ કશું સમજે કે વિચારે એ પહેલાં કેસરે એક ઝાટકે કોલર પરથી અભિમન્યુનો હાથ ઝટકાવી નાખ્યો. એણે અભિમન્યુની આંખમાં જોયું:

‘મારા મા-બાપ પણ અહીં જ રહેશે અને હું પણ અહીં જ રહીશ.’

આટલું કહી જાણે અભિમન્યુનું અસ્તિત્વ જ ન હોય એમ એણે દેવરાજસિંહની સામે જોયું:

‘આવો બાપુ, તમારા પોતાના ઘરમાં તમારું સ્વાગત છે.’

દેવરાજસિંહ ગર્વ સાથે દાખલ થયા. સીડી ચડીને પોતાના બેડરૂમ તરફ આગળ વધતાં એમણે કેસર તરફ જોયું:

‘કાલે તારો ફ્લૅટ ખાલી કરીને તારો સામાન પણ લઈ આવ, બેટા. તારો રૂમ તારી રાહ જુએ છે.’

સીડીની બાજુમાં ઊભેલો અભિમન્યુ પિતાને અને એમની પાછળ પાછળ સીડી ચડી રહેલા કેસરને જોઈને ખૂબ ઉશ્કેરાઈ ગયો હતો. કેસર જે રીતે એને હડસેલીને ઘરમાં દાખલ થયો એ વાતે એનું મગજ ફરી ગયું હતું. એણે ગુલાબસિંહ સામે જોયું:

‘આ તમે કેવી રીતે ચલાવી લો છો? સાસરે વળાવેલી દીકરી દીકરો બનીને ઘરમાં દાખલ થઈને હક જમાવે છે. તમે ઊભા ઊભા જોયા કરશો?’

‘બેટા, શાંતિ રાખ.’ ગુલાબસિંહે એક વાક્યમાં અભિમન્યુને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ અભિમન્યુ હવે પોતાનો ક્રોધ કાબૂમાં રાખી શકે એમ નહોતો. એ ચિલ્લાયો:

‘એ નાલાયક... નફ્ફટ...! તને તો કોઈની પડી નથી, તેં તો જાતને વેચીને રોકડી કરી લીધી, પણ અમારે તો આ દુનિયામાં રહેવાનું છે.’

‘બસ, અભિ... નાઉ ઈનફ ઈઝ ઈનફ!’ કેસરે પાછળ ફરીને શાંતિથી કહ્યું.

‘હું પણ તને એ જ કહું છું કે હવે બસ થયું, અમારી ઇજ્જત ઉતારવાનું બંધ કર. પહેલાં ઘર છોડીને ભાગી, પછી જાતને મરેલી સાબિત કરી... પછી કોણ જાણે ક્યાંય રખડી આવી... અને હવે આ નવી ગંદકી અમારે માથે...’

‘અભિ, હવે એક શબ્દ નહીં બોલતો.’

‘બોલીશ તો તું શું કરી લઈશ, સાલા, છક્કા!’

હજી અભિમન્યુનું વાક્ય પૂરું થાય એ પહેલાં કેસર સડસડાટ નીચે ઊતર્યો. સીડીની પાસે ઊભેલા અભિમન્યુનાં બંને જડબાં પકડ્યાં, હાથમાં તાકાત કદાચ થોડી ઓછી હતી, પણ કેસરની આંખમાં ઊભરાયેલું ઝનૂન અભિમન્યુને ડરાવી ગયું.

‘અભિ, બસ... હવે એક શબ્દ વધુ ને તારી બત્રીસી તારા હાથમાં!’

કેસરની આ અણધારી ધમકીથી અભિમન્યુ થોડો ડઘાઈ ગયો.

‘આજ પછી મારી સાથે વાત કરવી હોય તો સન્માન એ પહેલી શર્ત છે.’

‘ચલ હટ... તારું વળી શેનું સન્માન? અડધિયા...’

અભિમન્યુ વાક્ય પૂરું કરે એ પહેલાં એનો ચહેરો બીજી તરફ ફરી જાય એટલા જોરથી એના ચહેરા પર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તમાચો વીંઝાયો. કેસરે એને બાવડેથી ઝાલ્યો. અભિમન્યુનું વજન પ્રમાણમાં વધારે હતું, છતાં કેસર એને પ્રવેશદ્વાર સુધી ઘસડી ગયો:

'ચલ, નીકળ... જ્યાં સુધી મોટા ભાઈ સાથે વાત કરવાની રીત અને આમન્યા ન આવડે ત્યાં સુધી ઘરની બહાર ઊભો રહે! દેવરાજસિંહ ઝાલાના ઘરમાં સંસ્કારી અને શિષ્ટ ભાષા બોલનારા જ રહી શકે, સમજ્યો?'

ઘરનાં કોઈ કંઈ સમજે એ પહેલાં એણે મુખ્ય દ્વાર બંધ કરી દીધું.

બરાબર એ જ વખતે કેસર અને આરોહીની નજર મળી. આરોહીની નજરમાં એક હળવો આભાર અને સમ્માન કેસરને વંચાયાં વિના ના રહ્યાં.

'એ કેસર, આ શું કરે છે? ઘરમાં આવતાંની સાથે જ આ બાધાબાધી? પડોશીને જોણું થાય...'

ગુલાબસિંહ દરવાજો ખોલવા જતા હતા, પણ કેસરના સત્તાવાહી અવાજે એમને રોકી લીધા.

'આ દરવાજો હવે અંદરથી હું જ ખોલીશ. એને થોડી વાર બહાર જ રહેવા દો.'

'દેવલા, તારે કાંઈ કહેવું નથ?'

ગઈ કાલે રાત્રે જ જોયેલું સપનું જાણે કડડડભૂસ થઈ ગયું હોય એવું દેવરાજસિંહને લાગ્યું. એમણે હજી ગઈ કાલે રાત્રે જ પોતાનું આખું કુટુંબ અને બિઝનેસ સંભાળી રહેલા બે રામ-લક્ષ્મણ જેવા દીકરા કલ્પ્યા હતા. ગુલાબસિંહના અવાજમાં રહેલી વિનંતી સાંભળીને દેવરાજસિંહનું મન પીગળ્યું. એમણે કેસર કરતાં પણ વધારે સત્તાવાહી અવાજે કહ્યું:

'દરવાજો ખોલી નાખ, કેસર.'

'પણ, બાપુ...'

'આ બરોબર નથી થતું, કેસર... તું આ ઘરમાં એટલા માટે નથી આવ્યો કે તારા ભાઈને અહીંથી કાઢી મૂકે. મોટા ભાઈ તરીકે તારી ફરજ છે કે તું એને સાચી દિશા બતાવે, સુધારે.'

'જી, બાપુ.'

વધુ એક પણ અક્ષર બોલ્યા વિના કેસરે આગળ વધીને દ્વાર ખોલી નાખ્યું. ગુલાબસિંહના ચહેરા પર વિજયનું સ્મિત આવી ગયું.

'ચાલ, બેટા અંદર.' ઘરની બહાર ઊભેલા અભિમન્યુને એ ધીમેથી અંદર લઈ આવ્યા:

'અલ્યા, કેસર... એક વાત તને પણ કહી દઉં, તેં કાયા બદલીને માયા તો રચી નાખી છે, પણ અભિના અધિકાર પર તરાપ મારવાનો પ્રયત્ન કરીશ તો દેવલોય નહીં ચલાવે. એમ તો દેવલો ન્યાયી છે. સાચો છે... અભિ પણ એનો દીકરો છે.'

દેવરાજસિંહના મનમાં ઊતરી જાય એવી રીતે આટલાં વાક્યો કહ્યાં પછી એમણે ધીમેથી ઉમેર્યું:

'ખરેખર તો દેવનો દીધેલ દીકરો અભિ જ છે. તું તો બોનસમાં આવ્યો છે.'

કશું જ બોલ્યા વિના કેસર ચૂપચાપ સાંભળતો રહ્યો. આખીય વાત જાણે અહીં જ પૂરી થઈ ગઈ. કેસર કશું જ બોલ્યા વિના દેવરાજસિંહની બાજુમાં થઈને ઉપર પોતાના રૂમ તરફ ચાલી ગયો.

આ આખીયે પરિસ્થિતિને ચૂપચાપ જોઈ રહેલાં શ્રદ્ધાબહેન એક અક્ષર બોલ્યાં નહીં, પણ એમણે મનોમન નક્કી કરી લીધું કે સાવજ વિશે દેવરાજસિંહ સાથે વાત કર્યા વિના નહીં ચાલે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પતિની ગેરહાજરીમાં અભિમન્યુના અને ગુલાબસિંહના તમામ વર્તનનાં એ સાક્ષી રહ્યાં હતાં. એમને એવું લાગ્યું કે દેવરાજસિંહ હજીયે પૂરું સત્ય જાણતા નથી અથવા જાણી શક્યા નથી. એમણે જે રીતે અભિમન્યુનો પક્ષ લીધો એ રીતે જોતાં એમને હકીકતથી વાકેફ કરવા જોઈએ...

થોડી મિનિટોમાં દેવરાજસિંહ અને શ્રદ્ધાબહેન પોતાની રૂમમાં ગયાં એ પછી ડ્રોઈંગ રૂમમાં એકલા પડેલા દાદા અને પૌત્ર થોડીક ક્ષણ સુધી તો તદ્દન અવાક હતા. જે બની ગયું એ હજીય એમના ગળે ઊતર્યું નહોતું. જે છોકરીને મૃત્યુ પામેલી જાહેર કરવા માટે એમણે આકાશ-પાતાળ એક કર્યાં હતા એ જ જીવતી જાગતી આજે એમની સામે ઊભી હતી. એ સત્યને ગળે ઉતાર્યા સિવાય એમની પાસે બીજો રસ્તો નહોતો.

'આમ બાઘા-ચકવાની જેમ શું ઊભો છે? ફોન લગાડ નિખિલને.'

'એ શું કરવાના?'

'આ જે ઇદમ-તૃતીયમ્ થયું એ એને કહેવું તો પડશેને? સાલું... આ કેસર તો કોઈ ટીવી સિરિયલની જેમ રૂપ બદલીને આપણી સામે ઊભી છે. માન્યામાં આવે એવું નથ, હોં.'

'મને તો એ નથી સમજાતું કે આવો વિચાર એને આવ્યો ક્યાંથી?'

'એ બધી શોધખોળ આપણે પછી કરીશું. પહેલાં તો એને અહીંથી કોઈ પણ રીતે રવાના કરવાનો ઉપાય શોધ.'

'શક્ય નથી લાગતું.'

'લો, બોલ્યા... એલા, અર્જુનની જેમ કુરુક્ષેત્રના મેદાન સુધી આવીને હથિયાર હેઠાં મૂકી દઈશ તો લડશે કોણ?' ગુલાબસિંહે એની પાસે જઈને એના ખભે હાથ મૂક્યો:

'સાવજ, હું કાંઈ ભગવાન કૃષ્ણ નથી કે તને ગીતા કહેવા બેસું. મારે તો તને એક જ વાત સમજાવવાની છે કે જો આ અહીંથી જશે નહીં તો પહેલાં અડધો ભાગ અને પછી દેવલાની પૂરેપૂરી સંપત્તિનો માલિક થઈને બેસી જશે.'

'એવું તો હું નહીં થવા દઉં.'

'આમ માથું ખંજવાળતો ઊભો રહીને બોલ્યા કરીશ તો કોઈ તારું સાંભળવા નહીં રોકાય...આગ લાગી છે મૂરખ, લાયબંબો લઈને મંડી પડ. બાકી બધુંય બળીને રાખ થઈ જશે.'

*

કેસર પોતાના રૂમમાં દાખલ થયો કે સ્મૃતિઓ કૂદકો મારીને એને વીંટળાઈ વળી. એણે કલ્પ્યુંય નહોતું કે ઘરમાં દાખલ થતાંની સાથે આમ એની આંખો ભીની થઈ જશે.

કેસરનો બેડરૂમ ત્રણ ભાગમાં વહેંચાયેલો હતો. પહેલો ભાગ નાનકડા બેઠક રૂમ જેવો હતો જેમાં ટેલિવિઝન, ડીવીડી, મ્યુઝિક સિસ્ટમ વગેરેની સાથે સાથે નાનકડો સ્ટડી કોર્નર પણ હતો. પછી બે પગથિયાં ચડીને એક નાનકડો પેસેજ આવતો, જેની બંને તરફ બે ઓરડા જેવા મોટા વિભાગો હતા. એક, એનો બેડરૂમ કમ ડ્રેસિંગ રૂમ અને બીજો, એનું અંગત જિમ.

કેસર એના બેઠકરૂમમાં લટકતા એના વીસ બાય ત્રીસના ફોટાની નજીક ગયો. દરિયાકિનારો પાછળ દેખાતો હતો... નમણો ચહેરો, ચહેરા પર ઊડતા વાળ અને સ્મિત સાથે ચમકતી તોફાની આંખો.

મનોરીબેલમાં પિકનિક પર ગયેલા ત્યારે આ ફોટો વિદ્યાએ પાડેલો. આ ફોટા સાથે જોડાયેલી વિદ્યાની સ્મૃતિ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરની આંખોને ભીની કરી ગઈ. એણે બેઠકરૂમમાં સામેની દીવાલ પર લગાડેલો એનો અને વિદ્યાનો ફોટો જોયો...

આ સ્મિતસભર ચહેરો, આ જિંદગીથી છલકાતી આંખો... કોઈ કેવી રીતે કલ્પી શકે કે આ છોકરી સંજોગોથી હારીને આપઘાત કરી લેશે!

વિદ્યાના ફોટાને સ્પર્શી રહેલાં કેસરનાં ટેરવાં જાણે કોઈ અજાણી વ્યક્તિના ચહેરાને સ્પર્શતાં હોય એમ ધ્રૂજી ગયાં. ઘણું રોકવા છતાં એ પોતાની જાત પર કાબૂ રાખી શક્યો નહીં. નાના બાળકની જેમ એ રડવા માંડ્યો.

ધ્રૂસકે ધ્રૂસકે રડતા કેસરના ખભા પર કોઈકનો હાથ મુકાયો ત્યારે એણે ચોંકીને પાછળ જોયું.

'જિંદગી સામે આવી હિંમતથી ઝઝૂમનારી, સંજોગો સામે બાથ ભીડનાર આવી વ્યક્તિને રડતાં પણ આવડે છે?' આરોહી એની પાછળ ઊભી હતી.

'તું? તમે...' એણે તરત સુધાર્યું.

'તું જ બરાબર હતું.' આરોહી થોડી વાર સાવ ચૂપચાપ ઊભી રહી:

'મને ખબર નથી આપણી વચ્ચે કયો સંબંધ કે ઋણાનુબંધ છે, પણ આપણે બંને બે વખત બે પુરુષોને કારણે સામસામે આવી ગયાં.'

કેસર કશું જ બોલ્યો નહીં.

'એક સોમલ, જે તારો પતિ હતો અને મેં એને મારા સમગ્ર અસ્તિત્વથી પ્રેમ કર્યો. બીજો અભિમન્યુ, જે તારો ભાઈ છે અને...' આરોહી એક ક્ષણ માટે અચકાઈ. પછી એણે કહી જ નાખ્યું:

'અને દુર્ભાગ્યે મારો પતિ.'

'દુર્ભાગ્યે?! પણ તમે તો પ્રેમ કરીને... ભાગીને પરણ્યાં.'

'મને લાગે છે મને પ્રેમ સદતો નથી.'

આરોહીની આંખો ભરાઈ આવી. એણે પોતાના ચિરાયેલા હોઠ પાસે આંગળી મૂકી:

'આ તારા ભાઈની ભેટ છે... લગ્નના પહેલા ચોવીસ કલાકમાં!'

'વેલ...' કેસરને સમજાયું નહીં કે એણે શું કહેવું જોઈએ.

'હું સમજી શકું છું કે આ ઘરમાં તારી સ્થિતિ શું થઈ હશે? સ્ત્રીને વ્યક્તિ નહીં, વસ્તુ સમજતા આ ઘરના પુરુષો તારી સાથે કઈ રીતે વર્ત્યા હશે એ...'

'સાચું કહું? હું બહુ લાડથી ઊછર્યો છું. મારા મોઢામાંથી નીકળે એ પહેલાં મારી ઇચ્છા પૂરી થઈ છે. મારા બાપુએ કોઈ વાતની કમી નથી રાખી...'

કેસર એક ક્ષણ ભૂતકાળમાં સરી પડ્યો. એના ચહેરા પર સ્મિત રમી ગયું. આરોહીને પણ એના પપ્પા યાદ આવી ગયા. હજી ગઈ કાલે જ બનેલો પ્રસંગ ફરી એક વાર તાજો થઈ ગયો. અભિમન્યુનું રાતનું વર્તન યાદ આવતાં જ પિતાને દુઃખ પહોંચાડ્યાની પીડા પણ આરોહીમાં ફરી એક વાર ઊભરાઈ આવી.

'તું હજી તારા ભાઈને ઓળખતો નથી...'

'અભિ?' કેસરના ચહેરા પર સ્મિત અકબંધ હતું:

'હું અભિને જેટલો ઓળખું છું ને એટલો કદાચ કોઈ નથી ઓળખતું. અમારી વચ્ચે વહાલ અને વેરના સમાંતર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સંબંધો છે. એક માના પેટમાં આળોટ્યાં છીએ. એક જ લોહી વહે છે અમારી રગોમાં...'

'હું સમજી શકું છું કે તને મારા પર વિશ્વાસ નથી. તું હજીય મારી સાથે એવું કશું વહેંચવા તૈયાર નથી, જે તારી વિરુદ્ધમાં જાય.'

'મારી પાસે એવું કશું છે જ નહીં, આરોહી... મને પુરુષો માટે નફરત હોત તો મેં પુરુષ બનવાનું સ્વીકાર્યું જ ન હોત. સાચું કહું તો મારી જિંદગીમાં મળેલા દરેક પુરુષ પાસેથી હું કંઈક શીખ્યો છું...'

કેસરના ચહેરા પર ફરી એક વાર સ્મિત રમી ગયું:

'નિખિલ શ્રોફ પાસેથી પણ ઘણું શીખ્યો છું હું.'

'તો પછી હું કદાચ સારી સ્ટુડન્ટ નહીં હોઉં... જિંદગીમાં હું તો કશું શીખી ના શકી...'

'આરોહી, જિંદગી દરેક પગલે કંઈક શીખવે છે, દરેક સંબંધ એક નવો પાઠ છે જિંદગીનો... આંખો ખોલી નાખ ને મન ખુલ્લું રાખ. તું પણ શીખીશ.'

'આટઆટલું સહન કર્યા પછી પણ આટલો પોઝિટિવ કઈ રીતે રહી શક્યો છે તું?'

આરોહીની આંખો સહેજ ભીની થઈ ગઈ:

'હું તો અભિને ક્યારેય માફ નહીં કરી શકું. એને માટે મેં મારું ઘર છોડ્યું, મારા ભગવાન જેવા પપ્પાને દુઃખ આપ્યું.'

આરોહીની આંખમાં હવે આંસુ ધસી આવ્યાં. એણે પોતાની નાઇટી ઊંચી કરીને ઘૂંટણ પર પડેલાં લીલાં ચકામાં અને કાંડા પર પડેલી આંગળાની ભૂરી છાપ બતાવી:

'એનો આ બદલો આપ્યો છે તારા ભાઈએ મને.'

'હં...' કેસર કશું જ બોલ્યા વગર આરોહીના શરીર પર થયેલા અમાનુષી અત્યાચારની નિશાનીઓને જોતો રહ્યો.

'અભિ જાણે છે કે મારી પાસે જવાની કોઈ જગ્યા નથી.'

કેસર એને એક ક્ષણ માટે જોઈ રહ્યો. પછી એણે જીન્સના ફ્રન્ટ પોકેટમાંથી ચાવીનો એક નાનકડો ગુચ્છો કાઢ્યો:

'જગ્યા કેમ નથી? લે...'

'શું છે આ?'

'મારા ફ્લૅટની ચાવી છે. અનાજ, મસાલા, તેલ, ઘી, રેફ્રિજરેટર- બધું જ છે મારા ઘરમાં. જા... જઈને રહે તારામાં હિંમત હોય તો. છોડી દે અભિમન્યુને!'

જાણે નિર્ણય કરતી હોય એમ આરોહી સામે લટકતા ચાવીના ગુચ્છાને જોતી રહી. પછી એણે ઝટકો મારીને ચાવીના ગુચ્છો લઈ લીધો:

'હિંમત તો છે, જિંદગીનાં ચોવીસ વર્ષ જ્યાં વિતાવ્યાં એ ઘર પણ છોડી દીધું તો ચોવીસ કલાક જ્યાં પૂરા સુખથી નથી જીવી શકી એ ઘર છોડતાં મને વાર નહીં લાગે...'

એ ચાવીનો ગુચ્છો લઈને બહાર નીકળી ગઈ. કેસરના ચહેરા પર સ્મિત આવી ગયું.

અભિમન્યુની જિક્સોમાંથી એક ટુકડો આપોઆપ ખરી પડ્યો હતો. હવે આ ચિત્ર પૂરું કરવું હોય તો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અભિમન્યુએ બેમાંથી એક જણ સાથે સંબંધ સુધાર્યા વિના છૂટકો નહોતો.

'થેન્ક યુ. નિખિલ શ્રોફ...' કેસર સ્મિત સાથે જાણે સ્વગત બોલી:

'તમે મને શતરંજની એવી ચાલ શીખવી છે કે મારું એક પણ મહોરું ખસેડ્યા વિના હું સામેનાને માત કરી શકવાને લાયક થઈ ગયો છું!'

*

ફોન મૂકીને નિખિલ જ્યારે બગીચામાંથી અંદર દાખલ થયો ત્યારે એના ચહેરા પરના હાવભાવ જોઈને સોમલને નવાઈ લાગી. એણે નિખિલને ભાગ્યે જ આટલો બધો ઉશ્કેરાયેલો કે અપસેટ જોયો હતો.

'મૂર્ખા છે... બેવકૂફ...તદ્દન અક્કલ વગરના!' એણે અંદર આવીને સોફા તરફ મોબાઇલ ફંગોળ્યો.

'શું થયું, ડેડ?'

ડાઇનિંગ ટેબલ પર સોમલ બ્રેકફાસ્ટ કરી રહ્યો હતો. બાજુમાં બેઠેલી શ્વેતાના હાથમાં પપૈયાનો એક ટુકડો હતો.

'તારી બૈરી પાછી આવી છે. એના ભાગેડુ બાપને લઈને.'

શ્વેતાનો હાથ ધ્રૂજ્યો. એના હાથમાંથી પપૈયાનો ટુકડો સરી પડ્યો. એણે પહોળી આંખે નિખિલ સામે જોયું:

'કેસર?'

'હા, પણ હવે એ કેસરસિંહ થઈને આવી છે!'

'શું?' સોમલને કંઈ સમજાયું નહીં.

'શું થઈને આવી છે?' એણે નીરસ અવાજે પૂછ્યું.

'એણે સેક્સ ચેન્જ કરી છે. સ્ત્રીમાંથી પુરુષ થઈ ગઈ છે!'

'વ્હોટ રબીશ?'

'આઇ એમ સીરિયસ. એના ભાઈનો ફોન હતો. દાદા અને પૌત્રના પગ નીચેથી જમીન જતી રહી છે. એક વરસ સુધી ઓપરેશન્સ કરાવ્યાં, સંતાઈને રહી અને હવે ભાગ માગવા આવી પહોંચી છે.'

'આવી છે નહીં, આવ્યો છે.' સોમલ હસી પડ્યો:

'જીનિયસ કહેવાય, નહીં?'

નિખિલનું મગજ છટકી ગયું હતું. આ અણધાર્યા વળાંક પછી એણે બધી જ બાજી નવેસરથી ગોઠવવી પડશે. કેસરે એને પહેલી જ ચાલમાં માત આપી હતી. નિખિલે સો વિચાર કર્યા હોય તો પણ એણે ક્યારેય એવો વિચાર નહોતો કર્યો કે કેસર આવી રીતે એની સામે આવીને ઊભી રહેશે.

'એના મનમાં કદાચ એમ હશે કે પુરુષ થવાથી નિખિલ શ્રોફ સાથેની લડાઈ જીતી શકશે, પણ હવે તો એને ઓર તકલીફ પડશે.' નિખિલે સોફામાંથી સેલફોન ઉપાડ્યો:

'અત્યાર સુધી તો એના સ્ત્રી હોવાની થોડીઘણીય આમન્યા રાખી છે મેં... હવે પછીની લડાઈ સરખેસરખાની છે. મેન ટુ મેન...'

સોમલ વિચારમાં પડી ગયો હતો. ગઈ કાલે સાંજે નેહા સાથે ઊભેલા છોકરાનો ચહેરો હવે એની નજર સામે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તરવરી ગયો. ગઈ કાલ સાંજનું જાંબુડી અંધારું અને પોતે થોડે દૂર ઊભો હતો એટલે એને આ છોકરો કોણ છે એ બરાબર કળાયું નહોતું, પણ હવે એને સમજાયું કે નેહા જેને મળવા ગઈ હતી એ કેસર હતો.

સોમલનું મગજ ફાટફાટ થવા લાગ્યું...

નેહા પોતાનાથી જે છુપાવતી હતી એ આ વાત હતી! ઓહ માય ગોડ! જેને જિંદગીની નાનામાં નાની વાતમાં વિશ્વાસમાં લીધી અને જિંદગીમાં જેનાથી કશું જ નહોતું છુપાવ્યું એવી પોતાની બાળપણની દોસ્તે પોતાને છેતર્યો અને આ રીતે...

ઘવાયેલા સોમલે ઊંડો શ્વાસ લઈને મનોમન નક્કી કરી લીધું: આજે હવે એ નેહા સાથે છેલ્લી વાર વાત કરશે અને પછી આ દોસ્તી પર કાયમ માટે પૂર્ણવિરામ મૂકી દેશે!

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 53

'અરે, આ... આ શું કરો છો?'

બેડરૂમમાં પહોંચીને દેવરાજસિંહ ઝાલા કોઈ સંકોચ વિના શ્રદ્ધાબહેનને ભેટી પડ્યા. શ્રદ્ધાબહેનને જબરી નવાઈ લાગી. એમના લગ્નજીવનનાં આટલાં વર્ષોમાં દેવરાજસિંહે ક્યારેય આવી ઉત્કટતાથી લાગણી વ્યક્ત કરી નહોતી.

આ શું કરો છો?ના પ્રશ્નો જવાબ આપતી વખતે દેવરાજસિંહે એમને વધુ આશ્લેષમાં લીધાં:

'મારી પત્નીને વહાલ કરું છું. આટલાં વર્ષો સુધી નથી કર્યું એ બધું વહાલ એકસામટું કરી નાખવું છે મારે!'

'તમે સાવ બદલાઈ ગયા છો!'

'માણસ પાસે જ્યારે સુખ હોય, સ્નેહ હોય, સલામતી હોય ત્યારે એનું મૂલ્ય નથી સમજાતું, પણ એક દિવસ જો દુઃખમાં કે ભયમાં ગુજારવો પડે તો સમજાઈ જાય છે કે આપણી પાસે જે હતું એ કેટલું મહત્ત્વનું હતું.'

'હું પણ તમારા વિના એક દિવસ સુખે નથી સૂતી.

'શ્રદ્ધા, તારી ગેરહાજરીમાં એક એક દિવસ તારું મહત્ત્વ સમજાતું રહ્યું છે.'

'તમે...' શ્રદ્ધાબહેનને શબ્દો સૂઝતા નહોતા, પણ એમની આંખો છલકાઈ પડી:

'આમ તો આવું ન કહેવું જોઈએ, પણ મને લાગે છે આ એક વરસની જુદાઈ મારા માટે તો જિંદગીભરનું સુખ લઈને આવી છે. તમે આટલું વહાલ કરો પછી અહીં આ ક્ષણે આંખ મીંચાઈ જાય તોય કોઈ ઇચ્છા બાકી નથી.'

'અરે, એમ તે કંઈ હોય? હજી તો કેસરને પરણાવવાનો છે. અભિનાં છોકરાંઓને હાલરડાં ગાવાનાં છે.'

'બહુ સપનાં જુઓ છો તમે.' શ્રદ્ધાબહેને આંખો લૂછી.

'હવે સપનાં સિવાય બીજું રહ્યું છે જ શું?' દેવરાજસિંહની આંખો સહેજ ભીની થઈ:

'બેતાલાનાં ચશ્માં આવે પછી સપનાં ચોખ્ખાં દેખાવા માંડે છે. મને તો એનીય ઉપર બીજાં અઢાર થયાં.'

'તમને એક વાત કહું? અભિ પાસેથી બહુ આશા નહીં રાખતા. એ હવે આપણો નથી રહ્યો.'

'ગાંડી, આપણો નથી રહ્યો એટલે શું? આપણા લોહી-માંસમાંથી જન્મેલું આપણું સંતાન ક્યારેય આપણું મટતું હશે?'

'આ એક વર્ષ દરમિયાન એણે એક દિવસ પણ સુખે કોળિયો નથી ખાવા દીધો મને.'

'હશે! હવે દુઃખના દિવસો પૂરો થયા અને સુખના શરૂ.' એમણે પત્નીનો હાથ હાથમાં લીધો:

'તારો હાથ મારા હાથમાં હોય તો ગમે તેવું દુઃખ પણ સુખમાં પલટાઈ જાય.'

'તમે લાગણીમાં વહી જાવ છો, પણ...' શ્રદ્ધાબહેને ગંભીરતાથી પોતાની વાત કહેવા માંડી:

'આ બધું નિખિલે ગોઠવ્યું છે. જેની સાથે એ પરણ્યો છે એ છોકરી તો...'

દેવરાજસિંહ અધવચ્ચે બોલી ઊઠ્યા:

'મને ખબર છે. સોમલ સાથે એની સગાઈ થયેલી.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘પોતાના ઘરનો કચરો ઉસેટીને આપણા ઘરમાં ફેંકી દીધો એણે.’

દેવરાજસિંહે શ્રદ્ધાબહેનના મોઢે હાથ મૂક્યોઃ

‘વહુ છે આપણા ઘરની. આવું ન બોલાય.’

‘તમે સમજતા નથી. એણે બાજી જ એવી ગોઠવી છે કે બધી બાજુથી તમને માત જ મળે.’

‘જ્યાં સુધી મારા બે દીકરાઓ મારી પડખે છે ત્યાં સુધી...’

‘બે દીકરા? અભિને ભૂલી જાવ તો સારું. એ તો નિખિલ પીવડાવે એટલું જ પાણી પીએ છે. ફનાફાતિયાં કરી નાખ્યું છે બધું. તિજોરી ખોલીને જુઓ તો સમજાશે.’

‘જાણું છું.’ દેવરાજસિંહે સ્નેહથી પત્નીના માથે હાથ ફેરવવા માંડ્યોઃ

‘બાળક છે, ભૂલ થઈ છે એની. રૂપિયા તો વહેલા-મોડા કમાઈ લઈશું. સૌથી પહેલાં તો એને સાચા રસ્તે વાળવો પડશે.’

‘હવે એ નહીં વળે.’

‘આશા છોડી દેવાથી તો કશું જ નહીં થાય. આપણે જ આપણા સંતાનમાંથી વિશ્વાસ ખોઈ દઈશું તો કેમ ચાલશે?’

દેવરાજસિંહે પત્નીને સમજાવવાનો પ્રયત્ન કર્યો. શ્રદ્ધાબહેનને સમજાઈ ગયું કે અત્યારે દેવરાજસિંહના મનમાં અભિમન્યુ વિશે જુદા જ ખ્યાલો છે.

શ્રદ્ધાબહેન કશું બોલ્યાં નહીં, પણ એમને ખાતરી હતી અભિમન્યુ બે-ચાર દિવસમાં પોતાની જાત પર જશે. દેવરાજસિંહ અત્યારે ભલે ગમે તેટલું ભલું ઇચ્છે, પરંતુ જેમ જેમ એમની સામે અભિમન્યુએ વરસ દરમિયાન કરેલા ગોટાળા ખૂલતા જશે તેમ તેમ એમને પણ સમજાશે કે અભિમન્યુ વિશ્વાસને કેટલો પાત્ર છે...

*

પોતાના રૂમમાં આડો પડેલો કેસર પોતાની પહેલી જ ચાલ પર ખુશ હતો. એની પાસેથી ચાવી લઈને આરોહી જે રીતે ઉશ્કેરાટમાં ગઈ હતી એ રીતે જો ખરેખર એ ઘર છોડી દે તો ઘરમાં દાખલ થતાંની સાથે જ કેસરની આવડત અને એનું મહત્ત્વ અભિમન્યુને સમજાઈ જાય.

એ ચૂપચાપ આડો પડીને અભિમન્યુના રૂમમાં થનારા તમાશાની રાહ જોઈ રહ્યો હતો. થોડી જ મિનિટોમાં એને અભિમન્યુના રૂમમાંથી બૂમ સંભળાઈઃ

‘હિંમત હોય તો આ ઘરમાંથી પગ બહાર મૂકીને બતાવ.’

‘જ્યાં ખાઈ-પીને ઊછરી એ બાપનું ઘર છોડી દીધું તો હવે તારું ઘર છોડતાં વાર નહીં લાગે મને.’

‘એક વાર અહીંથી જઈશ તો દરવાજા કાયમ માટે બંધ થઈ જશે.’

‘હુ કેર્સ?’

આરોહીએ અભિમન્યુ કરતાં પણ મોટા અવાજે કહ્યું.

‘હું કહું છું, બૅગ પાછી મૂકી દે.’

‘કેમ?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કારણ કે આ બધું મેં અપાવ્યું છે. મારા પૈસાથી ખરીદેલી વસ્તુઓ આ ઘરની બહાર નહીં લઈ જવા દઉં.’

‘વેરી ગુડ. આ વાક્ય બોલીને તેં મને ખાતરી કરાવી દીધી કે મારો નિર્ણય સાચો છે. થેન્કસ...’

આરોહીનું વાક્ય પૂરું થાય એ પહેલાં એની ચીસ કેસરના કાને અથડાઈ. કેસર વીજળીની ઝડપે પલંગમાંથી ઊભો થયો, પછી એને લાગ્યું કે આ પતિ-પત્નીની લડાઈ છે. એમાં વચ્ચે પડીને કોઈ ફાયદો નથી. જો આરોહીએ આ ઘર છોડવું હોય તો એ નિર્ણય આરોહીએ જ લેવો જોઈએ અને પરિણામ ભોગવવાની તૈયારી પણ એણે રાખવી જ પડે.

આવું વિચારી હજી કેસર પલંગમાં પાછો બેસે એ પહેલાં વિખરાયેલા વાળ સાથે અને ખભા પરથી ફાટી ગયેલા કૂર્તાના લટકતા લીરા સાથે આરોહી રૂમમાં ધસી આવી:

‘પ્લીઝ, મને બચાવો...’

‘શાંત થઈ જા.’ એની હાલત જોઈને કેસરને ખ્યાલ આવી ગયો હતો. એણે આરોહીને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો.

આરોહી કંઈ સમજે કે કેસર કંઈ વિચારે એ પહેલાં અભિમન્યુ એની પાછળ ધસી આવ્યો. અભિમન્યુને જોઈને આરોહી વચ્ચે ઊભેલા કેસરની પાછળ સંતાઈ ગઈ:

‘હાથ નહીં લગાડતો મને.’

‘આની પાછળ શું સંતાય છે? આ તો છક્કો છે. તને બચાવી નહીં શકે.’ એણે આરોહીનો હાથ પકડ્યો:

‘ચલ, હવે!’

‘હાથ છોડ.’ કેસરે આગળ વધીને અભિમન્યુને રોક્યો.

‘તું આમાં વચ્ચે નહીં પડતો.’

‘પડવા માગતો પણ નથી.’

‘તો પછી તારા ફ્લૅટની ચાવી આપીને અમારાં લગ્ન તોડાવવાનો જે પ્રયત્ન તેં કર્યો છે એ માટે હું તને જોઈ લઈશ.’

‘તારાં લગ્ન તેં જ તોડ્યાં છે, અભિમન્યુ... સ્ત્રી પર હાથ ઉપાડીને તેં સાબિત કર્યું છે કે નપુંસક હું નહીં, તું છે.’

‘શટઅપ. દાદાજી કહે છે કે બૈરાંને તો ઠમઠોરીને જ રાખવાં પડે.’ એણે ફરી આરોહીનો હાથ પકડ્યો.

‘જાનવર છો તમે બધા.’ આરોહીએ ઉશ્કેરાટમાં બૂમ પાડી:

‘મને પહેલાં ખબર હોત તો...’

‘હવે ખબર પડી ગઈ છે ને? કારણ વગર મને શિકાર કરવા માટે મજબૂર નહીં કર. ફાડી ખાઈશ... સાવજ નામ છે મારું.’ એણે ક્રૂર સ્મિત સાથે કેસરની સામે જોયું:

‘તું પણ સાચવીને જ રહેજે. શરીર બદલીને આવ્યો છે એટલે હિંમત વધી ગઈ છે, પણ મારી તાકાત સામે ટકી નહીં શકે.’

‘કેટલીક લડાઈ માટે બળની નહીં, બુદ્ધિની જરૂર હોય છે, અભિમન્યુ.’

‘મારી પાસે બળ પણ છે અને બુદ્ધિ પણ. બે-ચાર દહાડા મોજ કરી લે, પછી બિસ્તરાં-પોટલાં સાથે ઘરબારો ન

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરું તો બે બાપનો કહેજે.'

'મારી માને ગાળ નહીં દઉં... પણ એક વાત કહી રાખું. હવે મને આ ઘરમાંથી કોઈ નહીં કાઢી શકે. તું તો નહીં જ... તારો બાપ પણ નહીં અને એનો બાપ પણ નહીં.' કેસરે જરાય ઉશ્કેરાયા વગર માત્ર સ્મિત ફરકાવીને મક્કમ સ્વરે ઉમેર્યું:

'હમણાં મને કાઢવાને બદલે તારી બૈરીને રોકવાનો પ્રયત્ન કર.'

'તું હજી મને ઓળખતો નથી. આવી સત્તર આરોહી જતી રહેને તોય મારું રૂંવાડું ફરકે એમ નથી.'

'તું એની સાથે જે રીતે વર્તે છે એ પછી કોઈ સ્ત્રી તારી સાથે ન જ રહી શકે.'

'તું તારું કામ કર.'

'હું મારું જ કામ કરું છું. સ્ત્રી પર અત્યાચાર થાય કે એની સાથે કોઈ ખરાબ રીતે વર્તે તો એને રોકવાની મારી ફરજ છે.'

'તું રોકીશ મને?' અભિમન્યુ આગળ આવ્યો. ફરી એણે આરોહીનો હાથ પકડીને એને ઘસડવા માંડી:

'આવ! રોક મને...'

બે ક્ષણ કેસરે પોતાની જાત પર સંયમ મેળવવાનો પ્રયાસ કર્યો, પણ આરોહીની આંખમાંથી સરતાં આંસુ અને એના ચહેરા પર છલકાતી આજીજી જોઈને એ પોતાની જાતને રોકી શક્યો નહીં. એણે આગળ વધીને એક હાથમાં આરોહીનો અને બીજા હાથમાં અભિમન્યુનો હાથ પકડીને ઝટકો માર્યો. આરોહીનો હાથ છૂટી ગયો. પોતાનો હાથ પંપાળતી એ ખૂણામાં જઈને ઊભી રહી.

'એક વાત સમજી લે, આરોહી આ ઘરમાં રહે કે જાય એ એનો પોતાનો નિર્ણય છે, પણ આજ પછી જો તેં એના પર કે બીજી કોઈ સ્ત્રી પર હાથ ઉપાડ્યો છે તો...'

'તો? તો શું કરી લઈશ તું?'

'તો હું તારો જીવ લઈ લઈશ!'

કેસરે અત્યંત સ્વાભાવિકતાથી અને સ્વસ્થ અવાજે કહ્યું. એના અવાજમાં રહેલી ઠંડી મક્કમતાથી અભિમન્યુ હચમચી ગયો. એણે ધાર્યું હતું કે કેસર ખિજાશે, ગુસ્સે થશે, પોતાની સાથે લડવા આવશે, આરોહીનો પક્ષ લઈને દલીલો કરશે, પણ એવું કશુંયે થયું નહીં.

આરોહી પાસે જઈને કેસરે એના ખભે હાથ મૂક્યો:

'આ ઘર તારું છે. તું અહીં રહી શકે છે અને જવું હોય તો મારા ફ્લેટમાં પણ જઈ શકે છે. આજથી તારી સલામતીની જવાબદારી મારી!'

આરોહીએ આભારવશ નજરે કેસર સામે જોયું અને કાંડું પંપાળતી ત્યાંથી ચાલી ગઈ.

અપમાનિત અભિમન્યુ ધૂંવાંપૂંવા થઈ હતો. આંખો લાલ થઈ ગઈ હતી અને જડબાં તંગ. થોડીક ક્ષણ એણે કેસરની સામે આગ ઝરતી નજરે જોયું પછી પગ પછાડતો એ ત્યાંથી નીકળી ગયો.

થોડી જ મિનિટમાં અભિમન્યુની ગાડી ધણધણાટી કરતી સ્પીડમાં કંપાઉન્ડની બહાર નીકળી ગઈ. ગાડીનો અવાજ કેસરે સાંભળ્યો, પણ જાણે કશું જ ન બન્યું હોય એમ એ ફરીથી પથારીમાં આડો પડ્યો. એણે આંખો મીંચી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આ યુદ્ધનું ખુલ્લું આહ્વાન હતું. હવે આ ક્ષણથી દેવરાજસિંહ ઝાલાના ઘરમાં મહાભારતનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં...

*

'આ તો નહીં જ ચલાવી લઉં...'

અભિમન્યુ આકળો થઈને નિખિલની ચેમ્બરમાં આંટા મારતો હતો. એનું મગજ ફાટફાટ થતું હતું. સાવ શાંત ચિત્તે બેઠેલો નિખિલ એને જોઈ રહ્યો હતો. એ જાણતો હતો કે અભિમન્યુ જેટલો વધારે ઉશ્કેરાશે એટલો એને હથિયાર બનાવીને વાપરવામાં સરળતા રહેશે.

'મારું ચાલે તો એનું ખૂન કરી નાખું.'

'તો ચલાવ તારું. કોણ રોકે છે?'

'એટલે?'

'કરી નાખ એનું ખૂન–પતાવી દે એને!'

'પછી?' અભિમન્યુની આંખો પહોળી થઈ ગઈ.

'પછી શું?' નિખિલની ખુરશી ડાબે-જમણે ફરવા માંડી:

'જેલમાં જવાનું, તારા બાપની જેમ.'

'મને ખબર છે, એટલે તો...' અભિમન્યુની મુઠ્ઠી વળી ગઈ.

'તને શું લાગે છે? આટલાં વરસની મારી કારકિર્દી કોઈનાં નામ ભૂંસ્યા વગર ટકી ગઈ છે?'

'સમજ્યો નહીં.'

'જ્યાં સુધી પ્રોફેશનલ માણસ મળતો હોય ત્યાં સુધી હાથ મેલા નહીં કરવાના.'

'તમે એમ કહેવા માગો છો કે...'

'હું કાંઈ કહેવા નથી માગતો.' નિખિલના ચહેરા પર કપટ રમતું હતું:

'રસ્તા પરનો પથ્થર નડતો હોય તો રસ્તો બદલી નાખવાના બદલે પથ્થર ખસેડી નાખવો સહેલો પડે.'

'પણ એ કરે કોણ?'

નિખિલે પોતાનું ડ્રોઅર ખોલીને એક નાનકડી ચબરખી કાઢી. એણે એ ચબરખી અભિમન્યુ તરફ સરકાવી. અભિમન્યુએ ચબરખી ઉપાડી.ચબરખી પર એક ફોન નંબર લખ્યો હતો. અભિમન્યુએ વાંચ્યો. નવાઈથી નિખિલની સામે જોયું:

'આ નંબર પર ફોન કરજે. ફોન ઉપાડે એને નામ-સરનામું લખાવી દેજે. તને એક ઇ-મેઇલ એડ્રેસ આપશે. પછી એ એડ્રેસ પર ફોટો મેઇલ કરી દેજે.'

'કામ પતી જશે?'

'મારી સૂચના પૂરી નથી થઈ.' એણે ડ્રોઅરમાંથી એક નાનું પેકેટ કાઢ્યું:

'આમાં એક સીમકાર્ડ છે. ફોન આ સીમકાર્ડથી કરજે. પછી કાર્ડ તોડીને ફેંકી દેજે.'

અભિમન્યુ નવાઈથી એની સામે જોઈ રહ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તારે હજી ઘણું શીખવાનું છે.’ નિખિલના ચહેરા પર લુચ્ચાઈ છલકાતી હતી.

‘તમને લાગે છે કે એ માણસ કેસરને...’

‘શશશ... હું કોઈ કેસરને ઓળખતો નથી.’

‘કોઈ મુશ્કેલી નહીં થાયને?’

‘દોસ્ત, મરેલાને મારવા એ કોઈ ગુનો નથી!’ નિખિલ હસી પડ્યોઃ

‘જો, ડર લાગતો હોય તો કાર્ડ અહીં જ મૂકી દેજે. બાકી, મારે કોઈ ચર્ચા નથી કરવી. તું જઈ શકે છે.’ નિખિલ ઊંધો ફરીને પાછળની તરફ મૂકેલી ફાઇલ ઊંચકીને વાંચવા લાગ્યો.

બે-ચાર ક્ષણ ઊભા રહીને અભિમન્યુએ પેલી ચબરખી ખિસ્સામાં મૂકી. સીમકાર્ડનું પૅકેટ હાથમાં લઈ એ નિખિલની ચેમ્બરમાંથી બહાર નીકળ્યો ત્યારે એને નજર સામે કેસરની લોહીલુહાણ લાશ દેખાતી હતી. એ હસું-હસું થઈ ગયો. કેસરસિંહની સમસ્યા આટલી આસાનીથી હલ થઈ જશે એવું એણે ધાર્યું નહોતું. નિખિલ સામે ગમે તેટલા વાંધા હોવા છતાં એ પહોંચેલી માયા હતો એટલું તો અભિમન્યુએ મનોમન સ્વીકારી લીધું.

*

‘તારે કશું સાંભળવું જ નથી તો હું તને શું કહું?’

ગુસ્સામાં તમતમતા સોમલની સામે ઊભેલી નેહા એને સમજાવવાનો વ્યર્થ પ્રયાસ કરી રહી હતી. સોમલે ગઈ કાલે નક્કી કર્યું હતું એમ જ આજે નેહા ઓફિસમાં દાખલ થઈ કે તરત એણે એને સીધો સવાલ પૂછ્યો હતોઃ

‘તું ગઈ કાલે કેસરને મળી?’

‘હા, હું તને કહેવાની જ હતી.’

‘તો કહ્યું કેમ નહીં?’

‘મને લાગ્યું કે આજે કહીશ. એક વાર એ પોતાને ઘરે પહોંચી જાય પછી.’

‘તારે માટે વધારે અગત્યનું કોણ છે... કેસર કે હું?’

‘એવી ચર્ચાનો કોઈ અર્થ નથી. એણે મારામાં વિશ્વાસ મૂક્યો.’

‘એને તું ચાર દિવસથી ઓળખે છે. એના વિશ્વાસની તને વધારે કિંમત છે? આપણી બાળપણની દોસ્તીની કોઈ કિંમત નથી?’

‘સોમલ, આમાં દોસ્તીને વચ્ચે ન લાવ.’

‘કેમ? જ્યારે આરોહીની વાત હતી ત્યારે તેં શું કર્યું હતું?’

‘આ કોઈની જિંદગીનો સવાલ છે, સોમલ.’

‘ઓહ! મારી મા... હું, નિખિલ શ્રોફ–બધા કરતાં એ કેસર અગત્યની બની ગઈ તારા માટે?’

‘એવું નથી, પણ...’

‘શટઅપ. મારે તારું કંઈ નથી સાંભળવું. નેહા, હું અત્યાર સુધી એવું માનતો હતો કે આખી દુનિયા મારી વિરુદ્ધ થઈ જાય તો પણ તું મને નહીં છોડે. મારા બાપથી અને દુનિયાના દરેક સંબંધથી વધારે વિશ્વાસ મને આ દોસ્તીમાં હતો, પણ ગઈ કાલે રાત્રે મને સમજાઈ ગયું કે માણસની જાત જ છેતરવા માટે જન્મી છે. એમાંયે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બૈરાં તો...'

'શું બોલ્યો?' નેહાએ ત્વરાથી સોમલના શર્ટનો કોલર પકડી લીધો.

'હા, હા... પહેલાં કેસર, પછી આરોહી અને પછી તું... અનુભવે સમજાઈ ગયું છે કે...' એણે ઝાટકો મારીને પોતાનો કોલર છોડાવ્યો. નેહાના બંને હાથ પકડી લઈને એની આંખોમાં જોયું:

'પેલી પ્રતિમા પટેલ, એક બાજુથી મારી માની દવા કરે છે અને બીજી તરફ... એ પણ બૈરું!' સોમલ ઉશ્કેરાયેલો હતો. એણે નેહાનાં કાંડાં જોરથી દબાવ્યાં:

'તેં મારી સાથે બહુ ખોટું કર્યું, નેહા. હું જિંદગીમાં કોઈનો વિશ્વાસ નહીં કરી શકું હવે.'

'સોમલ, હું તારી દોસ્ત છું. તને નુકસાન થાય એવું ક્યારેય ના કરું.'

'સવાલ નફા-નુકસાનનો નથી. મારી સાથે નિખિલ શ્રોફની ભાષામાં વાત નહીં કર તું.'

'મેં જે કંઈ કર્યું છે એ તારા ભલા માટે...'

'હજુય તારી જાતને બચાવે છે તું? એક વાર સોરી કહી દીધું હોત, તારી ભૂલની માફી માગી લીધી હોત તો હું...'

'ભૂલ? વ્હોટ ભૂલ? મેં કોઈ ભૂલ નથી કરી, સોમલ.'

'ઓહ! તો હજી તને લાગે છે કે તું સાચી જ છે?'

'એક માણસ મારામાં ભરોસો રાખીને મને કોઈ વાત કરે...'

'તને એવો વિચાર ના આવ્યો કે આખી દુનિયામાંથી એણે ફક્ત તારો જ ભરોસો કરવાનું કેમ પસંદ કર્યું?'

'કારણ કે...' નેહાને જવાબ સૂઝ્યો નહીં. એ સહેજ અચકાઈ.

સોમલે એ ક્ષણ ઝડપી લીધી:

'કારણ કે તું નિખિલ શ્રોફના ગઢનો દરવાજો છે. એના દીકરાની સૌથી નજીક છે તું. એ દીકરો, જે એક જમાનામાં એનો પતિ હતો. તું સૌથી સહેલું બટન છે, જે દબાવવાથી નિખિલ શ્રોફના ઘરમાં બ્લાસ્ટ થાય.'

'કેસર એવો નથી.'

'વાહ! એવો નથી તો કેવો છે તારો કેસર? જો એનામાં હિંમત હોય અને સાચે જ મર્દ બનીને પાછો ફર્યો છે તો પહેલાં મારી પાસે આવવું જોઈતું હતું.'

'એને ડર હતો કે તું કદાચ...'

'ડર...' સોમલે નેહાનો ગાલ પસવાર્યો:

'મર્દાનગી પુરુષના મગજમાં હોય છે, એના હૃદયમાં હોય છે. શરીર બદલવાથી મર્દાનગી આવી નથી જતી આપોઆપ!'

'એનામાં હિંમત છે જ–પાછા ફરવાની! આ પરિસ્થિતિમાં પિતાની બાજુમાં ઊભા રહેવાની હિંમત દેખાડી છે એણે. તારે તો ખરેખર એનો સાથ આપવો જોઈએ, એની મદદ કરવી જોઈએ. એની જિંદગી બરબાદ કરવામાં ક્યાંક તું પણ જવાબદાર છે એ નહીં ભૂલ, સોમલ!'

'એક તમાચો મારી દઈશ જો ફરી ક્યારેય આવું બોલી તો...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નેહાએ એના દોસ્તને પહેલાં ક્યારેય આટલા ગુસ્સામાં પહેલાં ક્યારેય જોયો નહોતો.

‘હું એનો સાથ આપત જો એણે સામે આવીને સાચી વાત કહેવાની હિંમત કરી હોત તો. જિંદગી મારી બરબાદ થઈ છે... એણે મને છેતર્યો છે. હું એને ખતમ કરી નાખીશ!’

સોમલના દાંત ભીંસાઈ ગયા. આંખોમાં લાલ ટશિયા ફૂટી આવ્યા. ટેરેસમાં ફરફરાટ પવન ચાલતો હોવા છતાં એના કપાળ પર પરસેવો વળતો હતોઃ

‘કહી દેજે એને–તારા નવી નવાઈના ફ્રેન્ડને કે હવે ફક્ત નિખિલ શ્રોફ સાથે દુશ્મની નથી એની. સોમલ શ્રોફ પણ એને બરબાદ કરવા થાય તે કરી છૂટશે.’

‘સોમલ, તું...’

‘શટઅપ. હવે મારે તારી સાથે પણ વાત નથી કરવી. આજ પછી તારી અને મારી દોસ્તી પૂરી!’

‘સોમલ, યુ આર મેડ... તારું મગજ ખરાબ થઈ ગયું છે.’

‘કદાચ...’ સોમલ ઊંધો ફરીને ત્યાંથી નીકળવા લાગ્યો. નેહા દોડીને એની સામે આવીઃ

‘યુ કાન્ટ ડુ ધીસ.’

‘એવું કહેવાનો તારો અધિકાર પૂરો થયો છે, નેહા. મને છેતરીને તેં જાતે જ આ દોસ્તી પર પૂર્ણવિરામ મૂક્યું છે.’

‘મેં તને છેતર્યો નથી, હકીકત છુપાવી છે.’

‘મારા માટે બંને એક જ છે. આજ પછી મારે તારી સાથે કોઈ સંબંધ નથી. ગેટ લોસ્ટ.’

આટલું બોલતાં બોલતાં સોમલને ડૂમો ભરાઈ ગયો. આંસુ છલકાઈ જાય એ પહેલાં એ ત્યાંથી જવા માગતો હતો, પણ નેહાએ એનો હાથ પકડી લીધો. એ સોમલની આંખોમાં જોઈ રહી. રડું રડું થતા સોમલે ચહેરો બીજી તરફ ફેરવીને દાંતની નીચે હોઠ દબાવી દીધા. નેહાએ હાથ લંબાવીને સોમલનો ચહેરો પોતાની તરફ ફેરવવાનો પ્રયત્ન કર્યો, પણ ગરદન અક્કડ કરીને સોમલે ચહેરો ફેરવ્યો નહીં...

આ તરફ નિખિલની ચેમ્બરમાંથી બહાર નીકળતા અભિમન્યુએ જોયું કે સોમલ અને નેહા ટેરેસમાં ઊભાં હતાં. એક ક્ષણ માટે એણે જાતને રોકી, પણ સવારથી શરૂ થયેલી ચીડ અને કંટાળો એના પર સવાર થઈ ગયાં હતાં. આમ પણ અભિમન્યુ એક વાર ઉશ્કેરાય પછી સ્વયંને સંભાળી શકતો નહીં. ગુસ્સામાં એની જીભ એના વશમાં નહોતી રહેતી.

એણે સોમલને ઊભેલો જોયો એટલે આરોહી સાથે ગઈ કાલે થયેલી વાતચીત એને યાદ આવી ગઈ. ઉશ્કેરાટમાં એ ટેરેસમાં પહોંચી ગયો.

‘તમને તો ખબર જ હશે કે કેસર પાછી આવી ગઈ છે. આઈ મીન... આવી ગયો છે.’

‘હા.’ નેહા સાથેની ચર્ચામાં સોમલ મગજ ગુમાવી ચૂક્યો હતો. એમાં અભિમન્યુએ આવીને બળતામાં ઘી હોમ્યું.

‘હવે... તમે શું કરશો?’

‘એટલે?’

‘હવે કોની સાથે છૂટાછેડા લેશો? કેસર છે નહીં ને કેસરસિંહ સાથે તો તમે પરણ્યા જ નથી.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એનો અર્થ કે બધું આપોઆપ પતી ગયુંને?’

‘મને તો હજી એ નથી સમજાતું કે એક મર્દ થઈને તમે એક છોકરીને કાબૂમાં ન રાખી શક્યા?’

‘આપણે પછી વાત કરીએ, અભિમન્યુ?’

નેહા જાણતી હતી કે આ વાત જ સોમલ માટે દુઃખતી નસ હતી. હજી હમણાં જ એ નેહા સાથે દલીલ કરી રહ્યો હતો. ત્યાં આ...

‘અમે એક અગત્યની વાત કરી રહ્યાં છીએ.’

‘અત્યારે કેસરસિંહથી અગત્યનું કશું છે જ નહીં. હું જાણું છું કે તમે એની જ વાત કરતાં હતાં.’

‘કરતાં પણ હોઈએ તો એ અમારા બે વચ્ચેની વાત છે. તું અહીંથી જઈશ, પ્લીઝ?’ સોમલ ચિડાઈ ગયો.

‘હું તો જાઉં છું, પણ એક વાત યાદ રાખજો. આ, જે તમારી બાજુમાં ઊભી છે ને એણે જ બધું સળગાવ્યું છે. એણે જ કેસરની મદદ કરી છે. એનાં ઓપરેશનોમાં મદદ કરી છે. એ બધું જ જાણતી હતી... સોમલ શ્રોફ, પણ એણે તમને કહ્યું નહીં. જેને તમે મિત્ર માનો છો એણે પીઠમાં છરો ભોંક્યો છે, સમજ્યા?’

અભિમન્યુ વડીલની અદાથી સલાહ આપીને ત્યાંથી નીકળી ગયો. સોમલના ગુસ્સામાં એણે પેટ્રોલ છાંટવાનું કામ કર્યું. વધુ છંછેડાયેલો સોમલ તરત નેહા તરફ ફર્યોઃ

‘સાંભળ્યું? આ વાત હું એકલો નથી કહેતો.’

‘તારે માનવું હોય તો માન, કેસર ઓપરેશન કરાવીને પાછો ફર્યો પછી જ હું એને મળી છું. એ પહેલાં એના વિશે કશી જ ખબર નહોતી મને.’

‘એમ? તો પછી એણે પાછા ફરીને સૌથી પહેલાં તને મળવાનું કેમ નક્કી કર્યું?’

‘આનો જવાબ મારી પાસે નથી.’

‘બસ તો, જ્યારે તને આનો જવાબ મળી જાય ત્યારે આવજે મારી પાસે. ત્યાં સુધી મને ફોન કે એસ.એમ.એસ નહીં કરતી.’

‘આ બરાબર નથી, સોમલ... યુ આર નોટ ફેર ટુ મી!’

નેહા પોતાનું વાક્ય પૂરું કરે એ પહેલાં સોમલ ટેરેસના દરવાજે પહોંચી ગયો. નેહાની આંખોમાં ભાગ્યે જ આંસુ આવતાં, પણ ટેરેસમાંથી જઈ રહેલા સોમલની પીઠ જોઈ રહેલી નેહાની આંખો છલકાઈ પડી.

*

નિખિલ શ્રોફની ઓફિસમાંથી બહાર નીકળીને પોતાની ગાડીમાં ગોઠવાયા પછી અભિમન્યુએ પોતાના ફોનમાંથી પોતાનું સીમકાર્ડ કાઢ્યું. નિખિલે આપેલું સીમકાર્ડ નાખીને એણે ચબરખીમાં લખેલો નંબર ડાયલ કર્યો.

‘કૌન?’

‘મુઝે યે નંબર નિખિલસા’બને દિયા હૈ.’

‘મૈં કિસી નિખિલસા’બ કો નહીં જાનતા, કામ બોલો.’

‘વો...’ અભિમન્યુને શું કહેવું તે સમજાયું નહીં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ડિલિવરી કિધર કરને કા હૈ? એડ્રેસ ફોન નંબર દે દો.’

અભિમન્યુને ખ્યાલ આવી ગયો કે નંબર તો સાચો જ હતો. એણે કેસરનું નામ, પોતાના ઘરનું સરનામું અને બીજી વિગતો લખાવી.

‘ફોટો મેઇલ કરને કા.’

‘કૌન સે ઈ-મેઇલ આઈડી પર?’

‘ધ્યાન સે સૂનો... અભી એક એસએમએસ આયેગા, ઈ-મેઇલ નોટ કરને કે બાદ તુમારા યે સીમકાર્ડ ફેંક દેને કા!’

સામે છેડેથી ફોન કટ થઈ ગયો. અભિમન્યુ વિચારમાં પડી ગયોઃ બધું જ બહુ ઝડપથી બની રહ્યું હતું... પોતે જે કરી રહ્યો છે એ સાચું છે કે ખોટું એની અવઢવમાં હજુ અભિમન્યુ હતો ત્યાં એના ફોન પર મેસેજનો બિપ અવાજ રણકી ઊઠ્યો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 54

ધ્યાન સે સૂનો... અભી એક એસએમએસ આયેગા, ઇ-મેઇલ નોટ કરને કે બાદ તુમારા યે સીમ કાર્ડ ફેંક દેને કા!

એ પછી સામે છેડેથી લાઇન કટ થઈ અને થોડીક ક્ષણમાં અભિમન્યુના સેલ પર ઇ-મેઇલ આઇડીનો મૅસેજ પણ આવી ગયો હતો...

આમ નિખિલને ત્યાંથી નીકળીને એણે આપેલા ફોન નંબર પર બધી ગોઠવણ પૂરી કરીને અભિમન્યુ ઘરે પાછો ફર્યો ત્યારે પ્રમાણમાં ખુશ હતો, પરંતુ જે કંઈ થયું હતું તે વિશે થોડો ઉશ્કેરાયેલો પણ હતો.

એ પાછો ફર્યો ત્યારે ગુલાબસિંહ બગીચામાં આંટા મારતા હતા.

'ક્યાં ગયો હતો? અહીંયાં કેટલી માથાકૂટ થઈ, તને ખબર છે? પેલી ઘર છોડીને જતી રહી.'

અભિમન્યુએ ગુસ્સાથી કહ્યું:

'ભલે ગઈ. સરક્યુલર રૂટની બસ ફરીને પાછી એ જ બસસ્ટોપ પર આવે એમ આવશે. જશે ક્યાં?'

'એલા, હજી ચાર દા'ડા પહેલાં તો એના પ્રેમમાં જીવ આપવા તૈયાર હતો. આજે હાવ ઊંધું બોલસ?'

'જુઓ દાદાજી, મેં એક વાત નક્કી કરી લીધી છે. જે મારું કીધું નહીં કરે એ મારી જિંદગીમાંથી આઉટ...'

'ગાંડા, આ બધાંને ભેગાં લેવાનો સમય છે, આઉટ કરવાનો નહીં.'

'હું તો બધાંયની મરજી વિરુદ્ધ પરણીને લઈ આવ્યો હતો, પણ એને જ ભેગા નથી રહેવું તો કંઈ પગે થોડો પડું?'

'તારે સમજાવવી જોઈતી હતી.'

'સમજાવ્યે સમજે એવી નથી. અત્યારે તો પેલા નઘરોળની આંખે જુએ છે.'

'તું સમજતો નથી, સાવજ. અત્યારે તમારી વચ્ચે ફાટફૂટ પડાવીને પોતાનું કામ સીધું કરવા માગે છે.'

'આરોહી જતી રહે એમાં એનો શો ફાયદો થાય?'

'તારા બાપની સામે તને દાધારંગો ને જડ પુરવાર કરી દીધો. આરોહીએ રડી રડીને પોતાનાં દુઃખડાં દેવલાની સામે ઉકેલ્યાં. પેલો કેસરિયો એની બાજુમાં બેસીને એને સધિયારો આપતો હતો.'

'કેટલા દા'ડા રાખશે? ફલૅટનું ભાડું અને ઘર ચલાવવું સસ્તું નથી.'

'મૂરખના જામ, એ કેસરના ફલૅટમાં નથી ગઈ.'

'અચ્છા, તો ક્યાં ગઈ?'

'તારો ભાઈ ગણ કે બહેન ગણ, જાતે જઈને એને એના બાપને ત્યાં મૂકી આવ્યો.'

'અને એના બાપે રાખી?'

'અરે, બાપ-દીકરી રોયાં, એકબીજાંને ભેટ્યાં, કોણ જાણે આ લપોડશંખે શું સમજાવ્યું હશે!'

અભિમન્યુ વિચારમાં પડી ગયો. જો ખરેખર આરોહી એના બાપને ત્યાં જતી રહી હોય તો એ બરોબર નહોતું થયું. ગુલાબસિંહનો ભય સાચો હતો. આરોહીનો બાપ ડંખીલો માણસ હતો. શક્યતા તરીકે એ નિખિલ પાસે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જઈને જે કંઈ થયું એની ફરિયાદ કરે એવું બની શકે...

'હવે?'

'હવે શું? તેં પલાળ્યું ને તારું મૂંડી નાખ્યું!'

હવે અભિમન્યુ મૂંઝાયો. નિખિલ આ વાતમાં વચ્ચે પડે અને અભિમન્યુને હુકમ કરે કે માફી માગીને આરોહીને પાછી લાવ તો પોતાનું નાક કપાય એ નક્કી... એનું મગજ ચકરાવે ચડ્યું, પણ અત્યારે બીજું કંઈ બોલવાનો અર્થ નહોતો.

એનું સૌથી પહેલું કામ કેસરનો ફોટો મેઇલ કરવાનું હતું, પણ આ ઘરમાં કેસરના આ સ્વરૂપના કોઈ ફોટા જ નહોતા. એ જો ફોટો પાડવા જાય તો તરત જ ઘરના લોકોને વહેમ આવે એ સ્વાભાવિક હતું. અત્યારે આરોહી કરતાં વધારે અગત્યની વાત એ હતી કે કેસરનું કામ તમામ થવું જોઈએ. એણે આ વખતે એવું નક્કી કર્યું હતું કે દાદાજીને પણ આ આખી વાતમાંથી બહાર રાખવા એટલે એણે આગળ ચર્ચા કરવાનું ટાળ્યું.

એ જવાબ આપ્યા વિના ઉપર ચડતો હતો ત્યારે ગુલાબસિંહે આખા ઘરને સંભળાય એવી રીતે કહ્યું:

'ભાઈ, ઘરની વહુને પાછી લઈ આવ. આ બરાબર નથી થતું.'

એ જવાબ આપ્યા વિના ઉપર ચાલી ગયો.

અભિમન્યુ જેવો પોતાના રૂમમાં પહોંચ્યો કે એણે ડ્રેસિંગ ટેબલ પર પડેલી ચાવી જોઈ. કોઈ પણ કારણસર ઉતાવળમાં કે જાણીજોઈને, પણ અહીંથી જતી વખતે કેસરે આપેલી ચાવી આરોહી ડ્રેસિંગ ટેબલ પર જ ભૂલી ગઈ હતી.

અભિમન્યુ આ ચાવી ઓળખી ગયો. ગેલમાં આવી ગયો. અહીં કેસરના ફોટા ન મળે તો કંઈ નહીં, એના ફ્લૅટ પર તો એનો એકાદ ફોટો મળી આવશે...

એ ચાવી લઈને સડસડાટ સીડી ઊતર્યો. એને ફરી એક વાર ઘરની બહાર નીકળતો જોઈને ગુલાબસિંહ એની પાછળ દોડ્યા, પણ એમની બૂમોનો જવાબ આપ્યા વિના અભિમન્યુએ કાર મારી મૂકી.

અભિમન્યુનો અંદાજ સાચો નીકળ્યો. કેસરના ઓપરેશન પહેલાંના અને પછીના ઢગલાબંધ ફોટા એના ઘરમાંથી મળી આવ્યા. સાથે જ કેસરનું ઓપરેશન કરનાર ડૉક્ટર અને પ્રતિમા પટેલની ફાઇલ્સ પણ એના કબાટમાંથી નીકળી.

અભિમન્યુને તો જાણે જૅકપોટ લાગી ગયો. એણે બધી જ વિગતો નોંધી લીધી. આ બધી વિગતો એને ક્યારેય નહોતી મળવાની... નિખિલને આપવા માટે એની પાસે જબરદસ્ત માહિતી ભેગી થઈ હતી એમ માનીને ખુશખુશાલ અભિમન્યુએ વર્સોવાના જ એક સાઇબર કાફેમાંથી એને અપાયેલા ઇ-મેઇલ એડ્રેસ પર ફોટો મોકલીને નિરાંતનો શ્વાસ લીધો. ચોવીસ કલાકમાં ડિલિવરી કરવાનું વચન સાંભળીને એને રાહત થઈ હતી.

અત્યારે બીજું કંઈ કર્યા વિના ઘેર જઈને-પોતાના બેડરૂમમાં બેસીને વ્હિસ્કીના બે-ત્રણ પેગ મારીને કેસરના મોતના શુભ સમાચારની રાહ જોવાનું જ વધુ યોગ્ય છે એમ માનીને એ ઘેર પાછો આવી ગયો...

બેચેન ગુલાબસિંહ અભિમન્યુની ગતિવિધ સમજી શકતા નહોતા. નિખિલ એમનો ફોન ઉપાડતો નહોતો. આ આખીયે પરિસ્થિતિમાં જાણે પોતે બહાર રહી ગયા કે એમની ભરપૂર અવગણના કરવામાં આવે છે એવું એમને લાગવા માંડ્યું હતું. એમણે ઘણો વિચાર કર્યો, પણ હવે આ ઘરમાં ખરેખર એમને માટે કોઈ જગ્યા નહોતી. જે અભિમન્યુને રેસનો ઘોડો માની એમણે દાવ લગાડવાનો વિચાર કર્યો હતો એ જ એમના કન્ટ્રોલની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બહાર નીકળી રહ્યો હતો. કંટાળેલા અને ઉશ્કેરાયેલા ગુલાબસિંહે પૌત્રના આવતાં જ એનો ઊધડો લઈ નાખ્યો. એમનો ઉશ્કેરાટભર્યો અવાજ એટલો મોટો હતો કે આખા ઘરમાં એમનો અવાજ સંભળાતો હતોઃ

'ક્યાં ગયો હતો તું? મને કશું કહેતો નથી, સમજતો નથી... આમ ને આમ કરીશ તો હું સુરેન્દ્રનગર જતો રહીશ.'

સામે એટલા જ મોટા અવાજે અભિમન્યુએ જવાબ આપ્યોઃ

'ઊપડો... ક્યારે જવું છે? ટિકિટ હું મંગાવી આપું કે તમે કરાવી લેશો?'

ગુલાબસિંહ ડઘાઈ ગયા. હવે બોલવા કે કહેવા જેવું કશું નહોતું. થોડીક ક્ષણો અભિમન્યુ સામે જોઈને એ ચુપચાપ બગીચા તરફ જવા લાગ્યા. અભિમન્યુએ મોટેથી બૂમ પાડીને, લગભગ આખા ઘરને સંભળાય એ રીતે કહી નાખ્યુંઃ

'બધાં સાંભળી લો... આ મારું ઘર છે. મારા બાપનો બધો વારસો મારા એકલાનો છે. હું એમાંથી એક રૂપિયાનોય ભાગ કોઈને આપવાનો નથી. પેલા છક્કા - નપુંસકને તો નહીં જ...'

*

દેવરાજસિંહ અને કેસર ઘરમાં છે એમ માનીને બૂમો પાડી રહેલા અભિમન્યુને ખબર નહોતી કે એ બંને અત્યારે ભદ્રેશ પારેખની ઓફિસમાં બેઠા હતા. ઓમ પારેખના પિતા સ્ટોક માર્કેટના કિંગ હતા. મુંબઈનું શેરબજાર એમના ઇશારે ઊઠતું અને પડતું. કરોડોના સોદા પળવારમાં ઊંચા-નીચા કરી નાખતો આ માણસ દેખાવે સાવ સામાન્ય હતો... રીમલેસ ફ્રેમનાં ચશ્માં, જમણા હાથની ટચલી આંગળીએ ચંદ્રની અને વચલી આંગળીએ શનિની વીંટી પહેરેલા ટૂંકાં આગળાં ધરાવતા આ બટકા માણસની આંખોમાં કોઈ વિચિત્ર પ્રકારની ચમક હતી.

આટલો સોહામણો દેખાતો ઓમ આનો જ દીકરો હશે? એવું વિચારીને કેસરને સહેજ હસવું આવી ગયું.

'મારો દીકરો બેવકૂફ છે અને લાગણીશીલ પણ.'

ભદ્રેશ પારેખનો ચહેરો કોઈ ભાવ વગરનો તદ્દન નિર્લેપ હતોઃ

'એણે તમને મોકલ્યા છે એટલે તમારી સાથે આ બધી વાત કરું છું. બાકી, નિખિલ શ્રોફને પછાડવાનું સપનું પણ મોંઘું પડે, સાહેબ.'

'તેમ છતાં આ સપનું અમે જોયું છે. અમારે સાચું પાડવું છે. તમે અમારી મદદ કરશો કે નહીં?'

ભદ્રેશ હસ્યોઃ

'મારું સપનું અમેરિકાના પ્રેસિડેન્ટ થવાનું છે એ સાચું પાડવામાં તમે મારી મદદ કરશો? આ લસ્સી પીઓ ને ઘરભેગા થઈ જાવ, સાહેબ. તમારા જેવા કેટલાય આવ્યા અને ખોવાઈ ગયા. નિખિલનો વાળ પણ વાંકો નથી થયો. કાબો ખેલાડી છે.'

'ઓમે તો મને કહ્યું હતું કે...'

'મેં કહ્યુંને તમને, મારા છોકરામાં અક્કલ નથી.'

'મારી પાસે એક પ્લાન છે, જો તમે સાંભળી લો તો... તમારો પણ ફાયદો જ થશે.'

'બજાર હમણાં જ બંધ થયું છે. મારે વલણ ચૂકવવાનાં છે, બીજાં સત્તર કામ છે. પછી વાત કરીએ?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દેવરાજસિંહ અને કેસર નાછૂટકે ઊભાં થયાં. ભદ્રેશે હાથ લંબાવ્યોઃ

‘તમને કદાચ નહીં ગમ્યું હોય, પણ સાચું કહેવું એ મારો સ્વભાવ છે... ચાલો ત્યારે, જય શ્રીકૃષ્ણ!’

નિરાશ થઈને બંને જણા બહાર નીકળી ગયાં.

કેસર થોડો ગંભીર હતો. વિચારમાં ખોવાયેલો હતો. દેવરાજસિંહ ઉશ્કેરાઈ ગયાઃ

‘કેવાં કેવાં વચનો આપતો હતો એ છોકરો! મારા પપ્પા તમારી મદદ કરશે જ... લો લેતા જાવ, કરી મદદ.’

‘આટલા જલદી હારી જવાની જરૂર નથી.’

‘એટલે?’

‘આપણી પાસે ભદ્રેશ પારેખ સિવાય પણ માણસો છે.’

‘કેસર, મેં તો તને પહેલાં જ કહ્યું હતું કે નિખિલ શ્રોફ જેવા મગર સામે બાથ ભીડવાની આપણી તાકાત નથી. બધા જ લોકો ડરે છે એનાથી.’

‘હું નથી ડરતો.’

‘એકલો શું કરીશ?’

દેવરાજસિંહ પહેલાં જ પગલે ના સાંભળીને નિરાશ થઈ ગયા હતા. એમને લાગ્યું કે યુદ્ધ શરૂ થતાં પહેલાં જ પૂરું થઈ ગયું. બંને ગાડીમાં બેઠા ત્યારે કેસર ચૂપચાપ હતો અને દેવરાજસિંહ એકસરખા કંટાળા સાથે ભદ્રેશ અને ઓમ પારેખ કેટલા નકામા નીકળ્યા એ વિશે બોલી રહ્યા હતા.

બંને હજી બંગલાના ગેટમાં પ્રવેશે એ પહેલાં કેસરના ફોન પર એક એસએમએસ બિપ થયોઃ

મને તમારો પ્લાન સમજવામાં રસ છે. રાત્રે તમારા ઘરે મળી શકીએ?

કેસર નવાઈથી એસએમએસ જોઈ રહ્યો. મેસેજ ભદ્રેશ પારેખના ફોન પરથી આવ્યો હતો.

એણે એક ક્ષણ માટે દેવરાજસિંહ સામે જોયું. પછી ઝડપથી નિર્ણય લીધો અને મોબાઇલ જોડ્યોઃ

‘ઘરે નહીં, બહાર મળીએ.’

‘ક્યાં?’

‘તાજ લેન્ડ્સ એન્ડ... રાત્રે સાડા નવે.’

એણે વધુ કશું કહ્યા વગર લાઇન કટ કરી ફોન ગિયરની બાજુમાં આવેલા સ્ટેન્ડ પર મૂકીને ત્રાંસી આંખે દેવરાજસિંહ સામે જોયું. બારીની બહાર જોઈને એકસરખું બોલી રહેલા દેવરાજસિંહનું ધ્યાન જ નહોતું. ગાડી પાર્ક કરીને એણે પિતાને નીચે ઉતાર્યા.

એ ઘરમાં દાખલ થતા હતા કે ગુલાબસિંહે એમને રોક્યાઃ

‘દેવલા, મારે કાલે દેશમાં જવું છે.’

‘ભલે.’ દેવરાજસિંહ ચૂપચાપ ઉપર જવા લાગ્યા.

ગુલાબસિંહ એમની પાછળ દોડ્યાઃ

‘તુંય એમ ઇચ્છે છે કે હું જતો રહું?’

‘મેં જવાનું કહ્યું નથી ને તમારે જવું હોય તો રોકીશ પણ નહીં.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મને ખબર જ હતી.'

'એમ? ચાલો, સારું થયું.' દેવરાજસિંહ સીડીના છેલ્લા પગથિયે પહોંચી ગયા હતા. એમણે પાછળ ફરીને ધીમેથી કહી નાખ્યું:

'સાચું કહું તો હવે હું પણ શાંતિથી રહેવા માગું છું.'

ગુલાબસિંહે ઉશ્કેરાટમાં બૂમો પાડવા માંડી:

'ઘરડે ઘડપણ બાપને તગેડી મૂકતા શરમ નથી આવતી? આના કરતાં તો પાણો પાક્યો હોત તો સારું થાત... સગો દીકરો થઈને...'

દેવરાજસિંહના રૂમનો દરવાજો બંધ થઈ ગયો. ગુલાબસિંહ બૂમ-બરાડા કરતા રહ્યા.

ડાઇનિંગ ટેબલ પર બેઠેલા કેસરે જાણે કશું બન્યું જ નથી એમ નિરાંતે ટેબલ પર પડેલું સફરજન ઊંચક્યું...

*

'પણ હું ત્યાં આવીને શું કરું?'

'મને જે સવાલો ન સૂઝે એ તને સૂઝશે એની મને ખાતરી છે. બીજી રીતે જોઈએ તો એમના સવાલોના કેટલાક જવાબો ફક્ત તારી જ પાસે છે.'

'તું મને નિખિલ શ્રોફની સામે...'

નેહા સહેજ અચકાઈ ગઈ. એણે કેસરને મદદ કરવાનું વચન આપ્યું હતું, પણ આજે સોમલ સાથે જે કંઈ થયું એ પછી એનું મન સહેજ પાછું પડતું હતું. આટલાં વર્ષની દોસ્તી અચાનક જ ગેરસમજના હથોડા નીચે ટીપાઈ રહી હતી... ગમે તે થાય, એ સોમલને ખોવા તૈયાર નહોતી જ. એને ખ્યાલ હતો કે સોમલ કદાચ ગુસ્સે થશે, એની સાથે ઝઘડો કરશે, પરંતુ આ રીતે સંબંધ તોડી નાખવાની વાત કરશે એવું એણે વિચાર્યું પણ નહોતું.

'તું ન આવવા માગતી હોય તો વાંધો નહીં, હું તને જબરદસ્તી નહીં કરું.'

નેહા અને કેસર કોસ્ટા કોફીમાં બેઠાં હતાં. નેહાએ પેપર નૅપ્કિન ઊંચકીને આંખમાંથી ધસી આવતાં આંસુ રોકવાનો પ્રયાસ કર્યો.

'આજે સવારે સોમલે...' નેહાનું ગળું ભરાઈ આવ્યું:

'એણે દોસ્તી તોડી નાખી. મને ફોન કે એસએમએસ કરવાની ના પાડી છે.'

'અને તેં માની લીધું?'

'તો બીજું શું કરું?'

'નેહા, આ તારી પ્રકૃતિ નથી. લડી-ઝઘડી લે, સામસામે બેસીને વાત કર.' કેસરના ચહેરા પર સ્મિત રમ્યું:

'તારી સાથે દોસ્તી તોડીને વધારે નુકસાન સોમલ શ્રોફનું થશે.'

'સવાલ નફા-નુકસાનનો નથી, કેસર. દોસ્ત છે મારો. હું એને ખોઈને...'

'તું કહે તો આપણે સાથે એને મળવા જઈએ.'

'તું આવીશ?'

'હા, શું કામ નહીં?' કેસરે સહજતાથી નેહાના ખભે હાથ મૂક્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સોમલ મને બહાર નહીં મળે. હું એને ઓળખું છું, એ બડો જિદ્દી છે.’

‘હું નિખિલ શ્રોફની ઓફિસ આવીશ.’ કેસરનો ચહેરો સહેજ બદલાયોઃ

‘આમ પણ મારે એક વાર તો એ પગથિયાં ચઢવાનાં જ છે તો આજે જ શું કામ નહીં’

‘યુ મીન... તું નિખિલ શ્રોફની ઓફિસ...’ નેહાની આંખોમાં નવાઈ હતી.

‘મારે લીધે તારી અને સોમલની દોસ્તી તૂટે એ મને નહીં પોસાય. તું એક જ તો દોસ્ત છે એની. સાવ એકલો પડી જશે. એ એકલો લડી શકે એમ નથી.’

‘એટલે જ મારે એને એકલો નથી છોડવો. જિંદગીભર ખોટા નિર્ણયો કરતો રહ્યો છે.’

‘કારણ કે નિર્ણય કરતાં પહેલાં વિચારતો નથી તારો એ સોમલ.’

‘મારો?’ નેહાના ચહેરા પર સ્મિત આવી ગયું.

‘હાસ્તો!’

‘સોમલ કોઈનો નથી. કોઈનો થઈ શકે એમ પણ નથી.’ નેહાથી નિઃશ્વાસ નંખાઈ ગયોઃ

‘કોઈના થઈ જવા માટે સૌથી પહેલાં તો આંધળો વિશ્વાસ મૂકી દેવો પડે. સામેની વ્યક્તિને તમને દુઃખી કરવાની પૂરી સત્તા આપ્યા છતાં એવો વિશ્વાસ મૂકવો પડે કે એ તમને ક્યારેય દુઃખી નહીં કરે.’

‘વાંક એનો નથી. એ ક્યારેય કોઈના પર વિશ્વાસ નહીં કરી શકે, કારણ કે અવિશ્વાસ એના લોહીમાં છે.’ કેસરનો ચહેરો બદલાઈ ગયોઃ

‘નિખિલ શ્રોફનું સંતાન છે એ. આ લડાઈ લડવી હશે તો આપણને સોમલની જરૂર પડશે અને સોમલને તારી જરૂર પડશે.’

‘તને ખાતરી છે?’

‘હા, પુરુષમાં એકલા લડવાની શક્તિ નથી હોતી. એને સહારો શોધવાની, આધીન થઈ જવાની ટેવ હોય છે.’ કેસરના ચહેરા પર સ્મિત આવી ગયુંઃ

‘કદાચ એટલે જ કહે છે કે દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે. સ્ત્રી પાછળ રહીને સહારો આપે છે. આગળ વધવાની હિંમત અને શક્તિ આપે છે...’

‘આવું તું કહે છે? હવે તો તું...’

‘હા, શરીરથી પુરુષ થઈ ગયો છું, પણ સ્ત્રીની શક્તિ અને મજબૂતીને જરાય ઓછી નથી આંકતો. ખરેખર તો હું માનું છું કે કોઈ પણ પુરુષ માટે જિંદગીની લડાઈ જીતવાનું હથિયાર એનો હાથ પકડીને એને હિંમત આપતી સ્ત્રી છે. એ તારા જેવી દોસ્ત હોય, શ્વેતાબહેન જેવી મા કે શ્રદ્ધા જેવી પત્ની...’

નેહા હસી પડીઃ

‘ખરેખર તો દરેક પુરુષે થોડા કલાકો સ્ત્રી બનીને જીવવું જોઈએ...’

‘અથવા દરેક સ્ત્રીએ તારી જેમ પુરુષને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.’

‘સ્ત્રી-પુરુષના સંબંધની આ રમત મને ક્યારેય સમજાઈ નથી, કેસર.’ નેહાએ પ્રામાણિકતાથી કહી નાખ્યુંઃ

‘બંને એકબીજા પર પૂરેપૂરો વિશ્વાસ મૂકવાનો દાવો કરીને એક સંબંધમાં દાખલ થાય છે, પણ બંને વચ્ચે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ભયાનક અવિશ્વાસ સિવાય બીજી કોઈ લાગણી હોતી જ નથી.'

'કારણ કે બંને જાણે છે કે એકબીજા પર આધારિત છે અને જ્યારે કોઈના પર આધારિત હોઈએ ત્યારે એ આધાર છીનવાઈ જવાનો ભય માણસને જંપવા દેતો નથી.'

નેહા થોડીક ક્ષણ કેસરની સામે જોઈ રહી. પછી જાણે નિર્ણય લેતી હોય એમ એણે કહ્યું:

'ચાલ, આપણે બંને સાથે જ સોમલને મળવા જઈએ. હું માનું છું એને સમજાવવાનો એથી વધુ સારો રસ્તો નથી.'

કેસર ઊભો થયો. એણે કાઉન્ટર પર જઈને બે કોફીનું બિલ ચૂકવ્યું. બંને બહાર નીકળ્યાં ત્યારે નેહાએ મનોમન ગાંઠ વાળી લીધી કે સોમલને સમજાવીને ફરી એક વાર આ દોસ્તીની ગાંઠને મજબૂત કરી લઈશ.

કોસ્ટા કોફીનાં પગથિયાં ઊતરતાં કેસરને જોઈ રહેલી નેહાના મનમાં અચાનક જ એક વિચાર ઝબકી ગયો:

જો દરેક પુરુષ આટલો સમજદાર અને ઉદાર હોય તો સંબંધો ક્યારેય વણસે નહીં.

નેહાની નહીં બોલાયેલી વાત જાણે કેસરે સાંભળી લીધી હોય એમ એણે પાછળ ફરીને નેહા સામે જોયું, સ્મિત કર્યું:

'સમજદારી બજારમાં નથી મળતી, નેહા. અનુભવો અને સંજોગો ધીરેધીરે ટીપીટીપીને માણસને સમજદાર બનાવી દે છે.'

નેહા નવાઈથી જોઈ રહી. આ કોઈ કોસ્મિક કનેક્શન હતું!

*

અભિમન્યુ અને નિખિલના કાવતરાથી અજાણ કેસર અને નેહા એની ગાડીમાં સોમલને મળવા માટે નિખિલ શ્રોફની ઓફિસ જઈ રહ્યાં હતાં. નેહા જાણતી હતી કે એ જીવતા-જાગતા ન્યૂક્લિયર બોમ્બને પોતાની સાથે લઈને ઓફિસમાં જઈ રહી છે. કેસરને જોતાં જ નિખિલ શ્રોફ પોતાની જાત પરનો કાબૂ ખોઈ બેસશે. સોમલ કદાચ આ પગલા પછી જિંદગીભર પોતાની સાથે સમાધાન કરવા તૈયાર ન થાય. કદાચ પોતાની નોકરી જાય એ હદે વાત વણસી શકે એવી ખબર હોવા છતાં નેહાએ આ રિસ્ક લેવાનું નક્કી કર્યું.

'તું સમજે છે ને?' એણે કેસરને પૂછી નાખ્યું:

'ત્યાં શું શું થઈ શકે એનો ખ્યાલ છે ને તને?'

'હાસ્તો...' કેસર બેફિકરાઈથી બેઠો હતો. એણે કાર-રેડિયો ચાલુ કર્યો. લેટેસ્ટ હિન્દી ગીત ગુંજવા માંડ્યું.

'તું પણ તૈયાર રહેજે... પરિણામ માટે.'

'હું તો જાણું જ છું, કેસર. સોમલને કાં તો પાછો દોસ્ત બનાવી લઈશ અથવા કાયમ માટે ખોઈ બેસીશ... નોકરી જઈ શકે... નિખિલ શ્રોફ મારો પણ દુશ્મન થઈ શકે.'

'ને છતાં તું આ કરે છે.'

'હા.'

'કેમ?'

'આ સવાલ તેં મને પહેલાં પણ પૂછ્યો હતો... મેં જવાબ આપી દીધો છે.'

'છતાં ફરી પૂછું છું. તું કંઈ વગર વિચાર્યે આટલી ઝડપથી તારું હિત જોખમમાં મૂકીને કોઈના માટે કંઈ કરે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એવી વ્યક્તિ નથી.'

'તું કોઈ નથી, કેસર.'

'એટલે?'

'એટલે કંઈ નહીં, મૂરખ!' કાર ડ્રાઇવ કરતી નેહા હસી પડી:

'પુરુષનું શરીર મળતાંની સાથે જ તું પુરુષ જેટલો જ મૂરખ થઈ ગયો છે!'

'મૂરખ નથી થઈ ગયો, નેહા. માત્ર સાવધ થઈ ગયો છું.'

નેહાએ ટીકીટીકીને કેસરની સામે જોયું.

'મારા માટે નહીં, પણ ચિંતા થાય છે તારી.'

'હવે હું પૂછું કે તું મારી ચિંતા શું કામ કરે છે?'

'જે જવાબ બંનેને ખબર હોય એ વિશેના સવાલો પૂછવાના બંધ કરી દેવા જોઈએ એવું નથી લાગતું?'

કેસર ખડખડાટ હસી પડ્યો.

'લગ્ન કરીશ મારી સાથે?' નેહાએ પૂછ્યું.

કેસરે ચમકીને એની સામે જોયું.

'ચમકે છે શું? હું જગતની પહેલી એવી છોકરી નથી જેણે સામેથી પ્રપોઝ કર્યું હોય.'

'તું જાણે છે... હું...'

'લગ્ન એ શારીરિક સુખ ભોગવવાનું લાઇસન્સ નથી મારા માટે. દરેક લગ્ન પાછળ શારીરિક આકર્ષણ કે શારીરિક જરૂરિયાત નથી હોતી.'

'તો પણ... એને નકારીને જીવી નથી શકાતું. હું કદાચ નોર્મલ પુરવાર ન પણ થાઉં.'

'એક વાર સ્વીકારી લો તો દુનિયાની દરેક બાબત નોર્મલ થઈ જાય છે, કેસર.' નેહા હસી:

'પુરવાર કરવી પડે એવી કોઈ બાબતમાં કે એવા કોઈ સંબંધમાં મને રસ નથી.' એણે આંખો ઉલાળી:

'છોકરાઓ ઓછા નથી આવ્યા મારી જિંદગીમાં. બસ, કમબખ્ત ટક્યા નહીં.'

'ટકી શક્યા નહીં.'

'કદાચ!'

'હું ટકી જઈશ એમ માને છે?'

'વેલ...' નેહાએ ફરી ખભા ઉલાળ્યા:

'તું ટકે કે નહીં, પણ આ વખતે મેં ટકી જવાનું નક્કી કર્યું છે.'

'હું આવતી કાલે લગ્ન કરી શકું એમ છું.'

'એ પહેલાં આપણે તારા એક્સ વર પાસેથી લીગલ ડિવોર્સ લેવા પડશે.' નેહાનો સ્વર ગંભીર હતો.

'પણ એ ડિવોર્સ આપશે કોને? જેની સાથે લગ્ન થયાં હતાં એ તો હવે છે જ નહીં અને જેણે લગ્ન કરવા છે એણે પહેલાં લગ્ન કર્યાં નથી!' કેસર હસવા લાગ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘છતાંય નિખિલ શ્રોફ આપણને ગૂંચવી નાખે એ પહેલાં મારે લોયરને મળવું છે.’ નેહા હવે ગંભીર થઈ ગઈ હતી.

‘પહેલાં તારા દોસ્તને મળી લઈએ... ને પછી લોયરને...’

કેસરના ચહેરા પર હજીયે સ્મિત હતું. મોતીની કળી જેવા ચોખ્ખા દાંત, એક દિવસની વધેલી દાઢી, કૂણી ત્વચા અને સુંદર આંખો...

‘તું હેન્ડસમ છે.’

‘આઇ એમ શ્યોર, છું જ! બાકી, તારા જેવી છોકરી મારી સાથે શા માટે પરણવા તૈયાર થાય?’

બંને ખડખડાટ હસી પડ્યાં ત્યારે નેહાને યાદ આવી ગયું. એણે ક્યાંક વાંચેલું:

બે જણા સાથે હસી શકે એવો કોઈ પણ સંબંધ લાંબું જીવે છે...

હવે એમની કાર નિખિલ શ્રોફના ઓફિસ કમ્પાઉન્ડમાં દાખલ થઈ ગઈ હતી...

બંને લિફ્ટ તરફ આગળ વધ્યા ત્યારે એમને કલ્પના પણ નહોતી કે કેસરનો મોબાઇલ નંબર પ્રોફેશનલ કીલરના લેપટોપમાં એન્ટર થઈ ચૂક્યો હતો. હાઈ ટેક સાધનો કેસરનો પીછો કરી રહ્યાં હતાં. કમ્પ્યૂટર પર દેખાતા નેટવર્કમાં કેસર ક્યાં છે એની ખબર જુદા જુદા વિસ્તારોમાં વહેંચાયેલા માણસો સુધી પહોંચી રહી હતી.

નેહાએ ગાડી પાર્ક કરી ત્યારે નિખિલ શ્રોફના બિલ્ડિંગની બિલકુલ સામેના બિલ્ડિંગમાં એક માણસ પોતાની ટેલિસ્કોપિક ગન પર સાઇલન્સર લગાડીને સજ્જ કરી રહ્યો હતો.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 55

કેસર અને નેહા લિફ્ટમાંથી બહાર નીકળ્યાં ત્યારથી જ નેહાના પેટમાં જાણે પતંગિયાં ઊડવાં લાગ્યાં.

નિખિલ શ્રોફ સામે મળી જશે તો શું થશે એ વિચાર એને ડરાવતો હતો. હિંમત રાખવાનો ગમે તેટલો પ્રયાસ કરે તો પણ નિખિલ શ્રોફનો સામનો કરવાના વિચારમાત્રથી એ ફફડતી હતી.

ઓફિસમાં દાખલ થતાં જ એણે કેસરનો હાથ પકડીને એને સોમલની કૅબિન તરફ દોર્યો.

આ તરફ પોતાની કૅબિનમાં સોમલ પોતાની ખુરશી પર માથું સિલિંગ તરફ ટેકવી, આંખો મીંચીને ઊંડા વિચારમાં ગરકાવ હતો. નેહા સાથે જે કંઈ થયું એ વાત એના મનને કોરી ખાતી હતી. એણે નેહાને ફોન કે એસએમએસ કરવાની ના પાડી હતી, તેમ છતાં ઊંડે ઊંડે એ જાણે નેહા તરફથી વાતચીતની પહેલ થાય એની રાહ જોતો હતો.

સવારે વાત થયા પછી નેહા ઓફિસમાંથી ચાલી ગઈ. એ પછી નેહા હજી સુધી પાછી ફરી નહોતી. નેહા જેવી મિત્ર ખોયાની લાગણી એને સખત પીડા આપતી હતી. એણે દસ વાર ફોન ઉઠાવીને ફોન કે મૅસેજ આવ્યો છે કે નહીં એની તપાસ કરી. એને પોતાને પણ નવાઈ લાગી, કારણ કે ફોન સાઇલન્ટ પર નહોતો. ફોન કે મેસેજ આવે તો બિપ થાય, તેમ છતાં એણે વારંવાર ફોન ઉઠાવીને ચેક કર્યો.

એ સાચે જ ઇચ્છતો હતો કે કાશ, એક વાર નેહા એનો સામેથી સંપર્ક કરે...

શ્રોફ હોવાનો અને પુરુષ હોવાનો અહંકાર એના રૂંવેરૂંવેથી એને ડંખતો હતો. નેહા વિના બધું જ અધૂરું લાગતું હોવા છતાં એ નેહાને ફોન કરી શકે એટલી સહજતા કોઈ રીતે એનામાં આવતી નહોતી.

બરાબર એ જ વખતે સોમલનો સેલફોન રણક્યો. નેહાનો ફોન હશે એવી આશાએ એણે ફોનનો સ્ક્રીન જોયો. સ્ક્રીન ઉપર આરોહી લખેલું હતું. એ હજુ કશું બોલે એ પહેલાં સામે છેડેથી આરોહીએ બોલવાનું શરૂ કરી દીધું.

'સોમલ, મારી જિંદગી બરબાદ કરવા માટે હું તને ક્યારેય માફ નહીં કરું. નિ:સાસા લાગશે મારા. ભગવાન માફ નહીં કરે તને.'

'થયું શું?' સોમલે જરા કંટાળાથી પૂછ્યું.

'હું પપ્પાને ત્યાં પાછી આવી ગઈ છું.'

'અરે! કેમ શું થયું?'

'શું થયું એટલે?' એ અભિમન્યુ તો રાક્ષસ છે. શરાબ પીએ છે પછી એને ભાન નથી રહેતું. ચોવીસ કલાકમાં ચોવીસ વાર નરકની યાતનામાંથી પસાર થઈ છું. એટલું ઓછું હોય એમ તારી બૈરી હવે પુરુષ બનીને કેસરસિંહ થઈને પાછો ફર્યો છે... એ પણ મારો વાંક હોય એમ...' સામે છેડેથી હવે ધ્રુસકાં સંભળાયાં.

'રડ નહીં.' સોમલના અવાજમાં કંટાળો છાનો રહી શક્યો નહીં:

'હું અભિમન્યુને ફોન કરું?'

'એનાથી કંઈ નહીં થાય.'

'તો શું કરું?' એ અકળાઈ ગયો.

'લાફો માર એને. કાનપટ્ટી પકડીને માફી મગાવ મારી. એની પાસેથી વચન માગ કે આજ પછી ક્યારેય મારા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પર હાથ નહીં ઉપાડે.'

'એ તને મારે છે?' સોમલને નવાઈ લાગી:

'અરે, એ તો તારી પાછળ પાગલ હતો. પરણવા માટે મારા ડેડના પગ પકડતો હતો.'

'તમે બધા પુરુષો એકસરખા છો. જે જોઈતું હોય એ મળી જાય પછી વપરાયેલી સ્ત્રીની કિંમત વપરાયેલા ટિશ્યૂ પેપર જેટલી થઈ જાય છે.'

'શટઅપ.' સોમલ ચિડાઈ ગયો

'કેમ? મેં શું ખોટું કહ્યું? તેં પણ મારી સાથે એ જ કર્યું. જ્યારે કેસરનો કેસ ગૂંચવાયેલો હતો ત્યારે મારો ઉપયોગ કર્યો... પછી મને એ રાક્ષસના હવાલે કરી દીધી. એણે પણ મારો ઉપયોગ કરીને મને કચરાના ડબામાં ફેંકી દીધી.'

'મેં એકલાએ કંઈ નથી કર્યું, જે કંઈ થયું એ બધું તારી મરજીથી થયું છે.'

'મરજી? તું જાણે છે કે મને તારા સિવાય બીજા કોઈનો વિચાર પણ આવે એમ નથી.'

'ચલ એય...' હવે સોમલની ધીરજ ખૂટી:

'મારા સિવાય કોઈનો વિચાર આવે એમ નથી એટલે પેલા અભિમન્યુ સાથે...'

'એ તો તને પાઠ ભણાવવા. મને એમ હતું કે હું એને પરણી જઈશ તો તું દુઃખી થઈશ, તને તારી ભૂલનો અહેસાસ થશે.' હવે આરોહી રીતસર રડી રહી હતી:

'મારી જિંદગી બરબાદ થઈ ગઈ, સોમલ. હવે મારી પાસે જવાની કોઈ જગ્યા નથી.'

'તો હું શું કરું, આરોહી?'

'તેં લગ્ન કરાવ્યાં હતાં. હવે તું જ ડિવોર્સ અપાવ.'

'વ્હોટ રબિશ...'

સોમલ હવે ઉશ્કેરાતો જતો હતો. આરોહી પણ એના જૂના મિજાજમાં આવી ગઈ હતી:

'ડિવોર્સ અપાવીને મારી સાથે લગ્ન કર. તેં મારી જિંદગી બરબાદ કરી છે, હવે તારે જ સુધારવી પડશે.'

'તારું મગજ ખરાબ છે. પછી વાત કરીશું.'

'ફોન નહીં કાપતો... નહીં તો હું આપઘાત કરીશ. મરતાં પહેલાં ચિઠ્ઠી લખીશ કે મારા મોતનું કારણ તું છે.'

'લખી નાખ.' સોમલ ઉશ્કેરાઈ ગયો:

'એકના મોતનું કારણ બનો કે દસનાં, સજામાં વધઘટ નથી થતી.'

'હું સાચે મરી જઈશ.' રડતી આરોહીનો અવાજ ફાટી ગયો.

'ગેટ લોસ્ટ... તારે જે કરવું હોય તે કર.'

સોમલે રોષથી લાઇન કટ કરીને રોષમાં ટેબલ પર પોતાનો સેલ ફંગોળ્યો. એણે ફરી એક વાર આંખો બંધ કરી લીધી. એને બંધ આંખની સામે કેસરનો, આરોહીનો, નેહાનો એમ વારાફરતી ચહેરા દેખાવા લાગ્યા. બધા ચહેરા એકબીજામાં ભળી જતા હતા. બધાંયની આંખો ફરી ફરીને સોમલને ગુનેગાર ઠેરવતી હતી.

આંખો બંધ કરીને એ નેહાનો જ વિચાર કરતો હતો ત્યાં એની ચેમ્બરનો દરવાજો ખૂલ્યો. નેહાને જોઈને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલનો ચહેરો બદલાઈ ગયો:

'કેમ આવી છે?'

'જોવા, કે તું મારા વગર કેટલો દુ:ખી છે.'

નેહા હસીને સોમલની સામેની ખુરશી ખેંચીને ગોઠવાઈ ગઈ.

'જરાય દુ:ખી નથી. ઊલટાનું મને લાગે છે કે આ મારે ઘણું વહેલું કરવું જોઈતું હતું.'

'એમ? ડાચું જો તારું... વીચ-પચીસ કરોડનું નુકસાન થયું હોય એવું લાગે છે.'

'બસ? તું તારી કિંમત પચીસ કરોડ ગણે છે?'

સોમલના ચહેરા પર અનાયાસ તોફાની સ્મિત આવી ગયું. ઘડીભર પહેલાંની ઉદાસી જાણે ક્યાંય ખોવાઈ ગઈ. એણે હસીને કહ્યું:

'પચીસ કરોડ ખર્ચતાં તારા જેવી ચીજ મળતી હોય તો સોદો ખોટો નહીં.'

આ વાક્ય હજુ એ પૂરું કરે એ પહેલાં દૂર ડોરની નજીક ઊભેલા કેસર પર એની નજર પડી. કેસરને જોતાં જ એ ઊભો થઈ ગયો:

'અરે, આ... આ અહીંયાં શું કરે છે? હિંમત કેવી રીતે થઈ અહીં અંદર આવવાની?'

કેસરને એ તરત ઓળખી ગયો.

'હું તમને મળવા જ આવ્યો છું. તમારી અને નેહા વચ્ચે જે કંઈ થયું...'

'ઓહ! તો મારી સાથે સમાધાન કરવા માટે તું તારો વકીલ લઈને આવી છે?'

સોમલ સહેજ રોફથી નેહા તરફ ફર્યો. ફરી એક વાર બાજી પલટાઈ ગઈ. સોમલનો સુધરેલો મૂડ ફરી એક વાર બદલાઈ ગયો. એની આંખો ઝીણી થઈ ગઈ. મોઢું ચડી ગયું.

'એ મારી વકીલાત કરવા નથી આવ્યો, બલકે હું એની વકીલાત કરવા આવી છું, સોમુ.' નેહાએ મીઠાશથી કહ્યું.

'મારે એના વિશે કે એની સાથે કોઈ વાત નથી કરવી.'

'માત્ર પાંચ મિનિટ મારી વાત સાંભળી લે એ પછી તું કહીશ તો અહીંથી જતી રહીશ અને જિંદગીમાં ક્યારેય તારો સંપર્ક નહીં કરું.'

'એટલે એને માટે થઈને તું મને...' સોમલ ફરી પાછો જ્યાં હતો ત્યાં પહોંચી ગયો હતો. એને ફરી એક વાર એ જ વાતે ચીડ ચડવા લાગી.

'સોમલ...' નેહાના અવાજમાં એક ઠાવકી મા આવીને ગોઠવાઈ ગ:

'સાવ બાળક જેવી વાતો કરે છે. અહીં કોઈના માટે કોઈને છોડવાની વાત નથી. આ દોસ્ત છે મારો. આપણે એની મદદ કરવાની છે.'

'મદદ?' સોમલના ભવાં ચડી ગયાં:

'જેણે મારા કુટુંબને આટલું બદનામ કર્યું, મારી લાઇફ અસ્તવ્યસ્ત કરી નાખી, મને ગૂંચવ્યો... મારા ડેડને...' એણે ટેબલ પર હાથ પછાડ્યો:

'હું શું કામ એની મદદ કરું?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કારણ કે તું એક સારો માણસ છે. મને તારી પ્રામાણિકતા, સચ્ચાઈ અને સમજદારીમાં ભરોસો છે માટે.’

નેહા સ્થિર નજરે એની સામે જોઈ રહી હતી. સોમલથી જાણે નેહાની એ સ્થિર નજરનો ભાર ન જીરવાયો હોય એમ એણે આંખો નમાવી દીધી. નેહા સમજી શકી કે સોમલ એની વાત સમજ્યો છે, એણે મનોમન સ્વીકારી છે. હવે શ્રોફ હોવાના બંધ દરવાજા તોડીને એણે સોમલ પાસે પહોંચવાનું છે.

‘તું પણ જાણે છે કે જે કંઈ થયું એમાં કેસરનો વાંક નહોતો.’

‘હવે એની ચર્ચાનો કોઈ અર્થ નથી.’

‘ખરેખર તો હવે જ એની ચર્ચા થવી જોઈએ, કારણ કે એનું આખું કુટુંબ ખરાબે ચડી ગયું છે.’ નેહાએ સહેજ અટકીને ઉમેર્યું:

‘અભિમન્યુને આરોહી સાથે પરણાવી ત્યારે મને લાગતું હતું કે, પણ કેસરે મને કહ્યું કે આરોહીએ બે જ દિવસમાં ઘર છોડી દીધું...’

‘જાણું છું. હમણાં જ એનો ફોન હતો. એ આપઘાત કરવાની છે.’

‘વ્હોટ? તમને કોણે કહ્યું?’ કેસરના ચહેરા પર ઉદ્‌બેગ છવાઈ ગયો.

‘એણે પોતે.’

‘તમે શું કહ્યું?’

‘કરી લે...’

‘સોમલ!’ નેહા પણ ઉશ્કેરાઈ ગઈ.

‘એણે આવું દસ વાર કહ્યું છે, પણ ક્યારેય આપઘાત કરવાનો પ્રયત્ન સુધ્ધાં કર્યો નથી.’

અજાણતાં જ સોમલની ખુરશી અર્ધગોળમાં ફરવા લાગી. એ બિલકુલ નિખિલ શ્રોફની જેમ ટેબલ પર હાથ રાખીને રિવોલ્વિંગ ચેરને ફેરવી રહ્યો હતો.

નેહાએ ઊભાં થઈને એની ખુરશી પાછળથી પકડી લીધી:

‘આ નોનસેન્સ બંધ કર. તું જાણે છે કે એ પ્રોબ્લેમમાં છે.’

‘આખી દુનિયાના પ્રોબ્લેમ સોલ્વ કરવાનો મેં ઠેકો નથી લીધો. બધા પોતાની મરજીથી લફરાંમાં ફસાય છે પછી મને ગુનેગાર ઠરાવીને બહાર નીકળી જાય છે...’

‘તમે કોની વાત કરો છો?’ કેસરે સામે બેઠેલા સોમલની આંખોમાં આંખો પરોવી:

‘હું પહેલી વાર મળવા આવ્યો ત્યારે જ મેં તમને કહ્યું હતું...’

‘અરે, હા યાર... હવે એનું શું છે?’

‘સોમુ, ગુસ્સે થયા વગર મારી વાત સાંભળ. પરિસ્થિતિ ખરેખર ગૂંચવાઈ ગઈ છે. અમને તારી મદદ જોઈએ છે.’

‘અમને? એટલે તમે બંને એક પક્ષમાં છો?’

‘આપણે ત્રણેય એક પક્ષમાં છીએ.’

‘એમ? મને પૂછ્યા વગર તેં તારા પક્ષમાં ગણી લીધો?’ સોમલ ઉશ્કેરાટમાં ઊભો થઈ ગયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નેહાએ આગળ આવી બંને હાથે એનો ચહેરો પકડ્યો. એની આંખોમાં આંખો નાખી:

'આપણે ક્યારેય જુદા પક્ષમાં હોઈ શકીએ?'

સોમલે નજર હટાવીને નેહાને કહ્યું:

'બહાર ચાલ, મારે સિગારેટ પીવી છે.'

એ પોતાની કેબિનમાંથી બહાર નીકળ્યો ત્યારે એને કલ્પના પણ નહોતી કે સામેના બિલ્ડિંગમાં બેઠેલી એક વ્યક્તિ એની કેબિનની પ્રત્યેક પ્રવૃત્તિ ટેલિસ્કોપિક ગનમાં ધ્યાનથી જોઈ રહી હતી.

બીજી પણ એક વ્યક્તિ એ પ્રવૃત્તિને જોઈ રહી હતી... નિખિલ શ્રોફના ટેબલ પર દેખાતા સી.સી. ટી.વી.માં સોમલની ચેમ્બરમાં બનતી ઘટનાઓનું લાઇવ પ્રસારણ ચાલુ હતું.

આખી ઓફિસમાં લાગેલા 12 સી.સી. ટી.વી. કેમેરાની 12 ફ્રેમ નિખિલના ટેબલ પર ડિસ્પ્લે થતી હતી. સામાન્ય રીતે નિખિલ આ ફ્રેમ્સ ભાગ્યે જ જોતો. કામ કરતાં કરતાં વચ્ચે એકાદ વાર આછી નજર નાખીને એ ઓફિસની ચહલપહલ જોઈ લેતો. એ અત્યારે આરામથી પોતાની રિક્લાઇનિંગ ચેર પર પીઠ ટેકવીને પોતાના મેઇલ ચેક કરી રહ્યો હતો.

એના સેલફોન પર પ્રાઇવેટ નંબર ફ્લેશ થયો કે એણે ફોન ઉપાડ્યો:

'પતી ગયું?'

'તમારી ઓફિસમાં છે.'

'વ્હોટ?' એણે સામે દેખાતી 12 ફ્રેમ પર નજર નોંધી.

'શિકાર તમારા સનની કેબિનમાં છે. હું ફાયર કરું તો...'

'કંઈ ગેરસમજ થાય છે. એ મારી ઓફિસમાં ન હોઈ શકે.'

'અમે મોબાઇલ નંબરને ટ્રેસ કરીને એને છેલ્લા બે કલાકથી ફોલો કરીએ છીએ. એક છોકરી સાથે એ તમારી ઓફિસમાં આવ્યો છે.'

આટલું સાંભળતાં જ નિખિલે સોમલની કેબિનનો કેમેરા આખા સ્ક્રીન જેટલો ઝૂમ કર્યો. એની આંખો પહોળી થઈ ગઈ. સોમલની કેબિનમાં નેહા સાથે એક યુવાન બેઠો હતો. એના પર કેમેરા ઝૂમ કરીને એણે પેલા યુવાનનો એન્ગલ ફેરવીને ચહેરો જોયો કે નિખિલ પોતાની ખુરશીમાં ઊભો થઈ ગયો:

'ઓ, શીટ!'

'છેને?' પેલો ઘોઘરો અવાજ જાણે સ્મિત કરતો હોય એમ બોલ્યો:

'હવે તમે કહો એ પ્રમાણે કરું.'

'શૂટ હીમ...' નિખિલના અવાજમાં ધાર નીકળી આવી:

'છોકરી પણ અડફેટમાં આવી જાય તો વાંધો નથી. હા, મારા દીકરાને...'

'ઓકે, સર...'

'ફિનિશ ઇટ નાઉ!'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલ ટેરેસમાં આવી ગયો. એ અકળાયેલો હતો. નેહા અને કેસર પણ પાછળ ટેરેસમાં આવ્યાં. નેહાએ પર્સમાંથી સિગારેટનું બોક્સ કાઢ્યું. એક સિગારેટ લઈને મોઢામાં મૂકી. બીજી સિગારેટ સહેજ બહાર ખેંચીને સોમલ સામે ધરી. સોમલે સિગારેટ મોઢામાં મૂકી. નેહાએ બંનેની સિગારેટ સળગાવી.

'લુક, નેહા...' સોમલે આકાશ તરફ જોઈને ધુમાડો છોડતાં બંનેની તરફ પીઠ ફેરવીને કહેવા માંડ્યું:

'તું કંઈ પણ કર, હું તને નહીં રોકું, પરંતુ જે કંઈ થયું છે તે પછી હું કેસરની મદદ નહીં કરી શકું.'

'કેમ?' નેહા ઉશ્કેરાટમાં આગળ આવી. એ કશું બોલે કે સોમલ સાથે આગળ દલીલ કરે એ પહેલાં બંનેથી લગભગ ચાર ફૂટ દૂર ઊભેલો કેસર અચાનક ઊછળીને ટેરેસની ફર્શ પર પછડાયો. કોઈ કશું સમજે તે પહેલાં કેસરના ડાબા ખભામાંથી વહેતા લોહીને કારણે એનું શર્ટ લાલ થવા લાગ્યું.

'કેસર...' નેહા એ તરફ દોડીને કેસર પર ઝૂકી.

કેસરે ફર્શ પર પડ્યાં પડ્યાં દૂર સામેના બિલ્ડિંગ તરફ આંગળી ચીંધી. નેહાએ એ બિલ્ડિંગ તરફ જોયું. એને કંઈ સમજાયું કે દેખાયું નહીં, પણ સોમલ કદાચ સમજી ગયો. એણે જોરથી બૂમ પાડી:

'શૂટઆઉટ...'

એણે નેહાનું માથું પકડીને નીચું નમાવી દીધું. પોતે પણ ઝૂકી ગયો. બીજી જ સેકન્ડે કોઈ કંઈ સમજે તે પહેલાં એક બીજી બૂલેટ આવી. નેહાના કાનથી ફક્ત બે ઇંચ કરતાં ઓછા અંતરથી એ બૂલેટ સનનન કરતી પસાર થઈ ગઈ.

સોમલના કપાળ પર પરસેવો વળી ગયો. એની આંખો ભયથી વિસ્ફારિત હતી. નિખિલ શ્રોફની ટાઇટ સિક્યોરિટીમાં આ રીતે શૂટઆઉટ કરવાની હિંમત કોણ કરે? હજી કંઈ થાય એ પહેલાં ત્રીજી બૂલેટ આવી. જમીન પર પડેલા કેસરને એ બૂલેટ સ્પર્શે તે પહેલાં કંઈ સૂઝયું હોય એમ કેસર ચીલઝડપે પડખાભેર થઈને રોલ થઈ ગયો. હજુ હમણાં જ જે જગ્યા પર કેસર ઘવાઈને ફસડાયો હતો ત્યાં જ ત્રીજી બૂલેટ ખૂંપી ગઈ. હવે સોમલ ખરેખર ધ્રૂજી ગયો. આ શૂટઆઉટ કોના માટે થઈ રહ્યું હતું? નિખિલ શ્રોફના દીકરા પર આ ગોળીઓ છૂટતી હતી કે કેસરનો કોઈ દુશ્મન હતો કે પછી કોઈ નેહાને મારી નાખવા તત્પર હતું?'

નેહાનો હાથ પકડીને ધ્રૂજી ગયેલો સોમલ ટેરેસના દ્વાર તરફ દોડ્યો. નેહા એની સાથે થોડી ઘસડાઈ પછી હાથ છોડાવ્યો:

'શું કરે છે?'

'કોઈએ ગોળી છોડી છે, સમજ નથી પડતી? ભાગ!'

'પણ કેસરને આ હાલતમાં છોડીને?'

'મરવા દે એને... હું તને નહીં મરવા દઉં.' એણે ફરી નેહાનો હાથ પકડ્યો.

'સોમલ... મારો હાથ છોડ!'

'તું કેમ સમજતી નથી?' સોમલ એકદમ બેબાકળો થઈ ગયો:

'તને કંઈ થઈ જશે તો હું ક્યાંયનો નહીં રહું.'

'અને કેસરને કંઈ થઈ જશે તો હું ક્યાંયની નહીં રહું...'

નેહાએ ઝટકો મારીને હાથ છોડાવ્યો. એ દોડીને કેસર પાસે પહોંચી. એણે કેસરને ઊંચકવાનો પ્રયાસ કર્યો,

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પણ એ શક્ય નહોતું. એણે દયામણી નજરે સોમલ સામે જોયું, પણ જાણે કશું જ બન્યું નથી એમ સોમલ ટેરેસના ડોર તરફ દોડી ગયો. નેહાની વાત સાંભળ્યા પછી એ ભીતરથી હચમચી ગયો હતો. થોડીક ક્ષણ પહેલાં સુધી એને લાગતું હતું કે નેહા માનવતાના કે સહાનુભૂતિના કારણે કેસરની મદદ કરે છે, પણ...

...પણ નેહાએ જે રીતે જવાબ આપીને હાથ છોડાવ્યો એ પછી સોમલ જાણે ભીતરથી ભાંગી ગયો. જેણે પોતાને છેહ દઈને પોતાના કુટુંબને બદનામ કરવામાં કશું જ બાકી નથી રાખ્યું એવી વ્યક્તિ સાથે નેહા આટલી બધી નજીક છે, છતાં પોતાને એ જણાવવાની નેહાને જરૂર સુધ્ધાં ન લાગી એ વાતે એનો અહંકાર છંછેડાઈ ગયો હતો.

'સોમલ...' એને નેહાની બૂમ સંભળાઈ, પણ એણે ન તો જવાબ આપ્યો કે ન તો પાછું વળીને જોયું. એ સડસડાટ ટેરેસમાંથી ઊતરીને પોતાની કેબિનમાં પ્રવેશી ગયો. નેહા બૂમો પાડતી રહી...

'એ નહીં સાંભળે.' કેસરે મીંચાતી આંખે મંદ અવાજે કહ્યું.

'ઓહ ગોડ...' નેહાએ કેસરની સામે જોયું. એનો ચહેરો ફિક્કો પડતો જતો હતો. ખભા પાસેનું લાલ વર્તુળ ફેલાતું ફેલાતું છેક પેટ સુધી આવી ગયું હતું. એક તરફનું આખું શર્ટ લાલ થઈ ગયું હતું.

'હું તને હૉસ્પિટલ પહોંચાડીશ, તું ચિંતા નહીં કરતો.'

'હું ચિંતા કરતો જ નથી.' કેસરના ચહેરા પર સ્મિત ફરકી ગયું:

'ગાડીમાં આપણે જે વાત થઈ એ પછી કદાચ જીવતો ન પણ રહું તો મને એક વ્યક્તિનો સાચો પ્રેમ પામ્યાનો સંતોષ છે.'

'ચૂપ રહે તું, બેવકૂફ!'

નેહા ટેન્શનમાં હતી. એણે કેસરને સહારો આપીને ઊભો કર્યો. લથડતો કેસર માંડ માંડ ઊભો થયો. એની આંખો બંધ થઈ જતી હતી. લોહી હવે શર્ટમાંથી ફ્લોર પર ટપકવા લાગ્યું હતું. એણે નેહાનો સહારો લઈને માંડ માંડ જાતને ટકાવી હતી:

'ચાલ...'

'હાથ આપ... હું ચાલવાની ટ્રાય કરું...'

'લિફ્ટ સુધી જવું જ પડશે... હું તને આમ નહીં મરવા દઉં!' નેહાના અવાજમાં લગભગ હુકમ કરતી હોય એવી દૃઢતા હતી.

'હાસ્તો...' કેસરના ચહેરા પર સ્મિત આવ્યું:

'હું નિખિલ શ્રોફની ઓફિસમાં તો નહીં જ મરું.'

'તું નહીં જ મરી શકે, સ્ટુપીડ! હજી તારે ઘણાં કામ કરવાનાં છે.'

કેસરે એની સામે જોયું. એની આંખ વારંવાર બંધ થઈ જતી હતી. નેહાના ખભા પર કેસરના શરીરનો ભાર વધતો જતો હતો. લથડતા પગે કેસરને લગભગ ઘસડતી હોય એમ નેહા એને લિફ્ટ સુધી લઈ આવી.

ઓફિસના કોરિડોરમાં થઈને રિસેપ્શન સુધી પહોંચતાં બધે જ લોહી ટપકતું જતું હતું. આ દૃશ્ય જોઈ બધા જ પોતપોતાના સ્થાનેથી ઊભા થઈ ગયા હતા, પણ કોઈ નેહાને મદદ કરવા દોડ્યું નહીં.

બંને લિફ્ટ સુધી પહોંચ્યાં ત્યારે નિખિલ શ્રોફ ત્યાં જ ઊભો હતો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ખોટી મહેનત રહેવા દે, નેહા... હવે આ નહીં બચે.’

‘હું એને નહીં મરવા દઉં.’

‘તું તો જાણે ભગવાન થઈ ગઈ! જે રીતે લોહી ટપકી રહ્યું છે એ જોતાં હૉસ્પિટલ પણ નહીં જુએ આ...’

‘નિખિલ શ્રોફ, હું જીવીશ... એટલી આસાનીથી નહીં મરું!’

કારમી પીડા વચ્ચે કણસતાં પણ કેસર બોલી ઊઠ્યો.

‘વેલ... જીવી જાય તો નસીબ તારાં, પણ હું માનું છું કે મારી ઓફિસમાં પગ મૂકવાથી તારી શું હાલત થઈ એ તો તેં જોઈ લીધું. હવે મારી સાથે બાથ ભીડવાની તારી હિંમત નહીં રહી હોય.’

‘મારી હિંમત હજી તેં જોઈ જ ક્યાં છે?’ કેસરના ફિક્કા ચહેરા પર સ્મિત આવી ગયું:

‘હું પાછો આવીશ. તારી ઓફિસમાં, તારી જ સામે ઊભો રહીને તારી સામે ઊભો રહીને તારો હિસાબ ચૂક્તે કરીશ... બહુ જલદી.’

‘હમણાં તો જલદી હૉસ્પિટલ પહોંચવાનો વિચાર કર.’ નિખિલ શ્રોફ હસતાં હસતાં પોતાની ચેમ્બર તરફ આગળ વધી ગયો.

લિફ્ટમાં નીચે જતાં નેહા અનુભવી શકી કે કેસર ફક્ત પોતાના મનોબળે ટક્યો હતો. એમ્બ્યુલન્સની રાહ જોવાના બદલે નેહાએ એને ગાડીમાં નાખ્યો. એક પછી એક સિગ્નલ તોડતી કેસરને લઈને એ લીલાવતી હૉસ્પિટલના કૅમ્પસમાં દાખલ થઈ ગઈ...

*

‘જેવો તું એવા તારા વાયદા...’

ઉશ્કેરાયેલા દેવરાજસિંહ મોબાઇલ ઉપર બૂમો પાડી રહ્યા હતા. ચાર-પાંચ કલાક સુધી પ્રયત્ન કર્યા પછી એ માંડ ઓમ સુધી પહોંચી શક્યા હતા એટલે દેવરાજસિંહે ઓમનો ઊધડો લઈ લીધો. ભદ્રેશ પારેખે જે રીતે મદદ કરવાની ના પાડી એનાથી એમનું મગજ વધુ છટક્યું હતું.

‘પણ થયું શું, બાપુ?’

ઘટનાથી તદ્દન બેખબર ઓમ આટલા બધા ઉશ્કેરાટનું કારણ સમજવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

‘તારો બાપ તો સાવ નામક્કર ગયો. ચોખ્ખી ના પાડી દીધી મદદ કરવાની!’

‘એવું ના બને.’

‘ના શું બને? એવું જ બન્યું. તું તો મોટી મોટી વાતો કરતો હતો... આમ કરીશું ને તેમ કરીશું... તારો બાપ તો પાણીમાં બેસી ગયો. કહે છે કે- નિખિલ શ્રોફ સામે બાથ ભીડવી સહેલી નથી.

‘મને એમની સાથે વાત કરવા દો.’

‘તું એમની સાથે શું વાત કરીશ? હવે મને તારો ભરોસો નથી રહ્યો.’

‘આ શું બોલો છો, બાપુ?’

‘તને શું લાગે છે, હું અમરપટ્ટો લખાવીને આવ્યો છું? મારી પાસે સદીઓ સુધીનો સમય છે? નિખિલ શ્રોફ પણ અમર રહેવાનો છે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મને કાંઈ સમજાતું નથી. તમે આટલો બધો ગુસ્સો શું કામ કરો છો?’

‘મારે આ વાતનું તરત રિઝલ્ટ જોઈએ છે. બે-ચાર મહિનામાં નિખિલ ઘૂંટણિયે પડવો જોઈએ. બીજી બધી વાત ગઈ તેલ પીવા!’

‘એમ જ થશે. તમે ચિંતા શું કામ કરો છો?’

‘ખોટા વાયદા આપવાના છોડ હવે. મને નથી લાગતું કે તું કંઈ કરી શકવાનો હોય.’

‘મને એક કલાકનો સમય આપો. મારા ડૅડ સાથે વાત કરીને હું તમને ફોન કરું છું.’

‘ફોન શું કરવાનો? ચોખ્ખેચોખ્ખું કહી દે તારા બાપને કે મરદનો બચ્ચો હોય તો સત્યની લડાઈમાં મારો સાથ આપે. બાકી બંગડીઓ મોકલું એ પહેરીને ઘેર બેસે.’

‘સારું, કહી દઈશ.’

ઓમ એમનો ઉશ્કેરાટ સમજી શકતો હતો, પણ એને એ નહોતું સમજાતું કે એના પિતાએ દેવરાજસિંહને મદદ કરવાની ના કેમ પાડી? જેલમાંથી નિયમિત રીતે થતી વાતચીત દરમિયાન એના પિતાએ ઓમને વચન આપ્યું હતું કે એ દેવરાજસિંહને થઈ શકે તે બધી જ મદદ કરશે. અત્યારે દેવરાજસિંહનો ઉશ્કેરાટ જોઈને એ મૂંઝાઈ ગયો. ફોન કટ કરીને એણે તરત પિતાનો સેલનંબર લગાવ્યો.

‘બોલો! મને હતું જ કે હાઈકોર્ટમાં ફરિયાદ પહોંચશે.’

‘તમે...’

‘અરે, ઓફિસમાં હજાર માણસો અને બે હજાર કાન હોય. કોઈને કાનોકાન ખબર પડી જાય તો પેલો આ લડાઈ શરૂ થતાં પહેલાં જ પૂરી કરી નાખે.’ એણે નામ લીધા વિના પોતાની વાત કહી દીધી.

‘ઓહ!’

‘હું આજે રાત્રે એને મળવાનો છું.’

‘તમે એની મદદ કરશોને?’

‘હા, હવે... એક વાર કહ્યું એટલે કહી દીધું.’ ભદ્રેશ પારેખનો અવાજ સહેજ ભીનો થઈ ગયો:

‘તારા માટે હું કંઈ પણ કરી શકું.’

‘ડૅડ!’ ઓમ નિશ્ચિંત થઈ ગયો. ઓમની વાત ચાલુ હતી ત્યાં માજીદભાઈ અચાનક ધસી આવ્યા.

‘ફોન આપ... જલદી આપ!’

એમનો અવાજ ક્યારેય નહોતો સાંભળ્યો એટલો બેબાકળો હતો:

‘એક ગોટાળો થઈ ગયો છે. આપણા માણસે તારા કેસર પર ગોળી ચલાવી છે.’

‘વ્હોટ?’ ઓમનો અવાજ ધ્રૂજી ગયો:

‘હું તમને ફોન કરું છું, ડૅડ.’

‘મેં સાંભળી લીધું. મને સમાચાર આપજે.’

‘જી...’ એણે ફોન કાપીને ઇન્સ્ટ્રુમેન્ટ માજીદભાઈના હાથમાં આપ્યું. માજીદભાઈએ એક નંબર જોડીને મોટા અવાજે બૂમો પાડવા માંડી...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 56

એક ગોટાળો થઈ ગયો છે... આપણા માણસે તારા કેસર પર ગોળી ચલાવી છે!

ઓમ એના પિતા સાથે વાત કરતો હતો ત્યારે ધસી આવેલા માજિદભાઈએ આમ કહીને ઓમ પાસેથી ફોન લઈને પોતાના માણસોને ધમકાવવા માંડ્યા હતાઃ

'સાલ્લા અક્કલ વગરના... બેવકૂફ... હરામખોર, મૈં ચાર દિન બંધ ક્યા હો ગયા તુમ લોગ મનમાની કરને લગે? એક બાર બહાર નીકલને દો સાલોં, એક એક કો ઠોક નહીં ડાલા તો...'

માજિદભાઈના કપાળે પરસેવો વળી ગયો હતો. એમના શ્વાસ તેજ ચાલતા હતા. ડોળા ચકળવકળ થતા હતા.

ઓમ નજીક આવ્યો. એણે માજિદભાઈના ખભે હાથ મૂક્યોઃ

'ઠીક હૈ ના, ભાઈ...' કહીને ઓમે માજિદભાઈના હાથમાંથી ફોન લઈ લીધો. ઓમ સિવાય આવી હરકત કરવાની કોઈની હિંમત નહોતી. ઓમ એમનો લાડકો હતો.

માજિદભાઈનો એક દીકરો સાત વર્ષની ઉંમરે બે-ચાર દિવસ માંદો રહીને ખુદા પાસે પહોંચી ગયો હતો. માજિદભાઈ કહ્યા કરતા કે અખ્તર જો મોટો થયો હોત તો બિલકુલ ઓમ જેવો દેખાતો હોત!

'ક્યા બાત હૈ? ભાઈએ કેમ ગુસ્સે થવું પડ્યું?'

ઓમે મોબાઇલ પર સામેવાળાને પૂછ્યું.

'અમને ક્યાં ખબર હતી... અમે તો જૂની પાર્ટી હતી એટલે...'

'કોણે સોપારી આપી હતી?'

'નિખિલ...'

સામાન્ય રીતે આવા ધંધામાં નામ સાથે વાતચીત કરવાની સ્પષ્ટ મનાઈ હતી, પરંતુ ઓમ આ સવાલ પૂછે તો એને નામ આપવું પડે.

'ઠીક છે. છોકરાની હાલત કેવી છે?'

'એક છોકરી હતી સાથે, એને કારણે નિશાન ચૂકી જવાયું.'

'હવે પછી કેસર કે કેસરના બાપ સાથે કંઈ પણ કરતાં પહેલાં ભાઈ સાથે વાત કરજો.'

ફોન કટ કરીને એ માજિદભાઈ તરફ ફર્યો. માજિદભાઈની આંખમાં પ્રશ્નાર્થ હતો. ઓમે સહેજ સ્મિત કર્યું

'એમ સહેલાઈથી મરવા માટે નથી જન્મ્યો એ કેસર!'

'આ હરામખોરો મારી ગેરહાજરીમાં ફાવે તેમ ધંધો કરવા માંડ્યા છે. હવે તો અહીંથી નીકળું પછી...'

'હવે થોડાક જ દિવસ છે માજિદભાઈ, શાંતિથી કાઢી નાખો.'

માજિદભાઈના ગુસ્સાને ઠંડો પાડીને ઓમ વિચારમાં પડ્યો. નિખિલ કંઈ પણ કરી શકે એમ હતો એવી એને ખબર હતી, પણ એ આટલો જલદી કેસરને પતાવી નાખવાનો નિર્ણય લેશે એ વાત એની કલ્પનામાં પણ નહોતી આવી. જેણે એક વાર પ્રયત્ન કર્યો એ બીજી વાર, ત્રીજી વાર પણ પ્રયત્ન કર્યા વિના નહીં રહે. થોડું વિચારીને એણે એક નંબર લગાડ્યો.

'બોલો, ઓમભાઈ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કેસરની સાથે પડછાયાની જેમ લાગી જા. હું બહાર ના નીકળું ત્યાં સુધી એને કોઈ તકલીફ ના થવી જોઈએ. એને ખબર પણ ના પડે એમ એનાં કામ પતી જવાં જોઈએ.’

‘જી.’

‘તું એની પાછળ છે એવી એને ખબર ના પડવી જોઈએ.’

‘ભલે.’

‘એની સાથે એક છોકરી છે. કોણ છે, શું છે એનો અતોપતો મેળવ. નિખિલનું ગોઠવેલું મહોરું હોય તો છોકરીને કેસરથી દૂર કર...’ ઓમના ચહેરા પર સ્મિત આવી ગયું:

‘હા, એની ગર્લફ્રેન્ડ હોય તો એને પણ સાચવજે.’

ફોન કટ કરીને એણે માજિદભાઈ સામે જોયું:

‘હવે ચિંતા નહીં કરો. મેં મુન્નાને કામે લગાડી દીધો છે.’

મુન્નો ખાસ માણસ હતો માજિદનો. સ્પેશિયલ જોબ એને સોંપવામાં આવતી. દેવરાજસિંહને જેલમાંથી લઈ આવવાનું કામ મુન્નાને સોંપવામાં આવ્યું હતું. સામાન્ય રીતે જીન્સ અને ટી-શર્ટ પહેરતો મુન્નો માથા પર મુસ્લિમ કૅપ પહેરતો. એ ભાગ્યે જ હસતો. અમદાવાદનાં હુલ્લડમાં માતાપિતાને ગુમાવ્યા પછી મુન્નો મુંબઈ ભાગી આવ્યો હતો. એના સાચા નામની માજિદભાઈ સિવાય કોઈને જાણ નહોતી. સૌ એને મુન્નાના નામે ઓળખતા. માંડ એકવીસ-બાવીસ વર્ષના મુન્નાનો ચહેરો નમણો હતો, પણ સતત તંગ રહેતો એ ચહેરો ધીમે ધીમે સખત થવા લાગ્યો હતો. માજિદના પૈસાનો હિસાબ અને લેવડદેવડનું કામ મુન્નો સંભાળતો. લાખો રૂપિયાનો હિસાબ કૅલ્ક્યુલેટર વગર મોઢે કરી નાખતો. કમ્પ્યૂટર અને લૅપટોપ, આઈફોન અને આઈપેડ જેવાં ગેઝેટ્સ એની આંગળીનાં ટેરવે નાચતાં.

એને સોંપેલું કામ ન થાય એવું આજ સુધી બન્યું નહોતું. માજિદના તમામ માણસોથી દૂર રહેતો મુન્નો ન જાણે કેમ ઓમ માટે કૂણી લાગણી ધરાવતો હતો. બે-ચાર વાર જેલમાં માજિદભાઈને મળવા આવ્યો ત્યારે એ ઓમને મળ્યો હતો...

ઓમનો ફોન આવ્યો કે તરત જ એ કામે લાગી ગયો. એણે પોતાનું નેટવર્ક કામે લગાડીને જાણી લીધું કે કેસર અત્યારે ક્યાં છે.

લીલાવતી હૉસ્પિટલના આઈસીયુમાં સારવાર લઈ રહેલા કેસર સુધી પહોંચવું મુન્ના માટે અઘરું નહોતું, પણ ઓમની સૂચના પ્રમાણે એણે કેસરને ખબર ન પડે એની તકેદારી રાખવાની હતી. એ લીલાવતી પહોંચ્યો ખરો, પણ બાકીના વિઝિટર્સની જેમ પાસ લેવાને બદલે એ એના હૉસ્પિટલના પોતાના સંપર્ક પાસે પહોંચી ગયો...

*

કેસરને લઈને હૉસ્પિટલ ધસી આવેલી નેહા હાંફળી-ફાંફળી હતી. કૅઝ્યુલ્ટી વિભાગમાં દાખલ થઈને એણે બૂમો પાડવા માંડી:

‘રશ... જલદી કરો, ગોળી વાગી હતી. ઇટ ઇઝ અ શૂટઆઉટ!’

ઝડપથી દોડી આવેલો હૉસ્પિટલ સ્ટાફ કામે લાગી ગયો. કેસરને ગાડીમાંથી સ્ટ્રેચરમાં લેવામાં આવ્યો. સડસડાટ ઓપરેશન થિયેટર તરફ લઈ જઈ રહેલા ડૉક્ટરે સ્વસ્થતાથી નેહાને કહ્યું:

‘તમે ફોર્મ ભરો અને બાકીની ફોર્માલિટીઝ પૂરી કરો.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એ બચી તો જશેને?’

‘અમે પ્રયત્ન કરીશું, મૅડમ. જોયા વિના શું કહી શકું?’

ડૉક્ટર્સ સ્ટ્રેચર સાથે મોટાં મોટાં ડગલાં ભરતા ઇમરજન્સી વૉર્ડ તરફ ફંટાઈ ગયા. રિસેપ્શન એરિયામાં વિશાળ હૉલમાં અવરવજર કરી રહેલા લોકોની વચ્ચે ઊભેલી નેહાને લાગ્યું કે જાણે એની આસપાસની દુનિયા થંભી ગઈ છે. આખી હૉસ્પિટલ ખાલી છે અને એ એકલી ગભરાયેલી, મૂંઝાયેલી હૉલમાં ઊભી છે... બીજી જ પળે એણે જાત ઉપર કાબૂ મેળવી લીધો. ફૉર્મ્સ ભરવાની શરૂઆત કરી.

શૂટઆઉટ હતું એટલે પોલીસ ફરિયાદ વગેરે પણ કરવાની હતી. એ બધું પતાવીને જ્યારે ઉપર પહોંચી ત્યારે કેસરને ગળાની ડાબી હાંસડી પાસે વાગેલી ગોળી કાઢી લેવામાં આવી હતી. હાર્ટબીટ નૉર્મલ ચાલી રહ્યા હતા એ કેસરના બેડની એક તરફ ગોઠવેલા મૉનિટરની સ્ક્રીન પરથી દેખાતું હતું.

‘લોહી ખૂબ વહી ગયું છે. અત્યારે જરૂર નથી લાગતી, પણ ચોવીસ કલાક ઑબ્ઝર્વેશનમાં રાખ્યા પછી કદાચ એક બીજું ઑપરેશન કરવાની જરૂર પડે.’

‘એ હજી ખતરાની બહાર નથી?’

‘વેલ, આટલા બધા બ્લડ લૉસ પછી રિકવરીમાં સમય તો લાગે. ચોવીસ કલાક દરમિયાન આંચકી કે હેમરેજના ચાન્સીસ પણ રહેલા છે.’

‘જી.’

‘એમના ઘરનાં લોકોને સમાચાર આપ્યા?’

‘હવે...’

નેહાએ ઑક્સિજન માસ્ક પહેરીને બંધ આંખે શ્વાસ લઈ રહેલા કેસર સામે જોયું. ઑપરેશન માટે એ બાદ પાટો બાંધવા માટે એનું શર્ટ કાઢી નખાયું હતું. અગાઉ સેક્સ ચેન્જ વખતે કરાવેલા ઑપરેશનના ટાંકા સ્પષ્ટ એની છાતી પર દેખાતા હતા. નેહા થોડીક ક્ષણ એની સામે જોઈ રહી.

આ માણસની જિંદગીની લડાઈ કેમ પૂરી જ નહીં થતી હોય?

એણે કેસરની નજીક જઈને વહાલથી એના કપાળ પર હાથ ફેરવ્યો. સ્નિગ્ધ ત્વચા અને એના વાળના સ્પર્શથી નેહાના શરીરમાં એક વિચિત્ર પ્રકારની ઝણઝણાટી થઈ ગઈ. આજ સુધી એના કેટલાય પુરુષમિત્રોને એ ભેટી હતી... ધબ્બાધુબ્બી કર્યા હતા, હાથમાં હાથ પરોવીને કે આશ્લેષમાં લઈને ડિસ્કોમાં નાચી હતી, પણ આજ સુધી ક્યારેય એને આવી લાગણી નહોતી થઈ. નેહાને પોતાને નવાઈ લાગી.

સ્ત્રીમાંથી પુરુષ બનેલા એક માણસ માટે એને આ કયું આકર્ષણ થઈ રહ્યું હતું! કેસરથીય વધુ દેખાવડા, ઘણા વધુ પૌરુષી પ્રતિભા ધરાવતા યુવાનો સાથે એને દોસ્તી હતી. ઘણાએ નેહા સાથે લગ્ન કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, ઘણાએ પ્રેમનો દાવો કર્યો હતો, પણ નેહાને ક્યારેય આવી કોઈ લાગણી નહોતી થઈ...

એ ક્યાંય સુધી કેસરના માથે હાથ ફેરવતી રહી. પાટો બાંધેલો એનો હાથ, એના ખભા અને બાવડાં પસવારતી એ ક્યાંય સુધી ત્યાં બેસી રહી.

‘મૅડમ, આઈસીયુમાં બેસવાની પરમિશન નથી.’

નર્સ આવીને કહી ગઈ ત્યાં સુધી એ કેસરને એકલો છોડવાની નેહાની તૈયાર નહોતી...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હૉસ્પિટલમાં દાખલ થઈ ગયેલો મુન્નો કૅન્ટિનમાં કામ કરતા એના દોસ્ત અબ્દુલ પાસે પહોંચી ગયો.

'આઈસીયુમાં એક પેશન્ટ ભરતી થયો છે. શૂટઆઉટ...'

'અહીંયાં મગજમારી નહીં કરતો, મારી નોકરીનો સવાલ છે.'

'મારે કંઈ નથી કરવાનું, એનું ધ્યાન રાખવાનું છે.'

'સાચું બોલ.' એનો દોસ્ત અબ્દુલ એની આંખમાં જોઈ રહ્યોઃ

'ઇધર ઠોકને વાલા નહીં હૈ ના?'

'અબે ગધે, મૈં બચાને આયા હૂં, ઠોકને નહીં.'

મુન્નાએ એના દોસ્તને ટૂંકમાં બધું સમજાવી દીધું.

'તબ ઠીક હૈ.' કહીને કૅન્ટિનવાળા અબ્દુલે આઈસીયુમાં ડ્યુટી બજાવતા વૉર્ડબૉય લતીફ સાથે મુન્નાની ઓળખાણ કરાવીને કહ્યું કે શૂટઆઉટમાં ઘાયલ થયેલો યુવાન મુન્નાનો ફ્રેન્ડ કેસર છે. બસ, લતીફે માત્ર કેસરની સારસંભાળ પર ખાસ અંગત દેખરેખ રાખવાની...

એ પછી એવું નક્કી થયું કે મુન્નો આખો દિવસ આઈસીયુ નજીકની કૅન્ટિનમાં હાજર રહેશે. આ કૅન્ટિન આઇસીયુના દર્દીઓના પરિવારવાળા માટે જ હતી. લતીફ અહીં બેઠેલા મુન્નાને વચ્ચે વચ્ચે કેસરની તબિયતના સમાચાર આપતો રહેશે...

આટલું નક્કી કરીને મુન્નો આઈસીયુ નજીકની કૅન્ટિનમાં ગોઠવાઈ ગયો...

*

નેહાએ આઈસીયુમાંથી બહાર આવીને કેસરના ઘરે ફોન લગાડ્યો.

'હે ઈશ્વર! સત્યાનાશ થાય એ નિખિલ શ્રોફનું...' સમાચાર મળતાં જ શ્રદ્ધાબહેન રડવા માંડ્યાંઃ

'ઈશ્વર એના એકના એક દીકરાને...'

'શશશ...' દેવરાજસિંહે હોઠ પર આંગળી મૂકીઃ

'જો આવું જ માગીએ તો એનામાં ને આપણામાં ફેર શું?'

'મારા કેસરનો શું વાંક હતો?'

'એ શ્રદ્ધા, આપણને ક્યાં ખબર છે કે આ નિખિલ શ્રોફે જ કરાવ્યું છે. જોયાજાણ્યા વિના એમ કોઈના પર...'

'તમે હજીયે ગણીગણીને ચાલવા માગો છો? એણે તો તમારી સામે ક્યારનું યુદ્ધ માંડી દીધું છે. હવે જો તમારી નસોમાં રાજપૂતી લોહી હોય તો કરી નાખો કેસરિયાં.'

દેવરાજસિંહે ખિસ્સામાં નોટોની થોકડી સરકાવી ગાડીની ચાવી હાથમાં લીધીઃ

'હવે આ બધી ચર્ચાનો કોઈ અર્થ નથી. હમણાં હૉસ્પિટલ ચાલ.'

બંને ગાડીમાં બેઠાં પછી ખાસ્સી વાર સુધી શ્રદ્ધાબહેન બારીની બહાર જોઈ રહ્યાં હતાં. ડાબી બાજુથી પસાર થતી દુકાનોની હાર તરફ એમની નજર હતી, પણ એમના મગજમાં ઊથલપાથલ ચાલી રહી હતી. એમણે અચાનક આગળ મૂકેલો દેવરાજસિંહનો ફોન ઉપાડ્યો.

'કોને ફોન કરે છે?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘નિખિલ શ્રોફના ઘરે ફોન કરું છું.’

‘શ્રદ્ધા...’

‘આજે મને નહીં રોકતા.’ શ્રદ્ધાબહેનનો અવાજ અને એમની આંખો સાવ બદલાઈ ગયાં હતાં.

‘એટલે?’ ગાડી ડ્રાઇવ કરતા દેવરાજસિંહે આંખો ઝીણી કરીને ધ્યાનથી શ્રદ્ધાબહેનની આંખોમાં જોયું.

‘તમારાથી નહીં કહેવાય તો હું કહી નાખીશ.’

‘શ્રદ્ધા!’

‘બસ થઈ ગયું. હવે આ શતરંજની રમત બંધ કરો. સામસામે ખુલ્લી છાતીએ લડીને હાર-જીતનો ફેંસલો કરી નાખો.’

‘એ ફેંસલો મારા હાથમાં નથી.’

‘તમારા સિવાય કોઈના હાથમાં નથી. હજી પણ જો તમે કંઈ નહીં કરો તો નિખિલ શ્રોફની હિંમત વધતી જશે. તમારા ઘરમાં ઘૂસીને મારશે તમને.’

‘એવી હિંમત નથી એની.’

‘મારે એની નહીં, તમારી હિંમત જોવી છે. તમારા દીકરા પર ગોળી ચલાવવાની હિંમત કરી છે એણે... હાથકડી પહેરીને પોલીસની જીપમાં જતો જોવો છે મારે એને. થશે તમારાથી?’

દેવરાજસિંહ હજુ જવાબ આપે એ પહેલાં સામેના છેડે શ્વેતાબહેનનો સેલ ફોન રણકી ઊઠ્યો.

આ તરફ ધૂંવાપૂંવા થયેલો નિખિલ ચેમ્બરમાં આંટાફેરા મારી રહ્યો હતો. ઉશ્કેરાટમાં એણે ઓફિસમાં શૂટઆઉટ કરવાનું કહી દીધું ત્યારે એને કલ્પના પણ નહોતી કે વાત અહીં સુધી પહોંચી જશે. નેહાએ હૉસ્પિટલમાં જે ફરિયાદ લખાવી કે તરત નિખિલની ઓફિસમાં આવી પહોંચેલી પોલીસની ટીમે શોધખોળ શરૂ કરી હતી. ઓફિસના સ્ટાફની જુબાની લેવામાં આવી રહી હતી... ક્યાંથી ગોળી આવી, ક્યાં વાગી, કેસર કઈ રીતે પછડાયો એની વિગતો નોંધાઈ રહી હતી.

પ્રેસ અને મીડિયા ટોળે વળ્યું હતું. દરેકેદરેક ચેનલ ઉપર નિખિલ શ્રોફની ઓફિસમાં થયેલા શૂટઆઉટના સમાચાર ચમકવા લાગ્યા હતા.

એણે નહોતું ધાર્યું કે વાત આટલી હદે વધી જશે. એણે વિચાર્યું હતું કે કેસરની લાશને આસાનીથી ઠેકાણે પાડીને આખી વાતને દબાવી દેવી સહેલી પડી હોત...

જોકે વાત હવે ચૂંથાઈ ગઈ હતી. હવે બધા જ જાણતા હતા કે કેસરસિંહ પાછો ફર્યો હતો. નિખિલ શ્રોફની એક્સ-પુત્રવધૂ પુરુષ તરીકે એની ઓફિસમાં હતો અને શૂટઆઉટ થયું. કોઈ સ્પષ્ટ નહોતું કહેતું, પણ સાંયોગિક પુરાવા જાણે-અજાણે નિખિલ તરફ આંગળી ચીંધતા હતા. નિખિલ શ્રોફની પૂરેપૂરી અદબ જાળવીને પણ કેટલાક સવાલ પોલીસે એને પણ પૂછ્યા જ હતા. આમાં નિખિલે માટે આંચકો લાગે એવી વાત એ હતી કે પોલીસે નિખિલનો ફોન જપ્ત કરી લીધો હતો.

નિખિલે કમિશનરને ફોન કરવાનો પ્રયાસ કર્યો, પણ માથાનો ફરેલો ઇન્સ્પેક્ટર જયેશ પ્રધાન કોઈનેય ગાંઠે એવો નહોતો. કમિશનરે ફોન ઉપર એને સૂચના આપવાનો પ્રયાસ કર્યો, પણ એણે નિખિલનો ફોન પાછો સોંપવાની સૂચના લેખિતમાં માગી. સહેજે છે કે કમિશનર આમ ન જ કરે. આથી નિખિલ વધુ અકળાઈ ગયો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આટઆટલું થયા પછી પણ સોમલ એની ચેમ્બરમાં બેસીને એના આઈપોડમાં હેડફોન્સ ભરાવીને મ્યુઝિક સાંભળી રહ્યો હતો. એ એકમાત્ર નજરે જોનાર સાક્ષી હતો. એટલે એણે પોતાનું નિવેદન સૌથી પહેલાં લખાવી દીધું હતું, જેમાં કેસર વિશેની વિગતો પણ સામેલ હતી.

પહેલાં જે યુવતી એની પત્ની હતી એ જ હવે કેસરસિંહ થઈને એની ઓફિસમાં આવ્યો હતો એ વાત પોલીસ માટે રસપ્રદ હતી એ તો ખરું, પણ મીડિયા માટે આ જબરો મસાલો હતી. સોમલે આપી દીધેલા નિવેદનને કારણે નિખિલનું મગજ છટક્યું હતું.

એ વારંવાર સામે લગાડેલા એલસીડી પર ચેનલ બદલી બદલીને સમાચાર જોઈ રહ્યો હતો. સોમલનાં લગ્નની ફાઇલ ક્લિપિંગ્સની સાથે સાથે કેસરની વિગતો વારંવાર ફ્લેશ થઈ રહી હતી. ન્યૂઝચેનલ રાબેતા મુજબ સમાચારને ઘૂંટી ઘૂંટીને વધુ ને વધુ ચટાકેદાર બનાવીને પીરસી રહી હતી.

એન્કર વારંવાર પૂછી રહી હતીઃ

કૌન હૈ યે કેસર? કેસર સે કેસરસિંહ બનકર વહ નિખિલ શ્રોફ કો ક્યા બતાને ગયા થા? ક્યા ઉસને કોઈ ચુનૌતી દી થી? ક્યોં હુઆ યહ શૂટઆઉટ? કિસને કિયા? ક્યા વજહ હૈ?

નિખિલે ગુસ્સામાં ટેલિવિઝન બંધ કર્યું અને પોતાની ખુરશીમાં એ ફસડાયો. પોતે કરેલી ગોઠવણ બૂમરેંગ થઈને એને જ ઘાયલ કરી ગઈ હતી. કેસર પર થયેલા શૂટઆઉટને કારણે જે વાત એ છુપાવવા માગતો હતો એ વાત ધડાકાભેર બજારમાં બહાર પડી ગઈ હતી.

એણે ગુસ્સામાં સોમલનો ઇન્ટરકોમ લગાડ્યો. સોમલનો ફોન એન્ગેજ હતો. એણે પોતાના ઇન્ટરકોમનું રિસીવર ઉઠાવીને નીચે મૂકી દીધું હતું.

એણે સોમલનો સેલફોન લગાડવાનો પ્રયત્ન કર્યો. એકસરખી રિંગ વાગતી રહી, પણ સોમલે ફોન ઉપાડ્યો નહીં. નિખિલે રિસેપ્શન પર ફોન કર્યોઃ

'સોમલ ક્યાં છે?'

'એમની ચેમ્બરમાં છે, સર...'

પહેલાં નિખિલને વિચાર આવ્યો કે એ સોમલને મોકલવાનું કહે, પણ પછી વિચાર બદલ્યો. ઊભો થઈને એ સોમલની ચેમ્બરમાં જવા બહાર નીકળ્યો.

*

'હેલો...'

શ્વેતાના અવાજમાં અચકાટ હતો. શ્રદ્ધાબહેનનો નંબર જોઈને એમણે સહેજ સંકોચ સાથે વાતની શરૂઆત કરી.

'તારા ધણીને કહી દેજે કે હવે અહીંથી અટકી જાય.'

શ્રદ્ધાબહેનનો અવાજ ધ્રૂજતો હતો. ગુસ્સા અને આવેશમાં ઊંચા અવાજે એમણે વાતની શરૂઆત કરી.

'શું થયું?'

'એ તો તને તારો નિખિલ શ્રોફ સાંજે કહેશે, પણ એક વાત સમજી લેજે, મારા દીકરાનો વાળ પણ વાંકો થયો તો તારા ઘરમાં ઘૂસીને તારા એકના એક દીકરાનો જીવ લઈશ હું. રાજપૂતાણી છું, બોલ્યું નહીં ફરું. સર્વનાશ થઈ જશે, એટલું યાદ રાખજે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘પણ શું થયું એ તો કહો.’

શ્વેતા દુનિયાથી અજાણ શ્રોફ વિલામાંથી ભાગ્યે જ બહાર નીકળતી. કેસર પાછો ફર્યો છે એ સિવાય એની કોઈ વિગતો એમની પાસે નહોતીઃ

‘હું તો પોતે જ કેસરને મળવા માગું છું.’

‘મળવું હોય તો જા લીલાવતી હૉસ્પિટલ... મારા દીકરા પર હુમલો કરાવ્યો છે તારા નિખિલ શ્રોફે.’

‘એમના વતી હું માફી માગું છું.’

‘માફી માગવાથી કંઈ નહીં થાય. જો ખરેખર તારામાં માણસાઈ હોય તો સ્વીકાર કે આ બધું તારા ધણીને લીધે થયું છે.’

‘મારા સ્વીકારવાથી શું થશે?’

‘ન્યાય થશે, ન્યાય...’ શ્રદ્ધાબહેનનો અવાજ ફાટી જતો હતો. એમની આંખોમાંથી આંસુ વહેતાં હતાંઃ

‘નિખિલ શ્રોફ પોતાની જાતને બહુ ખેરખાં સમજે છે, પણ મારો દીકરો એને માથાનો મળ્યો છે. હવે નિખિલ શ્રોફના દા’ડા ભરાઈ ગયા છે એટલું યાદ રાખજે.’

‘એક વાત કહું?’ શ્વેતાનો અવાજ ધ્રૂજતો હતો.

શ્રદ્ધાબહેન સમજી શક્યાં કે સામે છેડે એ પણ રડી રહ્યાં છે.

‘હું સાચા હૃદયથી ઇચ્છું છું કે આ યુદ્ધમાં કેસરની જીત થાય. નિખિલને એના કરેલા બધા જ અપરાધોની સજા મળવી જોઈએ એવું હું પણ માનું છું.’

‘તો ઘેર બેસીને ટાપસી પુરાવવાથી કંઈ નહીં થાય. ઊઠો ને કેસરની મદદ કરો.’

હવે શ્રદ્ધાબહેનનો મિજાજ અને અવાજ થોડા ફૂણા પડ્યા. શ્વેતાને માનાર્થે સંબોધન કર્યુંઃ

‘પણ હું શું કરી શકું?’

‘જે તમે કરી શકશો એ કોઈ નહીં કરી શકે.’

સહેજ થોભીને શ્રદ્ધાબહેને વાતનો દોર સાધી લીધોઃ

‘હમણાં થોડી વારમાં પ્રેસ અને મીડિયા લીલાવતી હૉસ્પિટલમાં પહોંચશે, કદાચ પહોંચી પણ ગયા હોય. ત્યાં આવો અને પ્રેસની સામે નિવેદન આપો...’

‘નિખિલ મને ઘરમાંથી કાઢી મૂકશે.’

‘અમારા ઘરના દરવાજા ખુલ્લા છે.’

‘એટલી હિંમત હોત તો આજથી વર્ષો પહેલાં કોઈ બીજો દરવાજો ખખડાવ્યો હોત.’

શ્રદ્ધાબહેને ફોન કટ કરી નાખ્યો.

શ્વેતા વિચારવા લાગી. વીતેલા દિવસોમાં જે કંઈ બન્યું હતું એ વિચારતાં એને શ્રદ્ધાબહેનની વાત સાચી લાગી, પરંતુ એનામાં એટલી હિંમત નહોતી એવું પણ એને સમજાઈ ગયું. પોતાની અસહાયતા પર એમને રડવું આવી ગયું.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલની ચેમ્બરમાં દાખલ થતાં જ નિખિલ શ્રોફનું મગજ ફાટી ગયું. સોમલ હેડફોન્સ ભરાવીને મ્યુઝિક સાંભળતો હતો, સાથે સાથે ટેબલ પર તાલ આપતો હતો. સોમલની કેબિનમાં દાખલ થતાંની સાથે જ ખૂણામાં મૂકેલો એક ફલાવરવાઝ ઉઠાવીને નિખિલ શ્રોફે છૂટ્ટો ફેંક્યો. ફલાવરવાઝ સોમલની પાછળની દીવાલે અથડાઈને ટુકડેટુકડા થઈ ગયો.

'તમારું નિશાન પણ પેલા શૂટર જેવું જ છે.' કાન પરથી હેડફોન્સ કાઢીને સહેજ સ્મિત સાથે સોમલે કહ્યું

'શરમ નથી આવતી તને? ઓફિસમાં આટલો બધો તમાશો થાય છે અને તું...'

સોમલે સામે જરાય ઉશ્કેરાયા વગર હેડફોન્સ આઇપોડની આજુબાજુ લપેટીને સાચવીને ટેબલ પર મૂક્યા:

'તમાશો મારે કારણે નથી થતો.'

'તો શું મારે કારણે થાય છે?'

'એવું મેં નથી કહ્યું.' સોમલે એમની સામે જોઈને સ્મિત કર્યું:

'ડેડ, જેના નસીબમાં જે લખ્યું હતું તે થઈ ચૂક્યું. હવે હો-હા કરવાને બદલે સચ્ચાઈ સામે આવે ત્યાં સુધી શાંતિ રાખ્યા સિવાય બીજું શું થઈ શકે?'

'સચ્ચાઈ?' સોમલની નજીક આવીને નિખિલ સહેજ ઝૂક્યો.

'મૂરખ, સચ્ચાઈ સાબિત થશે તો હું જેલમાં જઈશ. આ શૂટઆઉટ મેં જ કરાવ્યો છે. મારા સેલફોનમાંથી એનો નંબર મળશે...'

'ડેડ!'

'હા, હું એને જીવતો નહીં રહેવા દઉં એ નક્કી છે.'

'પણ એણે તમારું શું બગાડ્યું છે? કદાચ કોઈને એની સામે વાંધો હોય તો એ મને હોવો જોઈએ.' સોમલને હજુય નિખિલનો ઉશ્કેરાટ સમજાતો નહોતો.

'એણે મારી સામે પડવાની હિંમત કરી છે. નિખિલ શ્રોફ સામે માથું ઉઠાવવાની, વિદ્રોહ કરવાની તાકાત બતાવી છે એ છોકરીએ. જ્યાં સુધી એનું માથું ઝૂકેલું કે કપાયેલું નહીં જોઉં ત્યાં સુધી મને ચેન નહીં પડે.'

સોમલ ખડખડાટ હસી પડ્યો:

'હિન્દી ફિલમના વિલન જેવા ડાયલોગ ના બોલો, ડેડ. હવે એ તમારી પહોંચની બહાર છે. મીડિયામાં સારી એવી ચર્ચા થઈ ચૂકી છે. કેસરને કંઈ પણ થશે તો...'

'આઈ ડોન્ટ કેર.'

'બટ આઈ ડુ.' સોમલનો અવાજ ઊંચો થઈ ગયો:

'મેં તો માન્યું હતું કે આ એક અકસ્માત માત્ર હતો, પણ તમે અંગત વેરના કારણે જો કોઈનો જીવ લેવા તૈયાર થયા હો તો...' સોમલની ચેર ડાબેથી જમણે ફરવા લાગી હતી:

'તો મારે એનો જીવ બચાવવા માટે એની મદદ કરવી જોઈએ.'

'તારા બાપના દુશ્મનની મદદ કરીશ? કરોડો રૂપિયાના વારસાથી હાથ ધોઈ નાખવા પડશે!'

'આઈ ડોન્ટ કેર.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલ ઊભો થયો. નિખિલની પાસેથી પસાર થઈને કેબિનનો દરવાજો ખોલી સિંહ જેવી ચાલે એ બહાર નીકળી ગયો. એને જતો જોઈને નિખિલનો ઉશ્કેરાટ બેવડાઈ ગયો. એણે ત્રાડ પાડીઃ

'ક્યાં જાય છે?' એણે ત્રાડ પાડી.

લીલાવતી હૉસ્પિટલ. સોમલે પાછળ જોયા વિના જવાબ આપ્યો. એનો આ જવાબ નિખિલ શ્રોફ માટે ગાલ પર એક ઝીંકવામાં આવેલો તમાચો હતો...

*

આ બધી અંધાધૂંધીમાં સાંજ પડી ગઈ.

દેવરાજસિંહ અને શ્રદ્ધાબહેન આઈસીયુની બહાર કેસરના ભાનમાં આવવાની રાહ જોતાં બેઠાં હતાં. નેહા પણ એમની સાથે જ બેઠી હતી. શ્રદ્ધાબહેન વારંવાર નેહા સામે જોઈ રહ્યાં હતાં. એમણે એને ક્યાંક પહેલાં જોઈ છે એવો આભાસ થયા કરતો હતો, પરંતુ નેહા કોણ છે એની એમને ખબર નહોતી. એમને માટે પાણીની બોટલ અને જ્યુસ લઈ આવી એ છોકરી જ કેસરને હૉસ્પિટલમાં લઈ આવી હતી એટલી એમને જાણ થઈ ચૂકી હતી. ગોળી ચાલી ત્યારે કેસરની સાથે નેહા પણ નિખિલ શ્રોફની ઓફિસમાં હતી...

એ બંનેને ત્યાં જવાની શી જરૂર પડી? નેહા સામેવાળાના પક્ષમાં છે કે કેસરના? એવા સવાલોના જવાબો શ્રદ્ધાબહેનને જડતા નહોતા. એમણે આંખોથી નેહાને માપવાના ઘણા પ્રયાસ કર્યા, પરંતુ એમને કોઈ સ્પષ્ટ ખ્યાલ આવી શક્યો નહીં.

'બેટા, તમે કોણ છો?' એમણે આખરે પૂછી જ નાખ્યું.

'હું નેહા છું.'

'આ બધું થયું ત્યારે તમે નિખિલની ઓફિસમાં હતા? ગોળી કોણે ચલાવી? તમે એને જોયો?'

નેહા જવાબ આપે તે પહેલાં અંદરથી એક નર્સે બહાર આવીને નેહા તરફ જોયુંઃ

'તમારા પેશન્ટને હોશ આવે છે. બે મિનિટ મળવું હોય તો એક જણ અંદર જઈ શકે છે.'

શ્રદ્ધાબહેન અને નેહા એકસાથે ઊભાં થઈ ગયાં. એમની સામે જોઈને નેહાએ સ્મિત કર્યુંઃ

'પહેલાં તમે જઈ આવો.'

વધુ સાંભળ્યા વગર શ્રદ્ધાબહેન અંદરની તરફ દોડ્યાં. કેસરની પાસે જઈને એના માથે હાથ ફેરવ્યો. એનો ચહેરો ફિક્કો થઈ ગયો હતો. એણે આંખ ઉઘાડીને મા સામે જોયું. પછી એક હાથ ઉઠાવીને માસ્ક ખસેડ્યો. એણે ધીમેથી તૂટક અવાજે પૂછ્યુંઃ

'ને...હા... ?'

'એ બહાર છે.'

'એને બોલાવ...'

દીકરા પાસે રહેવાની ઇચ્છા હોવા છતાં શ્રદ્ધાબહેને કમને બહાર નીકળ્યાં. બહાર નીકળીને એમણે નેહાને અંદર જવાનું કહ્યું.

નેહા અંદર ગઈ કે તરત કેસરે એનો હાથ પકડ્યોઃ

'સાડા નવ... ભદ્રેશ પારેખ... લેન્ડ્સ એન્ડ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું એને ફોન કરી દઉં છું. આજે...’

કેસરે ડોકું ધુણાવ્યું:

‘આજે જ મળી લે. હવે મોડું નથી કરવું.’

નેહા એની સામે જોઈ રહી, કેસરે સ્મિત કર્યું:

‘યુદ્ધ અને પ્રેમમાં રાજપૂતો ક્યારેય પીછેહઠ ના કરે, સમજી?’

નેહાના ચહેરા પર ચિંતાની જગ્યાએ સ્મિત રમી ગયું:

‘આ યુદ્ધ છે કે પ્રેમ?’

આવી સ્થિતિમાં પણ એ મજાક કર્યા વિના રહી શકી નહીં.

‘બંને.’ કેસરે જવાબ આપ્યો. પોતાના હાથમાં પકડેલો નેહાનો હાથ એણે સહેજ ખેંચ્યો. નેહા ઝૂકી, એણે કેસરના કપાળ પર હળવેથી ચુંબન કર્યું.

બંનેને જોઈ રહેલો વોઈબોય લતીફ થોડો સજાગ થઈ ગયો.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे



શ્રદ્ધાબહેને ફોન પર એમનો આક્રોશ આડેધડ જે રીતે વ્યક્ત કર્યો એનાથી શ્વેતા ખરેખર ખળભળી ગઈ હતી. એ ધ્રૂસકે ચઢી ગઈ પછી થોડી મિનિટો રડતી રહી. રડ્યા પછી શ્વેતાનું મન ધોવાઈને સ્વચ્છ થઈ ગયું. એણે સહેજ હળવાશ અનુભવી. એને શ્રદ્ધાબહેનની વાત સાચી લાગતી હતી, પણ એનામાં એ વાત પર અમલ કરવા જેટલી હિંમત નહોતી. સાથે જ એને લાગતું હતું કે એકલા હાથે નિખિલની સામે ઝઝૂમી રહેલા કેસરની મદદ કરવી એ એમની ફરજ છે.

મન સાથે ઘણો સમય સંઘર્ષ કર્યા પછી એણે ડૉ. પ્રતિમા પટેલનો નંબર લગાવ્યો. જે કંઈ બન્યું હતું એ બધું જ એણે પ્રતિમાબહેનને જણાવ્યું. એમને શાંતિથી સાંભળી લીધા પછી પ્રતિમાબહેને ખૂબ સ્વસ્થતાથી જવાબ આપ્યો:

'માની લીધું કે તમે જાહેરમાં તમારા પતિ વિરુદ્ધ હરફ પણ ન ઉચ્ચારી શકો, પરંતુ તમે આખીય હકીકત એક પત્રમાં લખીને પોલીસને સાચી તપાસ તરફ દોરી તો શકોને?'

'એટલે કે...'

'એટલે એ જ કે તમે સત્તાવાળાને પત્ર લખીને કેસરની મદદ કરો. એને નિખિલ સામે લડવા માટે આડકતરી રીતે વધુ મજબૂત સાધન આપો!'

'પણ શું લખું?' શ્વેતા હજી પણ ડરી રહી હતી.

'બધું જ... કેસરનાં લગ્નથી શરૂ કરીને જે કંઈ બન્યું એ બધું જ એક નનામા પત્રમાં લખીને પોલીસ સ્ટેશનમાં પહોંચાડી દો.'

'એ બધાની કોઈ સાબિતી નથી. પોલીસને તો પુરાવા જોઈએ.'

'તમે માત્ર માહિતી આપો. માહિતીના આધારે સાબિતી શોધવાનું કામ પોલીસનું છે.'

ડૉ. પ્રતિમાની વાતે શ્વેતાને વિચારતી કરી મૂકી હતી.

નિખિલની તોછડાઈ, વારંવાર થતું પોતાનું અપમાન, પોતે કરેલાં સમાધાનો અને લગ્નનાં ત્રીસ વર્ષ બાદ પણ બેડરૂમના સોફા પર પોતે ભોગવેલી અપમાનની પરાકાષ્ઠા જેવો બળાત્કાર... આ બધાં દૃશ્ય વારંવાર એમની નજર સામે આવવા લાગ્યાં. મિડલ ક્લાસના મહેણાં ફરી એક વાર એમને આરપાર વીંધવા માંડ્યા. એમણે ક્ષણભર માટે આંખો લૂછી. ઈશ્વરને યાદ કર્યો. સામે દેખાતી કૃષ્ણની છબિને જાણે પ્રશ્ન પૂછતાં હોય એમ એની સામે જોઈ રહ્યાં.

છબિમાં હસી રહેલા દ્વારકાધીશ કૃષ્ણએ શ્વેતાના વણપુછાયેલા પ્રશ્નનો જવાબ આપતા હોય એમ ભગવદ્ગીતાના અંતિમ શ્લોકની જેમ જાણે કહી દીધું...

*यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।*
*तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥*

...જે પક્ષમાં સાક્ષાત્ યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જે પક્ષમાં ધનુર્ધારી અર્જુન છે, તે પક્ષમાં શોભા, વિજય, ઐશ્વર્ય અને નીતિનો અચળ વાસ છે એ જ જીતશે એવો મારો મત છે.

શ્વેતાની આંખો ચમકી ઊઠી. એણે ઈશ્વર સામે હાથ જોડ્યા. એ ઊભી થઈ અને સ્ટડી ટેબલ પર પડેલાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કાર્ટિયરના રીડિંગ ગ્લાસિસ પહેરી લીધાં. ટેબલ પર પડેલું રાઇટિંગ પેડ ખોલ્યું અને પોતાની મોબ્લાંની ઇન્ક પેન ઊંચકીને લખ્યું:

માનનીય પોલીસ કમિશનરશ્રી...

*

નેહા આઈસીયુમાંથી બહાર આવી ત્યારે શ્રદ્ધાબહેન સામે જ ઊભાં હતાં:

'શું કહે છે?'

નેહાએ ડોકું ધુણાવ્યું. સ્નેહથી શ્રદ્ધાબહેનના ખભે હાથ મૂક્યો:

'કંઈ નહીં. એક કામ હતું અમારું. એને માટે વાત કરવી હતી.'

'મા-બાપની હાજરીમાં ન થાય એવી કઈ વાત હતી, બેટા?' શ્રદ્ધાબહેનની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં:

'તું જો મારા દીકરાને મરાવવા માટે નિખિલ શ્રોફની ઓફિસમાં લઈ ગઈ હોય તો મહેરબાની કરીને મારા દીકરાથી દૂર રહેજે. મારા દીકરાને કંઈ થશે તો હું ભાડાના માણસ શોધવા નહીં જાઉં. જાતે જઈને સોમલને ઉડાવી દેતાં મને એક સેકન્ડ નહીં લાગે એટલું યાદ રાખજે.' શ્રદ્ધાબહેન આવેશમાં ધ્રૂજવા લાગ્યાં હતાં.

નેહાએ એમના બંને ખભે હાથ મૂક્યો. એમને સ્થિર કરવાનો પ્રયાસ કર્યો:

'તમે ધારો છો એવું કંઈ નથી.'

'તો શું છે એ કહે મને. એક મા તરીકે મને જાણવાનો અધિકાર છે.'

નેહા થોડીક ક્ષણ શ્રદ્ધાબહેન સામે જોતી રહી. સામાન્ય રીતે તડફડ કરી નાખનારી આ છોકરીને આજે પહેલી વાર મીઠી મૂંઝવણ થઈ. પોતે કેસર સાથે લગ્ન કરવાની છે એ વાત કેસર એનાં માતાપિતાને કહે તો સારું એવું એ ઇચ્છતી હતી, પણ શ્રદ્ધાબહેનની આંખોમાં દેખાતો ઉદ્વેગ અને ઉચાટ ઘટાડવા માટે પણ એણે કોઈ જવાબ તો આપવો જ પડશે એવું એને લાગ્યું. દેવરાજસિંહ કશું બોલ્યા નહોતા, પણ નેહા પરત્વેનો અવિશ્વાસ અને દીકરા માટેનો ઉદ્વેગ એમની આંખોમાં પણ છાના નહોતા.

'મા...' નેહાએ ઊંડો શ્વાસ લીધો. સંબોધન સાંભળીને શ્રદ્ધાબહેનને સહેજ નવાઈ લાગી.

'કેસર અને હું... આઈ મીન...' નેહાને જિંદગીમાં પહેલી વાર શબ્દો શોધવા પડતા હતા:

'તમારો દીકરો મારી સાથે લગ્ન કરવા માગે છે.'

'અને તું?'

શ્રદ્ધાબહેનની આંખો ઝીણી થઈ. નેહાને લગભગ માપતાં હોય એમ એના ચહેરાની આરપાર નીકળી જતી વેધક દૃષ્ટિએ એમણે નેહાને જોઈ રહ્યાં.

'હું પણ!'

આટલું કહેતાં કહેતાં નેહા અનુભવી શકી કે એના ગાલ લાલ થઈ ગયા હતા. કાન અને ગાલ સુધી ધસી આવેલા લોહીનો ગરમાટો એ અનુભવી શકતી હતી. કોલેજમાં અને સ્કૂલમાં બોયફ્રેન્ડની વાત કરતી વખતે એની સહેલીઓને શરમાઈને લાલઘૂમ થતી જોઈ હતી. ત્યારે એને બહુ નવાઈ લાગતી: એમાં વળી શરમાવાનું શું? નેહા એમને કહેતી, પણ આજે કેસરની વાત કરતી વખતે પોતે જે અનુભવી રહી હતી એની એને પોતાને નવાઈ લાગી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બેટા, તું જાણે છે ને કેસર...’ દેવરાજસિંહ આગળ ન કહી શક્યા.

‘જી.’ નેહાની નજર આપોઆપ ઝૂકી ગઈ. એના અવાજમાં દૃઢતા હતી, પણ કેસરના પિતાની મર્યાદા જાળવીને એણે ખૂબ જ મક્કમતાથી જવાબ આપ્યો:

‘દરેક લગ્ન ફક્ત શરીરસંબંધ માટે નથી હોતાં, બાપુ. હું કેસરને ચાહું છું, કારણ કે એની હિંમતને, એની પ્રામાણિકતાને ચાહું છું.’

‘અમારા એક દીકરાનાં લગ્ન તૂટી ચૂક્યાં છે.’ શ્રદ્ધાબહેનના અવાજમાં તીખાશ ભળી.

‘બીજાનાં નહીં તૂટે.’ એણે નીચા નમીને શ્રદ્ધાબહેનની ચરણરજ લીધી:

‘વચન આપું છું. હું સુખમાં અને દુઃખમાં તમારા દીકરાનો સાથ નિભાવીશ. એની હાજરી કે...’ નેહા સહેજ અચકાઈ, પણ એણે કહી નાખ્યું:

‘ગેરહાજરીમાં તમારી સેવા કરીશ. તમારી જવાબદારી લઈશ.’

‘તું કદાચ મા નહીં બની શકે.’

‘ખોટી વાત!’

નેહાના આકર્ષક ચહેરા પર સ્મિત રમી ગયું. એની મોટી-કાળી ભાવવાહી આંખો અને તગતગતી તાંબાવર્ણી ત્વચા સામે અહોભાવથી જોઈ રહ્યાં શ્રદ્ધાબહેન:

‘હું કદાચ સંતાનને જન્મ નહીં આપી શકું, મા બનવા માટે કૂખમાં સંતાન ઉછેરવું જરૂરી નથી.’

શ્રદ્ધાબહેને હાથ લંબાવીને નેહાના ગાલ પર હાથ ફેરવ્યો. ક્યારનાં તોળાઈ રહેલાં આંસુ બંને આંખમાંથી ટપકી પડ્યાં:

‘તું જે કંઈ કહે છે તે બધું જ જો સાચું હોય તો ભગવાન તારી મદદ કરે એવી હું પ્રાર્થના કરીશ. બહુ દુઃખ જોયું છે મારા દીકરાએ... એને સાચવી લેજે.’

‘તમારા દીકરામાં મારા જેવી સાતને સાચવવાની આવડત છે. એને હું શું સાચવવાની?’

નેહા હસીને શ્રદ્ધાબહેનને ભેટી પડી. દેવરાજસિંહે આંખોના ખૂણા લૂછી નાખ્યાં, પણ એમના મનમાં આશંકા સાવ નિર્મૂળ નહોતી થઈ. એ જાણતા હતા કે નેહા સોમલની મિત્ર છે. આરોહીની જેમ આ પણ ગોઠવેલો ફાંસલો નહીં હોયને? એમનું મન હજીય માનવા તૈયાર નહોતું થતું.

એ પછી નેહા નીચેથી કોફી લઈ આવી. ખાસ્સી વાર સુધી એ શ્રદ્ધાબહેન સાથે વાતો કરતી રહી. સહેજ દૂર બેઠેલા દેવરાજસિંહ એકસરખા નેહા સામે જોઈ રહ્યા હતા. નેહાની વાતોમાં, વર્તનમાં બનાવટ શોધવાનો પ્રયાસ કરતા દેવરાજસિંહને ત્રાંસી નજરનેય નેહા નોંધતી રહી, પણ એના પર ધ્યાન નહીં આપવાનું એણે નક્કી કરી લીધું હતું.

લગભગ સાડા આઠ વાગ્યે એ ઊભી થઈ:

‘હું એક જગ્યાએ જઈને પાછી આવું છું. તમારા માટે કંઈ ખાવાનું લઈ આવું? તમારે ઘરે જવું છે થોડી વાર?’

‘ના બેટા, અહીંથી જવાનું મન નથી થતું.’

શ્રદ્ધાબહેનની લાગણી સમજાતી હોવા છતાં નેહાએ એમને ઘેર જવા માટે મનાવી લીધાં. પોતે આખી રાત રહેશે અને સવારથી શ્રદ્ધાબહેન અહીંયાં આવી જશે એવી સમજૂતી પર એ એમને ઘરે મોકલવામાં સફળ થઈ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કોણ જાણે કેમ એના મનમાં ઊંડે ઊંડે એમ થયા કરતું હતું કે જો સોમલ અહીં આવીને કેસરને મળે તો બંને વચ્ચેની ખાસ્સી ગેરસમજ દૂર થઈ જાય.

એણે લેન્ડ્સ એન્ડ જતાં જતાં સોમલ સાથે વાત કરવાનું નક્કી કર્યું. સોમલ અહીં આવે ત્યારે કેસરનાં મા-બાપ અહીં હાજર ન હોય એમાં સૌની ભલાઈ હતી.

દેવરાજસિંહ અને શ્રદ્ધાબહેનને એમની ગાડીમાં બેસાડીને ઘેર રવાના કરી પોતાની ગાડી તરફ જતાં જતાં એણે સોમલને ફોન લગાડ્યો. લગભગ ચારથી પાંચ વખત ટ્રાય કરવા છતાં સોમલે ફોન ન ઉપાડ્યો

હવે આ વિશે ઝાઝો પ્રયત્ન કરવાને બદલે જેમ થાય તેમ થવા દેવાનો એક જ રસ્તો બચ્યો છે એવું વિચારીને નેહાએ લાઇન કટ કરી.

*

'તમે સમજતાં નથી, મૅડમ.' ભદ્રેશ પારેખની ટૂંકી આંગળીઓ ટેબલ ઉપર નૃત્ય કરી રહી હતી:

'નિખિલ શ્રોફના કાને ખબર પણ આવેને કે હું એની વિરુદ્ધમાં કંઈ કરું છું તો મને સાફ કરી નાખતાં એને વાર ન લાગે.'

'શૅરમાર્કેટના કિંગ છો તમે, એને પણ તમારી જરૂર તો પડતી જ હશેને?'

'મૅડમ, અમારો ધંધો એમના પર આધારિત છે. એમને ત્યાંથી લીક થતી ઇન્ફર્મેશન અમને કરોડો કમાવી આપે. એ ઇચ્છે ત્યારે ઉઠાડે ને ઇચ્છે ત્યારે બેસાડે અમને.'

નેહા હસી પડી:

'આપણે ઊંધું કરી નાખીએ. તમે ઇચ્છો ત્યારે ઉઠાડો ને તમે ઇચ્છો ત્યારે બેસાડો...'

'એવું કંઈ થવાનું નથી, પણ હા, મારા દીકરાએ કહ્યું છે એટલે હું કેસરસિંહની મદદ કરવા તૈયાર છું. બોલો, શું કરવાનું છે?'

'ખરેખર!'

થોડીક મિનિટ બાદ ભદ્રેશ નવાઈથી નેહાની સામે જોઈ રહ્યો હતો. એની સ્વચ્છ–બેદાગ તાંબા જેવી ત્વચા, લાંબી ગરદન અને ગરદનની નીચે ખુલ્લા ગળાના ટીશર્ટમાંથી અર્ધ દેખાતા માંસલ અંગમાં કોઈ પણ પુરુષની આંખો બાંધી રાખવાની તાકાત હતી.

'ખરેખર!' એણે ફરી કહ્યું:

'હા, આપણે એ જ કરવાનું છે. નિખિલ શ્રોફને આપણી આંગળીએ નચાવવાનો છે.'

'મૅડમ, એના પર ગુસ્સો ચડ્યો હોય એવા આપણે પહેલાં હોઈશું?' ભદ્રેશના ચહેરા પર જરા તુચ્છકારભર્યું સ્મિત આવી ગયું:

'એને પછાડવાનો પ્રયત્ન ઘણાએ કર્યો છે. પછાડવા આવેલા બધા ખોવાઈ ગયા ને નિખિલ અડીખમ ઊભો છે.'

'તમે મદદ કરશો કે નહીં?'

'કરીશ. થશે એ બધું કરીશ, પણ ઘર બાળીને તીરથ ના થાય એટલું તો તમેય સમજો છોને? મને નુકસાન થાય એવું હશે તો દૂર રહીશ.'

'એની કંપનીના શૅર ખરીદવા માંડો. જેટલા અને જ્યાંથી ખરીદી શકાય એટલા એક્વાયર-એકઠા કરો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ભદ્રેશ હસી પડ્યોઃ 'પછી?'

'કેસર એની કંપનીમાં એની સામે બેસશે.'

'એથી એને શો ફેર પડશે? બોર્ડ ઓફ ડિરેક્ટર એનું છે. એક કેસરની સામે બાકીના લગભગ એના માણસો હશે. ચેરમૅનના રિઝર્વ્ડ શૅર તો એ વેચશે નહીં. તમને શું મળશે? સવાલ પૂછવાની સત્તા...' વીંટીઓ પહેરેલી ભદ્રેશભાઈની આંગળીઓ ટેબલ ઉપર ધીમે ધીમે અવાજ કરી રહી હતી. એણે આશંકા વ્યક્ત કરીઃ

'જવાબ આપવો કે નહીં એ તો એણે નક્કી કરવાનું છે.'

'તો?' નેહાનાં ભવાં સંકોચાયાંઃ

'તમારે હિસાબે શું કરવું જોઈએ?'

'મૅડમ, તમે તો એના ઘરમાં ઘૂસેલાં છો. મૅનેજિંગ ડિરેક્ટરના શૅર જો ટ્રાન્સફર થઈ જાય તો મજા આવી જાય.'

'યુ મીન, સોમલ?'

'મા-દીકરો જો તમારા પક્ષમાં આવી જાય તો નિખિલ શ્રોફના હાથ સાવ હેઠા પડી જાય. આ એવા શૅર્સ છે, જેની પાસે પાવર્સ છે.'

'પણ સોમલ તો...'

'વેલ, એનો આધાર તમારા ઉપર છે. તમે જો એમને સમજાવી શકો તો...' ભદ્રેશે ચશ્માં સરખાં કર્યા, આંખો ઝીણી કરીઃ

'પોતાના માણસો સાથ છોડી જાયને ત્યારે જેટલી તકલીફ થાય એટલી બજારના મારથી નથી થતી.'

'સમજું છું.'

'એટલે જ કહું છું, મારી સાથે માથાકૂટ કરવાને બદલે તમે શ્વેતા મૅડમ અને સોમલભાઈ સાહેબને સમજાવો. એ લોકો કેસરસિંહનો સાથ આપેને તો નિખિલ શ્રોફ સાવ તૂટી જશે.'

નેહા વિચારમાં પડી ગઈ. ભદ્રેશની વાત સાચી હતી, પણ મા-દીકરાને નિખિલની વિરુદ્ધમાં સમજાવવાં સહેલાં નહોતાં. એ કપરું કામ કઈ રીતે પાર પાડવું?

*

સોમલ લીલાવતી હૉસ્પિટલ પહોંચ્યો ત્યારે મોડી સાંજ થઈ ગઈ હતી. એ ઓફિસથી નીકળ્યો ત્યારે એણે લીલાવતી હૉસ્પિટલ જવાનું જ નક્કી કર્યું હતું, પરંતુ એ જો હૉસ્પિટલ જાય તો નિખિલ સામેનો ખુલ્લો બળવો પુરવાર થશે. ત્યાં હાજર મીડિયા અને બીજા લોકોની સામે પણ એણે કદાચ ખૂલીને વાત કરવી પડે. આ બધા માટે પોતે તૈયાર છે ખરો? આ વિશે મન સાથે ખાસ્સી એવી દલીલો કર્યા પછી એ લીલાવતી પહોંચ્યો.

મુલાકાતીઓના કલાકો પૂરા થઈ ચૂક્યા હતા એટલે ઉપર જવા માટે એણે કોઈની મદદ લેવી પડે એવું હતું. ત્યાં કામ કરતા એના એક ડૉક્ટર ફ્રેન્ડને ફોન લગાડ્યો. ડૉક્ટર અવિનાશ ચૌધરી સ્કૂલનો મિત્ર હતો. એ નેહાને પણ સારી રીતે ઓળખતો હતો. એટલે નેહા અહીંયાં આવીને સૌથી પહેલાં અવિનાશને મળી હશે. કેસરની ટ્રીટમેન્ટ વગેરે બરાબર થાય એ માટેની ભલામણ કરવાની સાથે સાથે એણે કેસની પ્રાથમિક વિગતો અવિનાશને આપી જ હશે એ ધારણા સાથે સોમલે એને ફોન કરી નીચે બોલાવ્યો.

અવિનાશ નીચે આવ્યો. સોમલ પહેલાં પણ આવી રીતે અચાનક જ આવી ચડતો. એ થોડી બેચેન મુખમુદ્રા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સાથે મુખ્ય રિસેપ્શન પાસે ઊભો હતો.

'અરે, વાહ! આજે તો ફેમિલી હૉસ્પિટલ ડે ઊજવી રહ્યાં છો તમે બધા.' ડૉ. અવિનાશ નજીક આવીને સોમલને ભેટ્યોઃ

'મને મળવા તો નથી જ આવ્યો, રાઇટ?'

'આઈસીયુમાં કેસરસિંહ ઝાલા છે. મારે મળવું છે.'

'યુ મીન... કેસર.' ડૉક્ટર અવિનાશે ભવાં ઉલાળ્યાંઃ

'તારી...એક્સ-વાઇફ?'

'જોક્સ ના કર... મારે એની સાથે વાત કરવી છે. હમણાં અને અર્જન્ટ.'

'દોસ્ત, એ માણસની હિંમત તો કહેવાય હોં.' સોમલના ખભા ઉપર હાથ મૂકીને એને લિફ્ટ તરફ લઈ જતાં અવિનાશે કહેવા માંડ્યુંઃ

'આટલી હિંમત બહુ ઓછા લોકોમાં હોય છે. સમાજ અને સ્વજનોનો સામનો કરવાની હિંમતના અભાવે કેટલીયે જિંદગીઓ બરબાદ થઈ જાય છે. તને ખબર છે? હજી થોડા વખત પહેલાં જ બોરીવલીમાં એક છોકરીએ સ્યુસાઇડ કર્યું હતું? અમારે ત્યાં લઈને આવ્યા હતા. પોસ્ટમોર્ટમ પત્યા પછી એની પાસેથી એક ચિઠ્ઠી મળી, જેમાં એણે લખ્યું હતું કે ખોટા શરીરમાં ફસાયેલા મારા આત્માને હું આઝાદ કરવા માગું છું...' અવિનાશ એકદમ ગંભીર થઈ ગયો હતોઃ

'ક્યારેક મા-બાપની અણસમજ, તો ક્યારેક સમાજનો ડર... આવા ટ્રાન્સ સેક્સ્યુઅલ લોકોને સમજવા માટે હજી આપણા સમાજે ઘણું શીખવાનું બાકી છે.'

'આઇ નો... હું પણ ક્યાં સમજી શક્યો એને? મને પણ એનું વર્તન વિચિત્ર લાગ્યું.

'ખરેખર તો આ છોકરીની પીઠ થાબડવી જોઈએ, આટલી જિજીવિષા અને કુદરતે આપેલા સંજોગો સામે ઝઝૂમવાની આવી તાકાત બધામાં નથી હોતી.'

'હિંમત તો હતી એ છોકરીમાં.' સોમલે પણ દોસ્તની સામે સ્વાભાવિકતાથી સ્વીકાર્યુંઃ

'મને–સોમલ શ્રોફ જેવાનેય ના પાડી હતી એણે. જેની સાથે લગ્ન કરવા લગભગ કોઈ પણ છોકરી તૈયાર હતી ત્યારે એણે હિંમતથી કહ્યું હતું કે ના, મારે લગ્ન નથી કરવાં.'

'આજે પણ આટલું થયા છતાં એણે તારા ડૅડનું નામ નથી લીધું. આઈસીયુમાં મીડિયા અલાઉડ નથી, પણ એ ભાનમાં હોય તો પોલીસને નિવેદન લેતાં અમે રોકી શકીએ નહીં. એણે પોલીસને કહ્યું કે એ નિખિલ શ્રોફની ઓફિસમાં કામે ગયો હતો. શૂટઆઉટ થયો એ સાચું, પણ ખરેખર તો ગોળી સોમલ પર ચાલી હોવી જોઈએ...નિશાન સોમલ હશે... એવું કહીને એણે તારા ડૅડને શંકાના ઘેરમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન તો કર્યો જ છે.'

'હું જાણું છું યાર, હી ઇઝ ન નાઇસ પર્સન.'

'સાવ સામાન્ય માણસને પણ સમજાય એવું સાદું ગણિત છે, યાર. ગોળી એના પર જ ચલાવવામાં આવી હશે, પરંતુ એણે આખા લોજિકનો જ છેદ ઉડાડી દીધો.'

'એક વાત કહું? હું ગૂંચવાઈ ગયો છું.' લિફ્ટમાંથી નીકળીને સોમલ ત્યાં જ ઊભો રહી ગયોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મને સમજાતું નથી કે મારે કોનો સાથ આપવો જોઈએ.’

‘એટલે?’

‘આ છોકરો પથારીમાંથી ઊભો થશે એટલે નિખિલ શ્રોફને નહીં છોડે અને નિખિલ શ્રોફ એના લોહીના તરસ્યા થયા છે. હું શું કરું એ મને સમજાતું નથી.’

ડૉ. અવિનાશે એના દોસ્તની આંખોમાં જોયું. સોમલ એટલો હૅન્ડસમ દેખાતો હતો કે કોરિડોરમાંથી પસાર થતી દરેક સ્ત્રી એને ટીકી ટીકીને જોઈ લેતી હતી. એની આંખોમાં અત્યારે કંઈક ન સમજાય એવી ગૂંચવણ હતી.

ડૉ. અવિનાશે એના ખભા પર હાથ મૂક્યો:

‘તને બેમાંથી વધારે સાચું કોણ લાગે છે?’

‘આ સવાલ પૂછવાની જરૂર લાગે છે તને?’

‘બસ તો પછી, જે સાચું હોય એની મદદ કર સોમલ.’ ડૉ. અવિનાશે એની પીઠ થપથપાવી:

‘તું મિત્ર છે મારો, એટલું જ કહું છું, અંતે સચ્ચાઈનો વિજય થશે એવું વાક્ય તને કહેવાની જરૂર નથી!’

‘એટલે જે જીતવાનું હોય એના પક્ષમાં રહું? મારા પિતા પ્રત્યે મારી કોઈ ફરજ...’

‘જો સોમલ, અંકલે જે પણ કંઈ કર્યું એ ઘણું ખોટું જ કર્યું છે.’

સોમલ એના ડૉક્ટર મિત્રની સામે જોઈ રહ્યો. કેસરે એની બહેનપણીને બધું જ કહ્યું હશે અને નેહાએ લગભગ બધી જ વિગતો અવિનાશ સુધી પહોંચાડી હશે એવું હવે એ સમજી શકતો હતો.

‘આ શૂટઆઉટ પછી એ છોકરાનો ક્રોધ ઓછો કરવો હોય તો એના પક્ષમાં પણ એવો માણસ જોઈશે, જે અંકલનો બચાવ કરે. મેં એ છોકરાની આંખોમાં ભયાનક હિંમત જોઈ છે. એ સર્વનાશ કરતો હોય ત્યારે એને રોકનારું કોઈ જોઈશે.’

‘એટલે તને લાગે છે કે સર્વનાશ તો થશે.’

‘સાચું કહું તો હા!’

આટલી વાત કરતાં કરતાં બંને આઈસીયુના દરવાજે પહોંચી ગયા હતા. એને અંદર જવાનો ઇશારો કરીને અવિનાશ પોતાના કામે બીજા વોર્ડ તરફ ફંટાઈ ગયો.

આઈસીયુની બહાર શુઝ ઉતારીને સોમલ અંદર દાખલ થયો ત્યારે એને છ બેડ દેખાયા. ચારમાં પેશન્ટ્સ હતા ને બે બેડ ખાલી હતા. સરસરી નજર ફેરવી ત્યારે પાટા સાથે મોઢા પર ઓક્સિજન માસ્ક લગાવીને ઊંઘતો કેસર દેખાયો.

એ એની નજીક પહોંચ્યો.

સોમલનાં પગલાંનો અવાજ સાંભળીને કેસરે આંખો ખોલી. સોમલને સામે ઊભેલો જોઈને ચોંકવાના બદલે કેસરે સ્મિત કર્યું:

‘હાઈ...’

‘આઇ એમ સોરી.’

સોમલને અહીં આ રીતે ઊભા રહેવું બહુ વિચિત્ર લાગતું હતું. જે વ્યક્તિને એક વાર લગભગ બળાત્કારની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કક્ષાએ અપમાનિત કર્યા પછી એની સામે આ રીતે ઊભા રહેવું અઘરું તો હતું જ.

'શેને માટે?'

'જે કંઈ થયું...'

'એમાં તારો શો વાંક?'

કેસરે સહેજ બેઠા થવાનો પ્રયાસ કર્યો, પણ એને ખભા પર થયેલો જખમ દુઃખી આવ્યો. નીચલા દાંતથી ઉપલો હોઠ દબાવીને એણે પીડાના હાવભાવને થોડાક કાબૂમાં લીધાઃ

'માફી તો મારે માગવાની છે. મારે લીધે તારી જિંદગીમાં બહુ ઊથલપાથલ થઈ ગઈ.'

'હા...' સોમલના ચહેરા પર એક હળવાશ ફેલાઈ ગઈઃ

'રોલર કોસ્ટર રાઇડ જેવી થઈ ગઈ જિંદગી થોડા દિવસ માટે. મજા પણ આવે ને ડર પણ લાગે.'

'હું પણ લગભગ એવું જ જીવીને આવ્યો. ખરેખર તો જીવવાની મજા જ ત્યારે આવે, જ્યારે રણમાં કોઈ પાણી વગર છોડી મૂકે... અંધારી રાતે જંગલમાં રસ્તા ના જડે કે પછી...'

'જિંદગીનું મૂલ્ય પણ ત્યારે જ સમજાતું હોય છે.' સોમલથી એના ખભે હાથ મુકાઈ ગયોઃ

'તું જે રીતે જીવ્યો એને માટે હિંમત જોઈએ.'

જેને સતત સ્ત્રી તરીકે સંબોધી હતી, જેને એક સમયે ચાહી હતી, જેનાથી એ અદમ્ય રીતે આકર્ષાયો હતો, જેના વિચારમાત્રથી એ ઉત્તેજિત થઈ જતો હતો - લોહી ગરમ થઈ જતું હતું એવી વ્યક્તિને પુરુષ તરીકે સંબોધતાં સોમલને સહેજ વિચિત્ર લાગણી થઈ.

'કદાચ.'

કેસરે પોતાના ખભે મુકાયેલા સોમલના હાથ પર પોતાનો બીજો હાથ મૂક્યો. સોમલને પોતાને નવાઈ લાગી. જે સ્પર્શથી એની અંદરનો પુરુષ જાગી જતો હતો એ સ્પર્શથી અત્યારે એને કોઈ બીજી લાગણી ન થઈ!

સેક્સ શરીરમાં નહીં, મનમાં હશે? સ્ત્રી-પુરુષનું આકર્ષણ કે રોમાંસ પણ પરિસ્થિતિ અને માહોલનાં મોહતાજ હશે? સોમલ સહેજ વિચારમાં પડી ગયો.

'જો કેસર, હું તને એક સલાહ આપવા માગું છું... ડૅડની સામે વેર લેવાનો વિચાર છોડી દે. તું જાણે છે કે નિખિલ શ્રોફ...'

'આ સલાહ છે કે ચેતવણી?'

કેસરનો ચહેરા પરના હાવભાવ પળવારમાં પલટાઈ ગયા. આંખો સંકોચાઈ ગઈ અને ચહેરો તંગ થઈ ગયોઃ

'સહૃદય બનીને આવ્યો છે કે સિચ્યુએશનનો તાગ લેવા?'

'હું મારા બાપને ઓળખું છું. પોતે બરબાદ થઈ જશે, પણ તને નહીં છોડે. પોતાની ઓફિસમાં શૂટઆઉટ કરાવવાની હિંમત છે નિખિલ શ્રોફમાં, એ તો તેં જોઈ લીધુંને?'

'તો મને પણ ઓળખી લે. હું બરબાદ થઈ ચૂક્યો છું એમ માનીને જ યુદ્ધની શરૂઆત કરું છું. જેની પાસે ગુમાવવા માટે કંઈ નથી એને કોઈ જાતનો ભય નથી હોતો એ તો તું જાણતો જ હોઈશ.'

'યુદ્ધ કરવાથી શું મળશે તને? તારાં વીતેલાં વર્ષો? તારા ભાઈએ ગુમાવેલા પૈસા? તારા પિતાએ ગુમાવેલી પ્રતિષ્ઠા? એમણે જેલમાં વીતાવેલું એક વર્ષ એમની જિંદગીમાંથી બાદ કરી શકીશ?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસર હસી પડ્યો. ક્ષણેક રહીને ખડખડાટ હસી પડ્યો

'દોસ્ત, તું તો અર્જુન વિષાદયોગમાં દાખલ થઈ ગયો. ગીતાના પહેલા અધ્યાયમાં અર્જુન આવી જ બધી વાત કરે છે. યુદ્ધથી ડરી જાય એને યુદ્ધની વિફળતા દેખાવા લાગે.'

'ઇડિયટ! યુદ્ધની નહીં, વેરની વિફળતાની વાત કરું છું.'

'તારા બાપ સામે વેર લેવાનું છે એટલે? આ જ બધું મારા બાપે કર્યું હોત તો પણ આટલી ડાહી ડાહી ફિલોસોફીની વાતો તેં કરી હોત? જરા હૃદય ફંફોળીને જવાબ દે મને!'

'કદાચ કરતો હોત. હું બેઝિકલી શાંતિપ્રિય માણસ છું. લડવા-ઝઘડવા કરતાં સામસામે બેસીને વાતનો ઉકેલ લાવવો મને વધારે પસંદ છે.'

'ઓકે... ડન! લઈને આવ નિખિલ શ્રોફને. બેસાડ દેવરાજસિંહ ઝાલાની સામે અને કહે એને કે મારા બાપની માફી માગે. એણે જે કંઈ કર્યું તે બધું કબૂલે અને પછી અમારી જિંદગીમાંથી ગાયબ થઈ જાય.'

'ઇમ્પોસિબલ.'

'બસ તો પછી. હું આ કરવા માગું છું.'

'તું નહીં કરી શકે.'

'જોઈશું...'

જાણે ચર્ચા પૂરી થઈ ગઈ હોય એમ કેસરે શરીર ઠીલું કરીને ઓશીકા પર માથું ઢાળી દીધું. આંખો બંધ કરી દીધી... થોડી વાર ત્યાં ઊભો રહીને સોમલ બહાર નીકળવા લાગ્યો. એ ખરેખર તો કેસરની તબિયત પૂછવા આવ્યો હતો, પણ કોણ જાણે કેમ, એણે નહોતો ઇચ્છતો એવી ચર્ચામાં એ ઊતરી પડ્યો. નિખિલ શ્રોફનો દીકરો હતો એટલે કે પછી કેસરની હિંમત અને લડી લેવાની પૂરી તૈયારીથી એને સાચે જ બીક લાગી ગઈ હતી?

સોમલ હવે વધુ અવઢવમાં મુકાઈ ગયો:

હવે શું કરવું?

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 58

માનનીય પોલીસ કમિશનરશ્રી...

સાત પાનાંનો એ પત્ર અધ્ધર શ્વાસે વાંચી લઈને ઇન્સ્પેક્ટર જયેશ પ્રધાને ટેબલ પર પછાડ્યો પછી સામે બેઠેલા સબ-ઇન્સ્પેક્ટર દેસાઈ તરફ જોયું:

'લખનારો ઘણું જાણે છે. નિખિલ શ્રોફનો નજીકનો માણસ હોવો જોઈએ.'

બની શકે કે આ સાત પાનાંના પત્રની એક કોપી પોલીસ કમિશનરનેય પહોંચી હોય... આવું વિચારીને જયેશ પ્રધાને ટેબલ પર પડેલા ચાના કપમાં ચમચી ઘુમાવી:

'કદાચ આ બધી જ માહિતી સાચી હોય તો પણ જ્યાં સુધી કેસરસિંહ આને સાચી ન ઠેરવે ત્યાં સુધી આપણે શું કરી શકીએ?'

'મને એવું લાગે છે કે આ પત્ર કેસરસિંહને વંચાવવો જોઈએ.'

'વાંચીને એમ કહી દેશે કે બધું ખોટું છે, તો?'

'આપણે એની મદદ કરવા માગીએ છીએ, સર... એ એવું શું કરવા કહે?'

'જુઓ, દેસાઈ. એ એવું જ કહેશે, કારણ કે એ એની લડાઈ જાતે જ લડવા માગે છે.'

'નિખિલ શ્રોફની સામે એકલો લડશે?'

'લડશે, દેસાઈ. આ છોકરી... આઇ મીન, છોકરો સો ટકા નિખિલ શ્રોફના દાંત ખાટા કરી નાખશે.'

'ને પેલો બેસી રહેશે એવું તમને લાગે છે?'

'ના, નિખિલ પણ જૂનો શિકારી છે. ઘાયલ વાઘ વધુ ખતરનાક હોય છે એ તો કેસર પણ જાણતો જ હશે.'

'તો આપણે શું કરવાનું?'

'જોવાનું... ચૂપચાપ જોતાં રહેવાનું.'

'સાહેબ!'

'ક્યારેક કંઈ ન કરવાથી પણ ઘણું બધું થતું હોય છે. આપણે કોઈ હિલચાલ નહીં કરીએ તો કદાચ નિખિલ અને કેસર બંનેને લાગશે કે આપણે આ કેસને ભૂલી ગયા છીએ.' એણે ચાની છેલ્લી ચૂસકી ભરીને કપ જોરથી નીચે પછાડ્યો:

'આમ પણ આપણો શિકાર આ બેમાંથી કોઈ નથી. આપણે તો ગોળી ચલાવનારને શોધવાનો છે. મને ખાતરી છે કે એ આપણને એક જબરદસ્ત ક્લૂ આપશે. આ કેસ મારે ગમે તેમ સોલ્વ કરવો જ છે... મારું પ્રમોશન ડ્યૂ છે દેસાઈ!'

હજી એ બંનેની વાત પૂરી થાય એ પહેલાં જયેશ પ્રધાનનો સેલફોન રણકી ઊઠ્યો. એના પર નિખિલ શ્રોફનું નામ ચમકવા લાગ્યું.

પ્રધાનસાહેબે સેલ ફોન ઊંચક્યો એટલે સબ-ઇન્સ્પેક્ટર દેસાઈ ઊભો થઈને બહાર નીકળી ગયો.

'બોલો, સાહેબ.'

'બે વાત કહેવી છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બાવીસ કહી નાખો.’

એણે નિખિલ સાથે ખૂબ જ સારી રીતે વર્તવાનું નક્કી કર્યું હતું. ધાર્યું કરવું, છતાં બોલીને ન બગાડવું એ જયેશ પ્રધાનનો બહુ જ જાણીતો ગુણ હતો. તદ્દન નોન કરપ્ટ અને વર્દીને વફાદાર એવો આ આઈપીએસ ઓફિસર બીજાથી જુદો હતો. બીજા પોલીસ ઓફિસર્સ કારણ વગર મગજ ગુમાવીને પોતાની જીભને કારણે સારા એવા બદનામ થયા હતા... જ્યારે જયેશ ઓછું બોલતો, મીઠું બોલતો અને એ ગમે તેટલી વિકટ પરિસ્થિતિમાં પણ એના મનનો તાગ ક્યારેય લેવા દેતો નહીં.

‘એક તો એ કે આ તપાસ બને એટલી ઝડપથી પૂરી થાય તો સારું... વાતમાં કંઈ દમ નથી. તમે પણ જાણો જ છો.’

‘હા, જાણું જ છું ને.’

‘અને બીજી વાત...’ નિખિલ શ્રોફ સહેજ ખચકાયો:

‘આ તપાસમાંથી મને સ્પોટલેસ બહાર કાઢવાનો.’

‘તમે ચોખ્ખા હશો તો તમારા પર ડાઘ નહીં પડે એટલું નક્કી.’

‘ચોખ્ખો જ છું. મેં આમાં કંઈ નથી કર્યું.’ નિખિલે ધીમે રહીને કહેવા માંડ્યું:

‘તમારી જેમ અમારા પણ સોર્સ હોય છે. મને એવું જાણવા મળ્યું છે કે આ સોપારી એના સગા ભાઈએ આપી હતી.’

‘એના?’

‘કેસરના...’

‘એમ?’ જયેશ પ્રધાનના ચહેરા પર સ્મિત આવી ગયું:

‘આવું તમને ક્યાંથી જાણવા મળ્યું?’

‘એ મારાથી તમને કહેવાય એવું નથી, પણ એમના ફેમિલીમાં બહુ ઝઘડા છે. આ કેસર છોકરો બનીને પાછો ફર્યો એટલે પ્રોપર્ટીના કકળાટ...’

‘ઓહ!’ જયેશ ધ્યાનથી સાંભળી રહ્યો હતો.

‘અમારી સાથે જૂનો ઝઘડો છે એ તો તમે જાણતા જ હશો. મારી ઓફિસમાં આ બધું લફરું થાય તો એક કાંકરે બે પક્ષી મરે. સમજો છોને?’

‘સમજું છું, પણ આ વાત તમે મને તમારી ઓફિસમાં કેમ ન કહી?’

‘બે કારણ.’ નિખિલ શ્રોફ ગણી ગણીને મહોરાં ચાલી રહ્યો હતો:

‘એ વખતે મારી પાસે પાકી માહિતી નહોતી એટલે કોઈના ઉપર પૂરતા પુરાવા વિના આંગળી ચીંધવી મને ગમે નહીં અને બીજું, મારી ઓફિસમાં હું તમને વાત કરું તો ચાર માણસ સાંભળે. જ્યારે આ રીતે સેલફોન ઉપર વન ટુ વન વાત કરીએ તો ઠીક રહે!’

‘ભલે સાહેબ, હું તમારી વાત પર ધ્યાન આપીશ.’

‘ઓફિસર, એક બીજી વાત કહી રાખું તમને. મારા દીકરાના જેની જોડે એન્ગેજમેન્ટ થયેલા...’

‘હા, એ છોકરી કેસરના ભાઈને પરણી છે. ખબર છે મને.’ જયેશ પ્રધાને હસીને કહ્યું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ગુડ નાઇટ, સર.’

ફોન મૂકીને નિખિલ એકદમ નિશ્ચિંત થઈ ગયો. એને લાગ્યું કે હવે તપાસની દિશા બદલાઈ જશે. જયેશ પ્રધાને જે દિશામાં વિચાર્યું જ નહોતું એ દિશામાં એનું મગજ ચાલવા લાગશે...

જોકે જયેશ પ્રધાન જેટલો દેખાતો હતો એટલો સીધો કે ભોળો નહોતો. શૂટઆઉટ પછી કબજે કરેલો નિખિલ શ્રોફનો સેલફોન પોલીસ કમિશનરના કહેવાથી એણે નિખિલને પરત કરી દીધો હતો, પરંતુ એ પહેલાં એણે નિખિલના ફોનમાંથી મળેલા એકેએક નંબર નોંધી લીધા હતા. અભિમન્યુના નંબર પણ એમાં હતા એટલે જયેશ એટલું સમજી શકતો હતો કે નિખિલ શ્રોફ સામેથી જે માણસને ફોન કરે એ જ માણસની જો એ ફરિયાદ કરે તો દાળમાં ચોક્કસ કંઈક કાળું છે.

આવેલા પત્રમાં એને સારી એવી વિગતો મળી હતી. જે દિશામાં એણે ક્યારેય નહોતું વિચાર્યું એવું વિદ્યાનું નામ પણ આ પત્રમાં હતું. એણે ખૂબ શાંતિથી વિચારીને બીજે દિવસે સવારે વિદ્યાના પિતાને મળવાનું નક્કી કર્યું.

ફરી એક વાર એ સાત પાનાંનો પત્ર હાથમાં લઈને એણે ઝીણવટપૂર્વક વાંચવા માંડ્યોઃ

માનનીય પોલીસ કમિશનરશ્રી...

*

‘હેં, હોય નહીં... શું વાત કરો છો?’

‘પત્ર મારા હાથમાં છે.’ કમિશનર નિખિલને કહી રહ્યા હતાઃ

‘સાત પાનાંના આ પત્રમાં લગભગ બધી જ વિગતો આવી જાય છે. મને ડર છે કે આ પત્રની કોપી જો જયેશ પ્રધાનના હાથમાં ગઈ તો એ તમારે માટે મહામુશ્કેલી ઊભી કરશે.’

‘મારે એ પત્ર જોવો છે.’

‘મોકલી નહીં શકું, તમે અહીં આવો તો...’

‘પહોંચું છું.’

નિખિલ શ્રોફે ફોન મૂક્યો. હજી ઓફિસમાંથી બહાર નીકળે એ પહેલાં એને ફોન રણક્યોઃ

‘યસ...’

સામે છેડેથી અભિમન્યુના દાદા ગુલાબસિંહ ઉતાવળે સ્વરે બોલી રહ્યા હતાઃ

‘ટીવી ચાલુ કરો, નિખિલભાઈસાહેબ, તમારો દીકરો દાટ વાળવા બેઠો છે.’

‘થયું શું?’

‘જુઓ તો સમજાશે. કહેવા જેવું કંઈ બાકી નથી રાખ્યું.’

ઓફિસ છોડતાં પહેલાં એણે ટીવી ચાલુ કર્યું. ન્યૂઝ ચેનલ પર લીલાવતી હૉસ્પિટલના કેમ્પસમાં મીડિયાને બાઇટ આપતાં સોમલ કહી રહ્યો હતોઃ

‘આજનો કેસરસિંહ ઝાલા એ જ મારી ભૂતકાળની પત્ની કેસર છે. હું હમણાં જ એને મળીને આવ્યો છું. અમારાં બે કુટુંબો વચ્ચે સમસ્યાઓ છે એ સત્ય છે. આ શૂટઆઉટ કોણે કર્યું એની મને સાચે જ ખબર નથી, પણ આ જેનું કામ હોય એ માણસ પોલીસના હાથમાં આવવો જોઈએ એવું હું ઇચ્છું છું. કેસરે જિંદગીની બહુ અઘરી પરીક્ષા આપી છે. અમારા કુટુંબે એની સાથે સહાનુભૂતિ કરવી જોઈતી હતી, એને બદલે અમે એને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તકલીફ આપી એ વાત હું સ્વીકારું છું. હું પણ એને સમજી શક્યો નહીં. સમાજમાં કેસર જેવા લોકો છે. ટ્રાન્સસેક્સ્યુઅલ કે ટ્રાન્સજેન્ડર ગણાતા આવા લોકોને સમાજની સ્વીકૃતિ મળવી જ જોઈએ. હું કેસર સાથે મિત્રતા રાખીશ અને એની જિંદગીના મિશનમાં એનો સાથ આપીશ.'

'એનું મિશન તમારા પિતાની સામે યુદ્ધ કરવાનું હોય તો?'

'જે હોય તે... જો કેસર સાચો હશે તો હું એની સાથે છું.'

'તમને નથી લાગતું કે આવું કરવાથી તમારા કુટુંબમાં વિખવાદ થશે? તમારા પિતા સાથેના સંબંધો સાવ વણસી જશે?'

સોમલ આ પ્રશ્નનો જવાબ આપે ત્યાં એની તરફ બીજો પ્રશ્ન ફંગોળાયો:

'નિખિલ શ્રોફ તમને કુટુંબની બહાર ફેંકી દેશે એવો ડર નથી લાગતો?'

ટીવી સ્ક્રીન પર દેખાતા સોમલના ચહેરા પરનો આત્મવિશ્વાસ અને દૃઢતા જોઈને નિખિલ સહેજ અચકાઈ ગયો.

'મારી માએ મને એવું શીખવ્યું છે કે સાચું બોલતી વખતે કોઈનાથી ડરવું નહીં અને ડર લાગતો હોય તો એવું કામ કરવું નહીં.'

'તો તમે બધી પરિસ્થિતિ માટે તૈયાર છો?'

'શું કહેવડાવવા માગો છો? હું મારા પિતા સામે બળવો કરું છું એવું બોલાવવા માગો છો? ના, એવું કંઈ નથી.'

સોમલના ચહેરા પરનું સ્મિત એને વધુ મોહક બનાવી રહ્યું હતું:

'એક સારા અને સાચા માણસની મદદ કરવી એ આ દેશના દરેક નાગરિકની ફરજ છે. આપણે સહુએ એ ફરજ નિભાવવી જોઈએ. હું તમને-મીડિયાને પણ વિનંતી કરું છું કે તમે પણ કેસરની સહાય કરો. એની સાથે કુદરતે કરેલા અન્યાય અને અમારા કુટુંબને કારણે એણે ઉઠાવવી પડેલી શરમિંદગી પછી એની મદદ કરીએ એમાં કશું ખોટું નથી!'

ટીવી પર સોમલના આ સાઉન્ડ બાઇટ્સ સાંભળ્યા પછી નિખિલ જાતે ગાડી ચલાવીને કમિશનરની ઓફિસે પહોંચ્યો. પત્ર હાથમાં લેતાં જ એની આંખો પહોળી થઈ ગઈ. એ શ્વેતાના હસ્તાક્ષર ન ઓળખે એવું શક્ય જ નહોતું. પત્નીના અક્ષરમાં લખાયેલો પત્ર નિખિલના હાથમાં ધ્રૂજી રહ્યો હતો. કેસરનાં લગ્ન નક્કી થયાં ત્યારથી શરૂ કરીને આજ સુધી જે કંઈ થતું રહ્યું એની રજેરજ વિગતો આ પત્રમાં હતી. કેસર ઘર છોડીને ભાગી ગઈ એ પછી નિખિલે એને શોધાવવા માટે જે કંઈ કર્યું એની વિગતવાર માહિતી નહોતી, તેમ છતાં કેસરને જે કંઈ તકલીફ પડી એ માટે નિખિલ જવાબદાર છે એવો સ્પષ્ટ નિર્દેશ આ પત્રમાં હતો. કેસરનાં માતાપિતાએ પણ એની મદદ ન કરી એવું પત્રમાં હતું.

શ્વેતાએ પોતાની જાતને પણ નહોતી છોડી. પોતાની નબળાઈ અને નિખિલની સામે પડીને કેસરને સંભાળી શકવાની એની સાસુની જવાબદારીમાંથી શ્વેતા શ્રોફ ચૂકી ગઈ એવું પણ આ પત્રમાં એણે લખી નાખ્યું હતું.

શૂટઆઉટ વિશે કોઈ ખાસ ઉલ્લેખ નહોતો, તેમ છતાં આ શૂટઆઉટ બીજા કોઈને નહીં, ફક્ત કેસરને મારવા માટે જ થયું હશે એવો ભય એણે આ પત્રમાં વ્યક્ત કર્યો હતો. આજે બચી ગયેલા કેસરને મારવા માટે ફરીથી પ્રયાસ જરૂર થશે એવું એણે દૃઢતાપૂર્વક લખ્યું હતું.

છેલ્લો ફકરો વાંચતાં વાંચતાં નિખિલ શ્રોફનું માથું ફરી ગયું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અમીર અને ગરીબ, સામાન્ય માણસ અને લાગવગ ધરાવતા વીઆઈપી, બધા જ લોકો માટે ન્યાય સરખો હોવો જોઈએ. નિખિલ શ્રોફ મોટો માણસ છે, એની પહોંચ છે, એની પાસે ભ્રષ્ટાચાર કરવાના પૈસા છે માટે એ બચી જશે તો ફરી એક વાર ન્યાયતંત્રમાંથી લોકોનો વિશ્વાસ હાલી જશે... કમિશનરસાહેબ, તમે જે ખુરશી પર બેસો છો અને જે વર્દી પહેરો છો તે તમને આ દેશની જનતા પ્રત્યેની વફાદારી શીખવે છે. નિખિલ શ્રોફ તમારા મિત્ર છે એની બધાને ખબર છે, પરંતુ જો તમે આ બાબતમાં ન્યાય નહીં કરો તો ન્યૂઝ પેપર અને મીડિયાવાળા તમને જવાબદાર ઠેરવશે એટલું ધ્યાન રાખજો. તમારી કારકિર્દી પર તમારે દાગ ન પડવા દેવો હોય તો એક વાત યાદ રાખજો... નિખિલ શ્રોફ જેવા માણસો છૂટી જશે તો પોલીસની બદનામી હંમેશાં થતી રહેશે. તમે ન્યાય નહીં કરો તો પણ ઈશ્વર આ બાબતનો ન્યાય કરશે જ એવી મને ખાતરી છે.

એક જાગૃત નાગરિક.

હા, આ અનામી જાગૃત નાગરિકે આ પત્રમાં એક વાત એ નહોતી લખી કે એણે આ પત્રની એક કોપી કેસર શૂટઆઉટ કેસના તપાસ અધિકારી ઇન્સ્પેક્ટર જયેશ પ્રધાનના પોલીસ સ્ટેશનને પણ પહોંચાડી દીધી હતી!

ગુસ્સામાં લાલચોળ થઈ ગયેલા નિખિલે પત્ર છૂટ્ટો ફેંક્યો. ક્રોધના આવેશમાં એ ધ્રૂજી રહ્યો હતો. સોમલે મીડિયા સામે કરેલું સ્ટેટમેન્ટ અને આ પત્ર - બંને એના ઘરમાં જ એની સામે થયેલો ખુલ્લો બળવો હતો. ગઈ કાલ સુધી જે એના નામ માત્રથી ધ્રૂજતી હતી એ છોકરી કેસર ક્યાં ને આજે એના જ નિકટના માણસોને એની વિરુદ્ધ બળવો કરાવવામાં સફળ રહ્યો એ કેસર ક્યાં? એ વાતે જ એનું લોહી ઊકળી ઊઠ્યું હતું.

‘શું કરવું જોઈએ?’

‘એક્શન તો લેવા પડશે.’ કમિશનરનો ચહેરો ભાવવિહીન હતોઃ

‘તમારા માટે બેડ ન્યૂઝ એ પણ છે કે આ પત્રની એક કોપી જયેશ પ્રધાન પાસે પહોંચી ગઈ છે એની જાણ મને હમણાં જ થઈ છે. હવે જો એ આ પત્રને ઉપર સુધી લઈ જઈને તપાસની મંજૂરી માગશે તો મારે પણ મંજૂરી આપવી જ પડશે...’

‘આ માણસ જ ખતમ થઈ જાય તો?’ નિખિલની આંખોમાં ક્રૂરતા ઊતરી આવી હતી.

‘કોણ... જયેશ?’

‘ના, કેસર... હૉસ્પિટલના બિછાને જ એને ખતમ કરી નાખીએ તો?’

‘વેલ, તમારા હાથ ખરડ્યા વગર કરી શકતા હો તો મને શો વાંધો હોય?’

પોલીસ કમિશનરે ખભા ઉલાળ્યા.

‘કોઈને કાનોકાન ખબર સુધ્ધાં નહીં થાય કે...’

‘આઈ થિન્ક, એ જ બેટર રસ્તો છે. આ છોકરો પતી જશેને તો બે-ચાર દિવસ રડારોળ કરીને બધાં શાંત થઈ જશે. આ જીવતો છે ત્યાં સુધી મુસીબત સર્જતો રહેશે.’

‘ઠીક છે.’

એણે કમિશનરની લેન્ડલાઇન ફોનનું રિસીવર ઊંચક્યું.

‘એક મિનિટ, તમારે કોઈને ફોન કરવો છે?’

‘હા, કેમ?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જુઓ, આ સરકારી ફોન છે. હું નથી ઇચ્છતો કે આ બધી ગરબડમાં મારી સંડોવણી થાય. લખનારે સાચું જ લખ્યું છે. મારે આ કિસ્સામાં સપડાવું નથી.’

‘ઠીક છે.’

નિખિલે પોતાનો સેલ ખિસ્સામાંથી કાઢીને એક નંબર લગાડ્યો. સામે છેડે ફોન રણક્યો. બરાબર એ જ વખતે જયેશ પ્રધાનના પોલીસ સ્ટેશનમાં નિખિલ શ્રોફના સેલને ફોલો કરી રહેલા ટેક્નિકલ સ્ટાફના એક આસિસ્ટન્ટે જયેશને કહ્યું:

‘સર, નિખિલ શ્રોફના સેલ ફોનનો એરિયા કમિશનરસાહેબની ઓફિસ છે. સામેનો નંબર જાણીતો નથી લાગતો.’

‘ઓકે... સાંભળ.’

પેલાને હેડફોનમાં નિખિલનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો,

‘હૉસ્પિટલમાંથી જીવતો બહાર ન નીકળવો જોઈએ, પેલો હરામખોર.’

‘ત્યાં જ?’

‘બિલકુલ. એ જેટલા કલાક જીવશે એટલા કલાક મારે માથે ભાર છે. ફિનિશ હિમ ઓફ.’

‘શ્યોર.’ ફોન મુકાઈ ગયો.

ટેક્નિકલ સ્ટાફના માણસે આંખો પહોળી કરી:

‘સર, આ તો કેસરને હૉસ્પિટલમાં પતાવી દેવાની વાત થાય છે!’

‘ઓકે! જે નંબર જોડ્યો હતો એને રડારમાં લઈને ફોલો કરો.’

જયેશ ઊભો થયો. કમરે બાંધેલા હોલ્સ્ટરમાંથી રિવોલ્વર કાઢી ગોળીઓ ચેક કરી લીધી. પછી થોડે દૂર બેઠેલા સબ-ઇન્સ્પેક્ટર દેસાઈની તરફ ઇશારો કર્યો:

‘ચલો.’

એ બંને પોલીસ જિપ્સીમાં ગોઠવાયા અને ડ્રાઇવરને જયેશે કહ્યું

‘લીલાવતી... હરી અપ!’

*

‘જલદી જોવું હોય તો, આરોહી...’

આરોહીના પપ્પા મનહરભાઈએ બૂમ પાડી. અંદરના રૂમમાં સૂઈને છત તરફ તાકતી આરોહી જાતજાતના વિચાર કરતી હતી. એમાં પપ્પાની બૂમ સાંભળીને એ દોડી આવી. જ્યારથી કેસરના શૂટઆઉટના સમાચાર શરૂ થયા હતા ત્યારથી મનહરભાઈએ એક મિનિટ ટીવી બંધ નહોતું કર્યું.

આરોહી દોડીને બહાર આવી.

‘સાંભળ, સાંભળ... આ સોમલ, જો એના સગા બાપની વિરુદ્ધમાં પડ્યો છે. મજા આવી ગઈ.’

‘સોમલ લીલાવતી હૉસ્પિટલમાં છે?’ આરોહીએ પૂછ્યું. એ અચાનક જ પોતાના રૂમ તરફ દોડી. ત્રીજી જ મિનિટે ટી-શર્ટ બદલીને જીન્સની ઝીપ ચડાવતાં એ રૂમની બહાર આવી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ક્યાં જાય છે?’ એના પપ્પાએ પૂછ્યું.

‘લીલાવતી.’

‘પણ...’

‘આ જ તક છે પપ્પા, નિખિલ શ્રોફને એવો તમાચો મારીએ કે એ અભિમન્યુને વાગે!’

‘અરે, પણ... સાંભળ તો ખરી!’

પપ્પાનું સાંભળ્યા વગર આરોહી દોડીને બહાર આવી અને લિફ્ટની રાહ જોયા વિના એ ધડાધડ સીડી ઊતરી ગઈ.

*

આ તરફ ઘેર બેસીને ટીવી પર તમાશો જોઈ રહેલો અભિમન્યુ અકળાઈ ગયો હતો. એણે ગોઠવેલું છટકું નિષ્ફળ ગયું હતું. કેસર બચી ગયો એટલું જ નહીં, વગર મહેનતે રાતોરાત હીરો થઈ ગયો હતો. વારંવાર એની જૂની ક્લિપ્સ બતાવીને એની ટ્રાન્સસેક્સ્યુઆલિટી —એનું ઓપરેશન અને એની હિંમત વિશે મોટા ભાગની ટીવી ચેનલ્સ પર વખાણ થઈ રહ્યાં હતાં.

કેસર બચી ગયાના સમાચાર આવ્યા ત્યારથી જ અભિમન્યુની અકળામણ શરૂ થઈ હતી. અત્યાર સુધીમાં એ પાંચ પેગ પૂરા કરી ચૂક્યો હતોઃ

‘દાદાજી, આ ફરી બચી ગયો.’

‘કોણ જાણે કેટલી ઘાત ચૂકવશે...’

ગુલાબસિંહ પણ ચિડાયેલા હતા. થોડા કલાક પહેલાં દાદા અને પૌત્ર વચ્ચે થયેલી ગરમાગરમી પછી આ શૂટઆઉટને કારણે બંને ફરી પાછા એકબીજાની નજીક આવી ગયા હતા. જોકે, ગુલાબસિંહને કલ્પના નહોતી કે આ બધું ગોઠવનાર અભિમન્યુ હતો, પણ કેસર પર થયેલા શૂટઆઉટથી એ બચી ગયો એનાથી એમને પણ અફસોસ થયો હતોઃ

‘નિખિલ બિચારો વારે વારે મહેનત કરે છે, પણ આ મારો રોયો દોરીમાં ગાંઠ મારી મારીને જીવાદોરી લંબાવી નાખે છે.’

‘નિખિલ? એ વળી શું કરવાનો?’ થોડા નશામાં અને થોડા દાદાજીને ચોંકાવી દેવાના મૂડમાં આવી ગયેલા અભિમન્યુએ બણગું ફૂંક્યુંઃ

‘આ બધું મારું પ્લાનિંગ છે.’

ડઘાયેલા ગુલાબસિંહે એની સામે જોયું. એ કંઈ બોલે તે પહેલાં જ દેવરાજસિંહની ગાડીનો અવાજ સાંભળાયો.

‘મારા પૂજ્ય પિતાશ્રી અને માતુશ્રી આવી ગયાં છે.’ અભિમન્યુએ જોરથી કહ્યુંઃ

‘ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, રાજમાન રાજેશ્રી, ગરીબોના તારણહાર ને દુઃખિયાના બેલી...’

અભિમન્યું બોલવાનું પૂરું કરે તે પહેલાં જ દેવરાજસિંહ અને શ્રદ્ધાબહેન ઘરમાં દાખલ થયાં. એમણે સામે બેસીને દારૂ ઢીંચી રહેલા અભિમન્યુને જોયો.

‘આ શું માંડ્યું છે? ગઈ કાલ સુધી તારા રૂમમાં પીતો હતો, હવે...’ દેવરાજસિંહથી રહેવાયું નહીંઃ

‘તેં મને કેટલી વાર વચન આપ્યું કે શરાબને હાથ નહીં લગાડું.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હાથ ક્યાં લગાડ્યો છે? શરાબ તો ગ્લાસમાં છે...’

અભિમન્યુના ચહેરા પર નફ્ફટ સ્મિત આવી ગયું.

‘શું લાગે છે? કેટલા કલાક કાઢશે તમારો લાડકો દીકરો?’

‘સો વર્ષનો થશે.’ શ્રદ્ધાબહેનથી રહેવાયું નહીં.

‘બચી ગયો સાલો... મેં તો પૂરી વ્યવસ્થા કરી હતી, પણ નસીબનો બળિયો છે.’

‘શું બોલ્યો?’ દેવરાજસિંહ ધસી આવ્યા:

‘આ શૂટઆઉટ...’

‘બીજા કોની તાકાત છે?’

‘મેં નિખિલ શ્રોફ પર આનો આરોપ...’ શ્રદ્ધાબહેનના પગ નીચેથી જમીન જતી રહી. એમણે ફોન કરીને શ્વેતાને જે રીતે ખખડાવી નાખી હતી એ બધું જ એમને યાદ આવી ગયું.

‘નિખિલ શ્રોફની હિંમત નથી આ બધું કરવાની. આવું કરવા માટે તો છાતી જોઈએ, છાતી... એ વાણિયો વળી હિંમત ક્યાંથી લાવે? રાજપૂતનું લોહી જોઈએ યુદ્ધ કરવા માટે.’

‘રાજપૂત તો રૈયતનું રક્ષણ કરે. સગા ભાઈના લોહીનો તરસ્યો થયો હોય એને રાક્ષસ કહેવાય, રાજપૂત નહીં.’ દેવરાજસિંહની આંખો લાલ થઈ ગઈ:

‘મારું ચાલે તો આ ઘરમાંથી હમણાં જ તને...’

‘તમારા સિવાય કોનું ચાલે છે આ ઘરમાં? પકડો એનો હાથ એને બહાર મૂકી દો...’ શ્રદ્ધાબહેનનો અવાજ ક્રોધમાં ઊંચો થઈ ગયો હતો:

‘બિચારા કેસરે તો આવતાંની સાથે એને ઘરની બહારનો રસ્તો દેખાડ્યો હતો, પણ ભા એને પાછો લઈ આવ્યા...’

‘તે લાવું જ ને વહુ, જાત બદલીને દીકરો થઈને પાછો પૂંછડી પટપટાવતો આવે એની વાદે કંઈ પેટના જણ્યાને ઘરબા’રાં નો કરાય. એણે તો રૂપિયા માટે જાત ગિરવે મૂકી દીધી. આ તો દેવનો દીધેલ છે.’

‘દેવનો દીધેલો નહીં... માંડી વાળેલ છે!’ દેવરાજસિંહે બૂમ પાડી:

‘ને તમે તો બોલતા જ નહીં. શું થયું તમારું સુરેન્દ્રનગર જવાનું? ટિકિટની વ્યવસ્થા કરી?’

‘આટઆટલાં અપમાન પછી પણ અહીં રહું છું, કારણ કે તારું દાઝે છે. આખરે બાપ છું તારો.’

‘ઓહ, આ વાત હું ભૂલી ગયો છું ને તમે પણ ભૂલી જાવ તો બહુ સારું.’

‘હું પણ તમને આવું કહી જ શકું.’ અભિમન્યુએ ઝઘડામાં ઝુકાવ્યું.

‘તે કહી નાખને, હું એ જ ક્ષણની રાહ જોઉં છું. આવા દીકરા હોય એના કરતાં તો...’ દેવરાજસિંહે બોલી જ નાખ્યું:

‘વાંઝિયાં રહ્યાં હોત તો સારું થાત!’

‘મને પણ એવું લાગે છે કે તે દિવસે હાર્ટએટેક આવ્યો એમાં તમે પણ ઊકલી જાત તો સાથોસાથ મારી જિંદગીના પ્રશ્નો પણ...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એનું વાક્ય પૂરું થાય એ પહેલાં શ્રદ્ધાબહેને આગળ વધીને અભિમન્યુને તમાચો માર્યોઃ

'હવે એક અક્ષર પણ આગળ બોલ્યો છે ને...'

'તો શું કરી લઈશ?'

અભિમન્યુએ માનો હાથ પકડીને પાછળની તરફ મરડવાનો પ્રયત્ન કર્યો. દેવરાજસિંહે આગળ વધીને હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો, પણ પીધેલા જોરાવર અભિમન્યુની પકડ સામે જેલમાં દિવસો ગાળી આવેલા દેવરાજસિંહનું જોર ચાલ્યું નહીં. શ્રદ્ધાબહેનથી ચીસ પડાઈ ગઈ. બેબાકળા થઈ ગયેલા દેવરાજસિંહે નજીકમાં પડેલો પથ્થરનો શો પીસ ઉપાડી અભિમન્યુના ખભામાં મારવાનો પ્રયત્ન કર્યો, પણ દેવરાજસિંહની હરકતને વરતી ગયેલા અભિમન્યુએ પોતાની જાતને બચાવવાના પ્રયત્નમાં ખભાને બદલે માથું ધરી દીધું.

...ને પૂરા જોરથી ઝીંકાયેલો એ પથ્થરનો શો પીસ અભિમન્યુના ખભાને બદલે માથામાં વાગ્યો!

શ્રદ્ધાબહેનનો હાથ છોડીને એણે બંને હાથે માથું પકડીને એ ફલોર પર બેસી ગયો. માથામાંથી ધડાધડ લોહી ધસી આવ્યું.

'આ શું કર્યું દેવલા?' ફાટી ગયેલા અવાજે ગુલાબસિંહે રાડ પાડી. ડઘાયેલા દેવરાજસિંહ લગભગ હત્પ્રભ થઈને ઊભા હતા.

શ્રદ્ધાબહેને બૂમ પાડીઃ

'મહેશ... જલદી ડૉક્ટરને ફોન કર!'

*

આરોહી સડસડાટ ગાડી ચલાવતી લીલાવતી હૉસ્પિટલ પહોંચી ત્યારે સોમલના મીડિયા બાઇટ્સ પૂરા થયા હતા. આમ છતાં ત્યાં એકત્ર થયેલા અખબાર અને ટેલિવિઝનવાળા એને ઘેરી વળીને પ્રશ્નો પૂછી રહ્યા હતા. એ જ સમયે આરોહીએ દોડતાં આવીને સોમલના ગળામાં હાથ નાખી દીધા.

'મને ખબર હતી સોમુ, મને ખાતરી હતી કે તું મારો જ છે.'

'આ શું કરે છે, આરોહી?'

ચોંકી ગયેલા સોમલે પોતાના ગળા ફરતે વીંટળાઈ ગયેલો આરોહીનો હાથ દૂર કરવાનો પ્રયાસ કર્યો. આ દૃશ્ય જોઈને સતર્ક થઈ ગયેલા ટીવીકૅમેરામૅને ફરી એક વાર કૅમેરા ઓન કરીને આ નવી સનસનાટીને રેકોર્ડ કરવી શરૂ કરી દીધી...

'મને ખાતરી હતી કે આ એન્ગેજમેન્ટ તેં તારી મરજીથી નથી તોડ્યા. હું જાણું છું તું મને ખૂબ ચાહે છે. તારા ફાધરે પ્રેશર કરીને આ બધું કર્યું... આઈ નો, સોમલ.'

'એવું કંઈ નથી.'

'હું જાણું છું કે તું તારા ડૅડ વિરુદ્ધ કશું જ નહીં બોલે, પણ હવે તો આપણો રસ્તો ક્લિયર છે. કેસર જીવે છે... પણ તારી સાથે રહી શકે એમ છે જ નહીં... અંતે સાચો પ્રેમ જીતે છે.'

આરોહીના આ નવા ત્રાગાથી સોમલ ગૂંચવાઈ ગયો. ટીવી ચૅનલ્સના કેમેરાની સામે ઊભેલી આરોહી તો સોમલને પોતાના આશ્લેષમાં લઈને સોમલ સાથેના પોતાના સાચા પ્રેમ વિશે ઉત્કટતાથી બોલી રહી હતી... આ આખીયે વાતને કઈ રીતે રદિયો આપવો એની સોમલને સમજ પડતી નહોતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આંખોમાં આંસુ સાથે પોતાના અને સોમલના બાળપણના પ્રણયની વાત કહેતી આરોહીએ બધા જ કૅમેરા પોતાના પર મંડાયેલા છે એની પૂરેપૂરી ચોકસાઈ કરી લીધી હતી.

*

એ જ વખતે જયેશ પ્રધાનની જિપ્સી લીલાવતીના કૅમ્પસમાં દાખલ થઈ. ટોળે વળેલા કૅમેરામૅન અને વારંવાર ઝબકતી ફ્લૅશ લાઇટ્સ જોઈને જયેશ ધીમી પડેલી જિપ્સીમાંથી કૂદી પડ્યો અને ટોળું હતું એ તરફ દોડ્યો.

એણે આરોહી-સોમલનાં દૃશ્ય ટીવીના કૅમેરામાં કેદ થતાં જોયાં. એ આ બધામાં ગૂંચવાયેલો હતો ત્યારે હૉસ્પિટલના ભૂરા રંગના યુનિફૉર્મમાં સજ્જ એક વ્યક્તિ કચરો લાવવા-લઈ જવાની પાછલી લિફ્ટમાં ઉપરની તરફ સરકી રહી હતી...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 59

'મહેશ, અરે, જલદી ડૉક્ટરને ફોન કર.'

શ્રદ્ધાબહેનથી રાડ ફાડી ગઈ.

પથ્થરનો શો પીસ માથા પર વાગતાં જ અભિમન્યુ ફલોર પર ફસકી પડ્યો હતો. ઝપાટાભેર વહી જતા લોહીને જોઈને દેવરાજસિંહના કપાળે પરસેવો વળી ગયો હતો. એમનું શરીર ધ્રૂજવા લાગ્યું હતું.

'આ તેં શું કર્યું, દેવલા? સગા દીકરાને મોતના મોઢામાં ધકેલી દીધો?'

'એમણે કાંઈ નથી કર્યું. આ માત્ર એક અકસ્માત હતો!'

'પણ, વહુ?'

'આ જ સચ્ચાઈ છે અને તમે જો આનાથી આડુંઅવળું કંઈ કહેવાનો પ્રયત્ન કર્યો છે તો હું ચોખ્ખું કહી દઈશ કે તમારી અને અભિમન્યુ વચ્ચે ઝઘડો થયો અને આ પથ્થર તમે અભિમન્યુને માર્યો છે.'

'આંગળીઓનાં નિશાનનું શું કરીશ, વહુ?'

'અરે! સગા દીકરા પર કોઈ હાથ ઉપાડતું હોય તો કયો બાપ બચાવવા વચ્ચે ન દોડે? શો પીસની ખેંચાખેંચ તો થાય જ ને?'

દેવરાજસિંહ નવાઈથી પત્નીની સામે જોઈ રહ્યા. ગઈ કાલ સુધી જેને સાવ ઘરરખ્ખુ ગૃહિણી માનીને જીવતા રહ્યા એ સ્ત્રીમાં આટલી સમજ અને સમયસૂચકતા હતી એની પોતાને ખબર પણ ન પડી. શ્રદ્ધાબહેનની નજીક જઈને એમણે એના ખભે હાથ મૂક્યો:

'પહેલાં અભિમન્યુનો ઉપાય કર. મારા દીકરાને કંઈ થઈ જશે તો...'

'કંઈ નહીં થાય.'

લંગડાતા પગે ફ્રીઝમાંથી ઠંડા પાણીની બોટલ લાવીને શ્રદ્ધાબહેને તરત જ અભિમન્યુના માથા પર ઢોળી દીધી. પછી અભિમન્યુને બેઠો કરીને એના ઘા પર નૅપ્કિન દબાવ્યો. લોહી હજુ અટકતું નહોતું. શ્રદ્ધાબહેનને પણ ચિંતા થવા લાગી હતી:

'મહેશ, એમ્બ્યુલન્સને ફોન લગાવ.'

'દેવલા, જોયું? આ તારાં જ પાપ નડ્યાં છે! સગા બાપના ને ભાઈ-બહેનોના નિહાકા લીધા છે તે ફૂટી નીકળશે.'

'કોઈ પાપ નથી કર્યાં એમણે, બલકે એમનાથી જેટલું થાય એટલું કર્યું છે. ભા, હું તમને હાથ જોડું છું. અમારી મદદ ન કરી શકો તો કંઈ નહીં, પણ મારા પરમેશ્વર જેવા પતિના માથે આરોપ નહીં મૂકતા.'

શ્રદ્ધાબહેને થોડાં ચિડાઈને ગુલાબસિંહને સંભળાવી દીધું. પછી એમણે દેવરાજસિંહ તરફ જોયું:

'આને હૉસ્પિટલ લઈ જવો પડશે, ચાલો.'

મહેશે એમ્બ્યુલન્સને ફોન કરી દીધો હતો. અભિમન્યુ તદ્દન બેહોશ નહોતો. એની આંખો વચ્ચે વચ્ચે ખૂલતી હતી અને પાછી મીંચાઈ જતી હતી. શ્રદ્ધાબહેને અભિમન્યુને ઢંઢોળીને કહ્યું:

'જાગતો રહેજે. તને કંઈ નહીં થાય!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી શ્રદ્ધાબહેન એક પછી એક નૅપ્કિનથી અભિમન્યુનું માથું લૂછતાં રહ્યાં. દીવાલને ટેકે બેસાડીને હિંમત આપતાં રહ્યાં. એમ્બ્યુલન્સમાં પણ એ અભિમન્યુને સતત જગાડવાનો પ્રયત્ન કરતાં રહ્યાં, પરંતુ એમ્બ્યુલન્સ નજીકના ક્લિનિકમાં પહોંચી ત્યારે અભિમન્યુને સ્ટ્રેચરમાં અંદર લઈ જવામાં આવ્યો. તાત્કાલિક એના માથામાં ટાંકા લેવાયા. લોહી અટકી ગયું, પરંતુ અભિમન્યુ હજુ બેભાન હતો.

'ઘા બહુ ઊંડો નથી. કઈ રીતે વાગ્યું એને?' ડૉક્ટરે પૂછ્યું.

'અમારા ઘરમાં સહેજ ઉપરની તરફ એક શો પીસ મૂકેલો હતો. અભિમન્યુ નીચો વળીને સેલ્ફમાંથી પુસ્તક લેવા ગયો. ઊભા થતાં એની પીઠ શેલ્ફને અથડાઈ અને શો પીસ એના માથા પર પડ્યો.'

'ઓહ! સારું થયું કે શો પીસ બહુ વજનદાર નહોતો. ખરું પૂછો તો લોહી વહી ગયું એને કારણે હેમરેજ થતું અટકી ગયું.'

'ક્યાં સુધીમાં હોશ આવશે, ડૉક્ટર?'

'બે-ચાર કલાકમાં ઠીક થઈ જશે, પણ એક વાર સિટી સ્કૅન કરાવી લેવાનું, જેથી કોઈ ઇન્ટરનલ ડેમેજ નથી એની ખાતરી થઈ જાય.'

'જી, જરૂર.' આ બધી વાતચીત શ્રદ્ધાબહેન જ કરી રહ્યાં હતાં. દેવરાજસિંહ સૂનમૂન થઈ ગયા હતા. જાણે કોઈ મોટો અપરાધ થઈ ગયો હોય એમ ઢીલા પડી ગયા હતા.

'હવે આમ ઢીલા શું થાવ છો?' શ્રદ્ધાબહેને નજીક આવીને એમના હાથમાં પાણીનો ગ્લાસ આપ્યો:

'આવા નાના-નાના એક્સિડન્ટ તો થયા કરે.' એમણે ડૉક્ટર સામે જોઈને સ્મિત કર્યું:

'ખૂબ લાડકો છે એમનો.'

એમની વાત પૂરી થાય એ પહેલાં નર્સિંગ હોમના વેઇટિંગ એરિયામાં ગોઠવેલા ટેલિવિઝન પર આરોહી દેખાઈ. સોમલને વળગીને ઊભેલી આરોહી નિવેદન પર નિવેદન કરી રહી હતી. ફ્લૅશ લાઇટ્સ ઝબકતી હતી. બધા જ કૅમેરા જાણે એની તરફ મંડાયા હોય એમ આરોહી બરાબર કૅમેરાની સામે જોઈને જ પોતાની વાત કહી રહી હતી:

'હું અને સોમલ બાળપણથી મિત્રો છીએ. અમે જ લગ્ન કરવાનાં હતાં, પરંતુ દેવરાજસિંહ ઝાલાના કુટુંબે સોમલના ડૅડીને બ્લેકમેઇલ કર્યા. બિઝનેસમાં નુકસાન કરવાની ધમકી આપી અને એમની ટ્રાન્સસેક્સ્યુઅલ દીકરી સોમલના ગળે બાંધી દીધી. એનાં મા-બાપને ખબર હતી કે આ છોકરીને કોઈ પરણશે નહીં.'

આટલું સાંભળતાં તો દેવરાજસિંહ ઉશ્કેરાઈને ઊભા થવા લાગ્યા, પરંતુ શ્રદ્ધાબહેને એમનો હાથ દબાવી રાખ્યો.

'આ શું બોલે છે?'

સોમલે વચ્ચે બોલવાનો પ્રયાસ કર્યો, પણ આરોહીએ પોતાનો એક હાથ એની કમર પર લપેટીને બીજો હાથ એના ગાલ પર મૂક્યો.

'આઈ નો જાનુ, પણ હવે સત્ય કહેવું જ પડશે. સવાલ નિખિલ શ્રોફની પ્રતિષ્ઠાનો નથી, આપણી લાઇફનો છે. આવું ક્યાં સુધી ચાલશે?'

એણે ફરી એક વાર કૅમેરા સામે નજર નોંધીને કહેવા માંડ્યું:

'સોમલ તો એની સાથે કોઈ સંબંધ જ રાખવા નહોતો માગતો, પણ યુ નો હાઉ ઇટ ઈઝ...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આરોહી કોઈ કુશળ વાર્તાકારની જેમ સટસટ કથા બનાવતી જતી હતી અને કહેતી જતી હતી. સોમલ નવાઈથી એની સામે જોઈ રહ્યો હતો.

'સોમલે સંબંધ ન રાખ્યો એટલે એની પત્ની કેસરને લાગ્યું કે આ ઘરમાં એનું સ્થાન પાકું કરવા માટે એણે કોઈ નવી ચાલ ચાલવી પડશે. એણે ત્રાગાં કરવા માંડ્યાં... સોમલ એનાથી બે-ચાર દિવસમાં જ થાકી ગયો. એ જ વખતે અમે ફરી મળ્યાં. અમારો પ્રેમ જાગી ઊઠ્યો. સોમલે એની પત્ની કેસરને સાચેસાચું કહી દીધું એટલે એ ઘર છોડીને ભાગી ગઈ...'

'પણ મૅડમ, એ તો ટ્રાન્સસેક્સ્યુઅલ હતી. એને તો સંબંધ ન બંધાય એમાં જ રસ હોયને?'

'ત્યારે એને ક્યાં ખબર હતી? એને તો કોઈ પણ રીતે સોમલને જીતવો હતો. કરોડોની મિલકતની માલિકણ થવું હતું.'

'ના, ના... એવું નથી.'

સોમલે એની વાત રોકવાનો પ્રયત્ન કર્યો, પણ આરોહી તો મનમાં નક્કી કરીને આવી હતી:

'શું કામ ડરે છે, ડાર્લિંગ? હવે બધાંને બધી જ ખબર પડી ગઈ છે પછી મીડિયાથી શા માટે છુપાવવું?!'

'પણ મિસ્ટર સોમલ તો હજી હમણાં જ કેસરનો સાથ આપવાની વાત કરતા હતા.'

'મૂરખ છે, સોમલ.' આરોહી સહેજ ચિડાઈ ગઈ. પછી તરત જ પોતાની જાત પર કાબૂ મેળવીને કહ્યું:

'બહુ જ ભોળો છે. પેલી છોકરી એને બ્લેકમેઇલ કરે છે, પણ એ કોઈને કહી શકતો નથી.'

'છોકરી?!' સામે ઊભેલા ટીવી ચૅનલ્સના રિપોર્ટર્સમાંથી એક છોકરીએ સવાલ પૂછ્યો.

'એટલે એ જ... ન છોકરી, ન છોકરો' બધાં હસી પડ્યાં.

હવે આને અટકાવવી જોઈએ. સોમલે સખતાઈથી આરોહીનો હાથ પકડીને એને થોડી દૂર ખસેડી:

'આવું કશું જ નથી થયું. આરોહીનાં લગ્ન અભિમન્યુ સાથે એની મરજીથી થયાં છે. અભિમન્યુ કેસરનો ભાઈ છે.'

આરોહી વાઘણની જેમ સોમલ પર ઝપકી પડી:

'શું કામ જુઠ્ઠું બોલે છે? શું તારી અને મારી વચ્ચે પતિ-પત્ની જેવા સંબંધો નથી રહ્યા?'

'રહ્યા છે.' સોમલને પોતાને પોતાના જ જવાબથી નવાઈ લાગી. સામાન્ય રીતે સચ્ચાઈથી ભાગતો ફરતો એક ગૂંચવાયેલો માણસ આટલી સ્વાભાવિકતાથી સત્ય બોલી શક્યો એ વાતે એને આશ્ચર્ય થયું.

'પણ એનો અર્થ એ નથી કે મને તારી સાથે પ્રેમ છે!'

'તો મિસ્ટર સોમલ, તમારા જીવનમાં કેસર અને આરોહી પછી બીજી કોઈ સ્ત્રી છે?'

મીડિયામાંથી કોઈએ ટીખળ રૂપે ચીડવવા પ્રશ્ન ઉછાળ્યો. મીડિયાને હજી વધુ મસાલો જોઈતો હતો.

'હા...'

સોમલ હજુ જવાબ આપે એ પહેલાં સામે ઊભેલા મીડિયાના ટોળામાંથી કોઈનો જવાબ આવ્યો.

ઉશ્કેરાયેલી આરોહીએ સોમલને પૂછી નાખ્યું:

'કોણ છે એ સ્ત્રી?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું...’

પત્રકારો-ટીવી ચેનલ્સવાળાના ટોળા પાછળ ઊભી રહીને આ નાટક જોઈ રહેલી નેહા ભીડને ચીરતી આગળ આવી.

રિયાલિટી શોની જેમ એક પછી એક અહીં સર્જાતાં દૃશ્યો જોઈને જયેશ પ્રધાનને થોડી ગમ્મત થતી હતી.

નેહાની તાંબાવર્ણી ફૂટડી કાયાને ત્યાં એકઠાં થયેલાં બધાં જોઈ રહ્યાં.

‘હા, હું છું એ સ્ત્રી. એની દોસ્ત, એની દુશ્મન, એની મંત્રી, એની મિત્ર, એની સખી અને એની સાથીદાર...’

‘શટઅપ.’ આરોહી બરાડીઃ

‘તેં પહેલાં પણ અમારો સંબંધ તોડાવવાની કોશિશ કરી છે, પણ એક વાત યાદ રાખજે, સોમલ ક્યારેય તારી સાથે લગ્ન નહીં કરે.’

‘દરેક પ્રેમસંબંધનું પરિણામ લગ્ન જ હોય એવી ફાલતુ માન્યતામાં મને સહેજેય ભરોસો નથી!’ એણે સોમલ સામે જોઈને સ્મિત કર્યુંઃ

‘આમેય પરણવા માટે સોમલ તદ્દન નકામી ડીલ છે. હસબન્ડ મટીરિયલ નથી આ માણસ!’

સોમલ પણ ખડખડાટ હસી પડ્યો. એણે હાથ લંબાવીને નેહાને પોતાની નજીક ખેંચી. નજીક આવીને નેહા એને લપેટાઈ ગઈ. બંનેને આ રીતે જોઈને આરોહી ઈર્ષ્યાથી જલી ગઈઃ

‘તું ગમે તે કર, સોમલ, પણ હું આટલાં બધાં લોકોની સામે કહું છું કે તારે લગ્ન તો મારી સાથે કરવાં જ પડશે!’

ટોળાથી થોડે દૂર ઊભેલો જયેશ પ્રધાન આ બધું જોઈ રહ્યો હતો. ત્યાં એના મોબાઇલની રિંગ વાગી.

‘સાહેબ, પેલો ફોન લીલાવતી હૉસ્પિટલના કેમ્પસમાં ટ્રેસ થયો છે.’

‘વ્હોટ?’ જયેશ પ્રધાનનો અવાજ ઊંચો થઈ ગયોઃ

‘ક્યાં છે એ શોધી કાઢો... તાત્કાલિક!’ એણે પાછળ ફરીને સબ-ઇન્સ્પેક્ટર દેસાઈને બૂમ પાડીઃ

‘કમ ઓન ફાસ્ટ... જલદી ઉપર!’

સેફ્ટી કેચ ખોલીને એણે રિવોલ્વર હાથમાં લઈ લીધી. લિફ્ટની રાહ જોયા વિના એણે સડસડાટ સીડી ચડવા માંડી.

*

‘ઇન્સ્પેક્ટર સીડી ચડીને ઉપર જાય છે. હાથમાં ગન છે.’

કેન્ટિનમાં બેઠેલા મુન્નાના ટેબલને સાફ કરવાના બહાને અબ્દુલે આવીને એના કાનમાં ફૂંક મારીઃ

‘મામલા ગરબડ લગતા હૈ.’

મુન્નાએ ખિસ્સામાંથી પચાસની નોટ કાઢીને ટેબલ પર મૂકી. પેન્ટના ફ્રન્ટ પોકેટમાં હાથ નાખી બેફિકરાઈથી ચાલતો એ કેન્ટિનની બહાર નીકળી ગયો. કેન્ટિનની બહાર નીકળીને એણે પાછલી સીડી તરફ દોડવા માંડ્યું. લિફ્ટ કોરિડોરમાં ખૂલતી હતી. આઈસીયુમાં જવા માટે એ પછી ઘણું ચાલવું પડતું, જ્યારે પાછળની સીડી સીધી આઈસીયુના બાજુના સર્વિસ ડોરમાં ખૂલતી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હૉસ્પિટલમાં ફરીને પૂરેપૂરી રેકી કર્યા પછી એક એક ફલોર તથા કોરિડોરની બ્લુ પ્રિન્ટ મુન્નાના મગજમાં કોતરાઈ ગઈ હતી.

બીજું કોઈ પણ પહોંચે તે પહેલાં એ આઈસીયુના દરવાજે પહોંચી ગયો. ચપ્પલ કાઢીને એ એવી રીતે બહારના વેઇટિંગમાં બેસી ગયો, જાણે કોઈ દર્દીનો સગો હોય. જોકે એનો હાથ એના પેન્ટના ગર્ડલમાં ખોસેલી રિવોલ્વર પર મજબૂત રીતે ગોઠવાઈ ગયો.

એણે ભૂરા રંગનો યુનિફોર્મ પહેરેલા એક આદમીને આઈસીયુમાં દાખલ થતો જોયો. એના હાથમાં કચરો એકઠો કરવાની કાળા રંગની ગાર્બેજ બૅગ હતી. મુન્નાનું સતેજ મગજ કામે લાગી ગયું. આ માણસનો ચહેરો પહેલાં ક્યાંક જોયો છે... તરત જ એના મગજમાં પેલાની વિગતો ખૂલવા માંડી. એ સમજી ગયો કે આ માણસ અહીં શા માટે આવ્યો હશે.

ઊભા થઈને એણે તદ્દન સ્વાભાવિક રીતે આઈસીયુના દરવાજામાંથી અંદર થઈને કેસરની બાજુના દર્દીના બેડ પાસે એવી રીતે ઊભો રહ્યો જાણે એને જોવા આવ્યો હોય. એ દર્દીની આંખો બંધ હતી. મુન્નો એનો સગો હોય એમ એની બાજુમાં ઊભો રહીને એને ધ્યાનથી જોઈ રહ્યો હતો, પરંતુ એનું સમગ્ર ધ્યાન પેલા ભૂરા રંગના યુનિફોર્મ પહેરીને દાખલ થયેલા માણસની હિલચાલ પર હતું.

ગાર્બેજ બૅગ સાથે પેલો માણસ દરેક બેડની નીચે મુકાયેલા ડસ્ટબિનમાંથી કચરો ખાલી કરી રહ્યો હતો. એ કેસરના બેડ પાસે આવ્યો ત્યારે કેસર કશુંક વાંચતો હતો. પેલો માણસ નીચે ઝૂક્યો. એણે કચરો ખાલી કર્યો. કોઈ કશું સમજે તે પહેલાં એણે કેસરના પાટો બાંધેલા હાથ પર પોતાનો હાથ મૂક્યો. કેસરની ચીસ આખા આઈસીયુમાં ગાજી ઊઠી એ સાથે જ પેલા માણસે પોતાના શર્ટના પેચ પોકેટમાંથી રિવોલ્વર કાઢીને કેસરના લમણે મૂકી દીધી.

આ બધું આંખના પલકારામાં બની ગયું. બરાબર એ જ વખતે જયેશ પ્રધાન પણ આઈસીયુના દરવાજે પહોંચ્યો. એણે પોતાની રિવોલ્વર સામે ઊભેલા માણસ તરફ તાકીઃ

‘કંઈ પણ કરીશ તો તારું ભેજું ઉડાડતાં મને એક સેકન્ડ લાગશે.’

‘એ પહેલાં આ બોબી ડાર્લિંગ ભગવાનને ત્યાં પહોંચી ગયો હશે.’

‘એને કંઈ પણ થયું તો...’

‘અબે એ...’ પેલા માણસે ગાળ ભાંડી.

‘તેરે સે કુછ નહીં હોગા!’

‘બોલ બચ્ચન, જીભ બંધ રાખ. તને પણ ખબર છે કે તું મારું કંઈ બગાડી શકે એમ નથી.’

જયેશ પ્રધાને એને ઇરાદાપૂર્વક ઉશ્કેર્યો.

‘તો કર કે દિખાઉં?’

વધુ પડતા આત્મવિશ્વાસને કારણે પેલાનું ધ્યાન મુન્ના તરફ ગયું જ નહોતું. મુન્નો પોતાની જગ્યાએથી સરકીને બાજુના બેડની પાછળ થઈને ભૂરા રંગનો યુનિફોર્મ પહેરેલા પેલા માણસ સુધી પહોંચી ગયો હતો. એણે પેલાને ઘૂંટણની પાછળના ભાગમાં કચકચાવીને લાત મારી. એ માણસનો પગ વચ્ચેથી બેવડ વળી ગયો. બૅલેન્સ ગયું એટલે કેસરે સાજા હાથે એની રિવોલ્વરને ઝાપટ મારી. રિવોલ્વર ઊડીને દૂર પડી. પાછળ ઊભેલા મુન્નાએ પેલાનો હાથ એવી રીતે મરડી નાખ્યો કે એ પીડાથી બેવડ વળી ગયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જયેશ પ્રધાને આવીને યુનિફોર્મવાળા આદમીના લમણે રિવોલ્વર તાકી.

'હિન્દી ફિલ્મોની જેમ તમારી એન્ટ્રી તો એન્ડમાં જ થઈ, સાહેબ.' મુન્નાએ હસીને કહ્યું.

'કોણ છો તું-તમે?' મુન્નાની સમયસૂચકતા અને વાર કરવાની રીત કોઈ તબીબી માણસ જેવી નહોતી. જયેશ પ્રધાનની આંખો ઝીણી થઈ ગઈ.

'હું બ્લેક બેલ્ટ છું, સર.'

'બહુ સરસ.' જયેશે એની સાથે હાથ તો મિલાવ્યો, પણ આ માણસના રૂપરંગ અને હાવભાવ એની ચકોર નજરને હૉસ્પિટલના સ્ટાફ જેવા ન જ લાગ્યા. યુનિફોર્મ પહેરેલા પેલાના બંને હાથ પાછળ બાંધીને હાથકડી પહેરાવી દીધી. પેલાને બહાર ધકેલતાં જયેશે સ્મિત સાથે મુન્ના તરફ જોયું

'આશા રાખું છું કે નીચેથી મને તમારાં નામ-સરનામાની વિગતો મળી રહેશે.'

'જ્યારે જોઈએ ત્યારે, સાહેબ. રમેશ પટેલ નામ છે મારું. સાત મહિનાથી હૉસ્પિટલમાં છું. આઈડી કાર્ડ આપું, સાહેબ?'

મુન્નાએ જે આત્મવિશ્વાસથી કહ્યું એ પછી આગળ સવાલો પૂછવાનું ટાળીને જયેશ એ વખતે ત્યાંથી નીકળી ગયો,

એના ગયા બાદ મુન્નાને આસ્તેથી કેસર પર ઝૂકીને કહ્યું:

'ઓમને ભેજા હૈ હમકો, તુમ્હારી હિફાઝત કે લિયે.'

'નેહા...' પીડાથી હોઠ દબાવીને કેસરે ધીમેથી કહ્યું.

'દેખતા હૂં.'

મુન્નો બહાર નીકળ્યો. એ મુખ્ય સીડીથી નીચે ઊતરવા લાગ્યો. એ જેવો પહેલા માળે પહોંચ્યો કે જયેશ પ્રધાન એની રાહ જોઈને ઊભો હતો. એણે મુન્નાને રોક્યો.

'મલા તુઝાશી બોલાયચા આહે.'

'બોલા, સાહેબ.' મુન્નો આરામથી અદબ વાળીને ઊભો રહ્યો.

'મને ખબર છે તું સ્ટાફનો માણસ નથી.' એણે રિવોલ્વર પર હાથ મૂક્યો:

'સાચું બોલ.'

'સાહેબ, તમને બધી જ ખબર છે એવી મને ખબર છે. મારા મોઢે બોલાવીને શું કરશો?'

જયેશ પ્રધાન થોડી વાર એની સામે જોઈ રહ્યો, પછી હસી પડ્યો. મુન્નો પણ હસ્યો.

'કેસરનો વાળ વાંકો ન થવો જોઈએ, સાહેબ.'

'એવું તે શું છે એ છોકરામાં?'

'સાચું કહું, સાહેબ? દિલનો બહુ સાફ છે.'

'એક બાત બોલ, મુન્ના...' જયેશ પ્રધાને આંખો ઝીણી કરી. આ જયેશ પ્રધાનની સ્ટાઇલ હતી. દોસ્તી-દોસ્તીમાં એવી એવી માહિતી કઢાવી લેતો, જે મારી મારીને અડધા થઈ જાવ તોય કોઈ ક્રિમિનલ આપે નહીં,

'ગોલી કિસને ચલાઈ?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મુઝસે પૂછેંગે? આપ ભી કમ ચાલુ નહીં હૈ.' મુન્નો પણ આ શતરંજનો ખેલાડી હતો.

'સીધા જવાબ દે, વરના...'

'સા'બ, ઇસ લડકે સે એક હી આદમી કો દુશ્મની હૈ...'

'લેકિન વો આદમી તો બોલ રહા હૈ કિ ઇસકે સગે ભાઈને...'

'ઇસકા સગા ભાઈ ભી ઉસીકા ચમચા હૈ, સાહેબ.'

જયેશ થોડી વાર એની સામે જોઈ રહ્યો. મુન્નાના સ્મિતમાં સચ્ચાઈ હતી.

'ઠીક હૈ, તૂ નિકલ લે...'

'નીચે કેન્ટિનમાં જ બેઠો છું, સાહેબ. કંઈ પણ કામ હોય તો નંબર આપી રાખું.'

જયેશે એનો ખભો થાબડ્યો. મુન્નો શર્ટનો કોલર સરખો કરીને બંને હાથ ફ્રન્ટ પોકેટમાં નાખી બેફિકરાઈથી સીડી ઊતરી ગયો.

સીડી ઊતરીને એ કેન્ટિનમાં દાખલ થાય તે પહેલાં અબ્દુલે એના કાનમાં ફરી ફૂંક મારી:

'બહાર ટોળું ભેગું થઈ ગયું છે. ટીવીવાળા અને પેપરવાળા આવ્યા છે. કેસરની જ વાત ચાલે છે.'

કેન્ટિનમાં દાખલ થવાને બદલે મુન્નાએ આખું ચક્કર મારીને મુખ્ય દરવાજેથી બહાર નીકળવાનું પસંદ કર્યું. બહાર નીકળીને સોમલ, નેહા અને આરોહી ઊભાં હતાં એની સામે જમા થયેલાં ટોળાંની પાછળ મુન્નો કોઈ તમાશો જોવામાં જોડાઈ ગયેલા માણસની જેમ ઊભો રહ્યો.

'સોમલને છોડીને હવે હું નહીં જાઉં... વી આર મેઇડ ફોર ઇચ અધર!' આરોહી કહી રહી હતી.

અત્યાર સુધી સંકોચમાં આરોહીને રોકવાનો પ્રયત્ન કરતા સોમલમાં નેહાની હાજરીથી આત્મવિશ્વાસ જાગી ગયો.

'એની કમેન્ટ, સર?' એક ટીવી-રિપોર્ટરે સોમલને પૂછ્યું.

'આરોહી મૅડમ તો તમારાં ફાસ્ટ ફ્રેન્ડ હોવાનો દાવો કરે છે.'

'તું મને ઓળખતો નથી. હું આત્મહત્યા કરીને ચિઠ્ઠીમાં તારું નામ લખી દઈશ.'

'આરોહી, તું જે બોલી છે એ અહીંના ટીવી કૅમેરામાં રેકોર્ડ થયું છે. આત્મહત્યાની ધમકી આપવી એ ગુનો છે, ખબર છે તને?' નેહાએ હવે ગંભીરતાથી આરોહીને ચેતવી.

'હું કંઈ જાણતી નથી.' એણે ફરીથી પોતાના બંને હાથ સોમલના ગળામાં ભરાવી દીધા:

'હું તને ચાહું છું. આઈ લવ યુ, સોમલ.'

ટીવીના કૅમેરામાં ઝીલાઈ રહેલું આ દૃશ્ય ભલભલા પુરુષને ઈર્ષ્યા ઉપજાવે એવું હતું. દૂબળી-પાતળી, સરસ ફિગર ધરાવતી, સોફેસ્ટિકેટેડ આરોહી પોતાના બંને હાથ સોમલના ગળામાં નાખીને ઊભી હતી તો બીજી તરફ નેહાની કમરમાં હાથ નાખીને ઊભેલા સોમલના ચહેરા પર આછું સ્મિત હતું અને નેહા પણ મુસ્કુરાઈ રહી હતી.

કમિશનરને ત્યાં કોફી પી રહેલો નિખિલ ટીવીમાં દેખાતું એ દૃશ્ય જોઈ રહ્યો હતો.

'સાહેબ, તમારો દીકરો પણ ખેલાડી છે. બબ્બે સ્ત્રીઓને એકસાથે...' કમિશનરે ગંદા સ્મિત સાથે ભદ્દો ઇશારો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કર્યો.

'મૂર્ખો છે. બેમાંથી એકેય એની જોડે ઊભી નહીં રહે. સામેથી મુશ્કેલીને આમંત્રણ આપ્યું છે એણે.'

'સમજ્યો નહીં.'

'આ બૈરાં કોઈ દા'ડો કોઈનાં નથી થયાં.'

હજી હમણાં જ વંચાયેલા પત્નીના હસ્તાક્ષર પછી નિખિલનો અભિપ્રાય દૃઢ થઈ ગયો હતોઃ

'પુરુષોને એવું લાગે છે કે આપણે સ્ત્રીઓને વસ્તુ સમજીને વાપરીએ છીએ. આપણા કાબૂમાં રાખીએ છીએ કે ફાવે ત્યારે ફેંકી દઈએ છીએ, પણ ખરેખર તો બૈરાં જ ટાઇમ આવે ત્યારે ચોક્કસ જગ્યાએ લાત મારીને આપણને...'

'અરે સાહેબ, એ તો આવડતનો સવાલ છે. બૈરું અને બોમ્બ જો બરાબર ફોડી શકાય તો સામેનાને રફેદફે કરી નાખે, પણ જો આપણા હાથમાં ફૂટી જાય તો...'

કમિશનર ખડખડાટ હસતો હતો. એને કલ્પના પણ નહોતી કે એણે અજાણતાં જ નિખિલની દુઃખતી નસ દબાવી દીધી હતી.

નિખિલ અચાનક ઊભો થઈ ગયો. એણે પોતાના હાથમાં પકડેલો કોફીનો મગ જમીન પર પછાડ્યોઃ

'હાથમાં ફૂટેલા બોમ્બને પણ ડિફ્યુઝ કરી શકે એટલી તાકાત છે નિખિલમાં. બૈરું કાબૂ બહાર નીકળે એ પહેલાં બૈરાંને દુનિયાની બહાર મોકલી દેતાં આવડે છે મને. શ્વાસ લેવા હોય તો પણ નિખિલ રજા આપે એવા અને એટલા જ લેવા પડે... જેને એની ખબર ના હોય એ બૈરાંના શ્વાસ બંધ કરી દેવાની આવડત શ્રોફકુટુંબ પાસે કેટલીયે પેઢીઓથી છે.' આટલું કહી નિખિલ શ્રોફ ધૂંધવાતો પોલીસ કમિશનરની ચેમ્બરમાંથી બહાર નીકળી ગયો.

ડઘાયેલા કમિશનરને એવી સમજ જ ન પડી કે નિખિલને અચાનક શું થઈ ગયું? એણે બેલ મારીને ઓર્ડરલીને કાચના ટુકડા સાફ કરવાનું કહ્યું ત્યારે એનું ધ્યાન પડ્યું કે ગુસ્સામાં બહાર નીકળી ગયેલા નિખિલનો સેલફોન કમિશનરની ઓફિસના ટેબલ પર જ રહી ગયો હતો. ફક્ત કુતૂહલ ખાતર કમિશનરે એ ફોન હાથમાં લઈ લાસ્ટ ડાયલ નંબર જોયો...

એમની આંખો પહોળી થઈ ગઈ.

કલ્પનામાં પણ ન આવે એ માણસનું નામ અને નંબર નિખિલના સેલફોનના સ્ક્રીન પર વંચાઈ રહ્યા હતા. કમિશનર હજી આઘાતમાંથી બહાર નીકળે એ પહેલાં સામેના ટેલિવિઝન સ્ક્રીન પર એમની નજર પડી.

ક્ષણ વાર પહેલાં નિખિલે કહેલા શબ્દો જાણે સાચા પડતા હોય એમ આરોહીનો હાથ ઊંચકાઈને સીધો સોમલના ગાલ પર પડતો દેખાઈ રહ્યો હતો. લીલાવતી હૉસ્પિટલના કૅમ્પસમાં ચાલી રહેલા ઇમોશનલ ડ્રામાનો કરુણ અંત આવ્યો હતો. આરોહીએ ઉશ્કેરાટમાં અને સોમલ તરફથી ઇચ્છિત પ્રતિભાવ નહીં મળ્યાના ક્રોધમાં સોમલને જાહેરમાં લાફો ઠોકી દીધો હતો.

નેહાએ એને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પણ આરોહી ફરી એક વાર મગજ ગુમાવીને પાગલની જેમ નેહા પર તૂટી પડી હતી. એને રોકવાના પ્રયાસમાં નેહા જમીન પર પછડાઈ હતી. એના પર લગભગ સવાર થઈ ગયેલી આરોહી નીચે પડેલી નેહાને તમાચા મારી રહી હતી. એના વાળ ખેંચીને એનું માથું જમીન સાથે અફળાવી રહી હતી... આરોહીને ચાર-પાંચ જણે ખેંચીને માંડ માંડ નેહાના શરીર પરથી ઊભી કરી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'બૈરું અને બોમ્બ...'

કમિશનરે બબડીને ડોકું ધુણાવ્યું. કપમાં પડેલી કોફીનો છેલ્લો ઘૂંટડો પૂરો કરીને એમણે પોતાના સેલથી નિખિલના સેલમાં જોયેલો નંબર ડાયલ કર્યો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 60

બૈરું અને બોમ્બ...

એવું બબડીને કમિશનરે કોફીનો કપ ઊંચક્યો. થોડી વાર પહેલાં નિખિલ શ્રોફ પોતાનો સેલ ફોન એમની ચેમ્બરમાં ભૂલી ગયો હતો એ ફોનને હાથમાં રમાડતાં રમાડતાં કોફીનો છેલ્લો ઘૂંટડો પૂરો કરીને કમિશનરે પોતાના સેલથી નિખિલના સેલમાં જોયેલો નંબર ડાયલ કર્યો. સામે છેડે હજુ બિપ... બિપ થઈને નંબર કનેક્ટ થાય એ પહેલાં અચાનક કશો વિચાર આવવાથી એમણે તરત ફોન કટ કર્યો. પછી નિખિલના સેલથી જ ફરી એ નંબર ડાયલ કર્યો. રિંગ વાગતી રહી, પણ કોઈએ ફોન ઉપાડ્યો નહીં.

આ દરમિયાન લીલાવતીમાંથી ઝડપાયેલા શખસને જયેશ પ્રધાને લોકઅપ ભેગો કરી દીધો, પરંતુ પેલાનો સેલફોન પોતાના કબજામાં ઓન જ રાખ્યો, જેથી પેલાનો કોઈ સંપર્ક કરે તો પોતાને જાણ થાય. જયેશ પ્રધાનની આ અગમચેતીનું તરત પરિણામ આવ્યું. પેલાનો ફોન રણકવા માંડ્યો. જયેશ પ્રધાને ફોન ઊંચક્યો નહીં. સ્ક્રીન પર ઝબકતું નામ જોઈને એના હોઠ પર સ્મિત રમી ગયું

'ગેમ શરૂ થઈ ગઈ છે, દેસાઈ. નિખિલ આપણા દોસ્તને શોધી રહ્યો છે.'

બીજી તરફ કમિશનર જરા બેચેન થઈ ગયા. એક ફોન પર કોઈએ જવાબ ન આપ્યો એટલે કમિશનરે પોતાના સેલમાં જોઈને એક બીજો નંબર ડાયલ કર્યો.

'સલામ વાલેકુમ.' સામે છેડેથી એક સ્ત્રીનો અવાજ સંભળાયો.

'તમે...' કમિશનર ગૂંચવાયા:

'માજિદભાઈ તો અંદર છે. કામ તમે સંભાળો છો?'

'નહીં, ઉનકી બીબી બોલ રહી હૂં... કામ મેરા ભાઈ સંભાલતા હૈ. તમે કોણ?'

પોતાની ઓળખાણ આપવી કે નહીં એ વિશે એક ક્ષણ વિચાર્યા પછી કમિશનરને લાગ્યું કે આ સ્થિતિમાં સ્પષ્ટતા કર્યા સિવાય છૂટકો નથી. એમણે જરા સત્તાવાહી અવાજે કહ્યું

'કમિશનર વાડેકર.'

'ઓહ નમસ્કાર, સાહેબ!' મને એમ કે પાર્ટીનો ફોન છે.'

પોલીસ અને ક્રિમિનલના સંબંધો લવ-હેટ રિલેશનશિપ જેવા હોય છે. એકબીજા વિના ચાલે નહીં અને એકબીજાને સહન કરી શકે નહીં. માજિદની બીબી સાથે વાત કરતાં કમિશનરે એને સીધું જ પૂછી નાખ્યું:

'તમારો ભાઈ ક્યાં છે... સોપારીની ડિલિવરી કરવા ગયો છે?'

સામે છેડે માજિદની બીબી હસી પડી:

'કભી કભી જાના પડતા હૈ... મોટી પાર્ટી છે, સાહેબ.'

તસ્લીમબાનુએ સીધી ઓરત હતી. એ જાણતી હતી કે પોલીસવાળા પાસે બધી વિગતો હોય. આટલાં વરસ માજિદ સાથે રહીને એણે પોતાના ખાવિંદને એક જ વાત ગળે ઉતારવાનો પ્રયાસ કર્યો હતો કે આ બધા ધંધા છોડીને માજિદભાઈ શાંતિની જિંદગી જીવે. એનો દીકરો અખ્તર ગુજરી ગયો પછી તસ્લીમબાનુએ જાણે જિંદગીથી રિટાયરમેન્ટ લઈ લીધું હતું. એ ભાગ્યે જ માજિદભાઈની બાબતમાં માથું મારતી. એનો ભાઈ થોડા જ વખત પહેલાં ફિરોઝાબાદથી મુંબઈ આવ્યો હતો. જિંદગીના ચાર દાયકા એના ભાઈએ કંઈ કર્યા વિના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વિતાવી દીધા હતા. હવે એને સેટલ કરવા માટે તસ્લીમબાનુએ પોતાના સિદ્ધાંતો સાથે બાંધછોડ કરીને જિંદગીને નવેસરથી જીવવાનું સ્વીકારી લીધું હતું.

આ વખતે માજિદભાઈ જેલમાંથી છૂટે ત્યાં સુધીમાં જો પોતાનો ભાઈ કામ સંભાળી લે તો માજિદને લઈને મુંબઈ છોડી દેવાની દુઆ તસ્લીમબાનુ રોજ પોતાની નમાઝમાં માગતાં હતાં.

'મોટી પાર્ટી? કોણ છે... નિખિલ શ્રોફ?'

કમિશનર વાડેકરે ફેંક્યું. તસ્લીમબાનુ ફરી હસી પડીઃ

'સા'બ... ઉંદરને બિલાડીનું સરનામું પૂછો છો?'

'માજિદભાઈ જેલમાં ગયા છે તોય તમે એ ધંધા છોડતાં નથી.'

'કામ તો કરવું પડેને? અમારી પાસે સરકારી નોકરી ક્યાં છે? પેટ તો ભાડું માગેને?'

'તમને એક વાત કહી દઉં. આ વખતે તારો ખાવિંદ કારણ વગર વન-વે સ્ટ્રીટમાં ઘૂસી ગયો છે.'

'કેમ, સાહેબ? કંઈ ગરબડ થઈ?'

'હજી તો નથી થઈ, પણ થશે તો તારો ભાઈ મરશે એટલું યાદ રાખજે.'

'ખુદા ખૈર કરે... એ અંદર છે એટલે અમારે બધી માથાકૂટ કરવી પડે છે.' તસ્લીમબાનુએ પતિ સાથે થયેલી વાત યાદ કરીઃ

'એ પણ ગુસ્સામાં હતા. કહેતા હતા કે પૂછ્યા વિના કંઈ કામ નહીં લેવાનું. મારો ભાઈ જરા ઉતાવળિયો છે.'

'એ જ્યાં હોય ત્યાંથી પાછો બોલાવી લો.'

કરડાકી સાથે એટલું કહીને કમિશનર વાડેકરે ફોન કટ કર્યો.

માજિદનો સાળો સોપારીની ડિલિવરી કરવા ગયો હતો એનો અર્થ એમ થાય કે કેસરના માથે હજી જોખમ તોળાતું હતું. હૉસ્પિટલમાં કંઈ પણ થાય તો ત્યાં હાજર રહેલી પોલીસના માથે માછલાં ધોવાય. કમિશનર હવે આ બધા મામલામાં વધુ ફસાવા માગતા નહોતા.

એમણે માજિદના બીજા નંબર પર એની બીબી સાથે વાત કરી ત્યારે એમને જાણ નહોતી કે જયેશ પ્રધાનના માણસો અનઓફિશિયલી નિખિલનો ફોન ટ્રેસ કરી રહ્યા છે.

'સર!' જુનિયર ઓફિસરનો આઘાતથી ડઘાયેલો અવાજ જયેશના સેલફોનમાં સંભળાયોઃ

'શ્રોફના સેલથી કમિશનર સાહેબ વાત કરે છે.'

'કોની સાથે?'

'સર...' એ અચકાયોઃ

'માજિદના બીજા સેલ નંબર પર...'

'ઓહ!' જયેશના ચહેરા પર સ્મિત આવી ગયુંઃ

'શું કહે છે?'

'સર, સામે માજિદની વાઇફ હતી ફોન પર... અને સાહેબ, લીલાવતીમાંથી જે પકડાયો એ તો માજિદનો સગો સાળો છે!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઠીક છે.’ એણે જુનિયર ઓફિસરનો ફોન કટ કર્યો. જયેશના મોઢામાં પતાસું આવીને પડ્યું. હુમલો કરનાર કોણ હતો એની તપાસ શરૂ કરે તે પહેલાં જ એને એ માણસની વિગતો મળી ગઈ. એણે જે ધાર્યું હતું એ બધું જ એ જ રીતે ગોઠવાતું જતું હતું. એણે તરત જ દેસાઈની સામે જોયું:

‘દેસાઈ, હવે આપણા સાહેબને લોલીપોપ આપવાનો ટાઇમ થઈ ગયો છે.’

આ તરફ કમિશનર મનોમન ગોઠવણ કરી રહ્યા હતા. હવે નિખિલ શ્રોફના માથે તલવાર લટકવાની હતી એમાં કોઈ શંકા નહોતી. આવા હાઈપ્રોફાઇલ કેસમાં પોતે શું સ્ટેન્ડ લેવું એની ગૂંચ ઉકેલવામાં પડ્યા હતા એ જ વખતે જયેશ પ્રધાનનો ફોન એમના સેલ પર રણક્યો.

‘જયેશ પ્રધાન રિપોર્ટિંગ ફ્રોમ લીલાવતી હૉસ્પિટલ, સર...’ એણે ઊંડો શ્વાસ લઈને સમાચાર આપી દીધા:

‘કેસર પર હુમલો થયો હતો, સર... એક માણસ પકડાયો છે.’

‘કોનો માણસ છે?’ કમિશનરે અજાણ્યા થવાનો પ્રયાસ કર્યો.

‘જેણે પહેલાં ગોળી ચલાવી હતી એનો જ માણસ હોવો જોઈએ.’ જયેશ પ્રધાને એ જ ચેસની રમતને આગળ ચલાવી.

‘ઠીક છે. એફ.આઈ.આર. નોંધીને કામ આગળ વધારો.’

કમિશનરે કહેતાં તો કહી નાખ્યું, પણ આ જયેશ પ્રધાન એકદમ પહોંચેલી માયા હતો. માજિદના સાળા પાસે જો માહિતી ઓકાવી લેશે તો નિખિલની વિરુદ્ધ લગભગ બધા જ પુરાવા એ ચપટી વગાડતાં મેળવી લેશે.

એને કોઈનો નનામો પત્ર મળ્યો છે કે નહીં એ વિશે તપાસ કરવાની લાલચને દબાવીને કમિશનરે કહી નાખ્યું:

‘જે કરો તે સમજીને કરજો. ઉત્સાહમાં આવીને એવું કંઈ નહીં કરતા, નહીંતર પાછળથી જવાબ આપતાં ડિપાર્ટમેન્ટને ફાંફાં પડી જાય.’

‘સર...’ જયેશ પ્રધાન ખૂબ ઓછું બોલતો.

‘પ્રધાન, આ હાઈપ્રોફાઇલ કેસ છે. સઙ્ઘડ પુરાવા હાથમાં ના હોય ત્યાં સુધી...’ કમિશનરે વાક્ય અડધું છોડ્યું.

થોડીક ક્ષણ બંને તરફ સોપો પડી ગયો. પછી જયેશ પ્રધાને બરાબર કાળીનો એક્કો ઊતરતો હોય એમ કહી નાખ્યું:

‘મારી પાસે એક લેટર આવ્યો છે, સર. એ લેટરમાં ઘણી ચોંકાવનારી વિગતો છે.’

‘એમ... કોણે મોકલાવ્યો છે?’

‘નામ-સરનામું કંઈ નથી. હૅન્ડ ડિલિવરીથી આવ્યો છે. એક ઝૂંપડપટ્ટીનો છોકરો આપીને જતો રહ્યો. પૂછ્યું તો કહ્યું કે બડી ગાડી મેં એક ઓરત આઈ થી.

‘ઓરત?’ કમિશનરની આંખો ઝીણી થઈ ગઈ. હવે એને નિખિલનો ધૂંધવાટ આછો આછો સમજાવા લાગ્યો.

‘યસ, સર.’

‘તમે કંઈ તપાસ કરી?’

‘તપાસ કરું એ પહેલાં તો હૉસ્પિટલ જવાનું થયુંને, સર...’ ચાલાક ઓફિસરે નિખિલના ફોનની વાતને કુનેહપૂર્વક બીજી દિશામાં વાળી દેતાં કહ્યું:

‘સર... ટીવી પર જોયુંને... કેટલી ધમાચકડી થઈ ગઈ ત્યાં!’ સહેજ અટકીને પછી ઉમેર્યું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એક ફૂલ દો માલી, સર...’

કમિશનરે હસવાનો ડોળ કરતાં વાત સમેટી લીધીઃ

‘કેટલાકને એક ટંકના વાંધા હોય છે ને કેટલાકને ત્યાં બેય ટંક ભરે ભાણે જમવાની વ્યવસ્થા ઉપરવાળો ગોઠવી આપે છે.’

બંને હસ્યા.

ફોન મૂકીને જયેશે સબ-ઇન્સ્પેક્ટર દેસાઈ સામે જોયુંઃ

‘એક નંબરનો શેતાન ખોપડી છે.’ પછી એક આંખ મિચકારીને કહ્યુંઃ

‘ચાલ, હવે લોકઅપમાં બંધ પંખીને જરા દાણા નાખી જોઈએ. મને ખાતરી છે કે એના ગળામાં કોઈકે બાંધેલી ચિઠ્ઠી આપણને સાચા સરનામા સુધી પહોંચાડી દેશે.’

*

નિખિલ ઘરે પહોંચ્યો ત્યાં સુધીમાં એનો ધૂંધવાટ એટલો વધી ગયો હતો કે જો એનું ચાલ્યું હોત તો એણે ઘરે પહોંચીને શ્વેતાનું ખૂન જ કરી નાખ્યું હોત, પરંતુ ગાડી પાર્ક કરતી વખતે એણે પોતાના મનને શાંત કરવાનો પ્રયત્ન કર્યો. પરિસ્થિતિએ જે વળાંક લીધો હતો એમાં મગજ ગુમાવવાથી એને પોતાને જ નુકસાન થાય એવું હતું. એણે મન સાથે સમાધાન કર્યું. કોઈ પણ પ્રકારનું રિએક્શન ન દેખાય એની પૂરી તકેદારી લઈ સંપૂર્ણપણે સ્વસ્થ થઈને એણે ઘરમાં પ્રવેશ કર્યો. શ્વેતા એની રાહ જોઈને બેઠી હતીઃ

‘આવી ગયા તમે? જમવાની તૈયારી...’

‘મારે નથી જમવું.’

નિખિલે ઉપરના રૂમમાં જવા માટેની સીડી ચડવા માંડી. જેમ નિખિલે પોતાની જાત પર કાબૂ રાખવાનું નક્કી કર્યું હતું એવી જ રીતે શ્વેતાએ નિખિલના ઝીણામાં ઝીણા વર્તનમાંથી એ શોધવાનો પ્રયત્ન કર્યો કે નિખિલ પેલા પત્ર વિશે કશું જાણે છે કે નહીં?

‘કેમ, મૂડ સારો નથી?’

‘ખાસ કંઈ નથી.’ નિખિલે બને એટલા સ્વાભાવિક રહેવાનો પ્રયાસ કર્યોઃ

‘લીલાવતીમાં જે તાયફો થયો એ તો તેં જોયો જ હશે.’

‘હા...’ શ્વેતા હજી કોઈક વાત કે વધુ ચર્ચાની અપેક્ષા રાખતી હતીઃ

‘સોમલ આવે એટલે વાત કરું છું.’

‘ના, કોઈ સાથે કંઈ વાત કરવાની જરૂર નથી. જે કંઈ થાય છે તે બરાબર જ છે.’

‘એક વાત પૂછું?’

‘બોલો...’

‘આપણે દેવરાજસિંહ અને કેસર સાથે બેસીને સામસામે આ બધું સેટલ ના કરી શકીએ?’

નિખિલે ખભા ઉલાળ્યાઃ

‘શું સેટલ કરવાનું છે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આ જે કંઈ થયું તે.’

‘જે થવાનું હતું તે થઈ ચૂક્યું છે.’ નિખિલ સીડીના સૌથી ઉપરના પગથિયે ઊભો હતો અને શ્વેતા નીચે ડ્રોઇંગરૂમમાં ઊભી હતી. એણે વેધક નજરે શ્વેતા સામે જોયું:

‘અને જે બાકી છે તે હું કરી નાખીશ.’

આટલું કહી એ પોતાના બેડરૂમમાં પ્રવેશી ગયો. ડ્રોઇંગરૂમમાં ઊભેલી શ્વેતાને ખરેખર સમજાયું નહીં કે નિખિલે એણે લખેલા પત્ર વિશે જાણતો હતો કે નહીં...

બેડરૂમના અટેચ્ડ બાથમાં નિખિલે શાવર લીધો. એણે મનોમન ગણતરી કરવા માંડી: નિખિલ શ્રોફની સામે બળવો કરનાર કોઈ માણસ શ્રોફ વિલામાં ન રહી શકે. શ્વેતાને પણ આ ઘરમાંથી કાઢવી પડશે... પણ કઈ રીતે?

શ્વેતા ડ્રોઇંગરૂમની લાઇટ્સ બંધ કરાવીને ઉપર બેડરૂમમાં આવી ત્યારે નિખિલ પોતાના રીડિંગ ગ્લાસીસ પહેરીને આ અઠવાડિયાનું ઇકોનોમિસ્ટ વાંચી રહ્યો હતો. જાણે કશું બન્યું જ નથી એવી ઠંડકથી એને મૅગેઝિન ઉથલાવતો જોઈને શ્વેતાના મનમાં રાહત થઈ ગઈ. એ નિખિલની બાજુમાં આડી પડીને ઊંઘવાનો પ્રયત્ન કરવા લાગી.

થોડી વારમાં શ્વેતા નિદ્રામાં સરી ગઈ પછી ધીમેથી ઊભા થઈને નિખિલે એનું વૉર્ડરોબ તપાસવા માંડ્યું. પ્રાઇવેટ ડ્રેસર સાથેનું વૉક-ઇન વૉર્ડરોબ ભાગ્યે જ લૉક થતું. બહાર જવાનું થાય તો આખું ડ્રેસર અને પછી બેડરૂમને લૉક મારવામાં આવતું. શ્વેતાનું વૉર્ડરોબ ફેંદતાં નિખિલના હાથમાં પેલા પત્રની ઓરિજિનલ કૉપી આવી ગઈ. જે એણે કમિશનરને ત્યાં જોઈ હતી. એના ચહેરા પર ક્રૂર સ્મિત રમી ગયું. એ પત્ર લઈને પોતાની આઈપેડની નાનકડી બૅગમાં મૂકી દીધો...

*

‘મૂરખનો સરદાર છે.’

નેહાએ મીઠો છણકો કરતાં સોમલના કપાળમાં હળવી ટપલી મારી.

‘લો બોલો, એમાં મૂરખ ક્યાંથી? મેં તો ઊલટાનું હિંમતથી સાચું કહી દીધું.’

એ બંને નોવોટેલ લાઉન્જમાં બેઠાં હતાં. બિયરના મગ ફીણથી ઊભરાતા હતા. સોમલ સારું એવું પી ચૂક્યો હતો. લીલાવતી હૉસ્પિટલમાં જે કંઈ થયું એ પછી એણે તરત ઘરે ન જવું જોઈએ એવું વિચારીને નેહા એને અહીં લઈ આવી હતી.

એ થોડો શાંત થાય અને સામે પક્ષે નિખિલનો ઉશ્કેરાટ પણ ઠરી જાય પછી સોમલ ઘરે જાય તો કદાચ બાપ-દીકરા વચ્ચે ઓછી દલીલબાજી થાય એવું એનું માનવું હતું. સાથે સાથે સોમલની આ મનોદશામાં જ એને પોતાની વાત કહેવી હતી. આમ તો સોમલ મીડિયા સમક્ષ એના પિતાની સામે લડવામાં મદદ કરવાનું વચન આપી જ ચૂક્યો હતો એટલે હવે આ યુદ્ધની સ્ટ્રેટેજી - વ્યૂહરચના બનાવી લેવી જરૂરી હતી.

એનું પહેલું પગથિયું ભદ્રેશ પારેખનું સૂચન હતું. મૅનેજિંગ ડિરેક્ટરના શૉર્સ જો કેસરને મળે તો કેસરની જગ્યા નિખિલ સામે મજબૂત થઈ જાય, પરંતુ સોમલ એટલો વિશ્વાસ મૂકીને કેસરની મદદ શું કામ કરે?

નેહાનું મન પોતે જ સવાલ પૂછતું હતું અને પોતે જ જવાબ આપતું હતું. એને વિચારમાં જોઈને સોમલે પૂછ્યું:

‘મેં કંઈ મોટી ગરબડ કરી છે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કરી તો છે... ક્યાં અને શું બોલે છે એનું તો તારે ધ્યાન રાખવું જોઈએને? તારી પેલી આરોહીને જાહેરમાં આટલી બધી ઉશ્કેરવાને બદલે...’

નેહાનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ સોમલે એના ગાલ પર હાથ ફેરવ્યોઃ

‘બહુ વાગ્યું તને?’

‘લાગે છે પાતળી, પણ તાકાત જબરદસ્ત છે તારી બહેનપણીમાં.’ નેહાએ આંખ મારી અને પુરુષ જેવી મજાક કરી લીધીઃ

‘મારામારી સિવાય બીજે ક્યાં કાઢતી હશે એની આ જબરદસ્ત એનર્જી?’

‘શટઅપ!’ સોમલ પણ જાણે શરમાઈ ગયો.

‘કેમ, તને શાની શરમ આવે છે?’

‘આઈ વિશ કે આ બધું પૂરું થઈ જાય.’ સોમલની આંખોમાં એક પ્રકારનો થાક હતોઃ

‘આઈ ડોન્ટ નો, હવે ઘરે પહોંચતાની સાથે જ મારા ડૅડ મારા માટે શું સરપ્રાઇઝ તૈયાર રાખીને બેઠા હશે?’

‘કશું નહીં થાય.’ નેહાએ પૂરા આત્મવિશ્વાસ સાથે કહ્યું.

‘આર યુ કીડિંગ? અત્યાર સુધીમાં નિખિલ શ્રોફ પાસે હું જે કંઈ બોલ્યો છું એના સમાચાર પહોંચી જ ગયા હશે.’

‘તેથી શું?’

‘એમનો પારો આસમાને હશે. સત્તર સવાલ-જવાબ કરશે મારી સાથે...’

‘તો?તું શું કરીશ?’ હવે નેહાએ સાવધાનીથી એક એક ડગલું મૂકવા માંડ્યું. એને ભદ્રેશની વાત યાદ આવી ગઈ.

‘શું કરું? સમજાતું નથી...’

‘હું કહું?’ નેહાએ એની આંખોમાં આંખો પરોવીઃ

‘માનીશ?’

‘તું કહે યાર, કોઈ વચન નથી આપી શકતો.’

‘કેમ, મારા પર વિશ્વાસ નથી?’

‘ઇમોશનલી બ્લેકમેઇલ નહીં કર, યાર!’ સોમલ અકળાઈ ગયો.

‘તું જો કેસરને કોઈક રીતે નિખિલ શ્રોફની સામે ઊભો રહેવા માટે મજબૂત બનાવી શકે તો...’

‘હું? એ કઈ રીતે... હું શું કરી શકું?’

‘તારી પાસે મૅનેજિંગ ડિરેક્ટરના શૉર્સ છે. તપાસ કર, એના પાવર્સ અને ટ્રાન્સફર બંને વિશે પૂરી વિગતો મેળવીને જો તું આ શૉર્સ કેસરના નામે...’

‘ને હું શું કરું? મંજીરા વગાડું... રસ્તા પર આવી જાઉં?’

‘કેસર તને નુકસાન નહીં કરે.’

‘ઇડિયટ જેવી વાત ના કર. મારો બાપ કાબો છે. એણે મને એટલા જ પાવર્સ આપ્યા જેના પર એ ગમે ત્યારે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બ્રેક મારી શકે. આ મૅનેજિંગ ડિરેક્ટરના શૉર્સ છે, ચણાનું પડીકું નથી, ઇડિયટ.'

'તો? શું થઈ શકે? હું ઇચ્છું છું કે નિખિલ શ્રોફને પહેલો માર આર્થિક પડે.'

'યાર...' સોમલની આંખોમાં સહેજ ઝળઝળિયાં આવ્યાં:

'ઓલ સેઇડ એન્ડ ડન... ગમે તેમ તો મારો બાપ છે. હું એને જ નુકસાન કરું? એક દિવસ આ કંપની મને મળવાની છે. મારું પણ નુકસાન જ થશે.'

'સોમુ, ડાર્લિંગ... જેટલું નુકસાન કેસરનું થયું છે ને એનું દસમા ભાગનું નુકસાન પણ તને નથી થવાનું. એક વાર આ છોકરાની મદદ કર. એની બેસી ગયેલી કંપનીને ઊભી થવા માટે ફક્ત એક જ સહારાની જરૂર છે. બાકીનું કેસર ફોડી લેશે એવો મને વિશ્વાસ છે.'

'વાહ! કેસર પર બહુ વિશ્વાસ છે તને...'

સોમલના ચહેરા પર શરારતી સ્મિત આવી ગયું. એ જ્યારે હસતો ત્યારે દિલધડક હૅન્ડસમ દેખાતો. થાકેલો ચહેરો હોવા છતાં એની ત્વચા તગતગી રહી હતી. વિખરાયેલા વાળ કપાળ પર ઊતરી આવ્યા હતા. નેહાએ હાથ લંબાવીને એના કપાળ પર ફરફરી રહેલી લટ સીધી કરી. પછી એનું નાક પકડીને ડોકું ધુણાવ્યું:

'તારા પર પણ વિશ્વાસ છે જ.'

'આ સાલો કેસર આવ્યો ત્યારથી તારા પર પણ કહેવું પડે છે, નહીં?'

'કમ ઓન, સોમલ...' હવે નેહા શરમાઈ:

'હું એની સાથે લગ્ન કરવાની છું.'

'ઓ, વન્ડરફુલ!' સોમલનો ચહેરો વધુ શરારતી થઈ ગયો:

'...તો હવે મારી એક્સ વાઇફ હવે તારો હસબન્ડ બનશે, નહીં?'

'શટઅપ!' નેહા હસી પડી. એણે ટેબલ પર મુકાયેલા સોમલના બે હાથ ઉપર પોતાનો હાથ મૂક્યો. એ અચાનક જ લાગણીવશ થઈ ગઈ. થોડી બિયરે અસર બતાવી હતી અને થોડી કેસરની વાત નીકળી એનાથી એનું મન ભીનું થઈ ગયું હતું. એના ખાસ મિત્રની સામે આજે એણે દિલ ખોલીને પોતાની લાગણી વહેવા દીધી:

'આઈ લવ હિમ.'

'વ્હોટ?' સોમલનો અવાજ ઊંચો થઈ ગયો:

'ગામ આખાના છોકરાઓ તારી આજુબાજુ ફરીને થાકી ગયા. એ બધાને તેં આમલી-પીપળી બતાવીને રવાના કરી દીધા અને હવે આમાં...'

'સોમુ, સ્ત્રી એક વ્યક્તિના હૃદય સાથે પ્રેમમાં પડતી હોય છે. તારા જેવો હૅન્ડસમ હોય તો એને એડિશનલ ક્વોલિફિકેશન કહેવાય. બાકી, ખરેખર તો બે સ્વચ્છ આંખ અને એક ધડકતું હૃદય પૂરતું છે સ્ત્રીને જીતી લેવા માટે.'

'બહુ સરસ...' સોમલના ચહેરા પર એક હૂંફાળું સ્મિત આવી ગયું:

'હું ઇચ્છું છું કે તું સુખી થાય. એક વાર કોઈ સેક્સોલોજિસ્ટ તથા કોસ્મેટોલોજિસ્ટને પણ મળી લેજે. આવા લોકો બેડરૂમમાં...' એ સહેજ અચકાઈ ગયો:

'તું સમજે છે ને, હું શું કહેવા માગું છું? તું અત્યારે આવેશમાં આવીને લગ્નનો નિર્ણય કરી લે એ પછી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ક્યાંક...'

'એ ક્યારેય મારી સાથે કશું જ નહીં કરી શકે તો પણ અફસોસ નહીં થાય એવું મેં વારંવાર મારી જાતને પૂછી પૂછીને સમજી લીધું છે. મેં ઘણા પુરુષની આંખો જોઈ છે, સોમલ. મારાં કપડાંની આરપાર નીકળી જતી, મારા કમરના વળાંક પર સાપની જેમ વીંટળાતી જતી... પોતાની નજરથી મને નગ્ન કરતી... હવે હું એ નજરોથી હું થાકી ગઈ છું. આ પહેલો પુરુષ છે, જેની આંખમાં સન્માન જોયું છે.'

નેહા સહેજ થોભી. એની આંખો ભરાઈ આવી:

'મારી જિંદગીમાં હવે શરીરની બહારના સંબંધ માટેની તરસ બાકી છે. આમેય હવે પથારીઓ અને શરીરોથી હું ધરાઈ ગઈ છું, સોમલ!'

બંને જણા એકબીજા સામે જોઈ રહ્યાં. સોમલને લાગ્યું કે નેહા જે કંઈ બોલી ગઈ એ કદાચ એના જ મનની વાત હતી. સ્ત્રીનું શરીર એને આકર્ષે એ સમય કદાચ એની જિંદગીમાંથી પણ વીતી ગયો હતો!

આજના યુવાનોને બહુ સહજતાથી પૈસા અને સુંદર શરીરો મળી જાય પછી એ અબખે પડી જાય ત્યારે જિંદગીમાં કરવા જેવું કશું બાકી નથી રહેતું એમની પાસે. સોમલ કદાચ આવી જ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હતો. એણે એ બધું જ મેળવી લીધું હતું, જે મેળવવા માટે માણસને જિંદગીના ચાર-પાંચ દાયકા ભયાનક સંઘર્ષ કરવો પડે. હવે એને લાગતું હતું કે એની દુનિયામાં એક વિચિત્ર પ્રકારનો ખાલીપો પ્રવેશી ગયો છે. એને નેહા અને કેસરની ઈર્ષ્યા આવી ગઈ. એમની પાસે હજી જિંદગી જીવવા માટે કેટલાં બધાં કારણ હતાં અને જ્યારે પોતા પાસે... એ સહેજ અહોભાવથી નેહા સામે જોઈ રહ્યો.

'શું જુએ છે?'

'જિંદગી જીવવાની તારી ઇચ્છા જોઉં છું... દરેક મિનિટે તારી પાસે જીવવા માટેનું એક સબળ અને સરસ કારણ હોય છે.'

'હા...' નેહાની આંખો સહેજ તરલ થઈ ગઈ:

'મેં નક્કી કર્યું છે કે કેસરને એના અધિકારો નહીં મળે ત્યાં સુધી હું હારવાની નથી.'

'સહેજ વિચારી લેજે, નેહા. આ તારો પ્રેમ છે કે કેસર માટેની સહાનુભૂતિ? બંનેને જુદા પાડીને જોવાનો પ્રયત્ન કરજે. જેને તું પ્રેમ માને છે એ દયા કે સહાનુભૂતિ નીકળશે તો તું પણ મારી જેમ...'

સોમલની વાત સાવ ખોટી નહોતી નેહાએ વિચાર્યું. એણે કેસર સાથે લગ્ન કરવાનો નિર્ણય તો કરી લીધો હતો, પણ હવે એક ક્ષણ માટે એને વિચાર આવ્યો કે પોતે જે કંઈ નિર્ણય કર્યો છે તે સાચો અને બરાબર તો હશેને!

નેહા એક ક્ષણ માટે હચમચી ગઈ. સોમલ કહે છે તેમ જો એનો નિર્ણય ખોટો નીવડ્યો તો કદાચ... એ આગળ વિચારી શકી નહીં. માથું હલાવીને એણે વિચારોને ખંખેરી નાખ્યા. ચપટી વગાડીને એણે વેઇટરને બૂમ પાડી:

'એક્સક્યુઝ મી... વન મોર બોટલ ઓફ બિયર, પ્લીઝ!'

*

જયેશ પ્રધાન પોલીસ સ્ટેશન પહોંચ્યો ત્યારે એણે નહોતી ધારી એવી માહિતી એના ખિસ્સામાં આવી ગઈ હતી. લોકઅપ ખોલીને એ અંદર દાખલ થયો. દેસાઈએ પાછળથી પૂછ્યું:

'સાહેબ, નોંધી લઉં?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'નોંધીએ છીએ. ઉતાવળ શું છે? જરા પૂછપરછ તો કરી લઉં.'

તન્વીરે પોલીસ કસ્ટડી-જેલ વિશે ફક્ત સાંભળ્યું હતું. હજુ અનુભવવાનો સવાલ આવ્યો નહોતો.

જયેશ પ્રધાન જેવો લોકઅપમાં દાખલ થયો કે તન્વીરના હાંજા ગગડી ગયા. ત્યાં બેઠેલા બીજા બે માણસ ઊભા થઈ ગયા. એમણે જયેશને સલામ મારી. લોખંડની એક ખુરશી ખૂણામાં પડી હતી તે ખેંચીને જયેશ પ્રધાન જમીન પર બેઠેલા માજિદના સાળા તન્વીરની સામે ગોઠવાઈ ગયો:

'ક્યા બાત હૈ? ડર લાગે છે? તારા બનેવીની જેમ તને પણ લાગી જશે એની ખબર છે ને તને?'

'બનેવી?' તન્વીરે અજાણ્યા થવાનો પ્રયાસ કર્યો. એ સાથે જ જયેશ પ્રધાનની એક લોખંડી થપ્પડ એના ગાલ પર રશીદ થઈ ગઈ. તન્વીર ધ્રૂજી ગયો.

'મેરે સાથ નાટક મત કર.'

માજિદભાઈ જેલમાં હતા ત્યારે કામ લગભગ ઠંડું જેવું હતું. એમણે કડક સૂચના આપી હતી કે રજા સિવાય તન્વીરને કશાયમાં દાખલ કરવો નહીં, પણ બારોબાર બહેને ગોઠવેલા આ તખતામાં તન્વીર ઉત્સાહમાં આવીને સપડાઈ ગયો હતો. એની આંખોમાં પાણી આવી ગયાં. આજ સુધી કોઈએ એના પર હાથ નહોતો ઉપાડ્યો. ચાર બહેનોનો એક ભાઈ લાડકોડમાં ઊછર્યો હતો.

'સાહેબ... હું તો...'

'કોનું કામ કરવા ગયો હતો?'

'મને નથી ખબર.'

'સાચું બોલીશ તો છૂટી જઈશ. બાકી, મારા લોકઅપમાં ત્રણ જણા મરી ગયાના કેસ ચાલે છે મારા પર!' જયેશે ફેંકી.

'મારો વાંક નથી, સાહેબ... મને થયું કે મોટા માણસનો કેસ છે...'

'મોટા માણસનું નામ છે કે નહીં?' જયેશનો અવાજ ભલભલાને ધ્રુજાવી નાખવા માટે પૂરતો હતો.

'છે...' તન્વીર નીચું જોઈ રહ્યો હતો. પ્રત્યેક જવાબ સાથે એ વધુ ને વધુ કોકડું વળતો જતો હતો.

'તું બોલે છે કે પછી...' જયેશે પટ્ટો કાઢવા માટે હાથ બક્કલ પર મૂક્યો.

'નિખિલ શ્રોફ!' તન્વીરે દબાયેલા અવાજે કહ્યું. એના ચહેરા પર પ્રસ્વેદ-બુંદ જામી ગયાં.

જયેશ પ્રધાનના ચહેરા પર ક્રૂર સ્મિત રમી ગયું. એણે બૂમ પાડી:

'દેસાઈ... રાઇટરને બોલાવો. આનું બયાન નોંધી લો.'

લોકઅપની બહાર નીકળતાં એણે હાથ ઊંચા કરીને આળસ મરડી. હવે કાલે ઊઘડતી કોર્ટે તન્વીરના બયાનના આધારે નિખિલ શ્રોફને એ કોર્ટ સુધી ઘસડી લાવશે.

આજથી બરાબર સવા બે વર્ષ પહેલાં નિખિલ શ્રોફે એની જે બેઇજ્જતી કરી હતી એનો બદલો ચૂકવવાનો સમય આવી ગયો હતો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 61

ક્લિનિકના બેડ પર પડેલા અભિમન્યુએ આંખો ખોલી ત્યારે શ્રદ્ધાબહેન એની બાજુમાં બેઠાં બેઠાં એને જોઈ રહ્યાં હતાંઃ

'મા...'

'બેટા, કેવું લાગે છે?'

'બહુ દુઃખે છે.'

અભિમન્યુએ કપાળ પર હાથ ફેરવ્યો. પાટો બાંધેલો હતો. એણે આંખો મીંચી. એની નજર સામે વીતેલી પળો ઝડપથી પસાર થઈ ગઈ. ઘરમાં થયેલો ઝઘડો, એ પછી પોતે જે રીતે શ્રદ્ધાબહેનનો હાથ પકડીને મરડ્યો તે અને ત્યાર પછી માથામાં ઝીંકાયેલો પથ્થર. એની બંધ આંખમાંથી એક તરફ આંસુનું એક બિંદુ સરીને ઓશીકામાં ખોવાઈ ગયું. જે માએ આજ સુધી પોતાનો પક્ષ લઈને પિતાની સામે પોતાનો સાથ આપ્યો હતો એ મા સાથે પોતે જે રીતે વર્ત્યો એ વિચારે અભિમન્યુને દુઃખ થયું. પિતાની ગેરહાજરીમાં પોતાને વિનંતી કરતી, ગરીબડી, એકલી પડી ગયેલી માની સ્થિતિ એને યાદ આવી ગઈ. એણે મા સાથે ખૂબ જ ખરાબ વર્તન કર્યું હતું, તેમ છતાં આજે મા પાસે બેસીને માથે હાથ ફેરવી રહી હતી.

'ઈશ્વરનો આભાર કે તને વધારે નથી વાગ્યું.'

શ્રદ્ધાબહેનની આંખો સહેજ ભીની થઈ ગઈઃ

'કોણ જાણે ભગવાનને શું વાંધો છે મારી સાથે? સહેજ સુખ આવે કે પાછળ પાછળ સમસ્યાઓ મોકલી જ આપે છે.'

'ભગવાનને શું કરવા દોષ દે છે? અત્યારે જે કંઈ ચાલી રહ્યું છે એ તો તમે જ ઊભું કરેલું છે.'

'બેટા, આ વાત ઉપર આપણે ઘણી ચર્ચા કરી ચૂક્યાં છીએ. મારે ફરી એ જ વાત નથી કરવી.' શ્રદ્ધાબહેનના અવાજમાં એક દૃઢતા હતીઃ

'તને વધારે કંઈ ન થયું એટલે મારે માટે તો શૂળીનો ઘા સોયથી ટળ્યો.'

આ સ્થિતિમાં કદાચ મા એના પ્રત્યે સહાનુભૂતિ દેખાડીને એની વાત સાંભળવા-સમજવાનો પ્રયત્ન કરશે. એણે ગરીબડા થઈને નવેસરથી વાત શરૂ કરીઃ

'આઈ એમ સોરી, મા...'

'અભિ બેટા, માતપિતાની માફી માગવી પડે એવું વર્તન ક્યારેય ન કરવું જોઈએ.'

'કોણ જાણે મને શું થઈ જાય છે, મા... મારું મગજ છટકી જાય છે, મારો ગુસ્સો મારા કાબૂની બહાર નીકળી જાય છે.'

'સમજું છું. તારા બાપુ પણ આવા જ હતા... તારા દાદાજી પણ...' એમણે એક ઊંડો શ્વાસ લીધો, પછી ધીમેથી અભિમન્યુનો હાથ પોતાના હાથમાં લીધોઃ

'ઉતાવળિયા નિર્ણય અને ગુસ્સાને કારણે એમણે પોતાની જિંદગીમાં ઘણું નુકસાન વહોર્યું છે. હું નથી ઇચ્છતી કે તારી જિંદગી પણ એ જ રસ્તે જાય. ગીતામાં કહ્યું છે, ક્રોધથી મોહ થાય છે... મોહથી સ્મૃતિનો નાશ થાય છે... સ્મૃતિથી બુદ્ધિ અને બુદ્ધિનો નાશ પ્રાણના નાશની બરાબર છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પણ હું શું કરું?' અભિમન્યુ વધુ ગરીબડો થઈ ગયોઃ

'મારા અધિકાર પર કોઈ તરાપ મારે અને હું ચૂપચાપ બેસી રહું? કેસરનાં લગ્ન તમે ધૂમધામથી કરાવી દીધાં. હવે આ ઘર પર એનો કોઈ અધિકાર નથી.'

'જો બેટા, આ નિર્ણય આપણા હાથમાં ક્યાં છે?'

'અરે વાહ! આ નિર્ણય તો બાપુએ જ કરવાનોને?'

'કેસરની જગ્યાએ બીજો દીકરો જ હોત તો...'

'નથીને? તો શા માટે 'હોત'ની વાત કરવાની? તું કેસરને કહી દે કે આ ઘર છોડીને જતી રહે.'

'એ નહીં જાય, બેટા.' શ્રદ્ધાબહેને ફરી એક વાર ઊંડો શ્વાસ લીધોઃ

'ઘર મારું છે, એટલે આ મારો નિર્ણય છે.'

અભિમન્યુ ઉશ્કેરાટમાં બેઠો થવા ગયો, પણ એને ટાંકા ખેંચાયા. દર્દથી આંખો મીંચાઈ ગઈ. એનો હાથ અનાયાસે ફરી એક વાર કપાળ પર પહોંચી ગયોઃ

'મારા અધિકારમાંથી એને ભાગ આપવાનો નિણય તમે કેવી રીતે કરી શકો?'

'તારો અધિકાર?' શ્રદ્ધાબહેનનો અવાજ સહેજ ઊંચો થઈ ગયોઃ

'જો બેટા, તારી તબિયત સારી નથી એટલે મારે તને કંઈ કહેવું નથી, પણ તેં ચર્ચા ખોલી જ છે એટલે એક છેલ્લી વાત કહી દઉં કે જેને તું તારો અધિકાર કહે છે એ તને તારાં મા-બાપે આપ્યો છે. દેવરાજસિંહ ઝાલાનું નામ અમે તને આપ્યું છે એટલે...'

એણે શ્રદ્ધાબહેનની વાત કાપી નાખીઃ

'મા, હું તને ચોખ્ખું જ કહી દઉં છું. તમારાથી જે થાય તે કરી લો. હું કેસરને બાપુની સંપત્તિમાંથી એક રૂપિયો નહીં આપું.'

'હમણાં તું આરામ કર. બાકીની વાત પછી કરીશું.'

શ્રદ્ધાબહેન ઊભાં થઈને બહાર ચાલી ગયાં. અભિમન્યુએ ફરી એક વાર આંખ બીડી. એની નજર સામે પોતે જે રીતે વર્ત્યો હતો એ બધી જ ક્ષણો ફરી એક વાર આવીને ઊભી રહી ગઈ.

એ સમજી શકતો હતો કે એણે પોતાના વર્તનથી જ પોતાના માતાપિતાને પોતાનાથી દૂર કર્યાં હતાં. એક સમયે કંપનીમાં પોતાનો ભાગ દીકરાના નામે કરી દેવા તૈયાર થયેલી મા આજે કેસરનો પક્ષ લઈને પોતાની વાત સાંભળવા પણ તૈયાર નહોતી એ માટે એ પોતે જ જવાબદાર હતો.

ગુલાબસિંહ અને નિખિલ શ્રોફની ચઢવણીએ એને ક્યાંથી ક્યાં લાવીને મૂકી દીધો હતો એ વાત અભિમન્યુને ધીમે ધીમે સમજાવા લાગી હતી, પરંતુ હવે મોડું થઈ ગયું હતું એ પણ એને સમજાઈ રહ્યું હતું.

બાજુમાં પડેલા ટેલિવિઝનનો રિમોટ હાથમાં લઈ એણે ટીવી ચાલુ કર્યું. શ્રદ્ધાબહેન સાથેની વાતચીતથી એ ઉશ્કેરાઈ ગયો હતો. મનને બીજી બાજુ વાળવા એણે ટીવી ચાલુ તો કર્યું, પણ ટીવીના ટચૂકડા સ્ક્રીન પર નહોતાં ધાર્યાં એવાં દૃશ્ય એને જોવા મળ્યાં.

આરોહી મગજ ગુમાવીને પાગલની માફક નેહા પર તૂટી પડી હતી... એના પર સવાર થઈ ગયેલી આરોહી નીચે પડેલી નેહાને તમાચા મારી રહી હતી... એના વાળ ખેંચીને એનું માથું જમીન સાથે અફળાવી રહી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હતી...

આ દશ્ય વાંરવાર દેખાડીને એન્કર ઊછળી ઊછળીને આરોહી અને નેહાની જાહેરમાં થયેલી મારામારી વિશે કહી રહી હતી. વચ્ચે વચ્ચે કેસરની ટ્રાન્સસેક્સ્યુઅલ ઘટનાનો પણ ઉલ્લેખ થતો હતો. આરોહી સામે હોત તો કદાચ એણે તમાચો ઠોકી દીધો હોત એટલો બધો ઉશ્કેરાઈ ગયો. બાજુમાં પડેલો સેલ ઉપાડીને એણે આરોહીનો નંબર ડાયલ કર્યો.

'બોલ...' આરોહીનો અવાજ તોછડો હતો.

'આ બધું શું માંડ્યું છે તેં?'

'શેની વાત કરે છે?'

વગર જોયે અભિમન્યુ કલ્પી શક્યો કે આરોહીના ચહેરા પર એક તીખું ભયાનક સ્મિત ફેલાઈ ગયું હશે.

અભિમન્યુ ઘરમાં ઘાયલ થયો અને અત્યારે નર્સિંગ હોમમાં છે એ વાતની સ્વાભાવિક રીતે આરોહીને જાણ નહોતી એટલે એણે તો સહજતાથી પૂછી લીધું:

'કેમ, ટીવી પર તમાશો જોયો?'

'સાલી!' અભિમન્યુનો અવાજ ઊંચો થઈ ગયો:

'શું કામ જાહેરમાં અમારી ઇજ્જત લે છે? ઘર છોડીને ગઈ એટલું ઓછું હતું કે જાહેરમાં પેલા...'

અભિમન્યુથી ગાળ બોલાઈ ગઈ:

'એ સાલાને ભરબજારમાં ચોંટાચોટ કરતી હતી. વાપરીને ફેંકી દીધી તને, પણ હજીયે છૂટતો નથી મોહ એનો?'

'ક્યારેય નહીં છૂટે. બોલ, શું કરી લઈશ?' આરોહી સાવ છેલ્લે પાટલે બેસી ગઈ.

અભિમન્યુનો ફોન આવ્યો ત્યારે એણે ધાર્યું કે આ બધો તમાશો જોઈને અભિમન્યુએ એને મનાવવા, પાછી બોલાવવા ફોન કર્યો હશે. એને બદલે અભિમન્યુએ જે રીતે શરૂ કર્યું એનાથી આરોહી વધુ છંછેડાઈ ગઈ.

'દુનિયા છોડાવી દઈશ તને અને તારા એ કૃષ્ણકનૈયાને...'

'શટઅપ. કૃષ્ણકનૈયા થવા માટે પણ આવડત જોઈએ.' પછી એણે વધુ કડવાશથી ઉમેર્યું:

'પૂર્ણ પુરુષોત્તમ થતાં પહેલાં પુરુષ થવું પડે. બૈરી પર હાથ ઉપાડીને પુરુષ ન થવાય. દારૂના નશામાં તારી જાતનેય સંભાળી નથી શકતો... તો પથારીમાં સ્ત્રીને શું સંભાળવાનો? તારી બહેને ઓપરેશન કરાવીને જાત બદલી નાખી એમ તું પણ...'

આટલું કહીને આરોહી જે રીતે હસી એ સાંભળીને અભિમન્યુએ ધૂંધવાઈને ફોન કટ કરી નાખ્યો...

*

શ્રદ્ધાબહેન બહાર નીકળ્યાં ત્યારે એમણે જોયું કે ગુલાબસિંહ રૂમની બહાર બેસીને માળા કરી રહ્યા હતા. એમણે નજીક આવીને શ્રદ્ધાબહેનને પૂછ્યું:

'કેમ છે સાવજ? મારે એને જોવો છે.'

'પણ તમે અહીંયાં કેમ આવ્યા?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કેમ આવ્યા એટલે? એ મારું લોહી છે. મારો જીવ ઘરમાં કેવી રીતે રહે?’

‘એની તબિયત બહુ સારી નથી. તમે ન મળો તો સારું.’

શ્રદ્ધાબહેન સાચે જ ઇચ્છતાં હતાં કે હવે અભિમન્યુ એના દાદાથી દૂર રહે. આજે અભિમન્યુ જે રીતે ઢીલો થયો હતો એ રીતે જોઈને શ્રદ્ધાબહેનને આશા બંધાઈ હતી કે કદાચ પ્રયત્ન કરશે તો અભિમન્યુ પોતાની કડવાશ ભૂલીને કેસરને સ્વીકારવા તૈયાર થશે, પરંતુ જ્યાં સુધી ગુલાબસિંહ હોય ત્યાં સુધી એ આવું નહીં થવા દે. નિખિલ શ્રોફના પક્ષમાંથી નીકળી જાય તો નિખિલને તોડવામાં વધુ સરળતા રહે એટલી વાત તો આ સીધીસાદી ગૃહિણી પણ સમજી શકતી હતી. ઘર ફૂટી ઘર જાયનો સાદો નિયમ એને સમજાતો હતો, એટલે જ એણે નક્કી કર્યું હતું કે હવે અભિમન્યુને કોઈ પણ રીતે નિખિલ પાસેથી પોતાની નજીક લઈ આવવો અને આ માટે ગુલાબસિંહને એનાથી છૂટા પાડવા એ બહુ જરૂરી હતું.

‘બે મિનિટ, એનું મોઢું જોઈ લઉં. પછી જતો રહીશ.’

ગુલાબસિંહે રીતસર કરગરતા હોય એમ હાથ જોડ્યા. લોબીમાં બહાર રાહ જોઈ રહેલા બીજા લોકો પણ આ દશ્ય જોઈ રહ્યા હતા. શ્રદ્ધાબહેન સહેજ છોભીલાં પડ્યાં. એમના ચહેરા પરના બદલાયેલા હાવભાવ જોઈને ગુલાબસિંહે એમનું નાટક આગળ વધાવ્યું. આંખોમાં આંસુ સાથે વાંકા વળી શ્રદ્ધાબહેનના ઘૂંટણ સુધી હાથ લંબાવીને એમણે કહ્યું:

‘તમારે પગે પડું વહુ બેટા... એક વાર સાવજનું મોઢું જોઈ લેવા દો. ત્યાં સુધી અનાજનો દાણોય નહીં ખાવાની કે પાણીનું ટીપુંય નહીં પીવાની મેં બાધા લીધી છે.’

વેઇટિંગમાં બેઠેલાં એક માજીએ જરા કડક રીતે કહ્યું:

‘જવા દો, બહેન, ઘરડાં માણસની આંતરડી કકળાવીને શું મળશે? તમારે માટે તો દીકરો છે, પણ એમને માટે તો રૂપિયાનું વ્યાજ છે.’

‘જુઓને...’ ગુલાબસિંહે વાત ઝડપી લીધી:

‘આ લોકોને આપણી લાગણીની કિંમત જ નથી.’

‘હશે ભાઈ, એ ઘરડાં નથી થવાનાં?’ માજીએ કડવાશથી કહ્યું.

ત્યાં બેઠેલા સૌ પોતાને જોઈ રહ્યાં છે એવો ખ્યાલ આવતાં શ્રદ્ધાબહેને ધીમેથી કહ્યું:

‘થોડી વાર જઈ આવો, પણ...’

‘હું નહીં ઊભો રહું વહુ... બસ, મોઢું જોઈને બહાર...’ એમણે હાથ જોડીને ફરી નાટક આગળ વધાર્યું:

‘તું તો મારી લક્ષ્મી છે. અન્નપૂર્ણા છે મારી, તું કહીશ એમ જ કરીશ.’ એ ઉતાવળે પગલે રૂમનો દરવાજો ખોલીને અંદર ધસી ગયા...

*

જયેશ પ્રધાનને જ્યારે આ કેસ સોંપવામાં આવ્યો ત્યારે જ એને સમજાઈ ગયું હતું કે સર્કલ ઓફ લાઇફ પૂરું થયું છે. જિંદગીનું વર્તુળ દરેક વખતે પૂરું થતું હોય છે એવું એના બાબા (પિતા) એને હંમેશાં કહેતા. જે ચડે તે પડે અને જેને પાડવામાં આવે એને ક્યારેક ને ક્યારેક ઉપર ચડવાની તક મળતી જ હોય છે એ વાત જયેશ પ્રધાનને આજ સુધી સાચી નહોતી લાગતી.

પોલીસ ફોર્સમાં જોડાયો ત્યારે દરેક યુવાન જેવાં એનાં સપનાં હતાં ક્રાઇમને ખતમ કરવું, પણ આજથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બરાબર સવા બે વર્ષ પહેલાં એ જેમ જેમ પોલીસ ડિપાર્ટમેન્ટમાં કામ કરતો ગયો તેમ તેમ એને ખ્યાલ આવતો ગયો કે આ બધી સફાઈનું કામ એ ધારતો હતો એટલું સહેલું નહોતું.

કહેવાતા મોટા માણસો કાયદાનો મનફાવતો અર્થ અને ઉપયોગ કરતા. નાના માણસો - જનસામાન્ય માટે કાયદો એક ભય પમાડનારી ચીજ હતી... નિખિલ સાથે એની પહેલી ટક્કર થઈ હતી. એ પોતાની મોટરસાઇકલ પર પોલીસસ્ટેશન તરફ જઈ રહ્યો હતો ત્યારે એણે નિખિલને કોલાબાગ કોઝવે પર ગાડી મુખ્ય રસ્તે પાર્ક કરીને એક બિલ્ડિંગમાં દાખલ થતાં જોયો. નો પાર્કિંગ લખેલા પાટિયાથી ફક્ત 30 ફૂટ દૂર નિખિલની બેન્ટલી પાર્ક થઈ હતી. એ વિસ્તાર જયેશ પ્રધાનના પોલીસસ્ટેશનનો નહોતો, તેમ છતાં એણે બિલ્ડિંગમાં દાખલ થતા નિખિલને રોક્યો.

'સર...સર...સર...' બાઇકને સાઇડ સ્ટેન્ડ પર પાર્ક કરીને એ દોડ્યો.

નિખિલ અટક્યો. એણે પાછળ ફરીને જયેશ પ્રધાનને જોયો. એની આંખો પર વર્સાચીના ગ્લાસીસ હતા. નજીક આવતાં જ નિખિલના પરફ્યૂમની સુગંધ જયેશનાં ફેફસાં સુધી પહોંચી ગઈ.

'યસ?'

'આ નો-પાર્કિંગ છે.'

'તો?'

'તો...' જયેશે બને એટલી નમ્રતાથી કહ્યું:

'ગાડી અંદર પાર્ક કરવી પડશે, કોઈ ગલીમાં.'

'પછી હું ચાલીને આવું?' નિખિલના ચહેરા પર રમૂજી સ્મિત આવી ગયું.

'જી... બધા એમ જ કરે છે.'

'ઓફિસર...' નિખિલે આંખો ઝીણી કરીને જયેશની છાતી પર એનું નામ વાંચ્યું:

'હંઅ તો... જયેશ પ્રધાન. નવા છો. ઉત્સાહી પણ છો, પરંતુ અત્યારથી જ અમારા જેવા માણસોને ઓળખવાની ટેવ પાડો.' એણે જયેશના ખભે હાથ મૂકીને કોઈ યુવાનને સમજાવતો હોય એમ ઠાવકી રીતે હાથ પસવાર્યો:

હું કોણ છું જાણો છોને?'

'આપ નિખિલ શ્રોફ છો. ઓળખું છું.'

'તેમ છતાં મને પાર્કિંગ શીખવાડવા આવ્યા છો?'

'પોલીસ કમિશનરનું પણ પાર્કિંગ ખોટું હોય તો એને કહેવાનો અધિકાર...'

'અધિકાર...' નિખિલ ખડખડાટ હસી પડ્યો.

'આ વર્દી નવી છે ને એટલે આવું બધું બોલો છો.' એણે ફરી એક વાર જયેશ પ્રધાનનો ખભો થાબડ્યો:

'મારી ગાડીને કોઈ નહીં અડે. તમે ઊપડો.'

'આ શહેરનો કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ મને-અમને પોલીસને સોંપવામાં આવ્યું છે. મને તમારી ગાડીની ચિંતા નથી... મને ટ્રાફિક ડિસ્ટર્બ થાય એની...'

હવે નિખિલનો ચહેરો બદલાઈ ગયો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જયેશ પ્રધાન, તમે જઈ શકો છો. મને કાયદો અને વ્યવસ્થા શીખવવા સિવાય બીજું કોઈ કામ શોધી કાઢો.’

એણે પીઠ ફેરવીને ચાલવા માંડ્યું. જયેશનું લોહી ગરમ થઈ ગયું. એણે નજીક જઈને નિખિલના ખભે હાથ મૂક્યો. નિખિલે ફર્યા વગર ત્યાં જ ઊભા રહીને જયેશનો હાથ ખભેથી ખસેડી નાખ્યો:

‘હવે મને રોકવાનો કે ગાડી વિશે વધુ ચર્ચા કરવાનો પ્રયત્ન નહીં કરતા, બાકી પસ્તાવાનો વારો આવશે.’

‘તમે ગાડી હટાવો છો કે હું મોબાઇલ વૅન બોલાવું?’

વાત બહુ નાની હતી, પણ હવે વટે ચડી ગઈ હતી.

‘બોલાવી લો...’ નિખિલ સહેજ પણ અચકાયા વગર લિફ્ટનું બટન દબાવીને લિફ્ટની રાહ જોતો ઊભો રહ્યો. જયેશ પ્રધાન અકળાયો હતો. એણે ખરેખર સેલ બહાર કાઢ્યો. મોબાઇલ વૅનને ફોન કર્યો. ટ્રોઇંગ વૅન આવીને નિખિલની કાર ખેંચી ગઈ ત્યાં સુધી જયેશ પ્રધાન ત્યાં જ ઊભો રહ્યો.

હજી એ બધું પતાવીને એ રિગલ સિનેમાથી આગળ પણ નહીં પહોંચ્યો હોય ત્યાં એનો સેલ રણક્યો:

‘સર...’

‘તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે, જયેશ પ્રધાન. જે એરિયા તમારો નથી ત્યાં દોઢડહાપણ કરવાની જરૂર છે? ટ્રાફિક સંભાળવાની ડ્યૂટી તમારી નથી. તમને જે કામ સોંપવામાં આવ્યું છે એ જ કામ કરો.’

જયેશ પ્રધાન નવાઈથી એના સિનિયરનો અવાજ સાંભળી રહ્યો હતો. ફિલ્મોમાં એણે આ જોયું હતું, પણ અહીં?

‘પણ સર...’ જયેશની વાત એના સિનિયરે વચ્ચેથી કાપી નાખી:

‘શ્રોફસાહેબની ગાડી છોડાવીને હવે તમે જાતે જ ડ્રાઇવ કરી એમને બંગલે મૂકી આવો.’

‘વ્હોટ?’

‘ધીસ ઇઝ માય ઓર્ડર.’

‘હું આ ઓર્ડર નથી સ્વીકારતો, સર. એમની ગાડી એમની ઓફિસે મૂકવા જવાની ડ્યૂટી તમે મને ન સોંપી શકો.’

સામેથી એનો સિનિયર બરાડ્યો:

હું શું સોંપી શકું અને શું ન સોંપી શકું એ મને શીખવાડવાને બદલે તમે શીખી જાવ કે કોની સામે બાથ ભીડાય અને કોની સામે માથું નમાવાય...’

‘હું ગાડી મૂકવા નહીં જાઉં.’

ધૂંધવાઈને જયેશ પ્રધાને ફોન કટ કર્યો. ઓફિસ જવાને બદલે એ ગામદેવી પોલીસસ્ટેશનમાં એના એક મિત્ર રઘુનાથ મ્હાત્રે પાસે પહોંચી ગયો. એની બધી વાત સાંભળીને સિનિયર મિત્રએ એને સલાહ આપી:

‘આ બધું છોડી દે. વાત નાની છે, પણ લફરું બહુ મોટું થઈ જશે. શ્રોફ મહાડંખીલો માણસ છે. ગાડી મૂકી આવ અને સોરી કહી હાથ મિલાવીને પાછો આવજે.’

જયેશથી ગાળ બોલાઈ ગઈ:

‘વેશ્યા અને પોલીસમાં કોઈ ફરક નથી શું? હું નથી જવાનો.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રઘુનાથે એના ખભે હાથ મૂક્યોઃ

‘જયેશ, તારાથી દસ વર્ષ સિનિયર છું. મારી સલાહ માની લે...’ એની આંખોમાં લાચારી હતી. એ જ વખતે જયેશનો સેલ રણક્યો. સ્ક્રીન પરનો નંબર જોઈને એને ખ્યાલ આવી ગયો કે છેક કમિશનર સુધી વાત પહોંચી ગઈ હતી.

‘ફોન ઉપાડી લે. આ મુદ્દો બનાવવા જેવી બાબત નથી. મારું માન.’

જયેશે ફોન ઉપાડ્યોઃ

‘યસ, સર...’

સામે પક્ષે ગાળથી શરૂઆત થઈ. પછી કમિશનરે ગણતરીનાં જ વાક્ય કહ્યાં, જેમાં વડા તરીકેનો હુકમ હતો, સાથોસાથ ચોખ્ખી ધમકી પણ હતીઃ

‘તને ફેમ કરતાં આવડે છે મને. કારકિર્દીની શરૂઆતમાં જ સસ્પેન્શન જોઈએ છે? ફોલો ધ ઓર્ડર, ડિસિપ્લિનમાં રહેવાનું, સમજ્યો? શ્રોફસાહેબ અત્યારે મારી ચેમ્બરમાં બેઠા છે. એમની કારની કી મારા ઓર્ડરલી પાસે છે. એની પાસેથી કી લઈ ટોઇંગ વેનવાળા પાસેથી કાર છોડાવીને નિખિલ શ્રોફની ઓફિસે પહોંચાડ તાત્કાલિક.’

જયેશ કશું બોલે એ પહેલાં ફોન કપાઈ ગયો. એણે ઉશ્કેરાટમાં રઘુનાથ સામે જોયું, પણ રઘુનાથે ડોક ધુણાવીને એને જે કહેવામાં આવ્યું છે તે કરવાની સલાહ આપી.

જયેશ પ્રધાન અકળાઈ ગયો. સ્વમાન પર ઘા થયો હતો. થોડી વાર ત્યાં વિચારમાં બેસી રહ્યા પછી એ જ્યારે ઊભો થયો ત્યારે એણે ગાંઠ વાળી લીધી હતીઃ

હવેથી આવા લોકો સાથે હું એવી લડાઈ લડીશ, જેમાં સાપ મરે ને લાઠી ભાંગે નહીં...

ધૂંધવાયેલા જયેશે પોલીસ કમિશનરના ઓર્ડરલી પાસેથી નિખિલ શ્રોફની ગાડીની ચાવી લીધી પછી ટ્રોઇંગવાળા પાસેથી ગાડી છોડાવી, પોતાની બાઇક ત્યાં પાર્ક કરી ગાડી ડ્રાઇવ કરીને નિખિલ શ્રોફની ઓફિસે પહોંચ્યો ત્યારે એને નપુંસક હોવાની લાગણી થઈ રહી હતી. જાત પર થૂંકવાની ઇચ્છા થતી હતી એને. એણે સિક્યોરિટી ગાર્ડના હાથમાં ચાવી આપવાનો પ્રયત્ન કર્યો ત્યારે ગાર્ડે સહેજ સ્મિત સાથે એને કહ્યુંઃ

‘સા’બને ઉપર બુલાયા હૈ.’

વધુ ધૂંધવાતો જયેશ ઉપર પહોંચ્યો ત્યારે રિસેપ્શન પર એને માટે સંદેશો હતોઃ

‘સાહેબે અંદર બોલાવ્યા છે.’

ચેમ્બર ખોલીને જયેશ જ્યારે દાખલ થયો ત્યારે એને જોઈને નિખિલની ખુરશી ડાબેથી જમણે રિવોલ્વ થવા લાગીઃ

‘વેલકમ...’

‘તમારી ચાવી.’

‘બેસો તો ખરા.’

‘નો. મને મોડું થાય છે.’

‘સારું થયું બહુ મોડું થાય એ પહેલાં તમે આવી ગયા.’ નિખિલના ચહેરા પર ક્રૂર સ્મિત હતુંઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘નહીં તો ચાવી આપતાં આપતાં બે-ચાર વાર સોરી કહેવું પડત તમારે.’

જયેશનું લોહી ગરમ થઈ ગયું. ચહેરો તમતમી ગયો. જડબાં ભિડાઈ ગયાં - મુઠ્ઠી વળી ગઈઃ

‘આજે નહીં કહેવડાવું. ડોન્ટ વરી.’ નિખિલના ચહેરા પર હજી સ્મિત હતુંઃ

‘મેં તમારા કમિશનરને કહ્યું હોત તો કદાચ એમણે ગાડી આપવા આવવાની ફરજ પાડી એ જ રીતે સોરી કહેવાની પણ ફરજ પાડી હોત... બટ ઇટ ઇઝ ઓકે.’

‘હું નીકળું?’ જયેશે પોતાની જાત પર કાબૂ રાખવાનો પ્રયાસ કર્યો.

‘ચા નથી પીવી?’ નિખિલના ચહેરા પર હજીય શિકારીનું સ્મિત અકબંધ હતુંઃ

‘ગાડી લઈને છેક અહીં સુધી આપવા આવવાની મહેનત કરી છે... એક કપ ચાનો અધિકાર છે તમને.’ એણે અધિકાર શબ્દ ઉપર ભાર મૂક્યો.

‘નો, થેંકયુ...’

વધુ રોકાયા વગર એ જવા માટે ફર્યો ત્યાં એની પીઠ પર નિખિલના શબ્દો ખંજરની જેમ ભોંકાયા.

‘હવે પછી કોને કાયદો અને વ્યવસ્થા શીખવાડવી અને કોને નહીં એટલું તો તમે શીખી જ ગયા હશો...!’

નિખિલ શ્રોફની લિફ્ટમાંથી ઊતરી એ બહાર આવ્યો ત્યાં સુધી નિખિલનું પેલું ઉપહાસભર્યું વાક્ય પીઠ પર ચાબુકની જેમ વીંઝાતું રહ્યું.

*

ગુલાબસિંહ આઈસીયુમાં દાખલ થયા ત્યારે અભિમન્યુ આંખો મીંચીને પડ્યો હતો. ગુલાબસિંહે નજીક આવીને એના માથે હાથ ફેરવ્યો. અભિમન્યુએ આંખો ખોલી.

‘સાવજ... બેટા...!’

મા ગઈ અને દાદાજી આવ્યા એ બેની વચ્ચે અભિમન્યુએ પોતાના મન સાથે વાત કરી લીધી હતી. એણે નક્કી કરી લીધું હતું કે હવે એ પોતાની ચાલ બદલી નાખશે. કેસરની સામે ખુલ્લો વિરોધ કામ નહીં લાગે એ એને સમજાઈ ગયું હતું એટલે એણે કેસરનો વિશ્વાસ જીતીને એને બરબાદ કરવો પડશે...

‘દાદાજી, મને લાગે છે આપણે હવે કેસર સાથે સમાધાન કરી લેવું જોઈએ.’

‘બેટા, તને ખબર છે ને કે આનાથી તને કેટલું નુકસાન થશે?’

‘દાદાજી, હવે નફા-નુકસાનનો હિસાબ નથી કરવાનો. હવે તો આખરી લડાઈ લડી લેવાની છે. નસીબ લઈને આવ્યો છે, કેસર. મોતના મોઢામાંથી બચી ગયો. મરેલો સાબિત કર્યો તોય પાછો આવ્યો સાલો!’ અભિમન્યુની આંખોમાં વેર ઊતરી આવ્યું હતુંઃ

‘હવે બીજા પર આધાર નથી રાખવો. હવે તો જાતે જ...’

‘સાવજ!’ ગુલાબસિંહ મનોમન રાજી થતા હતા, પણ ઉપર ઉપરથી એ પૌત્રને રોકવાનો ડોળ કરી રહ્યા હતાઃ

‘હું નથી ઇચ્છતો કે તું પણ દેવલાની જેમ...’

‘મને કંઈ નહીં થાય, દાદાજી.’ અભિમન્યુ ઉશ્કેરાટમાં બેઠો થઈ ગયો. એને ટાંકા ખેંચાતા હતા. ચહેરા પર પીડા સ્પષ્ટ ધસી આવી હતી, છતાં એનો ઉશ્કેરાટ ખાળી શકાય એવો નહોતોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘દાદાજી, મારે હવે આનો અંત જોઈએ છે. જ્યાં સુધી સાલા કેસરનો અંત નહીં આવે ત્યાં સુધી આ પીંજણ પૂરી નથી થવાની. હવે ઇસ પાર કે ઉસ પાર...’

*

આ તરફ સોમલથી છૂટાં પડીને સહેજ નશામાં નેહા લીલાવતીના આઈસીયુનો દરવાજો ખોલીને દાખલ થઈ ત્યારે કેસર ઘસઘસાટ ઊંઘતો હતો.

નેહાએ નજીક જઈને કેસરના માથે હાથ ફેરવ્યો. કેસરે આંખ ખોલી. નેહાની આંખો ભીની હતી. કેસરે પોતાના કપાળ પર મુકાયેલા નેહાના હાથ પર હાથ મૂક્યો:

‘શું થયું?’

‘હું કાલે તારી સાથે લગ્ન કરવા માગું છું.’

‘તું ચક્રમ છે.’

‘હા...’ નેહાએ વાંકા વળીને કેસરની આંખોમાં આંખો પરોવી:

‘મેં જિંદગીમાં માંડ માંડ એક નિર્ણય કર્યો છે. મારો નિર્ણય ડગમગી જાય કે લોકો એને બદલી નાખે એ પહેલાં...’ એની આંખમાંથી આંસુનું ટીપું કેસરના ગાલ પર ટપકી ગયું.

બીજા હાથે આંસુ લૂછીને કેસરે હાથ લંબાવીને નેહાના ખુલ્લા વાળમાં આંગળીઓ પરોવી:

‘કોઈ બદલી શકે એવો ભય લાગે કે આપણે બદલાઈ જઈશું એવો ડર લાગે ત્યારે માનવાનું કે નિર્ણય સાચો નથી... પાકો નથી.’

‘ના, કેસર. હવે આના પર મારે લાંબું નથી વિચારવું.’

‘મૂરખ. એમ લગ્ન થોડાં થાય? કોર્ટમાં નોટિસ આપવી પડે, રજિસ્ટ્રારની ઓફિસ...’

‘હું કાલે બ્રાહ્મણ લઈ આવીશ. અહીં આઈસીયુમાં પરણીશ તારી સાથે!’

‘જો, આપણે નાટક નથી કરવું, લગ્ન કરવાં છે.’ કેસર સ્વસ્થ હતો:

‘હું સાજો થઈને ઘરે આવું એટલે તું મારી સાથે રહેવા આવી જજે. મારે માટે વિધિવિધાન અગત્યનાં નથી. મનથી વચન અપાઈ જાય પછી કશાયની જરૂર નથી લાગતી મને!’

‘હમ્મ્, મને હવે ધીમે ધીમે સમજાતું જાય છે કે તું મને કેમ ગમે છે.’ નેહાએ ઝૂકીને એના કપાળ પર ચુંબન કર્યું:

‘કેસર ડિયર, તું મારા જેવો છે. વિચારે છે હૃદયથી, ને વર્તે છે મગજથી!’

બંને હસી પડ્યાં. કેસરે બેઠા થઈને નેહાને પોતાના આશ્લેષમાં લીધી...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 62

આગલી રાતે પત્ની શ્વેતાનું વોર્ડરોબ ફેંદીને પોલીસને લખાયેલા અનામી પત્રની મૂળ નકલ મેળવી લીધા બાદ નિખિલ શ્રોફે એ રાતે નિરાંતની ઊંઘ ખેંચી.

બીજી સવારે સ્ટીમ રૂમમાં બેઠેલો નિખિલ વિચારી રહ્યો હતો કે આ કાગળનો હવે શો ઉપયોગ કરવો?

નિખિલ આ કાગળનો વધારેમાં વધારે ફાયદો લેવા માગતો હતો. શ્વેતાની સામે આ કાગળ ધરીને સીધોસાદો સવાલ પૂછવો એ બરાબર નહોતું. એ ઇચ્છતો હતો કે શ્વેતાને વાતવાતમાં એ રીતે સપડાવે કે એની પાસે કહેવા માટે કશું ન બચે. ધૂંધવાયેલા નિખિલે મનોમન નક્કી કરી લીધું હતું કે એક વાર શ્વેતા સાથે વાત કર્યા પછી એને ઘરની બહાર તગેડી મૂકવી, કારણ કે એણે આ પત્ર લખીને બળવો પોકાર્યો હતો, જે નિખિલની દુનિયામાં એક અક્ષમ્ય અપરાધ હતો.

એણે ઘણું વિચાર્યા પછી મનમાં એક વ્યૂહરચના ઘડી કાઢી. સ્ટીમ રૂમમાંથી નીકળીને શાવર લઈને એ જ્યારે બ્રેકફાસ્ટ ટેબલ પર પહોંચ્યો ત્યારે શ્વેતા એની રાહ જોઈ રહી હતી.

સમારેલાં પપૈયાંની પ્લેટ એણે નિખિલની સામે ગોઠવી. ચાંદીનો ફોર્ક ઉપાડી નિખિલના હાથમાં આપ્યો. પોતે બાજુની ખુરશીમાં ગોઠવાઈ. પપૈયાંના ટુકડામાં ફોર્કને પરોવીને નિખિલે હાથમાં ઉપાડ્યો. એણે શ્વેતા સામે જોઈને આંખો ઝીણી કરી:

'કેસરના બાપે પોલીસ કમિશનરને કાગળ લખ્યો છે, જેમાં એણે એવું સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે આપણે કેસરનું ખૂન કરવાનો પ્રયત્ન કર્યો હતો. એની જિંદગીમાં જે કંઈ થયું એ માટે આપણને જવાબદાર ઠેરવવાનો પ્રયત્ન કર્યો છે એ નાલાયક માણસે.'

શ્વેતા ચૂપચાપ પોતાના બાઉલમાંથી દૂધ-સિરિઅલ ખાતી રહી. થોડીક થોડીક ક્ષણ મૌનમાં પસાર થવા દીધા પછી નિખિલે આગળ કહ્યું:

'એક વાર જેલમાં જઈને સંતોષ નથી થયો લાગતો... ફરી ફરીને ત્યાં પહોંચવાનો પ્રયત્ન કરે છે, દેવરાજસિંહ.'

શ્વેતા હજીય ચૂપ હતી. એના મનમાં એક વાર વિચાર આવ્યો કે એ હિંમતથી નિખિલને કહી નાખે કે પત્ર દેવરાજસિંહે નહીં, પણ પોતે લખ્યો છે. નિખિલના ગુસ્સાથી શ્વેતા અજાણ નહોતી. નોકરો અને સોમલની સામે કોઈ તાયફો થાય એને બદલે એણે નિખિલ એક વાર બેડરૂમમાં તૈયાર થવા જાય ત્યારે કહેવાનું નક્કી કર્યું.

'હું એનો શોખ પણ પૂરો કરીશ. આ વખતે એવો ફસાવીશ કે એક વાર જેલમાં ઘૂસશે પછી દીકરાના ખભે જ બહાર નીકળશે, સાલો!'

હવે શ્વેતાથી રહેવાયું નહીં. એણે ધીમેથી પોતાની વાત કહેવાની શરૂઆત કરી:

'મને લાગે છે, હવે આપણે આ બધાંમાંથી બહાર નીકળી જવું જોઈએ.'

'હું તો નીકળવા જ માગતો હતો. મેં એનું નામ નથી લીધું, પણ દેવરાજસિંહે સૂતેલા સાપનો કરંડિયો ખોલી નાખ્યો. નિખિલ શ્રોફની બોડમાં દાખલ થઈને એને છંછેડવાનું પરિણામ ખબર છે, છતાં એ બુઢ્ઢો હારતો નથી એની નવાઈ લાગે છે. છઠ્ઠીનું દૂધ યાદ કરાવી દઈશ. છોડીશ નહીં એને.' નિખિલ ત્રાંસી આંખે શ્વેતાના હાવભાવ જોઈ રહ્યો.

'એમણે કંઈ નથી કર્યું.' શ્વેતાથી રહેવાયું નહીં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તને કેવી રીતે ખબર?’ નિખિલના ચહેરા પર નવાઈ હતી, પણ મનોમન એણે એક સ્મિત કરી નાખ્યું. એનો પાસો પોબાર પડ્યો હતો. એ જ રીતે શ્વેતાએ પોતાની વાત કહેવાની શરૂઆત કરી દીધી હતી:

‘જુઓ, હવે આ બધું નકામું છે. હારવા-જીતવાની રમતમાંથી આપણે બહાર નીકળી ગયાં છીએ. કેસર સાથે હવે આપણે કોઈ સંબંધ જ નથી, પછી...’

‘સંબંધ જ નથી તેમ છતાં એ લોકો શું કામ રહીરહીને સિંહના મોઢામાં હાથ નાખે છે?’ નિખિલે ગુસ્સે થવાનો અભિનય કર્યો:

‘ત્યારે તો કેસરના ખૂનનો પ્રયત્ન નથી કર્યો, પણ હવે કેસરના દા’ડા ભરાઈ ગયા એ નક્કી.’

‘એવું નહીં કરતા. એ છોકરો તો આમાં ક્યાંય છે જ નહીં.’

નિખિલની શતરંજમાં ફરી એક વાર શ્વેતાનું મહોરું મર્યું હતું.

‘તો પછી આ કાગળ લખ્યો કોણે?’ શ્વેતા સામે જોયા વગર નિખિલે કહ્યું:

‘એ મારે શોધી કાઢવું પડે.’

‘શોધવાની જરૂર નથી.’ શ્વેતાનો અવાજ સહેજ ધ્રૂજ્યો, પણ એણે હતી એટલી બધી જ હિંમત ભેગી કરીને કહી નાખ્યું:

‘મેં...!’

શ્વેતાએ નજર ઉઠાવીને કહ્યું:

‘મેં લખ્યો છે એ કાગળ.’

એનું વાક્ય પૂરું થાય એ પહેલાં નિખિલની આંખો ફરી ગઈ. એની આંખોમાં ક્રૂરતા ઊતરી આવી. ટેબલ પર પડેલા શ્વેતાના હાથ પર એણે ચાંદીનો ફોર્ક ખોસી દીધો. શ્વેતાએ ઉપલા દાંત નીચે હોઠ દબાવીને ચામડીમાં ખૂંપી રહેલા ફોર્કની પીડાને ભીતર જ દબાવી દીધી. એના ગળામાંથી ચીસ ન નીકળી, પણ બંધ આંખોના ખૂણેથી આંસુના ટીપાં તોળાઈ રહ્યાં.

‘વેરી ગુડ, હું ઇચ્છતો હતો કે તું તારા મોઢે જ આ વાત મને કહે.’ નિખિલના દબાયેલા અવાજમાં તિરસ્કાર છલકાતો હતો:

‘ચાણક્યએ લખ્યું છે, મૂરખાઓ સૌથી વધારે સાહસિક હોય છે. આજે એ વાત નજરે જોઈ લીધી. તેં જે કર્યું છે એના પરિણામની તને કલ્પના હોત તો કદાચ તેં આવી હિંમત ન કરી હોત.’

નિખિલે આટલું કહીને શ્વેતાના ઊંધા હાથ પર ફોર્કનું દબાણ વધારી દીધું. શ્વેતાના અવાજમાં હવે દર્દ સ્પષ્ટ સંભળાતું હતું:

‘પરિણામ એ જ કે તમારી પાસે લાઇસન્સવાળી રિવોલ્વર છે. ગોળી મારી દો મને... અપરાધની લાગણી સાથે રોજ રોજ મરવા કરતાં એક વાર ઉપર પહોંચી જઈને ભૂલોનો હિસાબ કરી લેવો સહેલો પડે.’

‘ભૂલ?’ નિખિલના ચહેરા પર ક્રૂર સ્મિત આવી ગયું:

‘સૌથી મોટી ભૂલ તેં કાગળ લખીને કરી છે. એનો હિસાબ કોઈ બીજું નહીં, નિખિલ શ્રોફ કરશે.’

‘હું તૈયાર છું.’

શ્વેતાના અવાજમાં જે નિર્ભિકતા હતી એ નિખિલની કલ્પના બહારની હતી. પહેલાં તો એણે ધાર્યું જ નહોતું કે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્વેતા આટલી આસાનીથી પત્ર લખ્યાની કબૂલાત કરશે. બીજું એણે ધાર્યું હતું કે પકડાઈ જતાં જ શ્વેતા ગરીબડી થઈ જશે. ભૂલની માફી માગશે. એને બદલે એણે હવે રીતસર નિખિલની સામે મોરચો માંડ્યો હતો. નિખિલના અહંકાર માટે આ બહુ જ મોટો આઘાત હતો. એણે ચાલ બદલી. ચાંદીનો ફોર્ક પપૈયાંની પ્લેટ પર પછાડ્યો. પ્લેટના ત્રણ ટુકડા થઈ ગયા. નિખિલ ખુરશીને જોરથી ધક્કો મારીને ઊભો થયો. ખુરશી પાછળની તરફ પછડાઈ:

'યુ બીચ...' આખી શ્રોફ વિલામાં સંભળાય એટલા જોરથી નિખિલે ત્રાડ પાડી:

'સાલી... આખી જિંદગી તને હાથમાં ને હાથમાં રાખી તોય જાત પર ગઈને? મિડલ ક્લાસ એટલે મિડલ ક્લાસ... તમે લોકો સુધરો નહીં.'

રસોડામાં અને બીજા ઓરડાઓમાંથી સ્ટાફના માણસો દોડી આવ્યા. સ્ટાફને આવેલો જોઈ નિખિલે ટેબલ પર પડેલો ઓરેન્જ જ્યુસનો ક્રિસ્ટલ જગ ઉપાડ્યો અને જમીન પર પછાડ્યો. જગના ટુકડા થઈ ગયા. જ્યુસ રેલાયો...

શ્વેતા ધ્રૂજવા લાગી. હોઠ થથરતા હતા. સ્ટાફ પણ શિયાંવિયાં થઈ ગયો. કોઈએ નિખિલને આટલો ગુસ્સામાં ક્યારેય નહોતો જોયો.

નિખિલ આગળ વધીને શ્વેતાને બાવડેથી પકડી પ્રવેશદ્વાર તરફ ઘસડવા માંડ્યો:

'ચલ, નીકળ મારા ઘરમાંથી. જેને નિખિલ શ્રોફ સામે બળવો કરવો હોય એને માટે શ્રોફ વિલામાં કોઈ જગ્યા નથી.'

'ડેડ...!'

સીડીના ઉપલા પગથિયે આવીને ઊભેલા સોમલનો અવાજ શ્રોફ વિલાના ડ્રોઇંગ રૂમમાં ગૂંજી ઊઠ્યો:

'મોમનો હાથ છોડી દો.'

'તું ચૂપ રહે. તારી સાથે હું પછી વાત કરું છું.' નિખિલનો ગુસ્સો બમણા જોરથી ઊછળ્યો:

'તમને બંનેને પેલા પાંચ પૈસાના છક્કાની બહુ દયા આવે છે. બંને જણા એની મદદ કરવા એક પગે તૈયાર છો, પણ શ્રોફ વિલાના એરકન્ડિશન કમરામાં રહીને એની મદદની વાતો થઈ શકે, પરંતુ એક વાર બહાર નીકળશો તો ખબર પડશે કે તમારી પોતાની હેસિયત શું છે?'

એણે ફરી શ્વેતાનો હાથ ખેંચ્યો:

'ચલ, નીકળ.'

શ્વેતાએ બાવડું છોડાવીને ભીની પણ તેજસ્વી આંખે નિખિલ સામે જોયું:

'હું નહીં જાઉં. આ ઘર જેટલું તમારું છે એટલું મારું પણ છે.'

'શટઅપ.' નિખિલે હાથ ઉગામ્યો:

'હાથ ઉપાડશો?'

શ્વેતાની આંખોમાંથી જાણે તેજ ઝરતું હતું. એની સામે જોઈ રહેલા નિખિલથી શ્વેતાની આંખોનો સામનો ન થઈ શક્યો. એણે નજર હટાવીને ત્યાં ઊભેલા સ્ટાફ સામે જોયું.

'મને મજબૂર નહીં કર.' નિખિલે કહ્યું તો ખરું, પણ એના અવાજમાંથી જાણે પ્રાણ હરાઈ ગયા હતા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મજબૂર તો તમે મને કરી છે. તમારા સારા-ખોટા દરેક નિર્ણયમાં માથું ઝુકાવીને હું સહભાગી રહી. એમ માનીને કે આજે નહીં તો કાલે તમે ચોક્કસ સચ્ચાઈ જોઈ શકશો. તમને ક્યારેક સમજાશે કે તમે જે કંઈ કરી રહ્યા છો તે ખોટું છે...'

'મેં જે કર્યું તે સાચું કે ખોટું એનો નિર્ણય કરવાનો અધિકાર ફક્ત મને જ છે... મારો ન્યાયાધીશ હું છું. મારો ન્યાય તોળવાનો અધિકાર હું કોઈને નથી આપતો.'

'અને દુનિયાભરનો ન્યાય તોળવાનો અધિકાર તમે પોતે લઈ લો છો, એનું શું?'

'હા, લઈ લઉં છું, કારણ કે મારામાં એ આવડત છે. એટલી બુદ્ધિ છે અને એટલી સમજ પણ...'

'આવું ફક્ત તમે માનો છો, ડૅડ.' એટલું કહેતાં સોમલ સીડીના પગથિયાં ઊતરવા લાગ્યો:

'જે માણસ ખુદ આરોપીના પિંજરામાં ઊભો હોય એને બીજાનો ન્યાય તોળવાનો અધિકાર નથી. તમને પણ નહીં...' એ નિખિલની સામે આવીને ઊભો રહી ગયો હતો:

'ને મને પણ નહીં.'

સોમલે કદાચ જિંદગીમાં પહેલી વાર પિતાની આંખમાં આંખ નાખીને જોયું હતું. એની આંખોમાં પણ નિખિલને એ જ તેજ દેખાયું, જે એણે થોડી વાર પહેલા શ્વેતાની આંખોમાં જોયું હતું. નિખિલે ઉશ્કેરાટમાં સોમલના બંને બાવડાં પકડીને એને હચમચાવી નાખ્યો:

'કોની સામે બોલે છે એનું ભાન છે તને?'

'ડૅડ, ગઈ કાલ સુધી હું ચૂપ હતો. એનું એકમાત્ર કારણ એ હતું કે હું તમને દુઃખ પહોંચાડવા નહોતો માગતો.'

'અને આજે મને દુઃખી કરવા તૈયાર છે તું?'

નિખિલનો અવાજ સહેજ ધ્રૂજ્યો હતો. બીજાને ખ્યાલ ન આવે, પણ શ્વેતા એ કંપન અનુભવી શકી.

'હું તમારી જ પાસેથી શીખ્યો છું કે આપણા સિવાયનો કોઈ માણસ આપણને સુખી કે દુઃખી ન કરી શકે.' સોમલે ખૂબ સહાનુભૂતિ સાથે નિખિલના ખભે હાથ મૂક્યો:

'શા માટે તમે જ તમારા દુશ્મન થઈ ગયા છો? જે સમજ, આવડત અને બુદ્ધિની તમે વાત કરો છો એ ક્યાં જતાં રહ્યાં છે, ડૅડ?'

થોડે દૂર ઊભેલી શ્વેતાની આંખોમાં ફરી પાણી આવી ગયાં હતાં. સોમલ અત્યારે જે રીતે વાત કરી રહ્યો હતો એ રીતે શ્વેતાને લાગ્યું કે નિખિલ જાણે સોમલનો દીકરો છે અને સોમલ એક સમજદાર, ગંભીર, પુત્રની ચિંતા કરી રહેલો પિતા છે. એને પોતાના દીકરા પર ગર્વ થઈ આવ્યો. પોતાના ઉછેર અને સંસ્કાર ટાંકણે ઊગી નીકળેલા દેખાયા. એણે આંખ મીંચીને મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી:

નિખિલ આની વાત માનીને સમજદારીથી વર્તે તો સારું...

થોડીક ક્ષણ પિતા-પુત્ર વચ્ચે એક મૌન ઘુમરાતું રહ્યું. નિખિલ એકીટશે સોમલની આંખોમાં જોતો રહ્યો... નિખિલને પોતાને પણ પોતાની અંદર કશુંક પીગળતું લાગ્યું. સોમલ જે કંઈ કહી રહ્યો છે તે સાવ ખોટું નથી એવું એને ન સમજાય એટલો મૂરખ કે નાસમજ એ નહોતો જ, પણ હવે એ પોતે જ પોતાની સમજની બહાર નીકળી ગયો હતો... હારવું નિખિલની પ્રકૃતિમાં જ નહોતું. પોતાની ભૂલ સ્વીકારતાં એને કોઈએ ક્યારેય શીખવ્યું જ નહીં!

અચાનક એણે પોતાના ખભે મુકાયેલો સોમલનો હાથ ઝટકાવી નાખ્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મને સલાહ આપવાનો પ્રયત્ન નહીં કર. મને લાગે છે તું ભૂલી ગયો છે કે હું તારો બાપ છું...'

'મને બરાબર યાદ છે, ડૅડ અને એટલે જ...' સોમલનું ગળું ભરાઈ આવ્યું:

'મારાથી થઈ શકશે ત્યાં સુધી હું તમને સાચવવાનો અને બચાવવાનો પ્રયત્ન કરીશ.'

'બચાવવાનો?'

પોતાની સામે સ્તબ્ધ ઊભેલા સ્ટાફને જોઈને એણે ફરી એક વાર અહંકારનું મહોરું કસી લીધું:

'કોનાથી બચાવીશ? પેલા નંબર છથી કે એના બેવકૂફ ભાઈથી કે એના લપોડશંખ જેવા દાદાથી કે પછી દાંત અને નખ વગરના નકામા થઈ ગયેલા સિંહ જેવા નોનસેન્સ દેવરાજથી? આમાંના કોઈ મારું નુકસાન કરી શકે એમ નથી.'

'હું તમને તમારાથી બચાવવાનો પ્રયત્ન કરું છું, ડૅડ.' સોમલની આંખો તરલ થઈ ગઈ:

'હું નાનો હતો ત્યારે મારી માએ ભસ્માસુરની વાર્તા કહી હતી... જેનું કોઈ બીજો માણસ નુકસાન ન કરી શકે એને કોઈ બીજો માણસ બચાવી પણ ન જ શકે એટલું યાદ રાખજો.'

'નિખિલ...'

અત્યાર સુધી ચૂપચાપ ઊભી રહીને બાપ-દીકરાનો સંવાદ સાંભળી રહેલી શ્વેતાએ બે ડગલાં આગળ આવીને નિખિલના ખભે હાથ મૂક્યો:

'હું માનું છું સોમલના અવાજમાં આ ઈશ્વરની નોટિસ છે.'

'ગેટ લોસ્ટ.' પોતાનામાં હતી એટલી તાકાતથી નિખિલ બરાડ્યો:

'મારે તારી સલાહો કે તારી માની ફિલોસોફીની કોઈ જરૂર નથી.'

એ ક્રોધના આવેશમાં ધ્રૂજતો હતો કે ડરથી એ એને પોતાને પણ સમજાયું નહીં, પણ જિંદગીના પાંચ દાયકામાં પહેલી વાર આજે એને લાગ્યું કે એણે ક્યાંક, કશેક ઉતાવળે કાચું રાંધી નાખ્યું હતું, પરંતુ એના અહંકારે ફરી એક વાર માથું ઊંચકીને એને ટપાર્યો. બનાવટી સ્વસ્થતાનું મહોરું પોતાના ચહેરા પર ઓઢીને એણે દૃઢ અવાજે કહી દીધું:

'જે નિખિલ શ્રોફની સાથે નથી એ એની સાથે રહી પણ નહીં જ શકે. ચોવીસ કલાકમાં તમે બંને જણા આ ઘર છોડીને ચાલી જાવ એવો મારો હુકમ છે. આનો અમલ નહીં થાય તો મારે તમને બંનેને કમ્પાઉન્ડની બહાર ફેંકાવવા પડશે...' આટલું કહી એણે પોતાના સ્ટાફ તરફ એક સરસરી નજર ફેરવી:

'જે મને નહીં ગમે અને તમને તો નહીં જ ગમે એમ માનું છું.' સહેજ અટકીને એણે પૂર્ણવિરામની જેમ કહ્યું:

'ચોવીસ કલાક. ટવેન્ટી ફોર અવર્સ... બોથ ઓફ યુ શૂડ બી આઉટ.' એ સડસડાટ સીડી ચઢી ગયો.

શ્વેતાએ અસહાય નજરે સોમલ સામે જોયું. નજીક આવીને સોમલે માને બાહુપાશમાં લઈ લીધી. ઊંચા, પહોળા સોમલ સામે શ્વેતા નાજુક-નમણી ઢીંગલી જેવી દેખાતી હતી. સોમલના બાહુપાશમાં લપાઈને એનું ધ્રૂસકું છૂટી ગયું. મોટા અવાજે રડતાં સ્ટાફની દરકાર રાખ્યા વગર શ્વેતાએ રૂંધાયેલા અવાજે બોલી નાખ્યું:

'વિનાશ થશે, બેટા... આ ઘરનો!'

*

ડૉક્ટર કેસરને જોવા આવ્યા ત્યારે એ એકદમ સ્વસ્થ હતો. એના ઘાનું ડ્રેસિંગ કરીને ડૉક્ટરે એને રૂમમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શિફ્ટ કરવાની સૂચના આપી દીધી.

'હું ઘરે ના જઈ શકું?' કેસરે ધીમેથી પૂછ્યું.

'આમ તો કંઈ વાંધો નથી. નિયમિત ડ્રેસિંગ કરાવવા આવવું પડે. સંપૂર્ણ આરામ કરવો પડશે.' હાથનું હલનચલન થશે તો ફરી બ્લીડિંગ શરૂ થઈ જશે.

'નો પ્રોબ્લેમ. આમ પણ હમણાં મારે કોઈ ખાસ કામ છે નહીં. હું આરામ કરીશ.' કેસરે ડૉક્ટરને રજા આપવા માટે તૈયાર કરવા માંડ્યા:

'ઘરે હોઉં તો બધાંને રાહત રહે. મારા ઘરનાને આ બધી દોડાદોડી કરવી પડે છે.'

'શ્યોર.' ડૉક્ટરે પોતાની સાથે ઊભેલા જુનિયર્સ તરફ જોઈને સૂચના આપી:

'ડિસ્ચાર્જ પેપર્સ તૈયાર કરાવી દો.' પછી ફરી એક વાર કેસર સામે જોઈને પોતાની સૂચના દહોરાવી:

'આરામ કરવો પડશે, નહીં તો હું રિસ્પોન્સિબિલિટી નહીં લઉં.'

'શ્યોર, સર.' કેસરના ચહેરા પર સ્મિત આવી ગયું. એના સફેદ મોતી જેવા દાંત ચમક્યા:

'મને પણ મારી ચિંતા છે.'

હજી આ વાત પૂરી થાય એ પહેલાં હાથમાં બાસ્કેટ લઈને શ્રદ્ધાબહેન દાખલ થયાં. એને જોઈને કેસરનું સ્મિત સહેજ લંબાયું:

'મા, આપણે ઘરે જઈએ છીએ.'

'ડૉક્ટર?' શ્રદ્ધાબહેનનાં ચહેરા પર આશ્ચર્ય હતું.

'આમ કોઈ પ્રોબ્લેમ નથી, પણ મેં એમને કહ્યું છે...'

'નો હલનચલન, બિલકુલ આરામ.' કેસર હસી પડ્યો.

'બ્રેવ બોય!' ડૉક્ટરે એનો ખભો થાબડ્યો.

'આખરે ધાર્યું કર્યું.' સ્ટૂલ ખેંચીને બેસતાં શ્રદ્ધાબહેને બાસ્કેટ નીચે મૂકી.

'ઘેર મારી હાજરી જરૂરી છે. અહીં સૂતાં સૂતાં હું દાદાજી અને અભિમન્યુ સાથે...' અભિમન્યુનું નામ લેતાં જ કેસરનાં ભવાં સંકોચાઈ ગયાં:

'અભિ ક્યાં છે? એક વાર પણ હૉસ્પિટલ ના આવ્યો.'

કેસરને સાચું કહેવું કે નહીં એનો વિચાર કરીને એ થોડીક ક્ષણ ચૂપ રહ્યાં. પછી ધીમેથી કેસરના કપાળ પર હાથ ફેરવતાં એમણે જે કંઈ બન્યું હતું એ બધું જ કહી નાખ્યું.

'હવે તને સમજાય છેને? હું ઘેર જવાની ઉતાવળ શું કામ કરું છું!'

'હા, બેટા પણ...' શ્રદ્ધાબહેન સહેજ અચકાયાં:

'અભિ દિલનો ખરાબ નથી. તારા દાદાજી અને બીજા બધા મળીને...'

'નિખિલ...' કેસરનો ચહેરો તંગ થઈ ગયો:

'એ બીજા બધાનું નામ નિખિલ છે, મા. સૌથી દુ:ખની વાત એ છે કે નિખિલને પ્રોબ્લેમ મારી સાથે છે, પણ એણે આ લડાઈમાં બીજા બધાને ઘસડી લીધા છે. એ મારી સાથે લડ્યો હોત તો મને વાંધો જ નહોતો, પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બાપુને, અભિમન્યુને આમાં ઘસડીને એણે આ લડાઈને કદરૂપી બનાવી દીધી છે. હવે એને એની ભાષામાં જવાબ આપ્યા સિવાય મારી પાસે કોઈ રસ્તો નથી રહ્યો!'

'તું શું કરવાનો છે?' શ્રદ્ધાબહેનના અવાજમાં ચિંતા હતી.

'એ તો મેં પણ નથી વિચાર્યું. અહીંથી બહાર નીકળું પછી...' બોલતાં બોલતાં કેસર ચૂપ થઈ ગયો. એની નજર આઈસીયુના દરવાજા પર હતી. શ્રદ્ધાબહેને પાછળ ફરીને જોયું. દરવાજામાં ઊભેલી વ્યક્તિને જોઈને એમની આંખો પહોળી થઈ ગઈ. એમના ચહેરા પર પણ આશ્ચર્ય અને આઘાત સામટાં ધસી આવ્યાં હતાં.

*

રડતી માની પીઠ પર હાથ ફેરવતા સોમલની આંખો પણ સહેજ ભીંજાઈ ગઈ. એને બીજું કંઈ દેખાતું હોય કે નહીં, પણ કેસરને મળ્યા પછી એક વાત સમજાઈ ગઈ હતી કે યુદ્ધે ચઢેલા કેસરના હૃદયમાં હવે દયા નામનો શબ્દ દૂર દૂર સુધી દાખલ થઈ શકે એમ નહોતો.

મા-દીકરો એકબીજાને ભેટીને ઊભાં હતાં ત્યાં જ શ્રોફ વિલાના ઇન્ટરકોમની રિંગ વાગી. ત્યાં ઊભેલા સ્ટાફમાંથી એક જણે ફોન ઉપાડ્યો. મેઇન ગેટ પરથી સિક્યોરિટીનો ફોન હતો. ઇન્સ્પેક્ટર જયેશ પ્રધાન એના જુનિયર્સ સાથે મેઇન ગેટ પર આવી પહોંચ્યો હતો.

શ્વેતાએ ફોન લીધો.

'ગુડ મોર્નિંગ, મૅમ.' સલૂકાઈ અને ઠાવકાઈમાં જયેશ પ્રધાનનો જોટો જડે એમ નહોતો:

'તમને ડિસ્ટર્બ કરવા માટે માફી ચાહું છું, પણ મારે મિસ્ટર શ્રોફને મળવું અનિવાર્ય છે.'

'એ હજી જાગ્યા નથી.'

'હું પણ એમ જ માનું છું.' જયેશના ચહેરા પર સ્મિત આવી ગયું હશે એવું શ્વેતા કલ્પી શકી.

'પ્લીઝ, એમને જગાડો. હું અંદર આવ્યા પછી રાહ જોઈશ. એક ઇન્કવાયરી માટે અમારે એમને પોલીસસ્ટેશન લઈ જવા પડશે!'

'જુઓ, તમે એમ ન કરી શકો.'

'હું શું કરી શકું... એ વિશે આપણે ચર્ચા નહીં કરીએ, મૅમ.' જયેશે ઊંડો શ્વાસ લીધો:

'આઈ હોપ, તમે સમજી શકો છો.'

'જી...' શ્વેતાએ ફોન મૂક્યો. એણે આતંકથી વિસ્ફારિત આંખે સોમલ સામે જોયું:

'જયેશ પ્રધાન.'

'મને ખાતરી હતી.' સોમલે ખભા ઊંચક્યા. બેફિકરાઈથી પોતાના શોર્ટ્સના ફ્રન્ટ પોકેટમાં હાથ નાખીને એ સીડી ચડવા લાગ્યો:

'આપણાથી જે થઈ શકતું હતું એ બધું આપણે કરી ચૂક્યા, મોમ! હવે જે થાય તે થવા દેવાનું...'

'પણ, સોમુ...'

'ધમપછાડા કરવાથી કશું જ અટકાવી નહીં શકાય એવું હું જાણું છું અને તું સમજી શકે છે.' સીડીના છેલ્લા પગથિયે પહોંચીને સોમલ પોતાના રૂમ તરફ વળી ગયો.

પોતાના રૂમમાં જતા પહેલાં સોમલ માસ્ટર બેડરૂમમાં દાખલ થયો. કાચની બારી પાસે ઊભા રહીને દરિયાનાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મોજાં જોઈ રહેલા નિખિલના રૂમમાં સગા દીકરાને પણ નોક કર્યા વિના દાખલ થવાની પરવાનગી નહોતી. આજે નોક કર્યા વિના એ સીધો જ રૂમમાં દાખલ થઈ ગયો. નિખિલની બિલકુલ બાજુમાં જઈને ઊભો રહ્યો ત્યાં સુધી નિખિલને ખબર પણ ન પડી.

'ઇન્સ્પેક્ટર જયેશ પ્રધાન તમને પોલીસસ્ટેશન લઈ જવા આવ્યો છે.'

સોમલનો અવાજ સ્થિર અને સ્વસ્થ હતો, પણ અચાનક બાજુમાંથી આવેલા સોમલના અવાજથી નિખિલ ચોંક્યો. એણે સોમલ સામે જે નજરે જોયું એમાં ડર હતો એવું સોમલને લાગ્યું.

'એની તાકાત બહારની વાત છે.'

'વેલ! એક કેસમાં પૂછપરછ માટે તમને પોલીસસ્ટેશન લઈ જવા આવ્યો છે.'

'નિખિલ શ્રોફને પોલીસસ્ટેશન બોલાવવાની હિંમત આ દેશના કોઈ પોલીસવાળા પાસે નથી!'

એણે કહ્યું તો ખરું, પણ એને પોતાનો જ અવાજ ખોખલો લાગ્યો. એણે પોતાનો સેલ શોધવા માંડ્યો. પલંગના સાઇડ ટેબલ પર, બાથરૂમમાં, ડ્રેસિંગ ટેબલ પર, વોર્ડરોબમાં એણે ઘાંઘાવાંઘા થઈને સેલની શોધ કરી પણ એનો ફોન એને ક્યાંય દેખાયો નહીં. ઇન્ટરકોમ ઉપાડીને એણે સ્ટાફને પોતાનો સેલ શોધવાના કામે લગાડી દીધો. આખું ઘર નિખિલ શ્રોફનો સેલ શોધી રહ્યું હતું, જ્યારે જયેશ પ્રધાન શ્રોફ વિલાના ડ્રોઇંગરૂમમાં પોતાના જુનિયર્સ સાથે નિખિલ શ્રોફની રાહ જોઈ રહ્યો હતો.

'શ્રોફસાહેબ નીચે આવશે કે હું જ જઈને લઈ આવું?'

પંદરેક મિનિટ રાહ જોયા પછી એણે બઘવાઈ ગયેલી શ્વેતાને પૂછ્યું.

'એક મિનિટ...' શ્વેતાએ ઇન્ટરકોમ ઉપાડીને નિખિલ સાથે વાત કરીઃ

'મિસ્ટર પ્રધાન તમારી રાહ જુએ છે.'

'આવું છું.' નિખિલે પાડેલી બૂમ ઇન્ટરકોમના રિસીવરમાં થઈને દસ ફૂટ દૂર બેઠેલા જયેશ પ્રધાનને પણ સંભળાઈ. એના ચહેરા પર સ્મિત આવી ગયું. સવા બે વર્ષથી પણ વધુ સમયથી જયેશે પોતાનું વેર પંપાળી પંપાળીને ઉછેર્યું હતું. આ દિવસની રાહ જોઈ હતી એણે... પૂરી ધીરજથી!

'હેલો...' નીચે ઊતરતા નિખિલના ચહેરા પર સ્વસ્થતા હતી. કોઈ ઘરડી સ્ત્રી મેકઅપની પર્ત નીચે પોતાની ત્વચાની કરચલી છુપાવે એમ સ્વસ્થતાના મેકઅપ નીચે નિખિલ પોતાનો ઉદ્‌બેગ સંતાડવાનો પ્રયત્ન કરતો હતો.

'હેલો સર!'

જયેશ પૂરેપૂરી શાલિનતાથી ઊભો થયો. એણે આગળ વધીને નિખિલ સાથે હૅન્ડશેક કર્યા.

'મારો સેલફોન નહોતો જડતો એટલે થોડી વાર લાગી.'

નિખિલની વાત સાંભળીને જયેશે એક અર્થપૂર્ણ સ્મિત સાથે સબ-ઇન્સ્પેક્ટર દેસાઈ સામે જોયું. બંનેને ખબર હતી કે નિખિલનો સેલ પોલીસ કમિશનરની ઓફિસમાં રહી ગયો છે.

'બોલો, કેમ આવવું થયું?'

'આપે મારી પાસે પોલીસસ્ટેશન આવવું પડશે, સર.' જયેશ પ્રધાને બહુ જ કાળજીપૂર્વક દરેક વાક્યમાં સરનો ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘શા માટે?’

‘વેલ! માજિદ ખાન... આપ ઓળખતા હશો.’ જયેશની આંખો ઝીણી થઈ.

નિખિલે ખૂબ જ સ્વાભાવિકતાથી ડોકું ધુણાવ્યું:

‘ડોન...’

‘જી. તમારી ઓફિસમાં જે શૂટઆઉટ થયું એમાં એના સાળાએ આપનું નામ લીધું છે. એનું કહેવું છે કે...’

‘કોઈ ફાલતુ માણસ કંઈ પણ કહે એથી નિખિલ શ્રોફ ગુનેગાર નથી બની જતો. મિસ્ટર પ્રધાન, તમે પાછલો અનુભવ ભૂલી ગયા લાગો છો.’

‘યાદ છે.’ એણે સ્મિત કર્યું:

‘આપણે નીકળીએ?’

‘મને કમિશનર સાથે વાત કરાવો.’

‘જરૂર...’ જયેશે ફોન જોડીને નિખિલના હાથમાં આપ્યો:

‘સર, પોલીસ કમિશનર ઓન લાઇન.’

જયેશ પ્રધાને જાણીજોઈને પોતે વાત કરવાનું ટાળ્યું હતું. જોકે અહીં આવતાં પહેલાં એણે પોલીસ કમિશનરને માહિતી આપી દીધી હતી કે નિખિલને પોલીસસ્ટેશન બોલાવવા માટે નીકળ્યો છે.

જયેશનો ફોન જોઈને કમિશનરે પોતાનો સેલ ઉપાડ્યો:

‘યસ... કોઈ પ્રોબ્લેમ થયો છે? જો જયેશ, આમાં હું રસ લેવા નથી માગતો. એ મારી સાથે વાત કરાવવાનું કહેશે...’

કમિશનરને ખબર હતી કે નિખિલનો સેલ પોતાની પાસે હતો એટલે નિખિલ પોતાના સુધી પહોંચવા માટે જયેશને ફોન લગાડવાનું કહેશે.

‘મારે એની સાથે વાત નથી કરવી. યુ કેન ગો અહેડ. તમે તમારી ડ્યૂટી પૂરી કરો. મને મારી નોકરી અને આબરૂ બંને વહાલાં છે.’

‘હું નિખિલ બોલું છું.’

કમિશનરને આ ચાર શબ્દો સાંભળીને જ પોતાની બેવકૂફી પર અહેસાસ થયો. સામે છેડે કોણ છે એ જાણ્યા વગર એમણે બોલી નાખવાની ભૂલ કરી હતી.

‘હા જી...’

‘હું તમારું સ્ટૅન્ડ સમજી ગયો છું. મને લાગે છે હવે હોમ મિનિસ્ટર સાથે વાત કર્યા વિના આ મામલો નહીં પતે.’

‘જી...’ પણ... આગળ શું કહેવું એ કમિશનરને સમજાતું જ નહોતું.

‘લિસન... મિસ્ટર પોલીસ કમિશનર, દરેક માણસની ઉપર એક બીજી ખુરશી હોય છે. વધુ પાવર અને વધુ પહોંચવાળી એક વધુ મજબૂત ખુરશી. નિખિલ શ્રોફ આવી ખુરશીઓ ઉપર માણસને બેસવામાં મદદ કરી શકે છે તો એને ઉઠાડી મૂકવાની આવડત પણ ધરાવે છે!’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કમિશનરના પ્રમોશનમાં મદદ કરી હતી એ વાત એણે બધાની વચ્ચે યાદ કરાવી દીધી. સાથોસાથ એમને ગર્ભિત ધમકી પણ આપી દીધી.

પોલીસ કમિશનર વાડેકર હજુ કોઈ પ્રતિક્રિયા આપે તે પહેલાં નિખિલ શ્રોફે ફોન કટ કરીને જયેશને પરત કરી દીધો.

'હોમ મિનિસ્ટર સાહેબને જોડી આપું, સર?'

જયેશ પ્રધાને જે સહજ રીતે છતાં આડકતરા ઉપહાસભર્યા સ્વરે પૂછ્યું કે નિખિલ શ્રોફ ધૂંધવાઈ ગયો. એક તરફ એને થપ્પડ મારવાની ઇચ્છા થઈ આવી તો બીજી બાજુ, એનો અહંકાર હવે ધીમે ધીમે ભયમાં પલટાવા લાગ્યો હતો.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 63

કેસર અને શ્રદ્ધાબહેન અભિમન્યુ તથા નિખિલ શ્રોફની વાત કરતાં કરતાં થંભી ગયો. એ જોઈને શ્રદ્ધાબહેને પાછળ ફરીને જોયું...

આઈસીયુના દરવાજે ઊભેલી વ્યક્તિને જોઈને શ્રદ્ધાબહેનની આંખો પહોળી થઈ ગઈ. એમના ચહેરા પર આશ્ચર્ય-આઘાત બંને સામટાં ધસી આવ્યાં હતાં.

'તમે, અહીં?' એમના હોઠ ફફડ્યા.

કેસર પલંગમાંથી ઊભો થઈ ગયો. આઈસીયુના દરવાજે ઊભેલા વિદ્યાના પિતા રાકેશ ચોકસીને જોઈને મા-દીકરા બંનેની આંખોમાં પાણી આવી ગયાં.

એ આગળ વધ્યાઃ 'બેટા...' એમણે નજીક આવીને કેસરના માથે હાથ ફેરવ્યોઃ

'પાછી આવી ગઈ...' એમણે તરત સુધાર્યુંઃ

'પાછો આવી ગયો તોય મને મોઢું બતાવવા આવવાની ઇચ્છા ના થઈ તને?'

'અંકલ...' કેસરનું ગળું ભરાઈ આવ્યું હતું. એની આંખો સામે વિદ્યાનો ચહેરો તરવરી રહ્યો હતો. એ રાકેશ ચોકસીને ભેટી પડ્યો.

'વિદ્યાના ગયા પછી અમે બહુ એકલાં પડી ગયાં છીએ. તારા તો કોઈ ખબર જ નહોતા, પણ છેલ્લા બે દિવસથી ટીવીમાં જોઉં છું એટલે ખ્યાલ આવ્યો કે તું જ મારી...' એમણે ફરી સુધાર્યુંઃ

'મારો કેસર છે.'

'મારે તમને મળવા આવવું જોઈતું હતું અંકલ, પણ આવતાંની સાથે જ બધું ગૂંચવાઈ ગયું.' એ સહેજ અટક્યોઃ

'મારો પગ નહોતો ઊપડતો. એ ઘરમાં હું આવું અને વિદ્યા ન હોય એ વિચાર જ મને અંદરથી તોડી પાડતો હતો.'

'અમારો વિચાર કર, બેટા. અમે તો એ જ ઘરમાં વિદ્યા વગર જીવી રહ્યા છીએ.' રાકેશભાઈ છૂટા મોઢે રડી પડ્યાઃ

'મારું તો ઠીક છે, પણ લીનાને જોઈશ તો ઓળખી પણ નહીં શકે. હાડકું ને ચામડું રહી ગયાં છે...'

'હું સમજી શકું છું. કેસરના ગયા પછી અમારી પણ એ જ હાલત હતી, ભાઈ.' શ્રદ્ધાબહેને આંખો લૂછી.

'બેટા, તારી પાસે એક જ વસ્તુ માગવા આવ્યો છું.' રાકેશ ચોકસીની ભીની આંખોમાં આગની ઝાળ હતીઃ

'આપીશ?'

'હું તમારો દીકરો જ છું. તમે જેટલા અધિકારથી વિદ્યા પાસે માગી શકો એટલો જ અધિકાર મારા પર છે તમારો.'

એમણે આજુબાજુ જોયું. આઈસીયુની નોર્મલ પ્રવૃત્તિઓ પોતાની રીતે ચાલી રહી હતી. એક નર્સ ત્રીજા બેડ પર દર્દીને ઇન્જેક્શન આપી રહી હતી. સામે બેઠેલો જુનિયર ડૉક્ટર કશુંક લખી રહ્યો હતો. બાજુનો બેડ ખાલી હતો. દૂર એક પલંગમાં સૂતેલા કાકાના શ્વાસ એટલા જોરથી ચાલતા હતા કે એની ઘરઘરાટી અહીં સુધી સંભળાતી હતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'બેટા...' રાકેશ ચોકસીનો અવાજ એકદમ ધીમો થઈ ગયો:

'વિદ્યાએ આપઘાત નથી કર્યો, એનું ખૂન થયું છે.'

'શું?' કેસરની આંખો ઝીણી થઈ ગઈ, ભવાં સંકોચાઈ ગયાં:

'એણે તો પંખે લટકીને...'

'પણ લટકવાની ફરજ કોણે પાડી? મારી હસતી-રમતી ખુશખુશાલ દીકરીને જિંદગીનો અંત લાવવા તરફ ધકેલી કોણે?'

રાકેશ ચોકસીનો ચહેરો લાલ થઈ ગયો હતો. એમની આંખો પહોળી હતી. હાથની મુઠ્ઠી વારંવાર ઉઘાડ-બંધ થતી હતી.

'નીલાંગ...' કેસરનાં જડબાં તંગ થઈ ગયાં.

'પોતાની ભૂલની માફી માગવાને બદલે એમણે વિદ્યાના ચારિત્ર્ય તરફ આંગળી ચીંધી... મારી મરેલી દીકરી ઉપર આરોપ મૂક્યો...' એમની આંખો ફરી છલકાવા લાગી હતી:

'એમાં પેલા નિખિલ શ્રોફે મત્તું મારી આપ્યું. તું જ કહે બેટા, વિદ્યા એવી છોકરી હતી?'

'નહોતી જ... જિંદગી શરૂ કરતાં પહેલાં જિંદગી પૂરી થઈ જાય એવો કોઈ ગુનો નહોતો કર્યો એ છોકરીએ.'

શ્રદ્ધાબહેને સહાનુભૂતિથી રાકેશભાઈના બાવડે પોતાનો હાથ મૂક્યો:

'ક્યારેક ઈશ્વરની રમત આપણને સમજાતી નથી, ભાઈ.'

'ઈશ્વરની રમત ન સમજાય ત્યાં સુધી મને વાંધો નથી, પણ માણસ રમત રમી જાય એ નહીં સાંખી લઉં.'

રાકેશભાઈએ કેસરની આંખમાં જોયું:

'ઘરડો છું. એકલો છું. કોઈ પહોંચ નથી મારી, પણ મેં નક્કી કર્યું છે કે નિખિલ શ્રોફને એક દિવસ આ આખીયે વાતનો જવાબ આપીશ. નીલાંગના પિતા મહેશભાઈએ તો નીલાંગ માટે જે કર્યું તે ભલે કર્યું, પણ નિખિલ શ્રોફને લેવાદેવા શું આખી વાત સાથે? એને કોણે અધિકાર આપ્યો મારી દીકરી વિશે એક શબ્દ પણ બોલવાનો?'

'એ બધું તો એણે મારે લીધે કર્યું.' કેસરના અવાજમાં અપરાધનો ભાવ હતો:

'વેર તો મારી સાથે હતું. વિદ્યા તો...' કેસરે જાણે દૃઢ નિશ્ચય કરી લીધો હોય એમ ડોકું ધુણાવ્યું:

'અંકલ, હું તમારી સાથે જ છું. બોલો, તમારે શું કરવું છે?'

'મારે? મારું વેર લેવું છે.'

'કેવું વેર?'

રાકેશભાઈની આંખો ફરી એક વાર બદલાઈ ગઈ:

'મારે વેર રૂપે નિખિલ શ્રોફને માત્ર એક તમાચો મારવો છે!'

'બસ! એટલાથી સંતોષ થઈ જશે?'

'મને તો ક્યારેય સંતોષ નહીં થાય, પણ સ્વર્ગમાં બેઠેલી મારી દીકરીના આત્માને એટલો સંતોષ થશે કે એના બાપે એને ગાળ દેનારને પાઠ ભણાવી દીધો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રાકેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. આઈસીયુમાં એમનો અવાજ ઊંચો થઈ ગયો હતો એનો એમને પોતાનો ખ્યાલ ન રહ્યો. કેસરે એમના ખભે હાથ મૂકીને એમને શાંત રહેવાનો ઇશારો કર્યો. રાકેશભાઈ સમજી ગયા. એમણે ફરી એક વાર જાત પર કાબૂ મેળવી લીધો:

'તું જ કહે બેટા, મારી જગ્યાએ તું હોત તો વિદ્યાના ચારિત્ર્ય પર આંગળી ઉઠાવનારને તેં શું કર્યું હોત?'

'મારું વેર તો હજુ બાકી છે, પણ તમારે જે કરવું છે એ થશે. હું તમને વચન આપું છું.'

કેસરે કહ્યું ત્યારે શ્રદ્ધાબહેનને મહાભારતમાં કૃષ્ણ દ્વારા દ્રૌપદીને અપાયેલા વચનની યાદ આવી ગઈ.

કૃષ્ણ જ્યારે વિષ્ટિ કરવા જતા હતા ત્યારે દ્રૌપદીએ એમને રોકીને પૂછ્યું હતું:

તમને મારા અપમાનનું સહેજ પણ દુ:ખ નથી?

તને જેમણે રડાવી છે એ સહુ પણ રડશે. મારાં આ વચન ખોટાં નહીં પડે. કૃષ્ણએ કહ્યું હતું...

કેસરના ચહેરા પર શ્રદ્ધાબહેનને કોઈ અપાર્થિવ તેજ ઝળકતું દેખાયું. હજી બે દિવસ પહેલાં જે કેસર એમના ઘેર દાખલ થયો હતો એ કેસરમાં અને આજના કેસરમાં અજબ જેવો ફેરફાર એમણે નોંધ્યો.

'બેટા, તારી બહેનપણી અને એનાં મા-બાપ સૌ તને આશિષ આપશે. એક વાર નિખિલ શ્રોફને એવો પાઠ ભણાવ કે એક નિર્દોષ છોકરી ઉપર કલંક લગાડતાં પહેલાં માણસ વિચાર કરતો થઈ જાય.'

આંખોમાં આંસુ અને ગળામાં ભરાયેલા ડૂમા સાથે વિદ્યાના પિતા કેસરને ભેટી પડ્યા. એમની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. એમની પીઠ પર હાથ ફેરવતાં કેસરે પણ પોતાની આંખો મીંચી દીધી. કેસરની બંધ આંખ સામે વિદ્યાનો ચહેરો દેખાતો હતો. વિદ્યાની આંખમાં એક સજળ ફરિયાદ હતી.

એ જ વખતે જુનિયર ડૉક્ટર બે કોન્સ્ટેબલ સાથે હાથમાં પેપર્સ લઈને દાખલ થયા:

'તમારે અહીં સહી કરવી પડશે. તમને ડિસ્ચાર્જ આપતાં પહેલાં અમારે કાયદેસર રીતે પોલીસને ઇન્ફોર્મ કરવું પડે. અટેમ્પ્ટ ઓફ મર્ડરમાં ફરિયાદ થઈ છે ને?'

કેસરે સહી કરી.

કોન્સ્ટેબલે કેસરની સામે જોયું:

'સાહેબે પૂછ્યું છે કે તમને પ્રોટેક્શનની જરૂર હોય તો આ ફોર્મમાં વિગતો લખી આપો.'

'હમણાં તો કોઈ જરૂર નથી.'

'માગી લે ને, બેટા. એનો કોઈ ભરોસો નથી.' શ્રદ્ધાબહેનને ચિંતા થતી હતી:

'પોલીસ પ્રોટેક્શન હોય તો કમસેકમ...'

'મા... પ્રોટેક્શન ઉપરવાળાનું. જો એણે મને મારવો જ હોત તો બબ્બે પ્રયત્ન પછી આમ અહીંયાં વન-પીસમાં ન ઊભો હોત.' કેસરના ચહેરા પર સ્મિત રમી ગયું. એણે કોન્સ્ટેબલને પૂછ્યું:

'સાહેબ ક્યાં છે?'

'સાહેબ તો...' આટલા બધા લોકોની વચ્ચે વિગત આપવી કે નહીં એમ વિચારીને કોન્સ્ટેબલ ચૂપ થઈ ગયો. કેસરે પણ વાત ત્યાં જ સમેટી લીધી.

વિદ્યાના પિતાએ છૂટા પડતી વખતે ફરી એક વાર એના માથે હાથ ફેરવ્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મને આપેલું વચન નહીં ભૂલતો, બેટા.'

'ઉપરવાળાએ ઇચ્છ્યું હશે તો તમારી ઇચ્છા જલદી જ પૂરી થશે, અંકલ.' હાથ દુઃખતો હોવા છતાં એ વાંકો વળીને રાકેશભાઈને પગે લાગ્યો. આંખો લૂછતાં રાકેશભાઈ પોતાની ગાડી તરફ ચાલી ગયા.

લીલાવતી હૉસ્પિટલથી ઘર સુધી મા-દીકરો બંને સાવ ચૂપ રહ્યાં. વિદ્યાના અકાળ મૃત્યુનો ઓછાયો એ બંનેની વચ્ચે પીડા બનીને ઝૂલતો રહ્યો. વિદ્યા સાથે વિતાવેલી ક્ષણો યાદ કરીને કેસર ઉદાસ હતો અને શ્રદ્ધાબહેનના મનમાં આવનારા દિવસોની આશંકા ફેણ માંડીને બેઠી હતી.

*

હોમ મિનિસ્ટર સાહેબને જોડી આપું, સર?

જયેશ પ્રધાને આ પ્રશ્ન જરા વ્યંગમાં પૂછ્યો ત્યારે એનો આત્મવિશ્વાસ જોઈને નિખિલ સહેજ ઢીલો પડી ગયો.

ભલભલાને પાઠ ભણાવવા માટે જાતજાતના દાવપેચ રમી ચૂકેલા નિખિલને એટલો ખ્યાલ તો આવી જ ગયો હતો કે જયેશ પ્રધાન બધું પાકેપાયે નક્કી કરીને પછી જ શ્રોફ વિલાના દરવાજે આવ્યો હતો.

'કાયદાને માન આપવું એ મારી ફરજ છે, એટલે હમણાં તો તમારી સાથે આવું છું, પણ તમે મને બહુ વાર સુધી રોકી નહીં શકો.'

નિખિલે કાચા પડ્યા વિના જયેશની સામે હિંમતનું મહોરું પહેરી રાખ્યું. એ ચૂપચાપ આગળ ચાલવા લાગ્યો. જયેશ પ્રધાન મોટાં ડગલાં ભરીને એની સાથે થઈ ગયો. એની બાજુમાં ચાલતાં એણે ધીમેથી ફક્ત નિખિલ જ સાંભળી શકે એમ કહ્યું:

'જેને ન આવડતા હોય એવા દરેકને કાયદો અને વ્યવસ્થા શીખવવાનો મારો શોખ હજી એમ જ છે, સર.' એના ચહેરા પર ફરી વ્યંગથી ભરેલું સ્મિત રેલાઈ ગયું:

'હા, હવે મેં શીખવવાની રીત બદલી નાખી છે!'

કશું જ બોલ્યા વિના નિખિલ દરવાજાની બહાર નીકળી ગયો. અત્યાર સુધી પૂતળાની જેમ ઊભેલી શ્વેતામાં અચાનક પ્રાણ આવ્યા હોય એમ એ પાછળ દોડી.

'તમે આ બરાબર નથી કરતા. નિખિલ શ્રોફ જેવા માણસને...' એ જયેશ અને નિખિલની સામે આડી ઊભી રહી ગઈ.

'મૅડમ, તમારી માફી ચાહું છું, પણ પોલીસની કાર્યવાહીમાં દખલ ન કરો તો સારું.' એણે શ્વેતાને કહ્યું, પણ સંભળાવ્યું નિખિલને:

'હું પણ જાણું છું કે સાહેબ કેટલા મોટા માણસ છે. એમની સાથે કામ પાડતાં પહેલાં હું સો ગળણે ગાળીને પાણી પીઉં એટલો હોશિયાર તો થઈ જ ગયો છું હવે.' નિખિલને જીપમાં બેસાડતાં એણે ધીમેથી ઉમેર્યું:

'આગોતરા જામીનનો ટાઇમ પણ નથી આપ્યો, તમને... એટલા પરથી તો સમજી જ ગયા હશો કે મારો ઇરાદો શો છે!'

જયેશની આંખોમાં દેખાતી ક્રૂરતા નિખિલને ધ્રુજાવી ગઈ. જિંદગીમાં પહેલી વાર નિખિલ શ્રોફને લાગ્યું કે એની ગણતરી ક્યાંક કાચી પડી ગઈ છે.

નિખિલના જતાં જ શ્વેતા દોડતી ઉપર ગઈ. એણે બારી પાસે ઊભેલા સોમલને પકડીને હચમચાવી નાખ્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તારા ડેડને લઈ ગયા...’

‘ખબર છે મને.’

‘તું ઊભો છે?’

‘તો હું શું કરું?’

સોમલે જે નજરે શ્વેતા સામે જોયું એ નજર શ્વેતા સહી શકી નહીં. થોડી વાર પહેલાં નિખિલ જે રીતે વર્ત્યો હતો એની પ્રતિક્રિયા જાણે સોમલની નજરમાં તરવરતી હતી. શ્વેતાની નજર ઝૂકી ગઈ. ભાંગેલા પગે એ પથ્થરની પાળી પર બેસી ગઈ.

‘ગમે તેવા તોય... તારા પિતા છે - મારા પતિ છે.’ શ્વેતાએ આજીજીભર્યા અવાજે કહ્યું:

‘આપણા વકીલને ફોન કરીને કંઈક તો તું કરીશને?’

‘હા. સમાજમાં રહું છું એટલે અને શ્રોફકુટુંબની જે પ્રતિષ્ઠા છે એ માટે પણ એટલું તો મારે કરવું પડશે.’

મા-દીકરા વચ્ચે ખાસ્સા સમય સુધી એક વજનદાર મૌન ઘુમરાતું રહ્યું.

સોમલે એમના વકીલ ધનવંત કાપડિયાને ફોન કરીને બધી વિગતો આપી. એમને ઓફિસે બોલાવ્યા. એ પોતે પણ તૈયાર થઈને ઓફિસ જવા નીકળી ગયો...

સોમલના ગયા બાદ શ્વેતા વધુ બેચેન બની ગઈ. એને રહીરહીને પોતે લખેલા પત્ર વિશે અપરાધી હોવાનો ભાવ ઊભરાઈ આવતો હતો. જાત સાથે સારો એવો સંઘર્ષ કર્યા પછી એણે ડૉ. પ્રતિમા પટેલને ફોન જોડ્યો.

પોતાની બધી વાત કહીને સારું એવું રડી નાખ્યા પછી એણે પૂછ્યું:

‘હવે શું થશે?’

‘જો શ્વેતા, આ જે કંઈ થયું એનો ભાર કે યશ કશુંય તારે લેવાની જરૂર નથી. એક સાચા અને સારા માણસ તરીકેની ફરજ તેં પૂરી કરી. એનાં જે કોઈ પરિણામ આવશે તે નિખિલે ભોગવવાં જ રહ્યાં.’

‘પણ મેં પત્ર ન લખ્યો હોત તો કદાચ હજીયે...’

‘આજે નહીં તો કાલે... જે થવાનું છે એને તું પણ ટાળી શકવાની નહોતી જ... એક નિર્દોષ છોકરીને આટલી બધી રંજાડ્યા પછી નિખિલને કંઈ ન થાય એવું તો ક્યાંથી બને?’

‘એ પાછા આવશે પછી મારું શું થશે?’

‘એ વાતનો ડર રાખવાની જરૂર નથી.’

‘આજે સવારે મને કાઢી મૂકવાની અણી પર હતા એ...’ શ્વેતાને ફરી ડૂમો બાઝી ગયો:

‘ત્રીસ વર્ષ આ ઘરમાં એમને ગમ્યું એ રીતી જીવી, છતાં મને શું મળ્યું?’

‘આ સવાલ તારે તારી જાતને પૂછવાનો છે. આપણે જ્યારે અન્યાય અને અહંકાર સામે માથું ઝુકાવીએ છીએ ત્યારે આપણા સ્વમાનની સાથે સાથે આ સમાજને પણ નુકસાન કરીએ છીએ.’

‘પ્રતિમા... મને તો આપઘાત કરવાના વિચારો આવે છે. નિખિલ પાછા આવે, પછી મને આ ઘરમાંથી જવાનું કહે એ પહેલાં હું જ...’

‘પાછા આવે ત્યાં સુધી રાહ તો જો, શ્વેતા.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પ્રતિમાના અવાજમાં કશુંક એવું હતું, જેનાથી શ્વેતા ધ્રૂજી ગઈઃ

'એ ક્યારે પાછા આવે છે અને કઈ હાલતમાં આવે છે એની આપણને ક્યાં ખબર છે?'

*

ઘર પાસે હજી ગાડી પાર્ક થાય એ પહેલાં કેસરના સેલફોન પર નેહાનું નામ ઝબકવા લાગ્યું.

'ઘેર પહોંચી ગયો?'

'હમ્મ.'

'મને લીધા વિના?'

'તારી પાસે ગાડી છે. ડ્રાઇવ કરીને આવી જા.'

કેસરના અવાજમાં થોડી નિર્લેપતા લાગી નેહાને... એને સમજાઈ ગયું કે રોમેન્સનો સમય પૂરો થયો... હવે એક્શનની શરૂઆત કરવાનો સમય પાકી ગયો હતો.

'નિખિલ શ્રોફને પોલીસે ડિટેઇન કર્યો છે - પૂછપરછ ચાલે છે. એરેસ્ટ પણ કરે!'

કેસરને જે સમાચાર આપવા એ હૉસ્પિટલ દોડી ગઈ હતી એ સમાચાર એણે આપ્યાઃ

'જયેશ પ્રધાનનો ફોન હતો મારા પર.'

'સરસ.' કેસરનો અવાજ સ્થિર હતો.

'આજે શુક્રવાર છે. સાંજ પહેલાં કોર્ટમાં રજૂ નહીં કરે એવું કહેતો હતો...' નેહાના અવાજમાં ઉત્તેજના હતીઃ

'જો એમ થાય તો નિખિલ શ્રોફે શનિ-રવિ લોકઅપમાં વિતાવવા પડશે!'

'હમ્મ.'

'એક બીજા સમાચાર પણ છે મારી પાસે... સરકારી કોલોનીનું ટેન્ડર પોતાને જ મળશે એમ માનીને નિખિલે બજારમાંથી માલ ઉઠાવ્યો છે. સિમેન્ટ, સળિયા અને રેતીનો સંગ્રહ કરી લીધો છે એણે...'

'એટલે જો એને કોન્ટ્રેક્ટ ન મળે તો આ બધું નકામું થાય.'

'રાઈટ યુ આર! કરોડોના ખાડામાં ઊતરી જાય.' નેહા ખુશ થઈ ગઈ,:

મારી પાસે ટેન્ડરની કોપી છે. આજે છેલ્લો દિવસ છે. તારે આ ટેન્ડર ભરી દેવું જોઈએ.'

'હું ઓફિસ પહોંચું છું. તું કોપી લઈને...'

'હું સીધી ત્યાં જ જાઉં છું.'

ફોન કાપીને કેસર ગાડીમાંથી ઊતરતો હતો કે શ્રદ્ધાબહેનથી એના ખભે હાથ મુકાઈ ગયો.

'બેટા, આપણે રાજપૂત છીએ. યુદ્ધના નિયમો પાળવા એ આપણા લોહીમાં છે. યુદ્ધ ગમે તેની સાથે હોય, આપણે આપણું ગૌરવ છોડીને નહીં લડવાનું. ઈશ્વર એનો જ રથ હાંકે છે, જે ધર્મયુદ્ધ લડે છે.'

'હા, મા.' કેસરે એક ઊંડો શ્વાસ લીધોઃ

'હું આ વાત હંમેશાં યાદ રાખીશ.'

ઘરમાં દાખલ થઈને કેસર સીધો ઉપર દેવરાજસિંહના રૂમમાં પહોંચી ગયો. દસ-પંદર મિનિટ સુધી રૂમનો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દરવાજો બંધ રહ્યો. પંદર મિનિટ પછી બાપ-દીકરો ઓફિસ જવા નીકળ્યા. કેસરે એ વખતે અભિમન્યુ વિશે કંઈ પૂછ્યું નહીં એટલે શ્રદ્ધાબહેનને ઘણી રાહત થઈ. એ બંને દરવાજે પહોંચ્યા ત્યારે શ્રદ્ધાબહેન મંદિરમાંથી આરતીની થાળી લઈને કેસર સમક્ષ આવ્યાં:

'હું એ નથી જાણતી કે તું કયા કામે જાય છે, પણ તારી આંખોમાં લખ્યું છે કે તું કેસરિયાં કરીને મેદાને પડ્યો છે.'

એમણે કેસરના કપાળ પર કંકુનું તિલક કર્યું. ચોખા ચોડ્યા. એમની આંખોમાં સહેજ ભીનાશ તરી આવી:

'બેટા, હવે તો જીતીને જ પાછો આવજે. આ ઘરના દરવાજે હું તને આમ જ તિલક કરીને વધાવું એવી હું ઈશ્વરને પ્રાર્થના કરીશ.'

શ્રદ્ધાબહેને હાથ લંબાવીને દેવરાજસિંહના કપાળે તિલક કર્યું. દેવરાજસિંહે ધ્રૂજતા હાથે પત્નીનો હાથ પકડી લીધો:

'તું તો સ્વયં શ્રદ્ધા છે. તું જેના લલાટે ચાંદલો કરે, જીત એના ભાગ્યમાં આપોઆપ લખાઈ જાય.'

સૌનાં શરમ-સંકોચ છોડીને એમણે પત્નીને ગળે લગાડી દીધી.

ઓફિસ પહોંચીને કેસરે નેહાએ આપેલા મોસ્ટ કોન્ફિડેન્શલ ટેન્ડર કોપીની સીડી કેસરે પોતાના લેપટોપમાં સરકાવીને એની વિગતો ચેક કરી અને દેવરાજસિંહની સલાહ-સૂચના મુજબ નજીવા ભાવના ફેરથી એણે પોતાનું ટેન્ડર તૈયાર કર્યું. નિખિલ શ્રોફે આપેલી કેટલીક સવલતો અને વચનોમાં એણે સાવ નાના કહી શકાય એવા ઉમેરા કર્યા. એકાઉટન્ટને ડ્રાફ્ટ તૈયાર કરાવવાની સૂચના અપાઈ ગઈ.

છસ્સો કરોડથી વધુ રકમનું આ ટેન્ડર જો નિખિલ શ્રોફને ન મળે તો એણે એ કોલોની બાંધવા સંઘરેલો માલ નકામો થાય... સાથે જ એણે ઇન્વેસ્ટ કરેલા પૈસા ફસાઈ જાય. એના પ્રોજેકટમાં ફાઇનાન્સ કરનારા બધાને નિખિલમાં રહેલો વિશ્વાસ હચમચી જાય... ટેન્ડર સીલ કરતાં કરતાં કેસરના ચહેરા પર સ્મિત આવી ગયું.

'નિખિલ શ્રોફે ભરેલા આ ટેન્ડરની કોપી તારા હાથમાં ક્યાંથી આવી?' કેસરે થોડા વિસ્મય સાથે નેહાને પૂછ્યું.

'સમય જ્યારે સીધો ચાલતો હોય ત્યારે માણસે અવળાં કામ ન કરવાં જોઈએ.' નેહા હસી પડી:

'કારણ કે સમય જ્યારે અવળો ફરવા માંડે ત્યારે માણસ સીધાં કામ કરે તો પણ એનું પરિણામ અવળું જ આવે.'

'લિસન, મને અત્યારે આવી પઝલ-ઉખાણાં સોલ્વ કરવામાં રસ નથી.' કેસરનો ચહેરો ગંભીર હતો.

અત્યાર સુધી નેહા-કેસરની વાત ચૂપચાપ સાક્ષીભાવે સાંભળી રહેલા દેવરાજસિંહે પોતાના મનની વાત કહી નાખી:

'આ ટેન્ડર પર કેટલો ભરોસો કરી શકાય? આ છેલ્લું છે કે આના પછી...' એમણે આંખો ઝીણી કરી:

'બની શકે નિખિલ આપણને ખોટું ટેન્ડર મોકલીને ટ્રેપ કરતો હોય... નેહા!'

'એવું નથી. આ ટેન્ડર મેં સોમલ સાથે મળીને અમારા અકાઉન્ટન્ટની મદદથી ભર્યું છે. તું જેટલો વિશ્વાસ મારા પર કરી શકે એટલો આ ટેન્ડર પર થઈ શકે.'

'ક્યારે ખૂલવાનાં છે આ ટેન્ડર?'

'આવતા અઠવાડિયે...' નેહાના ચહેરા પર નિશ્ચિત વિજયનું સ્મિત હતું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કેસર, આ કોન્ટ્રેક્ટ જો તને મળી જાય તો નિખિલ શ્રોફને બીજો તમાચો પડશે.’

‘બીજો?’

‘પહેલો તમાચો તો જયેશ પ્રધાને ઠોકી દીધો.’ દેવરાજસિંહે નવાઈથી કેસર સામે જોયું. એમની આંખોમાં રહેલા પ્રશ્નનો જવાબ નેહાએ આપ્યોઃ

‘નિખિલ પોલીસ કસ્ટડીમાં છે. જયેશ પ્રધાને કેસર ઉપરના શૂટઆઉટ માટે એને ડિટેઇન કર્યો છે ને અત્યાર સુધીમાં તો એરેસ્ટ પણ કરી લીધો હશે!’

‘જયેશની હિંમતને દાદ છે.’ દેવરાજસિંહના અવાજમાં નિરાશા છતી થઈ ગઈઃ

‘પણ નિખિલને પોલીસસ્ટેશનથી આગળ નહીં લઈ જશે... છેક દિલ્હી હોમ મિનિસ્ટર સુધી ઓળખાણો છે એની. એને બાંધી રાખવો જયેશની પહોંચ બહારની વાત છે.’

નેહા અને કેસરે સામસામે જોયું. બંનેની આંખોમાં પણ આ જ પ્રશ્નાર્થ હતો.

*

વકીલની સાથે સોમલ પોલીસસ્ટેશન પહોંચ્યો ત્યારે શુક્રવારની બપોર ઢળી ગઈ હતી. પ્રધાન આરામથી ટેબલ પર પોતાનું કામ કરી રહ્યો હતો. નિખિલ શ્રોફ પોલીસ લોકઅપમાં જમીન પર બેઠો હતો. માજિદનો સાળો તન્વીર સંકોચાઈને એક ખૂણામાં થોડે દૂર બેઠો હતો. એની આંખોમાં નિખિલ માટેનો ભય સ્પષ્ટ દેખાતો હતો.

‘આવો, સોમલભાઈ.’ જયેશનો અવાજ સાંભળીને પણ નિખિલ ઊભો ન થયો. એ જ્યાં બેઠો હતો ત્યાં એ જ સ્થિતિમાં બેસી રહ્યો.

‘મારા ડેડને તમે અહીં પૂછપરછ માટે લાવેલા તો...’

‘વેલ, પૂછપરછ કરી લીધી. અટેમ્પ્ટેડ મર્ડરનો કેસ છે. એમાં એમનું નામ આવ્યું છે... નાઉ હી હિઝ અન્ડર એરેસ્ટ!’

ઇન્સ્પેક્ટર જયેશ પ્રધાને સ્પષ્ટ સ્વરે જવાબ આપી દીધો.

અન્ડર એરેસ્ટ!

‘પણ એમને બેલ તો મળી શકેને?’

‘અફ કોર્સ. અમે આ એરેસ્ટ બાદ એમને કોર્ટમાં રજૂ કરવાના જ હતા. કાયદા મુજબ ચોવીસ કલાકમાં કાર્યવાહી કરવી જ પડે, પણ શું છે કે આ કાર્યવાહીમાં જ બહુ ટાઇમ લાગી ગયો!’ એણે રિસ્ટવોચમાં સમય જોયોઃ

‘ઓહ, મોડું થઈ ગયું. આપણે પહોંચીશું ત્યાં સુધીમાં તો કોર્ટ બંધ થઈ જશે.’

‘મને ખબર છે તમે જાણીજોઈને સમય વેડફ્યો છે.’

નિખિલ શ્રોફના વકીલ કાપડિયા ઉશ્કેરાઈ ગયા. જયેશ પ્રધાને ઠંડા કલેજે નજર ઘુમાવી. પહેલાં વકીલ સામે, પછી સોમલ સામે જોઈને એ ફરી ટેબલ પર રજિસ્ટરમાં કશુંક લખવામાં વ્યસ્ત થઈ ગયો.

થોડીક ક્ષણ એમ જ ઊભા રહ્યા પછી સોમલ બેચેન થયોઃ

‘તો હવે...’ એ જયેશ પ્રધાનનો મિજાજ જાણતો હતો.

‘હવે તો સોમવારે ઊઘડતી કોર્ટમાં એમને પેશ કરીશું.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એમ કેમ ચાલે? આવતી કાલે સવારે મેજિસ્ટ્રેટના ઘેર પણ એમને રજૂ કરી શકાય.’ વકીલ કાપડિયાએ દલીલ કરી.

‘સર, કાયદો મારાથી વધારે તો તમે જ જાણો છો. હા, એટલી ઇમરજન્સી હોય તો થઈ જ શકે.’

‘ઇમરજન્સી છે જ...’ કાપડિયાએ ટેબલ પર હાથ પછાડ્યોઃ

‘નિખિલ શ્રોફ કોણ છે એની તમને બરાબર ખબર છે.’

‘અફ કોર્સ, જાણું છું કે એ બહુ મોટા માણસ છે. તમે કહો છો તો કાલે સવારે મેજિસ્ટ્રેટના ઘેર આપણે સ્પેશિયલ રજૂઆત કરીને સાહેબના બેલ મંજૂર કરાવી લઈશું.’

આટલું કહી જયેશ પ્રધાને પોતાનો અવાજ વધુ ઊંચો કરીને નિખિલ સાંભળી શકે એવી રીતે ઉમેર્યુંઃ

‘જો બેલ મળે તો...’

‘ન શું કામ મળે?’

‘વેલ, અમારી પાસે પણ એક સરકારી વકીલ હોય છે. કેસને ટેમ્પર કરવાના, સાક્ષીઓને ફેરવી નાખવાના કે દેશ છોડી જવાના ભય હેઠળ કદાચ બેલ ન મળે તો અમારે એમને જ્યુડિશિયલ કસ્ટડીમાં રાખવા પડે.’

જયેશ ચહેરા પર સ્મિત સાથે એકદમ આરામથી વાત કરતો હતોઃ

‘તમે જેમ બેલ માગશો એમ અમે પણ રિમાન્ડ માગીશુંને? જોઈએ... કોને, શું મળે છે!’

‘ઓફિસર... હું એક વિનંતી કરી શકું?’

‘ઘેર લઈ જવા સિવાયની તમારી કોઈ પણ વાત વિશે મને પ્રોબ્લેમ નથી. ઘેરથી ચાદર આપવી હોય, ટિફિન લાવવું હોય...’ જયેશે ખભા ઊંચકીને કાપડિયા સામે જોયુંઃ

‘ફિલ ફ્રી!’

એણે ફરી એક વાર કટાક્ષભર્યા સ્વરમાં નિખિલને સંભળાવ્યુંઃ

‘કાયદો અને વ્યવસ્થા બધાએ શીખવા પડે. કોઈક સહેલાઈથી શીખી જાય, ને કોઈકને જરા કડક રીતે શીખવવા પડે... સમજો છો ને?’

લોકઅપમાં બેઠેલા નિખિલ માટે જયેશનું એક એક વાક્ય ધગધગતા ડામ જેવું હતું. એણે ક્યારેય નહોતું કલ્પ્યું કે કોઈ દિવસ આ સ્થિતિમાં મુકાવું પડશે અને જે કંઈ થયું એને માટે સીધી કે આડકતરી રીતે કેસર જવાબદાર હતો એ વાત એની અંદર વધુ કડવાશથી ઘુંટાવા લાગી.

એક વાર બેલ થાય તો હવે કેસરને પકડી લાવીને નજર સામે પોઇન્ટ બ્લેન્કથી ઉડાવી એની લાશ પર બેસીને વ્હીસ્કીનો પેગ નહીં બનાવું તો હું બે બાપનો!

એણે દાંત ભીંસીને મનોમન કેસરને એક ગંદી ગાળ ફટકારીને ગાંઠ વાળી લીધી...

હતાશ થઈને સોમલ અને વકીલના ગયા પછી જયેશ પ્રધાન લોકઅપના સળિયા પાસે આવ્યોઃ

‘સર... કંઈ જોઈએ? હું નીકળું છું. ઘેર જઈશ. વરણ ભાત ખાઈશ ને ઊંઘી જઈશ.’

નિખિલે એની સામે જોયું પણ નહીં.

‘તમારા ખાસ ફ્રેન્ડને ફોન કરી દઉંને?’ જયેશે સ્મિત સાથે પૂછ્યુંઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તમને મળવાની ઇચ્છા હોય તો અહીંયાં બોલાવી લઉં...’

‘જુઓ ઓફિસર...’

‘જોઈ જ રહ્યો છું ને!? મારી નજર સામે જોઉં છું ત્યારે પણ વિશ્વાસ નથી આવતો કે દેશના ટોપટેનમાં ગણાતો બિઝનેસ ટાયકૂન મારા લોકઅપની ધૂળમાં રગદોળાય છે.’

જયેશે પોતાનો સેલ કાઢ્યો. નંબર લગાડીને કાને ધર્યોઃ

‘હું જયેશ પ્રધાન બોલું છું. તમે ભલે ડરના માર્યા મને સાચું કહેવાનું ટાળ્યું, પણ જે માણસે તમારા પર હુમલો કર્યો હતો એણે સચ્ચાઈ ઓકી નાખી છે. તમારા પર હુમલો કરાવનાર નિખિલ શ્રોફ અત્યારે પોલીસ કસ્ટડીમાં છે - અન્ડર એરેસ્ટ!’

સામેવાળાએ શું કહ્યું એ નિખિલને સંભળાયું નહીં, પણ જયેશ ખડખડાટ હસી પડ્યોઃ

‘એ તો હું જાણું જ છું, પરંતુ મને થયું કે આ સમાચાર હું પણ તમને આપું. તમારે એમને મળવું હોય તો...’

એણે સામે છેડેથી થતી વાત સાંભળીને ફોન કટ કર્યોઃ

‘એક ખાસ મહેમાન તમને મળવાની ઘણા સમયથી રાહ જુએ છે. અહીં તમારી અપોઇન્ટમેન્ટ લેવાની તો કોઈ જરૂર જ નથી એટલે થોડી વારમાં એ તમને મળવા આવે છે.’ આટલું કહીને લોકઅપના સળિયા પર ડંડો પછાડ્યોઃ

‘આજે મારે માટે પ્રાઇઝ મેળવવાનો દિવસ છે અને તમારે માટે સરપ્રાઇઝનો દિવસ છે. એન્જોય!’

એણે જતાં જતાં લોકઅપના એક ખૂણે બેઠેલા તન્વીરને બૂમ પાડીને કહ્યુંઃ

‘સાહેબનો બરાબર ખ્યાલ રાખજે...’

*

‘અંકલ, હું તમને લેવા આવું છું. તૈયાર રહો.’

‘કેમ?’

‘નિખિલ પોલીસ લોકઅપમાં છે. આપણે એને મળવા જવું છે ને?’

હીંચકે બેઠેલાં શ્રદ્ધાબહેન આ વાતચીત સાંભળી રહ્યાં હતાં. વિદ્યાના પિતા રાકેશભાઈ સાથે કેસરે બહુ જ સહજતાથી વાત આગળ વધારીઃ

‘તમારી ઇચ્છા પૂરી કરવાનો સમય આટલો જલદી આવશે એવું મેં ધાર્યું નહોતું.’

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 64

'નિખિલ પોલીસ લોકઅપમાં છે. આપણે એને મળવા જવું છે ને? તમારી ઇચ્છા પૂરી કરવાનો સમય આટલો જલદી આવશે એવું મેં ધાર્યું નહોતું. તમે તૈયાર રહો... હું તમને લેવા આવું છું.' કેસરે વિદ્યાના પિતાને ફોન પર કહ્યું.

'ના બેટા, મારી ઇચ્છા પૂરી કરવાનો સમય હજુ નથી આવ્યો.'

'કેમ, અંકલ? પોલીસ લોકઅપમાં નિખિલ તમારું કંઈ નહીં બગાડી શકે.'

'પાંજરામાં પુરાયેલા સિંહને તો કોઈ પણ પથરો મારી જાય. એમાં બહાદુરી ક્યાં આવી? હું તો નિખિલને એવી જગ્યાએ તમાચો મારવા માગું છું, જ્યાં એ તમાચાની ગૂંજ એના કાનમાં ધાક પાડી દે... એ ગૂંજ સાંભળનારા સૌને એટલું સમજાઈ જાય કે નિર્દોષ દીકરીના ચારિત્ર્ય પર આંગળી ચીંધનારને એક બાપ શી સજા કરી શકે.'

કેસર વિચારમાં પડી ગયો. રાકેશ ચોકસીની વાત તો સાચી હતી. લોકઅપમાં બેઠેલા નિખિલને પાઠ ભણાવવાનો કોઈ અર્થ નહોતો. એણે રાકેશભાઈની વાત માની લીધી:

'ઓકે, અંકલ... તમે જેમ કહો તેમ.' વાત પૂરી કર્યા પછી એણે હીંચકે બેઠેલાં શ્રદ્ધાબહેન સામે જોયું:

'નિખિલ શ્રોફ લોકઅપમાં છે.' એટલું કહીને એણે માના પ્રતિભાવ જોયા. શ્રદ્ધાબહેનના ચહેરા પર ન સમજાય એવી એક ચમક આવી.

'તારે તારા બાપુને લઈને એને મળવા જવું જોઈએ. તારા બાપુ લોકઅપમાં હતા ત્યારે એણે પણ ઓછી સેવા નથી કરી એમની.' રાજપૂતાણીનો ચહેરો તમતમી ગયો. પતિને થયેલી પારાવાર પીડાનો વિચારમાત્ર આવતાં એનું લોહી ગરમ થઈ ગયું.

'તારી વાત સાચી છે, મા. બાપુને લઈને નિખિલને મળવા જવાનો આ શ્રેષ્ઠ સમય છે. હું જે વિચારતો હતો એ જ તેં કહી દીધું.'

*

'હું ટિફિન આપવા જાઉં છું.'

સાંજથી નાનકડી ગૅલેરીમાં બેસીને આકાશ જોઈ રહેલી શ્વેતાને ખૂબ જ ધીમેથી સોમલે પૂછ્યું:

'તારે આવવું છે?'

શ્વેતાએ નજર ફેરવીને સોમલ સામે જોયું. એની આંખો સાવ ખાલી હતી. રડી રડીને સુકાઈ ગયેલી આંખોમાં કોઈ ભાવ નહોતા. એણે ડોકું ધુણાવીને ના પાડી.

'મને લાગે છે તું આવીશ તો એમને સારું લાગશે.'

'સાચું કહું? હવે એમને સારું લગાડવાનો પ્રયત્ન નથી કરવો મારે.' શ્વેતાનો અવાજ સાવ સપાટ હતો:

'મેં આખી જિંદગી એમને સારું લગાડવાના પ્રયત્નમાં વિતાવી દીધી છતાંય, અમારી વચ્ચે એક ક્ષણ માટે પણ સાચું કહી શકાય એવું કશું જ બન્યું નહીં.'

'મોમ!' સોમલે નજીક આવીને એના ખભે હાથ મૂક્યો:

'અત્યારે એમને આપણી જરૂર છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'ખરેખર?' શ્વેતાની આંખો સહેજ ભીની થઈ:

'એ મુશ્કેલીમાં હોય, દુઃખી હોય ત્યારે જ એમને આપણી જરૂર પડે? એ કેવો સંબંધ છે, સોમલ? હું થાકી છું એવા ખોખલા અને પોલા સંબંધથી. હવે જે થાય તે...'

'એનો શો અર્થ છે, મા?'

'કશાયનો અર્થ નથી, સોમલ.'

બંને થોડી વાર ચૂપ રહ્યાં પછી ધીમેથી સોમલે કહી જ નાખ્યું:

'એ ઝડપથી પાછા આવશે અને તું આજે એમને મળવા નહીં આવે તો...'

'તો આવતાંની સાથે મને કાઢી મૂકશે.' શ્વેતાના સુંદર ચહેરા પર સ્મિત ધસી આવ્યું:

'એટલું મને નહીં સમજાતું હોય, બેટા?'

એ થોડી વાર સોમલ સામે જોઈ રહી. પછી ઊભી થઈ અને ધીમા પગલે ડ્રોઇંગ રૂમ તરફ જવા લાગી. એણે જતાં જતાં લગભગ સ્વગત બોલતી હોય એમ પોતાનો નિર્ણય જાહેર કરી દીધો:

'એ આવશે ત્યાં સુધી હું કદાચ શ્રોફ વિલામાં ન હોઉં એમ પણ બને.'

સોમલ પોતાની માને જતી જોઈ રહ્યો. એના મનમાં એક ક્ષણ માટે વિચાર આવ્યો કે આ શ્વેતા શ્રોફ નહીં, પણ નિખિલ શ્રોફની નિયતિ બોલી રહી હતી.

સોમલ ટિફિન લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યો. જયેશ પ્રધાને આપેલી સૂચના મુજબ નિખિલને ઘરનું જમવાની છૂટ હતી, પણ લોકઅપની બહાર આવવાની છૂટ નહોતી. ત્યાં ધૂળમાં જ પેપર પાથરીને જમતા નિખિલને જોઈને સોમલને એક વાર પિતાની દયા આવી ગઈ. ગઈ કાલ સુધી સૌને પોતાની આંગળીના ટેરવે નચાવનારો માણસ આજે જે સ્થિતિમાં હતો એ જોઈને સોમલને સમજાઈ ગયું કે એની મા એને હંમેશાં સમજાવતી એ સાચું હતું.

'ઉપર ચડતી વખતે રસ્તામાં જે માણસો મળે એ બધા સાથે સારો સંબંધ રાખવો, કારણ કે નીચે ઊતરતી વખતે આ જ માણસો ફરી મળવાના છે એવું નક્કી છે.' શ્વેતા આ જ વાત નિખિલને પણ સમજાવવાનો પ્રયત્ન કરતી, પરંતુ નિખિલે ક્યારેય એનું સાંભળ્યું નહીં.

નિખિલે જમી લીધું એટલે એને એક જોડી કપડાં અને ચાદર આપીને સોમલ જવા તૈયાર થયો.

'મીડિયામાં આ સમાચાર ન ફેલાય એનું ધ્યાન રાખજે.' નિખિલે દબાયેલા - ઝંખવાયેલા અવાજે કહ્યું:

'હજુ સુધી અહીં કોઈ નથી પહોંચ્યું એનો અર્થ જ એ છે કે જયેશ પ્રધાને હજી માહિતી લીક નથી કરી. આ વાત જો ખબર પડી જશે તો સૌથી પહેલી અસર કંપનીને થશે.'

'હું સમજું છું.'

આગળ શું બોલવું એ સોમલને સૂઝતું જ નહોતું. એક તરફથી એનું મન એમ કહેતું હતું કે પિતા સાથે જે કંઈ થઈ રહ્યું હતું એ બધા માટે એના પિતા પોતે જ જવાબદાર હતા તો બીજી તરફથી દીકરાનો સ્નેહ એની અંદર રહી રહીને સળવળી ઊઠતો હતો.

ઊંચા મને એણે પિતાનો હાથ પકડ્યો:

'કાલે બધું ઠીક થઈ જશે. ચિંતા નહીં કરતા. થોડું ઊંઘી જવાનો પ્રયાસ કરજો, પ્લીઝ!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ જાણતો હતો કે આ જગ્યાએ મચ્છર, માખી અને ગંદકીમાં નિખિલને ઊંઘ આવવાની નથી. તેમ છતાં સોમલે પિતાને સધિયારો આપવાનો પ્રયાસ કરી જોયો.

ટિફિનની બૅગ અને બીજી વસ્તુઓ લઈને સોમલ બહાર નીકળતો હતો ત્યાં જ પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં દાખલ થઈ રહેલાં કેસર અને દેવરાજસિંહને જોઈને એ સહેજ અચકાયોઃ

'તમે?'

'તારા ડૅડને મળવા આવ્યો છું.' કેસરે છુપાવવાનો પ્રયત્ન કર્યા વિના સીધી જ વાત કરીઃ

'મારા બાપુ અને તારા ડૅડને મળવા માટે આનાથી વધુ સારી જગ્યા કઈ હોઈ શકે?'

'ડૅડ ખૂબ અપસેટ છે. તમે સમજી શકો છો કે...'

'હું બધું જ સમજું છું, સોમલ... અને છતાંય મારે જે કરવાનું છે તે કર્યા વિના મારી પાસે બીજો કોઈ ઉપાય નથી. અમુક વાતોનો હિસાબ સરભર નહીં થાય ત્યાં સુધી હું મારી જાતને પણ માફ નહીં કરી શકું. નિખિલનો તો સવાલ જ નથી આવતો.'

'કેસર, એ મારા ડૅડ છે... એમનું અપમાન કરવાની મંજૂરી કઈ રીતે આપું હું?

સોમલ ગૂંચવાઈ ગયો હતો. કેસરને અંદર જતો રોકવો કે એને એની રીતે ન્યાય કરી લેવા દેવો - એ બે વિચારોની વચ્ચે સોમલનું મન ઝોલાં ખાવા લાગ્યું હતું.

'વેલ, મારે તારી મંજૂરીની જરૂર પણ નથી. મારું અપમાન કરતી વખતે એમણે તારી મંજૂરી માગી હતી? એ વખતે જેમ મૂક સાક્ષી બનીને જોતો રહ્યો તું એમ આજે પણ જોઈ રહેજે... ને ન જોવાય તો...' કેસરે સહેજ દૃઢતાથી કહી નાખ્યુંઃ

'તું જઈ શકે છે. હું તને એમનું - તારા પરમ પૂજ્ય પિતાશ્રીનું અપમાન જોવાની ફરજ નહીં પાડું!'

થોડીક ક્ષણ બંને એકબીજા સાથે જોતા રહ્યા. પછી કશું જ બોલ્યા વિના સોમલ પગથિયાં ઊતરીને ગાડી તરફ ચાલી ગયો. એને જતો જોઈને દેવરાજસિંહથી નિઃશ્વાસ નંખાઈ ગયોઃ

'પોતાના પિતાનું અપમાન થતું જોવું એ વાત દીકરાને કેટલી પીડા આપી શકે એની તને કલ્પના નથી દીકરા. આખી જિંદગી જેને હીરો તરીકે જોયા હોય, જેને આદર્શ માન્યા હોય એ માણસનું માથું ઝૂકતું જોવું કે નજર નીચી થતી જોવી એ પોતાના અસ્તિત્વ પર થૂંક ઊડતું જોવા બરાબર છે.'

'છતાંય કેટલાંક સંતાનોનાં નસીબમાં એ પીડા લખી હોય છે. અભિએ અને મેં પણ એ તકલીફ જોઈ છે ને, બાપુ? તકલીફ આપનારને પણ ક્યારેક તો તકલીફ ભોગવવી પડે એ આ સંસારનો નિયમ છે.' કેસર સડસડાટ પગથિયાં ચડીને પોલીસ સ્ટેશનમાં દાખલ થયો. ત્યાં બેઠેલા કોન્સ્ટેબલે એની સામે જોયું.

'કાય?'

'પ્રધાનસાહેબે નિખિલને મળવા બોલાવ્યો છે મને.' કોન્સ્ટેબલ થોડીક ક્ષણ કેસર સામે જોઈ રહ્યો, પછી કુતૂહલથી એણે કેસરના શરીર પર સરસરી નજર ફેરવી.

'એક વાત પૂછું?' કેસરને ખબર હતી કે એ શું પૂછવાનો છે. છતાં એણે ડોકું ધુણાવ્યું.

'પૂછ...પૂછ, શું પૂછવું છે?'

'તું સંપૂર્ણ પુરુષ થઈ ગયો છે? એટલે અમારી જેમ જ બધું...' એ અચકાવા છતાં પણ પોતાનું કુતૂહલ છુપાવી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શક્યો નહીં:

'બાથરૂમ જવા માટે તમે લેડીઝ ટોઇલેટ વાપરો કે જેન્ટ્સ?'

દેવરાજસિંહનું મગજ ફરી ગયું. એમણે આગળ વધીને કોન્સ્ટેબલના કોલર પકડવાનો પ્રયત્ન કર્યો. પેલો ચમકીને બે ડગલાં પાછળ હટ્યો. કેસરે સ્મિત કરીને પિતાને અટકાવ્યા. પછી કોન્સ્ટેબલના ખભે હાથ મૂકીને આરામથી કહ્યું:

'જેન્ટ્સ ટોઇલેટમાં.' એનો ચહેરો સહેજ ગંભીર થઈ ગયો:

'સાચું કહું તો જે દિવસે પહેલી વાર જેન્ટ્સ ટોઇલેટમાં જઈ શક્યો એ દિવસે મને પુરુષ હોવાની પહેલી પ્રતીતિ થઈ હતી.' કોન્સ્ટેબલનો ચહેરો સહેજ ઝંખવાઈ ગયો.

'વાઇટ (ખરાબ) નહીં લગાડતા, પણ મેં આવું કોઈ દિવસ જોયું નથી. એટલે જ્યારથી તમારો કેસ જોયો છે ત્યારથી મને બહુ સવાલો થયા કરે છે.'

'તમારો વાંક નથી. લગભગ દરેક સામાન્ય માણસને આવું જ થાય છે. આપણા દેશમાં આ વિશેની સમજ ઓછી છે એટલે એવું થાય. ઇટ'સ ઓકે.' કેસરની સરળતા અને સહજતાથી કોન્સ્ટેબલ અભિભૂત થઈ ગયો. એણે હાથ લંબાવીને કેસર સાથે હેન્ડશેક કર્યા.

'જોરદાર માણસ છો, સાહેબ. તમારા જેવા માણસો આ દુનિયામાં હોતા જ નથી.'

'ખબર છે મને. હવે જાઉં અંદર?'

'હોય હોય. જાવ જાવ. એ એકલો જ છે.' કોન્સ્ટેબલે સ્મિત કરીને આખ મીંચકારી: 'મજા કરા.'

પોલીસ સ્ટેશનમાં દાખલ થતી વખતે દેવરાજસિંહનું હૃદય જોરજોરથી ધડકવા લાગ્યું. પોતે આ જ રીતે લોકઅપમાં માર ખાધો હતો એ અનુભવ એમને યાદ આવી ગયો. એમના પગ ધ્રૂજવા લાગ્યા. કપાળે પરસેવો વળી ગયો. દંડાના એ સબાકા હજીયે એમનાં હાડકાંમાં દર્દ ઉપજાવતા હતા. કેસરે એમની તરફ જોયું. લોકઅપના સળિયા જોઈને એમની આંખોમાં ધસી આવેલા ભયથી કેસરનું લોહી ગરમ થઈ ગયું. સિંહ જેવો માણસ જે રીતે ધ્રૂજતો હતો એ જોઈને જ કેસર સમજી શક્યો કે લોકઅપમાં એમના પર શું વીતી હશે!

'હેલો મિસ્ટર શ્રોફ...'

સળિયાની બહાર ઊભા રહીને કેસરે જરા જોરથી કહ્યું. ચાદર અને ક્વિલ્ટ હોવા છતાં નિખિલ બેસી રહ્યો હતો. એણે કેસરનો અવાજ સાંભળ્યો, પણ નજર ઉઠાવવાની તસદી ન લીધી. સામે બેઠેલા માજિદનો સાળો તન્વીર ચોંકી ગયો. કેસરે જરા જોરથી કહ્યું:

'હું જાણું છું તમે મને જવાબ નહીં આપો, કારણ કે તમારી પાસે મારી સામે નજર મિલાવીને વાત કરવાની હિંમત નથી.'

'એય...' નિખિલે ચપટી વગાડીને આંગળી કેસર તરફ ચીંધી:

'ઓકાતમાં રહેજે. નિખિલ શ્રોફની હિંમતને પડકારવાની આજ સુધી કોઈની હિંમત નથી થઈ.'

'જે આજ સુધી નથી થયું એ ક્યારેક તો થવાનું જ...દરેક ઘટના જ્યારે થાય ત્યારે પહેલી જ વાર હોય છે.' કેસરના ચહેરા પર સામાવાળાને આગ લાગી જાય એવું ઠંડુ સ્મિત હતું:

'તમે ક્યારેય કલ્પ્યું હતું કે તમારે તમારા જ ભાડે રાખેલા એક શૂટરની સાથે લોકઅપની અંદર રાત ગુજારવી પડશે અને દેવરાજસિંહ ઝાલા લોકઅપના સળિયાની બીજી તરફ ઊભા રહીને તમને ધૂળમાં રગદોળાતા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જોશે... કલ્પ્યું હતું તમે?'

'વળતો હુમલો કરવા માટે ખૂંખાર વાઘ પણ બે ડગલાં પાછળ જાય છે.' નિખિલ ઊભો થઈ ગયોઃ

'આને તારી જીત નહીં સમજતો, છોકરા.' એની આંખોના ખૂણા લાલ થઈ ગયા હતા. ચહેરો તમતમી ગયો હતોઃ

'યુદ્ધની શરૂઆતમાં બેખબર દુશ્મનના વિસ્તારમાં જઈને બે બોમ્બ ફેંકી આવવાથી યુદ્ધ જીતી જવાય છે એમ માનનારા ખાંડ ખાય છે.'

'બોમ્બ તો હજી ફેંક્યો જ નથી, નિખિલ શ્રોફ.' કેસર શાંતિથી અદબ વાળીને લોકઅપના સળિયા ઉપર ખભો ટેકવીને ઊભો હતો. એના બંને પગ કૃષ્ણની જેમ એકબીજાને ક્રોસ કરીને ગોઠવાયા હતાઃ

'મેં તો માત્ર યુદ્ધનું એલાન કર્યું છે ને તમને એટલું જ જણાવવા આવ્યો છું કે આજે તમે લોકઅપની અંદર છો અને દેવરાજસિંહ બહાર... આવતી કાલે તમે જેલની અંદર હશો અને દેવરાજસિંહ કદાચ તમારી કંપની ટેકઓવર કરી લે!'

નિખિલ ખડખડાટ હસી પડ્યોઃ

'તારા સાહસની દાદ દઉં છું, પણ આ દુનિયામાં સૌથી સાહસિક મૂર્ખાઓ હોય છે, કારણ કે એમને પરિણામની ફિકર નથી હોતી. ડર તો એને લાગેને, જેને પરિણામની કલ્પના હોય.' એની આંખોમાં ક્રૂરતા ધસી આવીઃ

'તારું જે પરિણામ આવવાનું છે એ જોઈને શેતાનનું પણ કાળજું કંપી જશે.'

'ના, શ્રોફ સાહેબ... એ તો નાદાન છે. અક્કલ નથી એનામાં... એવું કંઈ નહીં કરતા જેનાથી...' દેવરાજસિંહથી બોલ્યા વિના ન રહેવાયું.

'સાંભળ્યું? તારા બાપમાં અક્કલ છે એટલે એને ખબર પડે છે કે નિખિલ શ્રોફને છંછેડ્યા પછી એનું પરિણામ શું આવે...'

'મોતથી ભયાનક તો કશું નહીં હોયને? હું મરવા માટે તૈયાર છું... પણ તેં જે કર્યું છે એની સજા તને આપ્યા વગર નહીં મરું એટલું વચન આપું છું—તને ને મારી જાતને.'

'આટલી બધી આગ છાતીમાં લઈને ફરે છે તું? પણ મેં એવું તે શું કર્યું છે? મારા ઘરની વહુને પિયર જતી રોકી? ઘેરથી ભાગી ગયેલી પુત્રવધૂને પકડીને પાછી મંગાવી? મારી સાથે જેમ તેમ બોલનારને જેલમાં પુરાવ્યો... આટલું તો કોઈ પણ માણસ કરે, ગાંડા! ખરેખર તો તારી સાથે ને તારા બાપ સાથે બહુ ઉદારતાથી વર્ત્યો છું. નિખિલ શ્રોફનો શિકાર બનેલા એકાદ પીડિતને પૂછી જોજો... હું તો પાણી ન મળે એવી જગ્યાએ લઈ જઈને જીવ લઉં. આ તો ઠીક છે કે...'

'તેં બીજા સાથે જે કંઈ કર્યું છે એ બધું જ હું તારી સાથે કરીશ, નિખિલ... આઈ પ્રોમિસ.' કેસરની આંખોમાં આત્મવિશ્વાસ છલકાતો હતો. સ્વરમાં તીક્ષ્ણતા હતી. નિખિલને તમે કહેવાને બદલે હવે તું કહેવાનું શરૂ કરી દીધું. નિખિલ એક ક્ષણ માટે અચકાઈ ગયો.

'તું જા અહીંથી. તારી સાથે દલીલ કરવી એ પણ મારી ડિગ્નિટી અને શાનની ખિલાફ છે. તું મગતરું છે મારા માટે. ઇચ્છ્યું હોત તો ચપટીમાં ચોળી નાખત, પણ તારી દયા ખાધી...' એ ઊંધો ફરી ગયો. એણે હાથથી જ કેસરને જતા રહેવાનો ઇશારો કર્યોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આજે હું લોકઅપમાં છું એને માટે તારે પોરસાવાની જરૂર નથી. આ તો જયેશ પ્રધાન મારી સાથેનો જૂનો હિસાબ સેટલ કરે છે.’

‘હું બધે જ છું, નિખિલ શ્રોફ... ને મજાની વાત એ છે કે એ દરેક માણસ, જે તમારી સાથે હિસાબ સેટલ કરવા માગે છે તે બધા જ એક પછી એક મને આવી મળે છે... તમારી ખાતાવહી છલકાઈ છે. હવે હિસાબ આપવાનો સમય થઈ ગયો છે.’

‘મૂરખ છે તું. એકાદ રાત માટે જયેશ પ્રધાન મારા પર હાવી થઈ ગયો, કારણ કે હું બેધ્યાન હતો - પીઠમાં વાર કર્યો છે એણે, ઊંઘતો ઝડપાયો છું એટલે અહીંયાં બેઠો છું. આવતી કાલનું લંચ હું શ્રોફ વિલામાં કરતો હોઈશ ને જયેશ પનિશમેન્ટના ભાગરૂપે સોલાપુર–કોલ્હાપુર ટ્રાન્સફર થઈ ગયો હશે.’

એણે દરવાજાની નજીક આવીને બે હાથે સળિયા પકડી લીધા. એની મજબૂત પકડમાં એનો ક્રોધ અને ઉશ્કેરાટ જણાઈ આવતો હતોઃ

‘એક વાર અહીંથી બહાર નીકળું તો જયેશ પ્રધાન સહિત તારા જેવા સત્તરનો હિસાબ પૂરો કરીને અકાઉન્ટ ક્લોઝ કરી દેવું છે મારે. આ વખતે દયા નહીં ખાઉં!’

બાજુમાં ઊભેલા દેવરાજસિંહ આ સાંભળીને ધ્રૂજી ગયા. એમણે કેસરનો હાથ પકડી લીધોઃ

‘દલીલબાજી કરવાનો કોઈ અર્થ નથી, બેટા. ચાલ હવે આપણે ઘેર જઈએ.’ કેસરે પિતા સામે જોયું. દેવરાજસિંહની આંખોમાં આજીજી હતીઃ

‘પ્લીઝ, બેટા. હવે વાત અહીં પૂરી કર.’

કેસરને પિતાનો ભય સમજાતો હતો. એણે છેલ્લું વાક્ય કહીને વાત સમેટી લીધીઃ

‘તમારા ગમે તેટલા બાહોશ વકીલ પણ જો તમને બેલ ન અપાવી શકે તો માની લેજો કે સાપસીડીની રમતમાં ખાનાં ચડતાં ચડતાં તમારી કૂકરી સાપના મોઢા પર પહોંચી ગઈ છે, નિખિલ શ્રોફ... હવે સડસડાટ નીચે ઊતર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી તમારી સામે. ગુડ નાઈટ.’ એ દેવરાજસિંહને હાથ પકડીને પોલીસ સ્ટેશનની બહાર નીકળી ગયો.

નિખિલે એના ગયા પછી સળિયાને લાત મારી અને જમીન પર થૂંક્યોઃ

‘વરસાદી ફુદાં છે, સાલા. ચાર દિવસ પાંખ ફફડાવીને મરશે એની મેળે.’

આ બધું ચૂપચાપ સાંભળી રહેલા તન્વીરે ડરેલા અવાજે ધીમેથી કહ્યુંઃ

‘હજૂર, ઇતના આસાની સે મત લિજિયે, ખુદા કા હાથ હૈ ઇસકે સર પર હૈં. વરના મેરી ગોલી સે આજ તક પરિન્દે ભી નહીં બચ સકે. ઉસકી આંખે દેખી? ખુદા કા નૂર હૈ ઉસકી આંખો મેં... મેરી માનીએ તો મત લડના ઇસ લડકે સે. તૂટ જાયેંગે...’

ક્યારના ઉશ્કેરાયેલા નિખિલથી આ છેલ્લા શબ્દો સહેવાયા નહીં. એણે ધસી જઈને તન્વીરને એક તમાચો ઠોકી દીધોઃ

‘અક્કલ નહીં હો તો જબાન બંધ રખા કરો.’

*

સવારથી આરોહી પોતાના રૂમમાં બંધ હતી. શ્રોફ વિલાની હલચલથી તદ્દન અજાણ હતી એ. છેક રાત પડી ગઈ, પરંતુ ઘરમાંથી કોઈએ એને જમવા પણ બોલાવી નહોતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મીડિયામાં ઊડેલા ધજાગરા પછી આરોહીના પિતાએ પણ એની સાથે વાત કરવાનું બંધ કરી દીધું હતું. બાપ-દીકરીના અબોલાને અડતાળીસ કલાક થઈ ગયા હતા.

'એ એના ઘેર ક્યારે જવાની છે?' એના પિતાએ ત્રીજી વાર આરોહીની મમ્મીને પૂછ્યું.

'મને કેવી રીતે ખબર પડે?'

'તો પૂછ એને. હું એને અહીં નહીં રહેવા દઉં.'

'પણ... એવું તો કેવી રીતે કહેવાય કે જતી રહે.'

'દીકરી સાસરે જ શોભે. એણે આવીને ફરિયાદો કરી ત્યારે મને લાગ્યું હતું કે અભિમન્યુ કદાચ સારો માણસ નહીં હોય, પણ એણે જે તાયફો કર્યો એ પછી જો મને આટલો બધો ગુસ્સો આવતો હોય તો એના ધણીએ કંઈ બંગડીઓ નથી પહેરી.'

મનહરભાઈ કોઈ રીતે આરોહીને માફ કરી શકતા નહોતા. અડોશી-પડોશીની નજરો અને સગાંવહાલાંના ટેલિફોનથી એ અકળાઈ ગયા હતા. આરોહી પોતાને ઘેર ચાલી જાય તો કમ-સે-કમ એ લોકોને જવાબ આપવાલાયક થઈ શકે એવું એમને લાગવા માંડ્યું હતું.

પત્ની હવે આરોહી સાથે વાત નહીં કરે એવી એમને ખાતરી થઈ ગઈ એટલે એ જ ઊભા થઈને આરોહીના રૂમમાં પહોંચી ગયા:

'મારે તારી સાથે વાત કરવી છે.'

'હું આ ઘર છોડીને ક્યાંય નથી જવાની.' આરોહીએ મમ્મી-પપ્પા વચ્ચેની વાતચીત સાંભળી લીધી હતી.

'તું નહીં જાય તો હું અભિમન્યુને ફોન કરીશ. એને કહીશ કે તને આવીને લઈ જાય.'

'તમે કહેશો એટલે એ આવી પહોંચશે એમ માનો છો?' આરોહીએ સ્મિત કર્યું:

'આવવાનો હોત તો ક્યારનો આવી ગયો હોત.'

'તો હું બાવડું ઝાલીને તને તારા સાસરે મૂકી આવીશ એટલું યાદ રાખજે.' મનહરભાઈ ઉશ્કેરાઈ ગયા:

'અહીં રહીને અમારી આબરૂના ધજાગરા નહીં કરવા દઉં તને.'

'જો આવું કંઈ પણ કરશો તો મારી લાશ લેવા આવવું પડશે એટલું યાદ રાખજો.'

'ખરેખર તો એવું થાય તોયે મને વાંધો નથી. રોજ રોજ આવા ધજાગરા થાય એના કરતાં તું નથી એમ માની લઈને જીવવું સહેલું પડશે અમને.'

આરોહીએ પિતા પાસેથી આવા જવાબની આશા નહોતી રાખી. એને એમ હતું કે આપઘાતની ધમકીથી પિતા પીગળી જશે:

'આવતી કાલે સવારે હું તને તારા ઘેર મૂકી આવીશ. તારી મેળે, તારા પગે ચાલીને આવીને તો સારું. બાકી, બે માણસ બોલાવીને ટીંગાટોળી કરીને ગાડીમાં નખાવીશ એટલું યાદ રાખજે.'

મનહરભાઈ દરવાજો પછાડીને ચાલી ગયા, પણ આરોહી માટે એક પ્રશ્નાર્થચિહ્ન મૂકી ગયા. આરોહીનું મગજ કામે લાગ્યું. એ એના પિતાને ઓળખતી હતી. મનહરભાઈએ કહ્યું હતું એટલે હવે એ એને સવારે એના સાસરે મૂકવા લઈ જશે એટલું તો નક્કી હતું. ન જવું હોય તો આરોહીએ કંઈક એવું કરવું પડે, જેનાથી એના સાસરા અને પિયર બેય ઘરના પાયા હચમચી ઊઠે. એવું શું હોઈ શકે? આરોહીનું મન ગોઠવણમાં પડી ગયું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઘણી વાર સુધી એ પડી રહી. છત તરફ તાકતી અને વિચારતી રહી. એણે ઘણી શક્યતાઓને તપાસી જોઈ. એ સોમલના વર્તન પરથી એટલું તો સમજી જ ગઈ હતી કે હવે સોમલ એને કોઈ હિસાબે સ્વીકારવાનો નહોતો... ગમે તેટલાં તાયફા કે ત્રાગાં પછી પણ શ્રોફ વિલામાં એને માટે જગ્યા નહોતી એ નક્કી થઈ ચૂક્યું હતું. અહીં રહેવાથી પિતા સાથેના સંબંધ વધુ બગડે એવી શક્યતા હતી એટલે ઘણી વાર સુધી વિચાર્યા પછી આરોહીએ ફરી એક વાર પોતાની બૅગ પેક કરવા માંડી.

એ બૅગ લઈને બહાર આવી ત્યારે મનહરભાઈ ડ્રોઇંગ રૂમમાં બેસીને પુસ્તક વાંચી રહ્યા હતા. બૅગ મૂકીને આરોહી એમની નજીક ગઈ. એમને ખભે માથું મૂકીને એણે પૂરા લાડ અને અવાજમાં લાવી શકાય એટલા દયામણા ભાવ લાવીને કહ્યું:

'આ દુનિયામાં હું બધું સહન કરી શકીશ, પણ તમે દુઃખી થાવ એ મારથી સહન નહીં થાય. સોમલ માટે મને આજે પણ પ્રેમ છે એ વાત મને થોડી મોડી સમજાઈ છે, પપ્પા, પણ છતાંય હું તમને દુઃખી નહીં કરું... હું અત્યારે જ, આ ક્ષણે જ અભિમન્યુ પાસે જાઉં છું. ગમે તેમ કરીને એની સાથે એડ્જસ્ટ કરવાનો પ્રયત્ન કરીશ. તમને વચન આપું છું.'

અનાયાસે મનહરભાઈનો હાથ દીકરીના વાળમાં ફરવા માંડ્યો. એમની આંખો ભીની થઈ ગઈ, પણ એમણે પૂરેપૂરો સંયમ રાખીને આરોહીને કહ્યું:

'જા બેટા, મને ખબર છે કે તારું સુખ એ ઘરમાં જ ખોવાયું છે. તારે એ જ ઘરમાંથી તારું સુખ શોધી કાઢવું પડશે.'

આરોહી માતાપિતાને પગે લાગીને આંખમાં આંસુ સાથે નીકળી ત્યારે મનહરભાઈને મૂકવા જવાનો વિચાર આવ્યો તેમ છતાં એમણે પોતાની જાતને રોકી લીધી: પોતે ઘર છોડીને આવી છે તો પોતે જ પાછા ફરવું જોઈએ.

*

કેસર અને દેવરાજસિંહ ઘેર પહોંચ્યા ત્યારે નેહા પોતાની બૅગ સાથે બંગલાનાં પગથિયે બેઠી હતી. દરવાજો અંદરથી બંધ હતો.

'અરે, અહીં કેમ બેઠી છે?'

'તારી ગાડી નહોતી એટલે...' એણે દેવરાજસિંહના ચહેરા સામે એક સેકન્ડ જોયું:

'નિખિલને મળી આવ્યો?'

'હં...' કેસર મુખ્ય દરવાજા તરફ આગળ વધ્યો. એણે અંદર જતાં નેહાની બૅગ ઉપાડી લીધી. પછી પાછળ ફરીને દેવરાજસિંહ તરફ જોયું:

'નેહા અહીં મારી સાથે રહે તો તમને કોઈ વાંધો નથીને?'

'અમને? અમને શું કામ...' દેવરાજસિંહ સહેજ અચકાયા:

'તું સમજદાર છે, બેટા. જે કરીશ તે વિચાર્યા વગર નહીં કરે એવો મને વિશ્વાસ છે.'

'બાપુ, જ્યાં સુધી નિખિલ શ્રોફને ઘૂંટણિયે પાડીને તમારી સામે માફી ન મગાવું ત્યાં સુધી હું લગ્ન નથી કરવાનો. મારી સાથે લગ્ન કરતાં પહેલાં નેહા મારા વિશે બધું જ જાણી લે—સમજી લે. મને પૂરેપૂરો ઓળખી લે એવું હું ઇચ્છું છું.' એણે સહેજ અટકીને ઉમેર્યું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એને પછીથી અફસોસ ન થવો જોઈએ...’

‘હા, બેટા. તારી વાત સમજાય છે મને.’ એમણે નેહા સામે જોયું,:

‘આજથી તું અમારા પરિવારની સભ્ય છે.’ એમણે ઊંડો શ્વાસ લીધોઃ

‘તું ઇચ્છે ત્યાં સુધી.’

નેહા ઝૂકીને એમને પગે લાગી. બરાબર એ જ વખતે મુખ્ય દરવાજો ઊઘડ્યો. શ્રદ્ધાબહેને આ દશ્ય જોયું. દરવાજા પાસે પડેલી બૅગ પર નજર પડતાં જે કંઈ વાતચીત થઈ હશે એ વગર કહ્યે શ્રદ્ધાબહેનને સમજાઈ ગઈ. નેહા એમને પગે લાગે તે પહેલાં શ્રદ્ધાબહેન એને ભેટી પડ્યાં.

‘આવ, બેટા... આ ઘરમાં અને અમારા પરિવારમાં તારું સ્વાગત છે.’ શ્રદ્ધાબહેનને ભેટીને ઊભેલી નેહાની આંખો પલળી ગઈ.

એને આંસુ લૂછતી જોઈને કેસરે મજાક કરીઃ

‘ઓહ, તો તને રડતાં પણ આવડે છે?’

કેસરને ટપલી મારતી નેહા ઘરમાં દાખલ થઈ.

બરાબર એ જ વખતે દેવરાજસિંહના કમ્પાઉન્ડમાં આરોહીની ટૅક્સી દાખલ થઈ.

*

જયેશ પ્રધાન ઘેર પહોંચીને જમવા બેઠો ત્યારે રાતના સાડા દસ થયા હતા. એ જ વખતે એના સેલ ફોન પર રિંગ વાગી. અજાણ્યો નંબર જોઈને એણે ફોન ઉપાડ્યોઃ

‘હું સ્ટાર ટીવીમાંથી વાત કરું છું.’

જયેશ પ્રધાનના કાન સરવા થઈ ગયા. એ સજાગ થઈ ગયોઃ

‘બોલો...’

‘અમે સાંભળ્યું છે કે તમે નિખિલ શ્રોફને અરેસ્ટ કર્યા છે. કયા ગુનામાં? કયા લોકઅપમાં છે?’

‘આવું તમને કોણે કહ્યું?’

‘વેલ મને કોણે કહ્યું એ હું તમને નહીં કહું, પણ સમાચાર સાચા છે કે ખોટા?’

‘એવું કંઈ બન્યું જ નથી...’

‘મિસ્ટર પ્રધાન, તમે પ્રેસથી માહિતી છુપાવી રહ્યા છો.’ સામેના છેડેથી વાત કરતી છોકરી ખડખડાટ હસી પડીઃ

‘હું તમારા પોલીસસ્ટેશનની બહાર ઊભી છું. તમારા કોન્સ્ટેબલે હમણાં કબૂલ કર્યું છે કે નિખિલ અંદર છે!’

‘લિસન, એવી કોઈ સ્ટોરી જ નથી.’ જયેશે વાત ટાળીઃ

‘તમે ઘેર જાવ - ઊંઘી જાવ ને મને પણ આરામ કરવા દો.’

‘આરામ કરવાની વાત ભૂલી જજો. પંદર-વીસ મિનિટમાં અહીંયાં ટોળું જમા થઈ જ જશે... વાત મીડિયામાં ફેલાઈ ચૂકી છે.’

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 65

હજી તો નેહા ઉપરના રૂમમાં જઈને પોતાનો સામાન ગોઠવે એ પહેલાં આરોહીની ટૅક્સી કમ્પાઉન્ડમાં દાખલ થઈ.

પોતાનો સામાન લઈને એ દરવાજે પહોંચી ત્યારે સૌથી પહેલાં શ્રદ્ધાબહેનની નજર એના પર પડી. શ્રદ્ધાબહેનને જોતાં જ આરોહીએ બૅગ દરવાજામાં મૂકી દીધી. આગળ વધીને એણે શ્રદ્ધાબહેનના ચરણસ્પર્શ કર્યા. અનાયાસ એમનો હાથ લંબાયો, પણ શ્રદ્ધાબહેને પોતાની જાતને સંભાળી લીધી:

'તું અહીં શું કરવા આવી?'

'તો ક્યાં જાઉં? આ મારું ઘર છે.'

'છોડતી વખતે યાદ નહોતું આવ્યું?'

'ભૂલ તો કોઈથી પણ થઈ શકે.'

'તેં જે કર્યું એને તું ભૂલ કહે છે?' બંનેનો સંવાદ સાંભળીને ત્યાં આવી પહોંચેલા દેવરાજસિંહનો અવાજ ઊંચો થઈ ગયો.

'ઘર તો તમારી દીકરીએ પણ છોડ્યું હતું.'

'તું તારી નફફટાઈ સાથે એની મજબૂરીની સરખામણી નહીં કરતી, સમજી? જાહેરમાં અમારી ઇજ્જત ઉછાળી, પેલા પાંચ પૈસાના માણસને વળગી વળગીને તાયફો કર્યો... તારી હિંમત કેવી રીતે થઈ અહીં આવવાની?'

'મને મારી ભૂલ સમજાઈ છે. પ્લીઝ, એક વાર માફ કરી દો.'

આરોહીએ હાથ જોડ્યા. નમ્રતા અને પસ્તાવાનું દરેક વાક્ય બોલતી વખતે એના મગજમાં એક વધુ ગાંઠ વળતી હતી. એ જેટલી વાર માફી માગતી હતી એટલી વાર દેવરાજસિંહ અને અભિમન્યુને પાઠ ભણાવવાનો એનો નિર્ણય વધુ ને વધુ દૃઢ થતો જતો હતો.

'સવાલ જ નથી આવતો...' દેવરાજસિંહે વધુ ઊંચા અવાજે કહ્યું:

'હવે તું તારી જાતે જાય છે કે વૉચમૅનને કહું કે તને બહાર મૂકી આવે?'

આ બૂમાબૂમ સાંભળીને નેહા નીચે ઊતરી આવી. કેસર પણ એની પાછળ નીચે આવી ગયો.

'એને ઘરની બહાર ન કઢાય, બાપુ.'

'કેમ?'

'કારણ કે આપણા સંસ્કાર અલગ છે.' કેસરનો જવાબ સાંભળીને દેવરાજસિંહ ગમ ખાઈ ગયા.

'એણે અભિમન્યુ સાથે લગ્ન કર્યાં છે. એ આ ઘરની પુત્રવધૂ છે.'

'પુત્રવધૂ જેવું વર્તન કર્યું નથી એણે.'

'જો પુત્રને માફ કરી શકાય તો જે પુત્ર કરતાં વધુ છે એવી પુત્રવધૂને પણ માફ કરવું જોઈએ એવું તમને નથી લાગતું?'

કેસરે નીચે આવીને આરોહીની બૅગ ઉઠાવી લીધી.

'એમણે મને ક્યારેય પુત્રવધૂ તરીકે સ્વીકારી જ નથી.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તેં પણ અમને ક્યાં સ્વીકાર્યા છે?’ શ્રદ્ધાબહેનથી બોલ્યા વગર રહેવાયું નહીં:

‘જે છોકરીને પોતાના સાસરાની પ્રતિષ્ઠા કે સન્માનની પણ ચિંતા ન હોય એને...’

આરોહીએ વચ્ચે જ એમની વાત કાપી નાખી:

‘સન્માનની ચિંતા ન હોત તો હું પાછી ન ફરી હોત.’

‘જો બેટા, આ માથા પર જે ધોળા વાળ દેખાય છે ને એ તડકામાં ઊભા રહીને ધોળા નથી કર્યા.’ શ્રદ્ધાબહેનના અવાજમાં કડવાશ આવી ગઈ:

‘તું અહીં પહોંચી એ પહેલાં તારા પપ્પાનો ફોન આવ્યો હતો. તને સ્વીકારી લેવાની વિનંતી કરી છે એમણે. ચોખ્ખું કહ્યું કે એમના ઘરમાં તારા માટે કોઈ જગ્યા નથી. તારામાં તો એટલા પણ સંસ્કાર નથી કે તું તારી ભૂલો સ્વીકારે.’

‘સ્વીકારું તો છું.’ આરોહીનો અવાજ અચાનક તોછડો થઈ ગયો:

‘હવે શું તમારી આગળ નાકલીટી તાણું? જે ટણીથી ગઈ હતી એ છોડીને માફી માગતી પાછી ફરી છું, પણ તમને તો...’ એણે તિરસ્કારથી મોઢું ફેરવી લીધું:

‘તમારામાં અને નિખિલ શ્રોફમાં ફેર શું રહ્યો? એણે પણ પુત્રવધૂ સાથે...’

‘હવે એ વાત આ ઘરમાં કરવાની જરૂર નથી.’

એટલું કહીને દેવરાજસિંહે પીઠ ફેરવીને મંદિર તરફ ચાલવા માંડ્યું. શ્રદ્ધાબહેન પણ લંગડાતા પગે રસોડા તરફ જતાં રહ્યાં.

નેહા પણ પાછી ફરીને ઉપર રૂમ તરફ ચાલી ગઈ. આરોહી સ્મિત સાથે કેસર તરફ જોઈ રહી:

‘હું મારો અહંકાર બાજુએ મૂકીને કેમ પાછી ફરી એવું નથી પૂછવું?’

‘તું ગઈ ત્યારે મને લાગ્યું હતું કે તું સાચે જ અભિમન્યુથી દુઃખી છે. હવે પાછી ફરી છે ત્યારે મને લાગે છે કે મારે તારા અંગત મામલામાં રસ ન લેવો જોઈએ.’

‘પણ હું તો તારી મદદ કરવા માટે પાછી ફરી છું. આપણે બે જણા મળીને નિખિલ અને સોમલ બંનેને...’

કેસરે એની વાત વચ્ચે જ કાપી નાખી:

‘મારી લડાઈ હું એકલો જ લડી લઈશ.’

‘તું સમજતો નથી, કેસર. હું તને...’

‘તારે આ ઘરમાં રહેવું હોય તો ચોક્કસ રહી શકે છે. કોઈ બહાનાં કે કારણ આગળ ધરવાની જરૂર નથી.’

કેસર એની બૅગ લઈને ઉપર ચાલી ગયો. આરોહી ડ્રોઇંગ રૂમમાં એકલી ઊભી હતી.

*

જર્નાલિસ્ટનો ફોન આવ્યા પછી જયેશ વિચલિત થઈ ગયો. એને કેસરની મદદ કર્યા બદલ અફસોસ થવા લાગ્યો.

બે-ચાર કોળિયા ઝડપથી ખાઈને એણે ફરીથી યુનિફોર્મ પહેરવા માંડ્યો:

‘અત્યારે ક્યાં જાવ છો? તમે તો કહ્યું કે હવે ક્યાંય નથી જવાનું.’ એની પત્નીએ પૂછ્યું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જવું પડશે. થોડી ગરબડ થઈ ગઈ છે.’

એણે રિવોલ્વરનું કેસ બેલ્ટમાં ભરાવવા માંડ્યું. શૂઝની લેસ બાંધતાં પત્નીને કહી દીધું:

‘મારી રાહ નહીં જોતી. હવે હું સવાર પહેલાં પાછો નહીં આવું.’

જયેશ પ્રધાન પોતાના ઘરેથી નીકળ્યો ત્યારે એના મનમાં ભયાનક ઉચાટ હતો. કમિશનરની કડક સૂચના હતી કે નિખિલને અરેસ્ટ કર્યાના સમાચાર કોઈ રીતે મીડિયામાં લીક ન થવા જોઈએ. એણે પૂરી કાળજી રાખી હતી, પણ...

ભલમનસાઈ રાખીને મેં પેલા છોકરાને લોકઅપમાં મળવાની છૂટ આપી એ જ મારી ભૂલ. કોઈનોય ભરોસો કરવા જેવો નથી... એણે વિચાર્યું. ચાલુ વાહને એણે કેસરનો સેલનંબર ડાયલ કર્યો:

‘હું તારી મદદ કરવાનો પ્રયત્ન કરું, ને તું મને જ ફસાવે?’ કેસર હજુ કશું બોલે એ પહેલાં જ જયેશ પ્રધાને મગજ ગુમાવ્યું.

‘શું થયું?’

‘ઓહહો... બહુ ભોળો તું તો.’ એણે રોષ ઠાલવ્યો:

‘નિખિલ શ્રોફ લોકઅપમાં છે. અત્યારે આખા મુંબઈના મીડિયામાં સમાચાર ફેલાઈ ગયા છે. મને તો એમ કે એણે તારી સાથે અન્યાય કર્યો છે તો તારી મદદ કરું... પણ તેં મારી જ વાટ લગાવી દીધી.’

‘હેલો, મેં કોઈને નથી કહ્યું.’

‘હું તારી વાત માનવા તૈયાર નથી. હું, તું અને નેહા... ત્રણ જ જણાં આ વાત જાણીએ છીએ. બહાર ખબર પહોંચ્યા કઈ રીતે?’

‘હું તમને પાંચ મિનિટમાં પાછો ફોન કરું છું.’ કેસરે ફોન કટ કર્યો. એણે શ્રદ્ધાબહેન સામે જોયું:

‘નિખિલના અરેસ્ટ થયાના સમાચાર મીડિયા સુધી પહોંચી ગયા છે. નેહાએ ખોટી ઉતાવળ કરી નાખી.’ કેસર બોલી ઊઠ્યો, પરંતુ શ્રદ્ધાબહેને આ આખોય સંવાદ રસોડામાં કામ કરતાં સાંભળ્યો.

એ લંગડાતા પગે એની પાસે આવ્યાં:

‘તને કેવી રીતે ખબર કે આ સમાચાર નેહાએ પહોંચાડ્યા છે?’

‘આ સમાચાર હું, નેહા અને જયેશ ત્રણ જ જણાં જાણતાં હતાં... નિખિલને ફસાવવાના ઉત્સાહમાં નેહાએ મને ફસાવી દીધો.’ એણે ગુસ્સામાં ફોન પછાડ્યો:

‘સમજાતું નથી કે કોનો વિશ્વાસ કરવો ને કોના પર શંકા કરવી... નેહા આવું કરશે એવું મેં ક્યારેય નહોતું ધાર્યું.’

‘ખબર નેહાએ નહીં, તેં પોતે જ પહોંચાડ્યા છે.’

‘મેં?’ કેસરે નવાઈથી મા સામે જોયું.

‘હા. વિદ્યાના પપ્પાને ફોન તેં કર્યો હતો. મને ખાતરી છે કે મીડિયાને સમાચાર પહોંચાડનારો માણસ રાકેશ ચોકસી જ છે.’

કેસર હતપ્રભ થઈ ગયો. માની વાત સાચી હતી. જો ત્રણમાંથી કોઈએ આ સમાચાર નથી પહોંચાડ્યા તો વિદ્યાના પપ્પા સિવાય બીજું કોઈ ન હોઈ શકે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'બેટા, હું સમજું છું કે તેં જિંદગીમાં બહુ ઠોકર ખાધી છે, પણ કોણ જાણે કેમ, આ છોકરીની આંખોમાં જોઈને મને લાગે છે કે એની સાથે અવિશ્વાસ કરીશ તો તું તારી પોતાની જાતને અન્યાય કરી બેસીશ.'

જે કંઈ નુકસાન થયું હતું એને જો તરત જ કંટ્રોલ કરવામાં નહીં આવે તો પરિસ્થિતિ હાથમાંથી નીકળી જશે એવું કેસરને સમજાયું. ભેગા થયેલા ટીવી અને અખબારના પત્રકારો સામે જો નિખિલ પોતાની બેગુનાહી કે જયેશના ગેરવર્તન અંગે રોદણાં રડશે તો એને લોકોની સહાનુભૂતિ મળી જશે એ ખ્યાલ આવતાં શરૂ કરી દેશે.

એણે વિદ્યાના પપ્પાને ફોન લગાડ્યો. એમણે ફોન ઉપાડતાં જ કહેવા માંડ્યું:

'બેટા કેસર, પેલાને જબરદસ્ત ફિટ કરી દીધો છે. નિખિલ અરેસ્ટ થયાના ખબર ટીવી ચેનલમાં અને છાપાંની ઓફિસે ફોન કરી કરીને આપી દીધા છે. પહેલાં તો કોઈ માનવા જ તૈયાર નહોતું, પણ પછી એમણે તો મને જ પૂછવા માંડ્યું. મેં તો એમને વિદ્યાના મૃત્યુની અને બધી જ વાતો કરી દીધી છે. નીલાંગનું પણ આવી બનશે. મારી દીકરી સાથે અન્યાય કરનાર દરેકે એની કિંમત ચૂકવવી પડશે... મેં બરાબર કર્યુંને, બેટા?'

એમના અવાજમાંથી છલકાતા ઉત્સાહ અને સંતોષ સાંભળીને કેસર કશું જ બોલ્યો નહીં. એણે ફક્ત, હં... હં... કહ્યા કર્યું. કશું પૂછવા કે કહેવાની જરૂરત જ ના રહી. હવે અત્યારે એમાં પડ્યા વિના પોલીસ સ્ટેશન પહોંચવું વધુ જરૂરી હતું એટલે એણે શ્રદ્ધાબહેનને કહી દીધું:

'હું પોલીસ સ્ટેશન જાઉં છું. બાપુને હમણાં કંઈ કહેતી નહીં. એ ટેન્શનમાં આવી જશે.'

'તારા જવાથી શું થશે?'

'જયેશે મારી મદદ કરી છે. અત્યારે એને સાચવી લેવાની મારી ફરજ છે. હું હાજર હોઉં તો કદાચ પણ...' કેસરને જવાબ સૂઝ્યો નહીં. એની હાજરીથી બહુ મોટો ફેર ન પડે તો પણ ત્યાં હાજર રહેવું જરૂરી છે એવું એને લાગતું હતું.

'બહુ મોડું થશે?'

'મા, મને સ્થિતિનો અંદાજ નથી. પહોંચ્યા પછી જ સમજાશે...' કહીને કેસર ઘરની બહાર નીકળી ગયો.

ગાડી હજી કંપાઉન્ડની બહાર નહોતી નીકળી કે કેસરના સેલ પર માજિદનો નંબર ચમક્યો, હેલો બ્રધર... ઓમનો મીઠો અવાજ સાંભળીને કેસરના ચહેરા પર સ્મિત આવી ગયું.

'તો તમારા સુધી પણ સમાચાર પહોંચી જ ગયા.'

'દીવાલની અંદર રહીએ છીએ એટલે દુનિયાથી થોડા પાછળ છીએ, પણ સાવ બેખબર નથી.' ઓમ હસ્યો.

કેસર અચાનક ગંભીર થઈ ગયો:

'એ કોઈ પણ હિસાબે ઘરે પાછો ન જવો જોઈએ. એની મુસીબતના દિવસો જલદી પૂરા થશે એ મને નહીં ગમે.'

'શું કરવું છે?'

'ખબર નથી.'

'માજિદભાઈ કહે છે કે જ્યુડિશિયલ કસ્ટડી માગવી જોઈએ. એને અમારે ત્યાં પિકનિક પર મોકલી આપો.' ઓમ હજી હસી રહ્યો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પણ...'

'મૅજિસ્ટ્રેટના ટેબલ પર એટલા રૂપિયા મૂકો કે એને શ્રોફની બેલ એપ્લિકેશન દેખાય જ નહીં.'

'કરપ્શન?'

'પહેલી વાર સાંભળ્યો આ શબ્દ?' ઓમના અવાજમાં કડવાશ આવી ગઈ:

'એક વાત યાદ રાખજે, કેસર. દુશ્મન સાથેની લડાઈમાં હથિયાર તો એનાં જ વાપરવાં પડશે... સત્ય, અહિંસા, ન્યાય અને પ્રામાણિકતા જેવા શબ્દો હવે ફક્ત શબ્દકોશ સિવાય ક્યાંય જોવા નથી મળતા.'

'છતાંય હું શબ્દકોશના એ શબ્દોને જીવી બતાવવા માગું છું. એનાં હથિયાર વાપરીને એની સાથે લડું તો મારામાં ને એનામાં ફેર શું? હું માનું છું કે આ શબ્દોનું આજે પણ મૂલ્ય છે...'

'ઠીક હૈ...' ઓમ ફિલ્મી સ્ટાઇલમાં મજાક કરતો હોય એમ બોલ્યો:

'તૂ ભી અપના નસીબ અજમા લે બચ્ચા, જબ થક જાએ તબ બતા દેના...'

'એટલી જલદી થાકી જાઉં કે હાર માનું એવો નથી હું. મારું નામ કેસર પાડ્યું ત્યારે જ મારી માને કદાચ ખબર હશે કે ઘૂંટાયા વગર મારો રંગ નહીં આવે.'

*

જયેશ પ્રધાન પોલીસ સ્ટેશન પહોંચ્યો ત્યારે ટીવીના કેટલાક ન્યૂઝ રિપોર્ટર્સ ટ્રાઈપોડ પર કૅમેરા લગાવીને રાહ જોતા ઊભા હતા. જયેશ જેવો દાખલ થયો કે તરત જ એમના કૅમેરા ઓન થઈ ગયા. એક છોકરીએ દોડીને જયેશ સામે માઇક ધર્યું:

'નિખિલ શ્રોફને અરેસ્ટ કરવાનું કારણ કહી શકો છો?'

'આ એક હાઈપ્રોફાઈલ કેસ છે. અમે એમને કોર્ટમાં રજૂ ન કરીએ ત્યાં સુધી અમારાથી કશું જ કહેવાય નહીં.'

'પૈસાનું સ્કેમ છે કે પછી છોકરી?' એક રિપોર્ટરે ટીખળ કરી.

'નો કમેન્ટ્સ.' કહીને જયેશ અંદરની તરફ જતો હતો ત્યાં જ કેસરની ગાડી પાર્ક થઈ. કેસર ગાડીમાંથી નીચે ઊતરીને પોલીસ સ્ટેશન તરફ આગળ વધ્યો કે પ્રેસના લોકોએ એને ઘેરી લીધો:

'શું આ તમારી સાથે રિલેટેડ વાત છે?'

'કઈ વાત?' કેસરે પણ અજાણ્યા થવાનો પ્રયાસ કર્યો.

'તમે પ્રેસને બહુ લાંબો સમય અંધારામાં નહીં રાખી શકો. અમને ખબર છે કે નિખિલ અંદર છે...' એક નવલોહિયો યુવાન આગળ ધસી આવ્યો:

'અમે ધારીએ તો જબરદસ્તી પણ અંદર દાખલ થઈ શકીએ છીએ.'

'થઈ જુઓ.' જયેશનું મગજ છટક્યું. એણે ત્યાં ઊભેલા કોન્સ્ટેબલને કહ્યું:

'આ બધાને કંપાઉન્ડની બહાર ધકેલી દો. એક પણ માણસ મને અંદર નથી જોઈતો. ઊભા રહેવા દો આખી રાત.'

એ ઊંધો ફરીને પોલીસ સ્ટેશનના મકાનમાં અંદર જતો હતો ત્યાં જ એણે બૂમ સાંભળી:

'અમે કમિશનર પાસેથી પરમિશન લઈને પાછા આવશું... પણ આજે બ્રેકિંગ ન્યૂઝમાં નિખિલ શ્રોફ ચમકશે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એ નક્કી.'

કેસર અને જયેશ બંને જણા અંદર જઈને ટેબલ પર સામસામે ગોઠવાયાં:

'ખબર વિદ્યાના પિતાએ પહોંચાડ્યા.'

'વિદ્યા?'

જવાબમાં કેસરે આખી કથા કહી સંભળાવી. એણે જયેશની માફી માગી, પણ જયેશનો મિજાજ બદલાઈ ગયો હતો. એણે ફોન ઉઠાવ્યો:

'આ તો આપણા દેશપાંડેનો કેસ હતો.' એ ગેલમાં આવી ગયો:

'મને તો કલ્પના જ નહોતી કે મારું બધું આમ ફટાફટ ગોઠવાતું જશે. બેચમેટ છે મારો... આ છોકરીનો કેસ હાથમાંથી ગયો ત્યારે બહુ નિરાશ થઈ ગયેલો. સિસ્ટમમાંથી ભરોસો ઊઠી ગયેલો એનો. આ તમાશો તો એને બતાવવો જ પડે.'

'પણ...' કેસરને અચાનક ખુશ થઈ ગયેલો જયેશ સમજાયો નહીં.

'તું જોયા કર.' એણે દેશપાંડેને ફોન લગાડ્યો:

એણે નિખિલની આખી ઘટના દેશપાંડેને કહી સંભળાવી. બંનેએ આપસમાં બે-ચાર જોક્સ શૅર કર્યા પછી ફોન મૂકીને કેસર સામે સ્મિત કર્યું:

'કાલે સવારે મજા આવશે. દેશપાંડે પોતાનો હિસાબ ચૂકતે કરવા આવી પહોંચશે.'

'પણ મીડિયાને કેવી રીતે સંભાળશો?' કેસરને અત્યારે આ ટોળું જોઈને ચિંતા થવા લાગી હતી.

'અરે, રખડવા દો અડધી રાત સુધી. પછી કાલે બોલાવીને ઓબ્લાઇજ કરીશ.' જયેશ હસ્યો:

'મારું પણ કામ થઈ જશે ને એમનું પણ.'

'કાલે આ નાટક પૂરું થઈ જશે.' કેસરે સહેજ નિરાશાભર્યા સ્વરે કહ્યું:

'નિખિલની બેલ થશે અને તમાશો પૂરો.'

'બેલ...' જયેશ પ્રધાન મોટેથી હસ્યો, નિખિલ એમની વાતચીત સાંભળી શકે એ રીતે મોટા અવાજે એણે કહેવા માંડ્યું:

'બેલ કરાવવી સહેલી નથી. જયેશ પ્રધાનના લોકઅપમાંથી બહાર નીકળવું એટલું સહેલું નથી.'

એણે કેસરને આંખ મારી. કેસર સમજી ગયો. એણે પણ નિખિલને સંભળાવવા માટે વાત આગળ ચલાવી:

'ખોટા કોન્ફિડન્સમાં રહેશો નહીં. નિખિલની પહોંચ વિશે હજી તમે કંઈ જ જાણતા નથી.'

'નિખિલ પોતાની જાતને બહુ મહાન સમજતો હોય તો ભલે સમજે, આવતી કાલ સવારે કોર્ટમાં પહોંચવાને હજી દસ કલાક ને બાવીસ મિનિટની વાર છે. એટલી વારમાં હું દસ નિખિલનાં હાડકાં તોડીને એનાં પૅકેટ બનાવીને સીલ કરી શકું.'

નિખિલની સાથે સાથે આ વાત તન્વીર પણ સાંભળી શકતો હતો. આ બધું સાંભળતાં જ તન્વીરની આંખો પહોળી થઈ ગઈ. નિખિલને આ સાંભળીને જેટલો ગુસ્સો નહોતો આવ્યો એટલો તન્વીરના હાવભાવ જોઈને આવવા લાગ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એવી રીતે લોકઅપમાં કોઈના પર હાથ ઉપાડાય?’

‘હાસ્તો! તમારા ફાધર સાથે જે થયેલું એ વાત તો નિખિલ પણ સારી રીતે જાણે છે. લોકઅપમાં શું થઈ શકે એની મારા કરતાં વધારે એને ખબર છે.’

‘એવી રીતે ગેરકાયદેસર...’

‘કાયદાની ઐસીતૈસી.’ જયેશે અટ્ટહાસ્ય કર્યું:

‘આજની રાતે નિખિલનો ટાંટિયો તોડી નાખું કે હાથ ભાંગી નાખું પછી છોને કાલે બેલ થઈ જાય...’

‘પણ સાહેબ...’ જયેશ અને કેસર આ વાતચીત નિખિલને સંભળાવવા માટે જ કરી રહ્યાં હતાં. બંને જણાં જાણતાં હતાં કે એમની વાત સાંભળતાં સાંભળતાં નિખિલ પોતાની જાત પરનો કાબૂ ગુમાવી રહ્યો હતો:

‘એ કાલે મૅજિસ્ટ્રેટને કહી દે કે તમે એને માર્યો છે, તો?’

‘તો તન્વીર છે ને... એ કહેશે કે મેં નથી માર્યો... નહીં કહે તો હું એને પણ મારીશ.’

આટલું કહીને જયેશ ટેબલ પર તબલાં વગાડીને ગાવા લાગ્યો:

‘રાત અભી બાકી હૈ, બાત અભી બાકી હૈ...’

‘કોને સંભળાવે છે તું?’ નિખિલે ઘણો સંયમ રાખ્યો તેમ છતાં એ ઉશ્કેરાઈ ગયો:

“પેલો તો છક્કો છે... તેં પણ બંગડીઓ પહેરી લાગે છે. એટલે તમે બંને માત્ર વાતો કર્યા કરો છો. હિંમત હોય તો અહીંયાં આવીને હાથ લગાડ.’

‘મારી હિંમતને નહીં લલકારતા, સર!’ જયેશની આંખો લાલ થઈ ગઈ.

‘કેમ? નહીં તો તું પણ છક્કો છે એવી ખબર પડી જશે, બધા ને?’

નિખિલ નજીક આવીને બંને સળિયા પકડીને ઊભો હતો. એના ચહેરા પર અહંકાર ધગધગી રહ્યો હતો. એનું વાક્ય પૂરું થાય એ પહેલાં જયેશ ઊભો થયો. એણે હાથમાં પકડેલો દંડો નિખિલનાં આંગળાં પર જોરથી ફટકાર્યો. નિખિલનો હાથ છૂટી ગયો. એ જમીન પર બેસી ગયો. એના બંને હાથની આંગળીઓ ઉપર સખત જોરથી વાગ્યું હતું. એના મોઢામાંથી ગાળ નીકળી ગઈ.

‘કેમ, હજી જોવી છે મારી હિંમત?’ જયેશ સળિયાની એકદમ નજીક આવીને ઊભો હતો:

‘અંદર આવું? ટ્રેલર પૂરતું છે કે આખું પિક્ચર જોવાની જીદ છે હજી?’

‘જાને દો ના, સાહબ...’ તન્વીરના કપાળે પરસેવો વળી ગયો હતો. એ ધ્રૂજવા લાગ્યો:

‘ચૂપચાપ એક રાત ગુઝાર દો, કલ તો આપ વૈસે હી ઘર ચલે જાએંગે. ફિર જો ભી કરના હૈ, કર લેના. અભી ઇસસે પંગા મત લો.’

‘યે કલ ઘર નહીં જાએગા, તુઝે કંપની દેને કે લિએ વાપિસ આ જાએગા.’ જયેશે ક્રૂર સ્મિત કર્યું.

‘શટઅપ!’ નિખિલે જોરથી રાડ તો પાડી, પણ એ રાડમાં ગુસ્સો ઓછો અને દુખતી આંગળીઓની પીડા વધુ હતી.

આ તરફ, મુંબઈમાં એક તરફ મીડિયા ચકડોળે ચડ્યું હતું તો બીજી તરફ મિનિસ્ટ્રી પણ ઊંચી-નીચી થઈ ગઈ હતી. એકાદ રિપોર્ટરે ફોન કરીને હોમ મિનિસ્ટરને પણ આ અંગે સવાલો પૂછવાનો પ્રયત્ન કર્યો. એમાંથી વાત વણસી ગઈ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હોમ મિનિસ્ટરે ફોન ઊંચકીને કમિશનરને ધમકાવ્યા:

'મેં તમને પહેલાં જ કહ્યું હતું કે નિખિલને કોઈ રીતે મુશ્કેલી ન પડવી જોઈએ. તમારો અદનો ઓફિસર આમ મનફાવે તેમ નિર્ણયો કરે? કન્ટ્રોલ કરો એને.'

'સર, મને ખબર છે કે આ સમાચાર જયેશે લીક નથી કર્યા. એ મારો વિશ્વાસપાત્ર ઓફિસર છે.'

'ચાર્જ લઈ લો એના હાથમાંથી.' હોમ મિનિસ્ટર બેબાકળા થઈ ગયા હતા:

'બધું મારે શીખવવું પડશે?'

'સર, હવે હું આ કેસમાં કંઈ પણ કરવા જઈશ તો વધુ ચૂંથાશે. જયેશ સ્માર્ટ છે. આ પરિસ્થિતિમાં ઉશ્કેરાઈને જો એ કોઈ સ્ટેટમેન્ટ કરી નાખશે તો...'

'તમે જ્યારે પરમિશન માગી ત્યારે તમે કહ્યું હતું કે કોઈ હો-હા વગર તમે બધું સંભાળી લેશો.'

'હા સર, પણ... મને ખબર જ નથી કે...'

'હવે ગેંગે-ફેંફે ના કરો. નિખિલ શ્રોફ કોણ છે એની ખબર છે તમને... સાવ ફાલતુ છોકરા માટે થઈને સરકાર હચમચે એવી સ્થિતિ ઊભી કરી છે તમે. એક બાજુ નિખિલ ગળે છરી લઈને ઊભો રહેશે ને બીજી તરફ મીડિયાવાળા માછલાં ધોશે. કંઈ પણ કરો, નિખિલને કાલે સવારે એના ઘેર મોકલી આપો.'

'જરૂર સર, આજે આ બધું રોકી શકાય એમ નથી.' કમિશનરની જીભ થોથવાતી હતી. એમણે ટેબલ પર પડેલો ગ્લાસ ઉઠાવીને મોઢે માંડ્યો.

'શોધી કાઢો કે આ બધું ચગાવ્યું કોણે? મેં તમને કહ્યું હતું કે સવારના એને કોર્ટમાં રજૂ ન કરો ત્યાં સુધી...' હોમ મિનિસ્ટરનો અવાજ ગુસ્સાથી ફાટતો હતો:

'તમે આટલું ઇરિસ્પોન્સિબલ વર્તશો એવી ખબર હોત તો હું...' એમણે અચકાતાં અચકાતાં કહી નાખ્યું:

'પાર્ટી માટે નિખિલ ફંડ કેટલા રૂપિયા ચૂકવે છે ખબર છે તમને? એક વાર છૂટો થયો તો જીવ લઈ લેશે મારો.'

'સર, મારી પાસે એક ઉપાય છે.'

કમિશનરે પોતાની અને હોમમિનિસ્ટરની ખુરશી બચાવવાનો ઉપાય ધરી દીધો:

'આપણે હાથ ઊંચા કરી દઈએ તો? કોર્ટ તો આમ પણ આપણી સત્તાની બહાર જ છે. કેસ ટેમ્પર થાય કે નિખિલ શ્રોફની સલામતી જોખમાય એને બદલે...'

કમિશનર થોડીક વાર અટક્યા. હોમ મિનિસ્ટર ધ્યાનથી સાંભળે છે એવું લાગ્યું એટલે કમિશનરે હિંમતથી વાત પૂરી કરી:

'બેલ ન થાય... રિમાન્ડ મળી જાય...' એમણે નિરાંતનો શ્વાસ લીધો:

'ઘણા રસ્તા છે, સર. એક વાર મૅજિસ્ટ્રેટ સામે કેસ જાય તો આપણે પણ થાય તેટલું કરી શકીએને? બધું કંઈ આપણા હાથમાં થોડું હોઈ શકે?'

'હા. આઈ થિન્ક. હવે એ સિવાય બીજો રસ્તો નથી.' હોમ મિનિસ્ટરે નિઃશ્વાસ નાખ્યો:

'તુમને સબ ગરબડ કર ડાલા.'

'આઈ એમ સોરી, સર.' કમિશનરે ફોન મૂક્યો, પણ એણે આ બધું ગૃહમંત્રીને વિશ્વાસમાં લઈને કર્યું હતું એટલે કોઈ એના તરફ આંગળી ચીંધી શકે એમ નહોતું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એમણે ફોન ઉપાડીને સ્ટાર ન્યૂઝના રિપોર્ટરને ફોન કર્યોઃ

'જુઓ, આજે તો કશું નહીં થઈ શકે, પણ કાલે મૅજિસ્ટ્રેટને ત્યાં લઈ જાય ત્યારે તમે કવરેજ કરી શકો છો.'

કમિશનરનો આ સંદેશ એક પછી એક પત્રકારોને અંદરોઅંદર મળવા માંડ્યો.

*

સવારે બ્રેકિંગ ન્યૂઝ ચોંકાવી દેનારા હતા. બિઝનેસ ટાયકુન નિખિલ શ્રોફની અરેસ્ટ શૅરમાર્કેટથી શરૂ કરીને સામાન્ય માણસ સુધી સૌને હચમચાવી ગઈ હતી.

અગિયાર વાગ્યે નિખિલ શ્રોફને મૅજિસ્ટ્રેટના ઘરે લઈ જવામાં આવ્યો. જયેશ પ્રધાને સરકારી વકીલ મહાદેવ ઠક્કરને બરાબરની પટ્ટી પઢાવી હતી. એ જાણતો હતો કે સરકારી વકીલ લાંચિયો હતો. રૂપિયા લઈને કેસ વિખેરી નાખવામાં એનો જોટો જડે એમ નહોતો એટલે એણે એના મગજમાં એવું ચોકઠું ગોઠવ્યું કે જો હમણાં એ નિખિલ શ્રોફને રિમાન્ડ અપાવશે તો પછીથી સોદો કરવામાં એને સરળતા રહેશે ને રૂપિયા પણ વધુ મળશે...

બીજી તરફ, મિનિસ્ટર તરફથી મૅજિસ્ટ્રેટને પણ જરૂરી સૂચના પહોંચાડી દેવામાં આવી હતી.

એમ.ટી.ના નામે ઓળખાતા સરકારી વકીલે નિખિલ શ્રોફની લાગવગ અને બીજી પરિસ્થિતિઓને આગળ ધરીને ધુંઆધાર દલીલો કરી.

'અટેમ્પ્ટ ઓફ મર્ડર કોઈ સામાન્ય ગુનો નથી, મી લોર્ડ. આવા સંગીન ગુનાની તપાસ ચાલતી હોય ત્યારે જો એનો મુખ્ય આરોપી બહાર હોય તો સાક્ષીઓ હોસ્ટાઈલ થઈ જવાની પૂરી સંભાવના છે.'

'પણ એક સામાન્ય શૂટરની જુબાની પરથી નિખિલ શ્રોફ જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિને પોલીસ રિમાન્ડ આપવા યોગ્ય નથી, મી લોર્ડ. કાલે ઊઠીને કોઈ પણ આંગળી ચીંધી દેશે તો આવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓને લોકઅપમાં પૂરી દઈશું? આ જ આપણા કાયદો અને વ્યવસ્થા છે?' નિખિલના વકીલ ધનવંત કાપડિયા પણ પાછળ રહી જાય એવા નહોતા.

'સામાન્ય શૂટર પણ આ દેશનો નાગરિક છે. જેની જિંદગી પર ખતરો તોળાય છે એ પણ આ દેશનો નાગરિક છે અને નિખિલ શ્રોફેય આ દેશના નાગરિક છે. કાયદો સૌ માટે સરખો છે, મી લોર્ડ. જો સામાન્ય શૂટરની જુબાનીથી બીજા કોઈ નાગરિકને ડિટેઇન કરવામાં આવતો હોય તો નિખિલ શ્રોફને કેમ નહીં? એ પૈસાવાળા છે, લાગવગ ધરાવે છે એથી એ સ્પેશિયલ નથી બની જતા.'

એ પછી સરકારી વકીલે કેસર પર થયેલા શૂટઆઉટ અને હૉસ્પિટલમાં થયેલા હુમલા વિશે થયેલા હુમલા વિશે ખાસ ચર્ચા કરી. માજિદના સાળાનું સ્ટેટમેન્ટ પણ રજૂ કરાયું અને એમણે પૂરી ચાલાકીથી પરિસ્થિતિને પોતાની દિશામાં ફેરવી દેતાં દલીલ કરીઃ

'અને મને એ જ ભય છે મી લોર્ડ, કે જેણે કેસર પર હુમલો કર્યો છે એ મિ. શ્રોફ પર નહીં કરે એવી ખાતરી નથી. મિ. શ્રોફની ઓફિસમાં થયેલા આ હુમલામાં તન્વીર અન્સારીએ એમનું નામ લઈને ચકચાર જગાવી છે. આ પરિસ્થિતિમાં નિખિલ શ્રોફની સલામતીના પ્રશ્નની સાથે સાથે એમના ઉપર શંકાનો ઘેરો પણ મજબૂત બની ગયો છે.'

અંતે મૅજિસ્ટ્રેટે બેલ નકારીને નિખિલને રિમાન્ડમાં સોંપવાનું ફરમાન કર્યું.

જયેશે શીખવ્યા મુજબ કોન્સ્ટેબલે આગળ આવીને નિખિલ શ્રોફને હાથકડી પહેરાવવાનો પ્રયત્ન કર્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જયેશે તરત જ કોન્સ્ટેબલને ટપાર્યોઃ

'એઈ, શું કરે છે? આટલા મોટા સાહેબને હાથકડી પહેરાવાય?' પછી એણે નિખિલની સામે જોઈને સ્મિત કર્યુંઃ

'સોરી, હં સર... આ લોકો તો સીધાસાદા માણસો હોય. પેજ-થ્રી વાંચે નહીંને? એમને પોકેટમાર અને તમારા જેવા માણસ વચ્ચેના ફેરની ખબર ન પડે!'

'હું સમજું છું.'

નિખિલનાં જડબાં તંગ થઈ ગયાં. જયેશના એક એક નાનાં નાનાં વર્તનની એ નોંધ લેતો હતો. એ મૅજિસ્ટ્રેટના ઘરની બહાર નીકળતો હતો ત્યારે જયેશ પ્રધાન એની સાથે ચાલી રહ્યો હતો. મૅજિસ્ટ્રેટના ઘરનાં પગથિયાં ઊતરતાં જયેશે ધીમેથી નિખિલને કહ્યુંઃ

'કાયદો અને વ્યવસ્થા શીખવાના ઇન્સ્ટિટ્યૂટમાં તમને કાયદેસર ભરતી કરી દીધા છે. હવે અડતાળીસ કલાક માટે તમે કાયદેસર મારા મહેમાન છો...વેલ કમ ટુ માય લોકઅપ. ગઈ કાલ રાતની ઘટના હજી ભૂલ્યા નહીં હો... સો, ગુડ લક એન્ડ હૅવ ફન!'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 66

નિખિલ શ્રોફને અડતાળીસ કલાકના પોલીસ રિમાન્ડ પર સોંપી દેવામાં આવ્યો હતો.

મૅજિસ્ટ્રેટના ઘરના પગથિયાં ઊતરતાં જયેશ પ્રધાને સરસરી નજર નાખી. બહાર ઊભેલાં ટોળાંમાં મીડિયાની સાથે સાથે એને એ ચહેરો પણ દેખાયો, જેને હાજર રહેવા માટે એણે ખાસ કહેવડાવ્યું હતું.

એક ખૂણામાં અદબ વાળીને ઓફિસર દેશપાંડે ઊભો હતો. એની સાથે નજર મળતાં જ જયેશના ચહેરા પર સ્મિત રમી ગયું. એણે હાથ હલાવીને દેશપાંડેનું અભિવાદન કર્યું. પછી નિખિલની નજીક જઈને ધીમેથી કહ્યું:

'વિદ્યા ચોકસી કેસ યાદ છે ને?'

નિખિલે નજર ઊંચકીને જયેશ સામે જોયું:

'તમને કદાચ યાદ ન પણ હોય, આવાં કેટલાંય ખોટાં કામો કર્યાં છે ને...'

નિખિલ સમસમીને ચૂપ રહ્યો. જયેશ પ્રધાને વાત આગળ ચલાવી:

'પેલો દેખાય છે એ મારો બેચમેટ દેશપાંડે છે. એના હાથમાંથી વિદ્યા ચોક્સીનો કેસ આંચકી લેવાય એ માટે તમે જ કમિશનરને ફોન કર્યો હતો ને? તમારી રાહ જોઈને જ ઊભો છે.'

નિખિલને લાગ્યું કે એના પગ ઢીલા થઈ ગયા.

એણે નજર ઘુમાવી તો ક્યારના બહાર ઊભેલા ટીવી રિપોર્ટસ બાઇટ્સ અને શોટ્સ લેવા માટે ધક્કામુક્કી કરી રહ્યા હતા. એ બધાને ચીરતો એક માણસ અચાનક ટોળામાંથી બહાર ધસી આવ્યો એ જ વખતે દૂર ઊભેલા કેસર સાથે જયેશની નજર મળી. કોઈ કશું સમજે કે રોકી શકે તે પહેલાં એ આધેડ ઉંમરના માણસે નિખિલ શ્રોફને તમાચો ચોડી દઈને બરાડ્યો:

'સાલા, જુઠ્ઠા!'

થોડે દૂર ઊભેલો સોમલ ઉશ્કેરાઈ ગયો. એ નજીક આવવા જતો હતો, પણ મીડિયાનું ટોળું વટાવી શક્યો નહીં.

'બેશરમ...'

નિખિલના ગાલ પર બીજો તમાચો પડ્યો. આ બંને તમાચા બે સેકન્ડની અંદર એ રીતે વીંઝાયા કે નિખિલ એનો પ્રતિકાર કરે કે એને તમાચાનો જવાબ આપે એ પહેલા આસપાસ રહેલા કોન્સ્ટેબલ્સ નિખિલની સામે ઊભેલા પેલા માણસને વીંટળાઈ વળ્યા.

'દરેકે પોતાનાં કર્મોનો હિસાબ આપવો પડે છે, નિખિલ... આજે તને આ હાલતમાં જોઈને મને એટલો સંતોષ થયો છે કે એનો તને અંદાજ નહીં આવે!'

'કોણ છે આ?' ટીવી રિપોર્ટસમાંથી એકે આગળ આવીને જયેશ પ્રધાનને પૂછ્યું.

'મને જ નથી ખબર.' જયેશ પ્રધાને ખભા ઊંચા કર્યા, એણે રાકેશ ચોક્સીને ધમકાવવાનો ડોળ કર્યો:

'પોલીસ કસ્ટડીમાં રહેલા માણસ પર હાથ ઉપાડવાના ગુનાની સજા ખબર છે?'

'ફાંસી તો નથી જ, એટલી ખબર છે મને.'

રાકેશ ચોકસીએ એની આંખમાં આંખ નાખીને જવાબ આપ્યો:

'મરી ગયેલી વ્યક્તિના ચારિત્ર્ય વિશે ગંદા આક્ષેપો કરવાની કોઈ સજા નથી આપતો તમારો કાયદો? બદનક્ષી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ફક્ત જીવતાંની જ હોઈ શકે, કેમ?'

'જુઓ ભાઈ... આ કાયદેસર ગુનો કહેવાય.' જયેશ એને સમજાવવા ગયો.

વિદ્યાના પપ્પાએ હાથ ઊંચો કરીને જયેશને રોકી દીધોઃ

'દીકરી છે તમારે?'

'હા.' જયેશે ડોકું ધુણાવ્યું.

'બસ, તો...' વિદ્યાના પિતાની આંખો ભરાઈ આવી. એ કશું બોલી શક્યા નહીં, પરંતુ કેસરે આગળ વધીને એમને સંભાળી લીધા. એણે રાકેશભાઈના મનની વાત કહી નાખી.

'આંખ મીંચીને એક ક્ષણ વિચારી જુઓ, જુવાનજોધ દીકરીની લાશ પંખા પર લટકતી જોવી પડે તો કેવું લાગે? દીકરીને ખોયાની પીડામાંથી બહાર આવો તે પહેલાં જો એ જ દીકરીના ચારિત્ર્ય પર અજાણ્યો માણસ કાદવ ઉડાડી જાય તો...'

કેસરનો અવાજ પણ ભારે થઈ ગયો. આંખો ભીની થઈ ગઈ. વિદ્યાનો હસતો ચહેરો અને ઝૂલતી લાશનો ફોટો એના મગજમાં ઘુમરાવા લાગ્યા.

'હું સમજું છું, પણ આવી રીતે જાહેરમાં...'

'હવે તમારે જે કરવું હોય તે કરો. હું તમારી સાથે પોલીસસ્ટેશન આવવા તૈયાર છું!' રાકેશ ચોકસીની આંખમાં આંસુ ધસી આવ્યાં.

રાકેશ ચોકસીનો એ ક્લોઝ-અપ ટેલિવિઝન પર દેખાતો હતો. શ્રદ્ધાબહેને ધીમેથી આંખોના ખૂણા લૂછી લીધાઃ

'એક બાપના દિલ પર શું વીતી હશે!'

'ખરેખર, હું જ્યારે એમને મળવા ગયેલો ત્યારે મને થયેલું કે આ માણસ લાંબુ જીવી નહીં શકે.' દેવરાજસિંહે જવાબ આપ્યો.

'જુવાન દીકરાનું મોત તો કદાચ પણ જીરવાય એક બાપથી, પણ દીકરી જ્યારે પરણાવવાની ઉંમરે દુનિયા છોડી જાય ત્યારે બાપનું અડધું મોત થઈ જાય છે.'

'હું ક્યારેય બોલ્યો નથી, પણ કેસરના ચાલ્યા ગયા પછી એક એક દિવસ મોતથીયે બદતર ગુજાર્યો છે મેં.' દેવરાજસિંહની આંખો પણ ભીની થઈ ગઈઃ

'રોજેરોજ મારી ભૂલનો અહેસાસ મને મારી નાખતો હતો. રાજપૂત હોવાના અહમ્માં અને સમાજના ડરથી મેં જ મારી દીકરીને મોતના મોઢામાં ધકેલી દીધી એવું મને રોજ લાગતું હતું.'

ત્યાં જ બેસીને ટેલિવિઝન જોઈ રહેલા ગુલાબસિંહે તિરસ્કારથી મોં મચકોડ્યુંઃ

'ધતિંગ કરે છે ધતિંગ એ માણસ... પોલીસને સોંપી દેવો જોઈએ.'

આ તરફ દૂર ઊભેલા દેશપાંડેને આંખના ઇશારાથી જ નજીક બોલાવીને જયેશે રાકેશ ચોકસીનો હાથ પકડાવી દીધોઃ

'આમને લઈ જાવ, હું પહોંચું છું.'

દેશપાંડેને એની આંખોમાં રહેલો ઇશારો સમજાઈ ગયો હતો. રડી રહેલા રાકેશ ચોકસીને એણે સાચવીને ટોળાની બહાર કાઢ્યાઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ક્યાં જવું છે તમારે?’

‘પોલીસસ્ટેશન જવાનું છે ને આપણે?’

‘ના રે...’ દેશપાંડેના ચહેરા પર સ્મિત હતું:

‘તમે ઘરે જાવ. આજે શાંતિથી પેટ ભરીને જમજો અને ઊંઘી જજો. તમારી દીકરીનો તડપતો આત્મા પણ આજે શાંત થઈ ગયો હશે.’ નિસાસો નાખીને એણે સ્વગત કહ્યું:

‘મને પણ શાંતિ થઈ છે.’

આ બધા તમાશા દરમિયાન નિખિલ હત્પ્રભ જેવો ઊભો હતો. અચાનક એણે નજર કરી તો થોડે દૂર શ્વેતા અને સામે સોમલ ઊભાં હતાં. સોમલ સાથે આંખો મળતાં જ એ નજીક આવ્યો.

‘ડેડ...’ એના અવાજમાં નિખિલને બહાર ન કાઢી શક્યાનો અફસોસ હતો.

‘ઇટ્સ ઓ.કે.’ નિખિલે એના ખભે હાથ મૂક્યો. શું બોલવું અને કઈ રીતે વર્તવું એ નિખિલને સમજાતું જ નહોતું. એક પછી એક ઘટનાઓ જે રીતે બનતી જતી હતી એનાથી એની બુદ્ધિ જાણે બહેર મારી ગઈ હતી.

શ્વેતા ત્યાં જ ઊભી રહી. નિખિલે એની સામે જોયું. શ્વેતાની આંખો લાલ અને સૂજેલી હતી. નાકનું ટોપકું રાતુંચોળ થઈ ગયું હતું. આખી રાત રડી હશે એવું એના ચહેરા પરથી સમજાતું હતું. નિખિલ સાથે નજર મળતાં જ એની આંખો ફરી વહેવા લાગી. નજર ફેરવીને એણે પોતાની પર્સમાંથી સનગ્લાસિસ કાઢીને આંખ પર ચડાવી દીધાં.

નિખિલની અંદર... સાવ ભીતર, ઊંડે કશુંક સહેજ હચમચ્યા પછી સ્થિર થઈ ગયું. એને સમજાયું નહીં કે આ શું હતું, પણ જિંદગીમાં પહેલી વાર એને અહેસાસ થયો કે પોતે ક્યાંક એક ક્ષણ માટે ખોટો તો હતો જ...

*

‘હું સમજું છું કે તમને કેટલી તકલીફ પડી છે... પણ એક ભૂલની સજા તો એક જ વાર હોયને?’

ખુરશીમાં બેઠેલા અભિમન્યુની પીઠ પર હાથ ફેરવતાં આરોહી પોતાની વાત કહી રહી હતી. જેટલી વાર એના હાથ અભિમન્યુના ખભા પર આવતા એટલી વાર આરોહીને એનું ગળું દબાવી દેવાની ઇચ્છા થઈ આવતી. એણે દરેક વખતે પોતાની જાતને રોકવી પડતી:

‘હું તો ફક્ત તમારા માટે પાછી આવી છું. મને એવું સમજાયું છે કે મેં જે કર્યું તે બરોબર નહોતું. હું એમ માનતી હતી કે સોમલને મારી લાગણી સમજાશે, મારા પ્રેમની, મારી સચ્ચાઈની કિંમત હશે એને પણ...’

‘પહેલી વાર પણ એણે લાત મારી એટલે જ તું આવી મારી પાસે ને બીજી વાર પણ એણે તને ફેંકી દીધી એટલે તને મારો વિચાર આવ્યો.’

અભિમન્યુના માથે હજી પાટો હતો. એણે ચીડ સાથે આરોહીના હાથ પોતાના ખભેથી ખસેડી નાખ્યા:

‘એ જેટલી વાર તને કચરાના ડબામાં ફેંકે એટલી વાર તને મારે ઉઠાવવાની? લાખો લોકોએ તને ચુમ્માચાટી કરતી જોઈ એની સાથે... હવે તને જોઉં છું એટલી વાર મને એ જ દેખાય છે.’

‘સોમલ મારો પહેલો પ્રેમ હતો - બાળપણનો પ્રેમ.’ આરોહીએ આંખોમાં આંસુ સાથે પોતાની વકીલાત કરવા માંડી:

‘મને એમ હતું કે એ મને સ્વીકારી લેશે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એ સ્વીકારી લેત તો તું મને લાત મારી દેત!’

અભિમન્યુ બોલ્યો કે તરત જ આરોહીને પોતાની ભૂલ સમજાઈ.

‘ના, ના... એવું નથી!’ એણે પલટી મારી:

‘મારે તો ફક્ત એક વાર એને તરછોડવો હતો. ના પાડવાની મજા મારે લેવી હતી.’

‘કોને મૂરખ બનાવે છે તું? મને કે તારી જાતને?’

‘એવું નથી... હું સાચે જ એને એ સમજાવવા માગતી હતી કે...’

‘ચૂપ રહે, જુહ્લી.’ અભિમન્યુનો અવાજ એટલો મોટો થઈ ગયો કે બાજુના રૂમમાં નેહા અને નીચે બેઠેલાં શ્રદ્ધાબહેન એ સાંભળી શક્યાં:

‘હવે હું તારા ઝાંસામાં નહીં આવું. મારી જિંદગીમાં, મારા ઘરમાં અને મારા રૂમમાં તારા માટે જગ્યા નથી.’

‘આવું શું કરે છે? એક વાર તો મારી ભૂલ માફ કર.’

‘એક વાર? મને મૂરખ બનાવ્યો, ગમે તેમ બોલી, પેલા કેસરની ચઢવણીથી ઘર છોડી ગઈ. એટલું ઓછું હોય એમ જાહેરમાં સોમલ સાથે...’ અભિમન્યુ ઊભો થઈ ગયો:

‘છી... તું નીકળ અહીંથી.’

એણે આરોહીનું બાવડું પકડી લીધું. આરોહી બંને હાથ એના ગળામાં નાખી વીંટળાઈ વળી. પોતાના સ્વરમાં એણે માદકતા ઉમેરી. તમે ને બદલે એ તુંકારા પર આવી:

‘હું નહીં જાઉં. હું તો અહીં જ રહેવાની, તારી પાસે.’ એણે બહુ જ હળવેથી પોતાનું નાક અભિમન્યુના કાનની બૂટ નીચે ઘસવા માંડ્યું. એના હાથ અભિમન્યુની પીઠ પર ફરવા લાગ્યા. એના હોઠ અભિમન્યુના ગળા પર, છાતી પર અને ચીબુક પર થઈને હોઠ પર પહોંચી ગયા.

અભિમન્યુને લાગ્યું કે એની અંદર કશું પીગળી રહ્યું છે. આરોહીની આંગળીઓનાં ટેરવાંએ એવી કમાલ કરી કે અભિમન્યુ આખેઆખો વહી ગયો.

આરોહીએ પોતાની લાંબી આંગળીઓના નખ અભિમન્યુની હથેળીમાં ધીમે ધીમે ફેરવતાં એને પૂછી નાખ્યું:

‘હવે શું કરવાનો ઇરાદો છે?’

‘કોને ખબર? ગૂંચવાઈ ગયો છું. સમજાતું નથી કે શું કરું? નિખિલ શ્રોફના અરેસ્ટ થયા પછી હું ડરી ગયો છું.’

ઉન્માદ શમ્યા પછી અભિમન્યુની છાતી પર માથું મૂકીને સૂતેલી આરોહી સમજી ગઈ કે અભિમન્યુ એની મુઠ્ઠીમાં ફરી એક વાર સપડાઈ ગયો હતો. અભિમન્યુ એવા પુરુષોમાંથી હતો, જે નહીં ખોલવાનાં રહસ્યો પણ પથારીમાં ખોલી નાખે છે.

આરોહીને એટલી તો ખબર હતી જ કે એના ગરમ લોહીમાં અને શરીરના વળાંકોમાં પુરુષની છાતી ફાડીને એના દિલમાં છુપાયેલાં સત્યોને ખેંચી કાઢવાની તાકાત હતી:

‘તને લાગે છે કે કેસર તને આ ઘરમાં રહેવા દેશે?’

‘શું કામ રહેવા દે? એને બધું જ જોઈએ છે.’

‘તો?’ એના લાંબા નખ ધીમે ધીમે અભિમન્યુનું મગજ પણ ખોતરવા લાગ્યા હતા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તો શું?’ એણે આરોહીની આંગળીઓને પોતાની આંગળીઓમાં પરોવીને જકડી લીધીઃ

‘હું તો ખૂન કરી નાખીશ એનું!’

‘ને પછી જેલમાં જતો રહીશ.’ એ હસીઃ

‘નિખિલને કંપની આપવા!’

‘તો શું કરું? તું જ કહે...’

‘એને એના જ ચક્કરમાં ફસાવ. એની આવડતને સમજી લે પહેલાં... પછી જે નથી આવડતું ત્યાં જઈને માર એને.’

‘એટલે?’ અભિમન્યુની આંખ ઝીણી થઈ ગઈ.

‘એ ચાલાક છે. સાવચેત છે. હોશિયાર છે, પણ લાગણીશીલ છે... ઇમોશનલ માણસોને તોડી નાખવા સહેલા હોય છે. માફી માગ એની. સ્વીકારી લે તારી ભૂલ...’

‘ભૂલ? મારી કોઈ ભૂલ નથી.’

‘એ તો હું અને તું જાણીએ છીએ... એણે તારાં મા-બાપને જીતી લીધાં છે... નિખિલ શ્રોફના દીકરાને એની વિરુદ્ધ કરી નાખ્યો.’

આરોહી પોતાની કોણીઓ પર માથું ટેકવીને ઊંધી થઈ ગઈ. એના બાથરોબના ઢીલા થઈ ગયેલા બેલ્ટને કારણે દેખાતા એના વળાંકોએ અભિમન્યુની નજરને બાંધી લીધી હતી એ જોતાં જ એણે ધીમેથી પોતાની વાત કહી નાખીઃ

‘વિશ્વાસઘાત કરવા માટે પહેલાં વિશ્વાસ જીતવો પડે.’

આરોહીએ કોણીઓને સંકોચીને વળાંક વધુ સ્પષ્ટ કર્યાઃ

‘કેસર જે રમત રમી રહ્યો છે એ રમત રમ્યા વગર એને હરાવવો અઘરો છે.’

‘એ મારો વિશ્વાસ શું કામ કરે?’

તું મારો વિશ્વાસ શું કામ કરે છે? એણે મનોમન કહ્યું, પછી સ્મિત કરીને પોતાની હથેળી અભિમન્યુના ગાલ પર મૂકીઃ

‘આપણે બધા લોકોને એક જ વાર મૂર્ખ બનાવી શકીએ અને એકાદ-બે જણાને વારંવાર મૂર્ખ બનાવી શકીએ...’

એની હથેળી હળવે હળવે અભિમન્યુના ગાલ અને હોઠ પર ફરવા લાગી હતીઃ

‘તારા આખા કુટુંબને તું એક જ વાર મૂર્ખ બનાવી શકીશ.’

‘તું મારી સાથે છે ને?’ અભિમન્યુએ એનો હાથ પોતાના હાથમાં લઈ લીધો.

‘છેલ્લા શ્વાસ સુધી!’

આરોહીએ પોતાનો બીજો હાથ એના હાથમાં આપીને શરીર ઢાળી દીધું, પછી મનોમન ગણગણીઃ તારા છેલ્લા શ્વાસ સુધી...!

અભિમન્યુએ હાથ ફેલાવીને આરોહીને બાહુપાશમાં લેવાનો પ્રયત્ન કર્યો ત્યાં જ એના બેડરૂમના દરવાજે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ટકોરા પડ્યા. આરોહીને ચૂમવા માટે આગળ વધેલો અભિમન્યુનો ચહેરો ત્યાં જ અટકી ગયો. આરોહી ઊઠીને બાથરૂમમાં ચાલી ગઈ. અભિમન્યુએ દરવાજો ખોલ્યો. સામે ગુલાબસિંહ ઊભા હતા:

'સાવજ, મારા દીકરા... પેલા લબાડ ઇન્સ્પેક્ટર જયેશને રિમાન્ડ મળી ગઈ. નિખિલ અડતાળીસ કલાક એની કસ્ટડીમાં છે. કોણ જાણે શું કરશે બિચારાની જોડે?'

'આપણે શું?'

'મૂરખના જામ.' ગુલાબસિંહના દાંત પીસાઈ ગયા. એમણે આમતેમ જોઈને અભિમન્યુની નજીક આવીને કહ્યું:

'નિખિલ માર ખાઈ શકે એમાંનો નથી. ફટ દઈને તારું નામ બોલી નાખશે તો?'

હેં? અભિમન્યુએ બધું વિચાર્યું હતું, પણ આ વિચાર એના મનમાં નહોતો આવ્યો. ગુલાબસિંહની વાત સાવ ખોટી નહોતી.

'નામ તો ગમે તેનું બોલી શકે, એની પાસે પુરાવો ક્યાં છે?'

આરોહી બાથરૂમમાંથી ટી-શર્ટ સરખું કરતી બહાર આવી. ગુલાબસિંહની આંખો સહેજ પહોળી થઈ. આરોહીએ એમની વાત સાંભળી છે એ જાણીને એમને જરા અકળામણ થઈ ગઈ.

'ચિંતા ના કરો, દાદાજી. એ આપણી સાથે છે.'

અભિમન્યુએ કહ્યું તો ખરું, પણ ગુલાબસિંહની જમાનાની ખાધેલ નજર આરોહીની આંખોમાં રહેલા છળને વાંચી શકતી હતી...

એમણે તરત જ વાત ફેરવી નાખી:

'તું આરામ કર. આપણે પછી વાત કરીએ.'

એ અભિમન્યુના રૂમમાંથી બહાર નીકળી ગયા. એમની પીઠ ફરે એ પહેલાં આરોહીએ દરવાજો બંધ કરી દીધો:

'તારા દાદાજીને મારા પર વિશ્વાસ નથી.'

'પણ મને તો છે ને?' અભિમન્યુએ એની આસપાસ હાથ વીંટાળીને થોડી વાર પહેલાં અધૂરું રહી ગયેલું કામ પૂરું કરવા માટે પોતાનો ચહેરો આગળ કર્યો.

'તારે જયેશ પ્રધાનને મળવું જોઈએ.'

આરોહીએ પોતાની આંગળી અભિમન્યુના હોઠ પર મૂકી એના ચહેરાને પાછળ ધકેલ્યો.

'કેમ?'

અભિમન્યુએ આરોહીના માથા પાછળ હાથ રાખીને એને નજીક ખેંચી.

'નિખિલ તારે વિશે કંઈક આડુંઅવળું કહે એ પહેલાં તારે જઈને જયેશને બધું કહી દેવું જોઈએ.'

'બેવકૂફ છે તું... તું મને બચાવવા આવી છે કે ફસાવવા?' અભિમન્યુનો મૂડ બદલાઈ ગયો:

'એ બધું સાંભળ્યા પછી જયેશ મને છોડી દેશે, એમ?'

'ચોક્કસ છોડી દેશે. જયેશનો શિકાર તું નથી, નિખિલ છે. એના સુધી પહોંચવા માટે એ તને ફસાવે ખરો... પરંતુ જો તું સામેથી પહોંચી જાય તો બે ફાયદા થાય. એક, તારા વહાલા ભાઈને તારા પર ભરોસો પડશે અને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બે, નિખિલ તારું કંઈ બગાડે એ પહેલાં તું ચોખ્ખો બહાર નીકળી જઈશ.'

'અરે, વાહ! તું તો દાદાજી કરતાં પણ વધુ સ્માર્ટ છે.'

'હું તારું ભલું ઇચ્છું છું, અભિ. તારા દાદાજી તો...' કહીને આરોહીએ ઇરાદાપૂર્વક ઉમેર્યું:

'છોડ, જવા દે એ વાત...'

'કહે મને...' અભિમન્યુએ બંને હાથે એનો ચહેરો પકડ્યો.

'તારા દાદાજી તમને બંને ભાઈઓને લડાવીને પોતાનો રોટલો શેકવા માગે છે. એક વાત યાદ રાખજે જાનુ, માણસે પોતાની લડાઈ એકલા જ લડવી જોઈએ.'

'મને તારી વાત સાચી લાગે છે.' અભિમન્યુ માટે અત્યારે એની સુંદર - નખરાળી પત્ની જે કહે તે બધું જ સનાતન સત્ય હતું. એણે આરોહીના હોઠ પર હોઠ મૂકી દીધા. આરોહીએ પોતાના બંને હાથ અભિમન્યુની પીઠ પર મૂકીને એને નજીક ખેંચ્યો. અભિમન્યુની આંખો મદહોશીમાં બંધ થઈ ગઈ, પણ આરોહીની ખુલ્લી આંખોમાં ઝાલા કુટુંબની બરબાદીનો નઝારો દેખાવા લાગ્યો હતો...

*

કેસર ઘેર પહોંચ્યો ત્યારે દેવરાજસિંહ ડ્રોઇંગ રૂમમાં જ એની રાહ જોતા હતા. માથા ઉપર પાટો બાંધીને બેઠેલો અભિમન્યુ સહેજ ફિક્કો અને નબળો દેખાતો હતો. ગુલાબસિંહ હીંચકે બેસીને ઝૂલતા હતા.

'આવ, મારા સાવજ...' દેવરાજસિંહે ઊભા થઈને એને બાહુપાશમાં લઈ લીધો. ઊંચા-પહોળા દેવરાજસિંહ સામે કેસર થોડો નીચો લાગતો હતો, પણ એનું શરીર હવે ભરાયું હતું એટલે પહેલાં પિતાના બાહુપાશમાં જેમ કેસર ખોવાઈ જતી એવું આ વખતે ન થયું. કેસરે પિતાના આલિંગનમાંથી છૂટીને એમના ચરણસ્પર્શ કર્યા.

'સાવજ?'

દેવરાજસિંહે કરેલું સંબોધન બધાંએ સાંભળ્યું, પણ ગુલાબસિંહથી રહેવાયું નહીં:

'આને વળી સાવજ ક્યારથી કહેવા માંડ્યો તું?'

'સાવજ એટલે સિંહ, જંગલનો રાજા. ન્યાય કરે અને ન્યાયથી જીવે. ભૂખ્યો ન હોય ત્યાં સુધી શિકાર ન કરે...' દેવરાજસિંહે તિરસ્કારથી અભિમન્યુ સામે જોયું:

'ભૂલ થઈ મારી કે મેં આના જેવા દીકરાને વર્ષો સુધી સાવજ કહીને બોલાવ્યો. ખરેખર તો આ છે... મારો કુળદીપક... મારો સાવજ!'

અભિમન્યુનો ચહેરો ઊતરી ગયો, પણ એની આંખોમાં ઈર્ષ્યાના તીખારા હતા. આરોહીએ આંખોથી જ એને શાંત રહેવાનો ઇશારો કર્યો.

'મને તો ખબર જ હતી કે આ પહેલેથી જ તારો દુશ્મન છે. સંપત્તિ પર ડોળો હતો એનો, એટલે જ લગ્ન નહીં કરવાનાં સત્તર બહાનાં કર્યાં.' ગુલાબસિંહ ગુસ્સામાં ઊભા થઈ ગયા:

'શા માટે અમારી પાછળ પડ્યો છે?' એમણે કેસર સામે જોરથી હાથ જોડ્યા:

'શાંતિથી જીવવા દે અમને.'

'અશાંતિ તમે જાતે ઊભી કરી છે, દાદાજી. તમે ગૂંથેલી જાળમાં તમે બંને સપડાઈ ગયા છો. હવે બહાર નીકળવા જેમ વધુ તરફડિયાં મારો છે એમ વધુ ફસાતા જાવ છો.' કેસર સીડી ચડવા લાગ્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હું આખી રાત નથી ઊંઘ્યો. મને ઊંઘ આવે છે.’

‘નિખિલ શ્રોફને જેલમાં મોકલીને તેં સારું નથી કર્યું. એ બહાર નીકળશે કે આપણને સૌને ખતમ કરી નાખશે.’

‘નીકળશે તો...’ કેસરે સીડી ઉપર ઊભા રહીને પાછળ ફર્યા વિના કહ્યું:

‘જો અને તોની વચ્ચે એક ન્યાય હોય છે, જે હંમેશાં સારા અને સાચા માણસોની સાથે જ રહે છે.’

‘એટલે તું શું કહેવા માગે છે? અમે સારા અને સાચા નથી?’

‘આ સવાલ તમારે મને પૂછવાને બદલે તમારી જાતને - તમારા આત્માને પૂછવો જોઈએ...’ કેસર સીડીના છેલ્લા પગથિયે પહોંચી ગયો હતો. પોતાના રૂમ તરફ વળતાં પહેલાં એણે પાછા ફરીને દેવરાજસિંહ તરફ જોયું:

‘આમ તો તમે બધું ટીવી પર જોયું જ હશે, પણ નિખિલ શ્રોફ અત્યારે પોલીસ કસ્ટડીમાં છે. 48 કલાકના રિમાન્ડ દરમિયાન એને ઘણું શીખવવાનો ઉત્સાહ છે જયેશ પ્રધાનને!’

‘બેટા, મારે બસ એક જ વાત કહેવી છે.’ શ્રદ્ધાબહેન ડાઇનિંગ ટેબલ પાસેથી લંગડાતાં લંગડાતાં સીડીના છેક છેલ્લા પગથિયા સુધી આવી ગયાં:

‘જે કરે તે સમજી-વિચારીને કરજે.’

‘હા, મા.’ કેસરે સીડીના ઉપરના પગથિયે ઊભા રહીને શ્રદ્ધાબહેનની આંખોમાં જોયું:

‘હું એવું કંઈ નહીં કરું, જેનાથી ઝાલા ખાનદાનને નીચું જોવું પડે.’

‘એવું તો તું કરી ચૂક્યો, મારા સપૂત.’ ગુલાબસિંહ ઉશ્કેરાટમાં ઊભા થઈ ગયા:

‘લગ્ના કર્યા વિના ઘરમાં છોડીને લઈ આવ્યો છે તે...’ એમણે હાડોહાડ લાગી જાય એવી રીતે દેવરાજસિંહ સામે જોયું:

‘ઘરગરણું કહેવાય આને.’ પોતે આટલું બધું બોલ્યા છતાં અભિમન્યુ ચૂપચાપ બેઠો હતો. ગુલાબસિંહને નવાઈ લાગી. એમણે આંખોથી જ અભિમન્યુને ઉશ્કેર્યો.

‘મેં આવું કર્યું હોત તો?’

અભિમન્યુએ પણ તકનો લાભ ઉઠાવીને પિતાને ચડાવવાનો પ્રયાસ કર્યો, પણ અદબ વાળીને ખૂણામાં ઊભેલી આરોહીએ ડોકું ધુણાવીને એને બોલવાની ના પાડી. અભિમન્યુ ફરી એક વાર ચૂપ થઈને બેસી ગયો. કેસર નીચે ઊતર્યો. એકદમ સ્વસ્થતાથી એની નજીક આવ્યો. અભિમન્યુ જે સોફામાં બેઠો હતો એના પહોળા હાથા પર અભિમન્યુની બાજુમાં બેસીને કેસરે એના ખભે હાથ મૂક્યો.

‘તું આવું ન કરી શકે, કારણ કે તને ખબર છે કે તું જે સ્ત્રી સાથે લગ્ન કરીશ એને પતિ અને પુરુષ તરીકે બધાં જ સુખ આપવાને તું સક્ષમ છે. હું પોતે જ નથી જાણતો કે હું નેહાને શું આપી શકીશ... મારી સાથે જિંદગી જોડતાં પહેલાં એ મને પૂરેપૂરો ઓળખી લે એ જરૂરી છે.’ પછી સહેજ ધીમા પણ દૃઢ અવાજે એણે ઉમેર્યું:

‘મન અને શરીર બંનેથી.’

દેવરાજસિંહ ઝાલાના ડ્રોઇંગ રૂમમાં એક સોપો પડી ગયો. થોડીક ક્ષણો માટે કેસરની નિખાલસતાથી સહુ અવાક થઈ ગયાં હતાં. કેસર ઊભો થયો. એ ઉપર જવા ફર્યો કે તરત આરોહીની નજર મળતાં જ એણે અભિમન્યુને ઇશારો કર્યો: આ જ મોકો છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અભિમન્યુ ઊભો થઈને કેસરને ભેટી પડ્યો:

'કેસર, તું મહાન છે. હું તને સમજી શક્યો નહીં, પણ ધીરે ધીરે કદાચ સમજીશ...'

'ન સમજે તોય વાંધો નથી, પણ મારે વિશે તારા મનમાં જે ગેરસમજણ છે એટલી તો કાઢી નાખ.' કેસરે નાના ભાઈ સામે વહાલથી જોયું.

દેવરાજસિંહને આ બે ભાઈઓના સંવાદથી એટલો આનંદ થયો કે ઉતાવળા પગલે એ બંનેની પાસે આવી ગયા. બેઉના ખભે હાથ મૂકી એમણે ગર્વથી કહ્યું:

'જોયું, સારા માણસની સાથે હંમેશાં સારું જ થાય.'

દીવાલને અઢેલીને ઊભેલી આરોહીના હોઠ સ્મિતમાં વંકાયા. એની પહેલી ચાલ સફળ થઈ હતી.

*

દિવસ આખો જયેશ પ્રધાન પોતાના કામમાં બિઝી રહ્યો. નિખિલ લોકઅપમાં હોય જ નહીં એ રીતે વર્તતો રહ્યો. એક-બે કેસની તપાસ માટે એ બહાર પણ જઈ આવ્યો.

સાંજના સાડા છ-સાતની આસપાસ અંધારું થવા લાગ્યું ત્યારે એ લોકઅપના સળિયાની પાસે આવીને ઊભો રહ્યો. હજી લોકઅપની બત્તી જલી નહોતી. અંદર અંધારું હતું. પોલીસ સ્ટેશનની લાઇટ લોકઅપ સુધી પહોંચતી હતી, પણ સાવ ઝાંખી અને પીળી.

'મિસ્ટર શ્રોફ... વ્હોટ વૂડ યુ લાઇક ઇન ડિનર? શું જમશો?'

નિખિલે નવાઈથી એની સામે જોયું:

'મારું ડિનર ઘેરથી આવશે...'

'ઓહ! મને તો એમ કે તમે આજનું લંચ ઘેર કરવાના હતા એટલે હવે...' જયેશ હસી પડ્યો:

'તમે મહેમાન છો એટલે પૂછવાની ફરજ છે. તમને પૂરેપૂરાં માન-સન્માન અને સવલતોથી રાખવા એવો મને ઓર્ડર છે, સર.'

નિખિલના ચહેરા પર સ્મિત આવી ગયું:

'મને હતું જ કે તમારો હોમ મિનિસ્ટર તળપદે મારી દુશ્મની કરે એટલો મૂર્ખ છે તો નહીં...'

'જી, સર.'

'પહેલાં તો લોકઅપની લાઇટ ચાલુ કરાવો.'

જયેશના ચહેરા પર સ્મિત આવ્યું. એણે નજર ઘુમાવીને કોન્સ્ટેબલને ઇશારો કર્યો. ચાર હેલોજન લાઇટ નાનકડા લોકઅપમાં ઝળહળવા લાગી. અચાનક આટલી બધી લાઇટમાં નિખિલની આંખો અંજાઈ ગઈ. એણે આંખ ઉપર આંખની છાજલી કરીને બૂમ મારી:

'દિવાળી નથી, લાઇટ ઓછી કરાવો.'

'ઓછી તો નહીં થાય, સર.' જયેશના અવાજમાં વિચિત્ર પ્રકારની ઠંડક હતી:

'લાઇટ તો આટલી જ રહેશે, આખી રાત.'

'વ્હોટ નોનસેન્સ?' નિખિલનો અવાજ ઊંચો થઈ ગયો: 'આટલી લાઇટમાં કોઈ ઊંઘી શકે?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'ન જ ઊંઘી શકે, સર... તમારે આખી રાત જાગીને મને કંપની આપવાની છે.'

'જુઓ, ઓફિસર...' નિખિલનો અવાજ સહેજ ધ્રૂજી ગયો. એને સમજાઈ ગયું કે એની સાથે જે કંઈ થવાનું હતું એની શરૂઆત થઈ ચૂકી હતી.

'તમે આ રોશનીની મજા લો... તમારું ડિનર પતે પછી આપણે થોડી વાતો કરીએ.'

'વાતો?' નિખિલને લાગ્યું કે એનું બ્લડપ્રેશર વધી રહ્યું હતું.

'જસ્ટ વાતો...' જયેશ ફરી હસ્યોઃ

'અડતાલીસ કલાક માટે તમને કાયદેસર મહેમાન બનાવીને લાવ્યો છું. એમાંથી દસ કલાક તો લગભગ જતા રહ્યાને? શું છે કે દિવસે તો હું બિઝી હોઉં છું, પણ રાત્રે તમારી સેવા કરવાનો લાભ છોડી દઉં તો હું મૂરખ કહેવાઉંને?'

'તમે મારી સાથે કંઈ આડુંઅવળું કર્યું છે તો...' નિખિલના ચહેરા પર ડર સ્પષ્ટ જણાઈ આવતો હતો.

'તો?'

જયેશ પ્રધાને ભવાં ઊંચકીને બેફિકરાઈથી પૂછ્યુંઃ

'તો શું કરશો? હું તમને વચન આપું છું કે કસ્ટડીમાં ગાળેલી આ બે રાત તમારી જિંદગીની અવિસ્મરણીય રાત હશે. તમે જેટલી વાર એમાંથી એકાદી મિનિટ પણ યાદ કરશો એટલી વાર તમારી આખી રાતની ઊંઘ હરામ ન થઈ જાય તો હું મારા બાપનો દીકરો નહીં.' એણે લોકઅપના સળિયા પર દંડો પછાડ્યોઃ

'ગેટ રેડી ફોર ધી અનફર્ગેટેબલ મોમેન્ટ્સ... મિલતે હૈં બ્રેક કે બાદ.'

આટલું કહી જયેશ પ્રધાન હસતો હસતો પોલીસસ્ટેશનની બહાર નીકળી ગયો.

સામે ખૂણામાં સંકોચાઈને બેઠેલા તન્વીરે એને ફફડતા અવાજે કહ્યુંઃ

'સા'બ, મુઝે બહોત ડર લગ રહા હૈ!'

એ શબ્દો તન્વીરના હતા, પરંતુ હવે આવનારી ક્ષણોનો ખરેખર ડર નિખિલ શ્રોફને હચમચાવી ગયો...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 67

કેસર જ્યારે પોતાના રૂમમાં દાખલ થયો ત્યારે નેહા નહાઈને બહાર નીકળી હતી. એના વાળ ખભા પર ફેલાયેલા હતા. ખભાથી એક વેંત નીચો ટોવેલ એણે એના શરીરની આજુબાજુ લપેટ્યો હતો. એના ભીના વાળમાંથી ટપકતાં પાણીનાં બિંદુઓ એના ખભા અને બાવડાં પરથી થઈને ટોવેલમાં ખોવાઈ જતાં હતાં.

'બહુ થાકેલો લાગે છે.'

'હા. થાકેલો પણ અને કંટાળેલો પણ... આ કોર્ટ-કચેરીનાં કામ મનથી તોડી નાખે. કલાકો બેસી રહો... લાંબી લાંબી ચર્ચાઓ અને સામસામે જરૂર વગરની દલીલો...' કેસર સહેજ ચિડાઈ ગયો:

'બધાને ખબર હોય કે શું કરવાનું છે, તેમ છતાં કારણ વગરના સમયનો વેડફાટ ખરેખર થકવી નાખે છે.'

'ઊંઘી જા થોડી વાર.'

કેસર ડોકું ધુણાવીને પલંગમાં પડ્યો. એની આંખો ધીમે ધીમે ઘેરાવા લાગી. એણે અચાનક અનુભવ્યું કે એના ચહેરા પર નેહાનો ઠંડો સુંવાળો હાથ ફરી રહ્યો હતો. એના ભીના વાળમાંથી આવતી શૅમ્પૂની અને શરીરમાંથી આવતી ડીઓડરન્ટની સુગંધ એકબીજાની અંદર ભળીને કેસરને અભાન બનાવી રહી હતી.

એણે મીંચેલી આંખે જ હાથ લંબાવીને નેહાને નજીક ખેંચી. કેસરના ખભા પર માથું મૂકીને નેહાએ પોતાનો હાથ એની છાતીની આસપાસ લપેટી દીધો. કેસરની આંગળીઓ નેહાના ભીના વાળમાં ફરતી રહી...

જે ક્ષણની પ્રતીક્ષા બંને કરી રહ્યાં હતાં એ ક્ષણનો સામનો કરવો કે નહીં એ વિશે બંને જણા અવઢવમાં હતાં. કેસરને ભય હતો કે નેહા જે ઇચ્છે છે તે નહીં આપી શકે તો કદાચ પોતે નેહાને ખોઈ બેસશે... બીજી બાજુ, નેહાને ભય હતો કે કેસર કદાચ પોતાને પુરુષ પ્રસ્થાપિત કરવામાં ઊણો ઊતરે તો એના આત્મવિશ્વાસને ઠેસ પહોંચશે... યુદ્ધમાં ઊતરેલા કેસરને અત્યારે આત્મવિશ્વાસનો અભાવ તોડી નાખી શકે એવો ભય નેહાને આગળ વધતાં રોકતો હતો.

બંનેનાં મન એક જ પરિસ્થિતિ ઇચ્છતાં હતાં અને છતાં બંને એ પરિસ્થિતિથી ડરી રહ્યાં હતાં. નેહાને અચાનક પોતાના જ શબ્દો યાદ આવી ગયા. એ હંમેશાં કહેતી, જે વાતનો ભય લાગે એની સામે જઈને ઊભા રહી જવાનું. આંખમાં આંખ નાખીને જોવાનું. જે થવાનું હોય તે થઈ જવા દેવાનું... પછી જો કંઈ બચે તો એ આપણું ને જે કંઈ જતું રહ્યું એ આપણા માટે યોગ્ય નહીં હોય એમ માનીને ભૂલી જવાનું.

થોડી વાર પ્રતીક્ષા કર્યા પછી નેહાને લાગ્યું કે એ જે ઇચ્છે છે એની શરૂઆત એણે પોતે જ કરવી પડશે. એણે હાથ લંબાવીને કેસરના શર્ટનાં બટન ખોલ્યાં. નેહાને ખૂબ નવાઈ લાગી, પણ કેસરની છાતી પર સામાન્ય પુરુષને હોય એવા અને એટલા જ વાળ હતા. નેહાને પૂછવાની ઇચ્છા થઈ પછી એને લાગ્યું કે આ નાજુક ક્ષણની મદહોશી કદાચ બિનજરૂરી સવાલોથી વિખેરાઈ જાય...

બંનેના હૃદયમાં એક સવાલ હતો — એક શંકા હતી એટલે બંને મૌન રહ્યાં અને બંને એકબીજામાં પૂરેપૂરાં ખોવાઈને એકમેકને પામવાના પ્રયાસનો પ્રારંભ પણ કરી દીધો... નેહાનો ટોવેલ પલંગને એક ખૂણે ધકેલાઈ ગયો અને એની અનાવૃત કાયા કેસરના આલિંગનમાં સમાઈ ગઈ...

ઉન્માદની પરાકાષ્ઠા પણ આવી ગઈ ને એ નાજુક—મદહોશીની ક્ષણો પણ એમ જ પસાર થઈ ગઈ. સ્ત્રી-પુરુષ સંબંધનો એક નવો આયામ બંને જણાં અનુભવી રહ્યાં... કેસરનો ચહેરો નેહાના વાળમાંથી ટપકતાં પાણીથી ભીંજાઈ ગયો હતો... એણે આ નાજુક ક્ષણની ગરિમા સાચવીને લગભગ કાનમાં કહેતો હોય એવી રીતે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નેહાને પૂછ્યું:

'તારે કંઈ કહેવું છે?'

'શું?' નેહાએ તોફાની આંખો ઉલાળીને પૂછ્યું.

'શું એટલે...' કેસર અચકાયો:

'મારા વિશે... આ... આપણી વચ્ચે જે કંઈ થયું એ વિશે...'

નેહાએ નજીક આવીને કેસરની છાતી પર પોતાની પકડ વધુ મજબૂત કરી નાખી. માથું સહેજ વધુ નજીક સેરવ્યું:

'હું માનું છું કે આપણા જેટલો પરફેક્ટ સંબંધ ભાગ્યે જ કોઈ બે જણા અનુભવી શક્યાં હશે.'

એના અવાજમાં છાતીને વીંધીને હૃદય સુધી પહોંચતો સચ્ચાઈનો રણકો કેસર સાંભળી શક્યો. એણે જવાબ ન આપ્યો. માત્ર નેહાના કપાળ પર એક હળવી ચૂમી લીધી.

'મને ખબર નથી નેહા, કે તું સાચું બોલે છે કે ખોટું, પણ હવે હું જે છું અને જેવો છું એ તારી સામે ખૂલી ગયો છું. શરીરથી મન સુધી કોઈ આવરણ વિના તેં મને જોઈ લીધો છે. આ સંબંધને આગળ લઈ જવો કે અહીંથી જ એને જુદી દિશા આપવી એનો નિર્ણય હું તારા પર છોડું છું.'

'આપણી વચ્ચે આ ક્ષણ પસાર થઈ એ પહેલાં મારો જે નિર્ણય હતો એ જ નિર્ણય આ ક્ષણ પસાર થયા પછી પણ છે. એક સ્ત્રી તરીકે તું મારા જીવનનો પહેલો પુરુષ નથી કેસર, શરીરનું સુખ ઓળખ્યું છે મેં... પણ આજે જે સુખ મળ્યું છે એ મારા આત્મા સુધી વિસ્તર્યું છે. વર્ષોથી તપ્ત ધરતી પર જેમ વરસાદનાં ફોરાં પડે એમ તારો સ્પર્શ મારી ધગધગતી ચામડીને ઠંડક આપી શકે છે...'

'સોમલ સાથે જે કંઈ થયું એ સમયે મને મારું જ શરીર સમજાયું નહોતું, પણ આ ક્ષણે હું તને એટલું ચોક્કસ કહી શકું છું કે તેં એક અધૂરા માણસને સંપૂર્ણ પુરુષ બનાવી દીધો. જે ક્ષણથી હું ડરતો હતો એ ક્ષણ આવીને પસાર પણ થઈ ગઈ... હવે મને લાગે છે કે જાણે હું એક સુવાંગ, સળંગ, આખેઆખો પુરુષ છું.'

'બહુ વિચિત્ર લાગશે તને...' નેહા હસી:

'છતાં મારે તને એક વાત પૂછવી છે, પૂછું?'

'અફકોર્સ.'

'આ પુરુષો જેવાં બાવડાં, આ છાતી પરના વાળ અને સંપૂર્ણ પુરુષ હોવાની આ શારીરિક ક્ષમતા ફક્ત ઓપરેશનથી તો ન આવી શકેને?'

'ના.' કેસર ખડખડાટ હસી પડ્યો:

'ઓપરેશન તો ફક્ત સ્ત્રીશરીરનાં અંગોને દૂર કરે અને પુરુષ શરીરના અંગોની રચના કરી શકે. એ પછી પુરુષ હોર્મોનનાં ઇન્જેક્શન લગભગ છ મહિના સુધી લેતાં રહેવાં પડે છે. આ પુરુષ જેવો અવાજ, દાઢી-મૂઢ, છાતી પરના વાળ અને આ સ્નાયુઓ પણ એ હોર્મોન લેતાં લેતાં એની મેળે વિકસે છે... પુરુષ હોવાની લાગણી અને માનસિકતા પણ આ અંગોના બદલાવા સાથે વધુ આત્મવિશ્વાસથી અનુભવાય છે. જોકે એ પછી હોર્મોનની દવાઓ ચાલુ રાખવી પડે. તો જ આ સ્થિતિ જળવાઈ શકે.'

કેસર સહેજ અટક્યો. પછી નેહા તરફ તાકીને ઉમેર્યું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તેમ છતાં પુરુષ તરીકે કદાચ બધું જ આપી શકું, પણ સંતાન નહીં આપી શકું તને.’

‘હું જાણું છું.’ નેહાએ વહાલથી કેસરની એક દિવસની દાઢી સાથે થોડા ખરબચડા થયેલા ગાલ પર હાથ ફેરવ્યો:

‘આ હોર્મોન ક્યાં સુધી લેવાં પડે?’

‘હું જીવું ત્યાં સુધી.’

‘એટલે...’

‘જો નેહા, કુદરતે મને અધૂરો બનાવીને છોડી દીધો... મારું મન, મારો આત્મા કદાચ પુરુષનો હોઈ શકે, પણ એ આત્માને યોગ્ય શરીર સાચવી રાખવા મારે વિજ્ઞાનની મદદ સતત લેવી પડશે. જે દિવસે હું એ હોર્મોન લેવાનું છોડી દઈશ એ દિવસે સ્નાયુઓ કદાચ ઢીલા પડી જશે. દાઢી-મૂછ ઊગવાનાં બંધ પણ થઈ જાય અને મારો અવાજ ફરી એક વાર સ્ત્રૈણ બની જાય એવું પણ બને.’

‘તું કેટલી સ્વાભાવિકતાથી આ બધું સમજાવી શકે છે. કોઈ છોછ કે સંકોચ નથી તને...’

‘શું કામ હોવો જોઈએ? હું મારા અસ્તિત્વ માટે તો લડ્યો છું દરેક પળે. સ્વમાન અને સન્માન જ ખરેખર સાચવી રાખવા જેવી બાબતો છે. બાકીનું બધું હોય તો સારું, ને ન હોય તો પ્રભુઇચ્છા!’ એણે ફરી એક વાર નેહાને ચૂમી લીધી:

‘હું ઊંઘી જાઉં? બહુ જ થાક્યો છું.’

‘આઇ નો... ખાસ્સી મહેનત કરી છે તેં.’

નેહાએ ફરી એક વાર તોફાની આંખો ઉલાળીને કેસરના ખભે હળવું બચકું ભર્યું. પછી પોતાનો ટોવેલ ખેંચીને શરીરની આસપાસ લપેટ્યો. એ ઊભી થઈને ડ્રેસર તરફ ચાલી ગઈ.

પોતે આ છોકરીની નિષ્ઠા પર એક ક્ષણ માટે પણ શંકા કરી હતી એ વાતે કેસરને અફસોસ થયો. શ્રદ્ધાબહેનની વાત એને સંપૂર્ણપણે સાચી લાગી. આજે નેહા સાથે ગાળેલી ક્ષણો પછી કેસરને જાણે પૂર્ણતાનો અનુભવ થયો. ગઈ કાલ સુધી એની અંદર રહેલી બધી જ અપૂર્ણતાઓને ખંખેરીને એની અંદર પૂર્ણપણે જાગેલો પુરુષ સંતોષથી ઊંઘી ગયો.

*

સતત રણકતા સેલફોનથી કેસરની આંખો ઊઘડી ગઈ.

બારીની બહાર સાંજ ઢળી ગઈ હતી. મુંબઈનું ધૂમિલ આકાશ હલકું કેસરી દેખાતું હતું. એણે સફાળા જાગીને ફોન ઉપાડ્યો:

‘હા, જયેશ...’

‘તારા નિખિલ શ્રોફનું કાઉન્ટડાઉન ચાલુ કરાવીને આવ્યો છું.’ એ હસ્યો:

‘લોકઅપમાં દિવાળી કરી છે. હમણાં હોળી પણ ઊજવાશે.’

‘સમજ્યો નહીં.’

‘બચ્ચા, હમણાં મારા કોન્સ્ટેબલ્સ અને બીજા જઈને લોકઅપની આખીયે ફ્લોર ભીની કરી નાખશે. નિખિલ શ્રોફને આખી રાત ઝગમગતી રોશનીમાં ઊભા રહેવું પડશે અથવા તો...’ એણે ક્રૂર રીતે ઉમેર્યું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘અથવા તો મારા કોન્સ્ટેબલે પોતાના પેશાબથી ભીંજવેલી લોકઅપની ફ્લોર પર બેસવું પડશે.’

‘જયેશ, આ બધું બરાબર નથી...’ કેસર મનોમન ધ્રૂજી ગયો. એના પિતા સાથે પણ કદાચ આવું જ થયું હશે એ વિચારે એની અંદર તીવ્ર વેદનાની શારડી ફરી વળી.

‘જંગ ઓર મહોબ્બત મેં સબ જાયઝ હૈ.’ જયેશે ફિલ્મી સ્ટાઇલમાં ફટકાર્યું:

‘તને આ તમાશો બતાવવાની મને હોંશ હતી, પણ આજની રાત તો મારી છે. આજે નહીં આવતો... કાલે રાતે તને સોંપી દઈશ.’

‘હું આવીશ, જયેશ... પણ હું સવારે આવીશ.’ કેસરનો અવાજ સહેજ તીખો થઈ ગયો:

‘આજની રાત તું તારો હિસાબ સેટલ કરી લે. હું સવારે એની સાથે વાત કરીશ.’

ફોન કટ થઈ ગયા પછી કેસર ક્યાંય સુધી વિચારતો રહ્યો. છત તરફ તાકતાં એણે પિતા ઉપર ગુજારવામાં આવેલા ત્રાસની કલ્પના કરી જોઈ. એને સમજાતું હતું કે નિખિલ શ્રોફ કઈ હદે ગયો હશે અને એણે દેવરાજસિંહ સાથે શું કર્યું હશે.

એટલામાં એના દરવાજે ટકોરા પડ્યા. એની વિચારધારા તૂટી. બારણે ઊભેલા અભિમન્યુને જોઈને એણે સ્મિત કર્યું.

‘આવ...’

‘હું જયેશ પ્રધાનને મળવા માગું છું.’ એણે સીધી મુદ્દાની વાત છેડી દીધી.

‘કેમ?’

‘મને લાગે છે મારે એને બધું જ સાચેસાચું કહી દેવું જોઈએ.’

‘સાચેસાચું એટલે?’

કેસર બેઠો થઈ ગયો. એણે અભિમન્યુની આંખોમાં જોયું. એને નર્યો પસ્તાવો દેખાયો. આરોહીએ એને બરાબર તૈયાર કરીને મોકલ્યો હતો. અભિમન્યુએ પોતાના ચહેરા પર બિચારા અને ગરીબડા હોવાના ભાવ સાચવી રાખવા પંદર-વીસ મિનિટનાં રિહર્સલ કર્યાં હતાં...

એણે આંખમાં આંસુ લાવવાનો પ્રયત્ન કર્યો પછી કેસરનો હાથ પકડી લીધો:

‘ખરેખર નિખિલ શ્રોફે તો માત્ર ફોન નંબર આપ્યો હતો. તારા ઉપર શૂટઆઉટનો ઓર્ડર તો મેં આપ્યો હતો.’

‘મેં એવું જ ધાર્યું હતું.’

‘આપણા જૂહુ બિલ્ડિંગના બ્લાસ્ટમાં પણ બાપુને કશી ખબર નહોતી. એ પ્લાન મેં અને નિખિલ શ્રોફે...’

‘શા માટે કર્યું તેં આવું? હું તો ચાલ્યો ગયો હતો. એ પછી તો બધું તારું જ હતું. થોડીક ધીરજ રાખી હોત— રાહ જોઈ હોત તો...’

‘બાપુએ કાયમ મને અન્યાય કર્યો છે. કાયમ તને વધારે મહત્ત્વ મળ્યું છે. હંમેશાં તું એમને સારો લાગ્યો છે અને હું ખરાબ. આટઆટલું કર્યા પછી પણ પરિસ્થિતિ એની એ જ છે. એમણે સવારે તને સાવજ કહીને બોલાવ્યો...’

આટલું કહેતાં અભિમન્યુની આંખમાં સાચે જ પાણી આવી ગયાં. આરોહીએ એને શીખવ્યું હતું કે એને કેસર સામે જે વાંધા છે તે સાચેસાચા કેસરને કહી દેવા. આરોહી ધારતી હતી કે લાગણીશીલ કેસર એના નાના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ભાઈની પરિસ્થિતિ પર દયા ખાવા મજબૂર થઈ જશે ને અહીં એમ જ થઈ રહ્યું હતું... કેસરને પીગળતો જોઈને અભિમન્યુએ પોતાની વાત આગળ ચલાવી:

'હું ફસાવા નથી માગતો. તું મને બચાવી લે, કેસર. હું કોઈનું નુકસાન કરવા નહોતો માગતો. મનોજ મરે એવી મારી ઇચ્છા નહોતી. હું તો બસ...'

'સમજુ છું.' કેસરે અભિમન્યુના માથે હાથ ફેરવ્યો:

'આપણે કાલે સવારે જયેશ સાથે વાત કરીશું. તું વિચારી લે. તારે ખરેખર બધું કહેવું છે ને? પછીથી તને અફસોસ ન થવો જોઈએ.'

'મને કંઈ થશે નહીંને?'

'કોને ખબર? પણ આપણે એવો પ્રયત્ન કરીશું કે તને તકલીફ ન થાય.'

કેસર ઊભો થઈને પોતાના બાથરૂમ અને ડ્રેસર તરફ ગયો. ધાર્યું નિશાન પાડ્યાની ખુશી અનુભવતો અભિમન્યુ સડસડાટ પોતાના રૂમમાં પહોંચ્યો.

ત્યાં પહોંચતાંની સાથે જ એણે આરોહીને બાહુપાશમાં લઈ લીધી.

'મારી બુદ્ધિશાળી બૈરી...'

'શું થયું?' આરોહી ઉત્સાહમાં આવી ગઈ.

'તેં કહ્યું હતું એમ જ...' એણે આરોહીના હોઠ પર હોઠ મૂકી એક ભીનું ચુંબન કરી લીધું:

'કેસર મારી સાથે આવે છે. અમે બંને કાલે જયેશને મળવા જઈશું. આજની રાત એણે મને વિચારવા માટે આપી છે.'

'વેરી ગુડ. હવે આ જ નાટક ચાલુ રાખજે. જયેશની સામે એવું સાબિત કરી દેજે કે તું નિખિલના દોરવાયે ખેંચાઈ ગયો અને દાદાજીએ તારી ઈર્ષ્યાની ચિનગારીને મોટા ભડકામાં ફેરવી નાખી.' આરોહીના ચહેરા પર લુચ્ચું સ્મિત આવ્યું:

'ટૂંકમાં, વાંક તારો છે જ નહીં. જે કંઈ છે એ પેલા બંનેનો જ છે.'

'યસ, મૅડમ.' અભિમન્યુએ પત્નીને સહેજ વધુ નજીક ખેંચી:

'આ બધી મહેનતના બદલામાં મને શું મળશે?' એની આંખોમાં ફરી એક વાર આરોહી માટેનો મોહ ફૂંફાડા મારી રહ્યો હતો.

આરોહી કંઈ જવાબ આપે તે પહેલાં અભિમન્યુના રૂમના દરવાજે ટકોરા પડ્યા. અભિમન્યુએ દરવાજો ખોલ્યો. બ્લૅક અને ઓરેન્જ ચેક્સના શર્ટની સાથે બ્લ્યુ જીન્સમાં કેસર એકદમ ફ્રેશ દેખાતો હતો. એણે કદાચ હમણાં જ શેવ કરી હતી. પૂરતી ઊંઘ અને સ્નાનને કારણે એની ત્વચા ચમકતી હતી.

એ કંઈ બોલે તે પહેલાં આરોહીએ કહેવા માંડ્યું:

'એને મેં જ સમજાવ્યો સાચું બોલવા માટે.' આરોહી પોતે શું કર્યું એ કહેવાની એક પણ તક ગુમાવવા માગતી નહોતી:

'મને લાગ્યું કે રિમાન્ડમાં નિખિલ આડુંઅવળું બોલી નાખે તો કદાચ બિચારો અભિ ફસાઈ જાય... નિખિલે એને પહેલાં પણ ફસાવ્યો છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘હં...’ કેસરે સાંભળ્યું-ન સાંભળ્યું કરીને રૂમની બહાર જવા માંડ્યું.

‘તમને તો ખબર જ છે કે અભિ કેટલો ભોળો છે.’ આરોહીએ લગભગ દાઢમાંથી ઝેરનો ડંખ મારતી હોય એમ કહ્યું:

‘તમારા બાપુજીએ પણ એને સમજવાનો પ્રયત્ન નથી કર્યો, ને તમારા મમ્મીને તો ફક્ત તમારા માટે જ પ્રેમ છે.’

‘એવું કંઈ નથી.’

‘આરોહીની વાત સાચી છે. એ લોકોને હંમેશાં તું જ દેખાય છે.’

કેસરથી અનાયાસે આરોહી સામે જોવાઈ ગયું. આરોહીના ચહેરા પર વિજયનું લુચ્ચું સ્મિત હતું. કેસરને એક વિચિત્ર ફાળ પડી:

‘હું નીચે જાઉં છું... તારે આવવું છે?’

અભિમન્યુએ આરોહીની સામે જોયું. આરોહીએ બંને ખભા ઊંચા કરીને હાથના ઇશારાથી પધારોની સાઈન કરી.

બંને જણાં બહાર નીકળી ગયાં પછી આરોહી આરામથી પલંગ પર ફેલાઈ ગઈ:

કેસરસિંહ, તમે ગમે તેટલું બચાવો, પણ હવે અભિમન્યુને રિમોટ કંટ્રોલથી ચલાવવાનું કામ મેં હાથમાં લઈ લીધું છે... હું એક પછી એક બટન દબાવતી જઈશ એમ એક પછી એક બ્લાસ્ટ થતા જશે.

*

સોમલ ટિફિન લઈને દાખલ થયો ત્યારે લોકઅપમાં ઝળહળતી લાઇટ્સ જોઈને એણે નવાઈથી પૂછ્યું:

‘આ બધું...?’

‘સા’બની સાંગીતલા આહે.’ કોન્સ્ટેબલ સદાશિવ લોખંડે એવી રીતે વર્તતો હતો, જાણે નિખિલ શ્રોફની એને સહેજ પણ તમા ના હોય.

‘અરે, પણ... આટલી બધી લાઇટ્સ સાથે કેટલી ગરમી લાગે?’

‘છોડ સોમલ, અહીં કોઈ સાંભળે એવું નથી. આ અડતાળીસ કલાક જયેશ પ્રધાનને જે કરવું હોય એ કરી જ લેવા દેવું પડે.’

‘ડૅડ! હું ફોન કરીશ કમિશનર સાહેબને.’

નિખિલ હસી પડ્યો. એના હાસ્યમાં એક હારેલા જુગારીની પીડા હતી:

‘કમિશનર કદાચ તારો ફોન ઉપાડશે જ નહીં અને કદાચ ઉપાડશે તો તારી વાત સાંભળી લેશે, પણ એ વિશે કશું થશે નહીં. સોનાની જાળ પાણીમાં નહીં નાખતો, બેટા. બે દિવસનો સવાલ છે.’

કશું જ બોલ્યા વિના સોમલે બાસ્કેટમાંથી ટિફિન કાઢ્યું. લોકઅપની અંદર બેઠેલા નિખિલે ન્યૂઝપેપર પાથરીને જમવાની તૈયારી કરવા માંડી. ટિફિન ખોલીને પહેલો કોળિયો ભરતાં જ નિખિલે દીકરા સામે જોયું:

‘શ્વેતા ઘેર નથી?’

કશું જ બોલ્યા વિના સોમલ પિતા સામે જોઈ રહ્યો. એક તરફથી એની મોમ અને ડૅડના સંબંધો માટે માન થયું. શ્વેતાની ગેરહાજરીની ખબર પહેલો કોળિયો ભરતાં જ જો નિખિલ જાણી શકતો હોય તો એ બંને વચ્ચે એક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અતૂટ સંબંધ રહ્યો હશે એ વાત સોમલ સમજી શક્યો.

એ લોકઅપમાં અત્યારે પિતાને સમાચાર આપવા માગતો નહોતો, પરંતુ નિખિલે એને ફરી પૂછ્યું:

'ટિફિન શ્વેતાએ નથી ભર્યું, એ ક્યાં છે?'

'મોમ...' સોમલે સહેજ અચકાઈને કહી નાખ્યું:

'મોમ ઘર છોડીને ચાલી ગઈ છે.'

'વ્હોટ?'

નિખિલનો અવાજ સાંભળીને છેક બહાર ખુરશી પર બેઠેલા બીજા બે કોન્સ્ટેબલ્સ દોડી આવ્યા. કામ કરતો એક પીઆઈ ઊભો થઈ ગયો.

'મેં એને બહુ સમજાવી, ડૅડ. પણ એણે નક્કી કરી લીધું હતું. તમારા માટે આ ચિઠ્ઠી...' સોમલે એક એન્વેલપ નિખિલ તરફ લંબાવ્યું. નિખિલે એન્વેલપ લઈને ખિસ્સામાં મૂકી દીધું.

'ઘર છોડીને ચાલી જવું પડે એવું તે કયું દુ:ખ પડ્યું છે એના પર...' નિખિલે કડવાશથી પૂછ્યું:

'ક્યાં ગઈ છે એવું તો નહીં જ કહ્યું હોય.'

સોમલે ડોકું ધુણાવીને ના પાડી.

'ગુડ. વેરી ગુડ...' નિખિલ જોરથી હસ્યો:

'જ્યારે જહાજ ડૂબવા લાગે ત્યારે સૌથી પહેલાં ઉંદરડાં એને છોડીને ભાગે છે... તારી મા પણ આ નિખિલ શ્રોફના ડૂબતા જહાજમાંથી કૂદીને ભાગી ગઈ... જવા દે...' એ જોરજોરથી બોલવા લાગ્યો:

'જવા દે એને... શોધવા નહીં જતો.'

એણે જમ્યા વગર ટિફિન પાછું પૅક કરીને સોમલને આપી દીધું. સોમલ પણ એની મન:સ્થિતિ સમજીને લાંબી વાતચીત કર્યા વિના ત્યાંથી ચાલી ગયો.

એ ગાડીમાં બેઠો ત્યારે એને ડૂમો ભરાઈ ગયો. નિખિલ ગમે તેટલો ખોટો હોય, પણ એનો તો પિતા હતો. એની આ હાલત જોઈને સોમલ પોતાની જાતને રોકી શક્યો નહીં. ગાડીના સ્ટિયરિંગ પર માથું ઢાળીને એણે જાતને છૂટી મૂકી દીધી. આટલા દિવસથી છાતીમાં ગોરંભાયેલો ડૂમો પૂરા જોરથી તૂટી પડ્યો.

શ્વેતા ઘર છોડીને ગઈ ત્યારે પણ જે છોકરો અડીખમ રહી શક્યો હતો એ સોમલ પિતાની હાલત જોઈને સાવ તૂટી ગયો.

ઘરના કંપાઉન્ડમાં ગાડી પાર્ક કર્યા પછી પણ એને ગાડીમાંથી ઊતરવાનું મન ન થયું. મોમ અને ડૅડ વગરની ખાલી-ભેંકાર શ્રોફ વિલામાં દાખલ થવાની એની હિંમત નહોતી. એણે સેલફોન ઉપાડીને નેહાને નંબર ડાયલ કર્યો. જ્યારે જ્યારે આવી મુશ્કેલ પરિસ્થિતિ એની સામે આવી ત્યારે એને નેહા સિવાય બીજા કોઈનો વિચાર જ નહોતો આવ્યો એટલે આજે પણ આદતના જોરે એનાથી નેહાનો નંબર ડાયલ થઈ ગયો. એક રિંગ વાગી કે તરત એણે પોતાની જાતને સંભાળી લીધી. ફોન કટ કર્યો અને ફરી સ્ટિયરિંગ પર માથું ઢાળીને એ ક્યાંય સુધી બેસી રહ્યો.

*

સોમલના ગયા પછી સદાશિવે લોકઅપનો દરવાજો ખોલ્યો. લોકઅપમાં દાખલ થઈને એક ખૂણે જઈને એણે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પોતાનો બેલ્ટ ખોલ્યો અને પછી પૅન્ટની ઝીપ ઉતારવા લાગ્યો, નિખિલ ઉશ્કેરાઈ ગયો:

'આ શું કરે છે?'

'સૂ...સૂ...' સદાશિવના તમાકુવાળા ગંદા દાંત જોઈને નિખિલ વધુ ચિડાયો. એ કશું બોલે તે પહેલાં સદાશિવે ત્યાં ઊભા ઊભા લઘુશંકા કરી. એ પછી બહાર નીકળતાં એણે આરામથી ઝીપ બંધ કરીને બેલ્ટ પહેર્યો. એણે પોતાના સહકર્મચારીઓને બૂમ પાડીને બોલાવ્યા:

'ચલા હો... સુલભ શૌચાલય ચાલુ આહે!'

એ પછી નિખિલના ઉશ્કેરાટ અને બૂમાબૂમની પરવા કર્યા વગર ચાર કોન્સ્ટેબલ અને બે સબ-ઇન્સ્પેક્ટર, એક પીઆઈએ આવીને વારાફરતી લોકઅપમાં પેશાબ કર્યો. દરેકે જુદા જુદા ખૂણા પસંદ કર્યા, જેથી આખા લોકઅપની દીવાલ ગંદકીથી ભરાઈ ગઈ. લોકઅપમાં એક પણ ખૂણો એવો ન છોડ્યો, જ્યાં બેસવાની જગ્યા બચી હોય.

એક ખૂણામાં બેઠેલા તન્વીરને માટે એ લોકોએ એક ખૂણો છોડી દીધો. પોતાને ઊભા થઈ જવું પડશે એ વાતનો ખ્યાલ આવતાં જ તન્વીર પોતાની જગ્યા પર બરાબર ગોઠવાયો. એણે નિખિલ સામે આંખ મેળવવાનું ટાળ્યું.

'આ શું કરો છો?' નિખિલે અકળાઈને પૂછ્યું.

'ડેકોરેશન...' સદાશિવે હસતાં હસતાં કહ્યું:

'સાહેબે ઓર્ડર આપ્યો છે. આજે રાત્રે અમારું ટોઇલેટ બંધ રહેશે. લોકઅપ જ વાપરવાનું છે.'

'ચલ એય.' પીઆઈએ તન્વીરને એક લાત મારી:

'ઊભો થા, પાટલૂન કાઢ.'

'સાહેબ!'

'ચાલ... ચાલ... તારે પણ અમારી સાથે જોડાવાનું છે. સાહેબે કહ્યું છે.'

તન્વીરની આંખો ભયથી વિસ્ફારિત થઈ ગઈ:

'ના... ના... મારે નથી કરવું.'

'દોઢડાહ્યો ના થઈશ. નહીં તો સાહેબ તને પણ દંડો ઘૂસેડી દેશે... તારે પણ આખી રાત ઊભા રહેવું પડશે. આમ તો આ સ્પેશિયલ ટ્રીટમેન્ટ તો સાહેબ માટે જ છે.' એણે ખડખડાટ હસીને તન્વીરને બીજી લાત મારી:

'ચલ ઊઠ.'

ડરનો માર્યો તન્વીર ઊભો તો થયો, પણ હજીયે એની હિંમત નહોતી થતી. પીઆઈએ બૂમ પાડીને બે કોન્સ્ટેબલને બોલાવ્યા. બંનેએ મળીને તન્વીરનું પાટલૂન ઉતાર્યું. પીઆઈએ તન્વીરની પાછળની તરફ લાત મારી:

'હવે તારી જાતે કરે છે કે પછી...'

ડરેલા તન્વીરને આપોઆપ પેશાબ થઈ ગયો.

'ધીસ ઈઝ ડિસઘસ્ટિંગ.' નિખિલને ઊબકો આવતો હતો:

'મને બહાર કાઢો.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'ઓર્ડર નથી.' બધા હસતાં હસતાં પોતાનાં કામે વળગી ગયા. નિખિલ એક કોરો ખૂણો પસંદ કરીને ઊભો રહ્યો. માથું ફાડી નાખે એવી વાસ આવવાની શરૂ થઈ હતી. નાનકડા લોકઅપમાં ભયાનક અવાજ કરતો એક નાનકડો પંખો હતો. આંખો આંજી નાખે એવી હેલોજન લાઇટ્સ, ચોતરફ ફેલાયેલી બદબૂ, માખી અને મચ્છરના ત્રાસ સાથે કોણ જાણે કેટલા સમય સુધી નિખિલ ઊભો રહ્યો - રહેવું પડ્યું...

આ વાતાવરણમાં એને પાણી પીવાની પણ ઇચ્છા નહોતી થતી. ગળું સુકાતું હતું. ભયાનક ગરમી લાગતી હતી, સાથે આ વાસ અસહ્ય હતી...

જયેશ પ્રધાને પગથિયાં ચડતાં જ મોટેથી પૂછ્યું:

'ડેકોરેશન થઈ ગયું?'

'હોય...' સદાશિવે મોટેથી જવાબ આપ્યો.

સદાશિવ સામે આંખ મીંચકારીને જયેશ અંદર દાખલ થયો:

'કાય સાહેબ? પગ-બગ દુઃખે છે કે? દબાવી આપું?' કટાક્ષમાં હસીને એ પોતાની ચેર પર ગોઠવાયો.

'આ શું માંડ્યું છે?'

'શું?' જયેશે અજાણ્યા થઈને પૂછ્યું.

'લોકઅપમાં બેસવાની જગ્યા નથી. આટલી બધી લાઇટ્સ...'

'શું છે કે તમારા પર હાથ ઉપાડવો નહીં એવી અમને કડક સૂચના છે, પણ કમિશનર સાહેબે કહ્યું કે બાકી જે કરવું હોય તે કરો.' જયેશનો અવાજ બદલાઈ ગયો. આંખો ક્રૂર થઈ ગઈ:

'આખી રાત ઊભા રહેશો તો સમજ પડશે કે કાયદો અને વ્યવસ્થા કોણ કોને શીખવે છે.'

'હું તને છોડીશ નહીં, જયેશ પ્રધાન. મને અહીંથી નીકળવા દે. પછી જો...'

નિખિલ લોકઅપના સળિયા સુધી ધસી આવ્યો. એણે બંને હાથે સળિયા પકડ્યા. એ ગુસ્સામાં ધ્રૂજતો હતો. લમણાંની નસો ફૂલી આવી હતી. આંખો લાલ થઈ ગઈ હતી. પરસેવાથી શરીર પર શર્ટ ચોંટી ગયું હતું.

'બોસ, નીકળો ત્યારે જોઈશું. હમણાં તો સ્ટેન્ડિંગ કમિટીની મિટિંગમાં હાજરી આપો છોને?' જયેશ ઊભો થઈને લોકઅપના સળિયા પાસે આવ્યો:

'હજી તો ખેલ શરૂ થયો છે.' એણે ઘડિયાળ જોઈ:

'અકરા વાઝલે અજુન... આખી રાત બાકી છે, સાહેબ. અત્યારથી અકળાઈને બૂમો પાડશો તો સવાર સુધીમાં ઘાંટો બેસી જશે તમારો.'

'યુ સ્વાઈન...' નિખિલે ત્રાડ નાખી. પોલીસ સ્ટેશનમાં હાજર બધા જ ખડખડાટ હસી પડ્યા.

ખરેખર જયેશે કહ્યું હતું એમ જ થયું. એક પછી એક પોલીસ કર્મચારી લોકઅપમાં જઈને રાતભર પેશાબ કરતા રહ્યા. પાનની પિચકારીઓ અને ગંદકીથી લોકઅપ એટલું તો ચીતરી નાખ્યું કે બે પગ મૂકીને ઊભા રહેવાની જગ્યા પણ ઓછી પડવા લાગી.

હવે નિખિલને સમજાઈ ગયું હતું કે વિદ્રોહ કરવાથી, બૂમો પાડવાથી કે ઉશ્કેરાવાથી કોઈ ફેર પડવાનો નથી એટલે એક અક્ષર બોલ્યા વિના નિખિલ આખી રાત આ સહેતો રહ્યો. ગઈ કાલના ઉજાગરા અને દિવસભરની ઊથલપાથલ પછી મોડી રાત્રે એને ઊંઘ આવવા લાગી. એણે જાગવાનો પૂરો પ્રયાસ કર્યો, પણ થાકને કારણે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઢીલું થઈ ગયેલું શરીર અંતે હારી ગયું. ભીંતને અઢેલીને ઊભાં ઊભાં ઊંઘવાના પ્રયાસમાં એક વાર એ જમીન પર પછડાયો. કર્મચારીના યુરિનથી ગંદી થયેલી ફર્શ પર એનો ખભો અને હાથ ખરડાયા. સાફ કરવા માટે પેપર, નૅપકિન, પાણી માગી માગીને એ થાકી ગયો, પણ ત્યાં હાજર કોન્સ્ટેબલ્સ અને કર્મચારીઓએ એના તરફ ધ્યાન પણ ન આપ્યું.

ગંદી વાસને કારણે નિખિલને ઊલટી થવા લાગી. લોકઅપમાં એની ઊલટી પણ ગંદકી સાથે ભળીને વધુ ગંદી વાસ અને અસહ્ય પરિસ્થિતિમાં વધારો કરતી રહી. એનાથી વધારે તકલીફ નિખિલને એ વાતે થઈ કે તન્વીરને લોકઅપની બહાર કાઢીને બેન્ચ પર સૂવાની જગ્યા કરી આપવામાં આવી હતી.

ઝળાંહળાં લાઇટમાં સતત આંખો ખુલ્લી રાખવાને કારણે નિખિલનું માથું ભયાનક દુઃખવા લાગ્યું. પરસેવાથી અકળામણ થતી હતી...

બિલકુલ સામેના ટેબલ પર માથું ઢાળીને, આંખો મીંચીને જયેશ પ્રધાન ઘસઘસાટ ઊંઘતો હતો. એકાદ વાર એની આંખ ખૂલી ત્યારે એણે નિખિલ સામે જોઈને સ્મિત કર્યું:

'મજા છે ને?'

સવારનો સૂરજ ઊગ્યો ત્યાં સુધી નિખિલ માંડ માંડ ઊભા રહી શકાય એટલી જગ્યામાં ઊભો રહીને થાક્યો હતો. એનું આખું શરીર દુઃખતું હતું. માથું ફાટી જતું હતું...

એ જ વખતે દાખલ થયેલા સ્વીપર માટે સદાશિવે લોકઅપનો દરવાજો ખોલ્યો: 'ચલા બાહેર યા...' એણે સળિયા પર લાંબો દંડો પછાડ્યો.

નિખિલ માંડ માંડ લોકઅપની બહાર આવ્યો. નજીક પડેલી બેન્ચ ઉપર એ બેઠો ત્યારે એને લાગ્યું કે એના પગની જગ્યાએ રેતીના બે ઢગલા હતા. એનું આખું શરીર જાણે માટીનો લોંદો થઈ ગયું હતું.

એ ફસડાઈ પડ્યો... એની આંખના ખૂણે આંસુનાં બે બુંદ જોઈને જયેશ પ્રધાને ફોન ઉપાડ્યો:

'કેસર... હવે તારે અહીં આવવું જોઈએ.'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 68

કેસર નીચે ઊતર્યો ત્યારે મુંબઈ શહેરમાં અંધારું ઢળી ગયું હતું. મુંબઈગરાઓ સેટર-ડે નાઇટના નશામાં ડૂબી જવા માટે જાતને તૈયાર કરી રહ્યા હતા.

જયેશના ફોન અને અભિમન્યુ સાથેની વાતચીતે કેસરને વિચારતો કરી મૂક્યો હતો. એ સામાન્ય રીતે નસીબમાં વિશ્વાસ નહોતો કરતો. ગ્રહો, નક્ષત્રો, કુંડળીઓ પર એને ક્યારેય ભરોસો નહોતો પડતો, પણ આજે એને લાગ્યું કે જાણે દરેક તબક્કે એનું નસીબ એને સાથ આપી રહ્યું હતું...

અભિમન્યુ જાતે-પોતે જયેશ સામે આવીને કબૂલાત કરવા તૈયાર થયો એનાથી નિખિલ સામેનો કેસ ઘણો મજબૂત થઈ જશે એવી કેસરને ખાતરી થઈ ગઈ.

કેસરે નીચે ઊતરીને સૌથી પહેલાં નેહાને શોધવાનો પ્રયાસ કર્યો. શ્રદ્ધાબહેન રસોડામાં કંઈ કામ કરી રહ્યાં હતાં. દેવરાજસિંહ લાઉન્જમાં બેસીને ટીવી જોતા હતા. ગુલાબસિંહ હંમેશની જેમ મૂછે તાવ દેતા હીંચકા પર ઝૂલી રહ્યા હતા.

'નેહા નથી?' એનાથી પૂછ્યા વિના ન રહેવાયું.

'અમે આટલા બધા બેઠા છીએ એ નથી દેખાતાં તને... એક છોડી ઘરમાં નથી એમાં ઘાંઘોવાંઘો થઈ ગયો..." ગુલાબસિંહે ટોણો મારવાની તક ઝડપી લીધી.

'એ બહાર ગઈ છે.' શ્રદ્ધાબહેને સસરાની વાત સાંભળી જ ન હોય એમ કેસરને જવાબ આપ્યો.

'ક્યાં?'

'મેં પૂછ્યું નથી, બેટા. એ તૈયાર થઈને નીચે આવી અને કહ્યું કે કલાકમાં આવું છું.'

'બાપુ, જયેશ પ્રધાનનો ફોન હતો.'

એણે દેવરાજસિંહને ફોનની વિગતો કહેવા માંડી. એની સાથે જ નીચે ઊતરેલો અભિમન્યુ આ વાત સાંભળતાં ઢીલો થઈ ગયો હતો.

'પણ નિખિલને ટોર્ચર શું કામ કરે?'

'કારણ કે એ લોકો નિખિલ પાસે ગુનાની કબૂલાત કરાવવા માગે છે.'

'એ કદાચ મારું નામ આપી દેશે તો?'

'આપે પણ ખરો. જે થયું છે તે નકારી શકાય એમ નથી.'

'એટલે મને પણ સજા થઈ શકે...' અભિમન્યુનો ચહેરો સફેદ પૂણી જેવો થઈ ગયો.

'હા.' કેસરનો ચહેરો દૃઢ અને ભાવવિહીન હતોઃ

'તેં જે કંઈ કર્યું છે એ સાબિત થાય તો તને પણ...'

અભિમન્યુ દોડીને કેસર પાસે આવ્યો. એણે બંને હાથે કેસરના ખભા પકડી લીધાઃ

'મને બચાવી લે. હું ફસાવા નથી માગતો. આપણે જયેશ પ્રધાનને પૈસા આપીશું, પણ...'

'આ બધી રમત જ તને ફસાવવા માટે થઈ રહી છે.' હીંચકે બેઠેલા ગુલાબસિંહે ધીમેથી કહ્યુંઃ

'કાલે સવારે નિખિલ એનું સ્ટેટમેન્ટ આપી દેશે. આંખ ઊઘડતાં જ પોલીસ અહીંયાં હાજર ના થાય તો કહેજે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મને! આ ઘરમાં આણે પગ મૂક્યો એ દિવસથી તને બહાર કાઢવાના પેંતરા રચાય છે. પણ તને દેખાતા નથી.'

'કેસર...'

'તું શાંત રહે, અભિમન્યુ. કોઈનીયે વાત સાંભળવાની જરૂર નથી. અત્યારે પરિસ્થિતિ આવતી મિનિટે શું થશે એ કહેવું મુશ્કેલ છે. આપણે કાલે સવારે જયેશને મળવા જઈશું ત્યારે...'

'જયેશને મળવા... કેમ?'

ગુલાબસિંહ આમ પણ ગિન્નાયેલા હતા. એમણે બે-ચાર દિવસમાં અહીંથી ચાલી જવાનું નક્કી કરી લીધું હતું એટલે જતાં પહેલાં પૂરેપૂરું સળગાવીને જવા માગતા હતા. એમણે ફરી પૂછ્યું:

'જયેશને મળવા શું કામ જવું છે તારે?'

'હું એને બધું કહી દઈશ, સાચેસાચું.'

'વાહ, બેટા! પગ પર કુહાડો ન પડ્યો એટલે હવે કુહાડીમાં પગ મારવા જવું છે તારે? આ તો તને ખોટી સલાહ આપે, પણ તારામાં અક્કલ નથી?'

'આ સલાહ કેસરે નથી આપી.'

'તો પેલી નખરાળીએ આપી હશે... એ અને આ મળેલાં છે.'

'હવે એક પણ અક્ષર બોલ્યા તો હમણાં જ આ ઘરની બહાર કાઢી મૂકીશ બાપુજી. તમને શરમ આવવી જોઈએ... આટઆટલું થયું છતાંયે...' દેવરાજસિંહ અકળાઈ ઊઠ્યા.

'તે હું તો અમથોયે જવાનો જ છું. મારાં અંજળ-પાણી પૂરાં થયાં છે... જતાં જતાં તને એક વાત કહેતો જાઉં છું દેવલા, જેને માથે ચડાવ છ ઈ માથે ચડીને છાણાં થાપશે...'

'ભલે થાપે!'

દેવરાજસિંહે ફરી એક વાર રિમોટ હાથમાં લઈને ટીવી જોવા માંડ્યું.

ઘરની પ્રવૃત્તિ ચાલતી રહી. શ્રદ્ધાબહેને કેસરનાં ભાવતાં મેથીનાં થેપલાં અને ઘેંશ બનાવ્યાં હતાં. જમવાનું ઠંડું ન થઈ જાય એ માટે શ્રદ્ધાબહેનના આગ્રહને વશ થઈને કેસરે ઘરના સહુની સાથે જમી લીધું...

ઘડિયાળ એનું કામ કરતું રહ્યું. નેહાને ગયાને ચારેક કલાક થઈ ગયા હતા, પણ એનો કોઈ પત્તો નહોતો. કેસરે ત્રણેક વાર એનો સેલફોન પણ ટ્રાય કર્યો. રિંગ વાગતી રહી, પણ નેહાએ ફોન ઉપાડ્યો નહીં.

*

નિખિલ શ્રોફ લોકઅપની ઝળાંહળાં રોશનીમાં આંખો મીંચીને બેઠો હતો. આટલા ભયાનક તેજથી આંખને બચાવવા માટે એણે આંખો પર પોતાનો રૂમાલ બાંધી રાખ્યો હતો.

કસ્ટડીમાં પ્રત્યેક પળ એને ભયાનક લાગી રહી હતી, પણ એની પાસે અત્યારે આ બધું સહ્યા વિના બીજો કોઈ ઉપાય નહોતો.

કેસર માટેની નફરતથી એનું રોમરોમ સળગી રહ્યું હતું. પોતાની આ સ્થિતિ માટે કેસર સિવાય બીજું કોઈ જવાબદાર નથી એવું એને દરેક પળે વધુ ને વધુ તીવ્રતાથી લાગવા માંડ્યું હતું.

સોમલના ગયા પછી એણે પોતાની જાતને આવનારી ભયાનક ક્ષણો માટે તૈયાર કરવા માંડી હતી. જયેશ પ્રધાન આવીને એના પર હાથ ઉપાડશે, એને ઊંઘવા નહીં દે કે પછી એના પર અત્યાચારો કરશે તો પોતે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દુ:ખી થઈને જયેશ પ્રધાનને એની વેરતૃપ્તિનો આનંદ નહીં જ લેવા દે...

એની બંધ આંખો સામે વીતેલી જિંદગી સડસડાટ પસાર થઈ રહી હતી. શ્વેતા સાથે ગઈ કાલે સવારે જે કંઈ થયું ત્યાંથી શરૂ કરીને આ ક્ષણ સુધીમાં જે કંઈ બન્યું એ બધું જ એની સામે તરવરવા માંડ્યું.

શ્વેતાના હાથ પર ફોર્ક દબાયો ત્યારે એની આંખોમાં દેખાયેલી પીડા અત્યારે નિખિલની આંખો સામે તરવરતી હતી... આ એ જ શ્વેતા હતી, જેને માટે નિખિલ ગાડી લઈને અઠવાડિયામાં ત્રણ વાર પુણે જતો... એના ફેશન શોની ટૂર વખતે લંડન, પેરિસ અને સિંગાપોર સુધી ફક્ત એનું મોઢું જોવા માટે–એની સાથે એક સાંજ વિતાવવા માટે એણે દોડાદોડ કરી હતી...

સોમલ જન્મ્યો ત્યારે એને હાથમાં ઉપાડીને પોતે જ ફરી જન્મ્યો હોય એવી અનુભૂતિમાંથી પોતે પસાર થયો હતો એ વાત નિખિલને યાદ આવી ગઈ.

જિંદગીએ પોતાને અઢળક સુખ આપ્યું હતું. એક સમજદાર અને પ્રેમાળ પત્ની, એક ડાહ્યો દીકરો, દેશના શ્રેષ્ઠ કહી શકાય એવા કુટુંબમાં જન્મ અને અઢળક રૂપિયા, પણ પોતે આજે એ સુખથી વંચિત થઈને અહીં બેઠો હતો એનું કારણ ફક્ત કેસર હતો એવું નિખિલના મનમાં ઘૂંટાઈ રહ્યું હતું. એ કેસરના લોહીનો તરસ્યો થઈ ગયો હતો... એક કલાક માટે પણ જો અહીંથી બહાર નીકળી શકે તો કેસરને પતાવી દેવા એ તત્પર હતો...

એની બંધ આંખો સામે એને લોહીના ખાબોચિયામાં તરફડતો કેસર દેખાતો હતો. એ જેટલી વાર આવાં દૃશ્યની કલ્પના કરતો એટલી વાર એના ચહેરા પર પરમ સંતોષની લાગણી છવાઈ જતાં હૈયામાં ટાઢક ફરી વળતી...

*

નેહા સાથે પરાકાષ્ઠાની આત્મીય ક્ષણો માણ્યા પછી કેસર પૂર્ણ સંતોષ અને તૃપ્તિ સાથે નિદ્રામાં જ્યારે સરકી ગયો હતો ત્યારે નેહા ક્યાંય સુધી એની બાજુમાં સૂતી સૂતી એનો ચહેરો નિહાળતી રહી.

એક બાળક જેવી નિર્દોષતા અને છતાંય સમાજ સાથે બાથ ભીડવાની હિંમત ધરાવતા પુરુષની દૃઢતા ધરાવતો એનો ચહેરો નેહાના હૃદયમાં ધીરે ધીરે સ્થિર થઈ રહ્યો હતો. એને પોતાના જ સુખ પર ઈર્ષ્યા થઈ આવી! એણે ક્યારેય નહોતું ધાર્યું કે એને એક આવો સુંવાગ-સંપૂર્ણ સંબંધ જડી આવશે.

બાળપણથી જ નેહા અભાવોમાં ઊછરી હતી. બે બહેનો અને એક ભાઈ પછી જન્મેલી નેહા એના કુટુંબનું ચોથું, વણજોઈતું સંતાન હતી. બહેનોના ઊતરેલાં કપડાં પહેરવાં, એમનાં વાપરેલાં પુસ્તકો વાપરવાથી શરૂ કરીને એણે જિંદગીમાં બધું જ અભાવમાં તરફડીને મેળવ્યું હતું. આજે પહેલી વાર એની જિંદગીમાં કશુંક એવું બન્યું હતું જે એનું પોતાનું હતું! આ સુખ, આ પળ અને આ સંબંધ સાવ એનો પોતીકો હતો...

એનો સેલફોન સાઇલન્ટ મોડ પર હતો. અચાનક એની નજર પડી ત્યારે એણે સોમલનો મિસ્ડ કોલ જોયો. એણે થોડીક ક્ષણ ફોન હાથમાં પકડી રાખ્યો. પાછો ફોન કરવો કે નહીં એનો વિચાર કરીને એણે સોમલનો નંબર ડાયલ કર્યો.

સ્ટિયરિંગ પર માથું ઢાળીને બેસેલા સોમલના સેલફોનની રિંગ વાગી. એણે ફોન હાથમાં લીધો. સ્ક્રીન પર નેહા ચમકતું હતું. એણે પણ એક વાર વિચાર્યું કે ફોન લેવો જોઈએ કે નહીં. પછી એણે ફોન કાને ધર્યો:

'નેહા... આઈ મિસ યુ.'

'તું ક્યાં છે?'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્રોફ વિલાના કંપાઉન્ડમાં બેઠો છું. અંદર જવાની ઇચ્છા નથી થતી. મોમ ઘર છોડીને ચાલી ગઈ છે.

'વ્હોટ? ક્યારે?'

'આજે સાંજે.' સોમલનો અવાજ ફરી એક વાર પલળવા લાગ્યો હતોઃ

'કોણ જાણે શું થવા બેઠું છે. હું સાવ એકલો પડી ગયો છું. કોઈ દિશા સૂઝતી નથી. મગજ કામ નથી કરતું મારું. એક તરફથી ડૅડને આટલી તકલીફ સહન કરતાં જોઈ નથી શકતો ને બીજી તરફ...'

નેહાને સામે છેડે સોમલનું ધ્રૂસકું સંભળાયુંઃ

'તું રડે છે?' નેહાએ પૂછ્યું. જવાબમાં કશું જ બોલ્યા વિના સોમલનું રુદન સંભળાયું.

'હું આવું છું.'

નેહા ફોન કટ કરી તૈયાર થઈને નીચે ઊતરી.

'હું થોડી વાર માટે બહાર જાઉં છું. કલાકમાં આવી જઈશ.' એણે શ્રદ્ધાબહેનને કહ્યું. પછી ગાડીની ચાવી લઈને એ નીકળી ગઈ.

'વાહ!' ડ્રૉઇંગરૂમમાં બેઠેલી આરોહીએ નેહાના નીકળતાં જ શ્રદ્ધાબહેનને ટોણો માર્યોઃ

'એને તો કોઈ પૂછતુંયે નથી કે ક્યાં જાય છે.'

'તને પણ ક્યાં પૂછ્યું હતું?' શ્રદ્ધાબહેનથી જવાબ આપ્યા વિના ના રહેવાયું.

'મને નહોતું પૂછ્યું, કારણ કે મારી પડી નથી અને એને નથી પૂછતા, કારણ કે એને તમારા લોકોની પડી નથી!'

'તને જે લાગે તે સાચું.'

શ્રદ્ધાબહેને વાત પૂરી કરી નાખી. આગળ ચર્ચા ન થાય તે માટે એમણે બાજુમાં પડેલી માળા ઉપાડીને ફેરવવા માંડી.

આરોહી થોડીક ક્ષણ એમની સામે જોઈ રહી, પછી એણે અકળાઈને ફૂંફાડો માર્યોઃ

'આ છોકરી નિખિલ શ્રોફની જાસૂસ તરીકે આવી છે. તમે માનો કે ન માનો, એ આ ઘરને ડુબાડશે.'

થોડી મિનિટોમાં જ શ્રોફ વિલા પહોંચી ગયેલી નેહાએ સોમલને એની ગાડીમાંથી બહાર કાઢ્યો, અંદર લઈ ગઈ. એ નિખિલના બારમાંથી બિયર લઈ આવી. ક્યાંય સુધી એની સાથે બિયર પીતી રહી અને વાતો કરતી રહી. સોમલ પ્રમાણમાં નોર્મલ થયો એટલે એણે નિખિલના છૂટવા વિશે ચર્ચા કરવા માંડી.

'મને કોઈ રીતે સમજાતું નથી કે હું શું કરું તો ડૅડને આ પરિસ્થિતિમાંથી બહાર કાઢી શકું.'

'વકીલ ધનવંત કાપડિયા સાથે વ્યવસ્થિત ચર્ચા કરીને સ્ટ્રેટેજી પ્લાન કર. આ બે દિવસના રિમાન્ડ પછી તું એમની બેલ કરાવી શકે તો બસ.'

'મને નથી લાગતું કે આ બેલ થઈ શકે.' સોમલ તદ્દન નિરાશ થઈ ગયો હતોઃ

'એ બધા એક થઈ ગયા છે. મારા ડૅડ સાવ એકલા પડી ગયા છે. ધનવંત પણ મને ગાંઠતો નથી. તું આવીશ મારી સાથે?'

'જરૂર...' નેહાએ સોમલના ખભે હાથ મૂક્યો.

સોમલ એને ભેટી પડ્યોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તું સાચે જ ભગવાનની ભેટ છે મારી જિંદગીમાં.’ એની આંખો ફરી છલકાઈ આવી:

‘આ દોસ્તી... પ્લીઝ, ક્યારેય તોડતી નહીં.’

‘ડોબા!’ નેહાના ચહેરા પર તોફાની સ્મિત આવી ગયું:

‘વારેવારે તું ભાગી જાય છે મને છોડીને.’

‘સોરી...’ સોમલે ભીની આંખે સ્મિત કર્યું:

‘છોડ તારા કેસરને. લગ્ના કરી લે મારી સાથે. હન્ડ્રેડ પર્સન્ટ ગૅરન્ટી...’ ઘણા વખતે એના ચહેરા એ જ તોફાની સ્મિત જોઈને નેહાને રાહત થઈ.

‘ગ્રાહકનો સંતોષ એ જ અમારો મુદ્રાલેખ.’

‘ચલ હટ, ચક્રમ.’ નેહાનો ચહેરો સહેજ લાલ થઈ ગયો.

‘અરે, વાહ! હવે તો તને શરમાતાં પણ આવડી ગયું.’ સોમલે એના ગાલે ટપલી મારી:

‘હવે મારા કોઈ ચાન્સ નથી. હું જે વસ્તુ તને વીસ વર્ષની દોસ્તીમાં ના શીખવી શક્યો એ તારા કેસરે તને બે દા’ડામાં શીખવી દીધું.’

બંને હસી પડ્યાં.

નેહાની હાજરી અને બે બિયર પછી સોમલ ખાસ્સો રિલેક્સ લાગતો હતો. નેહા એને એના રૂમ સુધી મૂકી આવી. આ બધું કરતાં કરતાં રાતના સાડા દસ વાગી ગયા હતા.

નેહા ઘરે પહોંચી ત્યારે અગિયાર થયા હતા.

દરમિયાનમાં એનો સેલફોન સાઇલન્ટ મોડમાંય રણકતો રહ્યો. સામે છેડે કેસર હતો, પણ રડતા સોમલને સમજાવતાં અને મનાવતાં નેહાએ ફોન ઉપાડવાનું યોગ્ય ન લાગ્યું.

‘ક્યાં હતી તું?’

એ ઘરમાં દાખલ થઈ કે સૌથી પહેલાં કેસરે એને સવાલ પૂછ્યો:

‘મેં કેટલા ફોન કર્યા. ફોન પણ નથી ઉપાડતી?’

ઘરનું વાતાવરણ તંગ હતું એટલું નેહાને સમજાઈ ગયું. એક ક્ષણ માટે એણે વિચાર્યું કે પોતે સોમલ સાથે હતી એ કહેવાને બદલે કોઈ બહાનું બનાવી દે... પછી એના જ મને એમ કરવાની ના પાડી.

‘હું શ્રોફ વિલા ગઈ હતી.’

એનો જવાબ સાંભળતાં જ એણે જે ધાર્યું હતું એવું જ રિએક્શન સૌના ચહેરા પર જોવા મળ્યું.

હીંચકા પર બેઠેલી આરોહીએ આરામથી સ્મિત કરતાં કહ્યું:

‘મને તો હતું જ કે એમ સહેલાઈથી છૂટશે નહીં તારાથી.’

‘છૂટવું પણ શું કામ જોઈએ? એ મિત્ર છે મારો. અત્યારે સાવ એકલો છે... એનો બાપ પોલીસ લોકઅપમાં છે અને મા ઘર છોડીને ચાલી ગઈ છે. એવા સમયમાં એને સધિયારો આપવો એ મારી ફરજ છે.’

‘આપણે નિખિલ શ્રોફ સાથે આટઆટલું કરી રહ્યા છીએ ત્યારે તું ત્યાં જઈને...’ ગુલાબસિંહે મમરો મૂક્યો:

‘મને તો હતું જ કે આવી છોડી કોઈ દિ આપણી નો થાય.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મેં તો મમ્મીને પણ કહ્યું... આ તો શ્રોફને ઘેર ખાઈ-પીને મોટી થઈ છે. એમને સહેજ તકલીફ પડી કે દોડી ગઈ.' એણે મોઢું મચકોડ્યું.

'હું તમારી હોઉં એટલે એનો અર્થ એવો કે મારે સોમલની મદદ નહીં કરવાની?'

'કાયદેસર તો એવું જ હોયને, બેટા?'

દેવરાજસિંહે બને એટલો સંયમ રાખવાનો પ્રયાસ કરતાં નેહાને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'પણ શા માટે? આપણો ઝઘડો નિખિલ સાથે છે.'

'બેટા, નિખિલ અને સોમલ જુદા નથી.' શ્રદ્ધાબહેને પણ નેહાને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

નેહાની નજર કેસર પર પડી. એની આંખોમાં એક સવાલ હતો. કેસરને એ સવાલ વંચાયો એટલે એ ઊભો થયો:

'એ બંને જુદા છે, મા. ખરું જુઓ તો સોમલનો કોઈ મોટો દોષ નથી. પોતે ચાહેલી સ્ત્રીને ન પામી શકાય તો કોઈ પણ પુરુષ જે રીતે વર્તે એ રીતે સોમલ વર્ત્યો... એ સિવાય એણે મને અંગત તકલીફ આપી હોય એવું મને યાદ નથી.'

'લો, બોલો... તમારી દીકરીની ચિતા સળગતી હતી ત્યારે તમારો જમાઈ મારી સાથે પથારીમાં હતો, ને કેસર કહે છે કે એનો કોઈ દોષ નથી.'

આરોહીએ ઉશ્કેરાટમાં કહેતાં તો કહી નાખ્યું. પછી એને સમજાયું કે એણે સસરાના ડ્રોઇંગ રૂમમાં ઊભા રહીને કેટલો મોટો બોમ્બ ફોડ્યો હતો.

'શટઅપ...' દેવરાજસિંહનું મગજ છટક્યું:

'આ શું બકવાસ કરે છે? આને કોઈ લઈ જાવ અહીંથી.'

'બોલવામાં ભાન રાખો.' શ્રદ્ધાબહેને કડવાશથી આરોહીને ટપારી. પછી કેસર તરફ ફરીને એ જ ચર્ચા ચાલુ રાખી:

'અત્યારની સ્થિતિમાં એનો ભરોસો ન કરાય બેટા... આવી સ્થિતિમાં એ નેહાને કંઈ કરી નાખે...'

'એ મને કંઈ ન કરે, મા. એ મારો દોસ્ત છે. સુખમાં અને દુઃખમાં અમે સાથે જ રહ્યાં છીએ. આજે પણ અમારે સાથે રહેવું જ પડે.' આટલું કહી નેહાએ કેસર તરફ જોયું:

'મારો વિશ્વાસ કર, કેસર. આટલું બધું થયું, પણ એણે એક વાર તારું નામ નથી લીધું. એ દુઃખી હતો, પરંતુ એ માટે તું જવાબદાર છે એવું એ નથી માનતો.'

'હું જાણું છું.' કેસરે નજીક આવીને નેહાના ખભે હાથ મૂક્યો:

'નિખિલ અને સોમલ અલગ છે. સોમલ એની માનો દીકરો છે. એના ઉછેરમાં અહંકાર હોઈ શકે, પણ એના લોહીમાં ન્યાય અને સજ્જનતા વહે છે.'

'થેન્ક્સ...' નેહાની આંખો છલકાઈ પડી:

'મને રોજ રોજ ધીમે ધીમે એવું સમજાતું જાય છે કે હું તને શું કામ આટલો બધો પ્રેમ કરું છું.'

'હું એક વાત સમજું છું, નેહા... કોઈ પણ એક માણસ કાયમ માટે એક જેવો રહેતો નથી અને કોઈ પણ બે માણસો ક્યારેય સરખા નથી હોતા. એક લોહીમાંથી જન્મ્યા હોય તો પણ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જો બેટા, જિંદગીમાં ફક્ત સિદ્ધાંતો અને સપનાં કામ નથી લાગતાં. ક્યારેક સત્યનો સામનો પણ કરવો પડે છે. અત્યારે સોમલ ગુસ્સામાં હોય એ સ્વાભાવિક છે. આવા સમયે એ ત્યાં જઈને...’

દેવરાજસિંહનો હવે અવાજ સહેજ ધ્રૂજ્યો. દીકરાની જિંદગીમાં માંડ આવેલું સુખ ક્યાંક વિખરાઈ જાય તો શું થાય એ વિચારમાત્ર એમને અસલામત કરી નાખતો હતો.

‘બાપુ, તમને નહીં ગમે તો નહીં જાઉં. તમે જેમ કહેશો તેમ કરીશ... તમારા ઘરને, તમારી પ્રતિષ્ઠાને કે તમારી લાગણીને ઠેસ પહોંચે એવું કંઈ જ નહીં કરું એ વચન છે મારું, પરંતુ તમે પણ તમારા મનને એક વાર પૂછી જોજો.’ નેહાની આંખો ભરાઈ આવી:

‘જ્યારે તમારા ગુસ્સાને કારણે અને અભિમન્યુના ખરાબ વર્તનને કારણે કેસરને તમારે ઘેર આવવાની ના પાડી હતી ત્યારે તમને કેવું લાગતું હતું? કોઈ એકને કારણે બીજાને સજા કરવાની પરંપરા આ ઘરમાં તો નથી...’

દેવરાજસિંહ થોડીક ક્ષણ માટે નેહા સામે જોઈ રહ્યા.

‘વાહ... વાહ! હવે આ ઘરની પરંપરા એક ઘરગરણે આવેલી છોડી નક્કી કરશે. બહેન, આ ઘરમાં તો પરણીને પુત્રવધૂ લાવવાની પરંપરા છે એનું શું?’ ગુલાબસિંહ ફરી એક મમરો મૂકવાનું ચૂક્યા નહીં.

‘તારી વાત સાચી છે. આપણે સૌએ સોમલને સ્વીકારવો જોઈએ. ખરેખર તો અત્યારે એ છોકરાને સધિયારાની સૌથી વધુ જરૂર છે. ફોન લગાડ એને. હું જાતે એની સાથે વાત કરીશ.’ દેવરાજસિંહે નજીક જઈને નેહાના માથે હાથ ફેરવ્યો:

‘મને ખાતરી છે બેટા, કે તું આ ઘરમાં સદ્‌ગુણ અને સચ્ચાઈની પરંપરાને ફરી એક વાર ઊભી કરી શકીશ.’

એ દીવાનખંડમાં ત્યારે બેઠેલા પાંચ જણાની આંખો ભીની થઈ ગઈ અને બીજા બે જણાએ સામસામે જોઈને મોઢું મચકોડ્યું.

એ રાત્રે કેસરના રૂમમાં આશ્લેષમાં સૂતેલી નેહાને આખી રાત સોમલનો નંખાઈ ગયેલો ચહેરો દેખાતો રહ્યો. એના ચહેરા પરની હતાશા અને પીડા આખી રાત નેહાની આંખ સામે તરવરતાં રહ્યાં.

વહેલી સવારે કેસરનો સેલ રણક્યો.

‘કેસર... હવે તારે અહીંયાં આવવું જોઈએ.’ જયેશ પ્રધાનનો અવાજ સાંભળીને કેસરની ઊંઘ ઊડી ગઈ:

‘નિખિલ શ્રોફની હાલત જોવા જેવી છે.’

‘શું કર્યું તમે એની સાથે?’

‘કશું જ નથી કર્યું. આખી રાત ઊંઘવા નથી દીધો, બસ!’ જયેશ હસ્યો:

‘બાથરૂમની જગ્યાએ લોકઅપના રૂમનો ઉપયોગ કર્યો મારા સ્ટાફે. રેતીનો ઢગલો થઈને પડ્યો છે એ.’

‘હું આવું છું.’ કેસરે ફોન મૂક્યો.

‘હું પોલીસ સ્ટેશન જાઉં છું.’

‘કંઈ પ્રોબ્લેમ થયો?’ નેહાની આંખો હજી ઊંઘરેટી હતી.

‘ના...’ કેસર તૈયાર થયો અને નીકળી ગયો ત્યારે નેહા ઘસઘસાટ ઊંઘતી હતી.

*

અભિમન્યુને લઈને કેસર પોલીસ સ્ટેશન પહોંચ્યો ત્યારે નિખિલ એના ઘેરથી આવેલી ચાદર પાથરીને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લોકઅપમાં ઘસઘસાટ ઊંઘતો હતો. જયેશ પ્રધાને લોકઅપના સળિયા પર દંડો પછાડ્યોઃ

'ઊઠો, સર... તમને મળવા કોઈ આવ્યું છે.'

'કોણ?' નિખિલની આંખો પ્રકાશ અને ઉજાગરાને કારણે એટલી દુઃખતી હતી કે એ આંખ પણ ખોલી શક્યો નહીં.

'અરે, બાલદી પાણી માર રે તેલા...' જયેશ પ્રધાને બૂમ પાડી. દસ સેકન્ડમાં તો નિખિલના ચહેરા પર પાણીની ડોલના છંટકાવથી એની આંખ ખૂલી ગઈ. સૂઝેલી આંખો અને તેજ ખોઈ બેઠેલા ચહેરા સાથે નિખિલ લગભગ અન્યમનસ્કની જેમ કેસરને જોઈ રહ્યો.

'હું તમને જ મળવા આવ્યો છું, મિસ્ટર શ્રોફ.' કેસર સ્ટૂલ લઈને લોકઅપના સળિયાની પાસે બેઠોઃ

'તમને આ હાલતમાં જોવાનું ગમતું નથી મને. દયા આવે છે.'

'મારી દયા ખાવાની જરૂર નથી. ચોવીસ કલાક પછી તારું શું થશે એ વિચારી શકીશ તો કદાચ તને જાતની દયા આવશે.'

'હું અભિમન્યુને સ્ટેટમેન્ટ આપવા માટે લઈ આવ્યો છું.'

'સરસ...' નિખિલના ચહેરા પર કોઈ ભાવ નહોતા.

'તમે એને કઈ રીતે એના કુટુંબ વિરુદ્ધ ઉશ્કેર્યો ત્યાંથી શરૂ કરીને જૂહુ પ્રોજેક્ટના બ્લાસ્ટ અને તન્વીરના ફોન નંબર સુધીની બધી જ વિગતની પોલીસને જુબાની આપવા એ તૈયાર છે.'

'મને તો એમ કે દેવરાજસિંહનો એક જ દીકરો છક્કો છે.' નિખિલના થાકેલા-નિસ્તેજ ચહેરા પર ક્રૂર સ્મિત આવી ગયુંઃ

'પણ આ તો બેઉ ગયેલા છે, સાલા!'

એ મહાપરાણે ઊભો થયો અને લોકઅપના સળિયા પાસે આવ્યો. એણે હાથ લંબાવીને અભિમન્યુને પોતાની નજીક બોલાવ્યો. અભિમન્યુ ડરતો ડરતો લોકઅપના સળિયા પાસે આવ્યો. બે સળિયાની વચ્ચે બરાબર જગ્યા શોધીને નિખિલ એવી રીતે થૂંક્યો કે થૂંક સીધું અભિમન્યુના ચહેરા પર પડે.

'તારી તો...' જયેશ ધસી આવ્યો, પરંતુ કેસરે ફક્ત આંખથી જ એને ગુસ્સે થવાની ના પાડી.

'શ્રોફ ખાનદાનનો એક સંસ્કારી નબીરો જે ભાષા વાપરે છે અને જે રીતે વર્તે છે એ જોઈને મને સમજાય છે કે તમે જે સંસ્કાર અને પરંપરાનાં બણગાં ફૂંકો છો એ કેટલાં પોકળ છે!' કેસર હસ્યોઃ

'લોકઅપની એક રાતમાં તમારી આ ઓકાત દેખાઈ જશે એવું મેં નહોતું ધાર્યું, નિખિલ... મને તો એમ કે તું મજબૂત માણસ છે. સહેલાઈથી નહીં તૂટે.'

'હું નથી જ તૂટ્યો.' એણે જોરથી બરાડો પાડ્યોઃ

'નિખિલ શ્રોફને તોડવો તારા બસનો રોગ નથી છક્કા. નિખિલ શ્રોફને તોડવા માટે તારે અને આ...' એણે જોરથી ગાળ દીધીઃ

'આ ઇન્સ્પેક્ટરે સાત અવતાર લેવા પડશે.'

'તમારો આ ગુસ્સો, આ ગાળાગાળ દેખાડે છે કે તમે તૂટી ગયા છો. આવતી કાલ સવાર સુધીમાં તો તમે હારીને ગુનો કબૂલી લેશો એવું લાગે છે મને.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરનો અવાજ એકદમ સંયત હતો. એના ચહેરા પર એક મધુર સ્મિત હતું. નિખિલની ગાળો કે એના ઉશ્કેરાટની કેસર પર કોઈ અસર નહોતી.

'ગુનો? મેં કોઈ ગુનો કર્યો નથી.'

'એ તો આપણે કાલે સવારે જ નક્કી કરીશું, નિખિલ... અત્યારે તો તને તારા ગુના યાદ આવે એટલા પૂરતું એક લિસ્ટ અભિમન્યુ લખાવી દેશે.'

'તમેમાંથી હવે તું પર ઊતરી આવેલો કેસર ફરી હસ્યોઃ

'કેમ બરોબરને? જે ગુના તને યાદ નહીં હોય એ પણ અભિમન્યુનું સ્ટેટમેન્ટ વાંચીને તને કદાચ યાદ આવે.'

'તું તો ગયો... યો!'

નિખિલે જોરથી ચપટી વગાડી. ઉજાગરા તથા રાતભરના માનસિક ત્રાસને લીધે એની જીભ સ્લર થતી હતી. ઉશ્કેરાટને કારણે બોલતી વખતે મોઢામાંથી થૂક ઊડતું હતું. ચપટી વગાડતાં એનો હાથ ધ્રૂજતો હતો.

'હું છું, નિખિલ ને રહેવાનો છું...' કહેતાં કહેતાં કેસરે એક આંખ મારીઃ

'રાત્રે મળીએ.' આટલું કહી એણે જયેશ તરફ ફરીને સ્મિત કર્યુંઃ

'આજની રાત તો મારી છે ને?'

'ઓલ યોર્સ.' જયેશ પણ હસી પડ્યોઃ

'મેં તો મારો હિસાબ સેટલ કરી લીધો. બ્રેડની ચોરી માટે કંઈ ફાંસીની સજા ના હોય. તમે મને કાયદો શીખવવા આવ્યા હતાને, સાહેબ? મેં તમને તમારી જ ભાષામાં કાયદો શીખવાડીને મારું કામ પતાવી દીધું.'

'સાલાઓ, પુરાયેલા માણસ ઉપર તો બધા જોર કરે. એક વાર બહાર નીકળવા દો, પછી...'

'હવે બહાર નીકળવાની આશા તમે છોડી દો તો સારું.'

કેસરે હવે નિખિલ સામે આંખ મીંચકારી ને એ તથા જયેશ બંને ખડખડાટ હસી પડ્યા. નિખિલને સમજાયું નહીં કે એણે શું કરવું જોઈએ. ગુસ્સા અને ઉશ્કેરાટમાં એણે પોતાના બંને હાથ માથા પર પછાડવા માંડ્યા... દીવાલમાં મુક્કા મારવા માંડ્યા... જોરજોરથી બરાડા પાડતો એ લોકઅપમાં ગોળગોળ ઘૂમવા લાગ્યો.

કેસરે પોતાનો આઈફોન કાઢીને નિખિલની આ વિક્ષિપ્ત માનસિક દશાનું વીડિયો રેકોર્ડિંગ કરવા માંડ્યું. એને રેકોર્ડિંગ કરતો જોઈને નિખિલ વધુ ઉશ્કેરાયો. એણે વધુ જોરથી બૂમો પાડવા માંડી. હાથ લાંબા કરીને કેસરને રોકવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એની ચીસાચીસ અને ભાંગી પડેલા નિખિલની એ મનોદશા જોઈને જયેશ તથા કેસરે ફરી એકમેક સામે મર્માળું સ્મિત ફરકાવ્યું.

*

સોમલ સાથે કેસરનાં લગ્નથી શરૂ કરીને તન્વીરે કરેલા શૂટઆઉટ સુધીની બધી જ વિગતો જયેશને લખાવતાં સુધીમાં અભિમન્યુ હાંફી ગયો. એના ચહેરા પર પરસેવાનાં બુંદ જામી ગયાં હતાં. આ બધી વિગતો યાદ કરતાં એને ખાસ્સી તકલીફ પડી.

જયેશ ઝીણી ઝીણી વિગતો પૂછી રહ્યો હતો. કોણે શું કપડાં પહેર્યાં હતાં એ અંગેના સવાલો પણ જયેશે અભિમન્યુની યાદદાસ્ત ચકાસવા એક વાર પૂછી નાખ્યા.

લગભગ બાર પાનાંનું સ્ટેટમેન્ટ પૂરું થયું ત્યાં સુધીમાં અભિમન્યુ પૂરેપૂરો નિચોવાઈ ગયો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘થેન્ક યુ, મિસ્ટર અભિમન્યુસિંહ ઝાલા...’ જયેશે એની સાથે શેકહૅન્ડ કર્યાઃ

‘પોલીસની મદદ કરીને તમે બહુ મોટું કામ કર્યું છે. અમે તમને આમાંથી બહાર રાખવાનો પૂરો પ્રયત્ન કરીશું.’

‘થેન્ક યુ, સર...’

અભિમન્યુ અને કેસર પોલીસ સ્ટેશનનાં પગથિયાં ઊતરતા હતા ત્યારે બૂમો પાડી પાડીને થાકી ગયેલો નિખિલ ફરી એક વાર ફર્શ પર ઢળી પડ્યો હતો. એના મોઢામાંથી થૂંક નીકળતું હતું. કપાળ પર પરસેવો વળી ગયો હતો. અત્યાર સુધી ચકળવકળ થતી આંખો વારંવાર મીંચાઈ જતી હતી.

અભિમન્યુ - કેસર ઘેર પહોંચ્યા ત્યારે શ્રદ્ધાબહેને જરા ઉશ્કેરાઈને કેસરને સમાચાર આપ્યાઃ

‘નેહા વકીલને ત્યાં ગઈ છે, સોમલની સાથે. દોસ્ત છે ત્યાં સુધી બરાબર છે, પણ નિખિલની બેલ જ થાય એવો પ્રયત્ન તો એણે શા માટે કરવો જોઈએ? મને આ બરાબર નથી લાગતું, બેટા!’

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 69

‘હું તારી પરિસ્થિતિ સમજું છું. તારી જગ્યાએ કોઈ પણ હોય તો થાકી જાય - હારી જાય...’

‘હું થાક્યો નથી, હાર્યો પણ નથી.’ સોમલને મળીને આવેલી નેહાએ દેવરાજસિંહના કહેવાથી સોમલને ફોન જોડ્યો હતો. સોમલ એમના ફોનથી સહેજ ચોંક્યો હતો - સહેજ અચકાયો પણ હતો.

‘અમારી લડાઈ તારી સાથે નથી.’ દેવરાજસિંહે સ્પષ્ટતા કરીઃ

‘જોકે આ વાત અમને પણ કેસરે જ સમજાવી.’

‘મારી લડાઈ પણ કેસર સાથે નથી.’ સોમલથી કહેતાં તો કહેવાઈ ગયું, પછી એણે ઉમેર્યુંઃ

‘ખરેખર તો મારી લડાઈ કોઈ સાથે નથી. હું આમાં કારણ વગર ઘસડાયો છું અથવા કહો કે સપડાયો છું.’

‘ખરેખર એવું લાગતું હોય તો બહાર નીકળી જા. સૌને સૌની લડાઈ લડી લેવા દે.’

‘શક્ય નથી. નિખિલ શ્રોફનું લોહી વહે છે મારી રગોમાં, ઋણ છે એમનું મારા પર.’ સોમલે ધીમેથી કહ્યુંઃ

‘એક વાર એમની બેલ થઈ જાય તો...’

‘કોઈ પણ સંજોગોમાં હું એની બેલ નહીં થવા દઉં, બલકે એવો પ્રયત્ન કરીશ કે નિખિલ હવે સીધો જેલમાં જાય.’

‘તમે તમારો પ્રયત્ન કરો... હું મારો પ્રયત્ન કરીશ.’

‘હા, પણ તને જણાવી દઉં કે તું જે કંઈ કરી રહ્યો છે એમાં તું સફળ થવાનો નથી. નિખિલને સજા મળે એવું ઇચ્છનારો હું એકલો નથી...’

‘કોણ સફળ થશે અને કોણ નિષ્ફળ, એ નક્કી કરનારા આપણે કોણ છીએ, અંકલ? ગુનેગાર હોય તો પણ નિખિલ શ્રોફ મારા પિતા છે. એ હકીકત બદલાઈ નથી જતી અને એ જે પરિસ્થિતિમાં છે એમાંથી બહાર કાઢવા એ મારી ફરજ છે.’ સોમલે સહેજ અચકાઈને કહી જ નાખ્યુંઃ

‘મારા પિતા જેટલા ગુનેગાર છે એટલો જ ગુનેગાર તમારો દીકરો પણ છે. કેસરનો મારા પિતા સાથે તો કદાચ કોઈ સંબંધ જ નહોતો એટલે એમણે જે કર્યું તે માફ થઈ શકે, પરંતુ અભિમન્યુની તો સગી બહેન હતી. એણે એની સાથે જે કંઈ કર્યું એનું શું?’

‘એની સજા ચોક્કસ મળશે.’

‘અને હા, તમે ફોન કર્યો છે તો એક વાત કહી જ દઉં અંકલ, મારા પિતાને કાયદો સજા કરશે કે નહીં કરે એ તો પછીની વાત છે, પરંતુ અત્યારે એ જ્યાં છે અને જે કંઈ સહન કરી રહ્યા છે એ બધું જ એમને માટે સજાથી ઓછું નથી.’

સોમલનું ગળુ ભરાઈ આવ્યું. એની નજર સામે ગંદી જમીન પર ચાદર પાથરીને બેઠેલો નિખિલ, છાપું પાથરીને જમતો નિખિલ તરવરી ઊઠ્યા... મા જે રીતે ઘર છોડી ગઈ એ ક્ષણ યાદ આવી. એણે અચાનક જ ફોન કાપી નાખ્યો.

‘એ બધું જ સમજે છે, મારી જેમ.’ દેવરાજસિંહનું હૃદય પણ દ્રવી ઊઠ્યું હતુંઃ

‘ક્યારેક લોહીના સંબંધોમાં ન્યાય કરવો અઘરો પડે છે. સોમલ પણ એવી જ સ્થિતિમાં છે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બાપુ, આપણે સહુ એ જ સ્થિતિમાં છીએ.’

‘છતાં આપણે બધા સાથે છીએ. સુખ અને દુઃખમાં જો પોતાનાં સહુ સાથે હોય તો સહન કરવાની શક્તિ વધી જાય છે. એ એકલો છે. વધુ ને વધુ એકલો થતો જાય છે.’

કેસરની વાત સાંભળીને નેહાની આંખ ભીની થઈ ગઈ. આટલા મોટા શ્રોફ વિલામાં એ જે રીતે સોમલને એકલો મૂકીને આવી હતી એ યાદ આવતાં જ એનાથી બોલાઈ ગયું:

‘બાપુ, એ મારો દોસ્ત છે અને આ સ્થિતિમાં જો હું એની મદદ નહીં કરું તો હું જિંદગીભર મારી જાતને માફ નહીં કરી શકું...’

‘કર... તું પણ તારો પ્રયત્ન કર.’ દેવરાજસિંહે એના માથા પર હાથ ફેરવ્યો:

‘સૌએ સૌની ફરજ પૂરી કરવાની છે. પછી તો ઉપરવાળાના હાથમાં છે.’ એમણે લગભગ સ્વગત કહેતાં હોય એમ કહ્યું:

‘સર્વે ધર્મો ત્યજીને મારે શરણે આવ એમ કહ્યું હશે ત્યારે કૃષ્ણને ખબર હશે કે અર્જુન માટે નિર્ણય કરવો કેટલો અઘરો છે. આપણને ન સૂઝે ત્યારે આપણાથી થાય તે કરીને બાકીનું એને સોંપવામાં જ સૌનું ભલું છે.’

દેવરાજસિંહની આ વાત નેહાને સ્પર્શી ગઈ. એને એટલું ચોક્કસ સમજાયું કે કેસરના વ્યક્તિત્વની ઊજળી બાજુ એના ઉછેરમાંથી જન્મી છે.

*

રાત્રે બંને જણા કેસરના રૂમમાં હતાં. કેસર ઊંડા વિચારમાં ગરકાવ હતો. નેહા એની નજીક સરકી આવી. કેસરના ખભે માથું મૂકીને એણે હાથ કેસરની છાતી પર લપેટ્યો:

‘શું વિચારે છે?’

‘કંઈ નહીં. હું વિચારું છું કે મારે નિખિલ સાથે શું કરવું જોઈએ.’

‘ખરું કહું તો તારે કશું જ કરવાનું નથી. હવે પોતે જ ગૂંથેલી જાળમાં નિખિલ વધુ ને વધુ સપડાતો જાય છે.’

‘એ મારું ધ્યેય નથી.’ કેસર થોડો ખિન્ન થઈ ગયો હતો:

‘નિખિલ મારું અંગત વેર છે. જયેશ પ્રધાન કે બીજા લોકો પોતાની રીતે જે કંઈ કરતા હોય તે, પણ જ્યાં સુધી હું નિખિલને બાપુના ચરણમાં ઝુકાવીને માફી માગવા મજબૂર નહીં કરું ત્યાં સુધી મને કશું કર્યાનો સંતોષ નહીં થાય.’

‘નિખિલ એક વાર ઊંઘતો ઝડપાયો છે. વારે વારે એવું નહીં થાય...’

‘ત્યાં જ તો મારું યુદ્ધ છે.’

કેસરની આંગળીઓ નેહાના વાળમાં મૃદુતાથી ફરી રહી હતી. એની નજર નેહા સામે નહોતી. છત તરફ તાકતો કેસર એના મનમાં ચાલી રહેલા ઉતાર-ચઢાવની વાત નેહા સાથે કરી રહ્યો હતો:

‘વિદ્યાના મોત પછી જે કંઈ થયું તે માટે, મારા પિતાની પીડા માટે અને મારા કુટુંબમાં કારણ વગર ફૂટ પડાવવા માટે નિખિલ જ જવાબદાર છે. આ માટે એણે માફી માગવી જ પડે.’

‘નિખિલનો અહંકાર એને ઝૂકવા નહીં દે. નિખિલ તૂટી જશે, પણ ઝૂકશે નહીં. હું આ શ્રોફ પરિવારને વર્ષોથી ઓળખું છું.’ નેહાના અવાજમાં વિચિત્ર પ્રકારનો અજંપો હતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કેમ? તને ડર લાગે છે? નિખિલના અહંકારને તોડવા જતાં ક્યાંક હું તૂટી જઈશ એવું લાગે છે તને?’

‘દરિયાના મોજાંમાં ગમે તેટલી શક્તિ હોય, એ મોટી મોટી નાવને ઉથલાવી પાડે, પણ ખડક સાથે ટકરાય તો વિખરાવાનો વારો મોજાંનો જ હોય.’

‘તું સાચી હોઈ શકે, પણ વારંવાર અથડાયેલા દરિયાનાં મોજાંએ ખડકને તોડી નાખ્યા છે!’

‘કેસર, વેરથી કોણ સુખી થયું છે? નિખિલ સાથે જે કંઈ થયું એનાથી એને ઘણું બધું સમજાયું હશે. હવે...’

‘નેહા, સોમલ પ્રત્યેની તારી લાગણી હું સમજી શકું છું, પણ જેમ મેં એ બંનેને જુદા જોવાનો પ્રયત્ન કર્યો છે એમ તું પણ કર.’

‘તારા પિતાનું જે અપમાન થયું, તને જે તકલીફ થઈ એ ભૂંસી શકાશે? વેર લેવાથી તું ભૂતકાળમાં પાછો ફરીને એ બધી ઘટનાઓને ફરી લખી શકીશ?’

‘નહીં લખી શકું એની ખબર છે મને, પણ... હું આવનારા દિવસોનો ચહેરો બદલી શકીશ. હું રાજપૂત છું– ક્ષત્રિય છું... ગમે તેટલા જ્ઞાન પછી પણ મારો ધર્મ યુદ્ધ કરવાનો છે. મારી પ્રકૃતિ યુદ્ધ કરવાની છે. માટે હું તારી વાત સમજવા છતાં સ્વીકારી નથી શકતો.’

‘તારી જિંદગીનાં કેટલાં વર્ષો - કેટલા કલાકો વેડફીશ આ નિખિલની પાછળ? તું પણ વેર લેવા એટલો જ તરસ્યો થઈશ તો તારામાં ને એનામાં ફેર શું?’

‘ઘૂંટણિયે પડીને જીવવા કરતાં પોતાના પગ ઉપર ઊભા રહીને ઢળી પડવું મને વધારે પોસાશે.’ કેસરના ચહેરા પર સ્મિત આવી ગયું:

‘ગુનેગારને સજા કરવામાં અને નિર્દોષ પર અત્યાચાર કરવામાં ફેર છે. હું એને સમજાવવા માગું છું કે રૂપિયા, પોઝિશન, પહોંચ કે બીજી કોઈ બાબત એને નહીં બચાવી શકે.’

‘પણ જો એક વાર એની બેલ થઈ જશે તો...’

‘નહીં થાય.’ કેસરે વચ્ચે જ નેહાની વાત કાપી નાખી.

‘હું કાલે લોયર ધનવંત કાપડિયાને મળવા જવાની છું.’

‘એથી બેલ થઈ નહીં જાય.’ કેસર હસી પડ્યો.

‘હું સોમલને બધી જ મદદ કરીશ, કેસર.’

‘મને વાંધો નથી.’ કેસરની આંગળીઓ હજીયે એના વાળમાં એટલી જ મૃદુતાથી ફરતી હતી.

હવે કેસરે ચહેરો ઘુમાવીને નેહાની આંખોમાં જોયું:

‘બાપુને શું લાગશે અથવા મને વાંધો છે કે નહીં એ બધાની ઉપર સોમલ સાથે તારો એક અંગત સંબંધ છે. તું મને મળી એ પહેલાંનો... તું તારા સંબંધને વફાદાર રહે અને હું મારા યુદ્ધને વફાદાર રહીશ.’

નેહાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં:

‘આ બધા ઘમસાણ વચ્ચે તને ખોઈ બેસવાનો વિચારમાત્ર મને ધ્રુજાવી મૂકે છે. બહુ સમય પછી, બહુ તરફડીને સુખ આવ્યું છે મારી જિંદગીમાં... ધગધગી ગયેલી મારી ત્વચા અને સૂકુંભઠ થઈ ગયેલું મારું મન, બંને તને મળ્યા પછી જાણે જીવી ઊઠ્યાં છે.’ નેહાની આંખમાંથી આંસુ કેસરના ખભા પર ટપકવા લાગ્યાં:

‘કેસર, મારે તારી સાથે ઘરડાં થવું છે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એવાં બધાં વચન હું આપી શકું એમ નથી.’ કેસરે આંગળી પર નેહાના આંસુને ઝીલી લીધું:

‘હા, મારી સાથે જેટલો સમય ગાળીશ એ બધો જ સુંદર અને સાચો હશે એ મારું વચન.’ કેસર ગંભીર થઈ ગયો:

‘આ યુદ્ધમાં હું જીતીશ એ નક્કી છે, પણ જીવીશ એવો અહંકાર કરવો નકામો છે.’

‘પ્લીઝ, એવું નહીં બોલ!’ નેહાએ પોતાની પકડ વધુ કસી, એ કેસરની નજીક સરકી:

‘આપણે મળ્યાં છીએ એમાં ઈશ્વરનો સંકેત છે.’

‘એની મને ખબર નથી...’ કેસરે આંખો મીંચી લીધી:

‘હા, ઈશ્વરે મને પૂર્ણ પુરુષ બનાવીને પોતાની ભૂલ સુધારી લીધી એટલું મને ચોક્કસ સમજાય છે. હવે હું જે સ્થિતિમાં છું તે સ્થિતિમાં મારું લક્ષ્ય પૂરું કરીને શ્વાસ ખુટાડું તો પણ મને મરવાનો અફસોસ નહીં થાય.’

‘ભલભલા પુરુષ થઈને જન્મેલા માણસો પણ ખરેખર લડવાનું આવે ત્યારે બે પગમાં પૂંછડી દબાવીને ભાગી છૂટતા જોયા છે મેં.’ નેહાની આંખોમાં આદર છલકાતો હતો:

‘શુભ યુદ્ધ અને અશુભ શાંતિ જેવું કશું જ હોતું નથી. દયા કે શાંતિના નામે તું સમાધાન કરવા તૈયાર થયો હોત તો મને દુ:ખ થાત, કેસર!’

કેસર હસ્યો: ‘હું મારા કર્તવ્ય વિશે સ્પષ્ટ છું. મરતી વખતે મારે આશ્વાસન કે અપરાધભાવ તો નથી જ જોઈતો.’

આગળ કશું કહેવાને બદલે નેહા એને વળગીને સૂઈ ગઈ, પરંતુ કેસર સાથેની વાત પછી એના મનમાં કેસરની છબિ જરા જુદી રીતે અંકાઈ હતી. એક ઉદાર, સમજદાર છતાં પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર એવા પુરુષને પામીને એની અંદર પરમ સંતોષની લાગણી છલકાતી રહી.

*

‘હું સોમલની સાથે એના વકીલને મળવા જાઉં છું.’ નીકળતી વખતે નેહાને જણાવવું જરૂરી લાગ્યું.

‘તારે જવાની શી જરૂર છે?’

‘મેં કેસરને કહ્યું છે.’ નેહાએ ધીમેથી શ્રદ્ધાબહેનને કહ્યું તો ખરું, પણ એમના ચહેરા પર થતા ફેરફાર એનાથી અજાણ્યા ન રહી શક્યા.

‘જો બેટા, હું રાજપૂતાણી છું અને વફાદારી શબ્દ અમારા લોહીમાં હોય છે. તું કેસરના પક્ષમાં છે તો પછી...’

શ્રદ્ધાબહેન આગળ બોલી ન શક્યાં, પણ એમના ચહેરા પર અણગમો ઊપસી આવ્યો.

‘હું કેસરના જ પક્ષમાં છું, મા...’ નેહાએ આગળ વધીને શ્રદ્ધાબહેનના ગળામાં હાથ નાખી દીધો. શ્રદ્ધાબહેન એની આંખોમાં જોતાં રહ્યાં.

‘કારણ કે કેસરનો પક્ષ એ જ ન્યાયનો પક્ષ છે, પણ સોમલને મદદ કરવાથી કોઈ અન્યાય નહીં થાય એવી મને ખાતરી છે.’

‘મારે ઘરમાં જ બીજા લોકોને જવાબ આપવો અઘરો પડે છે.’

સીડી પરથી ઊતરતી આરોહી એમનો સંવાદ સાંભળીને અટકી ગઈ હતી. એ હવે નીચે ઊતરી આવી.

એણે શ્રદ્ધાબહેનની સામે આવીને સીધું જ કહી નાખ્યું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઘરમાં જ બીજાં લોકો એટલે કોણ? મારું નામ લઈને વાત કરો ને!’

આરોહીને અચાનક સામે આવેલી જોઈને શ્રદ્ધાબહેન સહેજ ઝંખવાઈ ગયાં.

‘મેં જ પૂછ્યું હતું ગઈ કાલે કે નેહાને આ ઘરમાં કોઈ રોકતું કેમ નથી?’ આરોહીએ સહેજ મોં ચડાવીને કહ્યું:

‘હું ડરતી નથી. હું તો તારી સામે પણ કહેવા તૈયાર છું કે નેહા, તું જે કંઈ કરે છે એ આ ઘરના સન્માન અને આ ઘરમાં ચાલી રહેલા તમામ પ્રયત્નોની વિરુદ્ધ જવાનું કામ છે.’

‘તને કદાચ નહીં સમજાય આરોહી.’ નેહાના ચહેરા પર સ્મિત ધસી આવ્યું.

‘તે ના જ સમજાય. તારે તો બેય હાથમાં લાડુ જોઈએ છે. પેલાને છોડવો નથી ને આને પકડી રાખવો છે.તું પ્રામાણિકતાથી એક જણને પ્રેમ કરી શકતી જ નથી.’

‘પ્રામાણિકતા શબ્દ કદાચ તારી ભાષાના શબ્દકોશમાં નહીં જડે તને.’ એણે ફરી એક વાર ખૂબ લાગણી અને સ્નેહથી શ્રદ્ધાબહેનની આંખોમાં જોયું:

‘મા, તમે ના પાડો તો નહીં જાઉં, પણ મારો આત્મા બહુ ડંખશે મને.’

‘આત્મા?’ આરોહીએ મોઢું બગાડ્યું:

‘છે ખરો?’

‘હું તારી નહીં, મારી વાત કરું છું.’ નેહાના ચહેરા પર હજીયે સ્મિત અકબંધ હતું.

‘તું જા... મારા કેસરે હા પાડી છે એટલે હું નહીં રોકું તને, પણ એક વાત કહી દઉં... હવે જો મારા કેસરને કોઈ નુકસાન થશે કે એને કોઈ ફસાવશે તો હું એ વ્યક્તિને જીવતી નહીં છોડું.’ શ્રદ્ધાબહેનનો ચહેરો તમતમી ગયો હતો:

‘બહુ દુ:ખ ઉઠાવ્યું છે કેસરે, હવે જે એના સુખની આડે આવશે એને વેતરી નાખતાં હું અચકાઈશ નહીં.’

‘હું તમારી વાત સમજું પણ છું અને સ્વીકારું પણ છું.’ નેહાનો અવાજ સ્વસ્થ હતો. એણે ફરી પૂછ્યું:

‘હું જાઉં?’

શ્રદ્ધાબહેન સહેજ અવઢવમાં લાગ્યાં એટલે એમના જવાબની રાહ જોયા વિના એ નીકળી ગઈ.

‘હું આટઆટલું કહું છું, પણ કોઈ સાંભળતું નથી. કાલે ઊઠીને કંઈ થાય તો મને કહેવા નહીં આવતા.’ આરોહી બબડી.

‘કાલે તું આ ઘરમાં હોઈશ કે નહીં એ તો પહેલાં નક્કી થવા દે.’ શ્રદ્ધાબહેને તમાચાની જેમ જવાબ આપ્યો.

એ પોતાના કામે એવી રીતે વળગી ગયાં, જાણે આરોહીની હાજરીને જ નકારી દેતાં હોય...

અપમાનિત થયેલી અને ડઘાયેલી આરોહી થોડી વાર એમની સામે જોઈ રહી. પછી એ રસોડામાંથી બહાર નીકળી ત્યારે હીંચકે બેઠેલા ગુલાબસિંહે એને દાઝ્યા પર ડામ આપતાં હોય એમ કહ્યું:

‘આખું ગામ ગધેડે ચડ્યું હોય ત્યારે એકાદાને નીચે ઉતારવાનો પ્રયત્ન મૂર્ખામી કહેવાય. લાત ખાવા દે બે-ચાર... એમને તારી સલાહની જરૂર નથી અત્યારે.’

‘દાદાજી, તમે તો સમજો છોને?’ આરોહીએ દુ:ખી હોવાનો પૂરો અભિનય કર્યો.

‘સમજું છું, બધું જ સમજું છું.’ ગુલાબસિંહ એમ આરોહીના ઝાંસામાં ફસાય એવા તો નહોતા:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કૂતરું તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી. આ ખેંચાખેંચમાં જે બળિયો હશે તે જીતશે એમ નહીં માનતી. આ કળથી કરવાનું કામ છે.’ આટલું કહી એ મર્માળું હસ્યા.

આરોહી એમની સામે જોઈ રહી. આ મૂછે તાવ દઈ રહેલા ભયાનક માણસના મનનો તાગ લેવો સાચે જ અસંભવ હતો...

બીજી તરફ, સોમલને પણ લાગ્યું કે ધનવંત કાપડિયાના ચહેરા પરથી એના મગજમાં ચાલી રહેલી રમત કળવી અઘરું કામ હતું. એણે ચહેરા ઉપર પૂરેપૂરી સહાનુભૂતિ સાથે શાંતિથી સોમલની વાત સાંભળી. પછી એકદમ ઠંડા અને સ્વસ્થ અવાજે કહ્યું:

‘આપણે પ્રયત્ન તો કરીએ જ છીએને? પણ સાહેબે એટલા દુશ્મન ઊભા કર્યા છે કે એકને દબાવો તો બીજો ઊભો થાય છે.’ એમણે અર્થસૂચક રીતે સોમલ સામે જોયું:

‘એમની જીભ અને ઈગોને કારણે આજે કોઈ એમની મદદ કરવા તૈયાર નથી. આ તો હું છું કે...’

નેહાએ એમની વાત વચ્ચેથી જ કાપી નાખી:

‘તમારી બધી વાત સમજી શકું છું, તેમ છતાં મને લાગે છે કે નિખિલ શ્રોફની બેલ તમે જેટલી સમજાવો છો એટલી અઘરી નથી. હજી સુધી એમના પર કોઈ ગુનો સાબિત નથી થયો. ફક્ત સ્ટેટમેન્ટના આધારે ડીટેઇન કરાયા છે...’

એ ધનવંત કાપડિયાની સામે બુદ્ધિશાળી દલીલ કરી રહી હતી એ સાથે બેઠેલો સોમલ નવાઈથી જોઈ રહ્યો.

‘બરાબર છે. આપણે પ્રયત્ન તો કરીશું જ... બાકી તો જજની મરજી ઉપર આધાર છે.’

ધનવંત કાપડિયા એકદમ ખંધો માણસ હતો. વરસોથી નિખિલની કંપનીનો લીગલ એડ્વાઇઝર હતો. આટલાં વરસો એણે નિખિલને હા...જી – હા...જી કરવા સિવાય બીજું કશું જ કર્યું નહોતું. નિખિલના સ્વભાવ અને પ્રકૃતિને કારણે એ વારંવાર અપમાનિત થયો હતો. આ બેલ નહીં કરાવીને એણે સરકારી વકીલના માથે હાથ રાખ્યો. સાથે સાથે એણે નિખિલને પોતાનું મહત્ત્વ સમજાવી દીધું.

‘આપણે આવતી કાલે એમની બેલ એપ્લિકેશન કરીશું. અડતાલીસ કલાકના રિમાન્ડ પૂરા થશે એટલે પોલીસ એમને મૅજિસ્ટ્રેટ સામે રજૂ કરશે, પણ સરકારી વકીલ શું દલીલ કરશે એની આપણને ખબર નથી. આપણે તો ગયે વખતે પણ પ્રયત્ન કર્યો હતો, પણ એ લોકોને રિમાન્ડ મળી જ ગઈ ને?’ એણે સોમલ સામે જોયું:

‘ખુદ હોમ મિનિસ્ટરસાહેબ રસ લઈ રહ્યા છે.’

‘જુઓ, ડેડ કોઈ પણ હિસાબે છૂટવા જોઈએ.’ સોમલનો અવાજ સહેજ ઊંચો થઈ ગયો:

‘રૂપિયાથી કંઈ પણ ખરીદી શકાય છે. જજનું મોઢું બંધ કરી દો... સરકારી વકીલ... શું નામ છે એનું?’

‘મહાદેવ ઠક્કર...’ વકીલે વાતને જરા ઓર ઘુમાવી:

‘એ રૂપિયાથી માને એવો નથી.’

‘જેનાથી માને એનાથી મનાવો.’ નેહાએ ટેબલ પર હાથ પછાડ્યો:

‘શું જોઈએ છે એને? સ્ત્રી, શરાબ?’

‘મૅડમ, તમે...’

‘હું આ દુનિયાથી અજાણી નથી. દરેક માણસની એક કિંમત હોય છે કાપડિયાસાહેબ... એના કપાળ પર લખી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હોય છે એ કિંમત... આપણને વાંચતાં આવડવી જોઈએ.'

'મને નથી આવડતી, તમને આવડે છે? તો જાવ, વાંચી આવો.' ધનવંત કાપડિયા ઊભો થઈ ગયો.

'વાંચી લઈશ.' નેહા સામે ઊભી થઈ ગઈ:

'ચાલ સોમલ.'

'પણ નેહા...'

'ચાલ કહ્યુંને...' સોમલનો હાથ પકડીને નેહા વકીલની ચેમ્બરની બહાર નીકળી ગઈ:

'આને કશું કરવામાં રસ જ નથી. મને ખાતરી છે કે આના કરતાં મહાદેવ સાથે કામ પાડવું સહેલું પડશે.'

હજી એ બંને જણા લિફ્ટમાંથી બહાર પણ નહોતાં નીકળ્યાં ત્યાં ધનવંત કાપડિયાએ સરકારી વકીલને ફોન લગાડ્યો:

'મેં તમારા ભાવ વધાર્યા છે. હવે તમે જે કંઈ માગો એમાં મારો બાર ટકા વેટ ઉમેરી દેજો. ધનધનાવીને નીકળી છે રાજધાની એક્સપ્રેસ.' એ હસ્યો:

'શ્રોફનો દીકરો તો બિચારો વધારાના ડબ્બાની જેમ રઝળે છે.'

'આવવા દો બંનેને.' સામે છેડેથી મહાદેવ પણ હસ્યો:

'અહીં આવતી વખતે માણસો પોતાની મરજીથી આવે છે, પણ પાછા ત્યાં સુધી નથી જઈ શકતા, જ્યાં સુધી મહાદેવ ઠક્કર એમને બહાર જવાનો રસ્તો ખોલી ન આપે!'

'ખંખેરજો - બરાબરના ખંખેરજો... એમાંય એની સાથેની છોકરી તો પોતાને શું સમજે છે!'

ધનવંત કાપડિયાએ નેહા પર પોતાની રીસ ઉતારીને ફોન મૂક્યો.

મહાદેવ ઠક્કર બેચેનીથી સોમલ શ્રોફની રાહ જોવા લાગ્યો. એનું મન બીજા કોઈ કામમાં લાગતું નહોતું. એને ખાતરી હતી કે અકળાયેલા સોમલને અત્યારે જે આંકડો કહેવામાં આવે તે ચૂકવીને એના બાપને છોડાવવા એ બેબાકળો હતો...

'પધારો...'

પંદર-વીસ મિનિટમાં સોમલ અને નેહાને પોતાની ચેમ્બરમાં દાખલ થતાં જોઈને મહાદેવ ઠક્કરે ઊભા થઈને સ્મિત સાથે એ બંનેને આવકાર્યા.

મહાદેવ ઠક્કર એકદમ સોફેસ્ટિકેટેડ અને પોલિશ્ડ દેખાતો હતો. ચોખ્ખા દાંત, વ્યવસ્થિત ઓળેલા વાળ, બ્રાન્ડેડ શર્ટ અને પરફ્યુમથી મહેકતી ચેમ્બર જોઈને કોઈ પણ સમજી શકે કે સરકારી વકીલ કયા પ્રકારની જિંદગી જીવતો હશે.

'અમારે કોઈ પણ સંજોગોમાં નિખિલ શ્રોફની બેલ જોઈએ છે.' નેહાએ સમય વેડફ્યા વિના સીધી જ વાત શરૂ કરી.

'બહેન, મારે તો ચંદ્ર પર જમીન જોઈએ છે...' મહાદેવે એની ભૂખરી આંખો ઝીણી કરી:

'આ દેશના પ્રાઇમ મિનિસ્ટર બનવું છે મારે, પણ આપણે ઇચ્છીએ તે બધું થાય નહીં.'

'સાચું કહો છો, પણ નિખિલ શ્રોફની બેલ તમે ઇચ્છો તો થઈ શકે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કેમ? હું જજ છું?’

‘મહાદેવભાઈ, આપણે ગોળ ગોળ ફરવાને બદલે સીધી વાત કરીએ. તમે મૅજિસ્ટ્રેટ સામે દલીલ નહીં કરો ને ધનવંત કાપડિયાને એની વાત કહેવા દેશો તો અમારું કામ થઈ જશે.’

‘પણ મારું કામ તમામ થઈ જશે.’ એ ફરીથી ખંધુ હસ્યો:

‘કમિશનર, મિનિસ્ટર બધાય મારા ગળે છરી મૂકીને ધાર્યું કરાવે છે. હું તો સરકારી માણસ છું... ના, સરકારી ગુલામ છું.’

‘મહાદેવભાઈ, તમારો ને અમારો બધાંનો સમય બગાડવાનો અર્થ નથી...’ સોમલની ધીરજ ખૂટી ગઈ હતી:

‘કિંમત બોલો એટલે વાત પતે.’

‘તમે મને ખરીદવા આવ્યા છો?’

‘ના, ભાડે રાખવા.’ સોમલથી બોલાઈ ગયું.

મહાદેવનો ચહેરો ફરી ગયો. અત્યાર સુધી એ જે સોફેસ્ટિકેશનથી અને સ્મિત ચોંટાડી રાખીને વાત કરતો હતો એ અચાનક અલોપ થઈ ગયું. એણે ટેબલ પર હાથ પછાડ્યો:

‘ચલ એય... તારા રૂપિયાની ગરમી તારી પાસે રાખ. તું કોની સાથે વાત કરે છે એનું તને ભાન છે?’

‘જુઓ, એ ઉશ્કેરાયેલો છે. જરા વિચાર તો કરો, એના ફાધર...’ નેહા વચ્ચે પડી.

‘એ વિચારીને જ અહીંયાં દાખલ થવા દીધો એને. બાકી સામેવાળાને મારી ચૅમ્બરમાં ઘૂસવા શું કામ દઉં?’

‘કોઈ વચલો રસ્તો કાઢો, પ્લીઝ.’

નેહાએ સ્મિત કર્યું. ટેબલ પર મુકાયેલા મહાદેવના હાથ પર એણે પોતાનો હાથ મૂક્યો. સહેજ પંપાળ્યો. મહાદેવની ભૂખરી આંખોમાં એણે પોતાની આંખ પરોવી. મહાદેવનો હાથ જે રીતે ધ્રૂજ્યો અને એ જે રીતે એની આંખો પલટાઈ એનાથી નેહાને સમજાઈ ગયું કે આ માણસની મોટામાં મોટી નબળાઈ રૂપિયા નહીં, પણ સ્ત્રી છે. નેહાએ વકીલના હાથ પર મુકાયેલો પોતાનો હાથ સહેજ દબાવી પોતાના સ્વરમાં સહેજ માદકતા ઉમેરી:

‘અમે તમારી પાસે બહુ આશા લઈને આવ્યાં છીએ, ઠક્કરસાહેબ!’

સોમલ આ બધું જ જોઈ રહ્યો હતો. એને આ વાત રૂચી નહીં. એણે નેહા સામે જોયું. નેહાએ ફક્ત આંખ નમાવીને ઇશારામાં કહ્યું:

પ્લીઝ, શાંતિ રાખ!

‘હમ્મ!’ મહાદેવ પીગળવા લાગ્યો હતો:

‘એમ નમ્રતાથી વાત કરો તો જરા સૂઝ પડે.’

‘અમે સમજદારીથી વાત કરવા જ આવ્યાં છીએ. તમને નુકસાન ન થવું જોઈએ, પણ અમારો ફાયદો થવો જોઈએ. સમજો છો ને?’

‘પચાસ લાખ. હું ચૂપ રહેવાના અને કો-ઓપરેટ કરવાના પચાસ લાખ લઈશ.’

‘મંજૂર છે.’ નેહા ઊભી થવા ગઈ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પોતાના હાથ પરથી સરકતા નેહાના હાથને મહાદેવે પકડી લીધોઃ

‘હજી પૂરું ક્યાં થયું છે?’ એની ભૂખરી આંખોના ખૂણે ફરીથી કરચલી વળી ગઈ. ચહેરા પર સ્મિત પાછું આવી ગયુંઃ

‘તાજમહાલમાં રૂમ બુક કરાવી દો. હું તમને નંબર આપું ત્યાં ફોન કરીને બે લાખ એ કહે ત્યાં મોકલાવી દો...’ આટલું કહી એણે નેહા સામે આંખ મીંચકારીઃ

‘જાણીતી મોડલ છે, પણ ક્યારેક કરે છે આવું બધું, શોખ માટે!’

‘પચાસ આપી દઈશ, બાકીનું મારાથી નહીં થાય.’

સોમલ ઊભો થઈને નીકળવા જતો હતો ત્યાં નેહાએ બીજા હાથે એનો હાથ પકડી લીધો.

‘થઈ જશે.’ નેહાના ચહેરા પર વિચિત્ર પ્રકારની દૃઢતા હતી.

‘આ બધું ગંદું છે.’ સોમલનો અવાજ ઊંચો થઈ ગયો.

‘વેલ... તમારી ઇચ્છાનો સવાલ છે, બાકી નિખિલ શ્રોફની બેલ તો મને અઘરી જ લાગે છે. આટલા હાઈ પ્રોફાઇલ કેસમાં અભિમન્યુથી શરૂ કરીને તન્વીર સુધીના લોકો પર ખતરો છે... જયેશ પ્રધાન અને પેલો લાફો માર્યો હતો... પેલી મરી ગયેલી છોકરીનો બાપ એ, શું નામ? આ બધા જ મુશ્કેલીમાં મુકાય ને ભાઈ, જો નિખિલ શ્રોફ છૂટે તો...’ એણે ફરી ભૂરી આંખો ઝીણી કરીઃ

‘સમજો છો ને?’

‘હું તમને ફોન કરીને રૂમ નંબર આપી દઈશ. ફોન નંબર આપો, પૈસા પહોંચી જશે.’

‘બહેન સમજદાર છે.’ એણે સોમલ તરફ જોઈને અર્થસૂચક સ્મિત કર્યુંઃ

‘ફ્રેન્ડ છે તમારાં?’

‘ચાલ નેહા.’

સોમલ ત્યાંથી બહાર નીકળી ગયો. મહાદેવ ઠક્કર સાથે શેકહેન્ડ કરીને, ટેલિફોન નંબર લઈને નેહા જ્યારે એના બિલ્ડિંગની બહાર આવી ત્યારે સોમલ અકળાયેલો હતો. એ અદબ વાળીને ખૂણામાં ઊભો હતો. નેહાએ જેવો એના ખભે હાથ મૂક્યો કે સોમલનો ક્રોધ ઊછળ્યોઃ

‘એ રાસ્કલ છે...’

‘છે!’ નેહાના ચહેરા પર ઠંડક હતીઃ

‘પણ અત્યારે એ કહે તેમ કર્યા વિના ચાલે તેમ નથી.’

‘કઈ કક્ષાએ પહોંચી ગઈ તું?’

‘મેં કંઈ નથી કર્યું... હું તો રૂપિયા ચૂકવી રહી છું, તારા ડેડને બહાર કાઢવાના.’

‘અને એ માણસ...’

‘એ મોડેલને બોલાવે કે મંદિરમાં આપે, તને શું ફરક પડે છે? તારે એન્ડ રિઝલ્ટનું કામ છે કે એ રિઝલ્ટ કઈ રીતે મળે છે એ બાબત ઉશ્કેરાઈને બૂમો પાડવી છે?’ એણે સોમલના ગાલ પર હાથ મૂક્યોઃ

‘ડિયર, કામ ડાઉન.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મેં અત્યાર સુધી ફક્ત સાંભળ્યું હતું કે સ્ત્રી કંઈ પણ કરી શકે... આજે નજરોનજર જોઈ રહ્યો છું.’

‘હજી તેં કશું જોયું જ નથી.’ નેહાએ સોમલના ગાલ મૂકેલો હાથ પસવાર્યોઃ

‘હું જે કંઈ કરું છું એ તારા માટે કરું છું, સોમલ, કેસરના કુટુંબને નથી ગમતું એ જાણવા છતાં કરું છું.’

‘તો નહીં કર. શું કામ કરે છે આ બધું?’

‘કારણ કે હું ઇચ્છું છું કે નિખિલ શ્રોફ બહાર આવે.’ એની આંખોમાં કોઈ વિચિત્ર પ્રકારની ચમક ઉમેરાઈ ગઈઃ

‘પુરાયેલા નિખિલ શ્રોફ પર અત્યાચાર થતો રહે એમાં મારા કેસરનું ગૌરવ નથી.’

‘એટલે?’

‘ખુલ્લા મેદાનમાં, કોઈ પણ પ્રકારના ભય વિનાનો નિખિલ શ્રોફ એની પૂરી તાકાત સાથે લડે... એની સામે મારો કેસર જીતે તો મને સાચો પુરુષ પસંદ કર્યાનો સંતોષ થાય.’

‘નેહા!’

‘હા, હું ઇચ્છું છું કે કેસર જીતે... હું ઇચ્છું છું કે નિખિલ શ્રોફ એના પિતા સામે માફી માગે... હું ઇચ્છું છું કે નિખિલ શ્રોફને સમજાય કે એણે કેસરને અન્યાય કરીને કેટલી મોટી ભૂલ કરી છે.’

નમતી બપોરનો તડકો નેહાના ચહેરા પર પડતો હતો. એની તાંબાવર્ણી ત્વચા અને કાળી આંખો કોઈ અપાર્થિવ તેજથી ચમકતી હતી. એક ક્ષણ માટે સોમલને થયુંઃ

નિખિલ શ્રોફની બેલ થશે તો પણ એની હાર નિશ્ચિત છે...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 70

નિખિલ સવારે ઊંઘવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પણ જયેશ અને એના માણસોએ મોટા અવાજે ટેપ રેકોર્ડર ચલાવીને એના પર જાત જાતનાં ગીતો વગાડ્યાં કર્યાં. એની આંખ મીંચાય કે તરત ઊઘડી જતી.

એરકન્ડિશનરનો ઘરઘરાટ પણ સહી ન શકતા નિખિલ શ્રોફ માટે આ ઘોંઘાટ ભયાનક હતો. ઊંઘ્યા વિનાની આખી રાત અને ઊંઘ્યા વિનાના આખા દિવસ પછી સાંજના છેડે એનું શરીર લસ્ત થઈ ગયું હતું. એની આંખો આપોઆપ ઢળી પડતી હતી.

'શું છે, નિખિલભાઉ? મારા લોકઅપમાં કંઈ તકલીફ નથીને તમને?'

જયેશે લોકઅપના સળિયા પર દંડો પછાડતાં સાંજના છેડે નિખિલને છંછેડવાનો પ્રયત્ન કર્યો. આંખ ઉઘાડીને માંડ જયેશ તરફ જોઈ શકતા નિખિલે ફક્ત ડોકું ધુણાવીને ના પાડી. એની આંખો બંધ હતી, પણ એને ઊંઘ આવતી નહોતી.

દિવસ આખો એણે બેચેનીમાં ગુજાર્યો હતો. સોમલ એમના વકીલ કાપડિયા અને મહાદેવ ઠક્કરની મીટિંગમાં અટવાયેલો હતો એટલે બપોરનું ટિફિન ડ્રાઇવર સાથે આવ્યું હતું. જિંદગીમાં કોઈ દિવસ નિખિલે આટલી એકલતા અને આટલી બેચેની નહોતી અનુભવી. ગઈ કાલની રાતનો અનુભવ એને જેટલી વાર યાદ આવતો એટલી વાર આજે રાતની કલ્પના કરીને એ ધ્રૂજી ઊઠતો હતો.

સોમલ ટિફિન લઈને લોકઅપ પહોંચ્યો ત્યારે નિખિલનો ચહેરો તદ્દન ઊતરી ગયેલો હતો. રાતનો ઉજાગરો અને ત્રાસ એના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતોઃ

'ક્યાં હતો તું? હજી હું મર્યો નથી, જીવું છું. લોકઅપમાં પડેલા બાપનું મોઢું જોવા જેટલી ફુરસદ નથી તારી પાસે?' ચોવીસ કલાકની અકળામણ સોમલ પર ઊતરી ગઈ.

'વ્હોટ્સ રોંગ, ડૅડ?' સોમલે પૂછ્યું.

નિખિલે જવાબ આપવાને બદલે ઉપલા દાંત વચ્ચે હોઠ દબાવીને ડોકું ધુણાવ્યુંઃ

'નથિંગ.'

'જયેશે તમને...'

'કંઈ નહીં. રુટિન ટોર્ચર.'

નિખિલે હિંમત રાખવાનો પૂરો પ્રયાસ કર્યો હતો, પણ એના ચહેરા પર ઊતરી આવેલી ગ્લાનિ અને સૂઝેલી આંખો ઘણુંબધું કહી જતી હતી.

'વાત થઈ ગઈ છે... આજની રાત ખેંચી કાઢો. કાલે સવારે બેલ થઈ જશે.'

સોમલે વકીલ કાપડિયા અને મહાદેવ ઠક્કર સાથે થયેલી વાતચીતનો ટૂંકસાર કહી સંભળાવ્યો.

'પચાસ લાખ?' નિખિલની આંખો સહેજ સંકોચાઈઃ

'તને ખાતરી છે ને કે મહાદેવ ઠક્કર પૈસા લઈને કામ કરશે?'

'છૂટકો નથી, ડૅડ.'

'બેટા, હજી ઘણું શીખવાનું છે તારે. આ કેશમાં ચૂકવાતી લાંચની રકમ છે. કામ નહીં કરે તો શું કરી લઈશ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તું?'

'હું ચીરી નાખીશ એને.'

'સાઉન્ડ્ઝ ગુડ.' નિખિલના થાકેલા મ્લાન ચહેરા પર સ્મિત આવી ગયું.

'એટલે?' સોમલે ભવાં સંકોચીને પૂછ્યું.

'મિસ્ટર સોમલ શ્રોફ, જાગો, કઈ દુનિયામાં વસો છો તમે? જો મહાદેવ ઠક્કર તારી મદદ નહીં કરે તો તારાથી કશુંયે નહીં થઈ શકે. આવા અનેક પ્રસંગોમાંથી હું પસાર થયો છું. ઇન્કમ ટૅક્સ, સેલ્સ ટૅક્સના અનેક ઓફિસર્સ લાંચની પૂરેપૂરી રકમ લઈને હાથ ખંખેરી નાખે એવું બન્યું છે મારી સાથે.'

'તમે એમ કહેવા માગો છો કે...'

'કશું કહેવા નથી માગતો - સમજાવવા માગું છું.' નિખિલે વહાલથી સોમલના ખભે હાથ મૂક્યો:

'બેટા, માણસો આપણે ધારીએ છીએ એટલા સહેલા નથી હોતા. મહાદેવ ઠક્કર એની લુચ્ચાઈ માટે જાણીતો છે. કોઈને વચ્ચે રાખવા જોઈતા હતા.'

'નેહા તો સીધી એની પાસે...'

'નેહા?' નિખિલના ભવાં સંકોચાયાં:

'આ નેહા શું કરે છે આખી વાતમાં?'

'એ... એ મારી હેલ્પ કરે છે.'

'મૂરખ છે તું. અત્યાર સુધી મને એમ લાગતું હતું કે તું સાચે જ મને બચાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે, પણ મને હવે સમજાયું કે હજી સુધી કંઈ થયું કેમ નથી. પેલા નોનસેન્સ છક્કાની સાથે એનું લફરું છે એ નેહા તારી મદદ શું કામ કરે?'

'દોસ્ત છે, મારી.'

'મેં તારાથી મૂરખ માણસ મારી જિંદગીમાં નથી જોયો, સોમલ. દુશ્મનની પ્રેમિકા તારો ઉપયોગ કરી રહી છે અને તું ગધેડાની જેમ એને જે જોઈએ છે તે આપી રહ્યો છે.'

'તમને લાગે છે કે એ મને છેતરે છે?'

'નહીં તો શું? એ તારા ઘરમાં ઘૂસીને કેસરની મદદ કરે છે.'

'ના, ડૅડ. નેહા એવું ન કરી શકે.'

'કેમ ન કરી શકે... એ દેવની દીકરી છે?' નિખિલ ચિડાઈ ગયો. સોમલ એની સામે જોતો રહ્યો. એણે નમતી બપોરે જોયેલો નેહાનો ચહેરો એની સામે તરવરવા લાગ્યો. નેહાએ જે કહ્યું હતું એ ફરી એક વાર એના મગજમાં ઘુમરાવા લાગ્યું.

નેહાએ કહ્યું હતું: હું ઇચ્છું છું કે નિખિલ શ્રોફ બહાર આવે.

એની આંખોમાં કોઈ વિચિત્ર પ્રકારની ચમક ઉમેરાઈ ગઈ હતી એ સમયે:

પુરાયેલા નિખિલ શ્રોફ પર અત્યાચાર થતો રહે એમાં મારા કેસરનું ગૌરવ નથી.

સોમલ વિચારમાં પડી ગયો. નિખિલ શ્રોફની વાત સાંભળીને એનું મગજ ચકરાવે ચડી ગયું. જિંદગીમાં કોઈ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દિવસ એણે નેહા પર સપનામાં પણ શંકા નહોતી કરી, પણ આજે નિખિલની વાત સાંભળીને એના મનમાં નેહાના ઇરાદાઓ વિશે પ્રશ્નાર્થ ચિહ્નો ઊભરાવા લાગ્યાં.

એ પછીનો સમય બાપ-દીકરો તદ્દન મૌન રહ્યા. એક પણ અક્ષરની વાતચીત વગર નિખિલે જમી લીધું. સોમલે ટિફિન ઉપાડી લીધું અને એ બહાર નીકળી ગયો.

*

જયેશને આપેલા વચન મુજબ આજની રાત નિખિલ સાથે વિતાવવા માટે કેસર પોતાના ઘેર તૈયાર થઈ રહ્યો હતો. એના મનમાં અનેક સવાલો ઊઠતા હતા એ બધા જ સવાલો નાગની જેમ ફેણ અધ્ધર કરીને એને જોઈ રહ્યા હતા.

શર્ટ ટક-ઇન કરીને એ બેલ્ટ પહેરતો હતો ત્યારે નેહાએ આવીને એના બંને ખભાને પાછળથી બાહુપાશમાં લઈ લીધા. નેહા અને કેસરની ઊંચાઈ વચ્ચે બહુ ફરક નહોતો, પણ નિયમિત હોર્મોન લેવાને કારણે કેસરનું શરીર હવે સ્પષ્ટ રીતે પુરુષનું શરીર હતું. કેસરના શરીરની આસપાસ હાથ લપેટતાં જ એના આખા શરીરમાં એક ઝણઝણાટી પ્રસરી ગઈઃ

‘બહાર જાય છે?’

‘હા, નિખિલને મળવા.’

‘અત્યારે?’

‘જયેશે બોલાવ્યો છે. લોકઅપમાં નિખિલની બીજી અને છેલ્લી રાત છે. મારે કેટલીક વાત કરવી છે એની સાથે.’

‘શું?’

‘નેહા, શક્ય છે નિખિલની બેલ થઈ જાય. શક્ય છે કે બહાર નીકળીને એ પહેલું કામ મને ખતમ કરવાનું કરે...’

પાછળથી લપેટાયેલી નેહાએ હાથ લંબાવીને કેસરના હોઠ પર આંગળી મૂકી દીધી, કેસરે હાથથી આંગળી હઠાવીઃ

‘જીવતો ના રહું તો અફસોસ ના થવો જોઈએ એવું મને લાગે છે.’

‘તું ક્યારેક મને સમજાતો નથી.’

‘ક્યારેક તો સમજાઉં છું ને?’ કેસરે અરીસામાં દેખાતા નેહાના ચહેરાને પાછળથી ટપલી મારીઃ

‘જવા દે મને.’

‘એક સલાહ આપવી છે, આપું?’

‘બોલ...’ કેસરે સહેજ સ્મિત કર્યુંઃ

‘મારી મા અને બાપુની જેમ તું પણ મને એવું સમજાવવા માગે છે કે નિખિલ જેવા ભયાનક માણસ સાથે બાથ ભીડવાને બદલે...’

‘ના. હું તને એવું કહેવા માગું છું કે નિખિલને પૂરેપૂરો ઉશ્કેરજે... એનું મગજ છટકી જાય, એ બૂમાબૂમ કરે ત્યાં સુધી.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કેમ?’

‘એ ગુસ્સામાં કંઈક એવું બોલી નાખશે, જે તારે કામનું હશે.’

‘મને સમજાયું નથી, પણ હું પ્રયત્ન કરીશ.’

‘ગુડ...’ નેહાએ એના ગળામાં હાથ નાખીને ગાલ પર ચુંબન કર્યું:

‘જ્યારે એ પૂરેપૂરા ઉશ્કેરાટમાં બોલી નાખશે ત્યારે તને સમજાશે કે મેં શું કહ્યું હતું.’

કેસર લોકઅપમાં દાખલ થયો ત્યારે આગલી રાતની જેમ જ હેલોજન ઝળાંહળાં હતાં. પોતાની આંખો પર રૂમાલ ઢાંકીને નિખિલ ખૂણામાં બેઠો હતો. ગઈ કાલે પેશાબથી આખું લોકઅપ ભીંજવી નાખનારાઓ આજે શું કરવાના છે એની એને ખબર નહોતી, પણ કંઈક થશે એવી ભીતિમાં એ પોતાની જાતને સંતુલિત રાખવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

આંખો પર રૂમાલ હતો એટલે એણે કેસરને દાખલ થતો જોયો નહીં, કારણ કે એની આંખ બંધ હતી, પણ જયેશ સાથે ચાલી રહેલી કેસરની વાતચીતમાં કેસરનો અવાજ સાંભળીને એણે આંખ ખોલી.

‘નિખિલભાઉ, આજે કેસર તમારું ધ્યાન રાખશે. હું ઘેર જાઉં છું. આજની રાત કેસર સાથે મજા કરો તમે.’

‘કેમ, તું થાકી ગયો?’ નિખિલે ચાબખો મારવાની તક છોડી નહીં.

‘ના રે... અમે પોલીસવાળા એટલા જલદી થાકતા નથી, પણ કોઈક વાર બીજાને ચાન્સ લેવા દેવાનું ગમે છે અમને.’

‘તો આજની રાત આ નબળો મને ટોર્ચર કરશે, કેમ?’

‘બળિયા અને નબળા તો આપણી વ્યાખ્યાઓ છે, નિખિલ. શસ્ત્ર વગર યુદ્ધમાં ઊતરનાર કૃષ્ણને બળિયો કહેશો કે નબળો?’

‘ઓહો! ડાયલોગ્સ મોઢે કરીને આવ્યો છે?’

કેસરના હોઠ પર આછું માર્મિક હાસ્ય હતું:

‘એવું બધું તમારે શીખવું પડે. સાચું બોલનારે શબ્દો ગોઠવવા પડતા નથી.’

‘આ બધું અત્યારે સૂઝે છે... ત્યારે તો મોઢામાંથી જીભ બહાર નહોતી નીકળતી તારી. શ્રોફ વિલામાં ઊભા રહીને આવા ડાયલોગ્સ બોલી બતાવ્યા હોત તો હું તાળીઓ પાડત.’

‘જખમ જ્યારે તાજો હોયને ત્યારે એને ઢાંકી દેવો... પણ જૂનો થઈ જાય પછી એને ખુલ્લો રાખો તો એ જલદી રૂઝાય.’

‘હું આખી રાત સૂતો નથી. આ જયેશ પ્રધાને દિવસે પણ મારી સારી સેવા કરી છે એટલે તારું ભાષણ સાંભળવામાં મને કોઈ રસ નથી. તારે જે કરવાનું હોય તે શરૂ કરી દે.’

‘મારે કંઈ નથી કરવું.’

‘તો અહીં શું જખ મારવા આવ્યો છે?’

‘ખરેખર તો તને આ લોકઅપમાં સળિયાની પાછળ બેઠેલો જોઈને જ મને એટલું સારું લાગે છે કે મને કંઈ કરવાનું મન જ નથી થતું. શ્રોફ વિલામાં સળિયા નથી એટલું જ... બધાંને તેં આટલો વખત લોકઅપમાં જ રાખ્યાંને? મેં તારા લોકઅપમાં પુરાઈ રહેવાની ના પાડી એમાં તારો અહંકાર ઘવાયો.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘શટઅપ. તારાં લગ્નમાં જે કંઈ થયું એ પછી કોઈ પણ સંસ્કારી મા-બાપ...’

‘સંસ્કારી... આ શબ્દનો અર્થ તને ખબર છે, નિખિલ? સારાં કપડાં પહેરવાથી, સત્તાનું પ્રદર્શન કરવાથી કે રૂપિયા વેરવાથી માણસ સંસ્કારી નથી કહેવાતો. ઘરની લક્ષ્મીને તેં દૂભવી. દીકરાને ક્યારેય પોતાની રીતે જીવવા દીધો નહીં.’

‘મારી જિંદગી મારા સિદ્ધાંતો પર ચાલી છે.’

‘સિદ્ધાંતના નામે ધાર્યું કરનાર માણસને અહંકારી કહેવાય છે.’

‘તું અહીં શું કહેવા આવ્યો છે તે કહી દે. મને આ બધી શબ્દોની રમતમાં રસ નથી.’

‘હું એક જ વાક્ય કહેવા આવ્યો છું... હવે અરીસો જોવાનો સમય થઈ ગયો છે નિખિલ, આંખ મીંચીને અત્યાર સુધી તેં તારો ચહેરો જોવાનું ટાળ્યું છે... અત્યાર સુધી તારો કદરૂપો ચહેરો બીજા જ જોતા રહ્યા, પણ હવે તારો એ ગંદો-ભયાનક કદરૂપો ચહેરો તારી સામે ખૂલી ગયો છે.’

‘તો? રૂપિયા છે મારી પાસે... કેટલા દિવસ બાંધી રાખશો મને? હું આવતી કાલે સવારે મારે ઘેર જતો રહીશ.’

કેસર હસ્યોઃ

‘આવું તેં બે દિવસ પહેલાં પણ કહ્યું હતું. જ્યારે ખોટો સમય શરૂ થાય ત્યારે બધી આગાહીઓ ખોટી પડતી હોય છે. આવતી કાલે તું ઘરે નહીં જાય, લખી લે, તારે લખવું હોય તો.’

‘મૂર્ખ, તું મને ડરાવવા આવ્યો છે?’

‘ના. હું એ જોવા આવ્યો છું કે જેનાથી હું ડરતો રહ્યો એ માણસ કેટલો નબળો અને પામર છે.’

‘પાંજરામાં પુરાયેલો સિંહ બધાને જોવો ગમે છે. એની સામે તો મગફળી પણ ફેંકી શકાય, પણ તેથી સિંહ વાંદરો નથી બની જતો, મૂરખ... ચોવીસ કલાક નથી બચ્યા તારી પાસે. અહીં બેસીને સમય વેડફવાને બદલે હું છૂટું ત્યાં સુધીમાં...’

કેસરે વચ્ચે જ એની વાત કાપી નાખીઃ

‘છૂટીને જઈશ ક્યાં? એ શ્રોફ વિલામાં, જ્યાંથી તારી પત્ની જતી રહી છે... તારો દીકરો પણ નહીં રહે તારી સાથે, કદાચ.’

‘આવું કંઈ થવાનું નથી. શ્વેતા જ્યાં હશે, ત્યાંથી હું પાછી લઈ આવીશ.’

‘માફી માગીને?’

કેસરના ચહેરા પર ધીમે ધીમે તોફાની સ્મિત વિલસતું જતું હતું. નિખિલ એની વાતોના જવાબ આપતો હતો, પણ પ્રત્યેક જવાબ સાથે એનો ઉશ્કેરાટ વધતો હતો. એણે ઊભા થઈને લોકઅપમાં આંટા મારવા માંડ્યા હતા. એ સળિયાની નજીક આવીને મુક્કો ઉગામતો, ક્યારેક સળિયા પર હાથ પછાડી દેતો હતો. સળિયા પાસે ખુરશી નાખીને બેઠેલો કેસર નિરાંતે એની સાથે વાતો કરતો હતો, પરંતુ નિખિલ એની એક એક વાત સાંભળીને વધુ ને વધુ મગજ ગુમાવતો જતો હતો.

‘માફી? નિખિલ શ્રોફે આજ સુધી કોઈની માફી નથી માગી.’

‘હું એ જ કહેવા આવ્યો છું કે આજે તારી પાસે છેલ્લી તક છે. મારા બાપુની માફી માગી લે... આવતી કાલ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સવારથી તારી પાસે એ તક પણ નહીં બચે.'

'ચલ જા, તું અહીંથી!' એણે એટલા જોર—તિરસ્કારથી કહ્યું કે બે કોન્સ્ટેબલ કેસરની પાસે આવીને ઊભા રહી ગયા.

કેસરે ખિસ્સામાંથી આઈ-ફોન કાઢીને એમાં વીડિયો ક્લિપ ચાલુ કરી. ચીસો પાડતા, ગાંડા કાઢતા નિખિલની એ વીડિયો ક્લિપ જેમ જેમ આગળ વધતી રહી તેમ તેમ નિખિલના ચહેરાના ભાવ બદલાતા રહ્યા. અચાનક એ જોરથી ચિલ્લાઈ ઊઠ્યોઃ

'આઉટ... ગેટ આઉટ... જાવ બધા અહીંથી.'

'કેમ? આ જોવું નથી ગમતું?' કેસરે તીર છોડતો હોય એમ પૂછ્યું:

'હજી આ ક્લિપ મેં મીડિયામાં નથી આપી. નિખિલ શ્રોફ, શૅરમાર્કેટમાં તું રોજ એકસામટાં દસ-દસ પગથિયાં નીચે ઊતરી રહ્યો છો... તારી અને સોમલની ગેરહાજરીમાં કંપનીમાં શું થાય છે એની તને ખબર પણ નથી... એક પછી એક કોન્ટ્રેક્ટ્સ અને ડીલ્સ કૅન્સલ થઈ રહ્યા છે. યુ આર ફિનિશ્ડ, નિખિલ. ગેમ ઈઝ ઓવર.'

આટલું કહી કેસર ચૅર પરથી ફટાક દઈને ઊભો થઈ ગયો. બધું એણે ધાર્યું હતું એમ જ થઈ રહ્યું હતું. વીડિયો ક્લિપ જોઈને ઉશ્કેરાયેલો નિખિલ સળિયા પાસે ધસી આવ્યો. બંને હાથે સળિયા પકડીને એણે હચમચાવવાનો પ્રયત્ન કર્યોઃ

'કશું જ ખતમ નથી થયું. મને કોઈ ખતમ ન કરી શકે.'

'રાઈટ. જિંદગીમાં પહેલી વાર તું સાચો છે, નિખિલ... તને કોઈ ખતમ ના કરી શકે. તેં જ તારી જાતને ખતમ કરી. સ્વમાન ખતમ થઈ ગયું, હવે શરીર જીવે કે ન જીવે, કોઈ ફરક નથી પડતો. વિચારી જો... વિલિંગ્ડન ક્લબમાં દરબાર ભરીને બેસી શકીશ હવે? તું દાખલ થઈશ એટલે ચીફ મિનિસ્ટર ઊભા થશે હવે? તારા એક ફોનકોલ પર ધરતી ધ્રૂજતી હતી નિખિલ... હવે બધા જાણે છે કે લોકઅપના ટોર્ચરે તને ધ્રુજાવી નાખ્યો છે. હું ઇચ્છું તો હમણાં તને ફટકારી શકું, હાડકાં તોડી નાખી શકું તારાં... પણ હું એવું કરીશ નહીં.'

'કરને... કેમ નથી કરતો?' નિખિલનો અવાજ ફાટી જતો હતો. ડોળા ચકળવકળ થવા લાગ્યાઃ

'માર મને.'

'બસ! મારામાં ને તારામાં આટલો જ ફેર છે નિખિલ. તેં તારા ઘરમાં આવેલી એક અસહાય છોકરી પર અત્યાચાર કર્યો ને હું પુરુષ છું છતાંય એક મજબૂર પુરુષ સાથે કોઈ અત્યાચાર નથી કરતો. હવે બોલ કે છક્કો કોણ કહેવાય? ઘરનાં બૈરાંને તો બધાં ડરાવે, નિખિલ... આજે મને ડરાવીને બતાવ તો ખબર પડે.'

નિખિલે સળિયા પર માથું પછાડવા માંડ્યું, ચીસો પાડવા માંડીઃ

'જાવ અહીંથી... બધા જતા રહો. ગેટ લોસ્ટ... મને એકલો છોડી દો.'

'જેલના સળિયા દેખાય કે ના દેખાય, પણ મજબૂરીનો અહેસાસ અને અસહાયતા ભલભલાને તોડી નાખે છે નિખિલ. આ અડતાળીસ કલાકમાં તું જે પાઠ શીખ્યો એ જિંદગીભર નહીં ભૂલે એવી મને ખાતરી છે.'

'મને પાઠ શીખવનાર તું છે કોણ? પાઠ તો તારે શીખવાનો છે આવતી કાલે...'

કેસરના ચહેરા પર સ્મિત એમ જ હતું. એ જોઈને નિખિલને લાગ્યું કે કેસર એની વાત માનતો નથી. માણસે જે વાત છુપાવવી જોઈએ એ જ વાત એના મોઢેથી ક્યારેક નીકળી જાય છે. નિખિલની બાબતમાં પણ એવું જ બન્યું. કેસરે એને એટલો બધો ઉશ્કેરી નાખ્યો કે ક્રોધમાં એનાથી બફાટ થઈ ગયોઃ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તારી નેહા પોતે જ મહાદેવ ઠક્કર પાસે જઈ આવી છે. તું મને ફસાવવાના પેંતરા કર્યા કર, પણ તારી જ ગર્લફ્રેન્ડની ગોઠવણથી હું બહાર નીકળી જવાનો.’ એણે કહેતાં કહેતાં ચપટી વગાડી.

‘રમત અધૂરી હોય ત્યારે હું હાર માની લેતો નથી. મારા મનમાં પણ નહીં... છેલ્લે સુધી રમવું એ મારી ફિતરત છે.’

‘રમ્યા કર એકલો એકલો. અહીં બધું ગોઠવાઈ ગયું છે. મહાદેવ પચાસ લાખ રૂપિયાની સાથે સાથે અત્યારે તાજ હોટેલના રૂમમાં ઐયાશી કરતો હશે. આવતી કાલે સવારે એ દલીલ જ નહીં કરે. મારી બેલ થઈ જશે.’

‘થેન્ક યુ...’ કેસરે ફોનનું રેકોર્ડિંગ બંધ કર્યું. કેસરે નજીક આવીને નિખિલના ગાલ પર એક હળવી ટપલી મારીઃ

‘મને હતું જ કે સાવ ખાલી હાથે નહીં જવું પડે.’

‘તેં... તેં...’

‘મેં રેકોર્ડ કર્યું છે. અહીંથી તાજમહાલ હોટેલ જાઉં છું. મહાદેવને શોધવો અઘરો નહીં પડે એવી મને ખાતરી છે.’

*

‘વન ટુ ઝીરો થ્રી. સી-ફેસિંગ રૂમ છે.’

નેહા ફોન પર મહાદેવ ઠક્કરને કહી રહી હતીઃ

‘તમારી કમ્પેનિયન સાડા સાતે પહોંચી જશે.’

‘થેન્ક યુ, મૅડમ. મારી રાત સુધારી નાખવા બદલ તમારો આભારી છું. હવે એક બીજી ફેવર કરવી પડશે.’

‘શું?’ નેહાનું મગજ ફાટફાટ થતું હતું.

‘મારી પત્નીને મેં તમારો નંબર આપ્યો છે એટલે કદાચ એનો ફોન આવે તો તમારે કહેવાનું કે હું મિટિંગમાં છું. સંદેશો આપી દો...’ મહાદેવ ગંદું હસ્યો.

‘એ મને શું કામ ફોન કરે? તમને જ ફોન ના કરે?’

‘મારો ફોન તો બંધ હશે. હું વ્યસ્ત હોઈશને... આઈ ડોન્ટ લાઇક ટુ ગેટ ડિસ્ટર્બ્ડ વ્હેન આઈ એમ...’ એ ફરી ગંદું હસ્યોઃ

‘સમજો છો ને?’

‘ના, હું આ બધું નહીં કરું.’

‘ચોઈસ નથી તમારી પાસે. મેં કરશો કે નહીં એવું તમને ક્યાં પૂછ્યું છે?’

‘આ બરાબર નથી થતું.’

‘સરકારી વકીલને રૂપિયા આપીને તમારા પક્ષમાં લેવાની વાત પણ બરાબર તો ન જ કહેવાય, મૅડમ!’ એના અવાજનો ટોન બદલાઈ ગયોઃ

‘બરાબર એક કલાક પછી મારો ફોન બંધ થઈ જશે. મેં કહ્યું તેમ કરજો.’

એણે ફોન કાપી નાખ્યો. નેહા સખત ગુસ્સામાં હતી, પણ કશું થઈ શકે એમ નહોતું. મહાદેવ ઠક્કરને એણે જે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કહ્યું તે આપ્યા પછી પણ એની અપેક્ષાઓ પૂરી નહોતી થતી. હજી આવતી કાલે સવારે એ કોર્ટમાં સીધો ચાલશે કે નહીં એ ભય તો તોળાઈ જ રહ્યો હતો. નેહા રૂમમાં આડી પડી, પણ એનું મગજ ચાર ગણી ઝડપે કામ કરતું હતું.

આ તરફ, પોલીસ સ્ટેશનથી નીકળીને કેસર ગેટ વે ઓફ ઇન્ડિયા પહોંચ્યો. એણે તાજમાં પૂછપરછ કરવાનો પ્રયત્ન કર્યો, પણ તાજના નિયમોને કારણે એને કોઈ માહિતી મળી નહીં. એક વાર એને વિચાર આવ્યો કે નેહાને ફોન કરીને નંબર માગી શકાય, પરંતુ આ યુદ્ધમાં એ અને નેહા પોતપોતાની જગ્યાએ રહીને પોતપોતાનું કામ કરી રહ્યાં હતાં. આ સમયમાં એની મદદ માગવાનું કેસરને યોગ્ય લાગ્યું નહીં. આવી વાતમાં એક સ્ત્રીની મદદ માગવી પડે તો પોતાનું પુરુષત્વ સાબિત કરવાની એક તક પોતે ચૂકી જશે...

એણે જયેશને ફોન કર્યો. જયેશે એના મિત્ર દેશપાંડેને ફોન કરીને કોલાબા પોલીસસ્ટેશનના પીઆઈને કેસરની મદદે મોકલી આપ્યો.

પોલીસનું આઈડેન્ટીટી કાર્ડ જોયા પછી વન ટુ ઝીરો થ્રી નંબર મેળવવો કેસર માટે જરાય અઘરો ન રહ્યો. જતાં જતાં કોલાબા પોલીસસ્ટેશનના પીઆઈએ રિસેપ્શન પર તાકીદ કરી:

'તમારા રૂમ ગેસ્ટને સૂચના આપવાની ભૂલ નહીં કરતા. આ પોલીસનો મામલો છે. જે કોઈ વહાલું થવા જશે એ પણ પોલીસકેસમાં ફસાઈ જશે.'

ખાસ્સી વાર સુધી કેસર પાલવા પર ટહેલતો રહ્યો. સિંગ ખાધી. અંધારું ઊતરી આવ્યા પછી દેખાતા મુંબઈને જોતો રહ્યો. લગભગ રાત્રે અગિયારના સુમારે એ હોટેલની લિફ્ટમાં દાખલ થયો.

બારમા માળે લિફ્ટમાંથી ઊતરીને એણે પિત્તળના ચમકતા આંકડાઓ તરફ જોયું. એરોના નિશાન સાથે બતાવેલા વન ટુ ઝીરો વનથી વન ટુ વન ઝીરોની દિશામાં એ આગળ વધી ગયો.

વન ટુ ઝીરો થ્રીના દરવાજા પાસે પહોંચીને એણે જોયું, ડુ નોટ ડિસ્ટર્બનો ટેગ ઝૂલી રહ્યો હતો. એણે સ્મિત કરીને બેલ દબાવ્યો:

'કોણ?'

'રૂમ સર્વિસ, સર.'

'અમે કશું મંગાવ્યું નથી.' અંદરથી જ જવાબ મળ્યો.

'ઈટ ઈઝ શૅમ્પેઇન સર, ઓન ધ હાઉસ.'

'વ્હોટ?'

ફટ કરતો દરવાજો ખૂલ્યો. સામે સફેદ રંગનો બાથરોબ પહેરીને મહાદેવ ઠક્કર ઊભો હતો. કેસરને જોતાં જ એણે દરવાજો બંધ કરવાનો પ્રયત્ન કર્યો, પણ કેસરે એટલા જોરથી ધક્કો માર્યો કે મહાદેવે જાતને પડતી બચાવવા માટે પૅસેજમાં બનેલા વૉર્ડરોબનો સહારો લેવો પડ્યો.

સડસડાટ રૂમમાં દાખલ થઈને કેસરે આરામથી દરવાજો બંધ કર્યો. જાણે ટહેલવા નીકળ્યો હોય એમ અંદર જઈને એ કોતરણીવાળા એન્ટિક સોફાચૅર પર ગોઠવાઈ ગયો. એણે સામે પડેલા ગ્લાસ ટેબલ પર આરામથી બંને પગ ગોઠવ્યા.

'હેલો...' એણે ડરીને બેઠી થઈ ગયેલી જાણીતી મોડેલ અલિશા અરોરા તરફ જોઈને માથું નમાવ્યું:

'હેલો મૅમ... એક ફોટો લઈ શકું? હું તમારો જબરદસ્ત ફૅન છું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જવાબની રાહ જોયા વિના એણે આઈ-ફોનનો કેમેરા ક્લિક કર્યો. ડઘાયેલી અલિશા પોતાની અર્ધનગ્ન કાયાને ઢાંકવાનું પણ ભૂલી ગઈ હતી.

'એક બીજો ફોટો પાડી લઉં?' એણે મહાદેવ તરફ ફોન ફેરવ્યો.

'શું જોઈએ છે?' મહાદેવે ચહેરાની આગળ હથેળી ધરીને ચહેરો ઢાંકવાનો પ્રયાસ કર્યો.

'મારે શું જોઈએ?' કેસરના ચહેરા પર મશ્કરી કરતો હોય એવું એક સ્મિત ધસી આવ્યું:

'જે જોઈએ એ તમે આપી શકવાના છો?'

'જસ્ટ ગેટ આઉટ.' મહાદેવે ચપટી વગાડી:

'મને ખાતરી હતી કે પેલી બાઈ સખણી નહીં રહે.'

'બાઈએ મને કાંઈ નથી કીધું.' કેસર હસ્યો:

'મને તો સ્વયં નિખિલ શ્રોફે માહિતી આપી.'

'સાલો ડબલ ક્રોસ કરે છે?' મહાદેવ ઠક્કરના ચોખ્ખા ચમકતા દાંત ભીંસાઈ ગયા. એની આંખો પાસે કરચલી વળી. એણે હસવાનો પ્રયત્ન કર્યો:

'હવે હું નહીં બચાવું એને... તું જા.'

'સાહેબ, પૈસા લીધા છે તમે... એમ ભરોસો કેવી રીતે કરી લઉં? રાતની મજા પછી સવારે તમારો મિજાજ બદલાઈ જાય તો મારે ક્યાં જવાનું?'

'અહીંથી જવાનું શું લઈશ?'

મહાદેવ અકળાઈ ઊઠ્યો. કેસરે કદાચ એની ઉન્માદની કોઈક એવી ક્ષણે બેલ વગાડ્યો હતો કે મહાદેવની ઉત્તેજના ધગધગતી આગમાંથી ઠરીને બરફનું ઠીકરું થઈ જાય એ પહેલાં એ રૂમ અને અલિશાને વસૂલ કરી લેવાના મૂડમાં હતો.

'આમ તો...' કેસર આરામથી ઊભો થયો. એણે પેન્ટના ફ્રન્ટ પોકેટમાં હાથ નાખ્યા:

'હું અહીં જ રોકાવાના મૂડમાં હતો, પણ તમારી હાલત જોતાં લાગે છે કે નીકળી જવું બહેતર છે...'

એણે એક આંખ મારીને દ્વિઅર્થી ઇશારો કર્યો:

'તમારાં પત્ની તમને આ હાલતમાં જુએ તો શું થાય?'

'ભાઈ, તને હાથ જોડું છું.' મહાદેવ લગભગ ધ્રૂજવા લાગ્યો:

'એવું કંઈ નહીં કરતો.'

'આવતી કાલે સવારે મેજિસ્ટ્રેટની સામે જો તારી જીભ બંધ રાખી છે તો મારી જીભ ખૂલી જશે...'

'હું... હું નિખિલની બેલ નહીં થવા દઉં.'

'એટલું પૂરતું નથી.'

'તો શું જોઈએ છે તારે? બેલ નહીં થાય એટલે જ્યુડિશિયલ કસ્ટડી આપોઆપ થઈ જ જશે. રિમાન્ડ એક્સ્ટેન્ડ થાય એવું વચન તો કેવી રીતે આપું?'

'ઠીક છે.' કેસરે જતાં જતાં ફરી એક વાર આંખ મારી:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મજા કરો.'

દરવાજો બંધ કરીને પાછો ફરેલો મહાદેવ પસીનાથી નીતરી ગયો હતો. અર્ધનગ્ન હાલતમાં પલંગમાં બેઠેલી અલિશાને ગુજરાતીમાં થયેલી આ વાતચીત પૂરી સમજાઈ પણ નહીં. અચાનક દાખલ થયેલો પેલો યુવાન એવું તે શું કહી ગયો કે મહાદેવ પસીનામાં નાહી ગયો એ વિચારે એ મહાદેવની સામે કુતૂહલથી જોઈ રહી હતી.

'ક્યા દેખતી હૈ? બાકી કે કપડે ઉતાર!'

મહાદેવે પોતાની હારનો રોષ આલિશા પર ઉતારી નાખ્યો...

*

ઘેર આવીને નિરાંતે પલંગમાં આડા પડેલા કેસરને જોઈને નેહાને કલ્પના પણ ન આવી કે એણે જે કંઈ ગોઠવ્યું હતું એ બધું જ ઊંધું પાડીને એનો પ્રિયતમ એના જ આશ્લેષમાં સમાઈ ગયો હતો.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 71

બીજા દિવસની સવાર નિખિલ માટે બહુ સારી નહોતી પડી. એની આંખો ખૂલી ત્યારથી જ માથું ભયાનક દુઃખતું હતું. કોર્ટમાં જવાના સમય સુધીમાં તો જયેશે એને માનસિક રીતે તોડી નાખ્યો હતો.

જાવ, જઈ આવો. સાંજ પહેલાં તો પાછા આવવાનું જ છે...થી શરૂ કરીને આજે પાછા આવ્યા તો એવી મજા ચખાડીશ કે તમારી સાત પેઢી યાદ રાખશે...ની ધમકી સુધી એણે જાતજાતની ચીમકીઓ આપ્યા કરી.

સાડા દસ વાગ્યે એનો કોન્સ્ટેબલ હાથમાં હાથકડી લઈને આવ્યોઃ

'ચલા.'

'હાથકડી?' નિખિલનાં ભવાં સંકોચાયાં.

'સાહેબની સાંગીતલા.' ચહેરા પર કોઈ હાવભાવ વિના કોન્સ્ટેબલ ત્યાં ઊભો રહ્યો.

'હું હાથકડી નહીં પહેરું.' નિખિલે કહ્યું, પણ કોન્સ્ટેબલ તો પથ્થર જેવો ચહેરો લઈને ત્યાં જ ઊભો હતોઃ

'એ જયેશ પ્રધાન... આ તારો માણસ મને હાથકડી પહેરાવે છે.'

'તો પહેરી લો.' જયેશે ટેબલ પરના કાગળોમાંથી માથું ઊંચું કરીને સ્મિત કર્યું.

'હું કોઈ ગુનેગાર નથી.'

'હવે ગુનેગાર સાબિત થવામાં ઝાઝી વાર પણ નથી.'

'હું આજે મારા ઘેર જવાનો છું... તું મને ગમે એટલો ડરાવે, પણ મને ખબર છે કે આજે મારી રિમાન્ડ એક્સટેન્ડ નહીં થાય.'

'સેટિંગ કરી લીધું લાગે છે.' જયેશ હસતો હસતો લોકઅપ પાસે આવ્યોઃ

'જતાં જતાં મારી છેલ્લી ઇચ્છા તો પૂરી કરો. હાથકડી પહેરી લો.'

'એક લાફો મારી દઈશ.' નિખિલ બરાડ્યો.

'ગુસ્સો બહુ આવે છે તમને સાહેબ... બ્લડ પ્રેશર વધી જશે, ચલો.' જયેશે નાના બાળકને પટાવતો હોય એમ બુચકારો કર્યોઃ

'ગુડ બોયની જેમ પહેરી લો.' એણે અવાજ જરા કડક કર્યોઃ

'મને જબરદસ્તી કરતાં પણ આવડે છે.'

'મને હાથકડી શું કામ પહેરાવવી પડે? હું કંઈ ભાગી જવાનો છું?'

'ભાગી જાવ તો વધારે સારું...' જયેશ હજીયે મૂછમાં હસતો હતોઃ

'ગોળી મારી શકું તમને, પણ અત્યારે તો મારે...'

'હું નહીં પહેરું.'

'અરે, જોઈ શું રહ્યો છે? ઢોળી પાડ નીચે ને પહેરાવી દે.'

જયેશે હુકમ કર્યો. જોરાવર કોન્સ્ટેબલે નિખિલને ધક્કો મારીને પછાડી દીધો. એના બંને હાથ પાછળ દબાવીને પાછળના ભાગે હાથકડી પહેરાવી દીધી. નિખિલ બૂમો પાડતો રહ્યો, તરફડતો રહ્યો, પરંતુ કોન્સ્ટેબલ મશીનની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જેમ હુકમ બજાવીને લોકઅપની બહાર નીકળી ગયો.

'નિખિલ શ્રોફ... કાયદો અને વ્યવસ્થાનો પાઠ તમે બે દિવસ સુધી ભણ્યા. આજે તમારી પરીક્ષા છે. જોઈએ, તમે કેવા જવાબો આપો છો.'

બૂમો પાડતા નિખિલને છોડીને જયેશ ફરી પાછો પોતાના પેપરવર્કમાં લાગી ગયો. નિખિલને પોલીસવેનમાં બેસાડીને કોર્ટમાં લઈ જતી વખતે હાજર મીડિયાએ હાથકડી પહેરેલા નિખિલને એ હાલતમાં કૅમેરામાં ઝડપી લીધો. આ પરિસ્થિતિથી બચવાના તમામ પ્રયત્નો છતાં નિખિલ જે વસ્તુ છુપાવવા માગતો હતો એ બધી જ બજારમાં આવી ચૂકી હતી. પોલીસવેનમાં બેઠેલો નિખિલ બે દિવસ પહેલાં અહીંયાં દાખલ થયેલા નિખિલ શ્રોફ કરતાં કોઈ જુદી જ વ્યક્તિ હતો.

જે રીતે એણે સ્વમાન ગુમાવ્યું, જે રીતે એણે માનસિક ત્રાસ અહીં સહન કર્યો પછી હવે એને છોડી દેવામાં આવે તો પણ એની પાસે જીવવાનું બળ અને ઉત્સાહ પાછાં આવતાં મહિનાઓ લાગી જવાના હતા.

પોલીસવેનમાં બેસતાં જ જયેશે એની હાથકડી ખોલી નાખીઃ

'મીડિયાનો આગ્રહ હતો એટલે થોડું નાટક કરવું પડ્યું, બાકી તું તો ડિટેઇન કરાયેલો આરોપી છે. તને હાથકડી ના પહેરાવીએ તોય ચાલે. તારા જેવા હાઈપ્રોફાઈલ માણસને હાથકડી પહેરાવીએ તો કદાચ કોર્ટ ઠપકો આપે!'

દાંત કચકચાવીને નિખિલ રોષભરી નજરે એને જોતો રહ્યો... એનું ચાલે તો પોલીસવેનમાં જ તમાચો ઠોકી દેત...

*

'થાડ...'

તમાચાનો અવાજ દેવરાજસિંહ ઝાલાના ડ્રૉઇંગરૂમમાં ગૂંજી ઊઠ્યોઃ

'બેવકૂફ છે તું. હું મરી ગયો છું એવું સાબિત કરવા માટે મોર્ગમાંથી લાશ લાવ્યો તું?'

ક્રોધે ભરાયેલા કેસરની કાયા ધ્રૂજી રહી હતી.

'શું કરું? દાદાજીનો આઈડિયા હતો.'

'તારામાં એટલી અક્કલ નથી કે પોલીસ અને કોર્ટને ગેરરસ્તે દોરવા બદલ તને સજા થઈ શકે? વગર ગુનાએ સળિયા ગણતો થઈ જઈશ.'

'કેસર! મને બચાવી લે.'

'હું એ જ પ્રયત્ન કરી રહ્યો છું, પણ તું મને ધીમે ધીમે વિગતો આપે છે. ગઈ કાલે તને લઈને ગયો ત્યારે આ વાત તેં કહી નહીં. હવે નિખિલ જો આ વાત કોર્ટમાં કહેશે તો...' કેસર ચિંતામાં પડી ગયો.

'આ કિસ્સામાં દાદાજીને ફસાવીને તને બહાર કાઢી શકાય.' આરોહી પોતાના લાંબા નખને પોલિશ લગાડી રહી હતી. એણે કેસર તરફ જોઈને ઉમેર્યુંઃ

'કેસર ઇચ્છે તો કરી શકે.'

'એક ગુનાને છુપાવવા માટે બીજો?'

'અભિમન્યુ તારો ભાઈ છે...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'માટે જ એને બચાવવાનો પ્રયાસ કરી રહ્યો છું, પણ એ સાચું બોલતો નથી. પૂરી વિગતો આપતો નથી. હું શું કરું?' કેસરે નજીક જઈને અભિમન્યુની આંખોમાં જોયું:

'જે કહેવાનું હોય તે આજે અને હમણાં જ કહી દે. હવે કોઈ વાત એવી નહીં રાખતો, જે તારે મને પછીથી કહેવી પડે.'

'એવી કોઈ વાત નથી.' અભિમન્યુ નીચું જોઈ ગયો.

'હું માનું છું ત્યાં સુધી નિખિલ આવી કોઈ વાત નહીં કરે, પણ કદાચ એ આવી કોઈ વાતનો ઉલ્લેખ કરે તો કહી દેજે કે તેં જે કંઈ કર્યું એ એની સૂચનાથી કર્યું છે.'

'હું બચી જઈશને?'

કેસરે જવાબ આપ્યા વગર સાવ નિઃસ્પૃહ નજરે અભિમન્યુ સામે જોયું. એ સડસડાટ સીડી ચડીને ઉપર ચાલી ગયો.

આરોહી પોતાના નખ ઉપર ફૂંક મારતી અભિમન્યુની નજીક આવી. એણે અભિમન્યુના ચહેરા પર ફૂંક મારી... અભિમન્યુએ આંખો મીંચીને આરોહીને નજીક ખેંચી, એણે લગભગ અભિમન્યુના કાનમાં કહ્યું:

'બધાં પત્તાં એકસામટાં નહીં ખોલતો.'

'ના, ના... તું કહે છે તેમ જ કરું છું.'

'એણે જે કહ્યું તે તારે કોર્ટમાં કહેવું જ પડશે, પણ સાથે સાથે એવું કહી દેજે કે આ કામમાં પેલો ગુલાબસિંહ નામનો ડોસો તારી દોરવણી કરતો હતો.' એણે તાજા પોલિશ કરેલા નખવાળી આંગળી અભિમન્યુના હોઠ પર મૂકી:

'મારી જાન, તારા જેવા ભલાભોળા છોકરાને વડીલ થઈને સાચી સલાહ આપવાને બદલે એ ડોસાએ...' આરોહીએ દાંત ભીંસ્યા.

'તું કહે છે એમ જ કરીશ.' અભિમન્યુએ એની આંગળી મોઢામાં લેવાનો પ્રયાસ કર્યો. આરોહીએ વીજળીની ઝડપે આંગળી ખેંચી લીધી.

ગુલાબસિંહ રોજની જેમ વોક લેવા ગયા હતા. પતિ-પત્ની માનતાં હતાં કે ગુલાબસિંહ ઘરમાં નથી, પણ કેસર સાથે ઊંચા અવાજે થતી દલીલો સાંભળીને વોક પરથી પાછા ફરી ગયેલા ગુલાબસિંહ ઘરની બહાર જ ઊભા રહી ગયા હતા. આમ પણ છેલ્લા થોડા દિવસથી ચાલી રહેલી આ ધમાચકડીમાં એમનો રોલ ધીમે ધીમે ટૂંકો થતો જતો હતો એટલે એમનું મહત્ત્વ ઘટવા લાગ્યું હતું, જેને કારણે અમસ્તી પણ એમને તકલીફ થવા લાગી હતી.

આરોહી-અભિમન્યુની વાતચીત સાંભળીને પછી જાણે કશું સાંભળ્યું જ ન હોય એમ આરામથી ભજન ગણગણતાં એ ઘરમાં દાખલ થયા. એમને જોઈને આરોહી ઉપરની તરફ જવા લાગી. અભિમન્યુ સોફામાં ગોઠવાઈ ગયો. રોજની જેમ હીંચકા પર બેસીને ગુલાબસિંહે બૂમ પાડી:

'મહેશ, મારી ચા લાવજે.' પછી અભિમન્યુ તરફ જોઈને એમણે બહુ જ ઠંડકથી, પણ ચીરી નાખે એવી ધાર સાથે કહ્યું:

'બૈરાંની બે જ જગ્યા છે. ચૂલામાં ને ઢોલિયા માથે... જે દી બૈરાં ચોરામાં પંચાત કૂટતાં થાયને એ દી ઘરનો સત્યાનાશ નક્કી.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આ મને શું કામ કહો છો?’

‘કારણ કે મારા સાવજ, તું દોઢ બૈરાંની વચ્ચે ફસાયો છો. એક ઓલો અડધિયો ને બીજી આ અપસરા... ભીંસી નાખશે તને.’

‘દાદાજી!’ અભિમન્યુ ઊભો થઈ ગયો:

‘એ બંને મારું ભલું ઇચ્છે છે. તમારી જેમ નહીં કે મને ખોટા રસ્તે દોરે.’

‘હું તો તને તારો હક અપાવવા માટે ઘાંઘો થયો’તો, પણ મને ક્યાં ખબર હતી કે તું ધોતિયાનો ઢીલો છે.’ હીંચકાને આરામથી ઠેસ મારીને એમણે તંમાચાની જેમ એક વાક્ય કહી નાખ્યું:

‘બરબાદ થઈ જાય ત્યારે આ ડોસાના શબ્દો યાદ કરજે, બીજું શું? ધૃતરાષ્ટ્ર પણ જો દુર્યોધનને નહોતા બચાવી શક્યા તો હું કોણ?’

થોડીક ક્ષણો માટે અભિમન્યુ ફરી એક વાર ગૂંચવાયો, પણ પછી એણે મન દઢ કર્યું:

‘મારે તમારી સલાહની જરૂર નથી.’ એ પણ પોતાના રૂમમાં જવા સડસડાટ સીડી ચડી ચઢવા લાગ્યો.

હીંચકાને ઠેસ મારીને ઝૂલી રહેલા ગુલાબસિંહે મરમાળું સ્મિત કર્યું:

‘તે ક્યાંથી જરૂર હોય? ઓલી છમ્મક છલ્લો રાત્રીશાળામાં ભણાવે છે ને તને...’

ગુલાબસિંહના આ શબ્દો અભિમન્યુના કાને પડ્યા, પણ જવાબ આપ્યા વિના એ પોતાના રૂમમાં ચાલી ગયો.

*

‘તમે તો મારી વાટ લગાડી દીધી, મિસ્ટર શ્રોફ. એક બાજુથી રૂપિયા આપ્યા, રૂમ બુક કરાવ્યો ને બીજી બાજુ તમારા માણસને મોકલી આપ્યો?’

‘મેં કોઈને મોકલ્યો નથી.’

‘પણ એ આવ્યો હતો. એણે જ મને કહ્યું કે આ રૂમ વિશે એને ખુદ નિખિલ શ્રોફે જણાવ્યું.’ મહાદેવ ઠક્કર સખત ઉશ્કેરાઈ ગયો:

‘તમે કદાચ એમ માનતા હશો કે તમે બહુ ચાલાક છો, પણ તમે જેની સાથે ડીલ કરો છો એ માણસને વકીલો લોમડીના નામે ઓળખે છે.’

‘મને લાગે છે તમે ડરી ગયા છો. તમારાથી કામ થાય એવું નથી એટલે બહાનાં કાઢો છો.’

સોમલે શતરંજની બાજીમાં સીધો વજીર પર ઘા કર્યો. જોકે મહાદેવ ઠક્કરની વાત સાંભળીને એનું મગજ કામે લાગી ગયું હતું. પોતાના ગયા પછી કોણ આવ્યું હોય, જેને નિખિલે આ માહિતી આપી હોય એ શોધવામાં એનું મગજ ગૂંથાઈ ગયું.

‘મહાદેવ ઠક્કર બહાનાં નથી કાઢતો. કામ થાય એવું હોય તો જ એની કિંમત બોલે છે.’

‘કિંમત ચૂકવાઈ ગઈ છે, હવે કામ કરો, સમજ્યા?’

સોમલ અકળાયો હતો. નિખિલ શ્રોફની ગઈ કાલની વાત સાંભળ્યા પછી એને ચિંતા થવા લાગી હતી.

‘તમે જે કર્યું છે એ પછી હું તમારું કોઈ કામ કરવા નથી માગતો. જેને માટે આ આખી લમણાઝીંક થઈ છે એ માણસ હોટેલની રૂમ પર પહોંચે જ કેવી રીતે? તમે પૈસા આપો ને તમારો બાપ તમારા જ દુશ્મનને માહિતી આપે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘કેસર આવ્યો હતો?’

‘હા, એ જ...’ મહાદેવ ઠક્કરે મા સમી ગાળ ઉચ્ચારી:

‘હા, એણે જ મારી ઇજ્જત ઉછાળી. પેલી મોડેલ સામે મને કોડીનો કર્યો ને ઓછું હોય એમ ફોટા પાડી ગયો.’ એણે ફરી ગાળ દીધી:

‘મને... મહાદેવ ઠક્કરને ધમકી આપી...’

‘પણ એ ત્યાં કેવી રીતે પહોંચ્યો?’

‘એ તપાસ પણ મેં કરી લીધી. તમારી સાથે જે મૅડમ તમારાં ફ્રેન્ડ આવ્યાં હતાં એ પેલા છક્કાની સાથે રહે છે ને?!’

‘હા... તો?’

‘હા શું? એણે નામ તમારા બાપનું લીધું... આ કામ પેલી કાબરનું છે.’

‘નેહાએ એને ત્યાં મોકલ્યો?’

‘બીજું કોણ મોકલે?’ મહાદેવ ઠક્કર લગભગ ચીસો પાડતો બોલી ઊઠ્યો:

‘નિખિલ શ્રોફ એટલો મૂરખ માણસ નથી કે જે એને બચાવવાનો છે એની જ પાસે પોતાના જ દુશ્મનને મોકલી આપે. સહેજ બુદ્ધિ વાપરો... મિસ્ટર શ્રોફ, તમે જે બાઈની આંગળી પકડીને ફરી રહ્યા છો એ તમને આંગળીના ટેરવે નચાવે છે. મૂરખ બનાવે છે તમને!’

સોમલ વિચારમાં પડી ગયો. નિખિલ શ્રોફની અને મહાદેવ ઠક્કરની વાત જો સાચી હોય તો ખરેખર નેહાએ એમની આટલાં વર્ષોની દોસ્તીનું અપમાન કર્યું હતું. પોતે પૂરા વિશ્વાસથી એની મદદ માગી હતી, પણ એણે પોતાનો ઉપયોગ કરીને કેસરનો ફાયદો શોધ્યો... સોમલ પોતે કોઈ નિર્ણય કરી શક્યો નહીં. આમેય એણે હંમેશાં બીજાએ આપેલી માહિતીના આધારે અને બીજાએ ચીંધેલી દિશામાં જીવી નાખ્યું હતું. દરેક વખતે પરિસ્થિતિને ગુલામ થઈને એણે હંમેશાં વિચાર્યા વગર પગલાં ભર્યાં હતાં... આજે ફરી એક વાર એ જ પરિસ્થિતિમાં સોમલ મુકાઈ ગયો હતો.

*

આ તરફ, આરોહી-અભિમન્યુને નીચે દીવાનખંડમાં મૂકીને કેસર ગુસ્સામાં પોતાના રૂમમાં દાખલ થયો ત્યારે નેહા તૈયાર થઈને વાળ ઓળી રહી હતી.

‘સવારી કઈ બાજુ?’ એને જોતાં જ કેસરે પોતાનો મૂડ બદલવાનો પ્રયાસ કર્યો.

‘કોર્ટમાં જવાનું છે. તું પણ તૈયાર થઈ જા.’

‘નવાઈની વાત છે! આપણે બે સામસામે લડી રહેલા માણસોને મદદ કરી રહ્યા છીએ, છતાંય કોર્ટમાં સાથે જઈશું?’

‘તે એમાં શો વાંધો? આપણે ક્યાં લડ્યાં છીએ?’ નેહાએ નજીક આવીને કેસરના ગળામાં હાથ નાખ્યા. હિલવાળી સૅન્ડલને કારણે એ કેસરથી અડધો ઇંચ ઊંચી લાગતી હતી. એણે કેસરના ગાલ પર ચુંબન કર્યું:

‘આમેય આજે જ્યારે નિખિલ શ્રોફની બેલ થશે ત્યારે તારે મને પાર્ટી આપવી પડશે.’

‘ન થાય તો તું પાર્ટી આપીશને?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘શ્યોર...’ નેહાએ ફરી એક વાર કેસરનો ગાલ ચૂમી લીધો.

‘હવે જો એક પણ કિસ વધારે કરીશ તો હું કોર્ટમાં જવાનું માંડી વાળીશ.’ કેસરે તોફાની નજરે જોયું:

‘મારું મગજ પછી જુદી દિશામાં ચાલવા માંડે છે.’

‘ચાલવા માટે મગજ હોવું જોઈએ.’

‘અચ્છા?’

કેસરે નજીક આવવાનો પ્રયત્ન કર્યો, પણ એને ધક્કો મારીને નેહા રૂમની બહાર નીકળી ગઈ. કેસર એને જતી જોઈ રહ્યો. એના મનમાં વિચાર આવ્યો:

મોટા ભાગના સંબંધોની પાછળ કારણ હોય છે, આ સંબંધની પાછળ ઋણાનુબંધ સિવાય બીજું કોઈ કારણ શોધી શકાય એમ નથી.

કેસર અને નેહા કોર્ટમાં જવા નીકળ્યાં ત્યારે બંને જણાની મનોદશા પ્રમાણમાં તંગ હતી.

‘શું લાગે છે?’

‘કેવી રીતે કહી શકું?’ કેસર ગાડી ડ્રાઇવ કરી રહ્યો હતો.

‘નિખિલની બેલ થશે તો તને મારા પર ગુસ્સો નહીં આવેને?’ કેસરના બાવડે નેહાએ હાથ લપેટ્યો.

‘નેહા, આ જગતમાં બે જ સત્યો છે - હાર અને જીત. બે જ પક્ષ છે - સાચો અને ખોટો. બે જ રસ્તા છે - સ્વીકાર અને અસ્વીકાર... જે લોકો બંને તરફ રહેવાનો પ્રયાસ કરે છે એ બેમાંથી એકેયને પ્રામાણિક રહી શકતા નથી.’

‘પ્રેમ અને ફિલોસોફી એકબીજાને સમજી શકતા નથી.’ નેહાના ચહેરા પર સ્મિત આવી ગયું:

‘પ્રેમને ફક્ત હૃદય હોય છે, ફિલોસોફી મગજમાં સમજાય છે.’

‘કોણ હારે છે અને કોણ જીતે છે એનાથી વધારે અગત્યનું એ છે કે આ સ્થિતિમાં કોણ કેટલું પ્રામાણિક રહી શકે છે. જે પૂરેપૂરી પ્રામાણિકતાથી પ્રયાસ કરે એ જ ઇચ્છિત પરિણામની માગણી કરી શકે.’

નેહાએ વહાલથી સોમલના ખભે માથું મૂકી દીધું. પોતાની અઢી દાયકા જેટલી જિંદગી સ્ત્રીના શરીરમાં વિતાવીને આવેલો આ માણસ અંદરથી કેટલો મજબૂત છે એ વિચારે એને કેસર સાથે નવેસરથી પ્રેમ થવા લાગ્યો.

એ જ વખતે કેસરનો સેલફોન રણક્યો:

‘બોલ...’ કેસરે ફોન ઉપાડ્યો.

‘શું ખબર છે તારા સસરાના?’ ઓમ્ હસી રહ્યો હતો.

‘પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી, પણ પોપટ બે રાતથી ઊંઘ્યો નથી.’ કેસર પણ હસી પડ્યો.

‘હવે?’

‘તમે ગોઠવ્યું છે ને?’

‘અહીંથી તો બધું ગોઠવાઈ ગયું છે.’ ઓમ જરા ગંભીર થઈ ગયો:

‘મહાદેવના મગજનું ઠેકાણું નથી.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘એની વ્યવસ્થા થઈ ગઈ છે.’ કેસરે ત્રાંસી આંખે નેહા તરફ જોયું. એ સમજવાનો પ્રયત્ન કરતી હતી કે ફોન કોનો છે, પણ કેસર જે રીતે મોઘમમાં વાત કરી રહ્યો હતો એ રીતે એને બરાબર ખ્યાલ આવતો નહોતો.

‘ગઈ કાલે રાત્રે જ મેં એનું ઓપરેશન કરી નાખ્યું છે. હવે એ ટસનો મસ નહીં થાય.’ કેસરે કહ્યું.

‘તો પછી...’

‘આશા રાખું છું કે આપણે જે જોઈએ છે તે થાય.’

‘એક વાર જો એને અહીંયાં મોકલી આપે તો એને એના બધા ગુના યાદ કરાવવાની જવાબદારી મારી.’ ઓમ્ હસ્યોઃ

‘નહીં કર્યા હોય એવા ગુના પણ કબૂલાવી દઈશ એની પાસેથી!’

‘ખાતરી છે મને.’

‘ઈશ્વર તારી સાથે છે.’

‘એની પણ મને ખાતરી છે.’ એણે ફોન કાપ્યો ત્યારે નેહા ધ્યાનથી કેસરના ચહેરા તરફ જોઈ રહી હતી.

‘કોનો ફોન હતો?’

‘એક ખાસ બહેનપણીનો, કેમ?’

‘મને તો બહેનપણો લાગ્યો.’ નેહાએ સહેજ વિચારમાં પડી જઈને સ્મિત કર્યુંઃ

‘તું આજના કેસ વિશે વાત કરતો હતો.’

‘હમ્મ્...’ કેસર બારીની બહાર જોવા લાગ્યો. નેહા સમજી ગઈ કે એ આગળ વાત કરવા નથી માગતો એટલે એણે પણ વાત છોડી દીધી. એના મનમાં એ સવાલ ઘોળાતો રહ્યો કે ફોન કોનો હોઈ શકે.

*

કોર્ટમાં સામસામે દલીલો થતી ગઈ. ધનવંત કાપડિયાએ નિખિલની બેલ માટે જોરદાર અપીલ કરી. નિખિલને પડેલી તકલીફો, માનસિક ત્રાસ અને એની વિશ્વસનીયતા વિશે ખાતરી આપવાનો પ્રયાસ કરીને એમણે મૅજિસ્ટ્રેટને સમજાવ્યું કે નિખિલ હવે બેલનો અધિકારી હતો. સોમલ અને નેહાએ ધાર્યું હતું કે મહાદેવ ઠક્કર આની સામે કંઈ નહીં બોલે અથવા પોકળ દલીલ કરીને વાત છોડી દેશે, પણ એણે તો એક પછી એક એવા મુદ્દા કાઢ્યા, જેનો ધનવંત પાસે કોઈ જવાબ નહોતો. ધનવંત જે તૈયારી કરીને આવ્યો હતો એમાં મહાદેવની મજબૂત દલીલો સામે કહેવા માટે એની પાસે લગભગ કંઈ જ નહોતું.

‘મારા વકીલ મિત્રએ કરેલી તમામ દલીલો હું માન્ય રાખું છું.’ મહાદેવે આ વાક્ય કહ્યું ત્યારે નેહાએ ખુશ થઈને સોમલ સામે જોયું. સોમલના ચહેરા પર કોઈ ભાવ નહોતા.

‘પરંતુ મી લોર્ડ...’ મહાદેવે ઉમેર્યુંઃ

‘નિખિલ શ્રોફ બહુ જ લાગવગ ધરાવતો પહોંચેલો માણસ છે. એને પોલીસ રિમાન્ડ ન આપવા સુધી હું મારા વકીલ મિત્રની સાથે સહમત થઈ શકું તો પણ એને કોર્ટની કસ્ટડીની બહાર કાઢવાથી આ કેસમાં ઘણી ફેરબદલ થઈ શકે. પૈસા આપીને સાક્ષીઓનો હોસ્ટાઈલ કરી શકાય, પુરાવાઓ સાથે રમત થઈ શકે. આ પરિસ્થિતિમાં એને છૂટો રાખવો જોખમકારક પુરવાર થશે. બીજી અગત્યની વાત એ છે કે નિખિલ ઉપર હુમલો થાય તો એની જવાબદારી કોણ લેશે?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મૅજિસ્ટ્રેટે બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી પોતાનો ચુકાદો આપ્યોઃ

'બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી કોર્ટને એવું લાગે છે કે નિખિલ શ્રોફને પોલીસ રિમાન્ડની હવે જરૂર નથી, પરંતુ એને છૂટો રાખવાથી કેસ ટેમ્પર થવાની સંભાવના છે. સાથે સાથે નિખિલ શ્રોફના જાન પર પણ જોખમ છે. આ બંને પરિસ્થિતિને નજર સામે રાખીને કોર્ટ એમની બેલ કૅન્સલ કરે છે અને એમને જ્યુડિશિયલ કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરે છે.'

નેહા અવાક થઈ ગઈ. એણે સોમલ સામે જોયું. સોમલની આંખોમાં આગ સળગતી હતી. ગઈ કાલે નિખિલે કહેલી વાત આજે એને સાચી પડતી લાગી. સવારે મહાદેવના ફોન પછી પણ એણે નેહા સાથે સીધી વાત કરવાનું વિચાર્યું હતું, પરંતુ મહાદેવની દલીલો સાંભળ્યા પછી એનું મગજ છટકી ગયું.

જ્યુડિશિયલ કસ્ટડીનો ચુકાદો સાંભળીને કેસરના ચહેરા પર આનંદ છવાઈ ગયો. એણે નેહા તરફ જોઈને હાથ ઊંચો કર્યો. નેહાએ પણ એના ઊંચા થયેલા હાથમાં ફાઈવ (તાળી) આપી.

આ દૃશ્ય સોમલની આંખોમાં કેદ થઈ ગયું અને એ સાથે જ એને પિતાની વાતની ખાતરી થઈ ગઈ.

હજી સોમલ નેહા પાસે જઈને કશું કહે તે પહેલાં મહાદેવ આગળ વધીને કેસર અને નેહા પાસે પહોંચી ગયો. સૌને સંભળાય એટલા મોટેથી એણે કહ્યુંઃ

'બોલો મિસ્ટર, મેં તમને કહ્યું હતું એ જ થયુંને?'

કેસર સહેજ નવાઈથી મહાદેવ ઠક્કર સામે જોઈ રહ્યો.

'તમે ગઈ કાલે રાત્રે મને ધમકી આપી એટલે મેં તો તમારું કહ્યું માન્યું છે, ભઈસા'બ.' આટલું કહીને એણે નેહા સામે જોયુંઃ

'મૅડમ, તમારે આવું ન કરવું જોઈએ. સોમલભાઈએ તમારા વિશ્વાસે મને પૈસા આપ્યા. ગમે તેમ તોય તમારા ફ્રેન્ડ છે. એમને છેતરીને તમે બરાબર નથી કર્યું.'

આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયેલી નેહા કશું બોલે એ પહેલાં સોમલ ત્યાં આવી પહોંચ્યો. એણે કશું પૂછવાનું રહ્યું નહોતું. એણે નેહા સામે જોઈને ફક્ત એટલું જ કહ્યુંઃ

'શું મળ્યું તને?'

'સોમલ...' નેહા હવે મહાદેવ ઠક્કરની ચાલ સમજી હતી. ગઈ કાલે કેસર હોટેલના રૂમ પર ગયો હતો એ વાતની એને જાણ નહોતી જ, પરંતુ મહાદેવ જે બોલ્યો એ વાત હવે એના મગજમાં ગોઠવાઈ.

'એક તરફ, આ માણસને પૈસા અપાવ્યા અને બીજી તરફ, આને મોકલી આપ્યો? મેં તારામાં ભરોસો કર્યો, નેહા. મને એમ કે તું...' સોમલની આંખો ભરાઈ આવીઃ

'આટલાં વર્ષોની દોસ્તી પર થૂંકી દીધું તેં. હું તને ક્યારેય માફ નહીં કરું... નાઉ ફોર ગોડ સેક, આજ પછી તું મને ક્યારેય ફોન ન કરતી. મોં પણ ન બતાવતી મને!'

'આવું તેં ગયે વખતે પણ કહ્યું હતું.'

નેહા પણ હવે પોતાની જાત પરનો કાબૂ ખોઈ બેઠી. સોમલે પૂરી વાત સાંભળ્યા વગર જ એના પર આક્ષેપ કર્યો હતો.

'પછી તેં જ ફોન કર્યો હતો મને.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ભૂલ હતી મારી... એની સજા પણ મળી ગઈ મને.’

સોમલ ઊંધો ફરીને ત્યાંથી નીકળવા ગયો, પણ કેસરે એના ખભે હાથ મૂક્યો. સોમલ એક ક્ષણ માટે રોકાયો. કેસર એની સામે જઈને ઊભો રહ્યો.

‘તેં જે કંઈ સાંભળ્યું તેમાં થોડું જુઠ્ઠાણું અને થોડી ગેરસમજ છે.’ કેસરના અવાજમાં સચ્ચાઈનો રણકો હતોઃ

‘નેહાએ મને કશું જ નથી કહ્યું. મને તમારા નિખિલે ઉશ્કેરાટમાં અડધી માહિતી આપી દીધી ને બાકીની અડધી હું શોધી શકું એટલો બુદ્ધિશાળી તો છું જ.’

‘તમે કહો એટલે મારે માની લેવું?’ સોમલનો અવાજ હજુ તીખો હતોઃ

‘તમે બંને ભેગાં થઈને મને બીજી વાર મૂરખ નહીં બનાવી શકો.’

કેસરે એના ખભા પર મૂકેલો હાથ તરછોડીને સોમલ ત્યાંથી ચાલી ગયો. એને જતો જોઈને નેહાની આંખોમાં પાણી આવી ગયાંઃ

‘મેં આટલું કર્યું તો પણ...’

‘પ્રામાણિકતાનું મૂલ્ય બહુ ઊંચું હોય છે. આ માણસને કદાચ એ નહીં સમજાય... ને સમજાય તો એનું સદ્નસીબ.’

આટલું કહી કેસર તરત નિખિલ પાસે પહોંચી ગયો. એને લઈને જતા કોન્સ્ટેબલ્સ અને જયેશ પ્રધાનની પાસે પહોંચીને એણે જયેશ સાથે હૅન્ડશેક કર્યાઃ

‘કોન્ગ્રેચ્યુલેશન!’

‘તને પણ... હવે તો આ સાહેબ મોટા ઘરનો મહેમાન થવાનો... માજિદ અને ઓમ્ને કહ્યું તેં?’

‘આ બધું એમણે જ તો ગોઠવ્યું છે.’ નિખિલ સામે જોઈને કેસર બોલ્યોઃ

‘એ લોકો તો રાહ જુએ છે આની. પહોંચે એટલે આની મહેમાનગતિ કરવા ઉતાવળા થઈ ગયા છે.’

‘મને બિવડાવવાનો પ્રયત્ન કરો છો? તો એટલું સમજી લેજે કે જયેશે મારી સાથે જે કર્યું એનાથી ખરાબ આ લોકો શું કરી લેવાના?’

‘એ તો તમે પહોંચશો પછી જ સમજાશે.’ કેસરે કટાક્ષમાં નિખિલને માનાર્થે બોલાવીને સ્મિત કર્યું:

‘હું પણ આવીશ ત્યાં, તમને મળવા... બે-ત્રણ દિવસમાં સારા સમાચાર લઈને.’

‘કેસરસિંહ, તારાથી જે થાય તે કરી લે, પણ તું નિખિલ શ્રોફને નહીં તોડી શકે.’

‘તમે મને છક્કામાંથી કેસરસિંહ કહ્યો એ વાત જ દેખાડી આપે છે કે તમે મારા પૌરુષત્વનો સ્વીકાર કર્યો છે.’

નિખિલ ઝંખવાઈ ગયો. કેસરે હસીને એને કહ્યું:

‘સાહેબ, હવે સિધાવો...’

જયેશે એના ખભે ધક્કો માર્યોઃ

‘ચલ એ...’

*

જેલ ઓફિસમાં નિખિલ જ્યારે દાખલ થયો ત્યારે ત્યાં બેઠેલા ઓમ્ને જોઈને એ ચોંક્યો. કેદીનાં કપડાંમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આરામથી જેલરની ખુરશી પર બેઠેલા ઓમે સ્મિત સાથે નિખિલને આવકાર્યોઃ
'પધારો... બડી દેર કી મહેરબાઁ આતે આતે...'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 72

નિખિલ જ્યારે મૅજિસ્ટ્રેટના ઘરનાં પગથિયાં ઊતરતો હતો ત્યારે જયેશ પ્રધાન એની સાથે ચાલી રહ્યો હતો. એણે ધીમેથી નિખિલના કાનમાં કહ્યું હતું:

કાયદો અને વ્યવસ્થા શીખવવાના ઇન્સ્ટિટ્યૂટમાં તમને કાયદેસર ભરતી કરી દીધા છે. વેલકમ ટુ માય લોકઅપ... ગુડલક એન્ડ હેવ ફન.

એ જ વખતે દૂર ઊભેલી શ્વેતાને જોઈને નિખિલને પોતાની અંદર- સાવ ભીતર કશુંક હચમચ્યાની લાગણી થઈ હતી.

શ્વેતાની આંખો લાલ અને સૂજેલી હતી. નાકનું ટોપકું રાતુંચોળ થઈ ગયું હતું. આખી રાત રડી હશે એવું એના ચહેરા પરથી ચોખ્ખું દેખાતું હતું. નિખિલ સાથે નજર મળતાં જ એની આંખો ફરી વહેવા લાગી હતી. નજર ફેરવીને એણે પોતાની પર્સમાંથી સનગ્લાસીસ કાઢી આંખ પર ચઢાવી દીધાં.

એ દરમિયાનમાં વિદ્યાના પિતાએ આવીને નિખિલને તમાચો માર્યો ત્યારે પરિસ્થિતિ ગૂંચવાઈ ગઈ હતી. ભીડ એકઠી થઈ ગઈ પછી ટીવી અને પ્રેસના ફોટોગ્રાફર્સની પડાપડીથી સર્જાયેલી અંધાધૂંધીનાં દૃશ્ય શ્વેતા હજીય દૂર ઊભી રહીને જોઈ રહી હતી. શ્વેતાના ચહેરા પર કોઈ એવા ભાવ હતા, જે નિખિલે આજ સુધી એના ચહેરા પર જોયા નહોતા. આ આખીય પરિસ્થિતિ સાથે જાણે એને કોઈ લેવાદેવા ન હોય એવી રીતે તમામ ભીડની વચ્ચે ઊભેલી, છતાં જાણે તદ્દન એકલી-અટૂલી હોય એમ અદબ વાળીને શ્વેતા ઊભી હતી.

એ વખતે સોમલ ભીડને ચીરતો નિખિલ પાસે પહોંચ્યો હતો. એ વખતે નિખિલના મનમાં એક વાર એવો વિચાર આવ્યો કે એ સોમલને કહીને શ્વેતાને બોલાવે, એની સાથે વાત કરે, પણ એની અંદરના અહંકારે એને રોકી દીધો. પોતાની સાથે આટલું બધું થઈ ગયું, છતાં શ્વેતા નજીક આવીને એને આશ્વાસન આપવાની તસદી પણ ન લે એ વિચારમાત્રથી નિખિલ ઉશ્કેરાઈ ગયો...

એ વખતે પોતે દૂર ઊભેલી શ્વેતા તરફ જોઈ રહ્યો હતો... નાજુક, નમણી, ઊંચી, પાતળી એક જમાનામાં મિસ એશિયા રહી ચૂકેલી બ્યૂટીક્વીન હતી. આ સ્ત્રીએ એનું બધું ગ્લૅમર ભૂલીને, એનાં સપનાં ભૂલીને, એની જિંદગીનાં તમામ વર્ષો નિખિલ શ્રોફના નામે લખી આપ્યાં હતાં... બિનશરતી પોતાને સોંપી દેવાયેલી શ્વેતાની જિંદગીને પોતે ક્યાંથી ક્યાં લાવીને મૂકી દીધી હતી એનો વિચાર આવતાં નિખિલને ક્ષણ વાર માટે શ્વેતા તરફ સહાનુભૂતિ થઈ આવી. જિંદગીનાં આટલાં વર્ષોમાં એણે ક્યારેય નહોતી જોઈ એવી ગ્લાનિ અને પીડા અત્યારે શ્વેતાના ચહેરા પર દેખાતાં હતાં.

પોલીસ વૅનમાં બેસતી વખતે નિખિલે પાછળ ફરીને જોયું તો શ્વેતા એની ઊંધી દિશામાં ચાલી જતી હતી...

ઘેર પહોંચીને શ્વેતાએ પોતાની બૅગ પૅક કરવા માંડી. જરૂર પૂરતાં કપડાં અને બીજી જરૂરી વસ્તુઓ સાથે એણે બૅગ પૅક કરીને ડ્રોઇંગરૂમમાં મુકાવી દીધી. સોમલ ઘેર આવ્યો ત્યારે શ્વેતા ડ્રોઇંગરૂમમાં બેસીને એની રાહ જોઈ રહી હતી.

'મા? તું ક્યાંય બહાર જાય છે?'

'હું આ ઘર છોડીને જાઉં છું, સોમલ.'

'કેમ?'

'મને લાગે છે કે આ ઘર સાથેનો મારો ઋણાનુબંધ બહુ સમય પહેલાં પૂરો થઈ ગયો હતો. મારે ખરેખર તો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઘણા સમય પહેલાં આ ઘર છોડી દેવું જોઈતું હતું.' શ્વેતાનું ગળું ભરાઈ આવ્યું:

'સંબંધમાંથી વિશ્વાસ નીકળી જાય પછી ફક્ત શ્વાસ ચાલ્યા કરે એટલે સંબંધ જીવે છે એવું માનવાનું કોઈ કારણ નથી.'

'અત્યારે ડૅડને તારી જરૂર છે.'

'તારા ડૅડને ખરેખર મારી ક્યારેય જરૂર નહોતી. એમને એક બ્યૂટીક્વીન જોઈતી હતી, જેનું નામ કંઈ પણ હોત તો એમને ફરક ન પડ્યો હોત.'

'મોમ, એવું નથી.' સોમલ આગળ બોલી શક્યો નહીં.

'સોમુ, હું તને બહુ ચાહું છું. મારા શરીરનો, મારા આત્માનો, મારા અસ્તિત્વનો ભાગ છે તું! આ લગ્ન ટકી શક્યાં, કારણ કે તું આ લગ્નમાં જીવતી બે વ્યક્તિઓને એકબીજા સાથે બાંધતું તત્ત્વ બનીને જન્મ્યો હતો.'

શ્વેતા નજીક આવી. એણે પોતાનાથી ઊંચા, પહોળા, હૅન્ડસમ દીકરાના ચહેરા પર હાથ ફેરવ્યો. એની આંખો છલકાઈ આવી. ધૂંધળો થઈ ગયેલો સોમલનો ચહેરો જાણે આંખોમાં ઉતારતી હોય એમ એણે આંખ મીંચી. આંસુ સરકીને ગાલ પર વહી આવ્યાં.

'નિખિલનું તમામ વર્તન હું સહી શકી, કારણ કે તું મારી નજર સામે ઊછરતો હતો...' એણે મન દૃઢ કર્યું, આંસુ લૂછી નાખ્યાં:

'હવે...' બાકીનું વાક્ય એણે અધૂરું જ છોડી દીધું.

'જો ત્યારે ફરક ન પડ્યો તો હવે આ ઘર છોડવાથી શું થશે?'

'હું હવે મિસિસ નિખિલ શ્રોફમાંથી ફરી એક વાર શ્વેતા બનવા માગું છું.'

'એ તો અહીં રહીને પણ બની શકાય... સ્વતંત્રતા શોધવા માટે ઘરની બહાર જવું જરૂરી નથી, મા...! સ્વતંત્રતા તો આપણી અંદર હોય છે.'

'હું સ્વતંત્રતા નથી શોધતી, સ્વયંને શોધું છું.' શ્વેતાનો ચહેરો જાણે વધુ ને વધુ શાંત, વધુ ને વધુ દૃઢ થતો જતો હતો:

'નિખિલ સાથે રહેતાં રહેતાં હું મારી જાતને જ ખોઈ બેઠી છું.'

'તું આવા સમયમાં મને છોડીને નહીં જા, મા.'

સોમલ શ્વેતાને લપેટાઈ ગયો. નાનું પાંચ વર્ષનું બાળક જાણે માના અસ્તિત્વમાં પોતાનો આધાર શોધતું હોય એમ સોમલે માને જકડી લીધી.

'આ સમય તને ઘણું શીખવશે, સોમલ. હું ઇચ્છું છું કે આ પરિસ્થિતિમાંથી તું બહાર નીકળે ત્યારે નિખિલ શ્રોફના પડછાયામાંથી નીકળીને તારી પોતાની ઓળખાણ ઊભી કરવા જેટલો સક્ષમ બને.'

'હું સાવ એકલો પડી જઈશ.' સોમલ નાના બાળકની જેમ ધ્રૂસકે ચડી ગયો.

'હું ઇચ્છું છું કે તું એકલો પડે. આધાર શોધવાની તમામ પ્રવૃત્તિ માણસને પાંગળા બનાવવાની પ્રવૃત્તિ છે. હું નિખિલ પાસેથી એક વાત શીખી છું, કાં તો શતરંજ રમવી જ નહીં ને રમીએ તો છેલ્લું પ્યાદું બોર્ડ પર હોય ત્યાં સુધી જીતવાની આશા છોડવી નહીં.'

એણે સોમલને પોતાનાથી અલગ કર્યો. એના બંને ખભા પકડીને એની આંખમાં જોયું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તું તારી શતરંજ રમજે, બેટા. છેલ્લું પ્યાદું ટકે ત્યાં સુધી.’

‘ને તું?’

‘મારે જવું છે... કારણ કે મારે જીવવું છે.’

‘હું અહીં રહીશ... તો જીવી નહીં શકું એમ કહેવા માગે છે?’

‘ના, તારા અને મારા માટે નિખિલની વ્યાખ્યાઓ અલગ છે. એનું વર્તન અલગ છે. એના વિચાર અને વ્યવહાર અલગ છે.’

‘એ કદાચ સુધરી જશે...’ સોમલે તરત જ ઉમેર્યું:

‘મને એવું લાગે છે.’

‘બેટા, એ સુધરે કે નહીં, પણ હું ઇચ્છું છું કે નિખિલ જીતે, કારણ કે જો એ હારી જશે તો જીવી નહીં શકે. ઇતિહાસ હંમેશાં જીતેલા માણસની ભાષામાં લખાય છે. નિખિલ શ્રોફ ઇતિહાસ લખવા માટે જીવ્યો છે. ઇતિહાસ બની જવું એને ક્યારેય મંજૂર નહોતું.’

શ્વેતાની આંખમાંથી આંસુ ઝરવા લાગ્યાં હતાં. એણે સ્વયં પર કાબૂ રાખવાનો પૂરેપૂરો પ્રયાસ કરવા છતાં એની આંખોમાં હવે આ ઘરને છોડવાની પીડા સ્પષ્ટ ડોકાઈ રહી હતી.

એણે સોમલના હાથમાં એક એન્વલપ આપ્યું. કૅલિગ્રાફીમાં શ્વેતા શ્રોફ લખેલું એ ખાદી પેપરનું એન્વલપ સીલ કરેલું હતું. સોમલ એન્વલપનું વજન અનુભવી શક્યો. ઉપર નિખિલ લખેલું હતું એટલે એ પિતાને પહોંચાડવાનું હતું એટલું સોમલને સમજાઈ ગયું.

શ્વેતાએ ઘરમાંથી નીકળતી વખતે ઘરની દરેક નાની વસ્તુને મમતાથી પંપાળી. ઘરના સ્ટાફને સૂચનાઓ આપી. સોમલને વહાલ કર્યું અને નીકળતી વખતે ચાંદીની ફ્રેમમાં મઢાયેલો સોમલ અને નિખિલનો એક ફોટો એણે સાથે લઈ લીધો.

એક વાર શ્રોફ વિલાની બહાર નીકળ્યા પછી પાછા ફરીને જોવાની એની હિંમત નહોતી. સોમલની આંખોમાં દેખાતો ખાલીપો અને એકલતા જોઈને કદાચ પોતે પોતાના નિર્ણયમાંથી ચલિત થઈ જશે એ ભયે પાછળ જોયા વગર એ સડસડાટ બહાર નીકળીને પોતે બોલાવેલી ટૅક્સીમાં ગોઠવાઈ ગઈ.

શ્રોફ વિલાના મુખ્ય દરવાજે ઊભો રહી સોમલ શ્વેતાને જતી જોઈ રહ્યો. થોડીક ક્ષણો જાણે મગજ બહેર મારી ગયું હોય અને બુદ્ધિ કામ કરતી બંધ થઈ ગઈ હોય એવી લાગણી થઈ એને. એ ત્યાં જ શ્રોફ વિલાના દરવાજે જ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો...

*

બંધ આંખે શ્રોફ વિલાના સોફા પર આડો પડેલો સોમલ વીતેલી બધી જ ઘટનાઓમાંથી જાણે પસાર થઈ રહ્યો હતો. ઘરે આવીને જયેશ પ્રધાન એના પિતાને લઈ ગયો ત્યારથી શરૂ કરીને આ ક્ષણ સુધી જાણે ડગલે ને પગલે નિખિલનાં મહોરાં માત ખાતાં રહ્યાં હતાં. એનો ખરાબ સમય શરૂ થઈ ગયો હોય એમ એની દરેક ગણતરી ખોટી પડતી હતી... એનો દરેક પ્રયત્ન નિષ્ફળ જતો હતો.

જે દિવસે શ્વેતા આ ઘરને છોડીને ગઈ એ દિવસથી જાણે આ ઘરમાંથી પ્રાણ ચાલી ગયા હતા. સોમલ આ ઘર છોડીને જઈ શકતો નહોતો માટે જ આ ઘરમાં રહેતો હતો.

આટલું બધું થયું છતાં સોમલ સાવ તૂટ્યો નહોતો એનું એક કારણ નેહા હતી... પરંતુ આજે એનો સૌથી મોટો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આધાર, એની મિત્ર, એની દોસ્ત નેહા સાથે જે કંઈ થયું એ પછી સોમલની અંદર રહીસહી શક્તિ પણ જાણે નિચોવાઈ ગઈ હતી.

આજ સવાર સુધી શ્વેતાની ગેરહાજરી એને એટલી બધી સાલતી નહોતી, પરંતુ કોર્ટમાંથી પાછા ફર્યા પછી એને લાગ્યું કે આ ઘરની દીવાલો જાણે ધીમે ધીમે એની નજીક ખસી રહી હતી. છત નીચી થઈ ગઈ હતી... શ્રોફ વિલા જાણે નાનકડી કબરની જેમ ગૂંગળાવતી, ગભરાવતી, ગંધ મારતી જગ્યા બની ગઈ હતી એના માટે! એ આવ્યો તે ક્ષણથી એને આત્મહત્યાનો વિચાર આવવા લાગ્યો હતો. આજે નિખિલને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયો એ પછી એક પીછેહઠની લાગણી શરૂ થઈ હતી.

'સોમલ...'

એ અત્યારે નેહાનો જ વિચાર કરી રહ્યો હતો. નેહાના વિચારની સાથે જ જાણે એને કોઈ તમાચો માર્યો હોય એવી લાગણી થતી હતી. નેહા સાથે વિતાવેલા સમયની દરેક યાદ સોમલના ગાલ પર થપ્પડની જેમ વીંઝાઈ રહી હતી ત્યારે એનો અવાજ સાંભળીને એનું લોહી ઊકળી ગયું.

'શું લેવા આવી છે? હજી શું બાકી રહ્યું છે?' શ્રોફ વિલાના દરવાજે ઊભેલી નેહાને એણે પૂછી નાખ્યું.

'હું તને સમજાવવા આવી છું.'

'સમજાવવા?! કે પછી વધુ મૂરખ બનાવવા? કેટલા પૈસા આપ્યા મહાદેવ ઠક્કરે, એના પચાસ લાખમાંથી?'

'સોમલ, શું બકે છે?' નેહાનો અવાજ ઊંચો થઈ ગયો.

'બૂમો પાડવાથી તું સાચી સાબિત નહીં થઈ જાય. પેલા રાસ્કલે આટલા બધા માણસની વચ્ચે જે કહ્યું તે સાંભળીને બૂમો પાડી હોત તો સાચી સાબિત થાત કદાચ...'

'કેસર ત્યાં ગયો હતો એ વાત સાચી છે...'

'ને તેં મોકલ્યો હતો એ વાત પણ સાચી જ છે.'

'હું તને એ જ સમજાવવા માગું છું.'

'હવે કશું સમજવાનું બાકી નથી, નેહા. મેં તારા પર આધાર રાખવાની ભૂલ કરી એની સજા મને મળી ગઈ.' સોમલ સોફા પરથી ઊભો થઈને ઉપર જવા લાગ્યો.

'ઈન કો ચાય-કોફી જો પીના હૈ, પીલા દો... બાદ મેં દરવાજા અંદર સે બંધ કર લેના.' આઘાતથી અવાચક બની ગયેલા એના સ્ટાફને સૂચના આપીને સોમલ સીડી ચડવા લાગ્યો.

નેહા એની પાછળ દોડી. એણે સોમલને કોલરથી પકડ્યોઃ

'એઈ, તું મારા પર શંકા કરે છે?'

'શંકાનો સવાલ જ નથી, મને ખાતરી છે કે તેં મને છેતર્યો.' સોમલનો અવાજ સહેજ ભીનો થયોઃ

'પેલા ગઈ કાલે મળેલા એક ફાલતુ માણસ માટે થઈને આટલાં વરસની દોસ્તી અને વિશ્વાસને લાત મારી દીધી તેં? એની સાથેના તારા સંબંધ વિશે બધું જ જાણવા છતાં મેં તારામાં ભરોસો કર્યો. તેં જે કહ્યું તે કર્યું... ને તું?'

'સોમલ... મેં તને નથી છેતર્યો. મહાદેવ ઠક્કરે કહ્યું ત્યાં સુધી મને ખબર પણ નહોતી કે કેસર...'

'તો કેસરે તને છેતરી.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પણ કેસરને ખબર જ નહોતી કે આપણે મહાદેવ ઠક્કર...'

નેહા બોલતી અટકી ગઈ. એની આંખો ઝીણી થઈ ગઈ, ભવાં સંકોચાયાં... એનું મગજ અચાનક જ કામે લાગી ગયું. કેસર સાથે થયેલી બધી જ વાતચીત એના મગજમાં જાણે રિવાઈન્ડ થવા લાગી. એ શ્રદ્ધાબહેનને કહીને નીકળી હતી કે પોતે સોમલ સાથે એના વકીલને મળવા જાય છે... શ્રદ્ધાબહેને કેસરને કહ્યું હોય અને કેસરે આગળ પગેરું શોધ્યું હોય તો...

'કેમ અટકી ગઈ?'

નેહાના ચહેરા પર બદલાતા હાવભાવથી સોમલને સમજાઈ ગયું કે નેહાના મનમાં વિચારોનું વાવાઝોડું ફૂંકાયું છે.

'પથારીમાં માત્ર પુરુષો જ બકી નાખે છે એવું નથી, બૈરાંને પણ બેવકૂફ બનાવી શકાય છે. તારા કેસરે તારી પાસે માહિતી ઓકાવી લીધી ને તને ખબર પણ ના પડી, એવું જ થયુંને?'

'નથી જાણતી...' નેહાએ પ્રામાણિકતાથી સ્વીકારી લીધું:

'પણ તને એક વાત કહી દઉં, મારા કેસરને આવી રમતો રમવાની જરૂર પડે એટલો એ નબળો નથી. એ બીજું કંઈ પણ કરી શકે, પણ લાગણીનો દુરુપયોગ ન કરે એની મને ખાતરી છે.'

'એણે મારા બાપ પર વેર લેવા તને સાધન બનાવી છે.' સોમલે એને ખભામાંથી પકડીને હચમચાવી નાખી:

'એનું વેર પણ એના જેટલું જ નપુંસક છે.'

નેહાને કંઈ સમજાય એ પહેલાં એનો હાથ ઊઠ્યો અને સોમલના ગાલ પર વીંઝાયો:

'બસ, ઈનફ!'

સોમલ એક ક્ષણ માટે નેહાની આંખોમાં જોઈ રહ્યો:

'ઓકે... ધેટ'સ ઇટ ઇટ! જા તારા કેસર પાસે. આજ પછી આ ઘરમાં નહીં આવતી...'

સોમલનો અવાજ અચાનક જ એટલો મોટો થઈ ગયો કે શ્રોફ વિલાની દીવાલો ધ્રૂજી ઊઠી.

'ગેટ આઉટ...' એટલું બરાડીને એ સડસડાટ સીડીનાં પગથિયાં ચઢી ગયો. સોમલને એના રૂમમાં જતો નેહા જોતી રહી ગઈ. નેહા થોડી વાર પછી ધીમા પગલે સીડી ઊતરીને શ્રોફ વિલાની બહાર નીકળી ગઈ.

આ તરફ, શ્રોફ વિલામાંથી નીકળીને શ્વેતા એના પિતાના નાનકડા ફ્લેટ પર પહોંચી ગઈ હતી. જૂના અંબર ઓસ્કર થિયેટર અને આજના શોપર્સ સ્ટોપની પાછળની સોસાયટીમાં એના પિતાનો નાનકડો ફ્લેટ હતો. એણે મુંબઈ રહીને કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું ત્યારે એના પિતાએ ત્રણ દાયકા પહેલાં આ ટુ બેડરૂમ, કિચન, હોલનો ફ્લેટ શ્વેતા માટે ખરીદેલો. મિસ એશિયા થયા પછી મળેલાં મોડેલિંગના એસાઈન્મેન્ટ્સ અને બીજી આવકોમાંથી શ્વેતાએ આ ફ્લેટની મોટા ભાગની લોન ચૂકવી દીધી હતી. હજી એની કારકિર્દી પૂરી સ્થિર થાય એ પહેલાં નિખિલ સાથે એનાં લગ્ન થઈ ગયાં. નિખિલ સાથે લગ્ન થયાં પછી એ ફ્લેટમાં શ્વેતા ભાગ્યે જ આવતી, પરંતુ આ ફ્લેટ સાથે એની લાગણીઓ જોડાયેલી હતી એટલે એણે આ ઘર વેચ્યું નહોતું. આ ઘર નિયમિત ખૂલતું, સાફ થતું કદાચ એથી જ યથાવત્ સચવાઈ રહ્યું હતું.

ફ્લેટનો દરવાજો ખોલીને અંદર દાખલ થતાં જ બધી સ્મૃતિઓ જાણે શ્વેતાની રાહ જોતી હોય એમ આસપાસ વીંટાઈને એને જાણે ત્રણ દસકાથીય વધુ જૂના ભૂતકાળમાં ખેંચી ગઈ...

સાથે લાવેલી મિનરલ વોટરની બોટલ્સ એણે ફ્રીજમાં મૂકી. રસોડાના થોડા સામાનની પ્લાસ્ટિક બૅગ પ્લેટફોર્મ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પર મૂકીને એ સોફા પર ગોઠવાઈ ત્યારે એને લાગ્યું કે જાણે એ એક એવી જગ્યાએ પહોંચી ગઈ હતી, જ્યાં કોઈ ઉચાટ નહોતો, કોઈ સમસ્યાઓ નહોતી, ફક્ત પોતે હતી અને હવે તોડી ન શકાય એવી શાંતિની એક અભેદ્ય દીવાલ એની આસપાસ ચણાવા લાગી હતી.

*

'તારે ચોક્કસ ડિવોર્સ જોઈએ છે?'

'હા, પ્રતિમા... મેં નક્કી કરી લીધું છે. હું આ શ્રોફ અટક મારા નામની પાછળથી કાઢી નાખવા માગું છું.'

'પછી શું કરીશ? જીવવા માટે...' પ્રતિમા સહેજ અચકાઈ. એ સમજી શકતી હતી કે શ્વેતા હમણાં ઉશ્કેરાટમાં હતી. એ કોઈ પણ સંજોગોમાં પોતાની જાતને નિખિલથી અલગ કરી નાખવા કટિબદ્ધ હતી, પરંતુ આ નિર્ણય ફક્ત લાગણીવશ થઈને લઈ શકાય એવો નિર્ણય નહોતો.

'કામ કરીશ.'

'શું કામ કરીશ?'

'મોડેલિંગ કરીશ. હવે તો કોઈ પણ ઉંમરની સ્ત્રીઓ...'

'તું માને છે એટલું સહેલું નથી, શ્વેતા.'

'તું માને છે એટલું અઘરું પણ નથી. મેં ગઈ કાલે જ એક-બે મિત્રોની એજન્સીઝમાં કોન્ટેક્ટ કર્યો છે. લાઇફ ઇન્સ્યોરન્સની એક એડ હું આવતા અઠવાડિયે શૂટ કરું છું. ત્રણ લાખ રૂપિયા મળશે. પોતાનું ઘર હોય તો ખાવા-પીવા માટે ત્રણ લાખ રૂપિયા ઓછા નથી. છ મહિના તો ચાલશે જ.'

પ્રતિમા એની સામે જોઈ રહી. સ્ત્રી એક વાર નક્કી કરે તો શું કરી શકે એનો દાખલો એની નજર સામે હતો.

'સ્ત્રીને દુઃખી થવા માટે એક પુરુષની જરૂર પડે છે, પણ સુખી થવા માટે એનું કામ અને આત્મવિશ્વાસ સિવાય કશાયની જરૂર નથી પડતી.' શ્વેતાએ સ્મિત કર્યું:

'કમનસીબે આ વાત મને હવે સમજાઈ ગઈ છે.'

'નિખિલ બહાર આવશે પછી શું થશે એની ખબર છે તને?'

'શું થશે?' શ્વેતાની આંખોમાં અજબ જેવો આત્મવિશ્વાસ હતો:

'જિંદગીનાં જે થોડાં વર્ષો બાકી રહી ગયાં છે એ મારે હપતાવાર આપઘાતની જેમ નથી જીવવાં. હું પૂરા શ્વાસ ભરીને બચેલી જિંદગી જીવવા માગું છું.'

'વેલ, તેં નક્કી જ કરી લીધું હોય તો મને કોઈ વાંધો નથી, પણ નિખિલ પાસેથી એલીમની-ભરણપોષણ માટે કંઈ ન લેવાની તારી જીદ...'

'એ જીદ નથી. છેલ્લી ઇચ્છા છે મારી.' શ્વેતાએ સહેજ ગળું ખોંખાર્યું:

'કાલે સવારે મરી જાઉં તો અગ્નિસંસ્કાર થઈ શકે એટલા પૈસા મારા ખાતામાં નિખિલને પરણી એ પહેલાં પણ હતા અને આજે પણ છે.' શ્વેતા ઊભી થઈ ગઈ:

'હું ડિવોર્સના પેપર્સ સોમલને આપીને આવી છું. નિખિલને એન્વલપ મળી ગયું હશે.'

પ્રતિમા ઊભી થઈ. એ શ્વેતાને ભેટી પડી:

'ડિપ્રેશનની શિકાર બનેલી તારા જેવી પેશન્ટ જ્યારે આ ભાષામાં અને આટલા આત્મવિશ્વાસ સાથે વાત કરે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ત્યારે એમાં અમારા કરતાં વધારે અમારા પેશન્ટની જીત છે એવું મારે સ્વીકારવું જોઈએ. આઈ એમ પ્રાઉડ ઓફ યુ.'

અત્યાર સુધી સંઘરી રાખેલું શ્વેતાનું રુદન અચાનક જ છૂટી ગયું. એ પ્રતિમાને ભેટીને રડતી રહી. પ્રતિમા એની પીઠ પર હાથ ફેરવતી રહી. શ્વેતાને ખબર જ નહોતી, પણ રડતાં રડતાં એ વારંવાર બોલતી હતી:

'આઈ લવ હિમ... આઈ લવ નિખિલ...'

*

પધારો... બડી દેર કી મહેરબાઁ આતે આતે...

જેલ ઓફિસમાં નિખિલ જ્યારે દાખલ થયો ત્યારે ત્યાં કેદીનાં કપડાંમાં આરામથી જેલરની ખુરશી પર બેઠેલા ઓમ્ને જોઈને એ ચોંક્યો હતો.

'તું અહીં શું કરે છે?'

સવાલ તો પુછાઈ ગયો, પણ નિખિલને તરત સમજાયું કે ઓમ્ અહીં ન હોય તો ક્યાં હોય? નિખિલના અહીં આવવાના સમાચાર સૌથી પહેલાં ઓમ્ને મળ્યા હશે...

ડાબી-જમણી તરફના ફોટા, પાટી પકડીને લખાયેલો નંબર દેખાડતા કાચી જેલ માટેના ફોટાની વિધિ પૂરી થઈ પછી અંદર જતાં પહેલાં નિખિલની સાથે આવેલી બૅગ તપાસવામાં આવી.

બે જોડી કપડાં, બ્રશ, ટૂથપેસ્ટ જેવી વસ્તુઓની સાથે સાથે એક એન્વલપ પણ બૅગમાંથી બહાર નીકળ્યું. જેલના સંત્રીએ એ એન્વલપ બતાવીને નિખિલને પૂછ્યું:

'આ શું છે?'

'આ?'

નિખિલે નજીક આવીને એન્વલપ પોતાના હાથમાં લીધું. કૅલિગ્રાફીમાં શ્વેતા શ્રોફ લખેલું એ ખાદીપેપરનું કવર સોમલે એને બે દિવસ પહેલાં આપ્યું હતું, પણ જયેશના ટૉર્ચર અને કોર્ટની મથામણ વચ્ચે નિખિલને એ એન્વલપ ખોલવાનું યાદ જ નહોતું આવ્યું.

એણે એ એન્વલપ સંત્રીના હાથમાંથી લઈ લીધું.

'હું જરા જોઈ લઉં?' એણે બાજુની ખુરશી પર બેઠેલા જેલરને પૂછ્યું.

'જરૂર... જરૂર.' જેલરે સાવ શાંતિથી ઠંડા કલેજે જવાબ આપ્યો.

નિખિલે એન્વરલપ હાથમાં લઈને ખોલ્યું. એન્વેલપ ખોલતાં જ નિખિલના પગ નીચેથી જમીન સરકી ગઈ. એણે ધાર્યું હતું કે આ એન્વલપની અંદર શ્વેતાએ એને કોઈ ઈમોશનલ પત્ર લખ્યો હશે. વીતેલાં વર્ષોનાં લેખાંજોખાં, ફરિયાદો કે હિસાબો હશે, પણ આમાં એવું કશું જ નહોતું. આ એન્વલપની અંદરથી મ્યુચ્યુઅલ કન્સેન્ટથી ડિવોર્સ માગતા શ્વેતાના વકીલે તૈયાર કરેલાં કાગળો હતાં. નિખિલ પાસેથી કશું જ નથી જોઈતું એવા લખાણ સાથે શ્વેતાએ પોતાને આ લગ્નમાંથી છૂટા કરવાની માગણી કરી હતી. કારણોમાં વિચારોના ભેદ, માનસિક તણાવ અને પોતાની આ લગ્નમાં ટકી રહેવાની અશક્તિ જાહેર કરાઈ હતી.

પાંચેક મિનિટ સુધી નિખિલ આ કાગળો વાંચતો રહ્યો. એના બદલાતા હાવભાવ પરથી સ્પષ્ટ થઈ ગયું કે કાગળોમાં કશુંક એવું હતું, જેનાથી નિખિલને ભયાનક આઘાત લાગ્યો હતો...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'સાહેબ, જઈશું અંદર?' જેલરે પ્રમાણમાં નમ્રતા રાખીને, પૂરી સત્તા સાથે કહ્યું.

'હા...' નિખિલે પેલા કાગળો વાળીને એન્વલપની અંદર મૂકીને સંત્રીના હાથમાં આપી દીધાઃ

'આને મારા સામાનની સાથે જ રાખો.' એ જેલરની સાથે અંદરની તરફ ચાલવા લાગ્યો.

ઓમ હજી ત્યાં જ જેલરની ખુરશી પર બેઠો હતો. નિખિલને અંદર જતો જોઈને એણે શેર કહ્યોઃ

*'વો આયે હમારે દર પર ખુદા કી કુદરત હૈ,*
*હમ કભી ઉનકો કભી અપને ઘર કો દેખતે હૈ.'*

આટલું કહી ઓમ્ ખુરશીને પાછળ ધકેલીને ઊભો થયો. બેફિકર ચાલે નિખિલ અને જેલરની પાછળ જતાં જતાં ઓમે સંત્રીના ખભે ધબ્બો માર્યોઃ

'આજે સાંજે સ્પેશિયલ શો છે... ડ્યૂટી ખતમ કરીને આવી જજે, મજા કરવા.'

*

નિખિલ જ્યારે જેલના મુખ્ય ચોગાનમાં દાખલ થયો ત્યારે એની અંદર કશુંક ચૂંથાતું હોય એવું એને લાગ્યું. નાની નાની બેરેક્સ, બેરેક્સની એક દીવાલ પર સળિયાઓ, ખદ્દરનાં પીળાં પડી ગયેલાં કપડાં પહેરીને રખડતા કેદીઓ, એક તરફ નળ પર લાંબીલચક લાઇન ને બીજી તરફ સવારના ભોજન માટે ટિનની થાળી અને મગ લઈને ઊભેલા કેદીઓની કતાર જોઈને એની હિંમત ડગી ગઈ. અહીં આવ્યો ત્યાં સુધી એણે જાતને તૈયાર કરવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. રૂપિયા-પૈસા વેરીને કોઈ રીતે પોતે પોતાની સગવડોની વ્યવસ્થા ગોઠવી લેશે એવું એણે ધાર્યું હતું, પરંતુ ઓમ્ને જોતાંની સાથે જ એને સમજાઈ ગયું કે એને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવા પાછળ કેટલી મોટી રમત હતી!

નિખિલને જ્યારે બેરેક બતાવવામાં આવી ત્યારે એ સહેજ ઉશ્કેરાઈ ગયોઃ

'હું હાઈપ્રોફાઇલ કેદી છું. મારે માટે સ્પેશ્યલ એરેન્જમેન્ટ...'

'અહીં કોઈ સ્પેશ્યલ નથી.'

'મારા વકીલે ખાસ ઉલ્લેખ કર્યો હતો. મૅજિસ્ટ્રેટે પણ...'

'મૅજિસ્ટ્રેટને તો લખીને છૂટી જવું છે, ભાઈ... બાકી અહીંયાં અમારે...' જેલરે ગાળ બોલી નાખી.

'મારે આ લોકો સાથે રહેવું પડશે?'

'બચ્ચા બોલા દેખકર, મસ્જિદ આલીશાન, અલ્લા તેરે એક કો, ઇતના બડા મકાન.' નિખિલ-જેલરની પાછળ પાછળ આવેલા ઓમે હાથ ઊંચા કરીને આળસ ખાધીઃ

'સાહેબ, આ જેલ છે, ફાઇવસ્ટાર હોટેલ નથી.'

આ સવારનો સમય હતો. કેદીઓના છૂટા રહેવાનો સમય. બેરેકની બહાર પોતપોતાનાં કામ કરી રહેલા કેદીઓ ધીમે ધીમે એકઠા થવા લાગ્યા. છાપાંઓ અને મૅગેઝિન્સમાં નિખિલ શ્રોફને જોઈને એને ઓળખી લેનારા થોડા કુતૂહલથી, તો થોડા ઉશ્કેરાટમાં આસપાસ જમા થવા લાગ્યા હતા.

'અરે, આ સાબ' ઇચ્છે તો અહીંયાં પણ સગવડો ઊભી કરી શકે, નહીં સાહેબ?!' એક કેદીએ ટોણો માર્યો. ત્યાં ઊભેલું આખું ટોળું હસી પડ્યું. નિખિલનો ચહેરો તમતમી ગયો, પણ એ જાણતો હતો કે અત્યારે અહીંયા કશું બોલવાનો અર્થ નથી... આસપાસ ઊભેલું ટોળું એને એ રીતે જોઈ રહ્યું હતું જાણે ઝૂમાંથી છૂટેલું કોઈ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પ્રાણી હોય. નિખિલને આ નજરથી ત્રાસ થતો હતો. જેલરે બતાવેલી જગ્યાએ દાખલ થઈને એણે પોતાનો કામળો, મગ અને બીજી વસ્તુઓ મૂકી દીધી. એણે બેરેકમાં આસપાસ નજર નાખી. કોલસાથી ચીતરાયેલાં સ્ત્રીશરીરો, લખાયેલાં કેટલાંક નામો, તારીખો... બેરેકમાં ગંદકી હતી, પણ લોકઅપના પ્રમાણમાં જગ્યા ચોખ્ખી હતી.

નિખિલ પોતાની જગ્યાએ દીવાલને ટેકો દઈને ગોઠવાઈ ગયો. એણે પગ લંબાવીને આંખો મીંચી દીધી. એની મીંચાયેલી આંખો સામે એને સૌથી પહેલો જે ચહેરો દેખાયો એ શ્વેતાનો હતો...

'મને યાદ કરે છે?' એ ચહેરો એને પૂછતો હતો:

'માણસની જિંદગીના ભૂત-ભવિષ્ય અને વર્તમાનને એકબીજા સાથે જોડી રાખતી એક જ વસ્તુ છે, સ્મૃતિ! જિવાઈ ગયેલા સમયને શાંતિથી રિવાઇન્ડ કરીને જો નિખિલ... ઈશ્વરે આ સમય કદાચ તને એટલા માટે જ આપ્યો છે કે તારી અવિરત દોડ અટકે અને તને સમજાય કે આ હરીફાઈમાં તેં એકલાએ જ દોડ્યા કર્યું... હવે તારી જીતની સફળતાને ઊજવવા કે તારી હારની નિષ્ફળતાને આશ્વાસન આપવા તું એકલો જ બચ્યો છે...'

નિખિલે ડરીને આંખો ખોલી નાખી. સામે ઓમ્ ઊભો હતો. એણે સ્મિત કર્યું:

'હમણાં આરામ કરી લો, નિખિલ શ્રોફ. એક વાર ગીનતી પૂરી થાય અને કેદીઓ બેરેકમાં પાછા જાય પછી આપણે નિરાંતે મળીએ.'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 73

'શું થયું?'

અચાનક નેહાને રડતી રડતી ઘરમાં દાખલ થતી જોઈને ડ્રોઇંગ રૂમમાં બેઠેલી આરોહીએ એને પૂછી લીધું:

નેહા ડોકું ધુણાવીને ઉપર ચાલી ગઈ. રસોડામાંથી લંગડાતા પગે બહાર આવીને શ્રદ્ધાબહેને સીડી ચડી રહેલી નેહાને અટકાવી:

'કોર્ટમાં શું થયું?'

'નિખિલ શ્રોફને બેલ નથી મળી. એને જ્યુડિશિયલ કસ્ટડીમાં એટલે... કાચી જેલમાં મોકલી આપ્યો છે.'

'હાશ, ભગવાન! તેં મારું સાંભળ્યું ખરું.'

'ઓહ... તો તું એટલા માટે રડે છે?' આરોહીએ સળગતી દીવાસળી છૂટી ફેંકી:

'મને તો એમ કે આવા સમાચાર સાથે તું મીઠાઈ લઈને આવીશ.'

નેહાએ લાલચોળ આંખે આરોહી સામે જોયું:

'નિખિલ શ્રોફની બેલ નથી થઈ એટલે નથી રડતી, હું.'

'તો?'

'મારો અંગત પ્રશ્ન છે.'

'એવો તે કેવો અંગત પ્રશ્ન છે કે ઘરનાં લોકોને પણ ન કહી શકે?' એણે વધુ સળગાવવાનો પ્રયાસ કર્યો:

'તું અમને અંગત ન ગણતી હોય તો જુદી વાત છે.'

'સોમલ સાથે મારે જરા બોલવાનું થયું.'

'એ તો વધુ સારું થયું. ટાઢે પાણીએ ખસ ગઈ.' આરોહીએ શ્રદ્ધાબહેન સામે જોઈને એમને ઉશ્કેર્યાં:

'આમેય દુશ્મનના દીકરા સાથે વળી દોસ્તી થોડી હોય?'

નેહાએ પહેલાં જવાબ આપવાનું વિચાર્યું. પછી એક અક્ષર બોલ્યા વિના એ ઉપર જતી રહી.

'જોયુંને? જવાબ નથી એની પાસે.'

શ્રદ્ધાબહેન એને ઉપર જતી જોઈ રહ્યાં. કેસરે આટલું બધું સમજાવ્યા છતાં શ્રદ્ધાબહેનના મનમાં આ દોસ્તી વિશે એક સવાલ હતો. એમને નેહા અને સોમલની આ દોસ્તી કોઈ રીતે ગળે ઊતરતી નહોતી. એમનો હિસાબ સાદો હતો, માણસ કાં તો દોસ્ત હોય, કાં તો દુશ્મન ને દુશ્મનનું કુટુંબ પણ દુશ્મન જ હોય. એ બેની વચ્ચેનો કોઈ સંબંધ એમને સમજાતો નહોતો.

હીંચકે બેઠેલા ગુલાબસિંહ આ સંવાદ શાંતિથી સાંભળી રહ્યા હતા. નેહા ઉપર ચાલી ગઈ એટલે એમણે છેલ્લો ફટકો માર્યો:

'વહુ, એ કહે ને તમે સાંભળ્યા કરો... બાકી સોમલ સાથે ઝઘડો કઈ વાત પર થયો? ગઈ કાલે એના બાપની મદદ કરવા દોડી હતી. આપણો કેસર જીત્યો એટલે પેલાએ આને મણ-મણની જોખાવી હશે...' એમણે આરોહી સામે જોયું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘રડે નહીં તો કરે શું?’

‘તમારે કેસરને ચોખ્ખું કહેવું જોઈએ.’ આરોહીએ સાસુને ચડાવ્યાં:

‘કેસર તો ભોળો છે, પણ તમે તો અનુભવી છો. તમને નથી દેખાતું કે આ છોકરી અહીં શું કરવા આવી છે?’

‘એને નહીં દેખાય... હમણાં અમારાં આ વહુ કેસરની આંખે ભાળે છે ને કેસર આ નખરાળીના પ્રેમમાં આંધળો ભીંત થઈ ગયો છે.’ ગુલાબસિંહનું વાક્ય પૂરું થાય એ પહેલાં કેસર ઘરમાં દાખલ થયો.

‘કોન્ગ્રેચ્યુલેશન...’ આરોહી જાણે કેસરના આવવાની રાહ જ જોઈ રહી હતી:

‘નિખિલ શ્રોફ જેલભેગો થઈ ગયો, એમ ને?’

‘હમ્મ્...’ વધુ જીભાજોડી કર્યા વગર કેસર ઉપર જવા લાગ્યો.

‘તમારાં મૅડમ ગુસ્સામાં છે.’

‘ખબર છે.’ કેસરે જવાબ આપવાનું ટાળ્યું.

‘રડતી રડતી આવી અને સીધી ઉપર જતી રહી છે.’ શ્રદ્ધાબહેન લંગડાતા પગે નજીક આવ્યાં:

‘નિખિલ શ્રોફના જેલમાં જવાનું એને આટલું બધું દુઃખ થયું? એ આપણી સાથે છે કે પેલા સોમલની સાથે?’

‘મમ્મી, નિખિલ શ્રોફ એનો બોસ છે!’ આરોહીએ બહુ જ ઇરાદાપૂર્વક કહીને જીભ કચડી:

‘આઈ એમ સોરી, બોસ હતો.’

‘કેસર, મને એવું લાગે છે કે આ છોકરી પર બહુ ભરોસો કરવા જેવો નથી.’

‘હું તો ક્યારની કહું છું, પણ આ ઘરમાં મારું તો કોઈ માનતું જ નથી.’

‘ગરીબનું ભિખારી નો માને, બેટા.’ ગુલાબસિંહ માટે તો બોલવાનો એકેએક અવસર આ ઘરમાં ચિનગારી ચાંપવાની તક જેવો હતો.

હવે કેસરને લાગ્યું કે જવાબ આપ્યા વિના નહીં ચાલે એટલે એ શાંતિપૂર્વક શ્રદ્ધાબહેનની નજીક ગયો:

‘મા, નિખિલ શ્રોફની બેલ ન થઈ એટલે નથી રડતી નેહા. એને સોમલ સાથે ઝઘડો થઈ ગયો.’

‘બહુ સારું થયું.’ શ્રદ્ધાબહેને તરત જ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો:

‘મને તો આ દોસ્તી ગમતી જ નહોતી.’

‘મને પણ...’ આરોહીએ પોતાના તરફથી વાતમાં ઝેરનું ટીપું નાખ્યું:

‘સોમલ માટે સ્ત્રી એટલે પથારીમાં ઘસડી જવાની એક વસ્તુથી વધારે કંઈ નથી.’ આરોહીએ અર્થપૂર્ણ નજરે કેસર સામે જોયું. કેસરની નજર આપોઆપ ઝૂકી ગઈ. શ્રદ્ધાબહેન આ નોંધ્યા વિના ન રહી શક્યાં.

‘જો મા, મેં પહેલાં પણ કહ્યું છે કે હું નેહા અને સોમલની વચ્ચે નહીં આવું.’

‘તો પસ્તાઈશ.’ શ્રદ્ધાબહેનનો અવાજ ઊંચો થઈ ગયો:

‘તું સમજતો કેમ નથી, કેસર? એ છોકરીએ તને આંધળોભીંત કરી નાખ્યો છે.’ પોતાનો શબ્દ વપરાયેલો સાંભળીને ગુલાબસિંહના ચહેરા પર લુચ્ચું સ્મિત રમી ગયું. પોતે વહુના મગજમાં નાખેલી શંકા ધીમે ધીમે હાથ-પગ ફેલાવવા લાગી હતી એ જાણીને એમને મજા પડી ગઈ.

‘હું માનું છું કે તારે...’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આરોહીની વાત કેસરે વચ્ચે જ કાપી નાખી:

'તું શું માને છે એ મારે નથી જાણવું, આરોહી. મને ખબર છે કે નેહા સાચી છે. મને એવી ખાતરી છે કે નેહા ક્યારેય મારી સાથે કે આ ઘર સાથે કોઈ પ્રકારની છેતરપિંડી ન જ કરી શકે.' કેસર પગથિયાં ચડીને ઉપર પોતાના રૂમમાં સડસડાટ ચાલી ગયો.

'જોયું, હવે તો તમારી વાત પણ નથી સાંભળતો!' આરોહીએ ખૂબીપૂર્વક સળગતું લાકડું શ્રદ્ધાબહેન તરફ ફંગોળ્યું...

*

નેહા સાથે ઝઘડીને પોતાના રૂમમાં ચાલી ગયેલો સોમલ કપાયેલા ઝાડની જેમ પલંગ પર પછડાયો. એનો ઉદ્‌બેગ પરાકાષ્ઠાએ હતો. નેહા સાથે જે કંઈ થયું એ પછી હવે એ સાવ એકલો હતો. પહેલાં શ્વેતા અને હવે નેહા... સોમલની જિંદગીમાં હવે એવું કોઈ નહોતું, જે એનો હાથ પકડીને એને હિંમત આપે, એને સધિયારો આપે, એને આગળ વધવા માટે હિંમત આપે.

આટલા મોટા શ્રોફ વિલામાં આ ક્ષણે એ એકલો હતો...

એણે આંખો મીંચી લીધી. એકલતાનો ભય અને પરાજિત થયાની કડવાશ એની અંદર વિસ્તરવા લાગી. એની આંખોમાંથી આપોઆપ આંસુ સરવાં લાગ્યાં. પોતાની જ અસહાયતા પર એને ગુસ્સો આવવા લાગ્યો.

કેટલાય કલાકો સુધી એ પોતાના પલંગમાં પડી રહ્યો. બહાર કાચની બારીમાંથી દેખાતો દરિયો ઉછાળા મારતો હતો. ધીમે ધીમે સૂરજ ડૂબ્યો અને સાંજ ઢળી. સોમલના ઓરડામાં આવતો સોનેરી પ્રકાશ પહેલાં કેસરી થયો અને પછી ગાઢ અંધકારમાં બદલાઈ ગયો. લાઇટ કર્યા વગર એ પોતાના પલંગમાં પડી રહ્યો હતો.

'બાબા, જમવાનું...'

એમના ઘરનો સૌથી જૂનો નોકર હિંમત કરીને સોમલને પૂછવા આવ્યો હતો.

'મારે નથી જમવું.'

'સાહેબને તો મોકલવું પડશેને?'

'ઓહ!'

એને અચાનક ખ્યાલ આવ્યો કે અંધારું થઈ ગયું હતું. જેલમાં જમવાનું કેટલા વાગ્યે મોકલવાનું એની એને ખબર જ નહોતી. એ ઉશ્કેરાટમાં નીકળ્યો ત્યારે પૂછવાનું ભુલાઈ ગયું હતું.

'તમે કંઈ પણ બનાવી દો. હું તરત નીકળું છું.'

'ટિફિન તો ભરી દીધું છે, બેટા.'

સોમલ મોઢા પર પાણી છાંટીને વાળમાં આંગળી ફેરવતો સડસડાટ નીચે ઊતર્યો. ટિફિનની બાસ્કેટ લઈને એણે ગાડી મારી મૂકી. મુંબઈનો સાંજનો ટ્રાફિક ભયાનક હતો. અંધારું વધુ ને વધુ ગાઢું થતું જતું હતું. મહાલક્ષ્મી સાત રસ્તા પસાર કરીને આર્થર રોડ પહોંચતાં સુધીમાં સોમલનું મગજ ફાટ ફાટ થવા લાગ્યું.

એ ટિફિન લઈને જેલના દરવાજે પહોંચ્યો ત્યારે આઠ વાગ્યા હતા.

'નિખિલ શ્રોફનું ટિફિન છે.'

'આવતી કાલનું?' સંત્રી હસ્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ચાર વાગ્યા પછી અંદર ટિફિન નથી જવા દેતા.’

‘સાંજનું ટિફિન ચાર વાગ્યે?’

‘સાહેબ, સાડા પાંચે તો બેરેક બંધ થઈ જાય... ગીનતી પૂરી થાય ત્યાં સુધીમાં જમી લેવું પડે.’ એણે ડોકાબારી બંધ કરવા માંડી:

‘હવે કાલે આવજો, સાડા નવ વાગ્યે.’

‘પણ...’ સોમલનું ગળું ભરાઈ આવ્યું:

‘એ શું ખાશે?’

‘એમણે તો જમી લીધું હશે ક્યારનું. બેરેક બંધ થયાને પણ બે કલાક થવા આવ્યા.’ ધડ દઈને ડોકાબારી બંધ થઈ ગઈ.

સોમલને ત્યાં બેસીને રડી પડવાનું મન થઈ ગયું. નિખિલે શું ખાધું હશે... કઈ સ્થિતિમાં હશે એનો વિચાર સોમલને ગૂંગળાવતો હતો. એણે પોતાનો ફોન ઉપાડ્યો. એક નંબર કી-ઇન કર્યો.

‘મોમ...’ સોમલનો અવાજ સાંભળીને શ્વેતા ધ્રૂજી ગઈ.

‘સોમુ... શું થયું?’

‘મને મોડું થઈ ગયું, મોમ. ડેડનું ટિફિન...’

‘તું ક્યાં છે?’

‘આર્થર રોડ જેલની બહાર ઊભો છું. એ લોકો ટિફિન લેવાની ના પાડે છે.’ એણે માંડ માંડ જાત પર કાબૂ રાખવાનો પ્રયત્ન કર્યો:

‘ડેડ... ભૂખ્યા હશે.’

‘કંઈ વાંધો નહીં, બેટા. હવે તો શું થઈ શકે?’

શ્વેતાના હૃદયમાં પણ શારડી ફરી વળી. લાંબા-પહોળા ડાઇનિંગ ટેબલ ઉપર વાનગીઓ સાથે જમવા ટેવાયેલો માણસ આજે ટિફિન વગર રહી ગયો એ વિચાર એને માટે પણ અસહ્ય હતો. એની આંખો સહેજ ભીની થઈ ગઈ:

‘તું ઘેર જઈને જમી લે.’

‘ઘેર જવાનું મન નથી થતું.’

માના હૃદયને સોમલ પાસે દોડી જવાનું મન થઈ આવ્યું, પણ એણે ક્ષણભર માટે વિચાર કર્યો. પછી ધીમેથી કહ્યું:

‘નેહાને ફોન કર. તમે બંને ક્યાંક બહાર જઈને જમી આવો, બેટા.’

‘નેહાએ દગો કર્યો, મોમ.’ ક્યારનાં ખાળી રાખેલાં આંસુ હવે વહી નીકળ્યાં:

‘મને છેતર્યો એણે.’

‘નેહાએ?’ શ્વેતાના અવાજમાં અવિશ્વાસ હતો:

‘એ છોકરી તને ક્યારેય ના છેતરે સોમલ, તને શું કામ? એ કોઈનેય છેતરે એવી છોકરી નથી.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મારી સાથે રહીને ડેડની બેલ કરાવવામાં મદદ કરતી રહે એ ને બીજી તરફ પેલાને...’ સોમલનું ગળું રૂંધાઈ ગયું.

‘ના, બેટા... કંઈ ભૂલ થાય છે.’

સોમલની સાથે આ દોસ્તને ઊછરતી શ્વેતાએ જોઈ હતી. એ છોકરીના સંસ્કાર, એનો ઉછેર અને એમાંથી નીખરેલા એના વ્યક્તિત્વથી શ્વેતા હંમેશાં પ્રભાવિત થઈ હતી:

‘તું એની સાથે વાત કર. એને સીધા સવાલો પૂછ, એ છોકરી જુઠ્ઠું નહીં બોલે.’

‘મોમ...’

‘બેટા, આ સમયમાં નેહા સાથે સંબંધ તોડવો એ મોટી બેવકૂફી હશે.’

‘સંબંધ તો તૂટી ગયો... એ આવી હતી વાત કરવા, પણ...’ હવે સોમલને પણ થોડો અફસોસ થયો. વાત કર્યા વગર જ નેહા સાથે થઈ ગયેલો ઝઘડો પોતાનું ઉતાવળું પગલું હતું એવું એને પણ લાગ્યું.

‘કંઈ વાંધો નહીં. હું હમણાં જ જાઉં છું એની પાસે.’

‘પણ એ તો કેસરને ઘેર રહે છે, મોમ.’

‘તો? હું કેસરને ઘેર ના જઈ શકું?’

શ્વેતાની નજર સામે શ્રોફ વિલામાં એકલી-અટૂલી ઊભેલી એક નમણી છોકરી આવીને વિલીન થઈ ગઈ. એણે લગભગ સ્વગત કહ્યું:

ખરેખર તો મારે કેસરને ક્યારનું મળી લેવું જોઈતું હતું, પણ ઈશ્વરે કદાચ આ જ સમય નિર્ધારિત કર્યો હશે.

એનું ગળું પણ ભરાઈ આવ્યું, આંખો ભીની થઈ ગઈ:

‘હું કહું છું બેટા, કે થોડી વારમાં નેહા તને મળવા આવશે.’

*

સૌ પોતપોતાની થાળી લઈને લાઇનમાં ઊભા હતા. સામે મૂકેલા ટેબલની પાછળ ઊભેલા ચાર કેદીઓ વારાફરતી સૌની થાળીમાં ખાવાનું પીરસતા હતા. નિખિલ એક ખૂણામાં ઓટલા પર બેઠો હતો.

‘ચલો, શ્રોફસાહેબ, ડિનર ટાઇમ!’ ઓમ્ એની પાસે પહોંચી ગયો.

‘મારે નથી ખાવું.’

‘ઉપવાસ પર ઊતરશો તો હાડકાં ઓગળી જશે.’ ઓમ્ હસતો ત્યારે પરાણે વહાલો લાગે એટલો મીઠડો દેખાતો:

‘પછી કેસર સાથે લડશો કેવી રીતે?’

‘મારું ટિફિન નથી આવ્યું આજે.’

‘તો જેલનું જ ખાઈ લો.’ એણે જરા દાઢમાંથી કહ્યું:

‘આમેય જેલની હવા તો ખાવ જ છો, હવે ખાવાનું પણ ચાખી જુઓ.’

થોડે દૂર બેસીને જમી રહેલા કેદીની થાળીમાં નિખિલે નજર નાખી. પાણી જેવી દાળ, કાચી રોટી અને જાડા ચોખા જોઈને એને કમકમાટી થઈ ગઈ. નિખિલના ચહેરા પર દેખાતા ઘૃણાના ભાવ ઓમ્થી છાના ન રહ્યા:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘દેવરાજસિંહને આ જ ખાવાની ફરજ પાડી હતી તેં... હવે તારો વારો છે.’

‘હું નહીં ખાઉં આ.’

‘કેટલા દિવસ નહીં ખાય?’ ઓમ્નો ચહેરો બદલાઈ ગયો:

‘તારો છોકરો જાતે ટિફિન લઈને નહીં આવી શકે અહીંયાં.’

‘એટલે?’ નિખિલ દલીલ નહોતો કરવા માગતો છતાં એનાથી પુછાઈ ગયું.

‘એટલે એમ કે ટિફિન તો બહાર જ આપી દેવું પડશે. અંદર સુધી ન પહોંચે એવી વ્યવસ્થા પણ થઈ શકે છે.’ સોહામણો ઓમ્ અત્યારે રાક્ષસ જેવો દેખાતો હતો:

‘જેલની બહારની દુનિયામાં તેં રાજ કર્યું છે, પણ જેલની અંદરની દુનિયા અલગ છે, નિખિલ શ્રોફ. તારા અહંકારની સામે અહીંયાં ઓમ્કાર છે.’

નિખિલ એક પણ અક્ષર બોલ્યા વિના ત્યાંથી ઊઠીને ચાલ્યો ગયો. ઉશ્કેરાયેલો ઓમ્ એની પાછળ જતો હતો ત્યાં માજિદભાઈનો હાથ એના ખભે મુકાયો.

‘ઓમ્, આ માણસ જિંદગીભર અહીંયાં નથી રહેવાનો. સજા નક્કી નથી થઈ... બહાર નીકળીને તને કે તારા બાપને...’

‘માજિદભાઈ, એવો ડર લાગતો હોત તો મેં લાશો ઢાળી હોત? મારા દોસ્તને એણે ખૂબ રંજાડ્યો છે.’

‘તો બદલો તારા દોસ્તને લેવા દે. અમારે ત્યાં અંડરવર્લ્ડમાં એક નિયમ છે... જેનો શિકાર હોય એણે જ મારવાનો!’

‘કેસરથી આ બધું નહીં થાય. હું જાણું છું એને.’

‘જો બેટા, વેરની આગ એટલી તો સળગવી જ જોઈએ કે લોહી ગરમ થઈ જાય. કેસરનું લોહી જો ઊકળે નહીં તો એનો અર્થ એવો થાય કે એનું વેર હજુ પૂરેપૂરું સળગ્યું નથી.’

‘પણ...’

‘બુઝુર્ગ છું. તારાથી વધારે દુનિયા જોઈ છે. બીજાની લડાઈ નહીં લડ.’

‘પણ માજિદભાઈ, આને અહીં પિકનિક પર તો નથી લાવ્યાને? સાવ...’

‘તારે જે કરવું હોય તે કર, પણ એક વાત સમજી લે. વેર અને સ્વમાન આ બે શબ્દ ક્યારેય બીજાના ન હોઈ શકે. તું ગમે તે કરીશ, કેસરના આત્મા પર પડેલા ઘા નહીં રુઝાય.’ એમણે ધીમેથી ઉમેર્યું:

‘જો ઘા પડ્યા હશે તો એને રુઝવવાનો મલમ પણ કેસરે જાતે જ ઊભો કરવો પડશે.’

‘કેસર અહીંયાં ક્યાંથી આવવાનો?’

માજિદ ખડખડાટ હસી પડ્યો:

‘જેમ તું બહાર જઈને પાછો આવે છે એમ કેસર પણ અંદર આવી જ શકે!’

‘એટલે આજે રાત્રે એને અહીં લાવવો, એમ?’

‘જો ખરેખર એના વેરની તૃપ્તિ ઇચ્છતો હોય તો બોલાવવો જ પડે.’ માજિદે ઓમ્ના ખભે હાથ મૂક્યો:

‘જ્યાં સુધી ખુદ છાતી ચીરીને લોહી નહીં પીએ ત્યાં સુધી તારા કેસરની પ્યાસ નહીં બુઝે એટલું યાદ રાખજે.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'હં...' ઓમ્ વિચારમાં પડી ગયો. એણે વિચાર્યું હતું કે સાંજે પોતે જ નિખિલને પાઠ ભણાવી દેશે, પણ માજિદની વાત સાંભળ્યા પછી એનું મગજ ચકરાવે ચડ્યું. માજિદની વાત ખોટી નહોતી. ખરું પૂછો તો ઓમ્ આ માણસને જેટલું ઓળખતો હતો એટલું ફક્ત કેસરની પાસેથી નિખિલ વિશે સાંભળેલી વાતો જ હતી. નિખિલ સાથે એનો ક્યારેય સંપર્ક થયો જ નહોતો. પોતે શું કામ એને હેરાન કરે? આ વેર કેસરનું હતું અને કેસરે જ એને પહોંચી વળવાનું હતું.

*

'રડવાથી કંઈ નહીં થાય.'

કેસર એની બાજુમાં બેસીને રડતી નેહાને અસહાય થઈને જોઈ રહ્યો હતો. ભલભલી પરિસ્થિતિમાં અડીખમ રહેતી આ છોકરી આજે ઢીલી પડી ગઈ હતી. સોમલ સાથે જે કંઈ થયું એ પછી નેહા એનાથી બહુ વ્યથિત હતી.

'તારે ત્યાં જવાની શી જરૂર હતી?' નેહાએ રડતાં રડતાં બરાડો પાડ્યો.

'મહાદેવ ઠક્કરને બાટલામાં લેવાનો બીજો કયો ઉપાય હતો મારી પાસે?'

'તેં કર્યા-કારવ્યા પર પાણી ફેરવી દીધું.'

'અત્યારે તું ગુસ્સામાં છે, નેહા... પણ તને એટલું ચોક્કસ સમજાશે કે આપણે બંને પોતપોતાની લડાઈ લડતાં હતાં. જેમ મેં તને નથી રોકી એમ તને પણ મારા પર ગુસ્સે થવાનો કોઈ અધિકાર નથી.'

'હું ઇચ્છતી હતી કે નિખિલ શ્રોફની બેલ થઈ જાય.'

નેહાએ પાસે પડેલું ટિસ્યૂ લઈને નાક સાફ કર્યું. પછી લાલ થઈ ગયેલી આંખો કેસરના ચહેરા પર સ્થિર કરી:

'એને પૂરી રાખીને શું મળશે તને? મેદાનમાં આવશે તો યુદ્ધ થઈ શકશે.'

'એ પણ થશે જ. જીવનભર નિખિલ પુરાઈ રહેશે એમ માને છે તું?'

'તો પછી...'

'નેહા, એનો અહંકાર તૂટી જવો જરૂરી છે. પોતાની જાતને ઈશ્વરની લગોલગ માને છે એ માણસ. એ જે કંઈ ધારે તે બધું થઈ જ જાય એવો એનો ગર્વ ઓગળી જવો જોઈએ.'

'એ તૂટી જશે પછી એક તૂટેલા-હારેલા માણસ સાથે લડવાની મજા આવશે તને? નિખિલનો અહંકાર તોડવો એ જ તો આપણી લડાઈનું મુખ્ય ધ્યેય હતું. એ બધું જો બીજા લોકો કરી નાખશે તો તું શું કરીશ, કેસર?'

કેસર સહેજ વિચારમાં પડી ગયો. એ નેહા સામે જોઈ રહ્યો. એની વાત ખોટી નહોતી. પહેલાં જયેશ પ્રધાન અને હવે ઓમ્... કેસરને સમજાયું કે પોતે કશું કરે તે પહેલાં જ જો નિખિલ તૂટી જશે તો યુદ્ધ શરૂ થતાં પહેલાં જ હાર-જીતનો ફેંસલો આવી જશે.

'તો... મારે શું કરવું જોઈએ?'

'છૂટો મૂક એને... એના ગઢમાં જઈને હરાવ.' નેહાની આંખોમાં ન સમજાય એવો રોષ હતો:

'એણે નપુંસક કહ્યો તને... તારું પુરુષાતન પુરવાર કરવાની તક તો ઊભી કર.'

નેહા સામે હવે દલીલ કરવાનો કોઈ જ અર્થ નહોતો. સેલ કાઢીને કેસરે આમ્નો નંબર ડાયલ કર્યો.

'બોલ, બચ્ચા...' માજિદનો ઘેરો-ગંભીર-વજનદાર અવાજ સંભળાયો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘ઓમ્ને કહેજો કે નિખિલ સાથે કોઈ માથાકૂટ ન કરે. હું ઇચ્છું છું કે હવે નિખિલ સાથે જે કંઈ કરવાનું છે તે હું જ કરું.’

‘અબ મર્દ કા બચ્ચા બોલા.’ માજિદનું પઠાણી લોહી ઊછળી આવ્યું:

‘શેર કો જંગલ મેં ખુલ્લા છોડ કે શિકાર કરને કા જો મઝા હૈ વો પિંજરે મેં બંધ કર કે મારને મેં નહીં હૈ, બેટા.’

‘આ વાત જો સહેજ વહેલી સમજાઈ હોત તો કદાચ મેં નિખિલની બેલ થવા દીધી હોત.’ એણે નિખાલસતાથી કહી દીધું.

‘અભી ભી દેર નહીં હુઈ, બચ્ચા... જા ઉસકે વકીલ કે પાસ ઔર બોલ ઉસકો કી દોબારા બેલ એપ્લિકેશન કર દે. ઇસ બાર તૂ પથ્થર મત મારના.’

‘ઠીક હૈ...’ એણે ફોન કટ કર્યો. એ નેહા સામે ફર્યો:

‘કહી દે તારા સોમલને, એના બાપની મુક્તિમાં હવે હું અવરોધ નહીં બનું.’ નેહાની નજીક આવીને એના બંને ગાલ પર હાથ મૂકી એણે કપાળ પર ચુંબન કર્યું:

‘નેહા, તું અદ્‌ભુત છે.’

‘કેસર, લોકો શું કહે છે એની મને પરવા નથી. મારે માટે અગત્યનું એ છે કે તારી જીત કોઈ બીજાના ખભે મૂકીને ફોડેલી બંદૂક ન હોવી જોઈએ.’ એણે કેસરના ખભે માથું ઢાળી દીધું:

‘હું સોમલની મદદ કરવા માગતી હતી એ સાચું, પરંતુ એની સાથે સાથે હું ઇચ્છતી હતી કે તું પણ તારી જાતને પુરવાર કરે.’ એની આંખો ફરી ભરાઈ આવી, છતાં એણે છણકો કર્યો:

‘સાલા, એક તો તું જ બધું ગૂંચવી નાખે છે અને ઉપરથી...’

આટલું કહી નેહાએ કેસરને ચૂમી લીધો

*

‘મારા સાવજ, મારા ભોળા દીકરા, તું તો કંઈ સમજતો જ નથી. આ અડધિયો ધીમે ધીમે બધાયનો માલિક થઈ જશે. નિખિલને જેલમાં નખાવીને આવ્યો છે આજે. દેવલો તો ફૂલ્યો નથી સમાતો. ગામ આખાને ટેલિફોન ઠપકાર્યા છે એણે... બધાયના મોઢે કેસરનાં વખાણ કરે છે. તારું તો નામેય નથી લેતો.’

ગુલાબસિંહ કોઈ પણ રીતે બે પૌત્રોને ભેગા થવા દેવા માગતા નહોતા. એ જાણતા હતા કે જે દિવસે અભિમન્યુ કેસરની સાથે થઈ જશે એ દિવસે દેવરાજસિંહના સુખના કિલ્લામાંથી કાંકરોય નહીં ખરે.

‘જઈને કહે તારા બાપને... બાકી ઘેલો થઈને બધુંય લખી નાખશે પેલાના નામે.’

‘મારાથી એવું ન કહેવાય.’

‘ન શું કહેવાય? કહેવું પડે. મોઢું ખોલીને માગીશ નહીં તો માએ નહીં પીરસે, સમજ્યો?’

‘પણ દાદાજી, આવા સંજોગોમાં બાપુ પાસે કંઈ માગું તો એમને...’ અભિમન્યુ અચકાતો હતો:

‘આરોહી કહે છે તે બરાબર છે. ધીમે ધીમે હું કેસરને જ હાથમાં લઉં...’

‘બૈરાંમાંથી મરદ થયો છે. સ્ત્રીચરિત્ર અને પુરુષનો સ્વાર્થ બેય ભેગાં છે એનામાં... કાણી કોડી નહીં પરખાવે તને. હાથે-પગે કાઢશે ત્યારે યાદ કરજે, આ બુઢ્ઢાને.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તમે સમજતા નથી, દાદાજી.’

‘સમજતો તું નથી, મૂરખ...’ એમણે ધીરે રહીને પોતાની સોગઠી મારી.

‘આકાશમાંથી સ્વયં બ્રહ્મા ઊતરી આવશેને તોય તારો કેસર - તારો ભાઈ દેવરાજસિંહને વારસ નહીં આપી શકે. તારી અપસરાને કહે કે દીકરો જણે. ગમે તેમ તોય દેવલા માટે રૂપિયા કરતાં વ્યાજની કિંમત વધુ હશે. ઊતરે છે કાંઈ મગજમાં? એક વાર તારી માના ખોળામાં દીકરો મૂકી દે ને પછી જો મજા. રાજ કરશે તારી રંભા રાજ, સમજાય છે કંઈ?’

અભિમન્યુને આ વાત ગળે ઊતરી ગઈ. ઘરમાં સહુ જાણતા હતા કે કેસર ક્યારેય પિતા બની શકવાનો નહોતો. ગમે તેટલો લાડકો અને વહાલો હોય, પણ કેસર દેવરાજસિંહના વંશને આગળ નહીં ચલાવી શકે. એ એક બાબતમાં પોતે એનાથી આગળ હતો. દાદાજીની આ સલાહ સાંભળીને અભિમન્યુને મજા આવી ગઈ. કેસરને કઈ રીતે પાછો પાડવો એના સત્તર રસ્તા આરોહી એને બતાવતી હતી, પણ ગુલાબસિંહની વાતમાં તથ્ય હતું.

એણે મનોમન ગાંઠ વાળી લીધી. હવે આ વરસમાં બીજું કશુંય કર્યા વગર પહેલાં બાપ બની જવું છે. આમેય ઊછળકૂદ કરતી આરોહી કેટલા દિવસ એની થઈને રહેશે એ વિશે અભિમન્યુને શંકા હતી જ.

‘છોકરું થઈ જાય તો બેય બકરી ડબામાં પુરાઈ જાય. ઓલી રૂપાળી રાધાયે ખીલે બંધાશે ને તારો બાપ તને અછો અછોવાનાં કરશે, સમજ્યો?’

ગુલાબસિંહે જાણે અભિમન્યુનું મન વાંચી લીધું હોય એમ આરોહીની વાતને પણ જોડી દીધી.

*

દેવરાજસિંહ ઝાલાના ઘરમાં ડિનરની તૈયારી થઈ રહી હતી. શ્રદ્ધાબહેન અને આરોહી ટેબલ પર થાળીઓ અને બાઉલમાં કાઢીને જમવાનું ગોઠવી રહ્યાં હતાં.

દેવરાજસિંહ ટેબલ પર બેસીને પુસ્તક વાંચી રહ્યા હતા. ત્યાં અચાનક દેવરાજસિંહ ઝાલાના ઘરનો બેલ વાગ્યો. મહેશે દરવાજો ખોલ્યો.

‘કોણ છે?’

શ્રદ્ધાબહેને રસોડામાંથી પૂછ્યું. જમવાના સમયે કોઈ આવી પહોંચે એ શ્રદ્ધાબહેનને બહુ ગમતું નહીં. જમવાનો સમય નિશ્ચિત હોવો જોઈએ એવું એ માનતાં અને ઘરનાં બધાં સભ્યો એકસાથે નિશ્ચિત સમયે જમે એવો એમનો પ્રયાસ રહેતો.

સામે ઊભેલી વ્યક્તિને જોઈને મહેશ એક પણ અક્ષર બોલી શક્યો નહીં. મહેશને બે-ત્રણ વાર પૂછ્યા પછી જ્યારે જવાબ ન મળ્યો ત્યારે શ્રદ્ધાબહેન બડ-બડ કરતાં બહાર આવ્યાં. દરવાજે ઊભેલી વ્યક્તિને જોઈને એમની પણ વાચા હણાઈ ગઈ. સામે જૂનાં વેવાણ શ્વેતાબહેન હતાં!

શ્વેતાએ બે હાથ જોડીને નમસ્કાર કર્યાં. શ્રદ્ધાબહેન સામે નમસ્કાર કર્યા વિના રહી શક્યાં નહીં.

‘આવો...’ એમનાથી સંસ્કારવશ કહેવાઈ ગયું.

‘હું ખોટા સમયે આવી છું?’

જવાબ આપ્યા વિના શ્રદ્ધાબહેન અંદરની તરફ જવા લાગ્યાં. એમનો અણગમો શ્વેતાને સમજાયો, તેમ છતાં અંદર દાખલ થયા વિના એની પાસે બીજો કોઈ રસ્તો નહોતો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વેઇટિંગ લાઉન્જ જેવો નાનકડો પેસેજ વટાવીને શ્વેતા મેઇન હોલમાં આવી. ડાઇનિંગ ટેબલ પર બેઠેલા દેવરાજસિંહ એને જોઈને ચોંક્યા. હીંચકે બેઠેલા ગુલાબસિંહે પગની ઠેસથી હીંચકો અટકાવી દીધો. રસોડામાંથી બહાર આવેલી આરોહીએ શ્વેતાને જોઈ. ઘરના સહુ સભ્યોના પ્રતિભાવ જોઈને એણે મુખ્ય વક્તાની જવાબદારી ઉપાડી લીધી:

'તમે? નિખિલ શ્રોફને છોડાવવાની વિનંતિ લઈને આવ્યાં હો તો અમને માફ કરો. અમારા કુટુંબે ઘણું સહન કર્યું છે. બાપુજી એક વર્ષ જેલમાં હતા ત્યારે અમે નથી આવ્યાં તમારે ત્યાં વિનંતી કરવા.'

'હું નિખિલને છોડાવવાની વિનંતી કરવા નથી આવી.'

'તો શું કરવા આવ્યાં છો? કેસરને સમજાવવા?'

'ના...' શ્વેતાનો અવાજ સ્થિર હતો, ચહેરો શાંત.

'હું નેહાને મળવા આવી છું. સોમલને એની જરૂર છે. મારો દીકરો સાવ એકલો છે.' કહેતાં કહેતાં શ્વેતાનું ગળું ભરાઈ આવ્યું:

'અત્યારે એકમાત્ર આધાર નેહા છે...'

'લો, સાંભળો...' આરોહીએ ટેલિવિઝન સિરિયલની ચિબાવલી વહુની જેમ ટહુકો કર્યો:

'મેં તો પહેલાં જ કહ્યું હતું કે આ છોકરી આપણી થવાની નથી. હવે તો નિખિલ શ્રોફની બૈરી એને મળવા માટે આપણા ઘર સુધી આવી ગઈ.'

જમવા માટે નીચે ઊતરી રહેલા કેસરે હોલમાં ઊભેલી શ્વેતાને જોઈ. એ એની નજીક પહોંચી ગયો.

'મમ્મી!'

એનાથી આદતવશ કહેવાઈ ગયું. શ્વેતાની આંખો ભરાઈ આવી. એણે કેસરના માથે હાથ મૂક્યો... ઘણા પ્રયત્ન છતાં કેસરની આંખો પણ છલકાઈ ઊઠી. શ્રોફવિલામાં છેલ્લી વાર એ બંને જે રીતે છૂટાં પડ્યાં હતાં એ દૃશ્ય બંનેની આંખો સામે તરવરી રહ્યું...

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 74

દેવરાજસિંહ ઝાલાના ડ્રોઇંગરૂમમાં કેસર અને શ્વેતા શ્રોફ સામસામે ઊભાં હતાં.

એ બંનેની આંખોમાં આંસુ હતાં. શ્વેતાએ સહેજ આગળ વધીને કેસરના માથે હાથ મૂક્યો. કેસરની આંખો છલકાઈ આવી.

એણે વાંકા વળીને શ્વેતાના ચરણસ્પર્શ કર્યા. શ્વેતાએ એને છાતીસરસો ચાંપી દીધો.

'કેસર...' શ્વેતાનું ગળું રૂંધાતું હતું:

'મને માફ કરજે.'

'મા...' કેસર પણ પોતાની જાત પર કાબૂ ન રાખી શક્યો:

'માફી તો મારે માગવાની છે. આજે મારે લીધે જ તો બધું ગૂંચવાયું છે.'

'બેટા, હું એ ગૂંચવણ ઉકેલવા જ અહીં આવી છું.'

શ્રદ્ધાબહેન લંગડાતા પગે આગળ આવ્યાં. એમની આંખોમાં એક વિચિત્ર પ્રકારનો ક્રોધ અને તિરસ્કાર તરવરતાં હતાં.

'સર્વનાશ પછી શું લેવા આવ્યાં છો અહીં? ખરેખર જ્યારે આ ગૂંચ ઉકેલવાની હતી ત્યારે તો તમે કશું ન કર્યું, ને હવે...' એમણે હાથ જોડ્યા:

'તમે મારા દરવાજે ઊભા છો, એટલે હું તમારું અપમાન કરવા નથી માગતી, પણ...' એમના જોડાયેલા હાથ અને ચહેરો સ્પષ્ટ કહી રહ્યા હતા કે આ સ્ત્રીની હાજરી શ્રદ્ધાબહેન અહીં સહી શકતાં ન હતાં.

'શ્રદ્ધાબહેન, હું તમારી લાગણી સમજી શકું છું.' શ્વેતાએ પોતાની વાત કહેવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ત્યાં ઊભેલા સહુના ચહેરા પર એક જાકારો સ્પષ્ટ વંચાતો હતો.

'આ સૌ મને સમજી શકે કે નહીં, પણ કેસર... તું તો...'

'શું ઇચ્છો છો?'

કેસરે પૂછ્યું ત્યારે દેવરાજસિંહ ઝાલાના દીવાનખાનામાં સોપો પડી ગયો. શ્રદ્ધાબહેન, દેવરાજસિંહ, આરોહી, અભિમન્યુ અને ગુલાબસિંહ સહિત સીડી પર ઊભેલી નેહાનો પણ એક ક્ષણ માટે શ્વાસ રોકાઈ ગયો.

હવે શ્વેતા શું માગશે?

કેસર લાગણીશીલ હતો. શ્વેતા અહીં સુધી આવીને કેસર પાસે એવું કંઈ માગી બેસે જેનાથી લગભગ કિનારે આવેલી આ નાવ ડૂબી જશે...

'હું કશું નથી ઇચ્છતી...'

'તો?'

'નેહાને વિનંતી કરવા આવી છું કે સોમલનો સાથ ન છોડે.'

એ સાંભળતાં જ શ્રદ્ધાબહેનનો ચહેરો બદલાઈ ગયો.

'લો, પહેલાં એ આવી, પાછળ પાછળ સોમલ... ને એટલું ઓછું હોય એમ આ પણ...' આરોહીએ પણ પોતાનો ઘા કરવાની તક છોડી નહીં.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘જુઓ બહેન, તમારે નેહાને સાથે લઈ જવી હોય સાથે લઈ જાવ...’ દેવરાજસિંહે જરા કંટાળાપૂર્વક કહ્યું. પછી એમણે કેસર સામે જોયું:

‘અત્યાર સુધી તને કંઈ નથી કહ્યું, પણ આ બાઈ મારાથી સહન નથી થતી. એને જોતાં જ મને નિખિલ શ્રોફ યાદ આવે છે...’

‘નમસ્તે, આન્ટી...’

સીડી ઊતરતાં નેહાએ આ બધું સાંભળ્યું હતું, તેમ છતાં એણે શાંતિથી શ્વેતાને કહ્યું.

‘નેહા...’ શ્વેતા એક ડગલું આગળ આવી. એની આંખો છલકાઈ પડી:

‘સોમલ સાવ એકલો છે... હું પણ હવે એ ઘરમાં નથી રહેતી.’

‘લો, બોલો... સગા દીકરાને મુશ્કેલીના સમયમાં એકલો છોડી દીધો છે, ને પારકી છોકરીને જતિ કરવા નીકળી છે.’ ક્યારના ચૂપચાપ તમાશો જોઈ રહેલા ગુલાબસિંહે મમરો મૂક્યો:

‘તે તમારે ઘર કેમ છોડવું પડ્યું? સોમલનો સાથ આપવાની તમારી ફરજ નથી?’

‘એ અમારો અંગત પ્રશ્ન છે.’

‘વાહ!’ શ્રદ્ધાબહેનના અવાજમાં કડવાશ ધસી આવી:

‘તમારા અંગત પ્રશ્નો તમારા છે, ને અમારી કોઈ અંગત જિંદગી જ નથી. તમને ફાવે ત્યારે અમારા ઘરમાં ધસી આવો... તમારો છોકરો ફાવે ત્યારે ફોન કરે...’

‘બહેન, હું જે જીવી છું એનાં રોદણાં નથી રડવાં મારે, પણ હવે જો એ ઘરની બહાર નીકળીને સ્વમાનથી નહીં જીવું તો મારી જાતને માફ નહીં કરી શકું.’

‘ને, અમારા સ્વમાનની કોઈ કિંમત નહીં?’

શ્રદ્ધાબહેન કોઈ રીતે શ્વેતાને છોડવા તૈયાર નહોતાં. આટલા દિવસથી જે કંઈ થઈ રહ્યું હતું એ બધું જ જાણે અત્યારે વ્યાજસહિત શ્વેતાને પાછું આપવાનું એમણે નક્કી કરી લીધું હતું.

‘માન-સ્વમાનની એમને ક્યાં પડી છે? માણસ તો એમને મન રમકડું છે... ફાવે તેની સાથે સગાઈ કરો... ફાવે ત્યારે તોડી નાખો... ફાવે તેને ખોટા આરોપમાં ફસાવીને જેલમાં નાખો, ને ફાવે તેને ઘરમાંથી તગેડી મૂકો...’

‘આરોહી...’ કેસરને બોલવાની આ રીત ગમી નહીં:

‘આ જે કંઈ થયું એને માટે મા જવાબદાર નથી.’

‘તું નક્કી કર, ભાઈ...’ દેવરાજસિંહ એકદમ અકળાઈ ગયા:

‘તારો એ લોકો માટે બહુ જીવ બળતો હોય તો નિખિલને કહે કે તને દત્તક લઈ લે. મારાથી રોજ રોજના હિચોળા નથી લેવાતા.’

‘બાપુ, મારી દુશ્મની નિખિલ શ્રોફ સાથે છે. એની સાથે જોડાયેલાં બધાં કંઈ મારાં દુશ્મન નથી.’

‘બેટા, દુશ્મની તો બેધારી તલવાર જેવી છે. કોઈ પણ દિશામાંથી વીંઝો, ઘા તો થવો જ જોઈએ. આપણે રજપૂત છીએ. વાણિયાની જેમ તોળી તોળીને, ગણતરીઓ કરીને વેર લેવાનું આપણને ન પોસાય. તું એને જવાનું કહી દે, નહીં તો હું વોચમૅનને બોલાવું.’

‘એ નેહાને મળવા આવ્યાં છે. નેહાને મળીને નીકળી જશે...’ કેસરે છેલ્લો નિર્ણય કરતો હોય એમ કહી નાખ્યું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘બેસો.’

કેસરે જાણે કશું જ ન થયું હોય તેમ શ્વેતાને સોફા પર બેસવા કહ્યું અને પછી સીડી ઊતરીને નીચે આવી ગયેલી નેહા સામે જોયું:

‘મળી લે.’

નેહા નજીક જઈને શ્વેતાની બાજુમાં ગોઠવાઈ ગઈ. બંને જણા થોડી વાર સાવ શાંત રહ્યાં. આટલી બધી ઉગ્ર ચર્ચા પછી કઈ રીતે શરૂ કરવું એ શ્વેતાને સમજાયું નહીં. એણે પ્રયત્નપૂર્વક ધીમેથી કહ્યું:

‘સોમલને તારી જરૂર છે.’

‘હું ગઈ હતી, પણ એણે...’

‘હું જાણું છું, એને ભૂલ સમજાઈ છે. તારી નિષ્ઠા પર શંકા કરીને એણે...’

‘ઝઘડો મારી નિષ્ઠા પર શંકા કર્યાનો નથી.’ નેહાના અવાજમાં જુદા જ પ્રકારની તીવ્રતા ધસી આવી:

‘એણે કેસરની નિષ્ઠા પર શંકા કરી છે. આ એવો છોકરો છે જેણે મને એક સવાલ નથી પૂછ્યો. અત્યારે પણ એણે તમારા સન્માનનો ખ્યાલ રાખ્યો. જેણે પોતાનાં માતાપિતા વિરુદ્ધ જઈને પણ મને સોમલની મદદ કરવા દીધી એને...’ નેહાએ ઊંડો શ્વાસ લીધો:

‘એને નપુંસક કહ્યો, તમારા દીકરાએ!’

‘કેસર અને સોમલમાં એ જ તો ફરક છે, બેટા. એક જણે આખી જિંદગી જાતે નિર્ણયો કર્યા છે, ને બીજાને નિર્ણય કરવા દેવાયો જ નથી. નિખિલના અહંકાર નીચે સોમલ ક્યારનોય કચડાઈને ભુક્કો થઈ ગયો છે.’ શ્વેતાના અવાજમાં ભારોભાર અફસોસ હતો:

‘આમાં મારી પણ ભૂલ છે... મારા ઘરમાં શાંતિ જાળવવાના મોહમાં મેં બેઈમાનીને ઘરમાં ઘુસાડી દીધી એની મને જ ખબર ન રહી.’

કહેવું કે નહીં એનો એક ક્ષણ માટે વિચાર કરીને નેહાએ આખરે કહી જ નાખ્યું:

‘મારા મતે સોમલ વધુ નપુંસક છે. પોતાની પત્નીથી શરૂ કરીને મા, પ્રેમિકા કે દોસ્ત સુધી એક પણ સ્ત્રી સાથે જે સન્માનથી નથી વર્તી શક્યો એ માણસને નપુંસક નહીં તો બીજું શું કહેવાય? એણે નથી એના પિતા સામે અવાજ ઉઠાવીને માના સન્માનની રક્ષા કરી, ન તો પ્રેમિકા સાથે સંબંધ નિભાવી શક્યો. નથી એ પત્નીને સંભાળી શક્યો, અને હવે હું પણ...’

નેહાએ આંખમાં ધસી આવેલાં આંસુને રોકવા નીચલા દાંતથી ઉપરનો હોઠ કચડ્યો. એ ઊભી થઈ ગઈ:

‘સોરી, આન્ટી... હવે આ વાત તમારા કહેવાથી નહીં પતે. સોમલને ખરેખર મારી જરૂર હોય તો એણે અહીં આવીને કેસરની માફી માગવી પડશે.’

હવે શ્રદ્ધાબહેનનો ચહેરો બદલાઈ ગયો. એમણે ગર્વથી ગુલાબસિંહ સામે જોયું. ગુલાબસિંહે નજર ચોરાવીને બીજી તરફ જોઈ લીધું. પછી શ્રદ્ધાબહેને આરોહી તરફ જોયું. એ બંને જે રીતે ખોટાં પડ્યાં એનાથી શ્રદ્ધાબહેનને અનહદ આનંદ થયો હતો એ સ્પષ્ટ દેખાઈ આવ્યું. બધાંના દેખતાં જ એમણે આગળ વધીને નેહાના માથે હાથ મૂક્યો.

‘મને ખાતરી હતી બેટા, કે મારા કેસરની પસંદગી ક્યારેય ખોટી નહીં હોય. એણે તારામાં ભરોસો કરવાનું નક્કી કર્યું હશે તો વિચારીને જ કર્યું હશે.’ એમણે શ્વેતા સામે જોયું:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મને લાગે છે, તમને તમારો જવાબ મળી ગયો છે. હવે તમે જઈ શકો છો.' આટલું કહી શ્રદ્ધાબહેને હાથ જોડ્યા.

શ્વેતા કશું જ બોલ્યા વિના ઊભી થઈ, પણ એણે આજીજીભરી નજરે કેસર સામે જોયું. એક માની આંખમાં દેખાતી પીડાથી કેસર વલોવાઈ ગયો. એણે ફક્ત આંખો નમાવીને શ્વેતાને જાણે કહ્યું: બધું ઠીક થઈ જશે... એના ઇશારામાં સધિયારો હતો, તેમ છતાં શ્વેતા પોતાનું રુદન રોકી શકી નહીં. એણે ડૂસકાં ભરતાં ભરતાં સૌ સામે હાથ જોડ્યા:

'નિખિલની તમામ ભૂલો માટે હું માફી માગું છું, પરંતુ મારા પોતાના કુટુંબ માટે હું કંઈ જ કરી શકતી નથી. કેટલી મોટી લાચારી હશે એનો વિચાર કરજો.' એ રડતાં રડતાં બહાર નીકળી ગઈ.

થોડી વાર સુધી દેવરાજસિંહ ઝાલાના ઘરમાં એક વજનદાર મૌન ઘુમરાતું રહ્યું પછી શ્રદ્ધાબહેને ધીમેથી કહ્યું:

'ચાલો, જમી લઈએ.'

સૌ ધીમે ધીમે ડાઇનિંગ ટેબલ પર ગોઠવાયાં, પણ નેહાની આંખોમાં રહી રહીને ધસી આવતાં પાણી કેસર સિવાય કોઈની નજરે ન પડ્યાં.

જમીને બધાં પોતપોતાના રૂમમાં ગયાં ત્યાં સુધી કોઈ કોઈની સાથે કશું બોલ્યું નહીં. આ ઘરમાં જાણે એક ન સમજાય તેવી પીડાનું વજન મૂકી દીધું હતું.

*

'હું વિચારું છું કે આવતી કાલે ધનંજય કાપડિયાને મળવા જાઉં.'

બેડ પર પડેલા કેસરે સીલિંગ પર નજર સ્થિર કરીને નેહાને કહ્યું.

'કેમ?'

'ફરીથી નિખિલની બેલ માટે એપ્લિકેશન કરવી જોઈએ.'

'પછી?'

'પછી શું? નિખિલ બહાર આવે એટલે આ તોળાતી તલવાર તૂટી પડે.'

'હું એક જ વાત કહીશ કેસર, યુદ્ધમાં જીતવા માટે સૌથી અગત્યની વાત વ્યૂહરચના છે. સાત કોઠા વીંધીને અંદર પ્રવેશી ગયેલા અભિમન્યુને પણ બહાર નીકળતાં ન આવડ્યું એટલે એણે જીવ ખોયો.'

'એટલે?'

'હવે તું જે ચક્રવ્યૂહમાં દાખલ થવાનો છે એમાં દાખલ થવું સહેલું છે, પણ બહાર નીકળવું કપરું હશે.'

'જાણું છું, નેહા. નિખિલ એક વાર જેલની બહાર નીકળશે એટલે એની તમામ શક્તિથી મારા પર ત્રાટકશે.'

'એનું યુદ્ધ પ્રામાણિક નહીં હોય.'

'હમ્મ્...' કેસરે આંખો મીંચીને ઊંઘવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

નેહાએ પાછળથી હાથ લંબાવીને કેસરને પોતાના બાહુપાશમાં લપેટી લીધો. એકબીજાની હૂંફમાં આંખ મીંચાવાની તૈયારી હતી ત્યાં જ કેસરનો સેલફોન રણક્યો...

આ તરફ જેલકોટડીમાં પડખાં બદલતા નિખિલને કોઈ રીતે ઊંઘ આવતી નહોતી. એક તો ભૂખ, ઉપરથી આ પથ્થરની જમીન પર એની પીઠ છોલાતી હતી. એની બેરેકમાં કેદીઓ ઘેટાં-બકરાંની જેમ સૂતા હતા. જેલ એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જાનવર ઘડવાની ફેક્ટરી છે. બે પગવાળા માણસો જાણે જંગલી જાનવરો હોય એમ એકબીજાની ઉપર હાથપગ નાખીને બેહોશની જેમ પડ્યા હતા. બે કેદી-આરોપી વચ્ચે એક હાથ જેટલું પણ અંતર નહોતું. પડખું બદલતાં પણ તકલીફ પડે એવી ખીચોખીચ ભરેલી બેરેકમાં કોઈ મોટા અવાજે નસકોરાં બોલાવતા હતા તો થોડે દૂર સૂતેલો એક કેદી થોડી થોડી વારે ઊંઘમાં રડતો હતો. ભીંતને ટેકો દઈને જાગતો બેસી રહેલો એક કેદી કોણ જાણે શૂન્યમાં જોઈને શું વિચાર્યા કરતો હતો! ઘણો પ્રયત્ન કરવા છતાં નિખિલ કોઈ રીતે ઊંઘી શક્યો નહીં, એટલે એ બેઠો થઈ ગયો... આસપાસ પથરાયેલા આ જેલના અજબ સંસારને એ જોતો રહ્યો.

ક્યાંથી ક્યાં આવી ગયો પોતે એ વિચારથી જ એની અંદર કંઈક ચૂંથાવા લાગતું હતું. કેસરનો વિચાર આવતાં જ એનું લોહી ગરમ થઈ જતું હતું.

આછા અંધારામાં એ ઊભો થયો... ચોતરફ સૂતા કેદીઓ વચ્ચેથી માંડ માંડ રસ્તો કરતાં કરતાં એ બેરેકના સળિયા પાસે પહોંચીને ઊભો રહ્યો. અહીંથી જેલનો મુખ્ય ચોક દેખાતો હતો. એકસરખી નળની કતારો, વચ્ચે ભરાયેલા હવાડાનું પાણી સ્થિર હતું, આછા આછા પવનમાં ચોકની ચારે તરફ રોપાયેલા છોડ સહેજ સહેજ ફરફરતા હતા.

એ બહાર જોતો ઊભો હતો ત્યાં એણે અવાજ સાંભળ્યોઃ

'ઊંઘ ઊડી ગઈ લાગે છે.'

એણે જોયું તો ચોકમાં અદબ વાળીને ઓમ્ ઊભો હતોઃ

'શ્રોફસાહેબ, દરેક લડાઈમાં બળવાન માણસ જ જીતે એવું નથી... સચ્ચાઈ અને પ્રામાણિકતા પણ ક્યારેક પોતાની તાકાત બતાવી જાય છે.'

નિખિલે કોઈ જવાબ આપ્યો નહીં. એક અક્ષર બોલ્યા વિના એ ઓમની સામે જોતો રહ્યો. એને ચૂપચાપ ઊભેલો જોઈને ઓમ્ હસી પડ્યોઃ

'સાહેબ, તમને કલ્પના પણ નહીં હોય કે એક દિવસ શતરંજના બધા જ મહોરાં ડબ્બામાં પાછાં જતાં રહેશે. ફક્ત કાળી-ધોળી ચોકડીઓ બાકી રહી જશે... સામે કોઈ રમનાર નહીં હોય ને તમે સાવ એકલા-અટૂલા અંધારામાં સળિયા ગણતા ઊભા હશો.'

'સાચી વાત છે.'

ઓમ્ને પહેલી વાર નિખિલના અવાજમાં એક ન સમજાય તેવો ખાલીપો અનુભવાયો.

'મારા બાપુજી કહેતા કે ઇચ્છા પ્રમાણે ન થાય એને જ જિંદગી કહેવાય.' નિખિલથી નિઃશ્વાસ નખાઈ ગયોઃ

'ગમે તેટલા શક્તિશાળી અજગર કે સિંહને પણ કાચના બોક્સમાં કે પાંજરામાં પૂરી દેવાય એ પછી સળવળવા કે બરાડવા સિવાય એ બીજું શું કરી શકે?'

'ને સાહેબ, કાળું-ધોળું છૂટું ન પાડી શકાય ત્યારે માનવું કે બેતાલાના ચશ્માં પહેરવાનો સમય આવી ગયો છે.' ઓમ્ હસ્યોઃ

'કેસર આવતો જ હશે.'

'અહીં?'

'હાસ્તો... જેમ બહારની દુનિયામાં તમારું રાજ ચાલે છે એમ અંદરની દુનિયામાં પણ એકાદ રાજા તો હોયને? માજિદભાઈ અહીંના રાજા છે. જેમ મુંબઈ શહેરમાં તમારી સામે આંખ ઉઠાવીને જોનારની આંખો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કાઢી લેવાની તમારી તાકાત છે એમ જેલના દરવાજા માજિદભાઈના ઇશારે ખૂલે છે અને બંધ થાય છે.'

'તો મને ટોર્ચર કરવા માટે બોલાવ્યો છે એને?'

'ના રે ના...' ઓમ્ ફરી હસ્યો. આછા અંધારામાં પણ એના ચોખ્ખા સફેદ દાંત ચમકતા હતા. એના ગાલમાં પડતા ખાડા ચોખ્ખા દેખાઈ આવતા હતા. એની સ્વચ્છ ચમકતી આંખો એના ચહેરાને સોહામણો બનાવતી હતી.

'તો?'

'એ તો કેસર જ જાણે. એને અહીં બોલાવીને દરવાજા ખોલાવવા સુધીની જવાબદારી મારી છે. બાકીનું તમે જાણો ને એ જાણે...' બરાબર એ જ વખતે ત્યાંથી પસાર થતાં સંત્રીને એણે બૂમ પાડી:

'એ માધવરામ, ખોલ દરવાજો.'

માધવરામે કોઈ ચર્ચા કર્યા વિના આગળ વધીને બેરેકનો દરવાજો ખોલી નાખ્યો.

'બહાર આવો, સાહેબ.'

ઓમ્ના અવાજમાં એક સત્તા હતી. નિખિલને એક વાર ઇચ્છા થઈ આવી કે ચોખ્ખી ના પાડી દે, પણ અંદરની અકળામણ એટલી બધી હતી કે ચોકમાં આવવાની લાલચ એ રોકી શક્યો નહીં.

બહાર આવીને ખુલ્લી હવામાં એણે ઊંડો શ્વાસ લીધો.

'હાશ.' એનાથી બોલી જવાયું.

ઓમ્ એની સામે જોઈ રહ્યો. અહીં આર્થર રોડ જેલમાં ચોવીસ કલાક પણ પૂરા નહોતા થયા, પણ નિખિલ ભીતરથી તૂટી ચૂક્યો હતો.

'કેસર આવશે પછી શું થશે એની મને ખબર નથી, પણ એક વાત કહી રાખું, હવે જે થશે તે અંતિમ યુદ્ધ બની રહેશે.'

'એવું મને પણ લાગે છે. જિંદગીના ક્લાઇમેક્સને બહુ લાંબો ખેંચવામાં મને રસ નથી. શુભ યુદ્ધ અને અશુભ શાંતિ જેવા શબ્દો હોતા જ નથી. જિંદગીની લડાઈમાં ફક્ત એક જ ઇનામ હોય છે અને એ પહેલું. હારનારા માટે ફક્ત એક જ ઇનામ છે... મૃત્યુ.'

નિખિલ આ બોલતો હતો ત્યારે એના ચહેરા પર અજબ જેવા ફેરફાર થઈ રહ્યા હતા. એક ક્ષણ માટે ઓમ્ની ભીતર કશુંક ધ્રૂજ્યું પછી સ્થિર થઈ ગયું.

*

કેસર જ્યારે જેલનો નાનકડો ખડકી જેવો દરવાજો ખોલીને અંદર દાખલ થયો ત્યારે સન્નાટો આરપાર વીંધી જાય એટલો તીક્ષ્ણ હતો. બેરેકના દરવાજાઓ બંધ હતા. જાનવરોની જેમ કેદીઓ ઊંઘી રહ્યા હતા.

એ જેલ ઓફિસ, મુખ્ય રિસેપ્શન અને નાનકડો હોલ વટાવીને ચોકમાં પહોંચ્યો ત્યારે નિખિલ અને ઓમ્ સામસામે ઊભા હતા.

'આવો, કેસરસિંહ ઝાલા.' ઓમે આગળ વધીને કેસરની પીઠ થાબડી:

'આ નિખિલ શ્રોફ... તારો શિકાર... તારો સસરો... તારો શત્રુ...'

નિખિલ સ્થિર નજરે કેસર સામે જોઈ રહ્યો.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આટલા વખતમાં સ્ત્રીમાં જોવા મળે એ બધાં જ લક્ષણો નાશ પામ્યાં હતાં. હા, ચહેરાની કુમાશ અકબંધ હતી, પરંતુ વિકસેલાં બાવડાં, કસરતી ખભા અને સુડોળ શરીરને કારણે એ એક સુદૃઢ પુરુષ જેવો દેખાતો હતો.

કેસર પણ ચૂપચાપ નિખિલ સામે જોઈ રહ્યો.

થોડીક ક્ષણનું ધગધગતું મૌન પછી નિખિલને માટે આ ચુપકીદી અસહ્ય થઈ ગઈ:

'શું કરવા આવ્યો છે? મને મારવા, સતાવવા, ઘૂંટણિયે પાડવા?'

'ના રે, હું તો ફક્ત મળવા આવ્યો છું.'

'અત્યારે... અડધી રાત્રે?'

'હા...' કેસરના ચહેરા પર શાંત સ્મિત હતું:

'તમે જમ્યા નહીં હો એટલે પાંઉભાજી લઈને આવ્યો છું.'

ઓમ્ પણ પોતાનું આશ્ચર્ય છુપાવી શક્યો નહીં.

'તારું લાવેલું ખાવું પડે એટલી લાચારી નથી... એક ટંક ભૂખ્યો રહીશ તો મરી નહીં જાઉં.'

'એટલી આસાનીથી નહીં મરે તું!'

કેસર ફરી એક વાર 'તમે'માંથી 'તું' પર આવી ગયો. એ મરક્યો:

'પણ તને મારવાની મારી પાસે સારી રીતો છે. ભૂખ્યો મારવામાં રસ નથી મને.'

'તારે સજા કરવી હોય તો કરી નાખ... આવી તક ફરી નહીં મળે. આટલો લાચાર અને એકલો નિખિલ શ્રોફ તારા હાથમાં નહીં આવે ફરીથી.' નિખિલ ઉશ્કેરાટમાં દાંત પીસતો હતો.

'લાચાર અને એકલા નિખિલને સજા કરવામાં મને કોઈ રસ નથી. ખરેખર તો આ લાચારી જ તારી સજા છે.'

નિખિલના ચહેરા પર હજી પણ એક અહંકાર દેખાતો હતો:

'લોહીથી લોહી ધોવાની રમત બહુ રમ્યો છું, હું. સતત ધાર કાઢીને જ જીવ્યો છું મારી જિંદગી. હું ભીખનું ખાવા સજાર્યો નથી...'

'આંખની આડે નાનકડો કાગળ પણ આવી જાય તો મોટો પહાડ નથી દેખાતો, નિખિલ શ્રોફ... અહંકારના પડળથી તને ભયાનક ભવિષ્યનો પહાડ નથી દેખાતો, પણ...'

'બકવાસ બંધ કરો. તમારે જે કરવું હોય એ કરો, નહીં તો મારે સૂઈ જવું છે.'

'મારે કંઈ નથી કરવું. હું ફક્ત એટલું જ કહેવા આવ્યો છું કે આવતી કાલે સવારે હું તમારા વકીલને મળવાનો છું. તમારા બેલનો ફરીથી પ્રયાસ કરવાનો છું.'

'મારી દયા ખાવાની જરૂર નથી.'

'દયા નથી ખાતો... મારી તાકાતનો પરચો આપું છું. તારા દીકરાએ માથાં પછાડ્યાં તો પણ તને બહાર કાઢી શક્યો નહીં. હવે હું ચપટી વગાડતાં તને અહીંથી બહાર કાઢીને બતાવીશ.'

'એથી શું સાબિત કરીશ તું?'

'હું ઇચ્છું તો તને અંદર નાખી શકું ને ઇચ્છું તો તને બહાર કાઢી શકું... નિખિલ શ્રોફ જેવા માણસને આંગળીના ટેરવે સળિયાની આગળ-પાછળ કરવાની તાકાત!'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘મને બહાર કાઢીશ તો એ તારી મોટામાં મોટી ભૂલ હશે.’

‘એક વાર અહીંથી બહાર નીકળીશ પછી હું બચવાનો સમય નહીં આપું તને...’ કેસરની આંખોમાંથી અંગારા વરસતા હતાઃ

‘મારા કુટુંબને છૂટું પાડવા માટે, મારા પિતાને જેલમાં મોકલવા માટે, મારી માને દુઃખી કરવા માટે અને મારી જિંદગી સાથે રમત કરવા માટે તને સજા થશે.’

‘સજા?’

નિખિલ હસ્યો પછી ફરીને પોતાની બેરેક તરફ જવા લાગ્યો. એણે ઓમ્ સામે જોઈને ખભા ઉલાળ્યાઃ

‘મને સજા કરનારો હજી જન્મ્યો નથી.’ એણે સામેથી આવતા માધવરામને રૂઆબથી હાંક મારીઃ

‘યે દરવાજા ખોલ દો જરા...’

કેસર થોડીક ક્ષણો ત્યાં ઊભો રહ્યો પછી નિખિલની સાવ નજીક જઈને એણે નિખિલના ખભે હાથ મૂક્યોઃ

‘ચોવીસ કલાક... હવે ચોવીસ કલાકમાં આપણા યુદ્ધનો ફેંસલો આવશે, નિખિલ. હું પણ થાક્યો છું આ ઠેલાતા જતા પરિણામથી...’

‘પરિણામ તો નક્કી જ છે... મૃત્યુ!’

‘રામાયણમાં કહ્યું છે, મરણાંતાની વૈરાણિ...’ કેસરે દઢતાથી નિખિલના ખભે હાથ મૂક્યો. એની આંખનું તેજ નિખિલથી સહી શકાયું નહીં. નિખિલની આંખો આપોઆપ ઝૂકી ગઈ.

‘કોઈ એકના મૃત્યુની સાથે વેરઝેરનો અંત આવે છે, એટલે બેમાંથી એકે તો મરવું જ પડશે.’

આટલું કહી કેસર ઊંધો ફરીને બહારની તરફ જવા લાગ્યો.

‘તો એ તારું જ મૃત્યુ હશે, કેસર...’ નિખિલ બરાડ્યો પછી માધવરામે ખોલેલા દરવાજાને જોરથી પછાડતો એ બેરેકમાં દાખલ થઈ ગયો.

કેસર એક ક્ષણ રોકાયો. પછી પાછા ફરીને એણે નિખિલને કહ્યુંઃ

‘તારે જાતે જ દરવાજો ખોલીને જેલના બેરેકમાં જવું પડે એ મારી જીતની નિશાની છે... જેલનું ખાવાનું તારા ગળે નહીં ઊતરે ને દીકરાનું લાવેલું અહીં પહોંચશે નહીં. ખાવું હોય તો મારું જ લાવેલું ખાવું પડશે તારે.’

‘શટઅપ.’ નિખિલ બેરેકમાંથી બરાડ્યો.

મોટી મોટી ડાંફો ભરીને બહાર જઈ રહેલા કેસરની સાથે ચાલતાં ઓમે જરા ચીડથી પૂછ્યુંઃ

‘આને માટે આવ્યો હતો અહીંયાં?’

‘હા...’ કેસરે સાવ ઠંડકથી કહ્યું.

‘મૂરખ છે તું. તક ગુમાવી... ચીરી નાખવો જોઈતો હતો.’

‘એ ચીરાઈ ગયો છે.’ કેસરે જે આત્મવિશ્વાસથી કહ્યું એ પછી ઓમ પાસે કશું પૂછવા જેવું નહોતું...

આમેય ઓમને કલ્પના પણ નહોતી કે બેરેકમાં દાખલ થયેલો નિખિલ એટલો બેચેન અને બેબાકળો થઈ ગયો હતો કે એણે ગુસ્સામાં ભીંત પર મુક્કા મારવા માંડ્યા હતા. કેસરે કશું જ ન કર્યું એ વાતે નિખિલની અંદર એક વિચિત્ર પ્રકારની બેચેની જન્મી હતી. એને મન વેરનો અર્થ સીધો લોહી સાથે જોડાયેલો હતો... આ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નમ્રતા અને આ આત્મવિશ્વાસ તો એના શબ્દકોશમાં ક્યાંય હતાં જ નહીં.

'અહિંસા માટે સૌથી વધુ હિંમતની જરૂર પડે છે.' બહાર કેસર એની સાથે ચાલતા ઓમ્ને કહી રહ્યો હતોઃ

'હાથ ઉઠાવવા માટે જેટલી તાકાત જોઈએ એના કરતાં ત્રણ ગણી તાકાત હાથ નહીં ઉઠાવવા માટે જાત પર સંયમ કેળવવા માટે જોઈએ, સમજ્યો?'

ઓમ્ અચાનક અટકીને કેસર સામે જોઈ રહ્યો. કૂણા લાગતા આ ચહેરા પર જે દૃઢતા દેખાતી હતી એ જોતાં જ ઓમ્ને સમજાઈ ગયું કે કેસર વિરુદ્ધ ટક્કર લેવાનું કામ હવે નિખિલ શ્રોફ માટે કેટલું વિકટ બની જવાનું...

બીજે દિવસે સવારે સોમલ જ્યારે ધનવંત કાપડિયાને ત્યાં પહોંચ્યો ત્યારે કેસરને જોઈને એને આઘાત લાગ્યો. એ પોતાની જાત પર કાબૂ રાખી શક્યો નહીં. અંદર ધસી જઈને એણે ધનવંત કાપડિયાને કોલરમાંથી પકડી લીધોઃ

'સાલા હરામખોર... રૂપિયા મારા બાપના ખાય છે ને ચાપલૂસી આની કરે છે?'

'અરે અરે... આ શું કરો છો, સોમલભાઈ?'

'જીવ લઈ લઈશ, સાલા...' સોમલનો ચહેરો ક્રોધમાં લાલ થઈ ગયો હતો. દાંત પીસીને એ ધનવંતને તમાચો ઠોકી દેવાના પૂરા ઝનૂન સાથે બૂમો પાડતો હતો.

પોતાનાથી અડધો વેંત ઊંચા અને કસરતી શરીર સાથે ગુસ્સામાં બરાડતા સોમલને જોઈને ધનવંત કાપડિયા હબકી ગયોઃ

'મને છોડો ભાઈ, પહેલાં મારી વાત તો સાંભળો.'

'આને અહીંયાં બેઠેલો જોયા પછી શું સાંભળવાનું બાકી છે? હવે મને સમજાયું કે મારા ડૅડની બેલ કેમ ના થઈ?'

'અરે, પણ આ તો ખુદ શ્રોફસાહેબની બેલ કરાવવા આવ્યો છે. અમે નવી બેલના એપ્લિકેશન પેપર્સ જ તૈયાર કરીએ છીએ.' રૂંધાતા ગળે હાંફતાં-હાંફતાં ધનવંતે કહ્યું. સોમલે એનું ગળું છોડી દીધું. એણે નવાઈથી કેસર સામે જોયુંઃ

'તને શું રસ છે મારા ડૅડી-પપ્પાની બેલમાં?'

'મને લાગે છે કે હવે નિખિલને બહાર કાઢવાનો સમય થઈ ગયો છે.'

'એ તું નક્કી કરીશ?'

'હાસ્તો...' આરામથી ખુરશીમાં બેઠેલા કેસરે પીઠને જરા વધુ આરામથી ટેકો દીધોઃ

'પહેલાં હું નહોતો ઇચ્છતો કે એ બહાર આવે, એટલે પૂરી રાખ્યો. હવે આવતી કાલે સવારે જે સમાચાર આવવાના છે એ સાંભળવા માટે એણે બહાર આવવું પડે એમ છે.'

'શું સમાચાર?' સોમલે ખિસ્સામાંથી રૂમાલ કાઢીને ટપકતો પરસેવો લૂછ્યો.

'એ તો કાલે જ સાંભળજો.' એણે આરામથી ધનવંત સામે જોયુંઃ

'આપણે જઈએ?'

ધનવંતે ડરતાં ડરતાં સોમલ સામે જોયુંઃ

'અમે કોર્ટમાં જઈએ છીએ. તમે...'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'મારે નથી આવવું!' સોમલ ગુસ્સામાં ધનવંતની ઓફિસમાંથી બહાર નીકળી ગયો.

નિખિલ શ્રોફ ખોટો હતો એ જાણવા છતાં કેસર જેવો માણસ એના બાપને લોકઅપમાં કે જેલમાં પુરાવી શકે અને જો આજે બહાર કાઢી શકે તો... નિખિલ શ્રોફ જેવા માણસની આવી હાલત થઈ શકે એ વિચાર પણ સોમલ માટે ભયાનક અપમાનજનક હતો. એને અસહ્ય ઉશ્કેરાટ થવા માંડ્યો હતો...

એણે પોતાની જ ગાડીના બોનેટ પર મુક્કા માર્યા. આસપાસના રાહદારીઓ જતાં-આવતાં એને નવાઈથી જોતા રહ્યા. ક્ષોભ સાથે એ ગાડીમાં બેસી ગયો. એણે સ્ટિયરિંગ પર માથું પછાડ્યું. એને કંઈ જ સમજાતું નહોતું...

*

ક્યાં જવું એ ન સૂઝતાં એ ઓફિસ પહોંચી ગયો. છેલ્લા કેટલાય દિવસથી એણે બે કલાકથી વધુ સમય ઓફિસમાં ગાળ્યો નહોતો. પેન્ડિંગ પેપર્સ અને બીજાં કામો જોતાં જોતાં એને ખ્યાલ આવ્યો કે આવતી કાલે સવારે એની કંપનીનું એક ટેન્ડર ખૂલવાનું હતું. નિખિલ શ્રોફને ખાતરી હતી કે આ કોન્ટ્રેક્ટ એને જ મળવાનો હતો. તરત જ કામ શરૂ થઈ શકે એ માટે ઈંટો, સિમેન્ટ, બાથરૂમ એસેસરીઝ અને પ્લમ્બિંગનું મટીરિયલ ખરીદાઈ ચૂક્યું હતું. ઇલેક્ટ્રિફિકેશનના એડ્વાન્સ ચૂકવાઈ ગયા હતા...

કેસર જે સમાચારની વાત કરતો હતો એ શું હોઈ શકે?

સોમલના મનમાં આ વિચાર આવતાં જ એણે ફોન ઉઠાવીને દિલ્હીના ઓફિસરનો નંબર લગાડ્યોઃ

'મૈં સોમલ શ્રોફ બાત કર રહા હૂં... મુંબઈ સે...'

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 75

શ્વેતા ફોટોશૂટ માટે પહોંચી ત્યાં સુધી એના હૃદયની ધડકન એને પોતાને સંભળાય એટલા તેજ ચાલતા હતા. જીન્સ અને બ્લ્યુ કલરની કૂર્તી પહેરીને એ ટૅક્સીમાંથી ઊતરી ત્યારે એજન્સીનો કો-ઓર્ડિનેટર સુજિત મેનન દોડતો ટૅક્સી સુધી પહોંચી ગયોઃ

'વેલ કમ, મૅડમ... તમારા આ કમબૅકથી એડની દુનિયામાં હલચલ મચી ગઈ છે. અમારી એજન્સી પર ઇન્કવાયરીનો ઢગલો થઈ ગયો છે. એન્ટી એજિંગ ક્રીમ, હૅરકલર, લાઇફ ઇન્સ્યોરન્સ અને વિમેન હેલ્થ ફૂડની એડ માટે તમારા લુક ટેસ્ટ લેવાની અમને સૂચના મળી ગઈ છે.'

'વ્હોટ?' શ્વેતાની આંખો નવાઈથી ચમકીઃ

'હજી તો મારી પહેલી એડ શૂટ પણ નથી થઈ.'

'મૅડમ, હકીકતમાં તો તમારે લુક ટેસ્ટની પણ જરૂર નથી. આ તો ક્લાયન્ટના સંતોષ ખાતર...'

યુવા સુજિત મેનનના ચહેરા પર ટિપિકલ સાઉથ ઇન્ડિયન જાડી મૂછો હતી. એણે સ્મિત ફરકાવતાં કહ્યુંઃ

'મૅડમ, અમારી પાસે તમારા જેવો ફેસ છે પછી અમારે બીજું શું જોઈએ? આજે ઇન્ટરેસ્ટિંગ મિડલ એજ ફેસીસ છે જ ક્યાં?' શ્વેતા સડસડાટ અંદર જતી હતી ત્યાં એ જરા આગળ આવ્યોઃ

'મૅડમ...' એણે આજુબાજુ જોયુંઃ

'દસ-પંદર લાખથી નીચે ક્વોટ નહીં કરતાં.'

'વ્હોટ?' શ્વેતાની આંખો પહોળી થઈ ગઈ.

'તમને એડની દુનિયાના ભાવ ખબર નથી મૅ'મ, તમારી પાસે બહુ સસ્તામાં કરાવી છે આ એડ. એજન્સીનાં કમિશન તગડાં હોય છે.'

'બારથી પંદર લાખ? આર યુ શ્યોર?'

'મૅ'મ, એનાથી પણ વધારે મળી શકે. ફિલ્મ સ્ટાર્સને કરોડ રૂપિયા આપતા હોય છે. ડૅંગલર્સ, પ્રિન્ટ એડ અને પરૅકેજિંગ પર તમારા પિક્ચર્સના પૈસા અલગથી માગજો.'

શ્વેતાએ આભારવશ નજરે સુજિત સામે જોયુંઃ

'હું વર્ષોથી તમારો ફૅન રહ્યો છું મૅ'મ.' શ્વેતાથી અડધી ઉંમરના સુજિતે સહેજ શરમાઈને કહી નાખ્યુંઃ

'યુ આર વેરી બ્યુટીફુલ...'

'થૅન્ક યુ...' કહીને શ્વેતા આગળ વધી ગઈ, પણ એના મગજમાં સુજિતે કહેલી વાત ઘુમરાવા લાગી. એણે ધાર્યું પણ નહોતું કે એને આટલી ઝડપથી કામ મળી જશે. એના મનમાં તો નિખિલથી છૂટા પડ્યા પછી ભયાનક સંઘર્ષ અને મુશ્કેલીઓનો સામનો કરવાની તૈયારી ચાલતી હતી. એના બદલે ચાંદીની થાળીમાં ઢગલો પતાસાં એની સામે ગોઠવાઈ ગયાં હતાં, બસ, બગાસું ખાવાની વાર હતી!

મેકઅપ કરીને શૂટનો પહેલો ટેક ઓકે થયો ત્યારે શ્વેતાની આંખોમાં પાણી આવી ગયાં. જિંદગીના ચાર દાયકાથી વધુ સમય પસાર થયા પછી એણે ફરી એક વાર સ્વયંને શોધવાની શરૂઆત કરી હતી. જે એજન્સી સાથે એણે કરાર કર્યા હતા એ લોકોએ શ્વેતાના કમબૅક માટે પૂરેપૂરી તૈયારી કરી હતી. પ્રેસ અને ટેલિવિઝનવાળાને બોલાવી રાખ્યા હતા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્વેતાનું શૂટ ચાલુ થયું એ પહેલાં એના મેકઅપ કરાવતા અને રિહર્સલ કરતા ફોટા અને વર્કિંગ શોટ્સ લેવામાં આવ્યા. બીજા દિવસ માટે આ ગળચટ્ટા-ચટપટા સમાચાર હતા. લાઇફસ્ટાઈલ ચેનલ્સ, ઝૂમ, ફેશન, ટ્રાવેલ એન્ડ લીવિંગ અને ગુડ ટાઇમ્સ જેવી ચેનલ્સ નિખિલ શ્રોફની એક્સ મિસ એશિયાને મોડેલિંગની દુનિયામાં પાછી ફરતી દેખાડવા એડ એજન્સીવાળા તત્પર હતા.

શ્વેતા માટે આ સાવ નવો, છતાં થ્રિલિંગ અનુભવ હતો. નવી શરૂઆત એને માટે આટલી સહેલી અને સુખદાયક નીવડશે એની એને કલ્પના સુધ્ધાં નહોતી. આખો દિવસ કામ કર્યા પછી ઘેર પાછા ફરતી વખતે એના મનમાં એક અજબ પ્રકારનો સંતોષ હતો.

એણે ઘેર જઈને કપડાં બદલ્યાં. નાનકડા બેડરૂમના આદમકદ આયનામાં એ પોતાની જાતને નિહાળતી ઊભી રહી. અંદર દેખાતા પ્રતિબિંબ સાથે એણે આંખ મિલાવી:

'હાઈ, શ્વેતા! નાઇસ મિટિંગ યુ આફ્ટર અ લોંગ ટાઇમ.' એનાથી કહેવાઈ ગયું. એની આંખો છલકાઈ આવી.

*

'મેં સોમલ શ્રોફ બાત કર રહા હૂં, બોમ્બે સે.'

આટલું વાક્ય પૂરું થતાં જ સરકારી ઓફિસરનો અવાજ બદલાઈ ગયો:

'યસ, સર.'

'મારા પિતા વિશે તો તમને ખબર જ હશે.'

'યસ, સર. બહુ દુ:ખની વાત છે, પણ આ તો પોલિટિક્સ છે, સર. આપણે શું કરી શકીએ? અમારી સાથે પણ આવું થાય છે. પ્રમોશન ડ્યૂ હોય અને...'

એ પોતાનાં રોદણાં રડવા માંડે તે પહેલાં સોમલ મુદ્દા પર આવી ગયો:

'કાલે ટેન્ડર ખૂલવાનાં છે.'

'યસ, સર... યસ, સર...'

'તો?'

'મેં મારા તરફથી જે કરવાનું હતું તે કરી નાખ્યું છે, સર.' આગળ-પાછળ, ઉપર-નીચે, 'સર' લગાડીને સામેના માણસને પાણી પાણી કરી નાખવાની સરકારી ભાષાથી સોમલ ટેવાયેલો હતો.

'કોઈ ગરબડ ના થવી જોઈએ.'

'સવાલ જ નથી, સર.'

'ઠીક છે.' એણે સહેજ વિચારીને ઉમેર્યું:

'મારી જરૂર હોય તો હું દિલ્હી આવી જાઉં.'

'કોઈ જરૂર નથી, સર. સાહેબ સાથે વર્ષોના સંબંધ છે.' ઓફિસરે ચાપલૂસી કરી.

'ભલે. મારી ઓફિસમાંથી પ્રોજેક્ટ હેડ તો આવશે જ...' સોમલે વાત પૂરી કરી:

'કંઈ ભૂલ ના થાય એ જોજો.'

'સવાલ જ નથી, સર.' એણે ફરી કહ્યું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

600 કરોડના ટેન્ડર માટે 200-250 કરોડનું ઇન્વેસ્ટમેન્ટ થઈ ચૂક્યું હતું સાથે સાથે જે-તે ઓફિસર્સને એમનો હિસ્સો પણ એડ્વાન્સ ચૂકવી દેવાયો હતો. સસ્તા આવાસ યોજનામાં મધ્યમ વર્ગના લોકોને ઘર પૂરાં પાડવાની સરકારી યોજના હેઠળ આ કોલોની બંધાવાની હતી, જેનું ટેન્ડર નિખિલ શ્રોફના નામનું જ ખૂલવાનું હતું એવું પહેલેથી નક્કી થઈ ચૂક્યું હતું. ફોન પૂરો થયો એટલે સોમલના જીવને નિરાંત થઈ.

એ પછી સોમલે ઓફિસનાં બીજાં કામકાજ જોવા માંડ્યાં. ડ્રોઇંગ્સ મોકલવાનાં, ડિટેઇલિંગ કરવાનું અને સાથે સાથે જે પ્રોજેક્ટ રોકાઈ ગયા હતા એના ઉપર ફરીથી ધ્યાન આપવાનો પ્રયાસ કરવા માંડ્યો.

આ બધા દરમિયાન એના મગજમાં નેહાનો વિચાર કોઈ રીતે અટકતો નહોતો. ગઈ કાલે શ્વેતાએ એને ફોન કરીને ઘણું સમજાવ્યો હતો. એણે નેહાની માફી માગીને એની સાથે સમાધાન કરી લેવું જોઈએ એવું સમજાવ્યા છતાં કોણ જાણે કેમ સોમલના મગજમાં માની વાત કોઈ રીતે ઊતરતી નહોતી. જે કંઈ થયું એમાં નેહા જ જવાબદાર હતી એવું એનું મન એને રહી રહીને કહ્યા કરતું હતું.

એ પળેપળ નેહાને મિસ કરતો હતો, પરંતુ હવે એણે નેહા વિના જ આગળ વધવાનું નક્કી કરી લીધું હતું.

એ માંડ કામમાં જીવ પરોવતો હતો ત્યાં એનો ઇન્ટરકોમ રણક્યો:

'હું સી. આર. મહેતા છું સોમલભાઈ, થોડી વાત કરવી છે, આવું?'

સોમલની ચેમ્બર ખોલીને દાખલ થયેલા મહેતાના ચહેરા પર ચિંતાનાં વાદળ ઘેરાયેલાં હતાં. એ કંપનીના સૌથી સિનિયર માણસોમાંના એક હતા. સામાન્ય રીતે નિખિલ પણ એમની સલાહ અવગણવાની હિંમત કરતો નહીં. કંપનીને અહીં સુધી પહોંચાડવામાં એમનો ઘણો મોટો ફાળો હતો.

'આપણા શૅર્સની પરિસ્થિતિ બહુ ખરાબ છે. ભદ્રેશ પારેખે માર્કેટમાં એવી વેચવાલી કાઢી છે કે ભાવ દર કલાકે પડે છે.'

'તમે શું સલાહ આપો છો?'

'ભદ્રેશ પારેખ સાથે સમાધાન તો કરવું જ પડશે.'

'એ આપણે લીધે કમાય છે. એની સાથે આપણે સમાધાન કરીશું?'

'સાહેબ, એની પાસે આવી અનેક કંપની છે. માર્કેટનો કિંગ છે. માણસ ખંધો છે એટલે સમય વર્તીને સાવધાન નહીં થઈએ તો મોટું નુકસાન કરી શકશે.'

'આવતી કાલે ટેન્ડર ખૂલવા દો. સરકારી કોલોનીનો કોન્ટ્રેક્ટ હાથમાં આવશે એટલે ભાવ આપોઆપ ઊંચકાશે.'

'ટેન્ડર આપણી ફેવરમાં નહીં ખૂલે તો?'

'મહેતાસાહેબ, નિખિલ શ્રોફ એક વાર જે બિઝનેસ પર હાથ મૂકે એ એના હાથમાંથી આજ સુધી કોઈ છીનવી શક્યું નથી.'

સોમલે કહેતાં તો કહી નાખ્યું, પણ એના મનમાં શાંત થઈ ગયેલો સવાલ ફરી એક વાર સળવળવા લાગ્યો. એણે જાતને સધિયારો આપતો હોય એમ કહ્યું:

'મારે હમણાં જ દિલ્હી વાત થઈ છે. બધું આપણી ફેવરમાં જ છે.'

'સોમલભાઈ, સી.એ. પાસ કરીને પહેલી નોકરી નિખિલભાઈના બાપુજી સાથે શરૂ કરી હતી. આજ સુધી મેં દરેક નિર્ણય કંપનીના હિતમાં કર્યો છે. આપણે પારેખને મળવું જોઈએ. ટેન્ડર આપણી ફેવરમાં ખૂલે કે ન ખૂલે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સોમલ થોડીક ક્ષણ મહેતાસાહેબના ચહેરા સામે જોતો રહ્યો. મહેતાસાહેબ પણ એના નિર્ણયની પ્રતીક્ષા કરતા બેસી રહ્યા. થોડીક ક્ષણોના મૌન પછી સોમલે કહ્યું:

'બોલાવી લો.'

'એ અહીં નહીં આવે.'

આટલું સાંભળતાં જ સોમલનું મગજ છટક્યું. મહેતાસાહેબ માટેના સન્માનને કારણે એ કશું બોલ્યો નહીં, પણ એના હાવભાવ જોઈને મહેતાસાહેબને એના મનની વાત સમજાઈ ગઈ. એમણે સોમલને સમજાવવાનો પ્રયત્ન કર્યો:

'એની ઓફિસમાં જઈને મળવાથી એને આપણા પક્ષમાં લઈ શકીશું. એક વાર ટેન્ડર ખૂલે પછી સમજાવીશું તો એનો સૂર પૂરેપૂરો બદલાઈ જશે. આજે આપણે એને મળી લઈએ. પછી આવતી કાલે આપણે આપણી વાત વધુ મજબૂતીથી કહી શકીશું.' એમણે એક ઊંડો શ્વાસ લઈને ઉમેર્યું:

'આવું હું માનું છું, પછી તમને જેમ ઠીક લાગે તેમ.'

સોમલ થોડી વાર વિચારતો રહ્યો. પછી એણે ડોકું ધુણાવ્યું:

'સારું, તમે વાત કરો, આપણે નીકળીએ.'

'થેન્ક યુ, સોમલભાઈ.' મહેતાસાહેબના અવાજમાં સ્નેહ છાનો ન રહ્યો.

'સાહેબની ગેરહાજરીમાં આ બધું...' એમનું ગળું રૂંધાય એ પહેલાં ઊંધા ફરીને એ નીકળી ગયા.

સોમલને પણ અકળામણ થઈ ગઈ. ગઈ કાલ સુધી બધું જ સરળ અને સીધું ચાલી રહ્યું હતું. આ થોડાક જ દિવસમાં અચાનક આવી પહોંચેલા તોફાને એની અંગત જિંદગી, કુટુંબ અને બિઝનેસ બધાને એક જ ઝપાટામાં વેરવિખેર કરી નાખ્યાં હતાં...

...એ તોફાનનું નામ કેસરસિંહ ઝાલા હતું એવું હવે એના મનમાં વધુ ને વધુ દૃઢ થતું જતું હતું. સોમલ હજી આ પરિસ્થિતિમાંથી બહાર નીકળીને બીજું કંઈ વિચારે એ પહેલાં એના સેલફોન પર મહાદેવ ઠક્કરનું નામ ઝબકવા લાગ્યું. સોમલે પહેલી વાર ફોન કાપી નાખ્યો. મહાદેવે ફરી ટ્રાય કર્યો એટલે સોમલે અકળાઈને ફોન ઉપાડ્યો:

'શું છે?'

'તમારા ફાધરની બેલ થઈ ગઈ છે.'

'વ્હોટ?'

'હા, અત્યારે ધનવંત કાપડિયા અને પેલો નાલાયક બેલ એપ્લિકેશન લઈને આવ્યા હતા.' મહાદેવ ઠક્કરના અવાજમાં એક પ્રકારની નિરાશા હતી:

'પાંચ મિનિટમાં બેલ થઈ ગઈ, સાહેબ.'

'હં...' સોમલ હવે ચિડાઈ ગયો:

'એટલે તમને આપેલા 50 લાખ રૂપિયા તો ડસ્ટબિન-કચરાના ડબ્બામાં જ ગયાને?'

'સાહેબ, મેં આજે પણ દલીલ નથી કરી...' મહાદેવ આગળ કહેવા ગયો, પણ સોમલે વાત કાપી નાખી:

'મારા વકીલનો ફોન આવે છે, પછી ફોન કરીશ.' એણે ધનવંત કાપડિયાનો ફોન રિસીવ કર્યો:

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘થઈ ગઈ બેલ?’

‘જી?’ સોમલના વકીલને આશ્ચર્ય થયું:

‘તમને... તમને કોણે કહ્યું?’

‘સરકારી વકીલે.’ સોમલે ચિડાઈને કહ્યું:

‘તમારા કરતાં વધારે તો એ હોશિયાર છે. કોની સાથે, ક્યારે, કેટલી વાત કરવી એ એને સમજાય છે.’

‘પણ, સાહેબ એ લોકો ડરી ગયા છે. બાકી, સામેથી સમાધાન કરવા આવે?’

‘મૂરખના જામ... અક્કલના હજામ... એ સમાધાન કરવા નહોતો આવ્યો. પોતાની તાકાત બતાવીને તને તમાચો મારી ગયો.’ એને હજી થોડા કલાકો પહેલાં કેસરે કહેલી વાત યાદ આવી ગઈ.

‘એવું... એવું ક્યાં છે?’ ધનવંત હજી પણ પોતાની વાત છોડવા માગતો નહોતો:

‘હવે એમને સમજાઈ ગયું છે કે એમની પાસે કોઈ રસ્તો નથી...’

‘તમે ફોન મૂકોને, યાર...’ સોમલ એની ખોટી દલીલથી અકળાઈ ગયો.

‘બેલના ઓર્ડર મળશે એટલે કાલે સાહેબને લઈ આવીશું.’ ધનવંતે ચાપલૂસી કરવાની છેલ્લી તક પણ ન છોડી:

‘કોન્ગ્રેચ્યુલેશન!’

સોમલે ફોન કટ કરી નાખ્યો. એ ચેમ્બરમાં આંટા મારવા માંડ્યો. કેસરે જે કહ્યું તે કરી બતાવ્યું. એને કેસરના શબ્દો યાદ આવતા રહ્યા... જેટલી વખત એને કેસરનો વિચાર આવ્યો એટલી વખત એના દાંત પીસાઈ ગયા, જડબાં તંગ થઈ ગયાં. પોતાના પિતાને હેરાન કરનાર, પોતાને નેહાથી દૂર કરનાર માણસને પાઠ ભણાવવો જોઈએ... આવતી કાલે નિખિલ એક વાર ઘેર આવી જાય પછી કેસરનું મગજ ઠેકાણે આવે એવું કંઈક તો કરવું જ પડશે...

*

‘જુઓ ભાઈ... માર્કેટની હાલત તો તમને ખબર જ છે. સગા ભાઈની કંપની કાચી પડે તો સગો ભાઈ ઊભો નથી રહેતો મદદ કરવા...’

ભદ્રેશ પારેખની આંગળી પર વીંટીઓ ચમકતી હતી. એણે હસીને ઉમેર્યું:

‘તમે અહીંયાં પધાર્યા એ જ મોટી વાત છે. મારાથી થશે એટલું ચોક્કસ કરીશ.’

‘સૌ પહેલાં તો આ વેચવાલી બંધ કરાવી દો.’

‘સાહેબ, આ તો ઇન્વેસ્ટર છે. ભાવ પડવાની બીક લાગે એટલે રાતોરાત મંડી પડે.’

‘આનો કોઈ રસ્તો નથી?’ સોમલે આંખો ઝીણી કરી.

પારેખ સામે બેઠેલા મહેતાની સામે જોઈને ખંધુ હસ્યો:

‘તમારી પાસે આવડા મોટા સલાહકાર છે, જેને અમે ગુરુ માનીએ છીએ, ને તમે મને પૂછો છો?’ એણે મહેતા સામે ઇશારો કર્યો:

‘બોલો બોલો, સાહેબ.’

‘અમે તો તમારી પાસે સલાહ લેવા આવ્યા છીએ. તમે શું કહો છો?’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'વેચવાલી બંધ કરાવવી હોય તો એક જ રસ્તો છે, તમે ખરીદવા માંડો!'

'પણ...' મહેતા સહેજ અચકાયા.

એ કંઈ બોલે તે પહેલાં સોમલ કૂદી પડ્યોઃ

'રાહ કોની જોવાની છે? માલ કોર્નર કરવા માંડો. કાલે ટેન્ડર ખૂલે પછી જોઈશું.'

'સોમલભાઈ...' મહેતા આ માણસની સામે કશું બોલી શકે એમ નહોતા, પણ એમને આ આખીયે પરિસ્થિતિમાં રહેલું રિસ્ક ચોખ્ખું દેખાતું હતું.

'ડૅડ હંમેશાં કહે છે કે સાહસ વિના બિઝનેસ ન થઈ શકે. તરતાં શીખવા માટે કોઈ પુસ્તક નથી હોતું... પારેખસાહેબ?'

'બિલકુલ સાચી વાત... તમે ગ્રીન સિગ્નલ આપો એટલે કાલ સવારથી આપણો ઘોડો રેસમાં ઊતરી પડશે.' મહેતાસાહેબને જવાબ આપવાની તક આપ્યા વગર ભદ્રેશ પારેખે વાત ઉપાડી લીધીઃ

'ત્રણ વાગ્યે તો ટેન્ડર ખૂલી જશે. સવાલ થોડા કલાકોનો છે. એક વાર માર્કેટમાં કોલોનીના ન્યૂઝ પહોંચશે એટલે આપણે રૂપિયા છૂટા કરીશું.'

'આ સટ્ટો છે, સોમલભાઈ.'

'છે તો છે!' સોમલના અવાજમાં વિચિત્ર ઘેલછા હતીઃ

'તમે શરૂ કરાવી દો.'

'ને રૂપિયા?'

'આટલાં વરસથી ધંધો કરીએ છીએ સાહેબ, ભરોસો તો કરવો પડશે.' મહેતાને લાગ્યું કે હવે બોલ્યા વિના છૂટકો નથી.

'શૅરમાર્કેટમાં બાપ દીકરાનો ને ભાઈ ભાઈનો ભરોસો નથી કરતો. તમે જેટલા લાલ-લીલાં પત્તાં મોકલશો એટલી બાજી રમીશ, સાહેબ.' ભદ્રેશ પારેખની આંગળીઓ ટેબલ પર તબલાં વગાડતી હતીઃ

'સાહેબ જેલમાં છે એટલે રોકડનો આગ્રહ નથી રાખતો. દસ્તાવેજ પણ આપણે માટે તો રોકડા બરાબર જ છે. પેઢીઓનો સંબંધ એમ થોડો ભુલાય?'

આ કહેતી વખતે પારેખને બરાબર ખબર હતી કે સોમલ હાર્યો જુગારી હતો. એ બમણું - ચારગણું રમી નાખવા તૈયાર થઈને પારેખના કતલખાનામાં દાખલ થઈ ચૂક્યો હતો. હવે સ્લોટર મશીનની દોરી પારેખના હાથમાં હતી. ઓમ્ અને કેસર જે મોકાની તલાશમાં હતા એ કદાચ સામે ચાલીને એને દરવાજે આવી પહોંચ્યો હતો.

મહેતા અને સોમલને સન્માનપૂર્વક વિદાય કરીને ભદ્રેશ પારેખ પોતાની ચૅમ્બરમાં પાછો ફર્યો ત્યારે સામે લગાવેલા ઠાકોરજીના ચાર બાય ત્રણના રીઅલ ગોલ્ડના પેઇન્ટિંગ સામે એણે હાથ જોડ્યાઃ

'મારા વહાલા, ધર્મયુદ્ધમાં મારો સારથિ તો તું જ છે. એક દિવસમાં સર્વનાશ થઈ જશે, પણ ત્યાં સુધી મારો હાથ પકડી રાખજે!'

*

નિખિલની બેલ પત્યા પછી કોર્ટથી નીકળીને ઘેર જતાં કેસરને વિદ્યાના પિતા યાદ આવી ગયા. આ બધી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ધમાલ દરમિયાન એ વિદ્યાના પિતાને ભૂલી જ ગયો હતો. આજે નિખિલની બેલ થયા પછી એને રાકેશ ચોકસી યાદ આવી ગયા. આવતી કાલે નિખિલ બહાર આવે પછી જે યુદ્ધ શરૂ થવાનું હતું એ પહેલાં એમના આશીર્વાદ લેવાની એને ઇચ્છા થઈ આવી.

એણે ગાડી વિદ્યાના ઘર તરફ વાળી.

વિદ્યાના બિલ્ડિંગની નીચે ગાડી પાર્ક કરતા કેસરના હૃદયમાં એક ચિરાડો પડી ગયો. એની સુખદુઃખની સાથી, એની વહાલસોયી સખીના ઘેર એ પોતે નહીં હોય એટલો વિચાર પણ કેસરને વ્યથિત કરી નાખવા માટે પૂરતો હતો.

વિદ્યાના ઘરનો બેલ વગાડતાં એનો હાથ ધ્રૂજ્યો. દરવાજો ખૂલ્યો ત્યારે સામે વિદ્યાનાં મમ્મી ઊભાં હતાં. અડધું થઈ ગયેલું શરીર, ઊંડી ઊતરી ગયેલી આંખો, ગાલમાં ખાડા અને ધ્રૂજતી કાયા સાથે એ થોડીક ક્ષણો કેસરને જોઈ રહ્યાંઃ

'તું...'

કેસર નીચો નમીને એમને પગે લાગ્યોઃ

'કેસર છું, માસી.'

'કેસર?'

ત્યાં રાકેશભાઈ પાછળથી આવ્યા. કેસરને જોઈને એમની આંખમાં પાણી આવી ગયાંઃ

'આવ, બેટા.' એમણે પત્નીના ખભે હાથ મૂક્યોઃ

'આપણો કેસર છે... વિદ્યાનો કેસર... મેં તને કહ્યું નહોતું?'

'હેં!' એમની આંખોમાં હજી પણ એ જ પથ્થર જેવા ભાવ સ્થિર હતા.

'એને કશું જ યાદ રહેતું નથી. જમીને હજી ઊભી થઈ હોય ત્યાં કહેશે, કોઈ ખાવા તો આપો... દિવસ આખો ઊંઘે, ને રાત્રે જાગીને મને પણ જગાડે. કહેશેઃ ઊઠો... ઊઠો... સવાર થઈ ગઈ. પૂછું તો કહેઃ આ વિદ્યા હજી નથી આવી.'

'હું સમજી શકું છું.'

કેસર એમની પાસે ગયો પછી કશું જ બોલ્યા વિના એણે વિદ્યાનાં મમ્મીને બાથમાં લઈ લીધાં. રબ્બરની ઢીંગલીની જેમ યંત્રવત્ ઊભેલાં વિદ્યાનાં મમ્મીએ પહેલાં તો કોઈ પ્રતિભાવ ના આપ્યો, પણ ધીમે ધીમે એમના હાથ ઊંચકાયા. કેસરની પીઠ પર મુકાયા પછી ધીમે ધીમે એમણે કેસરની પીઠ પસવારવા માંડી, 'કેસર...' લગભગ હોઠ ફફડાવતાં એમણે કહ્યું. એમની પથ્થર જેવી આંખો ધીમે ધીમે પીગળવા લાગી. આછાં આછાં ઝળઝળિયાં આવ્યાં પછી એ છુટ્ટા મોઢે રડી પડ્યાંઃ

'તું... તું ક્યાં હતી? તને અમે યાદ પણ ન આવ્યાં? તારી બહેનપણી તો અમને મૂકીને જતી રહી. ઘરડાની લાકડી થવાને બદલે એ મા-બાપને જિંદગીભર ન ભુલાય તેવું દુઃખ આપીને જતી રહી... અમારી દયા પણ ન ખાધી એ છોકરીએ...'

એ રડતાં રડતાં બોલી રહ્યાં હતાં. એમનું ગળું રૂંધાતું હતું. શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, પણ કેસરે એમને છાતીસરસાં ચાંપી રાખ્યાં હતાં. આટલા વખતથી પથ્થર થઈ ગયેલી પત્નીને પીગળીને માણસ બનતી જોતાં જ રાકેશભાઈની આંખો પણ વહેવા લાગી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કેસરની પીઠ પસવારતાં, 'કેસર... કેસર'માંથી ક્યારે વિદ્યાનાં મમ્મીએ 'વિદ્યા... વિદ્યા...' કહેવા માંડ્યું એની એમને પોતાને પણ ખબર ન રહી. કેસરનું શર્ટ મુઠ્ઠીમાં ભીંસીને લગભગ ફાડી નાખવું હોય એમ એ ખેંચતાં રહ્યાં...

ખાસ્સી પાંચ-સાત મિનિટ સુધી આ હૃદયદ્રાવક રુદન ચાલતું રહ્યું પછી એ ધીમે ધીમે શાંત થયાં પછી કેસરે એમને સહેજ દૂર કર્યાં. એમના બંને ગાલ પર હાથ મૂકી એમની આંખોમાં જોયું:

'માસી... વિદ્યા હવે આપણી સાથે નથી એ સત્ય આપણે સ્વીકારવું પડશે.'

'મારી દીકરીને ભરખી ગયા એ લોકો... હું પહેલેથી જ કહેતી હતી કે...' અત્યાર સુધી એમના ચહેરા પર જે ભાવવિહીન જડતા હતી એને બદલે ધીમે ધીમે ઉદ્‌બેગ દેખાવા લાગ્યો:

'આ એક માની બદદુઆ છે. સુખી નહીં થાય... કમોતે મરશે... જેમ હું મારી દીકરીની પાછળ તરફડી છું એમ એ પણ એના સંતાન માટે તરફડશે...' એ હજી ધ્રૂસકાં ભરતાં હતાં. રાકેશભાઈએ નજીક આવીને એમનો હાથ પકડ્યો.

'ન બોલ.' એમનો અવાજ ધ્રૂજતો હતો:

'આપણે શું કામ કોઈને શ્રાપ આપવો જોઈએ? ઈશ્વર બેઠો છે ન્યાય કરનારો..."

રાકેશભાઈ બોલ્યા ત્યારે કેસરની આંખો બારીની બહાર દેખાતા આકાશને જોઈ રહી હતી. ત્યાં જ્યાં સ્વયં ઈશ્વર દેખાતો હોય એમ કેસરના મનમાંથી પ્રાર્થના નીકળી:

'હે પ્રભુ! આ સ્ત્રીના એક એક નિઃશ્વાસનો જવાબ જો તું નહીં આપે તો તારા હોવા પર શંકા થશે...'

*

આગલી રાતે નિખિલ શ્રોફે ધાર્યું હતું એવું કશું જ થયું નહીં.

આખી રાત એ જેલમાં શાંતિથી રહ્યો—સવારે પણ કોઈ ઉપદ્રવ નહોતો. સોમલ અને ધનવંત કાપડિયા એને લેવા આવ્યા. બેલના પેપર રજૂ કર્યા અને જેલમાંથી બહાર નીકળીને બધા ગાડીમાં ગોઠવાયા.

'બહુ તકલીફ પડી?'

પાછલી સીટના હેન્ડરેસ્ટ પર મુકાયેલો નિખિલનો હાથ સોમલથી અનાયાસે હાથમાં લેવાઈ ગયો.

'જે થઈ ગયું એ બદલી નહીં શકાય. હવે એક કામ કર... સૌથી પહેલાં એક એવા માણસની વ્યવસ્થા કર, જે કેસરને પોઈન્ટ બ્લેન્ક ઉડાડી શકે. માજિદના માણસો એની સાથે છે એટલે લોકલ ગેન્ગમાં કોઈ એને હાથ નહીં લગાડે. બેંગકોકમાં મીરચંદાનીને ફોન કર... એ ગોઠવી આપશે.'

'સાહેબ, શું કામ ફરીથી એનું એ...' વકીલ ધનવંત કાપડિયા અચાનક વચ્ચે બોલી ઊઠ્યો.

'તું તો બોલતો જ નહીં.' નિખિલનો અવાજ એકદમ ઊંચો થઈ ગયો:

'આટલાં વરસથી મારો પગાર ખાય છે, સાલા! એક કામ સીધું નથી કરી શકતો? તને તો હું પછી ઠેકાણે પાડીશ.' એણે ફરીથી સોમલ સામે જોયું:

'આજે બપોરે ત્રણ વાગ્યે ટેન્ડર ખૂલવાનું છે.'

'વાત થઈ ગઈ છે, ડેડ.' સોમલે પિતાનો હાથ સહેજ દબાવ્યો:

'ઓલ ઈઝ વેલ.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘તારી મા ક્યાં છે?’

‘એ એના ફ્લૅટમાં છે.’ સોમલનો અવાજ સહેજ ભીનો થઈ ગયો:

‘આપણે જઈને એને લઈ આવીએ?’

‘ના. હું એનું મોઢું જોવા માગતો નથી. જહાજ ડૂબવા લાગે ત્યારે પહેલાં ઉંદરડા ભાગે. જેને હું મારી ધર્મપત્ની સમજતો હતો એ ઉંદરડાથીયે બદતર નીકળી.’

સોમલ કંઈ બોલ્યો નહીં, પણ એની અંદર ફરી એક વખત પીડાનો ઉછાળો આવ્યો. એને લાગતું હતું કે નિખિલ આ બધી વિટંબણાઓમાંથી બહાર નીકળીને સૌથી પહેલાં શ્વેતા પાસે જશે. એને બદલે નિખિલે સાવ વિરુદ્ધ વાત કરી. અત્યારે બીજા ઘણા સવાલો માથા પર હતા એટલે એણે કંઈ દલીલ ન કરી.

‘એણે મને ડિવોર્સના કાગળ મોકલ્યા છે, ધનવંત. હું હમણાં જ સહી કરી આપીશ. આપણે એને ઠેકાણે પાડી દેવી છે.’

‘ડૅડ...’

‘લિસન, આ અમારા બે જણનો મામલો છે. તું વચ્ચે નહીં બોલતો!’

નિખિલે ફટાક કરીને સોમલને સંભળાવી દીધું. પછી સોમલ ચૂપ થઈ ગયો. એણે નિખિલનો હાથ છોડી દીધો.

ઘરમાં દાખલ થતાં જ માની યાદથી સોમલનું હૃદય ભરાઈ આવ્યું. સ્ટાફ સામે ચાલીને નિખિલ પાસે આવ્યો. સૌએ નિખિલનું સ્વાગત કર્યું. ઝાઝી વાતચીત કર્યા વિના નિખિલ પોતાના રૂમમાં ચાલી ગયો. ઘણા સમયે એ પોતાના બાથરૂમમાં વ્યવસ્થિત નહાયો, શેવ કરી, ચોખ્ખાં વસ્ત્રો પહેરીને એ ડાઇનિંગ રૂમમાં પહોંચ્યો ત્યારે બપોરનો દોઢ વાગ્યો હતો.

બધું જ નિખિલનું ફેવરિટ ભોજન બન્યું હતું. ઘરના ટેબલ પર બેસીને ભાવતું ભોજન જમ્યા પછી નિખિલની આંખો ઘેરાવા લાગી. આટલા દિવસના ઉજાગરાએ એને તોડી નાખ્યો હતો. એણે સોમલ સામે જોયું:

‘હું થોડી વાર ઊંઘી જાઉં છું. ટેન્ડર ખૂલે એના સમાચાર આવતાં આવતાં ચાર-સાડા ચાર થઈ જશે. મને જગાડજે.’

‘જી, ડૅડ.’

‘એક વાર ટેન્ડર ખૂલે એટલે કાલથી જ સાઈટ એન્જિનિયર અને આર્કિટેક્ટ્સને કામે લગાડ. મારે આ કોલોની રેકોર્ડ સમયમાં પૂરી કરવી છે. નિખિલ શ્રોફની ગુડવીલ હજી એની એ જ છે એવું લોકોને સમજાવું જોઈએ.’

‘જી, ડૅડ.’

‘ઇન્વેસ્ટર્સ અને આપણા શૅરહોલ્ડર્સને ફરીથી વિશ્વાસ અપાવવો પડશે.’

‘મેં ભદ્રેશ પારેખ સાથે વાત કરી છે. એ પોતાનું કામ કરી રહ્યો છે.’

સોમલે સવારના પહોરમાં નિખિલ શ્રોફની જૂહુની જમીન સહિત બે મોટી પ્રોપર્ટીના પેપર્સ પી.ઓ.એ. સાઇન કરીને ભદ્રેશને મોકલી આપ્યા હતા. એણે નિખિલને વિગતો જણાવી.

‘ગુડ. મને હતું જ કે તું મારો દીકરો છે.’ નિખિલના ચહેરા પર સ્મિત આવ્યું:

‘પેલી મિડલ ક્લાસ બ્યૂટી ક્વીનની અસર તારા પર ઓછી છે એટલે જ તને આ સૂઝ્યું.’

સોમલ પિતા સામે જોઈ રહ્યો. આટલા દિવસ પછી પાછા ફરેલા પિતાએ એને ભેટવાની પણ દરકાર નહોતી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરી, ન એણે પુત્ર સાથે બે લાગણીભરી વાત કરવાનો પ્રયત્ન કર્યો

નિખિલ ઘરમાં દાખલ થયો ત્યારથી શરૂ કરીને પિતા-પુત્ર વચ્ચે આ પહેલો સંવાદ થયો હતો. સોમલને અત્યારે સમજાયું કે એમના ઘરમાં સંવાદનું સૂત્ર તો શ્વેતાને લીધે જળવાયું હતું. મા હાજર નહોતી એટલે પિતા-પુત્ર વચ્ચે વાતચીત કરવાનો કોઈ વિષય જ નહોતો રહ્યો...

એ નિખિલને ઉપર એના બેડરૂમમાં જતો જોઈ રહ્યો. માણસ પાસે દરેક વસ્તુ હોય તેમ છતાં એ દરેકેદરેક વસ્તુને એક પછી એક કઈ રીતે ખોઈ શકે એનો આ માણસ જીવતો-જાગતો દાખલો હતો. ગર્ભશ્રીમંત પરિવાર, સમજદાર-પ્રેમાળ પત્ની અને સંતાન, સત્તા, પ્રતિષ્ઠા બધું જ પોતાની પાસે હોવા છતાં અહંકારના બોજ નીચે કચડાઈને આ દરેક સુખ ટુકડે ટુકડે વિખેરાતું રહ્યું હતું અને નવાઈની વાત એ હતી કે આ ક્ષણ સુધી નિખિલ શ્રોફ જાણે-અજાણે આ વાસ્તવિકતાથી અજાણ હતો...

એ પછીનો ખાસ્સો સમય બેચેનીમાં વીત્યો. સોમલે ઊંઘવાનો પ્રયત્ન કર્યો, પણ એના મનમાં ચાલતા વિચારોએ એને ઊંઘવા દીધો નહીં. લગભગ સાડા ચાર વાગ્યે સોમલનો સેલફોન રણક્યો.

'હું...'

એણે કોનો ફોન છે એ જોયા વિના જ આઇ ફોન કાને ધર્યો.

'મારી પાસે એક સારા અને એક ખરાબ બે સમાચાર છે. બોલ, પહેલાં કયા સાંભળવા છે?'

સામે છેડેથી કેસરનો અવાજ સાંભળીને સોમલ ચોંક્યો.

*

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# 76

‘ઘણા વખતથી સારા સમાચાર નથી સાંભળ્યા. પહેલાં સારા સમાચાર જ સંભળાવ.’

‘ટેલિવિઝન ચેનલ્સ પર તારી મૌમનો જયજયકાર થઈ ગયો છે, ટીવી ચાલુ કર.’ સોમલ ચૂપચાપ સાંભળતો રહ્યોઃ

‘એડ્વર્ટાઇઝિંગની માર્કેટમાં પગ મૂકતાંની સાથે જ તારાં મમ્મી ઉર્ફે એક્સ મિસ એશિયા છવાઈ ગયાં છે...’

‘હું.’

સોમલે પ્રતિભાવ આપ્યા વિના બાજુમાં પડેલો રિમોટ ઉપાડીને ટેલિવિઝન ચાલુ કર્યું. સામે દીવાલ પર લગાડેલા પ્લાઝમાના સ્ક્રીન પર ચેનલ્સ બદલાતી રહી અને અચાનક શ્વેતાના ફૂટેજ શરૂ થયાં... મેકઅપ કરતી, રિહર્સલ કરતી, ટેલિવિઝન પર મોડેલની દુનિયામાં પોતાના કમબેક વિશે પાંચ-સાત વાક્યમાં બાઈટ્સ આપતી મોમને જોઈને સોમલની આંખો છલકાઈ આવી. એણે આંખો લૂછી નાખીઃ

‘અને ખરાબ સમાચાર શું છે?’

‘દિલ્હીની કોલોનીનું ટેન્ડર તમને નથી મળ્યું.’

‘વ્હોટ?’ સોમલનો અવાજ ફાટી ગયો.

‘શ્રીમાન સોમલ શ્રોફ, વીન વીન સિચ્યુએશનનો સમય પૂરો થયો. હવે હારવાનો મહાવરો કેળવવો પડશે.’

‘એટલે આ ટેન્ડર...’

‘દેવરાજસિંહ ઝાલાને મળ્યું છે. દિલ્હીની કોલોની હવે અમે બાંધીશું.’

‘ઇમ્પોસિબલ...’

‘મારા પર ભરોસો ન હોય તો થોડી મિનિટો રાહ જો. તારા પ્રોજેક્ટ હેડનો ફોન આવતો જ હશે...’ કેસર આગળ કશું જ બોલે તે પહેલાં જ સોમલે ફોન કટ કરી નાખ્યો. એ દોડીને સીધો નિખિલ શ્રોફના રૂમમાં ગયો. દરવાજો નોક કર્યા વિના એણે ખોલી નાખ્યો. નાનકડો સીટિંગ વિસ્તાર વટાવીને એ સીધો પિતાના બેડ પાસે પહોંચી ગયોઃ

‘ડૅડ... ડૅડ...’

ઘસઘસાટ ઊંઘતો નિખિલ બેબાકળા અવાજથી જાગી ગયોઃ

‘ટેન્ડર...’

‘શું થયું?’ સમાચાર આનંદના નહોતા એ તો સોમલનો ચહેરો જોતાં જ સમજાઈ ગયું હતું.

‘ટેન્ડર દેવરાજસિંહ ઝાલાને મળી ગયું.’

‘આ... આવું કેવી રીતે થાય?’

આટલા બધા ઉજાગરા અને સ્ટ્રેસ પછી કાચી ઊંઘમાંથી ઊઠેલા નિખિલને હજી આ વાત ગળે ઊતરતાં થોડો સમય લાગ્યો.

‘એ લોકોએ જરૂર કંઈક ગરબડ કરી છે. આપણે કોર્ટમાં જઈશું, સ્ટે લઈશું.’

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘આવાં સરકારી ટેન્ડર્સમાં પહેલેથી જ અમુક શરતો નાખી દેવાય છે... હવે કશું નહીં થઈ શકે બેટા.’

‘પણ ડૅડ, આપણે જે ઇન્વેસ્ટમેન્ટ કર્યું છે તે...’

‘તેનું શું? એ નુકસાન છે એમ માનીને આગળ વધી જવાનું. ખૂબ કમાયા છીએ આ ધંધામાંથી, ક્યારેક નુકસાન પણ વેઠવું પડે.’

‘તમે સમજતા નથી...’ સોમલના મનમાં હવે ભદ્રેશ પારેખને સોંપી દેવાયેલી પ્રોપર્ટીના કાગળ પણ ફેણ ઉઠાવીને ડોલી રહ્યા હતા:

‘આજે ભદ્રેશે પારેખે મેક્સિમમ માલ કોર્નર કર્યો હશે.’

‘ઠીક છે... આટલા બધા ગયા એમાં બે-ચાર કરોડ વધારે.’

‘ડૅડ... મેં એને જમીન અને ઓફિસના...’

નિખિલ શ્રોફ બેડ પરથી સફાળો ઊભો થઈ ગયો:

‘વ્હોટ... શું આપ્યું છે તેં એને?’

‘પ્રોપર્ટી પેપર્સ.’

‘બ...’

નિખિલના મોઢામાંથી ગાળ નીકળી ગઈ. અત્યાર સુધી ખુલ્લી છાતીએ નુકસાનનું તીર ઝીલવા તૈયાર ઊભેલા આ બિઝનેસ ટાયફુનનો ચહેરો અચાનક જ પીળો પડી ગયો. એને જેલમાં જવું પડ્યું ત્યારે એક સાવચેતીના પગલા તરીકે એણે એના બધા જ બિઝનેસ અને એકાઉન્ટ્સની પાવર ઓફ એટર્ની સોમલને આપ્યો હતો. દરેકેદરેક પ્રોપર્ટીમાં સોમલનું નામ દાખલ કરવાથી શરૂ કરીને નોમિની તરીકે પણ બધે જ એનું નામ ઉમેરી દીધું હતું. હવે એ કાગળિયાં બાપ-દીકરાને ફૂટપાથ પર લઈ આવે એવી કટોકટી સર્જાઈ ગઈ હતી.

‘ફોન કર એ હરામખોરને.’ નિખિલ ભયાનક ઉશ્કેરાઈ ગયો. એને કપાળે પરસેવો વળવા માંડ્યો. જીભ લથડાવા માંડી... કોલોની માટેનું ઇન્વેસ્ટમેન્ટ અને ભદ્રેશ પારેખે રોકેલા પૈસા મળીને હવે નુકસાનનો જે આંકડો દેખાતો હતો એ સેંકડો કરોડનો હતો કહીને દીકરાને ગાળ આપી દીધી હતી.

ભદ્રેશ પારેખના ફોનની રિંગ વાગતી રહી, પણ કોઈએ ફોન ઉપાડ્યો નહીં. સોમલ અકળાયો:

‘સાલો ફોન નથી લેતો.’

‘શું કામ લે? એને જે કરવું હતું તે પતી ગયું. સાડા ત્રણ વાગ્યે શૅરબજાર બંધ થયું ત્યાં સુધીમાં એણે આપણો ખેલ ખલાસ કરી નાખ્યો હશે.’

નિખિલ બેડ પર ફસડાઈ ગયો.

બાજુમાં પડેલો એનો સેલફોન અચાનક રણક્યો. સ્ક્રીન પરનો નંબર જોઈને નિખિલ બરાડ્યો:

‘પેલો હરામખોર છક્કો મને ફોન કરીને ડરાવવા માગે છે. એ ભૂલી જાય છે કે મારું નામ નિખિલ શ્રોફ છે. બરબાદ થઈ જઈશ, પણ ઝૂકીશ નહીં...’ એણે ફોન ઉપાડ્યો:

‘કો’કની કપાયેલી પતંગ લપટાવીને ઉત્સાહમાં આવી ગયો છે તું...’

‘આવતી કાલે સવારે શૅરહોલ્ડર્સ અને ઇન્વેસ્ટર્સ તને સમજાવશે કે પતંગ કોની કપાઈ છે. મેં તો એ કહેવા ફોન કર્યો છે કે તારી પત્નીએ એક દિવસમાં આઠ બ્રાન્ડ સાઇન કરીને રેકોર્ડ બનાવ્યો છે. જે દિવસે નિખિલ શ્રોફ,

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તેં પછડાટ ખાધી એ દિવસથી એનો ભાગ્યોદય શરૂ થયો છે.'

'શ્વેતા એડ ફિલ્મમાં કામ કરે છે?'

'કરી ચૂકી.' કેસર હસ્યોઃ

'બસ, ગણતરીના દિવસોમાં એની પહેલી જાહેરાત ટીવી, હોર્ડિંગ્સ અને અખબારોનાં પાનાં પર ચમકવા લાગશે.'

'તેં આ કહેવા ફોન નથી કર્યો... જે કહેવાનું છે તે કહી નાખ.'

'બડો ચાલાક તો તું છે! ચાલ, આ સમાચાર સાંભળી લે... 'મનોજ ચાવલાની પત્ની અને અભિમન્યુસિંહ ઝાલા તારી વિરુદ્ધ સાક્ષી આપવા તૈયાર થઈ ગયા છે. તેં જેને સુપારી આપી હતી એ મારા પર ગોળી ચલાવનારો પેલો શૂટર તન્વીર પણ સરકારી સાક્ષી બની ગયો છે.'

'સુવ્વરોનું આખું ટોળું મળીને સિંહનું કંઈ નુકસાન ન કરી શકે.'

'તારે જે માનવું હોય તે માન...' કેસરે ખૂબ શાંતિથી કહ્યુંઃ

'કદાચ તને રસ હોય તો છેલ્લા સમાચાર પણ આપી જ દઉં... માજિદભાઈ પણ કોર્ટમાં સાક્ષી આપવા તૈયાર થયા છે.'

હવે નિખિલ શ્રોફ અંદરથી સહેજ કંપ્યો. જો માજિદ મોઢું ખોલે તો એવી ઘણી વિગતો બજારમાં આવી શકે...

નિખિલે જવાબ ન આપ્યો, પણ એને એટલું ચોક્કસ સમજાયું હતું કે જે કેસરને એ સાવ મગતરું સમજતો હતો એ એવી તાકાત સાથે ત્રાટક્યો હતો કે એના મનાતા કિલ્લામાં એક નહીં, અનેક ગાબડાં પડવાનાં શરૂ થઈ ગયાં હતાં...

એણે ફોન કટ કર્યો. એ વખતના નિખિલના ચહેરા પરના ભાવ જોઈને સોમલ સહેજ ડરી ગયોઃ

'ડૅડ, શું થયું?'

'ખાસ કશું નહીં.' નિખિલનો અવાજ સાવ ધીમો અને ક્યાંક દૂરથી આવતો હોય એવો હતો. એ ઊભો થયો અને બાથરૂમ તરફ જવા લાગ્યો. એના પગ લથડતા હતા. જાણે પરાણે શરીરને ઘસડતો હોય એમ બાથરૂમમાં દાખલ થઈને એણે દરવાજો બંધ કરી દીધો.

*

'તમારો આભાર કેવી રીતે માનું, માજિદભાઈ?'

જેલની બેરેકમાં બેઠેલા કેસરની આંખોમાં પાણી હતાં. એ સમજી શકતો હતો કે માજિદભાઈ જો સાક્ષી આપે તો એ પણ ગુનેગાર ઠરે. કદાચ ફરીથી જેલ પણ થઈ શકે.

'બચ્ચા હૈ તૂ મેરા.' માજિદભાઈએ એના માથા પર હાથ ફેરવ્યોઃ

'આજના જમાનામાં દીકરો... દીકરો કરતાં મા-બાપને એમના દીકરા વૃદ્ધાશ્રમમાં નાખી આવે છે ત્યારે તેં દીકરીમાંથી દીકરો થઈને તારા અબ્બુને એનું માન પાછું અપાવ્યું છે. ફક્ર છે મને તારા પર.'

'એક વાર હાઈકોર્ટમાં કેસ દાખલ થઈ જાય એટલે નિખિલને દસ વરસ ઉપરની લાગી જશે.' ઓમ્ ખુશખુશાલ હતોઃ

'મારા બાપાએ પણ જબરદસ્ત ગુલાંટ ખવડાવી છે. ચારે બાજુથી તૂટી ગયો છે. હવે એક ધક્કો મારો કે સીધો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ખાઈમાં!'

'હવે ત્રણ દિવસ રહ્યા છે. કોઈ માથાકૂટ નહીં કરતો.'

માજિદભાઈ પોતાની બાજુમાં બેઠેલા ઓમ્ને સમજાવી રહ્યા હતા. એ જાણતા હતા કે એમણે નિખિલ વિરુદ્ધ કોર્ટમાં સાક્ષી આપવાની સંમતિ આપી છે એટલા સમાચાર જાણતાં જ નિખિલની શી હાલત થઈ શકે. નિખિલનાં તમામ કાળા-ધોળા ધંધામાં, હવાલાઓમાં, લોકોને રસ્તામાંથી હટાવવાનાં કે બળજબરી મકાનો ખરીદવાનાં, ખાલી કરાવવાનાં કેટલાંય કામોમાં માજીદ એમની સાથે હતો. એ જો કોર્ટમાં એફિડેવિટ કરીને બધી જ વિગતો આપે તો નિખિલ કાયમ માટે ધૂળમાં મળી જાય. નિખિલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા ને જુબાની આપવા કોને કોને તૈયાર કરવા એવું લિસ્ટ એમણે મનોમન તૈયાર કરવા માંડ્યું હતું.

'હું કોઈ માથાકૂટ નથી કરવાનો, પણ આજે ગિનતી પૂરી થયા પછી પપ્પા સાથે નિખિલને મળવા જવાનો છું.'

'એ ભૂલ નહીં કરતો.'

'કેમ?' ઓમ્નો સોહામણો ચહેરો સહેજ તંગ થયો. આંખો સંકોચાઈઃ

'મને મારશે? હેરાન કરશે?'

'બેટા, કેટલાક સવાલોના જવાબો ખુદા પર છોડી દેવા જોઈએ. આપણે ઇન્સાન છીએ. ખુદાના કામમાં દખલ દેવી એ આપણું કામ નથી. આપણે તો એનો ઇન્સાફ સ્વીકારી લેવાનો. એની સામે સર ઝુકાવવાનું.'

'હું સમજ્યો નહીં.'

'વક્ત સબ સમઝા દેગા.'

માજિદભાઈએ આંખો મીંચીને માથું પોતાના કાઉચ જેવા નાનકડા સીટિંગ પર ટેકવી દીધું.

'તેરી સહેલી કે મંગેતર કે પાસ ચલા જા.'

માજિદભાઈની આંખો બંધ હતી. ચહેરા પર ભયાનક શાંતિના ભાવ હતા, પણ એમનું મગજ કોઈ પણ સામાન્ય માણસના મગજ કરતાં ચાર ગણી ઝડપે કામ કરતું હતુંઃ

'ઉસકે બાપ કો સમજા કી અબ નિખિલ ફંસનેવાલા હૈ.'

'એનાથી શું થશે?'

'તું જા તો ખરો.' માજિદભાઈએ આંખો ખોલી. એમના ચહેરા પર સ્મિત હતુંઃ

'જઈને કહેજે કે તું કેસ રિ-ઓપન કરાવવાનો છે. વિદ્યાએ તને લખેલો પત્ર અને ફોનનું વીડિયો રેકોર્ડિંગ જડ્યું છે.'

'પણ...'

'જ્યારે બુઝુર્ગ કંઈ કહે ત્યારે એમાં અનુભવની વાણી હોય છે. હું કહું એટલું કર. બાકીનું એ છોકરાનો બાપ જ પૂરું કરશે.'

કેસર થોડીક ક્ષણો માજિદભાઈ સામે જોઈ રહ્યો. પછી એની અને ઓમ્ની નજર મળી. બંને જણા એક જ ક્ષણમાં સમજી ગયા કે માજિદભાઈ નિખિલની વિરુદ્ધ એક બીજો સાક્ષી ઊભો કરી રહ્યા હતા.

*

નિખિલ શ્રોફ બાથરૂમમાંથી બહાર આવ્યો ત્યારે એનો ફોન રણકી રહ્યો હતો. ફોનના સ્ક્રીન પર ભદ્રેશ પી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વાંચીને સોમલે ફોન ઉપાડ્યો.

‘આ હું શું સાંભળું છું, સોમલભાઈ? આપણે તો બરબાદ થઈ ગયા.’

‘આપણે?’ સોમલે તીખાશથી પૂછ્યું.

‘હાસ્તો. તમારું કહ્યું કરવા ગયો એમાં મારું પણ આવી બન્યું. અમારું માર્કેટ તો જબાનની વિશ્વસનીયતા પર ચાલે. મને એમ કે તમારી મદદ કરવી જોઈએ એટલે મેં તો મારા ગજા બહાર જઈને માલ કોર્નર કર્યો અને...’

‘તમારો એકેય રૂપિયો નહીં ડૂબે.’

‘આનું નામ ખાનદાની... ચાર ચાર પેઢીથી શ્રેષ્ઠીઓનું લોહી કંઈ રંગ બતાવ્યા વિના રહેવાનું છે?’ એ ખંધુ હસ્યોઃ

‘બોલો, રાજા...ક્યારે આવું?’

‘સવાર તો પડવા દો...’ સોમલ ઉશ્કેરાઈ ગયો.

‘ઠીક ઠીક... મને તો એમ કે સાહેબ જો રાત્રે ફ્રી હોય તો સત્સંગ કરવા આવી જાત.’

‘હું એમને પૂછીને કહીશ.’

નિખિલે ધીમે રહીને હાથ લંબાવ્યોઃ

‘પણ ડૅડ...’

પિતાની હાલત જોયા પછી હવે એ આવા સમાચારોથી દૂર રહે તો વધુ સારું એવું સોમલને લાગવા માંડ્યું.

‘ફોન આપ.’ નિખિલે ફોન લીધોઃ

‘ભદ્રેશ પારેખ, રસ્તા પર આવી જઈશ તો પણ તારું દેવું લઈને નહીં મરું.’

‘મરે તમારા દુશ્મન.’ સામે છેડેથી ભદ્રેશ પારેખ હસ્યોઃ

‘કોન્ટ્રેક્ટ આવી રીતે હાથમાંથી જશે એવું મેં નહોતું ધાર્યું હોં. સોમલભાઈ તમારા જેટલા પાવરફુલ નથી. હજી ઘડવા પડશે.’

‘મેં પૂછ્યું તમને?’ નિખિલ ચિડાઈ ગયો.

‘હું સાંજે આવું, સહી કરાવવા?’

ભદ્રેશ હવે ધાર્યા કરતાં વધુ નફ્ફટ થઈને વાત કરી રહ્યો હતોઃ

‘સવારે બજાર ખૂલે ત્યારે વલણ ચૂકવવું પડશે. રોકડ ભેગી કરવી પડશેને?’

‘કેટલું ચૂકવવાનું છે?’

‘ત્રણસો ઉપર... સાહેબ!’ ભદ્રેશે સહેજ અટકીને ઉમેર્યું:

‘સૅડ... વેરી સૅડ, નહીં?!’

‘સાંજે આવી જજો.’ નિખિલનો અવાજ ભદ્રેશ સુધી પહોંચે એટલો મજબૂત હવે નહોતો રહ્યો. એ પલંગમાં પછડાયો. ફોન એના હાથમાંથી છૂટી ગયો. એણે આંખો મીંચી દીધી. ત્યાં ઊભેલો સોમલ પિતાને જોતો રહ્યો. એણે આવો હારેલો, તૂટી ગયેલો નિખિલ પહેલાં ક્યારેય નહોતો જોયો.

મોડી સાંજે ભદ્રેશ પારેખ જ્યારે શ્રોફ વિલા પહોંચ્યો ત્યારે નિખિલ ચાંદીની નકશી કરેલા વિશાળ સોફામાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એકલો બેઠો હતો. સાંજના સૂર્યાસ્ત થાય એ પહેલાં જલી જતાં ઝુમ્મરો આજે બંધ હતાં. બે-ચાર લાઇટ પોતાનું અસ્તિત્વ સાબિત કરવા ઝગમગી રહી હતી, પરંતુ શ્રોફ વિલાના ડ્રોઇંગરૂમમાં એટલો સન્નાટો હતો કે ભદ્રેશ પારેખનાં બૂટનો અવાજ પણ એને પોતાને ખૂબ મોટો લાગ્યો.

એ આવીને સામેના સિંગલ સોફામાં ગોઠવાયો. થોડીક ક્ષણો સુધી બંને વચ્ચે મૌન રહ્યું, પછી નિખિલે પૂછ્યું:

'લાવો, કાગળો.'

'જુઓ સાહેબ, મેં તો તમારા ભલા માટે...' ભદ્રેશે સહેજે સારા થવાનો પ્રયત્ન કર્યો:

'સોમલભાઈ મહેતાસાહેબને લઈને આવ્યા હતા.'

'હં...' નિખિલનો ચહેરો પથ્થર જેવો હતો. એણે હાથ લંબાવ્યો. ભદ્રેશે એના હાથમાં કાગળો મૂકી દીધા. બાજુમાં પડેલા કાર્ટિયરના ચશ્મા ઉઠાવી નિખિલે કાગળો તપાસ્યાં. પછી એકએક પાને ઇનિશિયલ્સ કરવા માંડી. નિખિલને સહી કરવામાં થોડીક જ મિનિટો લાગી હશે, પણ ભદ્રેશને લાગ્યું કે જાણે કલાકો વીતી ગયા છે.

ડોક્યુમેન્ટ્સ સહી કરીને ભદ્રેશને પાછા આપતાં નિખિલે એટલા જ ભાવવિહીન ચહેરા સાથે કહ્યું:

'સવારે બજાર ખૂલે એટલે જે કંઈ બાકી રહે એ જણાવી દેજો.'

ભદ્રેશ કશું જ બોલ્યા વિના ઊભો થયો. એણે હાથ જોડ્યા:

'જય શ્રીકૃષ્ણ...'

શ્રોફ વિલાના ડ્રોઇંગરૂમમાં વાતાવરણ એટલું બોઝલ અને ભારે હતું કે આશ્વાસનના શબ્દો કહેવાની પણ ભદ્રેશની હિંમત ન થઈ.

બહાર નીકળીને ભદ્રેશ ગાડીમાં ગોઠવાયો. એણે ફોન લગાડ્યો:

'નમસ્તે, માજિદભાઈ!'

'સલામ પારેખજી. હો ગયા સબ?'

'સબ તો નહીં... હજી કાલે સવારે બજાર ખૂલે અને બંધ થાય એની વચ્ચે પિંડો વળી જશે.'

'બહોત અચ્છે...' માજિદથી નિઃશ્વાસ નંખાઈ ગયો. એમણે આંખો મીંચી દીધી:

'અલ્લાહ! ઇન્સાન જબ ખુદા બનને કી કોશિશ કરતા હૈ, તબ ઇન્સાન ભી નહીં રહ પાતા... શેતાન બન જાતા હૈ... ખુદા હાફીઝ.' એમણે ફોન કાપી નાખ્યો.

*

નિખિલ સીડી ચડીને પોતાના રૂમમાં જતો હતો ત્યારે એના ફોનની રિંગ વાગી. નિખિલે ફોનના સ્ક્રીન પર જોયા વગર ફોન રિસીવ કર્યો:

'હં...'

'નિખિલભાઈ, હું તો મરી જઈશ.' નીલાંગના પિતા બેબાકળા થઈ ગયા હતા.

'શું થયું?' નિખિલે સાવ નિઃસ્પૃહ અવાજે પૂછ્યું.

'પેલો કેસ રિ-ઓપન કરાવવાનો છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'તે?'

'તે શું, સાહેબ... મારો છોકરો તો ફસાઈ જશે. પેલી તો મરતાં મરી ગઈ, પણ આને કાગળ લખતી ગઈ છે. જોડે જોડે પોતાના ફોનમાં વીડિયો રેકોર્ડિંગ કર્યું છે - ડાઇંગ ડેકલેરેશન તરીકે સ્વીકારે તો...તો...' એનો અવાજ ધ્રૂજતો હતો:

'હવે?'

'હવે કાંઈ નહીં... તમારો દીકરો જેલમાં જશે.'

'એ તો જશે... પણ જોડે હું તમનેય નહીં છોડું.' નીલાંગના પિતા દીકરાની ચિંતામાં બેબાકળા થઈ ગયા હતા:

'ખોટી સાક્ષીમાં તમનેય ફસાવીશ. મારો દીકરો નહીં બચે તો તમે પણ...' નિખિલે ફોન કટ કરી નાખ્યો. એક ક્ષણ પણ રોકાયા વગર એ સીધો પોતાના રૂમમાં પ્રવેશી ગયો.

એ આખી રાત નિખિલ પોતાના રૂમમાં બંધ રહ્યો. એના રૂમમાં લાઇટ ચાલુ હતી અને દરવાજો અંદરથી લોક હતો. સોમલ લગભગ આખી રાત બંને બેડરૂમની બહાર આવેલા નાનકડા સીટિંગના સોફા પર મોડે સુધી જાગતો રહ્યો... અંતે મોડે મોડે એની આંખ મળી. એ રાત્રે ઘરમાં કોઈ જમ્યું નહીં. સવારે નિખિલે દરવાજો ખોલ્યો ત્યારે એ લગભગ નોર્મલ હતો:

'ગુડ મોર્નિંગ.' એણે લગભગ રોજિંદા અવાજમાં કહ્યું:

'હું જિમ જાઉં છું.'

એ જિમ ગયો. સ્ક્વોશ રમ્યો. સ્ટીમ લઈને, નાહીને બ્રેકફાસ્ટ ટેબલ પર આવ્યો ત્યારે સાડા અગિયાર થઈ ગયા હતા. એણે ડાઇનિંગ ટેબલની સામે મુકાયેલું નાનકડું ટેલિવિઝન ચાલુ કર્યું.

શ્રોફ કન્સ્ટ્રક્શન, શ્રોફ શીપિંગથી શરૂ કરીને નિખિલ શ્રોફની બધી જ કંપનીઝ માની ન શકાય તેવી તળિયાની સપાટીએ પહોંચી ગઈ હતી. શૅરના ભાવ પડી ગયા હતા. બજારમાં અફરાતફરી મચી ગઈ હતી. કશું જ ન બન્યું હોય એમ જાણે કોઈ બીજી કંપનીના ન્યૂઝ જોતો હોય એમ નિખિલ નિરાંતે આ સમાચાર જોતો રહ્યો. એણે રોજની જેમ ફ્રૂટ્સ ખાધાં, જ્યુસ પીધો અને વ્યવસ્થિત બ્રેકફાસ્ટ કર્યો.

ઉદ્વેગમાં આંટા મારતા સોમલને પિતાનું આ વર્તન સમજાતું નહોતું. કશું પૂછવાની એની હિંમત નહોતી, પણ જે કંઈ થઈ રહ્યું હતું એ બધી વાતોની ભયાનકતા નિખિલને હચમચાવી રહી હતી. એણે ચૅનલ બદલી નાખી...

આ રીતે બદલાતી ચૅનલ વચ્ચે એક એન્ટરટેઇન ચૅનલના ન્યૂઝમાં શ્વેતા ફરી મોડેલ તરીકે આવી રહી છે એના સમાચાર હતા.

એનો ચહેરો ટેલિવિઝનના સ્ક્રીન પર ક્લોઝ અપમાં દેખાયો એને જોઈને નિખિલે ટેલિવિઝન બંધ કરી દીધું. એ ઊભો થયો. કશું જ બોલ્યા વિના નજીક ઊભેલા દીકરા પાસે ગયો. એણે સોમલને પોતાની બાથમાં લઈ લીધો. નિખિલના સ્પર્શમાં સધિયારો શોધતા કોઈ ભૂલા પડેલા બાળક જેવી બેચેની હતી. સોમલ થોડી વાર એમ જ ઊભો રહ્યો. પછી એણે પિતાની પીઠ પર હાથ ફેરવ્યો.

બાપ-દીકરો થોડીક ક્ષણો એમ જ ઊભા રહ્યા.

નિખિલ અચાનક અલગ થયો. સોમલનો ગાલ થપથપાવ્યો. એ સીડી તરફ વળ્યો:

'ડૅડ...'

'હું થોડી વાર આરામ કરવા માગું છું.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એણે પાછળ જોયા વગર પગથિયા ચઢવાં માંડ્યાં. પોતાના રૂમમાં જઈને એણે દરવાજો બંધ કર્યો.

સોમલ થોડીક ક્ષણો માટે એમ જ ઊભો રહ્યો. જાણે એના શરીરમાંથી બધી શક્તિ હણાઈ ગઈ હોય એમ ચેતનવિહીન ઊભો હતો એ...

થોડી વાર પછી એણે શ્વેતાને ફોન લગાડ્યો. રિંગ વાગતી રહી. ફોન કોઈએ ઉપાડ્યો નહીં. સોમલ બેચેન થઈ ગયો.

એ સડસડાટ સીડી ચડીને નિખિલના રૂમમાં પહોંચ્યો. ગઈ કાલની જેમ જ એણે નોક કર્યા વગર દરવાજો ખોલી નાખ્યો. નિખિલ પોતાના બેડમાં સૂતો હતો. એની આંખો બંધ હતી. સોમલ નજીક પહોંચ્યો:

'ડૅડ...'

કોઈ જવાબ ન મળ્યો.

એણે ફરી કહ્યું: 'ડૅડ...'

નિખિલ નિશ્ચેષ્ટ, શાંત સૂતો રહ્યો. સોમલે એના કપાળ પર હાથ મૂક્યો. શરીર હૂંફાળું હતું, પણ કોઈ હલનચલન નહોતું. સોમલે ધ્રૂજતા હાથે બે આંગળીઓ એના નાક પાસે ધરી. નિખિલના શ્વાસ ખૂબ ધીમા, લગભગ બંધની સ્થિતિમાં હતા. સોમલે બંને ખભેથી પકડીને નિખિલને હચમચાવ્યો:

'ડૅએએએએ...ડ!'

એનો અવાજ ફાટી ગયો. નિખિલે આંખો ન જ ખોલી.

સોમલે ડૉક્ટરને ફોન લગાડ્યો. ફૅમિલી ડૉક્ટર અને એમ્બ્યુલન્સ લગભગ સાથે જ પહોંચ્યાં. નિખિલને તાત્કાલિક નાણાવટી હૉસ્પિટલમાં લઈ જવાયો, પણ ત્યાં પહોંચતા પહેલાં આઈસીયુ એમ્બ્યુલન્સના મોનિટરમાં નિખિલના શ્વાસ ધીરે ધીરે મંદ પડતા ગયા... અને મોનિટરના ટીક... ટીક સાથે સ્ક્રીન પર એક સીધી લીટી દોરાવા માંડી!

ફૅમિલી ડૉક્ટરે સોમલ સામે જોઈને ડોકું ધુણાવ્યું:

'સોરી. વિ જસ્ટ લોસ્ટ હિમ!'

થોડી જ વારમાં શ્વેતા અને બીજા લોકોને સમાચાર પહોંચી ગયા. ધીમે ધીમે નાણાવટી હૉસ્પિટલમાં અંગત લોકો એકઠા થવા લાગ્યા. એક વાર હૉસ્પિટલ પહોંચ્યા હતા એટલે પોસ્ટમોર્ટમ અનિવાર્ય બની ગયું. થોડા કલાકો પ્રતીક્ષામાં વીતી ગયા. જેમ જેમ સમાચાર ફેલાતા ગયા તેમ મીડિયા અને સગાંવહાલાંની ભીડ હૉસ્પિટલમાં જમા થવા લાગી...

ભીંતને ટેકે ઊભેલી શ્વેતા એકીટશે પોસ્ટમોર્ટમ રૂમના દરવાજા તરફ તાકી રહી હતી. આખરે એ દરવાજો ખૂલ્યો. ડૉક્ટર પ્રાથમિક રિપોર્ટસ સાથે બહાર આવ્યા. નિખિલે સ્લીપિંગ પિલ્સનો ઓવરડોઝ લીધો હતો. વધારે પ્રમાણમાં ઊંઘની ગોળીઓ અને એની સાથે બે-ચાર નીટ પૅગ એને માટે ઘાતક પુરવાર થયાં હતાં.

*

યે તો હોના હી થા...

જેલઓફિસમાં ટીવી પર સમાચાર જોઈ રહેલા માજિદભાઈના ચહેરા પર પારાવાર પીડા હતી:

'તાકત જબ હદ સે બઢ જાતી હૈ તો સબ સે પહલે ખુદ કો તોડતી હૈ... ગરુર ઔર ગાફિલિયત મિલકર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઝહર બન જાતે હૈં.' એમણે ઊંડો શ્વાસ લીધોઃ

'જાને ક્યોં ઇન્સાન કો સમજ દેને મેં ખુદા ઇતની દેર ક્યૂં કરતા હૈ...' એમણે બાજુમાં બેઠેલા ઓમ્ના માથે હાથ ફેરવ્યોઃ

'જબ ઇન્સાન અપને હી વજન સે ગીર રહા હો તો ઉસે ધક્કા મારને કા ગુનાહ નહીં કરના ચાહીએ. અબ સમજ મેં આતા હૈ, મૈંને ક્યૂ રોકા તુમ્હેં?'

ઓમ્ની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાંઃ

'આ માણસ જો સારી રીતે જીવ્યો હોત તો ઇતિહાસ બની શક્યો હોત...

'ખુદા જ્યારે બહુ બધું આપે છે ને ત્યારે સાથે એક નબળાઈ આપી દે છે... જે માણસ એ નબળાઈને જીતી જાય છે એ સફળ થાય છે અને જેને નબળાઈ જીતી લે છે એ નિખિલની જેમ...'

નિખિલનું કમોત જેલના કેદીઓ માટે પણ આઘાતજનક સમાચાર જ હતું. માજિદભાઈએ કેસરને ફોન લગાવ્યોઃ

'તું જાય છે ને?'

'જી... જવું જ જોઈએ.'

'બિલકુલ.'

'હું બાપુ અને માને પણ લઈ જાઉં છું.' સહેજ અચકાઈને એણે ઉમેર્યું:

'નેહાને પણ...'

'નેક બચ્ચા હૈ તૂ.' માજિદભાઈની આંખમાં પાણી જોઈને ઓમ્ને નવાઈ લાગી. માજિદભાઈએ આંખો લૂછી નાખી.

'ભાઈ...' બોલતાં બોલતાં કેસરનું ગળું ભરાઈ આવ્યું:

'મેં નિખિલને મરવા માટે મજબૂર નથી કર્યો. હું તો એને...'

'ખુદા સબ જાનતા હૈ બેટા. એણે જે ઇન્સાફ કર્યો છે એને માથે ચડાવ.'

ફોન કટ કરતાં કેસરની આંખો છલકાઈ આવી. નેહાએ નજીક આવીને એના ખભે હાથ મૂક્યોઃ

'શું કામ આવું વિચારે છે? નિખિલ જેવો માણસ ઘૂંટણિયે પડીને માફી નહોતો માગવાનો એની તને ખબર નહોતી?'

'હતી...' કેસર શૂન્યમાં જોઈ રહ્યો હતોઃ

'મને ખબર હતી... પણ આ યુદ્ધ આમ અડધેથી પૂરું થઈ જશે એવી ખબર નહોતી. સામી છાતીએ નહીં લડી શકે એવી જાણ હતી મને, પણ આમ પીઠ દેખાડીને ભાગી જશે એવું મેં નહોતું ધાર્યું.'

'હવે મુક્ત થઈ જા... એક કડવો અધ્યાય પૂરો થયો.' નેહાએ એના બંને હાથ પકડીને એની આંખોમાં જોયું:

'યુદ્ધ શરૂ કરવું આપણા હાથમાં હોય છે. પૂરું કઈ રીતે થશે એ તો ઉપરવાળો જ નક્કી કરે છે.'

*

નિખિલનું શબ જ્યારે સ્ટ્રેચર પર બહાર લાવવામાં આવ્યું ત્યારે ભીંતને ટેકે ઊભેલી શ્વેતા તૂટી ગઈ. નિખિલના

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શબને વળગીને એણે જે કલ્પાંત કર્યું એ ભલભલાની છાતી ધ્રુજાવી દે એવું હતું. સોમલ ચૂપચાપ બધી વિધિ પતાવતો રહ્યો. એના હોઠ ભિડાયેલા હતા અને આંખો કોરીધાકોર.

નિખિલના શબને શ્રોફ વિલાના ડ્રોઇંગરૂમમાં રક્તચંદનનો ચોકો કરીને સુવડાવાયું હતું. શુદ્ધ રેશમનું સફેદ વસ્ત્ર એના શરીરને ઢાંકી રહ્યું હતું. ગીતાના શ્લોકો અને ધૂપને કારણે એક વિચિત્ર પ્રકારની ગ્લાનિ આખા વાતાવરણમાં રેલાતી હતી. એ જ વખતે કેસર, દેવરાજસિંહ, નેહા અને શ્રદ્ધાબહેન શ્રોફ વિલાના દરવાજે આવીને ઊભાં રહ્યાં.

મીડિયાના કૅમેરા એમની તરફ મંડાયા. સહુને અપેક્ષા હતી કે અચાનક કશુંક બનશે... પરંતુ સોમલે હાથ જોડ્યા. ચારેય જણા સામે નમસ્કાર કરીને એક ખૂણામાં ઊભાં રહી ગયાં. કોઈ સંવાદ નહીં, કોઈ અણધારી ઘટના નહીં.

નેહા ધીમે રહીને સોમલની બાજુમાં આવીને ઊભી રહી. એણે હળવેથી સોમલની આંગળીઓમાં આંગળીઓ પરોવી એનો હાથ પકડ્યો. હાથ છોડાવ્યા વિના સોમલ એમ જ ઊભો રહ્યો. સોમલે એની તરફ જોયું. નેહાએ એનો હાથ છોડી બંને હાથે સોમલને પોતાના બાહુપાશમાં લઈ લીધો. અત્યાર સુધી તદ્દન અવિચલ રહીને બધી જ વિધિ કરી રહેલો સોમલ નાના બાળકની જેમ છૂટા મોઢે રડી પડ્યો. છેલ્લા કેટલાય દિવસથી છાતીમાં જાણે દાબી રાખ્યું હોય તેમ રુદન શ્રોફ વિલાના દીવાનખંડની દીવાલોને હૃદયદ્રાવક રીતે હચમચાવી ગયું.

નિખિલની અર્થી સ્મશાને લઈ જવા માટે ઊંચકવામાં આવી ત્યારે કેસર નજીક આવ્યો, પણ સોમલે ડોકું ધુણાવીને ના પાડી. એક અક્ષર બોલ્યા વિના કેસર આઘો ખસી ગયો. મૃત્યુનો મલાજો જાળવીને બંનેએ સમય સાચવી લીધો. સોમલની કફોડી સ્થિતિ સમજીને દેવરાજસિંહ અને કેસરે સ્મશાને જવાનું ટાળ્યું.

ઘેર પાછા ફરીને, અંદર દાખલ થતાં પહેલાં દેવરાજસિંહનાં આંસુ ધસી આવ્યાં:

'નિખિલ દિલદાર દુશ્મન હતો...' એ બહાર જ ગોઠવેલા કેનના સોફામાં ફસડાઈ પડ્યા:

'સાલાએ દિલ ફાડીને દુશ્મની કરી બતાવી.'

*

નિખિલના બેડરૂમમાં બેઠેલી શ્વેતા પતિના હસ્તાક્ષરમાં લખાયેલો પત્ર વાંચી રહી હતી. એની આંખોમાંથી અવિરત આંસુ વહેતાં હતાં. પત્રની સાથે સહી કરેલા ડિવોર્સના પેપર્સ પણ સામેલ હતા. આઠ લીટીના એ પત્રને અંતે નિખિલે લખ્યું હતું:

'હું હજી પણ નથી સમજી શકતો કે હું ક્યાં ખોટો હતો... બધું જ સમજી શકતો હતો, પણ મારી જાતને રોકી શકવાનું મારા હાથમાં નહોતું. આ ક્ષણે મને એક જ વાત સમજાય છે: હું શ્રેષ્ઠ જીવ્યો છું. મારે શ્રેષ્ઠ જ મરવું જોઈએ... કેસર નામનો એ માણસ મારા મૃત્યુનું કારણ નથી. નિખિલ શ્રોફને જો કોઈ એક માણસ મૃત્યુ તરફ ધકેલી શકે તો એ નિખિલ શ્રોફ પોતે... હું જ મારો કાળ પુરવાર થયો છું.'

બીજે દિવસે સવારે દેવરાજસિંહ ઝાલાના દરવાજે ઊભેલો સોમલ સાવ જુદો જ માણસ હોય એવો દેખાતો હતો. સફેદ લિનનનું શર્ટ અને બ્લ્યુ જીન્સમાં બે-ત્રણ દિવસની વધેલી દાઢી સાથે એ ભયાનક હૅન્ડસમ દેખાતો હતો. દરવાજો ખોલતાં જ શ્રદ્ધાબહેનને આજે પહેલી વાર સોમલના ચહેરામાં નિખિલ શ્રોફની છાયા દેખાઈ.

'આ...' એણે એક એન્વેલપ લંબાવ્યું:

'દેવરાજસિંહ ઝાલા માટે મારા ડૅડીના ટેબલ પરથી મળ્યું છે.'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શ્રદ્ધાબહેને ધ્રૂજતા હાથે એન્વેલપ લઈ લીધું.

'આવો...' એમનાથી કહેવાઈ ગયું. સોમલે ડોકું ધુણાવીને હાથ જોડ્યા. એક અક્ષર બોલ્યા વિના એ પાછો ફરી ગયો.

પોતાને સંબોધીને લખેલા પરબીડિયામાં દેવરાજસિંહે પત્ર કાઢ્યો. સફેદ જર્મન પેપર પર નિખિલ શ્રોફે હસ્તાક્ષર અને મરોડદાર અક્ષરે લખ્યું હતું:

'મને હરાવનારો હજુ જન્મ્યો નથી... પણ તમારા દીકરાએ મને એટલું શીખવાડી દીધું કે સતત જીતી તો ન જ શકાય... હાર નથી સ્વીકારતો હું, પણ મારું શરીર છોડતાં પહેલાં એટલું સ્વીકારું છું કે કેસર કોઈ શરીર નથી, એક હિંમત, એક તાકાત, એક મજબૂતી અને એક પ્રામાણિકતા છે એ! એનું અસ્તિત્વ એ જ એનું સત્ય છે. આ પત્ર મેં લખ્યો ન હોત તો કદાચ હું કાયર પુરવાર થાત, મને ખાતરી થઈ ગઈ કે કેસર મને હરાવી શકશે એટલે જાઉં છું. જીતી ન શકાય એવા કોઈ યુદ્ધમાં મને રસ નથી...'

દેવરાજસિંહની આંખો છલકાઈ પડી. એમણે પત્ર કેસર તરફ લંબાવ્યો. કેસરે પત્ર હાથમાં લીધો... બહુ ઝડપથી એણે પત્ર પર નજર ફેરવી લીધી. એ ગંભીર બની ગયો. થોડીક ક્ષણ પત્ર સામે જોતો રહ્યો.

એણે ક્યાંક વાંચેલું: જેવી રીતે પવન સુગંધને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જાય છે તેમ આ જીવ પણ આ જગતમાં પોતાના જીવનના જુદા જુદા ખયાલને-વિચારને એક શરીરમાંથી બીજા શરીરમાં લઈ જાય છે... એ એક શરીરને ધારણ કરે છે અને પછી એને ત્યાગીને બીજું શરીર ગ્રહણકરે છે...

કેસર આંખ મીંચીને ધ્યાનમગ્ન થઈ ગયો અને જાણે પોતાને જ ઉદ્દેશીને કહેતો હોય એમ કેસરના હોઠ ફફડ્યા:

'આમ તો મેં પણ શરીર બદલ્યું છે... આત્મા અંતે પોતાના સ્વસ્થાને પહોંચે જ છે. દરેક આત્મા અપૂર્ણતા સાથે અવતરે છે અને અંતે પૂર્ણતાને પામવા પાછો ફરે છે...'

પૂર્ણ-અપૂર્ણનું આ ચક્ર અવિરત ચાલે છે... પૂર્ણથી અપૂર્ણ તરફનો પ્રવાસ એટલે જન્મ અને અપૂર્ણથી પૂર્ણ થવાની પ્રક્રિયા એટલે મૃત્યુ... નિખિલ પૂર્ણતાને પામ્યો છે. આપણે સહુ અંતે એ જ પામવાના છીએ.'

**(સમાપ્ત)**

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

# કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

## નવલકથા

### કૃષ્ણાયન

કૃષ્ણના જીવનની ત્રણ સ્ત્રીઓ. રાધા, રુક્મિણી અને દ્રૌપદી — પ્રેયસી, પત્ની અને મિત્ર... માણસ થઈને જીવી ગયેલા ઈશ્વર સાથે પોતાના મનની વાત કરે છે. અંગ્રેજી, મરાઠી, હિન્દી ભાષામાં અનુવાદિત અને ગુજરાતીમાં પાંચ વર્ષમાં અગિયાર આવૃત્તિ જીવી ચૂકેલી ધબકતી નવલકથા.

### દ્રૌપદી

સ્ત્રીઓને પુરાણોનાં પાનાંઓમાંથી જગાડીને સદીઓથી એમની આંખો પર છવાઈ ગયેલાં ઊંઘનાં આવરણ હટાવીને મારે કશુંક એવું કહેવું છે, જેમાં એ સ્ત્રીઓ તો છે જ — સાથે સાથે થોડીક હું છું, થોડાક તમે છો અને થોડીક આપણી સહભાગે વહેંચાતી સમસંવેદનાઓ છે.

આ દ્રૌપદી 'આજની' છે — હજી જીવે છે ક્યાંક, તમારા અને મારામાં પણ...!

### મધ્યબિંદુ

જે સ્ત્રીને પતિ અને પ્રેમીની વચ્ચે બે જિંદગી જીવતાં આવડે છે એવી સ્ત્રીના પ્રણયની સંવેદનશીલ અને છતાં હૃદયમાંથી નીકળતી સાચી વાત. 'દિવ્ય ભાસ્કર'ના વાચકોને સ્પર્શી ગયેલી પહેલી બોલ્ડ ગુજરાતી નવલકથા.

### મૌનરાગ

અંજલિ પોતે જ પોતાની કેદી છે! અંજલિ અને એની આ પીડા... સાથે સાથે વહેતા અનિરુદ્ધ અને અક્ષયની બંધ હોઠોમાં કહેવાતી લગ્નજીવનથી લંબાઈને ભૂતકાળના પ્રેમસંબંધ સુધી ફેલાતી વ્યથા-કથા.

### છલ (ભાગ 1-2)

નિયતિ અને રેવતી... એક જેવી દેખાતી બે ટ્વીન બહેનોની તદ્દન જુદી જિંદગીની રસપ્રદ વાર્તા.

### પારિજાતનું પરોઢ

ધર્મની ગાદી પર બેઠેલા એક એવા માણસની કથા જે ધર્મની વ્યાખ્યા ધરમૂળથી બદલવા માગે છે. 'ધર્મ પ્રેમ છે કે પ્રેમ જ ધર્મ?' એ સવાલ સૌને પૂછતી એક વિધર્મી પ્રેમીઓની સ્વધર્મ કથા.

### એક સાંજના સરનામે

આથમતી સંધ્યાએ પાંગરતા પ્રણયની એક એવી વાત, જેમાં પ્રેમની વ્યાખ્યા નવેસરથી લખવાનો પ્રયાસ છે. અનેક જુદાં સ્થળ અને સંવેદનોમાં જીવતી સ્ત્રીઓના મનોભાવોના તાણાવાણા ગૂંથીને બનાવેલું એક ભાતીગળ પોત એટલે નવા સમયની નવલકથા.

### તારા વિનાના શહેરમાં

જાતથી ભાગતી રાધિકાના પ્રવાસની એવી વાત જેમાં પડાવ તો અનેક આવે છે, પરંતુ મંઝિલ ક્યાંય મળતી નથી. પ્રેમ પામવાનો પ્રયત્ન ખરેખર આટલી બધી પીડા આપતો હશે? 'મુંબઈ સમાચાર'ના વાચકોએ વખાણેલી નવલકથા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

## પોતપોતાની પાનખર (ભાગ 1-2)

અનાહિતા અને શિવાંગી વચ્ચે જીવતા કરણને પોતાનું અસ્તિત્વ શોધવું છે. અસ્તિત્વની આ શોધમાં નીકળી પડેલા ત્રણેય જણાના રસ્તામાં સવાલોની સાથે સાથે સંબંધો અને સત્યો એવી રીતે સેળભેળ થઈ જાય છે કે ત્રણેય એકબીજામાં ગૂંથાઈને એકસાથે જીવવા મજબૂર થઈ જાય છે. સમય સાથે વહેતી સંબંધોની સંવેદનશીલ નવલકથા.

## લીલું સગપણ લોહીનું

શૈલરાજ અને સિકંદર... લોહી એક ને સગપણ કાંઈ નહીં! વેરમાંથી વહાલ સુધીના વિસ્તૃત પ્રવાસની વેદના એક પછી એક એવા વળાંક લે છે જેમાં માણસના માણસ સાથેના સંબંધની એક સુંદર વાર્તા સર્જાય છે. 'સંદેશ'ના પાના ઉપર વાચકોની સાથે વહેતી રહેલી નવલકથા.

## સત્ય-અસત્ય (પ્રકાશ્ય)

બિનજરૂરી રીતે ફક્ત શોખ માટે કે વાતને ટાળી જવા માટે જૂઠું બોલતો સત્યજીત... પ્રિયંકા અને આદિત્યની આ પ્રણયકથા સાવ જુદી રીતે આકાર પામે છે. કૃષ્ણએ મહાભારતમાં કહ્યું હતું, 'મિથ્યા અને અસત્ય વચ્ચે તફાવત છે.' સત્યજીતના સત્ય અને અસત્યને એકબીજા સાથે તાણાવાણામાં ગૂંથીને સર્જાતી એક આગવી સંવેદનશીલ નવલકથા.

## સન્નાટાનું સરનામું

અહીં બધાં જ પાત્રો પોતે જ પોતાની દયા ખાય છે... પોતાના દુર્ભાગ્ય પર અફસોસ કરે છે, પોતાના અભાવ સાથે એકાકાર થઈને જીવે છે.

ખાલીપો એમનું ભાગ્ય છે, વિફળતા એમની નિયતિ! અહમ્ અને સ્વમાન વચ્ચેની ભેદરેખા ઓળંગીને બહાર નીકળી જતી સ્ત્રીનાં સંવેદનોની એક એકલવાયી કથા.

## ચહેરા પાછળ ચહેરો

એક સુપરસ્ટારની જિંદગી પર પીએચ.ડી. કરવા નીકળેલો યુવાન સપડાય છે એક થ્રિલરમાં. અંડરવર્લ્ડ ડૉન અને ફિલ્મ સ્ટાર દીકરીની વચ્ચેના વમળમાં અટવાતા એક ગુજરાતી યુવાનની જિંદગીમાં આવતા ઉતાર-ચડાવની કથા.

## શુક્ર-મંગળ

પાને-પાને જકડી રાખતી, સંબંધોનાં સમીકરણોને ઉથલાવી-પલટાવી અને વેરવિખેર કરી નાખતી અંડર વર્લ્ડ સાથે જોડાયેલા વેર અને પ્રણયની એક જબરજસ્ત થ્રીલર.

## પૂર્ણ-અપૂર્ણ (ભાગ 1-2)

જેમ માણસથી ભૂલ થાય એમ ક્યારેક સર્જનહાર પણ ગૂંચવાઈ જતો હશે. પુરુષની પૂરેપૂરી માનસિકતા ધરાવતું સ્ત્રીનું શરીર કે સ્ત્રીની સંપૂર્ણ માનસિકતા અને નજાકત ધરાવતું પુરુષનું શરીર બહુ નવાઈની વાત નથી. આપણા સમાજનો, આપણી દુનિયાનો અને આપણે જ્યાં શ્વાસ લઈએ છીએ એ જ જગતનો હિસ્સો છે, આવા લોકો. 'ગુજરાતીમાં કશું નવું લખાતું નથી, રીસર્ચ થતું નથી.'નાં મહેણાંને ટાળીને લખાયેલી એક ટ્રાન્સસેક્સ્ક્સ્યુઅલ વિષયની નવલકથા.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

## દરિયો એક તરસનો

માનસશાસ્ત્રના પ્રશ્નો પર નવલકથાઓ ગુજરાતી ભાષામાં ઓછી લખાઈ છે. 'પર્સનાલીટી ડિસઓર્ડર' ઓછાવત્તા અંશે બધામાં હોય છે. 'દરિયો એક તરસનો' વિક્ષિપ્ત-વિખંડિત-વિખરાયેલાં વ્યક્તિત્વોની એક એવી જીગ્સો છે જેના કેટલાક ટુકડાઓ ખોવાઈ ગયા છે. આપણી ઇચ્છા અને સંબંધના સત્ય વચ્ચેની ખાલી જગ્યા એટલે 'દરિયો એક તરસનો'.

## ધુમ્મસને પેલે પાર

અમેરિકાની ભૂગોળ ખૂંદવાની સાથે સાથે માણસના મનની ગલીઓમાં ભટકતાં ભટકતાં સર્જાયેલી આ નવલકથા મારા હૃદયની ખૂબ નજીક છે. છેલ્લા દસ-બાર મહિનામાં તમામ જાહેર કાર્યક્રમોમાં મને એક પ્રશ્ન અચૂક પુછાતો રહ્યો, 'આ કલ્યાણી એટલે તમે જ?' 'આ કલ્યાણીના પાત્રમાં તમે ક્યાંક તમારી જાતને જુઓ છો?' અનેક વાચકો પત્રો-ઈમેલ્સ અને એસએમએસ અને ફેસબુક દ્વારા મારામાં—કાજલ ઓઝા વૈદ્યમાં કલ્યાણીને—તો કલ્યાણીમાં લેખક કાજલને શોધતા રહ્યા...

### નવલિકા

## સંબંધ તો આકાશ

સ્ત્રી-પુરુષના સંબંધોને આવરી લેતી બાર ટૂંકી વાર્તાઓ, જેમાં મા-દીકરાથી શરૂ કરીને લગ્નેતર સંબંધ સુધીના આકાશને કલમથી આંબવાનો એક સંનિષ્ઠ પ્રયાસ પ્રત્યેક વાર્તામાં વિસ્તરે છે.

## કાજલ ઓઝા વૈદ્યની વાર્તાઓ

આ ટૂંકી વાર્તાઓનો બીજો સંગ્રહ છે. ત્રણ લઘુનવલ અને બીજી ટૂંકી વાર્તાઓ સાથે આ સંગ્રહમાં જુદા પ્રકારની, જુદા અવાજની ટૂંકી વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

## હાર્ટબ્રેક પછીની એક સવાર

જુદાં જુદાં સામયિકોમાં લખાયેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ.

### કવિતા

## શેષયાત્રા

એકમાત્ર કવિતાસંગ્રહ, જે મનની પીડામાંથી ઉદ્ભવતી સ્ત્રી-સંવેદનાની કવિતાઓને ઉજાગર કરે છે.

### નાટક

## પરફેક્ટ હસબન્ડ

'વાત એક રાતની' અને 'પરફેક્ટ હસબન્ડ' — ગુજરાતી ભાષાનાં બે એવાં નાટકો, જે રંગમંચ પર ધૂમ મચાવી ચૂક્યાં છે.

### નિબંધો — લેખો

## સર્ચલાઇટ

આ લેખો અણસમજમાંથી પ્રગટેલી એક એવી સમજ છે, જે કદાચ કોઈના અંધરાઈ રહેલા રસ્તાઓ ઉપર પ્રકાશ પાથરીને એમને દિશા બતાવી શકે. આ લેખો 'ફૂડ ફોર થોટ' છે, વિચાર માટેનું અમૂલ્ય ભાથું...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

## એકબીજાને ગમતાં રહીએ

'સંદેશ'નાં પાનાં ઉપર 'સંબંધોનાં સમીકરણ' નામે ઉકેલાતી રહેલી સમસ્યાઓનો એક એવો સંગ્રહ, જે સુખી થવાની નાની નાની ફોર્મ્યુલાઝ તમારા સુધી લઈને આવે છે. ગુજરાતી ભાષામાં પ્રેમ અને પરિણયની છણાવટ કરતો પહેલો મૌલિક લેખસંગ્રહ.

## મોસમ એકબીજાની...

જિંદગીના દરેક તબક્કે આપણે જે ઇચ્છીએ તે આપણને નથી મળતું એ સત્ય સહુ સમજે છે. વાતચીતમાં કે સલાહ દરમિયાન આ સત્યનું આપણે પુનઃઉચ્ચારણ પણ કર્યા કરીએ છીએ, તેમ છતાં આ સત્ય સ્વીકારતા નથી! માણસમાત્રને શોધ છે 'સાચા પ્રેમની'... 'સાચા સંબંધની'... શબ્દમાં વ્યક્ત થતી દરેક લાગણી સાચી નથી હોતી અને દરેક સાચી લાગણી શબ્દમાં વ્યક્ત થઈ શકતી નથી આટલું સમજી લઈએ...સ્વીકારી લઈએ તો કદાચ 'એકબીજાને ગમતાં રહીએ'. આ પુસ્તક 'દિવ્ય ભાસ્કર'ની 'મધુરિમા' પૂર્તિમાં પ્રકાશિત થતી કોલમ 'એકબીજાને ગમતાં રહીએ'ના લેખોનો સંગ્રહ છે.

## સ્નેહ એકબીજાનો...

આ લેખો સાથે જીવવામાં મદદ કરે છે! કોઈ પણ બે માણસોને સાથે જીવવા માટે જે સમજદારી, સ્નેહ કે સરળતાની જરૂર પડે એ બાબતોને પોતાની અંદર રોપવામાં કે ઉગાડવામાં આ લેખો મદદ કરી શકે એવો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંબંધો બાંધવા સહેલા છે, નિભાવવા અઘરા છે અને ટકાવવા તો એથીયે અઘરા છે. આ લેખો એવો પ્રયાસ કરે છે કે બને ત્યાં સુધી એકબીજાને પ્રેમ કરતી બે વ્યક્તિઓ એકબીજાથી દૂર ન થાય અને જો દૂર થવાનો નિર્ણય કરે તો પણ એમની વચ્ચે એક મિત્રતા કાયમ રહી શકે.

## સમજણ એકબીજાની...

જિંદગીના દાખલામાં રીતના માર્ક બધાને મળે જ છે, પણ તાળો મળે ત્યારે જ દાખલો સાચો કહેવાય છે... કેટલાકની જિંદગીમાં તાળો મેળવવાનો સમય વીતી જતો હોય છે, તો કેટલાકને પોતાની ભૂલ એવા સમયે સમજાય છે જ્યાં દાખલો ફરીથી ગણવાની તક હજી બાકી હોય છે... 'એકબીજાને ગમતાં રહીએ' એ એક એવી કોલમ છે જ્યાં દાખલાની રીત વિશે ચર્ચા કરવાને બદલે સાચો તાળો મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવાનું મેં નક્કી કર્યું છે!

## સાથ એકબીજાનો...

ક્યાં ખાડો છે, ક્યાં ટ્રેપ છે, ક્યાં ફસાઈ શકાય અને ક્યાંથી સરળતાથી નીકળી શકાય... ક્યાં રસ્તો બંધ છે અને કયા રસ્તે જિંદગી સહેલાઈથી સામે મળી શકશે એવી સાદી વાતો 'વામા' (જન્મભૂમિ, ફૂલછાબ, કચ્છમિત્ર)ના આ લેખોમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. આ કોઈ એક સ્ત્રી કે પુરુષને ઉદ્દેશીને લખાયેલા લેખો નથી, આ બે વ્યક્તિઓના સંબંધોમાં પડતી ગૂંચને ઉકેલવાના સહજ અને સાદા પ્રયાસોની એક નોંધપોથી છે.

## સુખ એકબીજાનું...

'વામા', 'પ્રાણવાયુ' અને 'મધુરિમા'ની સાથે સાથે લખાતા રહેલા લેખોમાંથી પસંદ કરેલા કેટલાક લેખોનો સંગ્રહ. ખરું પૂછો તો સુખ એક દોઢ ફૂટ દૂર જ સમાંતર ચાલતું હોય છે, તમારી રાહ જોતું, તમે એને હાથ લંબાવીને અડી લો — અવાર-નવાર એ માટે સતત તૈયાર ટુકડે ટુકડે ને ટીપે ટીપે માણી લેવાનું સુખને, આખેઆખું સુખ પાણીપુરીની જેમ કોઈ તૈયાર કરીને આપે ને તમે મોઢામાં મૂકીને એનો સ્વાદ લો એવું શક્ય જ નથી. આપણા બધાનો પ્રોબ્લેમ એ છે કે, આપણને સુખ સતત જોઈએ છે, એક સરખું — અવિરત અટક્યા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વગરનું, મશીનની જેમ ચાલવું જોઈએ સુખ! સુખ એટલે આ પળ....સુખ એટલે હમણાં મળ્યું તે!

## સત્ય એકબીજાનું...

સત્યને અનેક પરિમાણ છે. દસ દિશામાં ફેલાયેલા આકાશ જેવું અસ્તિત્વ છે એનું. પોતાપણામાંથી શરૂ થઈને પોતાના જ હોવામાં પૂરું એવું એક અસીમ, અનાદિ, અનંત અસ્તિત્વ... સત્યની શોધ જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ પૂરી થાય છે! માણસની જિંદગીનાં બે સત્યો ક્યારેય બદલાતાં નથી — એક જન્મ અને એક મૃત્યુ. ખરેખર તો આ બંને બિંદુઓની વચ્ચેનો પ્રવાસ એટલે 'જિંદગી'.

## શ્રદ્ધા એકબીજાની...

આપણે જેટલી વાર કહીએ કે હું ખુશ છું, મજામાં છું, સ્વસ્થ છું — એ દરેક વખતે આપણે એ સાંભળતા હોઈએ છીએ. સાંભળેલી વાત મનમાં રજિસ્ટર થાય છે. એ રજિસ્ટ્રેશન સમયસમયાંતરે રિકોલ અને રિમાઇન્ડ થાય છે. આ રિમાઇન્ડર્સ કે રિકોલ થવાની પ્રક્રિયા આપણને ખરાબ સમયમાં 'પોઝિટિવિટી' તરીકે મદદ કરે છે.

## મરજી એકબીજાની...

ઘણી વાર એવું બને કે આપણી નજર સામે પડેલી વસ્તુ પણ આપણને ન દેખાતી હોય. આપણે બધું જ ઊથલપાથલ કરી નાખીએ તેમ છતાં આપણને એ વસ્તુ ન દેખાય, પણ બીજો માણસ આવીને તરત જ આપણને એ વસ્તુ શોધી આપે. હું કદાચ આવો જ પ્રયત્ન કરું છું. બધું જ ઊથલપાથલ કરી નાખ્યા પછી પણ મારા વાચકને સામે જ પડેલું જે સુખ અથવા શાંતિ અથવા મૌન અથવા એકાંત અથવા સમજ નથી દેખાતી, એ હું દાખલ થઈને એમના હાથમાં મૂકી આપવાનો પ્રયત્ન કરું છું.

## સંગાથ એકબીજાનો...

બે જણાંને એક જ દિશામાં જવું હોય અને સાથે સાથે ચાલી નીકળે એને 'સંગાથ' કહેવાય. આ સંગાથ એટલે સધિયારો, આ સંગાથ એટલે સલામતી, આ સંગાથ એટલે સાથે સાથે રસ્તો કાપવાની સાઝેદારી. આ પુસ્તકનું નામ 'સંગાથ' એટલા માટે છે, કારણ કે આ 'એકબીજાને'... મણકાનું દસમું પુસ્તક છે. કહેવાય છે કે દરેકનો 'દસકો' આવે છે. એ દસકામાં માણસ શ્રેષ્ઠ આપે છે ને શ્રેષ્ઠ પામે છે.

## સંવાદ એકબીજાનો...

આજના સમયમાં કમ્યુનિકેશનનાં સાધનો બહુ વધ્યાં છે. બધાં કહે છે કે દુનિયા નાની થઈ ગઈ છે. ગ્લોબલી લોકો એકબીજાની નજીક આવ્યા છે, પણ એક વાર ફરી વિચારીએ તો સમજાય કે ખરેખર મન એકબીજાથી દૂર થઈ ગયાં છે. જેને ગઈ કાલ સુધી શેરીના નાકે રોજ મળતા હતા એને વૉટ્સઍપ કરીને બર્થડે વિશ કરીએ છીએ આપણે? પતિ-પત્ની એક જ ઓરડામાં બેસીને પોતપોતાના મોબાઇલ પર, પોતપોતાના મિત્રો કે સ્વજન સાથે વાત કરે છે, ને એકબીજા સાથે વાત નથી કરતા. આવું થાય છે? સંતાન અને માતાપિતા પોતપોતાના રૂમમાં પોતપોતાનાં ટીવી જુએ છે... ડાઇનિંગ ટેબલ પર સંતાન એના વૉટ્સઍપમાં અને પિતા એના બિઝનેસમાં બિઝી છે? તો સંવાદ ક્યાં છે? આ પુસ્તક 'સંવાદ એકબીજાનો' મારા વાચકના હાથમાં પહોંચે ત્યારે ભીતરના સંવાદની સાથે, સ્વજન સાથેનો સંવાદ પણ સાધી શકે એવી મારી શુભેચ્છા છે.

## શબ્દ એકબીજાનો...

આપણે સામાન્ય રીતે સાંભળવા ટેવાયેલા નથી. માત્ર કહેવું જ ગમે છે... હવે જો બંને જણા કહેવાનું જ નક્કી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરે તો કોણ કોનું સાંભળે? જ્યારે સાંભળતા નથી ત્યારે સમજતા પણ નથી... ને સમજતા નથી માટે સંબંધનું મૂલ્ય કરી શકતા નથી. આ પુસ્તક 'શબ્દ એકબીજાનો' આપણી જીભની સાથે સાથે આપણી શ્રવણેન્દ્રિયને પણ જગાડવાનું કામ કરે એવો મારો પ્રયાસ છે. અંગ્રેજીમાં 'ટુ હિયર' અને 'ટુ લીસન ટુ' આવાં બે ક્રિયાપદ છે. એક સાંભળવું અને બીજું ધ્યાનથી સાંભળવું... હું ઇચ્છું છું કે આપણે સૌ એકબીજાને ધ્યાનથી સાંભળીએ, પછી સમજવા માટે પ્રયત્ન નહીં કરવો પડે એની મને ખાતરી છે.

## મન — માઇનસથી પ્લસ

લાગણીનાં બંધનોમાં બંધાતા પહેલાં કે સંબંધમાં પ્રવેશતા પહેલાં સમજવાં જ જોઈએ એવાં કેટલાંક સત્યોની નાનકડી હેન્ડબુક! અપેક્ષાઓના લિસ્ટની બહાર નીકળીને સંબંધને સમજવાની, ફરિયાદોના લિસ્ટને ટૂંકું કરવા માટેની સાવ સરળ, છતાં ખૂબ જ ઉપયોગી એવી નાની નાની વાતોનો એવો સંગ્રહ જે આપણે બધા જ જાણીએ છીએ; જરૂર છે તો માત્ર એને ઓળખીને આવકારવાની.

## ગેટ વેલ સૂન

મન સાથે જોડાયેલી કેટલીક સર્વસામાન્ય સમસ્યાઓ વિશેના લેખો. મોટા ભાગના સહુ જે વાતને જાણે છે, પણ સમજી શકતા નથી એવી સાદી વાતોની સમજણપૂર્વક કરાયેલી છણાવટ. નાના-મોટા સહુને ઉપયોગી નીવડે તેવી, સંબંધો સુધારવાની, જિંદગીને વધુ રસપ્રદ બનાવવાની સાવ સરળ ફોર્મ્યુલા. દરેક પ્રકરણ સાથે એક એવું પ્રશ્નપત્ર જેના પ્રામાણિક જવાબો તમને એક નવા અજવાળા સાથે જોડી દેશે.

## આઈ લવ યુ...

દરેક વ્યક્તિ ઇચ્છે છે કે એનાં લગ્ન આદર્શ હોય. ભાંગી ગયેલા, તૂટી ગયેલા લાગતા, મૃતઃપ્રાય થઈ ગયેલાં લગ્ન પણ ફરીથી નવપલ્લવિત થઈ શકે છે. જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડા સમાધાનની. આ પુસ્તક જાદુની લાકડી નથી. અનુભવમાંથી જન્મેલાં સાદાં સમીકરણો છે જે લગ્નને થોડું ખાતર, થોડું પાણી, થોડો તડકો જરૂર પૂરો પાડી શકશે.

## મારી મમ્મી, મારા પપ્પા (ભાગ 1-2)

આ પુસ્તક માતા-પિતાના મનમાં એક વિચાર મૂકવાનો પ્રયાસ છે. એવા વિષયો કે વાતો — જેમના વિશે કદાચ એમણે વિચાર્યું જ નહીં હોય એ બધું એમની સામે મૂકીને એક એવો પ્રયત્ન કર્યો છે, જેનાથી માતા-પિતા અને બાળકની વચ્ચે એક સંવાદ-ડાયલોગ સર્જાઈ શકે. બહુ મોડું થઈ જાય એ પહેલાં જો સંતાન સાથેના સંબંધોમાં સીરિયસ ઇન્વેસ્ટમેન્ટ કરવામાં આવે તો જિંદગીનાં પાછલાં વર્ષોમાં મળતું સ્નેહ, સન્માન અને સલામતીનું પેન્શન છેલ્લા શ્વાસ સુધી અકબંધ રહી શકે છે.

# અનુવાદ

## પ્રેમની પાંચ ભાષા

ડૉ. ગેરી ચૅપમૅનના વર્લ્ડ બેસ્ટ સેલર 'ફાઇવ લવ લેંગ્વેજીસ'નો અનુવાદ. તમારા પ્રિયજનને હૃદયની વાત કહેવાનો સાચો અને સરળ રસ્તો.

## જીવનસાથી

શોભા ડેના બેસ્ટ સેલર 'સ્પાઉસ'નો અનુવાદ. લગ્નસંબંધો ઉપર લખાયેલું સુંદર પુસ્તક. આ પુસ્તક એવા લોકો માટે છે જે લગ્નના નશાને જીવનભર સાચવી રાખવા માંગે છે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

## સંકલન

### પ્રેમ — ચુંબન — પ્રાર્થના — આંસુ — સ્મિત

ત્રણ ભાષામાં સંકલિત કરાયેલી સર્વપ્રથમ ફોટો બુક. પરિકલ્પના અને સંકલન દ્વારા દૃશ્ય અને શબ્દને નજીક લાવી જીવનના વિવિધ વિષયોને એકબીજા સાથે સાંકળતી ભેટ આપવા લાયક ઉત્તમ પુસ્તિકાઓ.

## પત્રો

### વ્હાલી આસ્થા

પિતાએ પુત્રીને લખેલા પત્રો એક નાજુક સંબંધના બદલાતા રંગોને આલેખવાનો પ્રયાસ છે. સ્ત્રીલેખકે લખ્યા હોવા છતાં આ પત્રો એક પિતાના હૃદયની લાગણીઓને વર્ષોવર્ષ વાચા આપે છે. 7થી ૨૫ વર્ષની ઉંમર સુધી પુત્રીને સંબોધીને લખાતા પિતાના આ પત્રોમાં દરેક પિતાએ પોતાની પુત્રીને કહેવાની વાતો છે.

### પ્રિય નમન

લગ્નની પહેલી એનીવર્સરીથી પચ્ચીસમી એનીવર્સરી સુધી પતિ-પત્નીના એકબીજાને લખાતા રહેલા પત્રો. જે સંબંધોનાં સત્યોથી શરૂ કરીને અપેક્ષાઓની પીડા સુધી વિસ્તરે છે. લાગણીઓના એવા તાણાવાણા જેમાં દરેક વાચક પોતાના લગ્નજીવનનું પ્રતિબિંબ તો નિહાળી જ શકશે, પરંતુ ક્યાંક પોતાને પ્રશ્નો પૂછીને પરિસ્થિતિ સુધારી શકશે તો ક્યાંક સંવેદનાઓના પ્રવાહમાં વહેતાં વહેતાં પોતાનાં વીતેલાં વર્ષોમાં ભીંજાશે પણ ખરાં.

### તને, જિંદગી...

જિંદગીને સંબોધીને લખાયેલા એવાં પત્રો જેમાં આપણાં સૌની જિંદગીને ક્યાંક ને ક્યાંક વણી લેવાઈ છે. સ્વયં સાથેનો સંવાદ છે આ પત્રોમાં. 'હું'ને બદલે 'અમે' વાપર્યું છે એનું એકમાત્ર કારણ એ છે કે આ વાત ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે સહુને સ્પર્શે તેવી વાત છે. મહિનાના ત્રીસ દિવસના ત્રીસ પત્રોમાંથી કોઈ પણ એક પત્ર ખોલીને વાંચવામાં આવે તો એમાંથી એકાદ વાક્ય તો એવું મળી જ આવે, જેની સાથે વાંચનારનો અંગત સંબંધ સ્થપાઈ જાય.

## ઓડિયોબુક

### તારા ચહેરાની લગોલગ

આદિત્ય, નીશા અને આકાશ એકબીજાંની સાથે ફક્ત પત્રોમાં વાત કરે છે... એકબીજા સુધી પહોંચવાના પ્રયાસમાં એક ન સમજાય તેવી અસમંજસતા સર્જાય છે. એકબીજાને લખાતા પત્રોમાંથી સર્જાતો એક ઝંઝાવાતી પ્રણયત્રિકોણ.

### પ્રેમપત્રો

અહીં એક એવો અંગત સંવાદ જાહેરમાં વંચાયો છે, જે આપણા બધા માટે સાવ જાણીતો સંવાદ છે. બંધ આંખે કે ટોળાની વચ્ચે એકાદ ક્ષણ માટે એકલા પડીને આપણે બધાએ આ સંવાદ અનુભવ્યો છે. અહીં લખાયેલાં ગીતો સાચા અર્થમાં યુગલગીતો છે. બે જણાંના કંઠે ગવાતાં એવાં ગીતો, જેમાં બે જણાની વાત કહેવાઈ છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આ ગુજરાતી ઈ-બુક ઈ-શબ્દ દ્વારા તૈયાર કરવામાં આવી છે. ગુજરાતી યુનિકોડ ફૉન્ટમાં દુનિયામાં જે ઈ-બુક માટે સર્વમાન્ય છે એવા ePub 2.01 Standardમાં ગુજરાતી સાહિત્યના અનેક પ્રકાશકો, લેખકોના સૌથી વધારે પુસ્તકો ઈ-બુક ફોર્મેટમાં... www.e-shabda.com

ઈ-શબ્દ ઉપલબ્ધ કરાવે છે એક સાથે, એક સ્થળે અનેક પ્રકાશકોની, અનેક લેખકોની ગુજરાતી ઈ-બુક્સ... ભારતની કોઈ પણ પ્રાદેશિક ભાષાઓ અને રાષ્ટ્રભાષા હિન્દીમાં પણ કદાચ નહીં હોય એટલી સંખ્યામાં...

સાથે સાથે આજનો ઈ-શબ્દ પર વાંચો રોજે રોજનું નવું ગુજરાતી વાચન ખ્યાતનામ ગુજરાતી લેખકોની કલમે... સાથે અમૂલ્ય ફોટોગ્રાફ્સ, ઑડિયો ક્લિપ્સ, વિડીયો પણ... See more at: http://www.e-shabda.com/blog/

https://telegram.me/booksmag